Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૬૭, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

શ્રી. કૃષ્ણ મેનનનો કૉંગ્રેસ-પરિત્યાગ

શ્રી કૃષ્ણ મેનને ૩૬ વર્ષે કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. તેનું તાત્કાલિક કારણ, ઉત્તરમુંબઈની લોકસભાની બેઠક માટેની તેમની અરજી નામંજુર થઈ તે છે. પણ શ્રી મેનનના કહેવા મુજબ બીજાં પણ કારણો છે, જે હવે પછી તેઓ જણાવવાના છે. સ્વતંત્ર ઉમેદવાર તરીકે આ બેઠક ઉપરથી પોતે ઊભા રહેશે કે નહિ તે વિષે તેમણે હજી સત્તાવાર જાહેરાત કરી નથી, પણ તેઓ ઊભા રહેશે તેમ જણાય છે. બીજા કોઈ રાજકીય પક્ષમાં પોતે જોડાશે નહિ એમ તેમણે સ્પષ્ટ જાહેર કર્યું છે, જો કે જમણેરી સામ્યવાદીઓએ તેમને આમંત્રણ આપ્યું છે અને તે પક્ષનો તેમને સબળ ટેકો પણ છે.

કૉંગ્રેસ ઉમેદવાર તરીકે બીજા સ્થળેથી ઊભા રહેવા તેમને અનેક આમંત્રણો હતાં. પણ તેમણે અભિગ્રહ લીધો હતો કે, ઉત્તરમુંબઈની બેઠક ઉપરથી જ ઊભા રહેવું. તેમના જણાવવા મુજબ ૧૦ વર્ષથી આ વિભાગના પ્રતિનિધિ તરીકે તેઓ લોકસભામાં રહ્યા છે. આ વિભાગની જ જનતાનો તેમને ટેકો છે અને આગ્રહ છે અને આ વિભાગનું તેમનું પ્રતિનિધિત્વ ચાલુ ન રાખવા માટે કોઈ કારણ નથી અને તેમ ન થાય તો તેમને અન્યાય થાય છે.

કૉંગ્રેસના ઘણા સભ્યોને ચાલુ નથી રાખ્યાં. તેમાંના ઘણાયે કોંગ્રેસમાંથી રાજીનામાં આપ્યાં છે, કેટલાક બીજા પક્ષમાં જોડાયા છે, કેટલાક સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભા રહ્યા છે. કેટલાકે નવા પક્ષો રચ્યા છે. એમ આ વખતે કૉંગ્રેસમાં છિન્નભિન્ન સ્થિતિ છે. આમાં કોઈ સિદ્ધાંતના મતભેદ નથી, પણ વ્યકિતઓનો સંઘર્ષ છે અથવા સત્તાની ખેંચતાણ છે. આ વખતે કૉંગ્રેસે ઉમેદવારો નક્કી કર્યા તેમાં મતદારોની દૃષ્ટિ, ઈચ્છા અથવા હિત જોવા કરતાં, પક્ષ, કોમ, આગેવાનોનાં હિત અને બીજાં અન્ય કારણો વધારે દૃષ્ટિગોચર થાય છે. જેમને અમુક મતદાર વિભાગ સાથે કોઈ સંબંધ ન હોય એવાઓને એવા મતદાર વિભાગોમાંથી ઊભા રાખ્યા છે. જેમ કૉંગ્રેસમાં તેમ બીજા રાજકીય પક્ષોમાં પણ આવું જ બન્યું છે અને કાંઈક ખટપટ, દાવપેચ, વિગેરે ખેલાઈ રહ્યા છે. લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોની બધા રાજકીય પક્ષોએ અવગણના કરી છે અને ફાવે તેવાં જોડાણો કર્યાં છે અને તોડયાં છે. કૉંગ્રેસમાં અને બીજા રાજકીય પક્ષોમાં આવું મોટા પાયા ઉપરે બન્યું છે. પણ શ્રી મેનનના કિસ્સાએ ખાસ ધ્યાન ખેંચ્યું છે. કારણકે તેમાં, કૉંગ્રેસમાં રહેલી ફાટફૂટ અને ઉચ્ચ કક્ષાએ ચાલતો સંઘર્ષ ઉઘાડો પડયો છે.

મુંબઈ પ્રદેશ સમિતિએ શ્રી મેનનની અરજી નામંજુર કરી. પહેલેથી જ શ્રી મેનનને જણાવી દીધું હતું કે તેમણે અરજી ન કરવી, અરજી કરી તો નામંજુર થઈ. મધ્યસ્થ ચૂંટણી સમિતિમાં ઉગ્ર મતભેદ રહ્યો. વડા પ્રધાન શ્રીમતિ ઈંદિરા ગાંધી અને કૉંગ્રેસ-પ્રમુખ શ્રી કામરાજની ઈચ્છા અને આગ્રહ હોવા છતાં, છેવટ મુંબઈ પ્રદેશ સમિતિની ભલામણ કાયમ રહી.

મુંબઈના સરનશીન શ્રી પાટીલના જણાવવા મુજબ શ્રી મેનને મુંબઈ કૉંગ્રેસ સાથે કોઈ સંબંધ રાખ્યો નથી, તેને સબળ કરવા કોઈ ફાળો આપ્યો નથી, અને પોતાનું જ તંત્ર અને વ્યવસ્થા ઊભા કર્યાં છે. શ્રી મેનનના કહેવા મુજબ તેમને મુંબઈ કૉંગ્રેસ તરફથી કોઈ દિવસ આમંત્રણ મળ્યું નથી. શ્રી. પાટીલે વિશેષ કહ્યું કે ચીની આક્રમણ સમયે શ્રી મેનનને પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવું પડયું હતું. શ્રી મેનનના કહેવા મુજબ તેઓ સ્વેચ્છાએ છૂટા થયા હતા.

હકીકતમાં શ્રી મેનનની ઉત્તર મુંબઈ માટેની બે વખતની પસંદગી પણ શ્રી નેહરૂને આભારી હતી. શ્રી. પાટીલનો વિરોધ ત્યારે પણ હતો, પણ નેહરૂને તાબે તેમણે થવું પડયું હતું. શ્રીમતી ઈંદિરા ગાંધી અને શ્રી કામકાજની ઈચ્છાને તેઓ અવગણી શકે એટલો મતભેદ કૉંગ્રેસમાં અત્યારે ઉચ્ચ કક્ષાએ પ્રવર્તે છે તેનો આ પુરાવો છે. ખાસ કરીને ૧૯૬૨ ની ચૂંટણી સમયે શ્રી મેનન સામ્યવાદી છે અને કૉંગ્રેસી ઉમેદવાર તરીકે તેમને લેવા ન જોઈએ તેવો ઉગ્ર વિરોધ હતો. શ્રી કિરપલાણીજી જેવા સમર્થ પ્રતિસ્પર્ધી સામે અને મુંબઈના ઘણાં તત્ત્વોનો અને વર્તમાનપત્રોનો સખત વિરોધ હોવાં છતાં, બહુમતીથી શ્રી મેનન ચૂંટાઈ આવ્યા તેમાં મેનનનો નહિ પણ નેહરૂનો વિજય હતો.

શ્રી મેનન હંમેશા એક Controversial Personality—વિવાદાસ્પદ પુરુષ—રહ્યા છે. તેમની બુદ્ધિમત્તા અને વાક્‌ચાતુર્ય કોઈને પણ પ્રભાવિત કરે એવાં છે, પણ તેમના પ્રત્યે આકર્ષણ કે પ્રેમ થાય એવું તેમનું વ્યકિતત્વ નથી. નમ્રતા કે સરળતા તેમના ગુણ નથી. એકંદરે તેઓ એક અટપટી વ્યકિત—Complex Personality-છે એવી છાપ આપણા મન ઉપર રહે છે.

આ વિવાદ દરમિયાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ અનેક વખત શ્રી મેનનની પ્રશંસા કરી છે અને તેમની પસંદગી નથી થઈ તે માટે દિલગીરી પણ જાહેર કરી છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશની લડતને તેમણે યુરોપ અને ઈંગ્લાંડમાં ઘણું બળ આપ્યું છે, રાષ્ટ્રસંસ્થામાં ભારતની પ્રતિષ્ઠા તેમણે વધારી છે, કાશ્મીરના પ્રશ્ન ઉપર શ્રી મેનન સરસ રીતે લડયા છે એમ શ્રીમતી ઈન્દિરા ગાંધીએ જણાવ્યું છે.

આશ્ચર્યનો વિષય તો એ છે કે દેશના વડાપ્રધાન અને કૉંગ્રેસના પ્રમુખનો આગ્રહ હોવા છતાં એક ઉમેદવારની પસંદગીમાં તેમને હાર ખાવી પડી અને આ રીતે તેમની નબળાઈ ઉઘાડી પડી. કૉંગ્રેસના ઉચ્ચ મોવડીમંડળમાં કેટલી ફાટફૂટ છે તેનો આ કિસ્સો પુરાવો પુરો પાડે છે. આમાં સિદ્ધાંતોના કોઈ ઊંડા મતભેદ કરતાં, વ્યકિતઓનો સંઘર્ષ અને સત્તાની મારામારી વધારે દેખાય છે.

શ્રી મેનન સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઉભા રહે તો શ્રીમતી ઈન્દિરા ગાંધી અથવા શ્રી કામરાજ તેમનો વિરોધ કરશે? શ્રી મેનન એમ ન કહી શકે કે વડાપ્રધાન કે કૉંગ્રેસ પ્રમુખનો તેમને ટેકો છે, તેથી તેઓ ખરા કૉંગ્રેસી છે અને ચુંટાવા યોગ્ય છે? અથવા શું શ્રી મેનન

તેમના ખરા સ્વરૂપમાં ઉઘાડા પડશે કે તેમના સામ્યવાદીઓ મિત્રો તેમને પુરો ટેકો આપી તેમનું ખરું સ્વરૂપ ઉઘાડું પાડશે? કૉંગ્રેસ વિરોધી તત્ત્વોનો શંભુ મેળો છે તે દેખાઈ આવશે? કૉંગ્રેસમાં ઘૂંસણખોરી કરવાના સામ્યવાદીઓના પ્રયાસો હવે ઉઘાડા પડશે? શ્રી મેનનના બીજા મિત્રો - શ્રી માલવીયા, અરોરા, સુભદ્રા જોશી – વિગેરે કૉંગ્રેસમાં રહેશે કે તે પણ છૂટા પડશે?

એમ કહેવાય છે કે શ્રી મેનનના જવાથી કૉંગ્રેસમાંના પ્રગતિશીલ તત્ત્વોની રૂકાવટ થશે અને પ્રત્યાઘાતી અને જમણેરી તત્ત્વોનું જોર વધશે. આમ કહેવામાં શ્રી મેનનને વધારે પડતું મહત્ત્વ અપાય છે. કૉંગ્રેસમાં જમણેરી, ડાબેરી કોણ છે તે કોણ કહી શકે તેમ છે. શ્રી મોરારજી દેસાઈ પણ લોકશાહી સમાજવાદના સમર્થ હિમાયતી લેખાય છે અને હવે એમ કહેવાય છે કે શ્રીમતી ઈન્દિરા ગાંધી અમેરિકાતરફી થયા છે. દેશની અસ્તવ્યસ્ત હાલતના આ બધાં એંધાણ છે.

ચીમનલાલ ચકુભાઈ

સંત ફત્તેસિંગનું ત્રાગું

સંત ફત્તેસિંગના આગ્રહથી અને શીખોને રાજી રાખવા પંજાબનું વિભાજન કરવું પડ્યું. ખરી રીતે એક શીખીસ્તાન જ ઊભું થયું છે પણ શીખીસ્તાનની માંગણી ટ્રિવિડીસ્તાનની માંગણી પેઠે અસ્વીકાર્ય થાય એટલે ભાષાના ધોરણે વિભાજન થાય છે એવો દેખાવ કરવો પડ્યો. આવી ભાષાકીય પ્રાન્તરચનામાં એક જ ભાષાભાષી લોકોનાં રાજ્યો રચાય તે અશક્ય છે. ભારત અને પાકિસ્તાન થયા તો પણ હિન્દુ–મુસ્લિમ પ્રશ્નનો કોયડો તો અણઉકેલ્યો જ રહ્યો. ભાષાકીય પ્રાન્તરચનામાં પણ અનેક ગૂંચવણભર્યા પ્રશ્નો રહેવાના જ અને સરહદી માંગણીઓ પૂરી સંતોષાય નહિ.

પંજાબના વિભાજનમાં પણ આવું જ બન્યું. બે રાજ્યોની રચના કરવા, સુપ્રીમ કોર્ટના એક ન્યાયાધીશના અધ્યક્ષપદે કમીશન નીમાયું. આ કમીશને સરહદો નક્કી કરી. પણ રાજધાનીના પ્રશ્ન પરત્વે મતભેદ થયો. બહુમતી સભ્યોએ ચંડીગઢ હરિયાણામાં જાય એમ નક્કી કર્યું. સંત ફત્તેસિંગ અને શીખોએ આ સ્વીકાર્યું નહિ. છેવટે લાંબી વાટાઘાટોને પરિણામે, બન્ને રાજ્યોની રાજધાની ચંડીગઢમાં રહે એવું નક્કી થયું. અને તે પ્રમાણે પાર્લામેંટે કાયદો કર્યો. એ મુજબ બન્ને રાજ્યો શરૂ થયાં.

સરહદો સંબંધે તો મતભેદ રહે જ. બન્ને રાજ્યોને એમ લાગે કે અમુક વિભાગ તેમના રાજ્યમાં સમાવવો જોઈતો હતો. ભાંખરા-બંધ–દેશનો મોટામાં મોટો બંધ–સારા પંજાબ અને બીજાં રાજ્યોના લાભ માટે છે. તેના વહીવટ માટે કાંઈક સંયુક્ત જોગવાઈ જોઈએ જ અને તેમ કરવામાં આવ્યું. પંજાબના વિભાજનમાં, એક નવું તત્ત્વ ઉમેરાયું. બન્ને રાજ્યો માટે એક ગવર્નર અને એક હાઈકોર્ટ રાખવામાં આવી. ભાષાકીય પ્રાન્તરચના થઈ ત્યારે આવી દરખાસ્ત કેટલાંક રાજ્યો માટે પાર્લામેન્ટ સમક્ષ આવી હતી. પણ કોઈને સ્વીકાર્ય ન હતી. દરેકને પોતાના રાજ્યના ગવર્નર અને પોતાની જ હાઈકોર્ટ જોઈતી હતી. પંજાબમાં આવું કેમ કર્યું તે સમજાતું નથી.

પણ જે રચના થઈ તે બન્ને રાજ્યો અને બન્ને રાજ્યોના પ્રધાનમંડળોએ સ્વીકારી અને તેનો અમલ શરૂ થયો. સંત ફત્તેસિંગ કૂદી પડ્યા, જાણે કે પંજાબ રાજ્યના તે જ એક પ્રતિનિધિ હોય અને ત્યાંનું પ્રધાનમંડળ જે મુખ્યત્ત્વે શીખોનું બનેલું છે, જેના મુખ્ય મંત્રી શ્રી ગુરૂમુખસીંગ મુસાફીર શીખ છે તેની કોઈ ગણના ન હોય. કોઈ અકળ કારણોથી, સંત ફત્તેસિંગે નિર્ણય કર્યો કે ચંડીગઢનો સમાવેશ પંજાબમાં જ થવો જોઈએ, જે વિસ્તારો તેમના મત મુજબ પંજાબમાં આવવા જોઈતા હતા, તે હરિયાણામાંથી કાઢી પંજાબમાં ઉમેરવા જોઈએ.

બે રાજ્યોને સાંકળતી કોઈ કડી–એક ગવર્નર, એક હાઈકોર્ટ, ભાંખરા બંધનો સંયુક્ત વહીવટ–એવું કાંઈ રહેવું ન જોઈએ. આ બે રાજ્યોને થયા હજી બે મહિના પણ થયા નહિ ત્યાં આ માંગણીઓ તેમણે રજુ કરી. બે રાજ્યોની સરહદો કમીશને નક્કી કરી, ચંડીગઢ સંયુકત રાજધાની રહે અને બીજી કેટલીક સંયુકત રચના રહે એ કાંઈ અચાનક બન્યું ન હતું. પાર્લામેંટમાં તેનું બીલ આવ્યું, તેના ઉપર પૂરી છણાવટ અને બન્ને રાજ્યોના આગેવાનોની લગભગ સંમતિથી આ બધી રચના નક્કી થઈ હતી. ચંડીગઢનો પ્રશ્ન વિકટ હતો. તેને સંયુકત રાજધાની બનાવી નિકાલ આણવાનો ઉકેલ શોધ્યો.

સંત ફત્તેસિંગે જાહેર કર્યું કે આ બધામાં તેમની માંગણી મુજબ ફેરફાર કરવામાં નહિ આવે તો તેઓ ઉપવાસ ઉપર ઊતરશે, એટલું જ નહિ પણ, ૧૦ દિવસમાં માંગણી નહિ સંતોષાય તો તેઓ અગ્નિસ્નાન કરશે. આપણા દેશમાં ઉપવાસો તો થાય છે, અગ્નિસ્નાનનું તત્ત્વ નવું ઉમેરાયું. અમૃતસરના અકાલતખ્તમાં ૫૦૦ ભાલાધારી શીખોથી ઘેરાઈને તેમણે પોતાનું આ ત્રાગું શરૂ કર્યું. બીજા છ શીખોએ તેમની સાથે - પછી તો એક દિવસ પહેલાં - અગ્નિસ્નાન કરવાનું જાહેર કર્યું. આવી બળજબરી અને ધાકધમકી આપણાં જાહેર જીવનનું અંગ થતું જાય છે અને સરકાર તેને વશ થતી જાય છે. ગોવધપ્રતિબંધ માટે શંકરાચાર્ય અને અન્યના ઉપવાસો હજી ઊભા છે. સંત ફત્તેસિંગની આ માંગણીઓ એટલી ગેરવ્યાજબી હતી કે સરકાર તેને વશ નહિ થાય એમ લાગતું હતું અને સરકારે તેમ જાહેર પણ કર્યું હતું. રાજકીય હેતુઓ સિદ્ધ કરવા, આવા પ્રકારના અનુચિત પગલાંઓને કોઈપણ ઉત્તેજન નહિ આપવામાં આવે તેમ લાગતું હતું. અલબત્ત, અત્યારે પ્રજામાનસની અસ્થિરતા અને ધર્મને નામે થતી ઘેલછાનો વિચાર કરીએ તો ઉપર જણાવેલ પગલાના ગંભીર પરિણામો અટકાવવા કંઈક કરવું જોઈએ તેમ લાગે, પણ પરિસ્થિતિ વધારે વણસતી અટકાવવી હોય તો કોઈક સમયે જોખમ ખેડવું પડશે અને આવી ધાકધમકીનો સામનો વ્યાજબી રીતે કર્યો છે તેમ સરકારે પ્રજાને સમજાવી, ઉત્પન્ન થતી પરિસ્થિતિને પહોંચી વળવા પ્રજાનો સાથ મેળવવો રહેશે એવી આ તક હતી. આથી વિશેષ અયોગ્ય વર્તન કલ્પવું મુશ્કેલ છે. પણ સરકારની અત્યારની નબળાઈ, માથે ચૂંટણી વગેરે અનેક કારણે સંત ફત્તેસિંગને મનાવવા દોડાદોડી થઈ પડી. અંતે આ બધા પ્રશ્નો પરત્ત્વે શ્રીમતી ઈન્દિરા ગાંધીની લવાદી સહુએ સ્વીકારી, સંતે પોતાના ઉપવાસનું પારણું કર્યું. ધાકધમકીથી આટલું મેળવી શકાય છે તેટલું જ સંતને માટે તો પુરતું છે. લવાદીનો નિર્ણય પોતાને મનગમતો નહિ આવે તો ફરીથી આવું કરતાં તેમને કોણ અટકાવનાર છે?

પણ વધારે ભયંકર વસ્તુ તો એક બીજી પણ છે, લોકસભાના અધ્યક્ષ શ્રી હુકમસિંગ જેમણે આ દરમ્યાનગીરી કરી તેમણે અમૃતસર સુવર્ણમંદિરમાં જમે મેદની સમક્ષ જાહેર કર્યું:–

I feel and I assure you that chandigadh belongs to the Punjab and will go to the Punjab.

તેમના જેવી જવાબદાર વ્યકિતએ શું સમજીને આવી ખાત્રી આપી? શું આવી ખાત્રી ઉપર તેમણે સંત ફત્તેસિંગને સમજાવી લીધા છે? તેમ હોય અને તેમ ન બને તો શું? અથવા શું કંઈ અંદરની સમજુતી છે?

સંત અને તેમના સાથીદારો અગ્નિસ્નાન કરત (?) તો જરૂર એક કરૂણ ઘટના બનત. પણ આવા દુરાગ્રહનો ઉપાય શું? નમતું મૂકવું તે જ? તો આ કયાં અટકશે? આવા સમાધાનથી નથી શીખોનું હિત થયું, નથી સંત ફત્તેહસિંહને અથવા સરકારને કોઈ પ્રતિષ્ઠા મળી. સંત ફતેહસિંહે ગંગાનગર જીલ્લામાં પ્રજાની સારી સેવા કરી છે, શીખોમાં તેમની મોટી પ્રતિષ્ઠા છે, હિન્દુ–શીખ એકતાના પણ તેઓ હીમાયતી ગણાય છે. પણ તેમના આ પગલાથી તેમણે શીખકોમની કે દેશની સેવા કરી છે એમ નહિ કહેવાય. ધર્મગુરૂઓ રાજકારણમાં પડે તો કોઈ વખત કેટલું અનિષ્ટ થઈ શકે છે તેનું આ એક દૃષ્ટાંત છે.

ચીમનલાલ ચકુભાઈ

સંત ફતેહસિંગનો પરિચય

જે સંત ફતેસિંગના ઉપવાસ અને આત્મવિલોપનની જાહેરાતે દેશભરમાં મહાન સંક્ષોભ પેદા કર્યો હતો તેનો પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને હોવો જરૂરી છે. આ હેતુથી 'સોહમ્'ની લખેલી નોંધ 'જન્મભૂમિ–પ્રવાસી'માંથી નીચે ઉદ્‌ધૃત કરવામાં આવે છે:-

સંત ફતેહસિંહ પાસેથી તો આપણે એવી આશા રાખતા હતા કે, પંજાબી સૂબા મેળવ્યા પછી તેઓ કોમી ઐક્ય અને પ્રજાની સામાજિક સેવામાં પોતાની શકિત કેન્દ્રિત કરશે. ખરેખર તો તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો તે પહેલાં એ ક્ષેત્રમાં તેમણે પોતાનો ભૂતકાળ ગાળ્યો હતો. ગંગાનગર (રાજસ્થાન) અને ભાટીંડા જિલ્લામાં મિશનરીની એકાગ્રતા અને નિષ્ઠાથી તેમણે શીખ સંપ્રદાયની સેવા કરી છે. ૧૯૩૦માં માસ્તર તારાસિંહ તેમને પંજાબી સૂબાના આંદોલનમાં પોતાના હથિયાર તરીકે વાપરવા રાજકારણમાં લઈ આવ્યા અને તેમની પાસે ઉપવાસ કરાવ્યા. પરંતુ પંજાબી સૂબા વિશે માસ્તરજીના વિચારો રાષ્ટ્રહિતના વિઘાતક હોવાથી રાંત તેમનાથી જુદા પડયા અને શિરોમણી અકાલી દળના નેતાપદેથી તેમને ખસેડી પોતે તેમનું સ્થાન સંભાળી લીધું.

માસ્તર તારાસિંહ જન્મથી બ્રાહ્મણ છે અને સંત ફતેહસિંહ જન્મથી ગુજ્જર મુસ્લિમ છે. બંનેએ શીખ સંપ્રદાય સ્વીકાર્યો. શીખ સંપ્રદાય બધા ધર્મોના સંગમ રૂપે શરૂ થયો હતો. આથી પંજાબ શીખોનું જ વતન હોવું જોઈએ એવો તારાસિંહનો દુરાગ્રહ શીખ સંપ્રદાયની ભાવનાથી વિરુદ્ધ છે, અને ચંડીગઢ ન મળે તો આત્મવિલોપન કરવાનો સંતનો દુરાગ્રહ દેશના હિતની પણ વિરુદ્ધ છે. નાનકથી માંડીને બધા ગુરુઓએ સહિષ્ણુતા અને સર્વધર્મની સમાનતાનો બોધ આપ્યો છે.

મોગલોના જુલ્મનો પ્રતિકાર કરવા માટે અને એ રીતે બિનમુસ્લિમોની રક્ષા કરવા માટે શીખ સંપ્રદાયનો જન્મ થયો હતો. ત્રણે કાલથી પર એવા અકાલ પરમાત્માને માનતા અકાલી શીખો હિંદુ નથી એમ શીખો અને હિંદુઓ બંને માને એ આપણા વર્તમાન રાજકારણની બહુ મોટી કરુણતા છે, દેશનું એ બહુ મોટું દુર્ભાગ્ય છે. શીખ સ્વતંત્ર ધર્મ નથી પણ હિંદુ ધર્મનો એક સુધારક સંપ્રદાય છે. તેમ છતાં પંજાબી સૂબાની વિરુદ્ધમાં અને તરફેણમાં શીખો અને ખાસ કરીને અસહિષ્ણુ આર્યસમાજીઓ જે રીતે લડયા તે દેશ માટે શરમની વાત છે.

સંત ફતેહસિંહ મોગલ જમાનામાં જન્મ્યા હોત તો કદાચ એક ગુરુ તરીકે અમર થઈ ગયા હોત. ૧૯૬૬ ના રાજકારણમાં તેઓ જરા ય બંધબેસતા નથી. માસ્તરજીએ તેમને ગંગાનગરથી પંજાબના રાજકારણમાં લાવીને સૌની કુસેવા કરી છે અને ગંગાનગરને બહુ મોટી ખોટ ગઈ છે. ગંગાનગરમાં રાજસ્થાનના રણ પર વિજય મેળવતા રહીને સંત આદર્શ ખેતી અને આદર્શ શીખ સમાજના ક્ષેત્રે કેળવણી અને સમાજ સુધારણાનું જે મુંગું કામ કરી રહ્યા હતા તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

સંત ફતેહસિંહ પોતાને હિંદુ–શીખ એકતાના હિમાયતી તરીકે ઓળખાવતા થાકતા નથી. તેમ છતાં "શીખ" પંજાબ અને "હિંદુ" હરિયાણા વચ્ચે સમાન કડીઓ રહે તેની સામે તેઓ વિરોધમાં અગ્નિસ્નાન કરવા તૈયાર થયા! પંજાબી સૂબાના આંદોલનને તેમણે કોમી નહિ પણ ભાષાકીય રાજ્ય રચનાના આંદોલન તરીકે ઓળખાવ્યું. તેમ છતાં તેમણે પોતાની લડત શીખોના સર્વોચ્ચ સુવર્ણ મંદિરમાંથી જ ચલાવી અને અગ્નિસ્નાન માટેની વેદીઓ પણ સુવર્ણમંદિરની અગાસી પર રચી! પોતાની દલીલોનો આ પરસ્પર વિરોધ તેઓ સમજાવી શકતા નથી.

જો સંત રાજકારણને શુદ્ધ અને શાંત કરવાને બદલે તેને સંક્ષુબ્ધ કરીને ડહોળી નાખે તો આપણે કહેવું પડે કે આવા ધર્મગુરુઓથી ભગવાન દેશને બચાવે!

જૈન ક્લીનીક : એક અનુભવ

તા. ૧૨-૧૨-૬૬ ગુરૂવારના રોજ શ્રી પ્રભાશંકર પોપટભાઈ જનરલ હૉસ્પિટલનો શ્રી રસિકલાલ પ્રભાશંકર શેઠના શુભહસ્તે શિલારોપણવિધિ કરવામાં આવ્યો હતો. આ હૉસ્પિટલ માટે શ્રી રસિકલાલ પ્રભાશંકરે ૧૯૫૯ ની સાલમાં પોતાના પિતાશ્રીની યાદગીરીમાં રૂા. ૫૦૦૦૦નું દાન કર્યું હતું. તદુપરાંત શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે કાંદાવાડીમાં આવેલા શેઠ મેઘજી થોભણ સ્થાનકના ચોગાનમાં યોજવામાં આવેલ પ્રસ્તુત સમારંભ પ્રસંગે શ્રી રસિકલાલ શેઠે બીજી રૂા. ૪૧૦૦૦ ની રકમનું આ જ હૉસ્પિટલ માટે વિશેષ દાન કર્યું હતું. આવી ઉદારતા ખરેખર ધન્યવાદને પાત્ર છે.

૧૯૪૮માં એક નાના સરખા દવાખાનાથી શરૂ કરવામાં આવેલ જૈન ક્લીનીકનો આજ સુધીમાં ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે અને ગાળે ગાળે નવા નવા વૈદ્યકીય ઘટકોની આ જૈન ક્લીનીકમાં પુરવણી થતી રહી છે. ૧૯૫૦માં પેથોલોજી વિભાગ, તથા ફ્રી કન્સલ્ટેશન વિભાગ, ૧૯૫૧માં ઈલેકટ્રોથેરપી વિભાગ, ૧૯૫૨માં ક્ષયનિવારણ કેન્દ્રની શરૂઆત, ૧૯૫૩માં ચક્ષુ વિભાગ તથા દંત વિભાગ, ૧૯૫૯માં શ્રી પ્રભાશંકર પોપટભાઈ હૉસ્પિટલની જૈન ક્લીનીકના મકાનમાં શરૂઆત, ૧૯૬૦માં ડાયાબીટીક ક્લીનીક તથા બી. સી. જી. વેકસીનેશન સેન્ટર, ૧૯૬૩માં પેથોલોજી વિભાગમાં વિશેષ પુરવણી, ૧૯૬૪માં ફીઝીયોથેરેપી વિભાગ, ૧૯૬૫માં ક્ષયનિવારણ વિભાગ, તથા ચાઈલ્ડ વેલફેર સેન્ટર–આમ ગાળે ગાળે એક એક પ્રવૃત્તિ જૈન ક્લીનીકમાં ઉમેરાતી રહી છે.

ઉપર જણાવેલ દિવસે જેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું તે હૉસ્પીટલ ૧૦૦ બિછાનાનું હશે અને એકસ-રે તથા ઑપરેશનની તેમાં બધી સગવડ હશે. આ જૈન ક્લીનીકનો આવો વિકાસ તેના ટ્રસ્ટીમંડળની જાગૃત દેખરેખ અને તેના કાર્યક્ષેત્રને ખીલવતા રહેવાની તમન્ના, અનેક કુશળ ડૉકટરોનો સહકાર અને જૈન ક્લીનીકના સુપ્રીન્ટેન્ડન્ટ ડૉ. કે. એમ. સાંગાણીની અપૂર્વ કાર્યનિષ્ઠા અને આયોજનશકિતને આભારી છે.

આ જૈન ક્લીનીકના નામ સાથે 'જૈન' શબ્દ જોડાયેલો છે તેનો એટલો જ અર્થ છે કે આ સંસ્થાની આર્થિક જવાબદારીનું મુંબઈનો જૈન સ્થાનકવાસી સંઘ વહન કરે છે અને તેને પ્રાપ્ત થયેલાં દાનો જૈન શ્રીમાનો તરફથી–વિશેષ કરીને સ્થાનકવાસી શ્રીમાનો તરફથી–મળેલાં છે. પણ આ જૈન ક્લીનીકનો લાભ સર્વ કોમના લોકોને કશાપણ ભેદભાવ સિવાય આપવામાં આવે છે. આને લગતો મારો એક અંગત અનુભવ અહિં જણાવું તો અસ્થાને નહિ ગણાય.

થોડા સમય પહેલાં મારે ત્યાં પરચુરણ કામ કરતો એક ઘરડો ઘાટી માંદો પડયો. તે બીજાનું પણ કામ કરતો હતો અને રાત્રીના બાબુલનાથની ચાલમાં પડી રહેતો હતો. માંદગી દરમિયાન કે તે પહેલાં તેના જમણા હાથે કાંઈ વાગ્યું હશે તે પાકવા લાગ્યું. છ સાત દિવસ તાવ ચાલુ રહ્યો. તાવ થોડો હળવો પડયો એટલે તેને નજીકના એક ડોકટર પાસે હું લઈ ગયો. તેમણે કહ્યું કે તેનો હાથ પાકયો છે, તાવ પણ છે અને તેને હૉસ્પીટલની ટ્રીટમેન્ટની જરૂર છે. એટલે તેનો ઉપચાર કરવાની જવાબદારી પોતે લઈ શકે એમ નથી. આ ઘાટી માત્ર મારૂં જ કામ કરતો નહોતો અને તેથી તેની કોઈ જવાબદારી મારા શિરે નથી એમ હું વિચારી શકતો હતો, પણ જો હું તેની સંભાળ ન લઉં તો તેની આવી જવાબદારી લે એવા તેના કોઈ સગાંવહાલાં દેખાતા નહોતાં. તેથી તેના માટે મારાથી થઈ શકે તે કરી છૂટવું એવો મેં મનથી નિર્ણય કર્યો. આમ વિચારીને હું સર હરકીસનદાસ હૉસ્પિટલમાં ગયો અને ત્યાંના મુખ્ય ડૉકટર પી. એમ. સાંગાણીને મળ્યો અને આ ઘાટી માટે કંઈ ગોઠવણ કરી આપવા તેમને મેં વિનંતિ કરી. તેમણે જવાબ આપ્યો કે આપણા આ હૉસ્પીટલમાં ગુજરાતી ન હોય એને ફ્રી પેશન્ટ તરીકે આપણે

લેતા નથી, એટલે તેને તમે નાયર હોસ્પિટલમાં લઈ જાઓ. આ જવાબથી મારી મુંઝવણનો પાર ન રહ્યો. નાયર હૉસ્પીટલમાં હું તેને શી રીતે લઈ જાઉં? ત્યાં મને કોઈ ઓળખે નહિ અને એમ છતાં તેને ત્યાં દાખલ કરવામાં આવે તો તેના ઉપચારની બધી જવાબદારી માત્ર મારી રહે અને તેની ખાતર મારા ઘેરથી તેને ત્યાં હાલતાં ચાલતાં આંટા ખાવા પડે ને મારી જેવાં ટાંચા સાધનવાળાથી કેમ બને ? આ મુંઝવણમાં મેં પ્રશ્ન કર્યો કે આ ઘાટીને જૈન ક્લીનીકમાં દાખલ કરે કે નહિ? ત્યાંના સુપ્રીન્ટેન્ડન્ટ ડૉ. કે. એમ. સાંગાણીને પૂછતાં તેમણે સરળપણે જણાવ્યું કે ફ્રી પેશન્ટનો એક ખાટલો ખાલી છે તો તમે તેને જરૂર લઈ આવો. આ જવાબથી મેં પારવિનાની રાહત અનુભવી અને હું મારા ઘેર પહોંચ્યો અને ઘાટીને મારી સાથે જૈન ક્લીનીકમાં આવવા કહ્યું. તે કહે કે "હું ત્યાં નહિ આવું. હૉસ્પીટલમાં મને મારી નાખે" આવી સમજણવાળાને મારે કેમ સમજાવવો? આસપાસના બીજા લોકોએ અને ઘાટીઓએ તેને માંડ માંડ સમજાવ્યો અને ટેક્સી કરીને તેને હું જૈન ક્લીનીક ઉપર લઈ ગયો અને ત્યાં દાખલ કરાવ્યો. ત્યાં તેના ઉપચાર શરૂ થયા. પાકેલા હાથ ઉપર ઑપરેશન કરવામાં આવ્યું અને જરૂરી સર્વ ઉપચારના પરિણામે વીસ દિવસ બાદ ઘેર લઈ જઈ શકાય તેટલી તેની તબીયત સુધરી અને પછી લગભગ એક મહિનો, પાટો બંધાવવા માટે તેને જૈન ક્લીનીક ઉપર લઈ જવો અથવા મોકલવો પડેલો. આ રીતે તે સાવ સારો થઈ ગયો અને એક ગરીબ બુઢ્ઢા ઘાટીને નવું જીવતર મળવામાં નિમિત્તભૂત થયાનો મેં સંતોષ અનુભવ્યો. તે ઘાટી જૈન ક્લીનીકમાં દર્દી તરીકે હતો તે દરમિયાન તેની સાથે જે પૂરો માનવતાભર્યો વર્તાવ દાખલવવામાં આવ્યો હતો, તેના ખાવાપીવા, દવાદારૂ અંગે જે સારસંભાળ લેવામાં આવી હતી તે ઉપરથી મને સુમધુર પ્રતીતિ થઈ કે સારવાર માટે તેમાં દાખલ કરવામાં આવતા દરેક દર્દીને જૈન - જૈનેતરના કશા પણ ભેદભાવ સિવાય એકસરખી અને જરૂરી એવી બધી રાહત મળે છે અને આ જૈન ક્લીનીક સૌ કોઈને સમાનભાવે નિહાળે છે. વસ્તુતઃ આ જૈન ક્લીનીકનો લાભ જૈન કરતાં જૈનેતરો ઘણા વધારે મોટા પ્રમાણમાં લે છે. આમાં જ જૈન ક્લીનીકમાં રહેલા 'જૈન' શબ્દની સફળતા અને સાર્થકતા છે.

તા. ક.–જાણાવતાં અત્યન્ત દિલગીરી થાય છે કે ઉપરની નોંધમાં જેમની ઉદારતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઉદાર ચરિત, શેઠ રસિકલાલ પ્રભાશંકરનું ૧૩મી ડિસેંબરના રોજ એકાએક અવસાન થયું છે.

બોટાદમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજનું નવનિર્માણ

બૃહદ મુંબઈમાં વસતા બોટાદ શહેર અને તાલુકાના નાગરિકોનું એક સંગઠ્ઠન કરીને ઈ. સ. ૧૯૪૭માં બોટાદ પ્રજામંડળ નામની સંસ્થા શરૂ કરવામાં આવી હતી. આ સંસ્થા તરફથી બોટાદ તાલુકાના પ્રજાજનોના કલ્યાણ અર્થે હૉસ્પિટલ, કન્યાશાળા, પ્રાથમિક શાળા, પાંજરાપોળ, એસ્. એસ્. સી. કેન્દ્ર અને એવી બીજી અનેક કલ્યાણકારી પ્રવૃત્તિઓનું છેલ્લાં વીસ વર્ષ દરમિયાન નિર્માણ તેમ જ સંચાલન કરવામાં આવ્યું છે. આ સંસ્થા તરફથી ઉચ્ચ શિક્ષણને કેન્દ્રમાં રાખીને ૧૯૬૬માં 'વિદ્યા - ભારતી' એ નામની સંસ્થા ઊભી કરવામાં આવી. આ સંસ્થાને લગતી સમિતિએ ૧૯૬૭ના જૂનથી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ શરૂ કરવાના લક્ષ્યપૂર્વક ફાળો એકઠો કરવાનો અને આ કૉલેજ સાથે બોટાદના સુપ્રસિદ્ધ કવિ સ્વ. દામોદર ખુશાલદાસ બોટાદકરનું નામ જોડવાનો નિર્ણય કર્યો. સમિતિના આ નિર્ણયથી પ્રેરિત બનીને સ્વ. બોટાદકરના સુપુત્ર શ્રી કાન્તિલાલ બોટાદકરે વિદ્યા–ભારતીને રૂ. ૧,૨૫,૦૦૦ નું દાન આપવાની ઈચ્છા પ્રદર્શિત કરી. આના અનુસંધાનમાં શ્રી કાન્તિલાલ ન્યાલચંદ કોઠારીએ છાત્રાલય બાંધવા માટે રૂ. ૫૧,૦૦૦નું દાન જાહેર કર્યું, સભાગૃહ માટે સ્વ. ચંપકલાલ છગનલાલ દોશીના સ્મરણમાં તેમના સુપુત્રો તરફથી રૂ. ૨૫,૦૦૦ નું દાન જાહેર કરવામાં આવ્યું. તથા શ્રી. રમેશ હિમતલાલ ગાંધી તરફથી રૂ. ૨૫૦૦૦ ની રકમ અર્પણ કરવામાં આવી. આ ફાળામાં પાંચ લાખની રકમ એકઠી કરવાનું લક્ષ્ય વિચારવામાં આવ્યું હતું તેના સ્થાને આજ સુધીમાં દાનો તેમ જ સ્મરણિકા–સોવેનીરની જાહેરાતો દ્વારા સવાપાંચ લાખ રૂપિયા ઉપરની રકમ એકઠી કરવામાં આવી છે. આ સફળ પ્રયત્નની જાહેરાત કરવા નિમિત્તે ૧૮ મી ડીસેમ્બરના રોજ સન્મુખાનંદ હૉલમાં શ્રી ઢેબરભાઈના પ્રમુખપણા નીચે 'મહેરામણનાં મોતી' ની નૃત્યનાટિકા યોજવામાં આવી હતી. આવા સુભગ પુરુષાર્થ માટે બોટાદ પ્રજામંડળ તેમ જ 'વિદ્યા ભારતી' ના કાર્યવાહકોને અનેક ધન્યવાદ ઘટે છે.

આ પ્રસંગના સંદર્ભમાં ખાસ ધ્યાન ખેંચે એવી એક બાબતનો ઉલ્લેખ કરવાનું મન થાય છે. સ્વ. કવિ બોટાદકર જેમનું ૫૪ વર્ષની વયે ૧૯૨૪ની સાલમાં અવસાન થયું હતું, તેમણે આખી જિંદગી એકસરખી કપરી ગરીબાઈમાં વ્યતીત કરી હતી. વર્ષો પહેલાંની વાત છે. બોટાદમાં તેઓ શિક્ષક તરીકે કામ કરતા હતા. તે નોકરી કોઈ સંયોગોમાં છૂટી ગઈ. તેમને કોઈ વ્યવસાય શોધી આપવો જોઈએ એવા હેતુથી શ્રી જમુભાઈ દાણીના મોટા ભાઈ સ્વ. અમૃતલાલ દાણી મને ભાવનગરમાં મળ્યા. એ દિવસોમાં અમારા કુટુંબ તરફથી શ્રાવિકા ઉદ્યોગશાળા ચલાવવામાં આવતી હતી અને તેનો વહીવટ મારા પિતાશ્રીના મોટા ભાઈ ગીરધરદાદા સંભાળતા હતા. એ ઉદ્યોગગૃહ માટે એક સંચાલકની અમને જરૂર હતી અને મારા દાદાને કહીને મેં તે સ્થાન ઉપર બહુ નજીવા પગારે–ઘાણું ખરું રૂ. ૫૦ ના માસિક પગારે–તેમની નિમણુંક કરાવેલી. થોડો સમય કામ કર્યા બાદ તેમની તબિયત નાદુરસ્ત રહેવાથી તેમને બોટાદ પાછા જવું પડેલું. એ જ પિતાના પુત્રના ભાગ્યચક્રમાં પલટો આવ્યો. એક પછી એક વ્યવસાય બદલતાં બદલતાં કેટલાક સમયથી તેઓ હેર પીન બનાવવાની એક ફેક્ટરી ચલાવી રહ્યા છે. તે દ્વારા તેમનો આર્થિક ઉત્કર્ષ વધતાં વધતાં આજે તેઓ એ કક્ષાએ પહોંચ્યા છે કે પોતાના પિતાના નામ સાથે જોડવામાં આવતી કૉલેજને તેઓ સવા લાખની રકમ ભેટ ધરી શક્યા છે. ભાગ્યચક્રના પરિવર્તનદ્વારા ફલિત બનેલી આવી ભવ્ય ઉદારતા માટે શ્રી કાન્તિલાલ બોટાદકરને અનેક અભિનન્દન ઘટે છે.

શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીનો સ્વર્ગવાસ

મુંબઈના જૈન શ્વે. મૂ. વિભાગના એક આગેવાન વ્યાપારી અને કાર્યકર શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીનું લાંબા સમયની માંદગી બાદ ૮૩ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેમના પિતાશ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી પણ જૈન સમાજની એક અગ્રગણ્ય વ્યક્તિ હતા. શ્રી મણિભાઈના જીવનની શરૂઆત બહુ સામાન્ય સ્થિતિથી થયેલી, પણ સમય જતાં તેમની સ્થિતિ સુધરતી આવી. પેરીસના જાણીતા ઝવેરી મેસર્સ રોઝેન્થાલ સાથે તેમણે ૪૦ વર્ષ સુધી ઝવેરાતનો–વિશેષે કરીને મોતીનો - મોટા પાયા પર વ્યાપાર કરેલો. મુંબઈના શેર બજારમાં પણ તેમણે ઘણો મોટો વ્યવસાય ખેડેલો. વ્યાપાર વ્યવસાય નિમિત્તે તેમણે પરદેશના અનેક પ્રવાસો કરેલા. ટ્રસ્ટીપાર્જક પ્રવૃત્તિ સાથે સામાજિક ક્ષેત્રે પણ તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ હતી. ૧૯૩૦માં ખેતવાડીમાં આવેલાં તેમના પોતાનાં મકાનમાં કૉંગ્રેસ હૉસ્પિટલ ઊભી કરવામાં આવેલી અને તેના સંચાલનમાં તેમણે ખૂબ સહયોગ આપેલો. અમદાવાદના વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલનું નિર્માણ તેમની દેખરેખ નીચે કરવામાં આવેલું. તેના તેઓ આજ સુધી ટ્રસ્ટી હતા. આ ઉપરાંત પંચગનીમાં આવેલું વાડીલાલ સારાભાઈ સેનેટોરીયમ પણ તેમના થકી ઊભું કરવામાં આવેલું. તદુપરાન્ત લાલબાગના, ભાયખલાના તથા પ્રાર્થનાસમાજ પાસે આવેલા જૈન મંદિરના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી તેમણે સેવા આપેલી. આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ એક પ્રતિનિધિ હતા. મુંબઈની ફેલોશીપ સ્કૂલના પણ તેઓ વર્ષોથી ટ્રસ્ટી હતા. આમ જીવનના અન્ત સુધી તેઓ સામાજિક જીવનના અનેક ક્ષેત્રે સેવા આપી રહ્યા હતા. તેઓ ચારિત્ર્યવાન–શીલસંપન્ન ગૃહસ્થ હતા. તેમનો સ્વભાવ પ્રેમાળ, મીલનસાર અને અન્યને ઉપયોગી થવામાં સદા તત્પર હતો. પોતાની પાછળ પત્ની તથા બહોળો કુટુંબપરિવાર મૂકીને તેમણે પરિપક્વ ઉમ્મરે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. તેમને સુપરિચિત એવા વિશાળ વર્તુલ ઉપર પોતાના ઉદારચરિત વ્યક્તિત્વનાં અનેક મધુર સ્મરણો તેઓ મૂકી ગયા છે. તેમના કુટુંબીજનોને આપણી સહાનુભૂતિ હો! તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ!

પરમાનંદ

રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો

(ગતાંકથી ચાલુ)

વણીક તેહનું નામ, જેહ જૂઠું નવ બોલે,
વણીક તેહનું નામ, તોલે ઓછું નવ તોલે
વણિક તેહનું નામ, બાપે બોલ્યું તે પાળે,
વણિક તેહનું નામ, વ્યાજ સહિત ધન વાળે,
વિવેક તોલ એ વણિકનું, સુલતાન તોલે એ શાખ છે;
વેપાર ચૂકે જો વાણિયો, દુઃખ દાવાનળ થાય છે.

શામળ ભટ્ટ

સામાન્ય માન્યતા એવી હોય છે કે 'વ્યવહાર કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે નોખી ને વિરોધી વસ્તુ છે. વેપારમાં ધર્મ દાખલ કરવો એ ગાંડપણ છે. એમ કરવા જતાં બન્ને બગડે.' આ માન્યતા જો ખોટી ન હોય તો આપણે કપાળે કેવળ નિરાશા જ લખેલી હોય. એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ વ્યવહાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીએ.

ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ એમ રાયચંદભાઈએ પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ, ઈદને દહાડે કે રવિવારે જ પાળવાનો, અથવા તો મંદિરોમાં, દેરાઓમાં, દેવળોમાં ને મસ્જિદોમાં જ પાળવાનો, પણ દુકાનમાં કે દરબારમાં નહિ, એવો કોઈ નિયમ નથી, એટલું જ નહિ પણ, એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરાબર છે એમ રાયચંદભાઈ કહેતા, માનતા, ને પોતાના આચારમાં બતાવી આપતા.

તેમનો વેપાર હીરામોતીનો હતો. શ્રી રેવાશંકર જગજીવન ઝવેરીની સાથે ભાગીદારી હતી. સાથે કાપડની દુકાન પણ ચલાવતા. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતાં એવી મારી ઉપર તેમણે છાપ પાડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈવાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કાંઈ જોતો નહિ, સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા. તે તેમને અસહ્ય લાગતી એવે વખતે તેમની બન્ને ભ્રકુટી પણ ચડતી, ને આંખોમાં લાલાશ હું જોઈ શકતો હતો.

ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ રાયચંદભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી ને હોંશિયારી બતાવતા. હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા. જો કે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું, છતાં પારિસ વગેરેના તેમના આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મો તરત સમજી જતા, અને તેઓની કળા વર્તતાં વાર ન લાગતી. તેમણે કરેલા તર્કો ઘણે ભાગે સાચા પડતા.

આટલી કાળજી ને હોંશિયારી છતાં તેઓ વેપારીની તાલાવેલી કે ચિંતા ન રાખતા. દુકાનમાં બેઠા પણ જ્યારે પોતાનું કામ પૂરું થઈ રહે એટલે ધર્મપુસ્તક તો પાસે પડ્યું જ હોય તે ઉઘડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્‌ગારો લખતા તે ઉઘડે. મારા જેવા જિજ્ઞાસુ તેમની પાસે રોજ આવ્યા જ હોય તેમની સાથે રોજ ધર્મચર્ચા કરતાં આંચકો ન ખાય. વેપારને ટાણે વેપાર, ધર્મને ટાણે ધર્મ, અથવા એક જ વખતે એક જ કામ એ સામાન્ય અને સુંદર નિયમનું તેઓ પાલન ન કરતાં. પોતે શતાવધાની હોઈ તેનું પાલન ન કરે તે ચાલે. બીજાઓ તેમનો વાદ કરવા જાય તો બે ઘોડે ચડનાર જેમ પડે તેમ પડે જ. સંપૂર્ણ રીતે ધાર્મિક અને વીતરાગી પુરુષ પણ જે ક્રિયા જે કાળે કરતો હોય તેમાં જ તે લીન થાય એ યોગ્ય છે, એટલું જ નહિ પણ, તેને તો એ જ શોભે. એ તેના યોગની નિશાની છે, એમાં ધર્મ છે. વેપાર અથવા એવી કોઈ પણ ક્રિયા જો કર્તવ્ય હોય તો તેમાં પણ પૂરી એકાગ્રતા હોવી જ જોઈએ. અંતરમાં આત્મચિંતવન તે તે મુમુક્ષુને તેના શ્વાસની પેઠે ચાલવું જ જોઈએ, તેથી એક ક્ષણભર પણ તે વંચિત ન રહે. પણ આત્માને ચિંતવતા છતાં જે બાહ્ય કાર્ય કરતો હોય તેમાં ય તે તન્મય રહે જ.

આમ કવિ નહોતા કરતા એમ હું કહેવા નથી ઈચ્છતો. ઉપર જ મેં કહ્યું છે કે પોતે તેમના વેપારમાં પૂરી કાળજી રાખતા. એમ છતાં મારી ઉપર એવી છાપ પાડી છે ખરી કે કવિએ પોતાના શરીરની પાસેથી જોઈએ તે કરતાં વધારે કામ લીધું. એ યોગની અપૂર્ણતા તો ન હોય ? કર્તવ્ય કરતાં શરીર પણ જવા દેવું જોઈએ એ નીતિ છે, પણ શકિત ઉપરવટ કંઈ વહોરી લઈ તેને કર્તવ્ય માનવું એ રાગ છે. એવો અતિ સૂક્ષ્મ રાગ કવિને હશે એમ મને લાગ્યા કર્યું છે.

ઘણી વખત પરમાર્થ દૃષ્ટિએ માણસ શકિત ઉપરાંત કામ લે છે ને પછી એને પહોંચી વળતાં તણાવું પડે છે. એને આપણે ગુણ માનીએ છીએ ને તેની પ્રશંસા કરીએ છીએ. પણ પરમાર્થ એટલે ધર્મદૃષ્ટિએ જોતાં એમ ઉપાડેલાં કામમાં સૂક્ષ્મ મૂર્છા હોવાનો બહુ સંભવ છે.

જો આપણે આ જગતમાં કેવળ નિમિત્ત માત્ર જ હોઈએ, આ શરીર આપણને ભાડે મળ્યું છે તે આપણે તે વાટે તુરત મોક્ષ સાધવો એ જ પરમ કર્તવ્ય હોય, તો એ માર્ગમાં જે વિઘ્નકર્તા હોય તેનો ત્યાગ અવશ્ય કરવો જ જોઈએ એ જ પારમાર્થિક દૃષ્ટિ, બીજી નહિ.

જે દલીલો હું ઉપર કરી ગયો છું તે પણ બીજે રૂપે ને પોતાની જ ચમત્કારી ભાષામાં રાયચંદભાઈ મને સંભળાવી ગયા હતા. એમ છતાં તેમણે કેટલીક ઉપાધીઓ એવી કેવી વહોરી કે પરિણામે તેમને સખત માંદગી ભોગવવી પડી.

જો રાયચંદભાઈને પણ પરોપકાર નિમિત્ત મોહે ક્ષણવાર ઘેરી લીધા એ મારી માન્યતા ખરી હોય તો 'પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિ કરિષ્યતિ' એ શ્લોકાર્ધ અહીં બરાબર બંધ બેસે છે; ને તેનો અર્થ એટલો જ છે. ઈચ્છાપૂર્વક વર્તવાને સારૂ ઉપરના કૃષ્ણવચનનો ઉપયોગ કોઈ કરતા જણાય છે તે તો કેવળ દુરુપયોગ છે. રાયચંદભાઈની પ્રકૃત્તિ તેમને બળાત્કારે ઊંડા પાણીમાં લઈ ગઈ. એવા કાર્યને દોષરૂપે પણ લગભગ સંપૂર્ણ આત્માને વિષે જ કલ્પી શકાય. આપણે સામાન્ય માણસો તો પરોપકારી કાર્ય પાછળ ગાંડા બનીએ ત્યારે જ તેને કદાચ પહોંચી વળીએ. આ વિષયને એટલેથી સમાપ્ત કરીએ.

એવી પણ માન્યતા જોવામાં આવે છે કે ધાર્મિક માણસો તો એવા ભોળા હોય કે તેને બધા છેતરે. તેને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ બરોબર હોય તો કૃષ્ણચંદ્ર અને રામચંદ્ર બે અવતારો કેવળ સંસારી મનુષ્યોમાં ગણાવા જોઈએ. કવિ કહેતા કે જેને શુદ્ધ જ્ઞાન છે તેને છેતરવો અશકય હોવું જોઈએ. માણસ ધાર્મિક એટલે નીતિમાન હોય છતાં તે જ્ઞાની ન હોય. પણ મોક્ષને સારુ નીતિ અને અનુભવજ્ઞાનનો સુસંગમ હોવો જોઈએ. જેને અનુભવજ્ઞાન થયું છે તેની પાસે પાખંડ નભી જ ન શકે. સત્યની સમીપમાં અસત્ય ન નભી શકે. અહિંસાના સાન્નિધ્યમાં હિંસા બંધ થાય. સરળતા જ્યાં પ્રકાશે છે ત્યાં છળ રૂપી અંધકાર નાશ પામે છે. જ્ઞાનવાન અને ધર્મવાન કપટીને જુએ કે તરત તેને ઓળખે અને તેનું હૃદય દયાથી ભીનું થઈ જાય. જેણે આત્માને પ્રત્યક્ષ જોયો છે તે બીજાને ઓળખ્યા વિના કેમ રહે ? કવિના સંબંધમાં આ નિયમ હંમેશાં ખરો પડતો એમ હું નથી કહી શકતો. કોઈ કોઈ ધર્મને નામે તેમને છેતરી જતા. એવા દાખલા નિયમની અપૂર્ણતા નથી સિદ્ધ કરી શકતાં. પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન કેવું દુર્લભ છે એ સૂચવે છે.

આમ અપવાદો છતાં વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિને વિષે જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો.

* * *

રાયચંદભાઈના ધર્મનો વિચાર આપણે કરીએ. તેના પહેલા ધર્મનું સ્વરૂપ જે તેમણે આલેખ્યું હતું તે જોઈ જવું અગત્યનું છે.

ધર્મ એટલે અમુક મતમતાંતર નહિ. ધર્મ એટલે શાસ્ત્રોને નામે

ઓળખાતાં પુસ્તકોને વાંચી જવા કે ગોખી જવા અથવા તેમાં કહેલું બધું માનવું જ એ પણ નહિ. ધર્મ એ આત્માનો ગુણ છે અને માનવ-જાતિને વિષે દશ્ય કે અદશ્ય રૂપે રહેલો છે. ધર્મ વડે આપણે મનુષ્ય-જીવનનું કર્તવ્ય જાણી શકીએ છીએ. ધર્મ વડે આપણે બીજા જીવો પ્રત્યેનો આપણો ખરો સંબંધ ઓળખી શકીએ. આ બધું જ્યાં સુધી આપણે પોતાને ન ઓળખીએ ત્યાં સુધી ન જ બની શકે એ તો દેખીતું છે. તેથી ધર્મ એટલે જે વડે આપણે પોતાને ઓળખી શકીએ તે સાધન.

આ સાધન આપણે જ્યાંથી મળે ત્યાંથી લઈએ. પછી તે ભારતવર્ષમાં મળો કે યુરોપથી આવો કે અરબસ્તાનથી, આ સાધનોનું સામાન્ય સ્વરૂપ બધાં ધર્મશાસ્ત્રોમાં એક જ છે એમ જેણે જુદાં જુદાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે તે કહી શકશે. અસત્ય બોલવું કે આચરવું એમ કોઈ શાસ્ત્ર નથી કહેતું. હિંસા કરવી એમ પણ કોઈ શાસ્ત્ર નથી કહેતું. સર્વ શાસ્ત્રોનું દોહન કરતાં શંકરાચાર્યે 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' કહ્યું. કુરાને શરીફે તેને બીજી રીતે ઈશ્વર એક છે ને તેજ છે, તેના વિના બીજું કશું નથી એમ કહ્યું. બાઈબલે કહ્યું, હું ને મારો પિતા એક જ છીએ. એ બધાં એક જ વસ્તુના રૂપાંતર છે. પણ આ એક જ સત્યને ખીલવવામાં અપૂર્ણ મનુષ્યોએ પોતાનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ વાપરી આપણે સારું મોહજાળ રચી છે. તેમાંથી આપણે નીકળવું રહ્યું છે. આપણે અપૂર્ણ તે આપણાથી ઓછા અપૂર્ણની મદદ લઈ આગળ જઈએ છીએ અને છેવટે કેમ જાણે અમુક હદ લગી જતાં આગળ રસ્તો જ નથી એમ માનીએ છીએ. હકીકતમાં એવું કાંઈ જ નથી. અમુક હદ પછી શાસ્ત્રો મદદ નથી કરતાં, અનુભવ મદદ કરે છે. તેથી રાયચંદભાઈએ ગાયું છે:–

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહિ તે પદ શ્રી ભગવંત જો,
એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર પણ હાલ મનોરથ રૂપ જો.

એટલે છેવટે તો આત્માને મોક્ષ દેનાર આત્મા જ છે.

આ શુદ્ધ સત્યનું નિરૂપણ રાયચંદભાઈએ ઘણી રીતે પોતાનાં લખાણોમાં કર્યું છે. રાયચંદભાઈએ ઘણાં ધર્મપુસ્તકોનો સરસ અભ્યાસ કર્યો હતો. તેમને સંસ્કૃત અને માગધી ભાષા સમજતાં જરાયે મુશ્કેલી નહોતી આવતી. વેદાંતનો અભ્યાસ તેમણે કરેલો, તેમજ ભાગવતનો અને ગીતાજીનો. જૈન પુસ્તકો તો જેટલાં તેમને હાથ આવતાં તે વાંચી જતા, તેમની તે ગ્રહણ કરવાની શકિત અગાધ હતી. એક વખતનું વાંચન તે તે પુસ્તકોનું રહસ્ય જાણી લેવાને સારુ તેમને પુરતું હતું. કુરાન, ઝંદ અવસ્તા ઈત્યાદિનું વાંચન પણ અનુવાદો મારફતે તેમણે કરી લીધું હતું.

તેમનો પક્ષપાત જૈન દર્શન તરફ હતો એમ તેઓ મને કહેતા. તેમની માન્યતા હતી કે જિનાગમમાં આત્મજ્ઞાનની પરાકાષ્ટા છે. આ તેમનો અભિપ્રાય મારે આપી જવો આવશ્યક છે. તેને વિષે હું મત આપવા મને તદ્દન અનધિકારી ગણું છું. પણ રાયચંદભાઈને બીજા ધર્મ પ્રત્યે અનાદર નહોતો. વેદાંત પ્રત્યે પક્ષપાત પણ હતો. વેદાંતીને તો કવિ વેદાંતી જ જણાય. મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસ તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારુ અમુક ધર્મને અવલંબવો જોઈએ. મારા આચાર વિચારનું જ તેમણે મને કહ્યું. પુસ્તકો કયા વાંચવા એ પ્રશ્ન ઊઠતાં મારું વલણ ને મારા બચપણના સંસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાંચતો તેમાં ઉત્તેજન આપેલું, અને બીજાં પુસ્તકોમાં પંચીકરણ, મણિરત્નમાલા, યોગવાષ્ઠિનું વૈરાગ્યપ્રકરણ, કાવ્યદોહન પહેલો ભાગ, અને પોતાની 'મોક્ષમાળા' વાંચવાનું સૂચવ્યું હતું.

રાયચંદભાઈ ઘણી વેળા કહેતા કે જુદા જુદા ધર્મો એ તો વાડાઓ છે, તેમાં મનુષ્ય પુરાઈ જાય છે. જેણે મોક્ષ મેળવવો એ જ પુરૂષાર્થ માન્યો છે તેને કોઈ ધર્મનું તિલક પોતાને કપાળે લગાવવાની આવશ્યકતા નથી.

'સૂતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે.'

એ જેમ અખાનું તેમ રામચંદભાઈનું પણ સૂત્ર હતું. ધર્મના ઝઘડાથી તેમને હમેશાં કંટાળો આવતો. તેમાં ભાગ્યે જ પડતા. બધા ધર્મોની ખૂબીઓ પૂરી જોઈ જતા ને તે તે ધર્મોની પાસે મૂકતા, દક્ષિણ આફ્રિકાના મારા પત્રવ્યવહારમાં પણ મેં તેમની પાસેથી એ જ વસ્તુ મેળવી હતી.

હું પોતે એમ માનનારો છું કે સર્વ ધર્મ તે તે ભક્તોની દૃષ્ટિએ સંપૂર્ણ જ છે ને સર્વ ધર્મ અન્ય દૃષ્ટિએ અપૂર્ણ છે. સ્વતંત્ર રીતે વિચારતાં સર્વ ધર્મ પૂર્ણાપૂર્ણ છે. અમુક હદ પછી બધાં શાસ્ત્રો બંધનરૂપે લાગે છે પણ એ તો ગુણાતીતની સ્થિતિ થઈ. રાયચંદ-ભાઈની દૃષ્ટિએ તો કોઈને પોતાનો ધર્મ છોડવાની આવશ્યકતા નથી, સહુ પોતાના ધર્મમાં રહી પોતાની સ્વતંત્રતા એટલે મોક્ષ મેળવી શકે છે. કેમ કે મોક્ષ મેળવવો એટલે સર્વાંશે રાગદ્વેષ રહિત થવું.
અપૂર્ણ. ગાંધીજી

શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ

(ગતાંકથી ચાલુ)

પ્રશ્નો ઉકેલવાના બે અભિગમ છે. એક સંતનો અભિગમ, બીજો મુત્સદ્દીનો અભિગમ. બેમાંનો એકકેય અભિગમ તત્કાળમાં જ કે મર્યાદિત સમયમાં પણ અસરકારક બને તેમ લાગતું નથી. લાંબા ગાળે, સંતનો અભિગમ સર્વોત્તમ અભિગમ છે એમ કદાચ આપણે કહી શકીએ. પણ આજના યુગમાં કોઈપણ રાજનીતિજ્ઞ દેશની જાહેર સમસ્યાઓને કે રાજકારણને કે લાંબા ગાળે ફાયદો આપનારા માર્ગ તરફ દોરી જઈ શકશે નહિ. જો કે ભવિષ્યની પેઢી તે માર્ગ ખરો હતો એમ સ્વીકારશે, પણ આજનો સમય એવો છે કે જો કોઈ નેતા એ માર્ગે ચાલવા જાય તો તેને થંભી જ જવું પડે. સંતનો અભિગમ કલ્પના અને તર્કથી સર્વશ્રેષ્ઠ હોય, પણ એ અભિગમ સાચો છે એમ તેની પોતાની હયાતીમાં જનતાને ગળે ઉતારવું તેના માટે પણ મુશ્કેલ હોય છે. બીજી બાજુથી મુત્સદ્દી કે રાજદ્વારી પુરુષે ગ્રહણ કરેલી નીતિ ગમે તેટલા શુભ હેતુથી અમલમાં મૂકી હોય તો એ અંતે એક પછી એક બાંધછોડ કરવા તરફ લઈ જનારી નીવડે છે. તે એક લપ-સણો માર્ગ છે. એક વખત તમે તે તરફ વળ્યા એટલે પછી એ બાંધ-છોડ સત્યથી દૂર ને દૂર ખેંચી લઈ જનારી થઈ પડે. કોઈ વ્યક્તિ કે જે સત્યને જ વળગી રહેવા ઈચ્છતી હોય તેની અવજ્ઞા પણ થાય. ત્યારે શું કરવું? જે સાચું લાગે તેને વળગી રહેવું કે વર્તમાન સંયોગોનો એટલી હદે વિચાર કરવો કે જેથી મૂળ સત્ય જ ભૂલાઈ જાય? આ એક મોટો પ્રશ્ન છે કે જેનો માનવજાતને અને લોકજીવનની ધુરા વહન કરનારા લોકોને હંમેશાં સામનો કરવો પડે છે. ખરેખર, આ એક બહુ મોટો પ્રશ્ન છે. આપણે એટલું જ કહી શકીએ કે સંચા-લકોએ શકય હોય ત્યાં સુધી, કામચલાઉ બાંધછોડ કરવા છતાં, એ સત્યને વળગી રહેવું જોઈએ. ઓછામાં ઓછું સત્ય તરફ તેની દૃષ્ટિ તો રહેવી જ જોઈએ. જો એક વખત આ દૃષ્ટિ ભૂલાઈ ગઈ તો પછી ખોટે માર્ગે તે કયાં સુધી દૂર ચાલ્યો જશે તે કંઈ કહી શકાય નહિ. જનતાની લાગણી અને તેની સમજશકિતનો વિચાર કર્યા વિના ચાલીએ તો કોઈ પણ કામ પાર પાડવું મુશ્કેલ છે. પ્રજા વિચાર અને વર્તનમાં કયાં સુધી પોતાની સાથે ચાલી શકશે તે સમજીને આગળ પગલું ભરવું જરૂરનું છે. રાજકારણી નેતા જો આ લોકમાનસ સમજ્યા વિના ચાલે, અને તેના શબ્દો લોકોને સ્પર્શે જ નહિ તો એવા લોકોની આગળ સાક્ષાત ભગવાન પોતે આવીને કંઈ કહે તો પણ તે નકામું જાય છે. એટલે રાજકારણી નેતાએ સત્યને પણ પ્રજા

કેટલી હદે સમજીને સ્વીકારી શકે તેમ છે તે ધ્યાનમાં રાખીને તેટલી હદ સુધી જ તે સત્યને જનતા સમક્ષ મૂકવું રહ્યું.

આજે આપણે વૈજ્ઞાનિક યુગમાં જીવી રહ્યા છીએ. આ યુગ વિજ્ઞાન–યંત્રવિદ્યામાં ખૂબ આગળ વધી ગયો છે. અમેરિકા જેવો દેશ ઔદ્યોગિક અને યાંત્રિક સાધનોમાં સૌથી આગળ વધેલો દેશ છે. બાહ્ય સાધનો અને ભૌતિક સંપત્તિમાં તેણે ઘણી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે, અને સંસ્કારની દૃષ્ટિએ પણ તે દેશ ઘણી રીતે આગળ વધી રહ્યો છે તેમાં શંકા નથી. પણ મારે કહેવું જોઈએ કે દુનિયાની નૈતિક અને વૈચારિક પ્રગતિ વૈજ્ઞાનિક અને યાંત્રિક પ્રગતિ સાથે હાથમાં હાથ મિલાવીને ચાલી શકી નથી. આ એક ખતરનાક પરિસ્થિતિ છે, કેમકે વિજ્ઞાન અને તંત્રવિદ્યા એ અસાધારણ તાકાતવાળાં શસ્ત્રો ધરાવે છે. આ શસ્ત્રો આપણને આણુશક્તિમાંથી પ્રાપ્ત થયાં છે. એ આણુશક્તિનો બહુ સરળ રીતે માનવજાતિના હિત માટે આપણે ઉપયોગ કરી શકીએ અને વિરાટ પ્રમાણમાં માનવજાતિના નાશ માટે પણ તેનો ઉપયોગ કરી શકીએ. વિજ્ઞાન અને યંત્રો સ્વતઃ સારા પણ નથી, ખરાબ પણ નથી. જેના હાથમાં તે છે તેમની સદ્‌બુદ્ધિ કે દુર્બુદ્ધિ પ્રમાણે તેનો ઉપયોગ થઈ શકે છે. અને જ્યારે આવું એક અસાધારણ શસ્ત્ર માનવજાતિના હાથમાં આવ્યું છે ત્યારે તેનો સારામાં સારો ઉપયોગ કઈ રીતે કરવો તેની બરાબર સમજણ હોવી એ અતિ અગત્યનું છે. એટલે કે યોગ્ય કામ માટે અને યોગ્ય રીતે એ શસ્ત્રોનો ઉપયોગ થાય તે સમજવા જેટલી નૈતિક અને તાત્વિક વિચારણામાં ઊંડા ઉતરવું આવશ્યક છે. છેવટે શું પરિણામ આમાંથી નીપજશે તે તેની નજરમાં હોવું જોઈએ. એમ કહી શકાય તેમ છે કે, વ્યક્તિઓને બાદ કરતાં, આટલાં મંદિરો, મસજીદો, દેવળો અને ધર્મો નજર સામે હોવા છતાં, મોટા ભાગનો લોકસમુદાય આ કક્ષા સુધી આગળ વધેલો નથી. આજના યુગની આ એક કમનસીબી છે. પોતાને ધાર્મિક કહેતા એવા આપણે લોકો નાના નાના રિવાજો અને મત-મતાંતરો માટે ઝઘડીએ છીએ, અને આપણા પાડોશીઓ સાથે કેવો યોગ્ય વ્યવહાર રાખવો, કેમ સભ્યતાથી વર્તવું એટલું પણ આપણે જાણતા નથી, અને દુનિયા વિનાશના ચક્કરમાં ઘુમરી ખાધા કરે છે. જગતમાં બે પ્રકારનાં શક્તિપ્રવાહો આપણે જોઈએ છીએ. એક સંહારક અને બીજો રચનાત્મક એ નામ આ પ્રવાહોને આપી શકાય. આ પળે હું એમ કહું કે મને રચનાત્મક શક્તિપ્રવાહમાં શ્રદ્ધા છે તો હું તેના વિષેની મારી શ્રદ્ધા સિવાય બીજી કોઈ પ્રમાણપૂર્વકની ખાત્રી આપી શકું તેમ નથી. માત્ર એટલું જ કે હું તેમાં માનું છું. આ શક્તિ–પ્રવાહમાં શ્રદ્ધા હોય કે ન હોય, પણ આપણા બધાના મનમાં એટલો તો નિરધાર હોવો જોઈએ કે સંહારક બળોનો સામનો કરવા અને રચનાત્મક તેમજ એકતા આણનારી નીતિને વધારે દૃઢ કરવા આપણે બધું કરી છૂટશું. આ તો જ થઈ શકે કે જો તમારામાં કોઈ ચોક્કસ નૈતિક પાયો હોય, કોઈ ચોક્કસ સમાનતાસૂચક નૈતિક માન્યતા હોય, જે બધાના જીવનવ્યવહારને અને વિચારોને એક તાંતણે બાંધી રાખી શકે. જો આ નહિ હોય તો એ વિનાશક તત્ત્વો અવશ્ય ફાવી જવાના છે.

મેં શરૂમાં કહ્યું તે મૂળ વાત ઉપર હવે આવતાં હું કહીશ કે સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીજી જેવી વ્યક્તિઓ એ આજના જગતની મહાન વિભૂતિઓ છે. કોઈ ચોક્કસ ઉપદેશ તેમણે આપ્યો તે માટે નહિ, પણ જગત વિષેની તેમની સમભાવી દૃષ્ટિ કે જેનો જાણ્યે કે અજાણ્યે સમગ્ર વિશ્વ ઉપર પ્રભાવ પડ્યો છે તે જ આપણા માટે ખૂબ મહત્ત્વનું છે. મહાત્મા ગાંધીની આર્થિક વિચારણા કે કોઈ બીજી ભૂમિકા ઉપર બંધાએલી એમની અમુક માન્યતાઓ તમે સ્વીકારો કે ન સ્વીકારો એ એક અલગ વાત છે, પણ જીવન પ્રત્યેની એમની મૂળભૂત દૃષ્ટિ અને દેશના અનેક પ્રશ્નો પરત્વેનો એમનો સમભાવયુક્ત અને રચનાત્મક અભિગમ એ જ ખરા મહત્ત્વનાં છે. જો તમે એ ન સ્વીકારતા હો તો તમે વિનાશના માર્ગે જઈ રહ્યા છો. એમનો અભિગમ - એક બે સૂચનોને બાજૂએ રાખીને જોઈએ તો – ભારતના મૂળભૂત સંસ્કારને, ભારતીય માનસને અને ભારતીય બુદ્ધિને બિલકુલ અનુકૂળ હતો. શ્રી રામકૃષ્ણ પણ એક દૈવી અને ધાર્મિક પુરુષ હતા. તેઓ કોઈ દિવસ રાજકારણને સ્પર્શ્યા નહોતા, પણ એમની દૃષ્ટિ જે વસ્તુના મૂળ સુધી પહોંચતી હતી તેનું મહત્ત્વ છે. હું એક રાજદ્વારી પુરુષ છું. આધ્યાત્મિક કે એવી બીજી વાતોમાં બહુ પડતો નથી, એમ છતાં આટલું તો હું માનું છું કે જો આપણામાં આધ્યાત્મિક દૃષ્ટિ નહિ હોય, આપણું નૈતિક ધોરણ નીચું ગયું હશે તો આપણું જાહેર જીવન કે ખાનગી જીવનવ્યવહારનું ધોરણ બન્ને નીચાં અને નીચાં જ જવાનાં.

જગતના બીજા દેશોની જેમ ભારતને પણ આજે આ વિકટ સમસ્યાનો ઉકેલ લાવવાનો છે. અને આપણે બધા વ્યક્તિગત રીતે, જાતિ તરીકે, પક્ષ તરીકે કે પછી સમસ્ત પ્રજા તરીકે આ કડક કસોટી ઉપર મૂકાયા છીએ. મને ભારત ઉપર શ્રદ્ધા છે અને હું માનું છું કે આપણે આ કસોટીમાંથી પાર ઊતરીશું, એટલું જ નહિ પણ, કંઈક વધારે સારું કરી બતાવીશું. કેમકે ભલે આપણામાં કેટલીક નબળાઈઓ પેસી ગઈ છે, તો પણ આપણી ગળથુથીમાં જે પાયાના સંસ્કારો પડ્યા છે તે આપણને આ ચક્કરમાંથી બહાર નીકળવાની શક્તિ આપશે, એટલું જ નહિ પણ, તક મળતાં વધારે અસરકારક રીતે અને વધારે સ્પષ્ટ રીતે કામ કરતા થશે. આ વિશ્વાસ છે, પણ માત્ર વિશ્વાસથી કામ થતું નથી. આપણે તે માટે બરાબર સક્રિય બનવું જોઈશે, અને તે પણ ચોક્કસ લક્ષ્ય નજર સમક્ષ રાખીને કામ કરવું જોઈશે. એ લક્ષ્ય ભારતે પોતા માટે સિદ્ધ કરવાનું છે એમ નહિ, પણ આખી દુનિયાને એ લક્ષ્ય તરફ દોરી જવાનું મહાન કાર્ય પણ ભારતે જ કરવાનું છે. એ લક્ષ્ય સંકુચિત નથી. આપણો રાષ્ટ્રવાદ એવો સાંકડો નથી. સ્વામી વિવેકાનંદ એક મોટા રાષ્ટ્રીયતાવાદી હતા પણ એમણે આનાથી જુદો કોઈ ઉપદેશ આપ્યો નથી. એમની રાષ્ટ્રીયતા એવી હતી જે આપોઆપ એવા ભારતીય રાષ્ટ્રવાદમાં સરી પડી જે વિશ્વ-રાષ્ટ્રીયતાનો જ એક અંશ હતો. એટલે આવા મહાપુરૂષોના જીવનમાંથી આપણે એવી ઉદાત્ત દૃષ્ટિ રાખતાં શીખવાનું છે. જો આપણે શીખીએ અને આપણી બધી શક્તિનો યોગ આપીને તેને આચારમાં મૂકીએ, તો આપણે એ મહાપુરુષોનો ગુણાનુવાદ યોગ્ય રીતે કર્યો ગણાશે, આપણા દેશની કંઈક સેવા કરી ગણાશે અને સાથે માનવતાની પણ સેવા કરી ગણાશે. જય હિંદ.

સમાપ્ત.

અનુવાદક :
શ્રી. મેનાબહેન નરોત્તમદાસ

મૂળ અંગ્રેજી
પંડિત જવાહરલાલ નહેરૂ

મોટોપ્રભુ–'માનવ'

રોજ સવારે જીવન જ્યારે પોતાનું પૃષ્ઠ ખોલે છે ત્યારે કેટલીયે ક્લાંત–કરૂણ માનવ–આકૃતિઓ સામે આવે છે. મારો આત્મા ચિત્કાર કરી ઉઠે છે! મારા પ્રભુનું કયું રૂપ! અને ત્યારે દિવસભર કરૂણાની પીંછીથી એ મૂર્તિઓને હું રંગું છું...અંતિમ શ્વાસ સુધી એની પૂજા કરતો રહીશ. માનવપ્રભુથી કોઈ મોટો પ્રભુ મારા સંકલ્પમાં નથી.

આલ્બર્ટ સ્વાઈટ્‌ઝર

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: શ્રી કૃષ્ણ મેનનો કૉંગ્રેસ પરિત્યાગ, સંત ફ્રાન્સિસનું ત્રાગું, સંત ફ્રાન્સિસનો પરિચય, જૈન ક્લીનીક: એક અનુભવ, બોટાદમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજનું નવનિર્માણ, શ્રી. મણિલાલ મોહનલાલ ઝવેરીનો સ્વર્ગવાસ.	પરમાનંદ	૧૬૯
રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો	ગાંધીજી	૧૭૩
શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ,	પંડિત જવાહરલાલ નહેરૂ	૧૭૪
લોકસભાના કૉંગ્રેસ ઉમેદવાર: શ્રી વાડીલાલ જેચંદ ડગલી	પરમાનંદ	૧૭૬
મહાપ્રસ્થાનના પથ પર–૧૮	પ્રબોધકુમાર સન્યાલ	૧૭૭
જીવનમાર્ગની યાત્રામાં નૂતન વર્ષના વિસામે થોડું ચિન્તન	પંડિત સુખલાલજી	૧૭૯

લોકસભાના કોંગ્રેસી ઉમેદવાર : શ્રી વાડીલાલ જેચંદ ડગલી

(આગામી ફેબ્રુઆરી માસમાં થનાર ભારતવ્યાપી ચૂંટણીના સંદર્ભમાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાને લોકસભા માટે મળેલી એક બેઠક માટે બે ઉમેદવારો જાહેર થયા છે. (૧) કૉંગ્રેસની મધ્યસ્થ ચૂંટણી સમિતિ દ્વારા પસંદ કરવામાં આવેલ શ્રી વાડીલાલ ડગલી અને (૨) સ્વતંત્ર વ્યકિત તરીકે ઊભા રહેલા ધ્રાંગધ્રા નરેશ. આ બેમાંથી જ પસંદગી કરવાની હોય તો શ્રી વાડીલાલ ડગલીને મતદારોની પસંદગી મળવી ઘટે છે. શ્રી વાડીલાલ ડગલી આપબળે સામાન્ય સ્થિતિમાંથી ઊંચે આવ્યા છે; આજ સુધીની તેમની કારકિર્દી ઉત્તરોત્તર ઉજ્વળ બનતી રહી છે; ભાઈ વાડીલાલ યુવાન છે, સેવાલક્ષી છે અને કૉંગ્રેસ જેવી સંસ્થાનું તેમને પીઠબળ છે. તેઓ વિદ્યાર્થી હતા ત્યારથી તેમને હું જાણું છું. અમારી વચ્ચે આજ સુધી એક પ્રકારની આત્મીયતાનો સંબંધ રહ્યો છે. તદુપરાન્ત પ્રબુદ્ધ જીવન સાથે વર્ષોથી ભાઈ વાડીલાલનો નિકટ સંબંધ રહ્યો છે. તેમનું જીવન એક પ્રકારની ભાવનાશીલતાથી પ્રેરિત છે. ધ્રાંગધ્રા નરેશની કારકિર્દી જુદા જ પ્રકારની છે. આમજનતા સાથે તેમનો કોઈ સંપર્ક નથી. અમુક નિહિત હિતોના તેઓ પ્રતિનિધિ છે. આવાં કારણોને અંગે પ્રસ્તુત બે ઉમેદવારોમાંથી સુરેન્દ્રનગર જિલ્લાના મતદારો વાડીલાલ ડગલીને જો ચૂંટી કાઢશે તો લોકસભાદ્વારા તેઓ દેશને ઘણી વધારે ઉપયોગી સેવા આપી શકશે એવી આશા સહેજે બંધાય છે. તેમની આજ સુધીની કારકિર્દીનો 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને જરૂરી ખ્યાલ આવે એ માટે એક મિત્રે તેમની પરિચયનોંધ મારી ઉપર મોકલી છે તેને થોડી ટૂંકાવીને નીચે પ્રગટ કરવામાં આવે છે.—પરમાનંદ)

વાડીલાલ ડગલીએ જાહેર જીવનમાં ભાગ લેવા માટે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના વિકાસ ખાતાના ચીફ ઑફિસરની પદવી તાજેતરમાં છોડી છે. ચાળીસ વર્ષની વયના શ્રી ડગલી અર્થશાસ્ત્રી, પત્રકાર, લેખક, વિચારક અને સંસ્થાઓના સ્થાપક તથા વહીવટદાર છે.

અર્થશાસ્ત્રી તરીકે તેઓ નાણાંની બાબતો અને આયોજનના નિષ્ણાત છે. અઘરામાં અઘરા પ્રશ્નો પણ લોકો સમજી શકે એવી સરળ શૈલીએ તેમણે ગુજરાતી અને અંગ્રેજી છાપાંઓમાં વરસો સુધી કટારો લખી છે. આ કટારોએ ભારે લોકપ્રિયતા મેળવી છે. ગૃહિણીના અંદાજપત્રથી માંડી આંતરરાષ્ટ્રીય રાજકારણ સુધીના અનેક વિષયો પર મૌલિક વિચારો દર્શાવતા સંખ્યાબંધ લેખો તેમણે લખ્યા છે અને રેડિયો વાર્તાલાપો આપ્યા છે. એમનાં લખાણોની ખૂબી એ છે કે તાજગીભર્યા વિચારો સાથે ચિત્તને પ્રસન્ન કરી દે તેવી આકર્ષક શૈલી તેમાં મળે છે. સંસ્થાઓ ચલાવવાની બાબતમાં કાર્યકુશળતા એમનું મુખ્ય સૂત્ર છે. તેમણે અનેક નવાં કામ ઊભાં કર્યાં છે અને કુશળતાથી તથા તેજીલી ગતિએ ચલાવ્યાં છે.

વઢવાણ તાલુકાનું ખોડું ગામ તેમનું મૂળ વતન. તેમનો જન્મ ૧૯૨૬ના નવેમ્બરની ૨૦મીએ ધાંધુકાના રોજિંદ ગામે મોસાળમાં થયો હતો. તેમના પિતાશ્રી જેચંદભાઈ છગનલાલ ડગલી સાધારણ સ્થિતિના હતા. વાડીભાઈ ચૌદ વર્ષના થયા ત્યાં તો તેમના પિતા ગુજરી ગયા. વાડીભાઈ અને ત્રણ નાના ભાઈઓને તેમનાં બાએ મક્કમ મન રાખીને ઉછેર્યા અને ભણવા દીધા. અભ્યાસકાળ કપરી આર્થિક સ્થિતિમાં વીત્યો. શાળાનો અભ્યાસ સુરેન્દ્રનગર, વેરાવળ અને અમદાવાદમાં કરી તેઓ મુંબઈ ગયા. ત્યાં બી. એ. થઈ પૂરતી સગવડ ન હોવા છતાં હિંમત કરીને અમેરિકા ગયા. બર્કલી ખાતે કૅલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી એમ. એ. ની ડિગ્રી મેળવી. અમેરિકામાં જાજરૂ સાફ કરીને અને હૉટલના વેઈટર તરીકે, બગીચાના માળી તરીકે તથા ધોબીના મદદનીશ તરીકે કામ કરીને તેમણે અભ્યાસ કર્યો.

અમેરિકાથી પાછા આવી તેઓ પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા (પી.ટી. આઈ.)માં જોડાયા. ૧૯૫૨માં ૨૫ વર્ષની વયે અમદાવાદ ખાતે પી. ટી. આઈ. ના મેનેજર નિમાયા. અઢી વર્ષ પછી તેમને મુંબઈ ખાતે હેડ ઑફિસમાં પી. ટી. આઈ.ના મદદનીશ વ્યાપારતંત્રી અને રૉઈટરના ભારત ખાતેના ફાઈનેન્શિયલ કોરસ્પોન્ડન્ટ (આર્થિક બાબતોના ખબરપત્રી) તરીકેની કામગીરી સોંપાઈ. ૧૯૬૦માં શ્રી ડગલી મુંબઈના અંગ્રેજી દૈનિક 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના આર્થિક વિભાગના તંત્રી તરીકે જોડાયા. ત્રણ વર્ષ પછી સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના એ વખતના ચેરમેન શ્રી વેંકટપ્પૈયાના આમંત્રણથી બૅન્કની મુંબઈ ખાતેની વડી કચેરીમાં વિકાસ વિભાગના ચીફ ઑફિસર તરીકે જોડાયા.

પંડિત સુખલાલજી સાથેનો પરિચય શ્રી ડગલીના જીવનની એક મહત્ત્વની ઘટના છે. અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં અભ્યાસ કરતા ત્યારે ભગવાન મહાવીર વિષે એક મોટો નિબંધ લખી તેઓ પંડિતજી પાસે તેની પ્રસ્તાવના લખાવવા ગયા. આ તેમના પહેલો પરિચય. આમાંથી વિકસેલો એ પરિચય આજે પિતા—પુત્રના સંબંધ જેવો બની રહ્યો છે. સમાજનું કંઈક કામ નિષ્ઠાથી અને કુશળતાથી કરવું એમાં ધર્મ સમાયેલો છે એવી પંડિતજીની ફિલસૂફી શ્રી ડગલીએ જીવનમાં માર્ગદર્શક સમી માની છે. પોતાની આ ફિલસૂફીને કારણે જ પંડિતજીએ શ્રી. ડગલીને લોકસભા માટે ચૂંટણીમાં ઊભા રહેવાનો આદેશ આપ્યો છે.

શ્રી ડગલી બર્કલીમાં અભ્યાસ કરતા હતા ત્યારે અમેરિકાની યુનિવર્સિટીઓ સમાજશિક્ષણ માટે જે પુસ્તિકાઓ પ્રગટ કરતી હતી તે જોઈને ગુજરાતીમાં પણ આવું કામ કરવાનો તેમના મનમાં વિચાર ઉદ્‌ભવ્યો. ૧૯૫૯માં તેમણે પરિચય ટ્રસ્ટની સ્થાપના કરી અને અનેક વિષયોનું જ્ઞાન આપતી પુસ્તિકાઓ ગુજરાતીમાં પ્રગટ કરવાનું શરૂ કર્યું. આજે આઠ વર્ષથી શ્રી ડગલીના સંપાદન નીચે આ પ્રવૃત્તિ ચાલી રહી છે અને અત્યાર સુધીમાં તેમણે ૧૯૦ જેટલી પુસ્તિકાઓ પ્રગટ કરી છે. ટ્રસ્ટની સ્થાપનાથી જ પંડિત સુખલાલજી તેના પ્રમુખ છે અને શ્રી ડગલી તેના મૅનેજિંગ ટ્રસ્ટી છે. પરિચય ટ્રસ્ટે શરૂ કરેલી આ લોકશિક્ષણની પ્રવૃત્તિ ગુજરાતમાં જ નહિ પણ ભારતની બીજી ભાષાઓમાં પણ સાવ નવી અને અત્યંત ઉપયોગી હતી તેથી વિદ્વાનો, કેળવણીકારો, પત્રકારો અને સમાજસેવકોનું ધ્યાન એની પ્રત્યે તરત ખેંચાયું. ગુજરાતમાં પહેલી જ વાર વ્યવસ્થિત રીતે આવું કામ કરનાર આ સંસ્થાને અદ્વિતીય પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ.

શ્રી. ડગલી સ્વ. નાનાભાઈ ભટ્ટે આંબલામાં સ્થાપેલી પાયાની કેળવણીની સંસ્થા ગ્રામ દક્ષિણામૂર્તિના ટ્રસ્ટી છે. આ ઉપરાંત શ્રી. ઢેબરભાઈના પ્રમુખપદે સ્થપાયેલા શ્રી વૈકુંઠભાઈ મહેતા સ્મારક ટ્રસ્ટના તેઓ ટ્રસ્ટી અને મંત્રી છે.

આયોજન અંગેના વિશિષ્ટ જ્ઞાનને લીધે શ્રી ડગલીને ગુજરાતના એ વખતના મુખ્ય પ્રધાન સ્વ. શ્રી બળવંતરાય મહેતાએ ગુજરાત રાજ્યના આયોજન સલાહકાર મંડળના સભ્ય તરીકે જોડાવાનું આમંત્રણ આપ્યું હતું અને ત્યારથી તેઓ તેના સભ્ય છે.

શ્રી ડગલીના લખાણમાં વિચારની મૌલિકતા અને શૈલીની આકર્ષકતા બન્ને હોવાથી તેમનાં લખાણો ઉચ્ચ વર્ગોમાં આદર પામ્યાં છે અને સાર્વત્રિક લોકપ્રિયતા પણ પામ્યાં છે. અંગ્રેજી દૈનિક 'ઈન્ડિયન એકસપ્રેસ'માં તંત્રીલેખો લખવા ઉપરાંત તેઓ દર અઠવાડિયે 'ઈકોનૉમિક કલાઈમેટ' નામની આર્થિક બાબતો અંગેની કટાર લખતા હતા. 'ઈન્ડિયન એકસપ્રેસ'ની પાંચ શહેરોમાંથી પ્રગટ થતી આવૃત્તિઓમાં આ કટાર પ્રસિદ્ધ થતી હતી. એ જેટલી લોકપ્રિય બનેલી તેટલી જ આર્થિક નીતિના ઘડવૈયાઓ માટે વિચારપ્રેરક બનેલી.

આર્થિક બાબતો પરના શ્રી ડગલીના લેખોથી પ્રભાવિત થઈ બૅન્કરોની સંસ્થાના ત્રૈમાસિક 'ધ જર્નલ ઑફ ધિ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ બૅન્કર્સ'ના તંત્રી થવાનું તેમને આમંત્રણ આપવામાં આવ્યું. પાંચ વરસથી તેઓ તેના તંત્રી છે.

વ્યવસાયને કારણે અર્થતંત્રની પ્રક્રિયાને અંદરથી જોવાની તેમને તક મળી છે. તેમના અભ્યાસ, તાલીમ અને અનુભવને લીધે તેઓ લોકસભાના નિર્ણયોમાં સંગીન ફાળો આપવાની સજ્જનતા ધરાવે છે. વળી સાધારણ કુટુંબમાંથી આવ્યા છે એટલે સામાન્ય લોકોનાં સુખદુઃખ પણ સમજે છે. જાહેર કામ માટેના ઉત્સાહ અને ધગશને લીધે તેઓ ઉમેદવારી કરવા પ્રેરાયા છે. આજે જ્યારે દેશની રાજકીય અને આર્થિક નીતિના ઘડતરમાં નવા વિચારોની અને મક્કમ અમલની જરૂર છે ત્યારે શ્રી ડગલી જેવા યુવાન અને મૌલિક વિચારશકિતવાળા વધુ ને વધુ સભ્યો લોકસભામાં જાય એ દેશના હિતમાં છે.

મહાપ્રસ્થાનના પથ પર—૧૮

બદરીનાથને ગામડા કરતાં નાનું શહેર કહેવું એ વધારે યોગ્ય છે. પથ્થરનો બાંધેલો લગભગ બસો ગજ એક જ લાંબો રસ્તો છે. ને એ રસ્તા પર બન્ને બાજુએ દુકાનોની હાર છે. કપડાં, મરી-મસાલા, ઘઉં, ચોખા, કોડી, રંગરંગના પથ્થરો, માળાઓ, પુરી-કચોરી એમ અનેક જાતની દુકાનો છે. એક ઠેકાણે, ચિત્રો ને પુસ્તકોની દુકાન જોઈને મને આશ્ચર્ય થયું. એમાં પુસ્તકો પણ નાટક— નવલ-કથાનાં નહિ પણ ધાર્મિક હતાં. એના કરતાં પણ મને વધુ આશ્ચર્ય થયું બે ચા અને પાનની દુકાન જોઈને. મેં અત્યંત આનંદિત મને ચા પીધી.

ઠંડા પવનને લીધે શરીર પર કામળો વીંટીને, માબાપ વગરના બાળકોની જેમ હું ભટકતો હતો. સાંજ પડવાને થોડી વાર હતી. રસ્તાની દક્ષિણ બાજુએ શિલાજિત અને ચામરની દુકાન જોતો જોતો હું જતો હતો. આ બન્ને વસ્તુ અત્યંત દુષ્પ્રાપ્ય હોય છે. શિલા જિત પહાડમાં જ થાય છે. કોઈ ખાસ પર્વતના કોઈ અલક્ષ્ય શિખર પર, મધની જેમ એક જગ્યાએ કુદરતી રીતે જ શિલાજિત ભેગું થાય છે. એકવાર માણસે આ વસ્તુને જીભ પર મૂકીને જોયું તો એને લાગ્યું કે એનો સ્વાદ સારો છે. ચાખતાં ચાખતાં એ એને ગળી ગયો. એને ખબર પડી કે એ શરીરને માટે પુષ્ટિકારક છે, ને શક્તિવર્ધક છે, એક પ્રકારનું વીટામીન છે. એ પ્રકારે પહાડે પહાડે, હિમાલયનું ધામ શોષણ કરીને, ભારે દામથી લોકો વેચવા લાગ્યા. એક સારા શિલાજિતની પડીકીનું દામ આઠ આના. હવે ચામરની વાત. હિમાલયના બરફવિસ્તારમાં એક પ્રકારની 'સુરા' ગાય દૃષ્ટિએ પડે છે. એને કેટલાક ચમરી ગાય કહે છે. કઠણ બરફમાં એ ગાયો ભમે છે, એ ગાયનું શરીર બરફના જેવું સફેદ હોય છે, ને એની પૂછડી અંત્યત સુંદર હોય છે. એ લોકો એ ગાયની પૂંછડી કાપે છે. હિંદુના છોકરાઓએ પૂછડું કાપીને એક હાથા સાથે એનું પૂંછડું બાંધી ઘરમાં રાખેલા પશુપતિને પંખો નાંખવાનું શરૂ કર્યું.

એક મોટી દુકાનમાં જઈને ચમરી અને શિલાજિત જોયાં. ગોપાલદા પાસે જ હતા. આ બન્ને વસ્તુનો એમને ઘણો મોહ હતો. ભાવતાલ કરવા એણે મને જ આગળ ધર્યો. મેં ગાંડાની જેમ ઉર્દૂ—હિન્દી મિશ્રિત ભાષામાં એની જોડે વાત કરવાનું શરૂ કર્યું. દુકાનમાં ઘણી ભીડ હતી. લોકોની ભીડને લીધે દુકાનદાર અકળાઈ ગયો હતો. એની બધી વસ્તુઓ આમ તેમ ઉથલાવી એક મનગમતી નાની ચમરી મેં શોધી કાઢી.

હાથ લંબાવીને મેં ચમરીને પકડી ત્યાં બીજી તરફથી બીજો એક હાથ એની પર પડ્યો, ને એણે ચમરીને જોરથી પકડી. જે હિંદુસ્તાની સ્ત્રી અત્યાર સુધી આખી દુકાનને પોતાની વાતચીતથી, હાસ્યથી, વિચારોથી અને ભાવતાલની કચાકચથી એની વિજળી જેવી ઝડપથી આકર્ષી રહી હતી, તેની જ આ પકડ હતી. હું સાધારણ રીતે કોઈને પણ એ સ્ત્રી હોવાથી ઝાઝી સગવડ આપતો નથી. મેં ચમરી એના હાથમાંથી ખેંચી લીધી.

"આ તો મને બહુ ગમે છે. મને આપો." એ બંગાળીમાં બોલી ત્યારે મને સમજાયું, કે આ તો બંગાળી સ્ત્રી છે. મેં ચમરી ઉપરથી હાથ ઉઠાવી લીધો. એની સરસ હિન્દી ભાષા સાંભળી મને આશ્ચર્ય થયું. એ પશ્ચિમ તરફની સ્ત્રી હોય એમ લાગતું હતું.

એ સ્ત્રીએ હસતાં હસતાં કહ્યું, "અરે દિદિમા ક્યાં ગયાં? ને અમારા ચૌધરીસાહેબ? અરે ભગવાન એ બધાં પેલી તરફની દુકાને ખરીદીમાં રોકાયા લાગે છે. તમને આ ચમરી કેવી લાગી?"

મેં કહ્યું, 'વસ્તુ તો સારી છે. નાની સરખી છે. પૈસા પણ થોડા છે. ફક્ત દશ આના."

એણે કહ્યું: "જો મનગમતી વસ્તુ હોય તો વધારે પૈસા પણ આપીએ. ઠીક તો, આ ચમરી મેં લીધી, ખોટું ન લગાડતા. મારા ઘરમાં નારાયણ છે તેને માટે." આમ કહીને પછી તે પાછી દુકાન-દારની જોડે શિલાજીતના ભાવતાલ કરવા લાગી.

મેં મારી હિન્દીને વાળી લીધી, આ બાઈની જોડે મારી હિન્દી હાંસીપાત્ર બનશે એ વિચારે. કહેવા કાંઈ માગતો હોઉં ને બોલી કાંઈ બેસું, પછી શા માટે બોલવું?

એણે મને પગથી માથા સુધી ધારી ધારીને જોયો ને પૂછ્યું. "તમે અહીં શું કરવા આવ્યા છો?"

"તીર્થ કરવા આવ્યો છું વળી, બધા જે માટે આવે છે તે માટે."

"તીર્થ કરવા!?" એણે હોઠ ચઢાવીને એવી અવજ્ઞાભરી રીતે મારી સામે હસીને બોલી, કે હું છોભીલો પડી ગયો. જાણે એક જ ક્ષણમાં મારી છવ્વીશ દિનની બધી યાત્રા ફોગટ ગઈ હોય એમ લાગ્યું. એણે કહ્યું, "આ કંઈ તમારી યાત્રા કરવાની ઉંમર છે? હે ભગવાન, તમારો બધો વેષ તો અડધા સંન્યાસી જેવો છે."

એના શબ્દો જાણે એ મારો તિરસ્કાર કરતી હોય એવા લાગ્યા. જરા સંકોચાઈને હું ગોપાલદાની પાસે એની સોડમાં બેઠો હોઉં તેમ બેસી ગયો. એની તેજસ્વી આંખો સામે એક ક્ષણમાં મને ક્ષોભનો અનુભવ થયો. જોતજોતામાં દિદિમા ને ચૌધરીસાહેબ આવી પહોંચ્યા. સહજ રીતે અમે વાતોએ વળગ્યા. જોઈતી ચીજવસ્તુ ખરીદીને અમે બહાર આવ્યાં. ઘંડાં સૂર્યપ્રસાદ અમારી જોડે હતા. સ્વર્ગદ્વાર વિષે વાતો ચાલી. સ્વર્ગદ્વારા જઈએ તો બરફની અંદર બે દિવસ સુધી ચાલવું પડે. માણસને માટે અગમ્ય એવો રસ્તો. સ્વર્ગદ્વારનો રસ્તો જઈને 'શતપથ'ને મળે છે. આ રસ્તાના આરંભમાં જ પાંડવપત્ની દ્રૌપદી બરફમાં ઓગળી ગઈ હતી. મહાપુરુષ યા તો હઠીલા સંન્યાસી સિવાય સાધારણ માણસ ત્યાં પહોંચી જ શકે નહિ. અહીંથી છએક માઈલ બરફનો રસ્તો વટાવીએ તો વસુધારાનું દશ્ય નજરે પડે છે. વસુધારા એ બરફનો ધોધ છે. બરફના ઊંચા શિખર પરથી એક પવનથી હડસેલાતી જલધારા અસંખ્ય બિન્દુરૂપે ચોમેર વિખરાઈને પડે છે. અનેક નીચે જતા ફુવારાની જેમ. એનું જ નામ વસુધારા. રસ્તે ઊભા ઊભા અમે વાતો કરતા હતા, એવામાં જેની સાથે પહેલાં હરદ્વારમાં મુલાકાત થઈ હતી, તે જ્ઞાનાનંદ સ્વામી ત્યાં આવી પહોંચ્યા. એમણે પણ અમારી વાતચીતમાં ભાગ લીધો. અહીંથી વળતાં જોશીમઠથી કૈલાસયાત્રાની એક વાસના મારા મનમાં રહી ગઈ હતી. એથી કૈલાસની વાતો ચાલી. બધી વાતમાં, બધી આલોચનામાં ને દલીલોમાં, બધી સમશ્યાઓમાં પેલી ભદ્ર મહિલા મુકત રીતે પોતાનો મત વ્યકત કરતી હતી. તે દિદિમાની ભત્રીજી થતી હતી. એની રુચી ઉચ્ચ પ્રકારની હતી. એની વાતમાં બુદ્ધિના ચમકારા હતા. એના વ્યવહારમાં ક્યાંય સંકોચ દેખાતો નહોતો. એણે સહેજમાં બધાને પાછળ પાડીને પોતાના વ્યકિતસ્વાતંત્ર્યને અમારી સમક્ષ પ્રતિષ્ઠિત કરી દીધું. ચૌધરીસાહેબે કહ્યું કે, એઓ સરેરાશ રોજના દશ માઈલથી વધારે ચાલી શકે નહિ, એમને તો થોડું થોડું ચાલવાથી જ ઠીક રહેતું. આજે ત્રણ દિવસ થયા તેઓ અહીં આવ્યા હતા. ને કાલે સવારે દુર્ગાનું નામ લઈને પોતાના દેશનો રસ્તો પકડશે.

મેં કહ્યું "અમે તો રોજ બાર ચૌદ માઈલ ચાલીએ છીએ."

પેલી મહિલાએ કહ્યું, "જો એમ હોય તો, તમે રસ્તે અમને પકડી પાડશો. ચાલો દિદિમા, તમારા માટે કાંઈ ખરીદી કરીને આપણે ઉતારે જઈએ. ચૌધરીસાહેબ ઠંડીથી હેરાન થાય છે. અમારા ચૌધરી-સાહેબ કેવા માણસ છે તે જાણો છો? શાંત, મીઠાં, ભલાભોળા, રોગી ને ખખડી ગયેલા માણસ, પૂજાબૂજા કરીને ગાડું નિભાવે છે. થોડા શિષ્ય ને સેવકો પણ છે, બીજું શું કહું ચૌધરીસાહેબ?"

ચૌધરીસાહેબ સ્નેહભર્યું. હસીને બોલ્યા, "આમ જ તારી

શોખીન દિદિની વાત પણ કહેતા રહેજે, હું જીવતો ન હોઉં ત્યારે....”

બધા હસી પડયા. મેં કહ્યું, “પણ ગમે તે કહો, એક વાતની તમારી અદેખાઈ આવે છે. તે આપનાં વસ્ત્રોની સફાઈ જોઈને.”

પેલી મહિલા એક વાર ઝડપથી બધા પર નજર ફેરવી, ને પછી બોલી, “હું કાંઈ થોડી વૈરાગી થવા આવી છું? બધો સાજ સરંજામ લઈને તો આવી છું.”

એની વાત સામાન્ય નહોતી. એ તો ચાબુકનો ફટકો હતો. એનાં પગમાં મોજાં હતાં, સફેદ જોડા હતા, શરીર પર પશમીનાની સરસ ચાદર ઓઢી હતી, એ ઐશ્વર્યમાં જ ઉછરી હતી. એની વાતચીત ઉપરથી એક ઉચ્ચ કુટુંબમાંથી એ આવી છે એમ સહેજે માલુમ પડે.

ગોપાલદાને લઈને હું ચાલ્યો જતો હતો ત્યાં તેણે પાસેથી એક ન ધારેલું એવું વાકય ઉચ્ચાર્યું. “તમે બધા તીર્થ કરવા આવ્યા છો, હું તો ફરવા માટે આવી છું.”

મેં ઝડપથી પગલાં આગળ માંડતાં કહ્યું, “હાસ્તો, ફરવાનું મન થાય એવો જ આ પ્રદેશ છે ને? ચાલો ગોપાલદા. બીજો એક ખ્યાલો ચા પીએ.”

ચા પીને ગરમ પૂરી લઈને ઠંડા પવનથી ધ્રૂજતા ધ્રૂજતા પાછા ઉતારે આવ્યા. તે વખતે પ્રત્યેક પહાડ પર અંધકાર ઉતરતો હતો. ને સાથે સાથે બરફ પરથી આવતો પવન પણ વાતો હતો. અંદર આગ જલતી હતી. એની ચારે બાજુએ ડોશીનું દલ તદન હલકી વાતોમાં મશગુલ હતું. જે ઉચ્ચ પ્રકારની રુચિ અને વાતનો સૂર થોડા વખત પહેલાં રસ્તા પર ઊભા રહીને મેં મારા મનમાં સીંચ્યો હતો, તેની આ વાતોની જોડે સરખામણી કરતાં મારું મન એકાએક તિરસ્કારથી ભરાઈ ગયું. હું જાણું છું કે, આ મારો અન્યાયભરેલો પક્ષપાત છે, પણ એ શું નિતાન્ત અસ્વાભાવિક છે? મનમાં થયું કે આ કુત્સિત, હલકી રુચિવાળો ખરાબ સંગ છોડીને કયાંક નાસી જાઉં. એમનો બોજો હું હવે ધારણ કરી શકતો નહોતો.

હું કોઈ દલની જોડે જોડાતો નથી. પણ દલની વિભિન્નતા તરફ મારું મન તો આકર્ષાય છે. વિભિન્નતા પ્રત્યેનું માનવીનું આકર્ષણ સ્વાભાવિક છે. એને વિભિન્નતામાંથી જ આંતરિક આનંદ પ્રાપ્ત થાય છે. પ્રતિક્ષણે એ નૂતનતર જીવન માટે ઝંખે છે, અભિનવ ચરિત્ર ચાહે છે, ને વિસ્મયકર પ્રસંગના આઘાત–પ્રતિઘાત એને જોઈએ છે. કલાકારનું મન એવું જ હોય છે. એ કયાંય પણ બંધનનો સ્વીકાર કરતો નથી. સ્નેહનું નહિ, પ્રેમનું નહિ, તેમ જ અવસ્થાનું પણ નહિ. એ બધાંનો જ સ્પર્શ કરે છે અને બધાને અતિક્રમીને ચાલે છે. સામાજિક વિધિનિષેધ, નીતિ અને ધર્મની બાધા અને વિપત્તિ, મનુષ્યત્વનો માપદંડ–એ બધું એને માટે નથી. કલાકાર એક વિચિત્ર જગતમાં રહે છે, માનવસમાજમાં તો એ અમર્ત્ય દેવદૂત છે.

જોતજોતામાં તો ડોશીના દલની વાતો બંધ થઈ ગઈ. એકએક કરતાં બધાં સૂઈ ગયાં હતાં. ઓરડાના ખૂણામાં ફાનસની વાટ ધીરી કરી નાંખી હતી. એક તરફ લાકડાંની આગ સળગતી હતી. અંદર તો સારી પેઠે ગરમી પેદા થઈ ચૂકી હતી. પાસે જ ગોપાલદા કામળાની અંદર ક્યાં ખોવાઈ ગયા હતા તેનો કાંઈ પત્તો નહોતો. તેમની ધારણા એવી હતી કે આ બંધ ઓરડાની અંદર પણ કામળામાંથી મોઢું બહાર કાઢે તો પોતાને ડબલ ન્યુમોનિયા થઈ જાય. અમારી આંખો પણ ઘેરાવા લાગી હતી.

બહાર ધોંધાટ મચી રહેલો કાને પડયો અને એ સાથે સમજી ગયો કે આ કોલાહલ બંગાળીઓની એક મંડળીનો હતો.

“કોણ છો ભાઈ, જરા પ્રકાશ તો દેખાડો! રસ્તો માલુમ નથી બેટા, જરા દયા લાવીને રોશની પ્રગટાવો! ભારે અંધકાર છે.”

“કોઈ દિશામાં કશું પણ સુઝતું નથી. એ સીઢીઓ કયાં ગઈ?”

“દિદિમા એક તો છે ઘોર અંધારી રાત! આ બાજુ એ બાજુ બબુચકની માફક દિદિમા ન ચાલો, હમણાં પડશો. ખૂબ સંભાળી સંભાળીને ચાલજો. આપણે બધાં હારાધન બાબુના દશ છોકરાં સાથે તો છીએ ને? કોઈ ખોવાઈ તો નથી ગયું ને?”

“કાણી તો હતી અને આ વખતે પ્રકાશ વિના હું આંધળી થઈ ગઈ છું. અરે ભલા માણસો, બોલો તો ખરા? કોઈ છે કે નહિ? બત્તી લઈને બહાર તો આવો! અમે તો હવે આ અંધારામાં આગળ ચાલી શકીએ તેમ છીએ જ નહિ.” કામળો છોડીને ઉઠયો અને રોશની વધારે પેટાવીને લાલટેન હાથમાં લઈને બહાર આવ્યો. “ઓહો, આવો બાબા, આવો, નાની ઉમર છે, પણ કેટલા ગુણવાન છો?” મને જોઈને તેણે કહ્યું.

“આ બાજુ જરા દીવો ધરો, ઠીક છે. થેંકયુ.”

“અરે બાબા, તમે ઊઠીને આવ્યા છો, અરે જીવતા રહો!”

“લાગે છે કે હવે દિદિમાએ તેમને ઓળખી કાઢયા છે! ખૂબ સાવધાનીપૂર્વક, ચૌધરી મહાશય ચાલજો, સીઢીમાં ઠોકર ન ખાતા. એ બાજુ કદાચ વિજ્યા દિદિ વગેરે ચિન્તા કરતી હશે. આપણે કાંક ખોવાઈ ગયા છીએ. સાચું છે, બાપુ, ચોપડીઓ ખરીદવામાં આપણે ખૂબ જ મોડું કર્યું.”

એકે કહ્યું, “અરે બાબા, તમારું કૈલાસ જવાનું નિશ્ચિત છે ને?”

દિદિમા સીઢીઓ ઉપર ચઢી રહી હતી. ફાનસ ઊંચું કરીને હું બોલ્યો, “અત્યારે ચોક્કસ કહી શકતો નથી. એ તો એક ખ્યાલ છે.”

બધાને છેડે પેલી ભદ્ર મહિલા–દિદિમાની ભત્રીજી–લાઠી લઈને ઊભી થઈ, મોઢું ફેરવીને થોડું ગળું નમાવીને બોલી “ખ્યાલ નહિ, બદખ્યાલ છે! કૈલાસ જઈને શું કરવું છે? દેશનો યુવાન પોતાના દેશમાં ચાલ્યો જાય.”

કેટલેક દૂર જઈને ફરીથી બોલી “હવે અમારો મુકામ ધ્યાનમાં આવી ગયો. આપ જઈ શકો છો. અરે, કેટલી બધી ઠંડી છે, બાબા રે બાબા.”

અંદર આવીને દરવાજો બંધ કરીને કામળાની અંદર હું લપાઈ ગયો. ગોપાળદા ધીમેથી બોલ્યા “માલુમ પડે છે કે પેલી વાચાળ છોકરીવાળો પરિવાર છે. તે છોકરીને ચેન જ પડતું નથી; બેઠી બેઠી પગ નચાવતી હોય છે ... જુવાનીનું લોહી એવું જ હોય છે.”

થોડી વાર શાંત રહીને પછી હું બોલ્યો “કાલે હું જાઉં છું, ગોપાળદા.”

ગોપાલદાએ એકદમ મારો હાથ પકડયો ને કહ્યું. “આવા શરીરે? ત્રણ રાત તો અહીં રહેવું જોઈએ ભાઈ!”

મનમાં કોણ જાણે કયાંથી એક પ્રકારનો રોષ અને અભિમાન ધીરે ધીરે ઉપસી આવ્યાં. મેં કહ્યું,“ હું અહીંથી કૈલાસ તરફ જ જઈશ. તમે દેશમાં જઈને મારે ઘેર ખબર આપજો. તમને સરનામું આપીશ.”

“ઊભા રહો. થોડી તમાકુ ખાવા દો” એમ કહીને ગોપાલદા ઊઠીને બેઠા થયા.

રાત્રે જે વાવાઝોડું થયું, તેનું બીજે દિવસે સવારે ઊઠીને જોઉં છું તો કશું જ ચિહ્ન નહોતું. બધું શાંત થઈ ગયું હતું. આકાશ સ્વચ્છ હતું. દરેક દિશા સ્વચ્છ નીલપ્રકાશથી ઝળહળતી હતી. યાત્રીઓ આજે પોતપોતાના દેશ વિષે વિચાર કરતા હતા, ને આત્મીય સ્વજનોના કુશળની ચિંતામાં પડયા હતા. ગાઢી નિદ્રામાંથી આજે સૌ જાગી ઊઠયા હતા. હવે સૌ કોઈ ઠીક લાગે તે એકકું કરવાની ચિંતામાં પડયા હતા. કોઈએ તીર્થનું “ “સુફળ” લીધું, કોઈએ ભગવાનનો પ્રસાદ લીધો, તો કોઈએ છબી ને ચોપડીઓ લીધી. ઘણાએ રસ્તામાંથી કાચી ભાંગના છોડને ઉખેડીને તડકામાં સૂકવવા નાંખ્યા હતા. જેમને ધીરજ નહોતી, તેઓ કાગળ લખવા બેસી ગયા હતા. અહીંની પોસ્ટઑફિસની છાપ લગડાવીને કાગળ મોકલવા ઈચ્છતા હતા. આજે હવે કોઈ ઉતાવળ નહોતી, બધા આરામ લેતા હતા. કોઈ વાતો કરતા તો કોઈ ગાળાગાળી પણ કરતા હતા. કોઈ ઔષધિ ભેગી કરતા હતા, કોઈ કંડીની શોધમાં હતા. તેમનામાં હવે ચાલીને પાછા જવાની શકિત નહોતી. વચ્ચે વચ્ચે સૂર્યપ્રસાદ ને રામપ્રસાદ મધુર વાર્તાલાપથી ને મીઠાશભર્યા વ્યવહારથી યાત્રાને ચિરસ્મરણીય બનાવતા હતા. એમના જેવા હૃદયવાન ને સંસ્કારી પંડાઓ ભારતવર્ષના કોઈ પણ તીર્થમાં ભાગ્યે જ મળે.

અનુવાદક : મૂળ બંગાળી :

ડૉ, ચન્દ્રકાન્ત મહેતા શ્રી પ્રબોધકુમાર સન્યાલ

જીવનમાર્ગની યાત્રામાં નૂતન વર્ષના વિસામે થોડું ચિન્તન

[ગઈ દિવાળીના ટાણે વિ. સં. ૨૦૨૩ ના પ્રારંભના સંદર્ભમાં શ્રી બી. પી. ત્રિપાઠી તથા શ્રી ડી. ડી. ત્રિવેદી–સંપાદિત 'વ્યકિત અને વિચાર' એ મથાળા નીચે તા. ૧૧-૧૧-૬૬ ના ગુજરાત સમાચારમાં પ્રગટ થયેલ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી સાથેનો વાર્તાલાપ ઈ. સ. ૧૯૬૭ નું નવું વર્ષ શરૂ થવાના પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ કરતાં એક પ્રકારનું સામયિક ઔચિત્ય અનુભવાય છે. એક બીજા કારણસર પણ પ્રસ્તુત સામયિક ઔચિત્ય સવિશેષ નોંધપાત્ર બને છે. જણાવતાં આનંદ થાય છે કે તરતમાં જ વિદાય થયેલા ડિસેમ્બર માસની આઠમી તારીખે પંડિતજીએ ૮૬ વર્ષ પૂરાં કરીને ૮૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેમના સંબંધમાં લખતાં પંડિતજીને અત્યન્ત સમીપસ્થ એવા શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ અન્યત્ર જણાવે છે તે મુજબ "શરીર ઉપર વાર્ધક્યની અસર દેખાય એ સ્વાભાવિક છે; પણ પંડિતજીની સ્વસ્થતા, પ્રસન્નતા, સત્યની જિજ્ઞાસા, સાત્વિકતા અને અદીનતામાં કયાંય ખામી આવી નથી. એમની સાથે વાત કરીએ તો તરત જ એમના ચિત્તની જાગૃતિના ચમકારાનાં દર્શન થયા વિના નહીં રહેવાનાં."

એ જ નોંધમાં તેઓ વિશેષમાં જણાવે છે કે "પંડિતજી ધર્મ અને તત્ત્વજ્ઞાનના પારગામી વિદ્વાન હોવા છતાં વિદ્યાની બધી શાખા-ઓમાં એમને જીવંત રસ છે, અને અત્યારે ૮૬ વર્ષની ઉંમરે પણ નવું નવું જાણવાની એમની જિજ્ઞાસા અને તાલાવેલી એટલી જ તીવ્ર છે અને આમ થવાની પાછળ સત્યના કોઈપણ અંશને જાણવાની એમની ઉત્કટ આકાંક્ષા કામ કરતી હોય છે. અલબત્ત, ઉંમરના લીધે આ આકાં-ક્ષાને પૂરી કરવાની પ્રવૃત્તિમાં જરૂર કેટલીક મર્યાદાઓ એમને સ્વીકારવી પડી છે. જેમ વિદ્યાની દરેક શાખા - પ્રશાખાઓમાં તેમ જીવનને અને માનવકલ્યાણને સ્પર્શતી ધાર્મિક, સામાજિક કે રાષ્ટ્રીય દરેક પ્રવૃત્તિમાં પણ તેઓ એટલો જ જીવંત રસ ધરાવે છે. આવી બધી પ્રવૃત્તિઓમાં તેઓ પોતે, યૌવનનાં ઉંબરે જ આંખોનાં તેજ ઓઝલ થઈ જવાને કારણે, સક્રિય ભાગ નથી લઈ શકતા એનું તેઓને દુઃખ છે; પણ આવા પ્રશ્નોમાં એમની વિચારધારા બિલકુલ સ્પષ્ટ છે અને એ બધાના કેન્દ્રમાં એક જ વિચાર રહેલો છે કે માનવ–માનવ વચ્ચે ઊંચા–હલકાપણાને કે સ્ત્રી–પુરુષ વચ્ચે હલકા–મોટા-પણાનો પ્રગતિરોધી ભેદ એમને હરગીજ મંજૂર નથી. તેઓની મનોવૃત્તિ અને પ્રવૃત્તિ હમેશાં પ્રગતિની પોષક જ હોય છે."

આવી વિરલ વિભૂતિને આપણા અંતરનાં નમન હો! તેઓ સ્વાસ્થ્યપુર્વક શતાયુ પૂરું કરે એવી આપણા દિલની પ્રાર્થના હો!

પરમાનંદ]

દિવાળી કે નૂતનવર્ષને દિવસે સૂર્ય કંઈ નવો ઉગતો નથી, એ તો એનો એ જ ઉગે છે પેલો જૂનો ને જાણીતો!

ને તોય આપણે દિવાળી ઉજવીએ છીએ, નૂતનવર્ષારંભ ઉજવીએ છીએ.

ઉજવીએ છીએ, આપણી સગવડ માટે, આપણા આધાર માટે, જીવનમાર્ગની યાત્રામાં આપણને વિસામાનું સ્થાન જોઈએ છે એ માટે.

યાત્રા ચાલુ છે. ધીરે ધીરે પર્વતની કેડીઓ પર પગલાં મંડાતા જાય છે. આગળ ને આગળ જતા જઈએ છીએ. થાક ખાવા ઘડી-ભર બેસીએ છીએ. પાછા આગળ વધીએ છીએ. કયારેક વૃક્ષોની વનરાજીમાં ભૂલા પડી જઈએ છીએ. કયાંકથી આવતા સૂર્યના પ્રકા-શને સહારે બહાર આવવા મથીએ છીએ. કયારેક આગળ જતા લાગીએ છીએ. કયારેક દિશા ભૂલાઈ જાય છે ને મુંઝાઈ જઈએ છીએ, "આપણે આગળ જઈ રહ્યાં છીએ, ઉપર જઈ રહ્યા છીએ કે નીચે સરકી રહ્યા છીએ?" ને કોઈ ખીણ આવે છે, સૂર્ય તો દેખાતો નથી, પણ આકાશનોય એક નાનકડો ટુકડો જ માથે દેખાય છે ... ડુંગરોની દીવાલો દેખાય છે, શિખરો અદશ્ય છે.

વ્યકિતની જીવનયાત્ર સાન્ત છે, માનવ સમાજની અનંત છે કે કોણ જાણે કયાં બળો આપણને પાછળથી ધકેલી રહ્યાં છે, આગળ ખેંચી રહ્યા છે, આપણે ચાલીએ છીએ, ને થાકીએ છીએ ....

દિવાળી - નૂતનવર્ષ બે વિસામા છે એ યાત્રામાં.

વિસામે બેસી બે ઘડી કાપેલા માર્ગ પર નજર નાખી લેવાનું સૂઝે, આઘેના પેલા શિખરને નજરથી માપી લેવાનું સૂઝે, આમતેમ જોઈને "દિશા તો સરખી જ છે ને?" એ પૂછી લેવાનું સૂઝે તો વિસામાનું સાર્થકય એટલું વિશિષ્ટ–જેમ વ્યકિત માટે તેમ સમાજ માટે.

* * *

એ દૃષ્ટિનિપાતની તક મેળવવા જ્ઞાનક્ષેત્રે ગુજરાતના ભિષ્મ પિતા-મહ સમા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી પાસે જઈ કંઈ પ્રાપ્ત કરવું અમને સ્વાભાવિક લાગ્યું.

ખૂબ નમ્રતા અને સંકોચ સાથે–અને નમ્રતા સચ્ચાઈપૂર્વકની હોય છે ત્યારે કેવી શોભી ઉઠે છે?–અમને પંડિતજીએ કહ્યું "શું છે એ તો આજે આપણે સૌ જાણીએ છીએ, શું સિદ્ધ કરવું જોઈએ એનાથી ય અનભિજ્ઞ નથી આપણે! આપણાં વેદપુરાણો અને બૌદ્ધ ગ્રંથો અને જૈન ગ્રંથોએ–દૈવી ને આસુરી સંપત્તિની યાદી આપતી ગીતાએ સુદ્ધાં–મનુષ્યે કયા ગુણો સિદ્ધ કરવા જોઈએ તે તો કહ્યું છે. પણ મારૂં મંથન આ છે; આ બધુ સમાજમાં આચરણમાં કેમ ઉતરતું નથી? એ બધું મોટે ભાગે ધર્મગ્રંથોમાં જ કેમ રહે છે?"

અને પછી એમણે ઉમેર્યું "આ વાતચીત - પ્રસિદ્ધિ અર્થે છે એમ તમે કહો છો, માટે પૂછું છું કે આ આપણી વાતચીતનો ય શો અર્થ? આદર્શોને દોહરાવ્યા કરવાથી શું વળવાનું? વર્તનમાં તો આપણા સમાજથી એ મૂકાતા નથી કે મૂકી શકાતા નથી, તો પછી અકારણ ઉપદેશધારા દોહરાવ્યા કરવાનો શો અર્થ? આજે જરૂર તો છે આચરણની. મારો ઉપદેશ શા ખપનો?"

એમની ઉપદેશકથા આરંભવાની તત્ત્વનિષ્ઠ આનાકાની સમજી શકાય એવી હતી. કોઈ પણ પ્રમાણિક માણસ માટે આજે આવો સંકોચ, આશાવાદી હોય તો પણ, સ્વાભાવિક છે.

અમે કહ્યું "આ તો સરવૈયું કાઢવાનું ને નવા સંકલ્પો કરવાનું પર્વ છે, એ ટાણે સમાજને થોડુંય દિશાસૂચન કરવું એ નિવૃત્ત છતાં ય અનિવાર્યપણે ચિંતનપ્રવૃત્ત જ્ઞાનશોધકોનો ધર્મ છે."

એમને અમે એમનો ધર્મ શિખવાડવા નીકળ્યા છીએ એ ખ્યાલથી કદાચ, કે પછી અમારા આશાવાદ પ્રત્યે, એમના શાંત મુખ પર સ્હેજ સ્મિત આવી ગયું.

"કહો, શું પૂછવું છે તમારે?"

"જેની વાત આપણે કરી તે જ સદ્‌વર્તન અંગેના જ્ઞાનની આપણા ભારતવર્ષમાં ખોટ નથી, તો ય આચરણના અભાવની આ ઉણપ શાથી?" અમે પૂછ્યું.

"સારા ગુણોની પૂજા કરવાનું આપણને ગમે છે, સદ્‌ગુણી વ્યકિત-ઓ આપણે ત્યાં છે ય ખરી, દરેક યુગમાં થઈ છે, એના પ્રત્યે સમાજ અહોભાવ પણ ધરાવે છે, પણ સમાજ પોતે, કોણ જાણે કેમ, ઊંચા ગુણોને જીવનમાં ઉતારવા પ્રયત્ન નથી કરતો. સ્વચ્છતા જેવા તરત જ નજરે ચઢે એવા ગુણથી માંડીને તે સમાજ પ્રત્યેના ધર્મ જેવી પાયાની વાતો સુધીમાં આપણો દેશ પછાત છે, આ અકર્મણ્યતાનું કારણ શું?"

અને પંડિતજીએ આ પરિસ્થિતિનું કારણ વિચારતાં આગળ કહ્યું. "આનાં કારણો તો ભૌગોલિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક અનેક હોવાના, એની સમગ્ર ચર્ચા અને છણાવટ તો ખૂબ સમય અને સારી એવી સુસંકલિત વિચારપ્રવૃત્તિ માંગી લે છે. પણ તાત્કાલિક સૂઝતી એક બે વાતો કહી શકાય ખરી. એક તો એ કે આપણે ત્યાં ત્યાગ-માર્ગની મહત્તા ખૂબ ગવાઈ છે, જે વ્યાજબી છે, પણ એ મહત્તા સમજાઈ છે ખોટા અર્થમાં. મનુષ્યની ઉન્નતિ માટે અધિભૂત અને

અધિદેવ એ ભૂમિકાઓ સિદ્ધ કર્યા પછી આધ્યાત્મિક ભૂમિકા પ્રાપ્ત કરવાની છે. એટલે કે વ્યવહાર - વ્યવસ્થા, તે પછી મનનો, વિવેક-શક્તિનો વિકાસ, અને તે પછી આત્માની ઉન્નતિ એવો ક્રમ હોવો ઘટે. આગલાં સોપાનો વિનાની આધ્યાત્મિકતા ખોટી! આપણે તો આ ત્રીજા સોપાનોની મહત્તા ગાવામાં આગલાં બે સોપાન ભૂલી જ ગયા. જે સંસાર ત્યાગે તે પૂજ્ય - પણ એ સંન્યાસીને પણ ખોરાક તો જોઈએ છેને? એ કોણ આપે છે? કર્મ કરનાર ગૃહસ્થી! એનો અર્થ એ કે સંન્યાસીના ત્યાગનો આધાર તો છે પાછું બીજા કો'કનું કર્મ. બીજો મહેનત કરે છે, ને સન્યાસીનો દેહ ટકે છે, ને તોય ગુણ તો ગવાય છે સંન્યાસીના જ. આ એક આદર્શ આપણા સમાજમાં આવી ગયો છે અને પરિણામે કાર્ય માત્ર પ્રત્યે આપણે કંઈક બેદરકારીથી જોતા થઈ ગયા છીએ. પ્રમાદ, આળસ એ આપણા સમાજનું મોટામાં મોટું લક્ષણ બની ગયું છે."

"જો કે ન પ્રમદિતવ્યમ્ તો કહેવાયું જ છે."

"એ તો છે જ, ત્યાગ અને ભોગ એ એક બીજાનાં પૂરક છે જ. ઈશાવાસ્યોપનિષદમાં "તેન ત્યક્તેન ભુંજીથા:" કહ્યું છે. નિષ્કામ ભાવે કર્મ કરવાની વાતમાંય કર્મ કરવા પર ભાર તો મૂકાયો છે જ. અને આ બધું છતાં આપણી પ્રજામાં પ્રતિષ્ઠા તો પ્રમાદની જ થઈ છે. પ્રમાદ ન કરવો એ કહેનાર ધાર્મિક આગેવાનોનો ઉપદેશ પ્રમાણિક હતો, પણ એમના પોતાના જીવનમાં સામાન્ય પ્રજાજનને નિષ્કર્મણ્યતા જ દેખાતી અને આ જોખમનો વિચાર ધાર્મિક આગેવાનોને ભાગ્યે જ આવ્યો છે. ધનિકો તો બીજા પાસે જ કામ કરાવે અને રાજાઓ કે રાજકીય આગેવાનો પણ મર્યાદિત અર્થમાં પોતાનો ધર્મ બજાવી બાકી તો બીજાના શ્રમ ઉપર જ જીવે. આમ બધે જ પ્રતિષ્ઠા થઈ પરાવલંબનની અને પ્રવૃત્તિન્યૂનતાની. પછી તો શું થયું? યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠ: તદ્ તદેવેતરો જના:

આજેય શું છે? આપણા સમાજનો કોઈ પણ વર્ગ લો! સૌ કામ કરવું પડે છે માટે કરે છે, પણ તે ન છૂટકે જ જાણે! મન વિના, જવાબદારીના ભાન વિના. પ્રાધ્યાપકોથી માંડીને તે અમલદારો સુધીના, અને કલાર્કથી માંડીને તે ખેડૂત સુધીના લોકો બને એટલું ઓછું કામ કરવું એ ખ્યાલ રાખીને જ કામ કરતા લાગે છે. આનું કારણ એ જ કે કામ ન કરવું એ શરમની વાત છે એવું આપણા સમાજમાં સાચા હૃદયથી મનાતું જ નથી."

"મૂળથી જ આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યમાં આ હોય એમ આપને લાગે છે?"

"પુરાણ કાળમાં તો આપણે ખૂબ સિદ્ધિઓ મેળવી છે. જ્ઞાન ક્ષેત્રે તો જાણે આપણે આશ્ચર્યજનક પ્રગતિ સાધેલી. બીજી બધી પ્રજાઓ છેક પછાત હતી તે જમાનામાં આજના પાશ્ચાત્ય શાસ્ત્રો-વિજ્ઞાનોનોય મૂળભૂત સિદ્ધાંત આપણા શાસ્ત્રોમાં મળી આવે છે."

"એ તો જ્ઞાનક્ષેત્રે આપણી સંસ્કૃતિની વાત થઈ, પણ કર્મક્ષેત્રે?

"કર્મક્ષેત્રેય ઘણું થયું છે, પણ મને લાગે છે કે વસતિ ઓછી હતી અને કુદરતી સમૃદ્ધિ ઘણી હતી, એટલે આપણને ઓછી પ્રવૃત્તિ કરવાનું ઠીક ઠીક પોસાતું. જ્યાં જીવનનિર્વાહનાં સાધનો સહેલાઈથી મળી આવે ત્યાં કર્મ પ્રત્યે બેદરકારી જન્મે એમાં નવાઈ શી? આજે હવે વસતિ વધી છે ત્યારે આપણે એક જુદા પ્રકારની તાણ અનુભવીએ છીએ અને આપણી પ્રમાદની ટેવોએ હવે આપણા માટે મુશ્કેલીઓ ઊભી કરવા માંડી છે. પણ તે વખતે આવી તાણનો કોઈ પ્રશ્ન નહોતો. આપણી કેટલીક પ્રથાઓ અને સામાજિક સંસ્થાઓ પણ આવા સંજોગોમાં જ વિકસેલી-દાખલા તરીકે સંયુકત કુટુંબ. ત્યાં પણ જવાબદારી બધી વડીલની, અન્ય કુટુંબીજનોએ સોંપેલું કામ કરવાનું, કેટલાક ન પણ કરે, પણ જવાબદારી તો કોઈની નહીં-સિવાય કે વડીલની! વ્યકિતને આ રીતે જવાબદારીપૂર્વક કામ કરવાની ટેવ જ ન પડી. વળી દેશ રહ્યો ખેતીપ્રધાન. એટલે વર્ષમાં અમુક મહિના કામ નહીં કરવાનું અને કુદરતની મહેર, એટલે આ પોસાયું પણ ખરું. સામાજિક રીતે કામની વહેંચણી થઈ ત્યાંય અમુક વર્ગનું અમુક જ કાર્ય એ ખ્યાલ એટલો બધો દઢ થઈ ગયો કે એ કાર્ય ન મળે તો નવરા બેસી રહેવું, પણ બીજું કાર્ય તો ન જ કરાય! આના કેટલાક રમુજી ચિસોટા હજુય રહી ગયા છે. આ સદીની શરૂઆતની વાત કરું છું. બંગાળમાં એક બ્રાહ્મણ કુટુંબ. સંજોગવશાત ખેતી કરવી પડતી. એકવાર અમારે કંઈક જવાનું હતું ને ગાડું જોડવાનું હતું ને બધા બેસી રહ્યા હતા. મેં કહ્યું, "કેમ શી મુશ્કેલી છે?" તો કહે, "સાથી આવ્યો નથી, બળદને માથે ધૂંસરું કેમ નંખાય?"

"પણ એનું શું કામ છે?" 'કેમ વળી? ધૂંસરું બ્રાહ્મણથી ન નંખાય, સાથી આવે, ધૂંસરું નાંખે, પછી જ બ્રાહ્મણથી ગાડું હંકાય!" - આમ બ્રાહ્મણથી ગાડું ચલાવાય પણ તે માટે ધૂંસરું ન નંખાય. બ્રાહ્મણથી હળ ચલાવાય પણ હળ જોડાય નહીં! આવું હતું આપણે ત્યાં છેક હમણાં સુધી! એટલે તો બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની-જાપાન જેવા દેશો તદ્દન તારાજ થઈ ગયેલા, તે દાયકા-દોઢ દાયકામાં ઊભા થઈ ગયા, પણ આપણે એ નથી કરી શકયા. પુરુષાર્થની વૃત્તિ જ ના હોય ત્યાં પ્રગતિ ક્યાંથી સંભવે?

"પણ જો આ પ્રમાદ આપણા સંસ્કારમાં જ હોય તો તો આપણા દેશના ભવિષ્ય માટે આશા જ નથી...."

"ના, એમ ન કહેવાય" પંડિતજીએ કહ્યું. 'જિજીવિષાના તત્ત્વને ભૂલે ન જાઓ. જિજીવિષા, જીવન ટકાવી રાખવાની ઈચ્છા એ એવું બળ છે કે, સમાજને મને કમને પણ ઉદ્યોગી બનવા ફરજ પડશે જ."

"એ તો થશે ત્યારે! આજે તો બુદ્ધિશાળીઓમાં ને બીજાઓમાંય આપણા રાષ્ટ્રિય ચારિત્ર્ય - ભવિષ્ય વિષે નિરાશા જ દેખાય છે."

"એ ઠીક નથી. એવી નિરાશા શું કામ સેવવી? આપણી પ્રજામાં કૌવત છે."

"કૌવત એટલે?"

"જીવવાની શકિત. અનેક સંસ્કૃતિઓ ભૂંસાઈ ગઈ તોય આપણો દેશ જીવી શક્યો છે. એક સાથે અનેક અદ્‌ભુત શાસ્ત્રો-દર્શનો વિકસાવી શક્યો હતો અને આજેય પરદેશી જ્ઞાન પણ ધીરે ધીરેય એણે પચાવ્યાં કર્યું છે. એટલે હાથ ઘોઈ નાખવા એ પણ યોગ્ય નથી. સંજોગોવશાત પ્રમાદના કેટલાક સંસ્કારો આપણામાં પ્રવેશી ગયા એથી આજે આપણી અવદશા છે. પણ એ જ રીતે અપ્રમાદનો ગુણ આપણે કેળવ્યા કરીશું તો આપણો વિકાસ ન થવાનું કોઈ કારણ નથી."

"પણ સમાજ આવી ઉદ્યોગપરાયણતા કેળવવાનો ક્યારે?"

"અંતે તો અગણિત વ્યકિતઓની સાધનાથી જ, પણ આમાં મારે એક વાત પર ખાસ ધ્યાન દોરવું છે. વ્યકિતએ જાતે ઉદ્યોગનિષ્ઠ થવું એ પૂરતું નથી. ઉદ્યોગનિષ્ઠાનો ચેપ બીજાને લગાડવા પણ એટલા જ પ્રગતિશીલ થવું ઘટે. એકલા પ્રવૃત્તિના ઉચ્ચતમ ગુણો ખીલવી શકનાર વ્યકિતઓની આપણે ત્યાં ક્યારેય ખોટ નહોતી. હવેનું કામ તો છે જાતે કામ કરવાનું ને બીજાને કામ કરવા પ્રેરવાનું. મેં કહ્યું તેમ ચેપ લગાડવાનું" પંડિતજીએ સમાપન કરતાં કહ્યું.

* * *

નવા વર્ષે પ્રવૃત્તિશીલતાના સંકલ્પને પણ સ્થાન છે જ. સમજપૂર્વકનો એ સંકલ્પ હોય તો એટલું વધુ સારું.

આપણે આ કરી શકીશું? નહિ કરી શકીએ? કર્યાનો શો અર્થ?' દ્વિધામાં રહ્યા કરવાનો આપણે માટે હવે અર્થ નથી. અને "ક્યારે થઈ રહેશે?" એ નિરાશા અનુભવવાનો ય અર્થ નથી. એક કવિએ સરસ કહ્યું છે: "પરાગ જો અંતરમાં હશે તો, એ પાંગરીને કદિ પુષ્પ ખીલશે." મનોરથો સ્વપ્ન મહીં હશે તો સિદ્ધિરૂપે કાર્યરૂપે જ જન્મશે.

સંકલ્પ કરવા જેટલી ય શ્રદ્ધા નહીં હોય તો શ્રદ્ધાનો અભાવ કાર્યચેતનાને તો અશકય જ બનાવી દેશે ને?

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ખનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૬, ૧૯૬૭, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કાકાસાહેબના પેલા વિવાદાસ્પદ લેખ અંગે—

(પ્રબુદ્ધજીવનના વાચકોને યાદ હશે કે 'બીજે છેડેથી વિચારીએ!' એ મથાળાનો કાકાસાહેબ કાલેલકરનો લેખ તા. ૧૬-૧૨-૬૬ના પ્રબુદ્ધ-જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. આ લેખે ચોતરફ ઘણો ઉહાપોહ પેદા કર્યો છે. આ લેખથી સખ્ત આઘાત પામીને કાકા સાહેબના જ્યેષ્ઠ પુત્ર ભાઈ સતીશે કાકા સાહેબ ઉપર એક પત્ર લખેલો તે 'ઘાતક સિરસે કયોં સોચે?' એ મથાળા નીચે તા. ૧-૧-'૬૭-ના મંગળ પ્રભાતમાં પ્રગટ થયો છે. તે પત્રનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તે ઉપરથી પ્રબુદ્ધ જીવનના વાચકોને માલુમ પડશે કે ભાઈ સતીશના અને મારા પ્રત્યાઘાતમાં ઘણું સામ્ય છે. તે પત્રના જવાબરૂપે "કમ ઘાતકી કૌન સા" એ મથાળા નીચે કાકા સાહેબનો એક લેખ અને "ભૂમિકા મેરી નહિ દુનિયાકી" એ મથાળા નીચે અગ્રલેખ મંગળ પ્રભાતના એ જ અંકમાં પ્રગટ થયેલ છે. જગ્યાના અભાવે એ બે લેખના અનુવાદ પ્રબુદ્ધજીવનમાં આપવાનું શક્ય નથી. જેને વિશેષ જિજ્ઞાસા હોય તેણે મંગળ પ્રભાતનો એ અંક મેળવીને વાંચી લેવો. પરમાનંદ).

ઘાતક છેડેથી શા માટે વિચારવું?

પૂજ્ય કાકાસાહેબ,

પહેલી ડિસેંબરના મંગળ-પ્રભાતમાં આપનો 'બીજા છેડેથી વિચારીએ' વાળો લેખ વાંચીને આશ્ચર્ય તેમ જ દુઃખ થયું. અત્યન્ત નમ્રતા સાથે મારે કહેવું જોઈએ કે મને આપે રજુ કરેલો ઉપાય ઘાતક લાગે છે. નથી તેમાં તર્ક-શુદ્ધતા, નથી તાત્ત્વિક વિચાર-શુદ્ધતા.

લેખનો પ્રારંભ આપે ઠીક કર્યો છે. "સમાજના હિત માટે, ભૂમિનો ભાર ઓછો કરવા માટે અને નિરુપયોગી જીવન નાહક લંબા-વવાની મૂર્ખતાથી બચવા માટે જે લોક જીવનથી નિવૃત્ત થાય છે, મરણની મદદ લે છે...તેઓ તો પોતાના જીવનને કૃતાર્થ જ કરે છે." આ વિચાર એક રીતે ધ્યાનમાં લેવા જેવો છે, જો કે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી તેમાં પણ દોષ છે.

આગળ ચાલતાં આપે જે ઉદાહરણ આપ્યાં છે તે બધાં આત્મસમર્પણને બદલે અસહાય લોકોને જબરદસ્તીથી મોતના ઘાટ ઉપર ઉતારવાની વાતનું સમર્થન કરતા માલુમ પડે છે. નકામા અને નિર્બળ યાત્રીઓને હોડીમાંથી ફેંકી દેવા, કામ નહિ કરવાવાળા એસ્કિમોને મારી નાખવા, યુદ્ધ-કાળમાં જ્યારે ખાવાનું ખુટી પડે ત્યારે બુઢ્ઢા લોકોને ખતમ કરી દેવા વગેરે સર્વ ઉદાહરણો દ્વારા એક ભયા-નક હથિયાર સરકારના (અથવા તો સમાજના) હાથમાં સોંપવાનો ઈલાજ આપ દેખાડી રહ્યા છો.

શ્રી... અને શ્રી...નું અત્યંત પવિત્ર ઉદાહરણ આપે આપ્યું હોત તો બહુ સારું થાત. બન્નેને જ્યારે માલુમ પડ્યું કે વ્યાધિગ્રસ્ત શરીર નાહક ટકાવી રાખવામાં માત્ર માનવસહજ જિજીવિષા સિવાય બીજું કશું જ નથી, ત્યારે બન્નેએ અનશન સ્વીકારીને અત્યન્ત શાન્ત અને પવિત્ર મનથી જગતની વિદાય લીધી. આવી વિભૂતિઓને આપણા સેંકડો પ્રણામ હો!

આપે આપેલાં ઉદાહરણ એવાં લાગે છે કે જાણે કે આપ નાઝી તત્ત્વજ્ઞાનની એક બાજુનું અજાણપણે સમર્થન કરી રહ્યા છો. યુદ્ધ-કાળમાં હિટલરે બુઢ્ઢા, પાગલ, અને અસાધ્ય રોગોથી પીડિત એવા લોકોને મૃત્યુનાં મોંમાં ધકેલી દીધા હતા. (અને આ સર્વ લોકો શુદ્ધ આર્યન હતા.) પણ તે ઉપરાંત, યહૂદી વગેરે જે 'નીચ કોમ'ના લોક હતા તેમનું તો તેણે પુરું સર્વસત્ર જ શરૂ કરી દીધું હતું. "જીવન માટે અનુપયુક્ત પ્રાણી જીવનથી નિવૃત્ત થઈ જાય એ જ યોગ્ય છે, ન્યાયયુક્ત છે, શોભાસ્પદ છે,"—આ આપનું કહેવું ત્યારે યોગ્ય લેખી શકાય તેમ છે—અને તે પણ અમુક હદ સુધી—કે જ્યારે જીવન અનુપયુક્ત થયું છે કે નહિ એનો ફેંસલો આદમી પોતે કરે.

આમ તો જીવન અનુપયુક્ત થયું છે એમ કોઈ પણ કહી શકે તેમ નથી. જીવન મળ્યું છે જીવવા માટે. તેનો અન્ત કરવાનો, પોતાના જીવનનો પણ અન્ત લાવવાનો કોઈને અધિકાર નથી. અનુપયુક્તતાનું કારણ આપીને તેનો અન્ત લાવવાવાળો ભલેને તત્ત્વજ્ઞ હોય તો પણ, થોડી પણ કાયરતા તો દાખવે જ છે અને ઈશ્વર ઉપરની અશ્રદ્ધા પણ. જીવનના આખરી શ્વાસ સુધી જીવન અનુપયુક્ત થઈ જ શકતું નથી.

જ્યાં આવું સર્વશુદ્ધ તત્ત્વજ્ઞાન છે ત્યાં સમાજને આ પ્રકારનો અધિકાર આપવાની વાત જ ઊભી થતી નથી. કોણ અનુપયુક્ત બની ગયું છે એ નક્કી કરવાનો અધિકાર જ્યાં આદમીનો પોતાનો નથી, ત્યાં આવો અધિકાર વૈયક્તિક સ્વાતંત્ર્ય પ્રતિદિન ઘટાડતી જતી સરકારોને જો આપવામાં આવે તો 'મર્કટસ્ય સુરાપાનમ્' જેવી સ્થિતિ પેદા થવાની અને એમાંથી સમાજનો નાશ થશે એમાં કોઈ સંદેહ નથી.

પિતાના વિચારની ટીકા કરવાની ધૃષ્ટતા કરવાવાળો પુત્ર એ પણ જાણે છે કે આખરે પિતા પ્રેમયુક્ત તેમ જ ક્ષમાશીલ છે.

અજ્ઞ બાળક સતીશનાં
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

કાકાસાહેબનો પત્ર

(તા. ૧૬-૧૨-૬૬ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા કાકા સાહેબના વિવાદાસ્પદ લેખની સાથે 'એક વિલક્ષણ વિચારણા' એ મથાળા નીચે મારી એક નોંધ પ્રગટ થઈ હતી. તે વાંચીને પોતાના નવા વિચારના ખુલાસા રૂપે એક લાંબો પત્ર તેમણે મારી ઉપર લખી મોકલ્યો છે. તે પત્ર તથા તેને લગતો મારો જવાબ—આ બન્ને લખાણો નીચે ક્રમસર આપવામાં આવે છે.)

પ્રિય ભાઈ પરમાનંદભાઈ,

મારા જન્મ-દિવસે 'મંગલ-પ્રભાતમાં' પ્રકાશિત થયેલા મારા લેખનું ગુજરાતી કરી 'પ્રબુદ્ધ જીવન'માં તમે એ છાપ્યો એને માટે

ધન્યવાદ. મારા પ્રત્યેની સદ્‌ભાવના પૂરેપૂરી વ્યક્ત કરી કોચવાતે મને તમે એ 'વિલક્ષણ વિચારણા' વાળો લેખ છાપ્યો એટલે વિશેષ અનુગ્રહિત છું. તા. ૧ લી ડીસેમ્બરના એજ અંકમાં અગ્રલેખ તરીકે આ વિષય પરત્વેની મારી ભૂમિકા વિસ્તારથી રજૂ કર્યા પછી એના જ ઉત્તરાર્ધ તરીકે બીજે છેડેથી વિચારવા મેં નમ્રપણે સૂચવ્યું છે. મારો એ અગ્રલેખ તમે નથી વાંચ્યો. એટલે મારી વિચારણાથી તમને આઘાત થયો. એ અગ્રલેખ પણ તમારા વાંચકો માટે પ્રકાશિત કરવાની પ્રાર્થના કરું તો તે વધારે પડતી વાત થશે, જો કે એ લેખ વાંચ્યા પછી મારી સૂચનાઓની ભૂમિકા સ્પષ્ટ થાય એમ છે. છતાં તમને કાંઈક તો જવાબ લખવો જ જોઈએ.

ચિ. સતીશે પણ તમારી પેઠે જ પોતાનો મતભેદ જાહેર કરતું 'એક ચર્ચાપત્ર લખ્યું છે: 'ઘાતકી બાજૂથી કેમ વિચારીએ?', જે જાન્યુઆરીની તા. ૧ ના 'મંગલ - પ્રભાતમાં' જોશો. એ જ અંકમાં મારી બાજૂ મેં કાંઈક રજૂ કરી છે.

આપણે કૉલેજમાં ભણતા ત્યારે સંપત્તિશાસ્ત્રનાં પાઠયપુસ્તકોમાં માલ્થસના સિદ્ધાંત તરીકે આ વાત આવતી હતી, પણ તે વખતના અર્થશાસ્ત્રીઓ માલ્થસની વિચારણાને ઉડાવી જ દેતા હતા.

માલ્થસનું કહેવું હતું કે, માણસની પ્રજોત્પત્તિ અને અન્નોત્પત્તિનું પ્રમાણ સરખું નથી. તેથી કુદરત દુકાળ, ભૂખમરો, રોગ અને યુદ્ધોદ્વારા માણસોની સંખ્યા ઘટાડે છે અને એ રીતે બે વચ્ચેનું અત્યાવશ્યક સમપ્રમાણ જળવાય છે.

માલ્થસ જો યુરોપ પૂરતું જ લખત તો ઉમેરી શકત કે અન્નોત્પત્તિના પ્રમાણ કરતા પ્રજોત્પત્તિનું પ્રમાણ વધે તો પ્રજા આણખેડાયેલાં પ્રદેશો શોધી કાઢી ત્યાં પોતાનાં રાજ્યો સ્થાપન કરી શકે છે. યુરોપની પ્રજાએ વહાણવટું વધારી ઉત્તર અને દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા જેવાં મોટા દેશોમાં અને નાના - મોટા અસંખ્ય ટાપુઓમાં પોતાની વસ્તીનો નિકાસ કર્યો, અને આખી પૃથ્વી ઉપર પોતાનું પ્રભુત્વ જમાવ્યું, યુરોપ—અમેરિકાની ગોરી પ્રજા હજી એ સગવડ ભોગવે છે.

કહે છે કે, સમુદ્રકિનારે નાનાં નાનાં વહાણો ચલાવી દરિયો ખેડવાની કળા બધાં જ દેશોમાં હતી. પણ મહાસાગર વીંધીને દૂર દૂરના દેશ સુધી સીધા જવાની હિંમત ભારતના આપણા પૂર્વજોએ સૌથી પ્રથમ બતાવી, અને હિંદી મહાસાગર પાદાક્રાંત (ખરું જોતાં નૌકાક્રાંત) કર્યો. પણ દુર્ભાગ્યે આપણા પૂર્વજોને ખાનપાનની સંસ્કૃતિની રક્ષાનું સૂઝયું, અને જે વખતે આપણે અનેક દેશોમાં જઈ વસી શકતા હતા તે જમાનામાં સમુદ્રયાત્રાનો સખત નિષેધ કર્યો.

ભારતના સમર્થ હરીફો આ રીતે ધરરખા થયા. એનો લાભ લઈ પ્રથમ અરબ લોકોએ અને પાછળથી પોર્ચુગીઝ, સ્પેનિશ, અંગ્રેજ, ડચ, ફ્રેન્ચ અને જર્મન જેવા યુરોપીયન લોકોએ દરિયો ખેડયો. અને ઉપર કહ્યું તે પ્રમાણે ગોરાઓએ અનેક ખંડોમાં પોતે જઈ શકે અને રંગીન પ્રજા ન આવી શકે એવી ગોઠવણ કરી.

પરિણામે મર્યાદિત દેશોમાં લોકસંખ્યા અમર્યાદિતપણે વધે એનો સવાલ જાપાન, ભારત અને ચીન જેવા દેશો આગળ ઊભો થયો છે. અને એની ચિંતા આખી દુનિયા આગળ વિચારકો દિવસ રાત કરે છે.

એક જમાનો હતો જ્યારે પંજાબનાં ઘઉં વિલાયત લઈ જતા, એક રેલ્વે બસ નથી એમ જોઈ અંગ્રેજોએ સિંધુ નદીની બંને બાજુઓથી કરાંચી સુધી રેલ્વે દોડાવી. આપણાં વિશ્વકવિ રવીન્દ્રનાથે ભારતના સ્તોત્રમાં ગાયું કે, હે ભુવનમનોમોહિની ! તું ચિર કલ્યાણમયી છે, દેશ - વિદેશે અન્નનું વિતરણ કરે છે. એજ શસ્યશ્યામલલા ભારતભૂમિને દર વર્ષે બહારથી અન્ન મેળવવું પડે છે અને દુકાળ હોય છે ત્યારે દાન તરીકે, કરજ તરીકે અને મોં માંગ્યા દામ આપીને અન્ન મેળવતાં સ્વરાજ્ય સરકારને અનેક દેશોની ખુશામત કરવી પડે છે. આ પરિસ્થિતિ કેવળ શરમભરેલી નથી. આત્મઘાતકી છે. એ વિષે ગફલતમાં રહેવું આંધળી અને જડ પ્રજાને જ પોષાય.

કહેવાય છે કે જ્યાં અન્ન ખાવા માટે એક મોઢું ઉત્પન્ન થાય છે ત્યાં અન્ન ઉત્પાદન કરનાર બે હાથ પણ કુદરતે આપેલા જ છે. માટે ચિંતા કરવાનું કારણ નથી. માણસને આહાર મેળવવા માટે કેવળ હાથ બસ નથી, બળદ જેવાં જાનવરો પણ બસ નથી. અન્ન માટે જમીન અને જળાશય જોઈએ છે. પેટ ભરવા માટે માણસ અન્ન - ધાન્ય, શાક - ફળ ઉપરાંત પશુ - પક્ષી અને માછલાં પણ ખાય છે, જાનવરો પાસેથી દૂધ અને ઈંડાં પણ મેળવે છે, અને છતાં અન્નોત્પત્તિ અને પ્રજોત્પત્તિનું પ્રમાણ સરખું નથી એની ચિંતા કેવળ ભારતને નહિ પણ આખી દુનિયાને ઘેરવા લાગી છે. પ્રજા વધે ત્યારે ગોરા લોકો અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં પોતાની પ્રજાનો નિકાસ કરી શકે છે. આપણને એ રીતે જવાની ગોરાઓ રજા આપતા નથી. પણ ગોરાઓએ સંતતિ નિયમનનો ઈલાજ શોધી કાઢયો છે.

આપણા દેશમાં 'अन्नं बहु कुर्वीत' જેવો ઉપદેશ પણ મળતો. અને સ્ત્રીઓને 'अष्टपुत्रा सौभाग्यवती भव' નો આશીર્વાદ પણ મળતો. અને છતાં કૃત્રિમ રીતે સંતતિ નિયમન કરવાની કલ્પના આપણે ત્યાં આજાણી ન હતી. એના શાસ્ત્રસિદ્ધ ઉપાયો આપણે શોધ્યા કે ચલાવ્યા ન હતા. હવે એ ઉપાયો દુનિયાના ગોરા નેતાઓ આપણને શીખવે છે અને નવાં નવાં સાધનો પૂરાં પાડે છે.

સંતતિ નિયમનની સાધક - બાધક ચર્ચા ઘણી ચાલી. સ્વતંત્ર ભારતની સ્વરાજ્ય સરકારે કૃત્રિમ રીતે સંતતિ નિરોધને રાજ્યમાન્યતા આપી છે. અને હવે એનો સચિત્ર પ્રચાર પણ ચલાવ્યો છે. (ગાંધીજીનાં લોકો જ એમા મોખરે છે.)

સંતતિ નિયમનનો વિચાર કરતાં મેં મારો અભિપ્રાય આપ્યો છે કે, એ ઉપાયો ગમે તેટલા અનિષ્ટ હોય તોયે દુનિયામાં દાખલ થયા જ છે. લાંબા વખત સુધી એ ટકવાના એ વસ્તુ કબૂલ્યે જ છૂટકો. યુદ્ધો અનિષ્ટ છે, માંસાહાર અનિષ્ટ છે, મદ્ય સેવન અનિષ્ટ છે એ જાણતા છતાં આપણી વચ્ચે એ ત્રણે અનિષ્ટ ધમધોકાર ચાલે જ છે. એ જ રીતે સંતતિ નિયમન પણ આપણા ભાગ્યમાં હવે કાયમનું લખાયેલું છે એમ સમજીને ચાલીએ:

પણ આટલાથી બસ નથી થતું.

સંતતિ નિયમન પાછળ આટલો પ્રચાર, પ્રત્યક્ષ મદદ અને અઢળક ખર્ચ કર્યા છતાં પ્રજોત્પત્તિનું પ્રમાણ સંતોષકારક રીતે ઘટતું નથી. ખાનાર મોઢાંની સંખ્યા વધે છે. એમને ખવડાવવા અન્ન કયાંથી આણવું એ સવાલ સરકારને અને વિચારી લોકોને મુંઝવે જ છે.

કેટલાયે ડાહ્યા, વિચારક, વિદ્વાન અને આદરણીય લોકો કહે છે કે, અન્ન આપી આપીને થાકી ગયેલી ભારતની જમીન પણ વિજ્ઞાનની મદદથી ત્રણ ગણું કે દસ ગણું અન્ન આપી શકે એમ છે. (એમના મોઢામાં સાકર!) જો ખેતીની કળા સુધરે, એગ્રીકલ્ચરલ ગ્રેજ્યુએટો પાસે છે એના કરતાં વધારે જ્ઞાન ખેડૂતોને મળે, તેઓ આળસ છોડે, વધુ મહેનત કરે, વૈજ્ઞાનિક ખાતરો વાપરે તો ભારતની પ્રજાને પૂરતું અનાજ મળી શકશે. પરદેશનાં જાણકાર વિદ્વાનોનો પણ આવો જ અભિપ્રાય છે જે સાંભળતાં સાંભળતાં આપણે થાકી ગયા છીએ. જો આમ થાય તો અન્ન સમસ્યા ઉકલી જશે એમ સાંભળવાથી હાથમાં અન્ન આવતું નથી. પરદેશનાં રાજ્યો આપણી છાતી દબાઈ જાય એટલા મોટા જથ્થામાં ભારતને અન્નદાન પણ કરે છે. આપણે એમને આશીર્વાદ આપીએ अन्नदाता सुखी भव પણ આપણો સવાલ હજી અણઉકલ્યો જ છે એનું શું?

સંતતિ—નિરોધથી જો ન પતે તો માના પેટમાં જીવ પેદા થયા પછી પણ ગર્ભપાત કરાવવાનો ઈલાજ છે. યુરોપ, અમેરિકામાં અમુક પરિસ્થિતિમાં એ ઈલાજ અજમાવવામાં આવતો હશે. જો કે હજી પણ સુધરેલા માણસનું મન પણ એ ઈલાજને 'ઘાતકી' જ કહે છે. આને અંગેના કાયદાઓ ઢીલા કરાય કે ન કરાય એની ચર્ચા ત્યાં ચાલે છે.

પણ કહે છે કે, જાપાને આ બાબતમાં પહેલ કરી ગર્ભપાત માટે કાયદાની ઘણી છૂટ આપી છે. અને આપણાં સુશિક્ષિત નેતાઓ

યુરોપ, અમેરિકાની પેઠે જાપાનનો દાખલો લઈને પણ આપણે ત્યાં આવી જ ઘાતકી છૂટ કાયદાથી આપવી જોઈએ એમ વિચારવા લાગ્યા છે.

આ આખો વર્તમાન ઈતિહાસ છે. એમાં હું કે મારા વિચારો ક્યાંય વચમાં આવ્યા નથી.

હું કહું છું કે અન્નોત્પત્તિ પૂરતા પ્રમાણમાં વધતી જાય તો ઉત્તમ છે. એની પાછળ આખી દુનિયા પડી જ છે. જે જડવાદી પશ્ચિમની આપણે અધ્યાત્મવાદી ભારતીઓ નિંદા કરીએ છીએ એમના જ વૈજ્ઞાનિક પુરુષાર્થથી આપણી અન્નોત્પત્તિ વધે તો તે પણ મને મંજૂર જ છે. બહારના લોકો અન્ન વધારે અને આપણે પ્રજા વધારીએ એ રીતે મેળ ખાતો હોય તો આજના ભારતના મનીષીઓને વાંધો હોય એમ લાગતું નથી.

પણ જ્યારે માના પેટમાં ગર્ભમાં જીવે પ્રવેશ કર્યા પછી પણ એ જીવ માના પેટમાંથી બહાર આવ્યો નથી અને અસહાય છે એનો લાભ લઈ એનું ખૂન કરવાની છૂટ મેળવવા સુધી જો આજની દુનિયા ઠંડે પેટે ઘાતકીપણું સેવતી હોય તો - અને ત્યારે જ - એની આગળ મારા 'વિલક્ષણ' વિચારો રજૂ કરવાની રજા માંગું છું.

મારી દલીલો ટૂંકામાં આ પ્રમાણે છે.

જે પ્રાણી દુનિયામાં આવવાની તૈયારી કરે છે એને ખતમ કરવું સારું કે જેની દુનિયાની યાત્રા લગભગ પૂરી થવાથી જે જવાની તૈયારીમાં છે એને માન અને આદર સાથે જલદી પધરાવવો એ સારું? મારે મન - અને કોઈ પણ સજ્જન માનવીને મન-બંને પ્રકાર સરખા જ ઘાતકી છે. એમ કોઈ નહિ કહી શકે કે એક જ છેડો ઘાતકી છે અને બીજો નથી.

વધુમાં મારી દલીલ છે કે જે જીવ માત-પિતાના આશીર્વાદથી આ દુનિયામાં પ્રવેશ કરવાની તૈયારીમાં જ છે, એમાંથી કોઈ રામ અથવા કૃષ્ણ જેવા હશે, ઈસા મસીહ જેવા અથવા બુદ્ધ જેવા હશે, શંકરાચાર્ય જેવા કે વિનોબા જેવા હશે, હિટલર કે સ્ટેલીન જેવા હશે, પરમાનંદભાઈ અથવા કાકા જેવા હશે એમની ઉજ્જવળ અથવા ભયાનક કારકીર્દી મૂળમાં જ ખતમ કરવી સારી કે જેઓ જીવન જીવી શકયા છે, સેવા કરી ચૂકયા છે, ભૌતિક કે આધ્યાત્મિક નવું કશું, ઉત્પન્ન કરવાની જેમની શકિત રહી નથી અને જેઓ નવી પેઢી પાસેથી આદર અને સેવાની ઉઘરાણી જ કરવાના છે તેમને જવામાં મદદ કરવી સારી?

આમાં વિચારની નવીનતા કે વિલક્ષણતા પણ હું નથી જોતો. આપણાં પૂર્વજો જ્યારે પુરુષાર્થ ઓસરી જાય ત્યારે વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરતા, સમાજપરનો પોતાનો ભાર ઓછો કરવા માટે જંગલમાં જઈ રહેતા. ખેતીનું અનાજ ભરી ભરીને ખેડૂત ઘેર લઈ જાય પછી ખેતરોમાં જે દાણાઓ રહી ગયા હોય તે ભેગાં કરી તેટલા પર ગુજરાન ચલાવતા હતા. (આને શાસ્ત્રોમાં ઉંચ્છવૃત્તિ કહી છે.) એ જમાનામાં એ વૃદ્ધોને જંગલોમાં કાંઈક તો ખાવાનું મળતું હશે અને નહિ તો વાઘ - વરૂઓને તેઓ ખોરાક પૂરો પાડતા હશે. વિદૂર જેવો કોઈ ઝાડને અઢેલીને ઊભો ઊભો પ્રાણત્યાગ કરે, કોઈ દેહ પડે નહિ ત્યાં સુધી હિમાલયનાં જંગલોમાં ઈશાન્ય દિશાએ ચાલ ચાલ કર્યા કરે. આ બધી વસ્તુઓ આપણાં શાસ્ત્રોમાંથી મેં ટાંકી છે.

હવે તમે કહેશો અને સતીશ પણ કહેશે કે સ્વેચ્છાએ આવી રીતે પ્રાણત્યાગ કરનાર પવિત્ર પુરુષોને હજારો વંદન હજો! હું પણ કહીશ આમીન. પણ મુઠ્ઠીભર લોકો આમ સ્વર્ગારોહણ કરે તેથી અન્નોત્પત્તિ અને પ્રજોત્પત્તિના પ્રમાણનો સવાલ થોડો જ હલ થવાનો છે? અને તેટલાથી દુનિયામાં આવવાની તૈયારી કરનાર ગર્ભસ્થજીવોના પ્રાણ થોડાં જ બચવાના છે? બે ઘાતકી ઈલાજોમાંથી કયો ઓછો ઘાતકી અને માનવહિતનો છે એટલો જ વિચાર કરવા હું વિનવું છું.

સંતતિ-નિરોધનો પ્રકાર મારા જેવાને ભલે અનિષ્ટ અને અશુભ લાગતો હોય. એને કોઈએ ઘાતકી કહ્યો નથી. લોકસંખ્યા વધવા ન દેવા માટે ગર્ભપાતની ભલામણ કરવી નિઃસંશય ઘાતકી છે. એની સામે મારો પોકાર છે.

દુનિયામાં આવવાની તૈયારી કરતી પ્રાણવાન પેઢીના હક્કમાં દુનિયામાંથી વિદાય લેવાની તૈયારી કરતી મારી પેઢી તરફથી બુદ્ધિવાન વિચારક વર્તમાન પેઢી આગળ આ એક આજીજીપૂર્વક કરેલી અપીલ છે. પછી ભલે એ અજબ હોય કે લોકવિલક્ષણ હોય.

તમારો કાકા

મારો જવાબ

કાકા સાહેબના ઉપર આપેલા પત્રના જવાબમાં જણાવવાનું કે જ્યારે મેં તા. ૧-૧૨-'૬૬ના 'મંગળ પ્રભાત'માં પ્રગટ થયેલ 'દૂસરે સિરેસે સોચે' એ મથાળાના લેખનો અનુવાદ તા. ૧૬-૧૨-૬૬ ના પ્રબુદ્ધજીવનમાં પ્રગટ કર્યો, ત્યારે કાકા સાહેબ સૂચવે છે તે મુજબ, મંગળ પ્રભાતના તે જ અંકમાં પ્રસ્તુત લેખની આગળ મૂકવામાં આવેલો 'જીવન ઔર ઉસકા સવાલ' એ મથાળાનો અગ્રલેખ મેં ખરેખર વાંચ્યો નહોતો એ મારે કબૂલ કરવું રહ્યું. પણ ત્યાર બાદ એ લેખ મેં ધ્યાનપૂર્વક વાંચ્યો છે. એ લેખમાં કેટલાક વિવેચન બાદ પ્રજોત્પત્તિ અટકાવવાના ચાર ઉપાયો રજુ કરવામાં આવ્યા છે. (૧) બ્રહ્મચર્યપાલન, (૨) લગ્ન બને તેટલાં મોડાં કરવાં, (૩) કૃત્રિમ ઉપાયો દ્વારા સંતતિનિયમન (૪) ગર્ભપાત. પહેલા બે ઉપાયો વિષે કોઈ મતભેદ હોવા સંભવ નથી. ત્રીજા ઉપાય સંબંધમાં કાકાસાહેબે તા. ૧૫-૫-૬૬ના મંગળપ્રભાતમાં જણાવ્યું છે કે "દરેક મનુષ્ય આખી પરિસ્થિતિ બરોબર સમજી લે અને સંયમના વિષયમાં કાયર ન બને અને જ્યાં જરૂર હોય ત્યાં કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરે." એ રીતે તેમણે એ ઉપાયનું સ્પષ્ટ સમર્થન કર્યું છે અને પ્રસ્તુત લેખમાં પણ આ અંગે તેમણે એક પ્રકારનો તટસ્થભાવ દાખવ્યો છે, જ્યારે ચોથા ઉપાયનો તેમણે સખત વિરોધ કર્યો છે. એ લેખ તરફ મારું ધ્યાન નહિ ખેંચાવાનું કારણ એ હતું કે કાકાસાહેબનો વિવાદાસ્પદ લેખ મંગળ પ્રભાતમાં સ્વતંત્ર રીતે મૂકવામાં આવ્યો હતો અને તેનું આગળના લેખ સાથે અનુસંધાન છે એવું આ વિવાદાસ્પદ લેખમાં કોઈ સૂચન નહોતું. હવે એ લેખ વાંચી જવા બાદ પણ વિવાદાસ્પદ લેખ અંગેના મારા સંવેદનમાં કશો પણ ફરક પડયો નથી, કારણ કે તેમાં રજુ કરવામાં આવેલા વૃદ્ધોને વિદાય આપવાના નવા વિચારનો કાકાસાહેબ વિરોધ કરતા હોય એમ પહેલેથી છેલ્લે સુધી એ લેખ વાંચતાં જરા પણ લાગતું નથી. ઉલટું આ નવા વિચારને તેમનું પુરું અનુમોદન હોય એવી છાપ પડે છે. તેમના અતિ બુદ્ધિમાન જ્યેષ્ટ પુત્ર ભાઈ સતીશના મન ઉપર પણ આવી જ છાપ પડી હોવાનું તેમના પત્ર ઉપરથી જણાઈ આવે છે.

હવે કાકાસાહેબનો આ પત્ર વાંચતાં તેઓ પોતાનું પડખું કાંઈક બદલતા હોય એવી છાપ ઉભી થાય છે. આ પત્રમાં ગર્ભપાત અને વૃદ્ધોની વિદાય- આ બન્ને ઉપાયો એક સરખા ઘાતકી છે એમ તેઓ જણાવે છે, પણ સાથે સાથે જો આ બન્ને વચ્ચે પસંદગી કરવાની હોય તો તેમની પસંદગી બીજા ઉપાય ઓછો ઘાતકી હોઈને તે ઉપર ઢળતી હોય એવી છાપ ઉઠે છે. આમ તેમનો વિવાદાસ્પદ લેખ અને આ પત્ર-એ બે વચ્ચે કાંઈક અસંગતિ હોવાનું નજરે પડે છે.

વળી 'બીજે છેડેથી વિચારીએ' એ લેખ વાંચતાં એમાં જણાવેલા વિચારો કાકાસાહેબના પોતાના છે એવી છાપ આપણા મન ઉપર ઉઠે છે, જ્યારે તા. ૧-૧-૬૭ના 'મંગળ પ્રભાત'માં પ્રગટ થયેલ અગ્રલેખ 'ભૂમિકા મેરી નહિ દુનિયા કી'-આ લેખ દ્વારા કાકાસાહેબ એમ સૂચવે છે કે પેલા વિવાદાસ્પદ લેખમાં જણાવેલા વિચાર એમના પોતાના નથી, પણ આજકાલના સમાજના પ્રતિનિધિ તરીકે તેમણે આગળ ધર્યા છે. આમ તેમના આગળ પાછળના લખાણોમાં એક પ્રકારની અસંગતિનું દર્શન થાય છે અને તેઓ પડખું બદલતા હોય એવી છાયા ઉભી થાય છે.

હું વસ્તીનિયમનના પ્રશ્નને આ રીતે સમજું છું. આ આખા પ્રશ્નનો આજ સુધી એક ધારણા-assumption-ઉપર વિચાર કરવામાં આવ્યો છે અને તે એ છે કે જેને આ દુનિયામાં માનવી તરીકે પ્રવેશ કરવાનો અવકાશ મળ્યો છે તેને વિધિનિર્મિત આયુષ્ય

પુરું કરવાનો હક્ક છે અને તે પ્રકારની માનવીની જિજીવિષા પુરી કરવામાં સમાજે કોઈ પણ પ્રકારનો અવરોધ ઊભો કરવો ન જોઈએ. સમાજ તરફથી પ્રત્યેક માનવીને પુરું અભય મળવું જોઈએ. આ રીતે વિચારીને આ દુનિયામાં નવા માનવીઓના પ્રવેશ અંગે સંતતિનિયમન જેવો વ્યવહારુ અંકુશ મૂકવાનું તેમ જ અમલી બનાવવાનું આજની સરકાર તેમ જ સમાજના ચિન્તકો વિચારી રહ્યા છે. આ વિચારને કોઈ કોઈ જગ્યાએ અનિચ્છનીય બાળકોને ગર્ભપાતદ્વારા આ દુનિયામાં આવતા અટકાવવાના સૂચન સુધી લંબાવવામાં આવે છે, પણ એ સૂચિત ઉપાયને હજુ સુધી કોઈ વ્યાપક સ્વીકૃતિ મળી નથી. આની સામે કાકાસાહેબ એક નવો જ અને ચોંકાવનારો વિચાર સમાજ સમક્ષ રજૂ કરી રહ્યા છે. તેઓ એમ સૂચવે છે કે જેમ વસ્તીનિયંત્રણ અર્થે સંતતિનિયમનનો અને કોઈ કોઈ સ્થળે જન્મનિયમનનો એક છેડેથી વિચાર કરવામાં આવે છે તેમ બીજે છેડે સમાજને ભારરૂપ બનેલા અને જીવનમાંથી રસ ગૂમાવી બેઠેલા વૃદ્ધોને પણ શા માટે વિદાય ન આપવી ?

આ રીતે ઉપર જણાવેલી સામાન્યિક ધારણા એટલે કે દરેક માનવીને પોતાના ભાગ્યે પ્રાપ્ત થયેલા આયુષ્યની મર્યાદા સુધી જીવવાનો પૂરો હક્ક છે—આ પ્રકારનું પાયાનું મન્તવ્ય તેમને માન્ય નથી એમ તેઓ સૂચવતા હોય એમ લાગે છે. કાકાસાહેબ દ્વારા આગળ ધરાતા આ નવા વિચાર અંગે એક તો એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે આ વિચાર સમય જતાં માત્ર બીનજરૂરી વૃદ્ધો સુધી સીમિત રહેશે એમ માનવાને કોઈ કારણ નથી. ઉલટું આ વિચાર ફેલાવો પામતાં નબળા-સબળા વચ્ચે મોટા સંઘર્ષમાં પરિણમવાનો છે અને અસાધ્ય દર્દથી પીડાતા, સમાજને પૂરા ઉપયોગી નહિ બનતા અપંગ, આંધળા, બહેરા—એવા અનેક વર્ગોને આવરી લેવાનો છે. કાકાસાહેબના નવા વિચારમાં રહેલા આ ભયસ્થાનની ઉપેક્ષા થઈ શકે તેમ નથી.

બીજું સંતતિનિયમન દ્વારા વસ્તીવધારા ઉપર નિયંત્રણ મુકવું એ એક બાબત છે; વૃદ્ધોને ઈચ્છાએ કે અનિચ્છાએ વિદાય થવું પડે એ દ્વારા વસ્તી ઘટાડો કરવો એ બીજી બાબત છે. એકમાં માનવસમાજની વૃદ્ધિની અટકાયત સૂચિત છે; બીજામાં માનવ-સમાજનો આંશિક વિચ્છેદ સૂચિત છે. એક આજના સમયની અનિવાર્ય બનેલી જરૂરિયાત છે; અન્ય અંગે તત્કાળ વિચાર કરવો પડે એવી ઉત્કટ આજની કોઈ સમસ્યા નથી.

અને જ્યારે પણ એવી કોઈ ઉત્કટ સમસ્યા માનવ સમાજ સામે આવીને ઊભી રહેશે ત્યારે આગળથી ગમે તેવી પાળ બાંધી હશે દા. ત. આવી પરિસ્થિતિમાં માત્ર વૃદ્ધો જ વિદાય થાય તો પણ, એ પરિસ્થિતિમાં ચોતરફ જીવવા માટેની એવી પડાપડી પેદા થવાની કે જે નબળો હશે, આતંક પિડિત હશે, એક યા બીજા પ્રકારનો અપંગ હશે તેને ધક્કો મારીને, ફેંકી દઈને જે કોઈ બળવાન હશે—પછી તે વૃદ્ધ હો કે જુવાન, સ્ત્રી હો કે પુરુષ—તે જીવિત રહેવા મથશે. વસ્તુતઃ આવી અન્તિમ કોટિની પરિસ્થિતિની કલ્પના આગળ ધરવી અને આજે તેની ચિન્તા કરવી તે અશુભ અને ઘાતક વિચારોને નોતરવા બરોબર છે. વળી આજે વિજ્ઞાન જે રીતે આગળ વધી રહ્યું છે અને ઉત્પાદનક્ષેત્રે અણુશક્તિના ઉપયોગની શક્યતા જે રીતે વિપુલ પ્રમાણમાં વિકસતી રહી છે તે જોતાં એવી અન્તિમ કોટિની પરિસ્થિતિ નિર્માણ ન પણ થાય એ એટલું જ સંભવિત છે. આ ઉપરાન્ત જે કુદરત જીવસૃષ્ટિનું યુદ્ધ અથવા ઉપદ્રવ દ્વારા આજ સુધી સમધારણ કરતી આવી છે, એ કુદરતે આ પોતાના સ્વધર્મનો હવે હમેશાને માટે પરિત્યાગ કર્યો છે એમ માની લેવાને પણ કોઈ કારણ નથી.

આગામી કટોકટીની કલ્પના કરીને કાકાસાહેબ પહેલી પસંદગી તરીકે માત્ર વૃદ્ધોને જ વિદાય કરવાનું શા માટે સૂચવે છે ? કારણકે માનવ સમાજના અન્ય વર્ગોની અપેક્ષાએ કાકાસાહેબને મન આ વૃદ્ધો મનથી મેરી બેઠેલા અને સમાજ માટે નકામા અને ભારરૂપ બનેલા છે. આ ઉપરથી સમાજનું જે અંગ નકામું લાગે તેને વખતસર દૂર કરતા રહેવું એવું ધોરણ સહજપણે ફલિત થાય છે. આ નર્યો ઉપયુકતતાવાદ છે. વળી સમાજનું અમુક અંગ નકામું છે એ કોણ નક્કી કરશે ? સરકાર સમાજ કે મનસ્વીપણે વિચારતી અને વિચરતી વ્યકિતઓ ? આવી વિચારણામાંથી કેવા કેવા સામાજિક અનર્થો જન્મે એ વર્ણવવાની જરૂર છે ખરી ?

આમ કાકાસાહેબનો મૂળ વિવાદાસ્પદ બનેલો લેખ અને આ અંકમાં છપાયલો તેમનો પત્ર—આ બન્ને અંગે રજુ કરેલા કેટલાક વિચારો રજૂ કરીને હવે તેમના છેવટના પ્રશ્નનો જવાબ આપવા હું પ્રયત્ન કરીશ. કૃત્રિમ ઉપાયો દ્વારા કરવામાં આવતા સંતતિ નિયમનને ઉપર જણાવ્યું તે મુજબ કાકાસાહેબે અનુમોદન આપ્યું છે, એમ છતાં તે સાથે તેમના મનની ઘડ હજુ બેઠી નથી. અને એમાં જાપાને ગર્ભપાતને કાયદાની સંમતિ આપી છે અને અહિ પણ આ પ્રશ્ન કેટલાક વર્તુળોમાં ચર્ચાઈ રહ્યો છે એ ઉપરથી સંતતિનિયમનની પાછળ ગર્ભપાતનું અનિષ્ટ જોસભેર આપણા દેશમાં આવી રહ્યું છે— આગામી પરિસ્થિતિનું આવું દર્શન કાકાસાહેબને ભારે ભડકાવી રહ્યું છે, ખૂબ અકળાવી રહ્યું છે, અને તેના અનુસંધાનમાં તેઓ પ્રશ્ન કરે છે કે " જો જીવ માત-પિતાના આશીર્વાદથી આ દુનિયામાં પ્રવેશ કરવાની તૈયારીમાં જ છે એમાંથી કોઈ રામ અથવા કૃષ્ણ જેવા હશે, ઈસામસીહ જેવા અથવા બુદ્ધ જેવા હશે, શંકરાચાર્ય કે વિનોબા જેવા હશે, હિટલર કે સ્ટેલીન જેવા હશે, પરમાનંદભાઈ કે કાકા જેવા હશે એમની ઉજ્જવળ અથવા ભયાનક કારકીર્દી મૂળમાં જ ખતમ કરવી સારી કે જેઓ જીવન જીવી ચૂકયા છે, સેવા કરી ચુકયા છે, ભૌતિક કે આધ્યાત્મિક નવું કશું ઉત્પન્ન કરવાની જેમની શકિત રહી નથી અને જેઓ નવી પેઢી પાસેથી આદર અને સેવાની ઉઘરાણી જ કરવાના છે તેમને જવામાં મદદ કરવી સારી ?" આ પ્રશ્નનો સીધો જવાબ આપું તે પહેલાં બે મુદાઓ ધ્યાનમાં લેવાની જરૂર છે. એક તો ઉપરના લખાણમાં આ દુનિયામાં પ્રવેશનાર ઉમેદવાર એવા માનવીને બહુ રળિયામણો ચીતરવામાં આવ્યો છે અને વિદાય થનાર વૃદ્ધને ભારે ઓળખામણો અને બીનજરૂરી આલેખવામાં આવેલ છે. અને બીજું એવા વૃદ્ધને જવામાં મદદ કરવી એમ જે સૂચવવામાં આવ્યું છે તે તો પહેલું પગલું છે, પણ તેને વિદાય થવાની ફરજ પાડવી એ બીજું પગલું પણ કાકાસાહેબના મૂળ લેખમાં સૂચિત છે. આ બન્ને મુદ્દાઓ ઉપરના પ્રશ્ન સાથે સાંકળતાં મને એવો જવાબ આપવાનું પ્રાપ્ત થાય છે કે, કાકાસાહેબે સૂચવેલા પહેલા વિકલ્પથી સંતતિનિયમન ઉદ્દિષ્ટ હોય તો, તેને આજે અનિવાર્ય અનિષ્ટ તરીકે આપણે સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી એમ સમજીને, તે ખાતર આપણને જે ગુમાવવું પડે તે ગૂમાવવા આપણે તૈયાર રહેવું ઘટે છે, અને પહેલા વિકલ્પથી જો ગર્ભપાત સૂચિત હોય તો, અપવાદરૂપ ગર્ભપાતના કિસ્સાઓ બાદ કરતાં ન આપણે ગર્ભપાત તરફ જઈએ, ન આપણે વૃદ્ધોને વિદાય કરવાનો વિકલ્પ વિચારીએ અર્થાત એ બન્ને વિચાર યા પ્રવૃત્તિનો આપણે સખ્ત વિરોધ કરીએ. કારણ કે એ બેમાંથી એક પણ માર્ગ વસતી-ઘટાડાની દિશાએ કદિ પણ કોઈ મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે જ નહિ. આમ વિચારીને આપણે કોઈ ગર્ભસ્થ રામ યા કૃષ્ણને પણ જરૂર આવકારીએ અને કાકાસાહેબને પણ વિદાય લેવાનો વિચાર કરતા અટકાવીએ અને તેમને સો વર્ષનું લાંબુ આરોગ્યપૂર્ણ આયુષ્ય પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ.

પરમાનંદ

☆ બિહારમાં દુષ્કાળ-ગ્રસ્ત વિસ્તારનો પ્રવાસ ☆

(આ વર્ષે બિહારમાં ભીષણ દુષ્કાળના ઓળા પથરાઈ ગયા છે. બિહારની લગભગ સાડા ત્રણ કરોડની જનતા દુષ્કાળના સકંજામાં સપડાઈ છે. સંકટના નિવારણ અર્થે સરકાર ઉપરાંત જનતાએ પણ કામ ઉપાડી લેવું જોઈએ. ગાંધીજીના અંતેવાસી અને જાણીતા રચનાત્મક કાર્યકર્તા શ્રી છગનભાઈ જોશી, મુંબઈની આયાત – નિકાસની પેઢીવાળા શ્રી નંદુભાઈ તુલસીદાસ, ખાદી કમિશનવાળા ડૉ. માધવદાસ, ભગિની સમાજનાં શ્રી જયશ્રીબેન રાયજી તથા સર્વોદય કાર્યકર્તા શ્રી કાંતિભાઈ વોરાએ તા. ૪ થી ૧૧ ડિસેમ્બર દરમિયાન બિહારનો પ્રવાસ કરીને જે માહિતી મેળવી છે તે આ સાથેના લેખમાં છે.–અમૃત મોદી)

બોમ્બે સેન્ટ્રલ રીલીફ ટ્રસ્ટવતી શેઠશ્રી અરવિંદભાઈ મફતલાલના આગ્રહથી, શ્રી કાકાસાહેબ કાલેલકરની ઇચ્છાથી શ્રી નંદુભાઈ તુલશીભાઈ ખીમજી, ખાદી કમીશનના રૂના ડિરેક્ટર ડૉ. માધવદાસ તથા મુંબઈના સર્વોદય કાર્યકર્તા કાંતિભાઇ વોરા, ભગિની સમાજના પ્રણેતા શ્રી જયશ્રીબહેન રાયજી અને તેમના બે મુખ્ય સાથીઓ નંદનબહેન દેસાઈ તથા વસંતબહેન ભરતિયા સાથે ૪ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી બિહારના દુષ્કાળ ગ્રસ્ત પ્રદેશમાં લગભગ ૪૦૦ માઈલ મોટરમાં અમે ફર્યા. તેમાં ૩૦ ગામડાંઓની આર્થિક પરિસ્થિતિની જાતતપાસ પણ કરી છે.

અમારા પ્રવાસ પહેલાં બિહારની દુષ્કાળ પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ શ્રી જયપ્રકાશનારાયણે બુદ્ધ ગયામાં એક કલાક સાથે બેસીને નક્શાઓની મદદથી આપ્યો હતો. તેથી અમારો પ્રવાસ અને કામ સરળ અને ફળદાયક થવામાં મદદગાર થયો છે.

પ્રવાસ દરમ્યાન ભગિની સમાજ જે પોતાની સાથે મુંબઈથી કાપડ, બિસ્કીટ, ધાબળા, નવાં જુનાં કપડાં લાવ્યા હતા તેનું વિતરણ ગરીબોને ઝુંપડે ઝુંપડે જઈને કરવામાં આવ્યું હતું.

પલામું ડીસ્ટ્રીક્ટ રીલીફ કમિટીના આગેવાનોની ખાસ મીટીંગ ડાલ્ટનગંજમાં ગોઠવવામાં આવી હતી. પલામું અને હજારી બાગના ડીસ્ટ્રીક્ટ કલેકટરો અને ડી. ડી. ઓને પણ અમે મળ્યા હતા. ગયા ડીસ્ટ્રીક્ટ રીલીફ કમિટીના ચેરમેન શ્રી દાલમિયાં તથા ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખની સાથે ફત્તેહગંજ ડીસ્ટ્રીક્ટના ગામડામાં હું ફર્યો છું.

ખાદીના પરમ ભકત ભાઈશ્રી જેઠાલાલ ગોવિંદજી ગ્રામદાનના કામ માટે ગયામાં આસન જમાવીને બેઠા છે. તેઓએ બિહાર રીલીફના કામની જવાબદારી સ્વીકારી છે. તેઓ મારી સાથે પટણા પણ આવ્યા હતા. પટણામાં મુખ્યપ્રધાન શ્રી કૃષ્ણવલ્લભબાબુ, બિહાર કૉંગ્રેસના પ્રમુખ અને મુખ્ય કાર્યકર્તાઓ અને ગાંધી સ્મારક નિધિના સંચાલક તથા સર્વોદય મંડળના કાર્યકર્તાઓ હરિજન સેવક સંઘના મંત્રી એમ જુદા જુદા સ્તરના કાર્યકર્તાઓને અમો મળ્યા હતા. આ બધાની જાત તપાસ પરથી અમોને સંપૂર્ણ ખાત્રી થઈ છે કે:–

બિહારમાં સન ૧૮૯૪ પછી આ ભયંકરમાં ભયંકર દુષ્કાળ છે.

ગંગાજીની દક્ષિણમાં આવેલા ૧૪ જિલ્લાઓમાં દુષ્કાળે કારમો પંજો પસાર્યો છે.

ઉત્તર બિહારમાં છેલ્લો વરસાદ થયો છે, પણ દક્ષિણ બિહારમાં વરસાદ નજીવો થયો હોવાથી રવી પાકને કહી શકાય તેવો કાંઈ લાભ થયો નથી.

અમે જે ગામડાંઓ જોયાં તેમાં ખેતમજૂરો અને નાની જમીનવાળા ખેડૂતોની ૫૦ ટકા વસતી એવી છે કે જેને બે વખત ખાવાના સાંસા પડે છે.

આદિવાસી અને હરિજનોની વસતિવાળા ગામોમાં એવા ઘણાં કુટુંબો જોયા કે જેને હલકી જાતનું અનાજ પણ ન મળવાથી ભાજીપાલો અને કંદ મૂળમાં થોડોક લોટ ભેળવીને પેટ ભરે છે.

જ્યાં ખાવાના સાંસા હોય ત્યાં કપડાંની વાત જ શી કરવી? બિહારમાં દિલ્હી જેવી કડકડતી ઠંડી પડે છે. તેમાંય નેપાલની તળેટીઓમાં જમુઈ તથા મોંઘિર વિભાગમાં અસહ્ય ઠંડી પડે છે. અમારા પ્રવાસમાં પાંચ-સાત ભુખમરાને લીધે મરણ પામ્યાની હકીકતો અમોને મળી હતી. તે ઠંડીના કારણે કે વૃદ્ધાવસ્થાને કારણે કે ભૂખમરાને કારણે તેની ચોકસાઈ કરવામાં અમો ઉતર્યા ન હતા.

બિહાર સેન્ટ્રલ રીલીફ કમિટીને વડા પ્રધાનના ફંડમાંથી પાંચ લાખ રૂપિયા, તાતા કંપની તરફથી ૪ લાખ રૂપિયા અને પોપ તરફથી એક લાખ રૂપિયા અને ચારેક લાખ રૂપિયા ઑકસ ફામ તરફથી, અને દોઢેક લાખ રૂપિયા જનતા તરફથી બિહાર રીલીફ કમિટીને મળ્યા છે.

ઉપલા ફંડમાંથી હાલ તાત્કાલિક સો અન્નક્ષેત્રોની યોજના છે જેથી દરેક જિલ્લામાં પાંચસો - પાંચસો માણસોનાં ખાસ કરીને બાળકો, અશકતો અને વૃદ્ધો તથા ગર્ભવતી બહેનોને આ રસોડામાં એક વખત ભોજન આપવામાં આવશે. આ રસોડાનો સરેરાશ ભોજન ખર્ચ માસિક રૂપિયા છ હજાર થશે. આવાં રસોડાં આઠ માસ સતત ચલાવવાની જરૂર રહેશે, એટલે પચાસ હજાર રૂપિયાનો એક રસોડામાં ખર્ચ થશે. એવાં સો રસોડાં એટલે ૫૦ લાખ રૂપિયા ખર્ચ થશે. જનતા તરફથી અને પરદેશ તરફથી આ મદદ મળી રહેશે એવી આશા અને શ્રદ્ધા છે.

આ ઉપરાંત ભારત સેવક સમાજ ક્રિશ્ચિયન રીલીફ એસોસીએશન, અમેરિકન અને જર્મન મીશનરીઓ પણ તેમની અનુકૂળતા પ્રમાણે ઠેરઠેર રસોડાં ખોલવાનાં છે.

બિહાર રીલીફ કમિટી તરફથી તથા જર્મન મીશન તરફથી ચાલતા ત્રણ રસોડાની મુલાકાત અમે લીધી હતી. તેમાં શ્રીમંતો અને મહાજનો ચલાવવામાં સક્રિય સાથ આપી રહ્યા છે.

ડાલટનગંજ, હજારીબાગ, છત્રા, શાહબાગમાં ચાલતી કૉલેજોમાં વિદ્યાર્થીઓ પોતાનું ભોજન ખર્ચ નહીં આપી શકવાથી પચ્ચીસથી ત્રીસ ટકા વિદ્યાર્થીઓને કૉલેજ છોડવી પડી છે તેમ કૉલેજના પ્રિન્સીપાલો પાસેથી જાણવા મળ્યું. જ્યાં ભોજન ખર્ચ પણ ન આપી શકાતું હોય ત્યાં ફી તો કયાંથી આપી શકે? અને આ ફી ન મળવાને કારણે કૉલેજના કર્મચારીઓને પગાર આપી શકાતા નથી. એટલે સંભવ છે કે સ્થાનિક કૉલેજો પણ બંધ થાય.

અમારા પ્રવાસ દરમ્યાન મુજફરનગરની કૉલેજમાં પ્રોફેસરો અને વિદ્યાર્થીઓની તંગદીલીના કારણે ગોળીબારથી મરણ થયા હતા અને આખા બિહારની કૉલેજો બંધ કરવાના સરકારે હુકમો કાઢયા હતા. આ વિદ્યાર્થીઓની હિંસક ચળવળ કયાં અટકશે તે કહેવું મુશ્કેલ છે.

ગામડાંઓમાં રેશનીંગની દુકાનો હમણાં હમણાં શરૂ થઈ છે. ત્યાં રેશન નિયમિત અઠવાડિયે મળતું નથી અને જ્યાં મળે છે ત્યાં થોડા ઘણાંને તે પણ માત્ર ચાર આંઉસ અને તેમાંય હલકી જુવાર અને હલકા ઘઉ મળતા હતા. તેમાં બે આંઉસનો વધારો કરાવી આપ્યો હતો. આટલું અનાજ મેળવવા માટે ત્રણ ચાર માઈલ દૂરથી માણસોની કતાર બંધાતી હતી અને એક દુકાનદાર પાસે માલ ખૂટી જવાને કારણે કે બીજા કારણે લોકોમાં અસંતોષ અમે નજરે નિહાળ્યો હતો.

બિહાર કમિટી તરફથી ત્રીસ હજાર ચડ્ડી અને પહેરણ બાળકોને વહેંચવાનો પ્રબંધ થઈ રહ્યો છે.

બિહારમાં ૧૭ જિલ્લામાંથી ૧૪ જિલ્લામાં દુષ્કાળ છે. બિહારની સાડા પાંચ કરોડની વસ્તીમાંથી ત્રણ કરોડની વસ્તી દુષ્કાળના પંજામાં ફસાયેલી છે. તેમાં ખાસ કરીને શાહબાગ, ગયા, હજારીબાગ, પલામુ અને પટનાનો અમુક ભાગ અને મોંઘીર જિલ્લો વધારે દુષ્કાળગ્રસ્ત છે.

બિહાર રીલીફ કમિટીને દરેક જિલ્લામાં મુખ્ય કાર્યકર્તાઓ તરીકે સર્વોદય મંડળના, બિહાર ખાદી ગ્રામોદ્યોગ સંઘના મુખ્ય કાર્યકર્તાઓને મુખ્ય એજન્ટ તરીકે નિમ્યા છે. એમની સલાહ સૂચના પ્રમાણે જિલ્લામાં રાહતનાં કામકાજ ચાલે છે.

દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં કલેકટરના રીપોર્ટ પ્રમાણે બેથી ત્રણ કરોડ રૂપિયા સરકાર તરફથી રાહત કામોમાં વપરાશે એવી યોજનાઓ

થઈ છે. અને તેમાંથી મુખ્યત્વે કરીને રસ્તાઓ કરવા, બંધ બાંધવા અને કાચા કુવા કરાવવાનું કામ મોટે પાયે શરૂ થઈ ગયું છે.

અત્યાર સુધીમાં બેથી અઢી લાખ કાચા કૂવા દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં થઈ ગયા છે. અમે પલામું જિલ્લામાં ફરતા હતા ત્યારે દરેક ખેતરમાં એક એક કાચો કૂવો થયો હોય અથવા થઈ રહ્યો હોય એવું માઈલોના માઈલો સુધી જોયું હતું. એક કાચા કૂવાનું ખર્ચ સો રૂપિયા થવા જાય છે. સરકાર તરફથી આવા કૂવા માટે પચ્ચીસેક રૂપિયા રાહત તરીકે અપાય છે.

બિહાર ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ તરફથી એકસો ખાદી ઉત્પાદન કેન્દ્રો દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં શરૂ કરવાના છે. તેમાં એક કેન્દ્રમાં પાંચસો સુધી કિસાન ચક્ર ચાલશે અને ત્યાં નવા શિખનારને રોજના પચાસ પૈસા પ્રમાણે વધુમાં વધુ પંદર દિવસ સુધી મદદ મળશે અને તે બાદ એક હજાર મીટરની આંટી ઉપર ૨૨ પૈસા સરકાર તરફથી ઘેરબેઠાં અશક્તને કામ મળે એ દૃષ્ટિએ રાહતના આપવામાં આવશે. એટલે એક આંટીના લગભગ છપ્પન પૈસા મળશે. આ દુષ્કાળમાં તૈયાર થયેલ ખાદી સરકાર ખરીદી લેશે એમ શ્રી ધ્વજાબાબુ પાસેથી જાણવા મળ્યું.

બિહારના આ પ્રવાસ દરમિયાન ત્યાંની પરિસ્થિતિનો અભ્યાસ થયો, એ પરથી લાગે છે કે ત્યાં આ વર્ષે ભયંકર દુષ્કાળ ઉતર્યો છે. આવા કપરા કાળમાં આપણે માત્ર આપણો જ વિચાર કરીને કેમ બેસી રહી શકીએ? સંકટનિવારણનું કામ માનવતાનું કામ છે.

ગુજરાત સર્વોદય મંડળ અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ જેવી રચનાત્મક સંસ્થાઓ રાહત – કાર્ય ઉપાડી રહી છે. લાખો માણસોને દુષ્કાળના ચોળામાંથી ઉગારી લેવાનું એક ભગીરથ કાર્ય આપણી આગળ પડ્યું છે. તન, મન, ધનથી આપણા સંકટગ્રસ્ત દેશબંધુઓની વહાર દોડી જવું એ આપણો પવિત્ર ધર્મ છે.

(સર્વોદય પ્રેસ સર્વિસ તરફથી મળેલું.) છગનલાલ જોશી

ગોવધ–બંધી અંગે વિનોબા

મેં દસ વર્ષ પહેલાં કહ્યું હતું કે ભારતમાં ગોવધબંધી થવી જોઈએ. ભારતની જનતાનો એ મેન્ડેટ – આદેશ છે. સરકારની મુસીબત એ છે કે આજે તેની સામે અનેક કઠણ સમસ્યાઓ ઉભી થઈ છે. દેશમાં અનાજની અછત છે એટલે ઘાસચારાની છે. ધારો કે સારી ને નબળી બધી ગાય ઘાસ ખાય, તો જે સારી ગાયો છે તેમને ઓછું ઘાસ મળશે અને તેઓ પણ ખરાબ થતી જશે. હવે તેમાં જે નબળી ગાયો છે, એમને ખવડાવવું હોય તો ગો-સદન હોવાં જોઈએ. એમના છાણ-મૂત્રનું સારી રીતે ખાતર બનાવવાની યોજના થવી જોઈએ. ગાયના મરણ પછી તેનાં હાડકાં – ચામડાને યે ઉપયોગ થવો જોઈએ. ગો – સદન સારુ ઠેર – ઠેરથી મદદ મળવી જોઈએ અને વેપારી લોકોએ તે કામમાં મદદ કરવી જોઈએ. આવું કશું થાય નહીં, અને માની લો કે ગોવધ-બંધીનો કાયદો થઈ જાય, તો નબળી ગાયને કોઈ ખરીદશે નહીં અને ખેડૂત પણ એને ખવડાવશે નહીં, અને છેવટે તે ગાય ખાધા વિના મરી જશે. આપણે રોજ જોતા રહીશું કે ગાય ક્ષીણ થતી જાય છે. તમે એને ખોરાક નથી આપતા અને તે મરે છે.

આજે દુનિયાભરની સામે આ સવાલ છે. માણસને જો ખાવાનું ન મળે કે થોડું મળે, તો તે આત્મ – ચિંતન કરી શકે છે. નામ – સ્મરણ, ધ્યાન – ધારણા વગેરેનો આશ્રય તેને મળે છે. એમ કરતાં-કરતાં તે ક્ષીણ થતો જાય તોયે ચાલે છે. પરંતુ ગાયને જો ખાવાનું નહીં આપો તો રોજ તે આપણને અભિશાપ આપશે. તેથી તેના દુઃખરહિત મૃત્યુની યોજના થાય, જે જાનવરો બોજારૂપ છે, જેમને આપણે ખવડાવી નથી શકતા, એમને દુઃખહીન મૃત્યુદાન આપવામાં આવે કે પછી એમને આપણી નજર સામે તરફડી-તરફડીને મરવા દેવાય? આવો સવાલ જો આપણી સામે ઊભો થાય, તો નિર્ણય કરવો આકરો પડે છે. સરકારનીયે આ જ મુશ્કેલી છે.

આજે હિન્દુસ્તાનમાં અનાજનો દુકાળ છે, કેટલાક લોકો ગાય, સૂવર, બકરીને ખાય છે, હિંદુઓને બકરી પર દયા નથી આવતી, પણ ગાય પર સ્પેશિયલ – વિશેષ દયા આવે છે, ત્યારે ચિંતન કરનારા કહે કે "ગાય માટે ખાસ દયા કેમ રાખો છો. બકરી માટે કેમ નહીં?" બકરી દૂધ આપે છે અને બકરો કોઈ કામ નથી આવતો. તેથી બકરાનું બલિદાન આપે છે. પરંતુ ગાય તો દૂધ પણ આપે છે અને તેનો બળદ ખેતીના ઉપયોગમાંયે આવે છે. તેથી ગાયનો બોજો સમાજે ઉપાડ્યો, કેમકે આર્થિક દૃષ્ટિએ તે મદદગાર થઈ શકે છે.

કેટલાક લોકો માંસાહાર કરે છે અને શક્તિદેવી સામે બલિદાન ચઢાવે છે. મેં તો તેનો વિરોધ કર્યો હતો કે આવું બલિદાન ન ચઢાવવું જોઈએ, તેનાથી કેટલાક નારાજ થયા. હજીયે તે બંધ નથી થયું અને આજેય ચાલે છે. હવે ધારો કે બકરી ખાવાનું બંધ કરીએ, તો બકરી અનાજ ને ઘાસ આશે, અને તમને તકલીફ આપશે. તમે પણ જીવો અને બકરી પણ જીવે, એટલો ખોરાક આપણી પાસે છે નહીં. તેથી બકરીને મારવાથી થોડો ખોરાક બચી જાય છે, જ્યારે માણસ પાસે ખાવા સારું અન્ન ન હોય, ત્યારે પણ ગાયનું માંસ ન ખાવું એવો નિર્ણય તટસ્થ બુદ્ધિથી કરવો આકરો થઈ પડે છે.

ગાયને ખવડાવ્યા વિના ખાઈશું નહીં એમ કહેનારા હિંદુઓ કેટલા નીકળશે? પહેલાં પોતે ખાઈ લે છે અને ગાયને એમની એમ છોડી દે છે એ હાલતમાં ગો – રક્ષાની બધી જવાબદારી સરકારને માથે આવી જાય છે. તેથી સાધુ-સમાજે કહેવું જોઈએ, કે અમે ગો – રક્ષા સેવા સંસ્થા સ્થાપી છે અને ગાયના પાલન – પોષણની જવાબદારી ઉપાડીએ છીએ. ગાય અને બળદને સારાં બનાવવાં, નબળી ગાયોને ખરીદવી, એમને રક્ષણ આપવું – આ બધા માટે ઠેર ઠેર ગો-સદન ચાલે અને સરકાર ગોવધ – બંધીનો કાયદો કરે એમ બેઉ ચીજ સાથોસાથ ચાલશે, ત્યારે જ કાયદાનો ફાયદો મળશે. નહીં તો સરકાર કાયદો તો કરી નાંખશે, પણ ગાય તમારી નજર સામે તરફડી – તરફડીને મરશે.

હમણાં બિહારમાં દુકાળ છે. બહારથી જો મદદ નહીં મળે તો લોકો મરવાના છે. જ્યારે ખુદ માણસો જ મરતા હશે, ત્યારે પહેલાં ગાય માટે વિચારાશે કે માણસ માટે? રાજા દિલીપ જેવો કોઈ અસામાન્ય માણસ હશે, તો તે ગાય માટે પોતાનો દેહ આપવા તૈયાર થઈ જશે. બાકી સામાન્ય લોકો ગાયને મરવા દેશે અને પહેલાં પોતે ખાશે.

માટે સરકાર સામે સમસ્યા છે. વળી, એ તો બધા લોકોનો ખ્યાલ રાખીને વિચારે છે. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, બધાની દૃષ્ટિએ તેને વિચારવું પડે છે. હવે હિંદુઓની માગણી છે કે ગોવધ – બંધી થાય, જૈનોની માગણી છે કે બકરાવધ – બંધી થાય, અને મુસલમાનોની માગણી છે કે સૂવર વધ – બંધી થાય, સાથે જ દેશમાં અન્નસંકટ પણ છે. સરકાર સામે આ બધી સમસ્યાઓ છે.

મુસલમાનો કહે છે કે સુવરની કતલ ન થવી જોઈએ. તેઓ એમ ઈચ્છે છે કે સૂવરવધબંધી થાય. પણ બીજા કેટલાક લોકો સૂવર ખાઈને જીવે છે. હમણાં જ રાંચી પાસે સૂવરના કતલખાનાનું ઉદ્‌ઘાટન બિહારના મુખ્ય પ્રધાને કર્યું. સૂવરને ખાવા માટે કોઈ જુદી ચીજ આપવાની જરૂર નથી પડતી. એ બધો ગંદવાડ ખાઈ જાય છે. એ માણસના ભંગીનું કામ કરે છે. છતાં સૂવરના માંસમાંથી જે ખોરાક મળે છે, તે પોષક છે, તેથી કેટલાક કહે છે કે સૂવરને શું કામ ન ખાઈએ? પરંતુ મુસલમાન કહે છે કે 'સૂવરને મારો છો તે અમારાથી સહન નથી થતું,' જૈન કહે છે કે 'બકરાની કતલ ખોટી છે.' આ સ્થિતિમાં સરકાર શું કરે?

મતલબ કે જે લોકોની આ પ્રકારની ભાવના હોય, એમનું જ એ કર્તવ્ય બની જાય છે કે તેઓ ગાયનું રક્ષણ કરે અને તેને માટે સરકાર પાસે માગણી ન કરે. આજે બધે ફરિયાદ થઈ રહી છે કે કરવેરા ઘણાબધા વધી ગયા છે. હવે ગાયની જવાબદારી તમે સરકાર પર સોંપશો તો સરકાર કહેશે કે અમે ગાયની જવાબદારી ઉપાડીએ છીએ અને બમણા કરવેરા નાખીએ છીએ, તો શું લોકોને એમ કબૂલ થશે? સરકાર સામે આ સવાલ છે.

મારું માનવું છે કે સાધુ-સમાજે સંસારમાં ન પડવું જોઈએ. એમણે ગાયની સંભાળ લેવી જોઈએ. ભગવાન કૃષ્ણે ગાયની સેવા કરી હતી. એવા સેવા તેઓ પણ કરે. એમ થશે તો લોકોને યે તેઓ માર્ગદર્શન આપી શકશે. લોકોને સંન્યાસીઓ અને ગાય, બંને પર શ્રદ્ધા છે, તેથી લોકો સંસ્થાને દાન આપશે. વિશેષજ્ઞ લોકો સારાં સારાં ગો-સદન બનાવે. આટલું એમના તરફથી થશે તો પછી સાધુ–સમાજ તરફથી જે માગણી થશે, તેને કંઈક મૂલ્ય પણ લાધશે.

મુજફ્ફરપુર : બિહાર : ૨૬-૧૧-૬૬. વિનોબા

પ્રકીર્ણ નોંધ

ગોવધ–બંધી અંગેના વિનોબાજીના લેખની આલોચના

તા. ૨૬-૧૨-૬૬ના 'ભૂમિપુત્ર'માં પ્રગટ થયેલ વિનોબાજીનો 'ગોવધ–બંધી અંગે' એ મથાળાનો લેખ આ અંકમાં ઉપર ઉદ્‌ધૃત કરવામાં આવ્યો છે. આ લેખમાં રહેલો પાયાનો વિચાર "ગોવંશ સંવર્ધન અર્થે ગોસદન ઠેર ઠેર ઊભા કરવામાં આવે અને સરકાર ગોવધબંધીનો કાયદો કરે એમ બેઉ ચીજો સાથોસાથ ચલાવવામાં આવે તો જ કાયદાનો ફાયદો મળશે."–આ વિચાર તા. ૧૬-૧૧-૬૬ ના 'ભૂમિપુત્ર'માં પ્રગટ થયેલ શ્રી રાધાકૃષ્ણ બજાજ પરના પત્રમાં પણ થોડા સમય પહેલાં રજુ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત લખાણમાં આ વિચારને વિનોબાજીએ વિસ્તારથી ચર્ચવાનો અને ગોવધની કાનૂનબંધી અંગે ભારત સરકારની કેવા પ્રકારની મુંઝવણ હોય તેનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ રીતે અદ્યતન પરિસ્થિતિના સંદર્ભમાં તેમનો આ પ્રયત્ન આવકારપાત્ર છે. આમ છતાં પણ તેને લગતું આ લખાણ ઘણું નબળું અને અમુક અપ્રસ્તુત બાબતોની સેળભેળથી ભરેલું લાગે છે અને નિરૂપણ પણ કાંઈક અસ્તવ્યસ્ત જણાય છે અને તેથી આ લખાણ વિનોબાજીનું છે કે કેમ એવો પ્રશ્ન મન સાથે અથડાયા જ કરે છે. આટલું જણાવીને હવે આ લેખને આપણે જરા વિગતથી તપાસીએ.

આ લેખની અંદર એમ જણાવવામાં આવ્યું છે કે, "હિંદુઓની માગણી છે કે ગોવધ-બંધી થાય, જૈનોની માગણી છે કે બકરાવધ-બંધી થાય, અને મુસલમાનોની માગણી છે કે સૂવરવધ-બંધી થાય. આમ આ ત્રણ માગણીઓને વિનોબાજી સમાન કક્ષા ઉપર મૂકે છે તેમાં અત્યુક્તિ થતી હોય એમ લાગે છે. હિંદુઓ ગોવધ-બંધી માગી રહ્યા છે તે તો આજે છેલ્લા ત્રણ ચાર માસથી ચાલી રહેલા ગોવધ-બંધી અંગેના ઉગ્ર આન્દોલન અને તેના સંદર્ભમાં ધર્મગુરુઓના ચાલી રહેલા નિયત યા અનિયત મુદતના ઉપવાસો ઉપરથી સ્વતઃ સિદ્ધ છે.

પણ આવું જ કોઈ આન્દોલન બકરાવધ-બંધી અંગે આજના જૈનો ચલાવી રહ્યા નથી. અલબત્ત, બકરાની કતલ બંધ થાય તો-થઈ શકે તો–એવી બંધીને જૈનો જરૂર આવકારે, પણ આજની વાસ્તવિકતામાં આ શક્ય નથી એ જૈનો બરોબર સમજે છે અને તેથી તેઓ આ બાબતમાં મોટા ભાગે મૌન સેવે છે, તેમના તરફથી આ દિશાએ કોઈ સક્રિય હીલચાલ તો છે જ નહિ.

વિનોબાજીના પ્રસ્તુત લેખમાં જણાવવામાં આવ્યું છે કે 'ચિન્તન કરનારા કહે છે કે ગાય માટે ખાસ દયા કેમ રાખો છો? બકરી માટે કેમ નહિ?" વિનોબાજી આમ જણાવે છે ત્યારે વિનોબાજીના મનમાં આ બાબત અંગે પણ વિશેષે કરીને જૈનો જ હોવા સંભવ છે. અલબત્ત, જૈન સમાજમાં કેટલાક આ રીતે જરૂર વિચાર કરતા હોય છે, પણ આપણા દેશમાં સર્વાંગી કતલની બંધી થવી શક્ય જ નથી એવી આજની વાસ્તવિકતાના સંદર્ભમાં સમાજને સવિશેષ ઉપયોગી એવા પશુઓનો વધ યા કતલ તો અટકવી જ જોઈએ અને ગાય–અથવા તો ગોવંશ–આ કોટિના પશુઓ હોઈને-તેને મુખ્યતા આપવી ઘટે, અને અન્ય કોટિના પશુઓને ગૌણતા આપવી ઘટે,–આવો વિવેક જૈનોમાંનો સામુદાયિક જવાબદારીના ખ્યાલપૂર્વક વિચારતો વર્ગ હંમેશા કરતો રહ્યો છે, અને તેથી ગોવધબંધીના વિચારને તેમનાં તરફથી પૂરેપૂરું અનુમોદન મળતું રહ્યું છે.

હવે સુવરવધ–બંધીનો વિચાર કરીએ. સુવર ગંદકી માત્ર પોતાના પેટમાં ભરતું હોઈ ને તેને મુસલમાનો અપવિત્ર પશુ તરીકે લેખે છે અને તેના માંસને તેઓ અખાદ્ય ગણે છે, પણ તેની કતલ સામે મુસલમાનોએ કદિ પણ વિરોધ કર્યો નથી. જેવી રીતે ચુસ્ત વૈષ્ણવો કંદપાત્ર ખાય છે, પણ ડુંગળી અને લસણ તેની દુર્વાસના કારણે ખાતા નથી, આવી જ રીતે મુસલમાનો સુવરનાં માંસ પ્રત્યે એક પ્રકારની ઘૃણા અનુભવે છે. "બીજા જે કોઈને સુવરનું માંસ ખાવું હોય તે ભલે ખાય, અમે મુસલમાનો સુવરનું માંસ કદિ નહિ ખાઈએ." આવું મુસલમાનોનું સુવરના માંસ અંગે વલણ છે. હિન્દુઓ ગોમાંસનાં ભક્ષણના તેમ જ ગોવધના વિરોધી છે; મુસલમાનો સુવર માંસના ભક્ષણના વિરોધી છે, સુવરના વધના નહિ. આમ પ્રત્યેકના માંસ ભક્ષણના વિરોધની ભૂમિકા એકમેકથી તદ્દન ઉલટી છે. આ બન્ને વિરોધને સમાન કક્ષા ઉપર મૂકવામાં વિનોબાજી કોઈ ગંભીર ગેરસમજુતી દાખવી રહ્યા હોય એમ લાગે છે.

પ્રશ્ન તો માત્ર ગોવધ-બંધીનો છે. એ બાબતમાં વિનોબાજી જણાવે છે અને એ તદ્દન બરોબર છે કે સરકાર ગોવધ-બંધી કરે તેટલા માત્રથી આપણે ગાયોને બચાવી શકી એ એમ નથી. તેમને પાળવા-ઉછેરવા-જીવાડવાનો-દેશવ્યાપી પુરુષાર્થ કરવામાં આવે તો જ ગોવધ-બંધી સાર્થક થઈ શકે તેમ છે. અને આ જવાબદારી વિનોબાજી સંસારથી દૂર રહેવા ઈચ્છતા અને મોટા ભાગે ઉપદેશપરાયણ એવા સાધુ સમાજ ઉપર નાંખે છે તે પણ સર્વ પ્રકારે યોગ્ય જ છે. કારણ કે સાધુ સમાજ ગોરક્ષાના એટલે કે ગોસંવર્ધનના પ્રશ્નને આજના યુગધર્મ તરીકે સ્વીકારે અને તેને પોતાની બધી શક્તિઓનો યોગ આપે તો લોકોના દાનનો પ્રવાહ તે કાર્ય તરફ અસ્ખલિતપણે વહેવા માંડશે અને એ દરમિયાન ગોવધબંધી સરકાર તરફથી થઈ ચૂકી હશે તો તેને આવા પુરુષાર્થ વડે અમલી રૂપ મળશે અને નહિ થઈ ચૂકી હોય તો તેવા કાનૂન માટે લોકોનું સંગીન પીઠબળ પેદા થશે.

આગામી ચૂંટણી અંગે આચારસંહિતા

કેન્દ્રિય ગૃહખાતાના પ્રધાન શ્રી યશવંતરાવ ચવ્હાણે, તા. ૭-૧-૬૭ના રોજ દિલ્હી ખાતે ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોના આગેવાનોની એક સભા બોલાવી હતી. આ સભાએ સમીપ આવી રહેલ ચૂંટણી–ઝુંબેશ અને મતપ્રદાન અંગે બધા રાજકીય પક્ષોને બંધનકર્તા બને એવા આઠ મુદ્દાની એક આચાર–સંહિતા નક્કી કરી હતી. આ આઠ મુદ્દા નીચે મુજબ છે :–

(૧) જુદી જુદી જાતિઓ અને કોમો–ધાર્મિક–કે ભાષાકીય-વચ્ચેના વર્તમાન મતભેદોને ઉગ્ર સ્વરૂપ આપે અગર તો એકબીજા વચ્ચે ધિક્કાર પેદા કરે અગર તો તંગદિલી સર્જે તેવી કોઈ પણ પ્રવૃત્તિમાં કોઈ પણ રાજકીય પક્ષે રાચવું નહિ.

(૨) અન્ય રાજકીય પક્ષોની ટીકા તેમની નીતિઓ અને કાર્યક્રમો, ભૂતકાળની કારકીર્દી અને કામગીરી પૂરતી જ મર્યાદિત રાખવી. બીજા પક્ષોના નેતાઓ અગર તો કાર્યકરોનાં ખાનગી જીવનનાં તમામ પાસાંઓની ટીકા કરવાથી અલબ રહેવું જરૂરી છે. વળી જેના સાચા–ખોટાપણાની ચકાસણી કરવામાં ન આવી હોય તેવા આક્ષેપોના આધારે પક્ષો કે તેમના કાર્યકરોની કશી ટીકા ન કરવી.

(૩) રાજકીય પક્ષોએ એ જોવું કે તેમના કાર્યકરો કે ટેકેદારો બીજા પક્ષોની સભાઓ, સરઘસો વગેરેમાં અવરોધ કે તોફાન ન કરે.

(૪) કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનાં પગલાં લેતી વખતે નાગરિક સ્વાતંત્ર્યો પર ગેરવાજબી અંકુશો ન લાદવામાં આવે તેવી કાળજી સરકારે રાખવી જોઈએ અને પક્ષોની સંતોષકારી ચૂંટણી-ઝુંબેશમાં દખલગીરી કરે તેવાં પગલાં સરકારે લેવાં ન જોઈએ.

(૫) કોઈ પણ સ્તર પરની રાજકીય સત્તાનો ઉપયોગ પોતાના પક્ષના સભ્યોનાં ચૂંટણીવિષયક હિતોને આગળ ધપાવવા માટે અગર તો અન્ય પક્ષોના સભ્યોનાં આવાં હિતોને હાનિ કરવા માટે ન કરવો જોઈએ. શાસનકર્તા પક્ષે પોતાની ચૂંટણી-ઝુંબેશને આગળ ધપાવવા માટે પોતાના સત્તાવાર સ્થાનનો ઉપયોગ કર્યો છે એવી ફરિયાદ કરવાનું કારણ ઊભું ન થાય તેવું શાસનકર્તા પક્ષે ચોક્કસપણે કરવું જોઈએ.

(૬) મતો મેળવવા માટે જ્ઞાતિવિષયક અગર તો કોમવાદી લાગણીઓને અપીલ કરવી નહિ.

(૭) મતદાન શાંતિમય અને વ્યવસ્થિત રીતે થાય તેવું કરવા

માટે તેમ જ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવાનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવી શકે તે માટે તમામ પક્ષોએ ચૂંટણી અંગેની ફરજો બજાવતા અધિકારીઓને સહકાર આપવો.

(૮) ચૂંટણી અંગેના ધારા હેઠળ જે પ્રવૃત્તિઓ ગુનો ગણાય તેવી પ્રવૃત્તિઓથી તમામ પક્ષોએ અળગા જ રહેવું.

આ સભામાં પ્રજા સોશિયાલિસ્ટ પાર્ટીના આગેવાન શ્રી એન. જી. ગોરે તથા શ્રી મુલ્ક ગોવિંદ રેડ્ડીએ, જનસંઘના આગેવાન શ્રી. યુ. એમ. ત્રિવેદીએ તથા સ્વાતંત્ર સભ્ય તરીકે શ્રી પ્રકાશવીર શાસ્ત્રીએ ભાગ લીધો હતો અને ઉપર જણાવેલ આચારસંહિતાને અનુમત કરી હતી. મુસ્લીમ લીગે આ સભા જે કાંઈ નિયમો નક્કી કરે તે સ્વીકારવાની બાંહ્યધરી આપી હતી. સ્વતંત્ર પાર્ટીના પ્રતિનિધિ તરીકે શ્રી ડાહ્યાભાઈ વલ્લભભાઈ પટેલ ભાગ લેશે એમ તે પક્ષ તરફથી જણાવવામાં આવ્યું હતું, પણ અનિવાર્ય કારણસર તેઓ ઉપસ્થિત થઈ શકયા નહોતા. માત્ર જમણેરી તથા ડાબેરી સામ્યવાદી પક્ષ, સંયુકત સોશિયાલિસ્ટ પક્ષ તથા દ્રાવીડ મુનેત્ર કઝગમ—આ ચાર પક્ષ તરફથી પ્રસ્તુત સભાના નિયંત્રણ અંગે કશો જવાબ આપવામાં આવ્યો ન હતો.

આ સભામાં હાજર રહેલા રાજકારણી આગેવાનોને શ્રી ચવ્હાણે ખાત્રી આપી હતી કે "કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પગલાં ભરતાં સરકાર એ બાબતની પૂરી કાળજી રાખશે કે લોકોના નાગરિક સ્વાતંત્ર્ય ઉપર કોઈ પણ પ્રકારનું અણઘટતું નિયંત્રણ મૂકવામાં ન આવે, અને સરકાર એવું કોઈ પગલું નહિ ભરે કે જેથી ભિન્ન ભિન્ન પક્ષોને પૂરતો ચૂંટણી પ્રચાર કરવામાં જરા પણ દખલગીરી થવા પામે." તેમણે સાથે સાથે એ બાબતની પણ ખાત્રી આપી હતી કે "પોતાના ચૂંટણી—પ્રચારને વેગ આપવા માટે સરકારે પોતાના સત્તાસ્થાનનો ઉપયોગ કર્યો હતો એવી ફરિયાદ કરવાને પણ શાસક પક્ષ તરફથી કશું પણ કારણ આપવામાં નહિ આવે."

આ ઉપરાંત સરકારી તંત્રની તટસ્થતા વિષે શંકા તથા પ્રચારકાર્યમાં બળજબરી અથવા તો અવિહિત ઉપાયોનો ઉપયોગ થવાની શંકા—આ બે શંકાઓના નિવારણ અર્થે મદ્રાસના મુખ્ય પ્રધાને શાસક કૉંગ્રેસ પક્ષ વતી ચૂંટણીમાં ભાગ લેતા તમામ પક્ષોના પ્રતિનિધિઓની પરિષદ બોલાવી હતી અને તેમાં ઠરાવ્યું હતું કે, કોઈએ ધાર્મિક કે કોમી પ્રચારનો આશરો ન લેવો, એવી લાગણીઓ છંછેડાય તેવું કશું બોલવું કે કરવું નહિ, પ્રચારસભા માટે ધાર્મિક સ્થળોનો આશ્રય લેવો નહિ, ટીકાઓ વ્યકિતઓની નહિ પણ પક્ષમત, નીતિઓ અને કાર્યક્રમોની કરવી, ચૂંટણી કાર્યમાં શાસક પક્ષે સરકારી સાધનો અને સગવડોનો ઉપયોગ કરવો નહિ, સરકારી અમલદારોને ચૂંટણી કાર્યથી અલિપ્ત રહેવાનો આદેશ આપવો અને આ સરતોનું ઉલ્લંઘન ન થાય એ માટે એક સર્વપક્ષીય સમિતિ મુખ્યપ્રધાનના પ્રમુખપદે નીમવી.

માથે ચૂંટણી આવી રહી છે એ પ્રસંગે આ પ્રકારની આચારસંહિતાની જાહેરાત અત્યન્ત આવશ્યક છે અને વખતસરની છે. મદ્રાસ રાજયના મુખ્ય પ્રધાને કરેલો આ દિશાનો પ્રયત્ન પણ ઓટલો જ આવકારપાત્ર છે. જેમ પરસ્પર પૂરી સભ્યતા દાખવતો સમાજ હોળીના દિવસોમાં સભ્યતા અંગેનો બધો વિવેક ભૂલી જાય છે અને અપશબ્દોના પ્રવાહને વહેતો કરે છે તેવું જ કાંઈક આપણે ત્યાં દર પાંચ વર્ષે યોજાતી ચૂંટણીઓમાં બનતું જોવામાં આવે છે. પોતા માટે—પોતાના પક્ષ માટે—મતો મેળવવાના હેતુથી ઉમેદવારો ફાવે તેવાં મલીન સાધનોનો અને પ્રતિપક્ષી પ્રત્યે ગાળાગાળી સુધીની નિંદાનો સત્તા પ્રાપ્તિના ઉમેદવારો છૂટથી ઉપયોગ કરે છે અને એ જ આશયથી માનવી મનનાં સંકુચિત વલણોને, કોમવાદને, જ્ઞાતિવાદને અને ધર્મઝનુનને બહેલાવવામાં આવે છે અને આ રીતે ચૂંટણીના દિવસોમાં ભારે ગંદવાડભર્યું વાતાવરણ સરજાય છે, અનર્ગળ ધન વેરીને ઉઘાડે છોગે લોકોના મતો ખરીદાય છે અને લોકશાહીને હાંસીપાત્ર બનાવાય છે. ચૂંટણી આવે છે અને જાય છે, પણ આ મલીન સંસ્કારો લોકજીવનને લાંબા વખત માટે કલુષિત કરે છે. લોકશાહીને આ દુર્દશામાંથી ઉગારવી જોઈએ અને એ માટે—પ્રજાજીવનના સ્વાસ્થય માટે—આગામી ચૂંટણીપ્રચારમાં ઉપર જણાવેલી આચાર—સંહિતાનું શબ્દશ: પાલન અત્યન્ત જરૂરી છે. આપણે આશા રાખીએ જે પક્ષોએ આ પ્રકારના નિયમનને સંમતિ આપી છે તે પક્ષોના ઉમેદવારો આ નિયમનને પૂરા વફાદાર રહે અને એ રીતે ચૂંટણીની સમગ્ર પ્રક્રિયાને ઊંચા નૈતિક સ્તર ઉપર સુપ્રતિષ્ઠિત કરે.

દક્ષિણામૂર્તિ બાળમંદિરના આચાર્ય
શ્રી નરેન્દ્ર બધેકાનું અકાળ અવસાન

જાન્યુઆરી માસની છઠ્ઠી તારીખે હૃદય રોગના હુમલાના પરિણામે ભાઈ નરેન્દ્ર બધેકાનું બહુ નાની ઉંમરે એકાએક અવસાન થયું છે. નૂતન બાળશિક્ષણના વિધાતા શ્રી ગિજુભાઈના તે એકના એક પુત્ર થાય. ભાઈ નરેન્દ્ર નજીકના વર્તુળમાં બચુભાઈના નામથી ઓળખાતા. ગીજુભાઈએ શિક્ષણના પ્રદેશમાં પ્રવેશ કર્યો તે પહેલાં તેઓ સુરેન્દ્રનગરમાં વકીલાત કરતા હતા. તે સમયથી તેમના નિકટ પરિચયમાં આવવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. ભાઈ બચુના જન્મે તેમને બાલશિક્ષણના પ્રશ્ન અંગે ઊંડાણથી વિચાર કરતા કરેલા. ચાલુ શિક્ષણપદ્ધતિ બાળકોને દમદાટીથી ભણાવવાના—કેળવવાના ખ્યાલ ઉપર આધારિત હતી. બાલવિકાસમાં આ ખ્યાલો કેટલા ભૂલભરેલા અને બાળવિકાસને કુંઠિત કરનારા છે તેનું તેમને મોન્ટેસરી પદ્ધતિનાં પુસ્તકો વાંચવાના પરિણામે વધારેને વધારે સચોટ ભાન થવા લાગ્યું અને એ સમયના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં તેમણે મોન્ટેસરી પદ્ધતિ અનુસાર શિક્ષણ આપવાના હેતુથી બાળ મંદિરની શરૂઆત કરી. સમય જતાં આ તેમના વિચારોનો કેવો ફેલાવો થયો અને એ પદ્ધતિમાં રહેલા પાયાના ખ્યાલો આખા દેશમાં આજે કેવા સર્વસ્વીકૃત બન્યા છે એ બાળશિક્ષણનો છેલ્લા પચ્ચાસ વર્ષોનો ઈતિહાસ જાણનાર સૌ કોઈને સુપરિચિત છે. આ એ શિક્ષણપદ્ધતિનો સૌથી પ્રથમ લાભ પામનાર બાળસમુદાયમાં બચુભાઈ એક હતા. તેનો અભ્યાસ આગળ વધતો ગયો, ઉચ્ચ અભ્યાસ તેમણે શાન્તિનિકેતનમાં કર્યો અને પછી પિતાની સાથે દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં એક શિક્ષકકાર્યકર તરીકે તેઓ જોડાઈ ગયા. ગિજુભાઈનું અવસાન થતાં તેઓ એજ બાલમંદિરના આચાર્યસ્થાને આવ્યા અને જીંદગીના અન્ત સુધી એ જ કાર્યમાં તેઓ પ્રવૃત્ત રહ્યા.

બચુભાઈ અથવા તો ભાઈ નરેન્દ્રનું લગ્ન જાણીતાં ગાંધીવાદી શ્રી છગનલાલ જોષીનાં પુત્રી વિમળાબહેન સાથે થયેલાં. એમને અમે વિમુબહેનના નામથી ઓળખીએ છીએ. આ વિમુબહેન પણ ભાઈ નરેન્દ્ર સાથે દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં વર્ષોથી કામ કરી રહ્યા હતા. આ યુગલ એક સરખા તાન અને તમન્નાથી પ્રસ્તુત શિક્ષણપ્રવૃત્તિમાં ઓતપ્રોત હતું, વિધાતાએ આવી વિરલ જોડીને ખંડિત કરી છે. વિમુબહેને જીવનનો સાથી ગુમાવેલ છે.

ભાઈ નરેન્દ્રનાં માતા જડીબહેન આજે હયાત છે. તેમના માટે આ એક મોટી કરુણ ઘટના બની છે. આવા નામી પુત્રની આમ નીપજેલી એકાએક વિદાય તેમના માટે અસહ્ય લેખાય. વિમુબહેન, જડીબહેન તેમ જ પોતાની પુત્રીને પ્રાપ્ત થયેલા કમનસીબ વૈધવ્યના સાક્ષી બનેલા શ્રી છગનભાઈ જોષી—આ ત્રણે આપણ સર્વની હાર્દિક સહાનુભૂતિના પાત્ર બને છે. પિતાના વારસાને જીવનના અન્ત સુધી એક સરખો જેણે દીપાવ્યો છે એવા ભાઈ નરેન્દ્ર પોતાને ધન્ય કરી ગયા છે, અનેકને પ્રેરણા આપે તેવી એક ઉજ્જવળ કારકીર્દિનું તેઓ સ્મરણ મૂકી ગયા છે. એ આત્માજ્યોતને આપણા પ્રણામ હો!

પરમાનંદ

☆ 'મહાપ્રસ્થાન'ના પથ પર—૧૯ ☆

પથના સાથી નમું વારંવાર,
પથિક જનના લેજો નમસ્કાર.
હવે વિદાય, જે જે ભૂલ કરી રે હો, દિનશેષના પતિ,
ભાંગ્યાગૃહના લેજો નમસ્કાર,
રે હો નવપ્રભાત જ્યોતિ,
રે હો ચિરદિનની ગતિ,
નૂતન આશાના લેજો નમસ્કાર.
જીવનરથના હે સારથિ, હું તો હંમેશનો છું પથી,
યાત્રીના આ લેજો નમસ્કાર.

ત્રણ દિવસ રહીને જેઠ શુદ પૂનમની સવારે અમે બધાએ આખરી વિદાય લઈને અને વન્દન કરીને. પુણ્યસંચય કરીને પરિતૃપ્ત મનથી રવાના થયા. લથડી ગયેલી તબિયત અને લુપ્ત થયેલી શકિત જાણે કોઈ મંત્રની શકિતથી ફરી પાછાં આવ્યાં હતાં. નૂતન ઉત્સાહ ને નવી પ્રેરણા, સતેજ પ્રાણધારા, એ બધાથી જે સ્વસ્થતા ને સહજ-સ્થિતિનો મેં તે દિવસે અનુભવ કર્યો તેવો કદિયે મને થયો નહોતો. મારી ખરાબ તબિયત, ખેદ વગેરે હું બદરીનાથ રાખી આવ્યો. સ્ફૂર્તિ-મય શરીર, ઉલ્લસિત મન, ચાલવાની શકિતવાળા બે પગ, લોહીનો ઉછાળ, અને એક અપરિસીમ પ્રાણલીલા લઈને હું બધાની જોડે ચાલતો હતો. મારો નવો જન્મ થયો હતો. સવારના પહોરમાં ઝોળો ખાંધ પર નાંખીને લાઠી હલાવતો હલાવતો જાણે દોડતો દોડતો હું ચાલતો હતો. બે કલાકમાં તો હનુમાનચટ્ટી આવ્યો, ને બપોરે આવ્યો પાંડુકેશ્વર. સાંજના તો વિષ્ણુપ્રયાગ ને જોશીમઠ વટાવીને હું સીધો સિંહદ્વારે આવી પહોંચ્યો. રાતે સૂતી વખતે મેં હિસાબ કરીને જોયું તો તે દિવસે હું ઓગણીશ માઈલ ચાલ્યો હતો. મારા પગમાં અસીમ શકિત આવી ગઈ હતી. પરિચિત રસ્તો હતો. કઈ તરફ શું આવ્યું છે તે હું જાણતો હતો. હમણાં તો મારે તરત લાલસાંગા તરફ ફરવાનું હતું, ને ત્યાંથી નવે રસ્તે કર્ણપ્રયાગ જવાનું નક્કી કર્યું હતું. બધાને હવે ઉતાવળ હતી. તીર્થયાત્રા પૂરી થઈ ગઈ હતી, હવે પહાડી પ્રદેશ અકળાવતો હતો. હવે દશ અગિયાર દિવસ ચાલીએ ત્યારે ટ્રેનમાં બેસાશે. સમતલ જમીન જોવાને બધાનાં મન આકળાં બની ગયાં હતાં. હવે તો અમે બપોરનું ભોજન ક્યાં લઈશું, ને ક્યાં રાતવાસો કરીશું એ બધું નક્કી કરી શકતા હતા, કારણકે આખા રસ્તાનો ખ્યાલ અમને આવી ગયો હતો. બીજે દિવસે અમે ગરૂડગંગામાં રાત વીતાવી, સિંહદ્વારથી ગરૂડ-ગંગા સોળ માઈલ હતી. બીજે દિવસે બપોરે બાબલા ચટ્ટી પહોંચ્યા, ખાઈ કરીને પાછા ચાલવા લાગ્યા ને બપોરે લાલસાંગા આવી પહોંચ્યા. ત્રણ દિવસ ચાલીને હવે અમે થાકનો અનુભવ કરતા હતા. ચાલતાં ચાલતાં પાછા કાને જાણે તાળાં લાગી ગયાં હતાં, મન ઉદાસ બની ગયું હતું, ને સ્મરણશકિત ઓછી થઈ ગઈ હતી. જે હોય તે. ઘણી તપાસ કરીને નિર્મળાએ પોતાનું પેલું ફ્રાન્સ પાછું મેળવી લીધું હતું. સાંજ પડવાને હજી થોડી વાર હતી. એથી લાલસાંગા રોકાયા વિના પાછું ચાલવાનું શરૂ કર્યું. હવે અમે નવો રસ્તો લીધો હતો, એ રસ્તો હરદ્વારથી કર્ણપ્રયાગ થઈને અહીં આવતો હતો. નવે રસ્તે અમે બે માઈલ ગયા ને તે દિવસની યાત્રા પૂરી કરી કુબેર ચટ્ટીમાં રાત-વાસો કર્યો. ત્રણ દિવસમાં અમે પચાસ માઈલનો રસ્તો કાપ્યો હતો.

સવારના પહોરમાં પાછી યાત્રા શરૂ કરી, થોડો રસ્તો કાપીને આરામ લેવો, ગોપાળદાની તમાકુ ખાવી, અફીણ લેવું, ને પાછા ચાલ-વાનું. ડોશીઓમાંથી બેએક જણ સિવાય બધા જ કંડીમાં આવતાં હતાં. ને કંડીવાળા એકની પાછળ એક એમ હારમાં ચાલતા હતા. સવારમાં અમે શ્રીનંદપ્રયાગ આવ્યા. અહીં નન્દા ને અલકાનંદાનો સંગમ હતો. એવી કથા છે કે, પુરાણકાળમાં નન્દરાજાએ અહીં યજ્ઞ કર્યો હતો. શહેર તો ઘણું નાનું છે. અહીંથી ગરુડ જવાનો નવો રસ્તો શરૂ થાય છે. નંદપ્રયાગમાં મહેશાનંદ શર્માની દુકાનમાંથી થોડાં હિમાલયનાં ચિત્રો ખરીદ્યાં. આ દુકાન ઉત્તમ પ્રકારના શિલાજીત માટે વખણાય છે. ઠંડી ઓછી થઈ ગઈ હતી, ને હવે તો સખ્ત તાપ પડતો હતો. કયારેક એક પહાડ ઊતરીને બીજે પહાડ ચઢવો પડતો તો કયારેક એક પહાડપરથી બીજા પહાડ પર જતા. હજી રસ્તો ઘણો બાકી હતો. બપોરના સોનલ ચટ્ટી આવી પહોંચ્યા. ને સાંજે તો જયકંડીમાં જઈ પહોંચ્યા. વચમાં લંગાસુ ચટ્ટી હતી.

બીજે દિવસે લગભગ નવ વાગે કર્ણપ્રયાગની લગોલગ આવી પહોંચ્યો. સામે જ પથ્થરોમાંથી વહેતી વિશાળ નદી હતી. ત્યાં પિંડરગંગા ને અલકનંદાનો સંગમ હતો. પુરાણમાં કથા છે કે આ નદીને તીરે, પર્વતની પાસે એક વાર કુંતીપુત્ર કર્ણે એના પિતા સૂર્યદેવનાં દર્શન કરેલાં. ને એની પાસે અભેદ્ય કવચ વગેરે વરદાન પ્રાપ્ત કરેલાં. નદીની પેલી તરફ દક્ષિણ તરફનો માર્ગ જાય છે રૂદ્રપ્રયાગ તરફ ને ડાબી તરફનો રસ્તો સીધો જાય છે. મહલચૌકી તરફ—અમે હવે અહીંથી અલકનંદાની વિદાય લેવાના હતા. યાત્રીઓ નદીના સંગમ આગળ પિતૃશ્રાદ્ધ કરે છે.

નદીનો પુલ પાર કર્યો કે સામે જ એક મોટું ચઢાણ જોયું. પાછા ફરવાને રસ્તે ચઢાણ જોઈને શરીરમાં જરા કંપારી ચઢી. બીજો ઉપાય નહોતો. એટલે હાંફતાં—હાંફતાં ચઢીને એક શહેરમાં આવી પહોંચ્યા. ઠીક ઠીક મોટું શહેર હતું. ચારેબાજુ મોટા મોટા પહાડો હતા. રસ્તાઓ હતા, સરકારી બંગલો, હૉસ્પિટલ, દુકાનો, બજાર, એક ખૂણામાં પણ આંખે ઊડીને વળગે એવી પોસ્ટ ઑફિસ, ને પોલીસથાણું હતું. હવાપાણી ખૂબ સરસ હતાં. ઘણી તપાસ કર્યા પછી એક ધર્મશાળામાં બીજે માળે સ્વચ્છ જગ્યા મળી. સરસ ગરમ દૂધ અને સ્વાદિષ્ટ જલેબી એ કર્ણપ્રયાગમાં મળતી બે ચીજો હતી.

રોજ પ્રમાણે રાંધી કરીને અમે જમ્યા. અહીં એક વિયોગનો પ્રસંગ ઊભો થયો. આમારા દુ:ખસુખના સાથી, આફતમાં ને ખરાબ સમયમાં આમારા અંતરંગ મિત્ર, આમારા રાહબર, છત્રીદાર અમરા-સિંહ અહીંથી અમારી વિદાય લેવાનો હતો. આજે મને મનમાં થયું કે અમરાસિંહ અમારો આત્મીય સ્વજન નહોતો, એ પર હતો. એટલે એને તો આમારાથી છૂટા પડવાનું જ રહ્યું. દેવપ્રયાગની તરફ કોઈ એક પર્વતના શિખર પર તેનું નાનુંસરખું ગામ હતું. ત્યાં એના માબાપ હતાં, ભાઈ-બહેન તથા નવવધૂ હતી. યાત્રીદલની મહેલ-ચોરીના રસ્તેથી વિદાય લેવી પડશે. મનુષ્યનો પરિચય એની જોડેના સંબંધથી થાય છે, અને એ પરિચય ઘનિષ્ઠ બનતાં એ મનુષ્ય આત્મીય બની જાય છે. દુ:ખના દિવસોમાં, મુશ્કેલીઓની વચ્ચે જેની જોડે રાત વીતાવી છે, એ આમારો મિત્ર, એ આત્મીય સ્વજન, એને છોડતાં હૃદય ફાટી જતું હતું, મનમાંથી જાણે જબરદસ્તીથી કોઈ એને દોર-ડાંથી બાંધીને ખેંચી કાઢતું હતું. અમરાસિંહે રસ્તે ચાલતા માનવી-ઓનાં હૃદય જીતી લીધાં હતાં. એ ભાગ્યશાળી હતો. વિનયી હતો.

જેની પાસે જે કાંઈ હતું, કપડું, ચાદર, પહેરણ, ટુવાલ, કામળો ને પૈસા—તે બધું ઉદારતાથી એની ઝોળીમાં ભરી દીધું. બદરીનાથને જે ન મળ્યું, તે મળ્યું આમરાસિંહને—દેવને પૂજા મળે, માણસને પ્રેમ. અમરાસિંહ આમારો ઘણો આત્મીય બની ગયો હતો, એ સ્વજનોનો પણ સ્વજન બની ગયો હતો.

યાત્રીઓને દોરવણી આપવાનો ભાર હવે મારી ઉપર આવ્યો. મારી જોડે જ્ઞાનાનંદનું દલ ચાલતું હતું. જ્ઞાનાનંદની વિષે લોકો જાતજાતની વાતો કરતા હતા. અમરાસિંહ પાસે રસ્તા સંબંધી જાત-જાતની માહિતી મેળવી, લગભગ ત્રણ વાગે અમે યાત્રા શરૂ કરી. એમ નક્કી થયું કે મારે સૌની પાછળ રહેવું. અત્યારે તો રસ્તે બહુ સખ્ત તડકો પડતો હતો.

ગાડ નદીને તીરે તીરે રસ્તો સમતલ હતો. નદીમાં ઉતરીને તરસ લાગે તો પાણી પી શકાય તેમ હતું. ધીરે ધીરે ચાલતો હતો. બધાની

પાછળ. નદીની પેલી પાર વસતી હોય એવાં ચિહ્નો હતાં. નદીનાં પાણી પર પ્રકાશ ઝળમળ થતો હતો. રસ્તો સમતલ હોવાથી ચાલવાની ઘણી સગવડ હતી. ગોપાલદાને આજે તો આગળ જ જવું પડશે. આગળ જઈને જો ચટ્ટીમાં જઈને જગ્યા ન મેળવી લીધી હોય તો તો મુશીબતનો પાર નહિ. હવે તો અમરાસિંહ નહોતો, એટલે અમારે જાતે જ બધી વાતની કાળજી રાખવી પડતી.

જતાં પહેલાં ગોપાલદા તમાકુ ખાવા બેઠા. પાસેથી જ્ઞાનાનંદના દલની સ્ત્રીઓ ધીમે ધીમે જતી હતી. બધા જ દળોમાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ પ્રમાણમાં હતી. તેઓ કાંઈ ગંભીર ચર્ચા કરતાં કરતાં જતાં હતાં.

"આખો રસ્તો કાપી નાંખ્યો, પણ આટલી ઢીલી સ્ત્રી તો મેં ક્યાંય જોઈ નહિ."

"એ તો મોટા ઘરની છોકરીને મા, એના ઢંગ જ જુદા હોય."

"જો ચાલી ન શકે, કંડી કે કંડી કરતાં શું થતું' તું?" ગૃહસ્થના ઘરની સ્ત્રી થઈને ઝટ દઈને ઘોડા પર બેસી ગઈ. તે કાંઈ એને લાજશરમ છે કે નહિ? જ્યારે તે સિંદુર લૂછીને ચૂડી વિના આવી છે, તો એટએટલી શરીરની માયા શા માટે?"

"એ તો એમ જ હોય. પાંચુની મા. અત્યારની જુવાન છોકરીઓ કાંઈ ઘરડાં જેવું વર્તન ને એવો વ્યવહાર થોડા રાખે છે?"

ડોસીઓ આવી કાંઈ કાંઈ વાતો કરતાં જતી હતી. મેં પૂછ્યું. "આ બધા કોની ઉપર આટલા તૂટી પડયા છે?"

ગોપાલદાએ કહ્યું, "તમને કહેવાનું ભૂલી ગયો હતો ભાઈ. મને લાગે છે, કે પેલી જ છોકરી જે બદરીનારાયણમાં.....

હું થોડો વખત એની સામે જોઈ રહ્યો, પછી મેં પૂછ્યું "કોની વાત કરો છો?"

"કેમ ભૂલી ગયા? પેલી ચશ્માવાળી દિદિ'માં ને એની જોડે પેલી વિધવા?" "ઓ લોકો તો ચાલી ગયા હતા ને?"

"ના, આજે કર્ણપ્રયાગમાં એમની મુલાકાત થઈ. પેલી છોકરીના પગમાં કાંઈ વાગ્યું છે. તે એ ઘોડા પર બેઠી છે. એના દલના માણસો પાછળ પાછળ આવે છે. વારુ, તો હું આગળ જાઉં છું ભાઈ." કહીને ગોપાલદા એની જાડી લાઠી લઈને રખેવાળ ટોળીનાં નાયક વરુની જેમ આગળ ચાલવા માંડયા. તમાકુ ખાધા પછી એ રસ્તો ખૂબ ઝડપથી ને આસાનીથી કાપી શકતા.

થોડું પાછળ ચાલીને, રસ્તાના એક વળાંક તરફ હું ગયો. ને ત્યાં જઈને જોઉં છું તો ચૌધરીમહાશયનું દલ દેખાયું. લોકોનું ટોળું ભેગું થયું હતું. પેલી વિધવા એ બધામાં પહાડના એક પથરા પર પગ રાખીને, બીજા પગથી ઠેકડો મારીને ઘોડા પર બેસવાનો પ્રયત્ન કરતી હતી. બધા જોનારાઓ એની આ મુશીબત જોઈને હસતા હતા. દૂરથી મને જોઈને એણે હસતાં હસતાં કહ્યું, "તમે મોઢું ફેરવીને આગળ જાઓ, નહિ તો હું ઘોડા પર ચઢી નહિ શકું."

તથાસ્તુ! મેં ફરી પાછું ચાલવા માંડયું. ખૂબ જોરજોરથી પગ ઉપાડતો હતો. હું લગભગ એકાદ માઈલ ચાલ્યો હોઈશ, ત્યાં ખટખટ અવાજ થયો. પાછું ફરીને જોઉં છું તો, પેલી ઘોડેસ્વાર મારી ખૂબ નજીક આવી ગઈ હતી. એની જોડે એક ઘોડાવાળો પણ હતો. રસ્તો છોડીને હું ખસીને ઉભો રહ્યો. ઘોડાની ગતિ મંદ પડી ગઈ. એણે ઘોડાની બન્ને લગામ હાથમાં રાખીને કહ્યું: "નમસ્કાર."

"નમસ્કાર."

"મઝામાં છો ને? હું વિચાર કરતી હતી, કે પાછા દેખાયા નહિ .....રસ્તો પૂરો થવા આવ્યો. તમારી સાથે પેલો ડોસો છે ને, તેને રસ્તે જોયો, ત્યારે જરા શાંતિ વળી. મેં વિચાર્યું, શિશિર પછી વસંત ઋતુ આવે છે. બહુ ઉતાવળા ઉતાવળા ચાલી રહ્યા છો?"

"તમે મઝામાં?"

"એમ સંકોચથી ન બોલો. દિદિમા ને બધાં ઘણાં પાછળ રહી ગયાં છે. ઘોડા કરતાં માણસની ગતિ ધીમી જ હોયને? હાં, બધું બરાબર નથી. મારે પગને તળિયે દર્દ થાય છે. દિદિમાએ તો મારી વાત સાંભળી જ નહિ ને મને એક ઘોડો કરી આપ્યો. તમે પાછા દેશમાં જ જવાના ને?"

"એનો જ વિચાર કરું છું.'

તેણે હસીને કહ્યું, "હજીય વિચાર કરો છો? તમે ખરા વિચાર કરવાવાળા! તમારા મનના ભાવો મોઢા પરથી ખબર નથી પડતા. એમાં એટલો વિચાર શું કરવાનો? હાથપગ છૂટા મૂકીને હાલ્યાં જાઓ."

મારા પ્રાણમાં જાણે તોફાન આવ્યું હતું. જીવન ભર્યુંભર્યું લાગતું હતું. કશું પણ બોલ્યા વિના મેં ચાલવા માંડયું.

"તમે બધા પુણ્ય કરવા નીકળી પડયા છો. મારે એવું કશું નથી." ઘણા તીર્થોમાં ફરી છું. પણ તીર્થયાત્રાના પુણ્યને માટે નહિ, એમ જ. હસીને વળી પાછી એ બોલવા લાગી. "અહીં આવવાનું પણ કાંઈ નક્કી નહોતું. આવવાના ચાર દિવસ પહેલાં કલકત્તાથી દિદિમાની પાસે કાશી આવી હતી. દિદિમાને તીર્થયાત્રા કરવા જવી હતી. મેં કહ્યું, "હું પણ આવું છું. હું કાંઈ એમ તમને છોડું?" મેં કહ્યું, "હું તો આવવાની જ." એમાં એટલી ધાંધલ શાની? દેશવિદેશ જવાની વાત આવે એટલે મારું મન ચંચલ બની જાય છે. તમને સાચું જ કહું છું.'

મેં પૂછ્યું, "આવું સરસ હિન્દી ને ઉર્દૂ તમે ક્યાં શીખ્યા?" તેણે કહ્યું, "બંગાળી છોકરી, પણ બંગાળમાં હું રહી શકી નથી. બંગાળીની જોડે મારો સંબંધ ચોપડી ને છાપાં મારફત જ. આ તરફ હું ઘણો વખત હતી. ઘણો વખત તો પંજાબમાં હતી. હમણાં હમણાં ઉત્તરપ્રદેશના બધાં શહેરોમાં આખું વર્ષ હું ઘૂમી છું. પણ ક્યાંય મન કોળ્યું નહિ."

પહાડપર સંધ્યાનો રતુમડો રંગ છવાયો. દિવસ પૂરો થવા આવ્યો હતો. કોઈ કોઈ પહાડમાં તો અંધારું પણ પ્રવેશતું હતું. નદીની એક તરફ શ્વેત કરબી ફૂલોનું વન હતું. અને બીજી તરફ કોઠાંનું વન હતું. નદી તરફ જોતાં જોતાં અમે વાતો કર્યે જતાં હતાં.

"...મને આ બહુ જ ખરાબ લાગે છે. હું ઘોડા પર ચઢીને ફરું ને તમે પગે ચાલતા! ...છૂ ...છૂ કેમ રે પાણી પીવું છે? મારા શરીરનો ભાર કાંઈ ઓછો નથી. જરા જરામાં બિચારાનું ગળું સૂકાઈ જાય છે." એમ કહીને તેણે ઘોડાની ડોક ઉપર હાથ ફેરવ્યો.

રસ્તાપર એક ઝરણું વહેતું હતું. ઘોડાએ ડોકું નમાવીને પાણી પીધું. ઘોડો બીલકુલ નિસ્તેજ, અને નકામો હતો. એનો દેહ પાતળો ને રોગી હતો. એ સામાન્ય ભાર લઈને પહાડમાં આવ-જા કર્યા કરે. એ માલ પણ લઈ જાય ને માણસને પણ લઈ જાય.

સીમાલી ચટ્ટી પાર કરીને અમે સીરોલી ચટ્ટીની લગોલગ આવી પહોંચ્યા. વાત કરતાં કરતાં અમે લગભગ પાંચ માઈલનો રસ્તો પાર કર્યો. એણે એક વાર પાછળ ફરીને પોતાના દલના રસ્તા તરફ નજર નાંખી.

"મારા ઘોડાનું નામ શું છે તે જાણો છો? બિન્દુ! પેલી શરદબાબુની નવલકથા 'બિન્દુર છે લે'—છે ને? આ તરફ જરા જુઓ તો. શું થયું છે પાછું? મારા ઘોડાવાળાનું નામ તો એવું છે કે આપણા ભદ્ર લોકોમાં મોટે અવાજે એને બૂમ પણ નહિ પાડી શકાય. શું નામ છે તે ખબર છે?- પ્રેમવલ્લભ. એ નામના બે ટૂકડા કરીએ તોયે એને બોલાવાય નહિ. આપણી નામોશી થાય."

અમારા બન્ને જણના હાસ્યથી રસ્તો ગૂંજી રહ્યો. અમે જરા વળાંક લીધો, કે ચટ્ટી મળી ગઈ. વૃક્ષોની છાયાવાળા ફળોના બાગમાં સિરોલી ચટ્ટી હતી. ઘોડા પરથી ઊતરીને એ રસ્તાની પેલી બાજુની ચટ્ટી પર જઈ પહોંચી. હું ગયો પેલી તરફ ગોપાલદાને આશરે.

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૭, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આજની સમસ્યા માગે છે પ્રભાવશાળી નેતૃત્વ અને પ્રજાનો ભવ્ય પુરુષાર્થ

(તા. ૨૬-૧-૬૭ સ્વાતંત્ર્યદિન નિમિત્તે જૈન સોશિયલ ગ્રુપ તરફથી શ્રી મફતલાલ સ્વીમીંગ પૂલ કાફેટેરિયામાં યોજવામાં આવેલ ભોજન સમારંભમાં અતિથિવિશેષ તરીકે પધારેલા શ્રી ઉછરંગરાય ઢેબરે કરેલું પ્રેરક પ્રવચન)

આજ ગણતંત્ર દિન છે. દર - વર્ષે ગણતંત્રદિન આપણે ઉજવીએ છીએ. પરંતુ આજે તો સાથે ચૂંટણીમાં આપણાં મન ગુંથાયા છે. ગણતંત્રદિનનો મહિમા પરિણામે ગૌણ બને છે.

દેશની પરિસ્થિતિની અસર ચૂંટણીઓ ઉપર થવાની, થાય એ માત્ર સ્વાભાવિક છે, એટલું નહિ પણ, થવી જ જોઈએ. પાંચ વર્ષનાં લેખાં આજે માંડવાનાં છે. ભલા! કોઈ બતાવી શકશે કોઈ મુલક જેનો વિકાસ કશી પણ મુસીબતો બરદાસ્ત કર્યા સિવાય થયો હોય!

ભ્રામક અનુમાન પર ચાલવું એ યથાર્થ નથી. મુસીબતોના પ્રત્યાઘાતો જુદા જુદા દેશમાં જુદા જુદા થયા છે તે વિચારવાનો આ અવસર છે. એક મુસીબત સામે ઝૂકી પડે છે; બીજી મુસીબત સામે ઝઝૂમે છે. આવું જ અલગ અલગ દેશો વિશે બન્યા કર્યું છે. પોતાના હજારો વર્ષનાં અસ્તિત્વમાં ભારતીય સમાજ પણ આ બન્ને પ્રત્યાઘાતોમાંથી પસાર થઈ ચૂક્યો છે. કોઈક વખત મુસીબતથી અકળાઈ મુંઝાઈ તેણે પોતાનું શિર ઝુકાવ્યું છે. કોઈ વખત જીવન–વિકાસની આ અનિવાર્ય સરતને સ્વીકારીને તેણે હોનહાર પુરૂષાર્થનો માર્ગ સ્વીકાર્યો છે, મુસીબતો અને તકલીફોનો ભડવીરને શોભે એવી રીતે મુકાબલો કર્યો છે.

આજે ભારતીય સમાજની સામે આ પરિસ્થિતિ છે. ગણતંત્ર-દિન કેટલાંયે મૂલ્યો આપણી સામે પેશ કરે છે.

સૌથી પહેલું લોકશાસનનું. ભારતીય સમાજ માટે લોકશાસનનો પ્રયોગ રખેને કોઈ સમજે કે કોઈ નવીન પ્રકારનો પ્રયોગ છે. ભારતની સમાજવ્યવસ્થામાં એક પ્રકારનું લોકતંત્ર પંચાયતો દ્વારા અને ગણરાજ્યો દ્વારા ગુંથાયેલું પડ્યું હતું. પણ તે ક્ષેત્ર પૂરતા સીમિત પ્રયોગ હતા. આજે ભારત પોતાની અનેકવિધ મુશ્કેલીઓની વચમાં દુનિયાનું મોટામાં મોટું ગણરાજ્ય ચલાવી રહ્યું છે. અમેરિકાની પ્રજા જેટલી આપણા મતદારોની સંખ્યા છે. આપણું સંવિધાન પ્રત્યેક વ્યકિતને સમાનતાએ જીવવા માટે અનુકૂળતાઓ અને તકો પૂરી પાડવા માટે રચાયેલું છે. આજે ચોથી રાષ્ટ્રવ્યાપી ચૂંટણીઓ પ્રસંગે બીજાં પણ વિચાર - મંથન ચાલી રહ્યાં છે. સૌથી વિશેષ ચિંતાનો વિષય છે પૂજ્ય જગદ્‌ગુરૂ શ્રી શંકરાચાર્યજીના ઉપવાસ. આજના ગણતંત્રદિને આપણી સંવિધાન પ્રત્યેની જવાબ-દારી આપણને એક દિશામાં ખેંચે છે. લાગણીઓનો પ્રવાહ બીજી દિશામાં. એકબાજુ શ્રી શંકરાચાર્યજી પ્રત્યેની પૂજ્યબુદ્ધિ; બીજી બાજુ લોકશાસનના સફળ સંચાલનની જવાબદારી. ઉપવાસ – પછી તે સમૂહગત હોય કે વ્યકિતગત – લોકશાસનનું અંગ નથી; એટલું જ નહિ, લોકકેળવણીના માન્ય વ્યવહારથી વિરુદ્ધનું તેમ જ collective wisdom સામૂહિક વિવેકબુદ્ધિને વ્યકત કરવાના માન્ય સિદ્ધાંતથી વિરુદ્ધની વસ્તુ છે. ગણતંત્રના દિવસે જૈન સમાજ કે હિંદુ સમાજની સ્વાભાવિક લાગણી અને લોકશાસને માન્ય કરેલા સિદ્ધાંતની વચમાં આપણે ક્યાં છીએ? આપણે આ વિશે સ્પષ્ટ છીએ? લોકશાસનનાં મૂળ આપણે દૃઢ કરવાં હશે તો આપણે આવી ક્ષણે અબોલ રહેવું નહિ પાલવે. તટસ્થ રહેવું તો નહિ જ પાલવે. લોકશાસન પ્રત્યેની વફાદારી લાગણીઓના આવિષ્કારોને જો રોકવા આપણને પ્રેરે તો આપણે તેની સામે મસ્તક નમાવવું પડશે અને લાગણીઓના પ્રવાહને રોકવા પડશે. બીજી મથામણ છે ગોર-રક્ષાના પ્રશ્ન અંગે. એક બાજુથી ભારતની વરિષ્ટમાં વરિષ્ટ કોર્ટનો ચૂકાદો. સંવિધાનમાં સુધારો કર્યા સિવાય તેને કોઈ પણ રાજ્ય નકારી નહીં શકે; બીજી બાજુથી આજની લગભગ કામચલાઉ સર-કાર. આ સ્થિતિમાં ધીરજ અનિવાર્ય બને છે.

ત્રીજો સવાલ પણ એટલો જ ગંભીર છે. લોકશાસન વિશે જેટલા આપણે ચિંતાતુર છીએ તેટલા જ અનુશાસન વિશે પણ. કોઈ દિવસ ખાલી જતો નથી કે જ્યારે કંઈને કંઈ તરતોફાન થયાં ન હોય. આજના રાષ્ટ્રપતિનાં વ્યાખ્યાનમાં પણ તેમની અપાર ચિંતાની ઝાંખી થાય છે. કોઈ રાષ્ટ્ર રાખ્યું રહી શકયું નથી, જેણે અનુશાસનના તમામ પાસાંઓને હજમ કર્યા નથી. ક્યાં ક્ષતિ આવી છે? અનુશાસનમાં કાંઈક તો રાજ્યની જવાબદારી હશે. રાજકીય પક્ષોની પણ જવાબ-દારી હશે. પણ અહીં પણ જવાબદારીની ફાળવણીનું આપણે કામ કરશું કે તેને અંગે કઠોર શબ્દોમાં અભિપ્રાય વ્યકત કર્યા પછી માત્ર અનુશાસનહીનતાના ઘેરાં પરિણામો વિશે જનતાને સાવધાન પણ કરશું?

યુ. પી. બિહારનો ભૂખમરો કોને ચિંતા ઉપજાવતો નહિ હોય? કેવી આ દેશની દશા છે કે એક કે બે દુષ્કાળ પડે અને ભૂખે મરતાં માનવીઓને બચાવવાની જવાબદારી સમાજ ઉપર આવી પડે? કેવી તેમની હાલત હશે?

આની તદ્દન નજીક છે ભારતનાં ત્રીસ ટકા નીચલા થરના માણસોને લગતો પ્રશ્ન, આજની મોંઘારત, આજની અછત એ બધાંમાં તેઓ કેમ ગુજરાન ચલાવતાં હશે.

આ પ્રશ્નો કોણ ઉકેલશે? સહેજે આપણે આંગળી ચીંધીશું શાસનમાં બેઠેલ વ્યકિતઓની દિશામાં–આપણા નેતૃત્વની દિશામાં. આ ભાવ અત્યંત સ્વાભાવિક છે.

પરિણામે એક નિરાશાનું મોજું સર્વ દિશામાં ફરી વળે છે.

અગર મારી માન્યતા સાચી હોય તો મુસીબતો - તકલીફો સામાન્યત:

તમામ પ્રજાને શીરે આવી જ હોય છે; અને તે પ્રજાના પુરુષાર્થની કસોટી સમાન છે; અને મુકાબલો કરનાર પ્રજા તેમાંથી પાર ઉતરે જ છે. નિરાશાને કશું કારણ નથી. સંઘર્ષને સ્વાભાવિક સમજી તેની વચમાં આદરપૂર્વક છતાં શ્રદ્ધાથી સાચું લાગે તે કરતાં શીખીએ તો ભારત સલામત છે.

માણસ શીખે છે એ રીતે–શ્રદ્ધાથી ગુરૂની પાસેથી પાઠ શીખતાં અને ભૂલો કરતાં કરતાં. આ બન્ને માર્ગે આપણે તાલીમ પામી રહ્યા છીએ.

નિરાશા છોડીએ, પણ સવાલ એ થશે કે મુસીબતોમાંથી માર્ગ તો કાઢવાનો છે ને? પહેલી વસ્તુ સમજીએ કે આ દેશના સવાલોના જવાબ આપણે જ આપવાના છે. કોઈપણ એક વ્યકિત નથી કે જે આ દેશના સવાલોના જવાબ આપી શકે. ગાંધીજી કે જવાહરલાલજી હોત તો પણ સવાલોના જવાબ આપવાનું કામ તો આપણે જ કરવું પડત. તેમનામાં એ ખુબી હતી કે તેઓ પ્રજાનાં તમામ તત્ત્વોને પોતાની સાથે દોરી શકતા હતા અને લઈ જઈ શકતા હતા. ભારતીય નેતૃત્વને આ શીખવાનું બાકી છે. સ્થાનની વ્યકિતગત મહેચ્છાથી બહાર પડેલ કોઈ પણ વ્યકિત મુખ્યમંત્રી બની શકશે, પણ સવાલોના જવાબો તે નહિ આપી શકે. આપણા દેશના નેતૃત્વે આ રીતે અંતરમુખ બની આ ગુણ કેળવવો પડશે. જેટલી માત્રામાં તે પ્રજાને પોતાની સાથે લઈ જઈ શકશે તેટલી જ માત્રામાં દેશની સમસ્યાઓને તે હલ કરી શકશે.

લોકોમાં ખુબીઓ પણ પડી છે અને ખામીઓ પણ પડી છે. એથી સાથે લઈ ચાલતાં વ્યકિતને ફાળે કેટલાંયે સમાધાન કરવાની જવાબદારી પણ આવશે. પણ જેટલી ખુબીઓ અને ખામીઓ વચ્ચે મેળ બેસાડી તે માર્ગ કાઢી શકશે તેટલાં પુરતો અયોગ્ય સમાધાનમાંથી દેશ બચશે.

ધર્મ, ભાષા, પ્રાંતીયતા, સ્વાર્થવૃત્તિ, મહત્ત્વકાંક્ષા – આ બધી આપણી ખામીઓ છે. ખુબીઓ પણ પારવગરની છે. ભારતીય સમાજની ખૂબીઓ અને ખામીઓનું કોઈએ અધ્યયન કર્યું હોય અને ખામીઓથી બચાવી ખુબીઓ બહાર આણી હોય તો તે કાર્ય છેલ્લા હજાર વર્ષમાં ગાંધીજી કરી શકયા.

આ માર્ગ–આ વલણ–આ હથરોટી સમજ્યા સિવાય નેતૃત્વને માટે બીજો ઉપાય નથી. આ દિશામાં દેશનાં જુદાં જુદાં ક્ષેત્રમાં નેતૃત્વ આપતી વ્યકિતઓએ વિચાર કરવો જ રહ્યો.

ગાંધીજી આપણી સાથે 'તેન ત્યક્તેન ભુંજીથા:'નો ગુરૂમંત્ર આદર્શ તરીકે રજુ કરતા.

લુઈ ફીશરની લેનીનની જીવનકથા વાંચીએ. ૧૨ વર્ષની ઉંમરથી શરૂ કરી ૫૩-૫૪ વર્ષનાં કાળ સુધી તેણે કેટલી ઉગ્ર તપશ્ચર્યા કરી? પ્રજાની સાથે આત્મીયતા લાવી પ્રજાની ખુબી અને ખામીઓ, શકિત અને અશકિત લક્ષમાં લઈ, કેટલી ચીવટથી પ્રજાને તેણે ઊભી કરી? આજનું રશિયા લેનીનની તપશ્ચર્યાનું ફળ છે. પ્રજાને સાથે રાખવાને માટે તેમણે સમાધાનો પણ કર્યા હશે, પણ પ્રજાને સાથે રાખીને તેણે કેટકેટલું પરિવર્તન કર્યું?

વહીવટીતંત્ર વિખેરી નાંખ્યું. નાણું બદલી નાંખ્યું. જુના કાયદા, કોર્ટ, કચેરી બંધ કર્યા. લશ્કર વિખેરી નાંખ્યું. શિક્ષણ ફેરવી નાંખ્યું. ઉપરથી નીચે બધું ફેરવી નાંખ્યું. આ શકિત કયાંથી આવી? પ્રજાની શકિત વિષેનો તેમનો સચોટ ખ્યાલ. પરિણામે પ્રજા ઉપરનો તેમનો ભરોસો. લુઈ ફીશર કહે છે. "કોઈએ પૂછયું રશિયામાં ક્રાંતિ કયારે થશે? લેનીન જવાબ આપે છે. દ્રઠ્ઠી નવેમ્બર વહેલી થશે. ૮મી નવેમ્બર મોડી થશે." બરોબર ૭મી નવેમ્બરના રોજ મધરાતે ક્રાંતિ થાય છે.

ચર્ચીલના કાબુની આધારશીલા પણ તે જ હતી. કેટલી એ માણસની સંવેદનશકિત? બોમ્બમારો થઈ રહ્યો છે. ભોંયરામાં દાખલ થાય છે. બાજુમાં જતી વખતે એક નાની ગામઠી હોટેલ જુએ છે. બોમ્બમારો પૂરો થાય છે. ભોયરામાંથી બહાર નીકળે છે. ત્યાં હોટેલનું નામ નિશાન નથી. તેની માલિકણ એક ડોશી નિરાશ બનીને બેઠી છે. તેની હાલત વિશે પૂછે છે અને તુરતોતરત પગલાં શરૂ કરે છે લડાઈમાં તારાજ થયેલ વ્યકિતઓને વળતર આપવાનાં. વચમાં નાણાંખાતું પાર વગરની દલીલબાજી અને દખલ કરે છે, પણ ચાર મહિનામાં કાયદો પાસ કરાવે છે. આ હતી ચર્ચીલની શકિતની કુંચી. પરિણામે જ્યારે તેમને જરૂર જણાતી ત્યારે સામાન્યમાં સામાન્ય માણસ તેના અવાજ ઉપર ફના થવાને બહાર નીકળતો.

આ જ રીતે રૂઝવેલ્ટ અમેરિકાનો તારણહાર બન્યો પોતાની પ્રજામાં અપાર વિશ્વાસ અને પ્રજાને સાથે રાખવાની શકિતને પરિણામે. પ્રમુખ બન્યા પછી એક દિવસમાં ગોલ્ડ–કન્ટ્રોલ ઓર્ડર જેવો કાયદો કોંગ્રેસ તથા સેનેટ પાસે મંજુર કરાવ્યો. સો દિવસમાં તેણે આખા અમેરિકાના અર્થતંત્રને બદલી નાંખ્યું.

પ્રજાની કસોટીની પળ આવી તે આવી વ્યકિતઓના પુરુષાર્થની તક બની ગઈ, અને પ્રજાના તેઓ ઉદ્ધારક બની ગયા.

રૂંધાતા માણસને શાપ આપતો કરી મૂકવાની કળામાં પ્રવીણ નેતૃત્વ આ દેશની જટીલ સમશ્યાઓનો ઉકેલ નહિ કરી શકે. તેની શકિત અશકિત સમજી, તેને વિશિષ્ટ રીતે સ્પર્શી, તેને ઉત્સાહી કરવામાં આવે તો દશગણો બોજો ઉપાડવાને માટે તેનો તે માણસ તૈયાર થશે.

મનુભાઈ અને હું મેઘજી પેથરાજ પાસે લાખ બે લાખની આશાએ ગયેલા. અડધા પોણા કલાકની વાતચીતને અંતે તેમણે દ્રય લાખનાં દાનની જવાબદારી લીધી. એ પણ મેઘજીભાઈ અને કચવાતે મને વિદેશમાં વસવાટ કરનાર પણ મેઘજીભાઈ.

અનેક નિરાશાની વચમાં તકલીફોને પુરુષાર્થની તક સમજતો જે પ્રજાવર્ગ જ્યાં હશે અને પ્રજાની ખૂબી આખી સમજી તેને સાથે લઈ જવાની વૃત્તિવાળું નેતૃત્વ જ્યાં હશે ત્યાં નિરાશાજનક હાલત મામુલી વાદળની માફક થોડી ક્ષણોમાં વિખેરાઈ જશે.

ભારતની પ્રજા સામે તેનો હજારો વર્ષોનો ઈતિહાસ પડેલો છે. તેમાંથી મુસીબતને સમયે મુકાબલો કરવાના પ્રસંગો યાદ કરવાની આ તક છે.

દેશનાં જુદાં જુદાં ક્ષેત્રમાં પડેલ નેતૃત્વ માટે આ તક છે. એ જ નેતૃત્વને માટે–પછી ભલે તે રાજકારણમાં હોય, ધર્મમાં હોય, ઉદ્યોગના ક્ષેત્રમાં હોય કે શિક્ષણ ક્ષેત્રમાં હોય–તેને માટે ઈતિહાસનાં પાનાંઓ પડેલાં છે, તેમાંથી સાર ગ્રહણ કરી પ્રજાના દિલમાં નવો વિચાર તથા ઉત્સાહ રેડવાની આ તક છે. પ્રજાની શકિત અશકિતનું માપ કાઢી ધીરજથી તેને સાથે લઈ જવાની ભાવના તેમાં જગાડી શકાય તો આ દેશ સલામત છે.

ઉછરંગરાય ઢેબર

સાપુતારા પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે નાસિક નજીક, પણ ગુજરાત રાજ્યમાં–દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઊંચાઈએ–આવેલ સાપુતારા નામના હીલ સ્ટેશનનું ફેબ્રુઆરી તા. ૨૪ શુક્રવાર રાતથી સોમવાર તા. ૨૭ સવાર સુધીનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં જોડાનાર ભાઈ-બહેનોને તા. ૨૪ ફેબ્રુઆરી શુક્રવાર રાત્રિના ૧૧-૧૦ વાગ્યે વિકટોરિયા ટરમીનસથી ઉપડતી ભુસાવળ પેસેન્જરમાં નાસિક લઈ જવામાં આવશે અને ત્યાંથી બસમાં સાપુતારા પહોંચાડવામાં આવશે. એજ રીતે ફેબ્રુઆરી તા. ૨૬ રવિવાર સાંજના ચાર વાગ્યે સાપુતારાથી નીકળીને નાસિક થઈને સોમવાર સવારના સાડાપાંચ વાગ્યે મુંબઈ પાછા ફરવાનું રહેશે.

આ પ્રવાસમાં જોડાનાર ભાઈ-બહેનોએ વ્યકિત દીઠ રૂા. ૪૫–૦૦ અને બાર વર્ષથી નીચેના બાળકો માટે રૂા. ૩૫–૦૦ ભરવાના રહેશે. પ્રવાસમાં જોડાનારે બને તેટલું નાનું બેડીંગ તથા ટોર્ચ સાથે લાવવાના રહેશે. આ પર્યટન માટે ૪૦ પ્રવાસીઓ પુરતુ વિચારવામાં આવ્યું છે તેથી સંઘના જે સભ્યોને આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ સત્વર ભરી જવા વિનંતિ છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

મત–પ્રદાન સમસ્યા : એક પરિસંવાદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી જૈન સોશિયલ ગ્રુપ તથા શ્રી ઝાલાવાડ સોશિયલ ગ્રુપના ઉપક્રમે આગામી ફેબ્રુઆરી માસની તારીખ ૪, શનિવાર સાંજના ૬-૦૦ વાગ્યે, ન્યુ મરીનલાઈન્સ ઉપર આવેલા થીયોસૉફી હોલમાં (નિર્મળા નિકેતનની બાજુએ), સમીપ આવી રહેલ દેશવ્યાપી ચૂંટણીના સંદર્ભમાં યોજાયેલા મતપ્રદાન અંગે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એક જાહેર પરિસંવાદ ગોઠવવામાં આવેલ છે. આ પરિસંવાદમાં **શ્રી સી. ઓલ. ઘીવાલા, ડૉ. આલૂ દસ્તર, પ્રૉ. એ. બી. શાહ, ડૉ. ઉષા મહેતા** વિગેરે વિશિષ્ટ વ્યકિતઓ ભાગ લેશે.

નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો અંગેનો અખિલ ભારતીય પરિસંવાદ

ભારતની ભૂમિ એક એવી પૂણ્યભૂમિ છે કે જેમાં સદીઓથી અનેક સંસ્કૃતિનો અને જાતિઓને., અનેક ભાષાઓનો અને ધર્મોનો સુભગ સમન્વય થતો આવ્યો છે. સ્વાતંત્ર્ય પછી કમભાગ્યે ભારતની પ્રજા પર ભાષાનું–ભાષાવાર પ્રાંતનું–ભૂત સવાર થયું અને આપણે રાષ્ટ્રીય પ્રગતિને બદલે પ્રાદેશિક પ્રગતિને વધુ મહત્ત્વ આપતા થયા. પરિણામે રાષ્ટ્રીય ઐક્યની ભાવના દઢ બનવાને બદલે ઢીલી પડતી ગઈ અને આપણે હિંદીઓ તરીકે નહિ પણ ગુજરાતીઓ અને મહારાષ્ટ્રીઓ તરીકે, હિંદીભાષી અને અહિંદીભાષીઓ તરીકે, હિંદુઓ અને શીખો તરીકે વિચારતા થયા. આ બધું પૂરતું ન હોય એમ છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન તો એક બાજુ પ્રજાએ એની સાચીખોટી સર્વ ઈચ્છાઓને સંતોષવા ખાતર હિંસાકાંડ આદર્યો અને સરકારે એની સામે હત્યાકાંડ. આને કારણે લોકશાહી અને રાષ્ટ્રીય ઐક્ય બન્નેના પાયા હચમચી ઊઠયા.

આમ જ્યારે જનતા અને સરકાર બન્ને સારાસાર વિવેક ગુમાવે ત્યારે સહેજે પ્રશ્ન થાય કે આવી ભયજનક પરિસ્થિતિમાંથી બચવાનો ઉપાય શો? આંદોલનો, સંસ્થાકીય સુધારાઓ વગેરે અનેક ઉપાયો સૂચવવામાં આવે છે, પણ એ તો સૌ કોઈ સ્વીકારશે કે સાચો ઉપાય તો એ જ છે કે આપણા સમાજમાં અને સાહિત્યમાં, આપણા અર્થતંત્રમાં, શાસનતંત્રમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું પ્રસ્થાપન થાય.

જીવનના વિવિધ ક્ષેત્રોમાં આ મૂલ્યો કેવી રીતે અપનાવી શકાય અને રાજકારણ તથા રાષ્ટ્રજીવનને વધુ સ્વચ્છ કેમ બનાવી શકાય એ અંગે વિચારણા કરવા માટે ભારતીય વિદ્યાભવન તથા ગાંધી સ્મારક નિધિના ઉપક્રમે તા. ૩૦-૧૨-૬૬ થી તા. ૨-૧-૬૭ સુધી એમ ચાર દિવસનો અખિલ ભારતીય પરિસંવાદ યોજાયો હતો. એના પેટા-વિભાગોમાં ધર્મ અને શિક્ષણ, ખેતી અને અર્થતંત્ર, સાહિત્ય અને પત્રકારત્વ, ગૃહો અને ગૃહિણીઓ, કાયદો અને લોકશાહી, હિંદ અને વિશ્વ, સત્તા, નૈતિકતા અને નેતૃત્ત્વ, સામાજિક તંત્ર અને રાષ્ટ્રીય ઐક્ય - એમ અનેકવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. વળી એમાં ભાગ લેવા માટે દેશના સર્વ રાજ્યોની અને સર્વક્ષેત્રોની બહુશ્રુત અને પ્રતિભાશાળી વ્યકિતઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. એમાં ધર્મધુરંધરો, પત્રકારો, પ્રાધ્યાપકો, સાહિત્યકારો, સામાજિક કાર્યકરો, રાજદ્વારી નેતાઓ, સર્વોદય કાર્યકર્તાઓ વગેરે સૌનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રથમ વિભાગમાં વ્યકિત અને સમાજના ધડતરમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો કેવો અને કેટલો ભાગ ભજવી શકે, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને આ મૂલ્યોનો મેળ જામે કે નહિ, આ મૂલ્યોના વિકાસમાં ધર્મ અને ધાર્મિક વિધિઓનો ફાળો કેટલો વગેરે મૂળભૂત પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી. ધર્મ અને ધર્મનિરપેક્ષ રાજ્ય વચ્ચેના સંબંધ અંગે ચર્ચા કરતાં અનેક વિદ્વાનો એ બાબત અંગે એકમત થયા હતા કે ધર્મનિરપેક્ષ રાજ્ય એટલે નાસ્તિક કે ધર્મવિરોધી જ રાજ્ય નહિ, પણ નૈતિકતાને પોષતું અને સર્વધર્મસમભાવની ભાવના પર અવલંબતું રાજ્ય. આ દૃષ્ટિએ જોતાં શાળા–કૉલેજોના અભ્યાસક્રમમાં ધાર્મિક શિક્ષણને સ્થાન આપવું જોઈએ કે નહિ એ પ્રશ્ન પણ ચર્ચાયો હતો. સર્વસામાન્ય સૂર એ હતો કે કોઈ પણ એક ધર્મનું શિક્ષણ આપવું કદાચ ધર્મનિરપેક્ષતા સાથે સુસંગત ન હોય, પણ વિશ્વના સર્વ ધર્મોના સમાન સિદ્ધાન્તો તથા નૈતિક મૂલ્યો અંગે શિક્ષણ અપાય એ અતિ આવશ્યક છે. આ માટે ખાસ પુસ્તકો તૈયાર કરવાની તથા એમાં વિશ્વના મહાન પુરુષોના જીવનમાંથી પાવન પ્રસંગો ટાંકવાની ભલામણ કરવામાં આવી હતી.

શિક્ષણવિભાગની ચર્ચામાં વિજ્ઞાન, સામાજિક શાસ્ત્રો અને નૈતિક મૂલ્યોના પરસ્પર સંબંધ અંગે તથા શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રાચીન સમયના ગુરુ - શિષ્ય સંબંધો વિકસાવવા માટે વિચારણા કરવામાં આવી હતી. કોઠારી પંચ તથા શ્રીપ્રકાશ સમિતિના અહેવાલોમાં આપવામાં આવેલા ધાર્મિક શિક્ષણ અંગેનાં સૂચનોને આવકાર્ય માનવામાં આવ્યાં હતાં.

ચર્ચાનો પ્રધાન સૂર એ રહ્યો કે, ભારતના વિદ્યાર્થીઓ બીજા કોઈ પણ દેશના વિદ્યાર્થીઓથી બૌદ્ધિક કે નૈતિક રિતે જરા પણ ઉતરતી કક્ષાના નથી; પણ સરકાર હજી એમની શકિતઓનો સદુપયોગ કરી એમને રાષ્ટ્રના નવવિધાનનાં કામ માટે નાથવા સમર્થ બની નથી. આ માટે ગ્રીષ્મ - શિબિરો, શ્રમદાન વગેરેની યોજના કરી શકાય.

રાજકીય પક્ષો અને નેતાઓની વિદ્યાર્થીઓને ભરમાવી એમના પોતાના સંકુચિત હિત માટે ઉપયોગ કરવાની નીતિને તેમ જ વિશ્વવિદ્યાલયોના કામમાં સરાકર તરફથી કરવામાં આવતી દખલને વખોડી કાઢવામાં આવી હતી. સહશિક્ષણના લાભાલાભ તથા એનાથી આવતાં અનિષ્ટ પરિણામોને રોકવા માટેના પ્રયત્નો પણ વિચારવામાં આવ્યા હતા.

આર્થિક વિભાગમાં, ખેતી, ગ્રામવિકાસ, ઔદ્યોગીકરણ, માલિક-નોકર સંબંધ વગેરે વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કેટલાકનો એવો મત હતો કે, ઉદ્યોગપ્રધાન અર્થતંત્ર કરતાં ખેતી-પ્રધાન અર્થતંત્ર આધ્યાત્મિક મૂલ્યોના વિકાસ માટે વધુ અનુકૂળ છે, કારણ ઔદ્યોગીકરણને લીધે માનવીય મૂલ્યોનો નાશ નહિ તોયે હ્રાસ તો થાય જ છે; મનુષ્ય મનુષ્ય મટી યંત્રસમાન અને ભૌતિક સુખ પાછળ ભમતા ભૂત જેવો બની જાય છે. બીજા કેટલાકનો મત એવો હતો ઔદ્યોગીકરણમાં મૂળભૂત રીતે કોઈ દોષ નથી. એટલે એનાથી ઉપજતાં અનિષ્ટો નિવારી ન શકાય એમ માનવાને કોઈ કારણ નથી. એક ત્રીજો મત એ જાતનો હતો કે મોટા ઉદ્યોગો અને ગૃહ-ઉદ્યોગો બન્ને જો એકસાથે પોષવામાં આવે તો આપણે ભૌતિક સુખાકારીની સાથે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનો વિકાસ સાધવાને સમર્થ બની શકીએ. આ વિચારના સમર્થનમાં ગાંધીજીના સિદ્ધાન્તો અને જાપાનમાં થયેલા પ્રયોગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

માલિક–નો સંબંધ અંગે બે ત્રણ સૂચનો કરવામાં આવ્યા હતાં કે કામ એ મજુરો માટે વેઠ નહિ પણ આનંદદાયક પ્રવૃત્તિ બની રહે. માલિક–નોકર બન્ને નવા સર્જનનો સંતોષ અનુભવતા સહભાગી કાર્યકર્તાઓ બને અને મજુરો, માલિકો, મેનેજરો–બધાં જ અધિકારની સાથે કર્તવ્યને સમજીને આચારસંહિતા અપનાવે.

સાહિત્ય અને લલિતકળાના વિભાગમાં ભારતની જૂદી જૂદી ભાષાઓનાં સાહિત્યનાં વહેણો અને વલણો અંગે રસપ્રદ ચર્ચા થઈ હતી. કેટલાક પ્રકાશકો અને સાહિત્યકારોએ એવું મંતવ્ય વ્યકત કર્યું હતું કે આજનું સાહિત્ય અશ્લીલતા અને ઉચ્છૃંખલતા તરફ વધુ ઢળે છે અને આજની કળા શિક્ષણ કરતાં સંભોગને અને બોધ કરતાં પ્રમોદને વધુ પોષે છે. આ અંગે ચલચિત્રોનાં ગીત - સંગીત અને નૃત્યનો તથા યુવાનોની ભોગવૃત્તિને પોષતા સસ્તા નાટકો અને કહેવાતા સાંસ્કૃતિક કાર્યક્રમોનાં ઉદાહરણ ટાંકવામાં આવ્યાં હતાં. સાહિત્યસર્જન અને મનોરંજન પર ઔદ્યોગીકરણ અને શહેરીકરણની અસર અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પણ સર્વસાધારણ મત એવો હતો કે સમગ્ર દૃષ્ટિએ જોતાં થોડાક ઉગતા લેખકોને બાદ કરતાં બીજા લેખકો પોતાની જવાબદારી સમજે છે અને લોકમાનસને કેળવવા તથા લોકનીતિને પોષવાના પ્રયત્નો કરે છે.

પત્રકારત્વ, ચલચિત્રો અને રેડિયો - ટેલીવિઝન વગેરે લોકસંપર્કનાં સાધનો વિષેની ચર્ચામાં એ વાતનો એકમતે સ્વીકાર કરવામાં આવ્યો

હતો કે આ સાધનો સમજપૂર્વક વાપરવામાં આવે તો આ બધાં જ રાષ્ટ્રની એકતા માટે પોષક તત્ત્વો બની રહે. ચલચિત્રોએ એકતાની ભાવનાને દૃઢીભૂત કરવામાં આપેલા ફાળાની નોંધ લેવાઈ હતી. તેમ જ વર્તમાનપત્રો ગાંધીજીની સલાહને અનુસરી સત્યને જ પત્રકારત્વનો પરમ ઉદ્દેશ માની પૂંજીપતિઓના હાથા બનીને નહિ કે પક્ષોની પાશવવૃત્તિ ઉશ્કેરવાના સાધન તરીકે નહિ પણ લોકમાનસ કેળવી લોકશાહીના ચોકીદારો બનીને કામ કરે એવી હિમાયત કરવામાં આવી હતી.

આજે જ્યારે સંયુકત કુટુંબપ્રથા નાશ પામતી જાય છે, શહેરમાં સ્ત્રીઓ બાળકોને બાઈઓને સોંપી નોકરી અર્થે બહાર જતી થઈ છે, લોકો કથા-કીર્તનને બદલે નાટક-સીનેમા જોતા થયા છે ત્યારે ઘડીભર એ વિચાર આવી જાય કે, બાળક જો માની મમતાથી વંચિત રહેશે, સ્ત્રી જો પુરુષની સહચરી બનવાને બદલે એની પ્રતિસ્પર્ધી બનશે તો સમાજને એકસૂત્રમાં બાંધી એની સ્થિરતા સાચવશે કોણ? આ ભય તદ્દન અસ્થાને નથી એમ કબૂલ કરવા છતાં ધણીખરી બહેનોનો મત એવો હતો કે આપણી સંસ્કૃતિના પાયા એટલા ઊંડા છે કે સ્ત્રીઓના બહાર કામ કરવામાત્રથી જ એ હચમચી જાય એમ માનવાની ભૂલ આપણે ન કરવી જોઈએ. પ્રાચીન સંસ્કૃતિ કે પરંપરા અને આધુનિક સભ્યતા બન્નેનો સમન્વય સાધવો એ મુશ્કેલ નથી એ ગાંધીયુગની ઘણી બહેનોએ પોતાનાં જીવન અને કાર્યથી પુરવાર કરી બતાવ્યું છે.

'કાયદો અને કાયદાનું શાસન' એ વિભાગમાં કાયદો અને નીતિ, નૈતિક મૂલ્યોનાં સંવર્ધનમાં ન્યાયતંત્રનો ફાળો, મૂળભૂત હકોના નૈતિક આધારો વગેરે મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી. ગાંધીજીના અન્યાયી કાયદાનો ભંગ કરવાનો આદેશ અને એના દુરુપયોગથી ઉપજતાં અનિષ્ટો પ્રત્યે નિર્દેશ કરવામાં આવ્યો હતો.

હિંદ અને વિશ્વ એ વિભાગમાં સંયુકત રાષ્ટ્રસંઘ સાથેનાં આપણાં સંબંધો, બીન જોડાણની નીતિના નૈતિક આધારો, એની રાષ્ટ્રીય વિકાસ અને રાષ્ટ્રીય પ્રતિષ્ઠા પર અસર વગેરે પ્રશ્નો ચર્ચવામાં આવ્યા હતા. વિદેશનીતિની ટીકા કરતાં કેટલાકોએ કહ્યું હતું કે જે વિદેશનીતિએ હિંદને વિશ્વમાં મિત્રવિહોણું બનાવી દીધું છે એ નૈતિક અને રાજકીય બન્ને દૃષ્ટિએ અસફળ જ લેખાવી જોઈએ. બીજાઓએ એવો મત વ્યકત કર્યો હતો કે બીનજોડાણની આપણી નીતિને કારણે વિશ્વમાં શાન્તિનું ક્ષેત્ર વિસ્તરી શકયું છે. એ અંગે બધા એકમત થયા હતા કે આપણું ધ્યેય હોવું જોઈએ આંતરરાષ્ટ્રીય એકતાને સાચવીને રાષ્ટ્રીય હિતોની રક્ષા કરવાનું અને આપણું સૂત્ર 'ન કોઈનો દ્વેષ, ન કોઈનો ભય.'

સત્તા અને નીતિના પરસ્પર સંબંધ અંગેનાં વિભાગમાં પક્ષો અને પ્રધાનો, સરકાર અને શાસનતંત્ર, લાગવગ અને ભ્રષ્ટાચાર આદિ અનેક પ્રશ્નો વિચારવામાં આવ્યા હતા અને શાસકોને સાચા લોકસેવકો બનાવવા માટે, રાજનીતિને લોકનીતિમાં પરિવર્તિત કરવા માટે, ચૂંટણી અંગે થતી ગેરરીતિઓને અટકાવવા માટે, લોકપાલ, (ombudsman) નીમવાના અથવા તો પ્રધાનથી માંડીને પટાવાળા સુધીના ભ્રષ્ટાચારના બધા કિસ્સાઓ માટે એક સ્થાયી પંચ નીમવાના, ધારાસભ્યો માટે તાલીમવર્ગો યોજવાના, ગાંધીજીની વિચારશ્રેણી પ્રમાણે શાસનને સેવાભિમુખ અને રાજકારણને નીતિપરાયણ બનાવવા માટેના અનેક ઉપાયો સૂચવવામાં આવ્યા હતા. સાથે સાથે આજકાલ સત્યાગ્રહને નામે થતા અનેક દુરાગ્રહો અને આતંકકારી કૃત્યોને અટકાવવા માટે સરકાર, સામાજિક સંસ્થાઓ અને સત્તાધારી તેમ જ વિરોધી પક્ષો આચારસંહિતાને સ્વીકારી, લોકમાનસને કેળવી જાહેરજીવનને સ્વસ્થ બનાવે એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

સમાજ અને જૂથો તથા રાષ્ટ્રીય ઐકય અને એ ભાવના ફેલાવવામાં સંસ્કૃતનો ફાળો - એ ત્રણ પેટાવિભાગોમાં, જ્ઞાતિસંસ્થા, પ્રાદેશિક અથવા સામૂહિક જૂથો, ધાર્મિક લઘુમતીઓ વગેરે પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી. જ્ઞાતિસંસ્થાઓ કે પ્રાદેશિક જૂથોનું સંગઠન જો સમજપૂર્વક કરવામાં આવે તો એ રાષ્ટ્રીય ઐકયની ભાવનાની ઘાતક ન બનતાં એના વિકાસની પોષક બની શકે એવો મત વ્યકત થયો હતો. વળી લઘુમતીઓ—માત્ર રાજકીય નહિ પણ ધાર્મિક લઘુમતીઓ પણ—રાષ્ટ્રજીવન સાથે એકરાગતા કેળવે એ જ એમને માટે અને દેશને માટે હિતાવહ છે એવું સૂચન પણ કરવામાં આવ્યું હતું. આર્થિક અસમાનતા ઘણે અંશે ઐકયની ભાવનામાં અંતરાયરૂપ બને છે એ ટિપે એકમત પ્રવર્તતો હતો.

આપણા અભ્યાસક્રમમાં સંસ્કૃતના સ્થાન વિશે વિચારણા થઈ હતી. સંસ્કૃતદ્વારા ભારતીય સંસ્કૃતિની સુરક્ષા થઈ શકે એ સ્વીકારવામાં આવ્યું હતું. છતાં સર્વ પ્રદેશોના લોકોની લાગણીનો વિચાર કરી સંસ્કૃત અને રાષ્ટ્રભાષા અંગેની નીતિનું ઘડતર થાય એ ઈષ્ટ માનવામાં આવ્યું હતું. દરેક ભાષાની ઉત્કૃષ્ટ સાહિત્યવૃત્તિઓનો બીજી ભારતીય ભાષાઓમાં અનુવાદ થાય તો અનેક ગેરસમજો દૂર થાય અને આંતરપ્રાન્તીય એકતા વધે અને રાષ્ટ્રીયતાની ભાવનાં વિકસે, એ વાત સર્વાનુમતે સ્વીકારવામાં આવી હતી.

આમ, જીવનનાં દરેક ક્ષેત્ર અને દરેક વર્ગને આવરી લેતો આ પરિસંવાદ આ જાતનો પ્રથમ પ્રયાસ હતો. અખિલ ભારતીય મેળા જેવા આ પરિસંવાદે ભારતના જુદા જુદા ભૂભાગોના લોકો વચ્ચે પરસ્પર પ્રેમ અને મૈત્રીનું વાતાવરણ ઊભું કર્યું અને રાષ્ટ્રીય ઐકયની ભાવનાને સુદૃઢ બનાવવામાં સુંદર ફાળો આપ્યો છે એમાં કંઈ શંકા નથી. જૂદી જૂદી જગ્યાએ આવા વધુ પ્રયાસો થાય તો દેશ નીતિનાશને માર્ગે જતો અટકે, એનાં દૂષણો દૂર થાય અને રાષ્ટ્રજીવન વધુ સ્વસ્થ બને એ વાત નિર્વિવાદ છે.

ઉષા મહેતા

રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો

[સં. ૧૯૯૨ની કાર્તિક પૂર્ણિમાને દિવસે શ્રીમદ્ રાજચંદ્ર જયંતી નિમિત્તે વર્ધામાં સાંજની પ્રાર્થના પછી ગાંધીજીએ આપેલું પ્રવચન.]

આપણા પૂજ્ય પુરુષોની સ્મરણ—તિથિઓ ઊજવવાનું મને યાદ નથી રહેતું; મને એમાં ખાસ ઉત્સાહ પણ નથી આવતો. પરંતુ તેનો અર્થ એવો નથી કે એમના પ્રત્યે મારામાં ભકિતભાવ નથી અથવા ઓછો છે. એમના પ્રત્યેના ભકિતભાવને કૃતિ દ્વારા પ્રદર્શિત કરવાને હું સતત મથું છું, અને એનાથી મને સંતોષ રહે છે. આજ રાજચન્દ્રની જયંતી છે; એનું સ્મરણ મગનભાઈએ કરાવ્યું. તે નિમિત્તે હું કાંઈક કહેવા ના કહું એ ઠીક ન લાગ્યું.

રાયચંદભાઈ સાથેનો મારો પરિચય ખૂબ પુરાણો કહેવાય. ઈ. સ. ૧૮૯૧માં વિલાયતથી ઘેર પાછો આવ્યો, તે જ દિવસે એમનો પરિચય મને સાંપડયો. ડૉ. મહેતા, જેમની જોડે ઈંગ્લેંડથી મારી મૈત્રી થયેલી, એમના એ બનેવી* થાય. એમણે જ મને એમની ઓળખાણ કરાવી. અને ત્યારથી જે સંબંધ બંધાયો, તે એમના દેહાંત સુધી રહ્યો. તે ફાલીફૂલી ખૂબ ગાઢ થતો ગયેલો. ધીમે ધીમે એમના પ્રત્યે મારો ભકિતભાવ બંધાયો. એમના જીવનનો પ્રભાવ મારા પર એટલે સુધી પડેલો કે, એક વાર મને થયું કે, હું એમને મારા ગુરુ બનાવું.

પણ ગુરુ તો બનાવવા ચાહીએ તેથી થોડા જ બની શકે છે! ગુરુ તો સહજપ્રાપ્ત હોવા જોઈએ. તપ અને એમની પ્રાપ્તિ માટે આકાંક્ષા હોય, તો સમર્થ ગુરુ કોઈ દિવસ સાંપડે. એવા ગુરુ

*ગાંધીજીની અહીં સરતચૂક થતી હોય એમ લાગે છે. રાયચંદભાઈ એ ડાકતર મહેતાના વડીલ ભાઈશ્રી, પોપટલાલ જગજીવનદાસના જમાઈ થતા હતા. સંપાદક

પ્રાપ્ત કરવાની ઉત્કંઠા મને હંમેશ રહેલી છે.

આમે પ્રથમ મળ્યા તે વેળાની મારી આધ્યાત્મિક સ્થિતિ કેવળ જિજ્ઞાસુની હતી. ઘણા પ્રશ્નો વિશે મનમાં શંકા રહેતી. આજ હું ધર્મ વિશે શંકિત છું એમ ન કહેવાય. પણ તે વેળા ધર્મ, હિંદુ ધર્મ, ગીતા (જો કે ઈંગ્લંડમાં મેં અંગ્રેજી તરજુમો વાંચેલો) વગેરે વિશે મને થોડું જ્ઞાન હતું. માતાપિતા પાસેથી હું સહેજે પામ્યો હતો એની આહીં વાત નથી કરતો. મેં મારા પ્રયત્નથી ધર્મ વિષે બહુ જાણ્યું હોય એમ નહોતું. પણ મને ધર્મ વિશે જાણવાની ઉત્કંઠા રહેતી. તેથી રાયચંદભાઈનો સમાગમ મને ગમ્યો, ને તેમનાં વચનોની અસર મારી ઉપર પડી.

આવી દશામાં મારો અને રાયચંદભાઈનો પરિચય થયો અને એ મને લાભપ્રદ નીવડ્યો છે. મારી ઉપર ટોલ્સ્ટોયની અસર અવશ્ય પડી. તે તેમનાં લખાણો દ્વારા. પણ અહીં તો મને જીવંત મૂર્તિનો પરિચય, અને તે ઉપર કહ્યા એવા સંજોગોમાં મળ્યો એ વિશેષતા હતી.

તે વેળા એમની 'મોક્ષમાળા' પ્રગટ થઈ હતી. ઉપરાંત તેમના ભક્તો એમના પત્રો સંઘરતા, તે મને છૂટથી વાંચવા મળતા. એમના જીવનની કશી વાતો મારાથી અજ્ઞાત નહોતી, ન કોઈ મારાથી રાખતા. એવા પુણ્ય પુરુષના જીવનમાંથી આપણા જેવા પ્રાકૃત માણસ શો બોધ ગ્રહણ કરી શકે? એવા પુરુષના જીવનનો અભ્યાસ આપણા પ્રાકૃત જને કરવો હોય, તો કેમ કરવો જોઈએ?– એ હું આજ થોડા-કમાં જ બતાવી દઉં.

એક વાત પ્રથમ કહેવાની છે. તે એ કે, જો આપણે આજના યુગના ગજથી રાયચંદભાઈનું જીવન માપવા જઈશું; તો આપણને કદાચ એમ થશે કે, એ એવા હતા શું? અહીં આગળ હું બાહ્ય જીવનની વાત કહું છું. હિન્દુસ્તાનમાં ભગવાં વસ્ત્ર અને તિલકાદિ ધારણ કરે એ સાધુ મનાય છે; બાહ્ય વેષથી પૂજ્ય કહેવાય છે. રાયચંદભાઈનું બાહ્ય રૂપ એ રીતે પૂજ્યતા આકર્ષે તેવું નહોતું. એ વેપારી હતા, અને વેપાર પણ વિદેશી વસ્ત્રોનો ને હીરામોતીનો કરતા.

હીરામોતીનો પણ વિદેશ સાથેનો વેપાર થયો, કેમ કે તેને આંગે પેરિસ સાથે ખૂબ સંબંધ રહેતો. આવી જાતનું જીવન આજ આપણને ઠીક નહીં લાગે. આપણને એમ થશે કે, જીવનમાં દેશી ચીજોના વાપર ને વેપાર તો સહેજે હોવો જોઈએ. રાયચંદભાઈના જીવનમાં એ નહોતું. પણ એથી આપણને આઘાત ન પહોંચવો જોઈએ.

દેહાંત થયેલા પુરુષોના જીવનનું માપ કાઢવા વર્તમાન યુગનો ગજ લઈએ તો નિરાશા મળે. એમનું સાચું માપ કાઢવા તો આપણે ત્યારની નીતિનો ગજ લેવો જોઈએ. જેમ કે, મહાભારત કે વાલ્મીકિના જમાનાને માટે આપણે કરીએ છીએ. તે જમાનાની બૂરાઈ તે આજ એ રૂપે ન હોય, અને ભલાઈ તે ભલાઈ પણ ન હોય. એટલે માપ કાઢતી વખતે જે વસ્તુઓમાં નિત્ય પરિવર્તન થતું રહે એવી હોય એનો ખ્યાલ રાખવો જોઈએ.

તેઓ સારી પેઠે સંવાદ કરતા. એમના ચિત્તની સરળતાનો પ્રભાવ સાંભળનાર ઉપર પડતો, અને એના દિલનું પરિવર્તન પણ તે કરી શકતા. રાયચંદભાઈને ગૂઢ જ્ઞાન હતું. તેઓ સુશિક્ષિત એટલે કે ભારે ભણેલા હતા એમ ન કહેવાય, બાળપણથી જ લગભગ એમણે શાળાનો અભ્યાસ છોડેલો. પરંતુ જ્ઞાન પ્રાપ્ત કરવાની એમની શક્તિ અજબ હતી. તે શતાવધાની હતા. કાંઈ પણ એક વાર વાંચે એટલે યાદ રહે એવી તીવ્ર સ્મરણશક્તિ હતી. વેપાર કરવા દુકાને બેસતા ત્યારે એમની પેટી ઉપર હિસાબી ચોપડા વગેરે તો હોય, પરંતુ વધારે પ્રમાણમાં ત્યાં ધર્મગ્રંથો પડેલા જોવામાં આવતા. કામ પત્યું કે તે આ ધર્મગ્રંથો જોવામાં લાગતા અને એની સાથે એમની રોજનીશી રહેતી. એમાં તે દિવસે કામ કરતા તે કદાચ નહીં લખતા, પણ શા વિચારો કર્યા તે ટપકાવતા. કોઈને મળ્યા ને જ્ઞાનગોષ્ટિ કરી તે લખતા. કોઈ વાર કાવ્યો પણ એમાં જ લખતા, અને આની સાથોસાથ તે લાખોનો વેપાર કરતા. તેમાં લાભહાનિ પણ થતી હોય. પણ એ બધું એમને મન ક્ષણિક હતું. એમનું સાચું જીવન તો ધર્મલાભને અનિવાર્ય સમજી એમાં ઓતપ્રોત રહેતું.

આમ હોવું એ નાનીસૂની વાત નથી. લાખોનો ધંધો કરનાર દુકાનના દફતરમાં ધર્મગ્રંથ રાખીને બેસે એની સાથે તે વળી વેપાર શો કરવો, એમ કેટલાકને થશે. પણ મેં તો એમને એ કરતા જોયા છે. અને અત્યારે એની વાત કહું છું, ત્યારે એ બધી મારી સામે પ્રત્યક્ષ ઊભી રહે છે. એને વિષે કહું છું તો બહુ સહેલાઈથી; પણ એમ કરવાની શક્તિ એક ભારે વાત છે. આમ ધર્મના વિચારમાં નિમગ્ન રહેતા છતાં એમની વેપારશક્તિ જેવીતેવી નહોતી. જે કામ લે તેમાં નિપુણતા બતાવી શકતા હતા.

એમની વાચાનો પ્રવાહ બહુ ચાલતો; પણ તે વિતંડાવાદ નહીં કરતા. દલીલથી કોઈને મહાત કરવામાં તે રસ ન લેતા. સામાન્ય માણસ મળવા ગયો હોય ત્યારે, હું બહુ જાણનારો છું એવા અભિમાનથી તે એમનો અનાદર નહિ કરતા, સૌને સરખા ભાવથી મળતા. ધૂર્ત લોક પણ ધર્મને નામે એમને મળતા અને બહુ નહિ તોય થોડું લૂંટી શકતા, એ મારે કહેવું જોઈએ.

પણ આપણે એમના જીવનમાંથી એ શીખીએ કે, મોટાની ખુશામત ને છોટાનો તિરસ્કાર, એવી જાતનો એમનો વ્યવહાર નહોતો. સંસારી સાથે સમાન સરળભાવથી રહેતા. લોકો જોડે બેસી ગંદી, નકામી કે નિંદાની વાતો કરતા મેં તેમને કદી નથી જોયા. એમને મળવા જનારથી વેપાર કે ધર્મની વાતથી ત્રીજા પ્રકારની વાત નહીં થઈ શકતી. આવી જાતનું વર્તન એમને સ્વભાવસિદ્ધ હતું. જે એમને સ્વભાવસિદ્ધ હતું તે આપણે બધા પ્રયત્ન કરીને સાધી શકીએ.

આ ઉપરાંત, એમના જીવનમાંથી શીખવાની બે મોટી વાતો તે સત્ય અને અહિંસા. પોતે જે સાચું માનતા તે કહેતા ને આચરતા. અને અહિંસા તો તે જૈન હતા એટલે અને એમના સ્વભાવથી એમની પાસે હતી. આજ અહિંસાની પ્રાકૃત સમજ જૈનોમાં છે– કે નાનાં જીવજંતુ ન મારવાં વગેરે– એટલેથી જ એમની અહિંસા સમાપ્ત નહોતી થતી. એમને તો મનુષ્યને કાંઈ દુઃખ થાય, તો તેથી પણ દુઃખ થતું. અને તે એટલે સુધી કે ઘણી વાર એમને સંસારથી વિરક્તિ આવી જતી.

વિરક્તિનો ગુણ એમના જીવનમાં પહેલેથી જ જોવામાં આવે છે. ૩૩ વર્ષની નાની વયે એ ગુજરી ગયા. ૧૭–૧૮ વર્ષની ઉમરનાં એમનાં પદોમાં આ વૈરાગ્યભાવ દેખાય છે અને તે ઉમરે એમણે ત્યાગ-તિતિક્ષાનું જીવન ગ્રહણ કરવા તાકેલું. ત્યારથી એમનામાં આ વૈરાગ્યવૃત્તિ રહેલી હતી. જો કે ગૃહસ્થાશ્રમ અને વેપાર લગભગ અંત સુધી એમની પાસે રહ્યાં હતાં, પણ વૃત્તિથી તે વૈરાગી હતા.

એમના જીવનમાંથી ચાર ચીજો શીખી શકીએ:

(૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા,

(૨) જીવનની સરળતા–આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર.

(૩) સત્ય અને અહિંસામય જીવન.

મરણપૂર્વે થોડાક અગાઉના પત્રો મેં જોયા છે. આ વસ્તુઓ તેમાં પણ મેં ભાળી છે. એ વસ્તુ આપણે સ્મરણમાં રાખીએ અને જીવનમાં પણ અનુકરણ કરીએ, તો આપણે એમની પુણ્યતિથિ ઠીક ઊજવી એમ ગણાય.

* * *

(શ્રીમદ રાજચંદ્ર બાલબોધની પ્રસ્તાવનામાંથી ઉદ્‌ધૃત)

કેટલાક એમ કહે છે કે શ્રીમદ પચીસમા તીર્થંકર થઈ ગયા. કેટલાક એમ માને છે કે તેમણે મોક્ષ મેળવી લીધો. આ બન્ને માન્યતા અયોગ્ય છે એમ મને લાગે છે. એ માન્યતા ધરાવનારા શ્રીમદ્‌ને ઓળખતા નથી અથવા તીર્થંકરની અથવા મુક્ત પુરુષની વ્યાખ્યા

બીજી કરે છે. આપણા પ્રિયતમને સારૂ પણ આપણે સત્યને હળવું કે સસ્તું ન કરીએ. મોક્ષ અમૂલ્ય વસ્તુ છે. મોક્ષ આત્માની અંતિમ સ્થિતિ છે. મોક્ષ એવી મોંઘી વસ્તુ છે કે તે મેળવતાં જેટલો પ્રયત્ન—સમુદ્ર તીરે બેસી એક સળી લઈ તેની ઉપર એક એક બિંદુ ચડાવી સમુદ્ર ઉલેચનારને—કરવો પડે તેના કરતાં ય વિશેષની આવશ્યકતા છે. એ મોક્ષનું સંપૂર્ણ વર્ણન અસંભવિત છે. તીર્થંકરને મોક્ષની વિભૂતિઓ સહજ પ્રાપ્ત હોય. આ દેહે મુકત પુરુષોને રોગાદિ હોય નહિ. નિર્વિકારી શરીરમાં રોગ સંભવતો નથી. રાગ વિના રોગ હોય નહિ. જ્યાં વિકાર ત્યાં રાગ રહેલો જ હોય; જ્યાં રાગ ત્યાં મોક્ષ સંભવે નહિ. મુકત પુરુષને જોઈતી વીતરાગતા કે તીર્થંકરની વિભૂતિઓ શ્રીમદ્‌ને પ્રાપ્ત નહોતી થઈ. સામાન્ય મનુષ્યોના પ્રમાણમાં શ્રીમદ્‌ની વીતરાગતા અને વિભૂતિઓ ઘણી વધારે હતી, તેથી આપણે તેમને લૌકિક ભાષામાં વિતરાગ અને વિભૂતિમાન કહીએ, મુકત પુરુષને સારૂ કલ્પાયલી વીતરાગતાને અને તીર્થંકરની વિભૂતિઓને શ્રીમદ્‌ નહોતા પહોંચી શકયા એવો મારો દઢ અભિપ્રાય છે. આ કંઈ એક મહાન કે પૂજય વ્યકિતનો દોષ બતાવવા સારૂ નથી લખતો, પણ તેમને અને સત્યને ન્યાય મળવા ખાતર લખું છું. આપણે સંસારી જીવો છીએ, ત્યારે શ્રીમદ અસારો હતા. આપણને અનેક યોનિમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું ત્યારે શ્રીમદ્‌ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ થોડો પુરુષાર્થ નથી. એમ છતાં મારે કહેવું જોઈએ કે શ્રીમદ્‌, જે અપૂર્વ પદનું તેમણે સુન્દર વર્ણન કર્યું છે તે પામી નહોતા શકયા. તેમણે જ કહ્યું છે કે તેમના પ્રવાસમાં તેમને સહરાનું રણ વચમાં આવ્યું તે ઓળંગવું બાકી રહી ગયું, પણ શ્રીમદ્‌ રાજચંદ્ર અસાધારણ વ્યકિત હતા. તેમનાં લખાણ એ તેમના અનુભવના બિન્દુ સમાં છે. તે વાંચનાર, વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેના કષાયો મોળા પડે, તેને સંસાર વિશે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને.

આટલા ઉપરથી વાંચનાર જોશે કે શ્રીમદ્‌ના લખાણ અધિકારીને સારૂ છે. બધા વાંચનાર તેમાં રસ લઈ નહિ શકે. ટીકાકારને તેની ટીકાનું કારણ મળશે. પણ શ્રદ્ધાવાન તેમાંથી રસ જ લૂંટશે. તેમનાં લખાણોમાં સત્‌ નીતરી રહ્યું છે એવો મને હંમેશા ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારૂ એક અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેણે આત્મકલેશ ટાળેલા છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેમને શ્રીમદ્‌નાં લખાણોમાંથી બહુ મળી રહેશે એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિન્દુ હો કે અન્યધર્મી.

સમાપ્ત **ગાંધીજી**

તંત્રીનોંધ: શ્રીમદ્‌ રાજચંદ્ર તીર્થંકરની કોટિના અથવા તો મુકત પુરુષ હતા કે નહિ તે પ્રશ્ન બાજુએ રાખીએ, કદાચ એ સંબંધમાં ગાંધીજીએ કરેલું નિશ્ચયાત્મક વિધાન આપણે સ્વીકારીએ, તો પણ તેમણે જે એમ જણાવ્યું છે કે "આ દેહે મુકત પુરુષોને રોગાદિ હોય નહિ, નિર્વિકારી શરીરમાં રોગ સંભવતો નથી. રાગ વિના રોગ હોય નહિ," આ તેમનાં વિધાનો વિવાદાસ્પદ છે. કારણ કે જેમને આપણે તીર્થંકર, બુદ્ધ અથવા મુકત પુરુષ તરીકે સ્વીકારીએ છીએ અને ગાંધીજી પણ આવા તીર્થંકર, બુદ્ધ કે મુકત પુરુષના અસ્તિત્વનો ઈનકાર નથી જ કરતા તેઓ પણ શારીરિક વ્યાધિથી મુકત નહોતા. ભગવાન મહાવીરને ગોશાળાની તેજોલેશ્યાથી લોહીવા થયો હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે; ભગવાન બુદ્ધનું નિર્વાણ અતિસારના રોગના પરિણામે થયાનું સુવિદિત છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ અથવા તો શ્રી રમણ મહર્ષિને આપણે આ દેહે મુકતપુરુષ માનીએ તો તે બંને મહાપુરુષો કેન્સરના વ્યાધિથી પીડાતા હતા. રાગદ્વેષ જેવા માનસિક વિકારોને લીધે શારીરિક રોગો પરિણમતા હશે, પણ માનવીના શરીરમાં, શરીરની અંદરના કે બહારના બીજા અનેક કારણોને લીધે પણ રોગો પેદા થાય છે જેને રાગ દ્વેષ આદિ માનસિક વિકારો સાથે કોઈ સંબંધ દેખાતો નથી. ચેપ માત્ર બહારથી આવે છે અને માનવીના શરીરની ક્ષમતા અતિ મર્યાદિત હોઈને તેવા ચેપની અસરથી મુકત રહેવામાં ગમે તેટલી ઉચ્ચ કક્ષાનો માનવી પણ ઘણીવાર અસમર્થ નીવડે છે. આ રીતે શારીરિક રોગો સાથે માનવીના રાગદ્વેષાદિ વિકારોનું ગાંધીજીએ કલ્પેલું અનિવાર્ય જોડાણ સયુકિતક લાગતું નથી. **પરમાનંદ**

માનવ–વિકાસનું આગલું સોપાન

(અમદાવાદ, તા. ૨૩-૧૦-'૬૬ અને વડોદરા, ૩૦-૧૦-'૬૬: ગુજરાતના કાર્યકરો સમક્ષનાં તથા થિયોસોફિકલ સોસાયટીમાંનાં વકતવ્યો પરથી સંકલિત).

મને વિષય આપવામાં આવ્યો છે : 'વ્યવહારમાં આધ્યાત્મિક જીવન.' પણ હું બેઉ નથી જાણતી. વ્યવહાર શું છે અને અધ્યાત્મ શું છે, તેની મને ખબર નથી. મને જો કોઈ ખબર હોય તો તે જીવનની ખબર છે. હું એટલું જાણું છું કે જીવનની સન્મુખતામાં માણસ જીવે છે અને જીવનની વિમુખતામાં મૃત્યુ છે. આ જીવનની સન્મુખતાને તમે અધ્યાત્મ કહેતા હો અને વિમુખતાને વ્યવહાર, તો મને વાંધો નથી. બાકી આજે આ દેશમાં આપણે બધાં જીવનથી વિમુખ થઈ રહ્યાં છીએ; આપણે ભયગ્રસ્ત છીએ, જીવનથી બચવાનો, જીવનથી ભાગવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ: વિચારોની મદદથી, ભાવનાઓની મદદથી આપણી ચારેકોર સંરક્ષણની દીવાલો ઊભી કરી દઈએ છીએ. આને શું વ્યવહાર કહેશો ? ખરું કહું તો વ્યવહાર નામની એક સ્વતંત્ર સત્તા અને પરમાર્થ નામની બીજી સત્તા અસ્તિત્વમાં છે, એવો બોધ મને થયો નથી. માટે વિષયને બાજુએ રાખીને થોડું સહચિંતન કરવાનો હું પ્રયત્ન કરીશ.

માણસ બે વિશેષતાઓ સાથે નિર્માણ થયો. પોતાની બે આગવી શકિતઓ સાથે તે પશુયોનિમાંથી ઉપર ઊઠ્યો. એમાંની એક તે વાક્‌-શકિત. વાણી એ માણસની વિશેષતા છે. પરસ્પરના સંવાદ માટે તેણે સંજ્ઞા, સંકેત અને શબ્દનું નિર્માણ કર્યું. તેમાંથી ભાષા બની. ભાષા એટલે શબ્દાત્મક પ્રતીકોની સુવ્યવસ્થિત રચના. તે દ્વારા માણસ પોતાની અંદરના આઘાત, પ્રત્યાઘાત, અનુભૂતિઓની અભિવ્યકિત કરી શકે છે. આ શબ્દસૃષ્ટિનો ઈશ્વર માનવ છે. એવી જ રીતે ધ્વનિ અને નાદમાંથી સ્વરોનાં પ્રતીક બન્યાં અને એ સ્વરાત્મક પ્રતીકોમાંથી સંગીત ઊભું થયું. વળી, રેખાત્મક પ્રતીકોમાંથી કળાનો જન્મ થયો. આ સાહિત્ય, કળા, સંગીત એ પ્રતીકો બનાવવાની માણસની શકિતમાંથી નિર્માણ થયાં છે. આ શકિત માણસની આગવી શકિત છે, અને તેમાંથી માનવસંસ્કૃતિ પાંગરી છે.

માણસની આવી બીજી વિશેષતા છે 'સેલ્ફ્‌કોન્સિયસનેસ'-સ્વસંવેદ્યતાની શકિત. વૈશ્વિક ચેતનાના વિકાસમાં માનવરૂપે એક પરિપાક આપણી સામે આવ્યો છે. વૈશ્વિક ઉત્ક્રાંતિ માનવના સ્વરૂપમાં પોતાના વિશે સભાન બની છે. આ વિશિષ્ટ શકિતમાંથી વિભિન્ન ધર્મોનો, દર્શનોનો, આધ્યાત્મિક સાધનાઓનો વિકાસ થયો.

પરંતુ આજે એમ લાગે છે કે આ બેઉ વિકાસધારા અમુક મુકામે આવીને અટકી ગઈ છે. એમનો આગળનો વિકાસ રૂંધાઈ ગયો છે. પરસ્પર સંવાદની બાબતમાં આજે એમ અનુભવાય છે કે પ્રતીક આખરે માત્ર પ્રતીક છે, તે સત્ય નથી. અંદરની અભિવ્યકિત માટે તે બહુ પંગુ સાધન છે. જો કે મોટા ભાગના માણસોમાં હજી આ સભાનતા અવતરી નથી. એટલે શબ્દ અને શબ્દના સહચારી ભાવ અંદરની અનુભૂતિ કરતાં વધુ મહત્ત્વના થઈ ગયા છે. વળી, દેશ-દેશમાં એક જ શબ્દના સહચારી ભાવ ભિન્ન ભિન્ન હોવાથી તે ભાવો અંદરોઅંદર ટકરાવા લાગ્યા છે. આ અમારું પ્રતીક, તે જ સાચું. આમ, શબ્દો ને વિચારો ટકરાવા લાગ્યા, વિચારોમાંથી ઉત્પન્ન થયેલા વાદો ટકરાવા લાગ્યા, એ વાદોને લઈને માણસો અંદરોઅંદર ટકરાવા લાગ્યા. માટે આજે ફરી એ સમજવાની જરૂર છે કે આ શબ્દો તો આખરે પ્રતીક છે, માધ્યમ છે. મૂળ વસ્તુ અંદરની અનુભૂતિ છે, અને તેની અભિવ્યકિત આપણે કરવાની છે. આજે તો શબ્દો જેમતેમ ફેંકાય છે. આપણે સહુએ એ ટેવ પાડવાની જરૂર છે કે આત્મ-પ્રત્યય વિના મોં નહીં ખોલીએ. એકનાથે કહ્યું છે કે આત્મ-પ્રત્યય વિનાનું બોલવું એ કૂતરાના ભૂંકવા બરાબર

છે. આ તો હીરા, મોતી, જવાહર છે, તેને વેડફી ન દેવાય. શબ્દ એક શકિત છે. શબ્દની પવિત્રતા, શબ્દની મહત્તા માણસે ઓળખવી પડશે. તેણે હંમેશાં જાતને પૂછયા કરવું પડશે કે હું જે બોલું છું, તે અંગે મારી ભીતર આત્મ-પ્રત્યય છે? માણસ–માણસ વચ્ચે પ્રત્યયોનું આદાન-પ્રદાન થવું જોઈએ. સ્પર્શ કરશે તો આત્મ-પ્રત્યય કરશે, કોરો શબ્દ નહીં. શબ્દની અંદર સહાનુભૂતિની સજીવતા હશે તો તે કામ કરશે.

બીજી બાજુ સ્વસંવેદતાને આધારે માણસે પોતાના શરીરનો, મનનો, બુદ્ધિનો પરિચય મેળવ્યો. શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન વગેરેનો ઘણો વિકાસ થયો. પણ હવે આ દિશામાંયે માણસનો વિકાસ રૂંધાઈ ગયો છે. આજે માણસ વિજ્ઞાનની મદદથી થોડું થોડું તો સમજવા લાગ્યો છે કે મન એક ઉપકરણ છે. માણસ શરીરથી, મનથી, બુદ્ધિથી પર છે. હમણાં પશ્ચિમમાં એક મૂલગામી શોધ થઈ છે કે માણસનું બધું જ્ઞાન, અનુભૂતિ વગેરે brain cells માંના અમુક રસાયણમાં સંધરાયેલું હોય છે. એટલે એ રસાયણને એક માણસના મગજમાંથી ખેંચી લઈને બીજાના મગજમાં ઈન્જેકટ કરી દેવાય, તો પેલા માણસની સ્મૃતિ, બુદ્ધિ, જ્ઞાન બધું બીજામાં પહોંચાડી દઈ શકાય. આ માટેના પ્રયોગો ઉંદરો, સસલાં વગેરે પર સફળ થયા છે.

આ બધા પરથી હવે એટલું સ્પષ્ટ થતું જાય છે કે મન ને બુદ્ધિ તો યંત્ર છે, સાધન છે, ઉપકરણ છે. માનવનું સત્વ તે નથી. માટે માનવજાતિએ એક ડગલું આગળ માંડવું હોય, તો તેણે હવે આ મન અને બુદ્ધિના ક્ષેત્રથી ઉપર ઊઠતા શીખવું જોઈએ. આજે તો માણસનો બધો વ્યવહાર મન સાથેની તદાત્મતા, વિચાર સાથેની તદાત્મતા, ભાવનાઓની સાથેની તદાત્મતાથી ચાલે છે અને તેમાંથી ગ્રંથિઓ નિર્માણ થાય છે. માણસની ચેતનાનું આજનું જે સ્વરૂપ છે, તે ગ્રંથિમય છે. આ વાત હવે આપણે સમજી લેવી પડશે અને મનથી પર થવાની સાધના કરવી પડશે. આના વિના આરો નથી. નહીં તો કોઈ તનમાં અટકયા, કોઈ મનમાં અટકયા, એના જેવું થશે. !

માનસિક કર્મ, બૌદ્ધિક કર્મ વગેરે આંશિક ક્રિયા છે. ક્રિયા અને કર્મમાં ફરક છે. સમસ્ત અસ્તિત્વમાંથી જે સહજ ઝંકૃત થઈ ઊઠે છે, તે કર્મ છે, જ્યારે ઈન્દ્રિયોને વશ થઈને જે કરવામાં આવે છે તે ક્રિયા છે. મન દ્વારા થતો હક પ્રયત્ન, માનસિક છે, તો હવે શું કરવું ? વળી, આજ સુધી માણસે ચેતન દ્વારા અચેતનનું વિવેચન કર્યું. પણ હવે એ ખ્યાલમાં આવવા માંડયું છે કે ચેતન અને અચેતનની પર થયા પછી જ માનવીય જીવનનો આરંભ થાય છે. આટલા બોધ સુધી માણસ આજે પહોંચ્યો છે. હવે આનાથી પર જે ચેતનાનું ક્ષેત્ર છે તેમાં પદાર્પણ કરવા સારું મન અને બુદ્ધિ કામ નહીં આવે. તે બધાં વિષમ સાધન છે. આ બોધ જેને થયો નથી તેની સાધનાનો પ્રારંભ થયો ગણાય. આને તમે જિજ્ઞાસા કહી શકો. આ બોધ ન થયો હોય, તો અથાતો બ્રહ્મજિજ્ઞાસાની ભૂમિકામાં હજી નથી પહોંચાયું, એમ જ માનવું જોઈએ.

આ ક્ષેત્રમાં આગળ શી રીતે વધવું ? પહેલી વાત તો એ કે જો જિજ્ઞાસા પ્રામાણિક હોય, તો માનસિક કર્મની મર્યાદાઓનું ભાન માણસમાં કોઈ પ્રકારની વિવશતા પેદા નહીં કરી શકે. બોજ તો ત્યારે લાગે છે, જ્યારે ભિતર જિજ્ઞાસાની જ્યોત પ્રજ્વલિત ન થઈ હોય, અને મનમાં કંઈક તૈયાર નકશાઓ ને કલ્પનાઓ ગંઠાઈને પડયાં હોય. જિજ્ઞાસા પ્રામાણિક હોય, તો તેની સાથે નમ્રતાનો પ્રાદુર્ભાવ અવશ્ય થાય છે. મેં કદી ન કલ્પ્યો હોય, મેં કદી ન સાંભળ્યો હોય કે ન જાણ્યો હોય, જે અત્યાર સુધી અવર્ણનીય અને અકથનીય રહ્યો હોય, જીવનનો એવો પણ કોઈ સાક્ષાત્કાર હોઈ શકે છે–આ વિનમ્રતાની ભૂમિકા છે. જીવનનો સાક્ષાત્કાર મારા હિસાબ, ગણિત અને તર્ક અનુસાર થવો જોઈએ, એ બોજ આંતરિક યાત્રામાં બહુ મોટી આડખીલીરૂપ બની જાય છે.

આને જ જ્ઞાનદેવે સર્વશૂન્યતાનો નિષ્કર્ષ કહ્યો છે.. આપણે લોકો શૂન્ય એટલે રિકત, શૂન્ય એટલે અવકાશ, એમ માનીએ છીએ. તેથી વિનમ્રતાનો આશય શૂન્યતા છે એમ કહું તો બીજી ઘણી ચીજો સાથે તે જોડી દેવાશે. એનું વર્ણન કરવામાં આ મુસીબત છે. આને મૌન કહીશું, શાંતિ કહીશું, નિર્વિકલ્પ અવસ્થા કહીશું? એ બધા શબ્દો સાથે અમુક સહચારી ભાવ ગંઠાઈ ગયા હોવાથી તેનો ઉપયોગ કરતાં સંકોચ થાય છે. પરંતુ ટુંકમાં આ બોધમાં જ સાધનાનો પ્રારંભ છે. આ મૌન દ્વારા જે દ્વાર ખૂલે છે, તેમાં જીવનનું કોઈ ખંડિત દર્શન નથી થતું. તેમાં પછી વ્યવહાર અને અધ્યાત્મ વચ્ચે કોઈ ભેદ નથી રહેતો. આજે આવા બોધની માણસના વિકાસ માટે નિતાંત આવશ્યકતા છે. માનવતાનો પ્રારંભ જ તેનાથી થશે. ભ્રાતૃભાવ, શાંતિ વગેરે મેળવવાં હશે, તો પણ મૌનને દ્વારે ઊભા રહીને આત્મ પરિચયની સાધના જ કરવી પડશે.

આ એક આંતરિક યાત્રા છે. તે ન તનથી થશે, ન મનથી. સમય અને અવકાશના આધારે પણ તે નહીં થાય. તેને માટે પહેલેથી કોઈ દિશા અને કોઈ લક્ષ્ય પણ નિશ્ચિત નહીં કરી શકાય. જીવનનું યથાર્થ આકલન અને સત્યનું શોધન, એ બે જ પ્રયોજન જેમના હૃદયમાં જાગૃત થયાં હોય છે, તેઓ આ યાત્રાએ નીકળી પડે છે. આપણે બધાં એકમેકની સાથે રહેવા છતાં પોતપોતાનું આગવું વ્યકિતત્વ ધરાવતા હોઈએ છીએ. દરેકના તાણાવાણા અલગ છે. એટલે દરેકની સાધના પણ પોતપોતાની આગવી રહેવાની. એકબીજામાંથી પ્રેરણા મળી શકે છે, પણ પથ તો પોતપોતાનો જ રહેશે.

આને બદલે માણસ જો બીજાઓની અનુભૂતિઓમાં ફસાઈ જાય છે, તો તેનો વિકાસ રૂંધાય છે. પસંદગી, ના-પસંદગીના ઝમેલામાં એ પોતાની ક્ષમતા ગુમાવી બેસે છે. સત્ય - શોધન સારુ પછી અવકાશ નથી રહેતો. બહુ જ ઉપલકિયા સ્તરમાં તે અટવાઈ જાય છે. બીજાઓના જીવનમાંથી પ્રેરણા જરૂર મળી શકે છે, પણ તે એમની અનુભૂતિઓને પ્રમાણ બનાવવા સારુ નહીં, એમના વિચારોને અંતિમ માની લેવા સારુ નહીં, અરે બીજાઓના શું, પોતાના વિચારોને પણ અંતિમ ન માની લેવાય. નિરંતર ગતિશીલતા એ જીવનનો ધર્મ છે. નહીં તો ચેતનાના પ્રવાહમાં વિવિધ પ્રકારની ગ્રંથિઓ નિર્માણ થઈ જાય છે.

આ બીજાની અનુભૂતિઓના આશરો લેવાનો મનોવ્યાપાર માણસને પ્રિય થઈ પડયો છે. તેને જ આપણે સાધના માની લીધી છે. પરંતુ ન અનુભૂતિ ઉધાર લઈ શકાય છે, ને જિજ્ઞાસા ઉધાર લઈ શકાય છે. આ વ્યવસાયની વ્યર્થતા શીઘ્રાતિશીઘ્ર આપણે સમજી લઈએ અને મનના મૌનમાં જે અજ્ઞાનતા, અજ્ઞેયના દર્શન થશે તેને માટે તૈયાર રહીએ. આ મોટું સાહસનું કામ છે. તેમાં ભીરુનું કે કાયરનું કામ નથી. સાધનાનો નિષ્કર્ષ અગાઉથી માલૂમ પડી જાય, એ વૃત્તિ ભીરુતાની વૃત્તિ છે. કોને ખબર છે, એ મૌન અને શૂન્યતાની દિવ્ય સૃષ્ટિમાં શું હશે? આજની મનોરચિત સૃષ્ટિ બધી તૂટી જશે. મૌનને દુનિયાનું સૌથી વધુ સ્ફોટક પરિબળ કહ્યું છે. આનો અગાઉથી હિસાબ શું કરી શકાય ? નાના અણુમાં કેટલી શકિત છે તેનો યે કયાસ કયાં નીકળી શકે છે? આમાં તો એક નવી ચેતનાનો પ્રાદુર્ભાવ થશે. 'અહં' અને 'મમ'નું ભાન ખસકી જશે. જાણે પગ રાખવા જમીન નહીં મળે. માનસિક કર્મને આધારે જીવનમાં એક પ્રકારની સુરક્ષા છે, તે સુરક્ષાને તિલાંજલી આપવી એ મોટું સાહસનું કામ છે. જેનામાં આવું સાહસ હોય, તે આ આંતરિક યાત્રાનો પથિક બને છે.

વિમલા ઠકાર

અભિનવ સંભાર

મમતાનું મરચું, મક્કમતાની મેથી, મીઠાશનું મીઠું, રમૂજની રાઈ, હિંમતની હિંગ અને હૈયાની હળદર, સપ્રમાણ ભેગી કરી, તપરૂપી તેલથી વઘારી બનાવેલો આ સંભાર તમારા ભાવનાના ભોજનને વધુ સ્વાદિષ્ટ બનાવશે. મહેન્દ્ર પી. ઠક્કર

પ્રકીર્ણ નોંધ

આગામી મતપ્રદાન અંગે ગુજરાતના સામાજિક કાર્યકરોનું નિવેદન

ગુજરાતના જાણીતા સમાજ સેવકો, ચિંતકો તથા સામાજિક કાર્યકરો શ્રી ભોગીલાલ ગાંધી, શ્રી કમળાશંકર પંડ્યા, ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખ ડૉ. દ્વારકાદાસ જોષી, અમદાવાદના આચાર્ય પુરુષોત્તમ માવળંકર, 'ભૂમિપુત્ર'ના તંત્રી શ્રી કાંતિ શાહ, ગાંધી સ્મારક સંગ્રહાલયના શ્રી કિશન ત્રિવેદીએ ચૂંટણીઓ અંગે નીચેનું નિવેદન ગુજરાતની પ્રજા જોગ પ્રસિદ્ધ કર્યું છે:—

"ચોથી સાર્વત્રિક ચૂંટણીની આડે થોડા દિવસો બાકી રહ્યા છે. આપણા સમગ્ર જીવન પર દુર્ગામી અસર કરે તેવી આ ચૂંટણીઓ હશે. સ્વાભાવિક રીતે આ સંદર્ભમાં લોકશાહીની સમસ્યા ગંભીર રૂપ ધારણ કરશે. ગુજરાતના નાગરિકો લોકશાહીનો સાચો મર્મ સમજી આ ચૂંટણી પ્રસંગે દેશના ઉજ્જવલ ભાવિમાં પોતાનો ફાળો કેવી રીતે આપી શકે તેની નિષ્પક્ષ વિચારણા કરવાનો અવસર આવી પહોંચ્યો છે.

"આજના ભારતનું ચિત્ર કરુણ છે. જીવનના દરેક ક્ષેત્રે અને સ્તરે ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે. દેશ છિન્નભિન્ન થઈ રહ્યો છે. વાતાવરણ હિંસાથી ક્લુષિત છે.

"લોકશાહીને વરેલા રાજકીય પક્ષો સુદ્ધાં આ પરિસ્થિતિના નિર્માણમાં જાણેઅજાણ્યે ભાગ ભજવી રહ્યાં છે, જે અત્યંત દર્દ ઉપજાવનારી ઘટના છે. આમ હોવા છતાં, દરેક પક્ષમાં સાચી લોકશાહીને વરેલા કાર્યકરો પડેલા છે, અને તેઓ પણ આજની પરિસ્થિતિથી ગૂંગળામણ અનુભવે છે.

"આવી સ્થિતિમાં લોકશાહીને વરેલા રાજકીય પક્ષો અને કાર્યકરોનું ઓછામાં ઓછું એ કર્તવ્ય છે કે તેઓ લોકશાહીની આચારસંહિતાનું પાલન કરે અને પ્રજાને લોકશાહીની સાચી રાજકીય સમજ આપે.

૧. જ્ઞાત, જાત, કોમ, સંપ્રદાય અને ધર્મના ધોરણે મત માગે નહીં અને પ્રજા આપે નહીં.

૨. વ્યકિત કે સામૂહિક લાંચ-લાલચને વશ થઈ અથવા પ્રત્યક્ષ કે પરોક્ષ દબાણને વશ થઈ મતદાન કરે નહીં, કરાવે નહીં.

૩. પક્ષ કે જૂથના નામથી અંજાયા વિના પ્રામાણિક શુદ્ધ જાહેર જીવનની નિષ્ઠા ધરાવનાર તથા લોકશાહી પ્રણાલિકા અને શાંતિમય ઉપાયોમાં અતૂટ શ્રદ્ધા ધરાવનાર ઉમેદવારને જ મતદાન કરવું.

"આજના દેશના સંકટકાળે અમે ગુજરાતની પ્રજા સમક્ષ અમારા આ વિચારો રજુ કરવાની ફરજ સમજીએ છીએ અને આશા રાખીએ છીએ કે ગુજરાતની જનતા આ વિચારોને અપનાવી લેશે !"

આવી ચૂંટણી અંગેના મતપ્રદાન પ્રસંગે આજ સુધી આપણે પક્ષની ગુણવત્તા ઉપર ભાર મૂકતા હતા અને તે પક્ષના ઉમેદવારની ગુણવત્તાને આપણે ગૌણ લેખતા હતા અને તે પક્ષને ધ્યાનમાં રાખીને તેના ઉમેદવારને આપણો મત આપતા હતા. દેશની આજે બદલાયેલી પરિસ્થિતિમાં, ઉપરનું નિવેદન સૂચવે છે તે મુજબ, મતપ્રદાનનું આવું ધોરણ બદલવું ઘટે છે. હવે આપણે ચૂંટણી માટે ઊભા રહેલા ઉમેદવારની યોગ્યતા ઉપર વધારે ભાર મૂકવો અને પક્ષની યોગ્યતાને ગૌણ લેખવી એ અત્યન્ત જરૂરી બન્યું છે. આમ છતાં પણ રાજકીય પક્ષોની યોગ્યાયોગ્યતાને લગતા વિચારની તદ્દન ઉપેક્ષા કરવી એ પણ યોગ્ય નથી. દા. ત. એવો કોઈ રાજકીય પક્ષ હોય દા. ત. સામ્યવાદી પક્ષ કે જે બળવાન બને કે સત્તા ઉપર આવે એ દેશના હિતને તદ્દન પ્રતિકૂળ છે—આવી માન્યતા અમુક મતદાતાની હોવા સંભવ છે. આવા સંયોગમાં આવા પક્ષે પસંદ કરેલો ઉમેદવાર ગમે તેટલી અંગત યોગ્યતા ધરાવતો હોય, તો પણ તેને મત આપવાનું તે મતદાતાને કહી ન જ શકાય. આવા સંયોગમાં તે મતદાતાએ કોઈને મત ન આપવો એમ કહેવાને બદલે અન્ય કોઈ પક્ષને વરેલા અથવા તો સ્વતંત્ર રીતે ઉભા રહેલા ઉમેદવારોમાંથી પસંદગી કરીને તેવા ઉમેદવારને મત આપવાની ભલામણ કરવી એ વધારે યોગ્ય છે. ઉપર આપેલા નિવેદનના અનુપાલન સાથે આ અપવાદને પણ સૌ કોઈએ ખાસ ધ્યાનમાં રાખવો ઘટે છે.

એક વિચિત્ર પ્રશ્ન

એક મુસલમાન ખોજા ગૃહસ્થ તરફથી થોડા દિવસ પહેલાં એક પત્ર મળ્યો, તેમાં તેઓ પોતાનો પરિચય આપતાં જણાવે છે કે "હું ૩૦ વર્ષથી નિરામિષઆહારી છું. ક્યારેય અપવાદથી કે ભૂલથી મેં માંસાહાર કર્યો નથી અને મારા ઘરમાં પણ તેનો ઉપયોગ થતો નથી. હું પ્રયત્નથી નિરામિષાહારી બન્યો છું, તેથી હવે તેના વિષે પણ મારા મનમાં વિચારો ચાલે છે. મને એમ લાગ્યું છે કે જેઓ જીવહિંસા ન થાય તેટલા ખાતર જ આમિષ નથી લેતા તેમણે કુદરતી મોતે મરેલાં જાનવર ખાવા જોઈએ. પશુને મારીને ખાનારાઓ એમ સમજે છે કે કુદરતી મોતે મરેલાં જાનવર રોગગ્રસ્ત હોઈને તે ખાવાલાયક ન ગણાય. પણ આવું માંસ ખાનારાઓ માટે પશુની કતલ કરનારા લોકો માંદા—બીમાર રોગગ્રસ્ત જીવોને પણ છોડતા નથી. તો પછી સુધરાઈ તંત્ર મરેલા જાનવરના શબને તપાસીને તેનું માંસ ખાવાની છૂટ આપે તો ઘણા જીવ મરતા બચે અને મરેલા જીવનો ખોરાકમાં ઉપયોગ થાય, જે હાલ તો નકામું જાય છે. આ સંબંધમાં તમારો અભિપ્રાય જણાવશો."

તેના ઉત્તરમાં મેં જણાવ્યું કે "તમારો આ પ્રશ્ન ભારે વિચિત્ર છે. વધપરિણામી માંસના સ્થાને મુડદાલ માંસનો ઉપયોગ કરવાનું વિચારનાર સામે બે વાંધાઓ રજૂ કરી શકાય: એક તો મુડદાલ માંસ આરોગ્યની દૃષ્ટિએ નુકસાનકારક હોવાનો ઘણો સંભવ છે. બીજું મુડદલ માંસ ખાનારને કતલ થયેલા જાનવરનું માંસ ખાવા તરફ ઢળતાં વાર નથી લાગવાની. તંગી અને મોંઘવારીના દબાણ નીચે અથવા તો મુડદાલ માંસ મેળવવાની મુશ્કેલીમાં તેની જીવ્હાલોલુપતા નિષિદ્ધ માંસ તરફ ખેંચી જાય એ ખૂબ જ સંભવિત છે.

"કુળપરંપરાથી જે નિરામિષઆહારી હોય તે બે કારણે માંસ ખાતો નથી: એક તો અહિંસાની ભાવનાના કારણે અને બીજું માંસ પ્રત્યે કેળવાયેલી તીવ્ર સુગના કારણે, આવી તીવ્ર સુગ કદાચ તમારામાં હોવા સંભવ નથી અને તેથી જે વિચાર મારી જેવા નિરામિષઆહારી માટે સંભવતો નથી તે વિચાર, તમે મુસલમાન હોઈને તમને આવે છે.

"આજે ખાદ્યપદાર્થોની અછત દિવાસાનુદિવસ વધતી જાય છે એવા સંયોગોમાં મુડદાલ માંસ આરોગ્યની દૃષ્ટિએ વાંધાપડતું નથી એમ પુરવાર થાય (જે પુરવાર થવાનું મને શક્ય લાગતું નથી) અને આજના માંસાહારીઓ તે માંસનો ઉપયોગ કરવાનું વિચારે તો તે સામે વાંધો ઉઠાવવા જેવું મને કશું દેખાતું નથી, પણ નિરામિષઆહારીઓને તેમ કરવાનું કદિ પણ કહી શકાય નહિ, કારણ કે તેમના માટે તો, એક પ્રકારના જીવનવ્રતના ધોરણે, માંસ માત્ર અખાદ્ય છે.

"જે મુડદાલ માંસને નકામું ગણીને ફેંકી દેવામાં આવે છે તેનો સાર્વત્રિક ઉપયોગ થાય તો દેશને આર્થિક રીતે ઘણો ફાયદો થાય—આમ તમે જે જણાવો છો તે કદાચ બરોબર હશે અને તેથી તેવું માંસ જેમના માટે ખાદ્ય બની શકતું હોય તેઓ ભલે તેનો ઉપયોગ કરે, પણ નિરામિષઆહારીઓને આમ કહેવું કે સૂચવવું એ અર્થલાભના ઓઠા નીચે અધર્મને નોતરવા બરોબર છે. જીવન સાથે સંબંધ ધરાવતી બધી બાબતોનો કેવળ આર્થિક રીતે વિચાર કરવો યોગ્ય નથી. આ ઉપરાંત, બીજાં અનેક દૃષ્ટિબિન્દુઓ

પૂર્વક આ બાબતોનો વિચાર કરવાનો રહે છે, અને સમગ્રતયા વિચારતાં જે શ્રેયસ્કર-હિતકર લાગે તે મુજબ જ વ્યકિત તેમ જ સમષ્ટિનું આચરણ નિર્માણ થવું ઘટે છે.

"તમારા કઢંગા પ્રશ્નનો આટલા લંબાણથી જવાબ મેં એટલા માટે આપ્યો છે કે, તમારી આજની વિચારણા સમય જતાં આમિષ આહારના લપસણા માર્ગે તમને લઈ જાય અને આજ સુધીના તમારા નિરામિષઆહારના આગ્રહથી તમને ચ્યુત કરે એવો મને ભય દેખાય છે."

ઉપર જણાવેલા ભયનું નિરસન કરતાં પ્રસ્તુત મિત્ર જણાવે છે કે "મેં સમજપૂર્વક આમિષઆહાર છોડ્યો છે. મને તેના ઘણા ફાયદા જણાયા છે. નૈતિક, શારીરિક, અને આર્થિક-ત્રિવિધ ફાયદા મેં જોયા અનુભવ્યા છે તે તો હવે કેમ જ છોડું? વળી ૩૦ વર્ષ થયાં. તેથી હવે મારી ૫૫ વર્ષની ઉમ્મરે તે લેવું નિરર્થક છે, અને અવસ્થાની નજરે ભયંકર નીવડે એમ હું સમજું છું."

લોકશાહી ભારે ખતરામાં

મુંબઈ યુનિવર્સિટીના વાઈસ-ચેન્સેલર શ્રી. પી. બી. ગજેન્દ્રગડકરે અંધેરી ખાતે ભારતીય વિદ્યાભવનના ૨૦મા પદવીદાન-સમારંભ પ્રસંગે દેશની અદ્યતન પરિસ્થિતિને અનુલક્ષીને એક મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, "પ્રગતિશીલ બુદ્ધિશાળી વર્ગની ફરજ છે કે તેણે દેશમાં એવી આબોહવા પેદા કરવી કે જેથી હિંસાપરાયણ રાજકારણ સર્વથા નાબુદ થાય. લોકશાસિત સમાજમાં હિંસાપરાયણ આચરણની માફક ઉપવાસો અને આત્મવિલોપનની ધમકીઓ પણ એટલી જ વિસંવાદી અને વિરોધપાત્ર છે. આજે એક પ્રકારની અરાજક મનોદશાએ આપણને ઘેરી લીધા હોય એમ લાગે છે અને લોકશાહી ખતરામાં છે અને તેનો ભારે ગંભીર પડકાર થઈ રહ્યો છે-આવી લાગણી-આવું સંવેદન સર્વકોઈ સમજદાર નાગરિકોને આજે વ્યથિત કરી રહ્યું છે. ભારતની લોકશાહીને આજે પડકાર થઈ રહ્યો છે તે કોઈ બહારના દુશ્મનો તરફથી નહિ પણ આંતરિક વિચારપ્રવાહો અને વલણો દ્વારા થઈ રહ્યો છે. જો લોકશાહીને ભારતમાં બચાવવી હોય-ટકાવવી હોય તો આ પડકારનો સૌ સમજદાર લોકોએ પૂરી તાકાતથી સામનો કરવો ઘટે છે.

"મારા અભિપ્રાય મુજબ, સાધ્ય જેટલું જ સાધનનું મહત્ત્વ છે-આવો જે મહાન સિદ્ધાન્ત ગાંધીજીએ આપણને પોતાના ઉપદેશ અને આચરણ દ્વારા શિખવ્યો હતો તે સિદ્ધાન્તના મહત્ત્વની આપણે એકસરખી ઉપેક્ષા કરતા રહ્યા છીએ. આ હકીકત આપણી લોકશાહીને જોખમમાં મૂકનાર સૌથી બળવાન કારણ છે. છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન જે રાજકારણી હિંસાનો આપણા દેશમાં ઉલ્કાપાત સરજાયો છે તે લોકશાહી જીવનપદ્ધતિનો અત્યન્ત વિરોધી છે. ઘેરા ડાલો, બંધો, મોરચાઓ અને આ પ્રકારનાં જાહેર મિલ્કતની ભાંગફોડમાં પરિણમતાં આંદોલનો અને હિંસક અપકૃત્યોનો લોકશાહીના પાયાનાં તત્ત્વો સાથે કોઈ મેળ નથી.

"આજે તો જાહેર મિલકતની ભાંગફોડ પૂરતી હિંસા મર્યાદિત છે પણ આ હિંસક વલણને કાબુમાં લાવવામાં ન આવે, નિયંત્રિત કરવામાં ન આવે, તો આ હિંસા ખાનગી મિલકત ઉપર પણ આક્રમણ કરવાની અને તેમાંથી નાગરિકો પણ મુકત રહી નહિ શકે."

આજના ઉપવાસોને ઉદ્દેશીને તેમણે જણાવ્યું કે, "આ ઉપવાસો કોઈ આત્મશુદ્ધિના ઉદ્દેશથી કરવામાં આવતા નથી, પણ રાજકારણી દબાણ ઊભું કરવાના એક શસ્ત્ર તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આવા ઉપવાસનું કોઈ આધ્યાત્મિક કે ધાર્મિક મહત્ત્વ છે જ નહિ. રાજકારણી હેતુસર શરૂ કરવામાં આવેલ ઉપવાસ કેવળ બુદ્ધિવિનાના અને બીનજવાબદાર છે અને મધ્યકાલીન યુગનું માનસ રજૂ કરે છે. આ સંબંધમાં સુદૃઢ જાહેર મત ઊભો કરવામાં આવે-તેનો ચોતરફથી મક્કમપણે સામનો કરવામાં આવે તો, આવી ઘાતક પ્રવૃત્તિઓનો અસરકારક રીતે અંત લાવી શકાય. ઉપવાસ અને આત્મવિલોપનની ધમકીઓ ભારતને દુનિયામાં હાંસીપાત્ર બનાવી રહેલ છે.

"કમનસીબે કેટલાંક વર્ષોથી જાહેર જનતા સરકારમાંથી, અને તેના પ્રતિનિધિઓદ્વારા કરવામાં આવતાં રાજનૈતિક નિવેદનો અને જાહેરાતોમાંથી વિશ્વાસ ગુમાવતી રહી છે. સારા વિચારોનું, ઉત્કૃષ્ટ જીવનમૂલ્યોનું ધીરેધીરે અવમૂલ્યાંકન થતું આપણે જોઈ રહ્યા છીએ અને એક પ્રકારની અનાસ્થા-નિરાશા-જનતાના ચિત્તને ઘેરી વળી છે.

"સર્વ રાજકારણી પક્ષોએ એકત્ર બનીને મક્કમપણે જાહેર કરવું જોઈએ કે હિંસાલક્ષી, ઉપવાસલક્ષી તેમ જ આત્મવિલોપનલક્ષી રાજકારણ આપણી લોકશાહીમાંથી ફલિત થતી જીવનપદ્ધતિને સર્વ પ્રકારે પ્રતિકુલ - અસંગત-છે અને તેથી તેની બધી રીતે અટકાયત થવી જોઈએ. એમ નહિ કરીએ તો લોકશાહીને ખતમ થયેલી જોવાનું આપણા ભાગે આવશે. આપણો દેશ એક પ્રકારની કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે અને જાગૃત જાહેરમતનું નિર્માણ - એ જ એનો જવાબ છે. ભારતની લોકશાહી માટે ભયસ્થાનરૂપ બનેલી આજની બુદ્ધિહીન - વિચારહીન - વિવેકહીન ધમકીઓ સામે જેહાદ ચલાવવી એ જ આપણા સર્વનો આજે અનિવાર્ય ધર્મ બને છે."

પરમાનંદ

કેવા સંયોગોમાં ગર્ભપાતને કાનૂની રક્ષણ મળવું ઘટે?

(આ પ્રશ્નની તપાસ કરવા અંગે ભારત સરકાર તરફથી નીમવામાં આવેલી સમિતિના રીપોર્ટનો સંક્ષિપ્ત અહેવાલ તા. ૧૩-૧-૬૭ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલો તે ઉપરથી તારવેલી નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી)

૧૯૬૪ના સપ્ટેંબર માસમાં કેન્દ્ર સરકારની હેલ્થ એન્ડ ફેમીલી પ્લાનીંગ મીનીસ્ટ્રી તરફથી Legislation for the Legalisation of Abortion-ગર્ભપાતને કયા સંયોગોમાં કાયદેસર રક્ષણ મળવું જોઈએ-એ અંગે તેની બધી બાજુઓની પુરી તપાસ કરીને ભલામણો કરવા માટે શ્રી શાન્તિલાલ શાહની અધ્યક્ષતા નીચે એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિમાં આ પ્રશ્ન સાથે ડાકટરી અનુભવ ધરાવતી અથવા તો સામાજિક ક્ષેત્રમાં કાર્યકર તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવવાના કારણે વિશિષ્ટ યોગ્યતા ધરાવતી એવી વ્યકિતઓ-મીસીસ અસમ્મા મથાઈ, મીસીસ આવાબાઈ બી. વાડિયા, ડૉ. મીસીસ એસ. ભાટિયા, મીસીસ મસુમા બેગમ, શ્રી નરેન્દ્ર પ્રાગજી નથવાણી, ડૉ. બી. એન્. પુરંદરે, ડૉ. એચ. એન્. શિવપુરી, મીસીસ શ્યામકુમારી ખાન, ડૉ. વી. એન્. શિરોડકર, અને લેફ્ટેનન્ટ કર્નલ બી. એલ્. રાયનાની સભ્યો તરીકે નિમણુક કરવામાં આવી હતી.

મહારાષ્ટ્રના પબ્લીક હેલ્થ, લૉ અને જ્યુડીશિયરીના ભૂતપૂર્વ પ્રધાન શ્રી શાન્તિલાલ શાહની આગેવાની નીચે ૧૧ સભ્યોની બનેલી આ સમિતિને ગર્ભપાત અંગેના કાનૂની પ્રબંધને લગતા પ્રશ્નનો વૈદ્યકીય, સામાજિક, કાનૂની અને નૈતિક-બધી બાજુઓથી વિચાર તેમ જ તપાસ કરીને ભલામણો કરવાનું કહેવામાં આવ્યું હતું. આ સમિતિએ એક પ્રશ્નપત્ર તૈયાર કર્યો હતો અને કેન્દ્ર તેમજ રાજ્ય-સરકારોના સર્વ પ્રધાનોને, કેન્દ્રની તેમ જ રાજ્યની ધારાસભાઓના સર્વ સભ્યોને, અને મધ્યવર્તી તેમ જ રાજ્યસરકારના ફેમીલી પ્લાનીંગ બોર્ડોના સભ્યોને તથા આખા દેશની વૈદ્યકીય,

સામાજિક, કાનૂની, રાજકીય તથા ધાર્મિક સંસ્થાઓને આ પ્રશ્નપત્ર મોકલવામાં આવ્યો હતો. આ પ્રશ્નપત્રના જવાબમાં મળેલા ૫૭૦ પત્રોની જાતતપાસ કરવા ઉપરાંત દિલ્હી, કલકત્તા તથા મુંબઈના વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા અનેક ભાઈ બહેનોમાંથી અમુક પસંદ કરેલી વ્યક્તિઓની આ સમિતિએ પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

આ સમિતિનો સર્વાનુમતી રીપોર્ટ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો છે. ગર્ભપાત અંગે આજના ઈન્ડિયન પીનલ કોડની ૩૧૨મી કલમ આ મુજબ છે. "જે કોઈ વ્યક્તિ સગર્ભા સ્ત્રીને કસુવાવડ કરાવશે અને આવી કસુવાવડ એ સ્ત્રીની જીંદગી બચાવવાના હેતુથી કરવામાં આવી ન હોય તો આવી કસુવાવડ કરાવનાર વ્યક્તિ ત્રણ વર્ષ સુધીની બેમાંથી એક પ્રકારની જેલ, શિક્ષા અથવા દંડ અથવા બન્ને પ્રકારની શિક્ષાને પાત્ર થશે અને જો એ સ્ત્રીના ઉદરમાં બાળક હાલતું ચાલતું હોય તો તેવો ગર્ભપાત કરાવનાર વ્યક્તિ બેમાંથી એક પ્રકારની સાત વર્ષ સુધીની જેલ શિક્ષાને પાત્ર થશે તેમજ દંડને પાત્ર પણ બનશે. ખુલાસો : જે સ્ત્રી કસુવાવડ કરાવશે તે સ્ત્રી પણ આ કાયદા અનુસાર ગુનેગાર ગણાશે."

આ કલમમાં 'મિસકેરેજ'-કસુવાવડ શબ્દમાં ગર્ભપાતનો સમાવેશ થાય છે, એટલું જ નહિ પણ, સ્વાભાવિક પ્રસૂતિ થવા પહેલાં શસ્ત્રક્રિયા દ્વારા કરવામાં આવતા ગર્ભસ્થાનના દૂરીકરણનો પણ સમાવેશ થાય છે. આવી ગુન્હાહિત કસુવાવડોમાં માત્ર એક જ અપવાદ સૂચિત છે અને તે માતાની જીંદગી બચાવવાના હેતુથી કરવામાં આવી હોય તેવી કસુવાવડ.

પ્રસ્તુત સમિતિને કસુવાવડ અથવા તો ગર્ભપાત અંગેની આ પ્રકારની કાનૂની વ્યવસ્થા અપૂરતી અથવા તો વધારે પડતી મર્યાદિત લાગી છે, અને તેથી તેણે એવી ભલામણ કરી છે કે આ વ્યવસ્થા એટલા પ્રમાણમાં વિસ્તારવી ઘટે કે જેથી માત્ર સગર્ભા સ્ત્રીની જીંદગી બચાવવાના હેતુથી જ, લાયકાત ધરાવતી વૈધકીય વ્યવસાય કરતી વ્યક્તિના હાથે કરાવવામાં આવેલો ગર્ભપાત કાયદેસર ગણાવો જોઈએ, એટલું જ નહિ પણ, નીચેના સંયોગોમાં પણ કરાવવામાં આવેલા ગર્ભપાતને કાયદેસર લેખવો જોઈએ :-

(૧) જ્યારે ગર્ભધારણનું ચાલુ રહેવું તે સગર્ભા સ્ત્રીની જીંદગી માટે ગંભીરપણે જોખમકારક હોય અથવા તો તેના શારીરિક તેમ જ માનસિક આરોગ્ય માટે જન્મ પહેલાં, જન્મ સમયે અથવા જન્મ પછી ગંભીરપણે હાનિકર્તા બનવાનો સંભવ હોય;

(૨) જ્યારે એવું નક્કર જોખમ હોય કે જો બાળકને જન્માવવામાં આવે તો તે બાળક આખી જીંદગી સુધી ગંભીરપણે જકડાઈ જાય અથવા તો તેની ક્રિયાશીલતા અટવાઈ જાય એવી શારિરીક કે માનસિક ખોડખાંપણવાળું થવાની ખુરી શકયતા હોય;

(૩) જ્યારે બળાત્કારમાંથી ૧૬ વર્ષની નીચેની અપરિણીત કન્યા સાથેના સંભોગમાંથી, તેમ જ mentally defective woman—માનસિક વિકલતા ધરાવતી સ્ત્રી—સાથેના સંભોગમાંથી ગર્ભધારણ નિર્માણ થયું હોય.

આવા ગર્ભધારણનો અન્ત લાવવા અંગેના ઉપચાર સંબંધમાં આ સમિતિએ નીચેની સરતોના અનુપાલનની ભલામણ કરી છે:—

(ક) આ ભલામણો નીચે કરવામાં આવનાર ગર્ભપાત ૧૯૫૬ નો ઈન્ડિયન મેડીકલ કાઉન્સિલ એકટ અને ૧૯૬૪ના ડીસેંબરની પહેલી તારીખ સુધીમાં તેમાં જે ફેરફારો કરવામાં આવ્યા હોય તે મુજબના ધારાના પરિશિષ્ટોમાંના કોઈ પણ પરિશિષ્ટમાં જણાવ્યા હોય કે જાહેર કરવામાં આવ્યા હોય તે પ્રમાણેની ડાકટરી યોગ્યતા ધરાવતી વ્યકિતના હાથે જ થઈ શકશે.

(ખ) હાલ તુરત કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે જે જગ્યા આ હેતુ માટે મંજુર કરી હોય તે જ જગ્યાએ આવા ગર્ભપાતનો ઉપચાર થઈ શકશે.

(ગ) જે કોઈ ડાકટર ગર્ભધારણનો અન્ત લાવવા માટે ઉપચાર કરવા માગતો હોય તેણે ઉપચાર શરૂ કરવા પહેલાં આ બાબતને લગતો પોતાનો અભિપ્રાય લેખિત પ્રમાણપત્રદ્વારા આપવો પડશે.

(ઘ) ગર્ભવતી સ્ત્રીએ અને જો તે ૧૮ વર્ષની નીચેની હોય તો તે ગર્ભવતી છોકરીએ તેમ જ તેના માબાપમાંથી એકે અથવા તો તે ગર્ભવતી છોકરી અને તેના વાલીએ સગર્ભા સ્થિતિનો અન્ત લાવવા માટે ઉપચાર શરૂ થયા પહેલાં લેખિત સંમતિ આપવી પડશે. આ બધી શરતોમાં એક અપવાદ સૂચવવામાં આવ્યો છે અને તે એ છે કે જ્યારે પ્રસ્તુત ઉપચાર કરનાર ડાકટરનો એવો પ્રામાણિક અભિપ્રાય હોય કે ગર્ભવતી સ્ત્રીની જીંદગી બચાવવા માટે તત્કાળ ગર્ભપાત કરાવવાની જરૂર છે અને એવી પરિસ્થિતિમાં ગર્ભપાતનો ઉપચાર કર્યા પહેલાં કે પછી પ્રસ્તુત ડાકટર એ મુજબનું લેખિત પ્રમાણપત્ર આપે તો (ખ) અને (ઘ)માં સૂચવેલી સરતો બંધનકર્તા બનશે નહિ.

જે ડાકટર ગર્ભપાત કરાવે તેણે આ પ્રકારના ગર્ભધારણના અન્તને લગતી નોટીસ આપવાને લગતા અને તે સંબંધમાં બીજી જરૂરી માહિતી પુરી પાડવાને લગતા ધારા-ધોરણો સરકારે નક્કી કરવા જોઈએ. આ રીતે પુરી પાડવામાં આવેલી માહિતી આ સંબંધમાં નિયુકત કરવામાં આવેલ પોલિસ અધિકારી સિવાય તેમજ જ્યારે કોર્ટનો આ સંબંધમાં હુકમ હોય ત્યારે તે કોર્ટ સિવાય અન્ય કોઈને જાહેર કરવામાં નહિ આવે.

આ પ્રશ્ન અને તે અંગે કરવામાં આવેલી ભલામણો બાબતમાં, સમિતિ જણાવે છે કે આ રીતે ઉપસ્થિત થતા ગર્ભપાતને લગતા કિસ્સાઓમાંથી સાચા-ખોટાની તારવણી કરવાનું મુશ્કેલ હશે એ વિશે સમિતિ પૂરી સભાન છે, આમ છતાં સમિતિને લાગે છે કે થોડા ખોટા અથવા અપાત્ર કિસ્સાઓની શકયતાના કારણે મોટા ભાગના ખરા કિસ્સાઓને કાનૂની રક્ષણથી વંચિત રાખવા ઉચિત નથી.

આ સમિતિએ આ સંબંધમાં નીચે મુજબની વિશેષ સૂચનાઓ કરી છે :-

(૧) જે સ્ત્રીઓ વધારે ગર્ભધારણનો બોજો સહન કરી શકે તેમ ન હોય તેવી સ્ત્રીઓ ફરી ફરીને ગર્ભપાત કરાવવાની સ્થિતિમાં ન મુકાય એ માટે ડાકટરે એ સ્ત્રીને અથવા તેના પતિને ઐચ્છિક વન્ધ્યત્વનો માર્ગ સ્વીકારવાની સલાહ આપવી જોઈએ.

(૨) સંતતિનિયમન દ્વારા મર્યાદિત કુટુંબના વિચારને સારા પ્રમાણમાં વેગ આપવો જોઈએ.

(૩) કુટુંબ નિયોજનને લગતી તરત સુલભ બને તેવી વ્યવસ્થાઓ વિસ્તારવી જોઈએ.

(૪) જાતીય વૃત્તિ, લગ્નજીવન અને પ્રજનન અંગે તન્દુરસ્ત અને જવાબદાર વલણો પ્રજામાં વિકસે એવા શિક્ષણનો ફેલાવો કરવો જોઈએ.

સમિતિના અભિપ્રાય મુજબ આ પ્રકારના ગર્ભપાતના અત્યન્ત વિવાદાસ્પદ પ્રશ્ન અંગે નિર્ણય ઉપર આવવામાં મદદરૂપ બને એવા આંકડાઓ કે બીજી માહિતી આપણા દેશમાં સુલભ નથી. આ પ્રશ્ન ઉપર જાહેર જનતાનું ધ્યાન હજુ તાજેતરમાં જ ખેંચાયું છે.

સમિતિ આ સંબંધમાં પુરી સભાન છે કે આ ભલામણો, તેના ટીકાકારના અંગત વલણો મુજબ, કોઈને વધારે પડતી સાંકડી તો કોઈને વધારે પડતી આગળ જતી લાગશે. આમ છતાં પણ સમિતિનો એ મક્કમ અભિપ્રાય છે કે આજ વર્તમાન સંયોગોમાં આ ભલામણો વ્યવહારૂ છે અને આજની વાસ્તવિકતાના સંદર્ભમાં તેનો અમલ અત્યન્ત આવશ્યક છે; અને તેથી આ ભલામણો વિશેષ વિચારણા માટે ભારત સરકાર સમક્ષ રજુ કરવામાં આવે છે.

આ ભલામણો સંબંધમાં એક બાબત તરફ ધ્યાન ખેંચવાની ખાસ જરૂર લાગે છે. આજે આપણા દેશ સમક્ષ વસ્તીવધારાની સમસ્યા ઉત્કટરૂપ ધારણ કરી રહી છે. એમ છતાં આજે અનિવાર્ય જેવા લાગતા ગર્ભપાતને કાનૂની રક્ષણ આપવા અંગેની ભલામણો કરવા પાછળ વસ્તી ઘટાડાનો કોઈ વિચાર રહેલો નથી. તે પાછળ છે કેવળ સામાજિક અને નૈતિક સ્વાસ્થ્યનો વિચાર. તો જાહેર જનતાને પણ આ પ્રશ્નનો કેવળ સામાજિક અને નૈતિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ વિચાર કરવાનો અનુરોધ છે.

મહાપ્રસ્થાનના પથ પર—૨૦

રાત્રે દિદિમા જોડે પરિચય થયો. સ્ત્રીઓ સ્વાભાવિક રીતે તક મળતાં કુટુંબની વાતો કરવાની જ. એનું ઘર કાશીમાં હતું. એના કુટુંબ અને સ્વજન વિષે ઘણી ઘણી વાતો થઈ. એણે પેલી એની સંબંધી સ્ત્રીનો જે પરિચય આપ્યો તે બહુ દૃઢ રીતે મનમાં વસી ગયો. એ ઘોડેસ્વારી કરતી સ્ત્રીનું નામ 'રાણી' હતું.

એને માબાપ નહોતાં. એના પતિનું અકાળે મરણ થયું હતું, એ સરકારી નોકરી કરતો હતો. હમણાં એ ધણું ખરું એના મામાને ત્યાં રહેતી હતી. નાની ઉંમરમાં જ વૈધવ્યનું દુઃખ આવ્યું. એ તો સારું હતું કે એને થોડું માસિક ખર્ચ મળતું હતું.

પરિચય વગેરે પૂરું થતાં, હું ત્યાંથી આવતો રહ્યો. ચૌધરી સાહેબ વગેરે માટે રાત્રે વાળુ વગેરેની વ્યવસ્થા કરવાનો ભાર પણ મારે માથે આવ્યો. થોડીવાર પછી થોડી પૂરીઓ લઈને હું જ્યારે એમની ચટ્ટી પર ગયો, ત્યારે દિદિમા ને રાણી જપ કરતાં હતાં. હું ક્યાં સુધી ઉભો રહ્યો. ઘણા સમય પછી એમનો જપ પૂરો થયો. મેં કહ્યું. "પૈસા હમણાં જ આપી દેવા જોઈએ. પોણોશેર પુરીના સાડા સાત આના."

રાણીએ એક રૂપિયો કાઢયો. મારી પાસે પરચુરણ હતું, એટલે બાકીના પૈસા મેં એને પાછા આપ્યા. પૈસા એણે બરાબર તપાસ્યા ને પછી હસીને મને કહ્યું, "આ નાની બે આની એક ચાલશે નહિ."

મેં કહ્યું: "ચલાવતાં આવડે તો અચલ પણ ચાલે." એમ કહીને હું ચાલ્યો ગયો.

વસન્તના અંત ભાગમાં નદીનું રૂપ ભગવાંવસ્ત્રધારિણી સંન્યાસીનીના જેવું હતું. રેતીના તટ પર જટાજુટવાળાં રૂદ્ર સન્યાસીની અવરજવર ચાલ્યા કરતી હતી. તે પછી સમગ્ર નદી તટ પર એકા-એક વર્ષા આવે છે, ને પછી પૂર આવે. એના બન્ને કિનારા પર સંજીવની જાણે પ્રગટી ઉઠે છે. જો કે જીવનમાં પણ એમ જ બને છે ને ?

સવારના તડકાથી ચારે દિશાઓ પ્રકાશિત હતી. આજનો રસ્તો ફરીથી પર્વતની ગુફાઓમાં પ્રવેશ કરતા હોઈએ એવો હતો. ધીરે ધીરે ભટોલી ચટ્ટી પાર કરી. અમે રસ્તામાં મળવાનું નક્કી કર્યું હતું. હું આગળ આગળ બે માઈલ જઉં, એટલે પછી એ ઘોડો દોડાવીને પોતાના દળથી વિખૂટી પડીને પાછળથી મને પકડી પાડે. અર્થાત્ આ અમે બે જણ જ જાણતા હતા, એટલે કોઈ ત્રીજું અમારી આ ગોઠવણ ન જાણે એ જ સારું હતું. બધી વાત કાંઈ બધા માટે જાહેર થોડી હોય છે? ભટોલી ચટ્ટી છોડીને હું ઘણો દૂર આવી પહોંચ્યો. મારું દલ બધું મારાથી ઘણું આગળ ચાલી ગયું હતું. ગોપાલદા એકવાર જરા બેઠા. તમાકુ ખાધો ને પાછા આગળ ચાલી ગયા. મહેલચોકી સુધીનો રસ્તો પૂરો કરવાને માટે બધાના પગમાં તેજી આવે છે. પૂર્વે રસ્તો કાપવાની એક કઠિન સાધના હતી. હવે તો એ સાધના પણ રહી નહોતી, દૃઢ ઈચ્છાશક્તિ પણ નહોતી, આજકાલ રસ્તા તરફ બધાને એક પ્રકારનો આણગમો હતો. આમ છતાં એ સર્વેમાં એક માણસ એવો હતો, કે રસ્તો પીડાકારક છે એવું મનમાં લાવતો નહોતો, એના પગમાં ન થાકે એવી ચાલવાની શક્તિનો નશો હતો. અણખૂટ ઉત્સાહ હતો, એનામાં એક સરલ ને સહજ ગતિ હતી. એ કહેતો હતો, "માર્ગનો આનંદ વેગની ખબર પણ ન પડે એવી રીતે પાથેયનો ક્ષય કરવામાં છે."

ઘોડાના ડાબલાનો અવાજ સાંભળીને પાછળ ફરીને મેં જોયું તો, પેલી ઘોડેસ્વાર દૂરથી આવતી હતી. પાછળ નદી અને પર્વ-તની પટભૂમિકામાં તે ઐતિહાસિક યુગની દુર્ગાવતી કે લક્ષ્મીબાઈ જેવી લાગતી હતી. ઘોડાની પીઠ પર બેસવાની એની રીત આકર્ષક હતી. એણે એક સફેદ સ્વચ્છ લૂગડું પહેર્યું હતું. થોડું માથે ઓઢ્યું હતું, ને શરીર પર એક કાળા રંગની ચાદર ઓઢી હતી. પાસે પ્રેમ-વલ્લભ બીડી પીતો પીતો આવતો હતો.

એ એકદમ પાસે આવીને હસતાં હસતાં બોલી, "એ વળી સદ્‌ભાગ્ય કે તમે કૈલાસ ન ગયા."

મેં કહ્યું, "એ વળી બીજું સદ્‌ભાગ્ય કે તમે બદરીનાથ આવ્યા." એના વાક્ય પરથી જ મેં વાક્ય ઉચ્ચાર્યું એટલે એ જોરથી હસી પડી. પછી પૂછ્યું, "કાલે રાત્રે તમે જમ્યા હતા કે?"

રે ભગવાન! શું આ ઘોડા પર બેઠેલી સ્ત્રીને માટે ઉચિત એવો પ્રશ્ન છે? મેં હસતાં-હસતાં જવાબ આપ્યો, "આ તો તદ્દન અંગત પ્રશ્ન છે."

એણે હસતાં-હસતાં છાનાં છાનાં કહ્યું: "દિદિમા ને એ લોકો આવે છે, તમે જરા ઉતાવળા ચાલીને આગળ થઈ જાઓ."

મેં કહ્યું, "ના, દિદિમાની સામે જ હું તો તમારી જોડે વાત કરવાનો."

"તે તમને શું સ્વરાજ મળી ગયું છે? કહું છું ને કે આગળ જાઓ." એણે સ્નેહપૂર્વક મને ધમકી આપી. ચોરી અથવા તો કાંઈ છાનુંછપનું કરવું એ મને જરાય પસંદ નહોતું એ વાત એ જાણે સમજવા જ માગતી નહોતી.

હું આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં હું આદિબદરી આવી પહોં-ચ્યો. સામે જ ચોતરા ઉપર નારાયણનું એક પ્રાચીન મંદિર હતું. એની પાછળની બાજુ એક અત્યંત જીર્ણ ગામ હતું. પાસે જ એક સ્વચ્છ પાણીનું ઝરણું હતું. લોકો એમ કહેતા હતા, કે એ ઝરણાનું પાણી તબિયતને માટે ઘણું ફાયદાકારક હતું. ઠંડીને લીધે આજે સારા પ્રમા-ણમાં રસ્તો વટાવ્યો હતો, ને હજીય ઘણો રસ્તો કાપી શકાશે એમ લાગતું હતું. જ્યાં સુધી ખૂબ જ થાકું નહિ ત્યાં સુધી કોઈ પણ ચટ્ટીમાં આશરો ન લેવાનું મેં નક્કી કર્યું હતું. મેં કહ્યું કે આદિબદરી દેવનાં દર્શન કરવાને બધાં જુથો એક ઠેકાણે આવીને એકઠાં થયા હતાં. મને સમજાયું કે સામેની દુકાનમાંથી નાસ્તાપાણી કરીને એ લોકો પાછા ચાલવાનું શરૂ કરશે. હું પણ પાછો આગળ ચાલવા લાગ્યો.

હું આગળ ચાલવા માંડયો તો ખરો, પણ આજે સવારથી આ નદી, આકાશ, પર્વત અને દૂરનાં ગામડાંઓ જાતે મને પોતાની પાસે બોલાવતાં હતાં, અને તેમને છોડીને ન જવા ઈશારો કરતાં હતાં. એ સમયે મહાકવિની કેટલીક પંક્તિઓ સ્વયમેવ મારા ચિત્તમાં સ્ફૂરી આવી.

આપો અમને અભય મંત્ર, આપો અશોકમંત્ર,
આપો અમને અમૃત મંત્ર, આપો જીવન નવ્ય.

હતું જે જીવન તુજ તપોવને
જે જીવન હતું તુજ રાજાસને,

મુકત દીપ્ત એ જીવનથી ચિત્ત ભર્યું મુજ
મૃત્યુ – તારક શંકાહારક દો એ મંત્ર તુજ.

છેલ્લા ત્રીશ દિવસ જોડે આ દિવસનો મેળ ખાતો નહોતો, જાણે નવા તેજોદેશમાં અને નવા જીવનમાં હું અવતીર્ણ થયો હોઉં એમ લાગતું હતું. જીવનની ગતિ એવી જ હોય છે. ફરી પાછો એને નવીન વેગ પ્રાપ્ત થયો. આજે હું વિચાર કરું છું કે ચિત્ત ધર્મની કોઈ નિર્દિષ્ટ નીતિ નથી, ચિત્ત લોકની કામનાની કોઈ ઢાંચામાં બાંધેલી પદ્ધતિ નથી. પોતાના આનંદનો માર્ગ એ પોતે જ ઢૂંઢી લે છે. સંસ્કારના અંતરાયો આવીને પોતાનો માર્ગ અવરોધે એ એને પસંદ નથી, એ જ પ્રમાણે આજે મારું મન બંધનવિનાની પાંખ ફેલાવીને આકાશમાં ઊડવા ઈચ્છતું હતું.

"શું વિચાર કરો છો?"

મોઢું ફેરવીને મેં કહ્યું, "તમે છો? આવો આવો, હું વિચાર કરું છું કે તમારી ચાદરનો રંગ કાળાને બદલે લીલો હોત તો કેવું દેખાત?"

"શું કહો છો?"

"કહું છું કે તમારો ઘોડો ચાલે જ છે, દોડતો નથી."

"એ દોડતો નથી એ જ સારું છે. જો દોડત તો મારી દિશા કાંઈ જુદી જ હોત."

"શી રીતે?"

"દિદિમા કહેતી હતી," રાણી! ઘોડા પર તો તું ચઢી છે, પણ ઘોડાને દોડાવતી નહિ, એટલે કે, ઘોડો મને એને ફાવે ત્યાં ન લઈ જાય, અને મારે જ્યાં જવાનું હોય ત્યાં મને પહોંચાડી દે. હું કાંઈ ઘોડેસવાર થોડી છું? હું યે તો ઘોડાને માટે ભારરૂપ છું."

"ઠીક! આ વખતે કેટલે દૂર જવું છે?"

"ચાલોને, જેટલે દૂર જવાય તેટલે. દિદિમાના પગે પાછું સારું નથી, ઘણો રસ્તો કાપે તો પગ ફૂલી જાય છે. ચૌધરીસાહેબનું શરીર પણ ખરાબ છે."

જાતજાતની વાતો અમે કરતા હતા. એક વખતે તેણે કહ્યું, "તીર્થયાત્રા તો પૂરી થઈ, હવે શું ? આવીને શું લાભ મેળવ્યો?"

"પુણ્ય."

"એ તો તમારે માટે, પણ મને શું લાભ થયો?"

"તમારો પણ થોડો પાપનાશ તો જરૂર થયો હશે!"

એકદમ એના મુખ પર ગંભીરતાની છાયા પથરાઈ ગઈ. એણે શાંત અવાજે કહ્યું, "એ વાત ખોટી નથી. આ દેશમાં જન્મવું એ પણ પાપ છે." ફરી પાછી એ હસી, ને હસતાં-હસતાં બોલી, "પણ મેં તો કાંઈ પાપ કર્યું જ નથી."

હું આશ્ચર્યચકિત થઈને બોલ્યો: "એવું તે હોય, હિન્દુના ઘરની સ્ત્રીનું પાપ કાંઈ જમા ન થાય એવું બને?"

"સ્ત્રીઓને વિષે અનેક પ્રકારની વાતો થતી હોય છે." રાણીએ કહ્યું. "પણ જવા દો એ વાત. હું તો જોઉં છું કે થોડા દિવસ ઘાંચીની ઘાણીમાંથી છૂટી એ મોટામાંમોટો લાભ મને થયો છે. પહાડમાં ને વનમાં ફરી, ને આ ઘોડા પર ચઢી."

વાતવાતમાં મેં એકવાર એને પૂછી નાંખ્યું, "અચ્છા, તમારા પતિને મરી ગયાંને કેટલો વખત થયો."

"તમારી મહેરબાની!" એમ કહીને એ જરા ચંચલ બની ગઈ ને કહ્યું. "મહેરબાની કરીને સહાનુભૂતિ પ્રગટ કરવાની કોઈ જરૂર નથી. બાળ વિધવાના કપાળમાં જ રૂદન લખાયલું હોય છે. તમે વળી પાછા એ લોકોની ટોળીમાં શા માટે જોડાઈ ગયા? જે થોડો વખત બાકી રહ્યો છે, તેમાં તે તીર્થયાત્રાના આનંદે ભરી જવા દોને? માણસના જીવનમાં તો અનેક પ્રકારનું રૂદન ભર્યું છે. પણ એનો હિસાબ રાખવાની કોને નવરાશ છે? આખી દુનિયાના લોકો મારી તરફ જોઈને અહા બિચારી એમ કહે તે જાણે મારા શરીર પર ચાબૂકના ઘા પડે છે."

"એમ."

ક્ષેતી ચટ્ટી અમે પાર કરી ત્યારે સૂર્ય માથા પર આવ્યો હતો. હવે રસ્તે ચઢાઈ હતી ને રસ્તો સાંકડો હતો. માણસનો સમાગમ હવે કયાંય દેખાતો નહોતો. બન્ને બાજુનું જંગલ ગાઢું બનતું જતું હતું. બન્ને બાજુની વૃક્ષલતાની જમાવટથી જે દિવસનું તેજ દેખાતું હતું તે વચ્ચે વચ્ચે છાયા ને અંધકારથી ઢંકાઈ જતું હતું. તમરાંનો અવાજ સંભળાતો હતો. જંગલી ફૂલોની મિશ્રસુગંધથી રસ્તાની હવા ભારેખમ બની ગઈ હતી. લતા વિતાનનાં બાકોરામાંથી વસન્તનો પવન પોતાના ઉછ્વાસથી મર્મરિત થઈ ઊઠતો હતો.

ચઢાઈ અત્યંત કષ્ટદાયક હતી. ઘોડો થાકી ગયો હતો. ઘોડાવાળો પાછળ હતો, હવે એ પાસે આવ્યો ને ઘોડાની લગામ પકડીને ખેંચતાં ખેંચતાં ચઢવા લાગ્યો. રસ્તો ખૂબ જ ખાડાખબડાંવાળો ને ભાંગેલો હતો.

"ઘણો વખત વહી ગયો. તમે નાહ્યાધોયા નથી કે ખાધુંપીધું નથી, તમને જરૂર ચાલતાં આપદા પડે છે."

મેં કહ્યું, "હું પણ એ જ વાતનો વિચાર કરું છું, વિચાર કરું છું કે આવો ભયાનક રસ્તો ચાલતાં ચાલતાં કષ્ટ કેમ થતું નથી. થાક ખાવાનો પણ પ્રયત્ન નથી કર્યો."

મારી વાતથી એ એમાં છૂપાયલી મશ્કરી પકડી પાડશે, એમ લાગતું હતું. પણ રાણી કૌતુકથી અને કટાક્ષભરી નજરે મારી સામે જોઈ હસી પડી. પછી બોલી, "હા, એમ જ છે. આપણી શકિત કયાં જમા થઈને પડી હોય છે, તે આપણે જ જાણતા નથી હોતા."

દોઢ માસનો રસ્તો પાર કરીને અમે જ્યારે ગંણવાજ ચટ્ટીમાં પહોંચ્યા, ત્યારે લગભગ એક વાગ્યો હતો. હવે ચાલવું નથી. સામે જ એક નાનોશો ચોતરો હતો, ત્યાં જઈને ઝોળો ઉતાર્યો. રાણી ઘોડા પરથી ઉતરી. ઘોડાવાળો ઘોડાને ચંદી ખવડાવવા કોણ જાણે કયાં લઈ ગયો. ચટ્ટી નિર્જન હતી, રસ્તાની નીચે જ દુકાનવાળો હતો. સામે જ રસ્તાની પેલી બાજુ એક ઝરણું ઝર ઝર કરતું વહેતું હતું. માખીઓનો ત્રાસ ભયાનક હતો. એણે શરીરપરની ચાદર કાઢીને મને કહ્યું, "પગ પર આ ચાદરને ઢાંકીને બેસજો, હું આંખે અને મોઢે પાણી છાંટી આવું. જ્યાં સુધી બધા ન આવે ત્યાં સુધી રાંધવા કરવાની કાંઈ વ્યવસ્થા થવાની નથી."

મોઢું ધોઈ આવીને તે મારી સામે આવીને બેઠી. માખીના ત્રાસથી નિરૂપાયે ચાદરનો એક છેડો તેણે ખેંચ્યો, ને પોતાના પગ તેનાથી ઢાંક્યા. એણે કહ્યું, "આમ તે કોઈ પરદેશ-પારકી ભૂમિમાં એકલા આવે કે? શરીર સારું છે એમ તો કહેવાય એવું નથી. પણ દેશમાં જઈને થોડા દિવસ વિશ્રામ લેજો. પછી તો શાંતિ જ છે ને?"

અઘોરબાબુની પત્નીની વિદાય લીધેલી તે દશ્ય તે દિવસે પણ મારી આંખની સામે રમી રહ્યું. એ ભયાનક આઘાત હું ભૂલ્યો નહોતો. બ્રહ્મચારી જોડેનો ગાઢો સંબંધ જે છિન્નભિન્ન થઈ ગયો હતો તે પણ મારા મનમાં સ્પષ્ટ હતો. હવે કયાંય સ્નેહનાં બંધને ન બંધાવાનું મેં મનમાં વિચાર્યું હતું. હૃદયના આવેગમાં તણાવાથી મેં ઘણું દુ:ખ વેઠ્યું હતું. સંબંધો બંધાતા હતા, ઘનિષ્ઠ બનતા હતા, ને તૂટતા હતા.

મેં કહ્યું, "આટઆટલાં તીર્થો, આટલાં દેવદર્શન, તોયે તમારા મોઢામાં આવી વાતો?"

રાણીએ કહ્યું, "આવી વાતોવાળું મન લઈને તો તીર્થમાં આવી છું." એમ કહીને એક વાર રસ્તા તરફ જોઈને એણે મારા પગ ઉપરથી ચાદર ખેંચી લીધી, ને એ ઊભી થઈ ગઈ. દિદિમા આવતાં હતાં. તડકા ને રસ્તાના થાકથી દિદિમાનો ચહેરો સાવ બદલાઈ ગયો હતો. નજીક આવીને રાણીને જોતાં જ એ એના પર તૂટી પડી. "રાણી તારા મનમાં શું હતું? જે લોકો પગે ચાલીને આવે તેની પર કાંઈ દયા, માયા કાંઈ છે કે નહિ? દેશમાં ચાલને, ત્યાં બધે તારી વાત ન કરી દઉં તો જોજે. આટલી તુંડમિજાજી, આટલો તોર. કોણે તને આટલો બધો રસ્તો ચાલી નાંખવાનું કહ્યું? ક્ષેતીચટ્ટીમાં મારી વાટ જોતી ઊભી કેમ ન રહી?" બોલતાં બોલતાં તે ચોતરા આગળ આવીને બેસી પડી. "તને લાવવાની એમાં મારી કેટલી બધી જવાબદારી, તેનું કાંઈ ભાન છે કે નહિ? મારે તો તને મારી નજર સામે જ રાખવી—જોઈએ ને? પારકી છોરી, નાની ઉંમર, કેમ આગળ આગળ ભાગતી આવી રહી? તને ખબર નથી કે મારા પગમાં દુ:ખે છે? હું ચાલી નથી શકતી?"

રાણી કાંઈ બોલી નહિ. મેં માથું નમાવી દીધું. હું સમજી ગયો કે રાણીને કહીને એ કોને સંભળાવતી હતી, અને કોની તરફ ચીંધામણ હતું. જોતજોતામાં તો ફોઈ એને એક ડોસી ચટ્ટીમાં આવી પહોંચ્યાં. તિરસ્કાર અને મહેણાંટોણાં ઘણીવાર સુધી સતત વર્ષતાં રહ્યાં. હું ધીરેધીરે ઊઠીને પાસેની ચટ્ટીમાં જઈને બેઠો. હવે રાંધવાકરવામાં આળસ કર્યે ચાલે એમ નહોતું.

બે કલાક પછી ઝરણાંનાં પાણીમાં વાસણ ધોઈને જ્યારે હું ચટ્ટીવાળા જોડે હિસાબ કરવા જતો હતો, ત્યારે ચોતરા પરથી મોટે અવાજે રાણીએ કહ્યું. "રસોઈબસોઈ કરી તે અમને તો જમવા બોલાવ્યા નહિ? અમારો તો આખો દિવસ ઉપવાસમાં ગયો." કહીને તેણે શુષ્ક હાસ્ય કર્યું.

એની જોડે દિદિમા પણ હસી. મને લાગ્યું કે આબોહવા હલકી થઈ ગઈ છે. દિદિમાની તરફ ફરીને મેં કહ્યું, "તમે લોકોએ કેમ રાંધ્યું નહિ?"

એમણે કહ્યું: "અમારું દલ છૂટુંછવાયું થઈ ગયું છે. ચૌધરી સાહેબને મૂકીને કાંઈ અમે થોડા ખાવાના હતા ભાઈ?"

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાળી: શ્રી. પ્રબોધકુમાર સન્યાલ

વિષયચિસૂ

		પૃષ્ઠ
આજની સમસ્યા માગે છે પ્રભાવશાળી નેતૃત્વ અને પ્રજાનો ભવ્ય પુરૂષાર્થ.	ઉછરંગરાય ઢેબર	૧૯૧
નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો અંગેનો અખિલ ભારતીય પરિસંવાદ.	ઉષા મહેતા	૧૯૩
રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો.	ગાંધીજી	૧૯૪
માનવ-વિકાસનું આગવું સોપાન.	વિમલા ઠકાર	૧૯૬
પ્રકીર્ણ નોંધ: આગામી મતદાન અંગે ગુજરાતના સામાજિક કાર્યકરોનું નિવેદન, એક વિચિત્ર પ્રશ્ન, લોકશાહી ભારે ખતરામાં.	પરમાનંદ	૧૯૮
કેવા સંયોગોમાં ગર્ભપાતને કાનૂની રક્ષણ મળવું ઘટે?		૧૯૯
મહાપ્રસ્થાનના પંથે ૫૨-૨૦	પ્રબોધકુમાર સન્યાલ	૨૦૦

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ મીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ

Regd. No. MH. 117 મુંબઈ
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૭, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

મતપ્રદાન સમસ્યા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી જૈન સોશ્યલ ગ્રુપ તથા શ્રી ઝાલાવાડ સોશ્યલ ગ્રુપનાં સંયુક્ત ઉપક્રમે શનિવાર, તા. ૪-૨-૬૭ નાં સાંજના છ વાગે ન્યુ મરીનલાઈન્સ ઉપર આવેલ થીયોસોફી હૉલમાં મત-પ્રદાન સમસ્યા વિષય ઉપર એક પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. આ પરિસંવાદનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે લીધું હતું. વક્તાઓમાં શ્રી સી. એલ. ઘીવાલા, ડૉક્ટર કુમારી આલુ દસ્તુર, તથા ડૉ. કુમારી ઉષા મહેતા હતા. સભાને અંતે પ્રશ્નોત્તરી હતી – વક્તાઓનો – અભ્યાસપૂર્ણ – એક બીજાથી જુદા – પોતપોતાના – સ્વતંત્ર વિચારો – નિષ્પક્ષીય ધોરણે રજૂ કર્યા હતા. પરિસંવાદ ખૂબ જ રસપ્રદ નીવડ્યો હતો. સભાનો સારાંશ નીચે મુજબ હતો:–

શરૂઆતમાં શ્રી ચીમનલાલ ચકુભાઈએ ત્રણેય વિદ્વાન વક્તાઓને ત્રણેય સંસ્થાઓ વતી આવકાર આપતાં કહ્યું :

"આ પરિસંવાદનું આયોજન શા માટે કરવામાં આવ્યું છે તે આપ સૌ જાણો છો. ચોથી ચૂંટણી નજદિકમાં આવી રહી છે. આ અગાઉ ત્રણ ચૂંટણીઓ થઈ છે અને તે ત્રણેય ચૂંટણીઓ free, fair, peaceful થઈ છે. આ નાનીસૂની વાત નથી. મતદાન મુક્ત રીતે, પ્રામાણિક રીતે અને શાંતિથી થાય એ ગૌરવની વાત છે. જ્યારે ભારતનું બંધારણ ઘડાતું હતું ત્યારે આ દેશના લોકોને પુખ્તવયમતાધિકાર આપવો કે નહિ તે વિષે તીવ્ર મતભેદ હતો. પુખ્તવયમતાધિકારને કેટલાય લોકો જોખમ અને ગાંડપણ પણ માનતા. આનું કારણ એ છે કે બીજા દેશોમાં પુખ્તવયમતાધિકાર ક્રમે ક્રમે આવ્યો છે, જ્યારે આપણે શરૂઆથતી જ આ અધિકાર માન્ય કર્યો છે. સ્વ. રાજેન્દ્રબાબુ આને Act of faith કહેલો. છતાંય પુખ્તવયમતાધિકારમાં જોખમ હતું અને જોખમ ખેડીને પણ પુખ્તવય મતાધિકારનો નિર્ણય બંધારણસભાએ લીધેલો.

"આ ચોથી ચૂંટણીની વિશિષ્ઠ પરિસ્થિતિ એ છે કે પહેલી ત્રણ ચૂંટણીઓ પંડિત નહેરુની હાજરીમાં થઈ હતી, જ્યારે આ વખતે ચૂંટણી એમની ગેરહાજરીમાં કરવાની છે. આજે પંડિત નહેરૂ વિષે મતભેદ દાખવવો એ જાણે ફેશન થઈ ગઈ છે, પરંતુ આપણે ન ભૂલવું જોઈએ કે આ દેશમાં પંડિતજીએ જ લોકશાસ-



ડાબેથી જમણે : શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ડૉ. કુમારી આલુ દસ્તુર, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી સી. એલ. ઘીવાલા તથા ડૉ. કુમારી ઉષા મહેતા.

નનો પાયો મજબૂત રીતે નાખ્યો છે. ત્રણે ય ચૂંટણીઓમાં પંડિતજી દેશના સૂકાની તરીકે અનિવાર્ય હતા, એટલે એ વખતે મતદાનની મોટી મૂંઝવણ ન હતી, જ્યારે આજે એવી નેતાગીરીનાં અભાવમાં મતદારોની મૂંઝવણ વધી છે.

"શ્રી લાલબહાદુરની ચૂંટણી થઈ ત્યારે લોકો કહેતા–હવે ખરી લોકશાહી આવશે, અને આજે લોકો કહે છે કે નહેરુની હાજરી નથી એટલે વિચારપૂર્વકની ચૂંટણી થશે, અને સાચી લોકશાહી આવશે.

"આમ આજે પરિસ્થિતિ સમસ્યારૂપ બની છે. મતદારો પણ જાગૃત થયા છે; સમજુ છે, ચકોર છે. ભાઈબહેનોને આ મતપ્રદાન સમસ્યા અંગે સમજણ આપવી એ આજની સભાનો ઉદ્દેશ છે. અહિ ઉપસ્થિત થયેલ વક્તાઓ કોઈ રાજકીય પક્ષને વરેલા નથી. તેઓ મતની વ્યવહારૂ બાજુ તથા આદર્શ બાજુ વિષે એમનાં મંતવ્યો રજૂ કરશે."

* * *

શ્રી સી. એલ. દીવાલાએ એમનું ભાષણ અંગ્રેજીમાં કર્યું અને કહ્યું "આજે નહેરુની ગેરહાજરીમાં, ભય છે કે, લોકશાહી કસોટીમાં મૂકાઈ છે. ઘેરા ડાલો – મોરચા – બંધ – તોફાનો– ઉપવાસો – આગ – લૂંટફાટ જે રીતે થાય છે એ ઉપરથી કલ્પી શકાય છે કે નવી સમસ્યાઓ જન્મ લઈ રહી છે અને સરકાર આ તોફાનોને ડામવામાં નિષ્ફળ ગઈ છે. સરકારે ફક્ત જોયા જ કર્યું છે. હું એમ પણ નથી કહેતો કે આપણા દેશમાં લોકશાહી નહિ વિકસે. લોકોમાં સમજ છે, જ્ઞાન છે, પણ મને જે ભયજનક ચિહ્ન દેખાય છે તે આટલા આટલા વર્ષો સુધી એક જ પક્ષનું રાજ્ય! વિરોધ પક્ષની – મજબૂત વિરોધ પક્ષની–જે આ પક્ષને સત્તાથી મુક્ત કરે– એની અનિવાર્ય જરૂરત મને દેખાય છે. અંગ્રેજીમાં એક ઉક્તિ છે–All Power Corrups and Absolute PowerCorrupts Absolutely એટલે વધુ બદી પેસે એ પહેલા અન્ય પક્ષે સંગીન બની દેશનું સુકાન સંભાળવાની શક્તિ કેળવવી ઘટે – અને એ પક્ષમાં સ્થિરતા હોવી ઘટે – સ્થિરતા સાથે દેશનો વિકાસ કરવાની તાકાત હોવી ઘટે.

"આપણી આગામી ચૂંટણી એ અદ્વિતીય ચુંટણી બની રહેવાની છે. આજનો રાજ્યકર્તા પક્ષ હજુ એકવાર ચૂંટાશે, પણ એનું બળ ઘણું ઘણું ઘટયું હશે – ચૂંટણીમાં ઉમેદવારનું વ્યક્તિત્વ – તેની પ્રમાણિકતા – તેનું ચારિત્ર્ય – ચૂંટાઈ આવવા માટેનાં જરૂરી ગુણો છે. અન્ય પક્ષોએ – જોઈએ તો સાથે મળીને પણ – એક વિરોધ પક્ષ ઊભો કરવો જોઈએ અને તો જ લોકશાહી સાચા અર્થમાં લોકશાહી થશે એમ મારું માનવું છે."

* * *

ડૉ. કુમારી આલુબહેન દસ્તુરે એમનાં અંગ્રેજી પ્રવચનમાં કહ્યું.

"મારી દૃષ્ટિએ આજે વિષમ પરિસ્થિતિ કોઈની પણ હોય તો તે રસોડાની રાણીની છે. દરેક ચીજવસ્તુના ભાવો એટલા આસમાને પહોંચ્યા છે તે જાણે કે બાકી હોય તેમ માથે ચૂંટણી છે ત્યારે પણ રાજ્યકર્તા પક્ષ વનસ્પતિના ભાવો આજેય વધારી રહ્યો છે. બાકી દેશની શું પરિસ્થિતિ છે એ તો શ્રી દીવાલાએ યોગ્ય શબ્દોમાં કહ્યું છે.

"કૉંગ્રેસની બાબતમાં મારૂં માનવું છે કે એ એવું ઘર છે જે અંદર અંદર જ ભાગલામાં વહેંચાયેલું છે. કૉંગ્રેસ લોકશાહીમાં માને છે. આમ છતાં ય કેરળમાં ચૂંટાઈ આવેલ કોમ્યુનિસ્ટોને ૨૭ મહિનામાં રાજ્ય ઉપરથી દૂર કર્યા, એમ કહીને કે તેઓ લોકશાહીમાં માનતા નથી. કેરળે કોમ્યુનિસ્ટોને બહુમતી આપી, આમ છતાં ય એ પક્ષ રાજ્ય ન કરી શક્યો! આ શું સાચી લોકશાહી કહેવાય! વળી, મને સમજાતું નથી કે શા માટે બધા જ રાજ્યોમાં કૉંગ્રેસ જ રાજ્યકર્તા પક્ષ જોઈએ? પાર્લામેન્ટમાં કૉંગ્રેસ બહુમતીમાં રહે એનો મને વાંધો નથી. ખેર, આપણા રાજદ્વારી માણસો એક રીતે કમાલ માણસો છે. આજે કૉંગ્રેસમાંથી છૂટા થયેલા લોકો જન કૉંગ્રેસ–ફલાણા કૉંગ્રેસ–ઢીંકણી કૉંગ્રેસ સ્થાપે છે. આ તો કૉંગ્રેસના છોકરા–અને છોકરાને ત્યાં છોકરા જેવું થયું. આમ આપણે સંતતિ-નિયમનમાં માનીએ છીએ, પરંતુ રાજદ્વારી પક્ષોને લાગેવળગે છે ત્યાં સુધી કોઈ નિયમન–નિયંત્રણ એમને લાગુ પડતું નથી.

"હું માનું છું કે પક્ષ–યોજનામાં–Party Planning–આજે તો પક્ષોએ નહેરુની વિદાયનો ગેરફાયદો ઉઠાવ્યો છે એમ કહું તો જરાય અતિશયોક્તિ નથી. આપણે બે જ વ્યક્તિઓને મતદાન કરીએ છીએ–એક રાજ્ય માટે, બીજું કેન્દ્ર માટે. આપણે મતદાન કરીને રાજ્યનાં ધડતરમાં ફાળો આપીએ છીએ–આપણે સાચા માણસને મત આપવો જોઈએ પણ સાચા અને સારા માણસો– રાજદ્વારી પક્ષમાં ઓછા દેખાય છે. જે પક્ષ સત્તા ઉપર છે એને શું હું મત આપીશ? આ પ્રશ્ન દરેકે વિચારવાનો છે. આજે વિરોધ પક્ષો સંગઠીત થઈ શકતા નથી. જનસંઘ એ રાષ્ટ્રીય–કોમી ધોરણે કામ કરતી પાર્ટી છે. સ્વતંત્ર સાત વરસનું બચ્ચું છે. એની પાસે કોઈ કાર્યક્રમ નથી. સાત વરસમાં ઘણા છૂટા થયા–ઘણા જોડાયા– પ્રજાસમાજવાદી પક્ષમાં એક વખત અશોક મહેતા જેવા સારા સમાજવાદી હતા–આમ ભિન્નભિન્ન પક્ષો છૂટાછવાયા પડયા છે એ જોતાં હજુ પાંચ દસ વરસ સુધીમાં આપણે સ્થિર થઈ શકશું કે કેમ એ પ્રશ્ન છે."

* * *

બહેન ઉષાબહેને એમનાં ગુજરાતી પ્રવચનમાં કહ્યું :–

"એક રૂડી રૂપાળી છોકરી છે. એને માટે વર સારો મળે છે તો ઘર સારું મળતું નથી. ઘર સારું મળે છે તો વર સારો મળતો નથી. હવે આ છોકરીએ બહુ જ ટૂંક સમયમાં પરણવાનું છે. એટલે સમય પણ થોડો છે. સારા વર–ઘર શોધવાનો પક્ષ સારો હોય તો ઉમેદવાર સારો ન હોય અને ઉમેદવાર સારો હોય તો પક્ષની નીતિ માન્ય ન હોય. પણ નિર્ણય તો કરવો જ પડશે.

"ઘણા માને છે કે મતદાન કરવું જ નહિ. હું આમાં માનતી નથી. માનવમાં દાનવ જાગ્યો છે ત્યારે મતદાન એ આપણી અનિવાર્ય ફરજ બને છે અને મતદાન કરતી વખતે જ્ઞાતિ–જાતિ અને ધર્મના ભેદભાવ ધ્યાનમાં ન રાખીએ. ન કોઈ પ્રલોભનમાં પણ ફસાઈએ, અને મત રચનાત્મક રીતે આપીએ. કેટલાક માને છે કે લોકશાહી પક્ષહીન હોવી જોઈએ–જ્યારે હું જુદું જ માનું છું– ભિન્નભિન્ન પક્ષો હોય તો જ રમઝટ જામે.

"આપણે જેને મત આપીએ એ ભ્રષ્ટાચાર અને ગુંડાશાહીનો શિકાર ન બને રો જોવાની પણ આપણી ફરજ છે. ભારતની જનતાએ લોકશાહીના દીપકને જલતો રાખવાનો છે. મતદાન પવિત્ર ફરજ છે એટલું નહિ પરંતુ આપણું વર્તન–આપણાં વિચારો પણ લોકશાહીને વરેલા હોવા જોઈએ. આપણી વિવેકબુદ્ધિ–આ ભાવનાથી પ્રેરાયેલી રહો!

* * *

ત્રણેય ભાષણોને સંકલિત કરતાં સભાના પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું :–

"એક વાત સ્પષ્ટ છે. આપણે મોટા સંક્રાન્તિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. આપણને ૧૫ વરસ સ્થિરતાનાં મળ્યાં, પણ હવે નેતાગીરી નથી. હવે આપણાં ખરા ખમીરની કિંમત થશે. આજે ઘણાને ભય છે કે લોકશાહીના પાયા ઊંડા ગયા નથી. આપણા રાષ્ટ્રપતિને પણ આ અંગે ઈશારો કરવો પડયો છે. પણ બધાય આંદોલનો હોવા છતાં ભારતની પ્રજા લોકશાહીમાં માને છે એ વાત નિર્વિવાદ છે.

"બીજું નહેરુની ગેરહાજરીને કારણે કહો–આટલા વર્ષો કૉંગ્રેસે રાજ્ય કર્યું પણ આજે ઘણા પક્ષો અને સ્વતંત્ર ઉમેદવારો ઊભા થયા છે અને પાંચ પંદર વર્ષના ગાળામાં આમાંના કેટલાય પક્ષો વિખેરાઈ જશે.

"કૉંગ્રેસ જે હતી તે હવે રહી નથી. પ્રભાવશાળી નેતૃત્વ આજે નથી. આ વાત સાચી, પણ Social Justice–Economic Equalityની એની જે વિચારસરણી છે તેની સાથે તો સૌ કોઈ સહમત થશે.

"ત્રણેય વક્તાઓનો સૂર છે કે અંતમાં પક્ષની ઉપેક્ષા થઈ નહિ શકે અને પક્ષીય લોકશાહી જ શક્ય છે. અલબત્ત, આજે મૂડીપતિઓ રાજદ્વારી પક્ષોને પડખે ચડયા છે. અને Capacity of big business to influence politicians and civil servants immense એટલે આ એક ભયજનક વસ્તુ છે. અંતમાં ત્રણેય વક્તાઓના સુંદર વક્તવ્ય માટે આભાર માનું છું."

સંકલન કરનાર :– **ચીમનલાલ જે. શાહ**

પ્રકીર્ણ નોંધ

આજે આપણે ક્યાં જઈ રહ્યા છીએ?

આજે આપણે ભારતવ્યાપી સામાન્ય ચૂંટણીને લગતા ઘટ્ટ વાતાવરણમાં દાખલ થઈ ચૂક્યા છીએ. આજના વાતાવરણમાં માત્ર વાદવિવાદ નથી; માત્ર ગાળાગાળી નથી; પણ ચૂંટણીને લગતી પ્રચારસભાઓમાં હવે તો પથ્થરબાજીએ પ્રવેશ કર્યો છે. દેશના રાજકારણી આગેવાનો અને પ્રચારકો આજે ચોતરફ વ્યાપી રહેલી પથ્થરબાજીનો ભોગ બની રહ્યા છે; મુંબઈ ખાતે ગયા અઠવાડિએ જાહેર સભાના અંતે તોફાની લોકોના હાથે શ્રી બાબુભાઈ ચીનાઈના પગે મોટી ઈજા થઈ; કૉંગ્રેસ પ્રમુખ શ્રી કામરાજને વાગ્યું; ગઈ આઠમી તારીખે ભુવનેશ્વરમાં ભરાયેલી જાહેર સભામાં ઉપસ્થિત થયેલા ભારતનાં મહાઅમાત્ય શ્રીમતી ઈન્દિરા ગાંધીને નાકે કોઈનો પથ્થર વાગ્યો અને ઑપરેશન કરાવવું પડે એ હદ સુધીની યાતનાના તેમને ભોગ થવું પડ્યું. સંયુકત સમાજવાદી પક્ષના નેતા શ્રી મધુ લિમયે પણ ઘાયલ થયા.

આ વખતની ચૂંટણીનું આવું સ્વરૂપ સૌ કોઈના દિલમાં ભારે ચિંતા પેદા કરી રહેલ છે. આ પદ્ધતિ લોકશાહીને ખતમ કરવાની છે. ભારતનું જાહેર જીવન આજ સુધી આવા હિંસક આક્રમણથી લગભગ મુકત હતું. આજે જે ચાલી રહ્યું છે તેનું પરિણામ તંદુરસ્ત અને સ્વસ્થ જાહેર જીવનને ખતમ કરવામાં આવશે.

આ સંબંધમાં કોને અપીલ કરવી તે સમજાતું નથી. જેને આ લખાણ પહોંચશે તે મોટા ભાગે પથ્થર ફેંકનાર નહિ હોય; જે પથ્થર ફેંકનાર છે તેને મોટા ભાગે આ લખાણ પહોંચવાનું નથી. હિંસા તરફ ઢળતા જતા લોકમાનસનો આ નવો પરિપાક છે. આ રસ્તો આખા દેશના ભાવિ માટે ભારે ખતરનાક છે. આ માર્ગ અરાજકતાને નોતરવાનો છે. દેશમાં જેમ શારીરિક બીમારીનો-એપીડેમીકનો-ઉપદ્રવ આવે અને અનેક માનવીઓના પ્રાણ હરી જાય તેમ આજે આખો દેશ એક પ્રકારની માનસિક આંધીનો ભોગ થઈ પડયો છે અને તેના પરિણામે પ્રજા-જીવનનું સ્વાસ્થ્ય અને તન્દુરસ્તી નષ્ટ થઈ રહેલ છે. એપીડેમીક કુદરતનો કોપ હોય છે. આ આંધી માનવીએ પેદા કરેલો ઉપદ્રવ છે. આનું નિવારણ સમજુ માણસોના સજાગ પુરુષાર્થમાં રહેલું છે.

સામુદાયિક અનર્થનો આરંભ વ્યક્તિના મન, વાણી, અને વર્તનની વિકલતામાંથી થાય છે. આપણા મનમાં હિંસા ભરેલી છે; આપણી વાણીમાં એ માનસ આવારનવાર પ્રગટ થાય છે; તેની સવિશેષ અભિવ્યકિત કદી કદી આપણા વર્તન દ્વારા થઈ જાય છે. આજની પરિસ્થિતિમાં રહેલાં ભયસૂચનો ધ્યાનમાં લઈને આપણા મનને સ્વચ્છ કરીએ અને હિંસા તરફ લઈ જતા વિચારને દૂર કરતા રહીએ; વાણીમાં સંયમ ધારણ કરીએ અને જેને તેને જેમ તેમ થદ્દા તદ્દા-બોલવાનું બંધ કરીઓ અને વર્તનને અહિંસાપૂત-મૈત્રીપૂત બનાવીએ. અને આ જ બાબત આપણી નજીક જે કોઈ આવે તેને સમજાવીએ અને દેશના ભાવિ વિષે તેને સજાગ બનાવીએ-સચિન્ત બનાવીએ. આમ કરવાથી અને આમ જ વર્તવાથી આપણી જાતને અને આખા દેશને આજે વ્યાપી વળેલા માનસિક ઉપદ્રવથી આપણે મુકત કરી શકીશું અને જ્યાં અશાન્તિ અને અરાજકતા ફેલાઈ રહી છે ત્યાં શાન્તિ અને સુરાજ્યની આપણે સ્થાપના કરી શકીશું. તો જ આપણે લોકશાહીને સુરક્ષિત બનાવી શકીશું અને જાહેર-જીવનમાંથી વિદાય થઈ રહેલી સભ્યતાને પુનઃ પ્રસ્થાપિત કરી શકીશું.

અહિંસાને બદલે થતી કરુણ હિંસા

જાણીતા સમાજસેવક રાજ્યરત્ન શ્રી પ્રતાપરાય ગીરધરલાલ મહેતા તરફથી થોડા દિવસ પહેલાં નીચેનો પત્ર મળ્યો હતો:-

"શ્રી ડોંગરે મહારાજશ્રીની આઝાદ મેદાનમાં ધર્મકથા થતી હતી, અને હિંદુ ઉપરાંત થોડા પારસી અને મુસ્લિમ ભાઈઓ પણ સાંભળવા આવતા હતા. આ વખતે એક અહિંસાના ચુસ્ત હિમાયતી જૈન ભાઈ પક્ષીઓથી ભરેલાં પાંજરાં લઈ, આ પ્રસંગે-પક્ષીઓને મુકિત-મહારાજશ્રીને હાથે-અપાવવા આવ્યા. કથાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો, એટલે નિયામક શ્રી મગનલાલ નં. કાણકીઆએ મને અને શ્રી શામજીભાઈ માવજી પારેખને પક્ષીઓને બંધનમુકત કરવા સૂચવ્યું. આ જૈનભાઈ જુવાન અને સજ્જન હતા, અને કાફર્ડ માર્કેટમાંથી નાની 'લાલ' પચીસેક ચકલીઓ અને દસબાર પોપટનાં બચ્ચાં ખરીદીને આવ્યા હતા.

"મેં એ ભાઈને સમજાવ્યું કે આ નાનકડાં શિશુ 'લાલ' મુનિયા જે આ બાજુના વગડાનાં વાસી નથી, તે પક્ષી ઉછેરનારને ત્યાં જન્મ્યા છે. તેની સંભાળ પક્ષીના ઉછેરનો ધંધો કરનાર માલીકે રાખી હશે. દાણા પાણી તેણે પૂરાં પાડયાં હશે. જંગલ કે આકાશમાં આ પક્ષી કદી ઊડયાં નથી. ઉભા પાકની વચ્ચે ઉડે તો યે તેમાંથી દાણા ખવાય તેની તેમને આવડત નથી. નદી કે સરોવર પાસે જાય તો પણ તેનું પાણી પીવાની તેમને ખબર નથી. માળો બાંધતાં પણ તેઓ જાણતા નથી. તે પક્ષીઓને છોડો પછી થોડા કલાકમાં સમળી કે બીજા હિંસક પક્ષીઓના તેઓ ભોગ બનવાના છે. આ નાનકડાં પક્ષીઓ મોટે ભાગે શોભા માટે, પાળવા માટે વેચાય છે.

"એક બીજી વાત. અમરેલીનું બાળ પક્ષી સંગ્રહાલય, જ્યાં પાળેલા પ્રાણી-પશુ પ્રત્યે પ્રેમ રાખતા શીખવાય છે, અને જેની સાથે બાળકોને રાખવા દેવામાં આવે છે, તેના ક્યુરેટર શ્રી હીરાલાલ શાહ કાફર્ડ માર્કેટમાં થોડા આવાં પક્ષીઓને લેવા માટે ગયેલા. તેને આવાજ કોઈ અહિંસાના ઉપાસક સજ્જન મળી ગયા. તેણે આખું પાંજરું ભરી લાલ મુનિયા ખરીદી હતી તે પાંજરા સાથે ભેટ આપી દીધી. હજી તે મુનીમાં બાળકોનાં આનંદ-પ્રમોદનું સાધન બની રહી છે. અને સદ્‌ભાગ્યે હિંસક પક્ષીનો ભોગ બની નથી."

આજે પશ્ચિમનું અનુકરણ કરીને મહાવીર જયન્તી કે એવા ધાર્મિક સંમેલનના પ્રસંગોએ કબુતર, ચકલીઓ, પોપટ વગેરે પક્ષીઓથી ભરેલાં પાંજરાઓ અથવા ટોપલાઓ લાવવામાં આવે છે અને તેમાંના પક્ષીઓને ઉડાડી મૂકીને તેમને મુકિત-પ્રદાન કર્યાનો સંતોષ અનુભવાય છે. આવા દયાપ્રેમી લોકોએ આવી બાબતમાં ઉપરના પત્રમાં દર્શાવેલો વિવેક ખાસ ધ્યાનમાં લેવાની અને આ પ્રકારના કેવળ અવિવેકી અનુકરણનો પરિત્યાગ કરવાની ખાસ જરૂર છે.

ધન્ય જીવન! ધન્ય મૃત્યુ!!

ગત જાન્યુઆરી માસની ૨૮મી તારીખે મદ્રાસ ખાતે વર્ષોથી વ્યાપારવ્યવસાય નિમિત્તે વસેલા શ્રી દેવશીભાઈ મૂળચંદ શાહ ૭૮ વર્ષની ઉમ્મરે આગળ પાછળ કશી પણ માંદગી કે શારીરિક તકલીફના નિમિત્ત વગર પોતાના નિવાસસ્થાનમાં ખુરશી ઉપર બેઠાં બેઠાં અને માળા ગણતાં ગણતાં એકા એક ઢળી પડયા અને વિનશ્વર દેહના બંધનથી મુકત બન્યા. શ્રી દેવશીભાઈ જન્મે જૈન હતા; પૂરા રાષ્ટ્રપ્રેમી હતા; ગાંધીજીના વિચારોને વરેલા હતા; તથા ખાદીધારી હતા. મદ્રાસના ગુજરાતી સમાજમાં તેમનું આગ્રસ્થાન હતું. શુદ્ધ ચારિત્ર્ય, સેવાભાવના, સાદુ જીવન, અપૂર્વ સૌજન્ય, અપાર નમ્રતા, ઊંડી ધર્મનિષ્ઠા અને સ્નેહપરાયણ સ્વભાવના કારણે તેઓ મદ્રાસના પ્રજાજનોના અને વિશેષ કરીને ત્યાંના સમસ્ત ગુજરાતી સમાજના અત્યન્ત આદર અને સ્નેહના પાત્ર બન્યા હતા. તેમની સાથે મને વર્ષોજૂનો પરિચય હતો. તેમણે ક્લીકટવાળા શેઠ નારાજી મુરુજોત્તમની પેઢીના ટેકાથી મદ્રાસમાં સૂતરનો વેપાર શરૂ કર્યો અને સામાન્ય સ્થિતિમાંથી ન્યાયોપાર્જન દ્વારા પોતાનો આર્થિક ઉત્કર્ષ સાધ્યો અને શાન્તિ, સ્વસ્થતા અને કર્તવ્યપરાયણતા-

પૂર્વક ૭૮ વર્ષ જેટલું લાંબુ જીવન વ્યતીત કર્યું અને કશી પણ વ્યથા કે વેદના વિના ઉપરથી નિમંત્રણ આવવા સાથે પોતાની જીવન જ્યોત આંખના પલકારામાં સંકેલી લીધી. આવી વ્યક્તિના જીવન–મૃત્યુનો એક સાથે વિચાર કરતાં 'ધન્ય જીવન, ધન્ય મૃત્યુ' એવો ઉદ્‌ગાર અન્તરમાંથી સહજ નીકળી પડે છે.

સૌ. શારદાબહેન પરીખનું દુ:ખદ અવસાન

વર્ષોજૂના કોંગ્રેસી કાર્યકર અને દેશને આઝાદી પ્રાપ્ત થઈ તે પહેલાં લીંબડી અને રાજકોટની લડતના અગ્રગણ્ય સેનાની, આઝાદી બાદ સૌરાષ્ટ્રના એકમની રચના થઈ અને જે સરકાર ઊભી કરવામાં આવી તેમાં પ્રારંભમાં પ્રધાન અને ત્યાર બાદ સૌરાષ્ટ્રનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થતાં સુધી સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને ત્યાર બાદ મુંબઈના દ્વિભાષી રાજ્યમાં અને પછી ગુજરાત રાજ્યમાં એમ અનુક્રમે ૧૯૬૩ના સપ્ટેમ્બર માસ સુધી પ્રધાન–આવી ઉજ્જવળ જેમની રાજકારણી કારકીર્દી છે એવા શ્રી રસિકલાલ પરીખનાં ધર્મપત્ની સૌ. શારદાબહેન પરીખનું લાંબી માંદગીના પરિણામે ફેબ્રુઆરી માસની ૭મી તારીખે મુંબઈ ખાતે અવસાન થયું. આ અવસાને કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાતના પ્રજાજનોના દિલમાં ઊંડા શોકની લાગણી પેદા કરી છે. શ્રી રસિકભાઈ પ્રત્યે તેમના ઉપર આવી પડેલી આ આપત્તિના કારણે સૌ કોઈ તીવ્ર સહાનુભૂતિ અનુભવી રહ્યું છે.

શારદાબહેન ભાવનગરનાં; શ્રી રસિકભાઈ લીંબડીના. તેમનું ૧૯૩૭ની સાલમાં લગ્ન થયું. આજે શારદાબહેનની ઉંમર ૫૦ વર્ષની; રસિકભાઈની ઉંમર ૫૭ વર્ષની, ૧૯૩૭નો સમય એ દેશી રાજ્યો સાથેના તીવ્ર સંઘર્ષનો કાળ હતો. લગ્ન થયું ત્યારથી તે આજ સુધી શારદાબહેન અતૂટપણે રસિકભાઈ સાથે રહ્યા છે અને તેમને પૂરા અર્થમાં સાથ આપ્યો છે. શારદાબહેન વિનાના રસિકભાઈ કલ્પી જ ન શકાય - એવું તેમનું સાહચર્ય હતું. રસિકભાઈના જીવનમાં–અનેક ઝંઝાવાતોથી ભરેલી આજ સુધીની તેમની કારકીર્દીમાં-શારદાબહેનનો ઘણો મહત્ત્વનો ફાળો રહ્યો છે. રાજકારણમાં પડેલા પુરુષની પ્રવૃત્તિને નામના અને જાહેરાત મળે છે પણ તેને ટેકો આપનાર, બળ આપનાર અને ઘર ચલાવવાની અને બાળકોની ઉછેરવાની ચિન્તા અને જવાબદારીથી મુકત રાખનાર પત્નીની મુંગી તપસ્યા એટલી જ નોંધપાત્ર લેખાવી ઘટે છે. આમ ૩૦ વર્ષ સુધી ચાલેલા સુખરૂપ અને સંવાદી સહજીવનનો આ દુર્ઘટનાથી અન્ત આવ્યો છે. રસિકભાઈનો માળો ચુંથાયો છે. શારદાબહેનને ઝુંટવી લઈને વિધાતાએ રસિકભાઈ ઉપર ઘણો મોટો કુઠારાઘાત કર્યો છે. શારદાબહેનના પવિત્ર આત્માને પરમ શાન્તિ ઈચ્છીએ! રસિકભાઈને એકલા જીવન ખેડવા પરમાત્મા બળ આપે એમ આપણે પ્રાર્થીએ!

ચૂંટણી વિષે સંક્ષેપમાં

(જાન્યુઆરી માસના 'અભ્યાસ'માંથી ઉદ્‌ધૃત)

"ચોથી ચૂંટણી આપણા દેશમાં યોજાઈ રહી છે એને ભાવપૂર્વક આપણે વધાવીએ અને આપણા આચાર-વિચાર વડે ચૂંટણીનો ક્રમ સતત ચાલુ રાખીએ અને લોકશાહીને વધારીએ! ઈ. સ. ૧૯૫૨, ઈ. સ. ૧૯૫૭, અને ઈ. સ. ૧૯૬૨ પછી હવે (ઈ. સ. ૧૯૬૭) ફેબ્રુઆરીમાં તા. ૧૫થી ૨૧ સુધી થનારી ચોથી ચૂંટણીમાં ૫૨૧ પાર્લામેન્ટરી બેઠકો તથા ૩૪૮૮ વિધાનસભાની (ઘટક–રાજ્યોની) બેઠકો માટે તીવ્ર અને તરવરાટવાળી હરીફાઈ થશે. આશરે સાડી બાવીસ કરોડ મતદારો એમાં ભાગ લઈ શકશે, અને ૫૫થી ૬૫ ટકા મતદારો જો મતદાન કરશે તો તે નોંધપાત્ર સિદ્ધિ બનશે. મતદાન માટે બે લાખ પચાસ હજાર કેન્દ્રો હશે અને પંદર લાખ કર્મચારી ભાઈ બહેનો ચૂંટણી કાર્યની જવાબદારી સંભાળશે. પહેલી ચૂંટણી ચાર માસ ચાલેલી, બીજી ૨૦ દિવસમાં પૂરી થઈ, ત્રીજી માટે ૧૦ દિવસ લાગ્યા અને હવે ચોથી ચૂંટણી માટે ૭ દિવસ જ મુકરર કરેલા છે. કારોબારી તંત્રથી સ્વતંત્ર એવું અખિલ ભારતીય ચૂંટણીપંચ આખું તંત્ર સંભાળી રહ્યું છે અને મુકત તથા [illegible]ની ચૂંટણી માટે એણે જરૂરી ગોઠવણો કરી છે."

પરમાનંદ

ધર્મગુરુઓ! રાજકારણ તમારા માટે અધર્મ છે.

રાજકારણ માટે શિખોના ધર્મગુરુ સંત ફત્તેહસિંહે ઉપવાસો આદર્યા અને અગ્નિસ્નાનની ધમકી આપી અને આ હેતુ માટે ધર્મસ્થાનક સુવર્ણ મંદિરના મંજીસાહેબ ગુરુદ્વારાને ઉપયોગમાં લીધું ત્યારે અમે એનો સખ્ત વિરોધ કર્યો હતો. કેમકે અમારી દઢ માન્યતા છે કે ધર્મ અને ધર્મસ્થાનકને રાજકારણથી અભડાવવાનો કોઈને ય, ધર્મગુરુનેય, અધિકાર નથી.

અને એથી જ પુરીના જગદ્‌ગુરુ શંકરાચાર્યે ગોવધ–પ્રતિબંધ આંદોલનમાં આદરેલા ઉપવાસોનો જ્યારે રાજકીય ઉપયોગ હિત ધરાવતા પક્ષો કરવા લાગ્યા ત્યારે અમે જગદ્‌ગુરુને પારણાં કરવાની વિનંતીઓની ઝુંબેશ આદરી હતી.

ભારતની પ્રાચીનકાળથી ચાલતી આવતી ધર્મ અને ધર્મગુરુ સંસ્થાની પરંપરા હંમેશ રાજકારણથી દૂર રહેવાની છે. બૌદ્ધ ધર્મ રાજ્ય અને રાજકારણનો આશ્રય શોધતો થયો ત્યારથી એની પડતી થઈ. ત્યારે આદિ શંકરાચાર્ય તેમ જ અન્ય હિંદુ આચાર્યવર્યોએ ધર્મની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં અને ધર્મનું સંવર્ધન કરવામાં રાજ્ય કે રાજકારણનો જરા પણ સહારો લીધો ન હતો. રાજકારણથી દૂર અને અલિપ્ત રહેવાની આ પ્રાચીન પરંપરાને લીધે જ ધર્મ અને ધર્મગુરુઓની સંસ્થાઓ લોકોમાં ઊંડાં મૂળ નાંખી શકી હતી.

કમનસીબે ભારતમાં ઘેરા બનેલા મલિન રાજકારણના કિલષ્ટ વાતાવરણે ધર્મગુરુઓની સંસ્થાને સ્પર્શ કરવા માંડયો છે એ જેટલું આઘાતજનક છે એથી ય વધુ તો ભયાવહ છે. રાજકારણ કે રાજનીતિનો ધર્મ એ અલગ વાત છે અને ધર્મનું રાજકારણ એ અલગ વાત છે. રાજનીતિનો ધર્મ રાજપુરુષો પાળે – કૌટિલ્યે દાખવ્યો હતો તે પ્રમાણે જમાનાને અનુરૂપ રીતે પાળે તે હિતાવહ છે. પણ ધર્મનું રાજકારણ કેટલું ભયાવહ છે એ ભારતના ભાગલા અને પાકિસ્તાનની સ્થાપનાથી સાબિત થયું છે અને પંજાબી સુબાની સ્થાપના તેમ જ શિખીસ્તાનની સંભાવનાથી દેખાઈ આવે છે.

આથી જ જ્યારે જ્યોતિર્મઠના જગદ્‌ગુરુ શંકરાચાર્ય કોને મત ન આપવો અને કોને આપવો એનાં પ્રવચનોમાં ઉતરે છે ત્યારે એ રાજકારણમાંનો ભયાવહ પ્રવેશ બની જાય છે. ગોવધ પ્રતિબંધના આંદોલનના અનુસંધાનમાં તેંતેર દિવસોના ઉપવાસ કરનારા પૂરીના જગદ્‌ગુરુ શંકરાચાર્ય થોડા જ દિવસોમાં મુંબઈ આવનારા છે અને ત્યારે જનસંઘ પોતાના રાજકારણ માટે એમનો ઉપયોગ કરનાર છે એવા પ્રગટ થયેલા સમાચાર જો સાચા હોય તો તે રાજકારણથી ધર્મગુરુઓ દૂર રહે એવી પરંપરાને ફટકો મારનાર ઘટના જ બની રહે. ચૂંટણી વખતે રાજકારણના ગંદામાં ગંદા મેલની અંદર ખરડાવું એ કોઈ પણ સાધુ, સંત, ગુરુ માટે ઉચિત નથી જ.

કમનસીબે ગુજરાતમાં અને અન્યત્ર કેટલાક સંતો મહામહારાજે અને ગોસ્વામીઓ ચૂંટણીના રાજકારણમાં સરી પડયા છે એ ખેદજનક છે.

ધર્મથી સમાજને ધારણ આપવાનું કાર્ય લોકોની ધર્મભાવના જાગૃત કરવામાં અને તેઓને ધર્મનીતિના માર્ગે વાળવામાં જ સાર્થક બને એ દીવા જેવું સ્પષ્ટ છે.

હકીકતમાં, જગદ્‌ગુરુઓ, ધર્મગુરુઓ અને મહંતો સમક્ષ સમાજની ધરસિવાનું અત્યાર સુધી ઉપેક્ષા પામેલું, વિરાટ કાર્ય વાટ જોતું ઘણા સમયથી ઊભું છે. રાજકારણ કરતાં એના તરફ ધ્યાન આપવું સવિશેષ જરૂરી છે. માત્ર ધાર્મિક પ્રવચનો આપવાથી જ ધર્મ – પ્રતિષ્ઠાનો હેતુ સચવાતો નથી.

આજે દુનિયા જે રીતે ગતિ કરે છે તેના સંદર્ભમાં ભારતની જે સ્થિતિ છે તે જોતાં આ વિષે સર્વ પંથોના ધર્મગુરુઓએ સંક-

લિત વિચારવિનિમય કરવો જોઈએ. અમને લાગે છે કે હિંદુઓના સર્વ પંથોના વડા ધર્મગુરુઓની વરિષ્ઠ ધર્મસભા રીતસરના બંધારણ અને ધારાધોરણ સાથે સ્થપાય અને એ સર્વ સાધુ–સંતોને એક જ ધર્મસમાજમાં સાંકળી લે એ જરૂરી છે. એવી ધર્મસભા પોતાનામાંથી જ કોઈ વિદ્વાન, સુજ્ઞ, વિશાળદૃષ્ટિવાળા ધર્મગુરુને સર્વોપરીપદે પાંચ વર્ષ માટે ચૂંટી કાઢે અને એના માર્ગદર્શન નીચે સમગ્ર સમાજની ધાર્મિક – નૈતિક ઉન્નતિ માટેનો કાર્યક્રમ અમલમાં મૂકે તો આખા સમાજને ખૂબ જ ધર્મલાભ થવાનો સંભવ છે.

અનેક ધર્મગુરુઓ, મઠાધીશો, ગોસ્વામીઓ, સાધુસંતો પાસે અઢળક સંપત્તિ છે. એ સંપત્તિનો ઉપયોગ, સંસ્કૃતના પ્રચાર અને પ્રસારની, લાખ્ખોની સંખ્યામાં વસતા આદિવાસીઓની તેમ જ પછાત લોકોની વસતિમાં શિક્ષણ, વૈદ્યકીય ઉપચાર, ધર્મભાવનાનું સિંચન, નાનાં મોટાં કાર્યો પૂરા પાડતા વ્યવસાયો ઈત્યાદિની જોગવાઈ કરીને સમગ્ર સમાજનું સંગઠન વધુ એકરાગ બનાવી શકાય.

વિદેશનાં ખ્રિસ્તી મિશનો, ભારતના આદિવાસીઓ અને પછાત લોકોમાં ધૂમ પૈસો વેરીને શાળાઓ, દવાખાનાઓ, દેવળો, અને અન્ય સગવડો આપીને તેઓને પોતાના તરફ વાળે છે અને એમાંથી નાગભૂમિ કે મિઝો વિસ્તાર અથવા સાંતાલ પરગણામાં જે અલગતાવાદી અને રાષ્ટ્રની અખંડિતતા – ઘાતક સ્થિતિ સર્જાય છે, તો ઉપર જણાવ્યા પ્રમાણેની ધર્મસભા રચાય, ધર્મગુરુ સમાજ રચાય અને એ સર્વ મઠો, મંદિરોની સંપત્તિની તાકાતથી પછાત વિસ્તારોમાં કામ કરે તો કેટલું સારું પરિણામ ધર્મ માટે, સમાજ માટે, અને દેશ માટે આવી શકે એનો ધર્મગુરુઓએ ખ્યાલ રાખવો જોઈએ. આ ધર્મ – પ્રવૃત્તિ છે, રાજકારણ ધર્મહાનિની પ્રવૃત્તિ છે.

ધર્મની પ્રતિષ્ઠા અને ધર્માધારિત સમાજની એકતા આ રીતે સ્થાપી અને વિસ્તારી શકાય. પણ રાજકારણના ગંદવાડમાં જો જગદ્‌ગુરુઓ સરી પડે તો તેમાં અંતે મલિનતામાં ખરડાવાનું જ આવે અને ધર્મહાનિ જ થાય.

ધર્મગુરુઓને, મઠોને, મંદિરોને ભેટ, સોગાદો અને દાન આપતા ભક્તજનોએ પણ ધર્મગુરુઓને આવા ધર્મના રસ્તે જવાનો અને ભક્તોની ભેટનો ઉપયોગ સમાજમાં ઉપરોક્ત રીતે ધર્મપ્રતિષ્ઠા માટે કરવાનો જોરદાર આગ્રહ કરવો જોઈએ.

આશા રાખીએ કે જગદ્‌ગુરુઓ તેમજ અન્ય ધાર્મિક વડાઓ આ વાતનું મહત્ત્વ સમજશે અને રાજકારણમાં રહેલી હિનતાને પિછાનીને એનાથી અળગા રહેશે. ધર્મના નામે સત્તાસ્વાર્થ સાધવા માગતા રાજકીય પક્ષોનાં દબાણો અને ખેંચાણોનો જગદ્‌ગુરુઓએ દૃઢતાથી પ્રતિકાર કરવો જોઈએ અને રાજકારણથી દૂર રહેવું જોઈએ. (તા. ૧૦-૨-૬૭ના 'જનશક્તિ'નો અગ્રલેખ સાભાર ઉધ્ધૃત).

વિષયસૂચિ

		પૃષ્ઠ
મતપ્રદાન સમસ્યા		૨૦૩
પ્રકીર્ણનોંધ: આજે આપણે ક્યાં જઈ રહ્યા છીએ? અહિંસાને નામે થતી હિંસા, ધન્ય જીવન, ધન્ય મૃત્યુ, સૌ. શારદાબહેન પરીખનું દુઃખદ અવસાન, ચૂંટણી વિષે સંક્ષેપમાં. ધર્મગુરુઓ! રાજકારણ તમારા માટે અધર્મ છે.	પરમાનંદ	૨૦૫
લોકોત્તર પુરુષની જીવનચર્યા	રસિકલાલ છો. પરીખ	૨૦૭
શક્તિસ્વરૂપા સિન્ધુબહેન	પૂર્ણિમા પકવાસા	૨૦૯
શ્રી. જે. કૃષ્ણમૂર્તિ	શ્રીમતી ઓની માર્શલ	૨૧૦
મહાપ્રસ્થાનના પથ પર–૨૧	પ્રબોધકુમાર સન્યાલ	૨૧૩

લોકોત્તર પુરુષની જીવનચર્યા

लोकोत्तराणां चेतांसि, को हि विज्ञातुमर्हति।

(શ્રીમદ્ રાજચંદ્ર જન્મ – શતાબ્દી મંડળ તરફથી પ્રગટ થયેલ શ્રીમદ્ રાજચંદ્ર જીવન સાધના: (લેખક: શ્રી મુકુલભાઈ કલાર્થી) ના પુરોવચન તરીકે ગુજરાત વિદ્યાસભાના ડિરેક્ટર શ્રી રસિકલાલ છોટાલાલ પરીખનો અત્યન્ત મનનીય લેખ તે પુસ્તકમાંથી ઉદ્‌ધૃત કરીને નીચે આપવામાં આવે છે. એ લેખમાં શ્રીમદ્ રાજચંદ્ર જેવા લોકોત્તર પુરુષોના જીવનચરિત્રમાં બનેલાં અને ઈન્દ્રિય દર્શનાવલંબી આપણી બુદ્ધિને સહજ સ્વીકાર્ય ન બને એવી – પુનર્ભવ અંગેની અલૌકિક બાબતનો નિર્દેશ કરતી – ઘટનાઓ સંબંધમાં આપણું કેવું વલણ હોવું જોઈએ તે મુદ્દા અંગે માર્મિક આલોચના કરવામાં આવી છે. પ્રબુદ્ધ જીવનના આગળના અંકોમાં ગાંધીજીએ નિરૂપેલા 'શ્રી રાયચંદભાઈનાં સંસ્મરણો' પ્રગટ કરવામાં આવ્યા છે તેના અનુસંધાનમાં શ્રીમદ્ રાજચંદ્રની જીવનપ્રતિભાને સમજવામાં આ લેખ યોગ્ય પરિપૂર્તિની ગરજ સારશે એવી આશા છે. પરમાનંદ)

શ્રીમદ્ રાજચંદ્ર જેવા પુરુષવિશેષની ચરિતકથા લખવી દુષ્કર છે. ઈન્દ્રિયદર્શનાવલંબી આપણી બુદ્ધિ ખ્યાલ કરી શકે, સમજી શકે અને સ્વીકારી શકે એવી મહત્તા – વિશેષતા – એમના ચરિતમાં નથી એમ નથી: જેમકે એમની અસાધારણ સ્મૃતિ, લઘુવયમાં પ્રજ્ઞાપરિપાક, વ્યવહારનીતિનો આગ્રહ, કાર્યકુશળતા, શાસ્ત્રનિપુણતા, ગુજરાતી ગદ્યમાં મૌલિક પ્રભુત્વ, સદાચારનિષ્ઠા, સત્યશોધકતા, વૈરાગ્ય, આત્માનાં મનન, શ્રવણ અને નિદિધ્યાસન, તદર્થ નિવૃત્તિઉત્સુકતા, નિર્ભયતા ઈત્યાદિ. આ બધા ગુણો વ્યક્ત કરતા પ્રસંગો, ઘટનાઓ, સમાગમોનાં પણ પ્રામાણિક વર્ણનો કરવા, સહેલાં નહિ પણ શક્ય તો છે જ.

પણ શ્રીમદ્‌ના આ બધા આવિર્ભાવો ઉપરાંત બીજા કેટલાક આવિર્ભાવોને – જે અપેક્ષાએ બાહ્ય કહેવાય એવા આવિર્ભાવોની મૂલ શક્તિ જેવા છે અને જેમનું વર્ણન તેમના પોતાના શબ્દોમાં થયેલું છે તેમને – સમજવા એ દુષ્કર, અત્યન્ત દુષ્કર છે. તેમને સ્વીકારવાનો પ્રશ્ન તો તેમને સમજ્યા પછી આવે અથવા તે બુદ્ધિતર્કને શાંત કરી કેવળ શ્રદ્ધાનો વિષય બને. ઉ. ત., "પુનર્જન્મ છે – જરૂર છે, એ માટે 'હું' અનુભવથી હા કહેવામાં અચળ છું." એ વાક્ય પૂર્વભવના કોઈ જોગનું સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે. જેને – પુનર્જન્માદિભાવ કહ્યા છે. તે પદાર્થને કોઈ પ્રકારે જાણીને તે વાક્ય લખાયું છે."[૧] શ્રીમદના આ અનુભવને શી રીતે સમજવો? મનોવિજ્ઞાનના ચોકઠામાં એ કઈ રીતે બેસે? અથવા

> [૨] ધન્યરે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
> દશ વર્ષે રે ધારા ઉલસી, મટયો ઉદય કર્મનો ગર્વ રે.
> ઓગણીસેંને એકત્રીસે આવ્યો અપૂર્વ અનુસાર રે,
> ઓગણીસેંને બેંતાલિસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે.
> ઓગણીસેંને સુડતાલિસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે,
> શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
>
> * * *
>
> આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે,
> કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.

આમાં 'દશ વર્ષે ધારા ઉલસી' એનો શો અર્થ અને એ કઈ મનોવસ્તુને સૂચવે છે? 'અપૂર્વ અનુસાર' આવ્યો એટલે શું આવ્યું? વૈરાગ્ય તો સમજીએ પણ 'અદ્‌ભુત' એટલે શું? – 'શુદ્ધ સમકિત પ્રકાશ્યું' એટલે શું થયું? જડ અને ચેતન બે ભિન્ન છે

એવી શ્રદ્ધા કે માન્યતા તે સમ્યક્‌ત્વ કે સમકિત, પણ 'પ્રકાશ્યું' એટલે વિચાર ઉપરાંત બીજું શું થયું? 'નિજ સ્વરૂપ અવભાસ્યું'– એટલે માણસને 'અહ' નું વેદન થાય છે એના કરતાં બીજું શું અવભાસ્યું? 'લગભગ કેવળ ભૂમિકા' ને સ્પર્શવાનું એટલે શેને સ્પર્શવાનું?

સંવત ૧૯૫૩ માં – ૨૯ વર્ષની વયે પોતા વિશે આ નોંધ શ્રીમદે કરી; તેમાં તે તે ઘટનાને વર્ષ વાર નિર્દેશી છે. આવી અનેક બાબતો જેમના જીવનચરિતમાં ઘટનાઓ રૂપે વણાઈ હોય તેની બુદ્ધિગ્રાહ્ય કથા શી રીતે લખાય? આ વિજ્ઞાનયુગમાં આવી બાબતોનું હજી સંશોધન થયું નથી. જે કાંઈ જાણીએ છીએ તે કાં તો શ્રદ્ધા રૂપે કહેવાય છે, વહેમ રૂપે કહેવાય છે, કે કવિકલ્પના તરીકે આસ્વાદાય છે. વળી, – 'અમુક સાલમાં શ્રીમદે ઝવેરાતનો ધંધો શરૂ કર્યો' એ ઘટના સરળતાથી સમજવામાં આવે એવી રીતે જે કહી શકાય તેવી શ્રીમદ્‌ને અમુક સાલમાં 'ધારા ઉલસી' કે 'અપૂર્વ વૃત્તિ આવી,' કે 'પૂર્વભવના જોગનું સ્મરણ થયું.' એ બાબતોને એવી રીતે ઘટનાઓ તરીકે કહી શકાય?

શ્રીમદ્‌ નું માનસ તેમના વ્યવહારજીવનથી અને તેમના દાર્શનિક ઝીણવટવાળાં લખાણોથી જે સમજાય છે તે ઉપરથી, તરંગમાં આવી કે કોઈ ભ્રમણાની પ્રેરી કે કોઈ મહિમા બતાવવાની વૃત્તિથી, આવું માનવા કે લખવા પ્રેરાય એવી આ વ્યક્તિ લાગતી નથી. એમના ગાઢ પરિચયમાં આવેલા ગાંધીજીનો આ વિશે બહુ સ્પષ્ટ અભિપ્રાય છે: 'તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂં એક લીંટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું.'૩

અર્થાત્‌ કે એમના માનસની લઢણ બુદ્ધિપ્રધાન તાર્કિકની છે, પોતાના મનનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરી શકે એ જાતનું એ ચિત્ત છે. પોતાને જ્યારે 'હરિરસ' ની તાલાવેલી થઈ છે અને એની 'મસ્તી' આવી છે ત્યારે પણ એ પોતાની વૃત્તિઓના નિરીક્ષક દેખાય છે. અર્થાત્‌ કે એક પક્ષે લખનાર સ્વસ્થ બુદ્ધિનો અનાડંબરી સૂક્ષ્મ નિરીક્ષક છે અને બીજે પક્ષે એની નોંધો અને લખાણો એવી મનોદશાઓ – માનવવસ્તુઓ – માનસ ઘટનાઓ રજૂ કરે છે જે વિજ્ઞાનગમ્ય નથી, ઈન્દ્રિયજ્ઞાનાવલંબી બુદ્ધિને ગમ્ય નથી.

આ કારણથી શ્રીમદ્‌જી જેવા પુરુષવિશેષોની જીવનકથામાંથી આવો બધો ભાગ છોડી દેવામાં આવે એમ બને; અને એ છોડી દીધાં છતાંય સદાચારનિષ્ઠ એવું ઘણું એમાં નિરૂપી શકાય.

અને અહીંઆ જ જીવનચરિત લખવાની મોટી ઘૂંટી આવે છે. જે અનુભવો ચરિતનાયકના જીવનમાં આધારભૂત બન્યા દેખાતાં હોય તેમને મૂકી દઈને કે ગૌણ કરીને તેમનાં જીવન - ચરિત કેમ નિરૂપી શકાય? આવા ગૂઢસ્તરના અનુભવોની વાત ન હોય ત્યાં પણ ચરિતનાયકની જે પ્રેરણારૂપ શ્રદ્ધાઓ હોય તેને ધ્યાનમાં રાખ્યા વિના તેના વિચારો કે આચારોને એ મૂળશકિત વિના કેવી રીતે બરાબર સમજી શકાય? ઉ. ત. મહાત્મા ગાંધીની ઈશ્વર વિશેની શ્રદ્ધા–I am surer of his existence than of the fact that you and I are sitting in this room. Then I can testify that I may live without air and water but not without him...૪ એમની આવી અને બીજી લોકોત્તર શ્રદ્ધા અને પ્રેરણા વિના ગાંધીજીના આચારવિચારોને સમજવાના અને તેને અનુસરવાના પ્રયત્નો કેટલી વિષમ સ્થિતિ– હાસ્યની અને દુઃખની – ઊભી કરે છે તે આપણે આજે જોઈએ છીએ.

यो यच्छ्रद्धः स एव सः। (भ. गी. १७–३)

પણ શ્રીમદ્‌જી કે રામકૃષ્ણ પરમહંસ, કે રમણ મહર્ષિ કે શ્રી અરવિંદ જેવાનાં આન્તરવિશ્વ Faith – શ્રદ્ધા કરતાં પણ જુદી જાતનાં દેખાય છે. એમનાં આંતરવિશ્વમાં એ શ્રદ્ધાના પદાર્થોનાં 'અનુભવ', 'દર્શન' કે 'સમાપ્તિ' હોય છે. એથી એવાઓનાં જીવનચરિતો એ 'અનુભવઘટનાઓ' નાં કથન વિના નિષ્પ્રાણ થઈ જાય.

તો બીજી બાજુ ચમત્કાર – લોલુપતા થઈ જવાનો, વહેમનાં ધુમ્મસમાં અટવાઈ જવાનો, બુદ્ધિગ્રાહ્યને પણ અતીન્દ્રિય કોટિમાં મૂકી દેવાનો ભય હોય છે.

જીવનચરિત લેખક માટે આ બંને કોટિઓમાંથી બચી જવાનો માર્ગ તટસ્થ ભાવે ઐતિહ્ય પ્રમાણોની બરાબર ચકાસણી કરી જે લૌકિક કે લોકોત્તર ભાવો – અર્થો – ઘટનાઓ નીપજે તેમનું નિરૂપણ કરવું એ છે. લેખકના પોતાના અનુભવમાં ન હોય અથવા એના જ્ઞાનની કક્ષાને સંભવિત ન લાગે એવી બીનાઓ પણ ઐતિહ્ય પ્રમાણથી નીપજતી હોય તો તેમને છોડી શકાય નહિ એવો આધુનિક ઐતિહ્ય પરીક્ષકોનો ય મત છે. ૫.

શ્રીમદ્‌ જીનું આવું સંશોધનપૂર્વક નીપજેલું જીવનચરિત લખાવવું હજી બાકી છે. આવું ચરિત લખ્યાં પહેલાં શું થવું જોઈએ એ ગાંધીજીએ સૂચવ્યું છે: 'જીવનચરિત્ર લખવું હોય, તો હું તેમની જન્મભૂમિ વવાણિયા બંદરમાં કેટલોક વખત ગાળું; તેમનું રહેવાનું મકાન તપાસું; તેમનાં રમવા – ભમવાનાં સ્થાનો જોઉં; તેમના બાળમિત્રોને મળું; તેમની નિશાળમાં જઈ આવું; તેમના મિત્રો, અનુયાયીઓ, સગાંસંબંધીઓને મળું, તેમની પાસે જાણવાનું જાણી લઉં ને પછી જ લખવાનો આરંભ કરું.'૬

આધુનિક યુગની અપેક્ષા આવાં સંશોધન આવશ્યક ગણે છે. ઉપરાંત શ્રીમદ્‌જીનાં પોતાનાં લખાણો – નોંધો, પત્રો–ગ્રંથો વગેરે સાહિત્યને પણ વિવેચક દૃષ્ટિએ તપાસવાં આવશ્યક ગણાય.

શ્રી મુકુલભાઈએ 'શ્રીમદ્‌ રાજચંદ્રની જીવનસાધના' લખતાં પહેલાં આ બધી સાધના કરી છે કે નહિ તે હું જાણતો નથી. એ માટે સમય, સાધનો વગેરે જોઈએ. એટલે એ દૃષ્ટિએ આ ગ્રંથને હું જોતો નથી. પરંતુ આ ગ્રંથ વાંચનારને શ્રીમદ્‌જીના જીવનની કેવી ઝાંખી થાય એ દૃષ્ટિ મેં રાખી છે. એ રીતે જોતાં આ ગ્રંથથી મને એકંદરે સંતોષ થયો છે. શ્રી મુકુલભાઈએ શ્રીમદ્‌જીના લૌકિક જીવનનાં પ્રસંગો અને ઘટનાઓ સાદી, સ્વચ્છ અને મધુર ભાષામાં નિરૂપ્યાં છે. તેમના આંતરજીવનના લોકોત્તર અનુભવો એમણે ટાળ્યા નથી પણ સ્વસ્થતાથી નિરૂપ્યા છે. એની પાછળના વસ્તુસત્યનું વિવેચન કરવું એ કોઈ પણ લેખકની મર્યાદા બહારની બાબત છે, સિવાય કે પોતે એ લોકોત્તર માર્ગનો વિહારી હોય. એટલે આવા કોઈ ગજા બહારના ઉહાપોહમાં પડયા વિના શ્રીમદ્‌જીનાં લખાણોના આધારે અને તેમના સમાગમમાં આવેલી વ્યકિતઓનાં કથનોના આધારે શ્રી મુકુલભાઈએ યથોચિત નિરૂપણ કર્યું છે. એમના નિરૂપણમાં ચરિતનાયક વિશેનો એમને આદરભાવ સ્પષ્ટ દેખાય છે. એ ન હોય તો આવો શ્રમ વ્યર્થ લાગે. પોતાને ગમ્ય ન હોય એવા પ્રસંગો, ઘટનાઓ – અનુભવોને તિરસ્કારવાનું કે ગોપાવવાનું ચાપલ એમણે કર્યું નથી. શ્રીમદ્‌જીનાં લખાણોમાંથી કળાતું અને સમાગમીઓના કથનથી સમર્થિત થતું જીવનદર્શન શ્રી મુકુલભાઈએ કરાવ્યું છે.

આવા લોકોત્તર પુરુષોના જીવન સમક્ષ તો ભવભૂતિએ કહી છે એવી નમસ્ક્રા જ યોગ્ય છે:

लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति।

તા. ૨૨-૪-૬૫.
૧૧, ભારતીનિવાસ સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ – ૬. રસિકલાલ છો. પરીખ

૧.' શ્રીમદ્‌ રાજચંદ્ર, સં. ૨૦૦૭ ની આવૃત્તિ – પત્ર ૪૨૪

૨. એજન. પત્ર ૯૬૦ – ૧ (૩૨)

૩. શ્રીમદ્‌ રાજચંદ્ર અને ગાંધીજી. પૃ. ૪૬.

4. My Religion P. 43

5. F. H. Bradley–The Presuppasitions of Critical History (pp. 63 Collected Essays Vol. 1) અને G. J. Garraghan S. J. A. Guide to Historical Method pp. 298-303.

૬. શ્રીમદ્‌ રાજચંદ્ર અને ગાંધીજી પૃ. ૪૧.

શક્તિસ્વરૂપા સિન્ધુબહેન

('શક્તિ દલ પત્રિકા'માંથી સાભાર ઉદ્ધૃત)

ડિસેમ્બર માસમાં શક્તિદળે યોજેલાં પ્રવાસમાં અમને રંગ, દવા, કાગળ તથા ખાંડના કારખાનાંઓ સારી રીતે જોવાની તક મળી. પરંતુ સાથે સાથે એક એવી પણ અનોખી તક સાંપડી જેથી અમારો પ્રવાસ ધન્ય બન્યો.

પ્રવાસને બીજે દિવસે અમે ચાંગા ગામમાં ગયાં હતાં. શક્તિ-દળની જુની કેડેટ શ્રીમતી હેમલતાબેન મહેતાનાં માતાજી શ્રીમતી સિન્ધુબહેનની આ કર્મભૂમિ હતી, જેમણે ખૂબ પ્રેમપૂર્વક અમને આમંત્રણ આપ્યું હતું. જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે બાગના નાના દરવાજામાં એક પાતળી શ્યામ, સુંદર ને સ્મિતભરી મૂર્તિ આદિવાસી ઢબે ખાદીની સાડીનો કચ્છ મારીને અમને આવકારવા માટે ઉભી હતી. તેની આંખોમાં આકર્ષક તેજ હતું. ૬૩ વર્ષની આ પ્રૌઢ સ્ત્રીમાં એક નવયુવતીને પણ શરમાવે તેવી ચપળતા હતી. તેમણે આગળ આવીને અમારું સૌનું સ્વાગત કર્યું.

બહારના આંગણામાં આસોપાલવના મોટાં ઘટાદાર વૃક્ષો હતાં. અંદરના ભાગમાં સુગંધી ગુલાબ મ્હેંકી રહ્યાં હતાં. બહારના વરંડામાં બેસીને આજુબાજુનું નિરીક્ષણ કરતાં કરતાં સિન્ધુબહેનની વાતો સાંભળવામાં અમને બહુ જ આનંદ આવ્યો. એમને સંગીત તથા ભજનોમાં ખૂબ રસ હતો. રોજ પરોઢિયે ૪ થી ૫ ભજનો ગાતાં હતાં. અમને પણ દેશપ્રેમથી ભરેલું એક ગીત તેમણે સંભ-ળાવ્યું. આ સાદા દેહાતી ઘરમાં તેમણે જે કલાત્મક સજાવટ કરી હતી અને આધુનિક સગવડતા ઊભી કરી હતી, તે પરથી એમની કલાદૃષ્ટિ, શોખ તથા નવી પેઢીની જરૂરિયાતો પ્રત્યેની એમની ઉદાર દૃષ્ટિ સાફ દેખાઈ આવતી હતી, દીવાનખાનામાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકો તથા માસિકો, હારમોનિયમ, રેડીઓ વગેરે દરેક વસ્તુઓ વ્યવસ્થિત રીતે ગોઠવેલી હતી.

એમની વાતોમાં જવલંત દેશપ્રેમ ઉભરાતો હતો. એમણે કહ્યું કે "૨૫ વર્ષથી હું આ ગામમાં વસું છું ને હવે તો આ જ મારું સ્વર્ગ છે" અમને લાગ્યું કે એ સ્વર્ગ બનાવવામાં એમણે પોતાનો પ્રાણ રેડ્યો છે. એમણે આગળ કહ્યું કે, "મારે ત્રણ બાળકો છે. ત્રણેને ભણાવ્યાં ગણાવ્યાં છે ને દરેક પોતપોતાની રીતે પોતાનાં જીવનમાં સ્થિર થયાં છે. એક પુત્ર જે અમેરિકાથી ભણીને હમણાં જ આવ્યો છે, તે મારી સાથે રહીને મારા કામમાં મદદ કરે છે. હું તો બધાંને એમ જ કહું છું કે "આપણે આપણા દેશને આગળ વધારવા માટે કઈ રીતે ઉપયોગી થઈ શકીએ તેનો જ સૌપ્રથમ વિચાર કરો." મારાં પુત્રોને હું રોજ યાદ આપું છું કે જે માટીમાંથી આપણે પેદાં થયાં છીએ તેનાં માટે કામ કરવું એ આપણી ફરજ છે. ઓછામાં ઓછા અઠવાડિયે એક દિવસ તો દેશસેવા માટે ફાજલ પાડવો જ જોઈએ. દેશનો એકેએક જુવાન જો આવો નિશ્ચય કરે તો કેટલું મોટું કામ થાય?"

ઘરની આજુબાજુના મોટા વિસ્તારમાં બગીચા ઉપરાંત ખેતી-પણ હતી. પોતાનાં સેવકોની સાથે સિન્ધુબહેન પોતે પણ ખેતીના કામમાં મદદ કરે છે. ખેતીમાં વધારે તથા ઊંચી જાતનું અનાજ પેદા કરવા માટે તે હંમેશા જુદાજુદા પ્રકારના પ્રયોગો કરે છે અને કેટલાક પ્રયોગો વિષે તો જાણીને અમને આશ્ચર્ય થયું છે કે એક સીધી સાદી સ્ત્રી ખેતી – વિજ્ઞાન વિષે કેવું ઊંડું ચિંતન ધરાવે છે. અમે એમને પૂછ્યું કે, "તમે આટલું અનાજ પેદા કરો છો તેમાંથી સરકાર મોટા ભાગનું લઈ જાય છે તો તેમાં તમને શો ફાયદો થાય? એમણે સરળ સ્મિતપૂર્વક કહ્યું: "ભલે સરકાર અમારું ઉત્પન્ન કરેલું ઘણું ખરું અનાજ લઈ જાય, તો પણ એમાંથી અમને બે પ્રકારનો ફાયદો થાય છે. એક, અમે સરકારને ઉત્તમ પ્રકારનું અનાજ આપીએ છીએ. નં બીજું, સરકાર બધું અનાજ તો ઉઠાવી જતી નથી, અમને ખાવા પૂરતું તો રાખે જ છે. પરિણામે હું તથા મારાં બાળકો અને મારી સાથે કામ કરતાં આદિવાસી ભાઈબહેનો પોતાની મહેનતનું ઊંચી જાતનું અનાજ ખાઈ શકે છે. આ રીતે લગભગ ૨૫ માણસનું સરકારી રેશન પણ બચે છે. હવે તમે જ કહો, આમ દેશને એક જાતની મદદ થઈ કે નહીં?" એક દુબળી સ્ત્રી ત્યાં કામ કરતી હતી તેને બતાવી સિન્ધુબહેને કહ્યું કે, "તમે શહેરમાં અમેરિકાથી આવેલા સડેલો ઘઉં તથા બીજું અનાજ ખાઓ છો તેના કરતાં મારી આ દુબળીબાઈ ઘણું વધારે સારું અનાજ ખાઈ શકે છે. અહીં તેને રહેવા માટે ઘર, ચોખ્ખાં હવાપાણી તથા પોતાની મહેનતનું સારું તથા સ્વચ્છ અને પોષક અનાજ ખાવા મળે છે. આ લોકો આનંદપૂર્વક મહેનત કરે છે. હું પણ તેમને સાથ આપું છું. અમે સૌ એકરૂપ થઈને પોતાનું સમજીને કામ કરીએ છીએ, જેથી પેદાશ પણ સારી થાય છે. કોઈ કારણ નથી કે આપણો દેશ ભૂખે મરે અથવા પરદેશથી અનાજ મંગાવવું પડે. જો આપણા દેશની જમીનનો પૂરેપૂરો ઉપયોગ થાય અને માણસો બુદ્ધિ-પૂર્વક ખેતીનાં વિકાસની બધી બાજુઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે તો આપણે આપણા દેશમાં પૂરતું અનાજ તો પેદા કરી જ શકીએ ને ઉપરાંત બીજાં દેશોમાં પણ અનાજ નિકાસ કરી શકીએ." જે શ્રદ્ધાપૂર્વક એમણે આ વાત કહી તે અમને પણ સાચી લાગી. કારણ કે એમની શ્રદ્ધાને એમના પોતાના ઉદાહરણનું પીઠબળ હતું. ખેતરમાં ફરતાં ફરતાં એમણે પોતાનાં જુદાં જુદાં પ્રયોગોની વાત કરી. આપણાં પોતાનાં મળ – મૂત્ર તથા આપણાં ઢોરોનાં છાણમાંથી ખાતર બનાવવાની રીત તથા 'ગોબર ગૅસ પ્લાન્ટ' કે જેનાં વડે બત્તીઓ તથા રસોડામાં ગૅસનાં ચુલાં બળી શકે છે તે બધું બતાવતાં કહ્યું કે "છાણમાંથી ગૅસ નીકળી જવાથી ખાતર જલ્દી બને છે. આ ખાતરમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે હોય છે. ઓછી મહેનતમાં કેટલો બચાવ થાય છે તે જુઓ. વીજળી તથા રસોડાનું બળતણ તો મફત જ મળી જાય છે. ને સારું ખાતર મળે તે તો નફામાં. હું તો એમ માનું છું કે જે લોકો છાણમાંથી છાણાં બનાવીને બાળે છે, વેચે છે અથવા ઘરનાં ગાય ભેંસનું દૂધ વેચે છે તે લોકો સાચેસાચ પોતાનું નસીબ જ વેચતાં હોય છે. છાણાં તો બળી જાય છે જેમાંથી ન તો ગૅસ પેદા થાય છે, ન તો ખાતર મળે છે. ને એમ આપણી અમૂલ્ય સંપત્તિ ખાક થઈ જાય છે. જે લોકો પોતાના ગાય ભેંસનું દૂધ વેચે છે તેઓ પોતાનાં બાળકોને દૂધથી વંચિત રાખે છે. બાળકો પોષણના અભાવે બિમાર પડે છે ને દૂધ વેચવાથી થયેલી આમદાની દવાદારૂમાં વેડફાઈ જાય છે." સિન્ધુ-બહેનની આ સાદી પરંતુ પાયાની વાતોથી અમે ઘણાં પ્રભા-વિત થયાં.

ઘરની પાસેનાં પાતાળકૂવા પર એક પંપ ધમધમ ચાલી રહ્યો હતો. જેમાંથી ઝેશભેર વહીને આખા ખેતરને પાણી પૂરું પડતું હતું. આ કૂવાનું પાણી આખું વરસ ચાલતું હતું. વૈજ્ઞાનિક રીતે જુદા જુદા પ્રયોગો દ્વારા જુદી જુદી જાતનાં ક્યારા બનાવીને તથા જુદી જુદી જાતનું ખાતર વાપરીને, ક્યા ક્યારામાંથી વધારે અને ઉત્તમ પ્રકારનું ઉત્પન્ન આવે છે તેનું નિરીક્ષણ સિન્ધુબહેન કરે છે અને તેમાંથી માર્ગદર્શન મેળવીને પોતાના ખેતરમાં મોટા પાયા પર પ્રયોગો કરે છે. એમણે પોતાની ગ્રામ્યશૈલીમાં કહ્યું, "આજે લોકોને જાત-મહેનત કરવી નથી. તેથી જ અમેરિકાનાં સડેલાં ઘઉં ખાઈને આનંદ માણવો પડે છે."

એમની વાતોમાં ક્યાંય નકારાત્મક દૃષ્ટિ ન હતી. તેમના વિચારો આશાથી પરિપૂર્ણ અને વિધાયક હતાં, એટલે એમની વાતોમાં ક્યાંય સરકારનો વાંક જોવાની દૃષ્ટિ કે સરકાર તરફથી કશી મદદ નથી

મળતી કે મુશ્કેલીથી દિવસો પસાર થાય છે એવી કોઈ ફરિયાદનો સૂર નહોતો.

ગામના લોકો વિષે પણ તેમનામાં જે કાંઈ સારું હતું તેનો જ તેમણે અમને સારી રીતે ખ્યાલ આપ્યો. એમણે કહ્યું કે, "જુઓ તો ખરા! લોકો કેટલાં અનુકરણશીલ છે! મેં એમને સૌ પ્રથમ સમજાવ્યું કે છાણમાંથી છાણાં બનાવીને બાળી ન નાખો, એમાંથી ગૅસ તથા ખાતર બનાવીને બન્ને પ્રકારના ફાયદા મેળવો અને ખેતીને પણ સુધારો, પરંતુ ચાલુ ચીલો બદલવાની માણસની પરંપરાગત અનિચ્છાના કારણે કોઈએ મારું સાંભળ્યું નહીં. તેમ છતાં હું હારી નહીં. મેં વિચાર્યું કે પ્રત્યક્ષ દૃષ્ટાંત આપવાથી જ આ લોકો સમજશે. મેં પોતે જ મારાં ઢોરઢાંખરમાં વધારો કર્યો ને તેમનાં છાણ તથા મનુષ્યનાં મળમૂત્ર માટે ગૅસ પ્લાન્ટ ઘરની પાસે જ બનાવ્યો. બીજે જ વરસે મારા ખેતરમાં જે મબલખ પાક થયો તે જોવા માટે બધા લોકો આવ્યાં. ને બધાંને ખાત્રી થઈ કે હું જે કહેતી હતી તે સાચું હતું ને પરિણામે લોકોને સમજાવવા માટે એક પણ ભાષણ કરવાની જરૂર ન પડી. આજે અમારા ગામમાં ૨૦ ગૅસ પ્લાન્ટ તો ચાલે છે. દરેક ગૅસ પ્લાન્ટ દીઠ આશે ખર્ચ સરકાર આપે છે. કેટલાક લોકોએ ગૅસની શક્તિમાંથી પાણીનો પંપ પણ મુકાવ્યો છે. ખેતરમાં તેઓ નવા નવા પ્રયોગો કરે છે ને ગામના બધાં જ લોકો સારા પાકને માટે ખૂબ મહેનત કરે છે." વધુમાં એમણે હસતાં હસતાં કહ્યું કે, "ગામના બે ત્રણ છોકરાઓ એગ્રીકલ્ચર કૉલેજમાં ભણીને આવ્યા હતા. એમને મેં કહ્યું કે હવે તમારાં ભણતરનો ઉપયોગ ગામની સુરત બદલવામાં કરવો જોઈએ. મારી સાથે ખેતરમાં ચાલો ને નવી નવી તરકીબો બતાવો, પણ બિચારાં એ છોકરાંઓને હાથમાં દાતરડું કેમ પકડવું તેની પણ ખબર નહોતી! તેમને તો જીવજંતુ પર જાતજાતની દવાઓ કેમ છાંટવી માત્ર રોટલી જ ખબર હતી. માત્ર પુસ્તકિયા કેળવણીનો કાંઈ અર્થ નથી. એની સાથે જાતઅનુભવ તથા મહેનત કરવાની તાકાત ને તમન્ના હોવાં જોઈએ."

થોડાં દિવસ અગાઉ આપી ઓન. સી. સી. નો કૅમ્પ થયો હતો. મેં પૂછ્યું કે આ કૅમ્પની પાછળ કેટલો ખર્ચ થશે તો જાણવા મળ્યું કે સિત્તેર હજારનો ખર્ચ થશે. વધુમાં મેં પૂછ્યું કે આટલો ખર્ચ કર્યા પછી આપણને શું મળશે? તો જવાબ મળ્યો કે એકાદ બે રસ્તા રીપેર થશે. લો જુઓ! આટઆટલી માનવશક્તિ તેમ જ રુપિયા સિત્તેર હજારનો ખર્ચ કર્યા પછી આપણને મળશે માત્ર બે ત્રણ રસ્તાનું સમારકામ. આપણું જમાપાસું કેટલું નબળું છે! ખર્ચની સામે બમણો નફો મળવાની આશા ન હોય એવાં પોકળ કાર્યક્રમના આયોજનથી આપણે સંતોષ લઈએ છીએ. પણ જો વિચારપૂર્વકનું આયોજન કરવામાં આવે તો આ શક્તિ અને પૈસાથી શું ન બની શકે? ઈશ્વર પણ આપણી નિષ્ક્રિયતા અને બુદ્ધિહીનતાથી તંગ આવી ગયો છે. કેમકે આપણી પાસે વિપુલ પ્રમાણમાં જમીન અને માનવશક્તિ હોવા છતાં પણ આપણે પુરતી મહેનત કરતા નથી. ચોટલે આપણા પર જાતજાતની આફતો આવે છે. પ્રેમ, ધગશ, અને તમન્નાથી જો આપણે કામ કરીએ તો આફતોથી ડરવાનું કોઈ કારણ ન રહે.

એમની વાડી અને ખેતરમાં જાતજાતના કેરી, દ્રાક્ષ, અનેનાસ, નાળિયેર, પપૈયાં, ચીકુ, કેળાં વિગેરે ફળ તથા જાતજાતનાં શાકભાજી, અનાજ અને ઔષધિઓ થાય છે. લીંડીપીપરની વેલીને ખાસ પ્રકારનું ખાતર પાણી તથા છાંયડો આપીને કેવી નાજુકાઈથી સંભાળ લઈને ઉછેરવામાં આવે છે તે જોઈને અમને બહુ આશ્ચર્ય થયું. પીપરની વેલીઓ પર કેટલીક પીપર બેઠી હતી જે અમે જાતે તોડીને તેનો સ્વાદ માણ્યો. પીપરથી આવક સારી થાય છે. આ બહેનને બજારમાં કઈ ચીજની કેટલી આવક થશે, કઈ ચીજની વધારે માંગ રહેશે, અને કઈ ચીજ લોકોના ભલામાં છે તેની બધી ગણતરી મોઢે જ હતી. એમનામાં મોટા મોટા અર્થશાસ્ત્રીઓ કરતાં પણ વધારે વ્યવહારિક જ્ઞાન હતું. તેઓ જાતે કાંતીને પોતાના વસ્ત્ર બનાવે છે. એટલે તેમને માત્ર મીઠું જ બહારથી લાવવું પડે છે. બાકી જીવન – જરૂરિયાતની બધી ચીજવસ્તુઓ એમના ઘરની આજુબાજુમાં જ તેઓ ઉગાડી લે છે, થોડે દૂર એમનું શેરડીનું ખેતર છે. જ્યાં સાકરની મિલ પણ છે, એટલે જરૂર પૂરતાં ખાંડ અને ગોળ પણ મળી જાય છે.

તેમની પાસે તેમનું પોતાનું ઢોર – ઢાંખર છે. ઘરમાં જોઈતા દૂધ ઉપરાંત વધેલું દૂધ જમાવીને અને દર ત્રીજે દિવસે વલોણું કરીને માખણ કાઢે છે, જેનું ઘી બને છે અને અમૃત જેવી મીઠી પૌષ્ટિક છાશ કામદાર, આદિવાસી અને ગામના બીજા ગરીબ લોકો લઈ જાય છે અને આ બહેનને આશીર્વાદ આપે છે. એમણે કહ્યું કે, "મારાં ગાય – ભેંસના દૂધનો પૂરો બદલો મને દૂધ અને ઘી દ્વારા મળી જાય છે, અને નફામાં ગરીબ લોકોને છાશ મળે છે. 'છાશમાં પણ થોડું માખણ ગરીબ બાળકો માટે તેઓ જવા દે છે. એમણે કહ્યું કે, "પ્રેમની અપેક્ષા કરતાં પહેલાં પ્રેમ આપવો પડે છે."

મેં પૂછ્યું કે, "તમે ક્યારે પણ બહારગામ જાઓ છો?" તેમણે કહ્યું કે "વર્ષમાં એકાદ વાર ગામની બહાર નીકળું છું. લોકોની સાથે હળવા મળવાનું થાય છે, તેમના પ્રશ્નો સમજવાની કોશીષ કરું છું. ક્યાંય પણ જો હું ઉપયોગી થઈ શકતી હોઉં તો મને ઘણો આનંદ થાય છે. ખરા અર્થમાં આ જ મારી યાત્રા છે. કેટલાંક ગામો અને શહેરોમાં બગીચાઓ અને ખેતરોને ઉજાડી નાંખીને હાઉસિંગ સોસાયટીના નામે મકાનો બનતાં જોઉં છું, ત્યારે દિલમાં બહુ દુઃખ થાય છે. 'વધારે અનાજ ઉગાડો' ની ઝુંબેશ કરવાવાળા આપણે પોતે જ આપણી ધરતી અને ધાન્યનો સત્યાનાશ કરીએ છીએ. પછી ધરતી આપણાથી રૂઠે નહીં તો બીજું શું થાય? કુતુબ - મિનારની પાસે અથવા એવી ઉજ્જડ વેરાન ધરતી પર કેમ મકાનો બાંધતા નથી? શા માટે લીલી કુંજાર વાડીઓનો નાશ કરો છો?" આવી બધી કેટલીએ વાતો સાંભળીને દિલ ધરાતું ન હતું. એમની વાતોમાં સચ્ચાઈ હતી, એમની દૃષ્ટિમાં ગામના લોકો કેવી રીતે સારાં નાગરિક અને સારાં કિસાન બને તેમ જ તેમનાં બાળ - બચ્ચાંઓ કેવી રીતે શિક્ષિત બને એ જ ચિંતા હતી. પહેલાં આપણો દેશ અને પછી આપણે એ ભાવના એમની વાતોમાં, એમની આંખોમાં તેમ જ એમની નસે નસમાં વ્યાપેલી હતી. એવાં પ્રભાવશાળી સિન્ધુબહેનની સાથેનાં પ્રેરણાદાયી મિલનથી ખૂબ ધન્યતા અનુભવી

મૂળ હિંદી : પૂર્ણિમા પકવાસા

અનુવાદક : નિરુબહેન સુબોધભાઈ શાહ

શ્રી જે. કૃષ્ણમૂર્તિ

[હું ભારત પ્રત્યે કેમ આકર્ષાઈ' એ મથાળા નીચે એક લેખ તા. ૧૬-૮-૬૬ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયો હતો. તે લેખ શ્રીમતી રોની આર્શલ નામની એક અંગ્રેજ વિદુષી મહિલાએ લખેલ અને ૧૯૬૩માં પ્રગટ થયેલ 'Hunting Guru in India' એ નામના પુસ્તકના ઉપોદ્‌ઘાતનો અનુવાદ હતો. આ મહિલાએ ભારતમાં ગુરુની શોધમાં બે વર્ષ ભ્રમણ કર્યું હતું અને તે દરમિયાન ભારતના અનેક આધ્યાત્મિક કેન્દ્રોની તેણે મુલાકાત લીધી હતી અને આધ્યાત્મના ક્ષેત્રમાં ખ્યાતિ પામેલી અનેક વિશિષ્ટ વ્યકિતઓ સાથે તેણે પ્રત્યક્ષ પરિચય સાધ્યો હતો. આમાંના એક શ્રી જે. કૃષ્ણમૂર્તિ હતા. તેમની સાથેના સમાગમની આ વિદુષી મહિલાએ ઉપર જણાવેલ પુસ્તકમાં સવિસ્તર નોંધ આપી છે અને શ્રી કૃષ્ણમૂર્તિના પૂર્વ જીવન વિષે પોતે જે કાંઈ સાંભળ્યું તે માહિતી પણ આ નોંધમાં અન્તર્ગત કરવામાં આવી છે. આ નોંધ કોક ઊંડા અભ્યાસીની નથી

પણ જિજ્ઞાસા અને કુતુહલથી પ્રેરાયલી અને બે વર્ષના પરિભ્રમણ દરમ્યાન પોતાના મન ઉપર જે કાંઈ છાપ પડી તેને અભિવ્યક્તિ આપવા મથતી એક બુદ્ધિશાળી મહિલાની છે. આમ હોવાથી સંભવ છે કે શ્રી કૃષ્ણમૂર્તિને નિકટથી જાણનાર અને ભક્તિભાવથી જોનારા મિત્રોને આ નોંધમાંના કોઈ કોઈ વિધાનો ઉપરછલ્લાં લાગે અથવા તો કૃષ્ણમુર્તિને કદાચ કોઈ ઠેકાણે અન્યાય કરનારાં પણ લાગે. આમ છતાં કૃષ્ણમૂર્તિના વ્યક્તિત્વ તથા વિચારનિરૂપણ અંગે અત્યન્ત રોચક ભાષામાં લખાયલી આ નોંધ સારો પ્રકાશ પાડે છે એમ સમજીને પ્રબુદ્ધ જીવનના વાચકો માટે કરવામાં આવેલો તે નોંધનો અનુવાદ નીચે આપવામાં આવે છે. મૂળ લખાણમાં હકીકતો અંગે કોઈ કોઈ ઠેકાણે ક્ષતિ હોવાનું માલુમ પડયું છે તેટલા પૂરતો અનુવાદમાં સુધારો કર્યો છે. પરમાનંદ)

શ્રી. જે. કૃષ્ણમૂર્તિ

હું દિલ્હીમાં હતી એ દરમ્યાન કૉન્સ્ટીટ્યુશન હાઉસના ચોગાનમાં શ્રી યદુ કૃષ્ણમૂર્તિની પ્રવચનમાળા ચાલી રહી હતી. 'સુબુહ'ના કોયડાઓ અને પેલા સ્વામીની વિચિત્ર પ્રકૃતિના અનુભવો બાદ કૃષ્ણમૂર્તિની પ્રમાણમાં શાણપણ ભરી વાતો તરફ વળતાં એક પ્રકારની રાહતનો અનુભવ થતો હતો. તેઓ યુરોપ તેમ જ અમેરિકામાં સારી રીતે જાણીતા છે અને તેમના વિષેનું તેમજ તેમનું પોતાનું સાહિત્ય આજે બહોળા પ્રમાણમાં સુ પ્રાપ્ય છે. તેમની અંગત જીવનકથા અદ્‌ભુત રસના શોખીનો માટે ભારે આકર્ષક છે અને મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે ઉદ્‌બોધક છે, અને જો કે તેને તેઓ પોતે કશું મહત્ત્વ નથી આપતા, એમ છતાં ખાસ કારણોથી પ્રેરાઈને હું તેમની જીવનકથાનું ફરી એકવાર પુનરાવર્તન કરવા ઈચ્છું છું.

બ્રાહ્મણ માતાપિતાના આઠમા બાળક તરીકે, કૃષ્ણમૂર્તિનો જન્મ મદ્રાસ નજીક આવેલ મદનપ્પલીમાં ૧૮૯૫ની સાલમાં થયો હતો. તેમનું નામ યદુ અથવા જદુ હતું. તેની બહુ નાની ઉમ્મરે તેમની માતાનું અવસાન થયું હતું, અને તેમના પિતા એક સાધારણ સરકારી નોકર હતા. એમ લાગે છે કે નાના સરખા પગારમાં આવડા મોટા કુટુંબનું ભરણપોષણ કરવામાં પિતાને ભારે મુશ્કેલી પડતી હોવી જોઈએ. વીસમી સદીની શરૂઆતમાં થીઓસોફીકલ સોસાયટી અદિયાર ખાતે પોતાના પાયા નાખી રહી હતી. આ સંસ્થાની પ્રવૃત્તિ અંગે અને તેના સ્થાપક મૅડમ બ્લેવેટસ્કીના ચિત્ર વિચિત્ર વ્યક્તિત્વ અંગે ગમે તે ધારવામાં આવતું હોય, પણ પૌર્વાત્ય તત્ત્વજ્ઞાન વિષે પશ્ચિમના લોકોમાં સમજૂતી ફેલાવવાનું જેમણે સૌથી પહેલું કાર્ય કર્યું છે તેમાંના તેઓ એક હતાં. એક દિવસ થીઓસોફીકલ સોસાયટીના પ્રારંભના મુખ્ય કાર્યકર સ્થાપક સભ્યોમાંના એક રેવરન્ડ ચાર્લ્સ લેડબીટરે આ છોકરાને તેના નાના ભાઈ નિત્યાનંદ સાથે સોસાયટી નજીકનાં એક જળાશયમાં રમતો જોયો. તે જોઈને ઑકલ્ટના–અદ્રશ્ય વિદ્યાના તથા ગત જન્મોના જાણકાર તરીકે લેડબીટરે તરત એવી જાહેરાત કરી કે જેના શરીરનું માધ્યમ છેલ્લા અવતાર વેળા ઈશુ ખ્રિસ્તે કર્યું હતું. તે ભગવાન મૈત્રેયનું આ કિશોર માધ્યમ છે એમ અદૃષ્ટ મહાત્માઓએ તેમને જણાવ્યું છે. આ જાહેરાતનું ડૉ. મીસીસ એનીબીસન્ટે તરત જ સમર્થન કર્યું. આ છોકરાના બાપ ઉપર આ વાત સાંભળીને કેવા પ્રત્યાઘાત પડયા હશે એની કોઈ નોંધ કરવામાં આવી નથી. પણ લેડબીટર અને ડૉ. બીસન્ટ તેની પાસે ગયા અને તેને અને તેના ગોઠીયા તરીકે તેના નાના ભાઈને દત્તક આપવાની તેમણે માગણી કરી. પિતા થીઓસોફિકલ સોસાયટીના જ સભ્ય હતા, એટલે આ બે નેતાઓની માગણીથી એ રાજી થયા અને તે માગણીનો તેમણે સ્વીકાર કર્યો અને પોતાના આ બે દીકરાઓને તેમના હવાલે કર્યા. આમ કરવામાં બાપની કોઈ નારાજી હોય એમ માનવાને કારણ નથી. ઊલટું આ બે બાળકોનું આ બે મહાન વ્યક્તિઓની સારસંભાળ નીચે વધારે કલ્યાણ થશે એમ તેણે માન્યું હોય. આમ થોડો સમય બધું સરખું ચાલ્યું. કેટલાક સમય બાદ નાના છોકરાઓ અંગેના લેડબીટરના વધુ પડતા પક્ષપાત અંગે કેટલીક ઉડતી વાતો બાપના સાંભળવામાં આવી. એ કારણે કે અન્ય કોઈ કારણસર બાપે આ બે છોકરાઓનો કબજો પાછો મેળવવા માટે મદ્રાસની હાઈકોર્ટમાં દાવો કર્યો, પણ તેમાં તે નિષ્ફળ નિવડયો અને આ છોકરાઓનો કબજો આ સમય સુધીમાં જેઓ થીઓસોફિકલ સોસાયટીના પ્રમુખ બની ચૂકયા હતા એવાં ડૉ. બીસેન્ટને હાઈકોર્ટ તરફથી સોંપવામાં આવ્યો. ત્યાર બાદ ધી ઓર્ડર ઓફ ધી સ્ટાર ઈન ધી ઈસ્ટ'–'પૂર્વનો તારક સંઘ'–એ નામની સંસ્થા મીસીસ બીસેન્ટ તરફથી ઊભી કરવામાં આવી અને તે સંસ્થા આ છોકરાના નામ સાથે સાંકળવામાં આવી. બીજી બાજુએ નવા જગદ્‌ગુરૂના વાહન તરીકે તૈયાર કરવાનું કાર્ય મીસીસ બીસેન્ટે આરંભ્યું. આવી વાતોને ન સ્વીકારનારા લોકોમાં એવી વાત ચાલી–જોકે આનો કોઈ પુરાવો નથી–કે લેડબીટરને થયેલું દર્શન અથવા તો તેમને થયેલી આગાહીની વાત તેમની કેવળ ઊપજાવી કાઢેલી હતી અને ડૉ. બીસેન્ટ આ ગૂઢ યોજનામાં તેમના ભાગીદાર હતા. તેમનો આશય એક પ્રયોગ કરવાનો હતો. એક રીતે કહીએ તો પોતાની ઈચ્છા મુજબના એક જગદ્‌ગુરૂ નિર્માણ કરવાનો તેમનો ઈરાદો હતો.

એક છોકરો–કોઈ પણ છોકરો–જે તે જગદ્‌ગુરૂ થવાનો છે એમ તેને કહીને–મનાવીને–ઉછેરવામાં આવે અને એ માન્યતાને સમર્થન મળે એવું વાતાવરણ ચો તરફ ઊભું કરવામાં આવે અને એવા ખ્યાલના અધ્યારોપ સાથે તે છોકરાને સર્વ પ્રકારના શિક્ષણથી સંપન્ન કરવામાં આવે તો તે ખરેખર જગદ્‌ગુરૂ થાય કે કેમ? વીશ વર્ષની આવી તાલીમ અને આવો ઘટાટોપ આવા જગદ્‌ગુરૂ બનવા માટેનું તેને સંપૂર્ણ માધ્યમ બનાવી શકે કે કેમ? જો આમ બની શકે તો,– અને કૃષ્ણમૂર્તિ આ વિષે પોતાને જરા પણ જાણકારી હોવાનો ઈન્કાર કરે – છે – સામ્યવાદીઓની "brain – washing" techniques (મગજ–સાફચૂફીની કરામત)ના ક્ષેત્ર બહારની અને એમ છતાં તેને બહુ મળતી આ એક ભારે મોટી સિદ્ધિ ગણાય–આવું તેમના પ્રયોગનું સ્વરૂપ હતું. હકીકતમાં એમ બન્યું છે કે કૃષ્ણમૂર્તિ, ભગવાન મૈત્રેયના નવા અવતાર નહિ તો પણ એક મોટા શિક્ષક- આજના જગતના એક મહાન ગુરુ– તો બન્યા જ છે. અને ત્રીશ વર્ષથી પણ વધારે સમયથી તેઓ આ દુનિયામાં સતત પરિભ્રમણ કરી રહ્યા છે અને પ્રવચનો વરસાવી રહ્યા છે.

એ સમયમાં પણ કૃષ્ણમૂર્તિ જરૂર એક આશાસ્પદ યુવાન લાગતા જ હતા અને તેમના જીવનના પ્રારંભથી તેમનામાં આધ્યાત્મિક વળણોનાં દર્શન થયાં હતાં. તેમની ઊગતી ઉમ્મરે તેમણે એક નાની પુસ્તિકા લખેલી. તેનું નામ હતું At the Feet of the Master (શ્રી ગુરુ ચરણે) ચૌદ વર્ષની ઉમ્મરના છોકરા માટે આ મોટી સિદ્ધિરૂપ ગણાય, પણ તેમને જે થીઓસોફિકલ તાલીમ મળેલી તેની તે પુસ્તિકામાં જરૂર ભારે ઘેરી છાપ તરી આવે છે. આ સંબંધમાં કૃષ્ણમૂર્તિ ભારે અસ્પષ્ટ છે. આ પુસ્તિકાના લખાણ અંગેની જવાબદારીનો સ્પષ્ટપણે ઈન્કાર કરવાને બદલે, તે માત્ર એટલું જ કહે છે કે તે પુસ્તિકા લખ્યાનું તેમને પોતાને આજે હવે યાદ નથી. મીસીસ બીસેન્ટ તેમનું શિક્ષણ પુરું કરવા માટે તેમને ઈંગ્લાંડ લઈ ગયાં. જિનરાજદાસજીને તેમના શિક્ષણની સંભાળની જવાબદારી સોંપાઈ. તેમને કેમ્બ્રીજમાં દાખલ કરવાનો એમનો વિચાર હતો, પણ તે સંસ્થાના

અધિકારીઓને ઓર્ડર ઓફ ધી સ્ટાર ઈન ધી ઈસ્ટ વિષેની જાણકારી થતાં, ભાવિ ઈશુના અવતારને ભણાવવાનો જશ ખાટવાનો અથવા તો જવાબદારી લેવાનો તેમણે ઈનકાર કર્યો. એટલે કે બ્રીજને બદલે કૃષ્ણમૂર્તિને સોરબોન લઈ જવામાં આવ્યા અને ત્યાં તેમણે ફ્રેન્ચ અને સંસ્કૃતનો અભ્યાસ કર્યો. આ દિવસોમાં કૃષ્ણમૂર્તિનો નાનો ભાઈ નિત્યાનંદ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યો, અને તેને કોઈ પણ રીતે બચાવવાના હેતુથી તેમને બન્નેને કેલીફોર્નીયા લઈ જવામાં આવ્યા. ૧૯૨૧માં આ યુવાન બંધુ મૃત્યુ પામ્યો. આ જીવનભરના સાથીના મૃત્યુનો કૃષ્ણમૂર્તિને ઘણો સખત આઘાત લાગ્યો. અને તે ઘણા સમય સુધી ચાલુ રહ્યો. દૂર દેશમાં આવી પડેલી આ આફતના કારણે તે દુઃખવિહ્વલ બની ગયા અને છૂટા છવાયા કાવ્યો રચવામાં તેમણે પોતાના મનનું સમાધાન શોધ્યું. અને આપણે કાવ્યો નહિ પણ એક પ્રકારના જોડકણાં જ કહી શકીએ. જો કે પછીના વર્ષોમાં તેમની શૈલી પરિપક્વ બની હતી અને તેણે એક પ્રકારનું આગવું રૂપ ધારણ કર્યું હતું. તેની શરૂઆતની કૃતિઓના આ બે લાક્ષણિક નમૂનાઓ છે :

Keep still dancing waters,
And listen to the voice of my
Beloved....

As the flower contains the secret
So I hold thee, o world,
in my heart,
For I am Liberation
And Happiness.
As the pracious stone
Lies deep in the earth
So I am hidden
Deep in thy heart.

ભાવાર્થ: "ખળખળ વહેતા પાણી શાન્ત થાઓ અને મારી પ્રેયસીના અવાજને સાંભળો."

* * *

જેવી રીતે પુષ્પમાં પોતાનું રહસ્ય છુપાયેલું છે
તેવી રીતે, ઓ વિશ્વ,
તને મારા હૃદયમાં હું ધારણ કરું છું,
કારણ કે હું મુક્તિ છું,
અને હું જ સુખ છું.
જેવી રીતે રત્ન
પૃથ્વીના પેટાળમાં રહે છે,
તેવી રીતે હું તારા હૃદયમાં
છુપાયેલો છું."

આમાંના બીજ કાવ્યમાં કોઈ પ્રકારની ગૂઢ રહસ્યાત્મક અનુભૂતિના બીજ દેખાય છે.

ડૉ. એની બીસાન્ટને હવે લાગ્યું કે પોતાનો આ પાલિત પુત્ર દુનિયા સમક્ષ એક જગદ્‌ગુરુ તરીકે રજુ કરવા માટે બધી રીતે તૈયાર થયો છે. આદિયાર ખાતે, થીઓસોફિકલ સોસાયટીના ૩૦૦૦ પ્રતિનિધિઓ સમક્ષ કૃષ્ણમૂર્તિને ઊભા કરવામાં આવ્યા ત્યારે એમણે કહ્યું :- "તમે જેની રાહ જોઈ રહ્યા હતા તે હું તમારા વચ્ચે જરૂર ઉપસ્થિત થાઉં છું... જેમને સહાનુભૂતિની અપેક્ષા છે, જેમને સુખ જોઈએ છીએ તેવાઓની વચ્ચે હું આવી રહ્યો છું. હું કશી ભાંગફોડ કરવા નહિ પણ નવી રચના કરવા આવી રહ્યો છું."

એ જ વર્ષમાં–૧૯૨૭માં આપણને તેમના નીચેના શબ્દો વાંચવા મળે છે. :-

"જે હું આગળના વર્ષોમાં મારા વિષે કહી શકવાની પુરી સ્થિતિમાં નહોતો તે આજે હવે હું મારા વિષે કહેવાની સ્થિતિએ પહોંચ્યો છું અને તે એ છે કે હું the teacher – જેની રાહ જોવાઈ રહી છે તે જગદ્‌ગુરુ છું. એ વખતે મેં આ કહ્યું હોત તો તે સાચું ન હોત. પણ આજે હું એ મુજબ કહી શકું છું. હું મારા ઈષ્ટ દેવ–મારી પ્રેયસી–સાથે એકાકાર બન્યો છું.'

આ સાંભળીને આનંદમાં આવી જઈને મીસીસ બીસેન્ટ બોલી ઊઠ્યા કે "જે અવાજ બે હજાર વર્ષ સુધી સંભળાયો નહોતો તે અવાજ આજે ફરીવાર સંભળાઈ રહ્યો છે." પછી તો આખી દુનિયામાં કેલીફોર્નિયાની ઓજાઈ વેલીમાં, ઑસ્ટ્રેલિયામાં, ભારત ખાતે ઋષિવેલીમાં, અને હોલાન્ડમાં આવેલા ઓમેન નજીક કેસલ એર્ડીમાં સ્થળે સ્થળે શિબિરો ગોઠવાવા લાગી. ૨૫ વર્ષના conditioning વડે–માનસિક અભ્યારોપની સતત પ્રક્રિયા વડે–આવી પરિસ્થિતિ પેદા કરવામાં આવી હતી. યુવાન કૃષ્ણમૂર્તિએ શરૂઆતમાં માની લીધું કે પોતે ભગવાન મૈત્રેય છે, પણ આ લાંબા સમય સુધી ચાલ્યું નહિ, ટક્યું નહિ.

૧૯૨૭ની સાલ સુધી તેમને એવો દાવો કરતા આપણે જોઈએ છીએ કે તેઓ હવે રૂપ અને આકારની સ્થિતિને તેમ જ દ્વંદ્વોની દ્વિધાને વટાવીને આગળ ચાલ્યા છે અને બધા ધર્મોનો, માન્યતાઓનો અને સાંપ્રદાયિક સિદ્ધાંતોનો તેઓ ઈનકાર કરી ચૂક્યા છે, કારણ કે તેમના અભિપ્રાય મુજબ વિચારો જ બંધન અને મુક્તિનું – મોક્ષનું – કારણ છે. થોડા સમયના મનોમંથન અને સંઘર્ષ બાદ, પોતે પૂર્ણતાને પ્રાપ્ત કરી ચૂકેલ હોવાથી, તેમનો દાવો એ કરતાં જરા પણ ઉતરતો નહોતો. તેમણે ઉચ્ચાર્યું :–"...તત્ત્વ–પ્રાપ્તિ અને પૂર્ણતા પાછળની લાંબી મુસાફરી બાદ મેં તે પૂર્ણતા પ્રાપ્ત કરી છે અને તેને મારા અંતસ્તત્ત્વમાં સ્થિર – પ્રતિષ્ઠિત–કરી છે અને મેં ચિત્તશાન્તિ પ્રાપ્ત કરી છે અને તેણે મુક્ત અને અનન્ત એવી દિવ્ય જ્યોતિનું રૂપ ધારણ કર્યું છે. આ કારણે, મને જે હવે પ્રાપ્ત થયું છે તેનું હવે હું સર્વત્ર વિતરણ કરવા ઈચ્છું છું."

અનુવાદક : પરમાનંદ. [અપૂર્ણ:]

મૂળ અંગ્રેજી : શ્રીમતી એની માર્શલ.

ઘરમાં એકઠાં થયેલાં ઔષધો સંઘના કાર્યાલયમાં મોકલી આપો!

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ મુંબઈમાં વસતા પ્રબુદ્ધ જીવનના વાચકોને નમ્ર નિવેદન કે આજે કુટુંબમાં માંદગી આવતાં ડાક્ટરો અનેક પ્રકારની પેટન્ટ દવાઓ, મલમો તથા ઈન્જેક્શનો લખી આપે છે અને ધાર્યા મુજબનો આરામ ન થતાં આગળનાં ઔષધો પૂરા ઉપયોગમાં આવ્યા ન આવ્યા અને નવાં ઔષધો લાવવાની ડાક્ટરો સૂચના આપે છે. આ રીતે ઓછાં વપરાયલાં તેમ જ નહિ વપરાયલાં ઔષધો અનેકને ત્યાં ઠીક પ્રમાણમાં એકઠાં થાય છે. આ રીતે નહિ વપરાયલાં, તથા થોડા પ્રમાણમાં વપરાયલાં છતાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ઔષધોનો અન્યત્ર ઉપયોગ થઈ શકે તે માટે મુંબઈ લાયન્સ કલબ તરફથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક પેટી રાખવામાં આવી છે, જેમાં સંઘના સદ્‌સ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના વાચકો તરફથી મળેલાં ઉપર જણાવ્યા મુજબનાં ઔષધો રોકઠા કરવામાં આવશે અને લાયન્સ કલબ દ્વારા તેની પૂરી જાચતપાસ કરીને તે ઔષધો તેની જરૂરિયાતવાળા લોકોને વહેંચી આપવામાં આવશે. તો પોતાને ત્યાં નકામાં પડી રહેલા છતાં ઉપયોગમાં આવે તેવાં ઔષધો સંઘના કાર્યાલયમાં પહોંચાડતા રહેવા સંઘના સદ્‌સ્યો તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

મહાપ્રસ્થાનના પથ પર–૨૧

બપોરે જ્યારે કાલીમાડી ચટ્ટીમાં આવીને આરામ લીધો ત્યારે શરદઋતુની જેમ એક વાદળની અંદરથી વરસાદ વરસતો હતો. વાદળાંની પેલી તરફ પશ્ચિમના આકાશમાં રંગીન તડકો દેખાતો હતો. અર્થાત વરસાદ જોઈને બીવાનું કંઈ કારણ નહોતું. ગોપાલદાના દલે પાછળથી આવીને મને પકડયો હતો. હમણાં અમારાં થોડાં બંગાળીના દલો એકઠાં થઈને ચાલતાં હતાં. ને તેમાં સ્વામીજીનું દલ આવીને મળ્યું હતું. ચાર દળમાં સારા પ્રમાણમાં માણસો હતાં. એમાં પચ્ચાસેક સ્ત્રીઓ હશે. બધાં આવીને આરામ લેતા હતા. દિદિમાના દળના ચૌધરીસાહેબ હજી આવ્યા નહોતા. એથી જ તો સવારથી ચર્ચા ચાલતી હતી. અહીં વરસાદ જોઈને હવે વધારે દૂર આગળ જવા સંબંધે જરા અંદેશો હતો. પછી નક્કી થયું કે છેવટ સુધી આકાશ સામે જોઈને આગળ વધવું.

દિદિમાનું દળ આગળ ચાલવા તૈયાર નહોતું. ચટ્ટીમાં એ લોકો આજની રાત રહ્યા, હજી સુધી ચૌધરીસાહેબ અને એમના માણસો આવ્યા નહોતા. એથી જ તો મારી મૂંઝવણ હતી. ન આગળ વધાય ન ઊભા રહેવાય. ચટ્ટીના આંગણામાં એક બાલદી લઈને રાણી પાણી ભરવા આવી હતી. પાણી જોઈને તરસ લાગતી હતી, તેથી પાણી પીવા ગયો. રાણીએ કહ્યું, "આજે તમે આગળ જાઓ. એ લોકો ખોટું ખોટું ધારી લે છે. કાલે મહેલચૌરીમાં આપણે જરૂર મળશું."

મેં કહ્યું: "આવું છે, તો મળવાનું યોગ્ય ગણાય ખરું કે? મૃદુ છતાં કઠણ ને સ્પષ્ટ અવાજે તેણે જવાબ આપ્યો, "જરૂર યોગ્ય વળી. એ જાણી લો કે હું કોઈની તાબેદાર નથી."

બધાની જોડે મેં પાછો રસ્તો પકડયો, એક માઈલ ચાલ્યાં પછી રસિયાગઢ ચટ્ટી આવી. આ ચટ્ટીમાં રાતવાસો ગાળવાનો હતો. રાત્રે ખાવાકરવાનું પતાવ્યા પછી ગોપાલદાએ વાતવાતમાં કહ્યું, "હું તો ભાઈ એ લોકોની વાત માનવા તૈયાર નથી. જેને જે કહેવું હોય તે કહે.'

મેં કહ્યું, "પણ છે શું ?"

"પેલા સ્વામીજીના દળવાળા તમારી વાત કરતા હતા."

"શું કહેતા હતા?"

"તમે પેલી લાલસાડીવાળી છોકરી છે, તમારી વિરૂદ્ધ ફાવે એમ બોલતી હતી. તમારી વાત મને બધાએ પૂછી. લાલસાડીવાળી કહે "તમે ઘોડાની લગામ ઝાલીને વૈતરણી પાર કરતા હતા. એ છોકરી તો બધાને માટે ગમે એમ વાતમાં બોલે છે. સ્વામીના દલવાળા બધા હસતાં હતાં. હું બધું સાંભળ્યા કરતો હતો."

મેં કહ્યું: "આટલીવારમાં આટલી વાત આગળ વધારી એમણે ?" ધીરે ધીરે ગોપાલદાએ કહ્યું, "બોલવાદોને, હું તો તમને ઓળખું છું ને ? તમારી પર એઓ કાદવ ઊડાડી શકવાના નથી. એ લોકો તમને ક્યાંથી ઓળખે ભાઈ ?"

મેં કહ્યું, "બરેખર એવું બને પણ ખરું ગોપાલદા."

"ભલે બને, કાંઈ એ લોકોથી ડરતો નથી. ગંગાના પાણીમાં ગંદવાડ આવીને ભેગો થાય તેથી કાંઈ ગંગાનું પાણી મેલું થાય?"

મેં હસીને કહ્યું, "તો હું તમને ખરી વાત કહું છું બ્રહ્મપુત્રા આવીને પદમામાં મળી છે."

બીજે દિવસે ખાડચટ્ટી ને ઘુણારઘાટનું નાનું પર્વતમાં આવેલું શહેર વટાવીને, દાડિળડાલી અમે આવી પહોંચ્યા ત્યારે સવાર થઈ ગયું હતું. ઘુણારઘાટથી રામગંગા નદી અમને મળી હતી. ને નાનાં નાનાં મેદાન અમને મળતાં હતાં. ક્યાંક ક્યાંક ખેતરોમાં ઠીક ઠીક ખેતી થતી હતી. રસ્તો બધે લગભગ સમતલ હતો. આસપાસ થોડાં ગામડાંઓ હતાં. એ ગામડાંઓ સમૃદ્ધ હતાં. લગભગ નવ વાગે સાડાચારેક માઈલ રસ્તો કાપ્યો હશે. આટલા દિવસ પછી અમે ગઢવાલ જિલ્લાની સરહદ પર મહેલચૌરીમાં આવી પહોંચ્યા. મેં તો ધાર્યું હતું કે મહેલચૌરી દેખાવડું હશે, પણ એ આટલું સામાન્ય હશે એવું તો સ્વપ્ને પણ ધાર્યું નહોતું. અહીં ટેહરી રાજ્યની સરહદ હતી. જે બધા ગઢવાલી મજૂરો અત્યારસુધી હરદ્વારથી યાત્રીઓનો સામાન ઊંચકવા માટે રોકાયા હતા, તે બધા અહીંથી વિદાય લેવાના હતા. અહીંથી બ્રિટિશ સરહદ શરૂ થતી હતી. પ્રવેશપત્ર વિના બ્રિટિશ હદમાં પેસવાનો એમને હૂકમ નહોતો. આપણે બધા એક જ દેશના માનવીઓ છીએ, બધા જ ભારતવાસીઓ છીએ, એમ છતાં કોઈ અજાણ્યા રાજકીય કારણે આપણને છૂટા પાડવામાં આવ્યા હતા. મહેલચૌરી અત્યંત ગંદું અને શરીરને માટે હાનિકારક હતું. પાસે જ રામગંગા નદી હતી, ને નદી પર એક પુલ હતો.

લગભગ અગિયાર વાગે ચૌધરીસાહેબનું દલ ખૂબ ધામધૂમથી આવી પહોંચ્યું. એમની જોડે લગભગ દશેક કંડીવાળા હતા. રાણી ઘોડા પર બેસીને આવી હતી. દૂરથી અમારું દૃષ્ટિમિલન થતાં જ અલક્ષિત એવા અભિનંદનનો કાર્યક્રમ પૂરો થયો. તે પછી આરામ અને ખાવાપીવાની પ્રવૃત્તિમાં પડયા. ગોપાલદાના દલની બ્રાહ્મણ માની જોડે કોઈ કારણે મારે બોલાચાલી થઈ. ધીમે ધીમે સળગેલા તણખામાંથી મોટો ભડકો થયો. ચારુની માએ છાનું છાનું મને કહ્યું, "બા ઠાકુર! આ ડોશી જોડે ઝગડો કરવો એ પણ તમારું અપમાન છે. તમે શાંત રહો."

મેં હસીને કહ્યું. ઝઘડો તો મેં કર્યો નથી ચારુની મા, મેં તો એને ધમકી આપી છે."

ચારુની મા જરા હસીને બોલી, "તો આ ઝઘડો નથી એમ? ધમકી જ છે! તો તો પછી બે ચાર વધારે સાંભળાવોને બા ઠાકુર,' હું યે રાજી થાઉં."

અમે બધા છાનું છાનું હસતાં હતાં. બ્રાહ્મણ ડોશીએ રડવા માંડયું. નાહવાનો વખત થયો. એટલે ટુવાલ લઈને હું રામગંગા પર ગયો. પથરા પરથી નીચે ઊતરવાનું હતું. થોડો થોડો વરસાદ વરસતો હતો.

સ્નાન પૂરું કરીને સાવધાનીથી અને ચકોરતાથી રાણી નદી પરથી ઉપર જતી હતી. એક જગ્યાએ ઊભા રહીને તેણે કહ્યું, "બાપરે તમે આટલી ઘાંટાઘાટ કરી શકો છો ? મેં તો જોયું કે તમે છેક છોકરવાદી નથી. સાંભળો, હવે આ દલને છોડી દો. ચાલો આમારી જોડે. આપણે એકસાથે ફરીશું. અરે હાં, તમે અહીંથી એક ઘોડો કરી લો. સમજ્યાં! આપણે બે જણ ઘોડા પર હોઈશું તો મઝા આવશે.

"પણ..."

આંખ લાલ કરીને તેણે કહ્યું. "મારી વાતની ના ન કહેતાં." એમ કહીને હસતી હસતી તે ઉપર ચઢી ગઈ.

અમરાસિંહ ચાલી ગયો હતો. આજે કંડીવાળાઓએ પણ વિદાય લીધી. વિદાયનું દૃશ્ય કરુણ હતું. તુલસી, કાલીચરણ, તોતારામ, બધાએ પ્રેમભર્યા વચનો કહ્યાં. ગઢવાળીઓમાં એક આશ્ચર્યજનક સરળતા હોય છે. ચૌધરી સાહેબનો કંડીવાળો તો રડી રડીને બેવડ વળી ગયો હતો. રાણી એ બધાની મા જેવી હતી. આવી દયાળુ ને સ્નેહમયી દેવી એમણે જિંદગીમાં જોઈ નહોતી. રાણીના દાનથી તેમની ઝોળી છલોછલ ભરાઈ ગઈ. કપડાં, ચાદર, જૂના કામળા, વાસણ ને નગદ બક્ષીસ. બીજી બધી વસ્તુઓ કરતાં નગદ બક્ષીસનું પ્રમાણ વધારે હતું. બધા કરતાં જે મજૂર ઉંમરમાં બધાથી નાનો હતો. એણે કશું માંગ્યું નહીં. પણ ફકત નાનું બાળક હોય તેમ રાણીના પાલવમાં મોઢું સંતાડીને, એ હૈયાફાટ રડવા લાગ્યો. જ્યારે પારકા આપણા બને છે, ત્યારે એ આપણાથી પણ વધારે આપણા બને છે. મેં આવું દૃશ્ય જીવનમાં ક્યારેય જોયું નહોતું. રાણીની આંખ પણ ભીની થઈ હતી. રાજકન્યા અને ગરીબ ગ્રામજીવી વચ્ચે આજે કોઈ પણ પ્રકારનો આડપડદો નહોતો. દુ:ખમાં, મુશીબતોમાં, રસ્તે સાથે ફરતાં આજે તેત્રીશ દિવસ પછી તેમને ખબર પડી કે એ મા તેમની પોતાની સગી મા નહોતી, વિશાળ પૃથ્વીના જનઅરણ્યમાં એમની મા લુપ્ત થઈ જવાની હતી.

આ તરફ મારે પણ બધાની વિદાય લેવી પડી. બ્રાહ્મણડોશીની જોડેની બોલાચાલી પછી ગોપાલદાના દલને આજે અહીંથી જ મારે છોડવું પડયું. શક્ય હશે તો દેશમાં જઈને પાછા મળીશું. ગોપાલદાની જોડે ઘણો લાંબો સમય ગાળ્યો હતો. ઋષીકેશમાં મળ્યા અને વાતચીત

થઈ, પછી આજે એને છોડતાં હૃદયમાં જાણે ઘણના ઘા વાગતા હતા. ખેર, લગભગ ત્રણ વાગે સ્વામીજી અને ગોપાલદાના દલે બધો સામાન ઘોડાની પીઠ પર લાદી મહેલચૌરી છોડયું, એ વખતે સાંજ પડવા આવી હતી.

ચૌધરીસાહેબનો ભાવ ને વર્તન જોઈને મને થયું કે મહેલ-ચૌરીમાં જ રાતવાસો કરવો પડશે, એ લોકોને કાંઈ ઉતાવળ નહોતી. મેં રાણીખેત સુધીનો એક ઘોડો મારે માટે નક્કી કર્યો હતો. ઘોડાનું નક્કી કરીને મેં ચૌધરી સાહેબને બૂમ પાડી આખરે એ જવા તૈયાર થયા.

હવે કોઈ વિઘ્ન નહોતું. યાત્રા શરૂ કરતાં પાંચ વાગી ગયા. ઘોડાની પીઠ પર કામળો અને ઝોળો રાખી મેં મારા ઘોડાવાળા મહેન્દ્રસિહને લાઠી આપી. ઘોડાવાળાનો વેશ જોવા જેવો હતો. પછી માથા પર શિવાજીના જેવી પાઘડી બાંધી એક વીરપુરુષની જેમ હું ઘોડા પર ચઢયો. દોરડાનું જીન અને લગામ હતાં. ને ઘોડેસ્વારના હાથમાં ઝાડની એક ડાળીની લાકડી હતી. ખેર, મેં તો ઘોડાની પૂંછડી પર એક ફટકો લગાવ્યો ને કહ્યું "હટ હટ."

ઘોડો દબાતે પગલે ચાલવા લાગ્યો. થોડે દૂર જઈને પાછળ ફરીને જોઉં છું તો, રાણી સહાસ્ય વદને એનો ઘોડો હાંકીને આવતી હતી. પહાડના એક વળાંકમાં અમે ભેગા થયા. એણે કહ્યું, "આપણે ઘોડા દોડાવીએ એટલે ધૂળ ઉડે, કે જેથી પેલા લોકો આપણને જોઈ ન શકે: તમે શું કહો છો ?"

મેં કહ્યું. "પણ પછી ?"

"પછી વળી શું ? શિરપર ભલેને સન્દેહ ને જોહુકમીનો બોજો રહેતો. આપણે આગળ જઈએ."

"પછી ?"

"પછી જોઈશું કે કોનો ઘોડો સારો છે." એમ કહીને તે હસી.

મેં કહ્યું મારો જ ઘોડો સારો છે."

"ધૂળ સારો છે, તમારા કરતાં તો મારો ઘોડો તેજી છે."

"મારો ઘોડો ઝડપથી દોડે છે."

"દોડે તેથી શું વળ્યું. જ્યાં અટક્યો કે અધમૂઆ જેવો થઈ જાય."

સૂર્યદેવ અસ્તાચળે નમતા હતા. કયાંક કયાંક ઝાડે ઝાડે અરણ્ય પક્ષીનો સાંધ્ય કિલકિલાટ શરૂ થઈ ગયો હતો. દક્ષિણ તરફ નદીની ઉપર છાયાનો અંધકાર જામતો હતો. બે ઘોડાવાળા પાસેપાસે ચાલતા હતા. એ લોકો વાતોમાં મશગુલ હતા. અમો પણ અમારા ઘોડા પાસે પાસે ચલાવતા હતા. જાણે કે સ્વપ્ન લોકમાંથી બે પક્ષીરાજ અમને બન્નેને લઈને નીચે ઉતરતા હતા. ને ઊતરીને અમને શૂન્યલોકમાં ઉતારતા હતા.

સ્વર્ગથી વિદાય. મર્ત્યભૂમિનાં આમંત્રણ આવ્યાં હતાં. ત્યાં ફરી પાછા જવું પડશે. એ કલહ-કલંક, વિદ્વેષ ને મલિનતા, સામાન્ય સ્નેહ અને મોહના બંધન, શૌખીન મૈત્રી, નગણ્ય આત્મીયતા, આમ છતાં પાછા ત્યાં તો જવું જ પડશે. મહાપ્રસ્થાનનો પૌરાણિક માર્ગ છોડીને અમે કર્ણપ્રયાગ આવ્યા હતા. આ માર્ગ ઐતિહાસિક હતો. ઈશાન ખૂણામાં મહેલચોરી થઈને આ પથરેખા વર્તમાન સભ્ય ભારતની દિશામાં ચાલી જતી હતી. ને માનવસમાજને સ્પર્શતી હતી. સ્વર્ગના પ્રવાસમાં ઘણા દિવસો વીતી ગયા હતા. સ્મૃતિની અને વિસ્મૃતિની ગોધૂલિના તેજમાં અમે ઊતરી આવ્યાં હતાં. કાનમાં મર્ત્યભૂમિનો ક્ષીણ કલરવ સંભળાતો હતો. જીવનની વિચિત્ર જટિલતા હાથપ્રસારીને બોલાવતી હતી. 'ચાલ, પાછો નીચે ઊતરી આવ."

મહલચોરી પાછળ રહી ગયું. ચઢાઈ રસ્તે યાત્રીઓ ધીરે ધીરે ચઢતા હતા. ઘોડાવાળા પાછળ પાછળ આવતા હતા. દક્ષિણમાં પર્વતની ખીણોમાં સંધ્યા પછીનો અંધકાર ધીમે ધીમે પોતાનું સામ્રાજ્ય ફેલાવતો હતો. સામે જ પર્વતની પેલી પાર પશ્ચિમનું આકાશ લાલ રંગનું બની ગયું હતું. બપોરના આસન પર સંધ્યા આવીને બિરાજી હતી. ડાબી તરફના શિખરપ્રદેશમાં ચીડના જંગલમાં ધીમો પવન વચ્ચે વચ્ચે ગૂંજતો હતો. ધાર્યા કરતાં અહીંનો રસ્તો વિશેષ પહોળો હતો. રાણી એના ઘોડા પર મારી પડખે જ હતી. એકવાર એણે પૂછયું, "આપણે સાચે રસ્તે જ જઈએ છીએને ? રસ્તો ભૂલ્યાબૂલ્યા તો નથી ને ?"

"આ રસ્તો કંઈ ભૂલાય એવો નથી. સીધો રસ્તો છે."

અમે ધીરે ધીરે વાર્તાલાપ કરતા હતા. જે વાત કહેતો હતો તે હું પોતે પણ સાંભળતો હતો. મને લાગે છે કે એ પણ કાન માંડીને પોતાના શબ્દો સાંભળતી હતી. એમજ બને. જ્યારે આપણા શબ્દો આપણે કાને સાંભળીએ છીએ ત્યારે જાણવું જોઈએ કે વાતના ભૂતકાળને આપણે પ્રાપ્ત કરીએ છીએ.

"ચારે બાજુ કેવી સુન્દરતા પથરાઈ છે ? તમારી નજર છે ને ?"

-મેં ચારે તરફ જોયું તો ખરું, પણ એ વિસ્મયકર રૂપ બહારનું હતું કે મારા અંતરનું ? નારીમાં રસપ્રકૃતિ સ્વાભાવિક રીતે રહેલી હોય છે. એક પ્રકારની આલ્હાદિની શકિત હોય છે, જે પુરુષોમાં આનંદ પ્રગટાવે છે, અનુપ્રેરણા જન્માવે છે. મંદિરના સૂતેલા દેવના કાનમાં જાગૃતિનું ગીત ગાય છે. જેમ નદીના માર્ગમાં વર્ષાનું જળ ઊતરી આવે છે ને તેના અંગેઅંગમાં વેગ આવે છે, ભરતી ઉભરાવે છે. એને સક્રિય બનાવે છે. અને એને પરમલક્ષ્ય તરફ ધસડી જાય છે. પરન્તુ મારામાં ભરતીમાં તરવાની શકિત કેટલી, એ અધીર ઉદ્‌વાસ કેટલો ? એ લક્ષ્ય કયાં ? એની ગતિ કઈ તરફ ? મને તો ખબર છે, મારી સામે ને પાછળ બન્ને બાજુ મારી અજાણી છે, ફકત વચલી ક્ષણ – પરિચયની સ્વલ્પ સીમામાં જ અમારા બન્ને જણની ફેરફેર છે. કદાચ ત્યાં અંતરંગતાનો થોડો પ્રકાશ પડે છે, કદાચ આલ્હાદિની શકિતની ક્ષણિક વિહ્‌વલતાં દેખાય છે. પણ તે પછી બીજું કાંઈ છે નહિ, ને રહેશે પણ નહિ. જે દિવસે પાછો જઈશ, અમે બન્ને જણ બન્નેના જગતમાં ખોવાઈ જશું. મનની પિછાણનો જે ડાઘ જે દિવસે રહી જશે ત્યારે આડ પડદાની બન્ને તરફ બેસીને એક જણ શું બીજા એક જણનું મનમાં સ્મરણ કરીને કૌતુકનો અનુભવ નહિ કરે ? ને પોતાને વિદ્રુપ નહિ કરે ?

ઘોડાની પીઠ પર ઝાડની ડાળીનો પ્રહાર કરીને રાણીએ ફરીથી કહ્યું, "આ વખતે તો તમે ઓળખાતા પણ નથી."

"કેમ ?"

"સન્યાસીના સંસારી બન્યા છો. ધોતિયું ને કફની પહેર્યાં છે; માથે પાઘડી બાંધી છે, મને લાગે છે કે એનો રંગ એક દિવસ ભગવો હતો, નહિ ? પુરુષનું સ્વરૂપ જલદી બદલાઈ જાય છે."

મેં કહ્યું, "કેવળ સ્ત્રીનું સ્વરૂપ જ બદલાતું નથી. પછી એ તીર્થમાં ફરે કે ઘોડા પર બેસે. અસલ તો બધા એક જ."

અમે બન્ને જણ હસી પડયાં.

"આ થોડો વખત સ્વતંત્રતા મળી છે. ગમે તે કહો પણ મને દિદિમાની ખૂબ બીક લાગે છે."

"તમે તો કહેતાં હતાં કે તમે કોઈના તાબેદાર નથી."

"એ તો આર્થિક સ્વાધીનતાની વાત હતી." રાણીએ કહ્યું, "પણ તમને ખબર છે હું કેટલી હદ સુધી પરાધીન છું તે ?"

હું કાંઈ બોલ્યો નહિ.

"આટલી ઉંમર સુધી મેં ડગલે ને પગલે અપમાનો જ સહન કર્યાં છે. ઘરની બહાર પગ મૂકવાની મના, સગાંવહાલાં, ભાઈ – બનેવી જોડે વાત કરવા પર પણ પ્રતિબંધ, ચોપડી કે છાપાં વાંચું તે પણ કોઈને ગમે નહિ. એ બધાનું કારણ શું તે જાણો છો ? મારી ઉમ્મર નાની છે તે. આ ફોઈનો મને ખૂબ ધાક છે. કારણ કે દેશમાં જઈને એ મારે વિષે કાંઈ સારું નહિ કહે. ખોટી વાતને જ મોટું રૂપ આપીને બધે રજૂ કરશે. દુઃખ મારા મિત્રની જેમ હંમેશાં મારી પાસે રહે છે."

એના નિસાસાથી વાતાવરણ ભારે બની ગયું. મને શું કહેવું તે સૂઝ્યું નહિ, એટલે મેં ચૂપચાપ ઘોડો ચલાવ્યે રાખ્યો.

આ વખતનો રસ્તો શરૂઆતમાં ચઢાણનો હતો, ને તે પછી રસ્તો સપાટ હતો, ચાલવામાં કાંઈ વિશેષ કષ્ટ પડતું નહોતું. પણ એ રસ્તામાં અનેક વળાંકો હતા, ને વાંકોચૂકો હતો. કયારેક એ ઘણે દૂર સુધી દેખાતો, તો કયારેક અમે છેક પહાડની અંદર ઘૂસી જતા. અમારા બન્નેના ઘોડા શાન્ત, ને નિરૂપદ્રવી હતા. એને ચલાવવાની જરૂર નહોતી, પોતાની મેળે જ તેઓ વૈરાગીની જેમ ઉદાસીનતાથી ચાલ્યે રાખતા હતા, તેમને ખબર હતી કે, અમારે બહુ દૂર જવાનું છે, અને કયાં જવાનું છે.

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૬૭, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ બિહારના દુષ્કાળની ઉત્કટ બનતી જતી કટોકટી ☆

(ગુજરાત રાજ્ય ગ્રામોદ્યોગ ખાદી બોર્ડ અમદાવાદ તરફથી મળેલ બિહારના દુષ્કાળની ઉત્કટ બનતી જતી કટોકટીનું સ્વરૂપ રજુ કરતું વર્ણન નીચે આપવામાં આવે છે. આ કટોકટીમાં મદદરૂપ થવા ઈચ્છતાં ભાઈ બહેનોને નાણાં, ચીજવસ્તુ વગેરે બિહાર રીલિફ કમિટી, સદાકત આશ્રમ, પટણા, બિહાર એ ઠેકાણે મોકલી આપવા વિનંતિ છે. નાણાં સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવામાં આવશે તો તે પણ યોગ્ય ઠેકાણે પહોંચાડવામાં આવશે. તંત્રી)

બિહારના દુષ્કાળમાં કટોકટીનો સમય આવી રહ્યો છે. ભીડ પડવા માંડી છે. બધું સારૂં ચાલે છે એમ માની બેસવાટાણું નથી. આવી વૃત્તિ ઠગારી નીવડશે. કરોડો માનવીને દુષ્કાળનો ઓળો આંબી ગયો છે. રાહત પહોંચે છે, રેશન મળતું થયું છે, થોડો પાક ઉતરશે એવી આશાઓનાં તોરણો બાંધવા જેવા નથી.

માનવી મન મૂકીને કામ કરે, ધનવાન મન મૂકીને ધન આપે, જેનાથી જે થઈ શકે તે કરી છૂટવાનો ધર્મ આજે સાદ પાડી રહ્યો છે. જેના ઉપર હળની જરૂર રહી નથી એવી કોરી ધરતી ઉપર પાણી વિના, અન્ન વિના, વસ્તુ વિના લાખો ટળવળે છે. સૌના સહિયારા ભારે પુરુષાર્થનું આ કામ છે.

બિહારના દુષ્કાળનાં ભીષણ દશ્યો અને વૃતાંતને આછેરો અહીં આલેખવામાં આવ્યો છે.

લીલીછમ હરિયાળી ધરતીના રહેવાસીઓ દૂર બેઠાં બેઠાં, બિહારની ધરતી ઉપર ઉતરેલા દુષ્કાળના ઓળાનાં ચિત્રની કલ્પના ન કરી શકે. શું કોઈ ખેડૂતનો દોષ આ દુષ્કાળ માટે છે? શું કોઈ સમજણનો અભાવ છે? આ પ્રશ્નો અસ્થાને છે. પરિસ્થિતિ ઘણી ગંભીર છે.

કુદરતે આફત સર્જી છે. એ નીવારવા માનવીએ કરવા જેટલી ઝડપ નહીં કરી હોય, પણ પછી તો દેશનાં અને વિદેશનાં સમાજકલ્યાણમાં પરોવાયેલ સંસ્થાઓ તથા માનવીઓ આ આફત ટાળવા મથી રહ્યા છે. બ્રિટન, પશ્ચિમ જર્મની, ન્યુઝીલેન્ડ તરફથી કપડાં આવવા લાગ્યાં છે, તો હોંગકોંગથી ચોખા આવ્યા છે. ગરમ ધાબળા અને કપડાં ભારતના પ્રદેશોમાંથી આવવા લાગ્યાં છે. પરંતુ આ પ્રવાહ હોવો જોઈએ તેટલો વેગવાળો નથી. મુંબઈ, કલકત્તા, મદ્રાસ અને દિલ્હીના નાગરિકો જાગૃત થયા છે, વડાપ્રધાનના દુષ્કાળ-નિવારણ ફંડમાં પૈસા ભરાય છે, રાજ્યોના મુખ્ય પ્રધાનોના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ જેવું બિહારની ધરતીમાં છે તેવું જ આ બધામાં દેખાય છે. એ સરવાણીઓ આછી પાતળી રહી છે.

સેવાભાવી સંસ્થાઓ અને તેના કસાયેલા માનવીઓ ભગીરથ પુરુષાર્થ કરી રહ્યા છે.

બિહારના ભીષણ દુષ્કાળની નાગચૂડમાં ફસાયેલા બે જીલ્લા ગયા અને પલામુ. આ બે જીલ્લામાંના એક પલામુ જીલ્લામાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ અને સેન્ટ્રલ રીલિફ ટ્રસ્ટ અને મુંબઈ ઉપનગર દુષ્કાળ નિવારણ સમિતિના કાર્યકરોને થતા અનુભવો એક કારમું દશ્ય સર્જે છે.

પલામુ જીલ્લાની બિહારના અન્ય ભાગ જેવી સુકીભઠ ધરતી—નહીં પાણી, નહીં પાકથી—ગોબરી થઈ ગઈ છે. વરસાદ આવે તો બિહારની આ ધરતી સુજલા-સુફલા છે, પણ છેલ્લાં બે બે વર્ષોથી વરસાદ રીસાણો છે. મેઘનાં બિંદુથી વંચિત આ ધરતીએ રૂક્ષતા ધારણ કરી છે. પલામુ જીલ્લાની ૬૩,૦૬,૫૬૩ની પ્રજાને બાજુના જીલ્લા જેવી સિંચાઈ યોજના પણ નથી. પલામુ જીલ્લાની ૩૦ ટકા પ્રજા તો આદિવાસી પ્રજા છે. મુખ્યત્વે 'મુંડા' જાતી છે. પહાડી વિસ્તાર, ફળદ્રુપતા ઓછી, જંગલના ખાડા ખડકવાળા કાચા રસ્તા, અને લાંબા ગાળા સુધી પગપાળા ચાલવાનું રહે એવો આ પ્રદેશ છે. પણ વધુ દુઃખ તો એ છે કે પડોશના જીલ્લા કરતાં ય આ જીલ્લાની ધરતીનાં તળમાં પાણી ઘણું ઊંડે છે.

માનવી એટલે આશાની મૂર્તિ ... આશા ઉપર તે જીવે છે. ભગવાન મહેર કરશે અને વરસાદ થશે. બુદ્ધ અને મહાવીરની આ ધરતી. આ પ્રજાની આકરી તાવણી આજે થઈ રહી છે. શ્રદ્ધાનાં પ્રતીક જેવું "બોધગયા"નું મંદિર અહીં છે. શ્રદ્ધાળુ ભક્તો બુદ્ધ મંદિરના ઘંટો બજાવે છે, ભક્તોને લઈ જતી રીક્ષાઓની ઘંટડીઓ અને ઘુઘરા બજ્યા કરે છે, અને ભક્તો પ્રાર્થના કરતા હોય છે, પણ દુષ્કાળ-પીડિત ભાંડુઓ માટેની પ્રાર્થના કેટલાની? એમની શ્રધા અને ભૌતિક વાંચ્છનાની પ્રાર્થનામાં અહીંની દારૂણ સ્થિતિ ડૂબી જતી દેખાય છે.

વરસાદ વરસ્યો નથી. હળને જોતરવા જેવું કાંઈ રહ્યું નથી. હળ ખીંટીએ ટીંગાય છે. રે કરુણતા...ખેતી-પ્રધાન દેશમાં વરસાદની જ માયા હોય છે. વરસાદ ન વરસે તો એનાં બારે વહાણ બૂડી જાય છે. ધરતીનાં છોરુ કોને આધારે જીવે? રાજ્ય અને સમર્થ માણસો ઉપરાંત જો કરોડો પ્રજાજનો એનાં ભૂખ્યા ભાંડુઓને જીવાડવા પુરૂષાર્થ કરે તો દુષ્કાળ પાર ઉતરવો મુશ્કેલ નથી. સ્વતંત્ર દેશમાં કુદરતી આફત વેળા એક પણ માનવી મરે એ જીવતા રહેલા માટે કેટલું મોટું કલંક દેખાય?

રવી પાક ઝુંબેશ ચાલી, પણ જૂલાઈ ગયો ... વાદળ ઠાલાં ગયાં ... 'હાથિયો' વરસ્યો નહીં. સપ્ટેમ્બર, ઓક્ટોબર કોરા ગયા ... ધાર્યા પ્રમાણે ડાંગર ફેરવાઈ નહીં અને પલામુ જીલ્લાનો ડાંગરનો ૯૦ ટકા પાક નિષ્ફળ ગયો.

ખેતી નિષ્ફળ જતાં ગામડામાં કોઈ બીજો વ્યવસાય નથી ... માલિક, ખેડૂત અગર તો ઊભડ બન્ને નિરાધાર બન્યા છે. જેને ૧૦ એકર જમીન છે એવા ખેડૂતની પણ કરૂણ દશા છે તો બીજાની તો શી કથા? અને એમાંય હરિજનની કઠણાઈની વાત કયાં કરવી?

મોતની નજરે હજુ કોઈક જ ચડયાં છે. ચાર પાંચ દિવસથી ભૂખી કોઈ અનામી માતા ફરતી ફરતી રસોડે આવી ચડી. ભુખ્યું પેટ

બતાવી ખાવા માંગ્યું. અને ખાવા આપ્યું. ધરાઈને ખાધા પછી એ ધીરે ધીરે ચાલવા માંડી ... ડગમગતી એ હરિજનવાસમાં જતી હતી. પણ થાકીને બેસી ગઈ ને સૂતી ... પણ પાછી ઊઠી ન શકી. એના પેટમાં પડેલ અનાજ ન પચ્યું. ટાઢે એને થીજવી દીધી. એ મરી ગઈ.

સાંજે કાર્યકરોને ખબર પડી, જે જોવા ગયા ... એને અવલ-મંજલ પહોંચાડવા એ માંહેના ભાઈઓને કહ્યું. સૌ એક બીજા સામું જોઈ રહ્યા. પણ કોઈએ જવાબ ન દીધો.

"શું કરશો?" પ્રશ્ન ક્યો .....

"કા કરે?" : "શું કરીએ?"

"આને અગ્નિદાહ દેવો પડશેને?"

કોઈ બોલ્યા નહીં. લાકડાં નહીં. કફન નહીં. લાકડાં આપ્યાં ... કપડું આપ્યું અને કહ્યું કે હવે તો આને અગ્નિદાહ દો. સવારે જોયું તો બાઈ ત્યાંને ત્યાં પડી હતી. રાત્રે અસાધારણ ટાઢમાં કોઈએ એનો છેડાછૂટકો નહોતો કર્યો ... ગરીબી અને દુષ્કાળનું આ ચિત્ર. ... પોતે ઠરતા હોય ત્યાં બીજાને માટે અગ્નિની પણ ચિન્તા આધી ઠેલાય છે.

આટલા હાથોને કામ કોણ આપે? કેટલું અપાય? એની ખરીદ-શક્તિ કેમ વધારાય? એને ભાવ-વધારો શું ન નડે? આટલાં ભુખ્યાં, દુ:ખમાં ટળવળતાં ભાંડુઓને પેટપુરતું અનાજ મળે, એ ખરીદી શકે તેટલી મજુરી મળે અને અનાજના ભાવ તેને પરવડે તેવા નીચા હોય – આ બધું કેમ બને? આ કોયડો છે.

પોતાની મિલ્કત વેચીને, બહારથી મદદ મેળવીને, લોન લઈને, કામ કરીને અને સરકારી રાહતનાં કામે મજુરી કરીને, ખરીદશક્તિ વધારવા પ્રયત્નો થાય છે. પણ ચારેકોરની ભીડમાં મિલ્કત વેચવા જાય તો પણ ખરીદે કોણ? એના પૂરા ભાવ ન આવે. માણસનું પેટ ભરાતું નથી, ત્યાં પશુધનનું શું? ઢોર કતલખાને જાય છે. જનાવર જેવી દશામાં માનવી રહે છે.

એક કવિએ ચિત્ર દોર્યું છે. "આ ભૂખનાં દુ:ખે ...

"મારા ઘરની ઉંદરડી, ઢેઢગરોળી જેવડી થઈ ગઈ છે. મીંદડી ઉંદરડી જેવડી છે. મોટી કુતરી મીંદડી જેવડી થઈ ગઈ છે. અને પત્ની ... કુતરી જેવી બની ગઈ છે. પછી બીજાનું તો પૂછવું જ શું? એવી આપત્તિમાં છોકરાનું પેટ ભરાઈ શકે તેવું નથી અને મારા ઘરનો ચૂલો દિવસ રાત અવાજ કાઢી રોયા કરે છે. કારણ ચૂલામાં જીવડાંનાં જાળાં બાઝ્યાં છે?"

બિહાર રીલિફ કમિટી અને માનવપ્રેમી સંસ્થાઓએ જે યોજના કરી છે તે પ્રમાણે સસ્તી રોટી અને મફત રસોડાં ચાલે છે.ચારેકોરથી મદદ મળતી રહે છે. પણ આ બધું ભુખ્યાંને "સરખું" અને 'ટાણાસર' પહોંચાડવાની જરૂર છે. સમિતિનું પહેલું રસોડું ચૈનપુરમાં શરૂ કર્યું છે. ટોળેટોળાં લોકો આવે છે. સવારથી ભુખ્યાં ભુખ્યાં એ અનાજની આરાધના કરે છે. નથી તોફાન, નથી કોઈ ગરબડ કે નથી અવ્યવસ્થા... ... બાળકો અશકત, વૃદ્ધો અને ગર્ભવતી માતાઓના આ રસોડે આવતા લોકોને આશાનું બારણું ઉઘડેલું દેખાય છે. એના ચહેરા પર જીવનની રેખા ઊઠે છે.

માનવી માંગે છે પેટ ભરીને ખાવાનું ... પણ કેટલું દેવાય? મફત રેશનનાં લાલ કાર્ડ ધરાવતાઓને પણ ચોક્કસ માત્રામાં મળે અને અમારા મનમાં પ્રશ્ન ઊઠે છે કે આટલામાં પૂરું થશે? અને અનાજ લેનારના મનના ભાવ સ્પષ્ટ દેખાય છે અને મોંમાંથી શબ્દો સરી પડે છે.

"કા કરે? ખઈલબા" (શું કરીએ? ખાઈ લેશું)

બિહારમાં બાંધકામો શરૂ થયાં છે. ગયાથી દુર ૧૫ કિલોમીટર ઉપર મગધ વિશ્વ વિદ્યાલય બંધાઈ રહ્યું છે. ખાસ્સા ૩૦૦ એકર જમીન ઉપર તે આકાર લઈ રહ્યું છે. રોજ ૬૦૦ મજૂરોને કામ આપે છે. આમ રસ્તા તૈયાર કરવાનાં અને પલામુ જીલ્લામાં જંગલના ઝાડ પાડવાનાં કામો શરૂ થયાં છે. ૫૦૦૦૦ મજૂરો કામ ઉપર આવે છે. બહારથી આવતા મજૂરો સ્થાનિક માણસોને કામથી વંચિત રાખે તેવું પણ બને છે. સરકારની "ભારે કામ" અને "હળવા કામની" યોજના ચાલુ થઈ છે. પણ ...

"અમારું કાંઈ થશે?" મધ્યમ વર્ગના લોકો પૂછે છે.

"રસોડે આવો, બાળકોને ખવડાવશું."

"એ કેમ બને? જીંદગીમાં માંગ્યું નથી, માગતાં જીવ કેમ ચાલે?"

"લંગરમાં બેસતાં જીવ ચાલતો નથી. પણ ઘરમાં અન્ન નથી. શું કરીએ?"

"શું કરવું જોઈએ?"

"કંઈક એવું કામ આપો કે અમે એ કામ મારફત અમારૂં ગુજ-રાન ચલાવીએ."

"શું કામ કરશો?"

"જે આપો તે .....

"એક વાત કહીએ છીએ કે ગરીબ માણસો રસ્તે મરશે એને સૌ જોશો અને જીવાડવા કંઈ ને કંઈ કરશો, પણ અમે સૌ ઘરમાં મરશું ... કોણ એ જોશે?"

પલામુ જીલ્લાના માનવીઓ પાંદડાં, મૂળિયાં, અને અરે! છેવટે ઉંદરડાં ખાઈને જીવે છે એવી વાતો આવ્યા કરે છે. "મોગર" નાં ઝાડનાં પાદડાં ખાઈને જીવનારાં ઘણાં છે. એ પાનની ચટણી પણ બનાવાય છે. બટેટાના પાદડાં ... સામાન્ય રીતે આ ઢોરનો ખોરાક ... પરંતુ હવે તે માણસોનો ખોરાક બની ગયેલ છે. અને તેની ચોરી થાય છે! કાંઈ ખાવા ન મળે ત્યારે કેટલાક લોકોએ એક પ્રકારનો 'શોર' ખાવાનું શરૂ કર્યાના અહેવાલો પણ મળે છે. ખેતરનાં ઉંદરડાનું ભોજન કેટલાક કરી લેતા હોવાનું જાણવા મળે છે. આ ઉંદ-રડાંનું ૧ ૧/૨ કીલો વજન હોય છે. અરેરાટી ઉપજાવે તેવી આ વાત છે, પણ એ હકીકત છે!

નાખી નજર ન પડે ત્યારે માણસ તરણાંને બાઝે છે. મા એનાં ભુખ્યાં જણ્યાંને જીવાડવા વલખાં મારે છે. કમાડ વિનાનાં ઝુંપડા-ઓમાં ફરતાં એક ઝૂંપડે એક બાઈ મુઠી મકાઈ દળીને જતી હતી. નિસ્તેજ ચહેરા પર નિરાશાની રેખાઓ ઊઠી હતી. પૂછ્યું:

"કેટલાં માણસો ખાશે?"

"રંગવા ખાયગોબા" "છોકરાં ખાશે."

"અને તમે?"

"કા ખાઈલ?" : "શું ખાઈએ?"

અમે જોયું કે ઘણાં લોકોએ બોરડીનો આશરો લીધો છે. ભૂખ્યાં છોરુનાં પેટ ભરવા એની મા બોરડી ઝૂડીને બોર પાડી આપે છે. પછી બોરના ઠળિયા ચાવીને ભૂક્કો કરીને એ ખાતાં રહે છે, જીવતાં રહે છે. આવી કંગાલિયત અહીં ઘર કરી બેઠી છે.

એક ફળિયામાં જતાં થોડો વિચાર થયો ... ફળિયામાં કુતરૂં સુતેલું પડ્યું હતું. મનને થયું કે હમણાં ભસશે, કરડશે. એ ન હાલ્યું. ન ચાલ્યું. ઊંડા શ્વાસ લેતું પડ્યું હતું. અમે એને ઘેરીને ઊભા ... પણ એણે આંખો ય ન ઉઘાડી. અમે એના ધણીને પૂછ્યું "મરી જશેને?"

"અમે સૌ સાથે જ મરશું" સામો જવાબ મળ્યો.

આ વિસ્તારમાં જોયું કે જંગલમાં, ફળિયામાં અને ઘરમાં બોરડીનાં બોર અને ઠળિયા પડ્યાં હતાં. મરઘાં અને માનવી બન્ને માટે એક જ આહાર હતો. માણસ અને જાનવરનું જીવન જાણે આ એક તરણાને આધારે કંઈ ટકવાનું ન હોય!

ભાગલપુર મોંઘીર જીલ્લાના ભાગો, ગયાનો દક્ષિણ પશ્ચિમ વિભાગ, હઝારીબાગ જીલ્લાનો ભાગ, પલામુ જીલ્લાનો બહુ મોટો ભાગ, અને રાંચી ધનબાદના વિસ્તારોમાં પાણીની ખૂબ તંગી છે. અત્યારથી જ નવાણનાં નીર ખૂટ્યાં છે. ... પાણી વિના ટળવળીને માનવીને હિજરત કરવી પડે તેવો અંદેશો પણ રહે છે.

પત્થર ફોડીને પાણી કાઢવા ભારત સરકારના ભૂસ્તર વિભાગનાં

મશીનો કામે લાગી ગયાં છે. પાતાળ કૂવા ખોદવાનો પુરુષાર્થ પણ હાથ ધરાયો છે. પરંતુ આખીનો પથ્થર કાળમીંઢ પથ્થર છે ... ક્યાંયથી સરવાણી ફૂટતી નથી. ... ટ્રેક્ટરો, ટ્રકો અને બીજાં સાધનો દ્વારા પાણી પહોંચાડવાનું આવી પડવાનું એમ સ્પષ્ટ દેખાય છે.

સૂકાયેલ નદીના ઉંડાણમાં છોકરાનું ટોળું બેઠું હતું. અમને થયું કે શું કરે છે આ છોકરાઓ? ચાલોને જોઈએ! છોકરાઓ પાણી પીતાં હતાં. છાલિયાં અને ખોબેથી પાણી પીતાં છોકરાંને જોઈને કોઈનું પણ હૈયું ભરાઈ આવે એવી વાત હતી. જેમાં પગનો અંગૂઠો અડાડતાંય સૂગ ચડે એવા છૈયા અને સેવાળથી સડેલ અને ગંધાતાં પાણી એ બાળકો પીતાં હતાં ... .

અમારું બીજું કેન્દ્ર સલતુઆ ચાલે છે. આ કેન્દ્રમાં નેવું ટકા અર્ધ ઢાંકેલાં બાળકો અને સ્ત્રીઓ આવે છે. જરૂર છે આજે પ્રમાણિક કાર્યકરોની ... તનતોડ મહેનત કરનારા કાર્યકરોની, ઘણા ... વધુ ઘણા માણસોની તન મન ધનની મદદની, અનાજ મેળવવાની, ટાણાસર પહોંચાડવાની ... વિશાળ સમુદાય મદદ કરે તેની ... આ વિશાળ સમુદાયની મદદ વિપુલ પ્રમાણમાં હોય તેની.

અનાજ, ધાબળા, રજાઈ, સુતરાઉ અને ગરમ કપડાં...પગરખાં શું ને શું નથી જોઈતું? આવું બધું આવે પણ છે. ... પણ પ્રજાના વિરાટ વર્ગે જે મહેનત કરવી જોઈએ તે ચક્ર ઉપડયું હોય તેવું દેખાતું નથી. આખી ટાઢ ભીંસે છે. ભૂખ ભરડો લે છે. ..... આ દુઃખનો ચિતાર પ્રજા સમક્ષ પહોંચ્યો નથી ....

વર્તમાનપત્રો, સીનેમાગૃહો, નાટયસંસ્થાઓ, યુવક અને મહિલા મંડળો, સુપર બજારો, વેપારી ભવનો, જાહેર ખબર કરનારી મોટી પેઢીઓ અને સંસ્થાઓ, ચિત્રકારો અને સંગીતકારો—સૌ કોઈએ ટૂંકા અને લાંબા ગાળાની મદદ માટે હજુ ઘણું કરવાનું બાકી છે.

"વાવ કૂવા નદી તીર તળાવો, શોધી જૂનાં ફરી સદ્ય સુધારો,
તે ધનના ધણી ધર્મ તમારો ...."

પાણી અને અનાજ માટે આ ઉક્તિ કેટલી ઉચિત છે? હજુ ભારતની મોટા ભાગની પ્રજા આ સ્થિતિ પ્રત્યે ઉદાસીન છે. વર્તમાન પત્રોમાં બિહારના સમાચારો આવે છે. પરંતુ દર્દ ભરી "અપીલ" દેખાતી નથી.

પ્રજાના આગેવાનો અને બીજાઓ બીજા કામમાં પરોવાઈ રહે તે ન પરવડે તેવું છે. બિહારની પ્રજાને—પલામુ જીલ્લાની આ આદિવાસી પ્રજાને—ટાણાસર અન્ન મળે ... 'તનીમની' ... થોડુંકેય ... મળતું રહે તો પણ એ પાર ઉતરી જાય ...

આપણે સૌ ભારતમાતાના સંતાનો છીએ ... આપણાં ૩ ટંકના ભોજનમાં એનો એક ટંકનો ય ભાગ નથી? આપણાં ધન અને ધાન્યમાંથી એને મુઠી પણ ન મળે?

અનાજ, કપડાં અને પાણીની વ્યવસ્થા એ જરૂરિયાત છે. એને માટે સહિયારો પુરુષાર્થ કરવો રહ્યો. ...

ચૂંટણીનાં પરિણામોની સમીક્ષા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા જૈન સોશિયલ ગ્રુપના સંયુકત ઉપક્રમે માર્ચ માસની તારીખ ૪, શનિવાર સાંજના ૬-૧૫ વાગ્યે ગ્રેન એન્ડ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં (મસ્જીદ બંદર ઉપર આવેલી બૅન્ક ઑફ બરોડાની માંડવી શાખા સામે) શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ "ચૂંટણીનાં પરિણામોની સમીક્ષા" એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. સર્વે સભ્યોને વખતસર પધારવા વિનંતિ છે.

"તા. ક.: આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજયની વિધાન સભા માટે, ચુંટાયલા શ્રી લીલાધર પાસૂનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સન્માન કરવામાં આવશે."

મુંબઇ જૈન યુવક સંઘ: જૈન સોશિયલ ગ્રુપ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી શાંતિલાલ હ. શાહનું સન્માન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૯–૩–૧૯૬૭ ને ગુરુવાર સાંજના ૬–૦૦ વાગે સંઘના કાર્યાલયમાં (૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ) તાજેતરમાં લોકસભા માટે ચુંટાયેલા શ્રી શાંતિલાલ હ. શાહનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવશે. સંઘના સભ્યોને વખતસર પધારવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સાભાર સ્વીકાર

પ્રાણીમૈત્રીની વાતો: મૂળ અંગ્રેજી: લેખક: શ્રી જોઈસ લેમ્બર્ટ; અનુવાદક: શ્રી જમુભાઈ દાણી; પ્રકાશક: સુંદર સર્વોદય પ્રકાશન, ૫એ,/૫૧, સોનાવાલા બિલ્ડીંગ, તારદેવ, મુંબઈ-૭. કિંમત રૂ. ૧-૪૦.

ફૂલ અને ફોરમ: સંચયન: શ્રી જમુભાઈ દાણી; પ્રકાશક: ઉપર મુજબ કિંમત: ૮૦ પૈસા.

પુષ્પ અને પરાગ: સંચયન: શ્રી જમુભાઈ દાણી; પ્રકાશક: શ્રી છોટુભાઈ છ. મારફતિયા, મંત્રી, ખાર એજ્યુકેશન સોસાયટી.

મારાં જીવનસંસ્મરણો: લેખક: શ્રી જગજીવન નારાયણ મહેતા; પ્રકાશક: શ્રી રસિકલાલ મૂળજી ગાંધી, ટ્રસ્ટી: જગજીવન મહેતા ટ્રસ્ટ, ૨૭૮, દાદાભાઈ નવરોજી રોડ, મુંબઈ; કિંમત રૂ. ૩-૦૦.

કાકાજીની વાતો: લેખક: શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી, પ્રકાશક: પ્રગતિ સાહિત્ય મંદિર, ખપાટિયા ચકલા, સુરત – ૧. કિંમત: રૂ. ૪-૦૦.

પ્રગતિને પંથે: પૂ. અનસૂયા બહેનનાં પ્રેરક પ્રવચનો: સંપાદક: શ્રી શિવશંકર શુકલ; પ્રકાશક: ગાંધી મજૂર સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ; કિંમત: રૂ. ૧-૦૦.

શૂન્યશેષ: (ત્રિઅંકી નાટક): લેખક: શ્રી ચુનીલાલ મડિયા, પ્રકાશક: સાહિત્ય સંગમ, બાવા સીદી, ગોપીપુરા, સૂરત – ૨. કિંમત: રૂ. ૩-૦૦.

ગુજરાતી સામયિકોનું પ્રદર્શન: સ્મારક અંક: પ્રકાશક: ઓમ-ઓકિટિક્સ, ૧ એ, મહેન્દ્ર રોડ, કલકત્તા – ૨૫,

જ્ઞાનઝરણાં: શ્રી ડોંગરે મહારાજનાં વચનામૃતો: પ્રકાશક: જગજીવન મહેતા ટ્રસ્ટ.

શ્રીમદ્ રાજચંદ્ર જીવન – સાધના: લેખક: શ્રી મુકુલભાઈ કલાર્થી; પ્રકાશક: શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી મંડળ, ઠે. શ્રી રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ, અમદાવાદ. કિંમત: રૂા. ૧-૨૫.

કર વિચાર તો પામ: શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત: પ્રકાશક ઉપર મુજબ. કિંમત: ૬૦ પૈસા.

રાજપદ: પ્રકાશક: ઉપર મુજબ, કિંમત: ૫૦ પૈસા.

રજીસ્ટ્રેશન ઑફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખે.
૩. મુદ્રકનું નામ : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.
કયા દેશના : ભારતીય
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
૪. પ્રકાશકનું નામ, કયા દેશના, ઠેકાણું } ઉપર મુજબ
૫. તંત્રીનું નામ, કયા દેશના, ઠેકાણું } ઉપર મુજબ
૬. સામયિકના માલિકનું નામ } શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧–૩–૬૭ પરમાનંદ કુંવરજી કાપડિયા – તંત્રી

પ્રકીર્ણ નોંધ

ચૂંટણી આવી અને ગઈ!

આખરે સામાન્ય ચૂંટણીઓ આવી અને ગઈ. પંદર દિવસ પહેલાં આપણું મન ચૂંટણીના વાતાવરણથી ઘેરાયેલું હતું. આજે ચૂંટણીઓ પતી ગઈ છે. લગભગ બધાં પરિણામો જાહેર થઈ ચૂકયાં છે. આ પરિણામોની અણકલ્પી અને ચોંકાવી મૂકે એવી વિચિત્રતાઓ આજે આપણા ચિત્તને ઘેરી લીધાં છે અને ભારતની નવી રાજ્યરચના કેવી થશે અને ભારતનું સમવાયતંત્ર કેવી રીતે ટકી રહેશે તે વિષે સૌ કોઈ અસાધારણ ચિન્તા અનુભવી રહેલ છે. હજુ આખી પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્ર આપણી આંખો સામે રજુ થયું નથી. આખું ચિત્ર રજૂ થાય અને તેને બધી બાજુથી નિહાળી સમજી શકાય એવી માનસિક સ્વસ્થતા આપણે પ્રાપ્ત કરીએ ત્યાં સુધી ચૂંટણીનાં પરિણામોની સર્વગ્રાહી સમીક્ષા શકય નથી. આ માટે આપણે આવતા અંક સુધી રાહ જોઈએ.

આમ છતાં આ પરિણામોમાંથી નિષ્પન્ન થયેલી બે ઘટનાઓનો ઉલ્લેખ અનિવાર્ય લાગે છે. એક તો મુંબઈના તાજ વિનાના રાજા જેવા લેખાતા શ્રી એસ. કે. પાટીલને શ્રી જ્યોર્જ ફરનાન્ડીઝના હાથે મળેલો અસાધારણ પરાજય. આ એક ભારે ચોંકાવનારી, કદિ પણ નહિ કલ્પેલી અને મુંબઈના ભાવિ ઉપર ભારે દૂરગામી પરિણામો નિપજાવનારી ઘટના બની છે. મુંબઈના ઘડતરમાં અને ભારતના રાજકારણમાં એસ. કે. પાટીલનો ઘણો મહત્ત્વનો ફાળો છે. મુંબઈમાં વસ્તી પચરંગી છે. પ્રજાના સ્વાસ્થ્ય અને સહીસલામતીને શ્રી પાટીલની રાજકારણી પ્રતિષ્ઠા સાથે મહત્ત્વનો સંબંધ છે. એ પ્રતિષ્ઠાને આવો ધક્કો લાગતાં મુંબઈના સુગ્રથિત પ્રજાજીવનને પણ ભારે ધક્કો લાગવા સંભવ છે. તેમનું સ્થાન શ્રી જ્યોર્જ ફરનાન્ડીઝને મળતાં અને આજ સુધીની તેમની ભાંગફોડિયા કાર્યવાહીનો ખ્યાલ કરતાં મુંબઈનું–મુંબઈમાં વસતા આપણા સર્વનું–ભાવી ભારે ખત્રામાં પડયું છે–આવી ભીતી આપણા ચિત્તને સ્પર્શી જાય છે. શ્રી એસ. કે. પાટીલ પ્રત્યે આ ચૂંટણીવિષયક દુર્ઘટનાના સંદર્ભમાં અનેક દિલે સહાનુભૂતિ અનુભવે છે અને આ પરાજય અને તે અંગે ઊભી થયેલી પરિસ્થિતિ અલ્પકાલીન નીવડે એમ પ્રાર્થે છે.

બીજી ઘટના શ્રી શાન્તિલાલ શાહને લોકસભાની ઉમેદવારીમાં અનેક પ્રતિકૂળતા સામે મળેલી કષ્ટસાધ્ય સફળતા. તેઓ મુંબઈના પ્રધાનમંડળમાં રહીને વર્ષો સુધી પ્રજાજનોની સેવા બજાવી રહ્યા હતા. જ્યોર્જ ફરનાન્ડીઝના 'ઘેરા ડાલો'ની ઘટના સામે રાજ્ય સરકારે મુંબઈના નાગરિકોને જરૂરી રક્ષણ આપવાની બાબતમાં એકદમ ઢીલી નીતિ દાખવી તેના વિરોધરૂપે રાજીનામું આપીને પ્રધાનપદની જવાબદારીથી છ મહિના પહેલાં તેઓ છૂટા થયા હતા. તેમની દેશનિષ્ઠા, પ્રમાણિકતા અને કાર્યકુશળતા અંગે બેમત છે જ નહિ. રાજકારણ અને વહીવટનો તેઓ બહોળો અનુભવ ધરાવે છે. લોકસભામાં ચૂંટાવાથી તેઓ પોતાના અનુભવનો દેશને સારો લાભ આપી શકશે. આમ હોવાથી તેમને મળેલી સફળતા બદલ આપણે તેમને અન્તરના અભિનન્દન આપીએ અને એક યા બીજા સ્થાન ઉપર રહીને તેઓ દેશની સેવા બજાવતા રહે એ શુભેચ્છા સાથે તેમને આપણે દીર્ઘ આયુષ્ય અને સુદઢ આરોગ્ય પ્રાર્થીએ!

વળી પાછો શિવસેનાનો કરપીણ અત્યાચાર

મુંબઈમાં વસતા મહારાષ્ટ્રીઓ અને બિન–મહારાષ્ટ્રીઓ વચ્ચે ભેદભાવ ઊભો કરતી અને "મહારાષ્ટ્ર અને તેમાં આવેલું મુંબઈ મહારાષ્ટ્રીઓ માટે" આવું આસુરી આન્દોલન ચલાવી રહેલ શિવસેનાનો પરિચય આપવાની જરૂર નથી. છેલ્લા છ આઠ મહિનામાં તેના કાર્યકરોના હાથે થયેલા બે અત્યાચારો – એક તો શિવાજીપાર્કમાં મળેલી જાહેરસભા વિખેરાતાં નજીકમાં આવેલી ચાર પાંચ મદ્રાસી હોટેલોની શિવસેનાને હાથે થયેલી ભાંગફોડ અને બીજો અત્યાચાર નરીમાન પોઈન્ટની બાજુમાં બંધાયેલાં દક્ષિણ ભારતથી આવેલા મજૂરોના ઝુંપડાં શિવસેનાના સભ્યોના હાથે બાળી નાખવામાં આવ્યાં–આ બે અત્યાચારોએ શિવસેનાના ઘાતકી, માનવતાવિહોણા અને રાષ્ટ્રદ્રોહી સ્વરૂપનો પૂરો પરિચય આપેલો છે. તાજેતરમાં સામાન્ય ચૂંટણીના દિવસે–તા. ૨૧મી ફેબ્રુઆરીના રોજ–ચેંબુર નજીક આવેલા એકસપ્રેસ હાઈવેની બાજુએ વસતા બિન–મહારાષ્ટ્રી મજુરોનાં ૭૦થી ૮૦ ઝુંપડાંઓ લોકવાર્તા મુજબ શિવસેનાના સભ્યોએ બાળી નાંખ્યાં અને ૩૦૦ માણસોને ઘરબાર વિનાનાં રઝળતાં કરી મૂકયાં અને એ પહેલાં તોફાની લોકોએ ચલાવેલી લાઠીઓના પરિણામે ૨૦ માણસો ઘાયલ થયા. આના કારણરૂપે એમ જાણવા મળે છે કે ત્યાં વસતા મજુરો કેરળ બાજુના હોઈને મેનનતરફી હતા અને આવા તેમના વલણ માટે આ અત્યાચાર નિપજવા પહેલાં તેમને ખૂબ ધાકધમકીઓ આપવામાં આવી હતી.

આ સંસ્થા કાયદા અને વ્યવસ્થાને વરેલી કોઈ પણ સરકાર ની હુ મતમાં એક ઘડી પણ ટકી ન જ શકે, એમ છતાં આ સંસ્થા વિષે મહારાષ્ટ્ર સરકારે પોતાની નીતિ પૂરી સ્પષ્ટતાથી જાહેર કરી નથી. અને આ આખી પ્રવૃતિ પાછળ અમુક જવાબદાર સત્તાધીશોનો હાથ છે એવી વાતો પણ ચાલે છે. મહારાષ્ટ્ર સરકારે આ બાબત અંગે પોતાની નીતિ સત્વર જાહેર કરવી જોઈએ અને આવી પ્રવૃત્તિને દાબી દેવા માટે કડક હાથે કામ લેવું જોઈએ.

મુંબઈ અનેક પ્રદેશમાંથી આવી વસેલા નાગરિકોની એક મહાન નગરી છે; 'મહારાષ્ટ્રીઓ માટે મહારાષ્ટ્ર' આવા વાદ કે વિચારને મુંબઈના જાહેર જીવનમાં કોઈ પણ સ્થાન હોવું ન ઘટે. પ્રસ્તુત 'શિવસેના'નું આન્દોલન ભારે ઝેરી અને દૂરગામી પરિણામોનો વિચાર કરતાં ભારે ભયંકર છે. 'મહારાષ્ટ્રીઓ માટે મહારાષ્ટ્ર અને મુંબઈ' એવો નારો તેનો સૂચિત અર્થ સમજવામાં અસમર્થ એવા ભોળા લોકોને ભારે વિભ્રમમાં નાંખનારો છે. સમાજ–શરીરમાં ઊભું થઈ રહેલ આ એક પ્રકારનું કેન્સર છે. આજે તેઓ પ્રગટપણે મુંબઈમાં વસતા મદ્રાસીઓને–દક્ષિણ ભારતવાસી પ્રજાજનોને–પોતાના શિકાર માટે–આગળ ધરી રહ્યા છે, આ એક પ્રકારની અક્ષમ્ય ધૃષ્ટતા છે. પણ કોઈ એમ ન માને કે આ શિવસેનાની નજરમાં માત્ર મદ્રાસીઓ જ ખૂંચે છે. તેમણે કલ્પેલા મહારાષ્ટ્રમાં જેમનો સમાવેશ ન થાય તે સર્વ બિન–મહારાષ્ટ્રીઓ સામે પણ તેમની એટલી જ વક્રદૃષ્ટિ છે. માત્ર પ્રારંભના વ્યૂહ તરીકે તેઓ મદ્રાસી મજૂરોને આગળ ધરે છે અને તેમના જાનમાલને જોખમાવવાની પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ સામે ઊભા થઈ રહેલા ભયસ્થાનને આપણે તેના પૂરા અર્થમાં સમજીએ અને તેનો સામનો કરવા આપણે કટિબદ્ધ થઈએ.

સચ્ચરિત્ર અને પુરૂષાર્થના પ્રતીક સમા સ્વર્ગસ્થ ડૉ. કેશવલાલ મલુકચંદ પરીખ–એક સ્મરણનોંધ

ડૉ. કેશવલાલ મલુકચંદ પરીખનું મુંબઈ ખાતે થોડા સમયની માંદગીના પરિણામે ફેબ્રુઆરી માસની ૧૭મી તારીખે ૮૦ વર્ષની ઉમ્મરે મુંબઈ ખાતે અવસાન થયું. આના પરિણામે આપણા સમાજને જેમણે સાધારણ સ્થિતિમાંથી પોતાના જીવનનો પ્રારંભ કર્યો હતો અને પુરુષાર્થ વડે જીવનનો વિકાસ કરીને અસામાન્ય વ્યકિતત્વને પ્રાપ્ત કર્યું હતું એવી એક ચારિત્ર્યસંપન્ન, સેવાભાવી અને ગાંધીજીની વિચારધારાને વરેલા સજ્જનની ખોટ પડી.

તેમનો જન્મ ગુજરાતમાં આવેલા મહુધા ખાતે ઈ. સ. ૧૮૮૬ની સાલમાં થયો હતો. ૧૯૧૦ની સાલમાં એલ. એમ. એન્ડ

એસ.ની ડીગ્રી પ્રાપ્ત કરીને તેઓ ડાક્ટર થયા. ત્યાર બાદ તેમણે સરકારી મેડિકલ ખાતામાં નોકરી સ્વીકારી. તે દરમિયાન–૧૯૧૮ની સાલમાં તેઓ પાલણપુરમાં હતા ત્યારે–ત્યાં પૂરજોશમાં પ્લેગ ફાટી નીકળ્યો અને આ કટોકટીમાં તેમણે જીવના જોખમે લોકોની ખૂબ જ સેવા કરી ને ત્યાંના પ્રજાજનોની તેમણે પુષ્કળ ચાહના પ્રાપ્ત કરી. સરકારી ફેરબદલીના કારણે એક સ્થળેથી બીજે સ્થળે એમ બાર વર્ષ તેમણે સરકારી નોકરીમાં પસાર કર્યાં. ૧૯૨૨ની સાલમાં તેઓ અમદાવાદમાં સ્થિર થયા અને આંખના સ્પેશ્યાલિસ્ટ તરીકે તેમણે પ્રેકટીસ શરૂ કરી. ડાક્ટરી વ્યવસાય સાથે તેમની અનેક સામાજિક તથા પારમાર્થિક પ્રવૃત્તિઓ ચાલ્યા જ કરતી. અસ્પૃશ્યતા–નિવારણના કાર્યમાં તેમને ખૂબ રસ હતો. પોતાના દવાખાનામાં, એ જમાનામાં અનેક સ્થિતિચુસ્તોનો વિરોધ ખમીને પણ, અસ્પૃશ્યો માટેની એક મદદ પેટી રાખી હતી અને તે દ્વારા સારા પ્રમાણમાં એકઠી થતી રકમનો પૂરો સદુપયોગ કરવામાં આવતો હતો. ગાંધીજીની વિચારસરણી પ્રત્યે તેમને ખૂબ આકર્ષણ હતું. વર્ષોથી તેઓ ખાદી પહેરતા અને કાંતતા હતા, જે પ્રવૃત્તિ લગભગ આખર સુધી એટલે કે શારીરિક ક્ષમતાના ટકાવ સુધી ટકી રહી હતી. ૧૯૩૨ની સાલમાં ગાંધીજીએ યરવડા જેલમાં જ્યારે અસ્પૃશ્યોના અલગ મતાધિકારના પ્રશ્ન પર ૧૪ દિવસના ઉપવાસ કર્યા હતા ત્યારે તેમણે પણ ગાંધીજી પ્રત્યેના આદરથી પ્રેરાઈને ૧૪ ઉપવાસ કર્યા હતા.



● ● ● સ્વ. ડૉ. કેશવલાલ મલુકચંદ પરીખ ● ● ●

૧૯૩૬ની સાલમાં અમદાવાદ ખાતે જૈન યુવક પરિષદ ભરવામાં આવી અને તેમાં પ્રમુખસ્થાન અંગે મારે અમદાવાદ જવાનું થયું ત્યારે એ પરિષદના યોજકોમાંના તેઓ એક હોઈને, તેમની સાથે મારે પ્રથમ પરિચય થયો. આ પરિષદ એ દિવસોમાં જૈન સમાજના સ્થિતિચુસ્ત વર્ગ સામે ચાલી રહેલા જોરદાર આંદોલનના એક અંગરૂપ હતી. આ યુવકપ્રવૃત્તિમાં તેમણે ઘણા સમય સુધી સારો સાથ આપ્યો હતો.

ડૉ. કેશવલાલ અથવા તો નિકટતાના કારણે 'કેશુભાઈ' ના નામથી મારો તેમની સાથે વ્યવહાર હતો તેમની સાથેનો મારો સંબંધ આજ સુધી એક સરખો સ્નેહભર્યો જળવાઈ રહ્યો હતો અને તે રીતે તેમને નિકટથી જાણવા સમજવાની મને સારી તક મળી હતી. તેમનો કુટુંબ–પરિવાર મોટો હતો. સંતાનમાં છ પુત્રો અને બે પુત્રીઓ હતી. જેવો કુશળ તેમનો ડાક્ટરી વ્યવસાય હતો તેટલો જ કુશળ અને શિસ્તબદ્ધ તેમના સંતાનોનો ઉછેર હતો. તેઓ અત્યન્ત શિસ્તપરાયણ એવા પિતા હતા. દરેક સંતાનની વ્યકિતગત કેળવણી તથા તાલીમ પાછળ તેમની જાતદેખરેખ હતી. પોતાના મોટા દીકરાને ગાંધી–સંસ્કાર મળે એટલે તેને થોડા સમય માટે સાબરમતી આશ્રમમાં રહેવા માટે મોકલ્યો હતો. આનું નામ ડો. મુકુંદભાઈ પરીખ, જેઓ એફ. આર. સી. એસ. છે અને આજે મુંબઈના અગ્રગણ્ય સર્જન છે અને જેમની ડાક્ટરી કુશળતાએ અને હૃદયંગમ માનવતાએ મુંબઈનાં પ્રજાજનોને મુગ્ધ કર્યા છે. તેમના બીજા દીકરા ભાઈશ્રી રમણીકલાલ પરીખ કેંબ્રીજ યુનિવર્સીટીના રેંગલર છે અને હિન્દુસ્તાન પેલીમેંટના એગ્ઝિક્યુટીવ ડીરેક્ટર છે. તેમના ત્રીજા દીકરા ડૉ. નરેશભાઈ મુંબઈના જાણીતા સર્જન છે. તેઓ પણ એફ. આર. સી. એસ. છે. બાકીના ત્રણ પુત્રોએ વિદેશ જઈને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી છે અને પ્રત્યેક અન્ય અન્ય વ્યવસાયમાં સુપ્રતિષ્ઠિત થયેલ છે. બન્ને પુત્રીઓ સારા ઠેકાણે ગોઠવાઈ ગઈ છે.

તેમના દીકરાઓ સમયાનુક્રમે મુંબઈમાં આવીને સ્થિર થતા ગયા. કેશુભાઈ પણ ૧૯૫૨માં પોતાના ડાક્ટરી વ્યવસાયથી નિવૃત્ત થયા અને મોટા દીકરાને ત્યાં પોતાનાં પત્ની સૌ. મણિબહેન સાથે મુંબઈ આવીને વસ્યા. મુંબઈ આવ્યા બાદ તેમના જીવને વધારે ધાર્મિક ઓક લીધો. મુનિ ચિત્રભાનુના સમાગમે તેમને વ્રત્તનિયમ તથા ધર્મ શાસ્ત્રોના અધ્યયન તરફ વાળ્યા. કાંતવાનું તો મુંબઈ આવ્યા બાદ પણ ચાલુ હતું. ખાદી પણ આખર સુધી તેમને વળગેલી હતી.

તેઓ મુંબઈ આવ્યા બાદ અમારું પરસ્પર મળવાનું વધતું ગયું પ્રબુદ્ધ જીવનના તેઓ ચાહક હતા. મુંબઈ જૈન યુવક સંઘના તેઓ સભ્ય હતા. સંઘ દ્વારા યોજાતા પર્યટનોમાં પણ તેઓ અવારનવાર જોડાતા. તેમનામાં ઊંડી જ્ઞાનરુચિ હોઈને ધાર્મિક વ્યાખ્યાનોમાં, પ્રવચનોમાં-જ્યાં પણ તેમની જિજ્ઞાસા તેમને ખેંચી જતી ત્યાં તેઓ જતા, સાંભળતા અને સાર ગ્રહણ કરતા. સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ રસપૂર્વક ભાગ લેતા હતા.

થોડા સમય પહેલાં તેમનાં પત્ની કેન્સરના ભોગ થઈ પડયા અને ગયા નવેંબર માસની ૧૫મી તારીખે તેમનું અવસાન થયું. આ ઘટનાએ તેમને હચમચાવી નાખ્યા. એ જ દિવસોમાં તેમને પ્રોસ્ટ્રેટ ગ્લાન્ડના ચેપની તકલીફ શરૂ થઈ. પત્નીના અવસાન બાદ અઠવાડિયામાં તેમણે ઓપરેશન કરાવ્યું અને તેમાંથી સાજા થયા એમ કહી શકાય. એમ છતાં પણ એ ઓપરેશનથી શરીર ભાંગ્યું તે ભાંગ્યું. આખરે ફેબ્રુઆરી માસની ૧૭મી તારીખે સાંજે તેમણે દુનિયાની આખરી વિદાય લીધી.

શ્રી કેશુભાઈમાં અદ્‌ભુત આકૃત્તિ–સૌષ્ઠવ હતું. ઊંચાઈ પણ ખાસ્સી છ ફીટની. તેઓ કુળપરંપરાગત જૈન ધર્મના અનુયાયી હતા; સચ્ચરિત્ર અને પુરુષાર્થના એક પ્રતીકસમા હતા. તેમની વાણીમાં પ્રેમનો ઉમળકો હતો; વર્તનમાં ઉદાત્તતા અને સૌજન્ય હતું; પ્રસિદ્ધિનો કોઈ મોહ નહિ; સાદું, સીધું, નિરાડંબરી જીવન. તેમનું ગૃહસ્થ–જીવન પરસ્પરનિષ્ઠ, સુખી અને સંતુષ્ટ હતું. છએ પુત્રોની–આઠે સંતાનોની–આબાદી જોતાં જોતાં અને જીવનની કૃતાર્થતા અનુભવતાં તેમણે જીવન પુરું કર્યું. આ રીતે તેમનું જીવન પુરું ભાગ્યશાળી ગણાય. દુઃખ કુટુંબીજનોને જેમણે સ્વસ્થ, જીવન્ત, જાગૃત શિરછત્ર ગુમાવ્યું, અને મારી જેવા અનેકને જેમણે વાત્સલ્યપૂર્ણ સ્વજન મુરબ્બી ગુમાવ્યા. તેઓ ગયા, પણ તેમનું સ્મરણ અનેકનાં દિલમાં ચિરાંકિત બનશે અને કંઈ કાળ સુધી સુવાસ ફેલાવતું રહેશે.

સ્વ. ડૉ. કેશવલાલ પરીખના જીવનની આટલા લંબાણથી વિગતો આપવાનું પ્રયોજન એ છે કે, પંડિત મોતીલાલ નહેરુનો દીકરો જવાહરલાલ નહેરુ હોય એમાં કોઈનવાઈ નથી, કારણ કે જવાહરલાલને જીવનના પ્રારંભથી જ પોતાનો વિકાસ સાધવાની એવી અસાધારણ સગવડો મળી ગઈ કે જેવી સગવડો બીજા કોઈને ભાગ્યે જ મળે. આવા જવાહરલાલને જોઈને આપણા દિલમાં આદર તેમ જ આશ્ચર્ય પેદા થાય, પણ આપણામાંથી કોઈ જવાહરલાલ નિર્માણ થવાની સહજ શકયતા ન જ લાગે, જ્યારે કેશુભાઈના જીવનનો શૂન્યમાંથી થયેલો આટલો બધો સભર વિકાસ આપણામાં એવો વિશ્વાસ અને શ્રદ્ધા પ્રેરે છે કે આપણી અને કેશુભાઈની ઉગમ ભૂમિકા એક સરખી હોઈને, જો આપણે તેમની જેવો પુરુષાર્થ દાખવીએ તો, આપણે પણ આપણા જીવનનો તેમની જેટલો જ ઉત્કર્ષ સાધી શકીએ. સામાન્ય માનવી માટે આવી શ્રદ્ધા અને વિશ્વાસનું ખૂબ મહત્ત્વ છે.–પરમાનંદ

શ્રી જે. કૃષ્ણમૂર્તિ

(ગતાંકથી ચાલુ)

પણ ત્યારબાદ એટલે ૧૯૨૭થી ૧૯૨૯ એમ બે વર્ષ તેમણે ભારે મોટા મંથનકાળમાં પસાર કર્યા; તેમનામાં મોટું પરિવર્તન પેદા થયું. જગદ્‌ગુરુ તરીકે થતી તેમની પૂજા, પ્રતિષ્ઠા અને પ્રભાવના પ્રત્યે તેમના દિલમાં એક પ્રકારની નફરત પેદા થઈ અને છેવટે ૧૯૨૯ની સાલમાં, હોલાન્ડમાં આવેલા ઓમન ખાતે, ભોળા અંધશ્રદ્ધાળુ હજારો ભક્ત-લોકોની સામે, કૃષ્ણમૂર્તિએ 'ઑર્ડર ઑફ ધી સ્ટાર ઈન ધી ઈસ્ટ'ને વીખેરી નાંખ્યો અને એક મોટા મહાલય સાથેની ૫૦૦૦ એકરથી વધારે મોટી એવી જાગીર ઉપરના પોતાના સર્વ હકકોનો ત્યાગ કર્યો અને એ રીતે પૂર્ણ સત્યનિષ્ઠાનો ગુણ જે તેમનામાં ત્યારથી આજ સુધી એકસરખી માત્રામાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે તેનું તેમણે આ રીતે સૌથી પ્રથમ વાર આપણને દર્શન કરાવ્યું. આ ઘટના અંગે કેટલાંક વર્ષો બાદ બોલતાં તેમણે જણાવેલું કે તે ઘડી સુધીનું તેમનું જીવન, જાણે કે પોતે સ્વપ્નાવસ્થામાં હોય તે રીતે, તેમણે વ્યતીત કર્યું હતું અને પોતે એકાએક જાગૃત થયા હતા. જાણે કે, થીઓસોફિસ્ટો ઉપર તેમણે જાદુ કર્યું હોય એમ, હવે જ્યારે કૃષ્ણમૂર્તિએ 'ઑર્ડર ઑફ ધી સ્ટાર ઈન ધી ઈસ્ટ'-નું વિસર્જન કર્યું હતું ત્યાર પછી પણ તેઓ હજુ સુધી ખરેખર World-Teacher-જગદ્‌ગુરુ-હતા કે નહિ તે જાણવાની સાથી થીઑસોફીસ્ટો અપેક્ષા રાખતા હતા. આ થીઑસોફીસ્ટોના મનનું વર્ષોથી આ જ પ્રકારનું ઘડતર કરવામાં આવ્યું હતું અને એક સંપૂર્ણપણે પ્રમાણભૂત પુરુષ તરીકે કૃષ્ણમૂર્તિના શબ્દને સ્વીકારવાને આ થીઓસોફીસ્ટોને તૈયાર કરવામાં આવ્યા હતા. પણ કૃષ્ણમૂર્તિ આ સંબંધમાં કશું પણ કહેવા માગતા નથી. તેમણે પ્રતિનિધિઓને એટલું જ જણાવેલું કે, હું કોણ છું તેનું કોઈ ખાસ મહત્ત્વ નથી. પોતે અન્ય કોઈને પ્રમાણભૂત તરીકે માનવામાં-સ્વીકારવામાં માનતા નહોતા, અને પોતાની આસપાસ કે પોતાની વિરુદ્ધમાં કોઈ એક સંપ્રદાય ઊભો થાય એમ તેઓ ઈચ્છતા નહોતા. આમ છતાં પણ, એમ લાગે છે કે, પોતે જગદ્‌ગુરુ હોવાની ભ્રમણાનો કાંઈક અંશ તેમનામાં હજુ પણ રહ્યો હોય, કારણ કે પોતે સત્યના જ્ઞાતા છે એ માન્યતા તેમણે કયારેય છોડી નથી અને પોતા અંગેની નીચેની જાહેરાતમાં તેમણે એ જ ભાવ વ્યકત કર્યો છે:-

"હું એમ કહેવા માગું છું કે સત્ય એ પંથવિનાનો પ્રદેશ છે અને કોઈ પણ સંપ્રદાય કે પંથને અનુસરવાથી તમે એ સત્યને કદિ પણ પ્રાપ્ત કરી શકો એમ છે જ નહિ. ... કારણ કે હું સમગ્ર સત્ય છું ... જેઓ મને સમજવા ચાહે છે તેઓ મુકત બને એમ હું ઈચ્છું છું, તેઓ મને અનુસરે એમ નહિ. ... હું કે જે મૂર્તિમાન સત્ય છું તેને અનુસરવાનો દાવો કરનાર દંભી લોકોનું મને શું પ્રયોજન છે?"

આ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે કે વધારે પડતી નમ્રતા એ કૃષ્ણમૂર્તિની ત્રૂટિઓમાંની એક નથી, અને સત્ય શું છે તે તેઓ આજ સુધીમાં કદિ પણ સ્પષ્ટ આકારમાં જણાવી શકયા ન હોય તો તે માટે કદાચ તેઓ નહિ પણ આપણે દોષપાત્ર છીએ.

કૃષ્ણમૂર્તિએ 'ઑર્ડર ઑફ ધી સ્ટાર ઈન ધી ઈસ્ટ'નું વિસર્જન કર્યું તે સાથે તેમણે થીઓસોફીકલ સોસાયટી સાથે, કો-મેસનરી સાથે અને લીબરલ કેથૉલિક ચર્ચ સાથેનો-જે સંસ્થાઓએ નવા જગદ્‌ગુરુના આગમનમાં રસ દાખવ્યો હતો તે સર્વ સંસ્થાઓ સાથેનો-પોતાનો સંબંધ તોડી નાખ્યો. તેના ભાવી અનુયાયીઓમાંના ઘણા ખરાએ તેમનો ત્યાગ કર્યો હતો, પણ થોડા લોકો, તેઓ શું કહેવા માગે છે તે સાંભળવા, સમજવા માટે તેમને વળગી રહ્યા હતા. જેઓ આ રીતે તેમને વળગી રહ્યા હતા તેઓ વિષે એમ કહી શકાય કે, આ સર્વ લોકો ખરી રીતે કૃષ્ણમૂર્તિ શું કહે છે તેથી નહિ પણ તેમના અદ્‌ભૂત શારીરિક સૌન્દર્યથી, અને તેમના વ્યકિતત્ત્વની તેજસ્વીતાથી પ્રભાવિત બન્યા હતા. કૃષ્ણમૂર્તિની આ વિશિષ્ટતા પણ ધીમે ધીમે હવે ઓસરી ગઈ છે અને આ સંબંધમાં કેટલાક એમ કહે છે કે, તેમણે ઑર્ડર નું વિસર્જન કર્યું-તેનો ઈનકાર કર્યો તેથી અદૃષ્ટ મહાત્માઓએ તેમના ઉપરની કૃપા પાછી ખેંચી લીધી છે અને પરિણામે કૃષ્ણમૂર્તિની પહેલાંની તેજસ્વીતા વિલીન ગઈ છે.

આ જે હોય તે, ત્રીશ વર્ષથી પણ વધારે સમયથી કૃષ્ણમૂર્તિ વાર્તાલાપો કરતાં કરતાં આ દુનિયાની પ્રદક્ષિણા કરી રહ્યા છે અને એમ છતાં તેઓ એમ જણાવે છે કે પોતાને કોઈ ખાસ સંદેશો જગતને આપવાનો નથી! અલબત્ત, આ તેમનું કહેવું હાસ્યાપદ જેવું લાગે છે. તેમનો સંદેશ એ છે કે આપણે બધા ધર્મસિદ્ધાન્તોનો, બધા ધર્મગુરુઓનો અને બધા આધ્યાત્મિક લેખાતા મહાપુરુષોનો ત્યાગ કરવો જોઈએ, અસ્વીકાર કરવો જોઈએ, કારણ કે તો જ આપણું મન મુકત બની શકે. એક વખત કોઈએ તેમને પૂછ્યું કે "આમ તમે દુનિયામાં શા માટે ભ્રમણ કરો છો અને વાર્તાલાપો યોજો છો? શું, આ બધું આત્મ-પરિપૂર્તિ માટે છે? અથવા તો એમ કરવાથી લોકોને તમે મદદરૂપ થઈ શકો છો એમ તમે માનો છો?" કૃષ્ણમૂર્તિ આવા સવાલોના સીધા જવાબ આપતા નથી, કારણ કે તેઓ સત્તાવાર-અધિકૃત નિવેદનો કરવા માગતા નથી. તો પછી ઉપરના સવાલનો તેઓ જે કાંઈ જવાબ આપશે તે આ મતલબનો હશે કે કોઈ પુષ્પને પણ એવી જ રીતે પૂછી શકાય છે કે તે સૂર્યપ્રકાશમાં કેમ ખીલી ઊઠે છે? "માત્ર જે મન એમ જાણે છે કે પોતે કશું જાણતું નથી, જે પોતાના અજ્ઞાન વિષે સંપૂર્ણ સભાન છે-માત્ર આવું મન જ ખરી શાન્તિ અનુભવી શકે છે."

કૃષ્ણમૂર્તિ કહે છે કે હું બહુ ઓછાં પુસ્તકો વાંચું છું, કારણ કે જો હું બહુ પુસ્તકો વાંચું તો પછી મારે માત્ર second-hand thoughts-બીજાના ઉછીના લીધેલા વિચારો-જ આપવાના રહે. પણ તેમનું તત્ત્વદર્શન વેદાન્ત અને બૌદ્ધદર્શનને બહુ મળતું આવે છે અને બૌદ્ધદર્શન માફક બહુ કડક છે. તેઓ આમથી તેમ તમને વિચારના ચકાવે ચઢાવે છે અને કોઈ પણ બાબત કરવા માટે કે કોઈ પણ બાબતને વળગી રહેવા માટે તેઓ કશો અવકાશ રહેવા દેતા નથી. એક સત્યલક્ષી જિજ્ઞાસુ અકળાઈને બૂમ પાડી ઉઠયો કે "તમે મારું બધું જ ઝૂંટવી લ્યો છો, મારી અહંતાઓ, ખ્યાતિ મેળવવાની મારી કામના, કાંઈક કહેવા વિચારવાલાયક ખ્યાલોને આગળ ધરવાનો મારો આવેગ-આ બધાથી તમે મને વંચિત કરો છો? આ બધું ન હોય તો પછી મારે કરવું શું?"

શું ખરેખર! બૌદ્ધધર્મીઓ માફક તેઓ એમ જણાવે છે કે, સર્વ કાંઈ ક્ષણિક છે, પરિવર્તનશીલ છે અને આનો પ્રત્યક્ષ અનુભવ કરવો તે જ પ્રજ્ઞા અથવા તેઓ જેને "સર્જનશીલ મન' Creative mind' કહે છે તે પ્રાપ્ત કરવા બરોબર છે. તેમણે જણાવ્યું છે કે "ખરેખર જેમાં સાતત્ય છે તે કદિ પણ સર્જક હોઈ શકતું નથી. માત્ર તે જ મન કે જે ક્ષણ પ્રતિ ક્ષણ સર્વ કોઈ પ્રત્યે મૃત્યુનો અનુભવ કરે છે તે જ મન મૃત્યુ શું છે તે ખરા અર્થમાં જાણે છે. માણસે મનથી ઉપર ઉઠવું જોઈએ. Reality શું છે-સત્ય શું છે-તે શોધવા માટે જે પરંપરામાં માણસ ઉછર્યો હોય છે તે પરંપરામાંથી પોતાની જાતને સર્વથા મુકત કરવી જોઈએ-અને આ કાર્ય ખરેખર અસાધારણ મુશ્કેલીભર્યું છે. પણ ત્યારે જ મનન સીમિત માપથી ઉપર ઉઠવાનું-ઊંચે જવાનું-અને જે અમાપ છે, જે અનુપમેય

છે તેનો અનુભવ કરવાનું શક્ય બને છે." બૌદ્ધધર્મીઓ માફક તેમણે પણ કહ્યું છે કે જીવન દુ:ખસમુચ્ચય છે. "આપણે જન્મ્યા ત્યારથી આપણે મરીએ ત્યાં સુધી વર્ષ પ્રતિ વર્ષ આપણું જીવન સંઘર્ષ, દુ:ખ, વેદના અને ભયની પ્રક્રિયા માત્ર છે. આપણે આપણા અજ્ઞાનને લીધે દુ:ખ ભોગવીએ છીએ. અજ્ઞાન એ અર્થમાં કે આપણે આપણી જાતને જાણતા નથી. આપણા સ્વરૂપ વિષેના અજ્ઞાનમાંથી વાસના પેદા થાય છે અથવા તો કૃષ્ણમૂર્તિ કહે છે તે મુજબ "જેને આપણે અનુભવ કહીએ છીએ તે પ્રકારની ઈન્દ્રિયજન્ય સંવેદનની શોધ ઉદ્‌ભવે છે." આ વાસનાતૃપ્તિ દ્વારા નિર્માણ થતા અનુભવનો સંચય સમય જતાં ભ્રામક અહં તરફ અથવા તો હુંપણાના કેન્દ્ર તરફ આપણને લઈ જાય છે. "જો તમે બારીકીથી નિહાળશો તો તમને માલુમ પડશે કે એ વૈચારિક પ્રક્રિયા છે કે જેમાંથી હુંપણાનું કેન્દ્ર પેદા થયું છે."' બૌદ્ધધર્મી માફક—કૃષ્ણમૂર્તિ પણ ઉપદેશે છે કે કોઈ કોઈનો ઉદ્ધાર કરી શકતો નથી. તમારો ઉદ્ધાર તમારે પોતાએ જ કરવાનો છે. તેમને અતિપ્રિય એવો ઉદ્‌ગાર આ પ્રમાણેનો રહેતો. "જાઓ અને જાતે કૂવો ખોદો." જે અન્ય પ્રત્યેની આંધળી શરણાગતી ઉપર અને અન્ય સત્તાના સ્વીકાર ઉપર ભાર મૂકે છે એવી 'ગુરૂ' પદ્ધતિ વિષે તેમને અત્યન્ત અણગમો – એક પ્રકારનો તિરસ્કાર છે. "શિક્ષકો અને ગુરૂઓ જે કાંઈ જ્ઞાત છે તે જ માત્ર શિખવી શકે છે, અને જે મન જ્ઞાતના ભાર નીચે દબાયેલું છે તે અજ્ઞાતને કદિ પણ પ્રાપ્ત કરી શકે નહિ." આ જ પ્રમાણે તેઓ કોઈ ધાર્મિક ક્રિયાકાંડ કે શિસ્તપાલનમાં માનતા નથી. "જે મન શાન્તિ શોધે છે અને શાન્તિના ચાલુ રૂઢ ખ્યાલો ઉપર સ્થિર થઈ બેસે છે તે મન ખરા અર્થમાં શાન્ત હોઈ શકતું નથી; તે મન એક ચોક્કસ ચોગઠામાં ગોઠવાયલું છે, તે કોઈ એક ઢાળામાં ઢળાયલું છે અને આવું મન જાગૃત-જીવતું મન નથી; તે નથી નિર્મળ કે નથી ચૈતન્યવન્તુ; માત્ર જે મન નિર્મળ છે, તાજગીથી ભરેલું છે, શોધ કરવાને સર્વથા મુકત છે તે જ મન સર્જનશીલ બની શકે છે."

આપણને અનુભવ દ્વારા કશું પ્રાપ્ત થતું નથી, કોઈ સત્ય લાધતું નથી. ભૂતકાળ મરી ગયો છે. "સત્ય તે તો બધા ભાર–બોજથી મનને મુકત કરવાથી પ્રાપ્ત થતી awareness–સજાગપણું છે."

તો પછી આવી કોઈ ફરિયાદ કરે કે "તમે ભારે ભંજક છો, ભારે નિષેધવાદી છો. તમે અમારું બધું લઈ લ્યો છો પણ તેના બદલામાં તમે આપો છો શું ?.... માણસની નબળાઈ અંગે, ક્ષતિ અંગે શું તમારે વધારે ઉદાર થવું ન જોઈએ?" તો એમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું છે ખરું? પણ કૃષ્ણમૂર્તિમાં આવી નબળાઈ માટે કોઈ કુણાપણું નથી. તેઓ એમ કહેશે કે નબળો નબળાની ભલે સંભાળ લે; માણસની નબળાઈ સાથે મને કોઈ નિસબત નથી. જે બળવાન હોય તેણે સંચિત અનુભવોના સંસ્કારથી મુકત એવા સજાગપણાના અભ્યાસ વડે અહંના ભ્રામક કેન્દ્ર સાથે સધાયલી આત્મીયતામાંથી મુકિત મેળવવી ઘટે. બૌદ્ધો આ સજાગપણાને mindfulness કહે છે.

દિલ્હીમાં હું તેમને પહેલી વાર સાંભળવા ગઈ ત્યારે શ્રોતા-સમુદાયમાંથી પૂછાતા સવાલોનો તેઓ જવાબ આપતા હતા. શમિયાણાના એક છેડે એ ઊંચા આસન ઉપર બેઠેલા, સાઠથી સીતેર વર્ષ વચ્ચેની ઉમ્મરના ભૂખરા વાળ વાળા તેમને મેં જોયા અને તેમની આજની મુદ્રામાં તેમની આગળની સુન્દર મુખાકૃતિની ઝાંખી થતી હતી. તેમની આંખો ચમકતી હતી અને તેમના મોઢાની નીચેનો ભાગ નબળો દેખાતો હતો અને પ્રોફાઈલમાં એક કૃપાપરાયણ ધ્રુવ-નો ભાસ થતો હતો. જ્યારે સૌથી પહેલો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેઓ પૂરી શાન્ત અને સ્વસ્થતાપૂર્વક બેઠા હતા.

કોઈ એક જણે પૂછવાની હિમત કરી કે "આત્માના પુનર્ભવમાં તમે માનો છો?" ભૃકુટી ચઢાવીને તથા હોઠ દબાવીને તેઓ બોલ્યા "આ તો ભારે અદ્‌ભુત સવાલ છે." એમનો અવાજ સામાને એટલો બધો દબાવી દે એવો હતો કે જ્યારે "આ અણુયુગમાં જીવનને કેવી રીતે ગોઠવવું?" એવો સવાલ અન્ય કોઈએ કરવાની હિમત કરી ત્યારે મને ભારે આશ્ચર્ય થયું. આ બે સવાલોમાંના એકેનો જવાબ આપવાનું કૃષ્ણમૂર્તિએ ઉચિત ધાર્યું નહિ. ત્રીજી વ્યકિતએ ફરીથી પ્રયત્ન કર્યો, "સજાગપણું–Awarenass - શું છે?" કૃષ્ણમૂર્તિએ સ્પષ્ટ અને સંપૂર્ણપણે શુદ્ધ એવા અંગ્રેજીમાં જવાબ આપ્યો. એક પંડિત જવાબ આપે એવી રીતે સ્પષ્ટ અને સચોટ શબ્દોમાં તેમણે જવાબ આપ્યો કે "તમારા પ્રશ્નોને ટાળવા માંગું છું એવી છાપ તમારા ઉપર પડે એમ હું નથી ઈચ્છતો. આ બધા પ્રશ્નોને આપણે એકઠા કરીએ અને તેમાંથી કોઈ સમાન અર્થ નીકળે છે કે નહિ તે આપણે જોઈએ." અને ચર્ચાના વિષયને ધીમે ધીમે ગૂંચવતાં ગૂંચવતાં તેમણે પ્રજ્ઞા વિષે કહેવા માંડયું. કોઈએ તેમને પ્રજ્ઞા વિષે પૂછ્યું જ નહોતું, તેઓ તે વિષે જ ચર્ચા કરવા માંગતા હતા. તેમણે જણાવ્યું.

"આપણે આપણાં બાળકોને સારું શિક્ષણ આપવા માંગીએ છીએ, ખરું કે નહિ? પણ આજનું શિક્ષણ આપણને બુદ્ધિમત્તા આપે છે ખરું? આજનું શિક્ષણ સર્જક ચિન્તનની અટકાયત કરતું હોઈને બુદ્ધિમત્તાને શું ખરી રીતે રૂંધી નાખતું નથી...?" ચોક્કસ અવાજમાં તેમની વાણી વહેતી રહી. તેનાં ચરણો આગળ સાડીમાં સજ્જ થયેલી કેટલીક પાશ્ચાત્ય સ્ત્રીઓનું જૂથ બેઠું હતું અને તેમને એકધ્યાનથી અને ભકિતભાવપૂર્વક સાંભળી રહ્યું હતું. શ્રોતાસમુદાયમાંથી કેટલાક અધીરાઈ દાખવતા હતા. મને એકાએક કૃષ્ણમૂર્તિ ઉપર કંટાળો આવવા લાગ્યો, હું ઊભી થઈ અને ચાલતી થઈ.

અનુવાદ : (અપૂર્ણ) મૂળ અંગ્રેજી :
પરમાનંદ **શ્રીમતી એની માર્શલ**

ભારતનાં ભયસ્થાનો

'હિંસાની વિરુદ્ધમાં પ્રજામત જાગૃત થવો જ જોઈએ.'

(તા. ૮-૧-૬૭ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલા લેખનો અનુવાદ).

છેલ્લાં ૨૦ વર્ષથી ભારતમાં, પશ્ચિમના દેશો જેને માને છે, તેવી લોકશાહી અમલમાં છે. પુખ્ત મતાધિકારનાં પાયા પર અને મુકત તથા ગુપ્ત મતદાન દ્વારા દર પાંચ વરસે લોકોએ ચૂંટેલાં પ્રતિનિધિઓ એક બીજાની સાથે ચર્ચા-વિચારણા કરીને નિર્ણયો કરે, એ આ લોકશાહીનો મૂળભૂત સિદ્ધાંત છે.

એ ખરું છે કે, બ્રિટન-અમેરિકાની જેમ હજી સુધી આપણે ત્યાં દ્વિ-પક્ષીય પદ્ધતિ વિકસી નથી. અને એ પણ સાચું છે કે, કેરળ સિવાય ઘણાખરા પ્રાન્તોમાં કૉંગ્રેસને જ મોટી બહુમતીઓ મળેલી છે, પણ તે માટે કેટલાંક ઐતિહાસિક કારણો છે.

આપણે ત્યાં જે રીતે લોકશાસન ચાલી રહ્યું છે તેની બીજી એક બાજુનો વિચાર કરીએ. સંરક્ષણ ધારાના ચાલુ રહેવા વિષે ઘણી વાતો ચાલે છે. છેલ્લાં ચાર વર્ષથી સરકારે સંરક્ષણ ધારા હેઠળ લોકોને પકડવાની સત્તાનું શસ્ત્ર તૈયાર રાખ્યું છે, પરંતુ રાજકીય નેતાઓ કે પક્ષો સામે આ સત્તાનો ઉપયોગ ભાગ્યે કવચિત જ કર્યો છે. ડાબેરી સામ્યવાદી પક્ષ પર સરકારે પ્રતિબંધ મૂક્યો નથી એ જ એક હકીકત પુરવાર કરે છે કે સરકાર એ શસ્ત્રનો ઉપયોગ કરવામાં કેટલી સજાગ છે.

સરકાર અને અખબારોના સંબંધો જોઈએ. પાકિસ્તાન જેવા બીજા એશિયાઈ દેશોની સરખામણીમાં આપણે ત્યાં ભારતમાં વર્તમાન-પત્રો સ્વતંત્ર છે. તાજેતરમાં દિલ્હી ખાતે મળી ગયેલી ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટીટયૂટ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાની બેઠકમાં પણ તેના પ્રતિનિધિઓએ ભારતનાં અખબારી સ્વાતંત્ર્યને અંજલિ આપી હતી.

આટલું વિચાર્યા પછી, નિર્ણયો લેવાની પદ્ધતિ વિષે વિચારીએ

તો જણાશે કે કે કૉંગ્રેસ પક્ષની અંદર નિર્ણયો લેવાની પદ્ધતિ સહેજ બદલાઈ છે. આચાર્ય કિપાલાણીએ કહ્યું છે તેમ કોંગ્રેસ રાજકર્તા પક્ષ હોઈને તેણે લીધેલાં નિર્ણયો સમગ્ર દેશને અસર કરે છે. કોંગ્રેસ પક્ષની અંદર નિર્ણયો લેવાની લાંબી પ્રક્રિયાના જુદા જુદા તબક્કા છે અને દરેક તબક્કે લોકોના પ્રતિનિધિઓ પોતાનો અવાજ રજૂ કરી શકે છે. જોકે પંડિત જવાહરલાલ નહેરુના સમયમાં એમનો મત એ આખરી નિર્ણય બની રહેતો. તેઓ લગભગ એક સરમુખત્યાર જેવા હતા. તેઓએ પોતાની જાતને સત્તાસ્થાને ઠોકી બેસાડી હોવાનાં કારણે નહીં, પણ પ્રજાએ પોતે જ તેમનામાં દર્શાવેલાં વિશ્વાસના કારણે. તેમની પછી લાલબહાદુર શાસ્ત્રીએ કોન્સેન્સસની સમગ્ર અભિપ્રાય તારવવાની પદ્ધતિ અજમાવી અને તેણે સારું કામ આપ્યું. શાસ્ત્રીજી પછી શ્રીમતી ઈન્દીરા ગાંધી અને કૉંગ્રેસ પ્રમુખ શ્રી કામરાજ સંયુક્તપણે આ પદ્ધતિને અપનાવીને કાર્ય કરી રહ્યા છે.

શ્રી માઈકલ બ્રેશરે Succession in India નામના પોતાના પુસ્તકમાં ભારતમાં સત્તાનાં બદલાતાં જતાં વલણોની સમીક્ષા કરી છે અને તેઓ એવા નિર્ણય પર આવ્યા છે કે ભારતમાં સત્તાની ફેરબદલીની પદ્ધતિ મૂળભૂત રીતે ઈંગ્લાંડમાં છે તેવી જ છે.

લોકશાહીની જે પ્રથા ભારતમાં અને પશ્ચિમનાં દેશોમાં જાણીતી થઈ છે, તે એશિયા-આફ્રિકાનાં મોટા ભાગનાં દેશોમાં ઓછે વત્તે અંશે નિષ્ફળ ગઈ છે. ભારતમાં આજે આપણે ચોથી સામાન્ય ચૂંટણીઓ—કે જેમાં લગભગ ૨૪ કરોડ મતદારો મતદાન કરશે—ને આરે આવીને ઊભા છીએ, ત્યારે લોકશાહીનાં સરળ અમલ આડે અનેક અવરોધો ડોકાવટ કરતા નજરે પડે છે. શું આપણે લોકશાહી સામેના પડકારને ઝીલી શકીશું, કે પછી આપણે પણ આફ્રિકાને રસ્તે જઈશું ?

ભારતમાં લોકશાહીને પડકારતાં ભયસ્થાનો કયાં કયાં છે ? હિંસામાં માનનારા અને હિંસક તથા નૈતિક મૂલ્યો વિનાની પદ્ધતિ દ્વારા રાજકીય ફેરફારો લાવવા માંગતા રાજકીય પક્ષો અને બીજાઓ એવાં તત્ત્વોની હયાતી એ જ મુખ્ય ભયસ્થાન જણાય છે. આ પ્રકારની હિંસક વિચારસરણીઓની હસ્તી અને વિકાસ ખુલ્લંખુલ્લાં દેખાતાં નથી; તેમ છતાં પણ તેઓ કાંઈ ઓછાં જોખમી નથી. બીજું એક તત્ત્વ, જે જરા ઓછું જોખમી જણાય છે, પરંતુ હમણાંથી વધારે વિસ્તરેલું છે, તે ગેરવ્યાજબી દબાણનું છે. ઉપવાસો, બંધો, સમૂહ-હડતાળો વગેરે એ પ્રકારની પદ્ધતિઓ છે કે જે સામાન્ય નાગરિકના હક્કોની છેક જ ઉપેક્ષા કરે છે અને જાહેર પ્રજાને પારાવાર તકલીફમાં મૂકે છે.

હું એમ કહેવા નથી માગતો કે લોકો ફરિયાદો જ ન કરે અથવા પોતાની માંગણીઓ રજૂ ન કરે. પરંતુ કોઈ પણ પ્રશ્નના નિરાકરણ માટે ચર્ચા, મધ્યસ્થી કે લવાદી એ જ સૌથી વધારે વ્યાજબી રીત છે. નિર્દોષ નાગરિકોને એમાં સંડોવવા અને તેમનાં પર ત્રાસ ગુજારવો એ તો માતાને શિક્ષા કરવા માટે બાળકને ભુખ્યું રાખવા જેવું છે.

સાચી લોકશાહીનું ત્રીજું ભયસ્થાન કોમવાદ અને જ્ઞાતિવાદ છે. સેલિગ હેરિસને તેનાં એક પુસ્તક The Dangerous Decade માં ભારતમાં ચૂંટણીઓનાં પરિણામોની ભારે વિશદ સમીક્ષા કરી છે, જેમાં જ્ઞાતિવાદનાં જોખમો જણાવ્યાં છે. ઘણાખરાં પ્રાંતોમાં કોમી ભાવના પ્રથમ સોપાને છે, જ્યારે ગુણવત્તા બીજે કે ત્રીજે સ્થાને છે. ભાષાવાદનું તત્ત્વ પણ છેલ્લે છેલ્લે લોકશાહીનાં ભયસ્થાનોમાં ઉમેરાયું છે કે જે સમગ્ર ભારતનાં સામાન્ય નાગરિકત્વની ભાવનાને ધરમૂળથી ઉચ્છેદે છે.

માત્ર લોકશાહી માટે જ નહીં પરંતુ રાષ્ટ્રીય એકતા માટે પણ આ મુખ્ય ભયસ્થાનો છે. દા. ત. પંજાબી સૂબા માટેની આખી ચળવળ છેવટે તો શિખીસ્તાન માટેની જ ચળવળ હોવાનું પૂરવાર થયું છે. આ બધાં વધતા જતાં જોખમોના પરિણામે એમ લાગ્યા વિના રહેતું નથી કે આપણે ક્યાંક મોટી ભૂલ કરી છે. આપણે એમ માન્યા જ કર્યું કે આપણે ત્યાં રાષ્ટ્રીય એકતા છે જ, અથવા તો સ્વદેશાભિમાન પ્રાંતવાદને દબાવી શકશે, અથવા તો સમગ્ર દેશ માટેની એક કોઈ ભાષાની ભાવના અંગ્રેજી તથા માતૃભાષાની ભાવના કરતાં બળવત્તર પુરવાર થશે, અથવા તો રાષ્ટ્રના હિતની સામે આપણે આપણી નાતજાતને ભૂલી જઈશું અથવા તો અહિંસા ઉપર ગાંધીજી જે ભાર મૂકતા હતા તેનું આપણે નિષ્ઠાપૂર્વક અનુસરણ કરીશું અને ઉપવાસો ને દુરાગ્રહો દ્વારા આપણી ઈચ્છાઓને સામા પર લાદવાને બદલે દલીલો દ્વારા આપણા પ્રશ્નોનો ઉકેલ શોધીશું.

પરંતુ આપણે કબૂલ કરવું જોઈએ કે આ બધું માની લેવામાં આપણે ખોટા ઠર્યા છીએ. હવે આપણે છેક નવેસરથી શરૂઆત કરવી જોઈશે અને સામાન્ય જનસમૂહને આ સત્ય સમજાવી દેવું પડશે કે અહિંસા, અસાંપ્રદાયિકતા, સ્વદેશાભિમાન અને સંગઠ્ઠનની ભાવનાઓને અવગણીને આપણે દેશનું મોત અને એક અથવા બીજા પ્રકારની ગુલામીને જ નોતરીશું.

લોકશાહીમાં શ્રદ્ધા ધરાવનારાં સૌ માટે હવે, ધાકધમકી કે બળજબરીથી ધાર્યું કરાવવાની પદ્ધતિ સામે, એક મજબૂત પ્રજામત ઊભો કરવાનો સમય આવી ગયો છે. સરકારે પણ આવી ધાકધમકીઓને કોઠું નહીં આપવાની નીતિમાં મક્કમ રહેવું એટલું જ જરૂરી છે. કાર્યક્ષેત્રનાં દરેક તબક્કે—ને ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં—સામસામાં પક્ષોને ચર્ચાનાં ટેબલ પર લાવવા માટે અને તેમ કરવામાં સફળતા ન મળે તો પછી મધ્યસ્થી કે લવાદી જેવી વિવેકપૂર્ણ પદ્ધતિ દ્વારા ઉકેલ શોધવા માટેની વ્યવસ્થા થવી જોઈએ.

પ્રજાને લોકશાહી માટે તૈયાર કરવાનો આ કાર્યક્રમ એક મહત્ત્વનો રચનાત્મક પ્રયત્ન છે એમ લાગવું જોઈએ અને દરેક ક્ષેત્રમાં એનો અમલ થવો જોઈએ. લોકશાહી એક જીવનની પદ્ધતિ છે અને સમાજના દરેક સ્તર પર અને દરેક કાર્યમાં એ વણાઈ જવી જોઈએ.

આજે એવી આબોહવા સર્જાઈ છે કે જેમાં દરેકને એમ લાગે છે કે ધમકીઓ આપવાથી ધાર્યું કામ કરાવી શકાશે. આ એક કમનસીબી છે. આ આબોહવાને આપણે બદલવી જ પડશે ને જેટલી સરકારની તેટલી જ વિરોધ પક્ષોની અને તેટલી જ સામાન્ય નાગરિકોની પણ એ ફરજ છે.

ભારતે કોમવાદ અને જ્ઞાતિવાદનાં, વહેમો ને અંધશ્રદ્ધાઓનાં જૂના ચોગઠામાંથી બહાર નીકળીને વિજ્ઞાન તથા યંત્રવાદની દુનિયામાં પગ મૂકવો જ પડશે, કે જેનાં સત્યો વેદાંતનાં મૂળ તત્ત્વોની વધારે નજીક છે, ને જેનાં નૈતિક મૂલ્યો જીવનની એકતાની પ્રતીતિ ઉપર આધારિત છે. તે જ ને માત્ર તે જ રસ્તે ભારત વિશ્વબંધુત્વને માર્ગે પ્રયાણ કરી શકશે.

—રાજકારણમાં એનો જ અર્થ છે "વિશ્વ લોકશાહી"!

અનુવાદક: મૂળ અંગ્રેજી:
શ્રી સુબોધભાઈ એમ. શાહ **શ્રી આર. આર. દીવાકર**

૧૯૬૭થી સભ્યના લવાજમમાં વધારો

૧૯૬૭ના જાન્યુઆરી માસની પહેલી તારીખથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોના વાર્ષિક લવાજમમાં વધારો કરીને રૂ. ૧૦-૦૦ નક્કી કરવામાં આવેલ છે. આ બાબતની સંઘના સર્વ સભ્યોને જાણ કરવામાં આવી છે. એમ છતાં આ બાબતની સવિશેષ જાણ થાય એ હેતુથી આ જાહેરાતનું પુનરાવર્તન કરવામાં આવે છે. અમો આશા રાખીએ છીએ કે સંઘના સર્વ સભ્યો પૂર્વવત ચાલુ રહેશે અને પોતપોતાનું લવાજમ સંઘના કાર્યાલય ઉપર મોકલી આપશે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ.**

મહાપ્રસ્થાનના પથ પર–૨૨

આ તેત્રીસ દિવસના લાંબા ગાળામાં, મને જે અનેક યાત્રીઓનો સંબંધ થયો હતો, તેમની વાત હું વિચારતો હતો. આજ જો તેઓ મને જુએ તો ઓળખી નહિ શકે. તેત્રીસ દિવસ સુધી જે માણસ ઓછાબોલો, નિર્લિપ્ત ને ઉદાસી હતો, આજે એની શકલ બદલાઈ ગઈ છે. જે માણસ વિનાની, છોતીઆલ, ગુપ્તકાશી, રામવાડા, ઉખીમઠ વગેરે આગળનો ચઢાણનો રસ્તો મોઢું બંધ કરીને કાપે છે, આજે એનું આ શૌખીન અશ્વારોહણ–તે જોઈને તેઓ ખરેખર અવાક બની જાય છે. તેઓ એમ માનતા હતા. કે, હું પથ્થરની મૂર્તિ જેવો કઠણ છું, મારા જેવો કષ્ટ સહન કરવાવાળો, ને તંદુરસ્ત યાત્રી આ વર્ષે તો એક પણ આવ્યો નથી. તેઓને કદાચ મને જોઈને પણ વિશ્વાસ ન બેસે કે હું કુવારાની જેમ વાચાળ બની ગયો છું. મારા મનના આકાશમાં રંગની લીલા થઈ રહી છે. મારો સંન્યાસીનો વેષ સરી પડયો છે. અપરિચિતા એક સ્ત્રીની સાથે જંગલને રસ્તે હું ઘોડા પર જાઉં છું. મારી બદરીકાશ્રમની યાત્રા પુરી થઈ હતી. મારો તીર્થનો રસ્તો પણ પૂરો થયો હતો. એમને વિશ્વાસ ન આવે, કારણ કે સંસારનો નિયમ જ એવો છે. આપણે માણસને એક જ ફૂટપટ્ટીથી માપીએ છીએ. સૌને એકજ ઢાંચામાં ઢાળી દઈએ છીએ. જેનો રંગ સફેદ હોય તેને હંમેશને માટે સફેદ રંગથી જ આપણે ઓળખીએ છીએ. જીવનના સહજ વિકાસને ટાળીને જ ચાલવાનો સામાન્ય મનુષ્યનો સ્વભાવ હોય છે, અર્થાત્ માનવધર્મ ફક્ત પરિપૂર્ણરૂપેજ આત્મપ્રકાશ કરવા ઈચ્છે છે. જેઓ નીતિના ગુલામો છે, સમાજના ચાલતા આવેલા સંસ્કારોને જેઓ વેચાયેલા જેવા છે, ચિત્તધર્મને સેંકડો બંધનોથી બાંધી જેઓ જીવનને સંકુચિત કરે છે, વંચિત કરે છે, આત્મવિકાસની તપસ્યા જોડે તેમને પરિચય હોતો નથી.

મનુષ્યની સહજપ્રકૃતિ કેમ બંધનજર્જર છે? સહજ આનંદની ક્ષુધા કેમ નાગપાશથી જકડાઈ છે? આપણું મગજ કેમ ન્યાય-અન્યાયના વિચારથી ભારેખમ બનાવી દેવામાં આવે છે? વિના મુસિબતે જીવવું, સ્વસ્થ મનથી જીવવું એ આપણું ધ્યેય હોય છે. સૂર્યદેવતા તરફ શતદલપદ્મની જેમ વિકસિત થવું એ હોય છે આપણી સાધના; તો પછી શા માટે આટઆટલાં મંદિર, આટલી મસજીદો ને દેવળો ખડકાયાં છે? જેઓ ધર્મની ધજા લઈને ફરે છે, ને નીતિનો પ્રચાર કરે છે, તેઓ શા માટે નિર્બોધ માનવીચોને, અને મૂઢ માનવસમાજને કાયદાની સાંકળથી જકડે છે? મનુષ્યત્વ અને માનવતા શા માટે વારેવારે ધર્મશાસનની બેડી તોડીને ગાંડાની જેમ રણક્ષેત્રમાં દોડી જાય છે? શા માટે થાય છે હિંસા, મારામારી, રક્તપાત, ને સમાજવિપ્લવ? જેઓ યુદ્ધની તૈયારી કરે છે, યુદ્ધ કરે છે, યુદ્ધમાં મરે છે, જેઓ શાન્તિ સ્થાપે છે, તેઓ જ પાછા શાન્તિને તોડે છે. જેઓ આદર્શની પ્રતિષ્ઠા માટે લાખો ખૂનીઓને ઉત્તેજિત કરે છે તેઓ કોણ છે? દેવતા કે શયતાન? મનુષ્યના હૃદયની ભાષા લોકના રણમાં કેમ સૂકાઈ જાય છે? પ્રેમ શા માટે રસ્તા પર રવડી રઝળીને ઉપવાસથી મરે છે? ઘણી તપસ્યાથી મેળવેલું દેવત્વ શા માટે વારંવાર રાક્ષસી હિંસાથી લોખંડના પૈડાં નીચે પ્રતિયુગે કચડાય છે? શા માટે શાંતિવાદ, પ્રેમ, દયા, સ્નેહ, સ્વપ્ન, સૌંદર્યબોધ, દેવત્વ, ચેતના, વગેરે મહત્તર જીવનદર્શનનો સમસ્ત આદર્શ ચૂર્ણવિચૂર્ણ કરીને આત્મઘાતી માનવી વારંવાર સર્વનાશી સ્થૂલ બુદ્ધિને માર્ગે દોડી જાય છે? અને શા માટે પોતે સર્જેલી હિંસા, ઘૃણા, વિદ્વેષ, લોભ, ક્રોધ, ગાંડપણ, એને પાર કરીને માણસ પાછો આનંદને માર્ગે આવી જાય છે? માણસ શું હંમેશને માટે રહસ્યમય રહ્યો નથી?

આજે એ લોકોને મારામાં વિશ્વાસ નહિ આવે. એ લોકોને હું શી રીતે સમજાવું કે શિશિર પછી વસન્ત આવે છે, ને પછી આવે છે વર્ષા. એકવાર નિગૂઢ આનંદ–વિચિત્ર તપસ્યાથી શંકરાચાર્યના ઉત્તરધામને માર્ગે જતો હતો, ભગવાં કપડાં પહેર્યા હતાં, માથા પર જટા જેવા વાળ હતા, સાથે સ્મશાનના ભૂતપ્રેતના દલ હતાં, ને આંખ હતી શંકરના નેત્ર જેવી. ઉતરના પવનથી રોજરોજ મારા હૃદયની અંદર બરફનાં થર પર થર જામ્યાં હતાં કઠણ નિશ્ચલ હિમકણોના ઢગલો. ત્યાંથી ઊતરી આવ્યો ચંચળ વસન્તના ઉપવનમાં, માલતી-મલ્લિકાથી છવાયલી ઉપવનની વીથિકામાં. દક્ષિણના દાક્ષિણ્યમાં મેં માધુર્યનો આનંદ શોધી કાઢયો. અસ્થિમાળાને બદલે મારા અંગેઅંગમાં લાલ પલાશનો ગુચ્છો હતો. માથા પર ઋતુરાજનો સુવર્ણ મુગટ હતો. ચિતાભસ્મને સ્થાને પુષ્પરેણુ હતી. હાથમાં શિંગડાને બદલે વાંસળી આવી ગઈ હતી. વસન્તની ભરતીમાં મારો વૈરાગ્ય તણાઈ ગયો હતો.

રાણીએ કહ્યું : "મારી વાત કહીને મેં તમને દુ:ખી કર્યા, નહિ?" દૂર વિજરાણીચટ્ટીનો દીવો દેખાતો હતો. મેં કહ્યું, "અરે, એમાં શું થઈ ગયું? દુ:ખ જ દુ:ખનો અતિથિ થઈને આવે છે."

"તો ભલે આવવા દો." એણે હસીને કહ્યું, "અચ્છા, તમને યાદ આવે છે રવીન્દ્રનાથનું પેલું કાવ્ય?" એમ કહીને એણે પોતે જ કોમળ કંઠે ગાવું શરૂ કર્યું.

"રાજપથે તમે આવશો ના, પથભર્યો છે તેજે,
પ્રખર તેજે.
સહુથી અજાણ્યું હે મારા વિદેશી,
તમને ન જુએ પેલા પડોશી,
હે મારા સ્વપ્નવિહારી.
તમને પિછાણીશ પ્રાણને પુલકે,
ઓળખીશ સજલ આંખને પુલકે,
જાણીશ હે વિરલ નિહાળીનિહાળી
પરમ પુલકે
આવજો પ્રદોષની છાયામાંહી, આવશો ના પથના તેજે
પ્રખર તેજે.

હસીને મેં કહ્યું, "ગીત તમારા કંઠમાં શોભે છે. અચ્છા, તો હું હવે આગળ જાઉં."

ઘોડાને દોડાવવાની મેં કોશિષ કરી, પણ એને દોડાવવો સહેલો નહોતો. એને મારીએ એટલે થોડો ચાલે, પણ જેતજેતામાં એની ગતિ મંદ પડી જાય. એમ કરતાં કરતાં જ્યારે ચટ્ટીની પાસે આવી પહોંચ્યો, ત્યારે સારી પેઠે અંધકાર જામ્યો હતો. સામેજ પાસેપાસે બે ઘરો હતાં. એમાં ઝરૂખા હતા, પહેલી ચટ્ટીની નીચે એક ખાવાની દુકાન હતી,–એટલે રાત તો સારી રીતે વીતશે એમ લાગતું હતું, ચારેબાજુ જાતજાતનાં વૃક્ષોનું જંગલ હતું, પાછળની બાજુ ખુલ્લા મેદાન જેવી જગા હતી, રસ્તાની પેલી બાજુ એક સુંદર ઝરણું વહેતું હતું. થોડા સમય પૂર્વે જ અહીં વરસાદ પડયો હતો, બધે પાણી પાણી થઈ ગયું હતું.

ચૌધરીસાહેબ એમના રસાલા જોડે હાજર થઈ ગયા. પહેલી ચટ્ટીને બીજે માળે બધાએ આશરો લીધો. પાસેના જ ખંડમાં એક હિન્દુસ્તાની અને એક મારવાડીનો રસાલો આવી પહોંચ્યો. ઘોડાઓને મહેન્દ્રસિંહ અને પ્રેમવલ્લભ પાણી પીવડાવવા ને ઘાસ ખવડાવવા ક્યાંક લઈ ગયા. મોડી રાત્રે ઘોડાઓને પાછા લાવવાનું એ લોકો કહી ગયા હતા. સામાન છોડીને બીજા માળના ઓરડાનાં ઝરૂખામાં ચૌધરીસાહેબના રસાલાએ બિસ્તરા બિછાવ્યા, નીચેની પુરીની દુકાનમાંથી ખાવાની વ્યવસ્થા કરી, રાણી એક બાલદી લઈને ઝરણામાંથી પાણી ભરવા ગઈ. જેની ઉમર નાની હોય તેને ભાગે જ વધારે પરિશ્રમ કરવાનો આવે છે.

ખાઈપીને પરવાર્યા પછી ઉંઘવાનું. એટલામાં પેલી દોષદર્શી આંખવાળી ફોઈની જોડે કોઈનો ઝઘડો થયો, એથી એણે પાણી યે ન પીધું, ને ઝરૂખામાં જ કામળો પાથરીને સૂતી. ફોઈની સમસ્ત રસિકતા ને એના હાસ્યની પાછળ એક ઝેરી સાપની ફેણ ફરક્યા કરતી હતી. ખબર પણ ન પડે એ રીતે માણસને ડંખ મારવાની એની વૃત્તિ હતી. પણ આ શાંત પડતાં કોલાહલની પાછળ ઓરડામાં કંઈ પણ બોલ્યા વિના એકીટશે મેં તે દિવસે જે દશ્ય જોયું, તે આજે પણ મારા મનમાં આબેહૂબ જીવતું છે. રાણીએ જે દીક્ષા લીધી હતી, તે અને સવારસાંજ એ જપ કરવા બેસતી હતી તે હું જાણતો હતો, મેં આડી આંખે એ જોયું પણ હતું. પણ એના મુખનો ભાવ આ

પ્રકારનો હતો, તે તો મેં પહેલી વાર જ જોયું. સામે ફાનસનું તેજ ચમકતું હતું. તેની પાસે આસનની ઉપર એ ધ્યાનમાં બેઠી હતી. બન્ને આંખો બંધ હતી. મોઢાની ઉપર અપૂર્વ લાવણ્ય અને દીપ્તિ ઓપતાં હતાં, એટલું જ નહોતું. પણ એ મુખ પર એક પ્રકારનો પ્રશાંત પવિત્રતાનો ભાવ હતો. સંયમ અને સહજ સાધનાનું એક પ્રકારનું અનિર્વચનીય માધુર્ય હતું: આવું તેજોમય રૂપ વિરલ જ જોવા મળે છે. હું નિર્વાક દૃષ્ટિથી એને જોઈ જ રહ્યો. જેઓ માનવીને પહેલી નજરે જ જોઈને એની ટીકા કરવા મંડી જાય છે, તેમની વાત હું કરતો નથી. પણ આની જોડે મારો પરિચય ગણતર દિવસોનો હતો, ને વાતો કરતાં આને વિષે હું અવળું ધારી બેઠો હતો એ મારી ધારણા સાવ ખોટી હતી. કહેવાતી શિક્ષિત સ્ત્રીઓને હું ઓળખતો હતો. આજના સમાજમાં એમની સંખ્યા ઘણી વધી ગઈ છે. એમના ચાલચલણમાં ને આચારવ્યવહારમાં કોલેજી ઢંગ હોય છે, મુખ પર પોલીશ હોય છે, ચરિત્રમાં ચાંચલ્ય ને ચબરાકી હોય છે, છેતરામણું વર્તન હોય છે. એમની આશાઆકાંક્ષાની પાછળનું ગોપન તત્વ મને ખબર છે. તેથી જ શરૂઆતમાં તો એનું મુકત હાસ્ય, બુદ્ધિદીપી વાતો, નિઃસંકોચ વ્યવહાર અને સરસ વાર્તાલાપનું સ્મરણ કરીને ક્યારેક ક્યારેક હું એની તરફ જોઈ ભવાં સંકોચતો. મને મનમાં થતું કે આ પણ એજ પ્રકારની સ્ત્રી છે, એ પેલા જ વિરકિત ઉજવનારા ચરિત્રની પુનરાવૃત્તિ છે, પણ ના. અહીં મારે મારો મત ફેરવવો પડયો. એ રાત, એ અંધારું, એ જાતજાતના યાત્રીઓનો મેળો, આ ટમટમતો દીવો, એની અંદર બેઠાં બેઠાં મારા મને મને કહ્યું, "સાધારણ લોકો જોડે તું એની ગણના કરીશ નહિ, એમાં તો તું જ નીચો પડી જશે. તારી દૃષ્ટિએ સ્ત્રીઓ ભલે ઊંચી ન હોય, તો કાંઈ વાંધો નહિ, પણ તારી આંખના મેલથી એને તું નીચી ન ઊતારતો."

પૃથ્વીમાં આટલી નાસ્તિકતા, સંદેહવાદ, ને નિરાશાવાદ, મનનો આટલો મેલ, ને ચારિત્રનું આટલું અધઃપતન, સાહિત્યમાં સુલભ એવી રંગદર્શીતા ને શોખીન કલ્પના, સત્ય અને ન્યાયના કહેવાતા આદર્શો પ્રતિ મનુષ્યનો આટલો અવિશ્વાસ—એમ છતાં પણ, જે કોઈ સદ્‌ગુણ માનવચરિત્રને ઉજજવળ કરે છે, તેનું મૂલ્ય, આપણે આંકયા વિના છૂટકો નથી. માણસ જે જે ગુણોદ્વારા મહાન બને છે, જ્યાં એ દૃઢ નૈતિક શકિતનો પરિચય આપે છે, ત્યાં આપણે એની સમક્ષ આપણું માથું નમાવીએ છીએ. ત્યાં તર્ક પણ ચાલતો નથી, અવિશ્વાસ પણ રહેતો નથી, એ ઠેકાણે એને ચરણે પડીને આપણે કહીએ છીએ "તમે સાધુ છો. તમે મહાત્મા છો."

રાતે ઠંડી પડી, પણ કામળા સિવાય બીજું કોઈ બિછાનું નહોતું. એટલે એને લઈને જ ઝરૂખાને એક ખૂણે મેં સ્થાન લઈ લીધું. ઉત્તર અને દક્ષિણ દિશાઓ ખુલ્લી હતી, હૂ હૂ કરતો પવન ફૂંકાતો હતો. નીચેની ધાંટાધાંટ શાંત થઈ ગઈ હતી, પાસેનાં હિન્દુસ્તાની દળનાં એક જ સૂરનાં ગીતો પણ થંભી ગયા હતાં, મારી આંખમાં ઉંઘ ભરાવા લાગી. મારા માથા આગળ ચૌધરી સાહેબ સૂતા હતા. ચૌધરીસાહેબ તદ્દન જડ માણસ હતા. એના પગ આગળ પેલી દોષદર્શી આંખવાળી ફોઈ સૂતી હતી. ફોઈના નસકોરાં ધમણની જેમ આવાજ કરતાં હતાં. ઝરૂખાની અંદર બીજી ડોશીઓ હતી. ઓરડાની અંદર દિદિમા અને રાણી હતાં. રાત્રી નીરવ, ને અંધારી હતી. બે દિવસ પહેલાં જ અમાસ હતી. બીજનો ફીકો ચન્દ્ર કયારનો ય પશ્ચિમ આકાશમાં અદશ્ય થયો હતો. ચારે બાજું ઘોર અંધારું હતું. નક્ષત્રો આકાશમાં ઉજજવળતાથી પ્રકાશતા હતા.

હું ઠંડીમાં ટુંટિયું વાળીને સૂતો હતો. કોણ જાણે કેમ પણ મારી ઉંઘ એકાએક ઊડી ગઈ. આજે ચાલ્યો નહોતો, એટલે પરિશ્રમ કર્યો નહોતો. એટલે ઘેરી ઉંઘ આંખમાં આવતી નહોતી. એકવાર આંખ ઉઘાડીને જોયું ને પાછી. આંખ બંધ કરી, પણ પાછી એકાએક આંખ ઉઘડી ગઈ. અંધારામાં ધારીને મેં જોયું, જોઉં છું તો ધીમે ધીમે એક મનુષ્યની છાયા પાસે આવીને, જરા ઊભી રહી, ને પાછી ફરી ગઈ. ઓરડાના અતિક્ષીણ અજવાળામાં પણ મેં રાણીને ઓળખી. કાંઈ અહેતુક આશંકા મારા મનમાં જાગી, પણ આંખ બંધ કરીને હું પડયો રહ્યો.

બીજે દિવસે સવારે બધાની આગળ ઘોડો લઈને હું ચાલ્યો. આગળ આગળ જ નીકળી જવું હું યોગ્ય માનતો હતો. બહાર નીકળતાં હું પાછળ પણ જોતો નહોતો. આગ્રહ પણ દર્શાવતો નહોતો, જાણે કે હું કેટલોયે ઉદાસીન ન હોઉં! અર્ધો રસ્તો વટાવ્યા પછી રાણી પાછળથી આવીને મને સથવારો આપે, તે પછી બન્ને જણ વાતો કરતાં કરતાં જઈએ, એની કોઈને જાણ નહોતી, અર્થાત્ તેઓ અમારી પર ચોકીપહેરો કરતા આવે, કે એમની નજર સામે રાખે તેવું બને એમ નહોતું. એ લોકો પગપાળા આવતાં હતાં. અમે આવતા હતા ઘોડા પર. અમારા આ કલાકૌશલ વિષે ચર્ચા કરતાં અમે પોતે જ હસતાં હતાં. સામાજિક મનુષ્યના મનના ભાવ અમે જાણતા હતા. સ્ત્રીપુરુષનું મુકતમિલન, સહજ મૈત્રી, પરસ્પર સ્વાભાવિક મમતા, એ બધું એમની દૃષ્ટિએ અત્યંત અયોગ્ય ને નિંદાયુકત લાગે છે. સ્ત્રીપુરુષ સંબંધમાં એ લોકોની દીર્ઘકાળથી એક જ ધારણા ચાલતી આવી છે. એમાં કાંઈ જ પરિવર્તન નથી. આ સામાજિક અને કહેવાતા સંસ્કારી વિચારની વિરૂદ્ધ અમે યુદ્ધની ઘોષણા કરતા હતા. એને પરાજિત કરવા માટે અમારો આગ્રહ પણ વધતો જતો હતો, એમના હુકમ, સંદેહ, અને બંધનની ગણના કર્યા વિના અમે ગર્વભેર "કુછ પરવાહ નહિ." કહીને ચાલ્યા જતા, તેઓ અમને પકડી શકતા નહોતા.

તે દિવસે સવારના પહોરમાં જ એણે મને આવીને પકડયો. પાછો ફરીને જોઉં છું તો એની બન્ને આંખમાં ઊંઘ હતી, ગઈ રાતે એને ઊંઘ આવી હોય એમ લાગ્યું નહિ. એના મોઢા પર લાવય હતું. એણે કહ્યું, "ગુડ મોર્નિંગ. છૂ છૂ, જરા આસ્તે ચાલ. તું પણ કેવો નકામો છે? ઓઈ પ્રેમવલ્લભ, બિન્દુને જરા ધમકાવતો. ઘોડો તો ફઈબા કરતાં પણ બદતર છે."

હું હસતો હતો. એણે કહ્યું, "કાલે રાત્રે, મેં તમને અન્યાય કર્યો હતો. મને ખાતરી છે કે તમે મને માફ કરશો."

"શું છે? વાત તો કરો."

એણે શરમાતાં શરમાતાં કહ્યું, "ટાઢથી તમે ટૂંટિયું વાળીને પડયા હતા. હું તમને એક કામળો આપવા આવી હતી. પણ આપવાનું સાહસ કરી શકી નહિ. બે ડગલાં આગળ ચાલીને ત્રણ ડગલાં પાછળ જતી. રાત અંધારી હતી ને? "

હું કાંઈ બોલ્યો નહિ. તેણે કહ્યું, "મને બીક લાગી. સવારે જો તમને ઊઠતાં મોડું થાય તો? લોકો મારો કામળો તમારા શરીર પર જુએ તો શું કહે? ઓ મા! હું શો જવાબ આપું? એના કરતાં તમને ઠંડીમાં ઠુંઠવાઓ એ જ સારું. તમે તો ઘણું સહન કર્યું છે... વારૂ. આ કવિતાની પંકિતઓ તમે ગોખી કાઢો. બદરીનાથના મંદિરમાં બેસીને મેં લખી છે." એમ કહીને ઘોડા પરથી જ એણે મને એક કાગળનો ટુકડો આપ્યો.

કાગળ હાથમાં લીધો. પણ તેણે મારી રાહ જોઈ નહિ. લગામનો આંચકો આપી તેણે પોતાનો ઘોડો આગળ દોડાવ્યો.

તે દિવસે જ્યોતિર્મય પ્રભાત હતું. જંગલમાં સૂર્યદેવ પોતાની ઉજજવળતા ફેલાવતો હતો. એક હાથમાં ઘોડાની લગામ પકડી, બીજે હાથે કાગળ ઉઘાડીને મેં વાંચ્યો.

મારા મૃત્યુથી તમારો થશે જય
મારા જીવનથી તમારો પરિચય.
મારું દુઃખ તો લાલકમળ
ઘેર્યું આજે તમારુ પદતલ.
મારા આનંદનો એ મણિહાર
તમારા મુગટમાં શોભશે એ સાર.
મારા ત્યાગે તમારો થાશે જય
મારા પ્રેમે તમારો પરિચય.
મારું ધૈર્ય એ તમારો રાજપથ
એ વટાવશે વન અને પર્વત.
મારી શકિત તમારો જયરથ
તમારી પતાકા ઉપર ફરફરે.

મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સન્યાન

અનુવાદક: ડૉ. ચંદ્રકાન્ત મહેતા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૬, ૧૯૬૭, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સામાન્ય ચૂંટણીનું પરિણામ એટલે નવયુગનો આરંભ

તા. ૪-૩-૬૭ શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા જૈન સોશિયલ ગ્રુપના સંયુકત ઉપક્રમે ધી ગ્રેઈન ઍન્ડ ઑઈલ સીડ્ઝ મરચન્ટ્સ એસોસીએશનના હૉલમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તાજેતરમાં પસાર થયેલી ભારતવ્યાપી સામાન્ય ચૂંટણીની નીચે મુજબ સમીક્ષા કરી હતી :–

ચૂંટણીનાં પરિણામોની સમીક્ષા

ભાઈઓ અને બહેનો,

જે વિષય અંગે વિચાર કરવા આપણે મળ્યા છીએ તે ઘણો વિશાળ છે, એની જે મુલવણી આપણે કરવાની છે તે, એનાં દૂરગામી પરિણામો જોતાં, અત્યારે સંપૂર્ણ અને સર્વાંગી વિશ્લેષણ કરવું શકય નથી. તેમ છતાં આપણે આ પ્રશ્નનું માત્ર રાજસત્તાની દૃષ્ટિએ જ નહીં પણ દેશના ભાવિની દૃષ્ટિએ મૂલ્ય આંકવા પ્રયાસ કરીશું.

આ વેળાની ચૂંટણી ખરેખર એક ઝંઝાવાત જેવી નીવડી છે. દેશમાં સૌ કોઈને એનાં પરિણામોએ ચોંકાવી મૂકયા છે. અલબત્ત, આ ચૂંટણી ઘણાં આશ્ચર્યો જન્માવશે અને ઘણી રીતે વિશિષ્ટ હશે એવા એંધાણ તો હતાં જ. પણ તેનાં પરિણામો આટલા જબ્બર આઘાતો આપશે એવી કલ્પના નહોતી.

ઘણા લોકો માનતા હતા કે ચૂંટણી વખતે તોફાનો થયા વિના રહેશે નહીં. વળી આ વખતનું મતદાન પણ સમજપૂર્વકનું નહિ થાય એવી યે ઘણા લોકોની ધારણા હતી.

ખુશીની વાત છે કે, મતદાન ખૂબ જ શાન્તિપૂર્વક થયું. સાથોસાથ એ વાત પણ સ્વીકારવાની રહે છે કે મતદાન મુકતપણે થયું છે. મતદારને પસંદગી માટે બહુ અવકાશ હોતો નથી. રાજકીય પક્ષો તરફથી અથવા સ્વતંત્ર રીતે જે ઉમેદવારો ઊભા હોય તેમાંથી જ પસંદગી કરવાની રહે છે. તે બધા સારી અને લાયક વ્યકિતઓ જ હોય છે એમ નથી હોતું; વળી લોકો શાણપણથી જ મત આપે છે એમ કહી ન શકાય; પણ આ વખતે મત વિચારપૂર્વક (deliberate) તો આપ્યો જ છે. કોઈની યે શેહમાં તણાયા વગર એણે જાગૃતિપૂર્વક–ઈરાદાપૂર્વક–મોટા પ્રમાણમાં મતદાન કર્યું છે. એ રીતે જોઈએ તો લોકશાહીનો પાયો સુદૃઢ કરવાની દિશામાં પ્રજાએ કદમ માંડયું છે, જે એક શુભચિહ્ન છે. આટલા સમયના શાસન વિષે કદાચ એમ કહેવાય કે It was a government of the politicians, for the politicians, by the politicians. આના સ્થાને આ ચૂંટણીમાંથી એ જોવા મળે છે કે, ગમે તેવા પ્રચારના વંટોળ વચ્ચે મતદાર સ્વસ્થતાથી મતદાન કરી શકે છે. એથી પુરવાર એ થાય છે કે સર્વોપરી ઉમેદવાર નહીં પણ મતદાર છે. અને તેથી લિંકને કલ્પેલી લોકોની, લોકો માટેની અને લોકો વડે રચાયેલી સરકાર હવે સાચા લોકશાહી અર્થમાં આકાર લેશે એમ આશા બંધાય.

આમ પરિસ્થિતિ હવે પલટાઈ છે. મતદારને પાંચ વરસે સંભારવાનું હવે નહીં પાલવે. આમવર્ગથી અદ્ધર ચાલીને વાતો નહીં કરાય. આનું શું પરિણામ આવશે એ તો દૈવ જાણે, પણ એક નવો યુગ આરંભાઈ ચૂકયો છે એ નિશ્ચિત થઈ ગયું છે.

ગાંધી, નહેરુ જેવા શકવર્તીઓનો હવે સમય નથી રહ્યો. નવી યુવાન પેઢી જે આવી રહી છે તેને મન તો સ્વાતંત્ર્યની લડતની વાતો એ કેવળ ઈતિહાસ જ છે. વીતેલા યુગનાં સેવા ને ત્યાગ એની નજરમાં લાયકાતનું એક માત્ર કારણ રહ્યાં નથી. માત્ર ભૂતકાળની ગરવાઈ (ગ્લોરી) ની વાતો સાંભળવા ને સ્વીકારવા એ તૈયાર નથી.

આ મતદાર હવે ભાવિ ભણી મીટ માંડીને મતદાન કરે છે. આ આઘાત નવી પેઢીએ આપ્યો છે. પણ એણે હજી કોઈ ક્રાંતિ સર્જી નથી. અલબત્ત, એક દૃષ્ટિએ જોને silent revolution–શાંત ક્રાંતિ–કહી શકાય એની શરૂઆતનો અનુભવ થાય છે ખરો. લોકશાહીનાં સાધનોથી પ્રજાએ આ કરી બતાવ્યું છે. દેશના ભાવિનો દોર હવે એણે પોતે જ હાથમાં લીધો છે. એ રીતે મતદાર વામનમાંથી વિરાટ થયો છે. ભૂતકાળની વાતો ઉપર ચૂંટણી લડવાના દિવસો હવે ગયા છે.

ઈરાદાપૂર્વક કરેલા આ મતદાનમાં લોકોએ કેવળ પક્ષ કે ઉમેદવારને જ નજરમાં નથી રાખ્યો. કયાંક એ પક્ષ જુએ છે, તો કયાંક એ વ્યકિતની યે મૂલવણી કરે છે. ઉત્તર મુંબઈ (પશ્ચિમ)ની લોકસભાની બેઠકના ઉમેદવાર શ્રી શાંતિલાલ શાહના વિભાગના છ સફળ ઉમેદવારોને કુલ જે મતો મળ્યા એ કરતાં શ્રી શાહને લગભગ ૭૦ હજાર મતો ઓછા મળ્યા છે. અહીં આમ ક્રોસ વોટિંગ થયું છે. આ ઉપરથી મતદાર મતદાન કરતી વેળા બરોબર ઈરાદાપૂર્વક જ મત આપે છે એ દેખાઈ આવે છે. મતદારની આ જાગરૂકતા પણ એક આવકારદાયક ચિહ્ન છે.

ચૂંટણીમાં બીજું નોંધદાયક ચિહ્ન એ જોવા મળ્યું છે કે, પ્રજાએ એક મોટું સાહસ ખેડયું છે. એણે કોંગ્રેસના ઈતિહાસ ને તેના અનુભવી આગેવાનોની કેટલેક દરજજે અવગણના કરી છે. સાવ અજાણી એવી વ્યકિતને એણે બેધડક ચૂંટયા છે. સ્થિર શાસનની વાતો કે દલીલ એણે બહુ ધ્યાનમાં લીધી નથી. એક નવો ને મહાન પ્રયોગ તેણે કર્યો છે. જબ્બર સાહસ ખેડયું છે.

આ સાહસ ખેડવામાં એણે કદાચ શાણપણ નહીં બતાવ્યું હોય તો ય એ સાહસ સાવ ગાંડું તો નથી જ. અમુક રાજ્યોમાં એણે કૉંગ્રેસને ચૂંટી કાઢી છે, તો કેટલાક રાજ્યોમાંથી કૉંગ્રેસને વિદાય કરી દીધી છે, પણ કેન્દ્રમાં તો એણે કૉંગ્રેસ ને જ ચૂંટી છે. કૉંગ્રેસને એણે ફરી એક વાર તક આપી છે. રાજ્યોમાં એણે પલટાનો પ્રયોગ કર્યો છે ને કેન્દ્રમાં કૉંગ્રેસને કસોટી કરવા સત્તા સોંપી

છે. આમ ખૂબ કાળજીથી આ મહાન પ્રયોગ કરવાનું સાહસ એણે ખેડી લીધું છે.

પણ એ ખરું કે આ મતદાનમાં કશી ચોક્કસ પદ્ધતિ – ધડો કે નક્શો (પેટર્ન)–નથી. જાણે આડેધડે મતદાન થયું હોય એમ લાગે. જુદા જુદા સ્થળે જુદો જુદો મિજાજ દેખાય છે અને કેટલેક સ્થળે સાવ આણધાર્યો. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કૉંગ્રેસ હારી જશે અને જનસંઘ અથવા સ્વતંત્ર પક્ષ જોરમાં આવશે તેમ માન્યતા હતી. મધ્યપ્રદેશમાં કૉંગ્રેસને બહુમતી મળી. મદ્રાસમાં કૉંગ્રેસ લગભગ સાફ થઈ જશે એ અકલ્પ્ય હતું. તેનાં કારણો હજી કળી શકાતા નથી. આંધ્રમાં સામ્યવાદીઓનું જોર ગણાય ત્યાં કૉંગ્રેસ મોટી બહુમતીથી આવી. ઓરિસ્સાનું ચૂંટણીસૂકાન શ્રી કામરાજે, વિરોધ છતાં, શ્રી પટનાયકને સોંપ્યું – એવી ગણતરીએ કે શ્રી પટનાયક કૉંગ્રેસને વિજયી બનાવશે. ત્યાં કૉંગ્રેસને મોટી હાર મળી. બંગાળનો મોરચો શ્રી અતુલ્યબાબુને બેફિકર થઈને સોંપી દેવાયો હતો. સહુને એમ જ હતું કે બંગાળના ડાબેરી–જમણેરી સામ્યવાદીઓના ઝઘડામાં અતુલ્યબાબુ સફળતાથી કામ લેશે. એમ જાણવા મળે છે કે શ્રી અજય મુકરજીના પ્રચંડ વિજયને વધાવનારાઓએ વાતાવરણ એવું બનાવી દીધું છે કે, બહાર નીકળવું હોય તો અતુલ્યબાબુને પોલીસ રક્ષણ લેવું પડે છે.

પંજાબ અને ઉત્તરપ્રદેશમાં કૉંગ્રેસને બહુમતી ન મળી, છતાં ય ત્યાં મતદારની કોઈ સ્પષ્ટ વલણ નથી દેખાતી. કયા બળોએ કામ કર્યું એ પરખાતું નથી. સ્વતંત્રપક્ષ ગુજરાતમાં સત્તા પર આવશે એમ કહેવાતું. તેણે સારી બહુમતી મેળવી, પણ એનો પોતાનો આંતરિક વિખવાદ એને નડ્યો છે. શ્રી એચ. એમ. પટેલ જેવા પણ પછડાયા છે. કચ્છમાં વળી સાવ જુદું બન્યું. ૧૯૬૨ માં કૉંગ્રેસને પુરી હાર મળી હતી. આ વખતે સારો વિજય મળ્યો. સાબરકાંઠામાંથી કૉંગ્રેસ સાફ થઈ ગઈ છે. જૂનાગઢ, ઝાલાવાડ જામનગર ને રાજકોટમાં સ્વતંત્ર પક્ષનું જોર વધ્યું છે. ગુજરાત જમણેરી થઈ ગયું છે. મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના સંગઠ્ઠનનું શુભ પરિણામ આવ્યું છે. મધ્ય પ્રદેશમાં ય વિચિત્ર ચિત્ર છે. જૂના ગ્વાલિયર રાજ્યમાં કૉંગ્રેસ સાફ થઈ છે તો મહાકૌશલ ને વિંધ્યપ્રદેશમાં એણે સુંદર દેખાવ કર્યો છે ને ઓકંદર બહુમતી આવી ગઈ છે. પક્ષ તરીકે જનસંઘ તાકાતવાન પુરવાર થયો છે. બિહારમાં ડાબેરીઓ જોરાવર થયા છે. ઉત્તર પ્રદેશમાં અંશત: ડાબેરીઓનું જોર વધ્યું છે. દિલ્હીમાં જનસંઘ સર્વોપરી થયો છે. બંગાળે વળી સાવ બેઢંગી ખીચડી કરી નાખી છે. ઓરિસ્સામાં પણ સ્વતંત્ર પક્ષ અને જનકોંગ્રેસે જોર દેખાડ્યું છે. સમગ્ર રીતે જોતાં દેશના પૂર્વીય રાજ્યોમાં ડાબેરીઓ ને આથમણી દિશાના રાજ્યોમાં જમણેરીઓ જોરાવર થયા છે. કેરળમાં સામ્યવાદી ને લીગ ભેગા થયા તો મદ્રાસમાં ડી. એમ. કે. અને સંયુકત મોરચાએ સથવારો કર્યો. બંગાળમાં સારા કૉંગ્રેસીઓ વિરોધીઓ ભેગા જઈને બેઠા છે. ઘણી જગ્યાએ રાજવીઓએ પણ અસરકારક ભાગ ભજવ્યો છે, પણ એમાંય શ્રી ગાયત્રીદેવી જેવા વિધાસનભામ હારી ગયા છે. આમ મતદારે પણ આવનવી કળા દેખાડી છે. ઝાલાવાડમાંની ચૂંટણી પણ ધ્યાન ખેંચે એવી થઈ છે. ત્યાં કૉંગ્રેસના નવા આગેવાનો કહેતા હતા કે અહિંયા કૉંગ્રેસી ઉમેદવાર કોઈ પણ હશે તેને સફળતા મળશે જ તો જૂના આગેવાનો કહેતા હતા કે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસની નીતિને કારણે ઝાલાવાડમાં એક પણ કૉંગ્રેસી ઉમેદવાર જીતી શકે નહીં. પરિણામમાં જુના કહેતા હતા તે સાચું પડ્યું છે.

પક્ષોને બાદ કરીએ અને નીતિની દ્રષ્ટિએ વિચારીએ તો કેટલેક સ્થળે ડાબેરી અને કેટલેક સ્થળે જમણેરી તત્ત્વોનું બળ વધ્યું છે. ઓકંદરે એમ લાગે છે કે કૉંગ્રેસમાં તેમ કૉંગ્રેસની બહાર જમણેરી તત્ત્વો –સ્થાપિત હિતો–નું બળ વધ્યું છે. સ્વતંત્ર પક્ષ, જનસંઘ, રાજાઓ, ઉદ્યોગપતિઓ-આ બધા આમજનતાની અભિલાષાઓને કેટલે દરજ્જે સંતોષી શકે તે પ્રશ્ન છે. ડાબેરી તત્ત્વો એટલે માત્ર સામ્યવાદીઓ જ નહિ. લોકશાહી સમાજવાદમાં નિષ્ઠાપૂર્વક માનવાવાળા બધા તત્ત્વો ડાબેરી ગણાય. કૉંગ્રેસનું ધ્યેય આ છે પણ તેનો અમલ નથી થયો. સ્વાતંત્ર્ય પછી ૨૦ વર્ષે પણ સુખનો અનુભવ થવાને બદલે હાડમારીઓ જ વધે તો લોકમાનસ ઉગ્ર સ્વરૂપ લે. સત્તાસ્થાને આવેલ કોઈ પણ પક્ષ – કેન્દ્રમાં કે રાજ્યમાં – વેગપૂર્વક અને હિંમતથી લોકકલ્યાણની પ્રવૃત્તિ અને તેને માટે અસરકારક પગલાં આ પાંચ વર્ષમાં નહિ લે તો પ્રજાની ધીરજ ખૂટી જશે. People can bear any amount of hardship if they are convinced that the leadership means well, and is capable of delivering the goods.

આમ જુદા જુદા સ્થળે આણધાર્યા પરિણામો આવ્યા છે. પણ ઊગતી પેઢીએ એક વાત દેખાડી આપી છે. વયોવૃદ્ધ આગેવાનોને એણે નોટીસ આપી દીધી છે કે તમારા દિવસો હવે પૂરા થઈ ગયા છે. બીજી એક વાત એ દેખાણી છે કે ઉદ્યોગપતિઓ– બિગબિઝનેસ–ને જ્યાં તક મળી–કૉંગ્રેસમાં અથવા કૉંગ્રેસ બહાર–ત્યાં તેણે સારા પ્રમાણમાં પગપેસારો કર્યો છે. કૉંગ્રેસમાં ને વિરે ધપક્ષોમાં પણ. ગમે તેવાં સાધનોનો ઉપયોગ કરીને, એણે ઘણું મોટું વર્ચસ્ પ્રાપ્ત કર્યું છે.

તો હવે આ પરિણામો આવાં કેમ નિવડ્યાં એનો થોડો વિચાર કરીએ. વીસ વર્ષમાં કૉંગ્રેસે ખૂબ કામ કર્યું છે. એ પણ ઘણું ઉજળવળ કક્ષાનું. એણે દેશને ઘણું આપ્યું છે. આર્થિક ક્ષેત્રે કરેલી સિદ્ધિઓ, યોજનાઓ, અને લોકશાસન જીવનપદ્ધતિ વગેરે બાબતોનું મહત્ત્વ જેવું તેવું નથી. તો પ્રશ્ન થાય છે કે મતદારે આ બધાંની કિંમત કેમ ન કરી?

કારણ કે કૉંગ્રેસનો લોકસંપર્ક તૂટી ગયો છે. પક્ષમાં ઉચ્ચ કક્ષાથી માંડીને છેવટના સ્તર સુધી આંતરિક વિખવાદો વધ્યા છે ને ઉઘાડા પડવા માંડ્યા છે. સત્તાલાલસા ને દાદાગીરી (બોસિઝમ) પણ વધ્યાં છે. (મતદારોએ આ દાદાઓને જ કેમ જાણે ફેંકી દીધા છે!) લાંબા સમય સુધી સત્તા હાથમાં રહેવાથી દૂષણો વધતાં રહ્યાં; બિનકાર્યક્ષમતા ને ચૂશ્વતખોરી ઘર કરી ગઈ; પક્ષમાંથી સાચી સેવાભાવના, આદર્શની ખુમારી ને તમન્ના ખૂટી ગયાં. ગતિશીલતા ઓસરી ગઈ. સંસ્થા જાણે સાવ શિથિલ થઈ ગઈ. એને આવા આઘાત ને આંચકાની જરૂર હતી. જે ઊંચા ધ્યેય અને નીતિ કૉંગ્રેસે જાહેર કર્યા છે – લોકશાહી સમાજવાદ – તેનો અસરકારક અમલ કરવામાં કૉંગ્રેસપક્ષ નિષ્ફળ ગયો છે. લોકોને એમાં ભગીરથ પ્રયાસ કરવાની શકિત નથી દેખાતી. એના આદર્શમાં નહીં પણ અમલમાં ક્ષતિ હતી.

બીજું એક કારણ છે પ્રભાવશાળી ને અસરકારક નેતાગીરીનો અભાવ. અનુભવ અને પીઢતાની સાથે યૌવનનો થનગનાટ પણ જોઈએ. પ્રજાએ આ વખતના મતદાનદ્વારા આ સમતુલા શોધવા જ જાણે પ્રયાસ કર્યો છે. સર્વશ્રી કામરાજ, અતુલ્ય ઘોષ ને પાટિલ ઊડી ગયા. કાબે અર્જુન લૂંટયા જેવી સ્થિતિ થઈ. થોડાકને રાખીને મતદારે બીજાને જાકારો દીધો.

હવે પછી શું? ભાવિ કેવું હશે? જે પરિસ્થિતિ ઊભી થઈ છે તે કેટલોક સમય અસ્થિરતા ને અનિશ્ચિતતાનાં ચિહ્નો દેખાડે છે. સંભવ છે વિરોધી પક્ષો જ્યાં રાજ્ય શાસનમાં આવ્યા છે ત્યાં સફળતાથી કામ કરી બતાવે તો એક નવો માર્ગ ખુલે; પણ આ પાંચ વરસમાં સ્થિરતા ન આવે તો શું થાય? કેરળ કે બંગાળમાં પરસ્પર વિરોધી તત્ત્વો મિશ્ર સરકાર ચલાવી શકશે? બિહારમાં અને પંજાબમાં વિરોધી પક્ષો સત્તા પર આવશે એમ લાગે છે. પણ લાંબો વખત ટકશે ખરા? ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનનું ચિત્ર ઘણું

અસ્પષ્ટ છે. પણ એ બધામાંથી દેશે પસાર થયા વગર છૂટકો જ નથી. કેન્દ્રમાં એકંદર સ્થિરતા રહે તો નિરાશાને કારણ નથી.

બીજા પણ કેટલાક પ્રશ્નો ઊભા થશે. રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સંઘર્ષ ઊભો થશે. કેરળે તો નિશ્ચય કરી લીધો છે. મદ્રાસના મુખ્ય પ્રધાન હજી સુધી શાણપણ ભરેલી સહકારની વાતો કરે છે. બંગાળના શ્રી જ્યોતિ બસુ શું કરશે? સરકારને ક્યાં લઈ જશે?

આમ દેશની એકતા અને સમગ્ર રાજ્યતંત્ર, બંધારણ કરતાં ય કૉંગ્રેસને કારણે ટકી રહ્યાં હતાં તેમ હવે નહીં રહે. જાણે હાઈ–કમાન્ડ–મોવડીમંડળ જેવું રહ્યું નથી.

હવે શું કરવું ઘટે? કૉંગ્રેસે પુનઃ લોકસંપર્ક સાધવો પડશે. ગઈકાલની સિદ્ધિઓ પર રાચતાં નહીં પણ આજની હાડમારીનો ઉપાય શોધતાં શીખવું પડશે. શ્રી અશોક મહેતાની ભાવિ સુખની વાતો કોઈને નથી સાંભળવી, વર્તમાન આર્થિક મુશીબતો ઓછી ન થાય તો ભાવિ માટેની મોટી યોજનાઓ માટે આકર્ષણ નહિ રહે. આ ચૂંટણીમાં રોજીંદી આર્થિક મુસીબતો ઉપર જ પ્રજાનું લક્ષ મુખ્યત્વે રહ્યું છે. કોમવાદ, ભાષાવાદ, પ્રાન્તવાદ–આ તત્ત્વો કરતાં આર્થિક પ્રશ્નો ઉપર મતદાન વધારે અવલંબિત થયું છે.

કૉંગ્રેસના નેતાઓએ આત્મનિરીક્ષણ કરવું પડશે. સંસ્થાને ચેતનવંતી ને નિષ્ઠાવાન બનાવવી પડશે. પણ જર્જરિત દેહમાં નવો પ્રાણસંચાર થઈ શકશે? (New wine in the old bottle) લોકોએ જે તક આપી છે તેનો લાભ ઉઠાવીને પાંચ વરસમાં ઘર સાફ કરવું પડશે. કેટલાક લોકો તો એમ જ માને છે કૉંગ્રેસે સ્વેચ્છાએ વિસર્જન સ્વીકારી લઈને નવી નીતિ, નવા પક્ષો અને નવી નેતાગીરીનો આવિર્ભાવ થવા દેવો જોઈએ. કૉંગ્રેસની વર્તમાન નેતાગીરી કાયાકલ્પ કરી શકે કે કેમ તે એક પ્રશ્ન છે. વર્તમાન કૉંગ્રેસ કેટલાય વિરોધી તત્ત્વોનો શંભૂમેળો છે. ત્યાગ, ભાવના, નિડરતા ને તાકાતનો અભાવ છે. એમાં હવે બહુ જીવ રહ્યો હોય તેમ કેટલાકને લાગતું નથી. It is a disintcrgration of the congress.

જો મિશ્ર સરકારો સફળ થશે તો – એ લોકો કાંઈ કરી બતાવશે તો – લોકોમાં નવું જોમ આવશે. નહીંતર હિંસક ક્રાન્તિ પણ આવે. નેતાગીરીમાં જે યુવાન પેઢીને યોગ્ય સ્થાન નહીં મળે તો પરિણામો ઘેરાં આવે તેઓ સંભવ છે. સત્તાની સાઠમારી પણ જવી જોઈએ. નેતાગીરીની સ્પર્ધાનું ગમે તે પરિણામ હોય પણ પછી, બ્રિટનમાં જેમ વિલસન અને બ્રાઉને કરી બતાવ્યું તેમ અહીં પણ સહકારની ભાવનાથી દેશનું કામ કરવું જોઈએ. બાકી વડા પ્રધાન ગમે તે આવે તેને માટે પરિસ્થિતિ તો અતિ વિકટ જ હશે. એ તો કાંટાળો તાજ છે. ગમે તેવો નેતા કામયાબ નિવડશે જ એમ કહી ન શકાય એવા મોટા, ગંભીર, જટિલ આજના આપણા પ્રશ્નો છે.

આમ આ ચૂંટણીએ દેશના તખ્તાને પલટાવીને એક નવા જ યુગનો આરંભ કર્યો છે.

* * *

આ પ્રમાણે શ્રી ચીમનભાઈનું ભાષણ પુરું થયા બાદ તેમનો આભાર માનતાં શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે, " તાજેતરમાં દેશભરમાં થઈ ગયેલી સામાન્ય ચૂંટણીનાં પરિણામોની શ્રી ચીમનભાઈએ કરેલી સમીક્ષાથી આપણાં દિલ એટલાં બધાં પ્રભાવિત થયાં છે કે આ સમીક્ષા બદલ તેમનો કયા શબ્દોમાં આભાર માનવો તે સૂઝતું નથી. આજ સુધીમાં દેશની તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપર તેમનાં આપણે અનેક વ્યાખ્યાનો સાંભળ્યાં છે, પણ આગળનાં વ્યાખ્યાનો કરતાં આ વ્યાખ્યાન એ રીતે જુદું પડે છે કે આગળનાં વ્યાખ્યાનો સામાન્યતઃ તટસ્થ એમ છતાં કૉંગ્રેસતરફી હતાં એવી છાપ આપણા મન ઉપર રહી છે, જ્યારે આ વ્યાખ્યાન સંપૂર્ણપણે તટસ્થ છે એવી છાપ આપણા સર્વના મન ઉપર ઊઠે છે. આજ સુધી તેઓ જે સ્તર-ઉપરથી બોલતા હતા તે સ્તર ઉપરથી ઊંચે ઊઠીને તેમણે આજનું પ્રવચન કર્યું છે. તેમની સ્પષ્ટ, સચોટ અને વિશદ એવી આ સમીક્ષાએ આપણા મનમાં ઘોળાતા વિચારોને નવો આકાર અને સંસ્કાર આપ્યો છે. આ માટે તેમના આપણે ઘણા ઋણી છીએ, મારા તરફથી તેમ જ આપ સર્વ તરફથી તેમનો હું હાર્દિક આભાર માનું છું."

આ પ્રકારના આભારનિવેદન તથા અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

પૂરક નોંધ

(ઉપરનું વ્યાખ્યાન તા. ૪–૩–૬૭ ના રોજ આપાયા બાદ બનેલા બનાવો અંગે નીચે મુજબની એક પૂરક નોંધ શ્રી ચીમનભાઈ તરફથી મળી છે. **તંત્રી**)

મોટો સવાલ વડા પ્રધાનપદનો હતો. શ્રીમતી ઈન્દિરા ગાંધી અને મોરારજીભાઈ દેસાઈ વચ્ચે તીવ્ર સ્પર્ધા થશે એ હકીકત જાણીતી હતી. સામાન્ય સંજોગોમાં, જરૂરી હોય તો, નેતાપદની ચૂંટણી થાય એમાં કોઈ વાંધાભર્યું ન ગણાય. વર્તમાન સંજોગોમાં કૉંગ્રેસને જે મોટો ફટકો લાગ્યો છે તેમાં કૉંગ્રેસ વ્યક્તિગત સંઘર્ષો જતા કરી એકતા જાળવી શકશે કે નહિ તે પ્રશ્ન હતો. પણ મોરારજીભાઈએ કહ્યું તેમ, દેશહિતમાં એકતા એમના ભોગે જ શા માટે? સર્વાનુમતિ કરવા શ્રી કામરાજના અવિરત પ્રયત્નો ચાલુ રહ્યા. અનેક બળો અને તત્ત્વો, સ્વાર્થે અને અન્યથા, કામ કરી રહ્યાં હતાં. છેવટ મોરારજીભાઈએ તા. ૧૦-૩-૬૭ ને બપોરે જાહેર કર્યું કે તેઓ ચૂંટણી માટે ઊભા રહેશે. ત્યાર પછી પણ પ્રયત્નો ચાલુ રહ્યા અને છેવટ શનિવાર, તા. ૧૧-૩-૬૭ ની વહેલી પરોઢે સમજુતી થઈ છે તેમ જાહેર થયું. મોરારજીભાઈ ઉપ - વડા પ્રધાન થશે અને અગત્યનું ખાતું કદાચ–નાણાખાતું તેમને સોંપાશે.

ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટરની કામગીરી અથવા અધિકાર શું રહેશે તેની કોઈ સ્પષ્ટતા થઈ નથી. પ્રધાન મંડળની રચનામાં અને ખાતાઓની વહેંચણીમાં વડા પ્રધાનના અબાધિત હક્ક સ્વીકારાયા છે. ગૃહખાતું શ્રી મોરારજીભાઈને મળે તેવો આગ્રહ રખાયો, પણ શ્રી ચવ્હાણને લીધે છોડવો પડ્યો.

શ્રી મોરારજીભાઈને ઘણું નમતું મૂકવું પડ્યું. એમ લાગતું હતું કે મતદાન થાય તો શ્રીમતી ઈન્દિરા ગાંધી ચૂંટાઈ આવે. આ કારણે જ શ્રી મોરારજીભાઈએ સમાધાન સ્વીકાર્યું તેમ કહેવું તેમને અન્યાય કરવા જેવું છે. પોતે નિર્ણય કર્યો હોય પછી, પરિણામની પરવા કર્યા વિના, પોતાના નિર્ણયને વળગી રહેવાની તેમની શકિત છે. આ સમાધાન સ્વીકારવામાં તેમણે દેશહિતનો પણ વિચાર કર્યો છે એમ કહેવું જોઈએ.

બીજું પણ એક કારણ હોવાનો સંભવ છે. જુના આગેવાનો – કામરાજ, પાટિલ, અતુલ્ય ઘોષ વિગેરે – ને એમ લાગ્યું હશે કે નવા પ્રધાન મંડળમાં મોવડી મંડળના પ્રતિનિધિ તરીકે પણ શ્રી મોરારજીભાઈ હોય તે ઈષ્ટ અને જરૂરી છે. નવી પેઢીના આગેવાનો–શ્રીમતી ઈન્દિરા ગાંધી, શ્રી ચવ્હાણ અને તેમના અન્ય સલાહકારો–પોતાનો જ પક્ષ કરી જાય તેમાં દેશનું કલ્યાણ નથી. આ સલાહકારોમાં શ્રી અશોક મહેતા, શ્રી સુબ્રમણ્યમ્ તથા શ્રી ફખરુદ્દીન અહમદ પણ છે. અને શ્રી અશોક મહેતાની સલાહ કેટલી ખતરનાક નીવડી છે તે સુવિદિત છે. શ્રી મોરારજીભાઈ સમતુલા જાળવશે અને કાંઈક અંકુશ રૂપ રહેશે એમ તેમને લાગ્યું હશે અને આ સમાધાન સ્વીકારવા તેમના ઉપર દબાણ પણ થયું હશે.

આ સમાધાનથી પ્રજા રાહતની લાગણી અનુભવશે. આ અવસરે કૉંગ્રેસના ઉચ્ચ નેતાઓમાં ઉઘાડી તાત્કાલિક ફાટફૂટ પડી હોત તો દેશમાં નિરાશા ફેલાત. ભારે વિકટ પરિસ્થિતિનો સામનો કરવાનો છે તેમાં આ એક સાચી દિશાનું પગલું છે.

આ સમાધાન બન્ને પક્ષે અનિચ્છાએ થયું છે તો પણ, હવે બન્ને પક્ષ સાચો મનમેળ સ્થાપવા પ્રયત્ન કરશે એવી આશા રાખીએ. આ સમાધાન જો વધારે સંઘર્ષ જન્માવે તો દુર્ભાગ્ય લેખાશે.

શ્રી મોરારજીભાઈ જેવા પીઢ, અનુભવી, વયોવૃદ્ધ નેતા શ્રીમતી ગાંધીની આગેવાની નીચે કામ કરવા તૈયાર થાય ત્યારે શ્રીમતી ગાંધીએ ઘણા વિવેકથી કામ લેવું પડશે. શ્રીમતી ઈન્દિરા ગાંધીની ખુમારી પણ ઓછી નથી. આજ સુધીની તેમની કામગીરી બહુ સફળતાની નથી રહી. શ્રી મોરારજીભાઈએ પણ ઘણી ધીરજ અને શાંતિથી કામ લેવાનું રહેશે.

પણ આ આશા એવી ભૂમિકા ઉપર રચાય છે કે બન્નેમાં ભાવિ નીતિ (Future Policy) અંગે એકતા છે અથવા મોટું અંતર નથી. અંતે તો દેશની સમક્ષ જે વિકટ સમશ્યાઓ પડી છે તેના ઉકેલ માટે આ પ્રધાન મંડળ પાસે શું નીતિ છે અને તેને અસરકારક બનાવવા કેટલી કાર્યક્ષમતા છે તેના ઉપર ભાવિનો આધાર છે. જો બન્નેની મૂળભૂત નીતિમાં પાયાનો મતભેદ હોય તો આ માત્ર **Coalition** ગણાય અને તે લાંબો વખત ન ટકે. આ સવાલ સમસ્ત કૉંગ્રેસને લાગુ પડે છે. કૉંગ્રેસે પોતાની નીતિ સ્પષ્ટ કરવી રહેશે અને આજે જે અનિશ્ચિતતા છે તે ટાળવી પડશે અને મક્કમ પગલાં લેવાનાં રહેશે.

મધ્યસ્થ સરકાર અને રાજ્યો વચ્ચેના સંબંધો પણ જટિલ બનતા જશે. નાણાવિષયક પ્રશ્નો અને દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવી—આ બાબતોમાં મધ્યસ્થ સરકાર અને રાજ્યો વચ્ચે વધારે સંઘર્ષનો ભય છે. વિષમ આર્થિક સંજોગોમાં રાજ્યોની સ્થિતિ અત્યંત કથળેલી છે અને તેમાં પણ લોકપ્રિય થવા રાજ્ય સરકારો—કૉંગ્રેસી અને બિનકૉંગ્રેસી—એવાં પગલાંઓ લેશે કે જેથી રાજ્યોની આર્થિક સ્થિતિ વધારે વિષમ થાય અને મધ્યસ્થ સરકાર પાસે ગેરવ્યાજબી માગણીઓ કરી મધ્યસ્થ સરકારને અળખામણી બનવું પડે અને લોકલાગણી ઉશ્કેરાય. આ બધામાં key position શ્રી ચવ્હાણની હોમ મિનિસ્ટર તરીકે અને શ્રી મોરારજીભાઈની નાણાપ્રધાન તરીકે રહેશે. એ બન્ને વચ્ચે રાજ્ય સરકારો સાથે કામ લેવા સંબંધે એકસૂત્રતા નહિ રહે તો મુસીબતો ઊભી થવા સંભવ છે.

વિરોધ પક્ષોની સાથે કામ લેવામાં પણ કુશળતા જોઈશે. શ્રી. મોરારજીભાઈ નવા કેન્દ્રસ્થ પ્રધાન મંડળમાં આવ્યા તેને વિરોધ પક્ષનો એક વર્ગ આવકારશે જ્યારે બીજો એટલા જ જોરથી વિરોધ કરશે. આવી પરિસ્થિતિ ટાળવા માટે પણ પ્રધાન મંડળની નીતિ મક્કમ અને સ્પષ્ટ જોઈશે અને એવી નીતિ માટે સંયુક્ત જવાબદારી સ્વીકારવા દરેકની તૈયારી જોઈશે. એક બીજા ઉપર દોષનો ટોપલો ઢોળવા અને પોતે સારા દેખાવા પ્રયત્ન થાય તો વર્તમાન સંજોગોમાં સરકાર સ્થિર અને સબળ ન થઈ શકે. ટૂંકમાં પ્રધાન મંડળમાં એકરાગ અને સહકાર કેટલો રહે છે તેના ઉપર તે કેટલું ટકશે તેનો આધાર છે. એ જ રીતે કૉંગ્રેસ સંસદીય પક્ષ તરફથી પણ પ્રધાન મંડળને પૂરો ટેકો અને સાથ મળે તો જ સબળ વિરોધ પક્ષને પહોંચી શકાશે. વિરોધ પક્ષના આક્રમણોને પહોંચી વળવા કૉંગ્રેસના સંસદીય પક્ષમાં કેટલી વ્યકિતઓ છે તે જોવાનું રહે છે.

* * *

ઉપરનું લખાણ છપાઈ રહ્યું છે તેવામાં શ્રીમતી ઈન્દિરા ગાંધીના નવા પ્રધાન મંડળની જાહેરાત થઈ ગઈ છે. નેતા તરીકે ચૂંટણી થયા પછી અત્યંત ઝડપથી થોડા કલાકોમાં જ, જાણે પૂર્વતૈયારી કરી રાખી હોય તેમ, તેમણે પોતાના પ્રધાન મંડળની જાહેરાત કરી છે. પ્રધાન મંડળની રચનામાં નવો પ્રયોગ અને સાહસ દેખાઈ આવે છે. સંજીવ રેડ્ડીને પડતા મૂકી સીન્ડીકેટને પૂરી કરી. નવી પેઢીના, યુવાન આગંતુકો સારા પ્રમાણમાં છે. પ્રધાન મંડળની રચનામાં શ્રી કામરાજની સલાહ લીધી હોય તેમ જણાતું નથી. સત્તાનો દોર બરાબર પોતાના હાથમાં લેવાનો શ્રીમતી ઈન્દિરા ગાંધીએ નિર્ણય કર્યો છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીના આ નવા પ્રસ્થાનને આપણે સફળતા ઈચ્છીએ. આ નવા પ્રધાન મંડળની કામગીરી પ્રજા આતુરતાથી નીહાળશે.

૧૪-૩-૬૭ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

શ્રી લીલાધરભાઈ પાસૂનું સન્માન

ઉપર જણાવેલી સભાના અનુસંધાનમાં મુંબઈના માટુંગા વિભાગ તરફથી કૉંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટાઈ આવેલા શ્રી લીલાધરભાઈ પાસૂ શાલનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સન્માન કરવાનું રાખવામાં આવ્યું હતું. આ સન્માનકાર્ય હાથ ધરતાં સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે "આવતા અઠવાડિયામાં લીલાધરભાઈ બહારગામ જવાના હોવાથી આજના પ્રસંગ સાથે શ્રી લીલાધરભાઈનું સન્માનકાર્ય જોડવામાં આવ્યું છે. લીલાધરભાઈ મુંબઈ જૈન યુવક સંઘના વર્ષોજૂના સભ્ય છે અને આપણામાંના ઘણા ખરાને તેઓ સુપરિચિત છે. વર્ષોજૂની તેમની કૉંગ્રેસનિષ્ઠા છે. મુંબઈની કૉંગ્રેસ સમિતિના તેઓ માજી સભ્ય છે. ૧૯૬૨ની સાલથી તેઓ મહારાષ્ટ્ર રાજ્યની વિધાનસભાના સભ્ય છે અને આ વખતની તીવ્ર હરીફાઈમાં પણ તેઓ કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે યશસ્વી રીતે ચૂંટાઈ આવ્યા છે. આપણા માટે તેમની આ સફળતા આનંદ અને ગૌરવનો વિષય છે. તેમનું સંઘ તરફથી હું હાર્દિક અભિનંદન કરું છું.

"તેમના વિશાળ જાહેર જીવનનો ટૂંકાણમાં ખ્યાલ આપવો મુશ્કેલ છે. ૧૯૫૭ની સાલથી તેઓ જે. પી. નો હોદ્દો ધરાવે છે. મહારાષ્ટ્ર રાજ્યના સ્મોલ સેવિંગ્ઝ ઓડવાઈઝરી બૉર્ડના, ભારત સરકારની બૉમ્બે સીટી પોસ્ટલ ઍડવાઈઝરી કમિટીના, મહારાષ્ટ્ર રાજ્યની ધારાભાને લગતી સેન્સરીઝ ઍન્ડ એલાવન્સ કમિટીના તથા મહારાષ્ટ્ર રાજ્યની ફેરપ્રાઈસ કૉઑર્ડીનેટીંગ કમિટીના તેઓ સભ્ય છે; માટુંગાની સીટીઝન્સ ડિફેન્સ કમિટીના તેઓ ચેરમેન છે; ગુજરાતી કેળવણી મંડળ અને શ્રી અમુલખ અમીચંદ વિવિધલક્ષી વિદ્યાલયના ટ્રસ્ટી અને ઉપ-પ્રમુખ છે; માટુંગા ગુજરાતી સેવામંડળ અને એમ. જી. એસ. એમ. કૉલેજના તેમ જ માનવ સેવા સંઘ, ભાઈદાસ સખીદાસ ચેરીટી ટ્રસ્ટ, બી. એન. મહિલા વિદ્યાલય, શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ કચ્છી વિશા ઓશવાળ જૈન વિદ્યાલય, શ્રી હીરજી ઘેલાભાઈ સાવલા વિદ્યાલય, કચ્છી વીશા ઓશવાળ જૈન સર્વોદય કેન્દ્ર—આ બધી સંસ્થાઓના તેઓ કાં તો ઉપ-પ્રમુખ અથવા ટ્રસ્ટી છે. માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડના પ્રમુખ છે. કચ્છી વિકાસ મંડળના મંત્રી છે અને ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના કમિટી મેમ્બર છે; ઈન્ડિયન મરચન્ટ્સ મરીન ઈન્સ્યોરન્સ કંપનીના ડિરેક્ટર છે. કચ્છમાંથી પ્રગટ થતા 'કચ્છ મિત્ર'ના તેઓ આદ્ય સંસ્થાપક છે. આ ઉપરાંત પ્રાઈમ મિનિસ્ટર બિહાર દુષ્કાળ રાહત ફંડની મુંબઈની શાખાના લીલાધરભાઈ માનદ મંત્રી છે. આવી વિવિધલક્ષી જેમની સામાજિક પ્રવૃત્તિઓ છે અને આવી ઉજ્જવળ જેમની જીવન કારકીર્દિ છે તેવા લીલાધરભાઈ મહારાષ્ટ્રની વિધાનસભા દ્વારા મુંબઈની અને દેશની અધિકાધિક સેવા કરતા રહે અને તેમને આરોગ્યયુક્ત દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય એવી તેમના વિષે શુભેચ્છા અને અંતરની પ્રાર્થના આ પ્રસંગે હું વ્યકત કરું છું." ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રસંગોચિત બે શબ્દો કહીને લીલાધરભાઈનું ચંદનહારથી સ્વાગત કર્યું. લીલાધરભાઈએ તેમનું સ્વાગત કરવા બદલ સંઘનો આભાર માનતાં આ વખતની ચૂંટણીનું સ્વરૂપ સૌના માનીતા અને લાડીલા શ્રી એસ. કે. પાટિલને ચૂંટણીમાં મળેલા પરાજય અને તેનાં દૂર અને નજીકનાં પરિણામો, મુંબઈની પ્રદેશ કૉંગ્રેસ સમિતિનું ડગમગતું ભાવી—વગેરે પ્રાસંગિક તેમ પ્રસ્તુત બાબતોનો ઉલ્લેખ કર્યો. આ પ્રસંગે જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ શ્રી કાંતિલાલભાઈએ પણ ગ્રુપ તરફથી ચંદનહાર વડે લીલાધરભાઈનું સન્માન કર્યું હતું.

પ્રકીર્ણ નોંધ

લોકસભાનિયુક્ત શ્રી સદાશિવ ગોપાલ બર્વેનું અકાળ અવસાન

મુંબઈના ઉત્તર-પૂર્વ વિભાગમાંથી લોકસભાની બેઠક માટે શ્રી વી. કે. કૃષ્ણમેનન સામે મોટી બહુમતીપૂર્વક તાજેતરમાં ચૂંટાયેલા શ્રી એસ. જી. બર્વેનું દિલ્હી ખાતે છઠ્ઠી માર્ચના રોજ એકાએક અવસાન થતાં ભારતને એક અત્યન્ત તેજસ્વી અને આશાસ્પદ રાજકારણી અને આયોજનનિષ્ણાત એવા એક પનોતા પુત્રની ખોટ પડી છે. તેમની ઉંમર આશરે ૫૩ વર્ષની હતી. ફર્ગ્યુસન કૉલેજ અને કેંબ્રીજ યુનિવર્સિટી દ્વારા તેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ત્યાર બાદ ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરીને તેઓ ૧૯૩૫ની સાલમાં મુંબઈ રાજ્યની વહીવટી નોકરીમાં જોડાયા હતા. મુંબઈના દ્વિભાષી રાજ્યમાં અને ત્યાર બાદ મહારાષ્ટ્ર રાજ્યમાં ઉત્તરોત્તર વધારે ને વધારે જવાબદારીભર્યા હોદ્દાઓ ભોગવીને ૧૯૬૧માં તેમણે પોતાની સનદી નોકરીનું રાજીનામું આપ્યું હતું અને ૧૯૬૨માં મહારાષ્ટ્ર રાજ્યની વિધાન સભામાં તેઓ ચૂંટાયા હતા અને મહારાષ્ટ્ર રાજ્યના અર્થસચિવના સ્થાન ઉપર તેઓ નિયુક્ત થયા હતા. અને ત્યાર બાદ બીજાં ખાતાંઓ તેમણે સંભાળ્યા હતા. ૧૯૬૫ના એપ્રિલ માસમાં તેમની પ્લાનિંગ કમિશનના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ૧૯૬૬નાં ડીસેંબરમાં આ સ્થાનનું રાજીનામું આપીને મુંબઈ બાજુની લોકસભાની બેઠક માટે તેમણે ઉમેદવારી નોંધાવી અને આ ચૂંટણીમાં તેમને યશસ્વી સફળતા મળી. ભારતના અર્થસચિવ સચીન્દ્ર ચૌધરી આ વખતની ચૂંટણીમાં હારી જતાં, ભાવી અર્થસચિવ તરીકે શ્રી બર્વેનું નામ બોલાતું હતું. પણ વિધાતાને એ મંજુર નહોતું. છઠ્ઠી માર્ચની રાત્રે પંદર વીશ મીનીટના હૃદયરોગના હુમલાએ તેમના પ્રાણ હરી લીધા અને અત્યન્ત આશાસ્પદ બની રહેલી ઉજ્જવલ જીવનકારકિર્દીનો એકાએક અન્ત આવ્યો.

ગ્રામદાન, પ્રખંડદાન, જિલ્લાદાન : વિનોબાજીની અપૂર્વ સિદ્ધિ

ગ્રામદાન આન્દોલને તાજેતરમાં એક અસાધારણ મોટો વિક્રમ સાધ્યો છે. તેનો આજ સુધીનો વિકાસ સમજાવતાં ભૂમિપુત્રના તંત્રી તા. ૨૬-૨-'૬૭ના ભૂમિપુત્રમાં નીચેની રજૂઆત કરે છે:–

"અને ગ્રામદાનનું અભિનવ સ્વરૂપ દેશ સમક્ષ મુકાયું. જમીનની માલીકી સમસ્ત ગ્રામસભાની. વીસમા ભાગની જમીનનું ભૂમિહીનો માટે દાન. વરસે ચાલીસમા ભાગની આવક ગ્રામકોષ માટે સમર્પણ. ગ્રામસભાનો કારભાર સર્વાનુમતીએ ચલાવવાનો સંકલ્પ, સામાજિક ન્યાય અને ગ્રામસ્વરાજની દિશાનો એક સુરેખ, સુઘડ કાર્યક્રમ.

"ગતિ વધી. બે વર્ષમાં બીજાં બે-ત્રણ હજાર ગ્રામદાન થયાં. પણ આટલેથી શું વળે ? એને તો ક્રાન્તિ કરવી છે. એટલે આજથી દોઢ બે વર્ષ પહેલાં 'તૂફાન' શબ્દ નીકળ્યો. ગ્રામદાનનું તૂફાન જગાડો. તૂફાની વાયરો વાય છે અને એક એક ઝાડપાન ડોલી ઊઠે છે તેમ પ્રેમમયી ક્રાન્તિ માટે સામૂહિક પ્રેરણાથી બધા આ કામમાં ભળે.

"દોઢ–બે વર્ષમાં તૂફાનની કાંઈક ઝાંખી થઈ. ૧૩-૧૪ વર્ષમાં કુલ સાત હજાર ગ્રામદાન થયેલાં તે આંકડો આજે ૩૫ હજારે પહોંચ્યો છે. આમ દોઢ–બે વર્ષના ગાળામાં દેશભરમાં ૨૮ હજાર ગ્રામદાન થયાં. અને આ સંખ્યા કરતાં યે વધુ મહત્ત્વનો છે વિચારસેરનો વિકાસ. આ દોઢ વર્ષમાં ગ્રામદાનની વાત પ્રખંડદાન અને જિલ્લાદાન સુધી પહોંચી છે અને તેને લીધે આ કાર્યક્રમનું પ્રાણવાન સ્વરૂપ વધુ છતું થયું છે.

"એકલદોકલ, છૂટુંછવાયું ગ્રામદાન ધસમસતા અવળા પ્રવાહમાં કયાંય તણાઈ જાય છે અને તણાઈ ન જાય તો યે ચારેકોરના અફાટ મહેરામણ વચ્ચે એ એકલા અટુલા ટાપુની કોઈ હસ્તી જણાતી નથી. માટે ગ્રામદાન થાય તે એક સાથે અમુક સઘન ક્ષેત્રોમાં થાય, આખા ને આખા પ્રખંડ (બ્લોક) ગ્રામદાનમાં ભળે, પછી એ રીતે પાસે પાસેનાં પ્રખંડોનાં પ્રખંડદાન થતાં થતાં તાલુકા, સબ-ડિવિઝન અને જિલ્લાના અખંડ ક્ષેત્રોને આવરી લેવામાં આવે તો તમારી ક્રાન્તિની વ્યૂહરચના નક્કર બને. ક્રાન્તિનું સ્વરૂપ ત્યાં કંઈક ખીલી શકે. ક્રાન્તિ-બીજ ત્યાં પાંગરી શકે. છેલ્લા દોઢ વર્ષમાં આ દર્શન પણ સ્પષ્ટ થયું.

'દેશભરમાં સવાસો જેટલા પ્રખંડો ગ્રામદાનમાં સામેલ થયા છે અને હમણાં બિહારમાં દરભંગા જિલ્લાનું જિલ્લાદાન જાહેર થયું છે અને તે ય નાનોસૂનો જિલ્લો નથી. તેમાં કુલ ૪૪ પ્રખંડ છે. વસ્તી છે ૪૮ લાખની. એટલે આખા હિન્દુસ્તાનનો એક ટકો. (આજના સૌરાષ્ટ્રથી મોટો). વળી આદિવાસી કે પછાત જિલ્લો નથી, શિક્ષિત ને જાગૃત જિલ્લો છે. જમીન પણ સારી છે. ગંગાનો કાંઠો છે."

આવું જિલ્લાદાન સિદ્ધ કરવા માટે વિનોબાજીને આપણે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમના વિકાસની પ્રેરક કથા

તા. ૨૬-૨-'૬૭ના રોજ સવારના ભાગમાં આજથી ૪૩ વર્ષ પહેલાં સ્થાપવામાં આવેલ શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ માટે આશરે નવ લાખના ખર્ચે બંધાવવામાં આવેલ નૂતન ભવનનો ઉદ્‌ઘાટન સમારંભ શ્રીમાન રતિલાલ મણિલાલ નાણાવટીના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ ભવનના ઉદઘાટનનું શુભ કાર્ય શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ મંગળ પ્રસંગ ઉપર જૈન શ્વે. મૂ. કોમના દૂર દૂરનાં સ્થળોએ વસતા આગેવાનો ઉપસ્થિત થયા હતા અને એ કારણે આ સમારંભ સંમેલને નાનીસરખી અખિલ ભારતીય જૈન પરિષદનું રૂપ ધારણ કર્યું હતું. આ સંસ્થાના અદ્યતન વિકાસ સાથે મુંબઈના શેરબજારના અગ્રગણ્ય વ્યાપારી અને જૈન સમાજના અગ્રગણ્ય આગેવાન શ્રી જીવતલાલ પ્રતાપશીનો પુરુષાર્થ જોડાયેલો છે. પ્રસ્તુત પ્રસંગ ઉપર તેમણે કરેલું હૃદયસ્પર્શી નિવેદન સંસ્થાના જન્મથી માંડીને આજ સુધીના ઉત્કર્ષનો ઈતિહાસ બહુ સુંદર રીતે રજૂ કરે છે. તેનો ટૂંક સાર નીચે મુજબ છે:

આ સંસ્થાની સ્થાપના ભાવનગરના જાણીતા શ્રેષ્ઠી સ્વ. નરોત્તમદાસ ભાણજીનાં ધર્મપત્ની શ્રી સૂરજબહેન અને મોતીશા શેઠની ધર્મશાળાના મુનીમ સ્વ. મોહનલાલ ગોવિંદજીનાં ધર્મપત્ની શ્રી હરકોરબહેનના હાથે ઈ. સ. ૧૯૨૪ની સાલમાં શ્વે. મૂ. જૈન બહેનોને લક્ષમાં રાખીને કરવામાં આવી હતી. બીજમાંથી અંકુર ફૂટે અને વેલો પ્રગટે એમ આ સંસ્થા ધીમે ધીમે ઊંચે આવવા લાગી. થોડો સમય આમ ચાલવા બાદ સંસ્થાના કાર્યમાં ઓટ આવવા માંડી; આર્થિક પરિસ્થિતિ વિષમ બનવા લાગી અને આજથી બાર વર્ષ પહેલાં સંસ્થાને બંધ કરવાની જાહેરાત કરવા સુધીની સ્થિતિ ઊભી થઈ. આવી નિરાશાજનક સ્થિતિમાંથી એકાએક અણધાર્યું આશાનું કિરણ ફુટ્યું. સંસ્થા બંધ થવાની છે એવા સમાચાર છાપામાં વાંચતાં પૂર્વ આફ્રિકામાં વસતા મોંબાસાવાસી એક જૈન મહાનુભાવનું દિલ દ્રવી ઊઠ્યું. તેમનું નામ શ્રી મગનલાલ જાદવજી દોશી. તેમણે સંસ્થા તરતી થાય એટલી રકમ તરત જ મોકલી આપી અને પછી પણ એમને ત્યાં આવતા નાના મોટા પ્રસંગોએ નાની મોટી રકમો તેઓ મોકલતા રહ્યા, સમયાન્તરે તેઓ પાલીતાણા આવ્યા અને સંસ્થાના આત્મારૂપ કાર્યવાહક શ્રી મનસુખલાલ જીવાભાઈને મળ્યા અને તેમના કહેવાથી મુંબઈ ખાતે શેઠ જીવનલાલ પ્રતાપશીને મળ્યા અને આ સંસ્થાનું સુકાન સંભાળવાની તેમણે તેમને વિનંતિ

કરી. શ્રી મગનભાઈની વાતથી શ્રી જીવતલાલભાઈ અથવા તો જીવાભાઈ ખૂબ પ્રભાવિત બન્યા અને આ સંસ્થાના પૂરા અર્થમાં તેઓ સૂકાની બન્યા અને સંસ્થાને પોતાનું મકાન પ્રાપ્ત થાય એ માટે ફંડફાળો એકઠો કરવા માટે બે લાખના મકાનની તેમણે યોજના કરી અને તેમણે અને શેઠ માણેકલાલ ચુનીલાલે–પ્રત્યેકે રૂ. ૨૫૦૦૦ મંડાવીને આ ફંડની શરૂઆત કરી. પછી જીવાભાઈ શેઠ કસ્તુરભાઈ પાસે ગયા, તેમણે બે લાખની યોજનાનું કદ વિસ્તારવાની સૂચના કરી અને રૂ. ૫૧૦૦૦ની રકમ આપીને તેમના ઉત્સાહને સવિશેષ ઉત્તેજિત કર્યો. ફંડ વધતાં વધતાં અગિયાર લાખની રકમ સુધી પહોંચ્યું અને તેમાંથી ૨૫૦ બહેનોનો સમાવેશ થઈ શકે અને વિવિધ પ્રકારના શિક્ષણનો પ્રબંધ થઈ શકે એવું નવ લાખનું મકાન બંધાવવામાં આવ્યું. આ મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત થયેલા જૈન શ્રીમાનોએ એ જ વખતે કેવળ સ્વયંસ્ફુર્તિથી દાનનો વરસાદ વરસાવવા માંડયો અને એ જ પ્રસંગે બીજા લગભગ દોઢ લાખ એકઠા થયા. આ મુજબ વિસ્તૃત આકાર ધારણ કરી રહેલી આ સંસ્થામાં ગરીબ કુમારિકા, સધવા, વિધવા અને ત્યકતા બહેનોને બહુ ઓછા દરથી રાખવામાં આવશે, તેમને ધાર્મિક, વ્યવહારિક અને ઉદ્યોગનું શિખવવામાં આવશે. અને તેમને ભિન્ન ભિન્ન ટ્રયોપાર્જક વ્યાવસાય તરફ વાળવામાં આવશે. આજની વધતી જતી મોંઘવારીની ભીંસમાં અને તૂટતી જતી કુટુંબસંસ્થાના કાળમાં આ સંસ્થા ગરીબ, નિરાધાર, અસહાય બહેનોને એક મોટા આશીર્વાદરૂપ બની રહેશે એમાં કોઈ શંકા નથી. એક વખત ઠીક ઠીક પાંગરેલી, સમય જતાં આર્થિક સીંચનના અભાવે કરમાવા માંડેલી અને વળી પાછી અનેક શ્રીમાનોની ઉદારતા અને શકિતશાળી કાર્યકર્તાઓના પુરુષાર્થના કારણે એક વટવૃક્ષ જેવો વિસ્તાર દાખવી રહેલી આ સંસ્થાનો સતત ઉત્કર્ષ થતો રહે અને નારીસમાજને એક મોટા ટેકારૂપ બની રહે એવી શુભેચ્છા અને પ્રાર્થના !

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમે ઉજવેલો હીરક મહોત્સવ

પાલીતાણા ખાતે આજથી ૬૧ વર્ષ પહેલાં ઊભું કરવામાં આવેલ શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમનો તા. ૨૬-૨-'૬૭ના રોજ શ્રીમાન રતિલાલ મણિલાલ નાણાવટીના પ્રમુખસ્થાને હીરક મહોત્સવ ઊજવવામાં આવ્યો. પાલીતાણા ખાતે ઉજવાયેલા આ સમારંભ પહેલાં મુંબઈ ખાતે આ સંસ્થાના લાભમાં શ્રીમાન સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી એક મનોરંજક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમ દ્વારા આશરે દોઢેક લાખની રકમ એકઠી કરવામાં આવી હતી. પાલીતાણા ખાતે યોજવામાં આવેલ હીરક મહોત્સવમાં ત્રણ દિવસનો ભરચક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તા. ૨૬મીના રોજ યોજવામાં આવેલ મુખ્ય સમારંભમાં શ્રી જયન્તીલાલ રતનચંદ ઝવેરી અને શ્રી નાનચંદ જૂઠાભાઈ દોશીને અતિથિવિશેષ તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. આખો મહોત્સવ ભારે શાનદાર રીતે ઊજવાયો હતો.

સ્વે. મૂ. જૈન વિભાગનાં બાળકોને લક્ષમાં રાખીને આ સંસ્થાની ૧૯૬૨માં દહેગામનિવાસી સ્વ. ચુનીલાલ નારણદાસ કાનજીના પ્રયાસ વડે ચાર વિદ્યાર્થીઓથી શરૂઆત કરવામાં આવી હતી. સંસ્થાના પ્રારંભના વર્ષોમાં ભાવનગરવાળા સ્વ. શેઠ ત્રિભોવનદાસ ભાણજી, મારા પિતાશ્રી સ્વ. કુંવરજી મૂળચંદ શાહ વગેરે વડીલો આ સંસ્થાના વિકાસમાં ખૂબ રસ લેતા હતા. સંસ્થાના વહીવટ સાથે પ્રત્યક્ષ સંપર્ક સાધવાના હેતુથી ઉપર જણાવેલ વડીલો જ્યારે પણ શ્રી શત્રુંજયની યાત્રાર્થે પાલીતાણા જતા હતા ત્યારે આ સંસ્થામાં જ ઉતરતા અને હું પણ મારા પિતાશ્રી સાથે આ સંસ્થામાં ઘણીવાર એ રીતે રહેલો. એ દિવસો, જ્યારે સંસ્થાનો હીરક મહોત્સવ ઊજવાઈ રહ્યો છે ત્યારે, સહેજે યાદ આવે છે. વર્ષોના વહેવા સાથે ભાવનગર નિવાસી સ્વ. ચત્રભૂજ મોતીલાલ ગાંધીએ આ સંસ્થામાં ખૂબ રસ લેવો શરૂ કર્યો; તેમના તરફથી તેમજ તેમની મારફત સંસ્થાને મોટા પ્રમાણમાં આર્થિક મદદ મળવા માંડી. તેમની ઉદારતાના પરિણામે આ સંસ્થાના અનુસંધાનમાં એક હાઈસ્કૂલ ઊભી કરવામાં આવી છે અને તે સાથે તેમનું નામ જોડવામાં આવ્યું છે. એ જ પિતાના સુપુત્ર અને જૈન સમાજના આગેવાન શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી પણ આજે સંસ્થાની કાર્યવાહી અને વિકાસમાં તેમના પિતાશ્રી જેટલો જ રસ લઈ રહ્યા છે. ઉપર જણાવેલ સમારંભના અન્તમાં આભારવિધિ કરતાં તેમણે બાલાશ્રમ હસ્તક ચાલતી હાઈસ્કૂલને વિવિધલક્ષી બનાવવામાં આવે અને તે રીતે ટેકનિકલ વિભાગો ઊભા કરવામાં આવે તો તે દિશાએ બને તેટલા મદદરૂપ થવા તેમણે તત્પરતા દેખાડી છે.

ઉત્તરોત્તર વિકસતી અને વિસ્તરતી જતી આ સંસ્થા પોતાનો હીરક મહોત્સવ આવા ઠાઠમાઠથી ઊજવી શકે એ માત્ર એ સંસ્થા માટે નહીં પણ આખા જૈન સમાજ માટે આનંદ અને ગૌરવનો વિષય ગણાય. બાલાશ્રમમાં રહીને ભણેલા અને ત્યાર બાદ અન્યત્ર રહીને ઉચ્ચ શિક્ષણ પામેલા આજે ૧૫૦૦થી વધારે યુવાનો ગૃહસ્થ જીવનમાં અને ટ્રયોપાર્જક વ્યવસાયમાં સારી રીતે સ્થિર થયા છે. તેમના આ પ્રકારના જીવન–ઉત્થાનમાં બાલાશ્રયમનો કેટલો મોટો ફાળો ગણાય ? બાલાશ્રમ ન હોત તો તેઓ આજે ક્યાં હોત ? આવી કલ્યાણકારી અને ઉપકારી સંસ્થાનો સતત ઉત્કર્ષ થતો રહે એવી પ્રાર્થના.

મહારાષ્ટ્ર રાજ્યના નવા મંત્રીમંડળમાં નિમાયલા શ્રી ભાનુશંકર યાજ્ઞિકને અભિનંદન

મહારાષ્ટ્ર રાજ્યના નવા મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવેલ શ્રી ભાનુશંકર યાજ્ઞિકને આપણા સર્વના હાર્દિક અભિનંદન ! ભાનુભાઈ આપણામાંના ઘણાને પરિચિત છે, કારણ કે મુંબઈના જાહેર જીવન સાથે ખાસ કરીને કૉંગ્રેસી રાજકારણ સાથે તેઓ વર્ષોથી સંકળાયેલા છે. તેઓ અમુક સમય માટે બૉમ્બે પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ હતા. છેલ્લાં કેટલાંક વર્ષથી તેઓ મહારાષ્ટ્ર રાજ્યની વિધાન સભામાં છે. આ વખતે મુંબઈની પ્રદેશ કૉંગ્રેસને નવા મંત્રી મંડળમાં સામેલ કરવા માટે બે નામો સૂચવવાનું જણાવવામાં આવ્યું હતું. પરિણામે સૂચવાયેલાં બે નામોમાં એક નામ પ્રદેશ સમિતિના પ્રમુખ શ્રી પી. જી. ખેરનું હતું; બીજું નામ ભાઈ ભાનુશંકર યાજ્ઞિકનું હતું. આ બન્ને મહાનુભાવોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. નવા મંત્રીમંડળમાં ભાનુભાઈ એક જ માત્ર ગુજરાતી છે. તેઓ આપણા સર્વના સ્નેહ અને આદરને પાત્ર હોઈને તેમની નિમણુંક આપણા માટે આનંદ અને ગૌરવનો વિષય બને છે. નવા મંત્રીમંડળના એક સભ્ય તરીકેની તેમની કામગીરી યશસ્વી બને અને લોકકલ્યાણની સાધક બને અને તેમની હવે પછીની કારકીર્દી અધિકતર ઉજ્જવળ બનતી રહે એવી તેમના અંગે આપણી શુભેચ્છા અને શુભ પ્રાર્થના છે ! **પરમાનંદ**

ઘરમાં એકઠાં થયેલાં ઔષધો સંઘના કાર્યાલયમાં મોકલી આપો !

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ મુંબઈમાં વસતા પ્રબુદ્ધ જીવનના વાચકોને નમ્ર નિવેદન કે આજે કુટુંબમાં માંદગી આવતાં ડાકટરો અનેક પ્રકારની પેટન્ટ દવાઓ, મલમો તથા ઈન્જેકશનો લખી આપે છે અને ધાર્યા મુજબનો આરામ ન થતાં આગળનાં ઔષધો પૂરા ઉપયોગમાં આવ્યા ન આવ્યા અને નવાં ઔષધો લાવવાની ડાકટરો સૂચના આપે છે. આ રીતે ઓછાં વપરાયલાં તેમ જ નહિ વપરાયલાં ઔષધો અનેકને ત્યાં ઠીક પ્રમાણમાં એકઠાં થાય છે. આ રીતે નહિ વપરાયલાં, તથા થોડા પ્રમાણમાં વપરાયલાં છતાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ઔષધોનો અન્યત્ર ઉપયોગ થઈ શકે તે માટે મુંબઈ લાયન્સ કલબ તરફથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક પેટી રાખવામાં આવી છે, જેમાં સંઘના સદ્‌સ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના વાચકો તરફથી મળેલાં ઉપર જણાવ્યા મુજબનાં ઔષધો ચોકઠા કરવામાં આવશે અને લાયન્સ કલબ દ્વારા તેની પૂરી જાચતપાસ કરીને તે ઔષધો તેની જરૂરિયાતવાળા લોકોને વહેંચી આપવામાં આવશે. તો પોતાને ત્યાં નકામાં પડી રહેલા છતાં ઉપયોગમાં આવે તેવાં ઔષધો સંઘના કાર્યાલયમાં પહોંચાડતા રહેવા સંઘના સદ્‌સ્યો તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

મુંબઈની ચુંટણીના સંદર્ભમાં બે ચર્ચાપત્રો

(તા. ૧–૩–૬૭ના 'પ્રબુદ્ધ જીવન'માં 'ચૂંટણી આવી અને ગઈ' એ મથાળા નીચે મેં એક નોંધ લખી છે તે નોંધમાં આ વખતની ચુંટણીમાં સામસામા ઉભા રહેલા શ્રી એસ. કે. પાટિલ અને શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝ–અંગેના મારા અમુક પ્રત્યાઘાતો રજૂ કર્યા છે. આ બન્ને વ્યક્તિઓ અંગે તદન વિરુદ્ધ દિશાના પ્રત્યાઘાતો રજૂ કરતાં બે ચર્ચાપત્રો મળ્યાં છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

પૂજ્ય મુરબ્બી પરમાનંદભાઈ,

માર્ચ મહિનાનો પ્રથમ પખવાડિયાનો 'પ્રબુદ્ધ જીવન' નો અંક મળ્યો. તેમાં તમે કરેલી ચૂંટણીની સમીક્ષા વાંચી; અને તે અંગેના મારા વૈચારિક પ્રત્યાઘાતો તમને જણાવવાથી આજની પેઢીના, રાજકારણ પ્રત્યેના આંતરિક વિચારપ્રવાહો તમે સમજી શકશો.

આ ચૂંટણીનાં પરિણામોને તમે 'આઘાતકારક અને ચોંકાવનારા' કહ્યા છે. પરંતુ મારા મતે તો અત્યાર સુધીની ચૂંટણીઓમાં વિજયી બનતી આવેલી કૉંગ્રેસ, આ ચૂંટણીમાં પણ વિજયી બનશે તેવો પ્રમાદ સેવતા અને તેથી લોકસંપર્ક ગુમાવી બેઠેલા નેતાઓને સાંભળ્યા પછી મહારથીઓના પરાભવોની પરંપરા ચોંકાવનારી કે વાઘાતકારક તો નહોતી જ.

મુંબઈના કહેવાતા "બેતાજ બાદશાહ" શ્રી સ. કા. પાટિલ ને મળેલ પરાજયને મુંબઈના ભાવિ ઉપર "દૂરગામી પરિણામો લાવનારી" ઘટના તરીકે ઘટાવીને; તથા મુંબઈની પ્રજાના સ્વાસ્થ્ય અને સહીસલામતીને શ્રી પાટિલની રાજકારણી પ્રતિષ્ઠા સાથે સાંકળીને તમે એક વ્યક્તિની કારકીર્દિનું વધારે પડતું મૂલ્યાંકન કર્યું છે. મુંબઈગરાઓના સ્વાસ્થ્ય અને સુખાકારી વિષે ચર્ચા કરીએ ત્યારે સહજ કહેવાઈ જાય છે કે મારા વૉર્ડમાં જ્યારે પાણી વિગેરે સુધરાઈના બીજા કોઈ પણ ખાતાને લગતી મુશ્કેલી ઊભી થઈ છે ત્યારે "ભાંગફોડિયા" શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝ પાસે ધા નાખવાથી મારી જેવાને દાદ મળી છે, જ્યારે મારા લત્તાના વિધાનસભાના ચાલુ સભ્ય (ફરીથી ચૂંટાઈ આવેલા) શ્રી નામજોશીએ તથા શ્રી સદોબા પાટિલે મને ક્યારેય આ બાબતોમાં મદદ નથી કરી. હા! ફક્ત ચૂંટણી ટાણે તેઓએ તેમના ટેકેદારો સાથે મારે ત્યાં તેમ જ મારા જેવા બીજા ઘણાઓને ત્યાં આવીને મત માટે ધા નાખી છે.

બીજું 'બંધ' અને 'ઘેરા ડાલો' ને મહારાષ્ટ્ર સરકારે પરોક્ષ રીતે જે ટેકો આપ્યો હતો તેની તમે ખેદ દર્શાવ્યા વગર નોંધ લીધી છે. પરંતુ તેમાં સરકારને દોષિત ઠરાવવાને બદલે તમે દોષનો ટોપલો પૂરેપૂરો શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝ ઉપર ઢોળી દેવા માંગો છો તે કેમ ચાલે? વળી શ્રી ફરનાન્ડીઝ 'ઘેરા ડાલો' કે 'મુંબઈ બંધ' અમલમાં મૂકતાં પહેલાં સરકારના લાગતાંવળગતાં ખાતાંઓ સાથે લખાપટી અને મંત્રણા દ્વારા ઉકેલો શોધવાના પ્રયાસો કરે તેને વિષે કંઈ જ લખતા નથી. શ્રી ફરનાન્ડીઝ છેલ્લા ઉપાય તરીકે (as a last resort) 'મુંબઈ બંધ' કરાવે અગર તો 'મોરચા' માંડે તેને તમે ભાંગફોડિયા કહો છો,' જ્યારે મહારાષ્ટ્ર તેમ જ કેન્દ્રની કૉંગ્રેસ સરકારે તેના અત્યાર સુધીના કારોબારમાં પ્રજાના પ્રશ્નો હમદર્દીથી અને વિરોધ પક્ષો સાથે વિચારણા કરીને હલ કરવાના પ્રયત્નો કર્યા જ નથી અને તેથી તેને આ ચૂંટણીમાં ફટકો પડયો છે તે વિષે તમે જે મૌન સેવ્યું છે તેથી તમારી સમીક્ષા મહદ્ અંશે પક્ષપાતી ભાસે છે, જ્યારે અમારા જેવાને તો તમારી કલમ પાસેથી નિષ્પક્ષ સમીક્ષાની અપેક્ષા હોય છે.

આજની પેઢી એ એક Ralistની–વાસ્તવવાદીઓની–પેઢી છે. તેમની નજર વર્તમાન અને ભવિષ્ય પ્રત્યે મંડાયેલી છે. ભૂતકાળમાં મેળવેલી સિદ્ધિઓની કેવળ શેખીભરી એની એ વાતો નવી કે જૂની પેઢીમાંથી કોઈને ગળે ઉતરે તેવી નથી રહી એટલું હજી પણ કૉંગ્રેસના નેતાઓ સમજ્યા નથી. જ્યારે શ્રી પાટિલ જેવા 'નેતા' એ પણ ઘણી જ ખેલદિલીથી આવગતના ઓધાણો પ્રત્યે આંગળી ચીંધીને કહ્યું કે કૉંગ્રેસે નેતાગીરી (Leadership) બદલીને તેની 'પ્રતિમાને ઉજ્જવળ કરવાના કાર્યમાં લાગી જવું જોઈએ' ત્યારે તેમના સરકારી તેમ જ પક્ષગત સહકાર્યકર્તાઓ હજુ પણ શાહમૃગની જેમ પ્રમાદની રેતીમાં તેમનું મોઢું સંતાડીને ચૂંટણીનાં પરિબળોથી ચઢેલી આંધીથી પોતાના પક્ષને બચી ગયેલો માને છે.

વળી શ્રી પાટિલ પ્રત્યે "આ ચૂંટણી વિષયક દુર્ઘટના ના સંદર્ભમાં અનેક દિલો સહાનુભૂતિ અનુભવે છે." એમ તમે કહો છો પણ તેની સામે મતદાનના આંકડાઓ બોલે છે તે પ્રમાણે અનેક બીજાં દિલો આથી આનંદ પામેલ છે તેનું શું? વળી તમારા જેવા પીઢ સમીક્ષક શ્રી પાટિલના પરાભવ અંગે ઊભી થયેલી પરિસ્થિતિ અલ્પકાલીન નીવડે એમ પ્રાર્થે છે તે સૌથી વધારે ખટકે છે. "કાળનું ચક ફરતું રહે છે અને ફરતું રહેવું જ જોઈએ." એ નિયમનો તમારી પ્રાર્થના સુક્ષ્મ અનાદર કરે છે. The old order changeth yielding place to the new. કાળનું ચક ફરતું રહે તો જ ગતિ રહે અને તેમાં જ પ્રગતિ સંભવે. ગતિ તો એક માત્ર વિકલ્પ છે. અ-ગતિ અને અ–ગતિ એટલે eternal stagnation, નાને મોઢે કાંઈ ખોટું બોલાયું હોય તો તમે ક્ષમા આપશો જ તેવી ખાત્રી છે.

લિ૰ આપનો ચાહક **સુધીર શાસ્ત્રી.**

મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,

આમારે ત્યાં વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન' આવે છે. પ્રબુદ્ધ જીવન 'હરિજન બંધુ' ના ધોરણે ચલાવવામાં આવે છે અને તેનું ધોરણ પણ હંમેશા ઉચ્ચ રહ્યું છે એમ આમારો સ્પષ્ટ ખ્યાલ છે. તેમ છતાં આપની કૉંગ્રેસ પ્રત્યેની ભક્તિ અતિરેકથી ભરપુર જણાય છે, અને તે તા. ૧-૩-'૬૭ના 'પ્રબુદ્ધ જીવન' ના પ્રકીર્ણ નોંધમાં નજરે પડે છે. શ્રમજીવીઓના નેતા શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝ વિષે આપે જે કાંઈ જણાવ્યું છે તે વ્યાજબી નથી. મુંબઈના બેતાજ બાદશાહ શ્રી પાટિલ હાર્યા છે તેના દુઃખમાં આપે ફરનાન્ડીઝને ભાંગફોડિયા તરીકે આલેખતાં જણાવ્યું છે કે, "મુંબઈનું – મુંબઈમાં વસતા આપણા સર્વનું ભાવી ભારે ખતરામાં પડયું છે." આપણા સર્વનું એટલે કોનું? સાધનસંપન્ન ગુજરાતીઓ કે પછી મુંબઈમાં વસતા લાખો શ્રમજીવીઓ કે જેમાં મધ્યમ વર્ગના ગુજરાતીઓ, નાના દુકાનદારો, ગુમાસ્તાઓ અને મજૂરો આવી જાય છે તેઓનું?

એકતરફી આલેખાતા વર્તમાનપત્રોના સમાચારો વાંચી વાંચીને આપને શ્રી જ્યૉર્જ ફરનાન્ડીઝ વિષે ખોટો ખ્યાલ બંધાયો છે. બીજા અનેક મજૂર નેતાઓની મદદથી હડતાલ, બંધ, ઘેરા ડાલોમાં તેઓ મોખરે રહે છે, પણ એમણે માલિકો અને મજૂરો વચ્ચે કેટલાં સમાધાન કરાવ્યાં છે તે આપના ખ્યાલમાં નહિં જ હશે. આમારા ઓટલે મુંબઈમાં છૂટક અનાજ કરિયાણાનો ધંધો કરતા નાના દુકાનદારો કે જેઓ વહેલી સવારથી મોડી રાત સુધી સતત ૧૪ થી ૧૬ કલાક શ્રમ કરે છે તેમનો દાખલો લ્યો. આમારા સમાજમાં બાપદાદાથી કૉંગ્રેસ ભક્તિ હતી. છેલ્લી બધી જ ચૂંટણીઓમાં (૧૯૬૭ સિવાયની) મોકળે મને દુકાનદાર વર્ગે હંમેશ કૉંગ્રેસને તન, મન અને ધનથી સાથ આપ્યો છે. આમારી સંસ્થાઓ મારફતે મુરબ્બી શ્રી ભુજપુરિયા શેઠની રાહબરી નીચે હજારો રૂપિયાના ગજાબહારના ફંડફાળા કૉંગ્રેસને ચરણે ધરાયા છે.

છતાં રામ'રો એક નાનકડો સવાલ – શહેર સુધરાઈમાં અમે'ને લેવા પડતા આસરે ૩૫ જેટલાં લાયસન્સો એક કરવા મા'ટે અનેક વેળાની કાકલુદીઓ અને પ્રયત્નો બહેરા કાને અથડાયાં; અને છેવટે શ્રી જ્યોર્જની નેતાગીરી નીચે મોરચો કાઢવો પડયો. ૧૯૪૨ ની સાલમાં મળતો નફો આજ સુધી એટલે ૧૯૬૭ માં પણ તે નફાથી અમારે રેશનીંગ ચલાવવું પડે છે. અભણ જેવા દુકાનદારો બીજો કયો ધંધો કરી શકે?

શ્રી જ્યૉર્જને ભાંગફોડીયા ગણવામાં આવે છે પણ પ'નશેત બંધનું પ્રકરણ રચનાત્મક હતું કે? બીજા તો સેંકડે દાખલા આપીએ તો ઓછા છે. આપશ્રી જ્યૉર્જની એક મુલાકાત જરૂર લ્યો તો સત્ય શું છે તે તમે'ને જરૂર સમજાશે.

આશા છે કે આ બાબતને આપ જરૂર ન્યાય આપશો.

દામજી સોજુ મોતા, એક દુકાનદાર

તંત્રી નોંધ: આ બન્ને ચર્ચાપત્રોનો વિગતવાર જવાબ આપવાની હું કોઈ જરૂર જોતો નથી. મુંબઈને મળેલી લોકસભાની બેઠકોમાંથી એક બેઠક માટે ઉભા રહેલા બે પ્રતિનિધિઓમાંથી પરાભવ પામેલા શ્રી એસ. કે. પાટીલ અને સફળતાને વરેલા શ્રી જ્યોર્જ ફરનાન્ડીઝના આજ સુધીના જાહેર જીવન અંગે મારો અમુક દૃષ્ટિકોણ અને અભિગમ છે, ચર્ચાપત્રો લખનાર બંધુઓનો તેથી જુદો જ દૃષ્ટિકોણ અને અભિગમ છે અને તેના પરિણામે મારા પ્રત્યાઘાતોથી તેમના પ્રત્યાઘાતોમાં આટલો મોટો ફરક પડયો છે. અહિં મારે એક બાબત કબૂલ કરવી જોઈએ કે હું જેટલો એસ. કે. પાટીલને જાણું છું તેટલો જ્યોર્જ ફર્નાન્ડીઝને જાણતો નથી. અમુક વર્ગને થતા અન્યાયો અને ભોગવવી પડતી અગવડો દૂર કરવામાં જ્યોર્જ ફરનાન્ડીઝે જે કાંઈ સેવા બજાવી હોય તે વિષે મને બહુ ઓછી માહીતી છે. તેમને હું માત્ર 'મુંબઈ બંધ' અને 'ઘેરા ડાલો'ના પ્રચંડ પુરસ્કર્તા તરીકે ઓળખું છું. કોઈ પણ દેશ કે શહેરના અમુક વર્ગોનું હિત સાધવા ખાતર અખત્યાર કરવામાં આવતા આ ઢબના આત્યન્તિક પગલાંઓ મારા અભિપ્રાય મુજબ લોકશાહીને અત્યન્ત ઘાતક છે અને સામુદાયિક જબરદસ્તીનાં દ્યોતક છે. નાગરિકોની ચાલુ જીવનવ્યવસ્થાનું રૂંધન કરીને અને રાજ્યસત્તાના ગળે ટૂંપો દઈને પોતાની માગણીઓ મંજુર કરાવવાના આ પ્રયોગો છે. આવાં પગલાંઓના કારણે આમજનતાને પારવિનાની હાડમારીઓ અને યાતનાઓ ભોગવવી પડે છે. અને એમ છતાં આ અંગે માત્ર આવાં પગલાંઓનો આદેશ આપનાર નેતાનું રૂવાડું ફરકતું નથી હોતું. ઉલટું લોકોની હાડમારીઓ જેટલી વધારે તેટલી પોતાના આન્દોલનની સફળતા વધારે—આવા ખ્યાલપૂર્વકની નિષ્ઠુર મનોદશા તેનામાં નજરે પડે છે. સુલેહ શાન્તિ અને સમજાવટના માર્ગે અને લોકશાહી સાથે સંગત એવા ઉપાયો વડે પરિસ્થિતિ પલટવાના અહિંસક માર્ગની તેમાં કેવળ અવગણના હોય છે. આવા 'બંધ' અને 'ઘેરા ડાલો'ની પ્રવૃત્તિને દેશના સમજુ અને શાણા વર્ગે સચોટ ભાષામાં વખોડી નાખી છે અને આવી પ્રવૃત્તિ દેશ માટે કેટલા મોટા ભયસ્થાનરૂપ છે અને દેશમાં વિકસતી લોકશાહી માટે કેટલી બધી ખતરનાક છે તે તરફ અનેક દેશહિતચિન્તકોએ ભારતના પ્રજાજનોનું સારા પ્રમાણમાં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરમાનંદ

એક રમુજી છતાં રહસ્યપૂર્ણ કથા

(સ્વીડનવાસી સ્વેન હેડિન નામનો યુરોપનો એક અગ્રણી ભૂગોળ-સંશોધક ઓગણીસમી સદીના છેવાડે થઈ ગયો. તે ૧૯૫૨ની સાલમાં ૮૮ વર્ષની વૃદ્ધ ઉમરે અવસાન પામ્યો. તેણે ૧૮૮૫ની સાલથી ૧૯૦૯ સુધીના મધ્ય એશિયાના પ્રવાસોની સાહસકથાઓ 'my life as an explorer' એ મથાળાથી પુસ્તક – આકારે ૧૯૨૫માં પ્રગટ કરેલ. તે પુસ્તક મૂળ સ્વીડીશ ભાષામાં હતું. તેનું આજથી ૪૨ વર્ષ પહેલાં અંગ્રેજીમાં ભાષાન્તર થયેલું. તેનો ગુજરાતી અનુવાદ સંક્ષેપમાં સ્વામી આનંદે બે વર્ષ પહેલાં 'એશિયાનાં ભ્રમણ અને સંશોધન' એ નામથી તૈયાર કર્યો અને અમદાવાદની બાલગોવિંદ કુબેરદાસની કંપનીએ (ગાંધી માર્ગ અમદાવાદ–૧.)એ અનુવાદ બે ભાગમાં પ્રગટ કર્યો છે અને પ્રત્યેક ભાગની કિંમત રૂા. ૩ રાખવામાં આવી છે. આ અત્યન્ત રોમાંચક પ્રવાસવર્ણનમાંથી નીચેની એક રમુજી કથા ઉધ્ધૃત કરવામાં આવી છે. **પરમાનંદ**)

અહીંની કોઈ દરગાના શેખે કુરાન ભણાવી ગણાવીને ચેલો તૈયાર કર્યો.

પેલો કહે :

"હવે હું દુનિયામાં નીકળું, ને કિસ્મતને અજમાવું. મને દુવા આપો, ને ઘોડું બંધાવો."

મુરશદે એક ગધેડો દીધો અને કહે,

"જા, અલ્લા તારી પડખે રહો. મારી દુઆ છે."

પેલો રણવગડાની વાટે નીકળ્યો ને રાત દિવસના પંથ કરી રણ ઓળંગ્યું. પણ ગધેડો ભૂખ્યો તરસ્યો મરી ગયો! ખાડો ખોદી ત્યાં જ દાટયો. માથે એકલવાયો બેઠો રૂએ. ત્યારે કોઈ તાલેવંતોની વણઝાર નીકળી.

"સાંઈ બાબા! શું બન્યું? આટલું બધું કાં રડો?"

"ભાઈઓ! મારો એકનો એક મિત્ર મુઓ. હાય રે! મારો બેલી, આ રણવગડાની વાટે મને અંતરિયાળ છોડી ગયો!"

કહી વળી ઠૂઠવો મૂક્યો. આમ ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા આ સાંઈની મિત્રનિષ્ઠા અને વફાદારી જોઈ પેલા તાલેવન્ત વણઝારા એટલા બધા પીગળી ગયા કે એમણે ત્યાં ને ત્યાં સાંઈના મિત્રની યાદગીરીમાં ભવ્ય રોજો બાંધવાની બાંહેધરી દઈ સાંઈનું સાન્તવન કર્યું.

પછી તો આ ધર્મકાર્ય માટે તાબડતોબ ઈંટપથ્થર, આરસ-મરમર જેવી કિંમતી બાંધસામગ્રીની પોઠો ચાલુ થઈ, અને રણવગડા વચ્ચે આભ ઊંચા ઘુમ્મર-મિનારાવાળો ભવ્ય રોજો ઊભો થઈ ગયો, જેની નામના દુનિયા આખીમાં ફેલાઈ ગઈ. દૂરદૂરના દેશોના જાત્રાળુઓ ત્યાં આવવા લાગ્યા.

પેલા કાશધરના મુરશદ શેખને કાને પણ આ ખ્યાતિ પહોંચી. ને 'ઘરડેધડપણ હું યે આ જગવિખ્યાત તીર્થસ્થાનની જાત્રા કરી લઉં!' એવી મંછાથી એ ય જ્યારતે નીકળ્યા, દડમજલ કરતાં મહિને પનરે પહોંચ્યા. જુએ તો વર્ષો અગાઉ પોતાને ત્યાંથી નીકળેલો મુરીદ રોજાના મુજાવરની જગ્યાએ બેઠો છે! ઓળખતાં વેંત મુરશદજીને હૈયે હરખ માય નહિ! આવા મોટા સ્થાને પોતાનો મામૂલી ચેલો કઈ રીતે પહોંચ્યો? પણ બધા વચ્ચે પૂછવું કઈ રીતે? રાત પડી અને લોકની અવરજવર ઓછી થઈ ત્યારે એકાંતે બેસીને પૂછા કરી :

"બેટા, તને મારી હજાર લાખ દુઆ. પણ ભાઈ, હું યે તારો મુરરાદ. મને કહે તો ખરો કે આવડી મોટી ઈજતને હોદે તું કેમ રીતે પહોંચ્યો! કયા પીર આહીં થઈ ગયા, જેની દરગા પર આવડો ભવ્ય રોજો બંધાયો છે?"

ચેલાએ કાનમાં કહ્યું :

"તમે મને ચડવા સારુ ગધેડો આપેલો ને? એ જ આ જગ્યાએ મરી ગયેલો!"

મુરશદજીએ વાહવા કરી. લગાર રહીને ચેલે પૂછયું :

"મુરશદજી! તમે કાશધરમાં જ્યાં મને ભણાવતાં એ દરગા કયા પીરની?

"તારાવાળા ગધેડાના બાપની!"

સ્વામી આનંદ

શ્રી જે. કૃષ્ણમૂર્તિ

(ગતાંકથી ચાલુ)

બીજી વાર જ્યારે હું તેમને સાંભળવા ગઈ ત્યારે 'મૃત્યુ અને મૃત્યુનો ભય' એ વિષય ઉપર ચર્ચા ચાલતી હતી. આ ઉપયોગી વિષય નથી એમ કોઈ કહી શકે તેમ નહોતું. કારણ કે એ તો સૌ કોઈ અંગે એક ચોક્કસ બનનારી અને અનિવાર્ય એવી ઘટના છે. આત્મભાનની એ એક શિક્ષા છે કે માનવી મૃત્યુના આગામી જ્ઞાનપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરે છે. કેટલાક લોકો માટે, સિવાય કે પુનર્જન્મ કે મૃત્યુ બાદની કોઈ એક સ્થિતિ વિષે તેમનામાં માન્યતા પોષવામાં આવી હોય, શ્રદ્ધા પેદા કરવામાં આવી હોય, મૃત્યુનો એટલે સંપૂર્ણ વિનાશથી જરા પણ ઓછું નહિ, આત્મસાતત્યનો સંપૂર્ણ અભાવ—આવી કોઈ સ્થિતિની કલ્પના છે અને પોતાના અહંના સંપૂર્ણ લોપનો ભય જ માત્ર સત્તા કે મીલ્કત જ નહિ પણ જ્ઞાન અને વિચારો પ્રાપ્ત કરવાની ઈચ્છા પાછળ રહેલો હોય છે. માણસ આખા વિશ્વને પોતાનું બનાવવા ઈચ્છે છે, કારણ કે જેમાં પોતાપણાનો ભાસ નથી તે તેના અસ્તિત્વને ભયરૂપ—જોખમરૂપ લાગે છે. જાણે કે તે ઉછળી ઉઠશે અને તેને ગળી જશે એમ તેને લાગે છે. પણ તેનું વિશ્વ ગમે તેટલું પહોળું થાય તો પણ વૈજ્ઞાનિક માનવી અનંત સાગરથી ઘેરાયલા એક ટાપુ પર વસતા પ્રાણી જેવો છે. આ કોયડાનો કૃષ્ણમૂર્તિ ઉકેલ દર્શાવી શકશે અને કોઈ માર્ગ દાખવી શકશે? "મૃત્યુ ભારે બિહામણી વસ્તુ છે. આપણે બધાં ય તેથી બીતા હોઈએ છીએ, શું તેમ નથી? આપણે તેની પેલે પાર જોઈ શકતા નથી અને તે કારણે જ આપણે તેનાથી ભયભીત છીએ. મૃત્યુનું રહસ્ય સમજવા માટે આપણે આપણી જાતને પ્રશ્ન કરવો જોઈએ; "જીવન એટલે શું?" આપણું સ્થાન, આપણું ધન, આપણું જ્ઞાન આ બધી વસ્તુઓ જે વડે આપણે આપણી જાતને ઓળખીએ છીએ, આ બધાંનો અંત આવવાની આપણને બીક લાગે છે, શું એમ નથી? આ બધા અનુભવોનો સંચય તેને આપણે જીવન તરીકે ઓળખીએ છીએ અને આપણને ખબર છે કે મૃત્યુ આ સર્વનો અંત છે. આપણે આ બધું પૂર્વવત્ ચાલુ રહે એમ ઈચ્છીએ છીએ, તેથી આપણે પુનરુત્થાન, પુનર્જન્મ, જીવનસાતત્યનો ભ્રમ ઊભો કરતા ગમે તે સિદ્ધાંતો શોધી કાઢીએ છીએ—એ હેતુથી કે મનની સ્થિતિ ચાલુ રહે..."

જેમ જેમ તેઓ બોલતા ગયા, તેમ તેમ તેઓ જાણે કે પોતાના શબ્દોના ગુંચળામાં જ ગુંચવાતા જતા હોય અને પોતાની જાતને વ્યકત કરવાની મથામણ કરતા હોય એમ કહેવા લાગ્યા કે "તમને ખાત્રી છે કે તમે આ બધું સમજો છો? Do listen! ધ્યાન આપો! હું જે કહેવા માંગુ છું તે તમે બરોબર સમજો એ અત્યંત અગત્યનું છે." કરુણાજનક ગાંભીર્યપૂર્વક તેઓ જરા આગળ ઢળ્યા. "સંભવિત છે કે તમારામાંનું કોઈ પણ મને ધ્યાનથી સાંભળતું નથી. તમે શબ્દો સાંભળો છો, પણ તરત જ તમે તેનો અર્થ ઘટાવવા માંડો છો. તમારું મન તમારા ધર્મસંપ્રદાયથી, તમારાં નૈતિક અને સામાજિક મૂલ્યોથી, તમે વાંચેલા કોઈ પુસ્તકથી, તમારા શિક્ષણથી, ઘેરાયલું છે, અને પૂર્વગ્રહના આ આવરણ દ્વારા તમે મને સાંભળી કે સમજી ન જ શકો. તમે એમ માનો છો કે તમારા અભિપ્રાયો, તમને મળેલી ડિગ્રીઓ અને એવું બધું તમને બુદ્ધિમાન બનાવે છે, પણ આ બધું અનુભવોનો, સ્મરણોનો, તમારામાં જે વડે સાતત્યનો ભ્રમ પેદા થાય છે તે ખ્યાલોનો—વિચારોનો કેવળ સંગ્રહ છે. તેની પેલે પાર શું છે? હું જીવતો છું એ દરમિયાન, આ સાતત્યનો અંત જે એ વસ્તુ છે કે જેને હું મૃત્યુ કહું છું—એનો હું અનુભવ કરી શકું છું? ખરેખર જેમાં સાતત્ય છે તે કદિ પણ બુદ્ધિમત્તા નથી. માત્ર તે જ મન કે જે ક્ષણ પ્રતિ ક્ષણ મૃત્યુ પામે છે, મૃત્યુનો અનુભવ કરે છે તે જ મન ખરેખર પ્રજ્ઞાસંપન્ન મન છે, અને જ્યારે આ બધી વસ્તુઓ જેનું આપણે મન ઘણું મોટું મૂલ્ય છે તે સર્વથી આપણા અનુભવથી, આપણા જ્ઞાનથી વગેરે વગેરેથી આપણા મનને—ચિત્તને—મુકત કરી શકીએ ત્યારે જ જીવન શું છે તે આપણે જાણી શકીએ—સમજી શકીએ, ત્યાર બાદ મૃત્યુ અંગે કોઈ સમસ્યા નહિ રહે. જીવન શું છે તે જાણવું એ મૃત્યુ શું છે તે સમજવા બરોબર છે, અને માત્ર બુદ્ધિશાળી—પ્રજ્ઞાસંપન્ન—મન જ મૃત્યુની સમસ્યાનો સર્જક રીતે સામનો કરી શકે છે, અને આપણે સર્જક બનીએ એ એટલું બધું અગત્યનું છે, અને આપણી ચર્ચા આજે આપણે અહિ જ સમાપ્ત કરીએ."

કાંઈક અચકાતાં અચકાતાં તેમના વાર્તાલાપનો છેડો આવ્યો અને તેઓ ત્યાંથી ચાલ્યા જવા માટે એકાએક ઊભા થયા. સામે બેઠેલી સ્ત્રીઓથી ભાગી છૂટવાનો તેઓ પ્રયત્ન કરતા હોય એમ લાગ્યું. આમાંની કેટલીક તો તેમને પકડી પાડવા આતુર હોય એવો ભાસ થયો. ઘણું ખરું, આમાંની ઘણીખરી ઘેલી અને વેવલી સ્ત્રીઓ હતી કે જે તેમની સાથે નિકટના પરિચયની અપેક્ષા રાખતી હતી પણ આવો પક્ષપાત તેઓ કોઈ પ્રત્યે પણ દાખવી શકે તેમ હતું જ નહિ. આમ છતાં તેઓ આ બાબતમાં એટલે કે તે સ્ત્રીઓ તેમને ઘેરી વળે એ પહેલાં તેમનાથી છૂટવાની ચિંતામાં હોય એમ લાગતું હતું, કારણકે તેઓ તેમનાથી ભડકતા હોય એવી રીતે લગભગ આકુળવ્યાકુળ દેખાતા હતા. કેટલાક મહિનાઓ બાદ, જ્યારે કાશી ખાતે મારી તેમની સાથે ઓળખાણ કરાવવામાં આવી ત્યારે જાણે કે હું તેમની પાસેથી એવું કંઈક માંગીશ જે તે આપી શકે તેમ ન હોય કે આપવા માગતા ન હોય. એવો તેમને કાંઈક ભય હોય એ રીતે મારાથી તેઓ સંકોચાતા લાગ્યા અને અમારી વચ્ચે કોઈ મુકત ચર્ચા થવા પામી નહિ. વાર્તાલાપના સંમેલનોમાં તેઓ સ્વસ્થપણે બેસતા હતા, પણ નજીકમાં મળવાનું બને અને વધારે સ્વાભાવિકતાથી મળવાનું બને ત્યારે તેમનું હલનચલન વધી જતું હતું અને તેઓ વધારે નાજુક — નબળા — દેખાતા હતા. એક શરમાળ માનવી તરીકે તેઓ જાણીતા હતા પણ અહીં એથી પણ કાંઈક વધારે હતું, આસપાસ બેઠેલા લોકો અંગે તેઓ કાંઈક ક્ષોભ અનુભવતા હોય એમ લાગતું હતું અને તેમની સાથેની વાતચીતમાં અંગત બાબત વિષે તેઓ હંમેશાં મૌન સેવતા હતા. તેઓ પ્રેમની ઘણી વાતો કરે છે, પણ મને તેમનામાં કોઈ પ્રેમસંબંધ અંગેની નિરાશાનો જ ભાસ થતો જ રહ્યો છે. કદાચ આને લીધે જ એમ બનવા પામ્યું હોવા સંભવ છે કે પોતાના જે અનુભવ ઉપર તેમના સર્વ વાર્તાલાપો આધારિત છે તે અનુભવ અંગે તેમણે પોતાના કોઈ પણ અનુયાયીને કદિ એક પણ શબ્દ, મારી જાણ મુજબ, કહ્યો નથી. જેમને સત્ય લાધ્યું નથી એ બધા શોધક રહેવાને સરજાયા છે. શ્રીકૃષ્ણમૂર્તિને મળવા જાણવામાં અમુક જોખમ છે કારણ કે, મીસ રહીના તૈયબજીએ મને કહેલું તે મુજબ તેઓ બધા સામે એક જ લાકડીનો ઉપયોગ કરે છે. દાખલા તરીકે, જેઓ ભકિત તરફ વળેલા છે તેવા લોકોને મદદરૂપ બને તેવું તેની પાસે કશું નથી. તેઓ માત્ર બુદ્ધિશાળી—તર્કપ્રધાન — લોકો માટે છે.

કૃષ્ણમૂર્તિ મારે મન ભાગ્યે જ એવી વ્યકિત છે કે જેમનામાં દિવ્ય — અતી ન્દ્રિય — શકિતઓ હોવાનો હું આરોપ કરું. અને તેથી જ્યારે તેમની નજીકના અનુયાયીઓમાંથી કોઈ એક બહેનને કૃષ્ણમૂર્તિમાં આવી શકિત હોવાનું કહેતા સાંભળ્યાં ત્યારે મને ભારે આશ્ચર્ય થયું. તેણે સોગંદ ઉપર જણાવ્યું કે, "હું કૃષ્ણમૂર્તિના ચાલુ સમાગમ અને સાન્નિધ્યમાં રહેતી હોઈને, મારા સમગ્ર જીવનમાં હું પાયાનું પરિવર્તન અનુભવી રહી છું. જાણે કે જાદુ હોય તેમ, જે લોકોની

જ્યારે પણ મને જરૂર હોય છે ત્યારે અને તે જ વખતે તેઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે. જો કોઈ પુસ્તક, વાક્ય કે પારીગ્રાફ મારી કોઈ સમસ્યાના ઉકેલમાં મદદ રૂપ થઈ શકે તેમ હોય તે પુસ્તક, વાક્ય કે પારીગ્રાફ તે ચોક્કસ આણીની ઘડીએ મારા હાથમાં આવી પડે છે; જો મને અમુક જરૂરિયાતો માટે દ્રવ્યની જરૂર પડે તો ન સમજાય આવી ગૂઢ રીતે મારી તત્કાળ જરૂરિયાતો માટે બરોબર પૂરતું દ્રવ્ય મને પૂરું પાડવામાં આવે છે અને આ બધું, જ્યારથી તેમના માર્ગદર્શક હાથમાં મેં મારી જાતને સોંપી છે ત્યારથી, બની રહ્યું છે. ટૂંકાણમાં કહું તો, તેઓ પોતે દુનિયાના કોઈ પણ ભાગમાં હોય તો પણ, તેના જીવનની દરેક ક્ષણે તેઓ મને દોરી રહ્યા છે.''

આ ભક્ત સ્ત્રી એમ પણ નિશ્ચિતપણે માને છે કે તેના શ્રોતા–સમુદાયની દરેક વ્યક્તિની ખરેખરી આંતરિક સ્થિતિ શું છે તેની તેમને પૂરેપૂરી ખબર હોય છે, અને આ બધું મનોગત ટેલીટ્રાન્સ-મીટરની માફક સીગ્નલો પકડીને તેઓ વાંચી શકે છે. આ પ્રક્રિયા તેમનાં મન તેમ જ શરીરને ખૂબ થકવી નાખે છે અને તેથી તેઓ અછડતા જવાબો આપીને ચર્ચાઓને ઘણી વાર ટાળે છે અને મોટા માનવસમુદાયોના મીલન પ્રત્યે અણગમો ધરાવે છે. તેમને નાની મંડળીઓમાં વાતો કરવી વધારે ફાવે છે. શું તેઓ શુષ્ક હૃદયના છે? બીલકુલ નહિ. આ ભક્તિનિષ્ઠ ભગિનીના કહેવા મુજબ, સૌ કોઈ માટેના સર્વવ્યાપી અને સમાન પ્રેમના કારણે જ, તેઓ કદિ દુઃખ, વેદના, ગ્લાનિ કે લાગણી વ્યકત કરતા નથી. ઉત્તમોત્તમ કક્ષાની સમાધિમાં જ તેઓ સદા સ્થિત હોઈને, તેમનામાં પ્રેમ-વિહોણાપણું સંભવે જ શી રીતે? (સમાપ્ત)

અનુવાદક : મૂળ અંગ્રેજી :
પદ્મકાંત **શ્રીમતી એની માર્શલ**

સ્નાતિકાઓ સંગે–

સ્નાતક બહેનોના પ્રશ્નોની સામૂહિક ચર્ચા - વિચારણા એ રસમ-દાવાદને માટે પ્રથમ અનુભવ હતો. ચાલુ વર્ષની તા. ૨૮ ને ૨૯ મી જાન્યુઆરીએ 'યુનિવર્સિટી વિમેન્સ એસોસિએશન' તરફથી સ્નાતક બહેનોની એક પરિષદ યોજાઈ હતી.

પરિષદનું વાતાવરણ અનેક જૂના પરિચયો તથા સખ્યને તાજાં કરતું હતું જ. અને પરિષદની વિભાગીય ચર્ચાઓ પણ ઓછી રસપ્રદ નહોતી. વળી ચર્ચાના મુખ્ય વિષયોની પસંદગી પણ પ્રમાણમાં મહત્ત્વની અને સંતોષકારક હતી. તે નીચે મુજબ હતા:

(૧) સ્નાતક બહેનો અને પૂરા તથા થોડા સમયની નોકરી (Full time & part time jobs).

(૨) સ્નાતક બહેનો અને સ્વૈચ્છિક સમાજસેવા (Voluntary social service).

(૩) સ્નાતક બહેનોના લગ્ન પૂર્વેના પ્રશ્નો (Premarital problems).

(૪) સ્નાતક બહેનો અને સામાજિક તથા સાંસ્કારિક જીવન (Social and recreational life).

(૫) સ્નાતક બહેનો અને કૌટુમ્બિક જીવનની તાલીમ (Family life and education).

આમાંથી લગ્નપૂર્વેના પ્રશ્નો તથા વ્યવસાયી જીવન પર ઘણી રસમય ચર્ચા થઈ. સામાજિક અને સાંસ્કારિક જીવન વિષેની ચર્ચા બાદ કરતાં બીજા વિષયો પ્રમાણમાં ઘણો સારો ન્યાય પામ્યા, જ્યારે આ બહેનોને સાંસ્કારિક જીવન જોઈએ એ વાત તો નિર્વિવાદ હતી, એમાં ચર્ચાની અપેક્ષા નહોતી, પણ એમાં સાંસ્કારિક પ્રવૃત્તિઓનાં થોડાંક નક્કર સૂચનોની અપેક્ષા હતી કે જે અધૂરી રહી.

સ્નાતક થયા પછીનો સૌથી પહેલો ને અટપટો પ્રશ્ન આવે છે–લગ્નનો. જાણીતા મનોચિકિત્સક ડૉ. રામાનુજને આમાં સારી ને અભ્યાસ-પૂર્ણ વિગતો રજૂ કરી હતી. એમના કહેવા મુજબ શિક્ષિત બહેનો સમાનતા અને સ્વતંત્રતાના ખ્યાલોમાં રાચતી હોય છે, જ્યારે તેમના પતિઓની અપેક્ષા થોડી જુદી હોય છે.

આ વાતના અનુસંધાનમાં એમણે (મારી દૃષ્ટિએ જરા વિવાદાસ્પદ) વાત કરી કે આ બહેનોની પસંદગીનું પાત્ર વધુ ભણેલું હોવું જોઈએ કે જેથી સ્ત્રી તેની તરફ વધુ આદરથી જોઈ શકે, અને પુરુષ પોતે ઓછું ભણેલો છે એવા ખ્યાલથી મૂંઝાય નહીં.

એમનું બીજું એક અવલોકન ધ્યાનપાત્ર એ હતું કે આજે ભણેલી બહેનો એના સાથીને જાતે પસંદ કરવા ઈચ્છે છે. પણ તે માટે આવશ્યક એવી સ્વતંત્રતા માબાપ એમને આપતાં નથી. આપણા દેશમાં માબાપ અને સંતાનો વચ્ચે પૂરો વિશ્વાસ નથી, અને સગપણ થયા પછી પણ એક પ્રકારનો જાપ્તો ચાલુ હોય છે. પશ્ચિમમાં આમ નથી.

આ પ્રશ્નના વિવિધ પાસાઓ એમણે સમજાવ્યા બાદ એની ચર્ચામાં શ્રીમતી સુમિત્રા કુલકર્ણી, વસુબહેન ભટ્ટ વિગેરેએ ભાગ લીધો. ચર્ચામાંથી મેં એટલું તારવ્યું કે બહેનોએ અભ્યાસ પૂરો થતાં સુધીમાં કે ત્યાર બાદ થોડા જ સમયમાં પોતાની મનોવૃત્તિઓને સ્પષ્ટ-પણે ઓળખી લેવી જોઈએ. લગ્ન કરવાં કે ન કરવાનો નિર્ણય જીવનની પ્રથમ પચ્ચીશીમાં આકાર લઈ ચૂકયો હોય તે ખૂબ જરૂરી છે. સાથીની પસંદગી અંગે પણ સમજપૂર્વકનું વલણ હોય તો એ સમસ્યા સારી રીતે ઉકેલાય. પસંદગીનાં આ ધોરણોમાં સ્વભાવ ને સંસ્કારને પૂરતું મહત્ત્વ અપાય, તેમ જ અન્યોન્યની મર્યાદાઓ સમજી લઈને અપેક્ષા મોટી મોટી ન રાખવામાં આવે એ ઈષ્ટ છે.

આ ચર્ચામાં યોગ્ય સાથી ન મળવાથી અપરિણીત જીવન ગુજારતી બહેનો વિષે પણ સારી વાતો થઈ. આવી પરિસ્થિતિ ન સર્જાય તેમ જ સર્જાઈ ચૂકી હોય તેમણે એમાંથી માનસિક સમાધાન કેમ મેળવવું એ પ્રશ્ન ખૂબ ઊંડી છણાવટ માંગે છે. (એ માટે એક સ્વતંત્ર લેખ જ જરૂરી છે).

લગ્ન અને ગૃહજીવન સ્વીકારનાર બહેનોની બીજી મોટી સમસ્યા છે વ્યવસાયની! ગૃહજીવન અને વ્યવસાય વચ્ચે સમન્વય સાધીને સુખી જીવન જીવવું એ ઘણો મોટા સંઘર્ષનો અનુભવ કરાવે છે. શ્રીમતી વિનોદીનીબહેન નીલકંઠે જણાવ્યા મુજબ થોડા સમયની નોકરી (part–time job) એ આ બે વચ્ચેનો ઉકેલ છે. 'એમ્પ્લૉયમેન્ટ એક્ચેન્જ'માં કામ કરતાં શ્રીમતી ઈલાબહેન ભટ્ટે બહેનો નોકરી શોધે અને કરે તેમાંથી ઊભા થતા તરેહ તરેહના પ્રશ્નો સમજાવ્યા. બહેનો માટે નોકરીની શકયતા ને આવશ્યકતા કયાં કયાં વધતી જાય છે એનું ચિત્ર ડૉ. જ્યોત્સ્નાબહેન શાહે વિસ્તારપૂર્વક આપ્યું. શિક્ષણને પરિણામે મળેલી બૌદ્ધિક શકિતથી પ્રેરિત બહેનોને વ્યવસાય (career)માં એક પ્રકારનું આંતર્સમાધાન અનુભવાય છે એવો ઘણાનો અનુભવ હતો. પરંતુ ડૉ. સુસ્મિતાબહેન મેઢે એમની ઠરેલ, મધુર શૈલીમાં કુટુંબજીવનનું આત્મતત્ત્વ સમજાવ્યું. એમના કહેવા મુજબ કુટુંબ એ કોઈ યંત્ર નથી. એમાં સમય સમયનાં કામ ઉપરાંત હૃદયનાં તત્ત્વો - પ્રેમ ને હૂંફ - પણ ખૂબ જ આવશ્યક છે. જો સ્ત્રી બીજા બહારના વ્યવસાયમાં બંધાયેલી ન હોય તો જ આ વાતાવરણ સંતોષપૂર્વક સર્જાય. કુટુંબમાં પતિની કાળજી ને બાળકોનો ઉછેર–એ સ્વયમ્ જ પૂરા સમયની નોકરીથી વધારે સમય ને એકાગ્રતા માંગે છે. આજનાં મૂલ્યો ને મહત્ત્વાકાંક્ષાઓથી જીવનની આ દિશા અધૂરી તો નહી રહે ને? વિભકત કુટુમ્બમાં તો આ વાતાવરણની વિશેષ જરૂર રહે છે.

સુસ્મિતાબહેનના કહેવા મુજબ બાળકો મોટાં થયાં બાદ બહેનોને બહારનાં કામની તક મળે એ દૃષ્ટિએ સરકારે એમની નોકરીની વય–મર્યાદા ફેરવવી જોઈએ.

મને લાગે છે આજની શિક્ષિત બહેનો જેટલી દ્વિધા ને

સંઘર્ષ બહુ ઓછા અનુભવતા હશે. આજની કારમી મોંઘવારી, વિભક્ત કુટુમ્બે ગુમાવેલી વૃદ્ધોની હૂંફ, પોતાની વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા ને મોજશોખ તથા પોતાનાં કૌટુમ્બિક કર્તવ્યો–આ બધામાંથી માર્ગ કાઢનારમાં કેટલી ઊંડી સમજ, દૃષ્ટિ ને સહિષ્ણુતા જોઈએ? કેળવણીની સાચી કસોટી પણ આમાં જ છે ને?

કૌટુમ્બિક જીવનની તાલીમ વિષે બોલતાં શ્રીમતી વિનોદબહેન નીલકંઠે સુખી વૃદ્ધાવસ્થાનું સાફલ્ય શેમાં તે સમજાવ્યું. આ સ્નાતિકાઓ વૃદ્ધ થતાં આદર્શ સાસુ કેમ બની શકે એ પણ વિચારવાનું તો છે જ. ત્યાગ ને પ્રેમની માત્રાઓ પણ શિક્ષણ સાથે સિદ્ધા પ્રમાણમાં (direct ratio)માં વધે તો? તો કેવું અદભુત!

ઐચ્છિક સેવાના કામમાં સક્રિય થવાની અને બહેનોને માર્ગ બતાવવાની બાબતમાં શ્રીમતી હેમલતા હેંગિષ્ટેએ વિશદ વિવેચન કર્યું. તેમના કહેવા મુજબ સ્નાતિકાઓના ફાજલ પડતા સમય ને શક્તિનો આવો સદુપયોગ વ્યવસ્થિત રીતે થાય તે ખરેખર ઈચ્છનીય છે.

એકંદરે બધા વિષય પર ઘણી બહેનોએ પૂરા રસ ને નિર્ભયતાથી પોતપોતાનાં મંતવ્યો રજૂ કર્યાં. પણ આવી રજૂઆતમાં ચિંતનનું ઊંડાણ ને વિષયની વ્યવસ્થિતતા હજી વધવી જોઈએ. વાતોનું પુનરાવર્તન, diversion અને અકારણ લંબાણ થાય ત્યારે એની અસર ઓછી પડે છે. આ દૃષ્ટિએ પરિષદમાં વંચાનાર 'પેપર્સ' એનાં સંચાલકોએ અગાઉથી જોઈ લેવા જોઈએ.

દરેક વિભાગનું સંચાલન જુદા જુદા હાથે થવું જોઈએ કે જેથી વધુ ઊંડાણ ને વૈવિધ્યભર્યો દૃષ્ટિકોણ માણવા મળે. પ્રત્યેક વિભાગના નિષ્ણાતોને આમાં સંચાલન માટે બોલાવવા જોઈએ.

શિક્ષણનાં અલગ અલગ ક્ષેત્રોમાંથી સ્નાતક થયેલી બહેનોની અલગ વિભાગવાર ચર્ચાસભા થાય તો એ દૃષ્ટિએ મૂળભૂત પ્રશ્નો પણ ચર્ચાય.

આમ ચારસો જેટલી શિક્ષિત બહેનો સાથે મળે અને એમના પ્રશ્નો ચર્ચે એ સારું જ છે, પણ એમાંથી શિક્ષિતપણાનો અહંકાર કે વાડાબંધી અજાણતા પણ ન જાગવા જોઈએ. છેલ્લે, આ બધું માત્ર બૌદ્ધિક વિલાસ ન રહે અને એમાંથી કોઈ નક્કર કાર્ય પરિણમે એ દૃષ્ટિએ એનું અનુસરણ (Follow–up) તરત અને દૃષ્ટિપૂર્વકનું થાય એ અત્યંત જરૂરી છે. આ તો વલોણું થયું, માખણ ઉતારવાનું તો હજી બાકી છે ને?

ગીતા પરીખ

(પાટડી એસ્ટેટ, અમદાવાદ ૬)

આચાર્ય રજનીશજીનાં પ્રવચનોનો કાર્યક્રમ

મુંબઈ ખાતે માર્ચ માસની તારીખ ૨૦, ૨૧, ૨૨, ૨૩ એમ ચાર દિવસ માટે સાંજના ૬-૩૦ વાગ્યે ઘોબીતળાવ પાસે આવેલા ક્રૉસ મેદાનમાં આચાર્ય રજનીશજીનાં પ્રવચનો ગોઠવવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રમાં માંગરોળ પાસે આવેલા શારદાગ્રામમાં એપ્રિલ માસની તારીખ ૧૪–૧૫–૧૬ એમ ત્રણ દિવસની–આચાર્ય રજનીશજીને અનુલક્ષીને–સાધના શિબિર ગોઠવવામાં આવી છે. આ શિબર અંગેની વિગતો માટે જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ - ૨ (ફોન નં. ૨૨૩૩૧ તથા ૨૬૪૦૬૫) સાથે સંપર્ક સાધવા વિનંતી છે.

મંત્રીઓ, જીવન જાગૃતિ કેન્દ્ર.

બિહાર દુષ્કાળ રાહત અંગે અનુરોધ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી તા. ૧૧-૩-'૬૭ નાં રોજ મળેલી સભામાં બિહાર દુષ્કાળ રાહત અંગે સંઘના સભ્યો પાસેથી ફાળો ઉઘરાવવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો છે. ફાળાની શરૂઆત કાર્યવાહક સમિતિના હાજર રહેલા સભ્યોથી કરવામાં આવી હતી અને તત્કાળ રૂપિયા એક હજાર જેટલી રકમો નોંધાઈ હતી.

'પ્રબુદ્ધ જીવન' ના તા. ૧-૩-'૬૭ ના અંકમાં "બિહારનાં દુષ્કાળની ઉત્કટ બનતી જતી કટોકટી" એ શિર્ષક નીચે ત્યાંના દુષ્કાળની ભીષણ પરિસ્થિતિનો આછો ખ્યાલ આપતો લેખ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. કુદરતે સર્જેલો આ પ્રકોપ ખરેખર ભયંકર છે, અકલ્પનીય છે. જુદે જુદે સ્થળેથી મળતાં બિહારનાં દુષ્કાળનાં વર્ણનો સાંભળવા કે વાંચવા મળે છે ત્યારે આપણા દિલના રૂંવેરૂંવાં ખડાં થઈ જાય છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા દેશમાંથી તેમ જ પરદેશોમાંથી જાતજાતની મદદ આવવી કયારનીયે શરૂ થઈ ગઈ છે. પરંતુ મદદનો આ પ્રવાહ જોઈએ તેટલો વેગવાળો નથી. હજી ઘણી વધારે મદદની જરૂર છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તથા શુભેચ્છકોને, 'પ્રબુદ્ધ જીવન' ના વાંચકોને તથા ચાહકોને અમે આગ્રહભરી પ્રાર્થના કરીએ છીએ કે માનવતાના આ કાર્યમાં આપનો વધુમાં વધુ ફાળો આપો. બિહાર રીલીફ કમિટી તરફથી સસ્તી રોટી અને મફત રસોડાં સ્થળે સ્થળે ચાલુ થયાં છે. તે ઉપરાંત ત્યાં સાડીઓ, ગરમ કપડાં, ધાબળા, રજાઈઓ, દવાઓ, પગરખાં વગેરે અનેક ચીજોની જરૂર છે. બિહાર દુષ્કાળ રાહતના આ કાર્યમાં આપને જે કાંઈ આપવું હોય–રોકડ અથવા ચીજવસ્તુ–તે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ–૩) વિના વિલંબે મોકલી આપશો. આ રીતે જે રકમ ભેગી થશે તે તથા અનાજ, કપડાં વગેરે જે કાંઈ બીજી ચીજો આવશે તે બધી યથાસ્થળે પહોંચાડવાની વ્યવસ્થા વિચારવામાં આવી છે. દાતાઓની યાદી પણ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે. જે કોઈ ગૃહસ્થો ટેલીફોનથી સંપર્ક સાધવા ચાહે તેઓ આપણા સંઘનાં ઉપ–પ્રમુખ શ્રી પરમાનંદભાઈ (ટે. નં. ૩૫૪૮૭૬) તથા સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ (ટે. નં. ૩૨૬૭૯૭ તથા ૩૩૪૯૪૫) અને શ્રી સુબોધભાઈ એમ. શાહ. (ટે. નં. ૨૫૬૫૩૬ તથા ૩૬૬૨૮૫) સાથે ટેલીફોન પર પણ પોતાનો ફાળો નોંધાવી શકે છે.

આપના

ચીમનલાલ જે. શાહ — **ચીમનલાલ ચકુભાઇ શાહ–પ્રમુખ**

પ્રબોધભાઇ એમ. શાહ — **પરમાનંદ કુંવરજી કાપડિયા–ઉપપ્રમુખ**

મંત્રીઓ

એક દૃષ્ટિપાતે સામાન્ય ચૂંટણીનાં પરિણામો

લોકસભા (પક્ષવાર પરિસ્થિતિ)

રાજ્ય	કુલ બેઠકો	કૉંગ્રેસ	સ્વતંત્ર	સામ્યવાદી જમણેરી	સામ્યવાદી ડાબેરી	S. S. P.	જનસંઘ	P. S. P.	અપક્ષો	અન્ય પક્ષો
આંધ્ર	૪૧	૩૫	૩	૧	—	—	—	—	૨	—
આસામ	૧૨	૧૦	—	—	—	—	—	૨	—	—
બિહાર	૫૩	૩૪	—	૫	—	૭	૧	૧	૨	૩
ગુજરાત	૨૪	૧૧	૧૦	—	—	—	—	—	—	૩
હરિયાણા	૯	૭	—	—	—	—	૧	—	૧	—
કેરળ	૧૯	૧	—	૩	૯	૩	—	—	૧	૨
મધ્ય પ્રદેશ	૩૭	૨૪	૧	—	—	—	૧૦	—	૨	—
મહારાષ્ટ્ર	૪૧	૩૭	—	૨	—	૨	—	૧	૧	૨
મહિસુર	૨૭	૧૮	૫	—	—	૧	—	૨	૧	—
ઓરિસ્સા	૨૦	૬	૭	—	—	૧	—	૧	—	—
પંજાબ	૧૩	૯	—	—	—	—	૧	—	—	૩
રાજસ્થાન	૨૩	૧૦	૮	—	—	—	૩	—	૨	—
ઉત્તર પ્રદેશ	૮૫	૪૭	૧	૫	૧	૮	૧૨	૨	૮	૧
પશ્ચિમ બંગાળ	૪૦	૧૪	—	૫	૫	૧	—	૧	૪	૧૦
મદ્રાસ	૩૯	૩	૬	—	૪	—	—	—	૧	૨૫
નાગાલેન્ડ	૧	૧	—	—	—	—	—	—	—	—

રાજ્ય-વિધાનસભા (પક્ષવાર પરિસ્થિતિ)

રાજ્ય	કુલ બેઠક	કૉંગ્રેસ	સ્વતંત્ર	સામ્યવાદી જમણેરી	સામ્યવાદી ડાબેરી	S. S. P.	જન-સંઘ	P. S. P.	રીપબ્લીક	D.M.K.	R.S.P.	કૉંગ્રેસ ડીસી-ડન્ટ્સ	મુસ્લી. લીગ	અપક્ષો	અન્ય પક્ષો
આંધ્ર	૨૮૭	૧૬૫	૨૯	૧૦	૯	૧	૩	—	૨					૬૮	
આસામ	૧૨૬	૭૨	૨	૭	—	૪	—	૫	—					૨૫	૯ ટેકરી પરિષદ
બિહાર	૩૧૮	૧૨૯	૩	૨૫	૩	૬૭	૨૬	૧૮	૧					૨૪	૨૩ જનક્રાંતિ દળ
ગુજરાત	૧૬૮	૯૨	૬૬	—	—	—	૧	૩	—					૩	૨ જનતાપરિષદ
હરિયાણા	૮૧	૪૮	૩	—	—	—	૧૨	—	૨					૧૬	૮ નેશનલ કૉંગ્રેસ
જમ્મુ કાશ્મીર	૭૫	૬૦	—	—	—	—	૩	—	—					૧	
કેરળ	૧૩૩	૯	—	૧૯	૫૨	૧૯	—	—	—		૬	૫	૧૪	૪	૫
મધ્યપ્રદેશ	૨૯૬	૧૬૭	૭	૧	—	૧૦	૭૮	૯	—			૨		૨૦	૨
મહારાષ્ટ્ર	૨૭૦	૨૦૨	—	૧૦	૧	૪	૪	૮	૫					૧૬	૧૯ શેતકરી
મહીસુર	૨૧૬	૧૨૬	૧૬	૨	—	૬	૪	૨૦	૨					૪૦	
ઓરીસ્સા	૧૪૦	૩૦	૪૯	૭	૧	૨	—	૨૦	—			૨૬		૩	
પંજાબ	૧૦૪	૪૮	—	૫	૩	૧	૯	—	૩					૯	૨૪ સંત, ૨ માસ્ટર
રાજસ્થાન	૧૮૪	૮૯	૪૯	૧	—	૮	૨૨	—	—					૧૫	
ઉત્તરપ્રદેશ	૪૨૫	૧૯૮	૧૨	૧૪	૧	૪૪	૯૭	૧૧	૯					૩૭	
પશ્ચિમ બંગાળ	૨૮૦	૧૨૭	૧	૧૬	૪૩	—	૧	૭	—		૬	૩૪		૧૩	૧૨
મદ્રાસ	૨૩૪	૪૯	૨૦	૨	૧૧	૨	—	૪	—	૧૩૮			૩	૪	

નોંધ :- (૧) ચિહ્નવાળાં રાજ્યોમાં કેટલીક બેઠકોનું પરિણામ બાકી છે.
(૨) કૉંગ્રેસની પાકી બહુમતિવાળાં રાજ્યો :- આંધ્ર, આસામ, ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ને મહીસુર.
(૩) મદ્રાસમાં ડ્રાવીડ મુનેત્ર કળગમને તથા કેરળમાં યુનાઈટેડ ફ્રન્ટને પાકી બહુમતિ મળી છે.
(૪) બિહાર, રાજસ્થાન, પંજાબ, ઉત્તરપ્રદેશ તથા પ. બંગાળમાં કૉંગ્રેસને સૌથી વધારે બેઠકો મળી છે, પણ સંપૂર્ણ બહુમતિ ન હોવાથી ત્યાં મિશ્ર સરકારો રચાશે.
(૫) ઓરિસ્સામાં કૉંગ્રેસ લઘુમતિમાં છે.
(૬) કૉંગ્રેસ ડીસીડન્ટ્સની કોલમમાં બતાવેલી બેઠકો અનુક્રમે કેરળ કાંગ્રેસ, જન કૉંગ્રેસ અને બંગલા કૉંગ્રેસ પક્ષના સભ્યોને મળી છે.

સંકલન કરનાર : સુબોધભાઈ એમ. શાહ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧, ૧૯૬૭, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ખર્યું પાન !

(મૃત્યુ અનિવાર્ય છે, છતાં પ્રબળ જીજીવિષાને કારણે મૃત્યુની ભીતિ પણ એવી જ પ્રબળ હોય છે, પરંતુ પ્રાજ્ઞપુરુષ વૃક્ષ ઉપરથી 'પડતાં છતાં ઊડતાં દીસતાં પર્ણો' માફક મૃત્યુ સમીપ સરતા હોવા છતાં જાણે કે ઉર્ધ્વાભિમુખ હોય એવી રીતે આખરી અંતને ભેટે છે. આ વિચારને નીચેની નોંધમાં બહુ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ લેખ તા. ૧૫-૨-૬૭ના 'જનસંદેશ'માંથી ઉદ્‌ધૃત કરવામાં આવ્યો છે. આમાં જે વ્યક્તિવિશેષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ૯૦ વર્ષના આરે પહોંચેલા આપણ સર્વના આદરણીય સાક્ષરવર્ય શ્રી હિમતલાલ ગણેશજી જાંજરિયા તથા તેમનાં સહધર્મચારિણી સૌ. મુદ્રિકાબહેન છે. પરમાનંદ)

મૃત્યુની પણ એક કલા છે. ફ્રેન્ચ નાટક Cyrano De Bergeracનો નાયક Cyrano વૃક્ષ ઉપરથી ભોંય તરફ પડતાં પાંદડાં જોઈને એમાં મૃત્યુની કલા નીરખે છે અને કહે છે (એનો અનુવાદ કરીને હું આપું છું):-

"પર્ણો—હા આવડે છે આ પર્ણોને મૃત્યુની કલા.
શાખાથી અવનીનું આ અલ્પ અંતર : ચિત્તમાં
અલ્પ શી ભીતિ, કે જઈને ભળવું ક્ષુદ્ર ધૂળમાં;-
છતાં એ ખરતાં કેવી લીલાથી! પડતાં છતાં
ઊડતાં દીસતાં પર્ણો"

શરીર જર્જરિત થઈ ગયું હોય, અંગ-ઉપાંગો ક્ષીણ થયાં હોય, તો પણ માનવને જીજીવિષા તજવી મુશ્કેલ બને છે. માનવ જીવનની આશાને અંત સુધી વળગી રહે છે.

એથી ઊલટું, કેટલાક મનુષ્ય જીવનથી અને જીવનની યાતનાઓથી કંટાળી જઈને મૃત્યુને ઝંખતા જણાય છે.

જીવનની અનન્ત આશા, અને જીવનથી હારી જતી ભીરુતા બંને સામે મનુસ્મૃતિ આવી ચેતવણી આપે છે:

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतीक्षेत निर्देशं भृतको यथा ।।

ન જીવનની સ્પૃહા રાખવી, ન મરણની સ્પૃહા કરવી, પણ જેમ નોકર પોતાના શેઠની આજ્ઞાની રાહ જુએ તેમ નિયતકાળની રાહ જોવી.

પડતા હોઈએ—મૃત્યુ તરફ ત્વરિત ગતિ કરતા હોઈએ—ત્યારે પણ, પાંદડાંની માફક, હળવાશથી ઊડતાં હોઈએ એમ દેખાવું એવી મૃત્યુની કલા દુર્લભ છે; અને જીવનની સ્પૃહા તજવી છતાં મૃત્યુને ઝંખવું નહીં એવી સ્વસ્થ મનોવૃત્તિ પણ દુ:સાધ્ય છે.

એ દુર્લભ કલા અને એ દુ:સાધ્ય મનોવૃત્તિ જેમણે સહજ સાધી છે એવા નેવું વર્ષને આરે પહોંચેલા એક વડીલનો આ કિસ્સો છે. પોતે શુદ્ધ, સદાચારી, ત્યાગી, સેવાપરાયણ અને અજબ રીતે સ્વાશ્રયી જીવન વિતાવીને હવે મૃત્યુની રાહ જોઈ રહ્યા છે—શાંત ચિત્તે કાળ ભગવાનની આજ્ઞાની પ્રતીક્ષા કરી રહ્યા છે.

એમનાં પત્ની લગભગ એંશી વર્ષનાં છે, કાને બહુ મુશ્કેલીથી સાંભળી શકે છે, આંખે દેખી શકતાં નથી, શરીરે ક્ષીણ છે.

સંતાનમાં માત્ર એક પુત્રી. પિતાનું પેનશન ઓછું હોઈને એ પુત્રી નોકરી કરે છે. એણે માતાપિતાની પુત્રવત્ સેવા કરવાનું અને આ ખાતર અવિવાહિત રહેવાનું વ્રત લીધું છે.

આ વડીલની જીવન-ભાવના આજના જમાનામાં અજબ ગણાય તેવી છે. પોતાની જરૂરિયાતો ઓછી રાખવી, પણ બીજાની આર્થિક મુશ્કેલી દૂર કરવા ઉદાર ભાવે બનતું કરવું; પોતાનું કામ પોતે જ કરવું, પણ બીજાના કાર્યમાં યથાશક્તિ સહાયભૂત બનવું, પોતાથી પગે ચાલીને જઈ શકાય તો બીજાના વાહનની અપેક્ષા ન રાખવી; સતત શાંતિમાં રહેવું, અને અન્યને મનદુ:ખ ન કરવું એવી એ જીવનભાવના છે. એમનું ચિત્ત કોમળ છે પણ પોતાને જ કારણે સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાંથી જરાક પણ ચલિત થઈ જવાય એનો એમને ખેદ રહે છે.

એમને ચિન્તા હોય તો એક જ છે: પોતાના ક્ષીણ શરીરનું આવરદા ઔષધ ઉપચારથી વધારીને એકબીજાને ઉપયોગી થવાને બદલે તસ્દી આપવી એની.

ઔષધાદિકથી આવે તો જરાક શક્તિ આવે, વધે તો, થોડુક આયુષ્ય વધે; પણ એથી વૃદ્ધત્વને અને મરણને ટાળી શકાય નહીં એવી એમની પ્રતીતિ છે. અને એથી જ એમને ડૉક્ટર પાસે ઉપચાર કરાવવાનું કહેવામાં આવ્યું ત્યારે એમણે શાંતિથી ઉત્તર આપ્યો:

"ડૉકટર શું અમને અમર બનાવશે?"

એમના આ ઉત્તરથી આ પંક્તિઓ યાદ આવે છે.

" यदि मरणमवश्यमेव जन्तो : किमिति मुधा मलिनं यश:कुरुध्वे "

જો મરણ નિશ્ચિત છે, અનિવાર્ય છે, તો ફોકટ યશને શીદ મલિન બનાવો છો? યશને મલિન બનાવવાની તો એમને લેશ પણ ચિન્તા નથી, પણ ફોકટની જિજીવિષા સેવવાની એમની અનિચ્છા છે. જે દેહ વહેલો મોડો પડવાનો છે, એને ટકાવવાના ફોકટ ફાંફાં મારવાં એ એમને પસંદ નથી. એઓ જાણે છે કે પોતે હવે ખર્યું પાન છે. એ પાન હજી ખર્યું નથી તો ખરશે, પણ એ ખરતું પાન આયુષ્યની શાખાથી નીચે પડશે ત્યારે એ પડે છે એમ નહીં લાગે, એ ઊડે છે એમ લાગશે. ધીમે ધીમે, હવામાં તરતું, ઊડતું ઊડતું નીચે ઊતરતું અને નીચે ઊતરતું છતાં ઊડતું જણાતું પૂર્ણ હળવું હોય છે. આ વડીલ પણ મનની એવી હળવાશ જાળવી રહ્યા છે.

અને એમનું મન હળવું છે તે એ કારણે કે એમણે કદી કોઈનું બગાડ્યું નથી, પોતાના કર્તવ્ય સ્વાશ્રયથી બજાવ્યાં છે, ઋણ કંઈ અદા કરવાનું બાકી નથી રાખ્યું, બીજાને શ્રમ આપ્યો નથી, પણ બીજા ખાતર પોતે શ્રમ લીધો છે. આટલી ઉંમરે પણ મરણને આરે ઊભેલી કાયાનું આવરદા વધારવા માટે બીજાને શ્રમ આપવો એમને પસંદ નથી—કાયાનો કે જિંદગીનો મોહ નથી, અને એથી જ ઔષધોપચારનાં ફાંફાં છેવટ ફોકટ છે એવું સૂચવતો, અનેકને બોધપ્રદ બને તેવો, એમનો આ ઉદ્‌ગાર અર્થગંભીર છે:—

"ડૉકટર શું અમને અમર બનાવશે?" એમણે મૃત્યુની કલા સાધી છે. આવા મહાપુરુષો વિશે જ મૂળ ફ્રેન્ચ પંક્તિનો અંગ્રેજી અનુવાદ કહે છે. "They Know how to die."

રામપ્રસાદ બક્ષી

❋ 'અજેય દા' ❋

ચૂંટણી પહેલાં વિરોધ પક્ષોની નિર્બળતા જોતાં વર્ષોથી એમ માનવામાં આવતું હતું કે કૉંગ્રેસના વિકલ્પરૂપે સબળ વિરોધ પક્ષ ખુદ કૉંગ્રેસમાંથી જ આવશે. હવે જ્યારે ખરેખર કૉંગ્રેસમાં ભંગાણ પડી રહેલ છે ત્યારે જર્જરિત કૉંગ્રેસના વિકલ્પરૂપે સન્નિષ્ઠ કૉંગ્રેસીઓનો પક્ષ રચાશે એવી આશા ફળતી લાગતી નથી, કારણ કે જે કૉંગ્રેસીઓ બળવો કરીને કૉંગ્રેસનો ત્યાગ કરી રહેલ છે તેમાં અજય મુકરજી જેવા સાધુ પુરુષો પણ છે અને હરિયાણામાં કૉંગ્રેસ સરકારને પછાડનાર તેર કૉંગ્રેસીઓ જેવા તકસાધુઓ પણ છે.

અજય મુકરજીએ બંગાળમાં બંગલા કૉંગ્રેસ, સામ્યવાદીઓ, સમાજવાદીઓ વગેરેના શંભુમેળાનું સંયુકત દળ રચીને તેની જે સરકાર બનાવી છે તેમાં જોડાયેલાં પક્ષોને પણ તકસાધુઓ કહી શકાય. પરંતુ મુખ્ય પ્રધાન અજયબાબુ માટે ઘસાતું બોલવા પહેલાં વિચાર કરવો જોઈએ. તેમની સાથે સંમત ન થવું તે એક વાત છે, તેમની નિંદા કરવી તે જુદી વાત છે. એમની પ્રામાણિકતા અને એમના ચારિત્ર્યની વિરુદ્ધમાં તેમના દુશ્મનો પણ કંઈ નહિ કહે. તેમના વિરોધી પણ કૉંગ્રેસીઓ કરતાં તેઓ ગાંધીજીના તત્વજ્ઞાનની વધુ નજીક છે. ૬૬ વર્ષના કુંવારા અજયકુમારને ઘરવાળી નથી તેમ ઘર પણ નથી અને બેંકમાં ખાતું ખોલવા નાણાં પણ નથી. બંગાળની પ્રદેશ કૉંગ્રેસમાં અને બંગાળની કૉંગ્રેસ સરકારમાં સડો અને ગેરવહીવટ હોવા વિષે તેમની કડવી ફરિયાદો હતી, પરંતુ 'સિન્ડીકેટ'ના સમર્થ સભ્ય અતુલ્ય ઘોષ બંગાળના સરમુખત્યાર હતા અને જ્યારે અજયબાબુએ કામરાજ પાસે તેની કડવી ફરિયાદો કરી ત્યારે કામરાજે પણ તેમની ફરિયાદોની ઉપેક્ષા કરીને પોતાની લાચારી ઢાંકી. પરિણામ એ આવ્યું કે અજય મુકરજીએ કૉંગ્રેસ સામે બળવો કરીને બંગલા (બંગાળી) કૉંગ્રેસની સ્થાપના કરી; ચૂંટણીમાં ૨૮૦ બેઠકમાંથી કૉંગ્રેસને ૧૨૭ બેઠકો મળી, માર્કસવાદી સામ્યવાદીઓ ૪૨, બંગલા કૉંગ્રેસ ૩૪, સામ્યવાદી પક્ષ ૧૬, ફૉરવર્ડ બ્લોક ૧૩, સંયુકત સમાજવાદીઓ ૭, પ્રજાસમાજવાદીઓ ૭, બીજા આઠ પરચૂરણ પક્ષો ૨૨ અને અપક્ષી ઉમેદવારો ૧૪૩ બેઠક જીતી ગયા.

આમ, કૉંગ્રેસ સૌથી મોટો પક્ષ હોવા છતાં તે સરકાર રચી શકે તેવી સ્થિતિમાં ન હતી. તેના વિરોધીઓનો શંભુમેળો હોવા છતાં તેઓ બધા એક બાબતમાં એક મત છે: કૉંગ્રેસને સત્તા પર આવવા દેવી ન જોઈએ. કૉંગ્રેસ કરતાં પણ સામ્યવાદીઓ, તેમાં પણ ચીનતરફી સામ્યવાદીઓ ઓછા ખરાબ છે એમ માનીને અજયબાબુને સરકાર રચવી પડે એ એક કરુણતા છે. પરંતુ તે માટે તેમને દોષ દેતાં પહેલાં કૉંગ્રેસે આત્મખોજ કરવી જોઈએ.

૧૧ વર્ષ સુધી સિંચાઈ પ્રધાન તરીકે રહ્યા પછી, ૧૯૬૨ માં કૉંગ્રેસ સંસ્થાને "બળવાન બનાવવા" કામરાજ યોજના નીચે તેમની નિવૃત્તિ સ્વીકારવામાં આવી હતી. તેઓ પ્રદેશ કૉંગ્રેસના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા, પરંતુ અહીં અતુલ્ય ઘોષ સાથે તેઓ અથડામણમાં આવ્યા. તેમની આપખુદી સામે લડી લેવાના પરિણામે કૉંગ્રેસમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા. લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના કોષાધ્યક્ષ અતુલ્યબાબુ હારી ગયા છે. "અજેય દા"ના લાડકા નામે ઓળખાતા અજયબાબુનો જન્મ મિદનાપુર જિલ્લામાં થયો હતો અને ત્યાં ૧૯૪૨ માં તેમના ગામ તાલુકમાં સરકારી મથક પર હલ્લો કરીને "તામુલુક જાતીય" સરકાર સ્થાપવા માટે તેમને લાંબી અને આકરી સજા થઈ હતી. તેમણે ગેરિલા સેનાપતિની અદાથી વ્યૂહરચના કરીને, કિસાનોની સેના રચીને સર્વત્ર ભાંગફોડ કરી હતી અને સરકારી મથકનો કબજો લઈ લીધો હતો.

અજય મુકરજી પડછંદ માણસ છે અને પ્રભાવશાળી વ્યકિતત્વ ધરાવે છે. અતુલ્ય સાથે તેમને પાયાના મતભેદ હતા. અજય મુકરજીનો આગ્રહ એવો હતો કે જે મૂડીવાદીઓ સમાજવિરોધી પ્રવૃત્તિ કરી રહ્યા છે તેમની પાસેથી કૉંગ્રેસે ફંડફાળા સ્વીકારવા ન જોઈએ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવો જોઈએ.

અજયના નાના ભાઈ વિશ્વનાથ સામ્યવાદી છે, ચૂંટણીમાં જ્યારે જ્યારે તેઓ અથડામણમાં આવ્યા છે ત્યારે મોટા ભાઈ જ જીત્યા છે; અજયના પ્રધાનમંડળમાં બીજા બંગલા કૉંગ્રેસી ડૉ. પી. સી. ઘોષ (૭૬) પણ કુંવારા છે અને ભારતના એક પ્રખ્યાત રસાયણ શાસ્ત્રી છે, અજયબાબુ પણ વિજ્ઞાનશાસ્ત્ર ભણ્યા છે. હવે તેઓ બંને કેવાક કીમિયાગર નીવડે છે તે જોઈશું.

('જન્મભૂમિ–પ્રવાસી'માંથી સાભાર ઉધ્ધૃત) સોહમ

❋ પૂર્વી ❋

કાવ્ય સંગ્રહ : લે. ગીતા પરીખ

(પબ્લીશર્સ : વોરા એન્ડ કું., મુંબઈ-૨. કિંમત : રૂા. ૩-૫૦.)

બહેન ગીતા પરીખનો આ પહેલો જ કાવ્યસંગ્રહ છે. ૧૯૫૧થી માંડી આજ સુધીમાં લખાયેલાં ૯૦૦ જેટલાં કાવ્યોમાંથી ૧૦૦ કાવ્યો અહીં પસંદ કરીને મૂકવામાં આવ્યાં છે. દરેક કાવ્યને મથાળે રાગનું નામ અને છેવટે રચના-તારીખ આપેલી છે. આ નાનકડા કાવ્ય સમુચ્ચયમાં વિવિધતા ભરી પડી છે. શૈલીની વિવિધતા, વિષયની વિવિધતા, કાવ્યનાં પ્રકારોની વિવિધતા અને છેલ્લે રાગની વિવિધતા. જીવનની જુદી જુદી બાજુઓ તથા જુદા જુદા અનુભવો વિષેનું એમનું તીવ્ર સંવેદન આપણાં હૃદયને સ્પર્શ કરી જાય છે.

આઠેક વર્ષની ઉમરે કાવ્ય લખવાની બહેન ગીતાબહેને શરૂઆત કરી હતી. બી. એ. અને એમ.એ. થવા સુધીમાં આઠનવ વર્ષ સુધી શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કર્યો. ૧૯૫૧માં એમનું સૌ પ્રથમ કાવ્ય' 'કુમાર'માં પ્રસિદ્ધ થયું. ત્યારથી આજ સુધીમાં કવિતાક્ષેત્રે એમણે ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે. ગુજરાતનાં કવિઓમાં અને સવિશેષે સ્ત્રી-કવિઓમાં તેમને આગવું સ્થાન મળ્યું છે. એમનાં કાવ્યો અવારનવાર 'કુમાર', 'સંસ્કૃતિ', 'કવિલોક' 'દક્ષિણા' 'પ્રબુદ્ધ જીવન', 'કવિતા-અનિયતકાલિક', 'કેસૂડાં', 'મંજરી', વગેરે માસિકો-સામયિકોમાં પ્રગટ થતાં રહ્યાં છે. આકાશવાણીએ પણ એમનાં કાવ્યોને સ્થાન આપ્યું છે.

'પૂર્વી'માં સૌ પ્રથમ તો મુકતકોની મધુરી રમઝટ છે. આ થી જ્ઞ સુધીનો અભ્યાસ કરવા છતાં ખરા જીવનથી 'અજ્ઞ' રહેવાનો વિચાર નવી રીતે રજૂ થયો છે. (પૃ ૫૦) છેલ્લે લખાયેલા 'હાઈકુ' શૈલીનાં મુકતકોમાં કલ્પનાનો મધુર વ્યોમવિહાર છે. પછી પ્રેમકાવ્યોના ગુચ્છોની શરૂઆત થાય છે. પ્રેમની સાથે જ ઝંખના, વિરહ, મિલન, સમર્પણ વગેરે ભાવો ઝીલતાં પચીસેક કાવ્યો છે. બાળકનાં આગમન સાથે માતાનું હૃદય ગાઈ ઊઠે છે:

"મારા લાડકવાયા લાલ, સુઈ જા! સુઈ જા!" ઘરના ઉંબરમાં પહેલાં માત્ર ચંપલ અને બૂટ રહેતાં તેમાં નાનકડી મોજડી ઉમેરાય છે એ ચિત્ર કેવું મધુર છે? દામ્પત્ય જીવનના બીજાં અનેક નાના મોટા સંવેદનો કાવ્યોમાં આલેખાયેલાં છે. ત્યારબાદ તત્ત્વજ્ઞાન, આધ્યાત્મિક ચિંતન, પ્રભુનો અનુભવ થતાં વિરલ આનંદ, કાવ્યોમાં વ્યકત થાય છે. એક રીતે જોઈએ તો, આ કાવ્યસંગ્રહમાં ગીતાબહેનના જીવનનું આખું ક્રમબદ્ધ દર્શન આપણને થાય છે.

'પૂર્વી'એ એક રાગિણીનું નામ છે. આ કાવ્યસંગ્રહ ખરેખર સમૃદ્ધ કાવ્યસંગ્રહ છે. 'આમુખ'માં શ્રી સુન્દરમે લખ્યું છે તેમ રચનાઓ સુરેખ અને નાની નાની દ્રાક્ષ જેવી છે. ગુજરાત આ કાવ્યોનો રસાસ્વાદ માણશે એવી આશા આપણે પણ વ્યકત કરીએ!

સુબોધભાઈ એમ. શાહ

તા. ક. ગુજરાત સરકારે ગુજરાતી ભાષામાં લખાયેલાં સાહિત્યનાં જુદાં જુદાં પ્રકારનાં વિશિષ્ટ ગુણવત્તાવાળાં ૪૨ પુસ્તકોને ૧૯૬૬-૬૭ના વર્ષ માટે ઈનામી પુસ્તકો તરીકે જાહેર કર્યા છે. તેમાં 'પૂર્વી'ને પણ સ્થાન મળે છે. અને કાવ્ય વિભાગમાં 'પૂર્વી'ને પ્રથમ પારિતોષિક રૂા. ૧૦૦૦ મળે છે. બહેન ગીતાબહેનને અનેક અભિનન્દન.

પ્રવચન સાર

[ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ ખાતે ગયા જાન્યુ-આરી માસની ૧૬ તથા ૧૭ મી તારીખે હ. કા. આર્ટસ કૉલેજમાં આચાર્ય રજનીશજીએ બે વ્યાખ્યાનો આપેલાં. તે બન્ને વ્યાખ્યાનની એક સળંગ નોંધ તૈયાર કરીને અમદાવાદનિવાસી મારા મિત્ર શ્રી વૈકુંઠલાલ ગોરધનદાસે થોડા સમય પહેલાં પ્રબુદ્ધ જીવનને લક્ષમાં રાખી ને મારી ઉપર મોકલેલી, જે નીચે પ્રગટ કરતાં આનંદ અનુભવું છું. **પરમાનંદ**]

મને એક નાની વાર્તા યાદ આવે છે તે આપને સંભળાવું. એક અંધારી મધ્યરાત્રિએ એક બાઈ ભર્યા ભર્યા મહોલ્લામાં ખૂબ જોરશોરથી રડતાં-રડતાં મદદ માટે બૂમો પાડવા લાગી. "અરે,! કોઈ આવો! મારા-ઘરમાં આગ લાગી છે.-એને બુઝાવી નાંખો-નહિ તો મારું ગરીબનું ઘર આગમાં ભસ્મીભૂત થઈ જશે." લોકો જાગી ઊઠયા-દોડી આવ્યા-જુએ છે તો પેલી બાઈ રડવાને બદલે હસતી હતી. લોકોએ પૂછયું "કેમ બહેન! શું થયું? આગ કયાં લાગી છે? ઘડી પહેલાં રડતાં હતાં-હવે હસો છો કેમ?" બાઈએ કહ્યું, "મેં તો આપ સૌને તમારી ગાઢ નિદ્રામાંથી જાગૃત કરવા માટે જ બૂમો મારેલી. આગ માત્ર મારા ઘરમાં જ લાગી નહોતી-ઘર ઘરમાં આગ લાગી છે. હું જાગી ગઈ. તમને સૂતેલા જોયા મને લાગ્યું કે તમને પણ જગાડું. મેં બૂમો પાડી તમને જગાડયા." પોતાની આગ આપલોકોને દેખાતી નથી પણ બીજાના ઘરની આગ બૂઝા-વવા આપ સૌ તત્પર થયા છો. તમારા ઘરની આગ તમને દેખાતી નથી, કારણ તમારી આંખ ઉપર અજ્ઞાનતાના પડળ છે. અંતર-ચક્ષુ ખૂલી જાય તો સમજાશે કે આજે ઘર ઘરમાં આગ જલી રહી છે, છતાં લોકો શાંતિથી ઊંઘે છે. પોતાની આગને જોઈ શકતાં નથી અને બીજાની આગને ઓલવવા દોડીએ છીએ. આજે વ્યકિત-ઘર ઘર-સારૂંયે જગત-જુદા જુદા પ્રકારના સંઘર્ષો અને અશાંન્તિની આગમાં બળી રહયા છે. એ આગને ઓલવવાનો ઉપાય શું? માનવીએ આજે વિજ્ઞાનની દિશામાં ખૂબ પ્રગતિ કરી છે, પણ વિજ્ઞાનની મદદથી એ આગને ઓલવી શકશે ખરો? વિજ્ઞાને તો એ આગને વધુ પ્રજજ્વલિત કરી છે. વધુ ઘેરી બનાવી છે. માનવી ભૂલી જાય છે કે વિજ્ઞાન એ બહારનું સાધન છે, તેની તાકાત અંતરની આગને બૂઝાવવા માટે લેશમાત્ર કામ આવતી નથી. અંતરની આગ તો, આંતરિક-આત્મિક સાધનોથી-ક્રિયાઓથી-બુઝે. આપણા યુગમાં બે મહાન યુદ્ધો થયાં. એ બે યુદ્ધોમાં આશરે દસ કરોડ આદમીઓએ પ્રાણ ખોયાનો અંદાજ છે. વિજ્ઞાનની ભૌતિક તાકાતનો આનાથી વધુ સચોટ પૂરાવો કયાંથી જડશે? તો શું ધર્મથી અંતરની આગ બૂઝાવી શકાશે? હું ના કહું છું. એકાંગી વિજ્ઞાન જેટલો જ એકાંગી ધર્મ પાંગળો છે, ખતરનાક છે. વિજ્ઞાન અને ધર્મના સમન્વયમાંથી માનવીને સાચી શાંતિ મળી શકે તેમ છે. વિજ્ઞાન અને ધર્મની વચ્ચે-એક પુલ-એ સેતુની જરૂર છે. પણ ધર્મ એટલે શું? ધર્મ એટલે-સંપ્રદાય-સંગઠ્ઠન-વાડાબંધી, ધર્મ એટલે હિંદુ-મુસ્લિમ-ઈશાઈ-જૈન એવા માનવીને વિભાજિત કરનારા જુદા જુદા ફીરકાઓ? એ રીતે તો માનવજાત-જુદા જુદા વાડાઓમાં પોતાની જાતને બંધ કરી તોતીંગ દીવાલો ઊભી કરે છે. પોતપોતાના સંપ્રદાયના પાયા ઉપર મંદિરો-મજિદો-દેવળો બાંધી ધર્માચરણ કર્યાના દાવાઓ કરે છે. ગીતા-ઉપનિષદ-વેદ-ના સિદ્ધાંતોની ચર્ચા-વિચારણા-ટીકા ટીપ્પણમાં જ ધર્માચરણ કર્યાનો સંતોષ માને છે. ધર્મ એ વિચાર નથી. ધર્મ એ ઉપચાર છે. તાત્ત્વિક વૈચારિક બંધનોથી પર એવી એ એક અનુભૂતિ છે, જે તર્ક - બુદ્ધિ અને વિચારથી પર છે. એ અનુભવવાની વસ્તુ છે, વર્ણ-નથી પર છે. રામકૃષ્ણપરમહંસ એક અંધજનની વાત કરતા હતા. એ અંધને પ્રકાશનાં દર્શન કરવા હતા. અંધજનને પ્રકાશને બદલે સદા સર્વદા અંધકારના જ દર્શન થતા હોય છે. બહાર પ્રકાશ વિદ્યમાન હોવા છતાં એ કહે છે "બહાર, અંદર સર્વત્ર અંધકાર સિવાય કશું જ નથી." કારણ તેની આંખોએ પ્રકાશના - વસ્તુનાં દર્શન કરવાની શકિત ખોઈ નાંખી છે. પંડિતોને તેણે પૂછયું, "દૂધ હું પીઉ છું પણ તે કેવું છે-તેનું યથાર્થ દર્શન મને તમે કરાવી શકો ખરા?" પંડિતોએ દૂધનું વર્ણન ભાતભાતની રીતોએ કરવા માંડયું. ખૂબ ખૂબ દાખલા-સરખામણીઓ દ્વારા સમજાવવા કોશિસ કરી;પણ, દૂધનું યથાર્થ સ્વરૂપ તે ન જ સમજી શકયો. કારણ તેની આંખોમાં રોગ હતો. વિચારથી આંખોનો રોગ ન મટે, ઉપચારથી મટે. માટે હું કહું છું કે, ધર્મ એ વિચાર નથી, ઉપચાર છે. આંખોનો યોગ્ય ઉપચાર થાય-આંખોનું તેજ પાછું મળે-તો દૂધ માત્રનું નહીં-જગતની સર્વ વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય – દેખાય. ધર્મનું વાંચન, કથા, કીર્તન, ભજન, શ્લોકો, મંત્રોના ઉચ્ચારણમાત્રથી માનવ મનની અશાંતિની આગ બુઝી નથી. દસ હજાર વર્ષથી માનવજાત, જન્મ, પુનર્જન્મ, પાપપુણ્ય, ધર્મ-અધર્મ, કર્મ-અકર્મ-આવા જટિલ પ્રશ્નોનો ઉકેલ શોધી રહી છે. પ્રવચનકારો, ધર્માચાર્યો, મઠાધિપતિઓ, તત્ત્વજ્ઞો કોઈ તેનો સર્વગ્રાહી ઊકેલ આપી શકયા નથી. એક બીજી નાની વાત મને યાદ આવી. એક હબસી ગોરાઓના મંદિરમાં, પ્રભુ ત્યાં હશે એમ માની, જવા લાગ્યો. પાદરીએ તેને રોકયો અને કહ્યું કે, "ભાઈ! તું પવિત્ર બનીને આવ, પ્રભુના મંદિરમાં - દેવળમાં અપવિત્રોને પેસવા દેવાનો હૂકમ નથી." હબસી પાછો ફરી ગયો. રાત્રીના એકાન્તમાં પોતાની કલ્પનાના પ્રભુ સમક્ષ એકચિતે પ્રાર્થના કરવા લાગ્યો. પવિત્રતાની દીક્ષા માટે! પ્રભુ હાજર થયા અને કહેવા લાગ્યા "મંદિરમાં જવાથી પવિત્ર નહીં બનાય - મારાં દર્શન તને બધે થશે. મંદિર કે દેવળમાં નહીં જ થાય. દસ હજાર વર્ષથી હું પોતે, મંદિરમાં મને પેસવા દેવા માટેની કાકલુદીઓ કરતો આવ્યો છું, પણ મંદિર અને દેવળના જડ પહેરેદારોએ મને પણ દાખલ થવા દીધો નથી." પ્રાર્થનાના નિશ્ચિત સ્થુલ પ્રકારો-આ પ્રભુ અંગેનો માત્ર તાત્ત્વિક અભ્યાસ કે તેના વિચારો કે વાદવિવાદ-આપણને પવિત્ર બનવામાં મદદરૂપ નથી થતા. એ માટે, આંખોના ઉપચારની જેમ, એક પ્રકારની વૈજ્ઞાનિક ક્રિયા-પ્રક્રિયા આચરણવિધિનો આપણે પ્રયોગ કરવો પડશે. તો જ પ્રકાશનાં પૂંજ સમા એ પરમતત્ત્વની અનુ-ભૂતિ થશે. અને એ અનુભૂતિ વિના ચિત્તશાંતિ કદી લાધી શકે તેમ નથી. સચરાચર જગતમાં-પરમ તત્ત્વના આવિર્ભાવસમા આ ચિત્રવિચિત્ર જગતના સર્વ પ્રાણીઓમાં-માનવ-પ્રાણી પ્રમાણમાં જેટલી વધુ અશાંતિ ભોગવે છે, તેટલી અશાંતિ કોઈ પ્રાણી ભોગવતું મેં જોયું નથી. પ્રભાત થતાં પક્ષીગણો ભાતભાતના અવાજો દ્વારા તેમના અંતરમાંથી ઝરતો આનંદ પ્રગટ કરે છે. તેને માનવીના પ્રભાતમાં જાગતાની સાથે કરાતાં બડબડાટ-ફરિયાદ-અસુખ-ના અવાજો સાથે સરખાવો. એકમાં કેવળ આનંદ દેખાશે; બીજામાં અશાન્તિનાં જ દર્શન થશે. સુખદુ:ખની અનુભૂતિનો આધાર મનના વળાંક ઉપર અવલંબે છે. પ્રતિક્ષણ-પ્રતિપ્રહર ગમે તેવા ગમતા અણગમતા બનાવો અને અનુભવોની વચ્ચે જે માનવીના ચહેરા ઉપરની પ્રફુલ્લિતતા, આનંનદીપણું જરા પણ ઓછાં થતાં નથી તે જ સાચો ધર્મ-પુરુષ છે, ધર્મ એટલે પ્રકાશ પામ્યાનો માપદંડ આજ છે. બે ફકીર ઝુંપડું બાંધી નદીના કિનારે રહેતા હતા. વાવા-ઝોડાનું તોફાન એક દિવસ આવ્યું, ઝુંપડાનો અડધો ભાગ તૂટી પડયો. આ પ્રકારના ઝુંપડાના અર્ધભાગના નાશ ઉપર - બંને

ફકીરમાંથી એક ફકીર ભગવાનને ક્રોધે ભરાઈ હાથ ઊંચા કરી લઢવા લાગ્યો, "હે! પરવરદિગાર! રોજે-રોજ અમે નમાજ પઢીએ–તારા બની રહીએ - તો તું શું અમારૂં જ ઝુંપડું બરબાદ કરે? તને દયાળુ કોણ કહે? બીજાંઓનાં ઘણાં મકાનો હતાં. અમારા ઝુંપડાને સલામત રાખી બીજાં કોઈનું ઘર પાડવું હતું ને?" જ્યારે બીજો ફકીર ઘૂંટણીએ પડી પ્રભુનો ખૂબ આભાર માની હાથ ઊંચા કરી પ્રાર્થના કરી કહેવા લાગ્યો, "વાહ મારા ખુદા? શું તારી અસીમ કૃપા છે કે, તેં અમારા ઝુંપડાનો સર્વનાશ ન થવા દીધો, અડધું તો બચાવી જ લીધું. અડધાનો નાશ કરી તેં વળી એક બીજી અદ્‌ભુત કૃપા અમારા ઉપર કરી છે. અત્યાર સુધી રાતના અમે ઝુંપડામાં ભરાઈબેસી સૂઈ જતા હતા. હવે રાતના અમે સૂઈશું ખરાં, પરંતુ અડધો ભાગ જે ઉઘાડો થઈ ગયો છે, તેમાંથી આકાશના તારાઓ અને પ્રકાશમાન ચંદ્રનાં દર્શન કરી શકીશું અને એ રીતે તારી યાદ તારી એ અદ્‌ભુત કૃતિઓના દર્શનથી સદાસર્વદા અમારા મનમાં તાજી બની રહેશે. આ શું તારી ઓછી કૃપા ગણાય?" બંને ફકીર હતા. બંનેના મનના પ્રત્યાઘાતો, કહેવાતાં નુકસાનના બનાવ ઉપર ભિન્ન અને એકબીજાથી ઉત્તર દક્ષિણ જેટલાં સામસામેના થયા, કારણ બન્નેના મનનો વળાંક ભિન્ન હતો. આમ સુખ - દુ:ખ, શાંતિ - અશાંતિ એ કોઈ પણ પરિસ્થિતિને તમે કેવી રીતે લ્યો છો તેના ઉપર આધારિત છે. સુખ અને શાંતિ બહારના પદાર્થોમાં નથી – એ પદાર્થોનો ભાવ – અભાવ, ભોગ કે ત્યાગ એને અંતરથી આપણે જે રીતે લઈએ તે પ્રમાણેનાં સુખ અને શાન્તિનો કે દુ:ખ અને અશાન્તિનો અનુભવ આપણને થાય છે. આ વિશ્વમાં કોઈને અબાધિત સુખ કે શાન્તિ ભોગવતાં જોઈ શકાતાં નથી. કારણ, આનંદ અંદર છે અને આપણે ખોળીએ છીએ બહાર. એક બાઈની સોય ખોવાઈ હતી, તે શોધવા લાગી. શોધતાં શોધતાં તે ઘરની બહાર આવી ગઈ, લોકો ભેગાં થયાં. તેઓ પણ સાથે તેને સોય ખોળવામાં મદદ કરવા લાગ્યા. સોય ન જ જડી. અકળાઈને લોકોએ બાઈને પૂછયું, "બાઈ! સોય ખોવાયાની ચોક્કસ જગ્યા જડ્યા વિના સોય નહીં જડે. માટે તમે ક્યાં બેસી શીવતા હતા તે બતાવો તો સોય જડી શકશે." બાઈએ કહ્યું, "સોય ખોવાઈ હતી ઘરમાં, પણ મારા ઘરમાં બત્તી નથી, અંધારૂં છે, એટલે બહાર બત્તીના અજવાળામાં તેને ખોળતી હતી." અંદર અંધારૂં નથી, પ્રકાશ છે – પણ તે આપણને જોવાની આવડત નથી – સમજણ નથી – તેથી પ્રકાશ આપણને બહારના પદાર્થોમાં દેખાય છે અને આપણે સોય રૂપી પરમતત્ત્વની શોધ–પરમાનંદનો અનુભવ–બહાર ખોળીએ છીએ. ભલા એ બહારથી મળી શકશે ખરો? જગતમાં બધાંને સુખ અને સમૃદ્ધિ બંનેની ભુખ છે. પરંતુ આ બન્નેથી સમૃદ્ધ વ્યકિત અપવાદરૂપ પણ જોવા મળતી નથી. કોઈકની પાસે સમૃદ્ધિ હશે, પરંતુ મન એવું હશે કે તેને સમૃદ્ધિ છતાં અસુખ જેવું લાગ્યા જ કરતું હશે. કોઈ આ બધી સમૃદ્ધિવિહીન તંગી અને અભાવમાં પણ સુખી હોવાની અનુભૂતિ કરતો દેખાશે. એક વખત એક બાદશાહ બિમાર પડયો. હકીમ–ડૉકટરો બોલાવવામાં આવ્યા. આજની જેમ ભાતભાતની દવાઓ તેને આપવામાં આવી, જેમ જેમ વધુ દવાઓ આપવામાં આવી તેમ તેમ રોગ વધતો જ ગયો. વજીર ખૂબ નિરાશ થઈ ગયો. રાજાને સાજો કરવો શી રીતે? એ પ્રશ્ન તેમના મનમાં ઘેરાતો હતો, ત્યાં એક ફકીરની પધરામણી થઈ. વજીરે ફકીરને કહ્યું કે "તમે રાજાને સાજા કરો. ફકીરે રાજાને તપાસી જણાવ્યું કે "બહુ દવાઓ આપવાથી રાજાની બીમારી તમે વધારી દીધી છે. દવાઓ આપવાની બંધ કરી દ્યો. દવાને બદલે જગતમાંથી ગમે તે સુખી અને સમૃદ્ધ વ્યકિતનાં વસ્ત્ર લાવી તેને પહેરાવો. તે પહેરાવતાં જ તેની બિમારી ચાલી જશે. વજીર દેશે દેશ ઘૂમી વળ્યા, પણ અપેક્ષિત વ્યકિત ન જડી. જે સમૃદ્ધ હતો તે મનથી દુ:ખી હતો. જે સુખી હતો તે સમૃદ્ધિ વિનાનો હતો. નિરાશ થઈ પાછા ફર્યા. ત્યાં એક દિવસ મધ્ય રાત્રિએ નદીની પેલી પારથી કોઈની બંસીના મધુર તાનનો આવાજ કાને પડયો. બંસીના તાનમાં દિવ્યતા હતી – મસ્તી હતી – આત્માને તરબતર કરી નાંખે તેવી સૂરોની મિલાવટ હતી – મધુરતા હતી. વજીરને લાગ્યું કદાચ આ વ્યકિત સુખી અને સમૃદ્ધ બંને હોય પણ ખરી. એમ માની અડધી રાત્રિએ તેઓ નાવમાં બેસી નદી ઓળંગી પેલી પાર ગયા. ખૂબ અંધારૂં હતું. કશું દેખી શકાતું નહોતું, છતાં અવાજના પગલે પગલે તેઓ પેલી વ્યકિત જે એક ઝાડ નીચે બેઠેલી હતી, તેની નજીક પહોંચી ગયા અને વિનવવા લાગ્યા, "શું આપ સુખી અને સમૃદ્ધ બંને છો?" પેલી વ્યકિતએ જવાબમાં હા કહી. એટલે વજીરે રાજાની માંદગીની વાત કરી. ફકીરના ઉપચારનું વર્ણન કર્યું. અને એ વ્યકિત પાસે તેના પહેરેલા વસ્ત્રોની માંગણી મૂકી. પેલી વ્યકિતએ જવાબમાં જણાવ્યું કે, "ભાઈ! હું તો નગ્ન બેઠો છું. મારે પહેરવાને વસ્ત્ર નથી. અંધારૂં છે, એટલે કદાચ આપને દેખાતું નહીં હોય, પણ છતાં હું મારી જાતને સમૃદ્ધ અને સુખી બન્ને માનું છું." આ છે મનની માયા! વિજ્ઞાન બહારની સમૃદ્ધિ અને સગવડો સરજી શકશે. તે તમને અંતરનું કહો કે મનનું સુખ નહીં આપી શકે. અંતરના સુખ માટે મનનો ચોક્કસ વળાંક તમારે કેળવવો પડશે. એ પ્રકારની મનની કેળવણી માટે ત્રણ વસ્તુઓ ક્રમશ: આપણે કરવી પડશે : (૧) જાગૃત ધ્યાનાવસ્થા. (૨) સતત જાગૃતિ (constant awareness) અને (૩) શૂન્યતા.

આંખો બંધ કરવાથી મનની એકાગ્રતા થતી નથી. ધ્યાન તેમ કરવાથી જ થાય એવું અનિવાર્ય નથી. બંધ આંખો છતાં મન ભટકવાનું બંધ ન પણ કરે. ઉઘાડી આંખો છતાં તમારૂં મન ધ્યાનસ્થ દશા ભોગવી શકે. મોટે ભાગે આપણે ઉઘાડી આંખે જ જીવન જીવીએ છીએ. તો તે દશામાં જ ધ્યાન થાય. તેવું કેમ ન કરી શકયે? ગાંધીજી પાસે ચરખા અને સુતર અંગેનો વૈજ્ઞાનિક અભ્યાસી એક દિવસ આવ્યો. ખૂબ ઝીણી ઝીણી વિગતો – સુધારા વધારાની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જરૂરી હોવાની વાતો કરી. ગાંધીજીએ કહ્યું કે "ભાઈ! મેં તમારા જેટલો અભ્યાસ કર્યો નથી, છતાં મારૂં સૂતર ખરાબ નથી નીકળતું. બન્ને કાંતવા બેઠાં. બન્નેના સૂતરની પરીક્ષા–Test કરવામાં આવી. ગાંધીજીનું કાંતેલું સૂતર પ્રમાણમાં વધુ સારૂં અને વધુ મજબૂત નીકળ્યું. આનું કારણ એટલું જ હતું કે ગાંધીજી જાગૃત–ધ્યાનાવસ્થા ભોગવનાર સાચા યોગીપુરુષ હતા. તે ચરખો કાંતતી વખતે–ચરખામય બની જતા. એ ક્રિયા સિવાય બીજે કયાંય તેમનું મન ભટકતું નહોતું, જ્યારે પેલા ભાઈ હજારો વસ્તુનો વિચાર તે વખતે કરતા હતા. જે વખતે તમે જે કામ કરો તે વખતે મનને એ જ ક્રિયામાં ધ્યાનસ્થ કરી દો. પરિણામ ઉત્તમ અને અદ્‌ભુત આવશે. ચિત્તની શાંતિનો અનુભવ થશે. મારા એક મિત્ર યુરોપની મુસાફરી કરી પાછા આવેલા. મને મળવા આવ્યા–યુરોપની વિરાટ નદીઓ – તેના કાંઠાના સૌન્દર્યની ખૂબ ખૂબ પ્રશંસાભરી આલોચના કરવા લાગ્યા. તે મુગ્ધ બનીને આવેલા, વર્ણવંભ્યા વખાણ કર્યા જ કરે. મેં કહ્યું "ભારતની નદીઓ નાની હશે, યુરોપની મોટી હશે, છતાં ભારતની નદીઓના કાંઠાનું સૌન્દર્ય તમે કયારે ય જોયું છે? તમે મારી સાથે નર્મદા કાંઠાનું સૌન્દર્ય જોવા નાવમાં મુસાફરી કરો અને પછી બન્નેને સરખાવી અભિપ્રાય આપો. તેઓ સંમત થયા. અમે નાવમાં મુસાફરી શરૂ કરી. માઈલો સુધી ઘૂમતા રહ્યા. પરતુ મુસાફરી દરમિયાન પણ તેનો મારી સામે જોઈ સ્વીટઝરલેન્ડ અને યુરોપની નદી–સરોવરોનાં સૌન્દર્યની જ વાતો કરતા રહ્યા. મુસાફરી પૂરી કરી અમે કાંઠે આવ્યા ત્યારે તેમણે મને કહ્યું : "It was good." 'તે ઠીક હતું.' મે કહ્યું શું ઠીક હતું? તેઓ કહે 'નર્મદાના કાંઠાનું સૌન્દર્ય!' મેં કહ્યું 'તમે કયારે જોયું?' તેમણે કહ્યું, "કેમ અત્યારે જ તમારી સાથે મેં જોયુંને?"

"ભાઈ, તમે મારી સાથે આવ્યા જ કયાં હતાં? તમારો દેહ મારી સાથે હશે–હતો, પણ તમારું મન તો યુરોપની અને સ્વીટ્ઝરલેન્ડની નદીઓના પ્રદેશમાં વિચરતું હતું. સાચી દ્રષ્ટિએ તમે મારી સાથે નહોતા, યુરોપમાં હતા." અત્યારે તમે બધાં મારૂ પ્રવચન સાંભળી રહ્યાં છો, દેહથી હાજર છો, છતાં મન તમારું ઘરમાં, વ્યવસાયમાં, પત્ની–બાળકોમાં કોઈ પ્રશ્નોના ઉકેલની આંટીઘૂંટીમાં– અરે! યુરોપ–અમેરિકામાં ભટકતું હશે! તો શું મારા પ્રવચનનો આત્મા તમે જોઈ શકશો? નહીં, કારણ તમે જાગતાં છતાં ધ્યાનસ્થ નથી. જાગૃત ધ્યાનાવસ્થા એટલે શું એ તમે હવે સમજી શકયા હશો. જીવન જીવતાં કરાતું હરેક કાર્ય–હરેક ક્રિયા એ ધ્યાનયુકત કર્મ અને ક્રિયા બની જાય તો જીવન આનંદ અને શાન્તિથી ભર્યું ભર્યું બની જશે. મનની એકાગ્રતા એટલે જ ધ્યાન. મનના આ પ્રકારના વિરામ વિના પરમતત્ત્વ રૂપી પ્રકાશનાં દર્શન થઈ શકતાં નથી. આપણા મનમાં ભાતભાતના પૂર્વગ્રહોની–માન્યતાઓની– વિચારોની બેરીઓ લાગેલી હોય છે, તેનું વિગતે વર્ણન કરતો નથી. પણ તે છે એક હકીકત. એકનું વર્ણન કરું. માનવી પોતે જે છે, જ્યાં છે, જેમાં છે, તેનાથી તે સદા અસંતુષ્ટ હોય છે. તેને કાંઈ બનવાની, બલદવાની આકાંક્ષા સતાવ્યા જ કરતી હોય છે. તેને કપડાંથી, મકાનથી, વાહનથી, વસ્તુઓથી બીજા કરતાં જુદા જ દેખાવાની, કહેવરાવવાની, મનાવવાની ઈચ્છાઓ સતાવે છે. આ જ છે માનવીના ચિત્તની અશાંતિનું મૂળ. તમે જે છો, જેવા છો, જેમાં છો તેની આનંદપૂર્વકની, સંતોષપૂર્વકની સ્વીકૃતિ–સમજ-પૂર્વકનો સ્વીકાર–એમાં જ આનંદ છે, શાંતિ છે. આવી સ્વીકૃતિ અને સંતોષની વૃત્તિ જીવન જીવતાં ખસી ના જાય તે માટે આપણે ખૂબ જાગતાં રહેવું પડશે. આને જ હું 'State of awareness-Constant awareness' કહું છું. જાગરૂકતા એ બીજો ઉપચાર થયો. હવે શૂન્યતાનો વિચાર કરીએ. એક વાત કહું. એક ગુરુ પાસે શિષ્યો ભણતા હતા. ભણતર પૂરું થયે શિષ્યોએ ગુરુચરણમાં જુદી જુદી ભેટ મૂકી. એક શિષ્ય ખૂબ ગરીબ હતો. તે ખૂબ મુંઝાયો. તેની પાસે ભેટ મૂકવાના પૈસા નહોતા. તેનું હૈયું આક્રંદ કરી ઊઠયું. ગુરુચરણમાં પડી આશીર્વાદ માંગતી વખતે તેની આંખોમાંથી વહેતાં અશ્રુબિંદુઓ ગુરુચરણ ઉપર પડયા. ગુરુએ કહ્યું, "ભાઈ! સાચા હૃદયમાંથી તારા મારી પ્રત્યેના ભાવાવેશમાંથી ટપકતાં આ અશ્રુબિંદુઓથી વધુ કિંમતી ભેટ કયી ગણી શકાય? તું જરા પણ મુંઝાઈશ નહીં. તું જે છે, જેવો છે, જે સ્થિતિમાં છે, તેનાથી અસંતુષ્ટ બની તારી જાત માટે હલકો વિચાર ન કરીશ. એક સૂત્ર હમેશાં યાદ રાખો. Accept what you are aud enjoy what you have." એક અંધારી કોટડી છે, તેમાં ચંદ્રપ્રકાશનાં કિરણો વિના રોકટોક આવી રહ્યાં હતાં. કુદરતી પ્રકાશથી એ ઓરડી દેદિપ્યમાન લાગતી હતી. ત્યાં ઓરડીના માલિકે આવીને એક નાનીશી મિણબત્તી સળગાવી અકુદરતી પ્રકાશ કર્યો. કુદરતી પ્રકાશ– ચંદ્રનો પ્રકાશ–અલોપ થઈ ગયો. શૂન્ય બની જશો, કામનાઓ– અકુદરતી કામનાઓ જે અંતરની ઓરડીમાં મિણબત્તીનાં પ્રકાશ માફક ભરી પડી છે, તેને બહાર કાઢી ખાલી બની જશો. અંતરમાં જગ્યા કરશો તો જ પરમતત્ત્વનો પ્રકાશ–ચંદ્ર પ્રકાશની જેમ–ઓરડીને તમારા અંતરને–આનંદથી ભરી દેશે. એટલે, આજના પ્રવચનનો સારભાગ એટલો જ છે કે ચિત્તની શાંતિ માટે, દુઃખના અભાવ વાળી, સતત ચિત્તની પ્રસન્નતા અને આનંદની અનુભૂતી માટે, તમારે ત્રણ વસ્તુઓ કરવી જરૂરી છે. (૧) જાગૃત દશામાં હરેક કર્મ–ક્રિયા કરતાં કરતાં એકચિત્ત બની–ધ્યાનસ્થ દશા કેળવવી (૨) એ સ્થિતિમાં મનની એ ધ્યાનસ્થ દશામાં વિક્ષેપ ન પડે તે માટે તમારે સતત જાગતરૂકતા સેવવી, અને (૩) એ રીતે અભ્યાસ-પૂર્વક કેળવેલી મનની એ દશા ખસી ના જાય તે માટે તમારે અહમ્ નો ત્યાગ કરી શૂન્ય બનવું. આ ત્રણ વસ્તુ. કરી શકો તો જરૂર તમને પરમ સુખ–પરમ શાંતિ–પરમાનંદની ઝાંખી થયા વિના નહીં રહે. પરમકૃપાળુ પરમાત્મા તમને આ સ્થિતિ પ્રાપ્ત કરવાનું બળ આપો!

આચાર્ય રજનીશજી

જાહેરાત: એપ્રિલ માસની તા. ૧૪, ૧૫, ૧૬ એમ ત્રણ દિવસની આચાર્ય રજનીશજીને અનુલક્ષીને સાધના શિબિર સૌરાષ્ટ્રમાં આવેલા શારદાગ્રામ ખાતે યોજવામાં આવી છે. આ શિબિર અંગેની વિગતો માટે જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ ૨, ટે. નં. ૨૨૩૩૧ સાથે સંપર્ક સાધવો.

શહેનશાહ આલમગીર ઔરંગઝેબનું વસિયતનામું

સને ૧૫૨૬ થી ૧૭૦૭ સુધીના ૧૮૧ વર્ષમાં ભારત પર બાબરથી ઔરંગઝેબ (આલમગીર) સુધીના જે છ મોગલ બાદશાહો શાસન ચલાવી ગયા, તે બધાયમાં ઔરંગઝેબે લાંબી ઉંમર સુધી જીવન વીતાવેલ, તે ૪૧ મે વર્ષે રાજ્ય પર આવ્યો, ને ૯૦ વર્ષ તે જીવ્યો! તેણે રાજ્ય મેળવવા માટે પોતાના ત્રણ ભાઈઓની હત્યા કરેલ, અને બુઢ્ઢા બાપને તેણે જિંદગીના છેલ્લાં આઠ વર્ષ લગી રાજમહેલમાં નજરકેદ રાખેલ. આ ઔરંગઝેબ ઈતિહાસમાં બહુ ગવાઈ ગયેલો છે. તેના ગુણ-દોષની બીજી વિચારણા અહીં અસ્થાને છે, પણ તેનું આ વસિયતનામું એટલા માટે જાણવા જેવું છે કે હિન્દુસ્તાન જેવા તે વખતે મહાન ને સમૃદ્ધ ગણાતા દેશના સત્તાશાળી બાદશાહે મરતી વખતે પોતાના અનુભવોનું દોહન જે રીતે આમાં રજૂ કરેલ છે તે સમજવા જેવું છે ને જીવનમાં માનવી ગમે તેવા કાળાંધોળા કરે છે, છતાં મરણ વખતે તે કેવી દયનીય દશા ભોગવે છે, તે પણ આ વસિયતનામું જણાવે છે.

અલ્લાહતાલાની તારીફ હજો અને (તેના) જે જે ખીદમતગારો પાક બન્યા છે અને (તેને) જેણે સંતોષ આપ્યો છે તેવાઓની ઉપર ખુદાઈ દુવાઓ ઉતરજો! મારે મારા આખરી વસિયત-નામા સ્વરૂપે કેટલીક સૂચનાઓ આપવાની છે તે હું અહીં લખી રાખું છું.

કલમ પહેલી–અનાચારમાં ડૂબી ગયેલા આ પાપીના તરફથી હઝરત હસન (સ.) ની પવિત્ર કબર પર એક ચાદર ચઢાવજો, કારણ કે જે લોકો પાપના સમુદ્રમાં ડૂબેલા હોય છે તેમને દયા અને ક્ષમાના દરવાજાનો આશ્રય શોધ્યા વિના બીજું કોઈ બચાવનું સ્થાન નથી. આ મહાન પવિત્ર કામ કરવા માટેનાં નાણાં મારા ઉમદા શાહઝાદા અલીજાહ પાસે છે તેની પાસેથી લેવા.

દાન

કલમ બીજી–મેં સીવેલી ટોપીઓની કિંમતમાંથી ઉપજેલી રકમમાંથી ચાર રૂપિયા અને બે આના મહાલદાર આઈઆ બેગની પાસે પડેલા છે, તે તેની પાસેથી લઈને આ નિરાધાર પ્રાણીના કફન માટે ખરચજો. કુરઆને શરીફની નકલો કરીને મેળવેલા મહેનતાણાની રકમમાંથી ત્રણસો ને પાંચ રૂપિયા મારા અંગત ખર્ચ માટેની થેલીમાં પડેલા છે. મારા મરણને દિવસે તે બધી રકમ ફકીરોને વહેંચી દેજો. શિયા કોમમાં કુરઆને શરીફની નકલો કરીને મેળવેલાં નાણાં પવિત્ર ગણાય છે. (આ વાક્યનો એક બીજો અર્થ એવો પણ થાય છે કે કુરઆને શરીફની નકલો કરી, તે વેચીને મેળવેલાં નાણાં શિયા કોમમાં ગેરકાયદે મેળવેલું ધન ગણાય છે.) એટલે તેનો ઉપયોગ મારું કફન કે એવી બીજી કોઈ ચીજો ખરીદવામાં કરશો નહિ.

કલમ ત્રીજી–બીજી જરૂરી વસ્તુઓ શાહઝાદા અલીજાહના શિરસ્તેદાર પાસેથી લેજો, કારણ કે (અલીજાહ) મારા દીકરાઓમાં મારો સહુથી નજીકનો વારસ છે અને મારા કફનને લગતી કાયદે-

સર કે ગેરકાયદે સઘળી ક્રિયાઓની જવાબદારી તેને માથે છે. આ નિરાધાર આદમી (ઔરંગઝેબ પોતે) તે માટે જવાબદાર નથી, કેમકે મરેલાઓનો અંજામ પાછળ જીવતા રહેલાઓની દયા ઉપર જ આધાર રાખે છે.

ઉઘાડે માથે

કલમ ચોથી–આ ભમતા રખડુ આદમીને 'સાચા રાહમાંથી આડે રસ્તે જનારાઓ' ની ખીણમાં ઉઘાડે માથે દફનાવજો, કારણ કે બેહાલ બની ચુકેલા જે કોઈ પાપીને મહાન શહેનશાહ (ખુદા) ની સમીપ ખુલ્લે માથે લઈ જવામાં આવે છે તે અચુક ખુદાની રહેમને લાયક ઠરે છે.

કલમ પાંચમી–મારા જનાઝા પરના કોફીન (શબ પેટી) પર 'ગાઝી'ના નામે ઓળખાતા સફેદ ખરબચડા કપડાનું ઢાંકણ ઢાંકજો. ઉપર છત બાંધવાની, સંગીત વગાડનારાઓના જલુસની અને હઝરત પયગંબરના જન્મનો ઉત્સવ (મોલુદ) ઊજવવા જેવી સઘળી ક્રિયાઓ બંધ જ રાખજો.

કલમ છઠ્ઠી–આ બેશરમ પ્રાણી (ઔરંગઝેબ) ના લશ્કરી રસાલામાં જે નોકરો દખ્ખણના વેરાનો અને જંગલોમાં રખડતા રહ્યા છે તેમના તરફ માયા બતાવવી એ આ સલ્તનતના બાદશાહ (મારા વારસ) ની ફરજ બને છે. એટલે એ લોકોએ કોઈ દેખીતો અપરાધ કરેલો હોય તો પણ મોટું મન રાખીને એ અપરાધની અવગણના કરજો અને ઉદાર દિલથી તેમને માફી બક્ષજો.

દાવપેચ

કલમ સાતમી–કારકૂનો (મુતાસદી) તરીકેની કામગીરીમાં ઈરાનીઓના કરતાં વધારે કાબેલ બીજી કોઈ પ્રજા નથી, તેમ જ લડાઈમાં પણ શહેનશાહ હુમાયુના જમાનાથી આજ લગી આ પ્રજાના કોઈ સિપાહીએ રણક્ષેત્રમાંથી કદી પીઠ ફેરવી નથી અને તેમાંના કોઈના મજબૂત પગ લડાઈના મેદાનમાં કદી થરથર્યા નથી. ઉપરાંત તે લોકોએ કદી પોતાના માલિક સામે દગો કરવાનો અપરાધ કર્યો નથી. પરંતુ તે લોકોની એવી હઠ છે, કે તેમના તરફ પુષ્કળ આદર-માન બતાવવું જોઈએ. તેથી કરીને તેમની સાથે કામ પાડવામાં કાયમ મોટી મુશ્કેલી પડે છે. છતાં તમારે ગમે તેમ કરીને તેમની સાથે પડયું પાનું નીભાવી લેવાનું છે અને તેમ કરવામાં દાવપેચનો ઉપ-યોગ કરતા રહેવું.

પીછેહઠ

કલમ આઠમી–તુરાની લોકો હંમેશાં યોદ્ધાઓ જ રહ્યા છે. છાપા મારવામાં, દરોડા પાડવામાં અને રાતને વખતે હુમલો કરી દુશ્મનોને પકડવાના કામમાં તેઓ ઘણા કાબેલ છે. ચાલતી લડા-ઈએ પણ તેમને હટવાનો હુકમ આપવામાં આવે તો તેથી તેઓ વહેમાતા નથી, નિરાશ થતા નથી કે શરમાતા નથી. આ બાબતમાં તેઓ હિન્દુસ્તાનીઓની સરાસર નરી બેવકૂફીથી સેંકડો ગાઉ છેટા રહેનારા છે, કેમકે હિન્દુસ્તાનીઓ તો માથું મૂકે, પણ લડાઈમાં પોતાનું સ્થાન મૂકતા નથી. (પાછા હટતા નથી) આ પ્રજા ઉપર તમે મહેરબાની રાખતા રહેજો, કેમકે ઘણા પ્રસંગોએ બીજી કોઈ પણ પ્રજાના માણસો જે કેટલાક જરૂરી કામો કરી શકતા નથી તેવાં કામો આ પ્રજા કરી શકે છે.

બદનામી

કલમ નવમી–દુવાને લાયક એવા બારાહના સૈયદો તરફ તમે કુરઆને શરીફની આયાત (જેમાં કહેલું છે કે હઝરત પયગંબરના નજીકના સગાંઓને તમે હક્ક પ્રમાણે દાન આપજો) મુજબનું વર્તન બતાવજો અને તેમનું આદરમાન સાચવવામાં તથા તેમના તરફ મહેરબાની બતાવવામાં કદી ઉણપ આવવા દેશો નહીં. કુરઆને શરીફની પાક આયાતમાં કહેલું કે '(મારાં) સગાંવહાલાઓ તરફ પ્યાર બતાવવા સિવાય તમારી પાસેથી તેમને માટે હું બીજો કશો બદલો માગતો નથી.' (તે પ્રમાણે) આ ખાનદાન તરફ પ્યાર બતાવવો એ હઝરત મહમ્મદ (સ.) ના પયગંબરપણાની કિંમત છે. આ પ્યાર બતાવવામાં કશી કચાશ રાખશો નહીં અને તેનું રૂડું ફળ તમને આ દુનિયામાં તેમ જ બીજી દુનિયામાં પણ મળશે. પરંતુ બારાહના સૈયદો સાથેના વ્યવહારમાં અત્યંત સાવચેતી રાખવી, દિલમાં તેમના તરફ ભરપૂર પ્યાર ભલે રાખવો, પણ બહારથી તેમનો દરજ્જો કદી વધારવો નહીં, કારણ કે રાજ્ય કારોબારમાં કોઈ ભાગી-દાર મજબૂત કે જોરાવર થાય તો તે તરત રાજ્યગાદી પોતાના હાથમાં લેવા માગે છે. જો તમે રાજ્યની લગામ જરાતરા પણ તેમના હાથમાં સોંપશો તો તેનું પરિણામ તમારી બદનામીમાં આવશે.

આળસ ન કરો

કલમ દસમી–સલ્તનતના હાકેમે બનતા સુધી હમેશાં ફરતા રહેવામાં આળસ કરવી ન જોઈએ. એક ને એક જગ્યામાં લાંબો વખત રહેવું નહીં, કેમકે તેમ કરવાથી દેખીતી રીતે ભલે આરામ મળતો હોય, પણ આયંદે હજારો મુશ્કેલીઓ અને આફતો ઊભી થાય છે.

કલમ અગિયારમી–તમારા દીકરાઓનો કદી વિશ્વાસ કરતા નહીં તેમ જ તમારી હયાતી દરમિયાન તેમને તમારી બહુ નજીક આવવા દેતા નહીં, કારણ કે જો શહેનશાહ શાહજહાને દારા શિકોહ પ્રત્યે આવી રીતનો વર્તાવ રાખ્યો ન હોત તો તેનો (દારાનો) જે કરુણ અંજામ આવ્યો તેવો આવ્યો ન હોત. 'રાજાનો શબ્દ વાંઝીયો છે' એ કહેવત હમેશાં લક્ષમાં રાખજો.

કલમ બારમી–સલ્તનતને લગતા સઘળા સમાચારોથી સદા વાકેફ રહેવું એ રાજ્યવહિવટનો મુખ્ય આધારસ્તંભ છે. એકાદ ક્ષણ પૂરતી પણ આ કામમાં બેદરકારી રાખવાથી વરસોના વરસો લગી બદનામી ભોગવવી પડે છે. પાજી શિવો (શિવાજી) નાસી છૂટયો તે મારી બેદરકારીનું પરિણામ હતું ને (તેને લઈને) મારે (મરાઠાઓની સામે) જિંદગીના છેવટ લગી સખત જહેમત ઉઠાવવી પડી છે.

નસીબદાર નંબર

આંકડાઓમાં બારનો આંકડો પાક ગણાય છે, મેં બાર કલ-મોથી મારું આ વસિયતનામું પૂરું કર્યું છે.

જો તમે આનાથી નસીહત (શીખામણ) લેશો તો તમારા ડહાપણ ઉપર મારું ચુંબન છે. જો તમે આની અવગણના કરશો તો – અફસોસ! અફસોસ!

(નોંધ: 'અલીજાહ' નો ઈલ્કાબ ઔરંગઝેબે પોતાના બે શાહ-ઝાદા મુઆઝમ અને આઝમને આપેલો હતો. અહીં જેને વિષે ઉલ્લેખ છે તે આઝમ હોવો જોઈએ કેમકે બાદશાહના અંતકાળ પહેલાં થોડા વખતથી આઝમ તેની તહેનાતમાં રહેતો હતો.

સંગ્રાહક : **શ્રી રામુ પરમાનંદ ઠક્કર**
'જૈન પ્રકાશ'માંથી ઉધ્ધૃત

ઘરમાં એકઠાં થયેલાં ઔષધો સંઘના કાર્યાલયમાં મોકલી આપો!

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ મુંબઈમાં વસતા પ્રબુદ્ધ જીવનના વાચકોને નમ્ર નિવેદન કે આજે કુટુંબમાં માંદગી આવતાં ડાકટરો અનેક પ્રકારની પેટન્ટ દવાઓ, મલમો તથા ઈન્જેકશનો લખી આપે છે અને ધાર્યા મુજબનો આરામ ન થતાં આગળનાં ઔષધો પૂરા ઉપયોગમાં આવ્યાં ન આવ્યાં અને નવાં ઔષધો લાવવાની ડાકટરો સૂચના આપે છે. આ રીતે ઓછાં વપરાયલાં તેમ જ નહિ વપરાયલાં ઔષધો અનેકને ત્યાં ઠીક પ્રમાણમાં એકઠાં થાય છે. આ રીતે નહિ વપરાયલાં તથા થોડા પ્રમાણમાં વપરાયલાં છતાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ઔષધોનો અન્યત્ર ઉપયોગ થઈ શકે તે માટે મુંબઈ લાયન્સ ક્લબ તરફથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક પેટી રાખવામાં આવી છે, જેમાં સંઘના સદસ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના વાચકો તરફથી મળેલાં ઉપર જણાવ્યા મુજબનાં ઔષધો એકઠા કરવામાં આવશે અને લાયન્સ ક્લબ દ્વારા તેની પૂરી જાચતપાસ કરીને તે ઔષધો તેની જરૂરિયાતવાળા લોકોને વહેંચી આપવામાં આવશે. તો પોતાને ત્યાં નકામાં પડી રહેલા છતાં ઉપયોગમાં આવે તેવાં ઔષધો સંઘના કાર્યાલયમાં પહોંચાડતા રહેવા સંઘના સદસ્યો તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સૌરાષ્ટ્રના સન્નિષ્ઠ લોકસેવક શ્રી જગજીવનદાસ મહેતા

અમરેલીનિવાસી વયોવૃદ્ધ લોકસેવક શ્રી જગજીવનદાસ મહેતા વીરનગરની સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હૉસ્પિટલમાં આંખ દેખાડવા ગયેલા. ત્યાં તેમનાં ઉપર અણધાર્યો હૃદયરોગનો હુમલો થતાં, માર્ચ માસની ૭ મી ના રોજ તેમનું એકાએક અવસાન નિપજ્યું. આ જગજીવનભાઈ ડૉ. જીવરાજ મહેતાના મોટા ભાઈ થાય. તેમની ઉમ્મર ૮૫ વર્ષની હતી. માહ વદ ૧૩ તેમનો જન્મ દિવસ હતો. આ જ દિવસે તેમનું મૃત્યું થયું. વિધિની આ એક પ્રકારની સુભગ વિચિત્રતા ગણાય.

ગયા ડિસેમ્બર માસમાં તેમનો સેવાષષ્ટિ મહોત્સવ કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે ઊજવાયો હતો. આ પ્રસંગે રવિશંકર મહારાજ અને ગુજરાતના પ્રથમ કક્ષાના લોકસેવકોએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી અને રૂપિયા બે લાખની થેલી તેમને અર્પણ કરવામાં આવી હતી. આ થેલીનો ઉપયોગ અમરેલીમાં ભગિની છાત્રાલય, તુલસીશ્યામમાં ગોસંવર્ધન કાર્ય અને પૂર્વ કાળના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન તરફથી પ્રગટ થતા 'છાત્રાલય' માસિકનું પુનઃ પ્રકાશન વગેરે કાર્યો માટે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ પ્રસંગે શ્રી જગજીવનભાઈએ લખેલાં 'મારાં જીવન સંસ્મરણો' એક દળદાર પુસ્તકના આકારમાં પ્રગટ કરવામાં આવ્યાં હતાં.

તેમના માતાપિતાના આર્થિક સંયોગો પ્રતિકૂળ હોઈને બન્ને ભાઈઓએ પોતપોતાનો અભ્યાસ આગળ વધારવામાં ખૂબ મુશ્કેલી અનુભવી હતી. મેટ્રિક પસાર થયા બાદ મુંબઈની વરજીવનદાસ માધવદાસ કપોળ બોર્ડિંગનો ટેકો મળતાં તેઓ ઉચ્ચ અભ્યાસ કરી શકયા હતા, આ કારણે તેમને બોર્ડિંગોની ઉપયોગીતા અંગે સવિશેષ પ્રતીતિ થઈ હતી અને એ પ્રતીતિની પ્રેરણાના પરિણામે ૧૯૦૮ ની સાલમાં તેમના હાથે અમરેલી કપોળ બોર્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. લેડી નોર્થકોટ હિંદુ ઑર્ફનેજના આચાર્ય તરીકે તેમ જ મોઢ વણિક છાત્રાલયના ગૃહપતિ તરીકે તથા 'કપોળ' માસિકના તંત્રી તરીકે તેમણે મુંબઈમાં રહીને વર્ષોસુધી ખૂબ સેવા આપી હતી. ૧૯૨૨ માં તેઓ મુંબઈ છોડીને અમરેલી આવ્યા હતા અને અમરેલીને પોતાની અનેકવિધ સેવાઓનું તેમણે કેન્દ્ર બનાવ્યું હતું. ખાદી પ્રવૃત્તિ, ખેડૂતોના કરજનિવારણની પ્રવૃત્તિ, સહકારી પ્રવૃત્તિ, હરિજન ઉદ્ધાર પ્રવૃત્તિ, સુધરાઈની પ્રવૃત્તિ–આવી અનેક પ્રવૃત્તિઓને તેમણે પોતાની શકિતનો પૂરો યોગ આપ્યો હતો. તેઓ વર્ષોજૂના કૉંગ્રેસી કાર્યકર હતા; ચુસ્ત ગાંધીવાદી હતા; ગોસેવા તેમના જીવનનો પ્રાણપ્રશ્ન હતો. સૌરાષ્ટ્રની પ્રજા ઉપર કોઈ પણ સંકટ આવે ત્યારે તેના નિવારણકાર્યમાં તેઓ જોડાયેલા જ હોય. ૧૯૨૭ ના ધોલેરા સત્યાગ્રહમાં તેમણે ભાગ લીધો હતો. ૧૯૩૦ – ૩૨ ની સવિનય સત્યાગ્રહની લડતમાં ભાગ લેવાના પરિણામે તેઓ જેલશિક્ષા પામ્યા હતા. નાસિક જેલમાં અમે ભેગા થયા અને ત્યાં મેં તેમને પહેલી વાર જોયા અને જાણ્યા. આજથી પંદરેક વર્ષ પહેલાં હું અને મારાં પત્ની અમરેલી પહેલી વાર ગયેલાં ત્યારે તેમના અને તેમનાં પત્ની ત્રિવેણીબહેનના અમે મહેમાન બન્યાં હતાં. ગયા વર્ષે તુલસીશ્યામમાં યોજાયેલી આચાર્ય રજનીશજીની સાધનાશિબિરમાં તેમને સારી રીતે મળવાનું બન્યું હતું. પૂરા અર્થમાં સંનિષ્ઠ લોકસેવક એવા જગજીવનભાઈ ૮૫ વર્ષ જેટલો લાંબો જીવનપટ વટાવીને આપણી વચ્ચેથી વિદાય થયા છે; કશી પણ યાતના ભોગવ્યા સિવાય આંખના પલકારામાં તેમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. તેમના અવસાનથી સૌરાષ્ટ્રે – ગુજરાતે – એક જૂની પેઢીનો સેવાભાવી આજીવન સેવક ગુમાવ્યો છે. એક ખૂણે સ્થિર જ્યોતથી વર્ષો સુધી પ્રકાશ પાથરી રહેલો નાનોસરખો દીવો ઓલવાયો છે. અનેકને રાહત આપતી પરબ બંધ થઈ છે. તેમની અખંડ સેવાનો જેને જેને લાભ મળ્યો છે તેમના દિલમાં તેમનું સ્મરણ કંઈ કાળ સુધી અંકિત રહેવાનું છે. આવા માનવીઓની તપશ્ચર્યા અને જીવનસાધના ઉપર જ સામાન્ય સમાજ ટકે છે અને ફાલેફૂલે છે અને પરમાર્થ–અભિમુખ બને છે.

આ પ્રસંગે આપણી સર્વની સહાનુભૂતિના અધિકારી છે શ્રી જગજીવનભાઈના નાના ભાઈ ડૉ. જીવરાજ મહેતા, જેમની અસાધારણ ઉજ્જવલ કારકીર્દીએ તેમને ભારતવિખ્યાત બનાવ્યા છે અને જે કારકીર્દી મોટા ભાઈની હુંફ, સાથ અને સહકારને ઘણે અંશે આભારી છે અને એથી વિશેષ સહાનુભૂતિનાં અધિકારી છે શ્રી જગજીવનભાઈનાં જીવનસહચરી શ્રી ત્રિવેણીબહેન જેઓ, આજે હયાત છે, તથા જગજીવનભાઈથી પાંચ છ વર્ષ નાનાં છે અને જેમણે જગજીવનભાઈના સેવાયોગને પૂરો સાથ આપીને અનેકગણો કાર્યક્ષમ અને યશસ્વી બનાવ્યો છે. **પરમાનંદ**

બિહાર દુષ્કાળ રાહત અંગે અનુરોધ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી તા. ૧૧-૩-'૬૭ નાં રોજ મળેલી સભામાં બિહાર દુષ્કાળ રાહત અંગે સંઘના સભ્યો પાસેથી ફાળો ઉઘરાવવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો છે. ફાળાની શરૂઆત કાર્યવાહક સમિતિના હાજર રહેલા સભ્યોથી કરવામાં આવી હતી અને તત્કાળ રૂપિયા એક હજાર જેટલી રકમો નોંધાઈ હતી.

'પ્રબુદ્ધ જીવન' ના તા. ૧-૩-'૬૭ ના અંકમાં "બિહારનાં દુષ્કાળની ઉત્કટ બનતી જતી કટોકટી" એ શિર્ષક નીચે ત્યાંના દુષ્કાળની ભીષણ પરિસ્થિતિનો આછો ખ્યાલ આપતો લેખ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. કુદરતે સર્જેલો આ પ્રકોપ ખરેખર ભયંકર છે, અકલ્પનીય છે. જુદે જુદે સ્થળેથી મળતાં બિહારનાં દુષ્કાળનાં વર્ણનો સાંભળવા કે વાંચવા મળે છે ત્યારે આપણા દિલના ફૂંફેરૂંવાં ખડાં થઈ જાય છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા દેશમાંથી તેમ જ પરદેશોમાંથી જાતજાતની મદદ આવવી કયારનીયે શરૂ થઈ ગઈ છે. પરંતુ મદદનો આ પ્રવાહ જોઈએ તેટલો વેગવાળો નથી. હજી ઘણી વધારે મદદની જરૂર છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તથા શુભેચ્છકોને, 'પ્રબુદ્ધ જીવન' ના વાંચકોને તથા ચાહકોને અમે આગ્રહભરી પ્રાર્થના કરીએ છીએ કે માનવતાના આ કાર્યમાં આપનો વધુમાં વધુ ફાળો આપો. બિહાર રીલીફ કમિટી તરફથી સસ્તી રોટી અને મફત રસોડાં સ્થળે સ્થળે ચાલુ થયાં છે. તે ઉપરાંત ત્યાં સાડીઓ, ગરમ કપડાં, ધાબળા, રજાઈઓ, દવાઓ, પગરખાં વગેરે અનેક ચીજોની જરૂર છે. બિહાર દુષ્કાળ રાહતના આ કાર્યમાં આપને જે કાંઈ આપવું હોય–રોકડ અથવા ચીજવસ્તુ–તે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ–૩) વિના વિલંબે મોકલી આપશો. આ રીતે જે રકમ ભેગી થશે તે તથા અનાજ, કપડાં વગેરે જે કાંઈ બીજી ચીજો આવશે તે બધી યથાસ્થળે પહોંચાડવાની વ્યવસ્થા વિચારવામાં આવી છે. દાતાઓની યાદી પણ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે. જે કોઈ ગૃહસ્થો ટેલીફોનથી સંપર્ક સાધવા ચાહે તેઓ આપણા સંઘનાં ઉપ–પ્રમુખ શ્રી પરમાનંદભાઈ (ટે. નં. ૩૫૪૮૭૬) તથા સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ (ટે. નં. ૩૨૬૭૯૭ તથા ૩૩૪૯૪૫) અને શ્રી સુબોધભાઈ એમ. શાહ. (ટે. નં. ૨૫૬૫૩૬ તથા ૩૬૬૨૮૫) સાથે ટેલીફોન પર પણ પોતાનો ફાળો નોંધાવી શકે છે.

આપના

ચીમનલાલ જે. શાહ–મંત્રીઓ ચીમનલાલ ચકુભાઇ શાહ–પ્રમુખ

સુબોધભાઇ એમ. શાહ „ પરમાનંદ કુંવરજી કાપડિયા–ઉપપ્રમુખ

મહાપ્રસ્થાનના પથ પર—૨૩

થોડે દૂર ગયો ત્યાં પછી એ મળી. એ ઘોડો થોભાવીને મારી રાહ જોતી હતી. જૂની વાતનો તંતુ મેળવી પાછા અમે સાથે ચાલવા લાગ્યાં. એણે જાતજાતની વાતો કરી. એ પોતાની કર્મકથાનો પરિચય આપવા માંગતી નહોતી, એમાં લજ્જા કરતાં વિનય ને નમ્રતા વિશેષ હતાં. પણ હું કાંઈ એમ એને છોડું એવો નહોતો. એની બધી વાત હું જાણવા ચાહતો હતો. મારો સાહિત્યકારનો પ્રાણ કુતૂહલતાથી જાગી ઊઠયો હતો. એની દુઃખની વાતમાં પણ મને અત્યન્ત આનંદ મળતો હતો. મારા કલ્પનાપ્રદેશમાં હું એનું નવીન રીતે રૂપાંતર કરવા માગતો હતો. મારી સંવેદનાનાં બધા આગળા તેણે ઉઘાડી દીધા હતા.

ધીરે ધીરે જતો હતો. એની વાતનું સાતત્ય, એના પ્રાણની ન નિવારી શકાય એવી ભરતી—એના પ્રવાહમાં એની વાત મુક્ત રીતે વહેતી હતી.

અમારી ચર્ચા સમાજ, સાહિત્ય અને જીવનના સામાન્ય પ્રશ્નો વિષે ચાલતી. એ ઊંચા પ્રકારની વિદુષી સ્ત્રી નહોતી, પરન્તુ બધા વિષયમાં એની એક સુનિર્દિષ્ટ અને સુદૃઢ દૃષ્ટિ હતી, જે મને ચર્ચામાંથી પ્રાપ્ત થઈ. પોતાના જીવનમાંથી જે વસ્તુ તેના હૃદયને પ્રાપ્ત થઈ નહોતી તેને કેવળ તર્કથી માનવા માટે એ જરાય તૈયાર નહોતી. બધી વાતચીતમાંથી એનું સુરુચિસંપન્ન અને ભદ્ર મન ડોકિયાં કરતું હતું. એનું મન અત્યંત સંસ્કારી હતું.

સ્ત્રીઓ પુરુષના સંપર્કમાં આવતાં પ્રફુલ્લિત થાય છે. એન જીવનની જાણકારી પણ કાંઈ ઓછી નહોતી. એ ઘણા પ્રદેશોમાં ફરી હતી અને ઘણાં કુટુંબોમાં અને સગાંવહાલાંમાં ઉછરીને મોટી થઈ હતી. એક ડૉક્ટર યુવક જોડે તેનાં લગ્ન થયાં હતાં. પશ્ચિમ તરફના એક શહેરમાં તે સંસાર માંડવા ગઈ હતી. જ્યાં પતિની પ સે હતી ત્યાં ગાયનવાદન, સામાન્ય અંગ્રેજી વાંચતાં લખતાં, ને હિન્દી તથા ઉર્દુ શીખી હતી. એક શિક્ષિકા રાખી હતી. તેની પાસે ભરતગૂંથણ, ચિત્રકામ વગેરે શીખી, પણ તે તો થોડો વખત. એ એનું શાંતિમય ને સુખી જીવન વિધાતાથી સહન થયું નહિ. એના પતિનું અકાળ મૃત્યુ થયું. એને એનો ચાંદલો ને ચૂડી બધું છોડીને પાછા આવવું પડયું. જે ઉમરે સ્ત્રીનું મન સંસારનાં સ્વપ્ન ચિત્રો આંકે, સંતાન ને સંતતિની ભૂખે જે ઉંમરે સ્ત્રીનું માતૃહૃદય વાત્સલ્યભાવે ઉચ્છ્વસિત થઈ ઊઠે, તે ઉંમરમાં એનું આવું ભાવનામય જીવન ઉજ્જડ થઈ ગયું, એની બધી ગતિ રૂંધાઈ ગઈ. વાવાઝોડામાં જે પંખીનો માળો ઉખડી ગયો, તેને હવે ઝાડે ઝાડે આશરો લેવો પડે છે. એ ક્યારેક સાસરે રહી, ક્યારેક મામાને ત્યાં, ને થોડો વખત આમ તેમ તે વીતાવતી. હમણાં તો મામાને ત્યાં વધારે સમય રહેવાની એને સગવડ હતી. ત્યાં એને માટે સારું હતું. સવારથી રાત સુધી એ કામકાજના ચક્કરમાં ફસાયલી રહેતી. ઘરનો હિસાબ રાખવાનો, કોઠારની ચાવી સંભાળવાની, છોકરાંછૈયાંની સંભાળ, ઑફિસ ને શાળામાં મોકલવા, રસોઈની વ્યવસ્થા, મોટાભાઈની સેવા—આ બધામાં એને નિસાસો નાંખવાનો પણ વખત મળતો નહિ. એને થોડું વૈદું ને હોમિયોપથી પણ શીખી લીધાં હતાં. એની પાસે ઘણા લોકો દવા કરાવવા ને એની સલાહ લેવા આવતા. જે ગામડામાં તે રહેતી હતી, ત્યાંની સ્ત્રીઓ બપોરને વખતે એની પાસે સીવણકામ શીખવા આવતી, ને લખતાં વાંચતાં શીખવા પણ આવતી. તે એમની પાસે ચોળી, ફ્રૉક વગેરે તૈયાર કરાવતી. આ કામ માટે તેને ઘરકામમાંથી જરાય છૂટ મળતી નહિ. ઘર એને ચોખ્ખું ચંદન જેવું રાખવું પડતું. ઘરમાં કોઈ માંદું પડયું કે તેની સેવા કરવાનો ભાર એની ઉપર. ઉત્સવ, પર્વ, પૂજાઅર્ચા, કાંઈ ટાણું હોય, કે કાંઈ પ્રસંગ હોય તો એ બધી વ્યવસ્થાનો ભાર એને જ માથે હોય. વચ્ચે વચ્ચે એ સાસરે જતી, સાસુ એની જોડે પ્રેમથી વર્તતી, દિયર દેરાણી એનું સન્માન કરતા. પણ એમાં સ્વાર્થની ગંધ હતી. એમની ઈચ્છા હતી કે ભાભી આવીને એમની જોડે રહે. ભાભીના માસિક ખર્ચના જે પૈસા આવતા હતા, તે તેમના હાથમાં આવે. પણ આ એમનો ગુપ્ત સ્વાર્થ રાણીની નજર બહાર નહોતો. પતિના મૃત્યુએ એના સાસરિયા જોડેના સંબંધમાં એક જાતનો આડપડદો રચ્યો હતો.

"સાસરે શોષણ ને મામાને ત્યાં શાસન" રાણીએ કહ્યું, "મને યાદ છે કે, થોડો વખત પહેલાં હું પણ ઘણી વિલાસપ્રિય હતી."

એના મોઢા તરફ મેં જોયું એટલે એ હસીને બોલી, "વિધવાની વિલાસપ્રિયતા બહુ મોટી ગણાય, નહિ ? પણ એ તો અતિ સામાન્ય છે. ઉજળાં લૂગડાં પહેરવાં ને ચોટલો વ્યવસ્થિત રાખીને એમાં આનંદ માનવો એમાં કયો ગુનો છે? એ ગુના માટે મોટાભાઈએ મને બોલાવીને ચોટલો વગેરે કાઢી નાંખવા કહ્યું, ત્યારે ત્રણ દિવસ હું રડી હતી. મારા વાળ મારા ઢીંચણ સુધી લાંબા હતા. હું જાણું છું કે રડવું એ છોકરવાદ છે. સર્વત્યાગ કરવામાં જ વિધવાના જીવનની ઉજ્જવળતા છે તે પણ હું જાણું છું... પણ" બોલતાં બોલતાં તેણે મ્લાન હાસ્ય કર્યું.

માસિચટ્ટી અમે પાર કરી હતી, રસ્તો સપાટ હતો. ક્યાંક ક્યાંક ગામડાંનાં ચિહ્ન જણાતાં હતાં. વૃક્ષોની છાયાથી ઢંકાયેલો પહોળો રસ્તો હતો. પર્વતોની શિખરમાળા દૂર દૂર સરી ગઈ હતી. ગામડું મેદાન બધે નીરવતા હતી, હૂ હૂ કરતો વાસંતી વાયુ વાતો હતો. હવે રસ્તામાં ઝરણાં આવતાં નહોતાં. રામગંગા નદી પાસે જ હતી. બુડકેદારમાં બપોરનું ભોજન વગેરે પતાવી પાછો હું આગળ ચાલ્યો. આજ કાલ તો સુખ અને સ્વસ્થતા બન્ને મેં મેળવ્યાં હતાં. ઘોડા પર મુસાફરી કરતો હતો, ને દિદિમા પાસેથી રાંધેલો ભાત મળતો હતો, વાસણ પણ માંજવા પડતાં નહોતાં. જે દિવસે દુઃખમાં હરદ્વારથી અમારી મુસાફરી શરૂ થઈ, તે દિવસે મેં સ્વપ્નોમાં પણ ધાર્યું નહોતું કે આટલા આનંદમાં મારી યાત્રા પૂરી થશે. ચારુની મા અને ગોપાલદાનું દળ આગળ નીકળી ગયું હતું. મને ઈચ્છા તો થઈ કે દોડતો જઈને એમને પકડી પાડું ને મારા સૌભાગ્યની વાત એમને કહું. ગોપાલદાની ધીરજથી અને સહનશીલતાથી હું ખરેખર મુગ્ધ છું. પણ એક વાતની મને શરમ આવતી હતી. દિવસે દિદિમા ને રાણી રાંધી આપતાં હતાં. ચૌધરીસાહેબ આગ્રહ કરીને ખવડાવવા હતાં. પણ એ માટે એક પણ પૈસો લેવાની તેઓ ચોખ્ખી ના પાડતા હતા. આથી જમતી વખતે મને સંકોચ થતો હતો. મારો સંકોચ અને શરમ જોઈને રાણી પણ અસ્વસ્થ બનતી. મારા સ્વમાનને આઘાત ન લાગે એ વિષે એ ઘણી કાળજી રાખતી.

સાંજે અમે નલચટ્ટી પહોંચ્યા. અત્યંત મનોરમ સ્થળ છે. પાસે જ કેળનું જંગલ છે, તેની પૂર્વદિશામાં એક નાની ટપાલ ઑફિસ છે, ને એની પાસે જ ધર્મશાળા છે. થોડે દૂર એકાંતમાં એક પ્રાચીન મંદિર છે, તેની પાસે સાધુઓનો આશ્રમ છે. ઘોડા પરથી ઊતરી અમે ચટ્ટીમાં આવી રાતવાસો કર્યો.

હવે એ મુશ્કેલ પથ નહોતો. પહેલાં જેવું સંકીર્ણ આકાશ ન હતું. પર્વતોની હારમાળા વચ્ચે પ્રાણઘાતક ચઢાણ ઉતરાણ પણ નહોતું. હવે આકાશ દૂર દૂર સુધી દેખાતું હતું. નદીની હવે ગર્જના નહોતી. ઝરણાંનો અવિરામ ઝરઝર અવાજ નહોતો, હવે દેશની ખૂબ નજીક અમે આવી પહોંચ્યા હતા. સવારના જ્યારે રાણીની જોડે મુલાકાત થઈ ત્યારે એણે કહ્યું : "હવે જરા આપણે છૂટા રહીશું.

પાછો પેલા લોકોને વહેમ આવ્યો છે. ફોઈ જાસૂસી કરે છે. એને જાસૂસી સિવાય બીજું શું કહેવાય તમે જ કહોને?"

મેં કહ્યું, "'પણ બધાં આપણને નિર્દોષ કયાંથી માને?"

"તમે ઘોડા પર જાઓ છો, તે વિષે એ લોકો જાતજાતના તર્ક દોડાવે છે. એક કામ કરો. તમે ઘોડાને છોડી દો. પહેલાંની જેમ પગપળા જ ચાલો."

"એથી શું લાભ થશે?"

"ભલે લાભ ન થાય. પણ વહેમ દૂર થશે. હવે તમારે ઘોડા પર બેસવાનું નથી."

મેં કહ્યું, "તથાસ્તુ."

તેણે કહ્યું, "એક સાધારણ વાત પરથી શંકા જન્મી છે. રસ્તામાં ઊભા રહીને તમે દૂધ ખરીદીને મને હાથમાં આપ્યું હતું. એ પ્રસંગને મીઠું મરચું ભભરાવીને ફોઈએ દિદિમાને કહ્યો. એ તો સારું થયું કે ચૌધરીસાહેબ ત્યાં હતા. તેમણે કહ્યું, "દૂધ ખરીદીને આપવામાં એણે એવો શો ગુનો કર્યો? રસ્તામાં આવી સેવા તો બધા કરે." તમે આગળ જાઓને. જરા પગ ઉપાડો. પેલા લોકો આવે છે." એ નવાઈની પરિસ્થિતિ હતી. જાણે કોઈ હરીફાઈની રમતમાં અમે બન્ને જણ ઊતર્યા હતાં. એ સમજાતું હતું કે સ્ત્રીના સંબંધમાં સ્ત્રીની દૃષ્ટિ કેવી સજાગ હોય છે, કોઈ કોઈનો વિશ્વાસ કરતી નથી. કોણ જાણે કયાંની ફોઈ હશે. તે પોતાની સહયાત્રીના ચરિત્રરક્ષણ માટે આટલી બધી માથાકૂટ કરતી હતી ને આટઆટલો આગ્રહ રાખતી હતી. એ એમ માનતી હશે કે એ ન હોત તો બંગાળની ઘણી સ્ત્રીઓ ચારિત્ર્યભ્રષ્ટ થઈ જાત.

રામગંગાને તીરે ચોખુટિયા ચટ્ટીમાં આવીને મેં પ્રચાર કરવા માંડ્યો કે મારી કમરમાં દુઃખાવો શરૂ થયો છે. એટલે હવે હું ઘોડાપર નહિ બેસું. રાણી કોઈ ન જુએ તેમ હસતી હતી. પાંદડાંથી છવાયલી એક ઝૂંપડીમાં રાંધવાનું પતાવ્યું. પાસે જ એક ગામ હતું, થોડીક દુકાનો હતી, એક લુહારની દુકાનમાં હથોડા ટીપાતા હતા. ચટ્ટીની પાછળ નદીને કિનારે થોડા થોડાં ખેતીનાં ચિહ્નો દેખાતાં હતાં. આજે ઘણે દિવસે નાહવાની સગવડ થઈ. હવામાન ગરમ હતું. નદીનો પ્રવાહ બહુ પાતળો, વહેણ ધીમું, ને પાણી ગંદું હતું. પરંતુ દુકાનમાંથી સાબુ મળ્યો, પછી શું જોઈએ? નદીને કિનારે બેસીને ધોતિયું, કફની, ને ચાદર બરાબર ધોયાં. ત્યાં મેં જોયું તો ઘોડો, બળદ, ને માણસ—બધાં ત્યાં એક સાથે નહાતાં હતાં. તડકો ઘણો સખ્ત હતો. ગ્રીષ્મદેશ તરફ આવ્યો છું એમ લાગ્યું, જરા-જરામાં તરસ લાગતી હતી. કામ કરવાની શકિત પણ ઘટી ગઈ હતી. હવે થોડો જ રસ્તો બાકી હતો. બે દિવસ પછી તો અમે રાણી—ખેત પહોંચવાના હતા. નાઈ ધોઈને આવ્યો, ને જોયું તો ત્યાં પાણી જ નહોતું. તપાસ કરતાં ખબર પડી કે, થોડે દૂર જમીનની અંદર, એક ઝરો વહેતો હતો. એટલે બાલદી લઈને સખત તડકો હોવા છતાં હું દોડ્યો. જે રીતે જેમાં જરાય પાણી નહોતું એવી સૂકી નદીમાં પથરાની નીચેથી તે દિવસે પીવાનું પાણી ભેગું કરીને લાવ્યો હતો, તે આજે પણ મને સ્પષ્ટ યાદ છે. બે હાથમાં બે બાલદી પાણી લઈ આવીને બધાને મેં રાજી રાજી કરી દીધા. જમી કરીને પછી જરા ઊંઘ્યાં. બપોરે ઊંઘવાથી અમારો થાક ઊતરતો હતો, ને તાઝગી આવતી હતી.

ઊંઘી ઊઠીને પછી રોજની જેમ સામાન બાંધીને યાત્રાની તૈયારી કરી. ઘોડા પર બેસવાનો મોહ ખતમ થયો હતો. એટલે એની પીઠ પર કામળો ઝોળો વગેરે સામાન લાદીને એક ડોશીને એની પર બેસાડી. ડોશી અકળાતી ઘોડા પર જતી હતી. નમતા બપોરનો તડકો હજી હતો. પાસે જ રામગંગાનો પુલ હતો. પુલ પાર કરીને દક્ષિણ દિશા તરફ અમે આગળ વધ્યા. રસ્તો સમથળ હતો. બન્ને બાજુ દેવદાર, ખજૂર, ને આંબાનાં વૃક્ષો હતાં, ડાબી તરફ બહુ દૂર પહાડનાં શિખરો પર વિસ્તારવાળી ખેતીની જમીન હતી. અમે બધાં એક સાથે જ ચાલતાં હતાં. રાણીને એકાંતમાં મળવાનો સુયોગ આ વખતે મળ્યો નહિ. જાણીજોઈને હું પાછળ પાછળ ચાલતો હતો. મારી પાસે જ ચૌધરીસાહેબ હતા. ફોઇ એની આદત પ્રમાણે ચોકીપહેરો કરતી દિદિમા અને એની બીજી સંગિનીઓ જોડે ચાલતી હતી. એની નજર રાણી તરફ જ હતી. બિલાડી જેમ ઉંદરને પકડવા એની તરફ નજર રાખે તેવી એની હિંસક નજર હતી.

પણ નસીબે યારી આપી. જોતજોતામાં આકાશનું સ્વરૂપ બદલાઈ ગયું. બધી દિશાઓને આવરી લઈને કાળું વાદળ પથરાઈ ગયું. ઝાડોમાંથી તોફાની પવન ફૂંકાવા લાગ્યો. જોતજોતામાં તો મુશળધાર વરસાદ તૂટી પડ્યો. પહાડી વરસાદ બહુ હેરાન કરે છે. વરસાદનાં ફોરાં પણ શરીરને વાગે એવાં મોટાં ને ધારા પણ જાણે પ્રહાર થતો હોય એવી હોય છે. બધાં ગભરાઈ ગયાં, ને કોણ કયાં આશરો લે તે નક્કી થઈ શક્યું નહિ. પણ આશરો લેવો હોય તોય કયાં લેવો એ જ સવાલ હતો, ઘણાની પાસે મીણકાપડ હતું. સાધારણ મીણકાપડ ઓઢીને આ પ્રદેશમાં મજૂરો ને કંડીવાળા યાત્રીઓનો સામાન ઉપાડે છે. એવા એક મીણકાપડનો ટુકડો માથાપર લઈને દિદિમા અને બીજા બેએક જણ ચાલવા લાગ્યા. રાણીને માટે પણ એમણે એક મીણકાપડ કાઢ્યું ને એને આપ્યું. ઘોડા પર કટાણું મોઢું કરીને એ આગળ વધી. હું પાછળ રહ્યો રહ્યો હસતો હતો.

વાવાઝોડું, વાવાઝોડું ને વરસાદ. વરસાદ ને કડાકા, વીજળી, ઝાડપાન—બધાં ગાંડાની જેમ લાપરવાહ બની ગયાં. વરસાદના વેગથી ચારે દિશાઓ જાણે ડોલવા લાગી. ભાગતાં ભાગતાં જેને જ્યાં ફાવ્યું ત્યાં ગયાં, ચૌધરીસાહેબનો પણ પત્તો નહોતો. ચો દુર્દાટના અને વરસાદમાં રાણીએ લગામ ખેંચીને એના ઘોડાની ગતિ મંદ કરી દીધી. હું ભાગવા જતો હતો, ત્યાં તેણે મને બૂમ પાડી કહ્યું, "રહેવા દો, હવે ભાગીને શું કરશો? હવે ભીંજાવાનું શું બાકી રહ્યું છે? નથી લાવ્યા છત્રી, નથી કાંઈ ઢાંકવા માટે કપડું. તમારું સન્યાસીપણું જોઈને તો હાડમાં આગ બળે છે."

"તમે તો આરામથી મુસાફરી કરો છો ને?"

"તમે કયાં આરામથી મુસાફરી કરવા દો છો? મને પણ થાય છે કે હું પણ આ ઘોડો છોડીને તમારી જેમ વરસાદમાં ભીંજાતી જ ચાલું.... હું કહું છું. જોયું ને? હવે આ લોકોને ઓળખ્યાને? જે બીજાને માટે મગજમારી કરે છે, તેઓ મુશીબત આવે ત્યારે એમને પોતાનું જ ચામડું વધારે વહાલું લાગે છે, ને પ્રાણ બચાવવા એઓ ભાગી છૂટે છે. સાચેસાચ તમારી આટઆટલી મહેનત, મુશ્કેલીથી મળતો સાબુ, ને એનાથી ધોયેલાં ધોતિયું, કફની, એ બધાંની શી દશા થઈ છે તે તો જુઓ, બીજું કોઈ કપડું નથી. મોટા કર્ણ દાનેશ્વરી ખરાને તે બધું કર્ણપ્રયાગમાં દાનમાં આપી દીધું. આ ભીનાં કપડાં સૂકવશો શી રીતે? ચાદર પણ ભીંજાયેલી છે."

"એ તો શરીર પર જ સૂકાઈ જશે." મેં કહ્યું.

વરસાદનાં ઝાપટાંથી અમે મૂંઝાયલા જતાં હતાં. આંખપર, મોઢાંપર, આખા શરીર પર પાણી હતું. એના પાણીથી ભીંજાયલા મુખ પર કરચલી વળી. એણે કહ્યું, "શરીર પર, શું ધૂળ સૂકાશે? તમારી વાત સાંભળીને તો મનમાં આગ ઊઠે છે, જો કાંઈ માંદા-બાંદા પડ્યા તો અહીં સેવા કોણ કરશે?"

"કેમ તમે છોને?" હસતાં હસતાં મેં કહ્યું.

"હા. એમ હોય તો સોળે કળા પૂર્ણ થાય—" ને એકાએક તેમણે રસ્તા તરફ જોયું ને ઘોડાને ચાબૂક મારી રો ઝડપથી ચાલી ગઈ'

અનુવાદક: ડૉ. ચંદ્રકાંત મહેતા

મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સન્યાલ

કેન્દ્રનું નવું મંત્રીમંડળ

કેબિનેટ કક્ષાના મંત્રીઓ

૧. શ્રીમતી ઈન્દિરા ગાંધી—વડા પ્રધાન	: આણુશક્તિ
૨. શ્રી મોરારજી આર. દેસાઈ —નાયબ વડા પ્રધાન	: નાણાખાતું
૩. શ્રી ફખરુદ્દીન અલી અહમદ	: ઔદ્યોગિક વિકાસ અને કંપનીની બાબતો
૪. શ્રી એમ. સી. ચાગલા	: વિદેશ ખાતું
૫. શ્રી યશવંતરાવ ચવ્હાણ	: ગૃહ ખાતું
૬. શ્રી દિનેશસિંગ	: વાણિજ્ય ખાતું
૭. શ્રી જયસુખલાલ હાથી	: શ્રમ અને પુનઃસંસ્થાપન
૮. શ્રી જગજીવનરામ	: અન્ન અને કૃષિખાતું
૯. ડૉ. કરણસિંગ	: પર્યટન ઉદ્યોગ અને નાગરિક વિમાનવ્યવહાર ખાતું
૧૦. શ્રી અશોક મહેતા	: નિયોજન, પેટ્રોલિયમ અને રસાયણ તથા સમાજ કલ્યાણ ખાતું
૧૧. શ્રી પી. ગોવિંદ મેનન	: કાયદા ખાતું
૧૨. શ્રી સી. એમ. પુનાચા	: રેલવે ખાતું
૧૩. ડૉ. રામ સુભાગસિંગ	: સંસદીય બાબતો અને સંદેશાવ્યવહાર
૧૪. ડૉ. વી. કે. આર. વી. રાવ	: પરિવહન અને વહાણવટા ખાતું
૧૫. ડૉ. એમ. ચેન્ના રેડ્ડી	: પોલાદ, ખાણો અને ધાતુઓનું ખાતું
૧૬. ડૉ. ત્રિગુણ સેન	: શિક્ષણ ખાતું
૧૭. શ્રી કે. કે. શાહ	: માહિતી અને પ્રસારણ ખાતું
૧૮. શ્રી સત્યનારાયણ સિંહા	: દફતર વિનાના મંત્રી
૧૯. સરદાર સ્વર્ણસિંગ	: સંરક્ષણ ખાતું

રાજ્ય કક્ષાના મંત્રીઓ

૧. શ્રી બી. આર. ભગત	: સંરક્ષણ મંત્રાલય
૨. ડૉ. એસ. ચંદ્રશેખર	: સ્વાસ્થ્ય અને પરિવાર નિયોજન
૩. શ્રી પરિમલ ઘોષ	: રેલવે મંત્રાલય
૪. શ્રીમતી ફૂલરેણુ ગુહા	: સમાજકલ્યાણ ખાતું
૫. શ્રી જગન્નાથરાવ	: બાંધકામ, આવાસ અને પુરવઠો
૬. શ્રી એલ. એન. મિશ્રા	: શ્રમ અને પુનઃસંસ્થાપન મંત્રાલય
૭. શ્રી કે. સી. પંત	: નાણાં મંત્રાલય
૮. શ્રી કે. રઘુરામૈયા	: કાયદા ખાતું
૯. ડૉ. કે. એલ. રાવ	: સિંચાઈ અને શક્તિ
૧૦. શ્રી રઘુનાથ રેડ્ડી	: ઔદ્યોગિક વિકાસ અને કંપનીની બાબતો
૧૧. શ્રી પી. સી. શેઠી	: પોલાદ, ખાણો અને ધાતુઓ
૧૨. પ્રા. શેરસિંગ	: શિક્ષણ મંત્રાલય
૧૩. શ્રી અન્નાસાહિબ શિંદે	: અન્ન અને કૃષિ મંત્રાલય
૧૪. શ્રી વી. સી. શુકલ	: ગૃહ મંત્રાલય
૧૫. શ્રી ભગવત ઝા આઝાદ	: શિક્ષણ મંત્રાલય
૧૬. શ્રી આઈ. કે. ગુજરાલ	: સંસદીય બાબતો અને સંદેશાવ્યવહાર
૧૭. શ્રી એમ. એસ. ગુરુપદસ્વામી	: આણુશક્તિ

ઉપમંત્રીઓ

૧. શ્રી ભક્તદર્શન	: પરિવહન અને વહાણવટું
૨. શ્રી રોહનલાલ ચતુર્વેદી	: સંસદીય બાબતો
૩. શ્રી ડી. આર. ચવ્હાણ	: કાયદા ખાતું
૪. શ્રી એમ. મોહન ધારિયા	: સંસદીય બાબતો
૫. શ્રી ડી. એરીંગ	: અન્ન, કૃષિ, સામૂહિક વિકાસ અને સહકાર મંત્રાલય
૬. શ્રીમતી જહાંઆરા જયપાલસિંગ	: પર્યટન અને નાગરિક વિમાન વ્યવહાર મંત્રાલય
૭. શ્રી એસ. સી. જામીર	: રેલવે
૮. ડૉ. (શ્રીમતી) સરોજિની મહિષી	: દફતર વિનાનાં ઉપમંત્રી
૯. શ્રી વી. એસ. મૂર્તિ	: સ્વાસ્થ્ય અને પરિવાર-નિયોજન મંત્રાલય
૧૦. શ્રી મહમદ શફી કુરેશી	: ઉદ્યોગ
૧૧. શ્રી કે. એસ. રામસ્વામી	: ગૃહ મંત્રાલય
૧૨. શ્રી જે. બી. મુથ્યાલરાવ	: સંસદીય બાબતો
૧૩. શ્રીમતી નંદિની સત્યથી	: માહિતી અને પ્રસારણ
૧૪. શ્રી ભાનુપ્રસાદસિંગ	: ઔદ્યોગિક વિકાસ અને કંપનીની બાબતો
૧૫. શ્રી ઈકબાલસિંગ	: બાંધકામ, આવાસ અને પુરવઠો
૧૬. શ્રી સુરેન્દ્રપાલસિંગ	: વિદેશ મંત્રાલય

નવી રચાયલી રાજ્ય-સરકારોનું સ્વરૂપ

અદ્યતન સામાન્ય ચૂંટણીના પરિણામે ઊભી થયેલી નવી રાજ્ય-રચનાનો સામાન્ય ખ્યાલ આપતાં જણાવવાનું કે મધ્યવર્તી સરકાર ઉપર આ વખતે પણ કૉંગ્રેસ પક્ષનું શાસન ચાલુ રહ્યું છે, જ્યારે તેની નીચેના રાજ્યોમાં ચૂંટણી પહેલાં સર્વત્ર કૉંગ્રેસ પક્ષનું શાસન હતું પણ ચૂંટણી બાદ નવું જ ચિત્ર નિર્માણ થયું છે. કેટલાક રાજ્યોમાં કૉંગ્રેસ પક્ષનું શાસન ચાલુ છે, તો બીજા કેટલાક રાજ્યોમાં મોટા ભાગે મિશ્ર સરકારો રચાઈ છે. આમાં પણ મદ્રાસમાં દ્રાવીડ મુનેત્ર કળગમ પક્ષે કૉંગ્રેસનું સ્થાન લીધું છે, જ્યારે કેરલ સામ્યવાદી પક્ષથી સવિશેષ પ્રભાવિત છે. રાજસ્થાનમાં પ્રધાનમંડળની રચના અંગે ગૂંચવાડો ઊભો થતાં રાષ્ટ્રપતિનું શાસન સ્થપાયું છે અને તેથી તેનું ભાવી હાલ અનિશ્ચિત છે. આ રીતે ઊભી થયેલી રાજ્ય સરકારો નીચે મુજબ બે વિભાગોમાં વહેંચાયલી છે:-

કૉંગ્રેસ-શાસિત: આંધ્ર, આસામ, ગુજરાત, મધ્ય પ્રદેશ, માઈસોર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પોંદીચેરી.

અન્ય પક્ષ-શાસિત: બિહાર, કેરલ, મદ્રાસ, ઓરિસ્સા, પંજાબ, પશ્ચિમ બંગાલ, હરિયાણા, દિલ્હી,

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧૬, ૧૯૬૭, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ કરુણાનું અમૃત ☆

(પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ સંપાદિત કરેલ 'મહાવીર વાણી'ના પુરોવચન તરીકે લખી આપેલા શ્રી ઉમાશંકર જોશીનો લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. આ લેખ ભગવાન મહાવીરના ધર્મબોધના નીચોડરૂપે છે. તેમાં આપેલી પદ્યપંક્તિઓ મહાવીર વાણીમાં સંગ્રહિત કરેલ પ્રાકૃત ગથાઓમાંથી પસંદ કરાયલી પંક્તિઓનો ગુજરાતી અનુવાદ છે. તે પંક્તિઓ સાથે આપેલો સંખ્યાંક મૂળ ગાથાઓનો સંખ્યાંક છે. પરમાનંદ)

'મહાવીર' એમને શા માટે કહ્યા હશે? – નાનપણથી મનને કુતૂહલ થતું. કોઈ રણાંગણની લડાઈ સાથે તો એમને કશી લેવા દેવા નથી. જૈનો 'જિન' ના અનુયાયી. જિન એટલે જીતનાર. કોના જીતનાર? ધીમે ધીમે એ બંને શબ્દો યોજવા પાછળ રહેલા ઔચિત્યનો પરિચય થયો. હૃદયે સાક્ષી પૂરી:

તમે મહાવીર, ન શસ્ત્ર હાથમાં;
સંજીવનીશું નિજ આત્મ-કોષે
સીંચી અહિંસામૃત, જીવમાત્રની
સમક્ષ ઊભા અભયે મુદાભર્યા.

તમે જયસ્વી જિન, લોકમાત્રને
રાખ્યો સદાયે અભયે; કર્યા વશ
તે માન, માયા, વળી ક્રોધ, લોભ,
દુર્જેય ચારે રિપુ, ને થયા જિન.

પૃથ્વી ઉપર માનવનો પગ ઠરવા માંડ્યો એ સાથે સાથે બાહ્ય પ્રકૃતિને સમજવાની એમની મથામણ શરૂ થઈ ચૂકી. દસવીસ લાખ વરસથી પૃથ્વી ઉપર એ વિચરે છે, પણ છેલ્લા ત્રણ સૈકાઓમાં અને ખાસ કરીને છેલ્લા દશકાઓમાં એ દિશામાં એની ગતિ ઘણી વધી છે. પોતાની અંત:પ્રકૃતિને સમજવાની મથામણ પણ કાંઈ ઓછી કરી નથી. છેલ્લાં પાંચેક હજાર વરસમાં જુદા જુદા દેશોમાં એ અંગેની કેટલીક મહાન પ્રયોગશાળાઓ ચાલી છે.

બાહ્ય પ્રકૃતિને સમજવા દ્વારા તેની ઉપર 'વિજય" મેળવવાની વાત પણ માણસ કરવા લાગ્યો છે. પણ એને અંત: પ્રકૃતિ અંગેની સમજ કેળવવાની, એની ઉપર વિજય મેળવવાની, આજે–કદાચ પહેલાં કદી ન હતી તેટલી–જરૂર છે. એ વસ્તુઓની ગેરહાજરીમાં બાહ્ય પ્રકૃતિ અંગેની સમજ કે તેની ઉપર મેળવેલા વિજયનો ઝાઝો અર્થ દેખાતો નથી, કેમકે એના અસ્તિત્વને જ સંશયમાં લાવી મૂકનારાં એ નીવડ્યાં છે.

વિજ્ઞાને આપેલી રિદ્ધિઓ, સિદ્ધિઓ, શક્તિઓ જો માનવને ખાઈ જવાની ન હોય, અને જો એના વિકાસમાં ઉપકારક નીવડવાની હોય, તો ધર્મ વગર–અધ્યાત્મ વગર–તેને ચાલવાનું નથી. ધર્મના-અધ્યાત્મનાં–સત્યો આત્મસાધકોની પ્રયોગશાળાઓમાં હજારો વરસોથી તારવવામાં આવ્યાં છે અને વારંવાર સ્વાનુભૂતિથી નાણી જોવામાં આવ્યાં છે. એથી તો જુદા જુદા ધર્મોની, પાયાની વાતોમાં, એકમતી છે.

ભગવાન મહાવીરની પ્રયોગશાળામાં તારણો શાં જોવા મળે છે?

સંસાર એમનાં કરુણાર્દ્ર નેત્રોને દુ:ખસંભૃત લાગે છે. સૌ જીવોને એમાં ક્લેશ સહન કરતા જોઈ એમનું હૃદય કકળી ઊઠે છે:

"અહો દુ:ખિલ સંસાર, જીવો સૌ ક્લેશ જ્યાં સહે" (૧૬૭)

પહેલી વાત એમને જે સૂઝે છે તે છે સૌ જીવો પ્રત્યેની અનુકંપા, અહિંસા.

"સૌ જીવો જીવવું ઈચ્છે, મરવું કો ના ઈચ્છતું" (૧૫)

એથી તમામ પ્રાણધારીઓ પ્રત્યે સંયમપૂર્વક વ્યવહાર કરવો, સમતાભાવથી વર્તવું એ યોગ્ય છે.

અસત્ય વચન કે આચરણમાં હિંસા રહેલી જ હોય છે. એનું સૂચન માર્મિક રીતે થયું છે:

"આત્માર્થે, અન્ય અર્થે વા, ક્રોધથી, ભયથી 'થવા,
નહીં હિંસાભર્યું જૂઠ વદવું કે વદાવવું" (૨૨)

આત્માના મુખ્ય દુશ્મનો ચાર ગણાવવામાં આવ્યા છે: માન, માયા, (શઠતા, કપટ), ક્રોધ અને લોભ. એમને શી રીતે વશ કરવા?

"ઉપશમે હણો ક્રોધ, માન માર્દવતા વડે,
માયા આર્જવભાવેથી, લોભ સંતોષથી જીતો," (૧૪૬)

આત્માર્થીને પ્રમાદ ન પોસાય. તેથી પુરાણ અને લોકકથાના ભારુંડપંખી (જેને બે મુખ હોઈ અસાવધપણે એક મુખથી કોઈ ઝેરી પદાર્થ ખાઈ બેસે તો મરી જ જાય) ની જેમ અપ્રમત્ત રહીને વર્તવાનું કહ્યું છે:

"ભારુંડ પંખી સમ સંચર અપ્રમત્ત." (૧૦૬)

આત્માનું રક્ષણ કરવા ઈચ્છનારે સદા અપ્રમત્ત જ રહેવું રહ્યું.

'આત્માનુરક્ષી ચર અપ્રમત્ત." (૧૦૯)

અપરિગ્રહ અંગે મહાવીર ભગવાનનું નિરીક્ષણ એવું છે કે ટકી રહેવા માટે અનિવાર્ય એવી સામગ્રી સાધક પાસે હોય તે પરિગ્રહ ગણાય નહિ, પણ સામગ્રી અંગેની 'મૂર્છા' (આસક્તિ, મમતા) એ પરિગ્રહ છે. **'મૂર્છા પરિગ્રહ કથી.'** (૫૮)

"સાધકે જીવનધારણા માટે કેવી રીતે વર્તવું?

"જે રીતે ભમરો ચૂસે દ્રુમના પુષ્પનો રસ,
પુષ્પને ન વિલાવે ને, પોતે પામે પ્રસન્નતા...." (૬૫)

એ રીતે સાધકે પોતાનો નિર્વાહ અક્લેશકર રીતે કરવો જોઈએ.

જો સાધક બાહ્ય પદાર્થોની ઉત્તેજના અનુભવવા લાગ્યો, તો તેની ઉપર કામનાઓ ચારે તરફથી આક્રમણ કરવાની:

"ઉદ્દીપ્તને ઘેરતી કામનાઓ,
વિહંગ સ્વાદુફળ વૃક્ષને યથા." (૧૩૫)

ઈચ્છા - કામના - ના બળને એક ઉદ્‌ગારમાં ચુરેખ રીતે વર્ણવામાં આવ્યું છે:

"ઈચ્છા ખરે આભ સમી અનન્તિકા." (૧૫૦)

સાધકને વળી વળીને વિષયો વળગે તો તેથી એણે કંટાળી જવાનું નથી. બલકે અકંપ રહીને લક્ષ્ય તરફ આગળ વધવાનું છે.

"મથી રહ્યો સાધક મોહ જીતવા,
તેને સ્પૃશે જે વિષયો વળી વળી
અછાજતા કૈંક અનેક રૂપ,
એનો ઘટે દ્વેષ કર્યો ન ભિક્ષુએ." (૧૧૦)

સાધકે મનમાં એટલી એક ગાંઠ વાળવાની છે કે આત્મા પોતે તારનાર છે, બધું વાંછિત આપનાર છે:

"આત્મા વૈતરણી નદી ... આત્મા કામદુધા ધેનુ"... (૨૧૧)

માણસે યુદ્ધ બીજા કોઈની સાથે કરવાનું નથી, પોતાની સાથે જ કરવાનું છે.

"પોતે સામે જ ઝૂઝી લે, બાહ્ય યુદ્ધોથી શું વળે?
તે પામે સુખ જે જાતે જીતે, પોતાની જાતને" (૨૧૬)

અને પછી ગોળધાના બે અક્ષર ઉમેર્યા છે:

"આત્મા જીત્યે જીત્યું સર્વ." (૨૧૭)

માણસ પોતે જેટલું પોતાનું બૂરું કરી શકે છે તેટલું ગળાકાપુ દુશ્મન પણ કરી શકતો નથી.

"ન કંઠછેત્તા અરિ બૂરું આચરે;
કરી દુરાત્મા નિજ જેટલું ખરે." (૨૧૮)

ધર્માચરણને નિશ્ચયપૂર્વક જે વળગ્યો છે તે ઈન્દ્રિયોનાં પ્રલોભન સામે અકંપ ઊભો રહી શકે છે.

"આત્મા થયો નિશ્ચિત જેહનો કે,
'તજીશ હું દેહ, ન ધર્મશાસન',
તેને ચળાવી નવ ઈન્દ્રિયો શકે,
ઝંઝા નિલો મેરુ મહાદ્રિને યથા." (૨૧૯)

એ જ વાત ફેરવી ફેરવીને કહેવામાં આવી છે:

"સમધિગાળી સહુ ઈન્દ્રિયો વડે;
આત્મા સદા રક્ષિત રાખવો ઘટે. (૨૨૦)

ઉપનિષદના ઋષિએ 'આત્મા રથારૂઢ જાણો, શરીર એ જ છે રથ' એવા રૂપકથી વાત કરી છે. મહાવીર વાણીમાં નૌકાનું રૂપક છે;

"શરીરને કહ્યું નાવ, જીવ નાવિક છે કહ્યો,
કહેયો આર્ણવ સંસાર તરે જેને મહર્ષિઓ." (૨૨૧)

આવા આત્મજિત્, સંસારને તરી જનારાઓની ક્ષમાશક્તિ અખૂટ હોય છે, અને તેથી તે સૌના પૂજ્ય ઠરે છે:

"ઉત્સાહથી કંટક લોહના જનો
આશાભર્યા કૈં ગરજે સહી લે;
આશા ત્યજી કર્ણશરો સહે જે
કાંટાળ વાણીમય, તેહ પૂજ્ય" (૨૪૮)

શમની આવી શક્તિ વડે શ્રમણ થવાય, બ્રહ્મ–ચર્યાથી બ્રાહ્મણ થવાય, બાહ્ય આળખંપાળથી નહિ:

"ન મુંડને શ્રમણ કો, ઓંકારથી ન બ્રાહ્મણ
મુનિના વનવાસેથી, કુશવસ્ત્રે ન તાપસ (૨૬૫)
શમે કરી શ્રમણ, ને બ્રહ્મચર્યથી બ્રાહ્મણ,
જ્ઞાને કરી મુનિ થાય, તપથી થાય તાપસ." (૨૬૬)

સાચા શ્રમણ કે બ્રાહ્મણ કે મુનિ કે તાપસનો પ્રાણી માત્ર પ્રત્યે અવૈરભાવ, અહિંસાભાવ, પ્રેમભાવ જ ઊછળવાનો. વિશ્વના ચોકમાં એના હૃદયનો મધુર ઉદ્‌ઘોષ ગાજી રહેવાનો:

"મિત્ર હું સર્વ જીવોનો, વૈર મારે ન કોઈથી." (૩૧૩)

ઉમાશંકર જોશી

આગમ વાણી

૨૮૯. જ્યારે જીવતત્ત્વ અને અજીવ તત્ત્વ એ બન્નેને પણ જે સારી રીતે સમજે છે ત્યારે તે, તમામ જીવોની બહુ પ્રકારની ગતિને પણ બરાબર સમજી શકે છે. અર્થાત્ જીવો પોતપોતાના વિવિધ સંસ્કારોને લીધે વિવિધ જન્મો ધારણ કરે છે એ હકીકત તેના ધ્યાનમાં આવે છે.

૨૯૦. જ્યારે તમામ જીવોની બહુ પ્રકારની ગતિને જે જાણે છે તે જ, પુણ્ય અને પાપના તથા બંધ અને મોક્ષના સ્વરૂપને સમજી શકે છે.

૨૯૧. જ્યારે પુણ્ય અને પાપનું તથા બંધ અને મોક્ષનું સ્વરૂપ બરાબર જાણવામાં આવે છે, ત્યારે જ સ્વર્ગીય ભોગો તરફ તથા માનવીય ભોગો તરફ અરુચિ થાય છે - કંટાળો આવે છે. અર્થાત્ 'તે બન્ને જાતના ભોગો સાર વગરના છે' એમ બરોબર સમજાય છે.

૨૯૨. જ્યારે સ્વર્ગીય ભોગોય સાર વગરના છે એમ બરાબર સમજવામાં આવે છે, ત્યારે રાગદ્વેષથી થતો આન્તર સંબંધ અને બહારનો સંબંધ આપોઆપ છૂટી જાય છે, તજી દેવાય છે.

૨૯૩. જ્યારે રાગદ્વેષોથી થતો આંતર સંબંધ અને બહારનો કૌટુંબિક સંબંધ પણ આપોઆપ છૂટી જાય છે ત્યારે સાધક, માથું મુંડાવીને - સઘળા શણગાર છોડી દઈને - અનગાર ભાવની પ્રવ્રજ્યાને સ્વીકારે છે - અનગારની જેમ અનાસક્ત થઈને રહે છે.

૨૯૪. જ્યારે તે, માથું મુંડાવીને અને મનને પણ મુંડાવીને, અનગાર ભાવની પ્રવ્રજ્યાને સ્વીકારે છે, ત્યારે જ ઉત્તમોત્તમ સંયમરૂપ ધર્મને સ્પર્શી શકે છે - અડકી - આચરી શકે છે. અર્થાત્ ત્યારે જ અનાસક્ત રહીને પોતાની જીવનયાત્રાને બરાબર નભાવી શકે છે.'

૨૯૫. જ્યારે અનાસક્ત રહીને પોતાની જીવનયાત્રાને બરાબર નભાવી શકે છે ત્યારે જ તે અજ્ઞાનને લીધે જે જે ઘણા જુના એવા રાગદ્વેષમય સંસ્કારો ચિત્તમાં પડેલા હોય છે તે તમામને ખંખેરી કાઢે છે. અર્થાત્ અનાસક્ત ભાવે રહેનારના જીવનમાં જ અહિંસા વગેરેના આચારો વણાઈ જતાં પછી ચિત્તમાં વિશ્વબંધુત્વનો ભાવ પ્રગટ થાય છે અને એમ થયા પછી મારું-તારું અને પોતાનું - પારકું એવા ભાવ આપોઆપ છૂટી જાય છે.

૨૯૬. જ્યારે અજ્ઞાનને લીધે પેદા થયેલા ઘણા જુના રાગદ્વેષમય એવા સંકુચિત સંસ્કારોને ચિત્તમાંથી ખંખેરી કાઢે છે ત્યારે જ તે સર્વવ્યાપી જ્ઞાનને અને સર્વવ્યાપી દર્શનને મેળવી શકે છે.

૨૯૭. સર્વવ્યાપી જ્ઞાનને અને સર્વવ્યાપી દર્શનને જ્યારે મેળવી શકે છે ત્યારે જ તે જિન થાય છે—રાગદ્વેષો ઉપર સંપૂર્ણ વિજય મેળવે છે, કેવળી થાય છે-કેવળ આત્મામય થાય છે તથા અલોકના સ્વરૂપને જાણી શકે છે.

૨૯૮. જ્યારે જિન થાય છે, કેવળી થાય છે અને લોક તથા અલોકના સ્વરૂપને જાણી લ્યે છે, ત્યારે જ તે પોતાના મનની, પોતાના વચનની અને પોતાની કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી દઈને શૈલેષી દશાને એટલે હિમાલય પર્વત જેવી સ્થિર દશાને - અકંપ દશાને પ્રાપ્ત થાય છે.

૨૯૯. જ્યારે પોતાના મનની, પોતાના વચનની અને પોતાની કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી દઈને શૈલેષી દશાને પામે છે ત્યારે જ પોતાના તમામ મલિન સંસ્કારોનો - સંકુચિત સંસ્કારોનો-સમૂળ નાશ કરીને પૂર્ણ નિર્મળ થયેલો તે સિદ્ધિને પામે છે.

૩૦૦. અને જ્યારે પોતાના તમામ મલિન સંસ્કારોનો સમૂળ નાશ કરીને પૂર્ણ નિર્મળ થયેલો સાધક સિદ્ધિને - કૃતકૃત્યતાને - પામે છે ત્યારે જ તે, સમગ્ર લોકના માથા ઉપર રહેનારો એવો શાશ્વત સિદ્ધ બને છે. અર્થાત્ કૃતકૃત્યતાના ભાવને પામેલો સાધક સમસ્ત લોકનો શિરોમણિ બને છે અને કાયમી—જેનો કદિ વિનાશ નથી એવો—સિદ્ધ બને છે. ('મહાવીર વાણી' માંથી ઉદ્‌ધૃત)

સ્નેહસંમેલન

આપણા સંઘના સભ્ય શ્રી શાન્તિલાલ હ. શાહ દિલ્હીની લોકસભામાં ચૂંટાયા છે તથા આપણ સર્વને અતિ નિકટ એવા શ્રી. ભાનુશંકર યાજ્ઞિક મહારાષ્ટ્ર રાજ્યની વિધાનસભામાં ચૂંટાયા છે—આ અંગે આપણા દિલનો આનંદ પ્રદર્શિત કરવા માટે તા. ૧૭-૪-૬૭ સોમવારના રોજ સાંજના છ વાગ્યે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મસ્જીદ બંદર રોડ ઉપર, બરોડા બેંકની સામે આવેલા ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલસીડ્‌સ મરચન્ટસ એસોસીએશનના હોલમાં સંઘના સભ્યોનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

☆ ચૂંટણી પછીના બે મહિના ☆

ચૂંટણી પછી કેન્દ્રમાં તેમ જ મહારાષ્ટ્ર, ગુજરાત, માયસોર, આન્ધ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તરપ્રદેશ, આસામ તથા હરિયાણામાં કૉંગ્રેસ સરકારની રચના થઇ. કેરલ, મદ્રાસ, ઓરિસ્સા, બંગાલ, બિહાર તથા પંજાબમાં બીજા પક્ષોએ સાથે મળી સરકારની રચના કરી. રાજસ્થાનમાં રાષ્ટ્રપતિનું શાસન લાવવું પડ્યું. આ બે મહિના દરમિયાન પણ ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં કૉંગ્રેસ શાસનનો અંત આવ્યો છે અને પંજાબમાં બીન કોંગ્રેસ શાસનનો અંત આવે એવાં ચિન્હો છે. રાજસ્થાનમાં સત્તાસ્થાન પર આવવા સુખડિયા અને વિરોધપક્ષોએ ઠીક કાવાદાવા અને તોફાનો કર્યા, પણ ગવર્નર સંપૂર્ણાનંદનો સાથ છતાં, સુખડિયા સત્તાસ્થાન પર આવી ન શકયા અને કેન્દ્ર સરકારે, ગવર્નર સંપૂર્ણાનંદની ભલામણથી વિરોધ પક્ષને સત્તા પર આવવા ન દીધો. ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં કૉંગ્રેસની પાતળી બહુમતી હતી. તેમાં હરિયાણામાં ૧૩ અને ઉત્તર પ્રદેશમાં ચરણસિંહની આગેવાની નીચે ૧૭ કૉંગ્રેસજનોએ પક્ષત્યાગ કરી, વિરાધપક્ષમાં મળી, કૉંગ્રેસને ગબડાવી. પોંડીચેરીમાં કૉંગ્રેસ સત્તા પર આવી, પડી, ફરી આવી. આ ત્રણે રાજ્યોમાં જે શરમજનક રીતે કૉંગ્રેસજનોએ, સત્તા મેળવવા, પક્ષબદલો કર્યો તે લોકશાહી માટે ભયરૂપ છે અને કૉંગ્રેસજનોની નૈતિક અધોગતિનો સૂચક છે. ઉત્તરપ્રદેશમાં ચન્દ્રભાણ ગુપ્તાના અને હરિયાણામાં ભગવદ્દયાળ શર્માના વર્તનથી કૉંગ્રેસજનોને ગમે તેટલો અસંતોષ હોય તો પણ, કૉંગ્રેસ પક્ષ તરફથી ચૂંટાઈ આવી, કૉંગ્રેસ સરકારની રચના થવા દીધી અને પછી થોડા દિવસોમાં તેમને "જાણ" થઈ કે કૉંગ્રેસ સડી ગયેલી છે, તેથી વિરોધપક્ષમાં ગયા અને ત્યાં મુખ્યપ્રધાન અથવા પ્રધાનો થયા, એ અક્ષમ્ય છે. આંધ્રના બ્રહ્માનંદ રેડ્ડીએ આથી ચેતી જઈ અસંતુષ્ટ કૉંગ્રેસજનોમાંથી ચાર પ્રધાનો ઉમેર્યા. પંજાબમાં ગુરનામસિંગ સરકારની હાર થઈ તેમાં પતિયાળાના મહારાજાની આગેવાની નીચે કૉંગ્રેસ સભ્યોએ અગત્યનો ભાગ ભજવ્યો. અને હવે પતિયાળા મહારાજાની આગેવાની નીચે કૉંગ્રેસ સભ્યો સરકાર રચવા તૈયાર થયા છે.

આ ઉપરથી એમ લાગે કે કૉંગ્રેસ અથવા બીનકૉંગ્રેસ પક્ષો કોઈ પણ ભોગે સત્તા મેળવવા તત્પર રહ્યા છે. આ રમત ક્યાં સુધી ચાલશે ? સત્તા પર જે પક્ષ આવ્યો હોય તેને, પ્રજાહિતમાં, થોડો સમય સ્થિરપણે કામ કરવા દેવાની વૃત્તિ દેખાતી નથી. બંગાળ, બિહારમાં કૉંગ્રેસજનો બીનકૉંગ્રેસ સરકારને જંપીને કામ કરવા દેશે ? આનો અર્થ એમ નથી કે વિરોધ પક્ષ તરીકે કૉંગ્રેસે પોતાની ફરજ ન બજાવવી, પણ સરકાર તોડી પાડવાના પ્રપંચ ન કરવા એટલો જ છે.

કેન્દ્રમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ, વિરોધ પક્ષનો સહકાર મેળવવા, વખતો વખત અપીલ કરી, પ્રયત્નો કર્યા, પણ તેમાં સફળતા મળી હોય તેમ જણાતું નથી. કેન્દ્ર સરકારનું પહેલું પગલું, રાજસ્થાનમાં રાષ્ટ્રપતિનું શાસન વિરોધ પક્ષ સાથે સંઘર્ષનું કારણ બન્યું. ગવર્નર સંપૂર્ણાનંદે પરિસ્થિતિનું કુશળતાથી સંચાલન કર્યું હોત તો આ સંઘર્ષ ટાળી શકાયો હોત. રાજસ્થાનમાં વિરોધપક્ષને સરકાર રચવાની તક આપવી જોઈતી હતી અને તેમાં તે નિષ્ફળ જાય—અને કદાચ નિષ્ફળ જ જાત—તો રાષ્ટ્રપતિનું શાસન અનિવાર્ય બનત. કેન્દ્ર સરકારનું પગલું technically constitutional હતું. રાષ્ટ્રપતિના શાસનને વધારે ન લંબાવવાનો નિર્ણય લઈને કેન્દ્ર સરકારે ભૂલ સુધારી લીધી છે. પણ રાજસ્થાનમાં કોઈ પક્ષ લાંબો વખત સત્તાસ્થાન પર ટકી શકે તેમ નથી, સિવાય કે કેટલાક ધારાસભ્યો પક્ષાન્તર કરે—જે અસંભવ નથી.

બીજો પ્રસંગ લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગીનો. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ તેમાં વિરોધપક્ષોનો સહકાર માગ્યો. આ બાબતમાં વિરોધપક્ષના વર્તનનો બચાવ થઈ શકે તેમ નથી. વિરોધપક્ષો એમ માનતા લાગે છે કે કૉંગ્રેસ તેમનો સાથ માગે એટલે કૉંગ્રેસને આદેશ આપવાનો તેનો અધિકાર છે. લોકસભામાં કૉંગ્રેસની બહુમતી છે તે જોતાં અધ્યક્ષ કૉંગ્રેસ ઉમેદવાર હોય તે સ્વાભાવિક છે. અને વિરોધપક્ષે તે સ્વીકાર્યું હોત તો ઉપાધ્યક્ષ તરીકે વિરોધપક્ષના ઉમેદવારને કૉંગ્રેસ જરૂર સ્વીકારત. ઉપાધ્યક્ષ બાબતમાં પણ વિરોધ પક્ષો સર્વસંમત ન થયા, એટલે કૉંગ્રેસને પોતાનો ઉમેદવાર મૂકવાનું બહાનું મળ્યું. જો કે ચૂંટણી પહેલાં વિરોધ પક્ષો સર્વસંમત થયા હોત અને કૉંગ્રેસે સ્વીકાર્યું હોત તો સારું થાત, પણ કૉંગ્રેસ પક્ષને શ્રીમતી ઈન્દિરા ગાંધી સમજાવી ન શકયાં.

પણ સૌથી કમનસીબ બનાવ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની પસંદગીને લગતો છે. આ સર્વોચ્ચ પદો માટે આવા કટોકટીના પ્રસંગે, સર્વસંમત પસંદગી થઈ હોત તો દેશનું સદ્‌ભાગ્ય લેખાત અને તે પદના અધિકારીઓને બળ મળત અને વિશ્વાસપૂર્વક તેઓ કામ કરી શકત. દુર્ભાગ્યે વિરોધપક્ષોએ આ પ્રસંગને દેશના હિતની દૃષ્ટિએ વિચારવાને બદલે, પોતે લાભ મેળવવાની અથવા કૉંગ્રેસને કફોડી સ્થિતિમાં મૂકવાની તક માની. આ પદ માટેની સૂચનાઓ શ્રીમતી ઈન્દિરા ગાંધીએ વિરોધ પક્ષોના આગેવાનો પાસે માગી ત્યારે તેમણે સૂચવેલ નામો સંબંધે કૉંગ્રેસ વિચાર કરે તે પહેલાં તે નામો તેમણે જાહેર કરી દીધાં, અને કૉંગ્રેસ તે બન્ને સ્વીકારે તેવી અપેક્ષા રાખી. આ સર્વથા અયોગ્ય હતું. Congress was presented with a fiat accompli કૉંગ્રેસ આ ન જ સ્વીકારે અને વિરોધ પક્ષો પણ તે જાણતા હોવા જોઈએ. વળી જે બે નામો—શ્રી સુબ્બારાવ અને અલીયાવર જંગ—તેમણે સૂચવ્યા તે, સાવ અણધાર્યા અને કોઈની કલ્પનામાં નહીં એવા હતાં. આ બે વ્યક્તિઓની સંમતિ પણ તેમણે મેળવી ન હતી. ડૉ. રાધાકૃષ્ણન્ અને ડૉ. ઝાકીરહુસેન આ પદો ઉપર ચાલુ રહે એવી સામાન્ય માન્યતા હતી. વિરોધ પક્ષોમાંથી સ્વતંત્ર પક્ષે અને જનસંઘે ડૉ. રાધાકૃષ્ણન ચાલુ રહે તેમ જાહેર કર્યું હતું. છતાં વિરોધપક્ષના આગેવાનોએ ઈરાદાપૂર્વક પોતે એકમત છે એવું દેખાડવા, અને કૉંગ્રેસ વિરોધપક્ષોના અભિપ્રાયને વજન નથી આપતી એવી ફરિયાદને અવકાશ આપવા, આવી અજાણી વ્યક્તિઓની પસંદગી કરી. દુર્ભાગ્યે કૉંગ્રેસના વરિષ્ઠ મંડળમાં પણ આ વિષે તીવ્ર મતભેદ હતો. વડા પ્રધાન અને કૉંગ્રેસ પ્રમુખ ઉપર છોડવામાં આવ્યું પણ તેઓ એકમત ન થયા અને છેવટ કંટાળીને ડૉ. રાધાકૃષ્ણને નિવૃત્ત થવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. જો કે તેમનું કથળેલું સ્વાસ્થ્ય અને ઉંમર જોતાં અને વર્તમાન કટોકટીમાં રાષ્ટ્રપતિ ઉપર જે બોજો આવવાનો છે તે વિચારતાં ડૉ. રાધાકૃષ્ણન પણ આ બોજો ઉપાડી શકત કે કે! તે વિષે ઘણાને શંકા હતી. હવે કૉંગ્રેસ તરફથી રાષ્ટ્રપતિપદ માટે ડૉ. ઝાકીર હુસેન અને ઉપરાષ્ટ્રપતિપદ માટે શ્રી વી. વી. ગીરીની પસંદગી જાહેર થઈ છે. પણ આ બધામાં ય વધારે કમનસીબ હકીકત તો વિરોધપક્ષો તરફથી રાષ્ટ્રપતિ માટે શ્રી સુબ્બારાવની પસંદગીની છે. સર્વોચ્ચ અદાલતના ચાલુ વડા ન્યાયમૂર્તિ વિરોધપક્ષોના ઉમેદવાર તરીકે રાજકારણમાં પ્રવેશે તે બધી રીતે અનિચ્છનીય છે. અલબત્ત, એક નાગરિક તરીકે આ પદ માટે હરીફાઈ કરવાનો શ્રી સુબ્બારાવને અધિકાર છે. પણ જે ઉચ્ચ સ્થાન તેઓ ભોગવે છે અને Judiciary રાજકારણથી અલિપ્ત રહે એવી અપેક્ષા આપણે રાખીએ, તે જોતાં તેમનો નિર્ણય આશ્ચર્યજનક અને ભાવિ માટે ભયરૂપ છે. નિવૃત્ત, ન્યાયમૂર્તિ ઉમેદવારી કરે તે સમજી શકાય. વિરોધપક્ષોને સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયમૂર્તિની કોટિની વ્યક્તિ જોતી હોત તો ત્રણ ચાર નિવૃત્ત વડા ન્યાયમૂર્તિઓ—શ્રી સુબ્બારાવ કરતાં લેશમાત્ર ઓછી લાયકાતના

નહિ એવા– તેઓ વિચારી શકત. વિરોધપક્ષોનું આ વર્તન સર્વથા અયોગ્ય છે અને પસંદગી કરતાં તો કરી, પણ કદાચ વિરોધ પક્ષોમાંથી પણ કેટલાકને પસ્તાવો થતો હશે. તેવીજ રીતે ડૉ. ઝાકિર-હુસેનની પસંદગી જે રીતે કૉંગ્રેસને કરવી પડી તેમાં કૉંગ્રેસની નિર્બળતા અને આંતરિક મતભેદો દેખાઈ આવે છે અને તેથી પરિણામ ભયમાં મુકાય છે.

આવી રીતે શાસક પક્ષ અને વિરોધપક્ષો વચ્ચે અંતર વધતું રહ્યું છે. પણ છેવટે, વિરોધપક્ષોનો સહકાર અને સંમતિ એટલે શું ? વિરોધ પક્ષો આ સરકારને તોડી પાડવા જ કટિબદ્ધ થયા છે અને પોતે તેમ કરી શકશે એમ માને છે. પાર્લામેન્ટનું કામકાજ સરળ-તાથી ચાલે, લોકશાહીની રીતરસમો જળવાય એવી બાબતોમાં કદાચ તેમનો સાથ મેળવી શકાય. પણ બુનિયાદી બાબતો–આર્થિક કે વિદેશનીતિ–તેમાં Consensus સંભવે જ કેમ ? કૉંગ્રેસે પોતાની નીતિ સ્પષ્ટપણે જાહેર કરવી જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. એ નીતિ લોકહિતમાં છે તેની પ્રજાને ખાત્રી કરી આપવી જોઈએ.

પણ ઉપર જણાવી તે તો રાજકીય કે સત્તાસ્થાનોની વાત થઈ. મુખ્ય વસ્તુ તો આર્થિક નીતિની છે. તેમાં નાણાંપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ કેટલેક દરજ્જે પોતાની ભાવિ નીતિ જાહેર કરી છે. અવમૂલ્યાંકનથી દેશને લાભ નથી થયો તેમ તેમણે કહ્યું. પણ એતો હવે હકીકત છે. તેમાંથી લાભ ઊઠાવવા જે પગલાં લેવા જોઈએ તે પગલાં, કેટલાં લેવાય છે તે જોવાનું રહ્યું. તેમણે વિશેષમાં જાહેર કર્યું છે કે (૧) Deficit financing પોતે કોઈ સંજોગોમાં નહિ કરે (૨) Plan within resources–સાધનનાં પ્રમાણમાં યોજના (૩) વધારે કરવેરા નહિ. (૪) રાજ્યોને વધારે પડતા નાણાં (overdraft) બે કોમાંથી ઉપાડવા દેવામાં નહિ આવે.

બજેટ વખતે આ નીતિ વધારે સ્પષ્ટ થશે, પણ તેનો પાયો આ જ હશે. સ્વતંત્ર પક્ષ આવી જ નીતિની હિમાયત કરે છે. વધારામાં, કરવેરા ઓછા કરવા અને અંકુશો નાબૂદ કરવાની તેની માંગણી છે. આ નીતિ મુજબ પ્લાન મોટા પ્રમાણમાં ઓછો કરવો પડે. વિદેશી સહાયે આપણી આર્થિક નીતિ ઉપર ભરડો લીધો છે અને મળતી વિદેશી સહાયનો મોટો ભાગ અગાઉ લીધેલ નાણાં તથા તેનું વ્યાજ ભરપાઈ કરવામાં જાય છે તેમ જ વિદેશી સહાયને લીધે તે દેશોનો માલ-અને અવમૂલ્યાંકનથી વિશેષ–દોઢા–બમણા ભાવે આપણે ફરજિયાત લેવો પડે છે. આ વિષચક્રમાંથી કેમ છૂટવું ? વહેલી તકે સમાજવાદી સમાજરચના કરવાનું જેનું ધ્યેય છે એવો પક્ષ શ્રી મોરારજી દેસાઈએ જાહેર કરેલ આર્થિક નીતિથી એ ધ્યેય હાંસલ કરી શકશે ? આવી નીતિથી ઝડપભેર આર્થિક પ્રગતિ થશે ? કૉંગ્રેસ અને શ્રીમતી ઈન્દિરા ગાંધીની કેબીનેટ આવી નીતિ સ્વીકારશે ? રાજ્યો નવા કરવેરા નાખવા માગતા નથી, બલ્કે જમીનમહેસૂલ, અનાજરાહત અને બીજી રીતે આવક ઓછી કરે તો over–draft અથવા કેન્દ્રની નાણાંકીય સહાય વિના કેમ ચલાવશે ? ૩૫૦ કરોડની ખાધ છે, કદાચ વધે. લશ્કરી ખર્ચ ઓછો કરવો નથી. સરકારી વહીવટીખર્ચ ઓછો થતો નથી, લાંચરૂશ્વતખોરી ઓછી થાય નહિ, વહીવટી કાર્યક્ષમતા વધે નહિ, કુગાવો અટકાવવો, મોંઘવારી કાબૂમાં લેવી, ઉત્પાદન વધારવું, નિકાસ વધારવી – આ બધા સંજોગોમાં, અને વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવું હોય તો, પ્રજાના બધા વર્ગોએ–અને ઉપલા વર્ગોએ વિશેષ–મોટા ભોગ આપવા પડશે અને ભારે હાડમારીઓ વેઠવા તૈયાર રહેવું પડશે. પ્રજા પાસેથી આ ભોગ મેળવી શકે અને હસતે મુખે હાડમારીઓ વેઠાવી શકે એવી નેતાગીરી છે કે જેથી એવું ઉત્સાહજનક વાતાવરણ આપણે સર્જી શકીએ ? શ્રી મોરારજી દેસાઈએ ભારે મોટી જવાબદારી ઉઠાવવાની રહે છે અને આવતું બજેટ તેમની, કૉંગ્રેસની અને પ્રજાની કસોટી હશે.

આ બધા આર્થિક પ્રશ્નોના અને અન્નપરિસ્થિતિનો વિચાર કરવા રાજ્યોના મુખ્ય મંત્રીઓની બેઠક દિલ્હીમાં ચાર દિવસ મળી. નિખાલસતાથી ચર્ચા થઈ, પણ કોઈ સ્થાયી સમજૂતી થઈ હોય તેમ જણાતું નથી. છતાં સહકારથી કામ કરવાની ભાવના જણાઈ. આઠ રાજ્યોમાં બીન કૉંગ્રેસી સરકાર છે, તેથી કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંઘર્ષ થશે એવા ભય માટે અત્યાર સુધી ખાસ કારણ મળ્યું નથી. શ્રીમતી ઈન્દિરા ગાંધી અને મોરારજી દેસાઈએ ભારપૂર્વક જાહેર કર્યું છે કે બધા રાજ્યો સાથે બંધારણપૂર્વક અને સમાનભાવે વર્તન થશે.

૧૨-૪-૬૭. ચીમનલાલ ચકુભાઈ શાહ

બિહારની પ્રજાની વહારે ધાઓ !

[મુનિશ્રી યશોવિજયજીએ મુંબઈમાં યોજાયેલ ઉપધાન–તપ-માલારોપણ પ્રસંગે બિહાર દુષ્કાળ રાહત કાર્યને અનુ-લક્ષીને તા. ૨૭-૨-'૬૭ ના રોજ આપેલું પ્રવચન ટુંકાવીને નીચે આપવામાં આવે છે. આ રાહતકાર્યમાં 'નાણાંની મદદ મોકલવા ઈચ્છતા ભાઈ–બહેનો મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩, એ ઠેકાણે નાણાં ભરી શકે છે. **તંત્રી**]

બિહારની ધરતી ઉપર સૈંકડો નહિ, હજારો નહિ, પણ લાખો માનવીઓ જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યાં છે. મોતના ઓળા તેમના ઉપર ઊતરી ચૂક્યા છે. જો સમયસર રાહત નહીં પહોંચે તો ખચિત માનજો કે લાખો માનવીઓ મૃત્યુની ગોદમાં પોઢી જશે. આપણે ઈશ્વરને પ્રાર્થીએ કે એવું ન બને, પણ જો બની ગયું તો આજના વૈજ્ઞાનિક યુગમાં લાખો માનવીઓને મોતના ઘાટે ઉતા-રનારી કથા આ દેશની કરૂણ કલંકકથા બની જશે, અને ઈતિહાસ તો આ રાષ્ટ્રના રાહબરોને અને પ્રજાને કદિ માફ નહીં કરે.

બિહાર એ તો જેમના શાસનમાં આપણે સહુ આત્મસાધના કરી રહ્યા છીએ એ શ્રમણ ભગવાન મહાવીરની જન્મભૂમિ અને વિહારભૂમિ છે. કહે છે કે વિહારના કારણે જ પ્રસ્તુત ધરતી 'બિહાર' ના નામથી ઓળખાય છે. પણ આજે કમનસીબી એ છે કે આજે એ ભૂમિના માનવીઓ અત્યંત ભૂખમરાની આફતમાં સપડાયાં છે.

આજે ત્યાં ખાવા ધાન નથી, અનાજ નથી, અનાજ ખરી-દવા પૈસા નથી, અને પીવાના પાણીના પણ સાંસા પડયા છે. લોકો ઘાસ બાફીને ખાય છે, જીવડાંઓ ભેગા કરી રાંધી ખાય છે, પાંદડા ખાય છે. પહેરવા કપડાં નથી. અનેક સ્ત્રીઓને કપડાના અભાવે બહાર નીકળવું શરમરૂપ બન્યું છે. કંપારી છુટે અવી એમની વીતક કથા છે.

જૈન ધર્મે વિશ્વના પ્રાણી માત્ર સાથે મૈત્રી અને કરૂણાની ભાવનાનો નાતો બાંધવાનું પ્રબોધ્યું છે. એમાં દેશ કે કાળના ભેદ બતાવ્યા નથી. એમાં સમગ્ર જીવસૃષ્ટિ વચ્ચે ક્યાંયે દિવાલો રાખી નથી. એમાં ગમે તે સ્થળે, ગમે તે સમયે, કોઈ પણ દુ:ખી જીવની દયા – રક્ષા કરવાની વાત કહી છે, તો જૈનોની સવિશેષ ફરજ બની જાય છે. આજના ઉત્સવ પ્રસંગે અધિક જવાબદારી સમજીને એ આપણા દુ:ખી માંડુઓની વ્હારે દોડવું જોઈએ અને એના દુ:ખ-દર્દના ભાગીદાર બનવું જ જોઈએ.

રખે એમ માનતા કે આ દુ:ખ પરપ્રાંતનું છે. રખે એમ સમ-જતા કે આ દુ:ખ આપણી પ્રજાનું નથી. જૈન ધર્મે માનવતાની ફરજ અદા કરવામાં કશો ટાળો રાખવાનું શીખવાડયું નથી. તમો તમારી માનવતાને અત્યારે બહેલાવો અને યથાશકિત ફાળો આપી માનવતાને શોભાવો.

તમો એ ધરતીના માનવો છો કે જે ધરતી ઉપર એક જ મહા-માનવી પાક્યો. એ માનવી નામે હતો. 'જગડુશા', જેમને આપણે સહુ કોઈ જાણીએ છીએ. આમના હૈયામાં દયા–કરુણાનાં નાયગરાનો ધોધ વહેતો હતો. ગુજરાત વગેરે સ્થળોમાં બારવર્ષી દુકાળ પડયો ત્યારે એણે પોતાનાં અન્નભંડારો કશાપણ ભેદભાવ રાખ્યા વિના ખુલ્લા મૂકી દીધા, સ્થળે સ્થળે દાનશાળાઓ ખોલી, લાખો માનવીઓ અને પશુઓ મૃત્યુનો કોળીયો બને તે અગાઉ તેમને ઉગારી લીધા. આ રત્ન જૈન કુળનું હતું.

વળી તમે સહુ એ જ ભૂમિના સંતાનો છો, જે ભૂમિ ઉપર આવેલા 'હડાલા' ગામના પેલા ખેમા દેદરાણીએ હોડમાં મુકાએલી 'શાહ'ની અટકને અમર રાખી. ગુજરાતના અમુક ભાગમાં દુષ્કાળ પડયો હતો. બહારથી અનાજ લાવવા અઢળક નાણાં જોઈએ. ચાંપાનેરના મહમદ

બેગડાએ મહાજનને દરબારમાં બોલાવ્યું, મહાજનને કહ્યું કે, "તમે મહાજન ગણાઓ છો અને મહાજન તરીકેના હક્કો પણ ભોગવો છો, માટે તમારી ફરજ બજાવવાનો સમય આવ્યો છે. મારૂં ફરમાન છે કે એક મહિનામાં જે દુષ્કાળ માટે નક્કી કરેલાં નાણાં ભેગાં કરીને નહીં આપો તો હવે તમારા નામ આગળ 'શાહ' શબ્દ લખો છો, બોલો છો, તે કાયમને માટે બંધ થશે." બાદશાહે આપેલું અલ્ટિમેટમ મહાજને સાંભળી લીધું, મહાજન ફરતું ફરતું 'હડાલા' આવ્યું, ખેમાને મલ્યું, ખેમાને મહાજન ઉપર ઉતરેલી આફત કહી અને દુકાળની વાત સંભળાવી. ખેમાએ એ અલ્ટિમેટમ તરત જ સહર્ષ ઝીલી લીધું અને પોતાના ધનના ઢગલા મહાજનને ચરણે ધરી દીધા અને 'શાહ'ની અટકને જીવતી રાખી, દુષ્કાળની દારુણ હાલતમાંથી પ્રજાને ઉગારી લીધી. આ પણ જૈન કુલનું રત્ન હતું. આ બન્ને દૃષ્ટાંતો તમો સહુ યાદ રાખી એનો પડઘો પાડજો.

મુનિ યશોવિજયજી

ગોરક્ષાના પ્રશ્નની જટિલતા

(૧૬ ફેબ્રુઆરીના 'વિશ્ર્વવાત્સલ્ય'માંથી સાભાર ઉધ્ધૃત)

સંપૂર્ણ ગોવધબંધી માટે થયેલા ઉપવાસનાં પારણાં થયાના સમાચાર સાંભળ્યા એથી અંતરને રાહત થઈ. ગાયને માટે એ નિમિત્તે દેશભરમાં સારૂં હવામાન તૈયાર થયું. ગાય ભારતીય સંસ્કૃતિનું પ્રતીક અને આર્થિક જીવનનો આધારસ્થંભ છે – એ વાત સૌ કોઈ સ્વીકારે છે. હું વર્ષોથી ગાયોની સેવાનું કામ કરૂં છું અને અનુભવે લાગ્યું છે કે ગોસેવાનું કામ, આંગણે ગાય રાખવાનું કામ આજે સૌથી વધારે કપરૂં છે; કારણ કે વર્ષોથી ગાયના વૈજ્ઞાનિક વિકાસનું કામ આપણા દેશમાં બંધ થયું છે. પરિણામે વિકસતા વિજ્ઞાન અને જીવન સાથે ગાયની ઓલાદ આપણે વિકસાવી શક્યા નથી. દિવસે દિવસે જમીન ઉપર માણસ અને ઢોરને જિવાડવાનું પ્રમાણ વધતું જાય છે. જમીનનું પ્રમાણ તેનું તે છે અને માણસો વધ્યાં છે. આપણા દેશમાં અનાજની ખેંચ છે. પરિણામે વધારે ને વધારે જમીન ખેડાતી ગઈ છે. એટલે પહેલાં ગાય વગડામાં ચરીને આવતી અને સાંજે દૂધ આપતી એ હવે રહ્યું નથી. અશક્ય બન્યું છે.

એટલે ગામડામાં પહેલાં ફક્ત શૂન રૂપિયો, શૂન આનો ને શૂન પાઈમાં દૂધ મળતું. હવે ગાયને પણ આંગણે બાંધી ગમાણે નીરણ કરો તો જ તે સારી રીતે પોષાઈ શકે અને કોઈ પણ માણસ ગણતરીથી આ કામ કરવા જાય તો ગાય, આજની એની ઉત્પાદનશકિત, ગાયના દૂધના મળતા ભાવમાં પોષાય એવી જ નથી.

દિવસે દિવસે આપણે ત્યાં ઘાસચારાની અને પાણીની તંગી વધતી જાય છે. છેલ્લાં પંદર વર્ષમાં પશુના ચારાની એકકે એક વસ્તુના ભાવ ત્રણથી ચારગણા વધ્યા છે. એટલે ગોવંશના રક્ષણને માટે જેવો તેવો પુરૂષાર્થ કર્યે ચાલે એવું નથી.

સૌથી પહેલી અને પાયાની વાત છે સારી ઓલાદની ગાયો વધારવી. પણ ઓલાદ તો એક દિવસમાં સુધરતી નથી. એ કામ ઘણું ખર્ચાળ ને મૂડી રોકનારૂં છે. પણ એ પાયો છે, એને માટે જે કાંઈ ખર્ચ ભોગવીએ એ દેશની શકિત વધારનારૂં છે. ઘસાઈ ગયેલી ગાય આજની પરિસ્થિતિમાં કોઈને પણ પોષાવાની નથી. એટલે જ્યાં સુધી દેશની એકકેએક ગાય ટકે ૧૦ રતલ દૂધ આપતી ન થાય ત્યાં સુધી કોઈ પણ ગણતરીપૂર્વક ગોપાલન કરનારને ગાય ન પોષાય.

પછીનો બીજો મુદ્દો એ છે કે દશ રતલ દૂધ મેળવવા માટે એટલો જ પૌષ્ટિક સૂકો ને લીલો ચારો જોઈએ, સારાં સંતુલિત ખાણદાણા જોઈએ. સારી ઓલાદ તો આપણે ગાયના મોં આગળ જે કાંઈ નીરીએ તેને કાર્યક્ષમ રીતે દૂધમાં ફેરવી નાંખે. પણ નીરવાનું તો જોઈએ ને? ગુજરાતની મોટા ભાગની જમીન સૂકી ખેતીની છે. માત્ર ચૌદ ટકા જમીનમાં પિયતની સગવડ છે, અને તે પાણીમાંથી બહુ ઓછું પાણી ઘાસચારાના ઉત્પાદનમાં વપરાતું હશે. હું જ્યાં કામ કરૂં છું ત્યાં એક એકરે સરેરાશ ૫૦૦ પૂળા ઘાસથી વધારે ઘાસ ઉત્પન્ન થતું નથી. હવે એક ગાયને સારી રીતે ધરવવા અને તેની પાસેથી પૂરતું દૂધ લેવા માટે જો ઓછામાં ઓછા ચાર જ પૂળાની ગણતરી કરીએ તો એક ગાયને સારી રીતે જિવાડવા બે એકર જમીન જોઈએ. વળી ગાય એકલી રહેતી નથી. સારી સચવાયેલી ગાય પંદરમે કે સોળમે મહિને વિયાય. એટલે એનાં વાછરડાંને માટે પણ ચારો જોઈએ. આટલી સૂકી જમીન આપણે ફાજલ પાડી શકીએ એમ છીએ? ગાયને જિવાડવી એટલે જમીન ઉપર ઘાસચારો પેદા કરવો. આ કામ જે કરે તેને જ ખબર પડે કે જેટલું કહેવું સહેલું છે એટલું કરવું–અને આર્થિક બંને પાસાં સરખાં કરી કરવું–અઘરૂં છે. એવી જ વાત ગાયો માટેના ખાણદાણાની છે. ખાણદાણામાં મુખ્યત્વે કઠોળનું ભૂસું જોઈએ, ખોળ જોઈએ. એની કેટલી તંગી છે. છેલ્લાં બે વરસથી હું મારી ગોશાળામાં તુવેર કે ચૂની કે મગ કે મઠનું ભૂસું આપી શકતો જ નથી. ખોળના ભાવ પણ મારે ત્યાં ગાયના દૂધના મણના જેટલા ભાવ ઉપજે છે તેથી વધુ છે. હવે વિચાર કરો કે સારૂં ગોપાલન કરવું હોય તો ગાય જેટલું દિવસનું દૂધ આપે તેથી અડધું ખાણ દૂધ માટે અને અઢીથી ત્રણ રતલ ગાયના પોષણ માટે મૂકવું જોઈએ જ. એ ન મૂકો તો ચાલે જ નહિ. આટલા ખાણની રીતે આંકડા મૂકી જુઓ અથવા અનુભવ કરી જુઓ. આ વાત હું સારા ગોપાલનની કરૂં છું, પણ તેથી નિરાશ થવાની જરૂર નથી. ગાયની સેવા આપણી પાસે થોડા ત્યાગની, થોડું ઘસાવાની અપેક્ષા રાખે છે. જે કોઈ આંગણે એક ગાય રાખે તેની પાસે ઓછામાં ઓછી ૧૦ ગૂંઠા પિયતની જમીન હોય અને તેના પર પૌષ્ટિક લીલો ચારો બારે મહિના તૈયાર કરવામાં આવે તો જ ગાય અને તેની ઓલાદ અને તે પણ મર્યાદિત પ્રમાણમાં સાચવી શકાય.

ત્રીજો મુદ્દો છે ગાયના દૂધનો ભાવ. પહેલાં જે અર્થતંત્ર હતું તેમાં ગાયના દૂધને માટે ખર્ચ નો'તો. હવે તો જે કાંઈ ગાયને આપો છો તેમાંનો મોટો ભાગ વેચાતો લેવો પડે છે. અને તે રકમ જો ગાય પાળનારને ન મળે તો તે ગાયને છોડી દેશે. એટલે ગાયનું દૂધ, તેનું બજાર અને તેના ભાવોનો પ્રશ્ન આવે જ છે. સામાન્ય રીતે આપણે સૌ ગાયને ચાહીએ, ગાયની માતારૂપે પૂજા કરીએ, પણ ગાયનું દૂધ પસંદ ન કરીએ, અને કરીએ તો એના ભાવ ભેંસના દૂધ કરતાં ઓછા આપીએ. જો આપણી આ મનોવૃત્તિ રહી તો આપણી તીવ્ર ભાવના હોવા છતાં ગાયોની આપણે સાચા અર્થમાં રક્ષા નહીં કરી શકીએ. એટલે ગાયના દૂધનું પોષાય એવા ભાવે બજાર મળવું જોઈએ અને જે કોઈ ગાયની સેવામાં, ગોરક્ષામાં માનતો હોય તેણે ગાયના દૂધના પડતરભાવ કરતાં સ્વેચ્છાએ વધુ ભાવ આપવા જોઈએ. કારણકે વર્ષોથી ગાયની જે અવદશા થઈ છે તેને સુધારવા માટે તેને વધુ આપવાની, તેને સારી રીતે પોષવાની જરૂર છે.

આ કામ એકલું સરકારનું નથી. છેવટે તો સરકાર કાયદો કરી ગોવધબંધી કરી શકે. આપણા ગુજરાત રાજ્યમાં તો એ નિયમન છે. છતાં એની જે રચનાત્મક બાજુ છે તે મારે મન વધારે મહત્ત્વની છે. એ છે ગોસેવાની. હું સેવા શબ્દ પૂરા વૈજ્ઞાનિક અર્થમાં વાપરૂં છું. માત્ર ભકિત કે લાગણીથી પૂજા કે શહેરોમાં એક આનો આપી પૂળી ઘાસ નીરે છે એ નહિ; એમાં ભકિત છે, પણ વિજ્ઞાન નથી. જેની આપણે હાથે સેવા કરીએ તે લાંબો વખત સુધી લાચાર તો ન જ રહેવી જોઈએ. એની શકિત એટલી વધવી જોઈએ કે આપણે ગાયમાતાની સેવા કરીએ અને ગાયનાં દૂધ-ઘી આપણને પોષે. એ કામ કરતાં કરતાં લાંબે ગાળે બે પાસાં સરખાં થઈ રહે એ માટે આપણે સૌ સમજપૂર્વક કામે લાગીએ!

નવલભાઈ શાહ

મહાવીર જયન્તી અંગે વાયુપ્રવચન

☆

એપ્રિલ માસની બાવીશમી તારીખ શનિવારના રોજ રાત્રીના ૭ થી ૧૭-૧૫ સુધી ઓલ ઈન્ડિયા રેડીઓના મુંબઈ કેન્દ્ર ઉપરથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા મહાવીર જયન્તી અંગે ભગવાન મહાવીર વિશે વાર્તાલાપ કરશે.

રાષ્ટ્રપતિપદના ઉમેદવાર સ્વામી સત્યભક્તનો પરિચય

આગામી મે માસની છઠ્ઠી તારીખે ભારતના રાષ્ટ્રપતિ તથા ઉપ-રાષ્ટ્રપતિની ચૂંટણી થવાની છે. આ પદ માટે ચાલુ એપ્રિલ માસની ૧૩ મી તારીખ સુધીમાં ઉમેદવાર વ્યક્તિઓનાં નામની સરકારી દફતરે નોંધણી થવાની હતી. ઈચ્છવાયોગ્ય તો એ હતું કે બધાં રાજકીય પક્ષો એકમત બનીને પ્રત્યેક પદ માટે એક એક વ્યક્તિનું નામ રજૂ કરે અને કશી પણ સ્પર્ધા અથવા હરીફાઈ સિવાય સર્વાનુમતે ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અથવા તો નિમણૂક થાય. પણ આવી એકમતી નહિ સધાવાના કારણે પ્રસ્તુત સ્પર્ધા અનિવાર્ય બની છે. આજના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને, જો તેમને ચૂંટવામાં આવે તો, એ પદ ઉપર ચાલુ રહેવાની ઈચ્છા દર્શાવી હતી, પણ આ સંબંધમાં કોંગ્રેસ તથા બાકીના વિરોધ પક્ષો તરફથી જુદાં જુદાં નામો રજૂ થતાં અને આ માટે તીવ્ર રસાકસી જેવી પરિસ્થિતિ ઉભી થતાં, તેમણે ફરીથી ચૂંટાવા અંગે પોતાની અનિચ્છા દર્શાવી છે. તેમને બાદ કરતાં, છાપાંઓ દ્વારા મળતી ખબર મુજબ, રાષ્ટ્રપતિ પદ માટે કુલ વીશ નામો નોંધાયા છે, જેમાં વર્ધાના સ્વામી સત્યભક્તનો સમાવેશ થાય છે. આમાં કૉંગ્રેસ તરફથી ડૉ. ઝાકીર હુસેનનું નામ અને સંસદના સર્વ વિરોધપક્ષોએ એકઠા થઈને તેમના તરફથી સુપ્રિમ કૉર્ટના ચીફ જસ્ટીસ શ્રી સુબ્બારાવનું નામ સૂચવવામાં આવ્યું છે. ઉપ-રાષ્ટ્રપતિપદ માટે કોંગ્રેસ તરફથી માઈસોરના રાજ્યપાલ શ્રી વી. વી. ગિરિનું નામ અને સંસદના સર્વ વિરોધપક્ષો તરફથી અલીગઢ યુનિવર્સિટીના અધ્યાપક મહમદ હબીબનું નામ સૂચવવામાં આવ્યું છે.

ઉપર જણાવ્યા મુજબ રાષ્ટ્રપતિપદ માટે પોતાની ઉમેદવારી જાહેર કરનાર સ્વામી સત્યભક્તે, જો પોતાને એ પદ ઉપર નિયુક્ત કરવામાં આવે તો તેઓ કેવી નીતિ ધારણ કરશે, ભારતની પ્રજાની કઈ રીતે સેવા કરશે, દેશના બધા રાજકીય પક્ષો સાથે મેળ સાધીને ભારતના રાજકારણી નાવનું પોતે કેવી રીતે સંચાલન કરશે એનો વિગતવાર ખ્યાલ આપતું એક ઉદ્‌ઘોષણાપત્ર તાજેતરમાં બહાર પાડ્યું છે. રાજકારણના ક્ષેત્રે તદ્દન અપરિચિત એવી આ તે કોણ મહાન વ્યક્તિ છે કે જેના મગજમાં આવી મહત્ત્વાકાંક્ષા પેદા થઈ છે, જે આવા મહત્ત્વના સ્થાન માટે પોતાને સુયોગ્ય અધિકારી માને છે તેવો પ્રશ્ન અનેકના દિલમાં કુતૂહલ પેદા કરશે. આ કુતૂહલને તૃપ્ત કરવાના હેતુથી તે વ્યક્તિવિશેષનો પરિચય નીચે આપવામાં આવે છે.

* * *

મધ્ય પ્રદેશમાં આવેલા શાહપુર ગામમાં ઈ. સ. ૧૮૯૯ના નવેમ્બર માસમાં એક અત્યન્ત ગરીબ એવા એક દિગંબર જૈન કુટુંબમાં તેમનો જન્મ થયેલો. પિતાનું નામ નાન્હુલાલ; માતાનું ગૌરી. બાળકનું નામ દરબ રીલાલ પાડવામાં આવેલું. ચાર વર્ષની ઉમ્મરે તેમણે માતા ગુમાવી. બાર વર્ષની ઉમ્મરે તેમનું કુટુંબ સાગર શહેરમાં આવીને વસ્યું અને દરબારીલાલે સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. એ દરમિયાન માતાના અભાવમાં તેમને ઉછેરનાર ફઈનો સ્વર્ગવાસ થયો. ચૌદ વર્ષની ઉમ્મરે તેમનાં લગ્ન કરવામાં આવ્યાં. તેમની બુદ્ધિ ભારે તેજસ્વી હતી. તેમનો અભ્યાસ ખૂબ આગળ વધી રહ્યો હતો. ૧૯ વર્ષની ઉમ્મરે તેમણે કલકત્તામાં લેવાતી 'ન્યાયતીર્થ'ની પરીક્ષા પસાર કરી અને કાશી વિદ્યાલયમાં રૂા. ૩૫ ના પગારે તેઓ નિમાયા. તેઓ સ્વતંત્ર અને સુધારક વિચારના હોઈને અને પ્રસંગોપાત પોતાના વિચારોની નિડરપણે રજુઆત કરતા હોઈને તેઓ કાશીમાં હતા તે દરમિયાન સ્થાનિક સ્થિતિચુસ્ત સમાજની ઠીક ઠીક અથડામણમાં આવેલા. જીવનના બદલાતા સંયોગો તેમને ૨૧ વર્ષની ઉમ્મરે ઈંદોર લઈ ગયા. એક કુશળ દાર્શનિક અને અધ્યાપક તરીકે તેમની ખ્યાતિ ચોતરફ ફેલાવા લાગી. સમય જતાં તેઓ મુંબઈ આવ્યા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ધાર્મિક અધ્યાપક તરીકે તેમણે કેટલાંક વર્ષ સેવા આપી. તેમના આ મુંબઈ નિવાસ દરમિયાન મને તેમની સાથે ઠીક ઠીક પરિચયમાં આવવાનું બનેલું અને તેમની બુદ્ધિપ્રભાથી હું પ્રભાવિત થયેલો. તેઓ સમર્થ વ્યાખ્યાતા છે, મર્મસ્પર્શી વિવેચક છે, સ્વતંત્ર ચિન્તક છે, અને જૈન ધર્મતત્ત્વના ઊંડા અભ્યાસી છે—એ રીતે તેમને હું ઓળખતો થયો.

સમય જતાં તેમણે મુંબઈ છોડ્યું અને વર્ધા જઈને તેઓ વસ્યા અને શરૂઆતમાં સ્વ. શેઠ જમનાલાલ બજાજના અનુમોદનથી અને પં. દરબારીલાલજીના ભક્ત ઉપાસક જેવા શેઠ ચિરંજીલાલજી બડજાતેના સહકારથી, ૧૯૩૬ની સાલમાં સર્વધર્મ સમભાવના આદર્શ ઉપર આધારિત એવા એક આશ્રમની તેમણે સ્થાપના કરી અને તેને 'સત્યાશ્રમ' નામ આપવામાં આવ્યું. સાથે સાથે તેમણે 'સત્યસંદેશ' નામનું માસિક શરૂ કર્યું અને તેમનાં અનેક લખાણો પુસ્તકાકારે પ્રગટ થવા લાગ્યાં. સત્યના અનન્ય ઉપાસક હોવાનો તેઓ દાવો કરવા લાગ્યા અને એ દાવાની પરિપૂર્તિરૂપ પોતાની જાતને પણ પં. દરબારીલાલજીના સ્થાને 'સત્યભક્ત'ના સૂચક નામથી તેઓ ઓળખાવવા લાગ્યા. એ વર્ષોમાં મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમને વ્યાખ્યાન આપવા માટે અવારનવાર નિમંત્રણો આપવામાં આવતાં. તેમના મૌલિક ચિન્તન વડે અને અસાધારણ વક્તૃત્વના કારણે શ્રોતાઓ તેમના વિષે મુગ્ધતા અનુભવતા.

અહિં એ જણાવવું અપ્રસ્તુત નહિ ગણાય કે ગાંધીજી એ જ વર્ષોમાં વર્ધાની બાજુએ આવેલા સેવાગ્રામમાં વસતા હતા; વિનોબાજીની કર્મભૂમિ પણ એ જ બાજુએ હતી. પણ એ બધું વર્ધાની એક દિશાએ હતું; પં. દરબારીલાલજીની અથવા તો સ્વામી સત્યભક્તની વસાહત વર્ધાની બીજી દિશાએ હતી. અને એવું જ અન્તર ગાંધી - વિનોબા અને દરબારીલાલજીનાં વલણ અને વિચારસરણીમાં ઊભું થયું હતું.

સમયના વહેવા સાથે દરબારીલાલજી અથવા સ્વામી સત્યભક્ત પોતા વિષે એમ માનવા અને મનાવવા લાગ્યા કે આજ સુધીમાં તેમના અભિપ્રાય મુજબ રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ, મહમદ, જરથુસ્ત અને કાર્લ માર્કસ એ મુજબના પયગંબરો થયા છે અને પોતાનું કાર્ય કરીને વિદાય થયા છે અને હવે તેમની હરોળના આધુનિક જગતના તેઓ પોતે એક અને અનન્ય પયગંબર પેદા થયા છે અને ભગવાન સત્યેશ્વરનો સંદેશો જગતને સંભળાવવો પહોંચાડવો એ તેમના જીવનનું મિશન—ધર્મકાર્ય બન્યું છે. આ ભાવભક્તિથી તેમને પૂજતા—ઉપાસતા અનુયાયીઓનું એક નાનું સરખું મંડળ કેટલાંક વર્ષોથી ઊભું થયેલ છે અને તેમના આ ધર્મકાર્યનો ગણ્યાંગાંઠ્યા પ્રચારકો અહિંતહીં ઠીક ઠીક પ્રચાર કરી રહેલ છે.

આ સત્યભક્તજીની પયગંબરપ્રાપ્તિ અંગે સવિશેષ પ્રકાશ પાડે તેવું 'દિવ્ય દર્શન' એ નામનું ૧૮૫૦ પંક્તિઓનું હિન્દી ભાષામાં એક મહાકાવ્ય તેમના તરફથી બે વર્ષ પહેલાં બહાર પાડવામાં આવ્યું છે અને તેની અંદર પોતાના જન્મથી માંડીને પયગંબરપ્રાપ્તિ સુધીનો આત્મવૃતાન્ત તેમણે આલેખ્યો છે. આ કાવ્યકથા ભારે રોચક અને રસાળ છે. હિન્દી ભાષા અને કાવ્યરચના ઉપરના તેમના પ્રભુત્વનો આ પુસ્તકમાં આલ્હાદક પરિચય થાય છે. સ્વામી સત્યભક્તની સ્વકલ્પિત મહત્તાનો કાંઈક ખ્યાલ આવે તે હેતુથી તેમાંનાં બે ત્રણ પ્રસંગો અહિં ઉતારવા મન થાય છે.

આ દુનિયામાં તેમનું અવતરણ થયું તે પહેલાંની સ્થિતિ વર્ણવતાં સ્વામી સત્યભક્ત જણાવે છે કે:-

"મૈંને ઢૂંઢા સબ સંસાર, પાઉં સત્યેશ્વરકા દ્વાર ॥
ભટક રહા થા વિશ્વમેં બના હુઆ થા ભ્રાન્ત ।
પદ વૈભવ ભી મિલ ગયે, ફિર ભી રહા અશાન્ત ॥
નિશ દિન મનમેં હાહાકાર, મૈંને ઢૂંઢા સબ સંસાર ! ॥"

આમ પોતાની પુણ્ય પોટલી લઈને સ્વામીજી નિયતિના દરબારમાં પહોંચ્યા. નિયતિએ તેમનો પુણ્યસંચય જોઈને જણાવ્યું કે:

"ચાહે બન લો ઈન્દ્ર તુમ, ચાહે લો સામ્રાજ્ય !
ચાહે તો રાજા બનો, સાત જન્મ લો રાજ્ય !
તુમ્હારા બહુ પુણ્યભંડાર."

સ્વામીજીએ જવાબ આપ્યો કે, "મને ભોગ, વૈભવ, રાજ્ય, કીર્તિ, કશું ન જોઈએ. મને તો જોઈએ -

"સત્યલોકમેં ગતિ મિલે, દેખ સકું ભગવાન ।
સત્યેશ્વરકા દૂત બનું, કરૂં સત્યકા દાન ॥"

આવો અભિલાષ સિદ્ધ કરવામાં ગરીબી, અપમાન, આફત ખૂબ સહન કરવું પડશે, એમ કહીને આવો મનોરથ છોડવા નિયતિ તેમને ઘણું સમજાવે છે, પણ સ્વામીજીને તો સત્યેશ્વરનાં દર્શન અને સત્યના પ્રચાર સિવાય બીજું કશું ખપતું નથી, એટલે નિયતિ આશીર્વાદ આપે છે કે:

"સત્યેશ્વર કી સાધના, કરો વીર ભરપૂર ।
જો હે બહાર કી કમી, વહ ભી હોગી દૂર ॥
કૃતિમય બને તુમારા ધ્યાન ।
જાઓ જાઓ હે મતિમાન ॥"

આ રીતે નિયતિનું વરદાન પામીને સ્વામીજી વિદાય થાય છે અને સ્વેચ્છાએ પ્રાપ્ત કરેલી તીવ્ર ગરીબીથી જીવનનો પ્રારંભ કરે છે.

વર્ષો વીત્યા બાદ, તેઓ પોતાની જીવનકથામાં વર્ણવે છે તે મુજબ, સંભવ છે કે ૩૫ વર્ષની ઉમ્મર આસપાસ, આધ્યાત્મિક સાધનાના બળે સ્વામી સત્યભક્ત ભગવાન સત્યેશ્વરના ધામમાં પહોંચે છે અને સત્યેશ્વરનાં સાક્ષાત દર્શન કરે છે. સત્યેશ્વર સ્વામીજીને પૂછે કે છે તારે શું જોઈએ છે? સ્વામીજી જણાવે છે કે મને માત્ર ચાર વર આપો: (૧) સત્ય શોધની શક્તિ, (૨) હું આપનો પયગંબર બનું, (૩) સત્યલોકમાં જ્યારે ઈચ્છું ત્યારે પ્રવેશી શકું (૪) દેવોના દરબારના દર્શન કરું."

આગળ ચાલતાં સ્વામીજી જણાવે છે કે:

"સુનકર મેરે ઉદ્‌ગાર હુએ ખુશ સ્વામી,
બોલે, બેટા, તું બના સત્યપથગામી,
પૈગંબર કા ભાર ઉઠા લેગા તૂં,
સબ વિઘ્ન પ્રલોભન જીત સત્ય દેગા તૂં.
જા કર જગ કો પૈગામ સુના દે મેરા,
સંજ્ઞાન જ્યોતિ દે, જન્મ સફલ હો તેરા.
દેતા હું ચારો વરદાન, પૂરે હો અરમાન.
સત્યભક્ત હો તેરા નામ, સત્યભક્તિ હો તેરા કામ,
પૈગંબર બન દે પૈગામ, બહુત કઠિન હે તેરા કામ,
કરના ચાહે જબ વિશ્રામ, મેરા ખુલા હુઆ હ ધામ."

આ પ્રમાણે વરદાન પામ્યા બાદ એ સત્યેશ્વરના ધામમાં વસતા ભૂતકાલીન પયગંબરો – રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ, મહમદ, કાર્લ માર્કસ અને જરથુસ્ત – પ્રત્યેકની અનુક્રમે સ્વામીજી મુલાકાત લે છે અને પ્રત્યેકની સાથે ચર્ચાવાર્તા અને વિચારવિનિમય કરે છે. આ પયગંબરોના મીલન બાદ મર્ત્યલોકમાં આવવા પહેલાં સ્વામીજી એક ભારે મૂંઝવણ અનુભવે છે અને તેના નિકાલ માટે ભગવાન સત્યશ્વેર સમક્ષ ફરીથી તેઓ ઉપસ્થિત થાય છે અને જણાવે છે કે:

"આદેશ આપકા પ્રભુ મસ્તકસે વન્દનીય હય મુઝ કો ।
પર આત્મશ્લાઘા કી લજ્જા મુઝ કો સતા રહી હૈ અબ ॥
પૈગંબર તીર્થંકર ખૂદ હી ખૂદ કો ભલા કહું કૈસે ।
દુવિધા યહી રહી હૈ, ઈસ પર આદેશ દીજિયે મુઝ કો ॥
સત્યેશ્વરને હંસકર મુઝ કો વાત્સલ્ય ભાવસે દેખા ।
ફિર કરુણા કર બોલે તેરા યહ વિનય દેખકર ખુશ હું ॥
પર ઈસમે ક્યા લજ્જા, ભારી કર્તવ્ય હ તુઝે કરના ।
ઉસકે હિ માફક યદિ કહે જગત તો તુમે લજાના ક્યોં ॥
તીર્થંકર પૈગંબર જબ તૂ બન જાયગા સુકર્મોસે ।
તબ જગ ખુદ હી મુખસે તુઝ કો ઈસ નામ સે પૂકારેગા ॥
પૈગમ્બર તીર્થંકર પ્રચલિત હો જાય નામ જબ જગમે ।
તબ ક્યા લજ્જા ઈસ મે, નિજ મુખ સે ભી કભી કહ જયે ॥"

આમ ભગવાન સત્યેશ્વરનાં વચનોથી સમાધાન પામીને સ્વામી સત્યભક્ત મૃત્યુલોકમાં પાછા આવે છે અને વર્ષોથી જગદુદ્ધારનું પયગંબર કાર્ય - તીર્થંકર કૃત્ય - કરી રહ્યા છે. આવી લોકોત્તર વ્યક્તિ આજે રાષ્ટ્રપતિપદ ઉપર આવીને ભારતની જનતાની સેવા કરવા માંગે છે એ ભારતના જ અહોભાગ્ય લેખાય.

* * *

રેવન્ડ ચાર્લ્સ લેડબીટર અને મીસીસ એનીબેસન્ટ બન્નેએ સાથે મળીને શ્રી કૃષ્ણમૂર્તિને જગદ્‌ગુરૂ બનાવવાનો અને એ રીતે તેમનો દુનિયા પાસે સ્વીકાર કરાવવાનો કેવો પ્રપંચ કરેલો એ ઘટનાની વિગતો પ્રબુદ્ધ જીવનના આગળના અંકોમાં પ્રગટ થઈ ચૂકી છે. અહીં તો સ્વામી સત્યભક્તજી ખુદ પોતે જ પોતાને એક પયગંબર માનવા - મનાવવાની ધૃષ્ટતા કરી રહેલ છે અને અનુયાયી ભક્તોની મદદ વડે પોતાનો પ્રચાર કરવા મથી રહેલ છે. આથી સંતોષ ન માનતાં, હવે તેમને ભારતના રાષ્ટ્રપતિ બનવાની ઘેલછા લાગી છે અને તે પદ માટેની ઉમેદવારીનું હાસ્યાસ્પદ નાટક તેઓ ભજવી રહેલ છે. કોઈ પણ મનોવૈજ્ઞાનિક ાટે, આજના જમાનામાં પોતે પયગંબર હોવાની વાત કરનાર સત્યભક્તજી એક પડકારરૂપ સમસ્યા છે. માનવીનું મન અને મગજ સ્વાભાવિક ભૂમિકા છોડીને અસ્વાભાવિકતા તરફ–normal state માંથી abnormal તરફ–આગળ વધતે વધતે કઈ હદ સુધી જઈ શકે છે તેનું દૃષ્ટાંત તેમનામાં આપણને જોવા મળે છે. નર્યો દંભ અથવા તો ઘેરી ભ્રમણા અને ધમંડની પરાકાષ્ટાનો અજબ નમુનો સ્વામી સત્યભક્તજી રજૂ કરી રહેલ છે.

આ સત્યભક્તજીને 'સત્ય' શબ્દનો કોઈ અજબ વળગાડ લાગ્યો છે. સત્યનું તેમને ન સમજી શકાય એવું – Obcession અભિનિવેશ–થયેલ છે. પોતાનું નામ દરબારીલાલ હતું તે બદલી તેમણે સત્યભક્ત રાખ્યું છે. તેમના આશ્રમનું નામ સત્યાશ્રમ છે. એ આશ્રમમાં ઊભું કરવામાં આવેલ સર્વધર્મસમભાવ સૂચવતા મંદિરમાં સત્ય અને અહિંસાની મૂર્તિઓ સાથે પોતાના માનેલા પયગંબરો રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ, જરથુસ્તની મૂર્તિઓ અને મક્કા–મદીનાનું એક ચિત્ર મૂકવામાં આવેલ છે. તેનું નામ 'સત્યાર' અથવા 'સત્ય મંદિર' રાખવામાં આવ્યું છે. તેમના માસિકનું નામ 'સત્ય સંદેશ' છે અને તેમનું લખેલું સાહિત્ય 'સત્ય–સાહિત્ય'ના નામથી ઓળખાય છે અને તેમના એક પ્રચારક અથવા ગણધર જેવા અયોધ્યાવાસી મિત્ર લાલજીભાઈ છે તેઓ પણ 'સત્ય–સ્નેહી' ની અટકથી ઓળખાય છે. આમ 'સત્ય' શબ્દનું લેબલ જ્યાં ત્યાં લગાડવાથી સત્ય નજીક આવતું હશે કે દૂરનું દૂર જતું હશે એ પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉત્તર ન માની શકાય, ન સ્વીકારી શકાય એવા ચમત્કારથી ભરેલા તેમના 'દિવ્ય દર્શન'માંથી મળી રહે છે. આ છે સ્વામી સત્યભક્તનો પરિચય અને આ છે તેમની પયગંબરલીલા !

પરમાનંદ

પુનર્જન્મની માન્યતા અંગે વિચારણા

(જાન્યુઆરી માસના અખંડઆનંદમાં "ગાંધીજીનો પુનર્જન્મ અને અવતાર" એ મથાળા નીચે પ્રગટ થયેલ કાકાસાહેબ કાલેલકરના લેખમાંથી ઉદ્‌ધૃત).

હું પૂર્વજન્મમાં માનું છું એટલે કે અનેક માણસને એના વર્તમાન ભવ પહેલાં અનેક જન્મ મળેલા હોવા જોઈએ અને આ ભવ પૂરો કર્યા પછી અનેક જન્મો લેવાનું પણ માણસના ભાગ્યમાં હોઈ શકે છે. આમ, પૂર્વજન્મ અને પુનર્જન્મમાં વિશ્વાસ રાખવા છતાં, એને વિષે ખાસ જાણવાની ઈચ્છા મને થતી નથી. ઈશ્વરે માણસ પાસેથી એના પૂર્વભવનું જ્ઞાન છૂપું રાખ્યું છે એ સારું છે એમ માનવા તરફ મારું વલણ છે—જો કે હું જાણું છું કે પુરાણોમાં માણસના પૂર્વજન્મની અસંખ્ય વાતો ડગલે અને પગલે આવે છે. ગીતામાં ભગવાન અર્જુનને કહે છે કે, "મારા અનેક જન્મો થયા છે અને તારા પણ થયા છે, પણ અર્જુન, તું તે જાણતો નથી."

ભગવાને એમ નથી કહ્યું કે "ચાલ, હું તને તારા પૂર્વભવો વિષે વિગતે કહું છું."

કર્મના સિદ્ધાન્તમાં માન્યા પછી અનેક જન્મના સિદ્ધાન્તમાં માન્યા વગર છૂટકો જ નથી હોતો. સનાતન વૈદિક ધર્મના, બૌદ્ધ અને જૈન ધર્મના લોકો સામાન્યપણે જન્માન્તરમાં માને છે. કેટલાક પારસીઓ કહે છે કે અમારા ધર્મમાં પણ જન્માન્તર ઉપર વિશ્વાસ રખાય છે. ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મ આપણી પેઠે પુનર્જન્મમાં માનતા નથી એમ મનાય છે, જો કે દેશી અને પરદેશી કેટલાય બિન-હિન્દુ પુનર્જન્મમાં માનતા દેખાય છે.

માણસને આ ભવે પૂર્વભવનું જે સ્મરણ હોય છે તેને આપણા ધર્મમાં જાતિસ્મરણજ્ઞાન કહ્યું છે. ઉપર કહ્યું છે તેમ આપણા ધર્મગ્રંથોમાં અને ઈતિહાસ—પુરાણોમાં પુનર્જન્મની વાતો ડગલે ને પગલે આવે છે. તે વાતો સાચી જ છે એમ માનવાનું કારણ નથી. પુરાણોમાં આવતી અનેક કથાઓ કાલ્પનિક બોધકથાઓ હોય છે. પુનર્જન્મ ઉપર આપણા લોકોનો દૃઢ વિશ્વાસ હોઈ, ધર્મબોધ માટે ગમે તેવી કાલ્પનિક કથાઓ ઉપજાવી કાઢવી એ આપણા લોકો માટે સ્વાભાવિક અને સહેલું કાર્ય છે. એ બધી વાર્તાઓ સાચી છે, ખરેખર બનેલી છે એમ ભોળા લોકો માને છે. તેઓ જાણતા નથી એમાંથી કેટલી બધી મુશ્કેલીઓ ઉત્પન્ન થઈ શકે છે અને માણસ ખોટે રસ્તે પણ ચડે છે. સ્વર્ગના એક દેવના મનમાં કલ્પના ઊઠી કે આ ભવે જે મારી માતા છે તે પછીના ભવમાં, સંભવ છે કે, મારી કાન્તા પણ થશે. એક કિસ્સો હું જાણું છું કે જેમાં એક માણસે પોતાના ગુરુને પૂછ્યું કે, "તમારા ઉપદેશ પ્રમાણે હું હંમેશાં ચાલું છું, છતાં કેમ મારું મન એક પરસ્ત્રી પ્રત્યે આટલું જોરથી આકર્ષાય છે." ગુરુ મહારાજે પોતાના પ્રિય શિષ્યને મુંઝવણમાંથી મુક્ત કરતાં કહ્યું કે, 'મને એમાં આશ્ચર્ય નથી થતું. પૂર્વજન્મમાં તમે બન્ને પતિ-પત્ની હતાં.' એટલે જ તમારી વચ્ચે આટલું આકર્ષણ છે."

એક ભવના સંબંધો શુદ્ધ રીતે સાચવતાં માણસને કેટલી બધી મુશ્કેલી પડે છે, ત્યાં પૂર્વભવના સંબંધો જાણી એમને વફાદાર રહેવાનું માથે આવે તો માણસની શી વલે થાય? અને પૂર્વજન્મ વિષેની વાતો સાચી જ છે એ તો શ્રદ્ધાથી જ માની લેવાનું ને? એમાં કોકવાર છેતરપીંડી હોવાનો સંભવ રહે છે. ઘણી વાર કેવળ કલ્પના જ હોય છે અને શ્રદ્ધાથી માણસ માને છે કે એ વાત સાચી હોવી જોઈએ. એટલે હું તો પૂર્વજન્મમાં અને પુનર્જન્મમાં માનવા છતાં એને અંગે કશી જિજ્ઞાસા સેવતો નથી.

"જ્ઞાનપ્રાપ્તિનું કોઈ સાધન હાથ આવે તો તેના જોરે મળે તેટલું જ્ઞાન મેળવવું જોઈએ. કોક વખતે એમાંથી ઘણો લાભ થવાનો. અજ્ઞાન કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે અને જ્ઞાનથી કોઈને નુકસાન થવાનું નથી." ઈત્યાદિ વૈજ્ઞાનિકોની શ્રદ્ધા હું જાણું છું. અને તેથી પૂર્વ જન્મની શોધ કરવા પાછળ પડેલા અતિમાનસશાસ્ત્રી (અંગ્રેજીમાં જેમને પેરેસાઈકોલોજિસ્ટ કહેવામાં આવે છે) પ્રત્યે મારા મનમાં સહાનુભૂતિ અને આદર છે, અને છતાં જ્યારે લોકોને મોઢે પૂર્વજન્મની કે જન્માન્તરની વાતો સાંભળું છું, ત્યારે એને વિષે મારા મનમાં કુતૂહલ જાગતું નથી અને એ દિશામાં તપાસ કે શોધ કરવાનું મન થતું નથી. આને હું મારી કેવળ મર્યાદા માનું છું. પૂર્વજન્મની વાર્તાઓ નાનપણથી એટલી બધી સાંભળી છે કે હું તેથી ધરાયો છું.

કાકા કાલેલકર

પૂરક નોંધ

ઉપરના લખાણમાં કાકાસાહેબે પુનર્જન્મની માન્યતા અંગે જે વિચારણા રજૂ કરી છે તેનું નીચેની અંગ્રેજી ઉક્તિમાં આપણને સચોટ સમર્થન મળે છે :—

"It is folly to be wise where ignorance is bliss"

જ્યાં અજ્ઞાન સુખકર છે ત્યાં ડાહ્યા થવું—વધારે ઝીણવટથી ચકાસણી કરવી—એ મૂર્ખાઈ છે.

પૂર્વજન્મનું સામાન્ય માનવી માટે કોઈ પણ કાળે સ્પષ્ટ, વિશ્વસનીય અને સ્થાયી જ્ઞાન શક્ય નથી. પૂર્વજન્મના સ્મરણના કિસ્સાઓ અપવાદરૂપ કદિ કદિ આપણા સાંભળવામાં આવે છે. આ કિસ્સાઓમાં ઉપસ્થિત થયેલું પૂર્વજન્મનું સ્મરણ ઘુમ્મસથી આચ્છાદિત એવા કોઈ સ્થૂળ દૃશ્ય જેવું હોય છે. તે દેખાય છે છતાં પૂરું ન દેખાવા જેવું હોય છે; તેની વિગતો પુરી વિશ્વસનીય હોતી નથી. અને આવું જ્ઞાન અલ્પકાલીન હોય છે; જોતજોતામાં તે જ્ઞાનનું વિસ્મરણ થઈ જાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી પૂર્વજન્મના તથ્યને અથવા તત્ત્વને સ્વીકારવા છતાં, તે જાણવા પાછળ ફાંફા મારવા એ કોઈ પણ રીતે લાભપ્રદ નથી. જે વ્યક્તિવિશેષ આ વિષયનું વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરવા માગતી હોય તેની વાત જુદી છે. પણ સામાન્ય માનવીએ પુનર્જન્મ અંગે અનુમાનપ્રાપ્ત શ્રદ્ધાથી સંતોષ માનવો અને એના ઊંડાણમાં ઉતરવાનો પ્રયત્ન ન કરવો એમાં જ તેનું શ્રેય છે.

અહિં એક બીજો પ્રશ્ન પ્રસ્તુત બને છે. ધારો કે કોઈ અમુક વ્યક્તિને જોતાં અને તેના વિશેષ પરિચયમાં આવતાં, આપણામાંના કોઈના દિલમાં એવું તીવ્ર સંવેદન—જાણે કે પૂર્વજન્મના સ્મરણ ઉપર આધારિત હોય તે પ્રકારનું ઉત્કટ સંવેદન—થાય કે તે વ્યક્તિ તેની પૂર્વજન્મની માતા છે, ભગિની છે, પત્ની છે, અથવા પિતા છે—તો તે વ્યક્તિ અંગે આ જન્મમાં તેણે કઈ રીતે વિચાર કરવો?, તે વ્યક્તિ વિષે પૂર્વસ્મરણને સુદૃઢ કરીને તેની પ્રત્યે તે પ્રકારનો ભાવ ધારણ કરવો અને વ્યવહાર આચરવો કે તે સ્મરણને મનમાં એમ ને એમ સમાવી દેવું અને જરા પણ આગળ ન વધવું? આવી પરિસ્થિતિમાં એ સ્મરણને જરા પણ ઉત્તેજન ન આપવું અને ઊગ્યું એવું જ દબાવી દેવું—એમાં જ આપણું, તે વ્યક્તિનું અને બંને સાથે સંબંધ ધરાવતા સમાજનું શ્રેય છે. પૂર્વજન્મના એવા કોઈ સંબંધનો બન્નેના મૃત્યુ સાથે અન્ત આવી ગયો છે અને તે સગપણ સંબંધને અદ્યતન જીવન સાથે કશો પણ સંબંધ નથી એમ સુદૃઢપણે સ્વીકારવું, વર્તવું અને વિચારવું ઉચિત છે. આથી અન્યથા વર્તનાર અને વિચારનાર પોતાના ચાલુ જીવનમાં નવી ગુંચો અને કર્તવ્યધર્મને લગતી નવી અથડામણો પેદા કરે છે અને બન્ને પક્ષ માટે અનિચ્છનીય અને કદિ કદિ વૈમનસ્યયુક્ત વાતાવરણ ઊભું કરે છે.

આ મુદ્દા ઉપર જ થોડા દિવસ પહેલાં આચાર્ય રજનીશજી સાથે ચર્ચા કરવાનો પ્રસંગ ઊભો થયો હતો. તેમનો પણ ઉપર મુજબનો અભિપ્રાય હતો.

પરમાનંદ

જૈન પૂજાવિધિમાં અપેક્ષિત પાયાનું સંસ્કરણ

[ઈતિહાસવેત્તા પંન્યાસ મુનિશ્રી કલ્યાણવિજયજીએ, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં આજે જે પ્રકારની જિનમૂર્તિની પૂજાને લગતી પદ્ધતિ પ્રચલિત છે તેનું, છેલ્લાં ૨૫૦૦ વર્ષના વિશાલ ફલકને લક્ષમાં લઈને, એક અભ્યાસપૂર્ણ ઐતિહાસિક સંશોધન કર્યું છે અને તે 'જિનપૂજાવિધિ સંગ્રહ' એ નામથી તાજેતરમાં પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તકનો સંક્ષિપ્ત સાર જૈન વિદ્વાન શ્રી કસ્તૂરમલજી બાંઠિયાએ 'શ્વેતાંબર જૈનો કી પૂજાવિધિયોં કા ઈતિહાસ' એ મથાળા નીચે 'શ્રમણ' માસિક નાં ઑગસ્ટ તથા સપ્ટેમ્બરના અંકોમાં બે હફતાથી પ્રગટ કર્યો છે. આ સમગ્ર સંશોધનનો સાર એ છે કે જિનમૂર્તિની ધ્યાનસ્થ યોગીની આકૃતિ અને કલ્પના સાથે જરા પણ બંધબેસતી ન આવે એવી પૂજાવિધિને લગતી કેટલીક પ્રક્રિયાઓ આજે પ્રચલિત છે: દાખલા તરીકે જિનમૂર્તિઓ ઉપર ચક્ષુ ટીલાં ચોડવાં, તેનું નિત્ય સ્નાનવિલેપન તથા કેસરપૂજન કરવું, તેની ઉપર પુષ્પોના ઢગ ખડકવા, આંગી ચઢાવવી, શોભાશણગાર કરવા, આભૂષણો તેમ જ મુગટ કુંડલ પહેરાવવાં. મુનિશ્રી કલ્યાણવિજયજીના અભિપ્રાય મુજબ આ બધી જૈન મૂર્તિ પૂજામાં પેઠેલી વિકૃતિઓ છે, ભક્તિભાવનો અતિરેક છે, વૈષ્ણવ સમાજ સાથેની દેખાદેખીનું પરિણામ છે અને લગભગ છેલ્લાં ૫૦૦ વર્ષ દરમિયાન આ વિકૃતિઓનો—આ અતિરેકોનો—પ્રવેશ થયો છે. જિનમૂર્તિનું સ્વરૂપ તદ્દન નિરાડંબરી અને એક ધ્યાનાવસ્થિત યોગીની આકૃતિને અનુરૂપ હોવું જોઈએ અને આ ધ્યેય સિદ્ધ કરવા માટે આજની મૂર્તિપૂજાની પદ્ધતિમાં પાયાના ફેરફારો થવા જોઈએ, પ્રચલિત વિકૃતિઓ અથવા તો અતિરેકો દૂર થવા જોઈએ—આવો મુનિશ્રી કલ્યાણવિજયજીનો જૈન સમાજને અનુરોધ છે. તેના અનુસંધાનમાં ઉપર જણાવેલ શ્રી કસ્તૂરમલજી બાંઠિયાના લેખનો અન્તિમ ઉપસંહારાત્મક વિભાગ નીચે આપવામાં આવે છે. આ લખાણમાં કેટલાક જૈન પરિભાષાના શબ્દો આવે છે તેમ જ કેટલાંક એવા જ સાંપ્રદાયિક વિધાનો છે કે જેઓ જૈન શ્વે. મૂ. સંપ્રદાયની મૂર્તિપૂજાવિધિથી પરિચિત ન હોય તેમના માટે તેનું હાર્દ પકડાવું મુશ્કેલ બનવા સંભવ છે. એમ છતાં આજની મૂર્તિપૂજાવિધિમાં જે સુધારાઓ કરવાની જરૂર છે તેને પૂર્વકાળમાં પ્રચલિત પદ્ધતિનું સમર્થન છે અને એ સુધારાઓનો અમલ કરવામાં આવે તો પછી જેમાં મૂળ રૂપ આજ સુધી લગભગ જળવાઈ રહ્યું છે એવી દિગંબર જૈન પૂજાપદ્ધતિ અને શ્વેતાંબર પૂજા પદ્ધતિ વચ્ચે કોઈ મહત્ત્વનું અંતર ન રહે એ ઈષ્ટ લાભ છે. આ દૃષ્ટિએ આ લેખનું ખાસ મહત્ત્વ છે અને તેથી આજના જૈન સમાજે તેમાં ચર્ચવામાં આવેલા મુદ્દાઓ ઉપર ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે. પ્રગતિલક્ષી વિચારકોને આ લખાણ અનેક રીતે માર્ગદર્શક બનશે એ આશયથી મૂળ હિંદી લખાણનો નીચે અનુવાદ આપવામાં આવે છે.

શ્વેતાંબર જૈન મૂર્તિઓ ઉપર ચોડવામાં આવતાં ચક્ષુઓ અંગે થોડી વધારે સ્પષ્ટતા કરવાની જરૂર છે. મુનિશ્રી કલ્યાણવિજયજીના અભિપ્રાય અનુસાર દિગંબર જૈન મૂર્તિઓથી શ્વેતાંબર મૂર્તિઓને જુદી પાડવાની આ પ્રકારની પ્રથા આધુનિક છે; આગળના સમયમાં ચક્ષુઓ ચોડવામાં આવતાં નહોતાં, પણ કોરવામાં આવતાં હતાં. મૂર્તિ ઉપર આ ચક્ષુઓ ચોડવાની પ્રથાએ જૈન મૂર્તિના સ્વરૂપને ભારે હાનિ કરી છે; તેનું યૌગિક આસન અને ઉઘાડી દેખાતી આંખો—આ બન્ને સ્પષ્ટપણે પરસ્પરવિરોધી છે. જૈન મૂર્તિનું સ્વરૂપ ધ્યાનસ્થ યોગીનું છે, તેથી તેની આંખો કાં તો બંધ અથવા તો અર્ધનિમિલિત —અડધી ઉઘાડી—હોવી જોઈએ અને એમ બને તો જ 'પ્રશમરસનિમગ્ન' દૃષ્ટિયુગ્મંપ્રસન્નં' આવું જિનમૂર્તિની આંખોનું શાસ્ત્રાકારોએ કરેલું વર્ણન સાર્થક બને. આજે તો ચોડેલી આંખોના કારણે જિનમૂર્તિ આપણી સામે ટગરટગર જોતી હોય એમ લાગે છે. જૂની મૂર્તિઓની કરવામાં આવેલી આ દુર્દશા જ્યાં ટાળવી શકય હોય ત્યાં ટાળવી ઘટે છે અને નવી મૂર્તિઓને આ દુર્દશાનો ભોગ બનતી અટકાવવી ઘટે છે. ભગવાન બુદ્ધની મૂર્તિની સરખામણીમાં સામાન્ય જનતાને જૈન તીર્થંકરની મૂર્તિ ઓછી આકર્ષક લાગે છે તેનું ખરું કારણ આ છે. જૈન શ્વે. મૂ. સંપ્રદાયના આગેવાન આચાર્યોને તેમ જ જૈન મંદિરોના સંચાલકોને આ બાબત ગંભીરપણે ધ્યાનમાં લેવા અનુરોધ છે. ઉપર જણાવ્યા મુજબ કોરેલાં ચક્ષુઓવાળી મૂર્તિ બનાવીને થોડા સમય પહેલાં વિલેપારલે ખાતે બંધાવવામાં આવેલા નવા જિન મંદિરમાં એક બાજુએ તે મૂર્તિને પ્રતિષ્ઠિત કરવાની શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીએ પહેલ કરી છે, જે માટે તેમને ધન્યવાદ ઘટે છે અને જેનું અન્યત્ર અનુસરણ થવું ઘટે છે.

પરમાનંદ]

આભરણવિધિ અને ચક્ષુયુગલ

શાસ્ત્રમાં અવસ્થા—વિશેષ દેખાડવા માટે જિનમૂર્તિને આભરણ પહેરાવવાનું વિધાન છે. દેવો દ્વારા સિદ્ધાયતનમાં કરવામાં આવેલી જિનપૂજામાં આભરણ ચઢાવવાનો ઉલ્લેખ છે, પરન્તુ આજકાલ તો આ પ્રવૃત્તિ સીમાતીત બની ગઈ છે. માત્ર પ્રક્ષાલન કરવાના વખતે જ મૂર્તિ ઉપરથી આભરણ ઉતારવામાં આવે છે અને પ્રક્ષાલન પૂરું થતાં વેંત આભરણો પહેરાવવામાં આવે છે. આને લીધે મંદિરોમાં ચોરીઓ થાય છે. કદિ કદિ મૂર્તિઓ ખંડિત પણ થાય છે. કહેવાતા ભક્તોને આ બાબતનું કોઈ દુઃખ થતું નથી અને આ અતિપ્રવૃત્તિનું નિયંત્રણ કરવાની નથી કોઈને ચિન્તા થતી. રાયપસેણઈ વગેરે સૂત્રોકત પૂજાવિધાનોમાં વસ્ત્રયુગલ પહેરાવવાનું વિધાન આવે છે. આ સૂત્રોકત વિધાનને પાછળના આચાર્યોએ ગાથાઓમાં વણી લઈને સત્તરભેદી પૂજાની વિધિ તૈયાર કરી છે, પરન્તુ આ ગાથાઓ 'શ્રાદ્ધવિધિની ટીકા'માંથી ઉદ્ધૃત કરતી વખતે 'વસ્ત્રયુગલ'ના સ્થાનમાં 'ચક્ષુયુગલ' અસાવધાનીથી લખાઈ ગયું છે. આ પરિવર્તન શ્રાદ્ધવિધિકારનું છે. તેને મુનિશ્રી કલ્યાણવિજયજી અનાગમિક—આગમ વિરોધી—જણાવે છે. આ કોઈ લેખકની ભૂલનું પરિણામ છે અને તેનું ગીતાર્થોનું દ્વારા સંશોધન થવું ઘટે છે.

મુનિશ્રી કલ્યાણવિજયજીનું આ સંબંધમાં કહેવું છે કે મૂળ 'વત્થુ જુગલ'ના સ્થાનમાં 'ચક્ખુજુગલ' થયું છે એ તો નિશ્ચિત છે. આ ભૂલ કોના હાથે થઈ તેનો નિર્ણય કરવાનું અશકય છે. પણ અમારું તો અનુમાન છે કે આ ભૂલના પરિણામે આપણી શ્વેતાંબર-પરંપરામાં પ્રતિષ્ઠિત પ્રતિમાઓ ઉપર પછીના સમયથી ચક્ષુઓ ચોડવાની પદ્ધતિ નીકળી હશે. આ અમારું અનુમાન સત્ય હોય તો ચક્ષુઓ ચોડવાની પ્રવૃત્તિ સંબોધ પ્રકરણ કે જેમાં 'વત્થુયુગલ'નો પાઠ છે ત્યાર પછીની અને 'શ્રાદ્ધવિધિ કૌમુદી' કે જેમાં 'ચક્ખુ યુગલ'નો પાઠ છે તેની રચના એટલે કે સં. ૧૫૦૬ પહેલાંની છે.

આભરણ અને આંગી રાજ્યાવસ્થાની પ્રદર્શક છે.

ભગવાનની મૂર્તિ ઉપર આભરણ અને આંગીઓ ચઢાવીને રાજ્યાવસ્થાનું પ્રદર્શન ઉત્સવો અથવા પર્વના દિવસોમાં શોભા આપી શકે છે, પણ દર્શનાર્થીઓમાં આવી આંગીઓ કોઈ પણ કાળે વૈરાગ્યભાવ ઉત્પન્ન કરી શકતાં નથી. ચૈત્યવન્દન કરવાવાળા પિંડસ્થ, પદસ્થ અને રૂપરહિતત્ત્વ—આ ત્રણ અવસ્થાઓની ભાવના કયા પ્રકારે કરી શકે? આંગીઓ તથા આભૂષણોની નીચે ઢંકાયલા ભગવાનને જોઈને 'પદસ્થ અવસ્થા' અથવા 'રૂપરહિત અવસ્થા'ના ચિન્તનને અવકાશ જ રહેતો નથી. પરન્તુ 'પિંડાવસ્થા'ના ત્રણ પ્રકારોમાં 'બાલ્યાવસ્થા' અને 'શ્રમણાવસ્થાના'ની ભાવનાને પણ

સ્થાન મળતું નથી. માત્ર 'રાજ્યાવસ્થા' ની ભાવનાનું ચિંતન કરીને અટકી જવું પડે છે જ્યારે આપણા શાસ્ત્રકારો હંમેશા ત્રણે અવસ્થાની ભાવના કરવાનો ઉપદેશ કરે છે. આ ત્રણ અવસ્થાના પર્યાય નામ ક્રમશ: છદ્મસ્થાવસ્થા, કેવલિત્વાવસ્થા તથા મુક્તાવસ્થા છે. ચૈત્યવન્દન મહાભાષ્યમાં આ સંબંધમાં જણાવવામાં આવ્યું છે કે:—

"આ રીતે જિનબિમ્બ ઉપર નિશ્ચિલ દૃષ્ટિ કરીને શુભપરિણામી મનુષ્યે ચૈત્યવન્દન કરતી વખતે ભગવાનની ઉક્ત ત્રણ અવસ્થાઓનું સારી રીતે ચિન્તન કરવું જોઈએ."

આ અવસ્થાઓની ભાવનાનું સાધન પૂર્વકાલીન પરિકરવાળી મૂર્તિઓમાં હતું. પરન્તુ સ્નાન-વિલેપનની પદ્ધતિએ પરિકરને હઠાવી દીધું અને તેમ થતાં પ્રાતિહાર્ય ઋદ્ધિનું દર્શન પણ ચાલી ગયું અને પદસ્થભાવના સમાપ્ત થઈ ગઈ. શ્રામણ્યાવસ્થાસૂચક નિષ્કેશ મસ્તક પણ સદાકાળ મુગટવડે ઢંકાયેલું રહેવા લાગ્યું અને મોઢું પણ કુંડલાદિ વડે અલંકૃત રહેવા લાગ્યું. પરિણામે દર્શનાર્થી સામે માત્ર રાજ્યાવસ્થાનો આકાર રહી ગયો. સિદ્ધાકારના બે આકારમાંથી પહેલી પર્યંકાસન પ્રતિમા જ શ્વેતાંબર મંદિરોમાં હોય છે. પરન્તુ સદા આંગી વડે ઢંકાયેલી રહેતી મૂલનાયકજીની પ્રતિમાની અમૂર્તત્ત્વાવસ્થા દૃષ્ટિગોચર થતી નથી અને તેની ભાવનાનું પ્રતીક પણ તિરોહિત થઈ જાય છે.

પૂર્વકાળની પૂજાપદ્ધતિ અતિ સુગમ અને સુખસાધ્ય હતી. જ્યારથી સર્વોપચારી પૂજાનો પ્રચાર વધ્યો, ત્યારથી તે શ્રમસાધ્ય તથા વ્યયસાધ્ય માત્ર નહિ, પણ નિષ્પ્રાણ જેવી બની ગઈ છે. પહેલાંની પદ્ધતિ વિશેષ પરિણામજનક હતી; પરન્તુ ચૌદમી સદીથી નિત્ય સ્નાનવિલેપનના પ્રચાર બાદ તેમાંથી પ્રાણતત્ત્વ ઘટતું ગયું અને સોળમી સદી સુધીમાં તેમાં અનેક અનિષ્ટ પરિણામો ઉત્પન્ન થવા પામ્યા, જેમાં સૌથી વધારે અનિષ્ટ પરિણામ થયું મૂર્તિપૂજા-વિરોધી સંપ્રદાયનો ઉદ્‌ભવ. મૂર્તિપૂજા — નિમિત્તક સામાન્ય હિંસાના વિષય અંગે આચાર્ય હરિભદ્રસૂરિના સમયમાં ઉહાપોહ થયો હતો. તેનો શ્રુતધર આચાર્યશ્રીને કુવાના દૃષ્ટાંતદ્વારા ઉત્તર દેવો પડયો હતો. તાત્કાલિક વિરોધી સ્થિતિના સમાધાન માટે આચાર્યશ્રીને જિનપૂજાના વિષયમાં સૌથી વધારે લખવું પડયું હતું, અને પરિણામે મૂર્તિપૂજા સામેના વિરોધથી મૂર્તિપૂજાને તત્કાળ કોઈ ખાસ હાનિ પહોંચી નહોતી. વિક્રમની તેરમી સદીમાં અંચલગચ્છીય આચાર્યોએ ફળ, નૈવેદ્ય, ધાન્ય તથા દીપક પૂજાનો વિરોધ કર્યો હતો. તેનું પરિણામ પણ શૂન્યમાં આવ્યું હતું. પરન્તુ સર્વ પ્રતિમાઓના નિત્યસ્નાનવિલોપનની પદ્ધતિ દાખલ થવા બાદ આ વિષયની અતિ પ્રવૃત્તિઓના કારણે લોકમાનસમાં વિપરીત ભાવનાઓ તીવ્રથી વધીને તીવ્રતર થતી ગઈ, કારણ કે 'ઉપયોગો ધર્મલક્ષણમ્'ની અવહેલના અધિકતમ થતી રહી. આ વિરોધ લોંકાશાહના નામ ઉપર નોંધાયો. આમ કહેવાનું કારણ એ છે કે લોંકાશાહ કોઈ પ્રસિદ્ધ વકતા તેમ જ નામાંકિત વિદ્વાન નહોતા. ઉપલબ્ધ પ્રમાણોથી એમ જ સિદ્ધ થાય છે કે તેઓ માત્ર શાસ્ત્ર—લેખક—વ્યવસાયી હતા. પરન્તુ સાધારણ જનતાનો અધિક ભાગ ધનવાનોની પૂજા—વિષયક અતિપ્રવૃત્તિઓના કારણે ત્રાસી ઊઠયો હતો અને લોંકાશાહદ્વારા તેમની આંતરિક વિરોધભાવનાનો વિસ્ફોટ થયો હતો. બારમી સદીમાં 'નિત્ય સ્નાન-વિલોપન' નું જે દેશવ્યાપી આંદોલન ઊઠયું તેનું આ સૌથી વધારે અનિષ્ટ પરિણામ નિપજ્યું હતું. પરન્તુ મૂર્તિપૂજક વર્ગ આમ છતાં પણ એ કાળે ચેત્યો નહિ અને આજે પણ હજુ ચેત્યો નથી. નવપદ-આરાધના, ઉપધાન, વર્ષીતપ વગેરે વગેરે અનેક રૂપોમાં આ પ્રવૃત્તિઓ ધર્મનું અનિવાર્ય આવશ્યક અંગ બની ગઈ તેમ જ બનતી જતી રહી છે, અને લોકમાનસને ક્ષુબ્ધ બનાવી રહી છે. સોળમી સદીમાં મુસલમાની તથા ઈસાઈ પ્રોટેસ્ટન્ટ ધર્મે મૂર્તિપૂજાવિરોધી પ્રેરણાને વેગ આપીને મુખર બનાવી તો આજ કાલ રશિયાનો સામ્યવાદ આથી પણ વધારે પ્રમાણમાં મૂર્તિવિરોધને પ્રેરિત કરી રહેલ છે. આપણી સરકારની અર્થ તેમ જ ધર્મનીતિ પણ આડંબરી પ્રદર્શનો—પછી ભલે તે સામાજિક, રાજકીય અથવા તો ધાર્મિક હોય—આ સર્વ પ્રદર્શનો વિરુદ્ધ લોકોને ઉશ્કેરી રહી છે, કારણ કે જીવનનિર્વાહ કઠિનતરથી કઠિનતમ થઈ રહ્યો છે. 'ભૂખે ભજન ન હો હિ ગોપાલા'ની ભાવના આજે જોર પકડી રહી છે. ભગવાન બુદ્ધે ભૂખ્યાની ભૂખ મટાડીને ધર્મનો ઉપદેશ આપ્યો તો સંસારમાં બૌદ્ધધર્મીઓ જૈનો કરતાં કેટલા બધા વધી ગયા, જો કે મહાવીરને માનવાવાળા રાજાઓ જેટલા મળ્યા હતા તેટલા બુદ્ધને મળ્યા નહોતા. આજે પણ આપણામાં એ દૃષ્ટિકોણ પેદા થયો નથી કે જૈનધર્મી કોઈ ભૂખ્યો ન રહે. આમ જ્યાં છે ત્યાં અન્ય લોકો પ્રત્યે કરુણાવૃત્તિ દાખવવાનું તો પૂછવું જ શું? આપણા ધાર્મિક આડમ્બરી ઉત્સવો પણ એ જ પ્રકારના સ્વર્ગના પરવાનારૂપ બની ગયા છે કે જેમ મધ્ય યુગમાં ખ્રિસ્તી લોકો પોપને મોં માંગી ભેટ આપીને પોતા માટે સ્વર્ગના પરવાના લખાવી લેતા હતા. ફરક એટલો જ છે કે આ ધન આપણાં મંદિરોના ભંડારની વૃદ્ધિ કરે છે. પહેલાના ચૈત્યવાસીઓ માફક આપણા સાધુઓ જો કે, કોઈ સંપત્તિના માલીક હોતા નથી, એમ છતાં પણ, આ સંચિત ધનનો ખર્ચ કરવામાં નિર્ણાયક મત આજે પણ ધર્માચાર્યોનિ જ હોય છે. આવી સ્થિતિ લાંબો સમય ચાલી ન જ શકે. સમય જતાં જૈન મુનિ અને જૈન ગૃહસ્થ ચેતી જાય એવી કામના છે.

જો કે આ લેખની પ્રેરણા તથા સામગ્રી અધિકાંશમાં મુનિશ્રી કલ્યાણવિજયજીનું સદ્ય-પ્રકાશિત પુસ્તક શ્રી. જિનપૂજાવિધિ—સંગ્રહમાંથી લેવામાં આવી છે, પરન્તુ આ લેખ માટે લેખક જ સંપૂર્ણપણે જવાબદાર છે, અન્ય કોઈ નહિ. મુનિશ્રીના અભિપ્રાયને વ્યકત કરવામાં જે કાંઈ ભૂલચૂક અને પ્રમાદ થયો હોય તો તે માટે મુનિશ્રીનો હું ક્ષમાપ્રાર્થી છું.

અનુવાદક:
પરમાનંદ

મૂળ હિંદી
શ્રી કસ્તુરમલ બાંઠિયા

મન રે...

(ગાન)

મન રે, તારૂં ગૂંજન તે શા રાગે?
આવડે એ તો લાગતા ઓછા
નિતનવા સૂર માંગે!.....મન૦
આલાપ તારા આજ અધૂરા,
બીનતારે ઝણકાર ન પૂરા,
તોય અધીરા મન, તને સહુ
સૂર પુરાણા લાગે;
આવડે એ તો લાગતા ઓછા
નિતનવા સૂર માંગે!.....મન૦
ચંચલ તારી ચાલ નિરાળી,
કોઈ તાને એકતાલ ન ભાળી,
ઝૂલતી લયે નવ ઝીલાતું
સ્પંદન એવું જાગે;
આવડે એ તો લાગતા ઓછા
નિતનવા સૂર માંગે!.....મન૦

ગીતા પરીખ

વિષયસૂચિ

		પૃષ્ઠ
કરુણાનું અમૃત	ઉમાશંકર જોષી	૨૪૭
આગમ વાણી		૨૪૮
ચૂંટણી પક્ષના બે મહિના	ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૪૯
બિહારની પ્રજાની વહારે ધાઓ!	મુનિ યશોવિજયજી	૨૫૦
ગોરક્ષાના પ્રશ્નની જટિલતા	નવલભાઈ શાહ	૨૫૧
રાષ્ટ્રપતિપદના ઉમેદવાર સ્વામી સત્યભકતનો પરિચય	પરમાનંદ	૨૫૨
પુનર્જન્મની માન્યતા અંગે વિચારણા	કાકા કાલેલકર	૨૫૪
જૈન પૂજાવિધિમાં અપેક્ષિત પાયાનું સંસ્કરણ	કસ્તૂરમલ બાંઠિયા	૨૫૫
મન રે... (કાવ્ય)	ગીતા પરીખ	૨૫૬
મહાપ્રસ્થાનના પથ પર-૨૪	પ્રબોધકુમાર સંન્યાલ	૨૫૭
આત્માનું આત્મા સાથે મિલન	કિશોર	૨૫૯

મહાપ્રસ્થાનના પથ પર—૨૪

પહાડી પ્રદેશનો વરસાદ, જોતજોતામાં તો આકાશ હલકું થઈ ગયું, શૂન્ય મને હું ધીરે ધીરે ચાલતો હતો. વરસાદ બંધ રહ્યો. વાવાઝોડું અટકી ગયું. આકાશ ચોકખું થઈ ગયું. રસ્તામાં આવતો પુલ ઓળંગીને દક્ષિણ દિશા તરફ ચાલ્યો. થોડીવારમાં નમતા બપોરનો મ્લાન તડકો ફરી પાછો નિર્જનજની જેમ દેખાવા લાગ્યો. બીજા બે માઈલ ચાલતાં ચાલતાં સાંજને વખતે અમે એક ધર્મશાળામાં આવી પહોંચ્યાં. સ્થાનિક થોડા હિન્દુસ્તાની ગૃહસ્થો એક દુકાનમાં બેસીને વાતો કરતા હતા. બંગાળીઓને જોઈ તેઓ આગળ આવ્યા, ને અમારી જોડે વાત કરવી શરૂ કરી. એમણે કહ્યું કે સામેની ધર્મશાળા રહેવાલાયક નથી ને પછી ત્યાંની એક શાળામાં એમણે અમારે રહેવાની વ્યવસ્થા કરી દીધી. નિશાળ જોઈને થયું કે આસપાસમાં ગામ હોવું જોઈએ. પંડિતજી આવ્યા, ને એની જોડે થોડા વિદ્યાર્થીઓ આવ્યા. તેમણે આવીને દેશના રાજકારણ વિષે અનેક પ્રશ્નો અમને પૂછ્યા. કૉંગ્રેસની સ્થિતિ કેવી છે, મહાત્માજી કયારે છૂટશે, હજી ધરપકડો થાય છે કે નહિ, વગેરે પ્રશ્નો પરથી એમનો ઉત્સાહ અને આગ્રહ જોઈને હું આશ્ચર્યચકિત બન્યો. સાંભળવામાં આવ્યું કે કયારેક કયારેક આલમોડાથી એમની પાસે દેશભરના ખબરો આવે છે. અંગ્રેજી રાજ્ય પ્રત્યેની એમની ઘૃણા એમણે સારી રીતે વ્યકત કરી.

નિશાળના ઝરૂખામાં અમારો સામાન અમે મૂક્યો. ઝરૂખાની પાસે જ થોડાં ફૂલઝાડ હતાં, પાસે છોકરાંઓને રમવા માટે ખુલ્લી જમીન હતી, ને પશ્ચિમ તરફ એક લાકડાનું કારખાનું હતું. ઝરૂખાની એક તરફ અમે ચૌદે જણાંએ આશરો લીધો. હજી કપડાં ને બિસ્તરા બધામાંથી પાણી ટપકતું હતું. એટલું નસીબ કે રસ્તા પરના પવનથી કપડાં થોડાં સૂકાયાં હતાં. સાંજનું અંધારું ઘેરું થવા લાગ્યું, બે ત્રણ ફાનસ સળગાવ્યાં. યાત્રીઓના સમૂહમાં રાણી અને દિદિમા બિચારાં કંટાળ્યાં. આજે ઘણા દિવસ પછી ઝોળામાંથી કાગળને કલમ બહાર કાઢી નોંધ લખવા બેઠો. કેટલા માર્ગો, કેટલીયે ઘટનાઓ, કેટલાં સંસ્મરણો જીવનબહારની વાતો લખી શકાય, પણ એની સર્વોત્તમ ક્ષણનાં દુઃખ અને આનંદને ભાષામાં ઉતારવાં એ બહુ કઠણ કામ છે. કલમ લઈને ઝરૂખાને એક ખૂણે હું બેઠો તો ખરો, પણ મને પહેલવહેલા આ જ વિચાર આવ્યા. મનમાં થયું શું લખું? લખું તોયે કેટલી વાત જણાવી શકું?

સાંજ પડી, પણ એક લીટી પણ કાગળમાં લખાઈ નહીં. હવે તો મારે રાંધવું પડશે. ચૌધરી સાહેબ મારા હાથની રસોઈ જમવાના હતા. ઝરૂખાને વટીને આવતી વખતે આજે સાંજે વળી પાછું પેલું ચિત્તને ચમત્કારિક લાગે એવું દૃશ્ય જોયું. જપ પૂરો કરીને નિર્વાક દૃષ્ટિથી જોતી રાણી બેઠી હતી. એના હાથમાં રુદ્રાક્ષની માળા હતી. ફાનસના અજવાળામાં એણે મારી સામે જોયું. પ્રસન્ન લાંબી આંખો. એ આંખોમાં સ્વપ્ન અને તંદ્રા હતાં. એ આંખો અડધી મીંચેલી હતી. જે નારીને હું રસ્તા પર જોઉં છું, જેને ઘોડા ઉપર બેઠેલી જોઉં છું, જેનું ખિલખિલાટ હાસ્ય, કંઠકલરવ, ને પ્રાણના ચાંચલ્યથી આખો રસ્તો સચકિત અને મુખર બની ઊઠે છે, તે આ માયાવી યોગિની નથી. આ તો એની સદંતર પરિવર્તિત પ્રતિકૃતિ છે. દેહથી પર એવે કોઈક ઠેકાણે એનું મન ગયું હતું. તેથી એ મને ઓળખી શકી નહિ. એની આંખ પર આંખ ઠેરવીને હું ઊભો હતો, પણ મારું મસ્તક ઢળી પડ્યું. મોઢું ફેરવીને પેલી તરફ જઈને મેં દીદીમાને કહ્યું, "તમારે માટે કંઈ લઈ આવવું છે?"

દિદિમાએ કહ્યું, "હા, ભાઈ. દુકાનમાં તો ચણાનું શાક ને પેંડા મળે છે, તો એ જ લઈ આવો. આ લો પૈસા. આ દેશમાં તો પેંડા લીધા સીવાય છૂટકો નથી."

થોડીવાર પછી પેંડા અને ચણાનું શાક લાવીને હું ઊભો રહ્યો ત્યાં રાણીએ કહ્યું, "મારા હાથમાં આપો. દિદિમા જપમાં બેઠાં છે."

મેં એના હાથમાં ખાવાનું આપ્યું. એણે હસતાં કહ્યું "મેની થેંકસ."

બીજે દિવસે આઠ વાગે ટ્વારીહાટ નામના નાના પહાડી શહેર આગળથી અમે પસાર થયા. બે તરફ બે રસ્તા હતા. એક આલમોડા તરફ જતો હતો, ને બીજો જતો હતો રાણીખેત. મેં રાણીખેતનો માર્ગ લીધો. પાસે જ ભૈરવનું એક પ્રાચીન મંદિર હતું. મંદિરની પાછળ એક વિશાળ મેદાન હતું, ને મેદાનના ઊંચાનીચા પ્રદેશની વચ્ચે પહાડી ગામ હતું. રસ્તો ધીમે ધીમે નીચે ઊતરતો હતો. આટલા દિવસ પછી આજે ગ્રામજીવી સ્ત્રી—પુરુષો જોવા મળ્યાં. કોઈના માથા પર લાકડાંની ભારી હતી, કોઈએ ઘાસનો ગાંસડો માથે ચઢાવ્યો હતો, તો કોઈએ ઘઉંની ગુણ પીઠપર લીધી હતી. કોઈ ઘોડાની પીઠ પર ચીજવસ્તુ લાદીને ચાલતા હતા. અમારા દલમાં બધા મળીને પાંચ ઘોડાઓ હતા. ચાર ઘોડાની પીઠ પર યાત્રીઓ હતા, ને એકની પીઠ પર સરસામાન હતો. એકની પાછળ એક એમ ઘોડાઓ ખટાખટ અવાજ કરતા ધૂળ ઉડાડતા ચાલતા હતા. ઘોડાઓ ઉપર જે જાતનો સાજસરંજામ હતો, ને તેમાંના એક ઉપર ડોશી જે હાસ્યાસ્પદ રીતે બેઠી હતી તે જોઈને મને થયું કે ઘોડા પર બેસવા જેવો શરમજનક વ્યાપાર આ દુનિયામાં બીજો કોઈ નથી. ડોશી તરફ જોઈને રાણી પોતાનું હસવું ખાળી શકતી નહોતી.

આજે તડકો ઘણો ત્રાસદાયક લાગતો હતો. ગરમીથી બધા થાકી ગયા હતા. પળે પળે ગળું સૂકાતું હતું. નહોતું ઝરણું કે નહોતું પાસે કોઈ જળાશય. ક્યાંય પાણીનું નામનિશાન નહોતું. કાલથી રીતસરનો પાણીનો ત્રાસ શરૂ થયો હતો. સૂકો, બોડો, ઝાડપાન વિનાનો પહાડ હતો. ક્યાંય છાયા નહોતી. ગરમ પવનની જોડે ચારેતરફથી ધૂળ ઊડતી હતી, અને એથી વાતાવરણ મેલું થઈ ગયું હતું.

પાણી! પાણી! પાણી વગર અમે હેરાનપરેશાન થઈ ગયા હતા. અનેક પ્રકારનું દુઃખ સહન કર્યું હતું, પણ પાણીનું દુઃખ તો આ પહેલવહેલું જ હતું. જો કોઈ એકાદ લોટો મને પાણી આપે તો આ ઝોળો ને કામળો એને આપી દઉં એમ મને થયું. ચાતકની જેમ તરસથી ઉત્કંઠિત થઈ ચારે બાજુ પાણી માટે નજર નાખતો હતો પણ ક્યાંય પાણી નજરે ચઢતું નહોતું. દશ માઈલ સુધી આ પાણીનો ત્રાસ હતો.

લગભગ બાર વાગે એક બે માળની ચટ્ટીમાં આવી પહોંચ્યો. ત્યાંથી દૂર પહાડની ઉપર રાણીખેત શહેર અસ્પષ્ટરૂપે દેખાતું હતું. ચટ્ટીમાં પહોંચતાં જ પાણીને માટે મેં દોડધામ કરી મૂકી, પાસે જ ખેતીની જમીન હતી. તે ઓળંગીને જો નીચે ઊતરીએ તો એક ઝરણું હોય એમ લાગતું હતું. પણ થોડો આરામ લીધા વિના મારાથી ચલાય એમ હતું નહીં. એટલે એક દુકાનમાં ગયો ને અંદર જઈને બેઠો. મારી ચાલવાની શકિત જાણે ખૂટી ગઈ હતી. માત્ર બેચાર જણ જ આવ્યા હતા. ને ચૌધરીસાહેબ તથા દિદિમાના માણસો આવ્યા હતા. રાણી દૂર બેઠી બેઠી મારી અવસ્થા ધ્યાનથી જોતી હતી. કોઈ કાંઈ બોલતું નહોતું. એવામાં જમીન પર જાતજાતનો ત્યાં સામાન પડ્યો હતો, એમાં મને કાંઈ ચકચકતું દેખાયું. મેં એને ઊંચકયું તો એક તાંબાનું પતરું હતું. તેના પર લક્ષ્મીનાં બે ચરણ કોતર્યા હતા. તરત જ મેં ઊઠીને એ તાંબાનું પતરું રાણીને ભેટ આપ્યું. લક્ષ્મીનાં ચરણ ચિહ્ન જોઈને એણે આદરથી એ પતરું લઈને પોતાની પાસે રાખ્યું. આમ સામાન્ય વસ્તુ અત્યારે અસામાન્ય બની ગઈ.

બહુ મહેનતે પાણી ભેગું કરીને તરસ છીપાવી. દિદિમા આવી ને

તેની પાસે વિજ્યાદિદિ રડતી રડતી આવી. થયું છે શું ? ખબર પડી કે એને પગને તળિયે પત્થરની ક્રચ વાગી હતી અને એને ઘણી પીડા થતી હતી, એ ચાલી શકે એમ નહોતું. વિજ્યાદિદિ પૂર્વ-બંગાળની ભાષામાં વિલાપ કરતી હતી. રાંધવાની તૈયારી કરવામાં અમે સૌ પડ્યાં.

બપોર નમવા આવ્યા એટલે ફરી યાત્રા શરૂ કરી. વિજ્યા-દિદિની દશા જોઈને રાણીએ પોતાનો ઘોડો એને આપી દીધો. આજે રાણીએ પહેલવહેલી પદયાત્રા શરૂ કરી. એના પગમાં જે દર્દ હતું, તે સામાન્ય હતું. એટલે બાકીનો રસ્તો તો એ ગમે તેમ કરીને કાપી શકે એમ હતું. આટલા દિવસ એણે પગમાં ચંપલ પહેર્યા હતાં. હવે એણે પાછા કેનવાસના સફેદ બૂટ પહેર્યા. રસ્તો આ વખતે થોડો થોડો ચઢાણનો હતો, એટલે ચાલવામાં કાંઈ મુશ્કેલી નહોતી. આજે સવા-રથી જ એની જોડે વાતચીતનો કાંઈ યોગ ખાતો નહોતો, કારણ ડાબાજમણી એની પર આંખોનો પહેરો હતો. કોઈ કશું બોલ્યા વિના એની ચોકી કરતી હતી. હવે એની પર હુકમ નહોતો, માત્ર પહેરો જ હતો. રાણી પણ જાણે કશું જ નથી એમ વાતો કરતી કરતી એની સંગીનીઓ જોડે ચાલતી હતી. મારી તરફ નજર કરવાનો પણ એને અવકાશ નહોતો. હું બધું સમજ્યો. હું પણ એની તરફ અખંડ ઉદાસીનતા બતાવીને આગળ આગળ ચાલતો હતો, જાણે રાણીને ઓળખતો જ નથી, રાણી વળી કોણ?

ગામમાંથી થઈને ભાંગ્યોતૂટ્યો, વાંકોચૂકો રસ્તો હતો, ત્યાં એક જૂનાં પાટિયાનું નાળું વટાવીને લગભગ ચાર વાગે અમે ગગારુમાં આવી પહોંચ્યા, ગગારુ એક જલાશયને તટે નાનું પહાડી શહેર છે. અમને પગપાળા જોઈને કેટલાક સ્થાનીય લોકો ઘોડા લઈને હાજર થઈ ગયા. ઘોડા જોઈને જ રાણી ટટ્ટાર થઈ ગઈ. એણે કહ્યું, " આટલું તો ચાલી, સમજ્યાને દિદિમા, પણ પાછું પગનું દર્દ ઉપડ્યું છે. સાચેસાચ મને શું થઈ ગયું છે?"

આ વખતે એક સફેદ રંગનો તેજી ઘોડો એણે પસંદ કર્યો. રાણીખેત સુધીનું ભાડું ફક્ત એક રૂપિયો હતું. એની જોડે એક ઘોડા-વાળો છોકરો જવાનો હતો. આ વખતે બહુ સરસ સવારીનો ઘોડો હતો. મને ઈશારાથી આગળ જવાનું કહીને એ ઘોડા પર બેઠી.

પછી સામે જ એક વિપુલ વિસ્તીર્ણ ચઢાણ હતું. જોતાંવેંત મને તો બીક લાગી. પણ આ આખરી ચઢાણ છે, ને આ આખરી પહાડ છે, ને આ પાર કર્યો કે આપણને મુક્તિ મળી ગઈ, એ જાણ્યું ત્યારે જરા સ્વસ્થતા અનુભવી. રસ્તાની ચૂડમાંથી છૂટશું એ વિચારે આનંદ પ્રગટાવ્યો. હવે રસ્તાને અમારે વિદાય આપવી પડશે એથી દુઃખ પણ થતું હતું. શા માટે આ આનંદ ને દુઃખનો હિંડોળો મને આનંદદાયક લાગતો હતો ? મને મળ્યું શું, ને હું ગુમાવીશ શું ?

હવે માત્ર સામાન્ય છ માઈલનો રસ્તો હતો. થોડે દૂર આગળ ગયો, તો ત્યાં જઈને જોઉં છું તો સમજાયું કે જરા મહેનત વધારે પડે, પણ જો સીધેસીધા જઈએ તો રસ્તો ઘણો ટૂંકો થઈ જાય. મેં એ પ્રમાણે કર્યું. સખ્ત ગરમીની કશી પરવા કર્યા વિના જે રીતે ગરોળી દિવાલ પર ચઢે એ પ્રમાણે પર્વત પર ચઢયો ને અર્ધા કલાક પછી પહાડના શિખર પર આવી પહોંચ્યો. બીજા યાત્રીઓને આ રસ્તાની ખબર નહોતી, એટલે એ લોકો ઘણા પાછળ રહી ગયા હતા. આનું નામ જ ચાલાકીથી રસ્તાની ચોરી કરવી. જે લોકો એમ માને છે કે હું જ બધાની પાછળ છું, તેઓ છેવટે જોશે કે હું જ બધાથી આગળ છું. રસ્તા પર એક મોટા પર્વત પર ઊભા રહીને મેં થોડો સમય આરામ લીધો. મેં ધાર્યું હતું તેમજ થયું. રાણી એના સફેદ તેજી ઘોડાને દોડાવતી આવતી હતી. મારે ખભે એક લાલરંગનો ટુવાલ હતો, તે ઊંચકીને ફરફરાવ્યો, એટલે એની દૃષ્ટિએ હું પડયો. મેં લાલધજાનું સિગ્નલ આપી દીધું. ઘોડાને ખૂબ દોડાવતી દોડા-વતી તે મારી પાસે આવી પહોંચી. આવતાં જ હસતાં હસતાં એણે કહ્યું "આ વખતે એ લોકો ખૂબ ફસાયા છે, એ લોકો તો માને છે કે તમે ઘણા પાછળ છો. ઓ! તમે તો હાંફો છો ને ? પણ ઊભા રહેવાથી કંઈ વળવાનું નથી, ચાલો. જોયુંને ? આ વખતે મને કેવો સરસ ઘોડો મળ્યો છે તે? મને એમ થાય છે કે એને ઘેર લઈ જાઉં." એક નિસાસો નાખીને તે ફરી બોલી, છેવટનો રસ્તો ખૂબ આનંદથી કાપ્યો એ કદી નહિ ભૂલાય."

ચાલતાં ચાલતાં એણે ફરી પાછું કહ્યું, "પગમાં હવે જરાય દુઃખતું નથી. આટલો રસ્તો તો હું સહેલાઈથી ચાલી શકત. પણ તો પછી તમારી જોડે વાત થઈ શકત નહીં. સારે નસીબે ઘોડો મળી ગયો."

બપોરનો તડકો નરમ પડતો હતો. ચીડવૃક્ષોનાં ઘનજંગલની અંદર તેનો ઘોડો ચાલતો હતો. ચારે તરફ એક પ્રકારની પ્રશાંત નીર-વતા હતી. કયારેક કયારેક પવન વાતો હતો. એ પવન અરણ્યનો મર્મરધ્વનિ નહોતો, એ ચીડવનનો દીર્ઘ નિશ્વાસ હતો. એમાં સ્પષ્ટ વેદનાની ઝલક હતી. અમારી આ અસ્થાયી મૈત્રી તરફ નજર નાંખીને કાળદેવતા જાણે કરુણ નિશ્વાસ નાખતો હતો. આજે સવાર-થીજ ક્ષણે ક્ષણે એક પ્રકારનો વિદાયનો સૂર સંભળાતો હતો. અમે પરસ્પરના હૃદયને સ્પર્શ કરી શક્યા હતા, એને વિચ્છિન્ન કરવાનો વખત આવી પહોંચ્યો હતો. અમારું મિલન સાહજિક હતું ને સહજ રીતે અમે છૂટા પડવાનો પ્રયત્ન કરતા હતા. એ વાતનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી, કે અમારી વચ્ચે એક પ્રકારના સુસ્પષ્ટ મમ-ત્વબોધનું બંધન સર્જાયું હતું અને આવનાર વિદાયનો આભાસ તેને આઘાત પહોંચાડતો હતો. અમને ખબર હતી કે અમારા આ પરિચયને વિશેષ ઘનિષ્ટ દૂરની ઉત્તુંગ પર્વતમાળા, આ નદી, આ અરણ્યની હારમાળા કરતા હતા. જો પાછળ વિશ્વપ્રકૃતિની પટભૂમિ ન હોત તો, અમે એકબીજાને આટલી નિકટતાથી ઓળખી શક્યાં ન હોત. એણે મૃદુકંઠે કહ્યું, "તમારે માટે મેં અનેક ચોરી કરી છે, પણ એને માટે મારા મનમાં જરાય ગ્લાનિ નથી. તમારી જોડે છેલ્લા થોડા દિવસો વીત્યા તે મારા જીવનમાં આ જપમાળાના રુદ્રાક્ષની જેમ જડાયલા રહેશે."

અનુવાદક : મૂળ બંગાળી :
ડૉ. ચંદ્રકાંત મહેતા પ્રબોધકુમાર સન્યાલ

આત્માનું આત્મા સાથે મિલન

વિશ્વકવિ રવીન્દ્રનાથ ઠાકોરને કોણ નથી ઓળખતું? 'ગીતાં-જલિ' કાવ્ય વિશે એમને 'નોબેલ પ્રાઈઝ' મળતાં એ વિશ્વ-વિખ્યાત વ્યકિત બની ચૂકેલા છે.

એમને મળવા માટે ગાંધીજીથી માંડીને સી. એફ. એન્ડ્રુઝ સુધીના લોકો આવતા તો બીજી બાજુએ કિસાનથી માંડીને પટા-વાળા સુધીના લોકોયે આવતા. શાન્તિનિકેતન અને વિશ્વભારતી વિશ્વવિદ્યાલયે એમની નામના ચોમેર ફેલાવી દીધી હતી.

એક વાર એક મેલાંઘેલાં કપડાંવાળી, પાગલ જેવી બાઈ એમને મળવા આવી. પટાવાળાએ આ પછાત, ગંદી અને અછૂત સ્ત્રીને કવિ પાસે ન જવા દીધી. એટલે પેલી બાઈએ એક વૃક્ષ નીચે, બરાબર મહાલયની સામે જ મૂકામ નાખ્યો. કવિતાની મસ્તીમાં કવિવર પોતાના મકાનની અગાસીમાં ટહેલી રહ્યા હતા. પેલી બાઈ આ બધું ખૂબ ભકિતપૂર્વક જોતી હતી.

દરવાન કોઈ કારણે આમ તેમ આઘોપાછો થતાં જ પેલી ગાંડીએ તો તતડાવીને દોટ મૂકી અને દાદર મારફતે અગાસીમાં પહોંચી ગઈ. જેમ ભકતને ભગવાન મળતાં પ્રસન્ન થઈ ઊઠે છે તેમ આ ગાંડીને પોતાનો ગિરિધારી મળતાં જ ભેટી પડી અને ભાવવિભોર બની ગઈ. આ સહૃદયીના મંગલ સ્પર્શથી કવિ ઉન્નત અવસ્થામાં મસ્ત બની ગયા.

કોઈએ પાછળથી રવીન્દ્રનાથને પૂછ્યું, " જ્યારે તમને એ બાઈ ભેટી પડી ત્યારે એનાં મેલાં કપડાં, ગંદા વાળ અને અસ્વચ્છ શરીરમાંથી બદબો આવી ન હતી?" ત્યારે કવિવર ટાગોર સુન્દર જવાબ દીધેલો, " મને એ બધાની યાદ નથી. એ તો આત્માનું આત્મા સાથે મિલન હતું. સહૃદયતામાં આત્માની સુવાસ હોય છે. સૌન્દર્ય એ સ્થૂલ વસ્તુ નથી. એ તો આત્માની અમર કલા છે."

કિશોર

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧, ૧૯૬૭, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ભગવાન મહાવીર

(મહાવીર જયન્તી તા. ૨૨-૪-૬૭ના રોજ ઑલ ઈન્ડિયા રેડિયો, મુંબઈ કેન્દ્ર ઉપરથી પ્રસારિત કરવા માટે ૧૫ મિનિટમાં પૂરો થાય એવો ભગવાન મહાવીર ઉપર વાર્તાલાપ તૈયાર કરવાનો હતો. તે માટેના લખાણમાં મનમાં ધારેલા મુદ્દાઓ સમાવવા જતાં લખાણ લંબાઈ ગયું, તેને નિયત સમય પૂરતું ટૂંકાવીને ઑલ ઈન્ડિયા રેડિયોને પહોંચાડયું અને વખતસર પ્રસારિત થયું. પેલું મૂળ લખાણ, ભગવાન મહાવીર વિષેના ચિન્તનમાં ઉપયોગી થશે એમ સમજીને, નીચે રજૂ કરવામાં આવે છે. **પરમાનંદ**)

આજે જૈન ધર્મના પ્રણેતા ભગવાન મહાવીરનો જન્મદિવસ છે. તેમની જન્મજયંતી આજે ભારતભરમાં સ્થળે સ્થળે ઉજવાઈ રહી છે. તેમનો જન્મ આજથી ૨૫૬૫ વર્ષ પહેલાં બિહારમાં આવેલી વૈશાલીનગરીમાં થયો હતો. તેમના પિતાનું નામ રાજા સિદ્ધાર્થ; માતાનું નામ રાણી ત્રિશલા. રાજા સિદ્ધાર્થને બે પુત્રો અને એક પુત્રી હતાં. મોટા પુત્રનું નામ નંદિવર્ધન, નાના પુત્રનું નામ વર્ધમાન, જે સમય જતાં તેમના અસાધારણ પરાક્રમ અને જીવનપુરુષાર્થના કારણે મહાવીરના નામથી જગવિખ્યાત બન્યા.

સમૃદ્ધિભર્યા જીવન વચ્ચે માતાપિતાનો લાડકોડભર્યો ઉછેર પામતાં, વર્ધમાન મોટા થવા લાગ્યા; વિદ્યાસંપન્ન બન્યા; શસ્ત્રઅસ્ત્ર-વિદ્યામાં કુશળ બન્યા. ધર્મગ્રંથોમાં તેમના નામે તેમની બાળવયમાં અનેક પરાક્રમો નોંધાયાં છે. અનેક રાજકુમારોમાં પોતાની અનોખી તેજસ્વીતાના કારણે તેઓ જુદા તરી આવતા હતા. સમય જતાં રાજપુત્રી યશોદા સાથે તેમનું લગ્ન થયું. તેનાથી તેમને પ્રિયદર્શના નામની પુત્રી પ્રાપ્ત થઈ. આ પ્રિયદર્શનાનું ભગવાન મહાવીરની બહેન સુદર્શનાના પુત્ર જમાલી સાથે લગ્ન થયું. ૨૮ વર્ષની વયે ભગવાનના માતાપિતાનું અવસાન થયું. જીવનના પ્રારંભથી તેમનામાં એક પ્રકારની વિરકિત પેદા થઈ હતી. સામાન્ય માનવી સંસારમાં—જીવનના ભોગવૈભવમાં—અનુરકત હોય છે. આવી કોઈ અનુરકિત તેમનામાં હતી નહિ. તેમનું મનન ચિન્તન કેવળ આત્મલક્ષી હતું, તત્ત્વના સીમાંકારને તેમનું દિલ ઝંખતું હતું. સંસાર છોડીને આત્મ-સાધનાના તરફ વળવા તેઓ અત્યન્ત ઉત્સુક હતા. પણ માતાપિતાના તેમની ઉપરના અગાધ વાત્સલ્યના કારણે, તેમની હયાતી સુધીમાં આવું કોઈ પગલું ભરતાં માતાપિતા માટે જીવન અસહ્ય બની જશે એમ સમજીને, તેઓ સંસારી જીવનને વળગી રહ્યા. માતાપિતાના અવસાન બાદ મોટા ભાઈ નંદિવર્ધનના અતિ આગ્રહને વશ થઈને બીજાં બે વર્ષ તેઓ રોકાયા. પણ આ બે વર્ષ તો તેમણે આગામી કઠોર તપસ્યામય જીવનની તૈયારીમાં જ ગાળ્યા અને એક વ્રતધારી ઉપદેશ જીવનચર્યા સ્વીકારી. પોતાની સર્વ ધનસંપત્તિનું ધનની [illegible] લોકોમાં વિતરણ કરી દીધું અને ૩૦ વર્ષની ઉંમરે [illegible] વદ ૧૦ ના રોજ તેમણે પંચમહાવ્રતરૂપ ચારિત્ર્ય—[illegible] દીક્ષા ગ્રહણ કરી. ભોગવૈભવ છોડીને સંપૂર્ણપણે અપરિગ્રહી બનેલા એવા ભગવાન મહાવીરે ભીક્ષાવૃત્તિ સ્વીકારી; પગપાળા [illegible] શરૂ કર્યો; એક સ્થળેથી બીજા સ્થળે તેઓ વિચરવા લાગ્યા; [illegible] વિનાના કષ્ટો પરિસહો, ઉપસર્ગો તેઓ સહન કરવા લાગ્યા.* નાની મોટી મુદતના ઉપવાસો કરતે કરતે આત્મધ્યાનમાં લીન રહીને દિવસો, મહિનાઓ, વર્ષો તેઓ વીતાવવા લાગ્યાં. ચોમાસું આવે ત્યારે તેઓ મોટા ભાગે કોઈ એક સ્થળે સ્થિર બનીને ચારે માસ તપ, ચિંતન, તેમ જ ધ્યાનમાં વ્યતીત કરતા; બાકીનો સમય તેઓ સતત વિહારમાં ગતિશીલ રહેતા. તરેહ તરેહના ઉપદ્રવોના તેઓ ભોગ બનતા. કોઈ સ્થળે સન્માન પામતાં તો કોઈ સ્થળે અપમાન સહી લેવા પડતા. બાર વર્ષના આ તેમના સાધનાકાળ દરમિયાન મોટા ભાગે તેઓ મૌનપરાયણ રહેતા; કોઈને તેઓ કદિ ઉપદેશ આપતા નહિ. કદિ કદિ તેઓ અમુક અભિગ્રહ ધારણ કરતા. અભિગ્રહ એટલે કે અમુક સરતો પુરી ન થાય ત્યાં સુધી આહાર ગ્રહણ ન કરવો અને આવો અભિગ્રહ પૂરો થતાં મહિનાઓ નીકળી જતા. કથાકાર કહે છે કે તેમના સાધનાકાળ દરમિયાન ઓછામાં ઓછા ત્રણ દિવસના અને વધારેમાં વધારે છ મહિનાના એવા પરંપરાબદ્ધ ઉપવાસ તેમણે કરેલા. અજાણ્યા પ્રદેશોમાં તેઓ જતા ત્યારે તેમને અન્ય કોઈ રાજ્યના જાસુસ સમજીને સ્થાનિક સલામતીરક્ષકો ખૂબ રંજાડતા, પરેશાન કરતા. આ બધું સમભાવે સહન કરતાં કરતાં, એક સ્થળેથી બીજા સ્થળે વિહાર કરતાં કરતાં, આપાપા નગરીથી જૃંભિક ગામે આવ્યા અને તે ગામને પાદરે આવેલી ઋજુવાલુકા નદીના કિનારે એક શાલ વૃક્ષની નીચે સ્થિર થયા, ધ્યાનસ્થ થયા. તેમને છ ટંકના નિર્જળા ઉપવાસ હતા. વૈશાખ શુદ ૧૦ દિવસનો હતો, અને ચંદ્રનો ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ થયો હતો. ઉત્કૃષ્ટ પ્રકારના શુકલ ધ્યાનમાં ભગવાન મહાવીરની સ્થિતિ હતી. અને તેથી જ કોઈ જીર્ણ દોરી જેમ તત્કાળ તૂટી જાય તેમ તેમના આત્મા ઉપરનાં ચાર ઘાતી કર્મોનાં બંધન અચાનક તૂટી ગયાં અને દિવસના ચોથે પહોરે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ જ્ઞાનને શાસ્ત્રકારોએ સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાહત, નિરાવરણ, આનન્ત અને સર્વોત્તમ એવાં વિશેષણોથી વર્ણવ્યું છે. આ જ્ઞાનને આપણે વસ્તુતત્ત્વના પારગામી દર્શન તરીકે ઓળખી શકીએ. આથી તેઓ સાધક—છદ્મસ્થ મટી અર્હંત, જિન, કેવળી, સર્વજ્ઞ, તથા સર્વભાવદર્શી બન્યા. આના પરિણામે તેઓ વિશ્વના મહાન માર્ગદર્શક—પથપ્રદર્શક—બન્યા. ત્યાર બાદ તત્કાલીન જગતના લોકોને તેમણે જે માર્ગદર્શન આપ્યું તેના મર્મને સમજવા માટે તત્કાલીન સામાજિક પરિસ્થિતિની જાણકારી જરૂરી બને છે.

એ સમયની જનતાની સમસ્યા રાજકીય કે આર્થિક નહિ પણ વિશેષતઃ સામાજિક તથા ધાર્મિક હતી. એ વખતના સમાજ ઉપર

બ્રાહ્મણ વર્ગનું અસાધારણ પ્રભુત્વ હતું. સમાજ ચાર વિભાગમાં – વર્ણમાં – વહેંચાયલો હતો: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ ચાર વર્ગમાં ઉપરના વર્ગ કરતાં નીચેનો વર્ગ સામાજિક પ્રતિષ્ઠામાં ઉતરતો લેખાતો. આમ માનવી માનવી વચ્ચે ઊંચા નીચાનો ભેદભાવ એ વખતના સમાજમાં સર્વત્ર વ્યાપેલો હતો. પુરુષ અને સ્ત્રીમાં પણ સ્ત્રીનો દરજ્જો ઊતરતો અને હલકો ગણાતો. વળી સામાન્ય જનતા વૈદિકધર્મને બહુધા અનુસરનારી હતી. ધર્મગ્રંથોમાં વેદનું સ્થાન સર્વોપરી હતું અને વેદને અપૌરુષેય એટલે કે ઈશ્વરનિર્મિત ગણવામાં આવતા. યજ્ઞનું પણ એ સમયમાં અસાધારણ મહત્ત્વ હતું. આ યજ્ઞોમાં સંખ્યાબંધ પશુઓનાં બલિદાન આપાતાં અને એમાં ધાર્મિકતાની પરિપૂર્તિ માનવામાં આવતી. તરેહતરેહના ધાર્મિક ક્રિયાકાંડો તરફ લોકજીવનનો વધારે ઝોક હતો અને ચારિત્ર્યશુદ્ધિ લગભગ ઉપેક્ષિત હતી. વળી અનેક દેવ-દેવીઓની ઉપાસના એ વખતે ચોતરફ પ્રચલિત હતી. અંધશ્રદ્ધા, અજ્ઞાન, જડતા અને વહેમોથી લોકજીવન અસ્વસ્થ, બોકળ અને સ્થગિત હતું.

આવી પરિસ્થિતિ વચ્ચે, ઉપર જણાવ્યા મુજબ, વસ્તુતત્ત્વનું પરમદર્શન પ્રાપ્ત કર્યા બાદ, ભગવાન મહાવીરે પોતાના ધર્મકાર્યનો પ્રારંભ કર્યો. લોકોને ધર્મતત્ત્વ અંગે–જીવનતત્ત્વ અંગે–સાચી સમજણ આપવાના હેતુથી ભગવાન મહાવીરે ઉપદેશનો પ્રવાહ વહેતો કર્યો.

તેમણે હાથ ધરેલી સમસ્યાઓમાં કેટલીક તત્કાલીન હતી; કેટલીક સનાતન હતી. એ વખતના વર્ણવિભાજિત સમાજ સમક્ષ માનવી માત્ર સમાન છે, પ્રત્યેક માનવી ધર્મપરાયણ જીવન જીવવાનો અને અન્તિમ ધ્યેય મોક્ષનો અધિકારી છે, જન્મથી કોઈ ઊંચો નથી કે કોઈ નીચો નથી, ઊંચાનીચાપણું માત્ર શુભાશુભ કર્મના પરિણામે પ્રાપ્ત થાય છે–આવા સમાનતા અને ગુણવત્તા ઉપર આધારિત સમાજની તેમણે જોરદાર રજૂઆત કરી. આ રીતે જાતિવાદને અને તે સાથે સંકળાયલા બ્રાહ્મણવર્ગના સર્વોત્કૃષ્ટ સ્થાનને તેમણે પડકાર્યો, એટલું જ નહિ પણ, મેતારજ અને હરિકેશી જેવા અસ્પૃશ્ય લેખાતા ચાંડાળને દીક્ષા આપીને – અપનાવીને – તત્કાલીન સમાજરૂઢ અસ્પૃશ્યતાને તેમણે ઠોકર મારી. मित्ति मे सव्व भूएसु, वेरं मज्झ न केणई– આવી વિશ્વવ્યાપી મૈત્રીની તેમણે પ્રરૂપણા કરી.

આવી જ રીતે એ વખતના સમાજમાં ઊતરતો દરજ્જો ધરાવતી સ્ત્રીજાતિને તેમણે પુરુષસમાન દરજ્જો આપ્યો, એટલું જ નહિ, પણ સ્ત્રીને સંન્યાસદીક્ષાની અધિકારી બનાવી. ચંદનબાળા નામની રાજકુમારી તેમની પ્રથમ દીક્ષિત સાધ્વી બની અને તેની પાછળ અનેક સ્ત્રીઓએ શ્રમણધર્મનો અંગીકાર કર્યો.

આવી જ રીતે ભગવાન મહાવીરે વેદની કહેવાતી અપૌરુષેયતાનો ઈનકાર કર્યો, એટલું જ નહિ પણ, ધર્મગ્રંથ તરીકે તેના સર્વોત્કૃષ્ટપણાનો પણ અસ્વીકાર કર્યો. વેદના શબ્દપ્રામાણ્યને અમાન્ય જાહેર કર્યું. શ્રદ્ધાના સ્થાને બુદ્ધિને, તર્કને, સદ્‌અસદ્ વિવેક દાખવતી પ્રજ્ઞાને પ્રતિષ્ઠિત કરી. युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रह : આ સૂત્રને તેમણે આગળ કર્યું.

આ વિવેકવિચારનો આધાર લઈને તેમણે યજ્ઞોમાં થતી પશુહિંસાનો સખ્ત વિરોધ કર્યો. અનિવાર્ય કારણે કોઈ હિંસા કરે એ જુદી વાત છે, પણ ધર્મના નામે અને ધર્મને આગળ ધરીને યજ્ઞમાં અપાતાં બલિદાનો કોઈ પણ અંશમાં ધાર્મિક બની ન જ શકે, અને તેથી તેવા યજ્ઞો દ્વારા સુખ મળે, વૈભવ મળે, સ્વર્ગ મળે–આવી બધી કલ્પનાઓને કોઈ સત્યનો આધાર હોઈ ન જ શકે – આવો વિચાર તેમણે તે વખતના ધાર્મિક સમાજ સામે સુદૃઢપણે રજૂ કર્યો. મહાવીરના સમયની પરિસ્થિતિનો વિચાર કરતાં તેમણે રજૂ કરેલા આ વિચારો કેવળ ક્રાન્તિકારી લેખાય. આ કારણે તેમણે તત્કાલીન બ્રાહ્મણ વર્ગનો–સ્થિતિચૂસ્ત સમાજનો–સખ્ત વિરોધ નોતર્યો.

જ્યારે જ્યારે આવી ક્રાન્તિકારી વિભૂતિઓ આ વિશ્વના ફલક ઉપર નિર્માણ થાય છે, ત્યારે ત્યારે તે તે કાળની પરિસ્થિતિના સંદર્ભમાં તેઓ નવાં જીવનમૂલ્યો આપે છે, પરિવર્તનકારી નવા વિચારો આપે છે, જેમાંનું કેટલાકનું મૂલ્ય તત્કાલીન હોય છે, કેટલાકનું મૂલ્ય ચિરકાલીન હોય છે. ભગવાન મહાવીરે તત્કાલીન સમાજને અનુલક્ષીને જે માર્ગદર્શન આપ્યું તેનું આપણે સંક્ષેપમાં વિવરણ કર્યું. હવે ચિરકાલીન મૂલ્ય ધરાવતી તેમણે જે વિશિષ્ટ વિચારસરણી જગતને આપી તેનો વિચાર કરીએ.

જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરોની એક પરંપરા સ્વીકારવામાં આવી છે. તેમાંના પહેલા તીર્થંકરનું નામ ઋષભદેવ છે. તેમનું અસ્તિત્વ પ્રાગૈતિહાસિક કાળ સાથે જોડાયેલું છે. ઐતિહાસિક કાળ સાથે જેમનો સંબંધ છે તે ભગવાન પાર્શ્વનાથ જૈનોના ૨૩ મા તીર્થંકર છે અને તેમની પછી ૨૫૦ વર્ષ બાદ થયેલા ભગવાન મહાવીર જૈનોના ૨૪ મા તીર્થંકર છે. મહાવીરના માતાપિતા પાર્શ્વનાથની પરંપરાના અનુયાયી હોવાનો શાસ્ત્રોલ્લેખ છે. પાર્શ્વનાથનો ધર્મ ચતુર્યામ ધર્મના નામે ઓળખાતો હતો. આ ચતુર્યામ એટલે અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ. સ્ત્રી પણ મિલ્કત અને ભોગવટાની વસ્તુ હોય એવા કોઈ ખ્યાલથી બ્રહ્મચર્યનો અપરિગ્રહ વ્રતમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ભગવાન મહાવીરને આ વિચારણા અધુરી–અપર્યાપ્ત–લાગી. બીજી માલમિલ્કત માલેકી ધરાવવાની અને સ્ત્રીપુરુષના જાતીય તત્ત્વ સાથે જોડાયલી પરસ્પરને ભોગવવાની કામવાસના–આ બન્ને એકમેકથી અલગ અને સ્વતંત્ર બાબતો છે. તેથી સંયમપ્રધાન એવા જૈનધર્મની વિચારણામાં બ્રહ્મચર્યની ઉપાસનાને એક સ્વતંત્ર સ્થાન આપવું ઘટે એમ વિચારીને તત્કાલ–પ્રચલિત ચાર વ્રતમાં ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય નામના પાંચમા વ્રતનો ઉમેરો કર્યો. આ રીતે પાંચ મહાવ્રતની કલ્પના ઉપર જૈનધર્મની ઈમારત રચવામાં આવી.

આ પાંચ મહાવ્રતનો હેતુ શું છે? વ્યકિત અને સમષ્ટિના પરસ્પર આધારિત જીવનને સંવાદી–સુમેળવાળું–બનાવવું અને સમષ્ટિના જીવનને બાધ ન આવે એ રીતે વ્યકિતનો આધ્યાત્મિક ઉત્કર્ષ સાધવો એ તેનો પાયાનો હેતુ છે. બીજી રીતે વિચારીએ તો ધર્મમાત્રનો આશય વ્યકિત અને સમાજનું–એકમેકના હિતને બાધ ન આવે તે રીતે–ધારણપોષણ કરવું તે છે અને આવા ધારણપોષણ માટે ઉપર જણાવેલ પાંચ વ્રતોનું શકય તેટલું પાલન દરેક વ્યકિત માટે આવશ્યક અને અનિવાર્ય છે. તેના અભાવમાં વ્યકિત અનિયંત્રિત બની જાય અને સમાજમાં અરાજકતા વ્યાપી જાય.

આ પાંચ વ્રતમાં પણ ભગવાન મહાવીરે અહિંસાને સૌથી વધારે મહત્ત્વ આપ્યું અને બાકીના ચાર વ્રતો પણ અહિંસા ધર્મના પૂરક હોઈને મહત્વના છે એમ તેમણે જણાવ્યું. મને જેમ મારું જીવન પ્રિય છે તેમ અન્યને તેનું જીવન એટલું જ પ્રિય હોય છે, અને તેથી એકમેકના જીવનનો આદર કરવો એવી પરસ્પર અપેક્ષા ઊભી થાય છે. આમ હોઈને અન્ય કોઈ જીવને પીડા આપવાનો–તેના પ્રાણની હાનિ કરવાનો–મને કોઈ અધિકાર નથી એમ નિષ્પન્ન થાય છે અને તેથી સમગ્ર જીવસૃષ્ટિના જીવનને બાધ ન આવે એવી રીતે મારે જીવવું જોઈએ, વર્તવું જોઈએ. આનું નામ છે અહિંસાધર્મ. આ રીતે વિચારાયલો અહિંસાધર્મ માત્ર માનવસમાજ પૂરતો સીમિત થઈ ન શકે. જીવસૃષ્ટિની અંતિમ સીમા સુધી–જેમાં વનસ્પતિનો પણ સમાવેશ થાય છે ત્યાં સુધી–આ અહિંસાવિચારને લંબાવવો જોઈએ, લાગુ પાડવો જોઈએ, તદનુસાર માનવીએ પોતાના આચરણને ઘડવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે અહિંસાવિચારને એક બાજુએ ભગવાન મહાવીરે અસીમ વ્યાપ્તિ આપી અને બીજી બાજુએ માનવીના સમગ્ર આચારને–માનસિક, વાચિક તેમ જ કાયિક આચારને–અહિંસાવિચારથી વણી લીધા. આ પરંપરાપ્રાપ્ત અહિંસાવિચાર જે મોટા ભાગે વ્યકિતગત આચાર સાથે સંબંધ ધરાવતો હતો તેને સમાજ અને રાષ્ટ્રના પ્રશ્નો સાથે સાંક-

ળીને ગાંધીજીએ આપણને એક નવું જ પરિમાણ આપ્યું છે અને આજની વિશ્વવ્યાપી કટોકટીમાં અહિંસાને સમગ્ર માનવીજીવનમાં અપનાવ્યા સિવાય બીજો કોઈ તરણોપાય છે જ નહિ એમ હવે સૌ કોઈ વિચારકો સ્વીકારી રહ્યા છે.

આ જીવનવ્યાપી અહિંસાવિચાર એ આજના યુગને ભગવાન મહાવીરની અમૂલ્ય દેણગી છે.

આ જ અહિંસાનો પૂરક એવો અનેકાન્તવાદ ભગવાન મહાવીરે આપેલો બીજો મહત્ત્વનો વિચાર છે. કોઈ પણ વસ્તુનું જુદા જુદા દૃષ્ટિબિન્દુથી અવલોકન કરવું કે કથન કરવું તેને અનેકાન્તવાદ અથવા સ્યાદ્‌વાદ કહે છે. એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓથી સંગત થઈ શકતા જુદા જુદા–પરસ્પરવિરુદ્ધ દેખાતા–ધર્મોનો પ્રામાણિક સ્વીકાર એ સ્યાદ્‌વાદ છે. જેવી રીતે એક જ પુરુષમાં પિતા–પુત્ર, કાકો–ભત્રીજો, મામો–ભાણેજ, સસરો–જમાઈ વગેરે પરસ્પર–વિરુદ્ધ લાગતા વ્યવહાર ભિન્ન ભિન્ન સંબંધની ભિન્ન ભિન્ન અપેક્ષાએ સંગત થતા હોઈને માનવામાં આવે છે, તેવી રીતે એક જ વસ્તુમાં–સ્પષ્ટીકરણ માટે એક વિશેષ વસ્તુ ઉઠાવીને કહીએ તો–એકજ ઘટમાં–નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે વિરુદ્ધરૂપે ભાસતા ધર્મો જુદી જુદી અપેક્ષાદૃષ્ટિએ સંગત થતા હોઈને સ્વીકારી શકાય છે. આમ, એક વસ્તુમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિએ સંમત થઈ શકે તેવા ભિન્ન ભિન્ન ધર્મોનો સ્વીકાર કરવો એ સ્યાદ્‌વાદ અથવા અનેકાન્તવાદ છે. આ જ તત્ત્વને નયવાદ, સપ્તભંગી, અપેક્ષાવાદ અથવા તો સમન્વયવાદ–આવાં નામોથી ઓળખવામાં આવે છે.

અહિંસાવિચારને માનવીના હૃદયના કંપન સાથે સંબંધ છે. અનેકાન્તને માનવી બુદ્ધિમાં પેદા થતા તર્ક સાથે સંબંધ છે. એકમાંથી પ્રેમ અને કરુણા નિર્માણ થાય છે; અન્યમાંથી બૌદ્ધિક ઉદારતા અને ખેલદિલી નિષ્પન્ન થાય છે. આજે જેટલી જરૂર અહિંસાવૃત્તિની છે તેટલી જ જરૂર અનેકાન્ત દૃષ્ટિની છે. માત્ર પરમતસહિષ્ણુતા નહિ પણ સર્વધર્મસમાદર અનેકાન્ત દર્શનની ફલશ્રુતિ છે. આજે ચોતરફ અસહિષ્ણુતા, પોતાના વિચારો અન્ય ઉપર લાદવાનો આગ્રહ, અને પ્રકાર પ્રકારના અભિનિવેશો માનવીના દિલ અને બુદ્ધિને ગુંગળાવી રહ્યા છે. તેમાંથી બચવાનો–ઊંચે આવવાનો–ઉપાય અનેકાન્તદૃષ્ટિ–સમન્વયની ભાવના–છે.

ભગવાન મહાવીરની વિચારસરણીનો ત્રીજો મહત્ત્વનો મુદ્દો અપરિગ્રહનો છે. પરિગ્રહવાદ એટલે મૂડીવાદ–મિલ્કતવાદ. આજના સર્વ અસંતોષનું અને સંઘર્ષનું મૂળ અમર્યાદિત પરિગ્રહવૃત્તિમાં રહેલું છે. પરિગ્રહપ્રમાણ સંકોચતા જવું અને પોતાનું જે કોઈ હોય તે અન્ય સાથે વિભાજિત કરીને ભોગવવું એવા વિચારમાંથી માલ-મિલ્કતના ન્યાયપૂર્વકના વિતરણ ઉપર આધારિત સમાજવાદનો જન્મ થયો છે. અહિંસાની માફક અપરિગ્રહનો જે વિચાર વ્યક્તિગત હતો તેને આ રીતે આજે સામાજિક રૂપ આપવામાં આવ્યું છે.

ભગવાન મહાવીરની તાત્વિક વિચારસરણી સંબંધે થોડું વિવેચન અહિં અસ્થાને નહિ ગણાય. જૈન દર્શન શરીરથી અલગ એવા આત્મતત્વને અને કર્મબંધના કારણે થઈ રહેલા તેના ભવભ્રમણને સ્વીકારે છે. હિંસા કર્મબંધનું મૂળ છે. બંધાયેલાં કર્મો નષ્ટ થાય અને નવાં કર્મો બંધાતાં અટકે તે સાથે જીવના ભવભ્રમણનો અંત આવે છે અને જીવાત્મા મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ સંસાર અનાદિ અનંત છે. તેનો નથી કોઈ કર્તા કે સંહર્તા. પ્રારબ્ધકર્મનાં ફળ પ્રસ્તુત ભવમાં જીવ ભોગવે છે અને નવાં કર્મોના બંધ સાથે તેનું ભાવી નિર્માણ થાય છે. પોતાના સુખ દુઃખનો–ઉત્કર્ષ અપકર્ષનો–કર્તાહર્તા જીવ પોતે જ છે. આ રીતે સુખ દુઃખના નિર્માતા ઈશ્વરનું સ્થાન માનવીનો પુરુષાર્થ લે છે.

ભગવાન મહાવીરના જીવનમાં અને જૈન વિચારસરણીમાં તપને અત્યન્ત મહત્ત્વનું સ્થાન મળેલું છે. તપથી કર્મોની નિર્જરા થાય છે અને મોક્ષ સુલભ બને છે. આ તપના બે પ્રકાર છે. જેમાં ઉપવાસાદિ મારફત દેહદમન રહેલું છે તે બાહ્ય તપ અને જેમાં ધ્યાન, પ્રાયશ્ચિત, વિનય, સેવાસુશ્રૂષા અને સ્વાધ્યાય દ્વારા ચિત્તનું સંશોધન રહેલું છે તે આભ્યન્તર તપ. બન્ને પ્રકારના તપની પ્રખર આરાધનાના પરિણામે ભગવાન મહાવીરે પૂર્ણત્વને પ્રાપ્ત કરી હતી એમ એમના જીવનચરિત્ર ઉપરથી માલુમ પડે છે. આજના યુગને બાહ્ય તપ પ્રત્યે કદાચ આકર્ષણ નહિ થાય, પણ આભ્યન્તર તપ સિવાય આધ્યાત્મિક ઉત્કર્ષ શક્ય જ નથી.

જૈન ધર્મ જ્ઞાન અને ક્રિયા ઉભયને એકસરખું મહત્વ આપે છે. 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' અથવા 'સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર્યાણિ મોક્ષમાર્ગઃ' જ્ઞાન એટલે આંતરચેતનાની જાગૃતિ. ક્રિયા એટલે અહિંસા, સંયમ અને તપ ઉપર આધારિત જીવનચર્યા. આ બન્નેની સાધના – ઉપાસના દ્વારા માનવી પોતાના જીવનનો પરમ ઉત્કર્ષ સાધે છે; અન્તિમ મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ પ્રકારના નૂતન જીવનદર્શનનું સ્થળે સ્થળે વિતરણ કરતાં કરતાં, અનેક જીવોને ધર્મનો બોધ આપતાં આપતાં, અનેક લોકોના સંશયનું નિરાકરણ કરતાં, ચોતરફ જ્ઞાનનો ઉદ્યોત પ્રસારિત કરતાં, માનવીની બુદ્ધિને નવો વળાંક આપતાં, નૂતન સંસ્કાર સિંચતાં, અનેકના જીવનમાં પાયાનો પલટો પેદા કરતાં, સર્વદર્શી ભગવાન મહાવીરે ૩૦ વર્ષ વ્યતીત કર્યા. એ દરમિયાન તેમણે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા–એમ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. શાસ્ત્રકારના કહેવા મુજબ ભગવાન મહાવીરના સમયમાં ઊભા કરવામાં આવેલા આ સંઘમાં ૧૪,૦૦૦ શ્રમણો હતા; ૩૬,૦૦૦ સાધ્વીઓ હતી; ૧,૫૦,૦૦૦ શ્રાવકો અને ૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ હતી. આવા પરમોપકારી ભગવાન મહાવીરના અંતિમ સમયનું વર્ણન કરતાં શાસ્ત્રકાર જણાવે છે તે મુજબ "હવે ભગવાને પર્યંકાસને સ્થિર થઈ ધીરે ધીરે મન-વાણી–કાયાના સ્થૂલ તેમ જ સૂક્ષ્મ યોગો રૂંધવા માંડયા અને એ રીતે ધ્યાનની સર્વોત્તમ કક્ષાએ પહોંચી સર્વ કર્મબંધ તોડી નાખ્યા. એમ થતાં જે પદ પ્રાપ્ત કરવા માટે તેમણે પુર – મંદિર – રાજ્ય – લક્ષ્મીનો ત્યાગ કર્યો હતો; સ્નેહે કરીને વ્યાપ્ત એવા બંધુજનોના સ્નેહને અવમાન્યો હતો; ગમે તેવા ગ્રીષ્મ ઋતુના તીવ્ર તાપ તથા શીત ઋતુની ગમે તેવી તીવ્ર ઠંડીઓ સતત સહ્યા કરી હતી; ભિક્ષા માગીને ગમે તેવાં લૂખા–સૂકાં તુચ્છ અન્ન-પાન સ્વીકાર્યા હતાં; ભયંકર સ્મશાનો, શૂન્ય ગૃહો અને અરણ્યોમાં વિહરવાનું માન્ય રાખ્યું હતું; છ ટંક–આઠ ટંક આદિના કઠિન ઉપવાસો સતત કર્યા હતા તથા બીજાં પણ અનેક વિઘ્નો તથા સંકટો ખેદરહિતપણે સહ્યાં હતાં તે પદ–મોક્ષપદ–તેમને પ્રાપ્ત થયું. ૭૨ વર્ષની ઉમ્મરે આસો વદ અમાસની રાત્રિએ તેમનું નિર્વાણ થયું.

અહિંસા અને અનેકાન્ત એ મહાવીરનો આજના જગતને મહામૂલો સંદેશ છે. હળીમળીને રહો, એકમેકના જીવનનો અને વિચારોનો આદર કરો, પુરુષાર્થનિર્ભર બની આત્મતત્વને પ્રાપ્ત કરો, અહિંસા, સંયમ અને તપ દ્વારા માનવી જીવનને નવો સંસ્કાર આપો, મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા – એ ચાર ભાવના દ્વારા જીવનનું ઘડતર કરો, તપ અને ધ્યાન દ્વારા કર્મોનો ક્ષય કરો, ઊર્ધ્વ ચેતનાના આવિર્ભાવ દ્વારા પરમતત્વની અનુભૂતિ કરો, ભવભ્રમણના ચક્રથી મુક્ત બની શાશ્વત એવા મોક્ષને પ્રાપ્ત કરો – આ તેમની વાણી તેમ જ પ્રત્યક્ષ જીવનદ્વારા વ્યક્ત થયેલા ઉપદેશનો સાર છે; આવી મહાન વિભૂતિને આજના તેમના જન્મ દિને આપણાં અનેક વંદન હો!

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભગવાન મહાવીર	પરમાનંદ	૧
પ્રકીર્ણ નોંધ: પ્રબુદ્ધ જીવન ૨૯મા વર્ષમાં પ્રવેશ કરે છે. સાધુસદશ એવા એક સ્વજનની વિદાય, મુંબઈના જૈન સમાજને ધન્યવાદ, આ હવે ન ચાલી શકે	પરમાનંદ જયપ્રકાશ નારાયણ	૪ ૫
શ્રી શાન્તિલાલ હ. શાહ તથા ભાનુશંકર યાજ્ઞિકના સન્માનાર્થે યોજાયેલું સ્નેહ સંમેલન		૬
અદ્યતન પરિસ્થિતિ અંગે ઉડતું વિહંગાવલોકન	શાન્તિલાલ હ. શાહ	૬
બુદ્ધ અને મહાવીરની ધરતી પોકારે છે	પૂર્ણિમા પકવાસા	૮
ધર્મને બચાવો	નવલભાઈ શાહ	૯
આંતરરાષ્ટ્રીય સમજદારી	શ્રી ઉ થાં	૧૦

પ્રકીર્ણ નોંધ

પ્રબુદ્ધ જીવન ૨૯ મા વર્ષમાં પ્રવેશ કરે છે

પ્રબુદ્ધ જીવન આ અંકથી ૨૮ વર્ષ પૂરાં કરીને ૨૯ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સામયિક પ્રવૃત્તિનો ટૂંકો ઇતિહાસ રજૂ કરવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઈ. સ. ૧૯૨૯ માં સ્થાપના કરવામાં આવી ત્યારથી આજ સુધી સંઘની કાર્યવાહી સાથે એક યા બીજા નામ નીચે સામયિક પ્રવૃત્તિ મોટા ભાગે જોડાયેલી રહી છે. તા. ૩૧-૮-૨૯ ના રોજ સ્વ. જમનાદાસ અમરચંદ ગાંધીના તંત્રીપણા નીચે 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' એ નામથી સંઘ તરફથી એક સાપ્તાહિક પત્ર શરૂ કરવામાં આવ્યું હતું. તે બે વર્ષના ગાળે બંધ થયું હતું. ત્યાર બાદ અઢી મહિનાના ગાળે 'પ્રબુદ્ધ જૈન' એ નામથી સાપ્તાહિક પત્ર શરૂ કરવામાં આવ્યું હતું. બે વર્ષ નિયમિત ચલાવ્યા બાદ એ પત્રમાં પ્રગટ થયેલ 'અમર અરવિંદ' નામની વાર્તા સામે તે વખતની અંગ્રેજ સરકારે વાંધો લીધો અને રૂ. ૬૦૦૦ ની જામીનગીરી માંગી. એ સવિનય સત્યાગ્રહની લડતના દિવસો હતા. તેથી સરકારે માંગેલી ડીપોઝીટ ભરવાનું યોગ્ય ન લાગતાં તા. ૯-૯-૩૩ ના રોજ એ પત્ર બંધ કરવામાં આવ્યું. ત્રણ મહિના બાદ સંઘની સામયિક પ્રવૃત્તિએ 'તરુણ જૈન' એ નામ નીચે પાક્ષિક પત્રના રૂપમાં તા. ૧-૧-૩૪ થી નવો અવતાર ધારણ કર્યો. વચગાળે તા. ૧-૯-૩૪ થી તા. ૧૫-૫-૩૫ સુધી એ પત્ર બંધ કરવામાં આવેલું. અને પાછું તા. ૧૯-૫-૩૫ થી એ પત્ર શરૂ કરવામાં આવ્યું તે તા. ૧-૮-૩૭ સુધી ચલાવવામાં આવ્યું અને ત્યાર બાદ ઘણું ખરું આર્થિક કારણસર બંધ કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ સંઘના બંધારણની તા. ૧૭-૪-૩૮ ના રોજ નવ-રચના કરવામાં આવી; સંઘની પ્રવૃત્તિ અને સભ્યત્વ માત્ર જૈન શ્વે. મૂ. વિભાગ પૂરતાં સીમિત હતાં તેને સમગ્ર જૈન સમાજ પૂરતો વિસ્તૃત બનાવવામાં આવ્યાં અને સંઘ તરફથી સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહના તંત્રીપણા નીચે 'પ્રબુદ્ધ જૈન' એ નામથી પાક્ષિક પત્રની શરૂઆત કરવામાં આવી. સમય જતાં મણિભાઈની તબિયત લાંબો સમય નાદુરસ્ત રહેતાં તા. ૧-૫-૫૧ થી પ્રબુદ્ધ જૈનનો હું રીતસરનો તંત્રી બન્યો. તા. ૨૬-૩-૫૨ ના રોજ મણિભાઈનું અવસાન થયું. ૧૪ વર્ષના ગાળે તા. ૧-૫-૫૩ થી સંઘના મુખપત્ર પ્રબુદ્ધ જૈનનું 'પ્રબુદ્ધ જીવન' એ નામે નવસંસ્કરણ કરવામાં આવ્યું. આ ઘટનાને પણ આજે ૧૪ વર્ષ પૂરાં થાય છે, અને આ અંકથી ૧૯૩૯ ના મે માસની પહેલી તારીખે શરૂ કરેલ સંઘનું પાક્ષિક મુખપત્ર ૨૯ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ અઠ્ઠાવીશ વર્ષના ગાળા દરમિયાન, 'વચગાળે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી શરૂ કરવામાં આવનાર' યુગદર્શનના સંપાદનની જવાબદારી સ્વીકારવાના કારણે, તા. ૧-૫-૪૯ થી તા. ૧૫-૪-૫૦ સુધી પ્રબુદ્ધ જૈનની જવાબદારી અન્ય મિત્રોને સોંપવી પડેલી—તે ગાળો બાદ કરતાં પ્રબુદ્ધ જૈન અથવા તો પ્રબુદ્ધ જીવનના સંપાદન કાર્યની જવાબદારી વહન કરવાનું મારા ભાગે આવ્યું છે અને તે જવાબદારી મેં એકસરખી નિષ્ઠા અને રસથી સંભાળી છે અને આ લાંબા ગાળા દરમિયાન પ્રબુદ્ધ જૈન અથવા તો પ્રબુદ્ધ જીવન એક સરખું અતૂટપણે પ્રગટ થતું રહ્યું છે. આ કારણે હું એક પ્રકારનો સંતોષ અને કૃતકૃત્યતા અનુભવું છું. સંઘના મુખપત્રમાં જાહેર ખબર નહિ લેવાની પ્રારંભથી વિચારાયલી પ્રતિજ્ઞાને, દર વર્ષે ખમવી પડતી અને વધતી જતી ખોટનો સામનો કરીને પણ, આજ સુધી વળગી રહી શકાયું છે એ હકીકત પ્રબુદ્ધ જીવનની આર્થિક જવાબદારી વહન કરતા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ઓછી ગૌરવપ્રદ નથી.

પ્રબુદ્ધ જીવને ગત વર્ષ દરમિયાન ૨૫૮ પાનાંની લેખ સામગ્રી પૂરી પાડી છે. આગળના વર્ષ દરમિયાન શરૂ કરવામાં આવેલ 'મહા-પ્રસ્થાનના પથ પર' ની લેખમાળા ગત વર્ષ દરમિયાન મોટા ભાગે ચાલુ રહી છે. હવે તેના માત્ર બે હપ્તા બાકી રહ્યા છે. આ લેખમાળા પ્રબુદ્ધ જીવનના કેટલાક વાચકો માટે એક મહત્ત્વનું આકર્ષણ બની રહેલ છે. વર્તમાન રાજકારણની આલોચના કરતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનાં વકતવ્યો તેમ જ લખાણો પ્રબુદ્ધ જીવ-નનું એક મહત્વનું અંગ બની રહેલ છે. શ્રી મેનાબહેન નરોત્તમ-દાસના અનુવાદો પ્રબુદ્ધ જીવનમાં અવારનવાર પ્રગટ થતા રહ્યા છે. આ ઉપરાંત શ્રી સુબોધભાઈ શાહ અને તેમનાં પત્ની શ્રી નીરૂબહેન પ્રબુદ્ધ જીવનના સંપાદનકાર્યમાં બને તેટલો સહકાર આપવાની આતુરતા દાખવી રહેલ છે. અન્ય મિત્રો પણ માગણી મુજબ લખાણો દ્વારા પ્રબુદ્ધ જીવનની લેખસમૃદ્ધિમાં સારો વધારો કરી રહેલ છે. આ ઉપરાંત પ્રબુદ્ધ જીવનના તેમ જ મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિના અનેક ચાહકો પણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપેક્ષિત દ્રવ્ય સારા પ્રમાણમાં પૂરું પાડીને પ્રબુદ્ધ જીવનની મોટી ખોટ અને સંઘના ચાલુ ખર્ચને પહોંચી વળવામાં ખૂબ મદદરૂપ થઈ રહ્યા છે. આ સર્વ મિત્રોનો તેમણે આપેલા સહકાર માટે હું આ પ્રસંગે હાર્દિક આભાર માનું છું અને હવે પછી પણ પૂરતો સહકાર આપતા રહેવા તેમને મારો અનુરોધ છે.

'પ્રબુદ્ધ જીવન' મારા માટે સત્ય અને શ્રેયની ઉપાસનાના પ્રયોગ રૂપ એક પ્રવૃત્તિ છે. આવી એકધારી ઉપાસના માટે જે બળ, ચિન્તન, નિડરતા, નમ્રતા, સારાસાર વિવેક, ભાષાપ્રભુત્વ અને શારીરિક તેમ જ માનસિક આરોગ્ય અપેક્ષિત છે તે પરમ શકિત સાથેના અનુ-સંધાન દ્વારા મને સતત પ્રાપ્ત થતાં રહે અને જે અભિવ્યકિતનું માધ્યમ મને સદ્‌ભાગ્ય યોગે પ્રાપ્ત થયું છે તે માધ્યમ સર્વ કોઈ માટે કલ્યાણકર શ્રેયસ્કર બને એવી મારી અંતરની પ્રાર્થના છે.

સાધુસદૃશ એવા એક સ્વજનની વિદાય

તા. ૨૩ મી એપ્રિલની સાંજે આપણી દુનિયામાંથી એક એવી વ્યકિતએ વિદાય લીધી કે જેને દુનિયા બહુ ઓછું જાણતી અને એમ છતાં એક માનવી તરીકે જેનું મૂલ્ય બહુ ઊંચું હતું. આ વ્ય-કિતનું નામ શ્રી રતિલાલ સારાભાઈ ઝવેરી. અવસાન સમયે તેમની ઉમ્મર ૮૦ વર્ષની હતી. તેઓ મૂળ અમદાવાદના વતની, પણ વર્ષોથી મુંબઈમાં આવીને વસેલા અને વ્યાપારવ્યવસાયને વરેલા. સારા-ભાઈ ભોગીલાલ નામની મુંબઈમાં એક અગ્રગણ્ય ઝવેરીની પેઢી હતી. તેમાં તેઓ એક ભાગીદાર હતા. કેટલાંક વર્ષો બાદ ઝવેરાતનો ધંધો તેમણે છોડી દીધો. પછી તેઓ સેન્ટીનલ ઈન્સ્યોરન્સ કંપનીમાં ભાગીદાર બન્યા. અન્ય લોકો માફક તેમને પણ જીવનમાં ચડતી પાછળ પડતી આવી અને આર્થિક બાજુ સારા પ્રમાણમાં ઘસાણી. આજથી ૨૦ વર્ષ પહેલાં તેમનાં પત્નીનું અવસાન થતાં તેમણે સ્વેચ્છાએ વ્યાપારનિવૃત્તિ સ્વીકારી. વ્યવસાયકાળ દરમિયાન તેઓ મુંબઈની જીવદયા મંડળીની કાર્યવાહી સાથે વર્ષોસુધી જોડાયલા હતા. છેલ્લાં સાત આઠ વર્ષથી તેઓ હૃદયરોગના ભોગ બન્યા અને પરિણામે તેમનાં હલનચલન ઉપર ખૂબ કાપ મૂકાયો અને તેમને ફરજિયાત ઘરવાસ સ્વીકારવો પડયો.

તેઓ મારા નિવાસસ્થાનથી ખૂબ નજીકમાં રહેતા હતા. ઝવે-રાતના મારા વ્યવસાયના કારણે તેમને આમ તો હું ઘણાં વર્ષોથી ઓળખતો હતો, પણ ઉપર જણાવેલ તેમના નિવૃત્તિકાળ દરમિયાન મને તેમના ગાઢ પરિચયમાં આવવાનું બન્યું. તેઓ સાત્વિક વૃત્તિના સજ્જન હતા; વર્ષોથી તેઓ ગાંધીવિચાર તરફ ઢળ્યા હતા; હંમેશાં અમુક સમય તેઓ રેંટીઓ કાંતતા અને વસ્ત્રો માટે ખાદીનો

ઉપયોગ કરતા. જન્મે જૈન હોવાના કારણે જૈન પરંપરાના તેમના જીવન ઉપર ઊંડા સંસ્કાર હતા. તેથી શારીરિક પ્રતિકૂળતા બાદ કરતાં તેઓ હંમેશા સામયિક તેમ જ અવારનવાર વ્રતનિયમ કરતા. આમ છતાં પણ તેઓ ચિંતનમાં ખૂબ મુકત હતા. સ્વાધ્યાયપરાયણ તેમનું જીવન હતું. જૈન ધર્મના તેમ જ અન્ય તત્વદર્શનના ગ્રંથોનું પારાયણ ચાલ્યા કરતું. અન્ય સામયિકો ઉપરાંત ભૂમિપુત્ર અને પ્રબુદ્ધ જીવન તેઓ નિયમિતપણે વાંચતા. આચાર્ય રજનીશજીનાં પુસ્તકોનું તેઓ ઊંડી જિજ્ઞાસાપૂર્વક મનન ચિંતન કરતા. તાત્ત્વિક જિજ્ઞાસાના કારણે પં. સુખલાલજીના તેઓ સારા પરિચયમાં હતા. હું તેમની પાસે દશ બાર દિવસના ગાળે અવારનવાર જતો અને જ્યારે હું જાઉં ત્યારે વચગાળાના વાંચનદ્વારા મનમાં ઊઠેલા પ્રશ્નોની તેઓ ચર્ચા કરતા. રજનીશજીના વિચારો સંબધમાં તો અમારી વચ્ચે અવારનવાર ખૂબ જ ચર્ચા ચાલ્યા કરતી. તેમનામાં ઊંડી જિજ્ઞાસા હતી અને પૂર્વગ્રહો અને અભિનિવેશોથી મુકત બનીને વસ્તુતત્ત્વને સમજવાની તેઓ તત્પરતા ધરાવતા. દિવસનો અમુક સમય તેઓ ધ્યાનમાં વ્યતીત કરતા. ગાંધીજી તથા વિનોબા પ્રત્યે તેમને અત્યન્ત આદર હતો અને તેમના ચાલુ સ્વાધ્યાયમાં આ બન્ને મહાપુરુષોનાં લખાણોનો પણ સમાવેશ થતો. તેઓ સદા સ્વસ્થ અને પ્રસન્ન દેખાતા. બહોળો કુટુંબપરિવાર હોવા છતાં વિરકિતપૂર્વકનું જીવન તેઓ વ્યતીત કરતા હતા. ઓછામાં ઓછી જરૂરિયાતો ઉપર તેમનો જીવનનિર્વાહ નિર્ભર હતો. તેમની વાતોમાં ન કદિ કોઈની નિન્દા હોય કે ન કદિ કોઈ પ્રત્યે દ્વેષભાવ હોય. તેમને આત્મદર્શનની લગની લાગી હતી. જો રજનીશજીને આત્મદર્શન થયું હોય તો મને પણ કેમ ન થાય?—આવો તેમનો ધ્રુવ પ્રશ્ન રહેતો. સંયોગોએ તેમના જીવનને લગભગ એકાન્ત—પરાયણ બનાવી દીધું હતું. પણ આથી તેઓ કદિ કંટાળતા નહિ. ઊલટું એકાન્તમાં આનંદ માણવાની કલા તેમણે કેળવી હતી. ગૃહસ્થ—જીવનમાં તેમણે સાચી સાધુતા પ્રાપ્ત કરી હતી. જીવન અંગે તેમનામાં કોઈ લોલુપતા નહોતી; મૃત્યુ તો તેમને અનેકવાર સ્પર્શીને પાછું ફરેલું, તેથી મૃત્યુ અંગે તેમનામાં કોઈ ભડક કે ભય નહોતો. આત્મ-સાધનામાં—આધ્યાત્મિક ચિન્તનમાં—તેઓ મોટા ભાગે નિમગ્ન રહેતા. કોઈ મને પૂછે કે મારે સાચા જૈનનાં દર્શન કરવા છે તો હું તેને રતિભાઈ સામે આંગળી ચીંધતો. મારા ઉપર તેમનો અનહદ ભાવ હતો. મળવાનું બને ત્યારે પ્રશ્નોત્તરના આકારમાં અમારો વાર્તાલાપ ચાલ્યા કરતો. તેમના પ્રશ્નો ઘણી વાર મારી બુદ્ધિની ચકાસણી કરતા અને મારા ચિંતનને સ્પષ્ટ શબ્દાકાર આપવામાં ખૂબ મદદરૂપ બનતા. મારા ઉત્તરોમાં તેઓ ખૂબ સમાધાન અનુભવતા. મારે મન તેઓ સૌજન્યની—સાધુતાની—સરળતાની—એક મૂર્તિ હતા. મુંબઈ શહેરના કોઈ એક ઘરના ખૂણામાં વર્ષોથી શીતળ પ્રકાશ પાથરતો એક દીવો એપ્રિલ માસની ૨૩મી તારીખે સાંજે તેલ ખૂટી જતાં ઓલવાયો. જેઓ તેમને જાણતા હતા તેમના માટે ન પુરાય એવા એક સ્વજનની—સાધુજનની—ખોટ પડી. બાકીની દુનિયાએ એ વિષે ન કાંઈ જાણ્યું કે ન તેની કોઈ નોંધ લીધી!

મુંબઈના જૈન સમાજને ધન્યવાદ!

તા. ૨૨-૪-૬૭ શનિવારના રોજ મહાવીર જયંતી નિમિત્તે સવારના ભાગમાં ક્રૉસ મેદાનમાં મુંબઈના સમસ્ત જૈનોની સભા ભરવામાં આવી હતી. આ પ્રસંગે જૈન સાધુઓ તેમ જ સાધ્વીઓ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. જૈનોની પણ આ વખતે આગળનાં વર્ષો કરતાં વધારે મોટા પ્રમાણમાં હાજરી હતી. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે શ્રી જયપ્રકાશ નારાયણ પધાર્યા હતા. તેમણે ભગવાન મહાવીરને આદર—અંજલિ આપ્યા બાદ બિહારના અમુક ભાગોમાં પ્રવર્તતા દુષ્કાળની ભયંકર પરિસ્થિતિનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ કર્યું હતું અને ત્યાંના લોકોને રાહત પહોંચાડવા માટે શક્ય તેટલી આર્થિક મદદ આપવા જૈન સમાજને અપીલ કરી હતી. તેમની અપીલથી પ્રભાવિત બનીને સભાનું સંચાલન કરતા શ્રી કોયાંસ-પ્રસાદ જૈને ઉપસ્થિત જૈન આગેવાનો સાથે સલાહમંત્રણા કરીને મુંબઈના જૈન સમાજમાંથી રૂ. ૧,૨૦,૦૦૦ એકઠા કરીને બનતી ત્વરાએ બિહાર રિલીફ કમિટીને મોકલી આપવાની કબૂલાત આપી હતી. આ કબૂલાતને ત્યાં એકઠા થયેલા જૈનોએ વધાવી લીધી હતી અને એ જ વખતે આશરે રૂ. ૩૦,૦૦૦ એકઠા થયા હતા અને ત્યાર બાદ બાકી રહેલી રકમ એકઠી કરવાના પ્રયત્નો વેગપૂર્વક હાથ ધરવામાં આવ્યા છે, જેથી પખવાડિયાની અંદર કબૂલ કરવામાં આવેલી આખી રકમ એકઠી થઈ જશે એવી આશા રહે છે. મહાવીર જયંતી જેવા પ્રસંગે ભગવાન મહાવીરની દુષ્કાળપીડિત ભૂમિના પ્રજા-જનોને મુંબઈનો જૈન સમાજ રૂ. ૧,૨૦,૦૦૦ જેટલી રકમ મોકલી આપવાનો નિર્ણય જાહેર કરે એ માટે મુંબઈના જૈન સમાજને અનેક ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

આ હવે ન ચાલી શકે

ભારત જેવા દેશમાં પ્રધાનો, અમલદારો અને ધનિકો હજી પોતાની દોરદમામની અને ઠાઠમાઠની આદત નહીં છોડે અને પોતાની રીતરસમો નહિ બદલે તો દેશમાં અશાંતિ ફાટી નીકળશે, અને પછી તેને કોઈ નહીં રોકી શકે. પડોશી દેશમાં ચાલી રહેલ "લાલ સંત્રી" ઓના આંદોલનનો પડઘો આપણે ત્યાં પણ પડયો છે. અહીંના ડાબેરી પક્ષોના કેટલાક જણે મારી સાથેની વાતચીતમાં એમ કહ્યું પણ છે કે એક બાજુ દેશમાં લોકોને જીવન ટકાવી રાખવા મુઠ્ઠી ધાનનાયે સાંસા હોય, અને બીજી બાજુ કેટલાક જણ ઠાઠમાઠ સાથે ભપકાદાર ભોજન સમારંભો ગોઠવે, એ હવે આ દેશમાં ન ચાલી શકે, એ લોકોએ મને એમ પણ કહ્યું કે આ સ્થિતિમાં કોઈ સુધારો ન થયો તો અશાંતિ ઊભી કરવાની બદનામી વહોરી લઈને યે અમે એવા ભોજન સમારંભોમાં વિઘ્ન નાખીશું.


હું તમને ભડકાવી નથી રહ્યો, પણ આજે દેશમાં આ એક પરિસ્થિતિ ઊભી થઈ છે. બિહારમાં અને બીજા કેટલાક પ્રાન્તોમાં અમુક ભાગોમાં દુકાળની અત્યંત વિકટ સ્થિતિ અત્યારે ચાલુ છે, જ્યારે બીજી તરફ હાલત એ છે કે દિલ્હી ને પટણામાં આવતા વિદેશી લોકોના સન્માનમાં જે ભોજન સમારંભો યોજાય છે તે એ વિદેશીઓને પણ વિસ્મયમાં નાખી દે છે. એ સમારંભોનો ઠાઠમાઠ ને દોરદમામ તથા પીરસાતાં ભાતભાતનાં પકવાન્ન એ આગંતુકો સામે એવો પ્રશ્ન ઊભો કરે છે કે ખરેખર જ શું આ દેશ ગરીબ છે? અને અહીંના કેટલાક ભાગોમાં ભયંકર દુકાળની સ્થિતિ પ્રવર્તી રહી છે એ વાત શું સાચી છે? અરે, દૂરની ક્યાં વાત! થોડા વખત પરજ જ્યારે એક વિદેશી સહાયતા સંસ્થાના પદાધિકારી બિહારના દુકાળની સ્થિતિનું નજરોનજર અવલોકન કરવા આવેલા, ત્યારે ખુદ બિહારની રાજધાની પટણામાં જ એમના સન્માન માટે સરકાર તરફથી આવો જ એક શાનદાર ભોજન સમારંભ ગોઠવવામાં આવેલો!

કુદરતનો કોપ, સરકારની ખોટી નીતિરીતિઓ અને જનતાની ઉદાસીનતાનું પરિણામ છે આ દુકાળ અને ભૂખમરો, જેણે ભારત-માતાને દુનિયાની સામે ભિક્ષાપાત્ર લઈને ખડી કરી દીધી છે. ઉદ્યોગો ને કારખાનાં, મોટા બંધો અને અન્ય ટેકનિકલ કામો માટે આપણે બીજા દેશો પાસેથી કરજ લઈએ તે હજી સમજાય, પરંતુ અન્ન માટે યે આપણે હંમેશા ભીખ માગવી પડે? ખેતી પ્રધાન આ દેશમાં ખેતીની બહુ ઉપેક્ષા થઈ છે. દેશમાં ઉદ્યોગ ધંધાની અવશ્ય જરૂર છે, પરંતુ તેને માટે પણ પહેલાં ખેતીની ઉન્નતિ આવશ્યક છે. પ્રાથમિકતા મળવી જોઈતી હતી ખેતીને અને એવા નાના ઉદ્યોગોને જેમાં પૂંજી ઓછી રોકાય અને વધારે માણસોને કામ મળી શકે.

જયપ્રકાશ નારાયણ

શ્રી શાન્તિલાલ હ. શાહ તથા ભાનુશંકર યાજ્ઞિકના સન્માનાર્થે યોજાયલું સ્નેહસંમેલન

ગયા એપ્રિલ માસની ૧૭મી તારીખ અને સોમવારના રોજ ધી ગ્રેન, રાઈસ ઍન્ડ ઑઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં, શ્રી શાંતિલાલ હ. શાહ દિલ્હીની લોકસભામાં ચૂંટાયા અને શ્રી ભાનુશંકર યાજ્ઞિક મહારાષ્ટ્રની વિધાનસભામાં ચૂંટાયા અને મહારાષ્ટ્ર રાજ્યના પ્રધાનમંડળમાં નિમાયા–આ અંગે તે બન્ને વ્યક્તિવિશેષનું સન્માન કરવાના આશયથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. પ્રારંભમાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી શાંતિલાલભાઈને તથા શ્રી ભાનુશંકરભાઈને આવકાર આપતાં બન્નેની આજ સુધીની અનેક સેવાક્ષેત્રોને સ્પર્શતી ઉજ્જવલ જીવનકારકીર્દીનો વિગતવાર પરિચય આપ્યો હતો અને પોતાના વક્તવ્યના અંતમાં, જ્યારે રાજ્યવહીવટના બહોળા અનુભવ સાથે શ્રી શાંતિભાઈ લોકસભામાં ગયા છે અને દેશનું ભાવિ ઘડતા રાજકારણી આગેવાનોના સીધા સંપર્કમાં આવવાનો તેમને સુયોગ સાંપડયો છે ત્યારે, તેઓ આ પ્રસંગે ઉપસ્થિત ભાઈ - બહેનોને આજની રાજદ્વારી પરિસ્થિતિ અંગે માર્ગદર્શન આપે એવો શાન્તિલાલ શાહને અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ સંઘના કોષાધ્યક્ષ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ બન્ને સન્માનિત બંધુઓને ભાવભરી અંજલિ આપતાં તે પ્રત્યેકની સાથેનાં પોતાનાં મીઠાં અંગત સંબંધનો ખ્યાલ આપ્યો હતો. શ્રી. ચંપકભાઈ મહેતાએ પ્રસ્તુત સન્માનકાર્યમાં પોતાનો સુર પૂરાવતાં ભાવભર્યા ઉદ્‌ગારો રજૂ કર્યા હતા. સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે વિનોદાત્મક કટાક્ષો વડે પોતાના વિચારો રજૂ કરતાં સભાના ગંભીર વાતાવરણને જરા હળવું બનાવ્યું હતું. પછી સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આગળનાં વિવેચનોનો ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે, "શ્રી શાંતિભાઈ મારા વર્ષોજૂના મિત્ર અને સાથી છે; અનેક બાબતોમાં અમારું સહચિંતન ચાલે છે અને એક યા બીજી બાબતમાં અમે સંમત હોઈએ કે ન હોઈએ–એકમેક પ્રત્યેનો આદર એકસરખો કાયમ રહ્યો છે. શ્રી. શાન્તિભાઈ મુંબઈની પચરંગી સંસ્કૃતિના પ્રતિનિધિસમા મુંબઈગરા માનવી છે. આપણા આજના બીજા મહેમાન શ્રી ભાનુભાઈ આપણ સર્વને સુપરિચિત છે અને તેમની આજસુધીની સેવાઓના કારણે તેઓ આપણા આદરના અધિકારી બન્યા છે. તેમની પાસે નશાબંધીની જબ્બર જવાબદારી આવી છે. ગમે તેવા વિપરીત સંયોગોમાં પણ એમણે આ અનિષ્ટને દાબી દેવા માટે–નિર્મૂળ કરવા માટે–દઢતાપૂર્વક લડવાનું છે. તેમના આ કાર્યને હું અન્તઃકરણપૂર્વક સફળતા ઈચ્છું છું." ત્યાર બાદ આવું સંમેલન યોજવા માટે સંઘનો આભાર માનતાં શ્રી શાન્તિલાલ શાહે આજની પરિસ્થિતિની એક ઉડતી આલોચના કરી હતી. (જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.) અને શ્રી ભાનુશંકર યાજ્ઞિકે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહી ઉપરથી પોતે કેવી પ્રેરણા મેળવી હતી તેને લગતાં કેટલાંક સ્મરણો રજૂ કર્યા હતા અને આગળ બોલતાં જણાવ્યું હતું કે "લોકોમાં હજુ લોકશાહી માટે આવશ્યક એવી જાગૃતિ આવી નથી. પરિણામે ચૂંટણીમાં ઉલટાં સુલટાં પરિણામો આવે છે. મતદારોની સમજણની અપરિપકવતાની એ નિશાની છે. આગેવાનોમાં પણ વિચાર અને વાણીમાં આસમાન જમીનનો ફરક છે. પરિણામે આમજનતા ઉપર તેમનો પ્રભાવ પડતો નથી." નશાબંધીની જે ઉપેક્ષા થાય છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે "આજે આપણે ત્યાં સારા અને સાચા આગેવાનો નથી એ જ એનું કારણ છે. ઢોંગી વૃત્તિના કારણે લોકોની શ્રદ્ધા ખૂટી ગઈ છે. આપણે



શ્રી શાન્તિલાલ હ. શાહ સભાને સંબોધી રહ્યા છે.

સમાજના હિત ખાતર આજની નેતાગીરીના સ્થાને વધારે પ્રભાવશાળી સામુદાયિક નેતાગીરી ઊભી કરવી પડશે."

ત્યારબાદ સંઘના અન્ય મંત્રી શ્રી સુબોધભાઈ શાહે અતિશય રોકાણવાળા એવા આજના બન્ને મહેમાનો સંઘના નિમંત્રણને માન આપી અહિં આવ્યા અને સંઘના સભ્યો પ્રત્યે આવી આત્મીયતા દાખવી એ માટે તેમનો આભાર માન્યો હતો. સંઘના પ્રમુખે ફૂલહાર વડે બન્ને સન્માનિત મહાશયોનું સવિશેષ સન્માન કર્યું, અને અલ્પાહાર બાદ સંઘસંમેલન વિસર્જિત કરવામાં આવ્યું.

અદ્યતન પરિસ્થિતિ અંગે ઉડતું વિહંગાવલોકન

(તા. ૧૭–૪–'૬૭ સોમવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલા સ્નેહસંમેલનમાં શ્રી. શાન્તિલાલ શાહે કરેલી અદ્યતન પરિસ્થિતિલક્ષી આલોચના)

દર વખતે જે ચૂંટણીઓ થાય છે એ કરતાં આ વખતની સાર્વત્રિક ચૂંટણીઓ જુદા જ પ્રકારની હતી. મતદારોનો મીજાજ પણ જુદી જાતનો દેખાયો. એમાં એક વસ્તુ એ દેખાઈ કે હું સંસદની બેઠક પર ઊભેલો, પણ કોઈએ મને વિયેટનામ વિષે ન પૂછ્યું, તેમ ન પૂછ્યું અવમૂલ્યન વિષે. જ્યાં જ્યાં હું ગયો ત્યાં લોકો પાણી, રસ્તાઓ વગેરે સ્થાનિક અને રોજ-બ-રોજની સમસ્યાઓ વિષે જ પ્રશ્નો પૂછતા અને ચર્ચા ચાલતી. ખરી રીતે આ સમસ્યાઓ ઉકેલવાનું કામ સુધરાઈ સભ્યનું છે. આ બધું જોતાં એમ લાગે કે મતદારની જાગૃતિનું ધોરણ નીચું છે. મોંઘવારી અંગે અથવા દેશની અર્થનીતિ કે ફુગાવા અંગે કોઈએ પ્રશ્નો છેડયા જ નહિ.

બીજી એક વાત મેં એ જોઈ કે હવે લોકો ઉપર 'અમે જેલમાં ગયેલા' એવી કોઈ વાતની અસર થતી નથી. હવે જે પેઢી આવી છે એને ગાંધીજી કે આઝાદીની લડતની કાંઈ માહિતી જ નથી. થોડા દિવસ પહેલા હું દિલ્હી જતો હતો. મારી સાથે ગાડીમાં વડોદરાના એક અગ્રગણ્ય નેતાનાં પુત્રવધૂ હતાં. એમની સાથે સરદારના સમયની વાતો નીકળી. એમણે બાળાસાહેબ ખેર કે નરીમાનનું નામ સાંભળેલું નહિ. એ વખતે જે વિરોધ–વાવંટોળ વચ્ચે સરદારસાહેબે જે કુનેહથી કામ પાર પાડેલું એ પ્રસંગોની આ બહેનને કાંઈ ખબર જ નહોતી. હમણાં નવી દિલ્હીમાં ઈન્ટુકની કચેરીના એક જુવાન કાર્યકરને મેં કાંઈ નોંધ લેવા બોલાવ્યો. એને મેં ગિરમિટીયા મજૂર વિષે લખાવ્યું. પણ એ વળી કેવા મજૂર એની વિમાસણમાં એ પડયો. આફ્રિકામાં ગાંધીજીએ સત્યાગ્રહની ચળવળ શરૂ કરી તેમાં ગિરમિટીયા મજૂરોએ ભજવેલા ભાગ વિષે એને કશી ખબર નહોતી. ગાંધીજીએ કે સરદારે શું કર્યું હતું એની નવી પેઢીને ખબર નથી. આઝાદીની વાતોની એટલે જ કોઈના ઉપર છાપ પડતી નથી. મને લાગે છે

આઝાદી પછીના વિકાસ માટે તેની પૂર્વભૂમિકા અને ઈતિહાસથી એમને આપણે માહિતગાર કરવા જોઈએ.

મારો પોતાનો પણ અમુક ચોક્કસ પ્રકારનો મિજાજ છે. મતદારોના સંપર્કમાં એથી ઘણીવાર અવનવા અનુભવો થતા. એક દિવસ રાત્રે ૧૧॥ વાગ્યે હું પ્રચારકાર્ય ઉકેલીને ઘેર જતો હતો. ત્યાં કેટલાક લોકો આવ્યા. "ચાલો ઉપર ત્રીજે માળે અમારે ત્યાં ચા પીવા" મત માગનારનો ધંધો ભીખારી જેવો છે. લોકો મત આપશે એવી આશાએ હા કહેવી પડે છે અને મત આપે કે ન આપે પણ એનો આભાર માનવો પડે છે.

વળી મને થયું કે, થોડા મત મળતા હશે તે ટળી જશે. હું ગયો; વાતો કરી, સારી ગરમ ગરમ ચા પીધી, પણ આ કંઈ ઠીક નહિ. ઉમેદવાર કંઈ મતદારનો નોકર નથી—એમનો પ્રતિનિધિ છે. અલબત્ત મેં ચા પીધી એટલે એ લોકો ખુશી તો થયા, પણ આમ લાગણીશીલતાના પાયે કામ ચાલે તે ઠીક નહિ. ફૂલહારની બાબતમાં પણ એવું છે. એ ખોટો ખર્ચ દુષ્કાળ રાહતમાં આપવાની વાત કરીએ તો લોકો નારાજ થઈ જાય છે.

ચૂંટાઈને હું દિલ્હી ગયો. વળી ત્યાંના રાજકીય વાતાવરણમાં હું સાવ નવો. મેં તો નક્કી જ કરેલું કે આપણે તાગ કાઢીને જ આગળ જવું. ઝંપલાવવું નહિ. આપણા પોતાના માપે માપીને પગલું ભરવું. એટલે હજી આજ સુધી કહી શકાય એવું ગણનાપાત્ર કે જાણવા જેવું કોઈ કામ કર્યું નથી. છેલ્લા સાડાચૌદ વરસથી વિધાનસભામાં મારે જવાબ આપવાનું કામ હતું. એટલે મારા વિષય સિવાય બીજી કોઈ બાબતમાં માથું મારવાની મેં પરવા કરી નહોતી. હવે તો મારે જ સવાલો પૂછવાના છે એટલે હવે સબબંદરના વેપારી થવું પડશે.

દિલ્હીનો હું આમે ય અજાણ્યો છું. સંસદનું આટલું મોટું ઊંચું મકાન જોઈને જ હું ઘણીવાર ભૂલો પડી જાઉં છું. ઘણીવાર સિપાઈને પૂછવું પડે છે કે આ હું બરોબર દિશામાં જઈ રહ્યો છું ને?

થોડા વખત પહેલા રાજસ્થાનમાં ગરબડ થઈ. એનો વહીવટ રાષ્ટ્રપતિએ સંભાળ્યો. મારે તો આ બાબત સાથે કાંઈ સીધો સંબંધ નથી. પણ રાષ્ટ્રપતિનું ભાષણ પત્યા પછી રાજસ્થાનમાં ઊભી થયેલી આ નવી કટોકટી અંગે વિધાનની દૃષ્ટિએ એ પ્રશ્ન વિષે બોલવા મને કહેવામાં આવ્યું. મેં ભાષણ કર્યું. બધાને સારું લાગ્યું. છાપાંવાળાઓએ પણ વખાણ્યું. મને થયું, વાહ.

બીજી એક વાત મને એ જણાઈ કે કેટલીક બાબતોમાં આપણા મુખ્ય પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધી જોઈએ એવી પીઢતા બતાવતાં નથી. પ્રધાનમંડળનાં નામોની જાહેરાત કરી, પછી અમુક વ્યકિતએ નાયબપ્રધાનપદ સ્વીકારવાની ના પાડી. જેને પ્રધાન તરીકે નિમવા હોય એને અગાઉથી પૂછી ન લેવાય? પોતે નામ જાહેર કરે ને પાછળથી એ ના પાડે એ ઠીક નહિ. અનુભવની એ ખામી છે.

પહેલાં તો હંમેશા કૉંગ્રેસી અગ્રણીઓની વચ્ચે ગમે તેટલા મતમતાંતર રહેતા, પણ એકવાર નિર્ણય લેવાયા પછી વાતાવરણ એ નિર્ણયતરફી જ રહેતું અને બધા જ નેતાઓ એક અવાજે બોલતા. એ બધું હવે ગયું.

છાપાવાળા ભલેને ગમે તે સવાલો પૂછે. પછી મોરારજીભાઈ હોય કે કામરાજ કે ઈંદિરા હોય. એમણે દરેકે એકસરખો જવાબ આપવો જોઈએ. મને લાગે છે કે આ જવાબો આપવામાં એ બધા જોઈએ તેટલા સાવધાન નથી. એના પરિણામે લોકમત વિવાદાસ્પદ બાબતોમાં જાતજાતના વિકલ્પોમાં અટવાય છે. પ્રજામાનસ એથી અસ્થિર બની જાય છે.

આપણા નેતાઓ અંગત મત કે વિરોધ જાહેરમાં જણાવે છે. લોકોમાં આથી સંભ્રમ પેદા થાય છે, કારણ કે આજની નેતાગીરી એક અવાજે બોલતી નથી. લોકવિચારનું ઘડતર આથી થતું નથી.

પ્રધાનોએ અંદરો અંદર જે ચર્ચા કરવી હોય તે કરે. પણ બહાર સમાજમાં એ જણાવવી નહીં જોઈએ. હું રાજ્યના પ્રધાનમંડળની બેઠકમાં મારો અભિપ્રાય બેધડક રજૂ કરતો હતો. મારા સાથીઓ આથી ઘણીવાર નારાજ થતા. પણ ત્યાં તો મારે મને જે લાગ્યું એ કહેવું જ જોઈએ. જો ત્યારે ન કહું તો કયારે કહું? બહાર તો પછી બોલાય જ નહિ.

બીજી એક વાત એ છે કે, ઘણીવાર કૉંગ્રેસને ટકાવી રાખવા માટે ગમે તેવા માણસોને પસંદ કરવામાં આવે છે. પછી પણ કૉંગ્રેસ તો પડે જ છે. તો પછી નિષ્ઠાવાન માણસો જ શા માટે ન લેવા? બેરસાહેબે પ્રધાનમંડળની રચનામાં હંમેશા આવો દૃષ્ટિકોણ રાખ્યો હતો.

હોંશિયારી કરતાં ચારિત્ર્યની કિંમત હંમેશા વધારે છે. રાજકારણોમાં થોડુંક ક્ષંતવ્ય છે. જો કે, પ્રધાનમંડળમાં હંમેશા સહુથી સારા કે બુદ્ધિશાળીને જ પસંદ કરવા જોઈએ એવું પણ નથી. પ્રધાનમંડળ ગોઠવનારની બુદ્ધિ અને નિષ્ઠા પર બધો આધાર છે. એનો વ્યૂહ શો છે એ આપણે ન જાણીએ તો એની વિવેકશકિતમાંથી આપણે શ્રદ્ધા ગુમાવીએ છીએ.

દેશની સમગ્ર સ્થિતિ જોતાં મને એમ લાગે છે કે, ચાર છ મહિના પછી મંદીનું મોટું મોજું આવશે. મોંઘવારીનો વિષય અર્થશાસ્ત્રીનો છે. પણ મારો અંદાજ એવો છે કે, આવતું અંદાજપત્ર દેશને સદ્ધર સ્થિતિમાં મૂકી શકે એવું હશે. ઓવરડ્રાફ્ટ અને નવા કરવેરા નહીં હોય એવાં સૂચનો તો મળી ચૂકયાં છે. પણ સર્વત્ર કરકસરનું ધોરણ વિચારવું પડશે. આ અંગે મારે એ જરૂર જણાવવું જોઈએ કે પ્રધાનોના પગાર ઘટાડવાથી કાંઈ ફેર પડવાનો નથી. આ દૃષ્ટિ બરોબર નથી. એમાં અદેખાઈ છે. તમે ખોટી કરકસર ન કરો. એ થર્ડ કલાસમાં મુસાફરી કરીને દિલ્હી જાય, પછી એ ત્યાં આઠ કલાક કામ ન કરી શકે.

ઈંગ્લાંડના વડા પ્રધાનને શનિ-રવિ શાંતિથી ગાળવા મળે એટલે ખાસ ચેકર્સ એસ્ટેટ ભેટ આપવામાં આવી છે. એટલે જેમની પાસેથી આપણે ખૂબ કામ લેવું છે એમને પૂરી સગવડો તો આપવી જ જોઈએ. આ તો જરા આડવાતો થઈ. પણ દેશની આર્થિક પરિસ્થિતિનો વિચાર કરતાં મને લાગે છે કે દેશની ભાવી સ્થિતિનો આધાર ચોમાસા ઉપર ઘણોબધો છે. જો સારો વરસાદ નહીં થાય તો મોરારજીભાઈ કાંઈ નહીં કરી શકે. બે સારા ચોમાસાં ને બે સારા અંદાજપત્રો મળી જાય તો પછી વાંધો નહીં આવે. અંદાજપત્ર અંગે આપણે ભાતભાતની આશા રાખી શકીએ પણ વરસાદની વહેંચણીનું કામ કાંઈ નાણાંપ્રધાનનું નથી.

દિલ્હીમાં હમણાં પોલીસોએ હડતાળ પાડી. કેટલાક રાજકીય પક્ષો એને ટેકો આપે છે. એ વાત વિચિત્ર છે. આજે કૉંગ્રેસ છે તો કાલે પોતાનો વારો આવી જશે. જો કે દક્ષિણમાં ને બધે ય બિનકૉંગ્રેસી સરકારોને હવે ખબર પડવા માંડી છે કે રાજ્ય કેમ ચલાવાય છે. દેશની આઝાદીનું રક્ષણ કરવા માટે દરેકે બધું જ સહન કરતાં શીખી લેવું જોઈએ. આઝાદીની રક્ષા, રાજકીય સ્થિરતા અને મોસમની સાનુકૂળતા એ ત્રણ બાબત ઉપર દેશનું ભાવિ મુખ્યત્વે આધાર રાખે છે.

હું એમ માનું છું કે દેશમાં પાંચેક વરસમાં આપણી લોકશાહીમાં સ્થિરતા આવી શકશે. પછી લોકશાહીના તંદુરસ્ત સંચાલન માટે વિકલ્પ તરીકે બે કે ત્રણ જ પક્ષો રહેશે. બે પક્ષોમાં પણ બહુ ભિન્નતા હોવી જરૂરી નથી. લોકશાહીમાં લોકો સારું રાજ્ય હોય ત્યારે પણ એનાથી અમુક વખતે કંટાળે છે ને બીજા પક્ષને ચૂંટી કાઢે છે.

આપણા સૌ પક્ષો લોકતંત્રમાં માને એવા હોય એ જરૂરી છે. જો એમ નહીં હોય તો બધું ય બંધ થઈ જશે. પક્ષ પસંદ કરતાં આપણે એ ખાસ જોવું જોઈએ કે પ્રજાતંત્ર નષ્ટ ન થઈ જાય.

શાન્તિલાલ હ. શાહ

બિહાર દુષ્કાળ રાહત અંગે સંઘ તરફથી એકઠો કરવામાં આવેલ ફાળો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બિહાર દુષ્કાળ રાહત અંગે એકઠો કરવામાં આવેલ અને તા. ૨૨-૪-૬૭ શનિવારના રોજ જૈન સોશિયલ ગ્રુપ તરફથી યોજવામાં આવેલ સભામાં શ્રી જયપ્રકાશ નારાયણને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી નીરુબહેનના હસ્તક સુપ્રત કરવામાં આવેલ રૂા. ૫,૩૬૧ના ફાળાની યાદી નીચે આપવામાં આવે છે. આ ફાળામાં ભરાયેલી નાની મોટી રકમના સંદર્ભમાં એટલો ખુલાસો કરવાની જરૂર છે કે આ ફાળામાં ભરનાર સભ્યોમાં કેટલાક એવા છે કે જેમને અન્યત્ર પણ એક બે ઠેકાણે સારા પ્રમાણમાં ફાળો ભરવો પડયો છે અને તે કારણે નામ મોટું અને રકમ નાની-એવી-કાંઈક કઢંગી લાગે તેવી-પરિસ્થિતિ ઊભી થઈ છે. આ ઉપરથી તે તે સભ્યોની સહાનુભૂતિનું કોઈ ઓછું માપ ન માપે.

અહિં એ ઉમેરવાની જરૂર છે કે સંઘ તરફથી યોજાયેલા આ ફાળાનું કામ હજુ ચાલુ છે અને જે કોઈ સભ્ય અથવા ભાઈ બહેન આ રાહતકાર્ય માટે હવે પછી જે કાંઈ રકમ સંઘના કાર્યાલય ઉપર મોકલી આપશે તે રકમ યોગ્ય સ્થળે પહોંચાડવાનો સંઘ તરફથી પ્રબંધ કરવામાં આવશે. અહિં એ પણ જણાવવું જરૂરી છે કે ઉપર જણાવેલ પ્રસંગે જૈન સોશિયલ ગ્રુપ તરફથી પોતાના સભ્યોમાંથી એકઠી કરીને રૂા. ૩૦૦૧ની રકમ શ્રી જયપ્રકાશ નારાયણને સુપ્રત કરવામાં આવી હતી અને એ સંસ્થા તરફથી પણ રાહતકાર્ય માટે ફાળો એકઠો કરવાનું કાર્ય ચાલુ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

૨૦૦૦	શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી	૫૧	શ્રી યુનિવર્સલ ઈન્ડસ્ટ્રીયલ કોરપોરેશન	૨૫	શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
૧૦૦૦	,, કરમસી હીરજી વીકમસી	૫૧	,, ભગવાનદાસ સી. શાહ	૨૫	,, હરિલાલ ગુલાબચંદ શાહ
૬૦૦	,, ખુશાલચંદ સાકરચંદ	૫૧	,, રબ્બર ગુડ્ઝ ટ્રેડીંગ કું.	૨૫	,, શાન્તિલાલ અમરચંદ ઝવેરી
૧૦૧	,, ચીમનલાલ ચકુભાઈ શાહ	૫૧	,, હીરાલાલ ત્રંબકલાલ ડગલી	૨૫	,, પ્રભાવતીબહેન ભાનુરાય શુકલ
૧૦૧	,, ચીમનલાલ જે. શાહ	૫૧	,, સ્વ.ભવાનજી રવજી શાહ	૨૫	,, સીતાબહેન પ્રતાપસી
૧૦૧	,, સુબોધભાઈ એમ. શાહ	૫૦	,, ઘેલા કુરપાળ	૨૫	,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧	,, જયંતીલાલ ફત્તેહચંદ શાહ	૫૦	,, મણિબહેન સવચંદ કાપડિયા	૨૫	,, શારદાબહેન જયન્તિલાલ કોઠારી
૧૦૧	,, દામજીભાઈ વેલજી શાહ	૫૦	,, મેનાબહેન નરોત્તમદાસ	૨૧	,, દીપચંદ કેશરીમલ
૧૦૧	,, પોલી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ	૨૫	,, ખેતસી માલસી સાવલા	૨૧	,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૧૦૧	,, ખીમજી માડણ ભુજપુરીઆ	૨૫	,, રમણલાલ લાલભાઈ લાકડાવાળા	૫	,, હર્ષદરાય પ્રાણજીવનદાસ અવલાણી
૧૦૧	,, કે. પી. શાહ	૨૫	,, પરમાનંદ કુંવરજી કાપડિયા	૧	,, ભગવાનજી ત્રીકજી સોની
૧૦૦	,, લાલચંદ અમુલખ મહેતા	૨૫	,, મફતલાલ ભીખાચંદ શાહ		
૧૦૦	,, રાજેન્દ્ર અમૃતલાલ	૨૫	,, રતિલાલ ચીમનલાલ કોઠારી	૫,૩૬૧	

"બુદ્ધ અને મહાવીરની ધરતી પોકારે છે!"

(શકિત-દલની પત્રિકામાંથી ઉદ્‌ધૃત)

આપણા શરીરના કોઈ પણ ભાગમાં જો સહેજ પણ પીડા, વિકાર અથવા ગુમડું થાય છે તો આપણને જરા પણ ચેન પડતું નથી અને આપણી બધી શકિત એને મટાડવામાં કામે લાગી જાય છે. બિહાર રાજય આપણાં દેશનો એક ભાગ છે. ત્યાંના લોકો જ્યારે ભૂખથી મરી રહ્યા છે, અન્નના દાણા માટે ટળવળી રહ્યા છે ત્યારે એવા દુષ્કાળ સંકટમાં પણ આપણે ત્યાં મુંબઈમાં રોજ રોજ નાના મોટા ભોજન-સમારંભ અને પાર્ટીઓ વગેરે ધામધુમથી કરવામાં આવી રહ્યા છે, જેમાં અનાજનો ભયંકર દુર્વ્યય થાય છે. એમ લાગે છે કે કેટલાક લોકો માટે પોતાના વૈભવનું પ્રદર્શન કરવા માટે આવા ભોજન સમારંભ અનિવાર્ય થઈ પડયા છે! પછી દેશ અને દેશબંધુઓની હાલત કેવી પણ કેમ ન હો? આ પ્રકારની મનોવૃત્તિ નિંદનીય તો છે જ. સાથે સાથે વિચારણા પણ માંગી લે તેવી છે.

ઉપર ઉપરથી ભવ્ય અને સુંદર દેખાતાં પરંતુ વાસ્તવમાં કદરૂપ એવાં આ વૈભવ પ્રદર્શન કેટલાક લોકોની પ્રકૃતિને અનુકુળ ભલે હોય, પણ જ્યારે શ્રી જયપ્રકાશ નારાયણ જેવા મહાનુભાવ અને સર્વોદય નેતા કે જેઓ દુષ્કાળ પીડિતોની વચ્ચે રહીને તેમનું દુ:ખ ઓછું કરવાના પુરુષાર્થમાં લાગેલા છે તેમને રૂા. બાર હજારની મદદ આપવાનું વચન આપીને એવા કોઈ વૈભવ-પ્રદર્શનમાં લઈ જવામાં આવે એને ધૃષ્ટતાની પરાકાષ્ટા સિવાય બીજું શું કહેવું? જયપ્રકાશજીએ ત્યાં જઈને ઠાઠમાઠ, બત્તીઓનો ઝળહળાટ, ખાણી પીણી, ફળફૂલ અને કિંમતી વસ્ત્રો અને દાગીનાઓના પ્રદર્શન સિવાય બીજું શું જોયું હશે? અને આવા પ્રસંગોમાં ખાવાપીવાની ચીજોનો જે વિવેકહીન બગાડ થાય છે એને શું કોઈ સમજુ માણસ સહી શકે? જયપ્રકાશજીનું મન આ બધું જોઈને બહુ દુ:ખી થયું. એમની દૃષ્ટિ સમક્ષ તો બિહારના દુષ્કાળપીડિત લોકોના હાડપિંજર અને એમના કાનોમાં દુષ્કાળપીડિત લોકોનો આર્તનાદ ગુંજી રહ્યો હતો. તેઓ વધારે સમય સુધી આ બધું સહન કરી શકયા નહિ. થોડીવાર સુધી સુનમુન ઊભા રહ્યા અને પછી બાર હજાર રૂપિયાની રકમ લીધા વિના જ ચાલી ગયા. આ વૈભવશાળી લગ્ન-સમારંભમાં રાજયના પ્રધાનો અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પણ હાજર હતા એ વાત પણ નોંધવા જેવી છે.

ગુજરાત રાજયના પંચમહાલ જિલ્લામાં અને ધરમપુર તાલુકામાં દુષ્કાળની ઘેરી છાયા ફેલાઈ રહી છે. સર્વોદય કાર્યકર્તા શ્રી બબલભાઈ મહેતાએ એક પ્રસંગનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે નવ દસ માણસોના એક કુટુંબ વચ્ચે માત્ર એક જ રોટલો હતો, જેના પર મીઠું છાંટેલું હતું. આ રોટલો ચાર બાળકોને વહેંચી આપવામાં આવ્યો અને મોટા લોકો ભૂખ્યા રહી ગયા. કેટલાંક કુટુંબો પાણીમાં લોટ અને મીઠું ઓગાળીને પછી તેને ઉકાળીને પી જાય છે અને એ રીતે પોતાના દિવસો પસાર કરે છે. કેટલાક લોકો જંગલી કંદ, ઝાડના પત્તાં બીજ વગેરે જે કંઈ હાથ લાગે તેને પાણીમાં ઉકાળીને પી લે છે અને એ રીતે પોતાની ભૂખ શમાવવાનો પ્રયત્ન કરે છે.

પીવાના પાણીનો પણ એક મોટો પ્રશ્ન ઊભો થયો છે. પાણી ધરતીમાં બહુ ઊંડે ઊતરી ગયું છે, જેથી કૂવાઓને અને નદીની રેતમાં બનાવેલા ખાડાઓને વધારે ઊંડા અને ચારેબાજુથી પાકાં ચણતરવાળા બનાવવાની જરૂર ઊભી થઈ છે. દરેક કૂવાને ફરીથી દુરસ્ત કરવામાં પાંચસોથી આઠસો રૂપિયાનો ખરચ થાય છે. આ પીડિત લોકોનો અવાજ જો આપણાં હૈયાંને સ્પર્શ કરી જાય તો તેમની ભુખ તરસ છીપાવવા માટેના પુણ્યકાર્યમાં આપણે સૌએ તનમનથી

લાગી જવું જોઈએ. તો જ દુષ્કાળના આ કપરા દિવસો પસાર કરી શકાશે.

ઈશ્વરની કૃપા થાય અને વરસાદ જો પૂરતો આવે તો જ આ બધાં દુ:ખોનો અંત આવે; તો બિહાર, ગુજરાત, ઓરિસ્સા અને સારા યે ભારત દેશની ધરતી નવપલ્લવિત થઈ જાય. ધરતીમાતા પોતાની છાતી ચીરીને ધાન્યના ભંડાર છલકાવી દે અને પોતાનાં બાળકોને પેટ ભરીને ખાવાની સુવિધા કરે એવી પ્રાર્થના વારંવાર અંતરમાંથી નીકળે છે. પ્રભુ એને જરૂર સાંભળશે. પણ માનવતાના નાતેઆપણો પણ ધર્મ છે, દેશ પ્રત્યે આપણી ફરજ છે. આપણાં પીડિત અંગને પીડામુકત કરવાની ભાવના આપણામાં હોવી જોઈએ. બુદ્ધ અને મહાવીરની ધરતી આજે આપણને પુકારી રહી છે. આપણે એનો અવાજ સાંભળવો જ પડશે.

અનુવાદક : મૂળ હિંદી.
નીરુબહેન સુબોધભાઈ શાહ **પૂર્ણિમા પકવાસા**

❋ ધર્મને બચાવો ❋

('વિશ્વવાત્સલ્ય'માંથી સાભાર ઉધ્ધૃત)

એક ધર્મ બીજા ધર્મ ઉપર આક્રમણ કરે છે. શા માટે? પોતાના ધર્મનો પ્રચાર કરવાને!

જગતમાં બધે જ આવું બન્યું છે. ઈસ્લામને જગતમાં પોતાનો ઝંડો રોપવો હતો. ખ્રિસ્તીધર્મે પોતાના પાદરીઓ પરદેશ મોકલ્યા હતા. કારણ કે તેમણે માન્યું કે જગતનો ઉદ્ધાર પોતાના ધર્મ-દ્વારા જ થશે. પોતાનો ધર્મ જ સાચો છે. બીજા અધૂરા છે. એવા અધૂરા ધર્મોનું અવલંબન લેવા કરતાં પૂર્ણને જ પકડવો શું ખોટો? આમ વ્યકિત પોતાનું અહં પોતાના ધર્મમાં આરોપે છે અને આખા જગતને પોતાના ધર્મમાં લાવવાનો પ્રયત્ન કરે છે. તે બીજાને વટ-લાવે છે. પોતાનો ધર્મ તેને આપવા નહિ પણ તેને પોતાના ધર્મમાં દાખલ કરવાને. આમ તેને સંખ્યાની માયા લાગે છે અને પછી તે ધર્મ–પ્રચારને માટે ધન, સત્તા, અરે! ગમે તેનો આક્રાય લે છે અને પોતે એમ જ માની લે છે કે ધર્મપ્રચાર એ જ માનવજાતની અને પોતાના ધર્મની મોટામાં મોટી સેવા છે.

બીજી બાજુએ, જેના પર આક્રમણ થાય છે તે પણ ગભરાઈ જાય છે અને બોલી ઊઠે છે, 'આપણો ધર્મ રસાતળ જઈ રહ્યો છે. સાધુઓ! સ્વધર્મીઓ! જાગો, ધર્મને બચાવો.' સાંપ્રદાયિક પેપરો પોતાનાં પાનાં ભરે છે, સ્વધર્મીઓ ધર્મરક્ષાને માટે ધન લઈ દોડે છે. સાધુઓ 'આપણો જ ધર્મ સાચો છે'નો પાનો પાછો જોરશોરથી સમાજને ચડાવે છે અને ધર્મપ્રચારનું એક જોરદાર આંદોલન સમાજમાં ચાલે છે.

આ બધું શું? આ બધું શા માટે? શું ધર્મ એવી વસ્તુ છે ખરી કે તેનો નાશ થઈ શકે? ના. તો પછી આ ધમાલ શા માટે? કારણ, આપણને ડર છે કે આપણો ધર્મ ભાંગી જશે એટલે કે એની જનસંખ્યા ઘટી જશે. આપણે ધર્મનું રડતા નથી, પણ રડીએ છીએ જનસંખ્યાને. જેમને ધર્મનો પ્રચાર કરવો છે અને જેમને ધર્મને બચાવવો છે તે બંનેનાં મોં માણસોની સંખ્યા તરફ હોય છે. ખોટો પ્રચાર, કાવાદાવા અને ધમકીઓ આપાય છે. ધર્મ પોતે પોતાને જ હાથે પોતાનું ખૂન કરે છે અને છતાંય વટાળનાર ગર્વ લે છે કે અમારો ધર્મ આટલો વિકસ્યો અને બચાવનાર માને છે અમારો ધર્મ રક્ષાયો. એક કહેશે: આ અમારા મહાન ધર્મપ્રચારક અને બીજો કહેશે: આ અમારા મહાન ધર્મરક્ષક. ધર્મપ્રચારક કોણ? ધર્મરક્ષક કોણ?

આજે મોટાભાગના યુવાન વર્ગને ધર્મમાં શ્રદ્ધા નથી, એમને ધર્મની વાતોમાં રસ નથી. માત્ર વૃદ્ધો જ ધર્મસ્થાનકોમાં જાય છે, સ્ત્રીઓ મૂંગી મૂંગી સાંભળે છે, કોઈનાં મોં પર તેજ દેખાતું નથી. જાણે કે ધર્મ મરી પરવાર્યો ન હોય!

આજનો જમાનો વિજ્ઞાનનો છે. વિજ્ઞાન કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. ફકત ધર્મ જ ત્યાંનો ત્યાં છે. તેના તે જ શાસ્ત્રોમાં છે. એમાં સંશોધનને અણવકાશ નથી. કારણકે તે ત્રિકાળજ્ઞાની પુરુષોએ લખ્યાં છે. માણસનું આખું જીવન બદલાઈ રહ્યું છે. તે જૂનાને નવી રીતે સમજવા માગે છે. જેઓ જૂનું જાણે છે તેમનામાં નવું સમજવાની અને સમજીને નવી રીતે આપવાની શકિત નથી. જેમનામાં શકિત છે, જ્ઞાન છે, તેમને પ્રણાલિકા જકડી રહી છે. પુરા-ણાપણાનો આપણો 'અહં' જ આપણને પાડી રહ્યો છે. નવું જ્ઞાન, નવું વિજ્ઞાન, નવું સાહિત્ય, નવું અર્થશાસ્ત્ર, નવી સમાજવ્યવસ્થા; ફકત ધર્મ જ જૂનો અને તે પણ જૂનો છે માટે શ્રેષ્ઠ!

ધર્મ એ સનાતન તત્ત્વ છે. છતાં એ સનાતન પણ સનાતન રીતે જ મૂકવામાં આવે તો સડેલું લાગે એમાં નવાઈ પણ શી? આજે આપણને આપણા ધર્મનું દુ:ખ નથી પણ આપણે તો આપણા જૂના વારસાને એના એ સ્વરૂપે જોવા ઈચ્છીએ છીએ. એ અશકય છે. ધર્મનાં તત્ત્વો નવું મૂલ્યાંકન નવી રજૂઆત ઝંખે છે. આપણે તે કરવું નથી અને ધર્મને રક્ષવો છે. તો એ કયાંથી રક્ષાય?

આપણે ત્યાં ચૈતન્યનું ખૂબ ખૂબ ખેડાણ થયું છે, જ્યારે પશ્ચિમે ભૌતિક જગતનું ખેડાણ કર્યું છે અને તે પણ એટલું ઊંડું કે આજે સ્થૂળને શોધતાં તેઓ લગભગ ચૈતન્યની નજીક આવી પહોંચ્યા છે. સારા સારા વૈજ્ઞાનિકો હવે માનવા લાગ્યા છે કે આ સ્થૂળ જગતના અંતરમાં ચૈતન્યશકિત કાર્ય કરી રહી છે. આજે પૂર્વ અને પશ્ચિમના સમન્વયની જરૂર છે. પૂર્વે જો સંવેદનથી અનુભવ્યું છે, તો પશ્ચિમે તે વૈજ્ઞાનિક સંશોધનથી પ્રત્યક્ષ કર્યું છે.

ધર્મે એક બીજી વસ્તુ પણ કરવાની છે. માત્ર આત્મા અને ચૈતન્યશકિતની જ વાતો ધર્મમાં આવે છે. બીજું મિથ્યા છે. પણ આ મિથ્યા છે એનો અર્થ એ નકામું છે એમ નહિ પણ ચૈતન્યની સાધનાની અપેક્ષાએ એની કિંમત ઓછી છે; પણ જ્યાં સુધી એ ચૈતન્ય અનુભવાયું નથી, એ ચૈતન્યનો પ્રકાશ જીવનમાં રેડાયો નથી ત્યાં સુધી શું? આજે આંતરિક જીવન અને બાહ્ય જીવનનો સુમેળ સધાય એવો ધર્મ સમાજ માગે છે. જો ધર્મ જીવનની એકેએક પ્રવૃ-ત્તિમાં પ્રેરણા આપવામાં સફળ નીવડશે તો તે જીવશે, એ બચશે. એને બચાવવાય નહિ જવું પડે. ધર્મ આપોઆપ પોતાની પ્રતિભાથી માનવજીવનને ઝળકતું કરી દેશે. ધર્મ એ જીવતી જાગતી વસ્તુ બનશે.

નવલભાઈ શાહ

ઘરમાં એકઠાં થયેલાં ઔષધો સંઘના કાર્યાલયમાં મોકલી આપો!

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ મુંબઈમાં વસતા પ્રબુદ્ધ જીવનના વાચકોને નમ્ર નિવેદન કે આજે કુટુંબમાં માંદગી આવતાં ડાકટરો અનેક પ્રકારની પેટન્ટ દવાઓ, મલમો તથા ઈન્જે-કશનો લખી આપે છે અને ધાર્યા મુજબનો આરામ ન થતાં આગળનાં ઔષધો પૂરા ઉપયોગમાં આવ્યા ન આવ્યા અને નવાં ઔષધો લાવવાની ડાકટરો સૂચના આપે છે. આ રીતે ઓછાં વપરા-યેલાં તેમ જ નહિ વપરાયેલાં ઔષધો અનેકને ત્યાં ઠીક પ્રમાણમાં એકઠાં થાય છે. આ રીતે નહિ વપરાયેલાં, તથા થોડા પ્રમાણમાં વપરાયેલાં છતાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ઔષધોનો અન્યત્ર ઉપયોગ થઈ શકે તે માટે મુંબઈ લાયન્સ કલબ તરફથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક પેટી રાખવામાં આવી છે, જેમાં સંઘના સદ્સ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના વાચકો તરફથી મળેલાં ઉપર જણાવ્યા મુજબનાં ઔષધો એકઠા કરવામાં આવશે અને લાયન્સ કલબ દ્વારા તેની પૂરી જાતતપાસ કરીને તે ઔષધો તેની જરૂરિયાતવાળા લોકોને વહેંચી આપવામાં આવશે. તો પોતાને ત્યાં નકામાં પડી રહેલા છતાં ઉપયોગમાં આવે તેવાં ઔષધો સંઘના કાર્યાલયમાં પહોંચાડતા રહેવા સંઘના સદસ્યો તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

આન્તરરાષ્ટ્રીય સમજદારી : INTERNATIONAL UNDERSTANDING

(યુનોના મહામંત્રી શ્રી ઉ–થાંએ તા. ૧૨-૪-૬૭ના રોજ વિજ્ઞાન ભવન, ન્યુ દિલ્હી ખાતે 'આંતરરાષ્ટ્રીય સમજદારી'' માટેના પ્રથમ નેહરુ એવોર્ડનો સ્વીકાર કરતાં આપેલા પ્રવચનમાંથી ટૂંકાવીને મૂળ અંગ્રેજી પરથી અનુવાદ)

જગતના તમામ દેશો અને તેના લોકો વચ્ચે આંતરરાષ્ટ્રીય સમજદારી, શુભેચ્છા અને મિત્રતા વધારવામાં વિશિષ્ટ ફાળો આપનાર પં. જવાહરલાલ નેહરુની સ્મૃતિમાં આ એવૉર્ડ - પુરસ્કાર - આપવામાં આવ્યો છે. કોઈ પણ વ્યકિતને માટે સૌ પ્રથમ આ એવૉર્ડ મેળવવો એ ભારે ગૌરવની બાબત છે, તેમાં પણ સંયુકત રાષ્ટ્રોના મહામંત્રીને માટે તો આ બાબત ભારે મહત્ત્વની સૂચક છે, ગૌરવની સાથે પ્રેરણા અને પ્રોત્સાહન આપનારી છે.

બીજા વિશ્વયુદ્ધ પછીનાં સંક્રાંતિકાળમાં નેહરુ એક મહાન વિભૂતિ હતા. તેમની મહાનતા સત્તા કે રાજકારણીય દાવપેચને કારણે ન હતી, પણ તેમની પોતાની ઊંડી સમજદારી અને દુરંદેશીપણાને આભારી હતી. તેમણે આવી રહેલા યુગનાં એંધાણ બહુ સ્પષ્ટપણે જોયાં હતાં. દેશમાં તેમ જ દુનિયામાં આ નવા યુગના પ્રશ્નો–ફેરફારો, મુશ્કેલીઓ, ને ભયસ્થાનોનો સામનો તેમણે હિમત અને શાંતિ પૂર્વક કર્યો હતો. તે પાછળ માનવીસ્વભાવની તેમની ઊંડી સમજ હતી અને માનવમાત્રને માટે તેમનો પ્રેમ ઊભરાતો હતો. એક પ્રસંગે એમણે કહ્યું હતું કે:

"લોકોનો જુસ્સો કેવો અપ્રતિમ હોય છે! સૈકડો વરસોથી માણસ પોતાની અનેક નિષ્ફળતાઓ છતાં, એક આદર્શ માટે, પોતાના દેશ માટે, સ્વમાનની રક્ષા કાજે, સત્યને માટે, પોતાનું જીવન ન્યોચ્છાવર કરતો આવ્યો છે. આદર્શો બદલાય તો પણ ન્યોચ્છાવરીની એની તાકાત કાયમ રહે છે, અને એથી એના વિષે અશ્રદ્ધા સેવવાનું કશું કારણ નથી. નિરાશાઓના મહાસાગર વચ્ચે પણ માણસે પોતાનું ગૌરવ ખોયું નથી, તેમ જ જે આદર્શ પોતાને પ્રિય છે એ વિષેની શ્રદ્ધા તેણે ગુમાવી નથી. પ્રકૃતિની રાક્ષસી તાકાતનો પણ, સાગરમાં રહેલા જળના બિન્દુ જેવો હોવા છતાં, માણસે પોતાની તમામ તાકાતથી સામનો કર્યો છે.''

જાહેર જીવનમાં પડેલી બધી જ વ્યકિતઓની જેમ, આવી મહાન વિભૂતિ હોવા છતાં નેહરુ પણ રાજકારણી બળોની ખેંચતાણથી તદ્દન મુકત ન હતા. પરિણામે કેટલાક પ્રસંગોમાં તેમને સમાધાન સ્વીકારવું પડતું યા તો બાંધછોડ કરવી પડતી. આખરે તો નેહરુ પણ આપણા જેવા જ એક માનવી હતા.

આંતરરાષ્ટ્રીય જગતમાં કટોકટીના ઘેરાયેલાં વાદળો વચ્ચે નેહરુએ એક અગ્રગણ્ય રાજપુરુષનો ભાગ ભજવ્યો હતો. તેમની આગેવાની હેઠળ ભારતે જગતના રાષ્ટ્રોની પરિષદોમાં મોભાનું સ્થાન મેળવ્યું હતું, જે આજ સુધી પણ કાયમ છે. એમણે શાન્તિ, સભ્યતા અને આંતરરાષ્ટ્રીય સહકારના પક્ષે પોતાનો બુલંદ અવાજ હંમેશાં ઊઠાવ્યો હતો અને ઊંડી અને સુદઢ આત્મશ્રદ્ધા ધરાવતા અનન્ય રાજપુરુષ તરીકે એમણે પોતાના દેશની તેમ જ સમગ્ર માનવતાની સેવા કરી હતી.

સંયુકત રાષ્ટ્રોમાં નેહરુ એક અગ્રેસર **આંતરરાષ્ટ્રીયતાવાદી** Internationalist અને તટસ્થતાની નીતિના સર્વોચ્ચ પ્રણેતા અને પુરસ્કર્તા ગણાતા હતા. નવેમ્બર ૧૯૬૧માં એમણે સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભા સમક્ષ કરેલું યાદગાર પ્રવચન હજી પણ આપણને એટલું જ તાજું છે, જેના પરિણામે ૧૯૬૫માં આપણે "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ" ઊજવ્યું હતું. યુદ્ધની ભયાનકતા વિષે અને આણુશસ્ત્રોની વિરુદ્ધમાં જગતને ચેતાવીને, સંઘર્ષને બદલે સહકારથી કામ કરવાનો અનુરોધ કરતાં એમણે એ પ્રવચનમાં કહ્યું હતું, "આજની દુનિયા માટે સહકાર એ અત્યંત જરૂરી ચીજ છે. રાજકીય અથવા બીજા ક્ષેત્રે એકબીજાથી વિરુદ્ધ માન્યતાવાળા દેશો માટે પણ સહકારની અનેક શકયતાઓ પડેલી છે.''

સંયુકત રાષ્ટ્રોના મુસદામાં જણાવાયેલા સિદ્ધાંતોની ટેકેદારી નેહરુએ માત્ર શબ્દોમાં જ કરી નથી. એમના નેતૃત્વ નીચે, ભારતે પોતાની અનેક મુશ્કેલીઓ છતાં, યુનોના ઘણા પ્રયત્નો અને કાર્યક્રમોમાં સંગીન ફાળો આપ્યો હતો. ખાસ કરીને, કોંગો અને મધ્યપૂર્વનાં દેશોમાં યુનોએ કરેલા શાંતિ માટેના પુરુષાર્થમાં શ્રી નહેરુએ આપેલા ટેકાનો ઉલ્લેખ અહિં કરવો જ જોઈએ. કોંગોમાં ૧૯૬૨ના માર્ચમાં એક સૈનિક ટુકડી મોકલવાનો એમણે કરેલો નિર્ણય કોંગોના પ્રશ્નના નિરાકરણ માટે એક ઐતિહાસિક નિર્ણય હતો, જે નિર્ણય પોતાના દેશમાં કંઈક અપ્રિય બન્યો હતો અને પરદેશોમાં જેના વિષે ગેરસમજુતી પેદા થવાનો પૂરો સંભવ હતો.

મારું પ્રવચન પૂરું કરતાં પહેલાં, મને જે એવૉર્ડ આપવામાં આવ્યો છે તેની સાથે સીધો સંબંધ ધરાવે છે એવો એક વિચાર હું રજુ કરવા માગું છું. આ એવૉર્ડનું નામ "આંતરરાષ્ટ્રીય સમજદારી માટેનો એવૉર્ડ" એમ જે રાખવામાં આવ્યું છે તે ભારે સૂચક છે. 'સમજદારી' શબ્દનો જે અર્થ આપણે સામાન્ય રીતે જાણીએ છીએ તેના કરતાં એના સાચા અને વિશિષ્ટ અર્થને હું આગળ ધરવા માગું છું.

લોકો અને રાષ્ટ્રો વચ્ચે સર્વમાન્ય સમજૂતી સાધવાનો પુરુષાર્થ કરવાવાળાઓ માટેના અનિવાર્ય લક્ષણ તરીકે આ શબ્દનો વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. એક જાણીતા લેખકે એકવાર કરોળીયા અને માખી વચ્ચેની સમજદારીની વાત કરી હતી. તેઓ એકબીજાને બરાબર સમજતા હોવા છતાં પણ તેમની વચ્ચે બિરાદરી છે એમ કહી ન શકાય. આપણા મનમાં જે લક્ષ્ય છે તે સાધવા માટે સર્વોચ્ચ પ્રકારની સમજદારીની જરૂર છે એ વાત સ્પષ્ટ છે.

રાષ્ટ્રો વચ્ચે મૈત્રી અને શાંતિ માટે જગતમાં કેવા પ્રકારની સમજદારી હોવી જોઈએ એ જ પ્રશ્ન આપણે આપણી જાતને પૂછવાનો છે. એક વાત સ્પષ્ટ છે: માત્ર 'જાણવાથી' કે 'સમજવાથી' આપણો હેતુ સરવાનો નથી. આ માટે એકબીજાની સહાનુભૂતિભરી ઓળખાણ અને મોકળા મનની વાતચીતો જરુરી છે. સામેના માણસની કે રાષ્ટ્રની વાત એની નજરે શું છે તે સમજવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય સહકાર અને સમગ્ર માનવજાતની એકતા–કે જે તમામ મહાન ધર્મોનું તેમ જ સંયુકત રાષ્ટ્રોનું પોતાનું પણ એક ધ્યેય છે–તે પ્રાપ્ત કરવા સારુ આપણી એકબીજા માટેની સમજદારીમાં સામેની વ્યકિત કે તેના સમાજ કે સંસ્કૃતિ વિષે આપણા મનમાં આદરની ભાવના હોવી અત્યંત આવશ્યક છે. સમજદારીની ભાવનામાં સહાનુભૂતિ અને ખેલદિલી અંતર્ગત છે. આ પ્રકારની વિશાળ સમજદારીના મુખ્ય પુરસ્કર્તા શ્રી નેહરુ હતા એ તેમનાં કાર્યો, તેમના લખાણો અને તેમનાં પ્રવચનોમાં સ્પષ્ટ તરી આવે છે.

શ્રી નેહરુના અનેક સુલક્ષણો પૈકીનું આ એક સુલક્ષણ હતું, જેની સ્મૃતિમાં આ એવૉર્ડ આપવામાં આવ્યો છે. આ એવૉર્ડ મેળવતાં હું આ દેશના અને સારી દુનિયાના લોકો કે જેઓ નેહરુની સ્મૃતિને પોતાના દીલમાં સાચવી રાખે છે અને તેમના આદર્શોને માટે એ જ જુસ્સાપૂર્વક કામ કરવા કૃતનિશ્ચયી બન્યાં છે એ સર્વનો હું એક સાથી અને સંગાથી બનું છું.

અનુવાદક : મૂળ અંગ્રેજી :
સુબોધભાઈ એમ. શાહ **શ્રી ઉ થાં**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૬, ૧૯૬૭, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

અમદાવાદની સંઘ સમિતિનું કરવામાં આવેલું કમનસીબ વિસર્જન

શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ સમિતિ તરફથી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, શ્રી છોટાલાલ ત્રિકમદાસ પરીખ, શેઠ અમૃતલાલ કાલીદાસ દોશી, શેઠ બાબુભાઈ છગનલાલ શ્રોફ, શ્રી મોતીલાલ વીરચંદ શાહ, શ્રી મનસુખલાલ ચુનીલાલ મહેતા તથા શ્રી ઘેવરમલ રતનલાલ મહેતા—આ મુજબના સમિતિ સભ્યોની સહીવાળું ગત એપ્રિલ માસની અગિયારમી તારીખે અમદાવાદ ખાતે પ્રગટ કરવામાં આવેલું નીચે મુજબનું એક નિવેદન મળ્યું છે.

"સને ૧૯૬૩ ના એપ્રિલ માસની ૧૩ મી તથા ૧૪ મી તારીખે અમદાવાદમાં મળેલ શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રી સંઘ સમ્મેલને સંઘ શુદ્ધિ અને સંઘની એકતા માટે શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ સમિતિની સ્થાપના કરી હતી.

"આ સંમેલનની ચર્ચામાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જો સમિતિને સોંપેલું કામ પાર પાડવું હશે તો સ્થાનિક સંઘો અને આચાર્ય મહારાજોનો તેમાં પૂરેપૂરો સાથ હશે તો જ તે શક્ય બનશે. તેથી શ્રી સંઘ સમિતિની સ્થાપના કરતા સંમેલનના ત્રીજા ઠરાવમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે:

"આ સંમેલન અન્તઃકરણપૂર્વક ઈચ્છે છે અને આશા રાખે છે કે અનેક પૂજ્ય આચાર્ય મહારાજો તેમ જ સંખ્યાબંધ જૈન આગેવાનોની હાર્દિક ભાવનાના પ્રતિધ્વનિ રૂપે રચવામાં આવેલી આ સમિતિને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ—સમુદાયના આશીર્વાદો અને શ્રમણોપાસક શ્રી સંઘની શુભેચ્છાઓ મળશે અને સમિતિએ ઉપાડેલ મહાન જવાબદારીઓને પૂરી કરવામાં એ સર્વનો સંપૂર્ણ સાથ અને સહકાર મળશે.

"અમને જણાવતાં દુઃખ થાય છે કે આપણે ત્યાં સ્થિતિ વધુ ને વધુ કથળતી જાય છે, જેમ જેમ અમે ઊંડા ઊતરતા ગયા તેમ તેમ જે બનાવો અમારી જાણમાં આવ્યા તે અતિ ખેદજનક છે. આમ છતાં, સ્થાનિક સંઘો કે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ—સમુદાયનો સહકાર ન મળતાં અમારે ન છૂટકે આ સમિતિને આટોપી લેવાનો નિર્ણય કરવો પડ્યો છે અને તે મુજબ સમિતિને આટોપી લેવામાં આવે છે."

આજથી બરોબર ચાર વર્ષ પહેલાં જૈન શ્વે. મૂ. સમાજના અગ્રગણ્ય નેતા શેઠ કસ્તુરભાઈ લાલભાઈની બળવાન પ્રેરણા અને આગેવાની નીચે સુનિશ્ચિત કાર્યક્રમ અને ઉદ્દેશોપૂર્વક અને તેમાં પણ જૈન શ્વે. મૂ. સમાજના સાધુ સમાજમાં વધતી જતી શિથિલતાને મૂળમાંથી નાબૂદ કરવાના ખાસ હેતુપૂર્વક પ્રસ્તુત સંઘ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. આ સંઘ સમિતિને, સ્થાનિક સંઘો અને જૈન આચાર્યોનો સહકાર ન મળવાના કારણે, ચાર વર્ષના લાંબા ગાળા દરમિયાન કશું પણ કાર્ય બજાવ્યા સિવાય આમ વિસર્જિત કરવી પડે એ જૈન શ્વે. મૂ. કોમ માટે એક અત્યન્ત કમનસીબ ઘટના ગણાય. આથી સહજ પ્રશ્ન થાય છે કે શેઠ કસ્તુરભાઈ લાલભાઈની આગેવાની નીચે રચવામાં આવેલી આવી વગદાર સમિતિ જો સાધુ સમુદાયને નાથી ન શકી તો તેને બીજું કોણ નાથી શકવાનું છે? અને આવો પ્રશ્ન જરૂર આપણા દિલમાં એક પ્રકારની નિરાશા પેદા કરે છે.

પ્રસ્તુત વિસર્જનનું મહત્ત્વ સમજવા માટે આ સંઘ સમિતિ કેવા સંયોગોમાં ઊભી કરવામાં આવી હતી તેનો ખ્યાલ હોવો જરૂરી છે. શેઠ કસ્તુરભાઈ જૈન શ્વે. મૂ. સમાજના અદ્વિતીય આગેવાન હોઈને, તેમના ઉપર જૈન સાધુઓના શિથિલાચારની વિગતો રજૂ કરતા અનેક પત્રો અને લખાણો, પ્રસ્તુત સંઘ સમિતિ સ્થપાઈ તે પહેલાનાં સમય દરમિયાન, આવવા લાગ્યા હતા. અમુક જૈનાચાર્યો તરફથી પણ, આ દિશામાં કાંઈક મક્કમ પગલું ભરાવું જોઈએ અને તે માટે શેઠ કસ્તુરભાઈએ ક્રિયાન્વિત થવું જોઈએ એવો આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવ્યો હતો. તદુપરાન્ત તત્કાલીન જૈન સાધુ સમુદાય ઉપર સારૂં વર્ચસ ધરાવતા કેટલાક જૈન આગેવાનોએ પણ આ બાબતમાં અત્યન્ત ઉત્કટતા દાખવી હતી અને ઉપર જણાવેલ આચાર્યોના અનુરોધમાં સૂર પૂરાવ્યો હતો. પરિણામે જેમના હૈયે જૈન શ્વે. મૂ. સમાજનું હિત ખરેખર જડાયલું છે એવા શેઠ કસ્તુરભાઈ આ પ્રશ્ન અંગે ખૂબ સતેજ, ભાવાવિષ્ટ, એટલું જ નહિ પણ, પૂરા અંશમાં જેહાદપરાયણ બન્યા હતા અને પોતાના initiative થી—સ્વસંચાલિત બુદ્ધિ અને પ્રેરણાથી—સ્થળ સ્થળના સંઘોના પ્રતિનિધિઓને નિમંત્રણો મોકલીને આજથી ચાર વર્ષ ઉપર અમદાવાદ ખાતે અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. સંઘોનું તેમણે એક ભવ્ય સંમેલન યોજ્યું હતું અને સાધુસમુદાયની શિથિલતા નાબુદ કરવાને લગતા મુદ્દાનો તેની પાસે સ્વીકાર કરાવીને તે દ્વારા એક વગદાર સંઘ સમિતિની નિમણૂંક કરાવી હતી. વસ્તુતઃ આ સંઘ સમિતિની જ્યારે જાહેરાત કરવામાં આવી અને તેના ઉદ્દેશની ચોતરફ જાણકારી થઈ ત્યારે આખો સાધુસમુદાય અવાક્ બની ગયો હતો, સ્તબ્ધ બની ગયો હતો. હવે જે તે ગૃહસ્થને ત્યાં પોતાની વતી રકમો જમે કરાવી નહિ શકાય; હવે બ્રહ્મચર્ય વ્રતના પાલન અંગેના ગોટાળા ચલાવી નહિ શકાય; હવે જેને તેને મનમાં ફાવે તે રીતે દીક્ષા આપી નહિ શકાય; હવે સાધ્વીઓ કે સમાજની સ્ત્રીઓ સાથેના વ્યવહારમાં પ્રમાદ કે શિથિલતા દાખવી નહિ શકાય; હવે કોઈ એક સ્થળે વર્ષો સુધી પોતાનો અડ્ડો જમાવી નહિ શકાય; હવે પોતાની સુખ સગવડો અંગે ધાર્યા મુજબ ગોઠવણો કરી નહિ શકાય. આવી એક ભડક આખા સાધુવર્ગમાં ફેલાઈ ગઈ હતી, અને આવા અચળ વિશ્વાસ અને

પોતાના અજોડ નેતૃત્વના ખ્યાલ ઉપર શેઠ કસ્તુરભાઈએ આ સમિતિનું કાર્ય ત્રણ મહિનામાં પૂરું થઈ જશે એવી આશા, એ દિવસોમાં ભરવામાં આવેલા અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. શ્રમણોપાસક સંઘ સંમેલનનો ઉપસંહાર કરતાં વ્યકત કરી હતી.

વચનસિદ્ધિના સુદૃઢ વિશ્વાસ અને નિશ્ચયપૂર્વક શરૂ કરવામાં આવેલી પ્રવૃત્તિને, કશું પણ નક્કર પરિણામ નિપજાવ્યા સિવાય, ચાર વર્ષ બાદ શેઠ કસ્તુરભાઈને આમ એકાએક સંકેલી કેમ લેવી પડી ? આ બાબતનું વિગતથી પૃથક્કરણ કરતાં એમ લાગે છે કે કમનસીબે પ્રસ્તુત સંઘ સમિતિએ આ સમસ્યા હલ કરવા અંગે ધારણ કરેલી નીતિમાં કોઈ પ્રકારની મક્કમતા કે સખ્તાઈ પ્રારંભથી જ અખત્યાર કરવામાં આવી નહોતી. કોઈ પણ સાધુને જાહેરમાં બનતા સુધી ઉતારી પાડવો નહિ અથવા તો બહારની દુનિયામાં જૈન સમાજની અપકીર્તિ થાય એ રીતે તેની સાથે કામ લેવું નહિ અને જે કાંઈ પગલાં ભરવાં જરૂરી લાગે તે સ્થાનિક આગેવાનો અથવા તો તેના ગુરુજનો મારફત ભરવાં—આવું તેમની નીતિ અથવા તો કાર્યપદ્ધતિનું સ્વરૂપ રહ્યું હતું. હવે વાસ્તવિકતા એવી હોય કે સ્થાનિક આગેવાનો ઉપર તો મોટા ભાગે પ્રસ્તુત સાધુનું અથવા તો તેના ગુરુનું પ્રભુત્વ હોય અને ગુરુજનો પોતાના પરિવારની બેઆબરુ થાય એવું પગલું ભરવાને સાધારણ રીતે તૈયાર ન જ હોય. આવી જ્યાં પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં, સંઘ સમિતિને વિસર્જિત કરતા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ, આ સમિતિને સ્થાનિક સંઘો અથવા તો પ્રસ્તુત ગુરુજનો યા તો આચાર્યોનો ઔચ્છિક ટેકો ન મળે એ સ્વાભાવિક હતું અને માત્ર તેમના ઔચ્છિક ટેકા ઉપર જ આધાર રાખીને એટલે કે તેમના ઉપર કશું પણ દબાણ નહિ લાવવાની પદ્ધતિએ કામ કરવા માગતી સંઘ સમિતિનું કાર્ય આગળ ચાલી ન જ શકે એ એટલું જ સ્વાભાવિક હતું.

ખરી રીતે આ કામ સીધા પગલાંનું હતું, એટલે કે જે શિથિલાચારનો કિસ્સો સંઘ સમિતિના ધ્યાન ઉપર આવે અને તે અંગે તેને પાકી ખાત્રી થાય તે સાધુ સાથે સંબંધ ધરાવતા તેના ગુરુજનો અને સંઘો ઉપર જરૂરી દબાણ લાવવું અને તે સાધુને બરોબર ઠેકાણે લાવવાની અને તે ઠેકાણે ન આવે તો તેનો વેશ ઝૂંટવી લઈને તેને સંસાર તરફ વિદાય કરવાની ગુરુજનો અને સંઘને ફરજ પાડવી અને આવા દરેક કિસ્સાને જરૂરી પ્રસિદ્ધિ આપવી. આવાં પગલાં ભરવાની શેઠ કસ્તુરભાઈમાં કે તેમણે પસંદ કરેલી વગદાર સમિતિમાં તાકાત નહોતી એમ કોઈ કહી જ ન શકે. એમ છતાં આ હદ સુધી જવાની સંઘ સમિતિએ કદી પણ તત્પરતા કે ઉત્કટતા દાખવી નહિ. પરિણામે સંઘ સમિતિના દફ્તરે જૈન સાધુઓના શિથિલાચારના કિસ્સાઓ નોંધાતાં ગયા, અવનવાં પ્રકરણો ફાઈલ ઉપર ચડતાં ગયાં, ઉમેરાતાં ગયાં, પણ કોઈ મક્કમ પગલાંના કદિ દર્શન ન થયાં. આવી સ્થિતિ ઠીક સમય સુધી ચાલતાં શિથિલાચારી સાધુ માત્ર નિર્ભય બની ગયા અને તેમના ભ્રષ્ટાચારને છૂટો દોર મળી ગયો. પરિણામે સંઘ સમિતિની સ્થાપના થઈ તે વખતની ભડક ઓસરી ગઈ અને નિરંકુશતા બે—લગામ બની બેઠી. સંઘ સમિતિ આ બધું જોતી રહી અને શિથિલાચાર ફાલતો ફૂલતો રહ્યો.

અમદાવાદના ઉપર્યુકત સંઘ સંમેલનની મેં એ દિવસોના પ્રબુદ્ધ જીવનમાં એક સવિસ્તર આલોચના કરી હતી. તેમાં મેં સૂચવ્યું હતું કે જેમનો જૈન સમાજ ઉપર અસાધારણ પ્રભાવ છે એવા સાધુ સમુદાયમાં પ્રવર્તતી શિથિલતા દૂર કરવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું છે. તે કપરું કામ કરતાં અનેકને અળખામણા થવું પડે, અનેકનાં દિલ દુભાવવાં પડે, અને કોઈ પણ વખતે અપમાન ખમવાના પ્રસંગો પણ ઊભા થાય—આવાં તેમાં જોખમો રહેલાં છે. આ તાકાત અને તૈયારી શેઠ કસ્તુરભાઈ ધરાવે છે ખરા ? મારી આલોચનામાં મેં જણાવ્યું હતું કે:—

"ત્રણ ચાર સદીઓ પહેલાં યુરોપમાં 'માર્ટીન લ્યુથર' થઈ ગયો. તેણે પોપની સત્તા સામે બળવો પોકારેલો. માર્ટીન લ્યુથર એક સામાન્ય માનવી હતો. એમ છતાં તે એક ક્રાન્તિકાર હતો. તેણે પોપને અપ્રતિષ્ઠિત કર્યો; ધાર્મિક ક્ષેત્રે વિચારસ્વાતંત્ર્યનો નવો યુગ પ્રવર્તાવ્યો; નવાં પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયની સ્થાપના કરી. શ્રી કસ્તુરભાઈમાં ક્રાન્તિકારનું આવું ખમીર હજુ સુધી દૃષ્ટિગોચર થયું નથી.

"કેટલાંક વર્ષો પહેલાં વૈષ્ણવ સમાજમાં બહાદુર નરવીર કરસનદાસ મૂળજી પાકેલા. તેમણે વૈષ્ણવ ગોસાંઈઓમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર સામે જેહાદ જગાવી. જીવના જોખમે તે ભ્રષ્ટાચારને ઉઘાડો પાડ્યો, લગભગ નાબુદ કર્યો. કસ્તુરભાઈએ પણ જૈન શ્વે. મૂ. સમાજમાં સાધુઓના શિથિલાચાર સામે આવી જ કોઈ જેહાદ શરૂ કરી છે. જેહાદ શબ્દ કોઈ વધારે પડતો ન માને. ઠરાવોમાં ગોળ ગોળ ઘણું કહેવામાં આવ્યું છે. ભારોભાર Sugar Coating છે. સંમેલનના ઠરાવોને શર્કરાનો ગાઢ પુટ આપવામાં આવ્યો છે. વળી કોઈ એમ ન કહે કે માત્ર સાધુ સંસ્થા જ આ સંમેલનનું મૂળ લક્ષ્ય છે. એટલે શ્રાવક સંસ્થાઓની ત્રુટિઓ પણ બીજા ઠરાવો દ્વારા આગળ ધરવામાં આવી છે. આમ છતાં પણ આ સંમેલનની મૂળ અને મુખ્ય બાબત સાધુ સંસ્થાની શિથિલતાને પડકારવાની છે. એટલે કસ્તુરભાઈની આ જેહાદ સ્વ. કરસનદાસ મૂળજીની જેહાદ સાથે અમુક અંશે સરખાવી શકાય તેમ છે. ફરક એટલો જ છે કે એ વખતનાં વૈષ્ણવ ગોસાંઈઓના ભ્રષ્ટાચાર અને આજના જૈન સાધુઓના શિથિલાચારમાં બહુ મોટી માત્રાનો ફરક છે. એમ છતાં ગુરુસંસ્થાની ભ્રષ્ટતા કે શિથિલતા દૂર કરવી એ લક્ષ્ય બન્ને માટે સમાન છે. કસ્તુરભાઈને આ જેહાદમાં સફળતા મેળવવી હશે તો તેમણે સ્વ. કરસનદાસ મૂળજીનું ખમીર દાખવવાનું રહેશે. કારણ કે આજના જૈન સાધુઓ—જેમના શિથિલાચારને લક્ષમાં રાખીને આ સંમેલન ભરવામાં આવ્યું છે તેઓ—આજે મૌન ભલે સેવતા હોય, પણ વખત જતાં સંમેલનના ઠરાવોને અર્થવિનાના બનાવવા તરકીબો અજમાવ્યા વિના નહિ રહે. તેમના ઉપર ઊભી કરવામાં આવેલી ચોકી હંમેશને માટે તેઓ સહન કરી લે એ માનવસ્વભાવની વિરુદ્ધ છે, અને તેથી સતત જાગૃતિ અને જરૂર પડે ત્યાં કુઠાર—પ્રહાર એ બે ઉપાયો શેઠ કસ્તુરભાઈએ અને તેમણે નીમેલી સંઘ-સમિતિએ ધારણ કરવા જ રહેશે અને તો જ સંઘ સંમેલને પસાર કરેલા ઠરાવો અમલી બનાવી શકાશે."

ઉપર જણાવેલ ચાર વર્ષની પરિણામશૂન્યતા દર્શાવે છે કે જૈન સાધુઓ સંઘ સમિતિના ઠરાવને ઘોળીને પી ગયા છે, અને અનેક સ્થળોએ નાના મોટા શ્રાવક સમુદાયો સાધુઓની શિથિલતાને કશી રોકટોક સિવાય પોષી રહ્યા છે. જે જાગૃતિ અને સુદૃઢ કર્તવ્યપરાયણતાની સંઘ સમિતિ અંગે અપેક્ષા રાખવામાં આવી હતી તેવી કોઈ જાગૃતિ યા તો કર્તવ્યપરાયણતા સંઘ સમિતિ દાખવી શકી નથી અને કુઠાર—પ્રહારનો બે ચાર કિસ્સાઓમાં પણ પ્રયોગ કરવાનું સામર્થ્ય શેઠ કસ્તુરભાઈ લાલભાઈ અથવા તો તેની સંઘ સમિતિ રજુ કરી શકેલ નથી. શેઠ કસ્તુરભાઈ બીજી અનેક બાબતો અંગે વિપુલ તાકાત ધરાવે છે, પણ સાથે સાથે પ્રસ્તુત પરિણામ ઉપરથી એ જણાવવું જ રહ્યું કે તેમની માટી માર્ટીન લ્યુથરની માટી નથી; તેમનું ખમીર કરસનદાસ મૂળજીનું ખમીર નથી.

આ બધું છતાં સંઘ સમિતિના વિસર્જનને લગતા નિવેદનમાં પોતાની નિષ્ફળતાનો નીચેના શબ્દોમાં જે બીનસંકોચ એકરાર કરવામાં આવ્યો છે કે "આપણે ત્યાં સ્થિતિ વધુ ને વધુ કથળતી જાય છે. જેમ જેમ અમે ઊંડા ઉતરતા ગયા તેમ તેમ જે બનાવો અમારી જાણમાં આવ્યાં તે અતિ ખેદજનક છે. આમ છતાં સ્થાનિક સંઘો કે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ સમુદાયનો સહકાર ન મળતાં

અમારે ના છૂટકે આ સમિતિને આટોપી લેવાનો નિર્ણય કરવો પડયો છે."—આવા ખુલ્લા એકરાર માટે અને આજની વિષમતર બનતી જતી પરિસ્થિતિ પ્રત્યે સ્પષ્ટ શબ્દોમાં જૈન સમાજનું ધ્યાન ખેંચવા માટે શેઠ કસ્તુરભાઈ લાલભાઈને તથા તેમની સમિતિને ધન્યવાદ ઘટે છે. આ એકરાર આજની નવી પેઢીને પડકાર કરે છે કે જે કાર્ય શેઠ કસ્તુરભાઈ લાલભાઈ જેવા બાહોશ પુરુષ કરી ન શકયા તે કાર્ય વધારે બળવાન પુરુષાર્થ દાખવીને ધ્યેય સિદ્ધ કરવાની અડગ કટિબદ્ધતા રજૂ કરીને અને તે માટે ચાહે તેટલું જોખમ ખેડીને નવી પેઢી કરી બતાવે, સાધુ સંસ્થાની પાયામાંથી સાફસૂફી કરે, કોઈ પણ દંભ, પાખંડ, કે શિથિલાચારને ન સહી લે કે ન ક્ષણભર ટકવા દે.

આ નોંધ પૂરી કરું તે પહેલાં શેઠ કસ્તુરભાઈ પ્રત્યે સહાનુભૂતિ દાખવતા બે શબ્દો લખું તો તે અસ્થાને નહિ ગણાય. શેઠ કસ્તુરભાઈ એક એવી પુણ્યશાળી વ્યકિત છે કે જેમના આજ સુધીના જીવનમાં કોઈ પણ બાબત કે વિષયમાં પીછેહઠ અથવા તો નિષ્ફળતા નોંધાણી હોય એમ જાણ્યું કે સાંભળ્યું નથી. આ પાછળ તેમની પુણ્યવત્તા સાથે તેમનું દુરંદેશીપણું તેમ જ પૂરી સમજદારી તથા દઢતાપૂર્વક કામ કરવાની અસાધારણ કુશળતા રહેલી છે. તેમની કોઈ યોજના કે ગણતરી નિષ્ફળ જાય જ નહિ એવી સામાન્ય જનતામાં—ખાસ કરીને જૈન શ્વે. મૂ. સમાજમાં—તેમણે શ્રદ્ધા પેદા કરી છે. પોતે ઊભી કરેલી સંઘ સમિતિના કાર્યમાં મળેલી નિષ્ફળતા કદાચ તેમના જીવનમાં પહેલી જ હોય. આ માટે તેમના વિષે આદર ધરાવતા આપણા સર્વની હાર્દિક સહાનુભૂતિના તેઓ અધિકારી બને છે. માનવીના જીવનના ઘડતરમાં સફળતા તેમ જ નિષ્ફળતા—બન્ને મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણી વાર સફળતા કરતાં નિષ્ફળતા આજની વાસ્તવિકતાના સમ્યક્ દર્શનમાં વધારે મદદરૂપ બને છે. સફળતાની પરંપરાથી પ્રમત્ત બનતા જતા માનવીને નિષ્ફળતા વિનમ્ર બનાવે છે, અન્તર્મુખતા તરફ વાળે છે. કસ્તુરભાઈને સાંપડેલી આ નિષ્ફળતા તેમને વિનમ્ર બનાવે, અન્તર્મુખતા તરફ વાળે, વધારે મોટા માનવી બનાવે એવી તેમના વિષે આપણી પ્રાર્થના હો !

પરમાનંદ

રાષ્ટ્રસંસ્થાના સેક્રેટરી—મહામના ઉ-થાં

"હું એક રૂઢિચુસ્ત બૌદ્ધ કુટુંબમાં ઉછર્યો છું. લાગણીઓની કેટલેક અંશે સમતુલા જાળવવાની કેળવણી મને મળી છે. સારી યે માનવજાતને એક અને અવિચ્છિન્ન એકમના રૂપમાં જોવાનું પણ મને શિખવવામાં આવ્યું છે."

ઉ-થાંના પોતાના આ શબ્દો છે, જેમાં એમના ચારિત્ર્યનું યથાર્થ નિરૂપણ છે. ૧૯૬૧ થી તેઓ સંયુકત રાષ્ટ્રસંઘના મહામંત્રીનો હોદ્દો ધરાવે છે, જે સાચેસાચ જ જગતમાં સૌથી વધારે કપરો અને મોટા ભાગે અપયશ આપાવનારો છે.

એક ચુસ્ત બૌદ્ધની જેમ ઉ-થાં પોતાના ન્યુયૉર્કના પરાંના નિવાસસ્થાને રોજ સવારે છ વાગે પ્રાર્થનાથી દિવસની શરૂઆત કરે છે, પછી એકાદ કલાક તેઓ ધ્યાનમાં ગાળે છે, હવામાન અનુકૂળ હોય તો તરવા જાય છે, અને ત્યાર પછી પોતાનાં પત્ની અને પુત્ર-પુત્રી સાથે કોફી પીએ છે. લગભગ ૧૦॥ વાગતાં તેઓ દિવસના વિકટ પ્રશ્નોનો મુકાબલો કરવા તૈયાર થઈ ગયાં હોય છે.

સામાન્ય રીતે ધર્મ વિષેની તેમના અંતરની શ્રદ્ધા અને ખાસ કરીને બૌદ્ધ ધર્મ પરના તેમના વિશ્વાસમાંથી જ એમનાં ધૈર્ય, સહિષ્ણુતા અને અગાધ માનસિક ક્ષમતાના ગુણો પ્રગટયાં છે. તેમના પ્રત્યેક કાર્યમાં તેમની શાંતિ અને સ્વસ્થતા જણાઈ આવે છે. પોતાના સલાહકારો અને સહકાર્યકરો પાસેથી કામ લેવાની એમની આગવી રીત આ રીતે સમજાવી શકાય. ૧૯૬૧ના એક વિમાની અકસ્માતમાં જેમનું કરુણ અવસાન થયેલું તેવા તેમના પુરોગામી શ્રી દાગ હેમરશિલ્ડ ઉ-થાં થી ભિન્ન પ્રકૃતિના માનવી હતા. ઘણીવાર તેઓ પોતાના સલાહકારોની તાત્કાલિક સભા બોલાવતા, જેમાં મોડી રાત સુધી ચર્ચા ચાલ્યા કરતી અને તો પણ તેઓ જે નિર્ણય કરતાં તે અધકચરો અને ઉતાવળો રહેતો. બીજી બાજુ ઉ-થાં વધારે સ્વસ્થતાપૂર્વક કામ કરે છે. શ્રી દાગ હેમરશીલ્ડની જેમ ઉ-થાં પોતાના સલાહકારોથી દોરવાઈને કોઈ નિર્ણય લેતા નથી. તેમના નિર્ણયો સ્વતંત્ર હોય છે. ઉ-થાં ભાગ્યે જ રાત્રે સાડા-આઠથી વધુ સમય સુધી પોતાના કાર્યાલયમાં હોય છે. કોઈપણ વિષય અંગે એકવાર નિર્ણય લીધા પછી તેઓ તેની ફેરવિચારણા મોટેભાગે કરતા નથી.

ઉ-થાં સાચા અર્થમાં 'કૉસ્મોપોલીટન' છે, નાતજાત ધર્મ કે રાષ્ટ્રવાદ સાથે જોડાયલા સાંકડાપણાથી મુકત છે. જ્યારે તેઓ કિશોર હતાં ત્યારે એકવાર એક બર્મીઝ અને બીજા પરદેશી પહેલવાન સાથેની કુસ્તી જોવાનો તેમને પ્રસંગ સાંપડેલો. એ પ્રસંગે પોતાનો દેશવાસી બર્મીઝ પહેલવાન જીતે તો સારૂં એવી ભાવના એમણે ક્ષણવાર પણ સેવી ન હતી. આ પ્રકારનું તેમનું માનસિક વલણ, કોઈ વારસાગત વલણ નહોતું, પણ જાતે કેળવેલી શિસ્તનું પરિણામ હતું.

આ રીતે પોતે વિશ્વના એક નાગરિક હોવાથી જ કદાચ તેમના અત્યારના હોદ્દા માટે તેઓ વધારેમાં વધારે યોગ્ય વ્યકિત છે. જગતની સમગ્ર માનવજાતિ પ્રત્યે તેમની વફાદારી અને નિષ્ઠાને કારણે જ તેઓ ઝઘડતા દેશો વચ્ચે પણ સમતુલા જાળવી શકે છે, જો કે એમણે પોતે ખેદ સાથે કબૂલ કર્યું છે તે મુજબ મહાસત્તાઓની દાદાગીરીને લઈને અત્યારે સંયુકત રાષ્ટ્ર સંસ્થા મોટેભાગે બિન-અસરકારક અને શકિતહીન બની ગઈ છે. વિયેટનામ, રોડેશિયા, આફ્રિકા અને પોર્ટુગલના પ્રશ્નોમાં રાષ્ટ્રસંસ્થા કશો અસરકારક પ્રભાવ પાડી શકી નથી. કેટલાક મોટા સભ્ય રાષ્ટ્રો પાસેથી તો પોતાનું લેણું પણ તે વસુલ કરી શકી નથી. સંયુકત રાષ્ટ્ર સંસ્થાના ઓછા થતા જતા પ્રભાવને કારણે જ કદાચ ઉ-થાં મહામંત્રીના હોદ્દાની જવાબદારી બીજીવાર સ્વીકારવા તૈયાર ન હતા.

આમ છતાં પણ દુનિયાના દેશોમાં એક "ત્રીજો બ્લોક" ગણી શકાય એવા નવસ્વતંત્રતા પામેલા અને પાંગરતા દેશો માટે તો આ જ એકમાત્ર સંસ્થા છે, જેમાં આંતરરાષ્ટ્રીય પ્રશ્નો વિષે તેઓ પોતાનો મત રજૂ કરી શકે છે. તદુપરાંત, તેમને સ્પર્શતા ઘણા ઝઘડાઓમાં પણ આ સંસ્થા સમાધાનલક્ષી મહત્ત્વનો ભાગ ભજવે છે. ૧૯૬૫ ની ભારત-પાકિસ્તાન લડાઈમાં તેમ જ આરબ-ઈઝરાયલી ઝઘડામાં સંયુકત રાષ્ટ્ર સંસ્થાએ આવો જ ભાગ ભજવ્યો હતો.

આ સંસ્થાના સભ્ય દેશો પૈકી બહુમતી ધરાવનારા આ નાના નાના દેશોને ઉ-થાં પ્રત્યે ભારે માન અને વિશ્વાસની લાગણી છે. પરિણામે ઉ-થાંની પણ આ દેશો પ્રત્યે એવી જ જવાબદારી છે. આજથી છ વર્ષ અગાઉ જ્યારે એમણે પ્રથમવાર આ પદ સંભાળ્યું ત્યારે એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ પોતે 'નિષ્પક્ષ' જરૂર રહેશે, પણ એનો અર્થ એમ નથી કે તેઓ 'તટસ્થ' હશે. તેમની આજસુધીની કામગીરીએ આ વાત પુરવાર કરી આપી છે. મહાસત્તાઓ તેમ જ નાના દેશો બધાંનો તેમની નિષ્પક્ષતામાં—Objectivity માં—સંપૂર્ણ વિશ્વાસ છે. જુદે જુદે પ્રસંગે તેમણે રશિયાની, અમેરિકાની, બેલ્જીયમની તેમ જ પ્રમુખ દ'ગોલની ખુલ્લં-ખુલ્લા ટીકા કરી છે. તટસ્થ દેશો પણ તેમના હુમલાથી બચ્યા નથી. એકવાર તેમણે આલ્જીરિયાના પ્રમુખ બેન બેલાની પણ વધુ પડતા Racist—જાતિભેદના હિમાયતી—હોવા માટે ટીકા કરી હતી.

આ મહાન જવાબદારીભર્યા હોદ્દા પર—કે જ્યાં બીજો કોઈ જરા ઊતરતી યોગ્યતાવાળો માણસ કદાચ ભાંગી પડયો હોત—એમને ટકાવી રાખે છે એમનો આશાવાદ. તેઓ કહે છે. "ઈતિહાસના મારા અવલોકન પરથી હું એવા નિર્ણય પણ આવ્યો છું કે માણસ-જાત એક મહાન સમન્વય તરફ પ્રયાણ કરી રહી છે, કે જેમાં જુદાજુદા વાદો વચ્ચે ધર્ષણ નહીં પણ એકતા સધાશે." એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના સર્વોચ્ચ અધિકારી તરીકેના પોતાના સ્થાનને તેઓ આ આવી રહેલા એકીકરણ (અથવા સમન્વય) ના પ્રતિનિધિ જેવું ગણાવે છે.

એક બાજુ પશ્ચિમના ધનવાન મોટા લોકોથી વસાયલી મહાનગરીઓની અને બીજી બાજુએ ગરીબાઈથી કચડાયેલી ખદબદતી રંગીન પ્રજાથી વસાયલાં ગ્રામપ્રદેશો વચ્ચે વહેંચાયેલી આ દુનિયામાં આવો ઉદાત્ત આદર્શવાદ જેટલો વિરલ તેટલો જ આવશ્યક છે.

મૂળ અંગ્રેજી :
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા

અનુવાદક :
સુબોધભાઈ એમ. શાહ

❋ 'પુરુષ સ્ત્રીને હજુ ય ઓળખી શક્યો નથી' ❋

જૈન સોશિયલ ગ્રુપના ઉપક્રમે, ઉપરોકત વિષય ઉપર એક રસપ્રદ વિવાદસભા મંગળવાર તા. એપ્રિલના સાંજના ૭-૦૦ વાગે ઓઈલસીડઝ હાઉસમાં ગોઠવવામાં આવી હતી. આખો ય સભાગૃહ ભાઈ-બહેનોથી ચિક્કાર ભરાઈ ગયો હતો.

શરૂઆતમાં જૈન સોશિયલ ગ્રુપના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે સર્વશ્રી હર્ષદા પંડિત, તારાબહેન શાહ, રામુભાઈ પંડિત અને રમણભાઈ શાહનો પરિચય કરાવ્યો હતો અને કહ્યું–"સૃષ્ટિનું સર્જન થયું ત્યારે સૌ પ્રથમ પ્રવેશ પુરુષનો હતો એમ કહેવાય છે. અને એ પુરુષનું નામ 'આદમ' હતું. આદમને એકલું ગમ્યું નહિ અને પરમાત્માએ એની પાસે એક સ્ત્રી-ઈવ-ને મોકલી અને ત્યારથી જ આ પ્રશ્ન ઊભો થયો છે. સ્ત્રી હંમેશ ફરિયાદ કરતી આવી છે, 'પુરુષ સ્ત્રીને ઓળખી શક્યો નથી.' આથી આ વિષયની છણાવટ કરવા આ વિવાદસભાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. અહીં બે ફરિયાદીઓ છે–બે આરોપીઓ છે. બલબત્ત આ વિવાદસભા પાછળ સાક્ષરદંપતીઓને ઝઘડાવી મારવાનો આશય છે જ નહિ, હોઈ શકે જ નહિ."

વિવાદસભાની શરૂઆત એસ. એન. ડી. ટી. કોલેજના માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રીમતી હર્ષિદાબહેન પંડિતે કરી અને કહ્યું:"ચીમનભાઈએ આદમ અને ઈવની વાત કરી, પણ મારે એમને કહેવું છે કે આદમને ફળ ખાવાની પણ સૂઝ ન હતી. અને સ્ત્રીએ એને એ સૂઝ આપી. માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો પણ પુરુષ કરતાં સ્ત્રીની સમજ હમેશાં વધારે રહી છે. અને એથી જ યુનિવર્સિટીના પરિણામો જોઈશું તો તમે જોશો કે છોકરીઓ છોકરાઓ કરતાં વધારે સારા માર્કસ લાવે છે અને વધારે સારા પરિણામો રજુ કરે છે. સ્ત્રીઓ કરતાં પુરુષોનું નૈતિક ધોરણ પણ હંમેશ નીચું રહ્યું છે. એક પરદેશીએ 'ભારતીય પતિ' પર પુસ્તક લખ્યું છે. તેમાં જણાવ્યું છે કે ભારતનો પતિ જ્યારે ભારતનો કિનારો છોડે છે ત્યારે એ "Moral Holidays–નૈતિક રજા" ઉપર ઊતરે છે. જ્યારે તમે કોઈ સ્ત્રી વિશે આવું નહીં સાંભળો.' 'પુરુષ સ્ત્રીને હજુ ય ઓળખી શક્યો નથી.' આ વાકય અધુરું છે.- 'ઓળખી શક્યો નથી' પાછળ "ઓળખી શકવાનો પણ નથી." આ શબ્દો મૂકીને વાકય પુરું કરવું ઘટે છે."



❋ વિવાદસભાને અંતે ઉપસંહાર કરતા શ્રી. પરમાનંદભાઈ ❋

શ્રીમતી હર્ષિદાબહેનને જવાબ આપતાં તેમના પતિ શ્રી રામુભાઈ પંડિતે કહ્યું- "મારી અગાઉના વકતાઓ ઈવની સૂઝ વિષે કહ્યું. હું પૂછું કે ઈવે આદમને એવું સડેલું ફળ ખાવાની સૂઝ આપી તે એની સડેલી સૂઝનું પ્રદર્શન નથી શું ? અને પુરુષને સ્ત્રીમાં સમજવા જેવું કશું ન પણ લાગે એ સ્વાભાવિક છે. અને આખરે ચાર મળે ચોટલા અને ભાંગે કોઈના ઓટલા" તેમાં સમજવા જેવું છે પણ શું ? પુરુષ હંમેશા પરણ્યા પછી પાંચમે જ દિવસે પસ્તાતો હોય છે. પુરુષ સ્ત્રીને નથી સમજ્યો એમ માની લઈએ તો પણ હું એમ પૂછું કે સ્ત્રી સ્ત્રીને સમજી શકી છે ખરી ? સ્ત્રી સ્ત્રીની દુશ્મન નથી શું ? સ્ત્રી સ્ત્રીની જ અદેખાઈ નથી કરતી શું ? અરે વિજયાલક્ષ્મી પંડિત જેવામાં ય સ્ત્રીના આ મૂળ સંસ્કાર ઘણી વાર નથી દેખાતા શું ? અને પુરુષ સ્ત્રીને ઓળખી શક્યો છે એ તો ઈંદિરા ગાંધીને વડા પ્રધાનપદે લાવીને ય પુરુષે પુરવાર કર્યું છે. બાકી નૈતિક રજા પર પુરુષ ઉતરે છે અને સ્ત્રી નથી ઉતરતી એવું કોણે કહ્યું ? અને છોકરીઓ યુનિવર્સિટીમાં પરિણામો સારા લાવે તેનું કારણ એ જે વિષયો લ્યે છે તે છોકરીઓના વિષયો છે. છોકરાઓ એ વિષય લેતા નથી, લઈ શકતા નથી. પુરુષ સ્ત્રીને બરાબર ઓળખે છે, સ્ત્રી જ સ્ત્રીને ઓળખતી નથી."

આ પછી સોફિયા કોલેજના ગુજરાતીના પ્રાધ્યાપક શ્રીમતી તારાબહેન શાહે કહ્યું- "શ્રી રામુભાઈએ કહ્યું કે પુરુષ પરણ્યાને પાંચમે દિવસે જ પસ્તાય છે. મારું કહેવું છે કે સ્ત્રી તો સગપણ કરીને સાત કલાકમાં જ પસ્તાય છે. એને સગપણ પછી ઓફર કરવામાં આવે છે કે આટલા વાગે ઓકલી મળજે, તારી બા ના પાડે તો ય એને અપટમ પપ્ટમ સમજાવીને મને આ જગ્યાએ મળજે." પુરુષની આ જોહુકમી નહિ તો શું છે?

'ચાર મળે ચોટલા' એમ શ્રી રામુભાઈએ કહ્યું- હું કહું છું કે રામુભાઈને આ ચોટલા વગર ઓટલો કે રોટલો કયાંય મળવાનો છે ખરો ? વાંઢાને કયાંય મકાનમાં કોઈ જગ્યા આપે છે ખરા ? પુરુષ સ્ત્રીને સમજ્યો જ નથી- પ્રાચીન કાળથી તે અર્વાચીન કાળ સુધી."

...આ પછી શ્રીમતી તારાબહેને રામાયણ મહાભારતમાંથી અનેક દાખલાઓ આપ્યા. "સંયુકતાને ઉપાડી જવાને બદલે એક નાટકમાં પૃથ્વીરાજ દાસીને ઉપાડી જાય છે. આ પુરુષની બાધાઈ તો જુઓ... પુરુષને પોતાની પત્ની સાથે વાત કરવાનો ય સમય નથી મળતો તો સમજવાનો સમય તો કયાંથી મળે ? સ્ત્રી જ સમાજની સર્વશ્રેષ્ઠ વ્યકિત રહી છે. સ્ત્રીએ માતાની, ભગિનીની, પત્નીની-શકિતનું દર્શન કરાવ્યું છે. સ્ત્રીઓ બધા જ ક્ષેત્રોમાં પુરુષની બરાબરી કરી છે. આમ છતાં ય પુરુષ સ્ત્રીને અન્યાય કરતો જ આવ્યો છે. ગમે તેવી લાગણી બતાવવા છતાં પુરુષનું અંદરનું અભિમાન હંમેશ જાગૃત રહ્યું છે. મનુ ભગવાને પણ સ્ત્રીને તાડનની અધિકારી કહી સ્ત્રી જગતને અન્યાય કર્યો છે-"

શ્રીમતી તારાબહેનને જવાબ આપતાં તેમનાં પતિ ડો. શ્રી રમણલાલ શાહે કહ્યું મારી આગળનાં વિદ્વાન વકતાઓ આપણા પ્રાચીન ગ્રંથોનો ઉલ્લેખ કર્યો, પણ એ ભૂલી ગયા કે એ ગ્રંથોના

સર્જકો પુરુષો હતા. નવલકથાનાં સુંદર સ્ત્રીપાત્રોનું સર્જન કનૈયાલાલ મુનશી કરી શક્યા છે, લીલાવતી મુનશી નહિ. સંયુક્તાનું પાત્ર લાગવગથી સંભવ છે કે કોઈ સામાન્ય સ્ત્રીને ભજવવાનું આવ્યું હોય એટલે પુરુષ એ સામાન્ય સ્ત્રીને-ભલે પછી તે સંયુક્તા હોય તેને ઉપાડી ન જતાં સુંદર લાગતી દાસીને ઉપાડી જાય તેમાં તે પુરુષની બાઘાઈ કે બુદ્ધિમત્તાનું સુંદર પ્રમાણ છે ? મનુ ભગવાને સ્ત્રી તાડનની અધિકારી કહી છે–તો "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે દેવતા:" પણ કહ્યું છે. એટલે સ્ત્રીનું સન્માન પણ કર્યું છે. બાકી જુદે જુદે પ્રસંગે જુદી જુદી રીતે જુદી જુદી પરિસ્થિતિથી પુરુષે સ્ત્રીને ઓળખવી જોઈએ. સ્ત્રીને સાચી તો ત્યારે જ સમજી શકાય જ્યારે એને આપણી પત્ની બનાવીયે. બધી સ્ત્રીને તો પત્ની બનાવી શકાય નહિ, એ શક્ય નથી. એટલે પુરુષ સ્ત્રીને ન સમજી શક્યો હોય તો તેમાં વાંક તો સ્ત્રીનો જ છે."

આ વિવાદસભામાં કરવામાં આવેલા વાદ અને પ્રતિવાદનો ઉપસંહાર કરતા, એકત્ર થયેલા ભાઈ–બહેનોનાં મુરબ્બીસમા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે–" આજના ચર્ચાવિનોદમાં લગભગ પોણાબે કલાક કેમ પસાર થયા એની આપણને ખબર ન પડી. પણ હવે આ ચર્ચાના ઉપસંહારમાં હું તમારો વધારે વખત લઉં તે યોગ્ય ન ગણાય. આજનું વિવાદવાક્ય છે "પુરુષ સ્ત્રીને હજુ ય ઓળખી શક્યો નથી." આ બાબતને જરા ગંભીર રીતે વિચારીએ તો એમ કહી શકાય કે આ વિધાનમાં જેટલું સત્ય છે તેટલું જ સત્ય આથી ઉલટા વિધાનમાં એટલે કે 'સ્ત્રી પુરુષને હજુ ઓળખી શકી નથી.' એ મુજબના વિધાનમાં પણ રહેલું છે. આજ સુધીનો આપણો સંસાર પુરુષના આધિપત્ય ઉપર અને સ્ત્રી ઉપરના શાસન ઉપર નિર્માણ થતો રહ્યો છે. આજ સુધી પુરુષ દ્રવ્ય કમાતો રહ્યો છે અને સ્ત્રીઓ એ દ્રવ્યની મદદ વડે ઘર ચલાવ્યું છે. અને જે દ્રવ્ય કમાય તેનું હંમેશા પ્રભુત્વ રહે એ સ્વાભાવિક છે. શારીરિક દૃષ્ટિએ અને પ્રસૂતિઓની સંભાવનાના કારણે સ્ત્રી મોટા ભાગે શરીરની બાબતમાં નબળી રહી છે. આ રીતે પુરુષે સ્વપક્ષે રહેલી આ વધારે અનુકૂળ સ્થિતિનો પોતા માટે ખૂબ લાભ ઊઠાવ્યો છે અને સ્ત્રી આજ સુધી આ કારણે ઘણી રીતે દબાતી રહી છે. પરિણામે પુરુષે પોતાને હંમેશા ચડિયાતો અને શાસન કરવા યોગ્ય અને સ્ત્રીએ પોતાને ઊતરતી અને શાસિત બનવા યોગ્ય માની છે. આવી અસમાનતા પૂર્વકના પ્રત્યેકના આભિગમના કારણે પુરુષમાં અને સ્ત્રીમાં અન્યોન્ય વિષે આભિનિવેશો બંધાતા તેમ જ કેળવાતા રહ્યા છે. પરિણામે બન્ને પૂર્વસંચિત આભિનિવેશના ચશ્મા વડે એકમેકને જોતા રહ્યા છે. આમ હોય ત્યાં એક અન્યને સમ્યકપણે ઓળખી ન શકે એ સ્વાભાવિક છે સદ્‌ભાગ્યે આધુનિક કાળમાં સ્ત્રીજાત પોતાનું સ્વત્વ પ્રાપ્ત કરી રહી છે અને તેનામાં રહેલી શક્તિઓ બહાર આવી રહી છે. પહેલાં જે ક્ષેત્રમાં સ્ત્રીઓને પ્રવેશ નહોતો મળતો તે ક્ષેત્રમાં તેઓને પ્રવેશ મળવા લાગ્યો છે અને તે તે ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષની સમોવડી-કદિ કદિ ચડિયાતી હોવાનું માલુમ પડયું છે. વળી સ્ત્રીએ દ્રવ્યોપાર્જનના ક્ષેત્રમાં પણ સારો પગપેસારો કરવા માંડયો છે.

આજે હવે એ સર્વસામાન્ય પ્રતીતિ થઈ છે કે પુરુષ કે સ્ત્રી કોઈ કોઈથી ચડિયાતું કે ઊતરતું નથી પણ સમાજના સમોવડિયા અંગો છે અને કેટલીક બાબતમાં એકમેકના પૂરક અંગો છે. આવા અભિગમમાંથી જ એકમેકની સાચી ઓળખ શક્ય બને છે. આજના યુગે સ્ત્રીને સમાન હક્કો બક્ષીને તેને પુરુષની સમોવડી બનાવી છે અને પુરુષને સ્ત્રી પ્રત્યે આદરભાવ દાખવતો બનાવ્યો છે. આમ છતાં પૂર્વસંસ્કારોના ઘોરણે સ્ત્રી ઉપર આધિપત્ય ધરાવવાની વૃત્તિથી અને વર્તનથી હજુ પુરુષ મુક્ત થયો નથી. વિચારમાં પુરુષ સમાન ભાવ દાખવે છે. પણ આચરણમાં હજુ પુરુષ શાસનલક્ષી અસમાન ભાવથી વર્તે છે. પરસ્પર પ્રત્યેના વિચાર અને વર્તનમાં રહેલો આવો વિરોધ, જે રીતે સ્ત્રીજાત ઊંચે ઉઠતી રહી છે અને સમાન દરજ્જો અખત્યાર કરતી રહી છે તે જોતાં હવે લાંબો વખત ટકી નહિ શકે એવી આશા બંધાય છે. આ ઉજળા ભવિષ્યના સુભગ દર્શન આજે આપણી વચ્ચે ઉપસ્થિત થયેલા બે વિદ્વાન અધ્યાપક યુગલોમાં આપણને થાય છે. આપણે જોયું કે આ પતિપત્ની આજની ચર્ચામાં એકમેકની સામે કેવી જડબાતોડ દલીલો રજુ કરી રહ્યા હતા અને એમ છતાં એક અન્યને ઓળખતું નથી એમ કહી શકાય તેમ છે જ નહિ. આનું કારણ એ છે કે આ યુગલનું નિર્માણ પરસ્પર સમાનતાની ભાવના અને પ્રત્યેકના સ્વત્વના સ્વીકાર ઉપર થયેલું છે. પચાસ વર્ષ પહેલાં આવા યુગલોનું સ્વપ્ન પણ સંભવતું નહોતું, આજે આવા યુગલો જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે. આ ઉપરથી એવી શ્રદ્ધા બંધાય છે કે ભવિષ્યના પતિ-પત્નીનો સંબંધ–સ્ત્રી પુરુષનો સંબંધ–પરસ્પરની પૂરી ઓળખ અને પરસ્પર પ્રત્યેના પૂરા આદર-પૂર્વકનો હશે–તેમાં પુરું સ્વાસ્થ્ય, સંતોષ અને સહકાર હશે. આજની ચર્ચા અંગેનું ચિન્તન મનન આપણા સમાજનું એ ઉજળું ભવિષ્ય નિર્માણ કરવામાં નિમિત્તભૂત બને એવી આપણે આશા રાખીએ–એવી આપણે શુભ ભાવના ભાવીએ !

આ રીતે વિવાદસભાની પૂર્ણાહૂતી થતાં જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ શ્રી કાન્તિલાલ વોરાએ વિવાદમાં ભાગ લેનાર બન્ને દંપતીઓનો તથા શ્રી પરમાનંદભાઈનો આભાર માન્યો હતો. ત્યાર બાદ અલ્પાહારને ન્યાય આપી નવ વાગ્યા બાદ સભા વિસર્જિત થઈ હતી.

સંકલનકાર : **ચીમનલાલ જે. શાહ**
મંત્રી, જૈન સોશિયલ ગ્રુપ

બિહારનો આર્તનાદ

(ધી બોમ્બે મુડીબજાર કરીયાણા મરચન્ટસ એસોસિએશનના મંત્રી શ્રી કુસુમચંદ્ર ડાહ્યાભાઈ શાહ ગયા એપ્રિલ માસ દરમિયાન બિહારના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિ નજરે નિહાળવાના આશયથી બિહાર ગયેલા. તેમણે જે જોયું તેનો અહેવાલ એક પત્રિકાના આકારમાં એપ્રિલ માસની ૧૯મી તારીખે તેમના તરફથી બહાર પાડવામાં આવ્યો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. -તંત્રી)

ધી બોમ્બે મુડીબજાર કરીયાણા મરચન્ટસ એસોસિએશન તરફથી બોધગયા ખાતે તા ૯-૪-૬૭થી પાંચસો વ્યક્તિઓ માટેનું એક અન્નક્ષેત્ર બિહાર રીલીફ કમિટીના આશ્રયે શરૂ કરવામાં આવ્યું છે. એસોસીએશનના માનદ્ મંત્રી તરીકે મારે દક્ષિણ બિહારના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં જવાનું થયું. પૂજ્ય રવિશંકર મહારાજ તથા ગયા જિલ્લાના રીલીફ કમિટીના અધ્યક્ષ શ્રી ગૌરીબાબુ સાથે દૂર-દૂરના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સાથે ફરીને પરિસ્થિતિનું અવલોકન કરવાની મને તક મળી છે. અનેક સાથી કાર્યકરો જેવા કે બોદ્ધ–ગયાના શ્રી ટ્વારકોજી, અમદાવાદના શ્રી ધીરુભાઈ પટેલ, ઔરંગાબાદના શ્રી અમુલખભાઈ ખીમાણી તથા જાની ભીગાના મહંત શ્રી રામાનંદ ભારતી સાથે પણ દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં ફરવાનું થયું. અઠવાડિયામાં આઠસો માઈલનો ગામડાંઓનો પ્રવાસ કરતાં સારી એવી માહિતી એકઠી કરી શક્યો છું.

સારા યે ભારતને લોહું; કોલસો અને અબરખ પૂરું પાડનાર બિહારનો દક્ષિણ વિસ્તાર દુષ્કાળમાં સપડાઈ ગયો છે. ચોમાસુ અને રવિપાક નિષ્ફળ જતાં દક્ષિણ બિહારના ૧૮,૦૦૦ ગામડાંઓમાં દુષ્કાળની છાયા ફરી વળી છે. વીસ વીસ વર્ષની આઝાદી પછી કંગાળીયતની પરિસીમા દેખાય છે. વસ્તી દુબળી છે, કંગાળ છે, સાધનરહિત છે. ગ્રામજનો અજ્ઞાન, મહેનત કરવામાં આળસુ અને દારુ તાડીની લતે ચઢેલા છે. ઉપર આભ અને નીચે ધરતી સિવાય જનતા પાસે કાંઈ જ નથી. માટીના ખોરડાઓમાં વીસ પચ્ચીસ રૂપિયાની ઘરવખરી પણ નથી. દુષ્કાળના કારણે ઘરમાં અનાજનો સંગ્રહ નથી, પહેરવા વસ્ત્ર નથી, પોતાના બાળબચ્ચાંને પોષવા જ્યાં પૂરતું અનાજ નથી ત્યાં ઢોરોની પરિસ્થિતિ અત્યંત વિકટ બની છે.

દૂરદૂરના ગામડાંઓની પરિસ્થિતિ અત્યંત કથળી ગઈ છે. ઈલેકશન દરમ્યાન ખંદર દિવસ રેશનિંગ પહોંચ્યું ન હતું તેવું ભૂલેચૂકે પણ ફરીથી બને તો હજારો લોકો મૃત્યુના ખપ્પરમાં હોમાઈ

જશે. લોકો પાસે પૂરતું રેશનીંગ ખરીદવા પૈસા નથી. અત્યંત ગરીબ લોકો સીમળીના ફૂલો ખાઈને ચલાવે છે, તેમના શરીરે સોજા આવી ગયા છે. હાથ પગ દોરડી અને પેટ ગાગરડી જેવા હજારો બાળકો નજરે ચઢે છે. અત્યારે જ્યાં ગામડાંઓની આવી દુર્દશા બની બેઠી છે ત્યાં ઉગ્ર બનતા જતા ઉનાળામાં શું થશે તેની કલ્પના કરતાં કંપારી આવે છે.

મુખીઓ કમાવામાં પડ્યા છે. રાહતકાર્યોના ઠેકા મેળવવામાં પડાપડી ચાલી રહી છે. સરકારી તંત્રમાં લાંચરૂશ્વતે માઝા મુકી છે. રેશનીંગ દુકાનોવાળા ગોલમાલ કરવામાં પડ્યા છે. કિસાનોની જમીનો પાણીના ભાવે પડાવી લેવા માટે નવા જમીનદારો બળો ગીધડાંની માફક ટાંપી રહ્યાં છે. કિસાનોનાં ઢોરો કતલખાને જઈ રહ્યાં છે, ખરીદશક્તિ જ્યાં નષ્ટ થઈ છે ત્યાં પૂરા રેશનીંગનું અનાજ લેવાના પૈસા હોતા નથી. તેથી પૈસા હોય તેટલું અનાજ આપાય છે, જ્યારે કાર્ડમાં પૂરેપૂરું નોંધાય છે. વધારાનું અનાજ આમ કાળાબજારમાં પગ કરી જાય છે. ઠેકેદારો રસ્તાના, તળાવના, કૂવાના ઠેકા લે છે, સરકાર પાસેથી મજૂરીના પૂરા દર વસુલ કરે છે, જ્યારે મજૂરોને પૂરતી મજદુરી આપાતી નથી.

કૂવા ખોદવા માટે ડ્રીલીંગ મશીનો આવ્યાં છે. સરકારનો ઈમરજન્સી વિભાગ કાર્ય કરી રહ્યો છે. ટેકનીકલ જાણકારીના અભાવે યા સ્પેરપાર્ટના અભાવે કેટલાંય ડ્રીલીંગ મશીનો પડી રહ્યાં છે. ડ્રીલીંગ મશીનો દ્વારા છેદ પાડવાનું કાર્ય એક વિભાગ ચલાવી રહ્યો છે, જ્યારે છેદ પાડેલા કૂવા ઉપર પમ્પ બેસાડવાનું કાર્ય બીજા કોન્ટ્રાક્ટરને સોંપાયું હોય છે. ગયા બ્લૉકમાં અને નબીનગર બ્લૉકમાં ૬૭ કૂવાના છેદ પડ્યા, જ્યારે પંદર છેદ ઉપર પમ્પ બેસાડવામાં આવ્યા છે. બાકીના પમ્પ આવી રહ્યા છે. પંદર પમ્પમાંથી નવ પમ્પ છ અઠવાડિયામાં બગડી ગયા છે. ઉંધાડા છેદમાં કેટલીક જગ્યાએ રેતી યા કાંકરા ભરાઈ ગયા છે. આ છે સરકારી તંત્રના એમરજન્સી વિભાગની કાર્યશક્તિનો નમૂનો.

બિહારમાં ચાર કરોડની ખાદી વેચાયા વગરની પડી રહી છે. દુષ્કાળમાં વધુ માણસોને રોજી આપવાનો પ્રશ્ન જ્યાં ઊભો થયો છે ત્યાં કાંતણ, વણાટ અને ખાદીના કાર્યો સ્થગિત થઈ જાય તે સ્વાભાવિક છે.

માણસોને ખાવા મળતું નથી અને ઢોરોની સ્થિતિ અત્યંત વિકટ બની ગઈ છે. ચારાના કાર્ડ હોવા છતાં ઝાડનાં પાંદડાં ખવડાવી ખવડાવીને ઝાડોને બાંડા કરી દીધા છે. જ્યાં ઢોરોને ખવડાવી શકાતું નથી ત્યાં ઢોરને કસાઈને ત્યાં વેચી દેવામાં આવે છે. માંસના ભાવ શેરના છ આનાથી આઠ આના થઈ ગયા છે, જે બતાવે છે કે ઢોરોની કતલ મોટા પાયે થઈ રહી છે.

બિહારમાંથી જમીનદારી અને જાગીરદારી ભલે નષ્ટ થઈ પણ જનતા આજે મુખીઓ, ઠેકેદારો અને સરકારી અમલદારોના ત્રિવિધ તાપમાં રીબાઈ રહી છે. દુષ્કાળના કારણે સ્થાનિક અર્થતંત્ર તૂટી પડ્યું છે. મુખીઓ લોકોના હાથે લોકશાહીનું નાટક ભજવાઈ રહ્યું છે.

સ્થાનિક શ્રીમંતો મદદ આપવામાં પાછળ રહ્યા છે, સ્થાનિક કાર્યકરો બોલાવાની રાહ જોઈ રહ્યા છે, શિક્ષિતવર્ગ રાહતકાર્યોમાં ઉપેક્ષા દાખવીને નિષ્ક્રિય રહ્યો છે. મુખીયા વિરૂદ્ધ થવાની ગામમાં કોઈમાં હિમ્મત નથી. કૉંગ્રેસી કાર્યકરો હજી ચૂંટણીની હારના પ્રત્યાઘાતોમાં રાચી રહ્યા છે, સ્થાનિક સરકાર હજી દુષ્કાળની જાંચ કરી રહી છે, ત્યારે કાર્ય કરી રહ્યા છે વિનોબાજીના ભૂદાન કાર્યકરો ! ગણ્યા ગાંઠયાં ભૂદાન કાર્યકરોએ વેગથી રાહતકાર્યો શરૂ કર્યાં છે. વોલાંટિયરો તથા કાર્યકરોની તંગી વચ્ચે તેઓ પ્રસંશાપાત્ર કાર્ય કરી રહ્યા છે.

બિહારમાં હાલ કુલ પાંત્રીસ સામાજિક સંસ્થાઓ તરફથી કાર્યો ચાલી રહ્યાં છે, તેમાં જયપ્રકાશજીની બિહાર રીલીફ કમિટી તરફથી ૬૫૧ અન્નક્ષેત્ર ચાલે છે. દરેક અન્નક્ષેત્રમાં પાંચસો બાળકો, સ્ત્રીઓ અને નિરાધાર વૃદ્ધોને એક ટંક ભોજન અપાય છે. ભારત સેવક સમાજ તથા સેન્ટ્રલ રીલીફ ટ્રસ્ટ, મુંબઈ તરફથી પણ અન્નક્ષેત્રો ચાલે છે. પૂ. રણછોડદાસજી મહારાજ તરફથી રોજ પચીસ હજાર માણસોને જમાડવામાં આવે છે. શ્રી રવિશંકર મહારાજ તરફથી તથા સદ્‌વિચાર સમિતિ તરફથી પણ અનેક અન્નક્ષેત્રો ખોલવામાં આવ્યાં છે, તથા રાહતનાં કાર્યો શરૂ કરવામાં આવ્યાં છે.

કેર તથા ઓક્ષામ તરફથી હજારો મણ વીટામીન ફૂડ તથા દૂધના પાવડરના ડબ્બા ભેટ આવી રહ્યા છે. સ્કૂલોમાં દૂધના તથા વિટામીન ફૂડનાં સેન્ટરો ચાલી રહ્યાં છે. દૂરદૂરથી માનવી માનવતાને નામે મદદે આવી રહ્યો છે. માનવતાના દીવા ટમટમી રહ્યાં છે.

બિહારની વહારે ધાવામાં ગુજરાત અને ગુજરાતી કાર્યકરો મોખરે રહ્યા છે. સેંકડો અન્નક્ષેત્રો તેઓએ શરૂ કર્યા છે. ગુજરાતના સેંકડો કાર્યકરો ત્યાં ગામડે ગામડે માનવ સેવામાં લીન થઈ ગયા છે. મુંબઈની સંસ્થાઓ અને ગુજરાતી કાર્યકરો તન, મન અને ધનથી રાહતકાર્યોમાં લાગી ગયા છે.

મોટાભાગના અન્નક્ષેત્રો વ્યવસ્થિત ચાલે છે. કેટલાક અન્નક્ષેત્રોમાં કાર્યકરોના અભાવે વ્યવસ્થા જળવાતી નથી. પાશેર ખીચડી માટે ધોમધખતા તડકામાં ઉઘાડા પગે એકાદ બે માઈલ દૂરથી અન્નક્ષેત્ર યા દૂધ સેન્ટરો ઉપર ટોળે વળેલી દુર્ભાગી જનતાની કંગાળીયત જોઈને કરુણા ઉભરાઈ આવે છે. કેટલીક જગ્યાએ કલાકો સુધી તડકામાં તપવું પડે છે.

અનેક બહારની સંસ્થાઓ તરફથી વસ્ત્રની મદદ આવી રહી છે. વસ્ત્રો મેળવવા માટે ગરીબ જનતા પડાપડી કરે છે. પરદેશથી ગરમ ધાબળા આવ્યા અને ગરીબોને વહેંચાયા. શહેરમાં પચાસ રૂપિયામાં પણ ન મળે તેવા ધાબળા તે નિઃસહાય લોકો પાસેથી દસ રૂપિઆમાં સ્થાનિક લોકોએ પડાવી લીધા. પરદેશથી આવેલા કોટપાટલુન ગામડાની ગરીબ જનતામાં વહેંચાયા. ગામડાઓમાં જ્યાં પંચીસ પહેરે છે ત્યાં કોટ-પાટલૂનની ઉપયોગીતા ન જણાતાં તે વિદેશી કોટ-પાટલુન આઠથી દશ રૂપિયામાં વેચાઈ ગયા. ખરીદવાવાળા ત્યાં મોજુદ હતા.

બહારથી દવાઓ અને વીટામીન ફૂડની ગોળીઓ મોટા પ્રમાણમાં આવી રહી છે, પણ તેની વહેંચણી ધીમી છે. આ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ડોકટરો મારફત વ્યવસ્થિત આરોગ્ય સેવાઓની ખૂબ જ જરૂરિયાત છે. સરકારી ડૉકટરો અને સ્વાસ્થ્યવિભાગ મંદ ગતિએ કાર્ય કરી રહ્યો છે.

ભગવાન બુદ્ધ અને મહાવીરની આ કર્મભૂમિ છે. વીસ વીસ વર્ષની આઝાદી પછી પણ જ્યાં આબાદીનું નામનિશાન નથી તે પ્રજાના ઉત્થાન માટે લોકક્રાંતિની આવશ્યકતા છે. નિઃશુલ્ક અન્નક્ષેત્રો, મફત વીટામીન ફૂડ અને દૂધના સેન્ટરો હાલ દુષ્કાળ પુરતાં ચલાવવાં ભલે અત્યંત જરૂરી હોય, જીવનદાતા હોય, પણ પ્રજા તેથી વધુ નિર્માલ્ય ન બની જાય તે ખાસ જોવાનું છે. પ્રજાનું જીવન, ખમીર, સત્વ જગાડનારાં રાહતકાર્યો લાંબી દષ્ટિ રાખીને સરકારે યોજવા જ રહ્યાં. હાલના તબક્કે સરકાર તરફથી નીચેના ઉપાયો વહેલી તકે યોજાય તો જ બિહારની જનતાને ૂરગામી રાહત મળી શકશે એમ મારું માનવું છે.

(૧) મધ્યસ્થ સરકાર તરફથી આ વિસ્તારને અકાળગ્રસ્ત જાહેર કરવામાં આવે.

(૨) સરકાર તરફથી દુષ્કાળના રાહતકાર્યો જેવાં કે રસ્તા, તળાવ, કૂવા ઈત્યાદિ, ઠેકાપદ્ધતિ વગર શરૂ કરવામાં આવે.

(૩) પાતાળકૂવા ખોદવા માટેની શારડીઓ તથા કૂવા ખોદવાના ડ્રીલીંગ મશીનોના કમ્પલીટ યુનીટો દ્વારા કૂવા કરવા માટે મીલીટરી અને એન્જીનીયર ટુકડીઓને વ્યવસ્થિત રીતે કામે લગાડવી જોઈએ. ડ્રીલીંગથી માંડીને પમ્પ બેસાડવાનું એક જ યુનિટે ધુરું કરવું જોઈએ.

(૪) દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્યસેવાઓ માટે સરકારી ડૉકટરોની ફરતી ટીમ–મોબાઈલ એમ્બ્યુલન્સ વાન–કામે લાગવી જોઈએ. મીલીટરીના ડૉકટરોનો પણ ઉપયોગ કરવો. સેવાભાવી ડૉકટરોનો પણ સાથ મેળવવો.

(૫) ગૃહઉદ્યોગ અને હુન્નરઉદ્યોગની વસ્તુઓનું ઉત્પાદન, વેચાણ માટે કાર્યક્ષમ વ્યવસ્થા ઊભી કરવી.

(૬) ચોમાસુ વાવેતર માટે ખાતર, બીયારણ, વગેરેની લોન આપવાની વ્યવસ્થા અત્યારથી જ વિચારવી.

(૭) શિક્ષકો અને કૉલેજના વિદ્યાર્થીઓને તથા સામાજિક કાર્યકરોને અન્નક્ષેત્રોમાં તથા રાહતકાર્યોમાં કામે લગાડવા.

(૮) જમીનવાળા કિસાનોને રેશનીંગનું અનાજ ખરીદવા માટે ઓકટોબર મહિના સુધી "રેશનલોન" તરીકે રેશન ઉધાર આપવાનો પ્રબંધ કરવો, જે લોન ત્રણ વર્ષે વાળી લેવી.

(૯) રેશનીંગ દુકાનો ઉપર કડક જાપ્તો ગોઠવવો.

દૂરદૂરનાં ગામડાંઓમાંથી ભૂખમરાથી થતા મૃત્યુના સમાચાર આવવા લાગ્યા છે. ભૂખમરાથી કદાચ થોડાક વધુ માણસો મરે તેવી ગંભીર પરિસ્થિતિ ગામડાંઓની છે. બિહારના સ્થાનિક કાર્યકરો અત્યારે કેમ નિષ્ક્રીય છે તે સમજાતું નથી. શું દુષ્કાળની વધુ વણસતી જતી પરિસ્થિતિ તેમને જગાડી શકશે કે પછી તે માટે તેમને લોકક્રાંતિની જ જરૂર પડશે ?

કુસુમચંદ ડાહ્યાભાઈ શાહ

☆ નવા રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેનનું પ્રેરક સંવેદન ☆

ઑલ ઈન્ડિયા રેડિયોના પ્રતિનિધિ સાથે વાર્તાલાપ

મે માસની નવમી તારીખે ભારતના રાષ્ટ્રપતિપદ માટે ડૉ. ઝાકીરહુસેનની કરવામાં આવેલી ચૂંટણીની જાહેરાત થયા બાદ તરતમાં જ ઑલ ઈન્ડિયા રેડિઓના પ્રતિનિધિને મુલાકાત આપતાં ડૉ. ઝાકીરહુસેને જણાવ્યું કે, "રાષ્ટ્રપતિની જવાબદારી હંમેશાં ભારે મહત્વની રહી છે અને હવે પછી એથી પણ વધારે મહત્ત્વની બને. આ માટે આપણું જીવન વધારે સભર, અર્થપૂર્ણ, સમૃદ્ધ અને શાલીનતાભર્યું બને એવા લક્ષ્યની ઉપાસના અને નિષ્ઠા તરફ સમર્પિત થવા પ્રજાજનોને હું અનુરોધ કરું છું." ભારતના હવે પછીના પ્રમુખ થવા માટે પ્રજાના પ્રતિનિધિઓએ તેમની પસંદગી કરી – આવા મહત્વના નિર્ણયની તેમને જાણ થતાં તેમના દિલમાં કયા પ્રકારનો પ્રત્યાઘાત ઉદ્‌ભવ્યો એવા પ્રશ્નનો જવાબ આપતાં ડૉ. ઝાકીરહુસેને જણાવ્યું કે," આ અંગે મારું પહેલું સંવેદન નમ્રતાનું છે, આ નમ્રતા એ પ્રકારની નથી કે જે ક્રિયાશીલ બનવામાં અવરોધનું કાર્ય કરે છે, પણ એ પ્રકારની છે કે જે આગળ વધવા, નવું શિખવા અને લોકોની સેવા કરવા તરફ વળવા ઈચ્છતા માનવીઓમાં એક ગુણ રૂપે જોવામાં આવે છે, એવી વિનમ્રતા કે જે પોતાને શિરે આવેલી નવી જવાબદારીઓને પહોંચીવળવામાં પોતાના સર્વ સામર્થ્યનો યોગ આપવા માટે આવશ્યક ધૃતિ અને નિશ્ચયબળનું નિર્માણ કરે છે."

તેમની પસંદગી એક અમુક વ્યકિતનો વિજય નહિ પણ ચોક્કસ આદર્શો અને સિદ્ધાંતોનો વિજય છે એવી જે દેશભરમાં સર્વસામાન્ય લાગણી પ્રસરેલી જોવામાં આવે છે તે સંબંધમાં તેમને શું કહેવાનું છે એવા પ્રશ્નનો જવાબ આપતાં તેમણે જણાવ્યું કે " આ બાબતમાં અભિપ્રાય માટે મારા કરતાં મને ચૂંટનારા લોકો વધારે અધિકારી છે; આમ છતાં પણ મને લાગે છે કે જે વ્યકિતને તેના પ્રજાજનોના પ્રતીકના સ્થાને આરૂઢ કરવામાં આવે છે તે વ્યકિતએ પ્રજાજનોના દિલમાં રહેલા અમુક જીવનમૂલ્યોનું પ્રતિનિધિત્વ કરવું જ રહ્યું. જો તેઓ મારામાં વ્યકિતગત તેમ જ સમાજગત વ્યવહારના સંદર્ભમાં પવિત્રતાની, જાહેર જીવનમાં ગાંધીવાદી અભિગમની અને શિક્ષણ એ જ રાષ્ટ્રીય ધ્યેયની પરિપૂર્તિનું સૌથી વધારે મહત્ત્વનું સાધન છે એવી માન્યતાની આશા રાખે, અપેક્ષા સેવે તો તેમાં મારે જરા પણ આશ્ચર્ય અનુભવવાનું કારણ નહિ હોય."

ડૉ. ઝાકીરહુસેનનું જાહેરનિવેદન

આ શુભ ઘટનાના સંદર્ભમાં એક જાહેરનિવેદન કરતાં ડૉ. ઝાકીરહુસેને જણાવ્યું કે, "ભારતીય ગણતંત્રના પ્રમુખ તરીકેનો મહત્ત્વનો અધિકાર ધારણ કરવા અંગે મારામાં વિશ્વાસ મૂકવા માટે ભારતના પ્રજાજનો તેમ જ તેમના પ્રતિનિધિઓ પ્રત્યે હું ઊંડા આભારની લાગણી પ્રગટ કરું છું. જેણે લગભગ સુડતાલીશ વર્ષ પહેલાં પોતાના જીવનનાં મહત્ત્વનાં વર્ષો રાષ્ટ્રીય શિક્ષણને સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો હતો તેવા એક સામાન્ય શિક્ષકનું રાષ્ટ્રે આ રીતે ખરેખર ઘણું મોટું બહુમાન કર્યું છે. શિક્ષણ-કેળવણી – પ્રજાજીવનની ગુણવત્તા સાથે અત્યન્ત ગાઢપણે સંકળાયેલ છે અને રાષ્ટ્રનું લક્ષ્ય સિદ્ધ કરવામાં એ સૌથી વધારે અગત્યનું સાધન છે – આ હકીકતનો પ્રસ્તુત ઘટનાદ્વારા મારા પ્રજાજનોએ મુકતપણે સ્વીકાર કર્યો છે. મારા પ્રજાજનોને આ પ્રસંગે હું ખાત્રી આપું છું કે મારામાં તેમણે મૂકેલા આ વિશ્વાસને યોગ્ય નિવડવાનો હું સતત પ્રયત્ન કરતો રહીશ. મારા જાહેર જીવનનો મહાત્માજીનાં ચરણોની ઉપાસના વડે મેં પ્રારંભ કર્યો છે અને તેઓ મારા માટે હંમેશ એક માર્ગદર્શક અને પ્રેરક પુરુષ રહ્યા છે. મારા જીવન દરમિયાન મહાત્માજીએ ઉપદેશેલા કેટલાએક વિચારોનો અમલ કરવાનો પ્રયત્ન મેં કર્યો છે અને મને પ્રાપ્ત થયેલી લોકોની સેવા કરવાની આ તક દરમિયાન, ગાંધીજી જે સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહ્યા હતા – વ્યકિતગત તેમ જ સામાજિક ક્ષેત્રે પવિત્રતાભર્યું જીવન, સાધ્ય જેટલો જ સાધનશુદ્ધિનો આગ્રહ, નબળા અને દબાયલા લોકો માટે સક્રિય અને એક સરખી જીવન્ત સહાનુભૂતિ, અને આ દુનિયામાં સત્ય અને અહિંસા ઉપર આધારિત વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વની સ્થાપના કરવા માટે જેની સૌથી વધારે આવશ્યકતા છે એવી ભારતીય પ્રજાના વિવિધ વર્ગો વચ્ચે એકતા નિર્માણ કરવાની ઉગ્ર તમન્ના – આ બધાં તત્ત્વોના વિકાસ અને ઉત્કર્ષ તરફ મારા લોકોને ક્રિયાશીલ બનાવવા માટે હું મારાથી શકય હશે તે બધું કરી છૂટીશ. તેઓ જેને રામરાજ્ય કહેતા હતા તે આ જ છે.

"આજે ચોતરફ સંઘર્ષ અને અથડામણ જોવામાં આવે છે, હું મારા પ્રજાજનોને એકમેકની વધારે ને વધારે સમીપ લાવવાનો પ્રયત્ન કરીશ કે જેથી આપણે જે મહાન પુરુષાર્થ કરવાનો છે તે સિદ્ધ કરવા માટે સૌ કોઈ ખભેખભા મિલાવી શકે. આપણા દેશના કેટલાક ભાગો જે દુષ્કાળ અંગેની યાતનાઓના ભોગ બની રહ્યા છે તે અંગે હું પૂરેપૂરો સભાન છું અને ઊંડી વેદના અનુભવું છું. અન્નની અછતે આપણા જીવનમાં એક સ્થાયી પરિસ્થિતિનું રૂપ ધારણ કર્યું છે. આપણા દેશની આબાદીનો અવરોધ કરતા આ બધા દુશ્મનો સામનો કરવા માટે આપણે કટિબદ્ધ થવાનું છે અને પૂરી તાકાત દાખવવાની છે.

"તો પછી આપણા લોકોનાં દુ:ખો અને સંકટો હળવા કરવાના ભીષણ કાર્યને પહોંચીવળવા માટે આપણે ફરીથી પ્રતિજ્ઞાબદ્ધ થઈએ. આ માટે હું ફરીથી પ્રતિજ્ઞા લઈશ અને એ માટે જે મહામાનવે મારા દેશજનોની સેવામાં મારી જાતને સમર્પિત કરવાનું માર્ગદર્શન કરાવ્યું છે તે મહામાનવની સમાધિ સમક્ષ એ પ્રતિજ્ઞા લેવા માટે આવતી કાલે સવારે સાત વાગ્યે હું રાજઘાટ જઈશ. હું આશા રાખું છું કે આપણા દેશને બળવાન બનાવવાના અને લોકોને સુખી કરવાના મહાન પુણ્યકાર્ય અંગે તમે પણ પુન: પ્રતિજ્ઞાબદ્ધ થશો. આપણામાંના દરેકને પોતપોતાની ફરજ બજાવવા માટે ઈશ્વર આપણને બળ આપે!

અનુવાદક: **પરમાનંદ**

રાષ્ટ્રપતિની ચૂંટણી

સામાન્ય ચૂંટણીમાં બન્યું તેમ, રાષ્ટ્રપતિની પસંદગીમાં પણ તિવ્ર સ્પર્ધા થઈ. પંદર વર્ષ પછી, આવું પહેલી જ વખત બન્યું. કારણ કે આટલો સમય કૉંગ્રેસની મોટી બહુમતી હતી તેથી કૉંગ્રેસે પસંદ કરેલ ઉમેદવાર સરળતાથી ચૂંટાઈ આવતા. આ ચૂંટણીમાં કૉંગ્રેસ સામે સંયુકત રીતે બધા વિરોધપક્ષોએ પોતાની તાકાત પૂરજોશથી અજમાવી જોઈ. રાષ્ટ્રના શ્રેષ્ઠ પદ માટે જે રીતની હરીફાઈ થઈ તેથી કેટલાકને એમ લાગ્યું છે કે રાષ્ટ્રપતિપદના ગૌરવને હાની પહોંચી છે. હરીફાઈ થાય તેમાં વસ્તુત: ખોટું નથી. બન્ને ઉમેદવારોએ ગૌરવપૂર્વક સંપૂર્ણ તટસ્થતા જાળવી. સમજુતીથી પસંદગી કરવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. તેમાં વિરોધ પક્ષોની ચાલાકી અને કૉંગ્રેસનાં મોવડી મંડળમાં મતભેદ અને તેથી નિર્ણયમાં વિલંબ થયો, તે કારણભૂત છે. ડૉ. રાધાકૃષ્ણને નિવૃત્તિ લેવાનો નિર્ણય પૂર્વે જાહેર કર્યો હતો તેને મક્કમપણે વળગી રહ્યા હોત તો સારું થાત. તેમની સ્થિતિ પણ કફોડી ન થાત. શ્રીમતી ઈન્દીરા ગાંધીએ ડૉ. ઝાકીરહુસેન

માટે આગ્રહ રાખ્યો તે કોઈ રીતે અયોગ્ય ન હતો. પરિણામે શ્રીમતી ગાંધીના નિર્ણયની યોગ્યતા પૂરવાર કરી છે. ડૉકટર ઝાકીરહુસેન સર્વ રીતે લાયક વ્યકિત છે તે વિશે મતભેદને અવકાશ નથી. ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમ જ રાજ્યસભાના અધ્યક્ષ તરીકે તેમણે શોભાવે તેવું કામ કર્યું છે. અલબત્ત વર્તમાન કટોકટીની પરિસ્થિતિમાં કોઈ અસાધારણ સામર્થ્યવાળી અને પ્રભાવશાળી વ્યકિત આ પદે હોત તો વધારે સારું થાત. પણ શ્રી સુબ્બારાવની સરખામણીમાં ડૉ. હુસેન વધારે લાયક વ્યકિત છે તેમ તટસ્થ વિચાર કરતાં જરૂર લાગશે. શ્રી રાજગોપાલાચારીએ ડૉ. હુસેનની પસંદગી થવી જોઈએ તેવું, ભારપૂર્વક પહેલાં જાહેર કર્યું હતું પણ પછી પોતાનો મત બદલાવ્યો, તેમાં બૌદ્ધિક પ્રમાણિકતા નથી. શ્રી રાજગોપાલાચારીનું વર્તન કૉંગ્રેસ પ્રત્યેના દ્વેષપ્રેરિત હતું તેમ દુર્ભાગ્યે કહેવું પડે. કૉંગ્રેસના ઉમેદવાર હતા તેથી ડૉકટર હુસેન એક પુતળા તરીકે કામ કરશે એમ કહેવામાં રાજાજી, ડૉ. હુસેન અને રાષ્ટ્રનું અપમાન કરે છે. શ્રી સુબ્બારાવ વિરોધપક્ષોના ઉમેદવાર હતા અને તે ચૂંટાયા હોત તો શું વિરોધપક્ષોના પુતળાં તરીકે તેઓ કામ કરત ? હરીફાઈ હોય ત્યારે કોઈ પણ રાજકીય પક્ષે ઉમેદવાર નિયુકત કરવાનાં રહ્યાં. પણ ઉમેદવારની લાયકાત તો એ જ છે કે પોતે ચૂંટાય તો કોઈ પક્ષના પ્રતિનિધિ તરીકે નહિ પણ રાષ્ટ્રના નાયક અને સમસ્ત પ્રજાના હીતમાં જ તે કામ કરશે. શ્રી રાજગોપાલાચારીએ એમ કહ્યું કે ડૉકટર હુસેનની ચૂંટણી નિશ્ચિત જ હતી—foregone conclusion—કારણ કે શ્રીમતી ઈન્દીરા ગાંધી તેમને માટે પ્રચાર કરતા હતા. એમાં શું ખોટું કર્યું છે ? શ્રી સુબ્બારાવ માટે વિરોધપક્ષોએ પ્રચાર કર્યો તે યોગ્ય હતો અને ડૉ. હુસેનની સફળતા માટે કૉંગ્રેસ અને તેનાં આગેવાનો પ્રયત્ન કરે તે અયોગ્ય છે ? હરીફાઈ હોય ત્યાં પરિણામ માટે પ્રચાર અને પ્રયત્નો તો કરવા જ પડે. કાં તો ઉમેદવાર પોતે કરે અથવા તો જે રાજકીય પક્ષોનો તેમને ટેકો હોય તે કરે. રાષ્ટ્રપતિપદ માટેના ઉમેદવારે, ધારાસભા કે પાર્લામેન્ટના સામાન્ય ઉમેદવાર પેઠે, પોતાના ગુણગાન કરતો પ્રચાર કરવો તેમાં ગૌરવહાનિ થાય કે રાજકીય પક્ષો જેના સભ્યો ચૂંટણી કરવાના છે તેના તરફથી પ્રચાર થાય તેમાં ગૌરવ સચવાય ? શ્રી રાજગોપાલાચારી અને શ્રી મુનશી જેવા સ્વતંત્ર પક્ષના આગેવાનોએ રાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધે ઔચિત્યની મર્યાદાઓ ત્યજીને, પ્રજાને અવળે માર્ગે દોરવા પ્રયત્ન કર્યો છે. તેમાં રાષ્ટ્રપતિના અધિકારોનો પ્રશ્ન પણ ઊભો કર્યો છે. સ્વતંત્ર પક્ષના આગેવાનો રાષ્ટ્રપતિના અધિકારો જે રીતે રજુ કરે છે, તે બંધારણપૂર્વક હોય તો રાષ્ટ્રપતિ એક સરમુખત્યાર બને અને લોકશાહી પરંપરાને ભારે આંચકો લાગે. છતાં એટલું તો ખરું છે કે રાષ્ટ્રપતિ કોઈ રાજકીય પક્ષના પ્રતિનિધિ નથી અને કટોકટીના સંજોગોમાં દેશના હીતમાં તેમને વિશિષ્ટ અધિકારો છે. આ પ્રશ્નને ડૉ. ઝાકીર હુસેન રાષ્ટ્રપતિ બને કે શ્રી સુબ્બારાવ તે સાથે સીધો સંબંધ નથી.

આ તીવ્ર સ્પર્ધામાં જનસંઘના મુખપત્રોએ ડૉકટર હુસેન સામે કેટલાક પાયા વિનાના અને અણછાજતાં આક્ષેપો કર્યા, જ્યારે કૉંગ્રેસ તરફથી શ્રી સુબ્બારાવ વિષે એક પણ અનુચિત શબ્દ ઉચ્ચારવામાં આવ્યો નથી એ હકીકતની પણ નોંધ લેવી જોઈએ.

ડૉ. હુસેનની પસંદગી માટે એમ કહેવાતું હતું કે તેમની ચૂંટણી થાય તેમાં ભારતની અસાંપ્રદાયિક—Secular—નીતિનો વિજય છે. આમાં કાંઈક ગેરસમજણ છે. એક મુસ્લીમને રાષ્ટ્રપતિપદે નિયુકત કરીએ તો જ આપણી અસાંપ્રદાયિકતા પુરવાર થાય તેમ નથી જ. પણ બીજી રીતે સંપૂર્ણ લાયકાતવાળા એક મુસ્લીમ, અનાયાસે રાષ્ટ્રપતિપદના ઉમેદવાર થાય અને તે મુસ્લીમ છે માટે જ તેમને પસંદ ન કરીએ તો આપણી અસાંપ્રદાયિક નીતિની નિષ્ફળતા છે. ડૉ. હુસેન મુસ્લીમ છે માટે જ આપણી અસાંપ્રદાયિકતા પુરવાર કરવા તેમને ચૂંટવા એમ નથી પણ ઉમેદવાર લાયક હોય પછી તે મુસ્લીમ હોય તો પણ આપણે પસંદ કરીએ તેમાં આપણી અસાંપ્રદાયિકતા રહી છે. ટૂંકામાં રાષ્ટ્રપતિપદ માટે કોઈ કોમ કે ધર્મના ભેદને અવકાશ નથી પણ લાયકાતનું જ ધોરણ છે. પછી તે હિન્દુ હોય કે મુસ્લીમ કે બીજી કોઈ કોમ કે ધર્મના—ડૉકટર ઝાકીર હુસેનની પસંદગીથી પાકિસ્તાન સાથેના આપણા સંબંધો સુધરશે તેમ માનવાને કોઈ કારણ નથી. પણ તે હારી ગયા હોત તો ભારત સામે પ્રચારનું એક કારણ પાકિસ્તાનને મળત એમ કહેવું યોગ્ય થશે. ડૉ. હુસેનની ચૂંટણીથી વિદેશોમાં આપણી પ્રતિષ્ઠા વધી છે.

તીવ્ર સ્પર્ધા પછી, પરિણામ આવે તે સ્વીકારવું તે લોકશાહી રીત અને બધા મતભેદો ભૂલી જઈ, રાષ્ટ્રપતિને દેશના નાયક તરીકે સ્વીકારવા એમ લગભગ બધા રાજકીય પક્ષોએ કર્યું, પણ એક વ્યકિત આ પરિણામથી ભારે દુ:ખી છે. તે છે શ્રી રાજાજી. ડૉકટર ઝાકીર હુસેનને ઔપચારિક અભિનંદન પણ તેઓ આપી શકતા નથી અને તેમના નવા પદમાં તેઓ સુખી નહિ થાય તેમ રાજાજી કહે છે, દ્વેષની જ્વાળાઓ રાજાજીને કયાં લઈ જશે ?

આ કટોકટીના પ્રસંગે સમસ્ત પ્રજાએ ડૉકટર ઝાકીર હુસેનમાં વિશ્વાસ મૂકી, પૂર્ણ સહકાર આપવો તેમાં જ દેશનું હીત છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

ઘરમાં એકઠાં થયેલાં ઔષધો સંઘના કાર્યાલયમાં મોકલી આપો !

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ મુંબઈમાં વસતા પ્રબુદ્ધ જીવનના વાચકોને નમ્ર નિવેદન કે આજે કુટુંબમાં માંદગી આવતાં ડાકટરો અનેક પ્રકારની પેટન્ટ દવાઓ, મલમો તથા ઈન્જેકશનો લખી આપે છે અને ધાર્યા મુજબનો આરામ ન થતાં આગળનાં ઔષધો પૂરા ઉપયોગમાં આવ્યા ન આવ્યા અને નવાં ઔષધો લાવવાની ડાકટરો સૂચના આપે છે. આ રીતે ઓછાં વપરાયલાં તેમ જ નહિ વપરાયલાં ઔષધો અનેકને ત્યાં ઠીક પ્રમાણમાં એકઠાં થાય છે. આ રીતે નહિ વપરાયલાં, તથા થોડા પ્રમાણમાં વપરાયલાં છતાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ઔષધોનો અન્યત્ર ઉપયોગ થઈ શકે તે માટે મુંબઈ લાયન્સ કલબ તરફથી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક પેટી રાખવામાં આવી છે, જેમાં સંઘના સદ્‌સ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના વાચકો તરફથી મળેલાં ઉપર જણાવ્યા મુજબનાં ઔષધો એકઠા કરવામાં આવશે અને લાયન્સ કલબ દ્વારા તેની પૂરી જાતતપાસ કરીને તે ઔષધો તેની જરૂરિયાતવાળા લોકોને વહેંચી આપવામાં આવશે. તો પોતાને ત્યાં નકામાં પડી રહેલા છતાં ઉપયોગમાં આવે તેવાં ઔષધો સંઘના કાર્યાલયમાં પહોંચાડતા રહેવા સંઘના સદસ્યો તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

આચાર્ય શ્રી રજનીશજીનાં મુંબઈમાં પ્રવચનો

આચાર્ય શ્રી રજનીશજીનાં પ્રવચનો જીવન જાગૃતિ કેન્દ્રના ઉપક્રમે ધોબીતલાવ પાસે આવેલા કોસના મેદાનમાં તા. ૨૦-૨૬-૨૨-૨૩ની સાંજે ૬-૩૦ વાગે યોજવામાં આવેલ છે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
અમદાવાદમાં સંઘ સમિતિનું આવેલું કમનસિબ વિસર્જન	પરમાનંદ	૧૧
રાષ્ટ્રસંસ્થાના સેક્રેટરી મહામના ઉ. થાં	અનુ. સુબોધભાઈ એમ. શાહ	૧૩
પુરૂષ સ્ત્રીને હજુય ઓળખી શકયો નથી.	સંકલન: ચીમનલાલ જે. શાહ.	૧૪
બિહારનો આર્તનાદ	કુસુમચન્દ્ર ડાહ્યાભાઈ શાહ	૧૫
નવારાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેનનું પ્રેરક સંવેદન	અનુ. પરમાનંદ	૧૭
રાષ્ટ્રપતિની ચૂંટણી	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૭
મહાપ્રસ્થાનના પથ ૫૨–૨૫	પ્રબોધકુમાર સન્યાલ	૧૯

મહાપ્રસ્થાનના પથ પર–૨૫

પાઈન વનની અંદરથી સૂર્યાસ્તનો લાલરંગ થરથર કાંપતો હતો તે હું સ્પષ્ટ જોઈ શકતો હતો. જાણે તેનું એ કંપન રાણીના ગળાને પણ વળગ્યું હતું. કદાચ એમ પણ હોય કે એ મારી પલકની ભ્રાન્તિ જ હતી. જવા દો પણ, ક્યાંક ક્યાંક, ઝાડ પર અરણ્ય પક્ષીનો કોલાહલ સંભળાતો હતો, પેલી તરફનું પહાડનું શિખર સંધ્યાના ઝાંખા તડકાથી રૌદ્ર બની ગયું હતું. એણે ફરીથી કહ્યું, "જીવનમાં કદાચ આપણે ફરી પાછા નહિ મળીએ, પણ એનું મને દુ:ખ નથી. મારી બધી વાત મેં નિ:સંકોચે તમને કહી છે, તેનો જ મને આનંદ છે. શું તમે આ પ્રવાસ કથા લખશો ? ક્યા છાપામાં ? "

મેં કહ્યું, "જો લખું તો 'ભારતવર્ષ'માં જ લખીશ."

"તો તો બહુ સારુ. હું ભારતવર્ષની ગ્રાહક છું. પણ ધ્યાનમાં રાખજો, મારું નામ ને ઠેકાણું પ્રગટ ન કરશો."

બે મિનિટ થોભી એ ફરી પાછી બોલી. "મારી અનુમતિ છે, મારા જીવનની બધી વાત તમે પ્રગટ કરજો. તમારા લખાણથી હું કેવી છું તેની મને ખબર પડશે."

મેં હસીને કહ્યું, "બધી વાત નહિ લખું. સાધારણ વાત લખીશ."

તેણે કહ્યું : "જોકે મને વિશ્વાસ છે કે સુંદર રીતે લખો તો બધું જ લખાય. તમે બહુ સરસ લખજો હં. ફક્ત મારી વાત નહિ, બીજું પણ લખજો. તમારી બધી રચનાની અંદરથી એક મહાન જીવનને હું સ્પર્શ કરી શકું. એમાં હશે માનવનો ગંભીર આનંદ અને વેદનાની ઝાંખી."

આશ્ચર્યચકિત થઈને એની વાણી હું સાંભળતો હતો. આ તેની એક અભિનવ મૂર્તિ હતી. તેણે કહ્યું, "અન્યાય અને અસત્યને હું બરદાસ્ત કરતી નથી. સમસ્ત સામાજિક મિથ્યાચાર, નિર્લજ્જ બર્બરતા, માણસની કુટિલતા અને અપમાન–એ બધાના સર્વનાશનો સૂર તમારા લખાણમાં ગૂંજી ઊઠવો જોઈએ. જેઓ વંચિત છે, અન્યાયનો પ્રતિકાર જેઓ કરી શકતા નથી, તેથી જેઓએ માથું નીચું ઢાળી દીધું છે, શતકોટિ બંધનમાં જ વાસો કરીને જેમનો નિશ્વાસ રૂંધાઈ ગયો છે, તે બધાના આત્માની ભાષા તમારા સાહિત્યમાં જાગી ઊઠવી જોઈએ. મારી વાર્તામાં જે માનવીઓનું દલ પ્રતિબિંબિત થશે, તેમને વિરોધ અને અસત્યમાંથી મુક્તિ મળવી જોઈએ. અને સર્વ મિથ્યા અને લભ્યમાંથી તેઓ મહત્તર જીવન તરફ આગળ વધે."

"બંગાળી છાપાં ને સામયિકો હું નિયમિત વાંચું છું." તેણે કહ્યું, "રાતે જ્યારે બધા ઉંઘે છે, ત્યારે હું જાગું છું, પણ એ બધું વાંચીને મને હસવું આવે છે.. અત્યારના સાહિત્ય વચ્ચે ને છાપાં વચ્ચે કોઈ ફરક નથી. લખાણદ્વારા જ લેખકનો પરિચય થાય છે. એમનું જીવન કેવું સંકૂચિત હોય છે ને તેમની દૃષ્ટિ કેવી સ્થૂલ હોય છે, એ લોકોમાં પરિશ્રમ છે પણ સાધના નથી. પોતાના મનોભાવના રંગમાં રંગીને પોતાની ખુશી પ્રમાણે એઓ સ્ત્રી-પુરુષના ચરિત્રનું નિરૂપણ કરે છે. એથી પાત્રો ચાવીનાં પૂતળાં જેવાં બની જાય છે. એમની વાર્તા વાંચતાં હસવું આવે છે. પણ જ્યારે આટલું કરવા માટે એઓને કસરત ને કારીગરી કરવી પડે છે, ત્યારે એમના પર ગુસ્સો આવે છે. જીવનના માર્ગમાં પ્રેમ અને શકિતનો અસ્વાભાવિક અભાવ એમને દેખાતો નથી. તેથી જ તેમનું સાહિત્ય દુર્બળ લાલસાનો ઈતિહાસ બની જાય છે, ને માંદલા મનની કુત્સિત અભિવ્યકિત થઈ જાય છે."

કમળ જેવી રીતે એક એક દલ ઉઘાડતું ઉઘાડતું, એક વખત પૂરું ખીલી ઊઠે છે, તેવી જ રીતે આ સ્ત્રીનો પરિચય થયો. આ બધી વાત આવી સુસ્પષ્ટ ભાષામાં એણે કહી નથી એ વાત સાચી, પણ એણે કહી છે. તે થોડી પણ અકથ્ય પણ રહી ગઈ છે. પણ આ જ એનું મૂળ વકતવ્ય હતું.

ચાર માઈલનો રસ્તો વટાવીને સાંજને સમયે અમે રસ્તાની છેલ્લી ચટ્ટીમાં આવીને જાણે છેલ્લી રાત્રીનો આરામ લીધો. દૂર પૂર્વદિશામાં રાણીખેત શહેરના દીવા અહીંથી દેખાતા હતા. કાલે સવારે ત્યાં જઈ પહોંચીશું. પાસેપાસે જ બે પાકા બાંધેલા ઓરડા હતા. રહેવાની આવી સુંદર જગ્યા અમને બહું થોડી મળી હતી. ઓરડાની પાસે જ એક ખાધાખોરાકીની દુકાન હતી. દુકાનમાં જ રાતના ભોજનનો બંદોબસ્ત કર્યો. થોડીવારમાં ચૌધરીસાહેબ અને દિદિમાનું દલ ધામધૂમથી આવી પહોંચ્યું. આવતાં જ કોણ જાણે શાથી દિદિમા ને ચટ્ટીવાળાનો ઝઘડો થયો. દિદિમા જરા જરામાં છંછેડાતી, ગરમ મિજાજની સ્ત્રી હતી. ગુસ્સે થઈને એ પોતાના દલને લઈને પાસેની ચટ્ટીમાં ગઈ. હું એક ખૂણામાં જઈને પડયો રહ્યો. આકાશના તારા તરફ જોઈને રાણી જોડેની છેલ્લી વાતચીત વિષે હું વિચાર કરતો હતો. શુકલપક્ષનો ક્ષીણ ચંદ્ર ત્યારે પહાડની પશ્ચિમ તરફ ઢળતો હતો. પણ મારું મન એમાં લાગતું નહોતું. કશી ન સમજાય એવી વ્યથા થતી હતી.

બીજે દિવસે પ્રભાતે સૂર્યોદય થતાં જ, ચીડ અને પાઈનના વાંકેચૂકે રસ્તે થઈને, જાસુસ ફોઈની તીક્ષ્ણ દૃષ્ટિ પાર કરીને, ગીધડાંથી ભરાયલા એક સ્મશાન આગળ થઈને, ચૌધરી મહાશયની જોડે વાતો કરતો કરતો, આટલા દિવસ પછી, રાણીખેત શહેરને નાકે આવી પહોંચ્યો. પાસે જ એક ગોરાલશ્કરની છાવણી હતી, એની પડખે જ સરકારી ઑફિસ, હોસ્પિટલ, કલબ, છાત્રાલય, મઠ, મુસાફરખાનું, સેનેટોરિયમ, એમ શહેરનાં અનેક સ્થાનો ત્યાં હતાં. ચારે બાજુ એકવાર શૂન્યદૃષ્ટિથી જોઈને ઘોડો છોડી દઈને રાણી બેઠી. સવારનો પહોર હતો. છતાં તેનું મન કલાન્ત હતું, ખૂબ જ કલાન્ત, હતાશા, અવસાદ, ને કરુણતાથી તેની બન્ને આંખો છલછલ હતી. એને ત્યાં રહેવા દઈ હું આગળ ચાલ્યો. ફરતાં ફરતાં મેં જે જોયું તો અસંખ્ય દુકાનો, બજાર, હોટલ, ઘરોની હારો, ફેરીવાળાઓ, અસંખ્ય લોકોની અવરજવર–એક તરફ મોટર બસ હતી. અવાક્ થઈને મેં મોટરો જોયાં કરી, એનાં પૈડાંઓને જોઈને ઝડપી ગતિની કલ્પના કરતાં હું આનંદિત બની ગયો. યંત્રસંસ્કૃતિની વાત હું ભૂલી ગયો હતો, જાણે બધા જોડે વિચ્છેદ થઈ ગયો હતો, અનાત્મીયતા વધી ગઈ હતી. સભ્યતા, સૌજન્ય, ને સામાજિકતાનો અંચળો મેં પાછો ઓઢી લીધો.

લાગલો જ હું ચાની દુકાનમાં ગયો. જે નિશબ્દ નીરવતાનો દીર્ઘકાળથી હું અનુભવ કરતો હતો એની જોડે આનો કેટલો બધો પ્રભેદ હતો ? લોખંડ ને લાકડાંનો અવાજ, કુકડા ને મરઘાનો અવાજ, દેવળનો ઘંટનાદ, ગોરાલશ્કરીની છાવણીમાં બેગપાઈપનું વાદન, દુકાનદારનો શોરબકોર, મોટરનો અવાજ, વટેમાર્ગુઓની ઉચ્છૃંખલ વાતચીત, મજાક, મશ્કરી, હોર્નનો શબ્દ, એ બધાથી હું ખૂબ અકળાઈ ગયો. આની જોડે આજે મારો કયાંય મેળ ખાતો નહોતો, જાણે હું કોઈ બીજા જ દેશનો માનવી હોઉં એમ લાગ્યું. જાણે વન અને પર્વતનો જ હું માનવી બની ગયો હોઉં એમ મને લાગ્યું. મારા આચારવિચાર, વર્તનવ્યવહાર પૂર્ણ રીતે સ્વતંત્ર હતા. આ શહેરની સંસ્કૃતિના અરિસામાં મારા મુખનું પ્રતિબિંબ જોઈને હું જ વિસ્મયથી અને દુ:ખથી આઘો સરી ગયો. મારો પહેરવેશ, હાવભાવ, આચાર, આચરણ, અંગભંગી બધામાં હિમાલયની પ્રકૃતિની છાપ લાગી ગઈ હતી. એકબીજાના મોઢા સામું જોઈ અમે એક અક્ષર પણ બોલી શકતાં નહોતાં. આદિયુગના સંસ્કૃતિહીન માનવીઓ એકાએક સંસ્કૃતિના કોલાહલમાં આવી ચઢયા હતા. નિર્જન હિમાલયની ગુફામાં પાછા જઈને ભરાઈ રહેવાનું અમને મન થઈ આવ્યું.

અમે ચૌદ જણ હતા. દરેકે બે રૂપિયાનું મોટરભાડું આપીને અહીંથી એકાણું માઈલ દૂર હલદવાની સ્ટેશન સુધીની બસમાં અમે

બેસી ગયા. આઠ વાગે બસ ઉપડી. ડાબી તરફ એક રસ્તો હતો. અહીંથી અલમોડા તરફ જતો હતો. અલમોડાથી એ ભિકિયાસેને જતો હતો. આમારી મોટર કાઠગોદામ તરફ વળી. પહાડપરથી ધીરે ધીરે અમે ઊતરતા હતા. પાકો બાંધેલો પહોળો રસ્તો હતો. એક તરફ પથ્થરની દિવાલ હતી, એકદમ નીચે નદી વહેતી હતી, પેલી તરફ જંગલ હતું. જંગલમાં કયાંક ઝરણાંનો કલનાદ સંભળાતો હતો. કુદરતી દશ્ય અત્યંત સુંદર હતું. મોટર વારે વારે વળાંક લેતી હતી. ક્યારેક હલાવી નાંખતી હતી, તો ક્યારેક હિંડોળા પર બેઠા હોઈએ એમ લાગતું હતું.

આ ઝડપી ગતિ મને અદ્‌ભુત લાગતી હતી. મનમાં થતું હતું કે આનાં પૈડાં તે જાણે મારા જ પગો છે, હું જ જાણે દોડતો હતો. નહોતો કોઈ થાક, નહોતો અવસાદ, અમારા મનમાં, અમારા વર્તનમાં, આ જ રસ્તો, અણખૂટ રસ્તો હજી રમ્યાં કરતો હતો. એથી જ અમે મોટરમાં બેઠા હોવા છતાં અમે ચાલતા હતા. ફકત પગ ચાલતા હતા. અમારા પગની ગતિ વિરમી નહોતી. ડોશીઓએ ગાડીની અંદર ઉલટી કરવી શરૂ કરી દીધી. એ લોકો શી રીતે સહન કરી શકે? એમના શરીર જોડે યંત્રનો (મોટરગાડીનો) સંઘર્ષ થયો હતો. રાણી પાછળની બેઠક પર હતી. મારી ડાબી તરફ ચૌધરીસાહેબ બેઠા હતા. બસ ખૂબ નાની હતી, એટલે અમે ભીંચડાઈને બેઠા હતા. કોઈના શરીર ઉપર કોઈનો હાથ હતો, કોઈના પગની જોડે કોઈનો પગ અથડાતો હતો. એકવાર મારો પગ ખસેડવા જતાં, કોઈના પગની ઉપર મારો હાથ ફર્યો. ભીડમાં આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરવું અત્યંત મુશ્કેલ બની જાય છે.

લગભગ સાડાદશ વાગે હલદવાની સ્ટેશને અમે પહોંચ્યા. જેઠ મહિનાનો અંત સમય હતો. સખ્ત તડકાથી જાણે બધી દિશાઓ તરસી બની ગઈ હતી. ઠંડા દેશમાંથી એકાએક જાણે અમે કુદકો મારીને અગ્નિકુંડમાં પડયા હતા. ગ્રીષ્મ મધ્યાન્હની પ્રચંડ આગની ઝાળથી બધાં અંગો જાણે સળવળવા લાગ્યાં. ઉપરથી આ ગરમીમાં નીચે ઉતરતાં તો જાણે શ્વાસ થંભી ગયો, હું વારંવાર નિસાસો નાંખવા લાગ્યો. રાણી કશું બોલતી નહોતી, હિમાલય છોડીને આવ્યા, ત્યારથી એનું મન ભાંગી ગયું હતું. વગરકામે એ કશું બોલતી નહોતી. દુકાનમાં એક ખુરશી હતી તેની ઉપર એ ઉદાસ થઈને બેસી રહી. અમારા સરસામાન સાથે અમે ત્રીજાવર્ગના વેઈટીંગ રૂમમાં બેઠા. વારંવાર નિસાસાથી અને અસહ્ય ગરમીથી શરીર ભારે ને અસ્વસ્થ બની ગયું હતું. રાણી જાણે કોઈ મંત્રથી મારી અવસ્થા સમજી ગઈ હતી. તક મળતાં, માથા પર પ્રેમથી હાથ ફેરવીને મા જે રીતે આકુળતાથી બાળકની કુશળતા પૂછે, તે રીતે કોમળકંઠે એણે મને પૂછયું, "તમારું મોઢું આવું કેમ થઈ ગયું છે? મને લાગે છે કે શરીર સારું નથી."

મેં કહ્યું, "શ્વાસ લેતાં મુશ્કેલી પડે છે."

એણે વ્યસ્ત બનીને કહ્યું, "તો તો શ્વાસોશ્વાસની કંઈ ગરબડ છે. એમાં તો એમ જ થાય. મારી પાસે દવા છે. તમે જઈને ચૌધરીસાહેબને વાત કરો, હું હમણાં જ દવા કાઢી આપું છું."

દવા ખાવાથી શરીર સ્વસ્થ બન્યું. ચૌધરીસાહેબે મને ચૂપચાપ શાંતિથી સૂઈ રહેવાની સલાહ આપી. હું સૂઈ રહ્યો. દિવસની તો કોઈ ગાડી નહોતી, એટલે આખો દિવસ આરામ લઈને સાંજે છ વાગે હું ગાડીમાં બેઠો. બાલામૌની ટિકિટ મેં કઢાવી, મારી ઈચ્છા નૈમિષારણ્ય થઈને જવાની હતી. એક નાનો ડબ્બો અમે બધા બંગાળીઓએ મળી રોકી લીધો હતો. ગાડી નાની હતી, પણ એનો વેગ ઘણો હતો. ગ્રીષ્મકાળનો લાંબો દિવસ પૂરો થયો, સામે મેદાનને છેડે સૂર્ય અસ્તાચલ તરફ ગયો, આંખમાં નિદ્રા આવવા લાગી, દૂરની પર્વતમાળા ધીરેધીરે વિલીન થઈ ગઈ. દિદિમા, ચૌધરીસાહેબ ને રાણી ચાલતી ગાડીમાં પણ જપ કરવા બેસી ગયા.

રાતે સાડાનવ વાગે બરેલી સ્ટેશને ગાડી બદલી, ને બધા જોડે જ કાશીની ગાડીમાં બેઠા, ગાડીમાં ઘણી ભીડ હતી. ગરમી પણ અસહ્ય હતી. ઘણો પ્રયત્ન કરવા છતાં કયાંય ઠંડું પાણી મળ્યું નહિ. બધા આકળા બની ગયા હતા, તરસથી અમે ઘણા હેરાન થતા હતા. નશીબ પર બધું છોડી અમે બેઠા રહ્યા. કલાંતિ, પરિશ્રમ, અતિશય ગરમી, ને અનાહારથી બધા પીડાતા હતા, ગાડીની ગતિથી બધાં ઝોકાં ખાતાં હતાં. કયાંક નાનો સરખો અવાજ પણ નહોતો. બારીની ઉપર માથું ઢાળીને રાણી પણ ઉંઘવા લાગી, હું સૂતો પેટીની ઉપર.

વખતસર એકાએક હું જાગ્યો. રાતના અઢી વાગ્યા હતા. બધા ઘેરી ઉંઘમાં હતાં. નીચે ઉતરીને જોઉં છું તો રાણી ઉઘાડી આંખે એકીટશે કાંઈ જોતી બેસી રહી હતી. એની આંખમાં ઉંઘ નહોતી. જાણે એ ક્યારેય ઉંઘી જ ન હોય એમ લાગતું હતું. અંધકારમાં બારી બહારનું દશ્ય જોતી એ પાષાણમૂર્તિની જેમ બેસી રહી હતી.

મેં પૂછયું, "બાલામૌ ગયું?"

રાણીએ આંખો મારા પર ઠેરવી થોડીવાર જોયાં કર્યું પછી મૃદુકંઠે કહ્યું, "જો ગયું હોય તો યે શું. તમારે બાલામૌ ઉતરવાનું નથી."

કેમ?"

"ઉંઘતી દિદિમા તરફ જોઈ જાણે ધમકાવતી હોય એમ એણે કહ્યું, તમારે ઘેર જવું જ પડશે. કાશીથી આવ્યા છો તે કાશી જ ચાલો. હવે વધારે તીર્થયાત્રા કરવાની જરૂર નથી. બહુ તીર્થમાં ફર્યા."

મેં કહ્યું, "પણ મારી ટિકિટ તો બાલામૌની છે."

એણે કહ્યું, "એ તો રસ્તામાં બદલી લેવાશે."

હું કાંઈ બોલ્યો નહિ. એ પાછી ચિન્તાના સમુદ્રમાં ડુબી ગઈ, પણ તે થોડી જ ક્ષણો. તે પછી મારી તરફ ફરીને ઉજાગળ દષ્ટિથી જોઈને બોલી, "આથી શું? આ પણ મિથ્યા છે, અર્થહીન છે. શું તમને કોઈ વિશ્વાસ છે ખરો? આ લોકમાં, પરલોકમાં, પૂર્વજન્મમાં?

એના કોઈપણ સવાલનો જવાબ આપવાનું મારું ગજું નહોતું. દ્રુતગામી ટ્રેઈનની બહાર ઘનઅંધારી રાત્રી પણ એના પ્રશ્નનો જવાબ આપી શકતી નહોતી. એ તદ્દન નિરુત્તર રહી.

થોડીવારમાં તો ગાડી આવીને બાલામૌ સ્ટેશને ઊભી રહી. રાતના ત્રણ વાગ્યા હતા. હું ઉતર્યો તો નહિ, પણ ગાડીના ધક્કાથી બધા જાગી ઉઠયા. દિદિમાએ ઊઠીને પૂછયું, "તમે અહીં ઉતર્યા નહિ?"

મેં કહ્યું, "ન ઉતર્યો, આ યાત્રામાં નૈમિષારણ્ય સમાવવું નથી."

"તો ભલે, આટલું કષ્ટ વેઠયાં પછી? ઓ મા, બેઠાં બેઠાં જ તું તો નસ્કોરાં બોલાવે છે ને? સાંભળે છે, ઓ રાણી? જાણે બેહોશ બની ગઈ હોય એમ ઉંઘે છે ને? હમણાં બે દિવસથી ખાધું નથીને?"

ઊંઘનો આવો સરસ અભિનય જોઈને મને પેટ પકડીને હસવાનું મન થયું. રાણી જણાવવા ઈચ્છતી નહોતી કે એ અત્યારસુધી જાગતી હતી. મારા મનનું આકાશ ફરી પાછું સ્વચ્છ બની ગયું હતું.

સવારે લખનૌ પહોંચ્યો. લોકલગાડીમાં બહું મોડા પહોંચાય એથી લખનૌથી ગાડી બદલવા માટે પાછો ઊતર્યો. ઘણો વખત હતો, એટલે કામળો અને ઝોળો મૂકીને સ્ટેશનની હોટલમાં ચા પીને બહાર આવીને એક ટાંગો ભાડે કરીને શહેરમાં ઘૂમવા નીકળ્યો. પ્રભાતનાં પ્રકાશમાં સુંદર લખનૌનગરી આંખ ઉઘાડતી હતી. પથઘાટ, દુકાન બજાર બધેથી પસાર થઈને નવાબોના મહેલ જોડે ઘસાઈને ગાડી ચાલી. પુરાણો કિલ્લો, ઐતિહાસિક ખંડેરો, ગવર્નરનો મહેલ, મેદાન, ગોમતી નદી, પેલી તરફ વિશ્વવિદ્યાલય, એ બધાની ઉપર નજર ફેરવીને, બે કલાક પછી બજારમાંથી એક જોડી સ્લીપર ખરીદીને પાછો સ્ટેશને આવ્યો. દહેરાદૂન એકસપ્રેસને આવવાને વાર નહોતી. ગાડી આવી, સરસામાન લઈને અમે બધા ચઢયા. ચઢતી વખતે તૂટેલા સફેદ કેનવાસના જોડા લખનૌ સ્ટેશનને ભેટ આપ્યા. દુસ્તર હિમાલયનો વિચિત્ર ઈતિહાસ અને અનંત સ્મૃતિ લઈને અનાદર પામીને એ રસ્તામાં પડી રહ્યા. કાંકરા ને પથરામાં, બરફમાં, વરસાદમાં આ જોડા જ મારા પરમ મિત્ર હતા. મારા પગનાં તળિયાનો આશરો પામીને મને બધી દુરવસ્થામાંથી ઉદ્ધારીને એણે મને બચાવ્યો. એને રસ્તા પર ફેંકીને એનું હૃદય દરેક જણનાં પગલાંથી ચંપાય એવી સ્થિતિમાં મેં એને મૂકી દીધાં. આજે એનાં કરુણચક્ષુ ઉઘાડીને એ બહુ દૂર સુધી મને જોયા કરતા હતા.

અનુવાદક: મૂળબંગાળી
ડૉ. ચંદ્રકાંત મહેતા પ્રબોધકુમાર સન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂન ૧, ૧૯૬૭, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

યુનિવર્સિટી–મથકના પ્રશ્ને ભાવનગરમાં પેદા કરેલો ઝંઝાવાત

આ સમસ્યા યથાસ્વરૂપે સમજવા માટે તેને લગતા છેલ્લાં ત્રણચાર વર્ષના ઈતિહાસ ઉપર નજર નાખવી જરૂરી છે.

આજથી ચાર વર્ષ પહેલાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, વડોદરા તથા આણંદ એમ ત્રણ યુનિવર્સિટીઓ અસ્તિત્ત્વમાં હતી. આ ઉપરાંત સૂરત વિભાગ તેમ જ સૌરાષ્ટ્રમાં અલગ અલગ યુનિવર્સિટી ઊભી કરવાની તે તે વિભાગના પ્રજાજનો તરફથી માંગણી કરવામાં આવી. આ માંગણીનો સ્વીકાર કરીને પ્રત્યેક યુનિવર્સિટીના મથક અંગે તેમ જ તેના સ્વરૂપ અને કાર્ય અંગે રીપોર્ટ કરવા માટે, ગુજરાત રાજ્ય તરફથી ગુજરાત યુનિવર્સિટીના વાઈસચેન્સેલર શ્રી લાલભાઈ આર. દેસાઈના પ્રમુખસ્થાને શ્રી ડોલરરાય માંકડ, શ્રી ઉમાશંકર જોષી, શ્રી ચંદ્રવદન શાહ, ડૉ. રમણલાલ દેસાઈ, શ્રી. ઘનશ્યામ ઓઝા, શ્રી. ડાહ્યાભાઈ પટેલ, શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રી. ટી. એ. દેસાઈ તથા શ્રી. વાય. જી. નાયક–આ મુજબના સભ્યોની એક નિષ્ણાત સમિતિ નીમવામાં આવી હતી. આ નિષ્ણાત સમિતિએ પૂરતી તપાસ કરીને અને ઉચ્ચ શિક્ષણ સાથે સંબંધ ધરાવતી અનેક જવાબદાર વ્યકિતઓની જુબાનીઓ લઈને તેમ જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મથક અંગે આગત્યના સ્થળોની મુલાકાત લઈને જે રીપોર્ટ કરેલો તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મથક માટે ભાવનગરની સર્વાનુમતે ભલામણ કરતાં તે નિષ્ણાત સમિતિએ નીચે મુજબ જણાવ્યું હતું:

"રાજકોટ, જુનાગઢ, જામનગર અને ભાવનગર–આ ચારેય વિસ્તારો ઉચ્ચ શિક્ષણની સુવિધાની દૃષ્ટિએ સારી રીતે ખીલ્યાં છે. કોઈમાં વિદ્યાશાખા વધારે છે તો કોઈમાં કૉલેજો વધારે છે. એકંદરે એમ કહી શકાય કે, ઉપરનાં ચાર શહેરો–જીલ્લાઓ ઉચ્ચ શિક્ષણની સારી સુવિધા પુરી પાડે છે. પરંતુ આ બાબતમાં ઉપર જણાવેલી સુવિધાઓ ઉપરાંત એક બીજી પૂરક સુવિધાનો વિચાર કરવાનું સમિતિને જરૂરી લાગ્યું છે અને તે છે સાંસ્કૃતિક અને શૈક્ષણિક પરંપરા અને તજજન્ય વાતાવરણને લગતી સુવિધા. યુનિવર્સિટીના મથકનો વિચાર કરવામાં શિક્ષણસંસ્થાને પોષક વાતાવરણની સુવિધા સમિતિને વધારે મહત્ત્વની લાગે છે અને તે સુવિધા ભાવનગરમાં હોવાનું સમિતિને જણાયું છે. ભાવનગર સિવાયનાં અન્ય સ્થળોમાં સાંસ્કૃતિક ભૂમિકા આણવિકસિત છે એમ અમે કહી શકીએ નહિ, પણ જ્યારે સમગ્રપણે તુલનાત્મક રીતે વિચાર કરવાનો પ્રશ્ન આવે છે ત્યારે અમારે કહેવું જોઈએ કે ભાવનગરના પક્ષે પલ્લું સ્પષ્ટ રીતે વધારે નમતું અમને લાગે છે અને તેથી ઉચ્ચ શિક્ષણની પ્રવર્તમાન તેમ જ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પરંપરાની દૃષ્ટિએ વિચારતાં અમે ભલામણ કરીએ છીએ કે સૌરાષ્ટ્ર વિસ્તારની નવી યુનિવર્સિટીના મથક તરીકે ભાવનગર જ પસંદ કરવું જોઈએ."

આ પ્રમાણેની સ્પષ્ટ અને સર્વાનુમતીપૂર્વકની નિષ્ણાત સમિતિની અહેવાલ ગુજરાત યુનિવર્સિટીના અનુમોદન સાથે ગુજરાત સરકાર ઉપર રવાના કરવામાં આવ્યો હતો અને ગુજરાત સરકારે આ અહેવાલનો સ્વીકાર કર્યો હતો અને તે મુજબનું બીલ–કાનૂની ખરડો–આજથી ત્રણ વર્ષ પહેલાં ગુજરાત સરકાર રાજ્યની વિધાનસભામાં રજૂ કરવાની તૈયારીમાં હતી. એવામાં રાજકોટ ખાતે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મથક ભાવનગર નહિ પણ રાજકોટ જ હોવું જોઈએ એ વાતને આગળ કરીને, એક પ્રચંડ આન્દોલન શરૂ કરવામાં આવ્યું હતું; અને એ આન્દોલને ગુજરાત સરકાર માટે એક ભારે કફોડી સ્થિતિ ઊભી કરી હતી. ગુજરાત યુનિવર્સિટીના અનુમોદન સાથે ભાવનગરને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મથક બનાવવાની નિષ્ણાત સમિતિની ભલામણને અવગણી કેમ શકાય અને ભાવનગરને આગળ ધરતાં રાજકોટના વધારે ને વધારે તેજદાર અને કદાચ સુલેહશાન્તિને જોખમમાં મૂકી દે એવા આન્દોલનની સામે ટક્કર કેમ ઝીલી શકાય–આવી જટિલ સમસ્યા ગુજરાત સરકાર સામે ઊભી થઈ અને તેનું પરિણામ એ આવ્યું કે ગુજરાત સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મથક અંગેનો નિર્ણય કરવાનું આગળ ઉપર મુલતવી કરીને બાકીનું આખું બીલ ગુજરાતની વિધાનસભામાં પસાર કરાવ્યું. ત્યાર બાદ યુનિવર્સિટીના મથક અંગેના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે સમયના ગાળે ગાળે એક પછી એક પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા, પણ એનો કોઈ રીતે ઉકેલ ન આવ્યો. આના લાંબા ઈતિહાસમાં ઉતરવાની જરૂર નથી. છેવટે આ પ્રશ્ન અંગેનો નિર્ણય ગુજરાત સરકાર લે એમ કૉંગ્રેસ પક્ષે નક્કી કર્યું અને આ નિર્ણય પક્ષને એટલે કે પક્ષના સર્વ સભ્યોને બંધનકર્તા થશે એવી સ્પષ્ટતા કરવામાં આવી.

આમ છતાં માથા ઉપર સામાન્ય ચૂંટણી આવેલી હોવાથી ગુજરાત સરકારે આ પ્રશ્ન અંગે તત્કાળ મૌન સેવવું ઉચિત ધાર્યું. ચૂંટણી આવી અને ગઈ અને સૌરાષ્ટ્રમાં ઊભા કરવામાં આવેલા કૉંગ્રેસી ઉમેદવારોમાંથી ભાવનગર જિલ્લાએ પોતાના ઉમેદવારોને સૌથી વધારે પ્રમાણમાં સફળતા મેળવી આપી.

એ દરમિયાન ઉપર જણાવ્યું તે મુજબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું બીલ ઘણા સમય પહેલાં પસાર થઈ ચૂકયું હતું અને તેનું કામકાજ ખોરંભે ન પડે એ માટે કામચલાઉ મથક તરીકે અમદાવાદ રાખવામાં આવ્યું હતું. લગભગ છેલ્લાં વર્ષ દરમિયાન યુનિવર્સિટીના મથકની વિચારણા થતી રહી હતી, તેની સાથે યુનિવર્સિટીની રચના પણ થતી રહી હતી. હવે આગામી શૈક્ષણિક વર્ષમાં યુનિવર્સિટી પોતાનું રીતસરનું કામકાજ શરૂ કરે તે જરૂરી હતું અને તે માટે સ્થળ અંગેનો નિર્ણય કરવાનું પણ અનિવાર્ય બનતું જતું હતું. સામાન્ય ચૂંટણી પતી જતાં હવે ગુજરાત સરકાર માટે નિર્ણય કરવાનું સરળ બન્યું હતું.

આમ કરતાં કોઈ એક સ્થળે વાતાવરણ ડોળાશે તો તેને પહોંચી વળવામાં અડચણ નહિ આવે એવી નિરાંત ચિન્તવીને ગુજરાત સરકારે ભાવનગરને બાજુએ રાખીને રાજકોટના પક્ષમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો.

અહિં એ ધ્યાનમાં લેવાની જરૂર છે જે સમગ્ર ગુણવત્તાની દૃષ્ટિએ નિષ્ણાત સમિતિએ ભાવનગરને પસંદગી આપી હતી તે ગુણવત્તામાં વધારો કે ઘટાડો કરનારૂં એક પણ કારણ આજ સુધીમાં પેદા થયું નથી. ગુજરાત સરકાર એ પણ બરોબર જાણતી હતી કે જે સ્થળ પ્રત્યે નાપસંદગી જાહેર કરવામાં આવશે તે સ્થળના પ્રજાજનોમાં આ કારણે અસંતોષ જરૂર થવાનો અને વાતાવરણ પણ ઓછા વધતા પ્રમાણમાં કલુષિત થવાનું. આમ છતાં ગુજરાત સરકારે તો કયા સ્થળની nuisance–value–હરકત–આગવડ–મુંઝવણ ઊભી કરવાની તાકાત–વધારે છે એનું જ માપ કાઢીને તેના લાભમાં ચૂકાદો આપવાનો હતો. ગુજરાત સરકારને લાગ્યું કે આ મુંઝવણ ઊભી કરવાની તાકાત રાજકોટમાં ઘણી વધારે છે અને તેથી તેણે નિષ્ણાત સમિતિની ભલામણને ઠોકરે મારીને રાજકોટના પક્ષમાં ચૂકાદો આપ્યો. આના જલદ પ્રત્યાઘાતો ભાવનગરના પ્રજાજનો ઉપર પડયા. તેનું શાન્ત્વન કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અમુક ચાર શાખા અને રેકટરની ઓફિસ ભાવનગરમાં રહેશે એવી જાહેરાત કરી. પણ આથી ભાવનગરનાં પ્રજાજનોને જરાપણ સંતોષ ન થયો. નિષ્ણાત સમિતિના અભિપ્રાયને ઠોકરે મારવામાં નહિ આવે એવી લગાતાર ત્રણ વર્ષ સુધી આશા આપીને ગુજરાત સરકારે એકાએક ભાવનગરના નામ ઉપર છેકો મારી દીધો–આ હકીકત ભાવનગરના પ્રજાજનોને એક ભાલાની માફક ખૂંચી, અને એ પ્રકારના અસંતોષે ભાવનગરમાં ન કલ્પી શકાય એવું વિકૃત સ્વરૂપ ધારણ કર્યું અને ભાવનગરના નામને કલંકિત કરે એવી ઘટનાઓ ચાલુ દિવસોમાં બની ગઈ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મથકને લગતા વિવાદ અંગે છેલ્લાં ચાર વર્ષ દરમિયાન જે કાંઈ બન્યું છે તેની મારી સમજણ મુજબ મેં ઉપર રજુઆત કરી છે. હું ભાવનગરનો હોઈને મારી રજુઆતમાં કોઈને ભાવનગર પ્રત્યેના પક્ષપાત જેવું લાગે તો તેને માનવીસહજ નબળાઈ ગણીને ક્ષન્તવ્ય ગણવા વિનંતિ છે. યુનિવર્સિટી–મથકની પસંદગી અંગે નિષ્ણાત સમિતિએ આખત્યાર કરેલું ધોરણ મને માન્ય છે અને તેથી આ બાબતમાં ભાવનગરને અન્યાય થયો છે એ હકીકતને અથવા તો અભિપ્રાયને હું સ્વીકારૂં છું. આમ છતાં પણ, તેનો વિરોધ કરવા અંગે ભાવનગર બાજુના કૉંગ્રેસી આગેવાનો અને ધારાસભ્યો વચગાળાના કોઈ પણ ઉપાયનો વિચાર ન કરતાં, એકાએક રાજીનામાં આપવા સુધીના અન્તિમ પગલાના વિચાર ઉપર આવી બેઠા. તેમાં જ રાજકારણી દૃષ્ટિએ અને સમગ્ર ભાવનગરના પ્રજાજનોના હિતની દૃષ્ટિએ એક ગંભીર ભૂલ થઈ છે એમ મને લાગે છે. આજે આપણાં બધાંના મન ભારે આળાં થઈ ગયાં છે. કોઈ પણ પ્રશ્ન આવે, સમસ્યા ઊભી થાય, અન્યાયી ઘટના નિર્માણ થાય–આનો પ્રમાણસર વિચાર કરવાને બદલે આ બાબતને આપણે જાણે કે જીવનમરણનો પ્રશ્ન બનાવી દઈએ છીએ અને એમ કરવાના પરિણામે તેના વિરોધમાં આત્યન્તિક કોટિના પગલાં ભરવાના વિચાર ઉપર એકાએક દોડી જઈએ છીએ. આપણી ભાષા પણ સંયમ અને સભ્યતાની સીમા ઓળંગી જાય છે, લોકલાગણીને હદબહાર ઉશ્કેરવામાં આવે છે અને પછી પરિસ્થિતિનો કાબુ શાણા આગેવાનોના હાથમાંથી સરકી જાય છે અને સમાજસ્વાસ્થ્યવિરોધી માણસો આગેવાની ધારણ કરીને જનતાને અરાજકતાના માર્ગે–તોફાન અને ભાંગફોડના રસ્તે–ધસડી જાય છે, અને લોકો પોતાના પગ ઉપર કુહાડપ્રહાર કર્યા જેવું ગાંડપણ કરી બેસે છે. ભાવનગરમાં કાંઈક આવું જ બન્યું છે. ભાવનગરને જ યુનિવર્સિટીનું મથક તરીકે મંજુર કરવું જોઈતું હતું અને એમ છતાં એ મુજબ ન બન્યું–આ ઘટના ભાવનગરને ભારે અન્યાય રૂપ લાગે, તો પણ શું આ પ્રશ્ન એવા મહત્ત્વનો હતો કે જેના નિરાકરણ માટે રાજીનામાં સુધી અને એમાંથી ફલિત થયેલી હડતાળ, સીધા પગલા–સમિતિ અને 'ભાવનગર બંધ' સુધી જવાની જરૂર હતી?–આનો ભાવનગરના શાણા, સમજૂ અને વર્ષોના અનુભવી કૉંગ્રેસી કાર્યકરોએ, આવા પ્રસંગે જરૂરી ખામોશ દાખવીને, ગંભીરતાપૂર્વક, કેમ વિચાર ન કર્યો? તા. ૧૯મી મેના રોજ મોરારજીભાઈને ભાવનગરના કૉંગ્રેસી નેતાઓ વેરાવળ ખાતે મળ્યા હતા અને ત્યારે તેમ જ ત્યાર બાદ તા. ૨૦મીના રોજ મોરારજીભાઈએ વડોદરા ખાતેની પત્રકાર પરિષદમાં આ મડાગાંઠના ઉકેલ માટે જે વિકલ્પો સૂચવ્યા હતા કે, ભાવનગરના ભાઈઓ બીજા જિલ્લાઓ સાથે મળીને કોઈ સર્વસંમત ઉકેલ શોધી કાઢે, અથવા તો ધારાસભાના કૉંગ્રેસ પક્ષને આ બાબતનો નિર્ણય કરવાનું સોંપે, અથવા તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હવે જે સેનેટ ઊભી થાય તેને આ બાબત નિર્ણય માટે સોંપે, અને આમાંના કોઈ પણ વિકલ્પના પરિણામે જે નિર્ણય આવે તે બધાને બંધનકર્તા બને–આ વિકલ્પોનો જરા શાન્તિથી વિચાર કરવાને પણ તેમણે કોઈ તૈયારી કેમ ન દાખવી?

આપણે લોકશાહીના માળખાને સ્વીકારને બેઠા છીએ. લોકશાહીમાં કોઈ પણ નિર્ણય આખરે બહુમતી ઉપર આધારિત હોય છે. આપણને લાગતા અન્યાયનો પૂરી દૃઢતાપૂર્વક વિરોધ કરવો જોઈએ અને આપણો અભિપ્રાય જરૂર જણાયે સખતમાં સખત શબ્દોમાં રજૂ કરવો જોઈએ, એમ છતાં પણ દરેક પ્રશ્નની અલ્પાધિક મહત્તાનો આપણે પ્રમાણસર વિચાર કરવો જોઈએ અને તેનો પ્રતિકાર પણ એ મર્યાદા પૂરતો સીમિત રહેવો જોઈએ, અને આખરે આપણા વિરોધ–પ્રદર્શનને–આવિષ્કારને–પણ કોઈક finality–છેવટપણું–હોવું જોઈએ, અને તે સીમાએ પહોંચ્યા બાદ આપણને સાચી લાગતી વાત પણ જો બહુમતી ન સ્વીકારે અને માની લીધેલાં અન્યાયના પ્રતિકારને પણ જો બહુમતીનું સમર્થન ન મળે તો આપણી વાતનો આગ્રહ આપણે તત્કાળપૂરતો છોડવો જોઈએ અને પ્રતિકારની પ્રક્રિયાને તત્કાળપૂરતી સંકેલવી જોઈએ. પ્રતિકારનો એવો કોઈ ઉપાય હાથ ન ધરીએ કે જેના પરિણામે લોકશાહી જોખમાય અને અરાજક બળોને અનર્થ નિર્માણ કરવાની તક મળી જાય. લોકશાહીના આ રહસ્યને ભાવનગરના પ્રજાજનો ભૂલી ગયા હોય એમ લાગે છે. સત્ય ખાતર લડતા રહેવું અને પરિસ્થિતિની અપેક્ષાને ધ્યાનમાં લઈને કડવા ઘુંટડા ગળવા માટે પણ તૈયાર રહેવું–આ બન્ને ધર્મો લોકશાહીના સંદર્ભમાં એકમેકના પૂરક છે.

પ્રસ્તુત સમસ્યા અંગે ધ્યાનમાં લેવા જેવી પાયાની બાબત તો એ હતી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સૌરાષ્ટ્રમાં કોઈ પણ એક સ્થળે ઊભી થવી જોઈએ એનું જ ખરું મહત્ત્વ હતું અને નહિ કે એ રાજકોટમાં ઊભી થાય કે ભાવનગરમાં ઊભી થાય તેનું કોઈ વિશેષ મહત્ત્વ હતું. વળી બીજી એ બાબત પણ વિચાર માંગે છે કે ભાવનગરની પ્રજાનું સમાધાન થાય અથવા તો આ પ્રશ્ન અંગે ત્યાંનો વિરોધ વધારે ઉગ્ર રૂપ ન પકડે એ હેતુથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું જે વિભાજન કરવામાં આવ્યું છે તે વિભાજન ઈચ્છવાયોગ્ય છે કે એક સ્થળે આ–મૂલાગ્ર બધી બાજુએથી પાંગરેલી–આરૂઢ થયેલી–યુનિવર્સિટી વધારે ઈચ્છાયોગ્ય છે? મારું ચાલે તો આવી વિભાજિત–ભગ્નકાય યુનિવર્સિટી હું કદી પણ ન સ્વીકારૂં.

અન્તમાં, મે માસની ૨૦મી તારીખથી ૨૪ તારીખ સુધીમાં જે કાંઈ બન્યું છે તે જાણીને–વાંચીને, એક ભાવનગરી તરીકે હું ઊંડી વ્યથા અને શરમ અનુભવું છું. દુરંદેશીપૂર્વક કામ નહિ લેવાના

પરિણામે ભાવનગર ઉપરથી કૉંગ્રેસનો કાબુ ખલાસ થઈ ગયો છે; કૉંગ્રેસે જ વિદાય લીધી છે; ગુજરાત રાજ્યમાં સત્તારૂઢ કૉંગ્રેસ પક્ષ માટે કટોકટી જેવી સ્થિતિ ઊભી થવાનો પૂરો સંભવ છે અને કૉંગ્રેસની અવેજીમાં ભાવનગરમાં તોફાની તત્ત્વોએ જે તારાજી સરજી છે તેણે બીજું નુકસાન તો પારવિનાનું કર્યું જ છે, પણ સાથે સાથે જે યુનિવર્સિટીને પોતાને ત્યાં લાવવાની આ બધી મથામણ હતી તે યુનિવર્સિટી માટે તો હવે કોઈ આશા રહેવા દીધી નથી. રાજીનામાના આખરી પરિણામે શાસક પક્ષની ફેરબદલીની સંભાવના ઊભી થશે તો પણ ભાવનગરની આ મહત્ત્વકાંક્ષા તત્કાળ તો ફળીભૂત નહિ જ થાય.

પરમાનંદ

પૂરક નોંધ: ભાવનગર જિલ્લાના ધારાસભ્યોએ આપેલાં રાજીનામાં આખરે ક્યાં ગયાં એવો પ્રશ્ન સૌ કોઈ પૂછે છે. જવાબ મળે છે કે તાલુકા કૉંગ્રેસ સમિતિની કચેરી તોફાનીઓએ બાળી નાંખી તેમાં તે બળી ગયાં. એમ હોય તો રાજીનામાં ફરીથી લખી મોકલવામાં કેટલી વાર? પણ માલુમ એમ પડે છે કે તાત્કાલીન આવેશ શમી જતાં રાજીનામાં આપવાનું હવે કોઈને ડહાપણભર્યું લાગતું નથી અને એટલે રાજીનામાં હવે ગઈ કાલની વાત બની ગઈ છે. આટલી સમજણ આગેવાન કૉંગ્રેસીઓએ પ્રક્ષોભના પ્રારંભમાં જ દાખવી હોત તો ભાવનગરમાં આજે શમી ગયેલો ઝંઝાવાત કદાચ પેદા જ થયો ન હોત અને ભાવનગરની આબરૂને આટલી મોટી આંચ આવી ન હોત. પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

બે વ્યકિતવિશેષનું મંગળ મિલન



મુનિ સુશીલકુમારજી : ડૉ. ઝાકીર હુસેન

નવનિર્વાચિત રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેન ૧૨મી મેની સવારના વિશ્વધર્મ સંમેલનના પ્રેરક મુનિ સુશીલકુમારજી સમક્ષ તેમના આશીર્વાદ માગવાના હેતુથી ૧૨, લેડી હાર્ડિંગ રોડ ઉપર આવેલા જૈન ભુવનમાં પધાર્યા હતા. આ મિલન લગભગ ૨૦ મિનિટ સુધી ચાલ્યુ હતું.

પ્રસ્તુત મિલન દરમિયાન ડૉ. ઝાકીરહુસેને કહ્યું કે "આપણા દેશના સન્તોએ અહિંસાના પ્રચારને અનુલક્ષીને તેમ જ રાષ્ટ્રના નૈતિક ઉત્થાન અંગે નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું છે. આપે પણ દેશવાસીઓના આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક સંબંધ સુદૃઢ કરવાની બાબતમાં તેમ જ વિભિન્ન ધર્મો વચ્ચે સદ્‌ભાવના પેદા કરવાની દિશાએ જે પ્રયત્નો કર્યા છે તે આપણા રાષ્ટ્રને ગૌરવ આપે તેવા છે."

મુનિશ્રીએ જવાબ આપતા જણાવ્યું કે, "આપે અહિં પધારીને અને મારી જેવા એક જૈન મુનિના આશીર્વાદની અપેક્ષા દાખવીને ભારતીય સંસ્કૃતિનું મુખ ઉજ્જવલ કર્યું છે તથા સત્તાબળ ઉપર ધર્મશક્તિનું મહત્ત્વ સ્થાપિત કર્યું છે. આ પ્રસંગે એમ જણાવવું અપ્રસ્તુત નહિ ગણાય કે ધર્મનિરપેક્ષતાનો અર્થ નાસ્તિકતા નહિ પણ સર્વ ધર્મનો આદર તેમ જ તે દ્વારા એકતા સ્થાપિત કરવી તે છે. રાષ્ટ્રના શાસકો દ્વારા આ સંકટકાળમાં આપ સર્વોચ્ચ પદના માધ્યમ દ્વારા અવશ્ય એવું કાર્ય કરશો કે જેથી શંકાગ્રસ્ત લોકો પણ આપની પસંદગીને એક વરદાનરૂપે સ્વીકારે. અહિંસા અને ધર્મ આ દેશની સંસ્કૃતિના બે આધારભૂત તત્ત્વ છે. આચારમાં અહિંસા અને વિચારમાં ધર્મને લઈને એક શુદ્ધ આધ્યાત્મિક આધાર ઉપર રાષ્ટ્રનું કલ્યાણ નિર્માણ થઈ શકે છે." વિશેષમાં મુનિશ્રીએ જણાવ્યું કે "આપણી સમસ્યાઓનું સમાધાન આપણી અંદરથી જ શોધવાનું રહેશે. સાંપ્રદાયિકતા આપણો સૌથી મોટો શત્રુ છે અને ધાર્મિક એકતા આપણો સૌથી મોટો મિત્ર છે. આ માટે વિશ્વધર્મ સંમેલન તથા વિશ્વઅહિંસાસંઘ દ્વારા આપણા દેશમાં ધાર્મિક એકતા તેમ જ સદ્‌ભાવનાનું નિર્માણ કરવા પાછળ સતત પ્રયત્નશીલ છું."

ડૉ. ઝાકીરહુસેને જણાવ્યું કે, હું "આપનો આ પ્રયાસ દેશના મોટા સૌભાગ્યરૂપ છે અને તેને હું પૂરી સફળતા ઈચ્છું છું."

ત્યાર બાદ સ્થાનકવાસી જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રધાનમંત્રી શેઠ આનંદરાજ સુરાણાએ ચંદનનો હાર પહેરાવીને ડૉ. ઝાકીરહુસેનનું બહુમાન કર્યું અને બે વ્યકિતવિશેષનું–ઉભયને–ગૌરવપ્રદ એવું આ મંગળ મિલન સમાપ્ત થયું.

જૈન સાધુઓની શિથિલતાના થોડા કિસ્સાઓ

મે માસની છઠ્ઠી તારીખના જૈનના અંકમાં 'શ્રી સંઘ સમિતિનું વિસર્જન' એ મથાળા નીચે એક લાંબી નંત્રીનોંધ પ્રગટ કરવામાં આવી છે. તેના અન્તભાગમાં સંઘ સમિતિ સમક્ષ રજૂ થયેલા જૈન શ્વે. મૂ. સાધુઓના ચારિત્ર્યની શિથિલતાના અનેક કિસ્સાઓમાંથી નીચે મુજબના થોડાએક કિસ્સાઓ તારવીને રજૂ કરવામાં આવ્યા છે:–

(૧) એક મુનિરાજના ભારે અનર્થકારી દુરાચરણને લીધે, એક શહેરના સંઘે એનો વેશ લઈ લીધો. થોડા વખત પછી એ જ વ્યકિતને ફરી દીક્ષા આપવામાં આવી. શ્રી સંઘ સમિતિએ આની સામે સખ્ત વાંધો લીધો, અને આવી વ્યકિતને સાધુપણામાં ચાલુ નહીં રાખવા સૂચવ્યું. શરૂઆતમાં તો આ પ્રસંગ સાથે સંકળાયેલા સાધુ મહારાજ તેમ જ શ્રાવકોએ આ બાબતમાં ઘટતાં કડક પગલાં લેવાનું આશ્વાસન આપ્યું; પછી અંતે એમાં કશું જ કરવામાં ન આવ્યું.

(૨) એક વ્યકિતના વિચાર, વાણી અને વર્તન–ત્રણે સાધુધર્મની સાવ વિરુદ્ધ અને અનર્થકારી હોવાથી એનો વેશ ઉતારી લેવાનું નક્કી થવા છતાં એનો અમલ કરવાની હિંમત તે ગામનો સંઘ દાખવી શકયો નહીં.

(૩) એક વ્યકિતની શિથિલતા બાબતમાં અમુક ગામના સંઘનું ધ્યાન દોરવા છતાં એ ગામના સંઘે એ વ્યકિતને વેગળી રાખવાને બદલે એને આવકારવા માટે સંઘના ભાગલા સુદ્ધાં મંજૂર રાખ્યા!

(૪) એક સમુદાયની વ્યકિત સાધુસંઘમાં રહેવાને યોગ્ય નથી એવો સ્પષ્ટ અભિપ્રાય એ સમુદાયના વડીલનો હોવા છતાં એની સામે જરૂરી પગલાં ભરવામાં તેઓ સમિતિને સાથ આપવા તૈયાર ન થઈ શકયા!

(૫) એક સમુદાયની વ્યકિતનું આચારશૈથિલ્ય સાબિત થવા છતાં એની સામે પગલાં ભરવા માટે જરૂરી અને મક્કમ સાથ સમિતિને ન મળ્યો.

આમાંના એક પણ કિસ્સામાં સંઘ સમિતિ સ્થાનિક સંઘના સહકારના અભાવમાં કશું જ કરી ન શકી એ હકીકત દુ:ખદ તેમ જ વિસ્મયજનક છે. કાંઈ નહિ તો આવા કિસ્સાઓને જરૂરી પ્રસિદ્ધિ આપીને પણ બળવાન લોકમત તે અંગે જરૂર ઊભો કરી શકાયો હોત. આ પણ એટલું જ જરૂરી હતું.

"સસ્તી પોષક વાનગીઓ"ના લેખક કેળવણીકાર શ્રી ચંદુલાલ કાશીરામ દવે

અમદાવાદ ખાતે ટિળક માર્ગ ઉપર આવેલા જ્યોતિસંઘ કાર્યાલય તરફથી 'સસ્તી પોષક વાનગીઓ' એ નામનું એક પુસ્તક થોડા સમય પહેલાં બહાર પાડવામાં આવ્યું છે. તેના લેખક અને સંપાદક છે શ્રી ચંદુલાલ કાશીરામ દવે. જેમણે એક યા બીજે સ્થળે આખી જિંદગી માત્ર શિક્ષકનું કાર્ય કર્યું છે અને એક સારા કેળવણીકાર તરીકે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જેમનું નામ જાણીતું છે તેવા શ્રી ચંદુલાલ કાશીરામ દવેને અને આ 'સસ્તી પોષક વાનગીઓ' જેવા કેવળ પાકશાસ્ત્રના વિષયને શી લેવા દેવા હોઈ શકે એવો પ્રશ્ન પ્રસ્તુત વ્યકિતને દૂરથી જોનાર જાણનાર કોઈને પણ થઈ શકે. પ્રસ્તુત પુસ્તક જ્યારે મારા હાથમાં આવ્યું ત્યારે મને પણ આ જ પ્રશ્ન થયો. પણ પછી એ પુસ્તકના પ્રારંભમાં મૂકવામાં આવેલાં નિવેદનો વાંચ્યાં અને એ જ અરસામાં શ્રી ચંદુલાલભાઈ કોઈ એક દિવસ સાંજે આણધાર્યા મને મળવા આવ્યા, અને આ તેમની નવી સાધનાની વાતો કરી ત્યારે આ પ્રશ્નનું ભારે આનંદજનક નિરાકરણ થયું.

હકીકતમાં એમ છે કે ચંદુલાલભાઈ ૧૯૫૫ની સાલમાં ૬૬ વર્ષની ઉમ્મરે (આજે તેમની ઉમ્મર ૭૮ વર્ષની છે) ઘણું ખરું જાફરાબાદની હાઈસ્કૂલના આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ, અમદાવાદમાં આવીને સ્થિર થયા અને તેમને આહારશાસ્ત્રના અભ્યાસની ધુન લાગી અને ગુજરાત યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસર અને આહારશાસ્ત્રનિપુણ ડૉ. કાન્તિલાલ શાહના માર્ગદર્શન નીચે તેમણે આહારશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો, અને છેલ્લાં દશ-અગિયાર વર્ષ દરમિયાન અદ્યતન પોષણવિજ્ઞાનનો સારો એવો પરિચય મેળવ્યો. અને તે ઉપરથી 'આરોગ્ય અને આહાર' એ વિષેની લાંબી લેખમાળાઓ અમદાવાદના માસિકોમાં પ્રગટ કરવા માંડી. સમય જતાં મુંબઈના હાફકીન ઈન્સ્ટીટ્યુટના સિનિયર ન્યુટ્રીશન ઑફિસર ડૉ. વસન્તકુમાર જાઈ પાસેથી આ વિષયમાં તેમણે વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. પણ આવા માત્ર સૈદ્ધાંતિક જ્ઞાનથી તેમને સંતોષ ન થયો. આ જ્ઞાનને પ્રત્યક્ષ વ્યવહારમાં મૂકવા માટે પાકકલાની તાલીમ તેમને આવશ્યક લાગી, જેનાં મૂલાક્ષર પણ તેઓ જાણતા નહોતા. આ દરમિયાન આણંદના કૃષિગોવિદ્યાભવનના બેકરી તાલીમ કેન્દ્રની તેમને જાણ થતાં પોષણ દૃષ્ટિએ મેંદાને બદલે લોટના બ્રેડ-બિસ્કીટ કેમ બનાવવાં તે શિખી લેવાની તેમને ઈચ્છા થઈ. ત્યાંના સંચાલકોએ તેમને સ્પેશિયલ કેસ તરીકે એ સંસ્થામાં દાખલ કર્યા અને ત્યાંની હૉસ્ટેલમાં ત્રણ માસ રહીને તેને લગતી તાલીમ તેમણે પૂરી કરી. પણ તેટલાથી શું વળે? એટલે અમદાવાદના જ્યોતિસંઘના સંચાલકો બહેનોનો તેમણે સંપર્ક સાધ્યો, અને પોતાના આહારશાસ્ત્રના જ્ઞાનનો અને તેમાંની કાર્યકર બહેનોની પાકકલાની કુશળતાનો સુમેળ સધાય એવો કોઈ પ્રબંધ ગોઠવવાનો અનુરોધ કર્યો. જ્યોતિસંઘે તેમના પ્રમુખપણા નીચે એક આહાર-સમિતિની સ્થાપના કરી અને બહેનો માટે આહાર તાલીમ વર્ગની શરૂઆત કરવામાં આવી. આ વર્ગનો ઉદ્દેશ આહારશાસ્ત્રના સૈદ્ધાંતિક જ્ઞાન સાથે સામાન્ય વર્ગને પોસાય એવી સસ્તી પોષક વાનીઓ શિખવવાનો હતો. આવી પ્રત્યક્ષ તાલીમ માટે હોમ સાયન્સના એક ગ્રેજ્યુએટ બહેન શ્રી સુનંદાબહેન શાહની નિમણૂક કરવામાં આવી. આ વર્ગ જુલાઈ ૧૯૬૫ થી ફેબ્રુઆરી ૧૯૬૬ સુધી ચાલ્યો: તેનો લાભ ઘણી બહેનોએ લીધો, આ શિક્ષણના પરિપાક રૂપે વર્ગની પૂર્ણાહુતિ પછી જ્યોતિસંઘ તરફથી સંઘના હૉલમાં પોષક આહારને અનુલક્ષીને ૨૦૦ વાનીઓનું એક પ્રદર્શન ભરવામાં આવ્યું, તેનો લાભ ગુજરાતની જનતાએ બે દિવસ સુધી સેંકડોની સંખ્યામાં લીધો. તે જ વખતે આવી વાનીઓના પુસ્તકની ખૂબ માંગણી થઈ. એ માંગણીના જવાબમાં ઉપર જણાવેલ 'સસ્તી પોષક વાનગીઓ' (કિંમત રૂ. ૧॥) નામનું આ પુસ્તક લખાયું. આ પુસ્તકમાં આપેલી વાનીઓ મુખ્યત્વે પોષણશાસ્ત્રના સિદ્ધાંતો પર અને સામાન્ય વર્ગને પોસાય એ દૃષ્ટિએ યોજેલી છે. આ કારણે તેમાં આહારશાસ્ત્રની સમજૂતિ ઉપરાંત દરેક વાનીનું પોષણમૂલ્ય આપવામાં આવ્યું છે. આ રીતે આ પુસ્તક અનોખું છે, એટલે કે હજુ સુધી આવું એકે પુસ્તક બહાર પડયું નથી.

પ્રસ્તુત પુસ્તકના વિષય વિષે હું તદ્દન અજાણ હોઈને, તેને લગતા નિરૂપણની ગુણવત્તા વિષે કશું પણ વિવરણ કરવાની મારી યોગ્યતા નથી. આમ છતાં પણ આ વિષયના નિષ્ણાત ડૉ. કાન્તિલાલ શાહ અને પાકકળાનાં નિષ્ણાત સુનંદાબહેન શાહના સહકાર દ્વારા નિર્માણ થયેલું અને અથાગ પરિશ્રમપૂર્વક તૈયાર કરવામાં આવેલું આ પુસ્તક અત્યન્ત ઉપયોગી માહિતી પૂરી પાડતું હોવું જોઈએ અને ગૃહિણીઓ તેમ જ માતાઓને અમૂલ્ય માર્ગદર્શન આપતું હોવું જોઈએ એમ નિ:શંકપણે હું કહી શકું છું. સાથે સાથે જણાવતાં હું આનંદ અનુભવું છું કે ઉપર જણાવેલી વિગતો ધ્યાનમાં લેતાં આ પુસ્તકના લેખક અને સંપાદક શ્રી ચંદુલાલ કાશીરામ દવે આપણા આદરના અધિકારી બને છે. શિક્ષણવ્યવસાયમાંથી પરિપક્વ ઉમ્મરે નિવૃત્ત થયા બાદ પાકશાસ્ત્ર જેવા વૈજ્ઞાનિક વિષયના અભ્યાસ અને સંશોધન પાછળ પોતાની બધી શકિતઓનો યોગ આપનાર, એટલું જ નહિ પણ, એ વિષય ઉપર, દશ બાર વર્ષની સાધના બાદ ૭૫ વર્ષની ઉમ્મરે આવું સ્વામિત્વ પ્રાપ્ત કરનાર વ્યકિત કોઈ પણ કાળે, કોઈ પણ સમાજમાં વિરલ હોવાની. વૃદ્ધત્વના સંદર્ભમાં તેમણે દાખવેલા આવા પુરુષાર્થને આપણાં અનેક અભિનન્દન હો! **પરમાનંદ**

સાભાર સ્વીકાર

સરસિજ: લેખક: શ્રી વસુબહેન ભટ્ટ: પ્રકાશક: ધ્રુમન દિવાનજી, શતદલ આશ્રમ રોડ, પોસ્ટ ઑફિસ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. કિંમત રૂ. ૫-૦૦.

વીણેલાં ફૂલ: 'ભૂમિપુત્ર' માં પ્રગટ થયેલી વાર્તાઓમાંથી ૫૦ વાર્તાઓનો સંગ્રહ, પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા-૧. કિંમત . ૨-૦૦.

ઊડતાં બીજ: લેખિકા: શ્રીમતી લીનાબહેન મંગળદાસ; પ્રકાશક: શ્રેયસ પ્રતિષ્ઠાન, અમદાવાદ-૭; કિંમત: રૂ. ૨-૦૦.

સસ્તી પોષક વાનગીઓ: લેખક: શ્રી ચંદુલાલ કાશીરામ દવે; પ્રકાશક: જ્યોતિસંઘ કાર્યાલય, કિંમત રૂ. ૧-૫૦.

મહાયોગી આનંદઘન: લેખક: શ્રી. વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ. પ્રકાશક: શા. જસવન્તલાલ સાંકળચંદ, એટલાસ એજન્સી, ૫૦૮૨/૨ ગાંધી રોડ, અમદાવાદ-૧. કિંમત રૂ. ૩.

જૈનધર્મ: પૂર્ણ વિજ્ઞાન: લેખક: શ્રી. વસન્તલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ; પ્રકાશક: ધી જૈન સાયન્સ રીસર્ચ સેન્ટર, ગોડીજી જૈન દેરાસર, પાયધુની, મુંબઈ-૩, કિંમત રૂા. ૨-૫૦.

શીલ ધર્મની કથાઓ: લેખક: શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતા; પ્રકાશક: કલાદ્રુપ સાહિત્ય પ્રકાશન મંદિર, ૩૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ મુંબઈ ૩; કિંમત રૂા. ૩.

બિહારમાં પૂ. રણછોડદાસજી મહારાજે આદરેલો અપૂર્વ સેવાયજ્ઞ

(આ પત્રના લેખક શ્રી ગિધુભાઈ કોટકનો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પરિચય આપતાં જણાવવાનું કે તેઓ સૌરાષ્ટ્ર રાજ્યના નાણાં-પ્રધાન હતાં અને છેલ્લે સુવર્ણ નિયંત્રણ માટે નિમાયલા બોર્ડના અધ્યક્ષ હતા. આજે પણ તેઓ અનેક સેવા સંસ્થા સાથે સંકળાયેલા છે. 'સુકા-ની'ના તંત્રી શ્રી મોહનલાલ મહેતા–સોપાન ઉપર તેમણે લખી મોક-લેલા તા. ૬–'–૬૭ના પત્રની નકલ શ્રી ગિધુભાઈની સૂચનાથી શ્રી સોપાન તરફથી મને થોડા દિવસ પહેલાં મળેલી, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ પત્રની અંદર બિહારમાં પ્રવર્તતી દુષ્કાળ–પરિસ્થિતિ અને તેના અનુસંધાનમાં પૂ. રણછોડદાસજી મહારાજ દ્વારા સંચાલિત ભવ્ય સેવાકાર્યનો વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો છે. આ લખાણથી પ્રભાવિત બનીને દુષ્કાળ રાહતમાં મદદરૂપ થવા ઈચ્છતા ભાઈ–બહેનોને પોતાની ઈચ્છા મુજબની મદદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતિ છે. પ્રસ્તુત પત્ર નીચે મુજબ છે.

પરમાનંદ)

હું અહીંયાં ૧૮ દિવસ થયાં આવ્યો છું અને હજી પંદર-વીશ દિવસ રોકાવાનો છું.

માનવ રાહત મંડળનું અહિંનું સંચાલન સંત રણછોડદાસજી મહારાજ કરે છે અને આર્થિક સંચાલન મુંબઈમાં શ્રી અરવિંદભાઈ મફતલાલ, ઢેબરભાઈ, તુલશીદાસ ખીમજી વિશ્રામ, ધરમશીભાઈ ખટાઉ, દેવકરણભાઈ (ચાંદીવલીવાળા) નેણશી મોનજી વગેરે કરે છે. તેમ જ સૌરાષ્ટ્રમાંથી પણ દાનપ્રવાહ અવિરત ચાલુ છે.

અહિં રોજ વીશ હજાર માણસનું ખાવાનું એક રસોડે થાય છે. ગઈ કાલે થોડાક પત્રકારો આવ્યા હતા. રસોડું, એનો વિસ્તાર-પંદર પંદર ફૂટના ચૂલા, બબ્બે ગૂણી ચોખા સામટા સમાય એવડાં બકડીઆ અને સહુથી વિશેષ એની ચોખ્ખાઈ અને વ્યવસ્થા જોઈ તેઓ ચકિત થઈ ગયા. આપણા રસોડાં કરતાં સ્વચ્છતા અને વ્યવસ્થામાં ચડે પણ ઊતરે નહીં અને તે વીસ હજારની રસોઈ થાય તેમાં ! આ સંતની organising capacity આશ્ચર્યજનક છે. આટલી રસોઈમાં કોઈ દિવસ ખૂટે નહિ અને કોઈ દિવસ left over રહે નહિ. અહિંની કંગાલિયત કલ્પનાતીત છે. જોઈએ નહિ તો માની શકાય નહિ. આ ડીસ્ટ્રીક્ટનો મોટો ભાગ આદિવાસી અને જંગલી હાથીઓ–દીપડા વિ.થી વસેલો છે; ખાધાની ખોજ, પડ્યું રહેવું અને procreation સિવાય જીવનમાં બીજું કાંઈ જાણે હોય જ નહિ. બીજા પ્રાણીઓના જેવું જ લગભગ આદિવાસી જીવન જીવે છે. કામ થોડુંક કરે ખાવાનું મેળવવા પૂરતું અને તે પણ માંડમાંડ કામ કરે. પણ જો ખાવાનું મળી ગયું–જેવું આ રસોડે મળે છે તેમ–તો દસ માઈલથી ખાવા આવે અને દસ માઈલ પાછા જાય. હજાર બે હજાર તો અહીં જ ક્યાંક પાછા ગયા વગર પડી રહે. જ્યાં બેઠાં ત્યાં જાણે ઘર. સખત બળબળતા તાપમાં બારએક વાગે જમવા બેસે ત્યારે દેખાવ–દશ્ય જોવા જેવું હોય. થોડાંક sheds તો બાંધ્યા છે–એક એકમાં દોઢેક હજાર બેસે, છતાંય કેટલાકને (૨૦૦૦/૨૫૦૦ને) તો ખુલ્લામાં બેસવું પડે છે.

આ બધાંને serve કરવા ૨૧૦ જેટલા વોલન્ટીઅર છે. તેમાં ૪૦/૫૦ જેટલા સાધુઓ અને ૫૦ જેટલી સ્ત્રીઓ છે. સાધુઓ રસોઈઘર સંભાળે અને એના સિવાય આ કોઈ સંભાળી શકે જ નહિ. એક એક ચૂલામાં વીશ વીશ મણ લાકડાં સળગતાં હોય ત્યારે દસ ફૂટ છેટે પણ તાપ સહન ન થાય, ત્યાં આ સાધુઓ મોટાં મોટાં બકડીઆ ફેરવતા હોય છે ને બકડીઆં ઠાલવતા હોય છે. રસોઈ સહિતનું બકડીયું ૩૦૦/૮૦૦ રતલનું હોય. આ અલમસ્તો એની હેરવણી–ફેરવણી કેવી પ્રસન્નતાથી કરે છે!

પરમ દિવસે એક બકડીયાનું કડું ઉપાડતાં તૂટયું અને એક સાધુ-આનંદી-ચુલામાં સરકયો. એક પગનો વાળ પણ બળ્યા વગર કુદીને બહાર નીકળ્યો. પડયાની ખબર પડતાં જ સંતે કહ્યું કે "કુછ હોને વાલા નહિ હૈ." ત્યાર પછી પંદર મિનિટે ખબર આવ્યા કે સાધુ સહિસલામત છે–જરા ય ઈજા વગર.

અહીં જે વોલન્ટીઅરો છે તે બધા પોતાને ખરચે આવે, પોતાને ખરચે જાય અને પોતાને ખરચે ખાય, અને સહુ શકિત મુજબ કાંઈ ને કાંઈ ગુરુચરણે મુકતા જાય. અરવિંદભાઈ વિ. બે વખત આવી ગયા અને ખૂબ દ્રવી ગયા–હલી ગયા. જે કાંઈ જોઈએ તે આપવા તૈયાર. સાડી બાવીસ હજાર ગુણી અનાજ માટે બંદોબસ્ત કરવાનું કહી ગયા છે. રૂ. સાડી બાવીશ લાખ થયા. જે દિલથી અને કરુણાભરપુરતાથી એમણે કહ્યું તે ખરેખર ભામાશાની યાદ આપે. Hardboiled બિઝનેસમેનનું આ એક અણધ્રિછયું અને અણધાર્યું પાસું જોવાનું મળ્યું. ઢેબરભાઈ જેવા, જે rationalised સાધુને જ સત્કારે તે પણ આ સંતને જોઈ હલી ઊઠયા છે. સંતને જુવો તો નાનાલાલે રચેલો શબ્દ 'માનવ–સળેખડું' બરાબર લાગુ પડે. ૭૦/૭૨ રતલ વજન હશે. દમ ખુબ હેરાન કરે. બેવડ ત્રેવડ વળી જાય. થોડોક કફ છૂટે કે ઊલ્ટી થાય એટલે પાછા કામે ચડી જાય. સવારના ૬થી રાતના ૧૧/૧૨ સુધી તેમનાં દ્વાર સહુને માટે ખુલ્લાં. બે ત્રણ કલાક ઉંઘ લેતા હશે. વહેલી સવારના 'નિયમ' વગેરે. બપોરના કોઈ-વાર અરધો કલાક કે કલાકેક, કોઈ ન હોય તો, આરામ કરી લ્યે.

આખી શિબિરની દરેક વ્યવસ્થા આંગળીના વેઢે. shed બના-વવો છે તો કેટલી વળી, કેટલાં બાંબુ, કેટલું કંતાન, કેટલી ખીલી અને કેટલી રસ્સી-વિગેરેનો ત્યાં જ ઓર્ડર આપી દે. એવું જ રસોઈનું, એવું જ દવાખાનાનું, પાણી વિગેરેનું. જરાય impressive કે assuming ન લાગે. છતાં શિબિરના એકેએક માણસ ઉપર એમની પૂરી પ્રતિભા ઉપસી આવતી હોય છે. દરેક માણસે ક્યારે આવવું, ક્યારે જવું, કઈ રીતે જવું અને કયે રસ્તે આવવું–એના બીછાના પાગરણથી માંડી દરેક સગવડ ઉપર એની નજર હોય. આ વોલન્ટીઅરો મહિને બે મહિને બદલાય. કારણકે એમાં મોટો ભાગ વેપારી વર્ગ હોય, લાખોપતિઓની સંખ્યા અધી તો હશે જ. તેવી જ રીતે નોકરીઆતો પણ કપાતે પગારે રજા લઈને આવે છે. અત્યારે બીજા બે હજાર માણસો આજ્ઞા મળ્યે અહિં આવવા તૈયાર થઈને બેઠા છે.

ગઈ કાલે અહીંથી સોળ માઈલ દૂર એક રસોડું ખોલ્યું ત્યાં દશેક હજારની રસોઈ થશે. તેથી અહીંના બોજો કાંઈક ઓછા થશે. અહીં અત્યારે spot ઉપર દશેક હજાર માણસ જમે છે. અને દસેક હજાર માટે રાંધેલું અન્ન લોરીમાં ભરીને બહાર દૂરના ગામડામાં રોજ જાય છે. આ નવું રસોડું ચેનીઆ ગામમાં થવાથી અહિં પાંચેક હજારનું ઓછું રાંધવાનું રહેશે. ત્રીજું રસોડું પણ ખોલવાનું નક્કી થયું છે. તે અહીંથી ૨૫ માઈલ છેટે, ભંડારીઆ ગામમાં ખુલશે. ત્યાં ૧૦/૧૨ હજારનું રસોડું થશે. પંદરેક દિવસમાં એ ચાલુ થશે. આજે survey party ગઈ છે. દશ હજારના રસોડાની વ્યવસ્થા–રસોડું બાંધવું–કોઠારનો બંદોબસ્ત કરવો–જમવાના sheds બાંધવા, વોલન્ટીઅરોને ગોઠવવા અને એમના રહેવા વિ. નો પ્રબંધ કરવો–દીવા બત્તી વગેરે કરવું–આ બધું પંદર દિવસમાં થઈ જશે. કોઈ public કે પ્રાઈ-વેટ sector માટે આ અતિ વિકટ કામ લાગે, પણ devotees આ કામ કરે છે. અહીં જમવાના ૩ શેડ બાંધ્યા છે, તેમાંથી બે શેડ devo-tees એ બાંધ્યા આઠ દિવસમાં. ત્રીજો શેડ PWD એ ૪૫ દિવસમાં બાંધ્યો, જેને હજી final touches અપાઈ રહ્યો છે.

આવું- devotion પોતા તરફ અને માનવતા તરફ ખેંચી શકે એને ચમત્કાર કેમ ન કહેવાય? એ જ સંતનું સંતપણું.

અહિં પાણીની ભારે તંગી છે. શિબિર માટેનું તમામ પાણી ૧૫ માઈલ દૂરથી ટ્રક ભરી ભરીને લાવવું પડે છે. બરમાશેલવાળાએ ૮૦૦-૮૦૦ ગેલનની ટાંકીઓવાળાં બે ટ્રક આપ્યાં છે. તે રાત દિવસ ત્રણ શીફ્ટમાં અવિરત પાણી લાવ્યા જ કરે છે. દશ-અગિયાર હજાર ગેલન પાણી આ રીતે આવે. બાકી થોડુંક આજુબાજુના કુવામાંથી શિબિરવાસીઓ માટે પીવાનું મળી રહે છે. કૂવા તો ઘણા ગળાય છે પણ કામ સરખાં નથી થતાં. અમારી આજુબાજુના પાંચમાંથી પાંચેય બોરીંગ fail થયાં. છઠ્ઠાનું drilling મારી ઓરડીથી વીસ ફૂટ છેટે ચાલી રહ્યું છે. ભગવાન કરેને એમાંથી પાણી નીકળે!

અહીંનું કામકાજ કેટલાક પ્રધાનો, જગજીવનરામ વગેરે જોઈ જાય છે અને પ્રસન્ન થાય છે. સંતે કહ્યું છે કે "અમો પલામુ ડીસ્ટ્રીકટ સંભાળી લઈએ, જો રેશનમાં જેટલું અનાજ આપો છો તેટલું આ મંડળને આપો તો; અને હું ગેરન્ટી આપું છું કે એક પણ માણસ મરે નહિ." પલામુ એ ગીચ forest છે. કેટલેક ઠેકાણે તો અનાજ આજે ઊંડાણમાં પહોંચી શકતું નથી. સંતે કહ્યું કે જેમ હિમાલયમાં બકરાં ઉપર ૨૦/૨૫ કીલો ભાર લઈ જવાય છે તેમ બકરાં રાખી હું પહાડે પહાડે અને જંગલે જંગલે અનાજ પહોંચાડી દઈશ. ઈન્દિરાજીએ સંતના પ્રતિનિધિને કહ્યું કે અમારી પાસે અનાજ ઓછું છે.

મારી દષ્ટિએ અનાજ ઓછું નથી લાગતું. ૫૦ કરોડ માણસને સરેરાશ ૧૨ આઉસ અનાજ ગણીએ તો **૬૨૫ મીલીઅન ટન** અનાજ જોઈએ. ગોણસાલ **૭૬ મીલીઅન** અનાજ થયું છે. ૧૦થી ૧૫ ટકા બગાડ સમજો. તે ૧૫ ટકા ગણીએ તો બાકી **૬૪૫ મીલીઅન** ટન રહે. તેમાં ઉમેરીએ ૧૦ મીલીઅન ટનની આયાત. એટલે ૬૨૫ મીલીઅન લોકોની જરૂરીઆત અને બારેક મીલીઅન ટન ખેડૂત અને વેપારીના ઘરમાં. જે ખામી છે તે તો distributionનની. એ બરાબર હોય તો અનાજની ખોટ દેખાય નહિ.

લાજુબેન વીંછીથી બીએ છે? તો એમને મોકલતા નહિ. વીંછીઓ તો છે. આઠ દસને ડંખ્યા છે, પણ સારું થઈ જાય છે. તાપ હવે વધતો જાય છે. પરમ દિવસે ૧૨૦ ડીગ્રી હતો. પણ હવે acclimatise થ વાઈ ગયું છે, અને સંતનું સાનિધ્ય વ્યાકૂળતા ઓછી કરે છે.

રણછોડદાસજી મહારાજ ખરા યોગી છે. ઢેબરભાઈ અને હું વેલોર એમને બિહારનું આમંત્રણ આપવા ગયા હતા ત્યારે યોગ ઉપર અને દર્શનશાસ્ત્ર ઉપરની એમની ચોખવટ અને સ્પષ્ટતાએ અમારા મનની કેટલીક આધ્યાત્મિક મુંઝવણને ઉકેલી દીધી હતી. ઢેબરભાઈએ ત્રણેક કલાક આધ્યાત્મિક પ્રશ્નો ઉપર ચર્ચા કરી હતી અને મુગ્ધ થયા હતા.

હવે વધુ લાંબુ નહીં લખું. અમથોય મારો હાથ લખવાનો ચોર. ચાલીસેક વરસ થયાં સ્ટેનોગ્રાફર જ સાથી. એટલે હવે વિચાર અને લખવું-બે વચ્ચેની ગતિની સમતુલા જળવાતી નથી. વિચાર ભાગ્યા જાય અને હાથ ઢીલો ઢીલો પછવાડે ઘસડાતો જાય. એટલે લખવામાં ઘણું'ય રહી જાય, ઘણું'ય બેવડાઈ જાય અને ભાષા ભૂંડીભૂખ લાગે. તમને પત્ર લખવાનું દશ દિવસ થયા વિચારી રહ્યો હતો ત્યારે આજે લખાયું- કાંઈક લંબાણથી, પણ આ બાબત ઉપર તો ઘણું લખાય એવું છે. પણ ઘણું'ક તો બીજાં છાપાંઓ ઉપરથી જાણ્યું હશે.

ત્રિભુભાઈ કોટક

રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના

☆

જૂન માસની ૧૦મી તારીખ શનિવાર સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે, સંઘના કાર્યલાયમાં (૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિની સામયિક આલોચના કરશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઈ-બહેનોને સાદર નિમંત્રણ છે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

☆ નવા રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેનનું મંગળ પ્રવચન ☆

(તા. ૧૩-૫-૬૭ના રોજ ભારતના રાષ્ટ્રપતિ તરીકેના સોગંદ લીધા પછી, ડૉ. ઝાકીરહુસેને કરેલા અત્યન્ત ભાવુકતાભર્યા પ્રવચનનો સારભાગ મૂળ અંગ્રેજી પરથી અનુવાદ કરીને નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

મારે કબુલ કરવું જોઈએ કે, રાષ્ટ્રના આ સર્વોચ્ચ સ્થાન પર મને ચૂંટીને આપ લોકોએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેથી મારું હૈયું ભરાઈ આવ્યું છે. ખાસ કરીને ડૉ. રાધાકૃષ્ણન્ કે જેઓ ઘણાં વરસોથી મારા મિત્ર, માર્ગદર્શક અને સલાહકાર રહ્યા છે અને જેમના હાથ નીચે છેલ્લાં પાંચ વરસ કામ કરવાનો કિંમતી અધિકાર મને મળ્યો છે, તેમના અનુગામી થવાનો આ સંજોગ ઊભો થવાથી હું અસાધારણ કૃતજ્ઞતાની લાગણી અનુભવી રહ્યો છું. હું એમને પગલે ચાલવાનો પ્રયાસ કરીશ, જો કે એમની બરોબરી હું કરી શકીશ એવો મને વિશ્વાસ નથી. આ ઉચ્ચતમ સ્થાનને તેમણે એક અનોખા પ્રકારનું ઓજસ આપ્યું છે. સત્ય અને જ્ઞાનના સંશોધન પાછળ વ્યતીત થયેલા તેમનાં આખા જીવનકાળ દરમ્યાન, ભારતીય તત્ત્વવિચારને અને સમગ્ર આધ્યાત્મિક મૂલ્યોમાં રહેલી એકવાક્યતાને આગળ લાવવાની અને સમજાવવાની દિશાએ એમણે બીજી કોઈ પણ વ્યક્તિ કરતાં વધારે કામ કર્યું છે. એમણે માનવીમાં રહેલી પાયાની માનવતા અંગે કદી શ્રદ્ધા ગુમાવી નથી અને પ્રત્યેક મનુષ્યના ન્યાય અને [illegible]વયુકત જીવન જીવવાના અધિકારની સતત ચોકી કરવામાં તેમણે કદી પણ પાછી પાની કરી નથી.

શિક્ષણના ક્ષેત્રે તેમજ પ્રમુખપદ સુધી પહોંચવા અગાઉની એમની ઉજ્જવળ કારકિર્દીના દશ વરસ દરમ્યાન ઉપ-રાષ્ટ્રપતિ તરીકે અને રાજ્યસભાના અધ્યક્ષ તરીકે એમણે રાષ્ટ્રને આપેલી સેવા-અમૂલ્ય છે. એમની નિવૃત્તિના આ અવસરે તેઓ સમગ્ર રાષ્ટ્રના પ્રેમ અને આભારની લાગણીના અધિકારી બન્યા છે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તેઓ તંદુરસ્ત, સુખી અને આનંદમય એવા દીર્ઘ જીવનને પ્રાપ્ત કરે.

હું આપને ખાત્રી આપું છું કે અંતરમાં પ્રાર્થના, વિનમ્રતા અને સમર્પણની ભાવના સાથે હું આ હોદ્દાની જવાબદારીનો સ્વીકાર કરું છું. ભારતના બંધારણ પ્રત્યે વફાદારીના મેં હમણાં જ સોગંદ લીધા છે. પ્રમાણમાં નવોદિત લેખાતા રાજ્યના મુકત નાગરિકોએ પોતાના શાસન અને વહીવટ માટે ઘડેલું આ બંધારણ છે. પ્રાચીન પ્રજાનો આ એક નવયુવાન દેશ છે કે જેણે હજારો વર્ષ દરમ્યાન અને ભિન્ન ભિન્ન તત્ત્વોના સહકારથી પોતાની આગવી રીતે જીવનના મૂલ્યો જાણ્યાં છે, પ્રસ્થાપિત કર્યા છે. હું એ મૂલ્યોની સેવા કરવાની પ્રતિજ્ઞા લઉં છું. સમય અને સંજોગોના વહેણ સાથે કેટલાક મૂલ્યો અપૂરતાં થઈ પડે છે; એમ છતાં મૂળભૂત મૂલ્યો અનંતકાળ સુધી કાયમ રહે છે. આપણે આપણા વ્યવહારૂ જીવનમાં એની સમયાનુસાર નવી નવી મૂલવણી કરવાની રહે છે.

ભૂતકાળ મૃત નથી કે સ્થગિત નથી, તે જીવન્ત છે, સતત ક્રિયાશીલ છે અને વર્તમાનની ગુણવત્તા તેમ જ ભાવીની સંભાવનાઓ નિર્માણ કરવા સાથે સતત સંકળાયેલો છે. કવિવર ટાગોરે પોતાની અદ્‌ભુત શૈલીમાં તેમના એક કાવ્યમાં આ જ વાત બહુ સુન્દર રીતે રજૂ કરી છે. એ કાવ્ય આ મુજબ છે:-

"ઓ સનાતન ભૂતકાળ, તારાં પગલાનાં આછા ધબકારા મારા અન્તસ્તત્ત્વમાં હું સતત સાંભળતો રહ્યો છું;

આશાન્તિ અને ઘોંઘાટથી ભરેલા દૈનંદિન જીવનમાં તારી મુખમુદ્રાનાં હું સતત દર્શન કરતો રહ્યો છું:

અમારા ભાગ્યના પૃષ્ઠો ઉપર અદૃષ્ટસમી લિપિમાં અમારા પિતાની અધૂરી રહેલી કથાઓ આલેખવા માટે તારૂં આગમન થયું છે.

ઓ મહાનુભાવ, નવી નવી પ્રતિમાઓને આકાર આપવા

માટે વિસરાયલા દિવસોને પુનર્જીવિત કરવા કૃપા કર એવી અમારી પ્રાર્થના છે."

રાષ્ટ્રના ચારિત્ર્ય અને સંસ્કૃતિના ઘડતરની સતત ચાલી રહેલી પ્રક્રિયામાં શિક્ષણનો મોટો ફાળો છે. હું એમ માનું છું કે આ ઊંચા પદાધિકાર પર કરવામાં આવેલી મારી વરણી મુખ્યત્વે શિક્ષણકાર્ય સાથેના મારા લાંબા સંબંધને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. હું એમ પણ માનું છું કે શિક્ષણ એ રાષ્ટ્રના નિર્માણનું મુખ્ય અંગ છે અને શિક્ષણની ગુણવત્તા ઉપરજ રાષ્ટ્રની ગુણવત્તાના નિર્માણનો આધાર છે."

આપણી ભૂતકાલીન સંસ્કૃતિ—પછી તે ગમે ત્યાંથી આવી હોય અને ગમે તેણે તેના નિર્માણકાર્યમાં ફાળો આપ્યો હોય—આ સંસ્કૃતિની સંપૂર્ણતાને વફાદાર રહેવાની હું પ્રતિજ્ઞા કરું છું. હું મારા દેશ પ્રત્યે વફાદારીના અને ભાષા, પ્રાંત કે નાતજાતના ભેદભાવ વિના દેશની શકિત અને પ્રગતિ માટે તથા દેશની જનતાના કલ્યાણ અર્થે કામ કરવાના સોગંદ લઉં છું. સમગ્ર ભારત મારું નિવાસસ્થાન છે અને ભારતની સમગ્ર પ્રજા મારા કુટુંબીજનો છે. લોકોએ આ કુટુંબના વડા તરીકે અમુક મુદત માટે મને પસંદ કર્યો છે. આ નિવાસસ્થાનને મજબૂત અને સુંદર બનાવવા માટે મારા પ્રયાસો સતત ચાલુ જ રહેશે એવી હું ખાત્રી આપું છું.

આપણું આ કુટુંબ વિશાળ છે અને ઝડપભેર વધારે મોટું બની રહ્યું છે. આપણામાંના દરેક જણે પોતપોતાના ક્ષેત્રમાં અને પોતપોતાની રીતે નવનિર્માણના આ કાર્યમાં લાગી પડવાનું છે. આપણી સામે પડેલું આ કાર્ય એવું ભગીરથ કાર્ય છે કે કોઈને પણ હાથ જોડીને બેસી રહેવાનું કે નિરાશ થવાનું પરવડે તેમ નથી. આપણે સતત, સખત અને વધુ સખત કામ કર્યે જ રાખવાનું છે—સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક અને કશી યે ફરિયાદ વિના.

આપણી સમક્ષ રહેલા કાર્યના બે સ્વરુપ છે—એક વ્યકિતને અનુલક્ષીને અને બીજું સમાજને અનુલક્ષીને. આ બન્ને સ્વરૂપ એકબીજાના પૂરક છે. ઐચ્છિક રીતે સ્વીકારેલા શિસ્તના બંધન હેઠળ સ્વતંત્ર પ્રજાજનો તરીકે આપણે નૈતિક વિકાસ કરવાનો છે. આપણું સાધ્ય છે એક સ્વતંત્ર અને નીતિપૂર્ણ વ્યકિતત્વનું નિર્માણ કે જે સમાજજીવનને ઊંચે ઉઠાવવામાં પોતાથી બનતું બધું જ કરી છૂટે. બીજી બાજુએ સામૂહિક જીવનના વિકાસ વિના વ્યકિતનો પૂરતો વિકાસ થઈ ન જ શકે. આથી વ્યકિતગત અને સામાજિક બંને મોર્ચાઓ જરૂરી એવા નવસર્જનનું આ કામ ઉલટભેર ઉપાડી લેવાનો આપણે નિર્ણય કરવાનો રહે છે.

આપણે રાજ્યનો માત્ર સત્તાના એક સંગઠિત કેન્દ્ર તરીકે વિચાર કરવાનો નથી, પણ એક નૈતિક સંસ્થા તરીકે તેનો આપણે વિચાર કરવાનો છે. આપણા રાષ્ટ્રીય સ્વભાવના તેમ જ આપણી આઝાદીની લડતના સૂત્રધાર મહાત્મા ગાંધીએ આપેલા વારસાના એક ભાગ રૂપે ફલિત થવું જોઈએ કે સત્તાનો ઉપયોગ નૈતિક હેતુઓ સિદ્ધ કરવા માટે જ થવો ઘટે છે. નિર્બળની નહિ પણ બળવાનની શાન્તિને આપણે આપણી જાત સમર્પિત કરવાની રહે છે.

આપણા રાષ્ટ્રનિર્માણના આદર્શમાં શાહીવાદી રસમના વિસ્તારવાદને કદી પણ સ્થાન હશે નહિ. તે મેલી ખટપટ અને કાવાદાવાથી હંમેશાં દૂર રહેશે. એક સુઘડ જીવન જીવવા માટે ઓછામાં ઓછી પણ આવશ્યક એવી તમામ જરૂરિયાતો દરેક નાગરિકને મળી રહે તે માટે હું સદા પ્રયત્નશીલ રહીશ. બૌદ્ધિક પ્રમાદ અને સામાજિક ન્યાય અંગેની અપેક્ષાઓ પ્રત્યે ઉદાસીનતા—આ બન્ને સામે આપણે સતત જેહાદ ચલાવવાની રહેશે.

આપણા રાષ્ટ્રનિર્માણના આદર્શે સર્વ કોઈ સાંકડી સામુદાયિક સંકીર્ણતાને નાબુદ કરવાની રહેશે. આ બધું એક નૈતિક ફરજના ઐચ્છિક સ્વીકારમાંથી અને આનંદપૂર્વક અંગીકાર કરવામાં આવેલા નૈતિક પુરુષાર્થમાંથી પરિણમશે. આપણે આપણા રાષ્ટ્રજીવનમાં સત્તા સાથે નીતિનો, વિજ્ઞાન સાથે ધર્મનો, કર્મ સાથે ધ્યાનનો, પશ્ચિમ સાથે પૂર્વનો, સીગ્રીડ સાથે બુદ્ધનો—સમન્વય સાધવાનો પ્રયત્ન કરીશું. આપણે સનાતન સાથે સામયિકનો, જાગૃત ચેતના સાથે હસ્તકૌશલનો, નિશ્ચય સાથે વ્યવહારનો સમન્વયપૂર્વક વિચાર કરીશું.

મને મારા દેશબંધુઓમાં પૂર્ણ શ્રદ્ધા છે કે આ ત્રિવિધ કાર્યની સંતોષકારક પરિપૂર્તિ માટે જરૂરી એવી તાકાતને—કાર્યક્ષમતાને—તેઓ જરૂર રજૂ કરશે, ક્રિયાશીલ બનાવશે. આ મહાન પુરુષાર્થમાં મારાથી શકય તેટલો ફાળો આપવાના કાર્યને હું મારું પરમ સદ્‌ભાગ્ય લેખીશ.

અનુવાદક:
શ્રી સુબોધભાઈ એમ. શાહ

મૂળ અંગ્રેજી:
ડૉ. ઝાકીરહુસેન

અંતરાત્માને રૂંધી ન નાખો!

(ન્યુ યૉર્કમાંના તાજેતરના એક ભાષણ પરથી તથા ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનના સૌજન્યથી)

એક વાર એમ માની પણ લઈએ કે દક્ષિણ વિયેતનામમાંની આપણી લશ્કરી દરમ્યાનગીરી દ્વારા આપણે દક્ષિણ વિયેતનામની પ્રજાને મુકત થવામાં મદદ કરી રહ્યા છીએ, તેમ છતાં બીજી બાજુ આપણે એમને, આપણને પોતાને તેમ જ સમગ્ર માનવજાતને નુકસાન પહોંચાડી રહ્યા નથી? અને આ નુકસાન આપણે માની લીધેલા ભલા કરતાં કયાંય વધારે નથી? પહેલા વિશ્વયુદ્ધથી માંડીને માનવજીવન પ્રત્યેનો જે અનાદાર અને માનવનું જે પાશવીકરણ દિવસોદિવસ વધતું જાય છે તે તરફ હું તમારું ધ્યાન ખેંચી રહ્યો છું. એમ લાગે છે કે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધીમાં માનવીની ભીતરનું એ પરિબળ કે જેને "અંતરાત્મા" કહે છે, અને જેનું સારતત્ત્વ છે જીવનના અવિચારી સંહાર સામે આંતરિક વિરોધ ઉઠાવવો, તે પરિબળ લગભગ નહીંવત્ થઈ ગયેલું.

અને હવે અણુશસ્ત્રાસ્ત્રોના વિકાસ બાદ તો જેઓ પોતાના વ્યકિતગત જીવનમાં કોઈ પણ સામાન્ય માણસ જેટલા જ આદરપાત્ર અને માયાળુ હોય છે એવા મોટા દેશોના જવાબદાર રાજપુરુષો પણ અણુયુદ્ધની શકયતા માટે તૈયાર છે. આવું અણુયુદ્ધ સમસ્ત જીવસૃષ્ટિનો સંહાર ન કરે તો યે માનવસંસ્કૃતિનો સંહાર તો કરી જ નાખશે. તે રાજપુરુષો એવી આશા જરૂર રાખે છે કે આ અણુશસ્ત્રાસ્ત્રોનો ઉપયોગ ક્યારેય ન થાય; પણ પોતાને ન્યાયયુકત લાગે એવા રાજકીય હેતુઓ સર કરવા માટે આ અણુશસ્ત્રાસ્ત્રોનો યે ઉપયોગ કરવા તેઓ રાજી છે.

આ વસ્તુ કેમ સમજાવી શકાય? આવું શકય જ કેમ બને કે જ્યારે એક બાજુ માનવજાત પોતાનાં સૈકાઓનાં સપનાં સાકાર થતાં જોવાની અણી ઉપર હોય એમ લાગે છે, ત્યારે બીજી બાજુ સર્વ કાંઈ ઘડીવારમાં ભૂંસાઈ જાય તે પ્રત્યે આટલી ઘોર ઉદાસીનતા ને ઉપેક્ષા સેવવામાં આવે છે?

આનું કારણ મને એ લાગે છે કે ૧૯૧૪થી માંડીને દિવસે દિવસે જીવમાત્ર પ્રત્યેનો પ્રેમ અને આદર તથા સંહાર સામેનો નૈતિક વિરોધ એકસરખો ઘટતો ને ઘટતો ગયો છે. અને આ વિયેતનામનું યુદ્ધ સંહાર પ્રત્યેની આપણી સંવેદનશીલતાને બધીર બનાવી મૂકવામાં તેમ જ જીવન પ્રત્યેના આપણા અનાદરમાં છેલ્લું પગલું છે. આ યુદ્ધમાં દુશ્મનના સૈનિકોને મારીએ છીએ તેના કરતાં કેટલાય ગણા વધારે એમના નાગરિકોને—પુરુષો, સ્ત્રીઓ ને બાળકોને મારી રહ્યા છીએ, બાળી રહ્યા છીએ અને હાલહવાલ કરી રહ્યા છીએ. દક્ષિણ વિયેતનામના લશ્કર દ્વારા યુદ્ધકેદીઓ ઉપર જે અમાનુષી જુલમ ગુજારાઈ રહ્યો છે તે તરફ આપણે આંખ આડા કાન કરી રહ્યા છીએ. એક નાનકડા દેશ ઉપર આપણે રોજ રોજ બૉમ્બમારો કરી રહ્યા છીએ. આની પાછળ આપણી સ્પષ્ટ ધારણા એ છે કે એ લોકો ખૂબ સહન કરી—કરીને થાકશે અને આખરે શરણે આવશે. અત્યાચારો કરીને રિબાવવાના મધ્યયુગના માનસમાં અને આ માનસમાં તમને કોઈ ફરક લાગે છે ખરો? અને સભ્ય દેશોએ યુદ્ધ અંગેના જે કેટલાક નિયમો ને સિદ્ધાંતોનો વિકાસ કર્યો છે તેની સાથે આનો કોઈ મેળ ખાઈ શકે તેમ નથી.

આજે આપણા વિજય અને સફળતાના સમાચારો કઈ રીતે અપાય છે તે જરા જુઓ. અગાઉના યુદ્ધોમાં એમ કહેવાનું કે આપણે આટલા આટલા પ્રદેશો કબજે કર્યા, પણ આજે હવે એમ કહેવાય છે કે અમુક છાપો મારીને આપણે દુશ્મનના આટલા આટલા માણસોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. નાસ્તો કરતાં કરતાં કે કામે જતાં જતાં લોકો આ સમાચારો વાંચે છે. એમનું રૂંવાડું યે ફરકતું નથી!

આનું આ વલણ જો ચાલુ રહ્યું તો માણસની ભીતરનો રહ્યોસહ્યો અંતરાત્મા પણ મુરઝાઈ જશે અને એક સાર્વત્રિક અમાનુષીકરણ દુનિયામાં ફેલાશે, માણસ માણસ મટી હેવાન થતો જશે.

અહીં એ વસ્તુ યાદ કરવા જેવી છે કે માણસમાંની વિધ્વંસક વૃત્તિને નાબૂદ કરવી એ બધા જ મહાન ધર્મોનું એક ધ્યેય રહ્યું છે. ખ્રિસ્તી ધર્મ લો કે યહૂદી ધર્મ લો કે બૌદ્ધ ધર્મ લો, બધામાં તમને આ જ વાત જોવા મળશે. આ બધા જ ધર્મોનું સારતત્ત્વ એક વાક્યમાં કહેવું હોય તો એમ કહી શકાય કે માણસે મૃત્યુની નહીં જીવનની પસંદગી કરવી જોઈએ. ડૉ. આલ્બર્ટ સ્વીટઝરે કહેલું તેમ સમગ્ર નૈતિક આચરણનું મૂળભૂત સ્વરૂપ છે, જીવ માત્ર પ્રત્યેનો આદર. કેવળ બધા મહાન ધર્મોનું જ નહીં, બલ્કે માનવતાવાદી તત્ત્વજ્ઞાનનું તેમ જ લોકશાહીના વિકાસનું મૂળભૂત સત્ત્વ આ જ છે. આને લીધે દરેકે દરેક માણસની, અરે, ગુનેગારો સુદ્ધાં દરેકની, જિંદગીનું રક્ષણ કરવાની વ્યવસ્થા ઊભી થઈ છે.

આજે આપણા માથે ભય માત્ર એ વાતનો જ નથી કે અણુયુદ્ધને કારણે સમગ્ર માનવ-સંસ્કૃતિનો વિનાશ થશે, પરંતુ એ વાતનો યે છે કે અણુયુદ્ધ દ્વારા એવો વિનાશ થાય તે પહેલાં અત્યારે જ આપણે માનવસંસ્કૃતિનો કાયમ વિનાશ કરી રહ્યા છીએ. માનવજાત સામે તત્કાળ એવો ભય મોં ફાડીને ઊભો છે કે તેનું નૈતિક પોત લીરા-ચીરા થઈ જશે. જીવ માત્ર પ્રત્યેનો પ્રેમ અને વિધ્વંસ વૃત્તિનો અભાવ એ આ પોતના તાણાવાણા છે. સંહાર અને મૃત્યુનું આકર્ષણ તથા બીજાઓ ઉપર અત્યાચાર કરીને એમને આપણી ઈચ્છા મુજબ વર્તવાની ફરજ પાડવાની અનુચિત્ત વૃત્તિ, એ માનવસ્વભાવની ઘોર તિકૃતિ છે.

સ્વતંત્રતા માટેની ઈચ્છા અને સ્વતંત્રતા માટેની આવશ્યકતા એ ખરેખર દરેકે દરેક માણસની તીવ્રતમ ઝંખનામાંની એક છે. અને આ ઝંખનાની આપણે જો ઉપેક્ષા કરીએ તો આપણે આપણી જાતને જ નુકસાન કરીશું. તેમ છતાં સ્વતંત્રતા વિનાનો માણસ પણ જ્યાં સુધી વિધ્વંસને નહીં પણ જીવનને પસંદ કરશે ત્યાં સુધી માનવીય રહી શકશે. પરંતુ જીવનનો અનાદર અને વિધ્વંસકતા જો સર્વોપરી બની જશે, તો સ્વતંત્રતા મેળવવાનો સવાલ જ ક્યાં રહે છે? કેમ કે પછી માણસ માટે સંપૂર્ણ ભ્રષ્ટતા સિવાય બીજું કશું રહેતું નથી. માણસ પછી શિકારી પશુ બની જાય છે.

આપણે આંખ ઉઘાડીને જોઈએ, તો આપણને જણાશે કે આપણો અંતરાત્મા કે જેણે મોટે ભાગે આપણી વિધ્વંસકતા સામે અવાજ ઉઠાવવાનો હોય છે, તે આજે પોતાની શકિત ગુમાવતો જાય છે. તદુપરાંત આજના ઔદ્યોગિક નોકરશાહી સમાજમાં આપણે જડ પદાર્થ જેવા બની ગયા છીએ અને બીજા માણસોને પણ જડ પદાર્થ રૂપ ગણીને જ વર્તીએ છીએ. માણસ - માણસ વચ્ચેનો પ્રેમનો વહેવાર કુંઠિત થઈ ગયો છે, અને યંત્રો તેમ જ તંત્રોની નવી મૂર્તિપૂજા આપણે શરૂ કરી છે. કદાચ આજે સૌથી મોટો ભય ક્રૂરતાનો એટલો બધો નથી, જેટલો જીવનના અનાદરનો, જીવનની ઉપેક્ષાનો છે. જડ યંત્ર, જડ તંત્ર અને જડ માનસની આપણી મૂર્તિપૂજાનું આ પરિણામ છે.

વિયેતનામની લડાઈમાં સાચું - ખોટું ગમે તે હોય, પણ હું તો જેમને મન આપણી ધાર્મિક અને માનવતાવાદી પરંપરા હજી જીવંત છે એવાઓના સૂરમાં સૂર પૂરાવીશ: હત્યાકાંડ બંધ કરો, અને તે આજ ને આજ બંધ કરો, નહીં તો મૃત્યુ અને અમાનુષીકરણના આ જુવાળને આપણે કદીયે રોકી શકીશું નહીં. વળી, એ પણ ન ભૂલતા કે આ વાતનો સંબંધ માત્ર અત્યારે દક્ષિણપૂર્વ એશિયામાં જે ચાલી રહ્યું છે તેની સાથે જ છે, આનો સંબંધ તો આપણા ઘર આંગણે જે થઈ રહ્યું છે તેની સાથે પણ છે – વધતી જતી હિંસા, વ્યકિતગત કિસ્સાઓમાં કરપીણ હત્યાઓ, અને કિશોરોની ટોળીઓની નિર્દય વિધ્વંસકતા. જ્યારે આપણી યુવાન પેઢી પોતાની આંખ સામે રોજ રોજ મોટેરાંઓની સંમતિ સાથે ઘોર વિધ્વંસ થતો જોઈ રહી હોય, ત્યારે આપણે એની પાસે જીવન પ્રત્યેના આદરની અપેક્ષા શી રીતે રાખી શકીએ?

હિંસાના આ મોજાને ડામવાનો માત્ર એક જ ઉપાય છે, અને તે એ કે જીવ માત્ર પ્રત્યે ફરી એકવાર સંવેદનશીલ બનવું. તમે ગમે તે ધર્મમાં કે ગમે તે રાજકીય વિચારસરણીમાં માનતા હો, પણ માનવજાતનું હિત જો તમારે હૈયે હોય, તો આજે તમારી સામે મહત્ત્વનો સવાલ ઈશ્વર જીવતો છે કે નહીં, અથવા લોકશાહી શેમાં છે એ નથી, પણ આજના અમાનુષી વહેવારની પ્રક્રિયામાં માણસ અને તેના અંતરાત્માને ગળે ટૂંપો ન દેવાઈ જાય એ છે. આપણે આઈકમેન (લાખો યહૂદીઓની હત્યા માટે જવાબદાર એવો હિટલરનો સાથીદાર) બની જતાં અટકવું જોઈએ, કે જેને મન જીવન અને વિકાસ કરતાં જડ તંત્ર અને જડ વ્યવસ્થાનું મૂલ્ય વધારે છે.

('ભૂમિપુત્ર'માંથી સાભાર ઉદધૃત.) એરિક ફ્રોમ.

ગેરવ્યવસ્થાનો આનંદ

એક દિવસ, ત્રણ વર્ષ પહેલાં, મારા દશ વર્ષની ઉમ્મરના પુત્રની નોંધપોથી મારા જોવામાં આવી. પહેલા જ પાના પર જવાહરલાલ નેહરુનો ટેલિફોન નંબર નોંધેલો હતો. જરા વિસ્મય પામીને મેં એને પૂછ્યું: "શા માટે તેં વડા પ્રધાનનો નંબર નોંધી રાખ્યો છે?"

શરૂમાં એ કશું બોલ્યો નહીં. ત્યારબાદ એની મમ્મી ક્યાંય આજુબાજુમાં સાંભળતી નથી તેની ખાત્રી કરીને તેણે જરી અચકાઈને પણ મક્કમ અવાજે જણાવ્યું કે એની મમ્મી તરફથી વારંવાર એને મેથીપાક મળે છે અને હવે જો ફરી વાર આવું બનશે તો તે તેની મમ્મી વિરુદ્ધ ચાચા નેહરુને ફોનથી ફરિયાદ કરશે.

બન્યું એમ હતું કે શોડા જ દિવસ ઉપર હું મારા દીકરાને બાળદિન અંગેના કાર્યક્રમમાં લઈ ગયો હતો અને તે વખતે પંડિતજીએ ત્યાં ઉપસ્થિત થયેલાં બાળકોને કહ્યું હતું કે દેશનું ભાવિ તેમના હાથમાં છે અને એક સ્વતંત્ર દેશના સ્વમાની નાગરિકો તરીકે બાળકોએ મસ્તક ઉન્નત રાખીને અને છાતી આગળ લાવીને ગૌરવપૂર્વક ચાલવું જોઈએ – જે સાંભળતાં બાળકને ખૂબ મજા આવી હતી.

આજનાં બાળકો, અમારા દિવસોમાં અમે જે હતા, તેનાથી તદ્દન જ જુદા બની ગયા છે. સ્વભાવની વિનમ્રતા (Docility) એ તો લગભગ આજે ભૂલાઈ જ ગયેલો શબ્દ છે. આજનાં બાળકો અધીરાં અને માથાભારે – ક્યારેક તોફાની – પરંતુ નિશ્ચિતપણે વધારે ચાલાક હોય છે. એક દસ વર્ષનો છોકરો પોતાની માતાની વિરુદ્ધ દેશના સર્વોચ્ચ વડા પાસે ફરિયાદ કરે – ત્રીસ પાંત્રીસ વર્ષ પહેલાંના જમાનામાં એવી કલ્પના પણ શું કોઈએ કરી હોત?

મને લાગે છે કે આજનું બાળક જન્મતાંની સાથે જ પોતાના જીવનનો વ્યૂહ ગોઠવવો શરૂ કરે છે. જેમ જેમ તે મોટો થતો જાય છે તેમ તેમ તેની સામે પડેલી શકયતાઓના વિશાળ ક્ષેત્રને એક રણભૂમિ ગણી લે છે. પીછેહઠ શું છે તે તો એ જાણતો જ નથી, અને કદાપિ પીછેહઠ કરવી પડે તો 'ધીખતી ધરા'ની નીતિમાં એ માને છે.

સાત અને પંદર વર્ષની વચ્ચેની વયનાં ત્રણ બાળકોની સાથે રહેતાં રહેતાં હું હવે મક્કમપણે ગેરવ્યવસ્થાનો હિમાયતી બન્યો છું. દરરોજ સવારે ત્રણે બાળકો એક સાથે બાથરૂમ તરફ ધસારો કરે છે, ત્યારથી જ ધમસાણ શરૂ થઈ જાય છે. મારો દીકરો પોતે લગાતાર બૂમો માર્યા કરે છે પણ પોતાની બે બહેનોને – એક નાની અને એક મોટી – શાંતિ રાખવાનો હુકમ આપ્યા કરે છે – રખેને પપ્પા જાગી જશે!

એક અથવા બીજી ચીજની તે હંમેશા શોધાશોધ કરતો હોય છે – કાં તો એની ચડ્ડી, કાં તો મોજાં, કાં તો બૂટ. વારંવાર ટોકવા છતાં એનો ભીનો ટુવાલ એ કાં તો દીવાનખાનામાં સોફા પર અથવા પુસ્તકોની આલમારી પર અચૂકપણે ફેંકે છે.

એની નાની બેન પોતાના ભાઈની નાની મોટી ચીજો સંતાડવાની કળામાં નિપુણ છે – જેને માટે એને ઘણી વાર માર પણ ખાવો પડે છે. મોટી બેન પોતાની જાતને દુનિયાદારીની વાતો સમજવા જેટલી મોટી ગણે છે. એકવાર તો એણે મને જ પૂછી નાંખ્યું, "પપ્પા તમે લગ્ન પહેલાં મારી મમ્મીને ઓળખતાં હતાં ખરાં?"

સવારના નાસ્તાની એક પણ ચીજ માટે ત્રણેનો મત સરખો હોતો નથી. એકને નાસ્તામાં પૉરીજ જોઈએ, તો બીજાંને કૉર્ન ફ્લેક્સ ને કટલેટ્સ જોઈએ, ને ત્રીજાંને વળી પરોંઠા અને શાક જોઈએ. જ્યારે ત્રણે જણ નિશાળે જાય છે ત્યારે જ જાણે તોફાન શમ્યું હોય એમ જણાય છે, અને અમે પરિસ્થિતિનો તાગ કાઢવા બેસીએ છીએ. દરેક ચીજ ઊંધીચત્તી થઈ ગયેલી માલૂમ પડે છે. કોઈપણ ચીજ પોતાની જગાએ હોતી નથી. ચારે બાજુ નાઈટ સૂટ, ગાઉન, ચોપડીઓ, ટુવાલ, બધું વેરણછેરણ પડેલું હોય છે. મારી બૉલપેન, કાં તો મારાં પત્નીની ઘડિયાળ – એવી કોઈ એકાદ ચીજ મળતી નથી. બધી બત્તીઓ, પંખા અને પાણીનાં નળ સામાન્ય રીતે ચાલુ હોય છે. એક પણ કબાટ કે ટ્રન્ક બરોબર વાસેલી હોતી નથી અને સાબુની ડબીમાં ભરાયેલું પાણી કાઢી નાખવાનું, શાહીની બાટલી, ખાંડની બરણી અને મુરબ્બાની બરણીનાં ઢાંકણો બંધ કરવાનું – આ બધું કામ અમારા માટે બાકી જ રહ્યું હોય છે.

હું માનું છું કે મધ્યમ વર્ગનાં દરેક કુટુંબોમાં આમ જ બનતું હોય છે. મારી પત્ની ફરિયાદ કરે છે કે હું બાળકો ઉપર જરીકે દાબ રાખતો નથી. ક્યારેક દુ:ખી થતાં કહે છે, "આના કરતાં તો હું મારા પિયેરમાં વધારે સુખી હતી." હું એનાં માટે સહાનુભૂતિ જ માત્ર દર્શાવી શકું છું, કારણ કે આજે વિજ્ઞાને ગમે તેવી હરણફાળ પ્રગતિ કરી હોય તો પણ ટ્યુબમાંથી ટૂથ-પેસ્ટ એક વાર બહાર નીકળ્યા પછી પાછું અંદર મોકલી શકાતું નથી – કાળનું ચક્ર કદી પાછળ જઈ શકતું નથી.

હું સામાન્ય રીતે શિસ્ત અને વ્યવસ્થાનો આગ્રહી છું, અને સંસ્કારી સમાજવ્યવસ્થા માટે એ અનિવાર્ય છે એમ પણ માનું છું. તેમ છતાં બાળકો જે રીતે ગમ્મતભરી ગેરવ્યવસ્થા પેદા કરે છે, એને નિહાળવી એમાં પણ એક આનંદ રહેલો છે. જીવન સાથે સંકળાયેલી બધી જ ચિન્તાઓ હોવા છતાં પણ બાળકોની ગેરવ્યવસ્થા આપણા જીવનને અદ્‌ભૂત રંગોથી રંગી નાંખે છે.

અનુવાદક: મૂળ અંગ્રેજી :
શ્રી સુબોધભાઈ એમ્. શાહ **શ્રી વી. એન. કાકર**

મહાપ્રસ્થાનના પથ પર–૨૬

(આ રસિક યાત્રાવર્ણન તા. ૧–૧૨–૧૯૬૫ના પ્રબુદ્ધજીવનથી શરૂ થયેલું તે લગભગ દોઢ વર્ષના ગાળે આ અંકમાં તેના છેલ્લા હપ્તાના પ્રકાશન સાથે સમાપ્ત થાય છે. આ પૂર્ણાહુતિ પ્રસંગે આ વર્ણનના મૂળ બંગાળી લેખક શ્રી પ્રબોધકુમાર સંન્યાલનો મારે હાર્દિક આભાર માનવાનો રહે છે. તેમણે કશા પણ વળતરની અપેક્ષા રાખ્યા સિવાય તેમના પુસ્તકનો ગુજરાતી અનુવાદ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મુકત મને અનુમતિ આપી છે. એવો જ આભાર માનવાનો રહે છે ડૉ. ચન્દ્રકાન્ત મહેતાનો, જેમણે પ્રબુદ્ધ જીવન માટે મૂળ બંગાળી લખાણનો પ્રેમપૂર્વક અનુવાદ કરી આપ્યો છે. આ રીતે પ્રબુદ્ધ જીવનના વાચકોને તિર્થાધિરાજ કેદારનાથ તથા બદ્રીનાથની યાત્રા કરાવતા અને તેમની કલ્પનાને ઉત્તેજિત કરતાં વેધક શબ્દચિત્રો વડે ચિત્તનું સતત રંજન કરતા યાત્રાવર્ણનનો અન્ત આવે છે. મૂળ બંગાળી લેખકે આ યાત્રા મોટા ભાગે પગે ચાલીને અને પાર વિનાની અગવડો વેઠીને કરી છે. આજે સગવડો વધી છે; યાત્રાળુઓને બસો તથા મોટરો ઠેઠ બદ્રીનાથ સુધી લઈ જાય છે; કેદારનાથ પહોંચવા માટે પણ બસનો રસ્તો પૂરો થયા બાદ લગભગ ૨૦ માઈલ માત્ર ચાલવાનું રહે છે. યાત્રાને લગતાં રોકાણસ્થળોએ હવે સ્વાસ્થ્યરક્ષાને લગતો બહુ સારો પ્રબંધ થયો છે. મેં ૧૯૫૯માં બદ્રીનાથ-કેદારનાથની યાત્રા કરી હતી; ૧૯૬૩માં યમુનોત્તરી અને ગંગોત્તરીની યાત્રા કરવાનો યોગ ઊભો થયો હતો. એ યાત્રાનાં મધુર અને પ્રેરક સ્મરણો આજે પણ ચિત્તને એટલાં જ ઉત્તેજિત કરે છે. આશા રાખું છું કે 'મહાપ્રસ્થાનના પથ પર'ની આ લેખમાળા યોગ્ય સમયે એક પુસ્તકાકારે પ્રગટ થશે અને તેનું વાંચન અનેક ભાવુક આત્માઓને આ તીર્થોની, જીવનને ધન્ય બનાવતી યાત્રાએ જવાની પ્રેરણા આપશે. **પરમાનંદ**)

તડકો વધારે ઉગ્ર થતો જતો હતો. ખુલ્લી જગ્યામાંથી ચારે તરફથી આગ વર્ષતી હતી. આકાશ ધૂળિયું બની ગયું હતું. ક્યાંય પણ વાદળનું નામનિશાન નહોતું. જલાશયો બધાં સૂકાઈ ગયાં હતાં. ગાડી વેગથી જતી હતી. અનેક પ્રદેશોમાંથી અમે પસાર થતા હતા. બધું જાણે નવું નવું લાગતું હતું. જાણે બધાનો પૂર્વજન્મનો પરિચય હોય તેમ બીજો જન્મ લઈને જાણે એ બધાને હું ઓળખી શકતો નહોતો. ફૈજાબાદ, અયોધ્યા, શાહગંજ વટાવ્યાં, જૌનપુર પણ ગયું, આ કમોસમની ગરમીથી અમે પુનર્જન્મ પામેલા તીર્થયાત્રીઓ પાછા કાશી સ્ટેશને આવી પહોંચ્યા. આખો પ્રદેશ જેઠ મહિનાની અંતિમ દિવસની આગથી ભડભડ સળગતો હતો.

સ્ટેશનથી જ બધાની વિદાય લીધી. વસ્તી વચ્ચે આવ્યો ત્યાં મારા બધા સંપર્કનો અંત આવ્યો. આજે અનુભવ થયો કે અમે નિતાન્ત પર હતા, આત્મીયતાનું બંધન ક્યાંય નહોતું. રસ્તાનો પરિચય, રસ્તાને અંતે જ પૂરો થયો. ભીડની અંદર ઊભી રહીને રાણી કાંઈ બોલવા જતી હતી, પણ કાંઈ સુયોગ મળ્યો નહિ, એનો કંઠ પણ રૂંધાઈ ગયો. એ હંમેશને માટે રૂંધાયો.

આગ વર્ષતી હતી એવા નિર્જન રસ્તાના થાકને કારણે મેં એક એક્કો ભાડે કર્યો, એની અત્યંત ધીમી ગતિ હતી, ઘોડાના ગળામાં છમ છમ કરતા ઘુંઘરુ વાગતા હતા. ઉત્સાહહિન, નિજાનંદ, નિસ્પૃહ, હું ઊંઘતો હતો કે જાગતો હતો ? ક્યાં જાઉં છું, કોણ વાટ જુએ છે ? કોણ રસ્તા પરથી પસાર થયું ? મારું મન આવું કંગાળ જેવું કેમ થઈ ગયું છે ? આવી મોટી તીર્થયાત્રા કરી તો પણ આનંદ કેમ નથી ? હું તો હંમેશનો પરિવ્રાજક, હંમેશનો તીર્થપથિક. તો શું આ બધું મિથ્યા છે,–અર્થહિન છે ? ઈહકાલ, પરકાલ, પુનર્જન્મ, તો શું જીવનમાં વિશ્વાસ નથી, મરણમાં શાંત્વન નથી ?

અર્ધાં મીંચેલા નયનથી દૂર આગ વર્ષાવતા આકાશ તરફ જોઈને મૃદુકંપિત સ્વરે મેં કહ્યું,

કયાંથી છાતીમાં ભોંકી કાંટો
આવ્યો પોતાને માળે
ઓ મારા પંખી,
ઓ રે કિલષ્ટ, ઓ રે કલાન્ત,
તને કયાં થાય છે વ્યથા.
રાખું તને કયાં રે ?
'સુફલ'

આખરી વાત કહીને આ બધું પતાવીને ચાલ્યો જાઉં. દિવસો વીતે છે–એક પછી એક વર્ષો પણ વીતશે. આ ગતિમાન સંસારને કાંઠે એકાકી અવરજવર કરું છું. જે માર્ગ હજી પણ મેં વટાવ્યો નથી તેનો અંત નથી અને વિચ્છેદ પણ નથી. જેને ઘરમાં રાખવા ઈચ્છું છું તેનું ઠામઠેકાણું નથી, એની ને મારી વચ્ચે વિશાળ અંતરપટ છે. જેને દૂરથી છોડી દીધા હતા તે દૂર છટકી ગયા છે. મન કહે છે "તીર્થયાત્રા તો કરી પણ એનું સુફળ શું મળ્યું ?" કાંઈ જ મળ્યું નથી, ને ગૂમાવ્યું છે ઘણું. એ અખૂટ રસ્તા પર જીવનનું ઘણું પાથેય હું છોડી આવ્યો છું–મૈત્રી, પ્રેમ, વાત્સલ્ય, માયા અને મોહ. પુણ્યસંચય કરવા જતાં બીજા બધા સંચયનો ઉત્સર્ગ કરી આવ્યો છું. લોભ, લાલસા, કામના–એ બધા હાથ લંબાવે છે પણ મને પહોંચી શકતા નથી. વિદ્વેષબુદ્ધિ, વિષયલિપ્સા, આત્મ-

પરતા ને દંભ, એ પણ જો એક પછી એક વિદાય લે તો પછી માણસ જીવી શી રીતે શકે?

કયાંય પણ જવા માટે પગ ઉપાડીએ ત્યાં મહાપ્રસ્થાનનો માર્ગ રસ્તાનો અવરોધ કરે છે. એ દુર્ગમ અને દુસ્તર, એ આદિ-અંતવિનાની અવિચ્છિન્ન પથરેખા મારી જાગૃતિ ને સ્વપ્નમાં, આહાર અને વિહારમાં, કલ્પના ને રચનામાં, મારા બધાં કર્મોમાં ને નવરાશમાં સાપની જેમ સરતી સરતી આવે છે. નિયતિની જેમ એ હંમેશાં મને આકર્ષે છે, ને રસ્તો ભૂલાવી મને પોતાને માર્ગે લઈ જાય છે. એ પથરેખાએ મને રિકત અને કંગાળ બનાવી દીધો છે, તો પણ એ તરફ જીભ બહાર કાઢીને, વ્યાકુળ બાહુ પસારીને કહે છે "હજુ આપો, મારી ભૂખ સંતોષાઈ નથી. ચાલી આવ, દોડતો આવ. તારાં બંધાય બંધનો તોડીને આવી જા."

જેઓ બધા કરતાં વધારે નિકટનાં સ્વજનો હતાં, તે બધાં આજે ક્યાં ગયાં? આજે અત્યંત નિકટના આત્મીયજનોને હું ઓળખી શકતો નથી. અમારી વચ્ચે આપરિચયનું વિશાળ અંતરપટ છે. જેમની પાસે બેસું છું, જેમની જોડે રહું છું, જેમને બન્ને હાથોમાં જકડી લઉં છું, તે પણ મારાથી ખૂબ દૂર છે. ઊંચે શ્વાસે દોડતાં દોડતાં પણ એમને હું પકડી શકતો નથી, તેઓ જાણે સ્મરણના સિમાડાની બહાર ચાલી ગયા છે. ઓરડામાંથી ઝરુખામાં, ઝરુખામાંથી સ્નાન-ગૃહમાં, સ્નાનગૃહમાંથી રસોડું—એમ થાય છે કે એક પછી રોક જાણે સો સો ગાઉ દૂર છે, લાગે છે કે હવે હું ચાલી શકતો નથી, એમનો પત્તો લાગતો નથી. આજે દીવાલથી ઘેરાયેલા નાનકડા ખંડમાં દીવા આગળ બેસીને વિચાર કરું છું, કે તે દિવસે જે મારા સંગી—સાથી હતાં તેમણે પણ શું મારી જેમ આવું અભિશાપવાળું સુફળ સંચિત કર્યું છે? તેઓ પણ શું મારી જેમ સંસારના અકિંચિતકર સુખદુ:ખમાં પાછાં આવી આળોટી શકતાં નથી? તેઓ પણ શું પ્રેતની જેમ રસ્તે રસ્તે ભટકયા કરે છે?

ભૂતકાળની સ્મૃતિની પાછળ હોય છે એક પ્રકારની કરુણ વેદના. મેં એક દીર્ઘ નિશ્વાસ લીધો. જેઓ મારા એ મુશ્કેલ માર્ગમાં મારા સાથી હતાં, એ બધાં મને આજે ખૂબ વહાલાં લાગે છે. અહિં ઐશ્વર્ય ને સૌભાગ્યનો આડંબર છે, વિવિધ પ્રકારની હરીફાઈ છે, અહિં એ બધું એકબીજાથી વિચ્છિન્ન છે—પણ દુ:ખના દુસ્તર તીર્થમાં, અમારી વચ્ચે કોઈ પણ જાતનો આડપડદો નહોતો. ત્યાં રાજા ને ગોવાળની મૈત્રી થતી, ત્યાં દુ:ખના પવિત્ર જળમાં અસ્પૃશ્ય ને ઉચ્ચવર્ણનો ભેદભાવ નહોતો.

ઘણા વખત પછી શાહનગરના એક રસ્તા પર ગોપાલદા ભેટી ગયા.

"કેમ છો ગોપાલદા, બધું ઠીકઠાક છે ને?"

"હા, આનંદમાં. તમે?"

હું જવાબ આપી શકયો નહિ.

"આ મારી સોના-ચાંદીની દુકાન. આવો ભાઈ, જરા તમાકુ ખાઈને જાઓ."

પરંતુ આટલું જ—આથી વધારે વાર્તાલાપ ચાલ્યો નહિ. તે સમયે અમારી વાતો ખૂટતી નહોતી, આજે એનાથી વિપરિત બન્યું. અમારી વચ્ચે દૂર ન કરી શકાય એવો અંતરાય ઊભો થયો હતો. એકબીજાની અમે વધારે નજીક આવી શકયા નહીં. બીડી પીતાં પીતાં ધૂમાડો—ચકાકારે મોઢામાંથી બહાર કાઢતાં કાઢતાં ને એની તરફ તાકી રહેતા એ બોલી ઊઠયા, "આ વર્ષે ફરીવાર જવાનો વિચાર તો છે—એમ થાય છે કે ત્યાં ભાગી જાઉં."

મૌખિક વિવેક દર્શાવીને દુકાનમાંથી એમની વિદાય લઈ ચાલ્યો આવ્યો. પછી એક પછી એક એમ દિવસો વીતતા ગયા.

શ્યામબજારને રસ્તેથી જતો હતો, ત્યાં પાછળથી કોઈએ બૂમ પાડી તે સાંભળી, "દાદાઠાકુર, કેમ છો?"

મોંહું ફેરવીને જોઉં છું તો એક સ્ત્રી હતી. કાંઈ પણ બોલ્યા વિના હું જોઈ રહ્યો.

"મને ન ઓળખી? હું તો ભુવન-દાસી," સાષ્ટાંગ પ્રણામ કરીને એ ફરી બોલી, "તમારી દયા મારાથી કદિ ય ભૂલાવાની નથી, તમે હતા તો માંગોસાંઈ જીવતાં દેશમાં પાછા આવ્યાં, શેઠના બાગમાં કદિક પધારજો દાદા ઠાકુર, પાસે જ છે. ઉલ્ટાડિંગીમાં."

જાતજાતની વાતો કરી પછી એણે વિદાય લીધી. આ લોકો તે સમયે મારી દષ્ટિએ અત્યંત વિચિત્ર લાગતા હતા, રહસ્યમય માનવી લેખાતા હતા. અપાર્થિવ ને અલૌકિક જણાતા હતા. યુગયુગાન્તરના જન્મમૃત્યુને પાર કરવાની ઈચ્છાવાળા તીર્થયાત્રી, દૂર દૂર આકાશના જાણે કોઈ અનાવિષ્કૃત ગ્રહલોકોના જીવો જેવા ભાસતા હતા. શહેરી સભ્યતાના કોલાહલમાં ઊભા રહીને આમને ઓળખી ન શકાય. પાછા એ હિમાલયના પર્વતશિખરે, બરફ અને નદીને તટે, અરણ્યની નિસ્તબ્ધતામાં, પ્રાણનાશક પથની પીડામાં જો એ લોકોને ન જોઈએ તો એમને પરિપૂર્ણરૂપે ઓળખી શકાય નહિ.

મહાનગરના રાજપથ પરથી ઉતાવળો ઉતાવળો ચાલ્યો જાઉં છું, રસ્તામાં લોકોને ભેગા કરીને કહેવાની ઈચ્છા થાય કે તમે મને ઓળખી શકતા નથી પણ હું એ જ છું. મારામાં શો ફેરફાર થયો છે? શા માટે બધાને અંત:કરણના પૂરા ભાવથી ગ્રહણ કરી શકતો નથી? શા માટે મારું હૃદય કઠોર બની ગયું છે?

વાર્તાઓ લખું છું, નવલકથાઓ પણ લખું છું, તો યે એની ભીતરમાં અત્યંત ગુપ્ત રીતે આ માનવજીવનનો પ્રશ્ન ઊઠે છે—શું જીવન સાહિત્ય કરતાં મોટું નથી? માનવયાત્રી શું એક દિવસ સ્વર્ગરાજ્યની પ્રતિષ્ઠા કરવાની કલ્પના કરતો તીર્થયાત્રા નહિ કરે? પરમ આશાની વાણી શું એમના કાનમાં ગૂંજી નહિ ઊઠે? મહત્તર જીવન, નિષ્પાપ પ્રેમ, અકલંક મનુષ્યત્વ, આનંદમય માનસસત્તા—એ બધું શું સુંદર તીર્થમાર્ગનું પાથેય નહિ બની શકે?

ભગવાં ગયાં, પણ વૈરાગ્ય જવા ઈચ્છતું નહોતું. મહાપ્રસ્થા-નના માર્ગની ધૂળથી ધૂસર એ વૈરાગ્ય છે. એ વૈરાગ્ય ઈહકાલ, પરકાલ, પુનર્જન્મ, એ બધા પ્રશ્નોની ઉપરના સ્તરમાં રહે છે. એની ચારે તરફ ઈશ્વર નથી, સૃષ્ટિ નથી, જન્મ, જરા ને મૃત્યુ નથી. એનો માર્ગ ચિરરાત્રી—ચિરદિન, ઉત્તીર્ણ થઈને લોકલોકાંતરની દિશામાં ચાલ્યો જાય છે. એ મર્ત્યલોક પાર કરશે, એ ગ્રહનક્ષત્ર અને દેવલોકની પાર જશે. મહાવ્યોમના નિ:સીમ સમુદ્રને તરીને એક દિવસ એ પહોંચશે જીવ—કલ્પનાથી પર એવા કોઈ સ્વર્ગલોકમાં.

કાંઈ મળ્યું જે કંઈ ગુમાવ્યું,
માર્ગે જતાં જે પડતું મૂકયું છે,
ઉજાસ જે પ્રાપ્ત કર્યો ગુમાવ્યો,
વ્યથાથી જેણે ઉરને વીંધ્યું છે,
છાયા બની સૌ ઉરમાં સમાઈ;
થાશે ન એ જીવનથી વિખૂટી.
એ સર્વ ફગાવી શકીશ તેમ
પહોંચીશ હું પૂર્ણપદે ત્વરાથી.

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા — મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સાંન્યાલ

સમાપ્ત

આચાર્ય રજનીશજીનાં મુંબઈ–માટુંગા ખાતે બે વ્યાખ્યાનો

સમય: તા. ૨–૩ જૂન. રાત્રે ૮–૪૫

સ્થળ: ગુજરાતી સેવામંડળના ચોગાનમાં અરોરા સીનેમાની બાજુએ.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જૂન ૧૬, ૧૯૬૭, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ આરબ-ઈઝરાઈલ યુદ્ધ ☆

(તા. ૧૦-૬-૬૭ શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજવામાં આવેલી જાહેર સભામાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'આરબ-ઈઝરાઈલ યુદ્ધ'ની એક માહિતીપ્રદ સવિસ્તર આલોચના કરી હતી, જેની શ્રી ચીમનલાલ જે. શાહે તૈયાર કરેલી સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે. વ્યાખ્યાન વિષય તો હતો 'રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના', પણ સૌનું ધ્યાન જે ઉપર અત્યન્ત કેન્દ્રિત હતું એવા છેલ્લા અઠવાડિયા દરમિયાન શરૂ થયેલા અને ખતમ થયેલા આરબ-ઈઝરાઈલ યુદ્ધના વિષયની આલોચનાએ જ લગભગ સવા કલાક લીધો, એટલે છેલ્લા ત્રણચાર મહિના દરમિયાન આપણા દેશમાં તેમ જ અન્યત્ર બનેલી બીજી મહત્ત્વપૂર્ણ ઘટનાઓની આલોચના સમયના અભાવે મુલતવી રાખવી પડી હતી: **તંત્રી)**

આપણે અહિંઆ જે વાર્તાલાપ માટે મળીએ છીએ એનો ઉદ્દેશ બની ગયેલા બનાવોની સમીક્ષા કરવાનો હોય છે અને નહિ કે કોઈ આગાહી કરવાનો હોય છે. અને એકંદરે સમીક્ષા વાસ્તવદર્શી હોય તો આગાહી કરવાનું સાંભળનાર શ્રોતાઓની બુદ્ધિ ઉપર છોડવાનું રહે છે.

આરબ - ઈઝરાઈલ યુદ્ધ એક મોટો બનાવ બની ગયો. અને આ બનાવનાં પરિણામો દૂરગામી થવાનાં છે.

રાષ્ટ્રીય ક્ષેત્રે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ બનાવથી હવે શું થશે તે કહેવું આજના તબક્કે બહુ વહેલું ગણાય, એટલે આપણે અત્યારે આ સંઘર્ષ કેમ થયો એ જ સમજીએ અને આ સમજવા માટે આપણે થોડો ભૂતકાળ જોવો પડશે.

યહૂદી પ્રજા એક અદ્‌ભુત પ્રજા છે. કેટકેટલી હાડમારીઓ પછી પણ આ પ્રજા એનું ખમીર ટકાવી રહી છે, એટલું જ નહિ પણ, આ પ્રજાએ જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં – પછી ભલે એ વિજ્ઞાન હોય કે સાહિત્ય હોય, ઈતિહાસ હોય કે અર્થશાસ્ત્ર હોય– ખૂબ જ પ્રગતિ કરી છે. આ પ્રજાને આપણે જરૂર Talented Race કહી શકીએ.

પહેલા વિશ્વયુદ્ધમાં બ્રિટન તથા ફ્રાન્સે યહૂદીઓને તેમને રહેવાનો દેશ આપીશું એવું વચન આપેલું, પણ આવો કોઈ દેશ તેમને આપી શકાયો નહિ અને બીજા વિશ્વયુદ્ધમાં તો યહૂદીઓનું અસ્તિત્વ જ જોખમાયું.

પહેલા વિશ્વયુદ્ધનું પરિણામ ઓટોમન એમ્પાયરના–ટર્કીની સલ્તનતના–વિસર્જનમાં આવ્યું. આરબ પ્રજા અંદર અંદર વહેંચાઈ ગઈ. સાઉદી અરેબીયા, ઈરાક, જોર્ડન, લેબેનોન જેવા દેશો ઊભા થઈ ગયા. પેલેસ્ટાઈન, બીજું વિશ્વયુદ્ધ પુરું થયું ત્યાં સુધી બ્રિટનની હકુમત નીચે રહ્યું, પણ પછી બ્રિટનની શક્તિ ઘટવા માંડી. ઈંગ્લાંડમાં મજૂર સરકાર સત્તા ઉપર આવી. યુ. નો.માં આ પ્રશ્નને લાવીને પેલેસ્ટાઈનના ભાગલા કરવામાં આવ્યા અને ઈઝરાઈલ ઊભું થયું, અને જ્યારે કોઈ પણ દેશના ભાગલા પડે છે ત્યારે એ અકુદરતી હોય છે. જીવન્ત વસ્તુના ભાગલા ઘણા પ્રશ્નો પણ ઊભા કરે છે. ૧૯૪૮ થી ૧૯૬૭ સુધી ઈઝરાઈલને બધાય આરબ રાજ્યો દુશ્મન ગણતા આવ્યા છે. પણ ૧૯ વર્ષમાં ઈઝરાઈલે પોતાનો જે રીતે વિકાસ કર્યો છે એ ઈતિહાસનું એક ઉજ્જવળ પાનું છે. બુદ્ધિ અને પરિશ્રમથી ઈઝરાઈલની પ્રજાએ ઈઝરાઈલને–એક રણને–સુંદર બગીચા જેવો પ્રદેશ બનાવ્યો છે. આ દેશની પ્રજા ધર્મથી યહૂદી પોતાને કહેવડાવતી, પરંતુ આ દેશમાં અનેક સ્થળેથી લોકો આવેલા, એટલે પ્રજાના ભિન્ન ભિન્ન વર્ગોના સંસ્કારો જુદા જુદા હતા. એમ કહી શકાય કે જુદા જુદા દેશોમાંથી આવેલા આ માણસોએ એક રાષ્ટ્ર ઊભું કર્યું. બીજી બાબતો બાજુએ રાખીએ, તો પણ આ દેશમાં પ્રજા–ઉત્થાનનાં જે કાર્યો થયા દાખલા તરીકે Co-operative Movement, Agricultural and Industrial Development એની વિગતો જો આપણે વાંચીએ તો આપણે સ્તબ્ધ થઈ જઈએ. પ્રજાએ એની હીબ્રુ ભાષાને પણ સજીવન કરી દેશની ભાષા બનાવી. યહુદીઓ માટે એમ કહેવાય છે કે તેઓ Closely Integrated Race છે, એટલે કે જ્યાં જ્યાં જાય ત્યાં પોતાનો ચોકો જમાવીને રહે એવી આ પ્રજા છે.

આ પ્રજાને ૧૯૪૮માં આરબ રાજ્યોએ તોડવાનો પ્રયત્ન કર્યો– તેમાં તેઓ ન ફાવ્યા. હવે જે ભાગ ઈઝરાઈલ થયો ત્યાં સાત લાખ આરબ હતા. તેમને યહૂદીઓએ કાઢી મૂક્યા. પણ તેમને આરબ દેશોએ હજુ સુધી પોતામાં સમાવ્યા નથી. એટલે આ નિરાશ્રીત આરબો ઈઝરાઈલની આસપાસ આજ સુધી પડી રહ્યા છે. નાનાં મોટાં છમકલાં થતાં રહ્યાં એટલે યુનોએ શાંતિ રાખવા ગાઝામાં એક Peace force રાખ્યું–લાખો ડોલરોને ખર્ચે. આમ ઈઝરાઈલની આસપાસ આ જાતનો એક સળગતો પ્રશ્ન આજ સુધી રહ્યો છે.

નવા આરબ રાજ્યો ઊભા થયાં તેમાં પશ્ચિમનાં દેશોએ પોતાનું વર્ચસ્વ રાખવા, ઘણી ખટપટો કરી છે. રશિયા પણ દુનિયાના આ ભાગમાં પોતાની લાગવગ જમાવવા ખૂબ પ્રયત્નો કરી રહ્યું છે. દુનિયાના દેશોને મોટા ભાગનું તેલ પૂરું પાડવા સમર્થ એવા આ પ્રદેશમાં અસ્થિર રાજકારણ, Fendal સામંતશાહી સામે પ્રજાકીય બળોનો સંઘર્ષ સ્થળે સ્થળે થતો રહ્યો છે.

ઇજિપ્તમાં ક્રાન્તિ થઈ. સને ૧૯૪૮ પછીનો આ એક મોટો બનાવ બન્યો. નાસર પ્રતિભાશાળી નેતા તરીકે નીકળ્યા. તેમણે આરબ રાષ્ટ્રવાદ ઊભો કર્યો અને Unity of Arab Race એ જાતની ભાવના ઊભી કરી. તેમણે ઈજિપ્તમાં સામાજિક અને આર્થિક ક્રાંતિ

સારા પ્રમાણમાં કરી, પ્રગતિ સાધી, વિકાસ સાધ્યો, નાસરે માત્ર મધ્યપૂર્વમા જ નહિ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ય સારું સ્થાન મેળવ્યું. ટીટો, નહેરુ અને નાસરની એક ત્રિપુટી ઉભી થઈ. ભારતમાં નહેરુએ ૧૯૪૮માં Asian Conference કરી એ પણ એક મહત્ત્વનો પ્રસંગ બની ગયો.

નાસરે અટલી નામના મેળવી એનો અર્થ એ ન હતો કે આરબ રાજ્યમાં એમનો કોઈ વિરોધ ન હતો. ઈર્ષ્યા–સત્તાની તાણાતાણીને લીધે વિરોધ તો હતો જ. જોર્ડન, સાઉદી અરેબીયા, ટ્યુનિસીયા એના સખ્ત વિરોધી હતા. આને લીધે ઘણાં પરિવર્તનો પણ થયા - પણ અંતે નાસરે આ સર્વ ઉપર સારું વર્ચસ્વ મેળવ્યું. નાસર એક રીતે ક્રાંતિકારી વ્યકિત હોવા છતાં એક Moderate વિનીતનેતા હતા, એટલે કે બેજવાબદાર નહિ પરંતુ દીર્ઘદષ્ટિવાળા, વગર વિચાર્યે કદીય આગમાં કૂદી ન પડે તેવા. આર્થિક અને સામાજિક ક્ષેત્રે એમની દષ્ટિ પણ પૂરી પ્રગતિશીલ રહી હતી.

હવે આજનાં સંઘર્ષનું મૂળ શોધવું હોય તો ૧૯૫૬માં જવું જોઈએ–સુએઝ નહેરનું જે કાવતરું થયું–નાસરને ઉથલાવી પાડવાનું–એમાં અમેરિકાને કારણે જ નાસરનો વિજય થયો. નાસરે નહેરનું રાષ્ટ્રીયકરણ કરી નહેર પોતાને કબજે કરી અને ત્યારથી સંઘર્ષનાં મૂળ નંખાયાં. અકાબાનો અખાત આંતરરાષ્ટ્રીય અખાત ગણાય કે નહિ એ કાનૂની કોયડો છે અને એ પ્રશ્ન આજે ય ઊભો છે. નિર્ણય કરવો મુશ્કેલ છે. આમ છતાંય નાસરે ઈઝરાયલી વહાણોને માટે આ રસ્તો ખૂલ્યો રાખ્યો હતો.

આ પૂર્વભૂમિકા તો છે જ, પણ ભડકો કેમ થયો?

સીરિયા અને ઈઝરાઈલ વચ્ચે સંઘર્ષ ચાલ્યા જ કરતો હતો. સીરિયામાં અત્યારે જે વ્યકિતઓ છે તે સામ્યવાદી છે, તેણે Palestine Liberation Army–પેલેસ્ટાઈન મુકિતસેના–ઊભી કરી છે. તે મારફત ક્રાન્તિ કરવા માટે આ સત્તાધીશો બીજા રાજ્યોમાં ત્રાસવાદીઓ મોકલીને તોફાન કરાવતા હતા. આ રીતે ઈઝરાઈલમાં તોફાની ટુકડીઓ મોકલવામાં આવેલી. તે સામે ઈઝરાઈલમાં ભારે રોષ હતો. આ દરમિયાન ઈઝરાઈલ સિરિયા ઉપર મોટું આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યું છે એવી વાત વહેતી થઈ અને જો એમ બને તો ઈજિપ્તે સીરિયાની મદદે જવું જોઈએ એવી પરિસ્થિતિ ઊભી થઈ. અને નાસરે ઈઝરાઈલ સામે જેહાદનું વાતાવારણ ઊભું કર્યું અને ગાઝાપટીમાં યુનોની જે શાન્તિ સેના પડી હતી તેને ઉઠાવી લેવાની સેક્રેટરી જનરલ ઉ-થાં સમક્ષ માગણી કરી. ઉ-થાંએ પોતાની જવાબદારી ઉપર લશ્કર ઉઠાવી લેવાનો તુરત જ નિર્ણય લીધો. આ નિર્ણય યોગ્ય હતો કે નહિ એમાં મતભેદને અવકાશ છે. પણ આ એવું પગલું થયું કે જે ભડકો બનવાનું મોટું કારણ બન્યું. કદાચ નાસર માનતા હશે કે, ઉ-થાં લશ્કર ઉઠાવી લેવામાં વિલંબ કરશે, પણ ઉ - થાંએ તો તરત જ નિર્ણય લીધો અને ઈજીપ્તે ગાઝામાં પોતાનું લશ્કર મોકલ્યું. તદુપરાન્ત ઈઝરાઈલ ઉપર દબાણ લાવવા એણે અકાબાનો અખાત બંધ કર્યો. આ બે કારણોને લીધે પરિસ્થિતિ એકદમ સ્ફોટક બની બેઠી.

એક રીતે જરૂર કહી શકાય કે લશ્કરી આક્રમણની શરૂઆત, ઈઝરાઈલે કરી છે. ઈઝરાઈલ ત્રણ બાજુથી આરબોથી ઘેરાયેલો–અને એક બાજુ દરિયો–એટલે ઈઝરાઈલને પોતાની જ ભૂમિ ઉપર જો લડવાની પરિસ્થિતિ ઊભી થાય તો એનો પરાજય જ થાય. એટલે ઈઝરાઈલને માટે દુશ્મનની ભૂમિ ઉપર આક્રમણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ન રહ્યો. અને એ રીતે ઈઝરાઈલે ચોતરફ આક્રમણ શરૂ કર્યું અને જોત જોતામાં ત્રણ દિવસમાં આરબ દેશોના ભૂક્કા બોલાવી દઈ સૌને આશ્ચર્યમાં મૂકી દીધા.

આરબોના પરાજયનું બીજું કારણ આ પણ ગણી શકાય. એમની એકતા સાચી એકતા ન હતી. ઈઝરાઈલના પ્રશ્ન ઉપર તેઓ દેખીતી રીતે એક થયા, પણ અંદરની ખરી એકતા નહોતી. ગઈ કાલ સુધી જોર્ડન, સાઉદી અરેબીયા નાસરના જાણીતા વિરોધીઓ હતા જ. માત્ર ઈઝરાઈલનો નાશ કરવા માટે બધા એકત્ર થયા હતા. વળી નાસરની પણ ગણતરી નહિ હોય કે ઈઝરાઈલનું આક્રમણ આટલું જોરદાર થશે. વળી યુદ્ધનાં અદ્યતન સાધનો હોય તો પણ જો એને વાપરતા ન આવડે તો પરાજય થાય. શસ્ત્રો નહિ પણ શસ્ત્રોનો ઉપયોગ કરનાર માણસની ખરી કીંમત છે એ હકીકત ભારત - પાકિસ્તાન યુદ્ધ વખતે પૂરવાર થઈ હતી. આ વખતે પણ તેમ જ બન્યું.

ઈઝરાઈલના વિજયનો વિચાર કરીએ તો આપણને જરૂર એમ લાગે કે, આ દેશનાં એકે એક સ્ત્રી પુરુષે નિર્ણય કર્યો હશે કે મરી જઈશું બહેતર, પણ દુશ્મનને તાબે નહિ થઈએ અને આવી તમન્ના ન જાગે ત્યાં સુધી કોઈ દેશ ઊંચો ન જ આવી શકે.

આ યુદ્ધમાંથી બીજી બે વસ્તુ દેખાઈ આવે છે. બે મહારાજ્યો અમેરિકા અને રશિયાનાં દૂરંદેશીભર્યા તટસ્થ વલણથી વિશ્વયુદ્ધ થતું અટકયું. રશિયાએ શરૂઆતમાં ઈઝરાઈલને ચેતવણી આપી હતી. જ્યારે અમેરિકા બ્રિટને સંયમ રાખ્યો હતો. પણ રશિયાએ જ્યારે જોયું કે આરબનું આટલું બધું પોલું છે ત્યારે તેણે ય સંયમ રાખ્યો. એમ લાગે છે કે જૉનસન અને કોસીજીને નિર્ણય કર્યો હશે કે આમાંથી વિશ્વયુદ્ધ નથી થવા દેવું. જો કે રશિયાને આ યુદ્ધમાં સંડોવવામાં નાસરે કરવામાં બાકી રાખ્યું નહોતું. જોર્ડનના રાજાએ એટલે સુધી જાહેર કર્યું કે, એણે અમેરિકન વિમાનને ઉડતું રડારમાં જોયું હતું. પણ રશિયાએ આ બાબત ગાણુકારી નહિ. રશિયાએ શરૂઆતમાં "યુદ્ધ વિરામ અને મૂળ સ્થાને પાછા હટો." એમ કહ્યું, પણ પછી ફકત "યુદ્ધ - વિરામ" કહ્યું, આમાં પણ ડહાપણ હતું.

ઘણા પરદેશી પત્રકારો માને છે કે અમેરિકા ઉપર વિયેટનામ ના પ્રશ્ન અંગે દબાણ લાવવા માટે રશિયાએ આ પરિસ્થિતિ ઊભી થવા દીધી. ગમે તેમ, પણ રશિયાએ "પરિસ્થિતિ પ્રમાણે વર્તો" ની વિચક્ષણતા દાખવી છે.

આ યુદ્ધમાં ભારતે જે પ્રકારનું વલણ લીધું તે વ્યાજબી રીતે ટીકાને પાત્ર થયું છે. આમાં દૂરદેશી, કે ડહાપણ ન હતું. આમાં પાકટતાનો અભાવ હતો. વિદેશપ્રધાન શ્રી ચાગલાએ અકાબાના અખાત ઉપરના ઈજિપ્તના વિવાદાસ્પદ વર્ચસ્વને જાણે કે હાઈ-કોર્ટમાં બેસીને ચુકાદો આપતા હોય એ રીતે જોરદાર સમર્થન આપ્યું એ હાસ્યપદ હતું. જે આરબોએ ઈઝરાઈલને કચડી નાખવાનો નિરધાર જાહેર કર્યો હતો તે આરબોને આપણા વડા પ્રધાને જાહેર ટેકો આપ્યો અને પાછળથી આપણે ઈઝરાઈલનો નાશ ઈચ્છતા નથી એમ જણાવ્યું. આવાં પરસ્પરવિરોધી વલણોએ તેમની અને પરિણામે ભારતની પ્રતિષ્ઠાને ભારે ધક્કો પહોંચાડયો છે.

બીજી બાજુએ આ ઘટના દરમિયાન પાકિસ્તાન કેટલેક દરજ્જે શાંત રહ્યું છે. ભારત–પાકિસ્તાન યુદ્ધ વખતે નાસર તટસ્થ રહ્યા હતા. આપણે ભૂલી ગયા કે રાષ્ટ્રીય હિત માત્ર એક દેશ સાથેના નહિ પણ બધાય દેશો સાથેના સંદર્ભમાં જોવું જોઈએ.

આ યુદ્ધનાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શું પરિણામ આવશે એનો વિચાર કરીએ તો:–

૧ ઈઝરાઈલ મજબૂત રીતે બહાર આવ્યું છે. આના પરિણામે ૧૯ વર્ષથી સળગતા પ્રશ્નનો અંતિમ રીતે નિકાલ લાવી શકાશે એવી આશા ઊભી થઈ છે.

૨. ગાઝાપટ્ટી, જેરુસલામ, અકાબાનો ગલ્ફ, સુએઝ નહેર, અને ઈઝરાયલની સીમા–આ બધાનો અંતિમ નિર્ણય કરવો પડશે.

૩ ૭ લાખ આરબ નિરાશ્રીતોનાં પ્રશ્નનો કાંઈક ઉકેલ લાવવો પડશે.

૪. આરબ રાજ્યો હવે શું વિચારશે એ કહેવું અઘરું છે. અમેરિકા સાથે રહેવું કે રશિયા સાથે એ તેણે નક્કી કરવું પડશે. અમેરિકા સાથે દુશ્મનવટ રાખવી એમના હિતમાં નથી એ હકીકત એમણે ધ્યાનમાં લેવી પડશે.

૫ રશિયા પોતાનું વર્ચસ્વ જમાવવા માટે ઈજિપ્ત, ઈરાક, સીરિયાને મદદ કરે અને મધ્ય પૂર્વના દેશો એક સગળગતો પ્રશ્ન બની જાય તો નવાઈ નહિ.

નાસરનું રાજીનામું યોગ્ય જ પગલું ગણાય. પ્રતિષ્ઠાનું ભૂત આડે ન આવવા દેતાં, તેણે પોતાની હાર કબૂલ કરી. કદાચ આ માટે જ ઈજિપ્તની પ્રજાએ એમને ચાલુ રહેવા વિનંતિ કરી છે.

ઈજિપ્તમાં આજે વિકલ્પે બીજો કોઈ નેતા નથી. નાસર એક જ વ્યકિત એવી છે કે મધ્ય પૂર્વમાં સ્થિરતા રાખી શકે અને નાસર સત્તાસ્થાન ઉપર રહે એમાં આરબ દેશોનું હિત રહેલું છે એમ લાગે છે. આરબ–ઈઝરાઈલ યુદ્ધ પૂરું આજે આટલું જ.

ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ ગાંધીજી અને ગીતા ☆

(ડૉ. કાન્તિલાલ અમૃતલાલ શાહના 'સબરસ' (ભાગ ૧) નામના લેખસંગ્રહમાંથી આ લેખ ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. આ લેખો (બે અપવાદ સિવાય) અમદાવાદમાં પ્રગટ થતા પાક્ષિક પત્ર 'જ્યોતિર્ધર' માં સમયના ગાળે ગાળે પ્રગટ થયેલા છે. તે મેળવવાનું ઠેકાણું ડૉ. કાંતિલાલ અમૃતલાલ શાહ, 'ઉપહાર' પાટાની પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯ છે. તેની કીંમત રૂા. ૧-૫૦ છે. પ્રસ્તુત લેખ ભગવદ્ ગીતા અંગેના ગાંધીજીના ચોક્કસ વિચારો ઉપર બહુ સારો પ્રકાશ પાડે છે. તંત્રી.)

"વળી યાદ રાખવું કે ગીતા એ એક કાવ્ય છે. ઈશ્વર નથી બોલતો કે નથી કાંઈ કરતો. ઈશ્વરે અર્જુનને કાંઈ કહ્યું છે તેવું નથી. ઈશ્વર અને અર્જુન વચ્ચેનો સંવાદ કાલ્પનિક છે. ઐતિહાસિક કૃષ્ણ અર્જુન વચ્ચે એવો સંવાદ થયો હતો એવું હું માનતો નથી."

ઉપર પ્રમાણે ગાંધીજીનું અવતરણ ટાંકી તા. ૮-૧૦-૫૦ ના "ગુજરાતી" માં (પૃષ્ઠ ૯૭) એક જણ લખે છે, "આ વચનો કોઈ હિંદુ ધર્માભિમાની આસ્તિકના મોંમાં શોભે તેવાં છે ખરાં? ... મ. ગાંધીજીએ ગીતાનું અનાસકિત યોગ નામે ગુજરાતી ભાષામાં ભાષાંતર કર્યું કહેવાય છે અને ગીતા વિષે લંબાણ ચર્ચા પણ કરી છે, પણ તે બધાને અંતે જો તેઓ ઉપર પ્રમાણે છેવટના નિર્ણય ઉપર આવ્યા હોય તો તેઓ ગીતાનો સાચો મર્મ સમજ્યા હતા કે હશે એમ કયો આર્ય ધર્માભિમાની કહી શકશે? ગીતા જેવી લો. મા. તિલકને સમજાઈ હતી તેવી મ. ગાંધીજીને સમજાઈ નથી." આ લેખકે ગાંધીજી વિષે બીજું ઘણું ઘૃણાજનક પણ લખ્યું છે પરંતુ એ અત્રે પ્રસ્તુત નથી. બીજા પણ ઘણા લોકો માને છે કે ગાંધીજી ગીતાને ઐતિહાસિક નથી ગણતા અને કૃષ્ણના પાત્રને કાલ્પનિક માને છે તથા ગીતામાંથી અહિંસા તારવી કાઢે છે તે યથાર્થ નથી. અમદાવાદમાં શ્રી અરવિંદ સપ્તાહ ઊજવાયું ત્યારે પ્રોફેસર આથવલેએ પણ આવા ઉદ્‌ગાર કાઢયા હતા. મહાભારતના યુદ્ધને ગાંધીજી એક રૂપક કહી ઘટાવી લે છે એ આખી વાત જ એમને હાસ્યાસ્પદ લાગે છે. બીજું, ગાંધીજી ગીતામાંથી અહિંસાનો સિદ્ધાંત તારવી કાઢે છે તે પણ એમને ગળે નથી ઊતરતું. મારા નમ્ર મત મુજબ ગાંધીજીને જે કહેવાનું છે તથા ગીતા સમજવાની ગાંધીજીની જે દૃષ્ટિ છે તે આપણે ધીરજથી સમજી લઈએ તો ગાંધીજીના વિચારની યથાર્થતા સમજાશે.

ગાંધીજી લખે છે, "ગીતાને હું જેમ સમજ્યો છું તેવી રીતે તેનું આચરણ કરવાનો મારો અને મારા સાથીઓનો સતત પ્રયત્ન છે. ગીતા અમારે સારુ આધ્યાત્મિક નિદાન ગ્રંથ છે ... આ અનુવાદની પાછળ સાડત્રીશ વર્ષના આચારના પ્રયત્નનો દાવો છે," (અનાસકિત યોગની પ્રસ્તાવના) "ગીતા મારે મન એક શાશ્વત માર્ગદર્શિકા છે. મારા દરેક કૃત્યને માટે ગીતામાંથી હું આધાર શોધું અને ન મળે તો તે કાર્ય કરતો અટકું અથવા અનિશ્ચિત રહું." (ધર્મમંથન પૃષ્ઠ ૨૫૬). આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ગાંધીજીની દૃષ્ટિ અભ્યાસી કે પંડિતની નથી પણ સાધકની છે. છતાં કોઈ એમ ન માને કે ગાંધીજીએ ગીતાનો ઉપરછલ્લો અભ્યાસ કર્યો છે. ઉપર્યુકત પ્રસ્તાવનામાં જ એમણે લખ્યું છે, "... અને ગીતાને લગતા અનેક ગ્રંથો ઉથલાવ્યા ... અને જેટલા અનુવાદ હાથ આવ્યા તે વાંચ્યા."

હવે પ્રશ્ન એ છે કે સાધકની દૃષ્ટિએ જેને ગીતા સમજવી છે તેને ગીતાની ઐતિહાસિકતા સાથે કંઈ સંબંધ ખરો? કૃષ્ણ અને અર્જુન જેવાં પાત્રો ભૂતકાળમાં થયાં હોય અને એમની વચ્ચેનો સંવાદ ખરેખર બન્યો હોય, પણ એ સંવાદમાં કંઈ શાશ્વત સત્ય ન હોય તો આપણને એની શી કિંમત? ગીતાની જે કંઈ કિંમત છે તે એમાં રહેલા સનાતન સિદ્ધાંતને લીધે છે, એની ઐતિહાસિકતાને લીધે નહિ. શ્રી અરવિંદ એમના Essays on the geeta ના પહેલા જ પ્રકરણમાં લખે છે, "દરેક શાસ્ત્રમાં બે અંશ હોય છે: એક તેના સ્થળકાળ પૂરતો મર્યાદિત અને નાશવંત, તે તે દેશ અગર સમયમાં પ્રચલિત માન્યતાઓને અનુરૂપ; અને બીજો નિત્ય, અવિનાશી અને દેશકાલાતીત એટલે સર્વ સ્થળે અને સમયે લાગુ પડી શકે એવો." આ દૃષ્ટિએ જોતાં ગાંધીજીને ગીતાના સ્થળકાળાવચ્છિન્ન તત્ત્વ સાથે કશી નિસ્બત ન હોય એ સમજી શકાય એવું છે. ગાંધીજીની માફક શ્રી અરવિંદ પણ ગીતાને દીવાદાંડી માને છે અને લખે છે. "આપણે ગીતા પાસેથી પ્રકાશ મેળવવા, સહાય મેળવવા તેનો અભ્યાસ કરીએ છીએ; એનો જીવંત અને તાત્ત્વિક સંદેશ સ્પષ્ટ કરવાનો આપણો ઉદ્દેશ હોવો જોઈએ—જે સંદેશ માનવજાત પોતાની ઉચ્ચ આધ્યાત્મિક ઉન્નતિ તથા પૂર્ણતા માટે ઝીલે."

પણ ગાંધીજી શું કહે છે તે સાંભળીએ: "મેં ઘણીવાર કહ્યું છે કે ગીતાજી એ એક મહારૂપક છે. એમાં બે પક્ષોના યુદ્ધની વાત છે એમ મને લાગતું જ નથી અને એ મારી માન્યતા જેલમાં મેં મહાભારત વાંચ્યું તેથી મજબૂત થઈ. મહાભારત પોતે જ મને તો એક મહા ગ્રંથ લાગે છે. એમાં ઐતિહાસિક ઘટનાઓ છે, પણ એ ઈતિહાસ નથી. સર્પસત્ર જેવી વસ્તુઓ વાંચીએ ત્યારે શું શબ્દાર્થ લઈને આપણાથી સંતોષ મનાય? તો તો વહેમથી આપણે ગુંગળાઈ જવું પડે. કવિ ઈતિહાસકાર નથી એમ પોતે જ દાંડી પીટીને કહે છે ત્યારે ગીતાજીમાં તો આપણા અંતરમાં ચાલતું યુદ્ધ વર્ણવેલું છે, અને તે યુદ્ધ વર્ણવવા માટે તે કેટલીક સ્થૂલ ઐતિહાસિક ઘટનાઓનો ઉલ્લેખ કરે છે ખરો, પણ તેનો ઉદ્દેશ તો આપણા હૃદયની અંદર દીવો કરીને તે દશ્ય આપણી પાસે તપાસાવવાનો છે. બીજા અધ્યાયને અંતે તમે આવો કે ઐતિહાસિક યુદ્ધની વાત થતી હોય એવી શંકા પણ કરવી અશકય થઈ પડે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ અર્જુન જાણવા ઈચ્છે, અને યુદ્ધમાં પ્રવૃત થયેલાને ભગવાન તે લક્ષણ કહેવા માંડે એ વિચિત્ર ભાસે છે. (ધર્મમંથન પૃષ્ટ ૨૫૭) ... પણ આ ધૃતરાષ્ટ્ર કોણ, દુર્યોધન કોણ ને અર્જુન કોણ? કૃષ્ણ કોણ છે? આ બધા ઐતિહાસિક પુરુષો છે? અને તેમના સ્થૂલ વ્યવહારનું ગીતાજી વર્ણન કરે છે? અર્જુન એકાએક યુદ્ધમાં સવાલ પૂછે છે અને કૃષ્ણ આખી ગીતા પઢી જાય છે? વળી એ જ ગીતા અર્જુન પોતાનો મોહ નષ્ટ થયો એમ કહેવા છતાં ભૂલી જાય છે ને કૃષ્ણમુખે ફરી અનુગીતા કહેવડાવે છે! હું તો દુર્યોધનાદિને આસુરી પ્રવૃત્તિઓ ગણું છું અને અર્જુનાદિને દૈવી વૃત્તિઓ ગણું છું. ધર્મક્ષેત્ર એ આપણું શરીર છે તેમાં દ્વંદ્વ ચાલ્યુ જ જાય છે એનું આબેહૂબ વર્ણન અનુભવી ઋષિ કવિએ આપ્યું છે. કૃષ્ણ એ અંતર્યામી છે ને શુદ્ધ ચિત્તમાં તે હંમેશાં ઘડિયાળની જેમ ટકટકયા કરે છે. જો ચિત્તને ચિત્તશુદ્ધિ રૂપી ચાવી ન આપી હોય તો અંતર્યામી ત્યાં છે તો ખરા જ, પણ ટકટક તો બંધ થઈ જાય છે. (પૃષ્ટ ૩૨૧)...ગીતાના કૃષ્ણ મૂર્તિમંત શુદ્ધ સંપૂર્ણ જ્ઞાન છે, પણ કાલ્પનિક છે. અહીં કૃષ્ણ નામે અવતારી પુરુષનો નિષેધ નથી." (અનાસકિત યોગની પ્રસ્તાવના)

શ્રી અરવિંદ અને શ્રી. રાધાકૃષ્ણન્ બંને કૃષ્ણને ઐતિહાસિક પુરુષ માને છે, છતાં બંને ગાંધીજીની માફક મહત્ત્વ તો પ્રત્યેક માનવીના અંતરમાં રહેલા કૃષ્ણને જ આપે છે. કૃષ્ણની ઐતિહાસિકતાનો ઉલ્લેખ કરી શ્રી અરવિંદ કહે છે, "આ બધાંની ઐતિહાસિક અગત્ય હોવા છતાં આપણા ઉદ્દેશ પૂરતાં બિનજરૂરી છે." અને "આપણે જે કૃષ્ણની સાથે નિસ્બત છે તે તો ઈતિહાસમાં થઈ ગયેલા નેતા ને ઉપદેશક કૃષ્ણ નહિ, પરંતુ ભગવાનના (સાધકના હૃદયમાં) થતા નિત્ય અવતાર એવા કૃષ્ણ. સર રાધાકૃષ્ણન્ એમની ભગવદ્ ગીતાની પ્રસ્તાવના (પૃષ્ટ ૨૮) માં લખે છે, "ગીતાના ઉપદેશનો

વિચાર કરતાં, ઉપદેશક કૃષ્ણ ઐતિહાસિક હતા કે નહિ એ મુદ્દો ગૌણ છે. આ વિશ્વમાં અને માનવહૃદયમાં પૂર્ણ દિવ્ય જીવનનું પ્રગટવું અને ભગવાનનું નિરંતર અવતરવું એ મહત્ત્વનું છે." અને "ગીતાના સિદ્ધાંતની યથાર્થતાનો વિચાર કરીએ તો ગીતાકાર ઐતિહાસિક વ્યક્તિ છે કે ભગવાનનો સાક્ષાત અવતાર છે એ વાત અગત્યની નથી. કારણ જે આધ્યાત્મિક સત્ય છે તે તો હજારો વર્ષ પૂર્વે હતું તેનું તે જ છે, અને એ સત્યને દેશ કે પ્રજાના ભેદ અડતા નથી. તાત્ત્વિક વસ્તુ તો એમાં રહેલું સત્ય—એનું હાર્દ—છે, ઐતિહાસિક ઘટના તો માત્ર સત્યનો પડછાયો છે, પ્રતિબિંબ છે, એથી વિશેષ નહિ." (પૃષ્ટ ૩૮)

ગાંધીજીની માફક જ શ્રી કૃષ્ણપ્રેમે સાધકની દૃષ્ટિથી "The Yoga of the Bhagvatgita" લખ્યું છે. તેઓ પણ માને છે કે ગીતા એ એક રૂપક છે. તેઓએ એમ લખ્યું છે કે હોમરના Odyssey નામના કાવ્યને પણ રૂપક તરીકે ઘટાવવાનો પ્રયત્ન ગ્રીક જ્ઞાનીપુરુષ પોરફિરીએ કર્યો હતો. કૃષ્ણપ્રેમના મત મુજબ જેમ સૌન્દર્યનાં દર્શન થઈ શકે છે પણ કોઈને કરાવી શકાતાં નથી તેમ કોઈ મહાકાવ્યમાં રૂપકના અંશ હોય તો તે પારખી શકાય છે પણ એનું પ્રતિપાદન થઈ શકતું નથી. ગીતાને એ મહાજ્ઞાની પુરુષનાં વચનામૃત માને છે; એવા જ્ઞાનીનાં વચન "સનાતન સત્યોનું પ્રતિપાદન કરાવે છે; આ સત્યો હજારો વર્ષો પૂર્વે હતાં તેનાં તે જ છે; એ સનાતન સત્યોને આજે પણ લાગુ પડે એવા જ શબ્દોમાં ગીતાનો અર્થ કરવો જોઈએ અને નહિ કે પુરાણકાળમાં કે ગીતા લખાઈ તે કાળે જે શબ્દો પ્રચલિત હોય તેમાં."

હવે અહિંસા વિષે. ગીતામાંથી હિંસાને તો ઘણાઓએ તારવી કાઢી છે. આપણા દેશમાં ત્રાસવાદીઓ ગીતામાંથી જ પ્રેરણા મેળવતા. લોકમાન્યે પણ ગીતામાંથી અહિંસા નથી જ ઘટાવી. પ્રોફેસર આથવલેએ આ બધી ચર્ચા કરી, શ્રી અરવિંદના મતનું સમર્થન કરતાં કહ્યું છે કે "અહિંસાને ભલે તમે એક ગુણ માનો, સત્ત્વગુણીને માટે આવશ્યક માનો, પરંતુ ગીતા તો ગુણાતીત અને દ્વંદ્વાતીત થવાનું કહે છે. ગુણાતીત પુરુષને તો જેવું હિંસા એ બંધન છે તેવું જ અહિંસા એ બંધન છે." આ તેમના શબ્દોનો ભાવાર્થ છે. એમણે વ્યાખ્યાન વાંચ્યું નહોતું એટલે આજે મારી સ્મૃતિમાંથી હું લખું છું, છતાં મેં એ ધ્યાન દઈને સાંભળ્યું હતું એટલે એમાં સંશય થવાનું કારણ નથી.

આ પ્રશ્નની ચર્ચા કરતાં પહેલાં ગાંધીજીને શું કહેવાનું છે તે જોઈએ. અહિંસા એ ગીતાનો પ્રતિપાદ્ય વિષય નથી એ ગાંધીજીને પણ માન્ય છે. તેઓ લખે છે, "પણ અર્જુને ક્યાં અહિંસાને અર્થે યુદ્ધના ત્યાગની હઠ લીધી હતી? એણે તો બહુએ યુદ્ધ કર્યા હતાં. તેને તો એકાએક મોહ થયો હતો, તેને તો સગાંને મારવાની અનિચ્છા થઈ હતી, બીજા કોઈ, જેને તે પાપી માને તેને ન મારવાની વાત અર્જુને નહોતી કરી. શ્રી કૃષ્ણ તો અંતર્યામી છે, તે અર્જુનનો ક્ષણિક મોહ જાણી જાય છે. તેથી તેને કહે છે, 'તું હિંસા તો કરી ચૂક્યો છે, એમ એકાએક ડાહ્યો થઈ અહિંસા શીખી શકવાનો નથી. તેં પલાળ્યું છે એટલે હવે પૂરું કર્યે છૂટકો! કલાકના ચાલીસ માઈલની વેગે ચાલનારી ટ્રેનમાં બેઠેલાને એકાએક વૈરાગ્ય થતાં તે ટ્રેનમાંથી ભૂસકો મારે તો તેણે આત્મહત્યા કરી કહેવાય, તે કાંઈ મુસાફરીનું કે ટ્રેનમાં બેસવાનું મિથ્યાત્ત્વ નથી શીખ્યો.' એ જ અર્જુનનું હતું. અહિંસક કૃષ્ણ અર્જુનને બીજી સલાહ જ ન આપી શકે. પણ તેમાંથી એવો અર્થ કાઢવો કે ગીતાજી હિંસા શીખવે છે અથવા યુદ્ધનું સમર્થન કરે છે એ એટલું જ અયોગ્ય છે, જેટલું આમ કહેવું અયોગ્ય ગણાશે કે શરીરવ્યાપારને અર્થે કંઈક હિંસા તો અનિવાર્ય છે, તેથી હિંસા જ ધર્મ છે."

(ધર્મમંથન, પાનું ૩૨૧)

ગાંધીજીને મતે, "આત્માર્થીને આત્મદર્શન કરવાનો એક અદ્વિતીય ઉપાય બતાવવાનો ગીતાનો આશય છે ... એ અદ્વિતીય ઉપાય છે કર્મફલત્યાગ" પણ ફલત્યાગ અહિંસા વિના શક્ય નથી. ગાંધીજી કહે છે, "ગીતાજીના શિક્ષણને અમલમાં મૂકનારને સહેજે સત્ય અને અહિંસાનું પાલન કરવું પડે છે. ફલાસક્તિ વિના મનુષ્યને નથી અસત્ય બોલવાની લાલચ થતી, નથી હિંસા કરવાની. ગમે તે હિંસાનું કે અસત્યનું કાર્ય આપણે લઈએ તો એમ જણાશે કે તેની પાછળ પરિણામની ઈચ્છા રહેલી જ છે. (અનાસક્તિયોગની પ્રસ્તાવના) ગીતાજીનો સર્વાંશે અર્થ હિંસા નથી પણ અહિંસા છે, એમ ૨ જો અધ્યાય જે વિષયનો આરંભ કરે છે અને ૧૮મો જે પૂર્ણાહુતિ કરે છે તે બતાવે છે. વચ્ચે જઓ તો પણ તે જ છે. ક્રોધ વિના, રાગ વિના, દ્વેષ વિના, હિંસા સંભવતી જ નથી. અને ગીતા તો ક્રોધાદિને ઓળંગી ગુણાતીતની સ્થિતિએ આપણને પહોંચાડવા મથે છે. ગુણાતીતમાં ક્રોધનો સર્વથા અભાવ હોય છે."

(ધર્મમંથન પાનું ૩૨૦)

ગાંધીજીની માફક રાધાકૃષ્ણન્ પણ માને છે કે અર્જુન માટે હિંસા અહિંસાનો પ્રશ્ન નહોતો, પરંતુ સ્વજનોને હણવાં કે નહિ તે હતો; તેઓ ગાંધીજીની માફક જ ગીતામાંથી અહિંસાનું શિક્ષણ કાઢી બતાવે છે. તેઓ લખે છે, "ગીતા જે આદર્શ આપણી સમક્ષ ખડો કરે છે તે અહિંસા છે. ૧૭મા અધ્યાયમાં મન, વચન અને કાયાની પૂર્ણતાનું જે વર્ણન કર્યું છે તથા ૧૨મા અધ્યાયમાં ભક્તનાં જે લક્ષણ ગણાવ્યા છે તેનાથી આ હકીકત સ્પષ્ટ થાય છે." શ્રી અરવિંદ પણ માને છે કે "સર્વોચ્ચ નૈતિક—આધ્યાત્મિક આદર્શના અંગ તરીકે ગીતા અહિંસાને સ્વીકારે છે." (Essays on the Gita પુસ્તક પૃષ્ટ ૩૭૯) જો કે શ્રી અરવિંદના મત મુજબ ગીતા એથી પણ આગળ જાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે ગીતાને અહિંસા ઉદ્દિષ્ટ હોય તો પછી યુદ્ધનું શું? અને કૃષ્ણ અર્જુનને વારંવાર કહે છે, "યુદ્ધ કર" "યુદ્ધ કર" તેનું શું? ગાંધીજી લખે છે, "પણ જો ગીતાને અહિંસા માન્ય હતી અથવા અનાસક્તિમાં અહિંસા સહેજે આવી જ જાય છે તો ગીતાકારે ભૌતિક યુદ્ધને ઉદાહરણ રૂપે પણ કેમ લીધું? ગીતાયુગમાં અહિંસા ધર્મ મનાતા છતાં, ભૌતિક યુદ્ધ સર્વસામાન્ય વસ્તુ હોઈ, ગીતાકારને એવા યુદ્ધનું ઉદાહરણ લેતાં સંકોચ ન થાય, ન થયો... ...મહાભારતકારે ભૌતિક યુદ્ધની આવશ્યકતા સિદ્ધ નથી કરી; તેની નિરર્થકતા સિદ્ધ કરી છે. વિજેતાની પાસે રુદન કરાવ્યું છે, પશ્ચાતાપ કરાવ્યો છે ને દુ:ખ સિવાય બીજું કંઈ રહેવા નથી દીધું." (અનાસક્તિ યોગની પ્રસ્તાવના) વળી આગળ જતાં કહે છે, "ભૌતિક યુદ્ધ સંપૂર્ણ કર્મફલત્યાગીથી થઈ શકે એવું ગીતાકારની ભાષાના અક્ષરમાંથી ભલે નીકળતું હોય, પણ ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યન્ત સતત પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એમ લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફલત્યાગ મનુષ્યને વિષે અસંભવિત છે." ગાંધીજીની આ માન્યતાને શંકરાચાર્ય જેવા મહાવિદ્વાનનો ટેકો છે. સર રાધાકૃષ્ણને શંકરાચાર્યનાં વચન ટાંક્યા છે કે, तस्माद युद्धस्वैति अनुवादमात्रम् न विधिः। न ह्यत्र युद्धकर्तव्यता विधायते। અર્થાત્ તે વખતની રૂઢિ મુજબ 'યુદ્ધ કર' એમ કહ્યું છે પણ આજ્ઞા નથી કરી. રાધાકૃષ્ણન પોતે પણ કહે છે કે યુદ્ધનો પ્રસંગ તો માત્ર ઉદાહરણ રૂપે જ લેવામાં આવ્યો છે.

હવે છેલ્લો પ્રશ્ન. જ્યારે સાધક સિદ્ધ બને, ગુણાતીત થાય, ભગવાન સાથે એકજીવ બને ત્યારે એ કેવી રીતે વર્તે? શ્રી અરવિંદ કહે છે કે જ્યારે એ સર્વ દ્વંદ્વથી પર થાય છે, એને કોઈ વિધિનિષેધ રહેતો નથી, ઈશ્વર જેમ ચલાવે છે તેમ ચાલે છે. निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः ? આ સ્થિતિ ગાંધીજીની કલ્પનાની બહાર નથી. ગાંધીજી લખે છે, "મનુષ્યને ઈશ્વરરૂપ થયા વિના સુખ મળતું નથી, શાન્તિ મળતી નથી. ઈશ્વર રૂપ થવાના

પ્રયત્નનું નામ ખરો અને એક જ પુરુષાર્થ અને આ જ આત્મદર્શન" પરંતુ ગાંધીજીની એવી માન્યતા જણાય છે કે જીવનમુકત પુરુષ પણ સત્ય અને અહિંસા ન છોડે. આ માન્યતામાં એમને રાધાકૃષ્ણનનો ટેકો છે. આ વિદ્વાન લખે છે, "પછી પરમાત્મા એની દ્વારા કામ કરે છે અને એવા પુરુષ માટે સત્ય અસત્યનો પ્રશ્ન ઊભો નથી થતો, જે કે એવો પુરુષ અસત્ય આચરણ કરી શકતો નથી." આના ટેકામાં સેંટ જહોન નામના ખ્રિસ્તી જ્ઞાની પુરુષનું વચન રાધાકૃષ્ણને ટાંકયું છે: "જેના હૃદયમાં પરમાત્મા પ્રગટ થાય છે તે પાપ કરતો નથી."

આપણા જેવા સામાન્ય મનુષ્યો માટે ગાંધીજીની દૃષ્ટિ જ હિતકર છે. શ્રી અરવિંદે પણ એમ તો નથી કહ્યું કે જીવનમુકત પુરુષ અસત્ય આચરણ કરશે કે હિંસા કરશે. એમનું કહેવું એટલું જ છે કે આજે આપણાં જે ધોરણો છે તે માનસિક ભૂમિકાનાં ધોરણ છે; જીવનમુકતને એ ધોરણ લાગુ જ ન પડે. એ કેમ વર્તશે તેનું કોઈ ધોરણ નથી. પરંતુ આ વિધાનોનો સહારો લઈ જે લોકો ગાંધીજીને હસી કાઢે છે તેમને મારે એટલું જ કહેવાનું છે કે ત્રિગુણાતીત પુરુષ શું કરે તેની ચર્ચા કરવાને બદલે પ્રાચીન અને અર્વાચીન જીવનમુકતોનાં જીવન જ તપાસો. શ્રી કૃષ્ણ પોતે પણ તે યુદ્ધ પૂરતા તો અહિંસક જ હતા. શ્રી અરવિંદે પણ બંગાળમાં ચાલતી ત્રાસવાદી ચળવળમાં ભાગ નહોતો લીધો. વળી દત્તાત્રય, શુકદેવજી તથા સનકાદિ કુમારો જેવા પ્રાચીન કે રમણ મહર્ષિ જેવા અર્વાચીન જીવનમુકતોનો ઈતિહાસ તપાસો. એ કોઈએ હિંસક કૃત્યો કર્યાં હોય, અનીતિ આચરી હોય, અસત્ય પોષ્યું હોય એવું આપ જાણો છો? નહિ જ. તો આપણા જેવા સંસારીજનો માટેનો સુવર્ણ નિયમ તો એ જ છે કે ગાંધીજીની માફક જ સત્ય અને અહિંસાને છેવટ લગી વળગી રહેવું. ડૉ. કાંતિલાલ શાહ

હિમાલય સાથે સંકળાયેલાં થોડાંક સ્મરણો

(પ્રબુદ્ધ જીવનના વાચકોને શ્રી વિમલાબહેન ઠકારનો પરિચય આપવાની જરૂર નથી. માઉન્ટ આબુમાં આવેલ શિવકુટીમાં તેમનો સ્થાયી નવાસ છે, આમ છતાં પણ, આપણા દેશમાં ગયા ફેબ્રુઆરી માસમાં જે સામાન્ય ચૂંટણી થઈ તેના અનુસંધાનમાં, લોકમાનસને જાગૃત કરવાના હેતુથી ચૂંટણી આગળના બે મહિના દરમિયાન તેમણે ભારતભરમાં પ્રચાર પ્રવાસ કર્યો હતો. ત્યાર બાદ પણ ગુજરાત સૌરાષ્ટ્રમાં એક યા બીજા નિમિત્તે એપ્રિલના પ્રારંભ સુધી તેમનું ભ્રમણ ચાલુ રહ્યું હતું. આ પ્રચારયાત્રા અને પરિભ્રમણની તેમના સ્વાસ્થ્ય ઉપર પ્રતિકૂળ અસર થવા પામી. સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિ અર્થે તેમને આરામની જરૂર ભાસી, પરિણામે ૨૮મી એપ્રિલના રોજ તેઓ મિત્રમંડળીની સાથે આબુથી આલ્મોરા તરફ ગયા અને ત્યાંથી મે માસની ૬ઠ્ઠી તારીખે ભારતના તિબેટ સાથેના સીમાપ્રદેશથી ૪૦ માઈલ અંદરના ભાગમાં આવેલ અને આશરે ૯૦૦૦ ફીટની ઊંચાઈ ઉપર રહેલા નારાયણ આશ્રમમાં તેઓ પહોંચ્યાં. ત્યાંથી મે માસની ૯મી તારીખે લખેલો પત્ર મુંબઈ ૧૫મી તારીખે મળ્યો. આ પત્રમાં વિમલાબહેને પોતાનાં નાનપણથી આજ સુધીનાં–હિમાલય સાથે જોડાયેલાં–કેટલાંક સ્મરણો આલેખવા પ્રયત્ન કર્યો છે. લખનાર વિમલાબહેન અને હિમાલયની વાતો આમ સોનું અને સુગંધના મિશ્રણ જેવો આ પત્ર નીચે પ્રગટ કરતાં આનંદ અનુભવું છું. પરમાનંદ)

પરમ આત્મીયો પ્રતિ,

આ પત્ર એ સર્વ સ્વજનો માટે છે કે જેઓ વિમલના જીવનની ગતિવિધિમાં રુચિ ધરાવે છે. મૂળ પ્રયોજન મારાં માતા–પિતા છે કે જેઓ મારા દિનપ્રતિદિનના જીવનના વ્યાપારોની વિગતો જાણવાનું કુતૂહલ ધરાવે છે–વ્યાપારો બાહ્ય જગતના તેમ જ આંતર જગતના. અન્ય પ્રયોજન છે પૂજ્યપાદ ગોપીનાથ કવિરાજ સમક્ષ આત્મનિવેદન કરતા રહેવાનું. બે વર્ષ થયાં હશે, કદાચ ત્રણ વર્ષ થયાં હશે કે જ્યારે કવિરાજશ્રી તરફથી સંસ્મરણો લખવા માટે મને આગ્રહભરી સૂચના મળી હતી. સંસ્મરણ એટલે કે આંતરયાત્રાનાં સંસ્મરણ. એ સ્મરણો લખવાનો હજુ સુધી સમય મળ્યો નથી; એમ છતાં ત્યારથી આત્મનિવેદનાત્મક પત્ર જ્યારે પણ લખવાનું બને છે ત્યારે તેની એક નકલ તેમની ઉપર હું મોકલતી રહી છું.

અહીં આવ્યાને ચાર દિવસ થયા છે. અમે આલ્મોરાથી બીજી મેના રોજ નીકળ્યાં. તે જ રાત્રે નારાયણનગર પહોંચ્યાં. ત્યાં બે દિવસ રહીને મે માસની ચોથી તારીખે બપોરે ધારચૂલા પહોંચ્યાં. મેની પાંચમી તારીખે બપોરે તવાઘાટ પહોંચ્યાં. છઠ્ઠીની સવારે દશ માઈલ લાંબું અને તવાઘાટથી ૫૦૦૦ ફીટ ઊંચું એવું ચઢાણ ચઢવાનો પ્રારંભ કર્યો. શરીર કાંઈક અસ્વસ્થ હોવાથી, મિત્રોએ–સાથીઓએ–મારી પાસેથી કબૂલાત મેળવી હતી કે હું ડોળીમાં બેસીશ. આમ છતાં પણ ડોળીમાં બેસવા માટે મારું મન તૈયાર ન જ થયું. તેમણે મને ખૂબ સમજાવી, પણ હું એકની બે ન થઈ. ચઢાઈ સખ્ત હતી. સવારે ૬ વાગ્યે ચઢવાનો પ્રારંભ કર્યો, બપોરે એક બે વાગ્યે ધાર્યા સ્થળે નારાયણ આશ્રમ પહોંચી. છથી આઠ કલાકમાં દશ માઈલ ચાલવાનું બન્યું. ૩૭૦૦ ફીટની ઊંચાઈથી ૮૭૦૦ ફીટ સુધી ચઢવાનું બન્યું.

શરીર થાકી જાય એ સ્વાભાવિક હતું. પેટમાં જમણી બાજુએ તથા hip–boneમાં જે દર્દ એક મહિનાથી ચાલી રહ્યું હતું તે થોડું વધારે તીવ્ર બની બેઠું, પણ આ બાબતનો ખ્યાલ તો ત્યાં પહોંચ્યા બાદ આવ્યો. રસ્તામાં ઊંચે ને ઊંચે ચઢતા રહેવાની જવાબદારી શરીરને સોંપીને મનથી હું કોઈ બીજી જ દિશામાં ચાલી ગઈ હતી. યાદ આવ્યું મારું બાળપણ. પિતાજીના કબાટમાંથી જ્યારે ને ત્યારે યોગ વાસિષ્ટ બહાર કાઢીને હું વાંચ્યા કરતી હતી. દેવતાત્મા હિમાલયનું ઉત્કટ આકર્ષણ સાત વર્ષની ઉમ્મરથી આબાધિત ચાલતું રહ્યું હતું. દશેક વર્ષની ઉમ્મરે સ્વામી રામતીર્થનો ગ્રંથ મારા વાંચવામાં આવ્યો. ગ્રંથ શું વાંચું? તેમની સાથે જાણે કે હું કંઈ ને કંઈ ઘુમવા લાગી. હિમાલયનાં એક પછી એક શિખરો ઉપર ચઢતી રહી; ટિહરી-ગઢવાલ જઈ આવી; આત્મરત 'રામ બાદશાહ'ની બાદશાહીમાં સામેલ થઈ. તેમનાં આંસુઓમાં આ કિશોરીનાં ભાવભર્યા આંસુઓ મળી જવા લાગ્યાં. અરે, તેનાં સ્મરણથી આજે પણ રોમાંચ થઈ આવે છે. બારેક વર્ષની ઉમ્મર હશે જ્યારે સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો હાથ ઉપર આવ્યાં. પછી તો પૂછવાનું જ શું? તેમની સાથે આખા ભારતની પ્રવ્રજ્યા કરી આવી. નગાધિરાજનાં બીજાં દર્શન આ રીતે સ્વામીજીની સાથે થયાં. સશરીર હિમાલયદર્શન તો ૧૯૪૯માં થયાં. કૉલેજનું ભણતર પૂરું થયું હતું. સાધનાનો નશો મારી ઉપર આરૂઢ થયો હતો. એકાન્તની વાસના પ્રબલ બની ચૂકી હતી. ગંગાને પેલે પાર, સ્વર્ગાશ્રમથી થોડે દૂર, રાણીની કોઠીમાં થોડો સમય રહી. એ દિવસો દરમિયાન ગીતાભવનમાં રહેતા હતા શ્રી હનુમાનપ્રસાદજી પોદ્દાર; શ્રી જયદયાલજી ગોયનકા. ખૂબ સન્તમંડળી ત્યાં એકઠી થઈ હતી, તેમાં પણ સ્વામી શરણાનન્દજીના વ્યકિતત્વ પ્રત્યે હું વિશેષતઃ આકર્ષિત બની. થોડા સમય બાદ, ત્યાંથી હું ટિહરી ગઈ; ટિહરીથી ઉત્તરકાશી જતાં ૧૨ માઈલ ઉપર એક ગુફા છે. આ ગુફામાં સ્વામી રામતીર્થ રહેતા હતા. એ ગુફામાં હું કેટલોક સમય રહી. પણ આજે એ અનુભવના વિસ્તારમાં ઊતરવું અપ્રસ્તુત છે.

૧૯૫૫માં ભૂદાનયજ્ઞનો સંદેશો લઈને જે હિમાલયયાત્રા થઈ હતી તે અપૂર્વ હતી. સૌ પ્રથમ અમે બદ્રીનાથ ગયા હતા. પીપલકોટીથી પગે ચાલીને ગયા હતા. એ જ વર્ષ દરમિયાન સીમલાથી

કોટગઢ સુધી પદયાત્રા કરી હતી. અને કાંગરા વેલી જવાનું પણ એ જ વર્ષમાં બન્યું હતું. યાત્રીદલમાંનાં સૌ કોઈ એક સાથે રહેતા હતા; ચર્ચાઓ ચાલતી હતી; સભાઓ ભરાતી હતી; મારાં પ્રવચનો પણ થતાં હતાં; પણ એ સમયે અન્તરમાં મારો સંવાદ 'માનદંડ' સાથે ચાલ્યા કરતો હતો–'સ્થાવરાણાં હિમાલય'ની સાથે. કોઈ વાર સમય મળશે તો એ સંવાદ પણ લખવામાં આવશે.

૧૯૫૬ માં દોઢ મહિનાની રજા લઈને કાલીમપૉંગ ચાલી ગઈ હતી. એ એકાન્તવાસનો પ્રસાદ મારા સમગ્ર પ્રાણોમાં ઓતપ્રોત બની બેઠો છે.

૧૯૫૯ માં કાશ્મીર જવાનું બન્યું. ગુલમર્ગ, સોનમર્ગ, ખિલનબર્ગ, ચંદનવાડી, અનન્તનાગ, પહેલગામ - બધાં સ્થળોએ જવાનું બન્યું હતું.

અને ૧૯૬૧ માં કાન ઉપર શસ્ત્રક્રિયા થયા બાદ આલ્મોરાના 'સ્નો વ્યુ' કૉલોનીમાં એકાદ મહિનો રહેવાનું બન્યું હતું.

ત્યાર બાદ હવે ૧૯૬૭ માં હું હિમાલય આવી છું. આ છ વર્ષોમાં આન્તર્બાહ્ય વિશ્વ બદલાઈ ચૂક્યું છે. કાર્યની ઉપાધિ તો ક્યારનીયે સરી ગઈ છે; ધ્યેય આદર્શ વગેરેનો બોજો બુદ્ધિ ઉપરથી ક્યારનોય ઊતરી ગયો છે; મૂલ્યોની ઉપાધિ પણ વિલીન બની ચૂકી છે; સાચું કહું તો વિચાર નામનો વિકાર પણ શાંત બની ગયો છે; બાકી શું રહ્યું? કશું પણ નહિ. શરીર છે એમાં મારી શું કસૂર? તે હોવાના કારણે લોકોને મારા હોવાનો ખ્યાલ રહ્યા કરે છે. આ ખ્યાલના કારણે જે વ્યવહાર ચાલે છે એ 'જેવા' માત્ર રહી ગયું છે.

આ દશામાં હું અહીં પહોંચી છું. ૧૦ જૂન સુધી અહિં રહેવાનું થશે એમ લાગે છે. કૈલાસ અહીંથી ૧૦૦ માઈલ દૂર છે. માનસસરોવર ૮૦ માઈલ. ત્યાં જવાનો સંભવ નથી, કારણ કે તે માટે ચીનની સરકારની સંમતિ લેવી પડે તેમ છે. 'લીપૂ લેક' નજીકમાં ૪૦ માઈલ ઉપર છે. તે છે ભારતની સીમારેખાની અંદર. ત્યાં જવાની પરવાનગી માંગી. ધારચૂલામાં કૅપ્ટન વાડિયાએ જણાવ્યું કે પરમિટ (પરવાનગી) આપી શકાય તેમ નથી. આમ છતાં ત્યાં જવાનું બને તો કદાચ કૈલાસશિખરનાં દર્શન થઈ જાય.

જ્યાં અમે છીએ, એ સ્થાન તો નીતાન્ત રમણીય જ છે. નારાયણસ્વામી ભારે રસિક માનવી હોવા જોઈએ. આશ્રમના મકાનોમાં, મંદિરોમાં, મૂર્તિઓની પસંદગીમાં, બગીચાની રચનામાં રસિક સંવેદનશીલતા તરવરતી માલૂમ પડે છે. તેમના વાચનાલયમાં મરાઠી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત તેમ જ અંગ્રેજી ભાષાના મૌલિક ગ્રંથો જોવામાં આવે છે.

આ સીમાપ્રદેશમાં આવીને તેમણે પાઠશાળા શરૂ કરી; શિક્ષા પ્રતિ તેમણે લોકોનું આકર્ષણ પેદા કર્યું; કૈલાસ જવાવાળા યાત્રાળુઓની અપાર સેવા કરી; મધુમક્ષીપાલનનું કેન્દ્ર ઊભું કર્યું. તેમની પ્રતિભા બહુમુખી હોવી જોઈએ. જીવનમાં ઊંડો રસ રહેલો હોવો જોઈએ. આને લીધે જ તેમની અધ્યાત્મિક જીવનની પરિણતિ સમાજસેવા તરફ ઢળી હશે.

આ પત્ર હવે મારે પૂરો જ કરવો રહ્યો. સવારની ટપાલ નીકળવાની તૈયારી છે. ગઈ કાલે સાંજે વાદળાં આકાશમાં છવાઈ ગયાં હતાં; હવામાં ખૂબ ઠંડક હતી; રાત્રે દશ વાગ્યે ઝરમર વરસાદ પણ પડેલો; આજે સવારે આકાશ નિરભ્ર – સ્વચ્છ – છે; બાલાર્કની સુષમા નિહાળતાં નિહાળતાં ચિત્ત ત્યાં પહોંચી જાય છે કે જ્યાં

"न तत्र सूर्यो भाति, न चंद्रतारकम् ।
न मा विद्युतो भाति, कुतोऽयमाग्नि: ।।

વિશેષ વળી કોઈ વાર.

વિમલનાં વન્દન

વૈરાગ્યની ઘેલછાએ સરજેલી તારાજી

(તા. ૨૫–૫–૬૭ 'જૈન' માંથી સાભાર ઉદ્‌ધૃત.)

જેમ પ્રેમના આવેગવાળો સારાસારનો વિવેક વીસરી જાય છે. એમ કેટલીક વાર વૈરાગ્યના આવેગને વશ થયેલો માનવી પણ કર્તવ્ય -અકર્તવ્યનો માર્ગ ભૂલી જાય છે અને પોતાની વિવેકશક્તિનો ખરે વખતે ઉપયોગ કરી શકતો નથી. એક બહેનના વૈરાગ્યના આવેગને લીધે એનું આખું કુટુંબ કેવું સંકટગ્રસ્ત બની ગયું, એનો એક કિસ્સો અમદાવાદથી પ્રગટ થતા "સ્થાનકવાસી જૈન" પાક્ષિકના તા૦ ૨૦-૪-૬૭ના અંકમાં છપાયો છે. તે વૈરાગ્યની ઘેલછા કેવું નુકસાન કરે છે એ વાતનો ખ્યાલ આપતા અનેક કિસ્સાઓના એક નમૂના રૂપ હોવાથી અહીં સાભાર રજૂ કરીએ છીએ. એ કિસ્સાની વિગતો કહે છે કે–

"રતલામથી અમને ઈંદોરથી પ્રસિદ્ધ થતા દૈનિક પત્ર "સ્વદેશ" ના બે કટિંગ મળ્યા છે તેની હકીકત અમો અહીં આપીએ છીએ.-

"અમારો એક ખબરપત્રી નીમચ તરફ પ્રવાસ કરતો હતો. રસ્તામાં તેણે જોયું કે એક ૨૬-૨૭ વર્ષનો યુવક પોતાનાં ત્રણ નાનાં બાળકો સાથે પ્રવાસ કરતો હતો. ત્રણ બાળકો જેમાં એક ૧૧ા વર્ષનો બાળક, ૩ વર્ષની બાલિકા અને ૫ વર્ષનો બાળક હતાં. તેઓ પોતાની માતાના વિયોગ માટે ઝૂરતાં હતાં. અમારા ખબરપત્રીએ ખરી હકીકત માટે પૂછતાં શરમિંદા બનીને આખરે તેણે નીચે પ્રમાણે કહ્યું-

"હું સાદડીનો રહેવાસી છું અને મારે ત્રણ બાળકો છે. અમારા ગામમાં થોડાક દિવસ પહેલાં સ્થાનકવાસી સાધ્વીઓની મંડળી આવી હતી. તે સંત મંડળી સાથે મારી પત્નીને પરિચય થયો, સંપર્ક વધ્યો અને એક દિવસ એ મંડળી અમારા ગામેથી વિહાર કરવા લાગી તો મારી પત્ની પણ તેને ગામના સીમાડા સુધી પહોંચાડવા ગઈ, પણ તે પાછી ન ફરી. તપાસ કરતાં માલુમ પડ્યું કે તે તે મહાસતીજીઓની મંડળીમાં દાખલ થઈ ગઈ છે. તે રતલામ આવ્યાની ખબર પડતાં, હું બાળ-બચ્ચાં સાથે તેને પાછી લેવા માટે ગયો, પરન્તુ પત્નીએ મને કહ્યું કે, હું આ સંસારથી વિરકત થઈ ગઈ છું અને હવે દીક્ષા લેવાની છું. આ મહાસતીમંડળના અગ્રણી મહાસતીજીને મેં વાત કરી ત્યારે તેમણે કહ્યું કે, તમારી પત્નીને વૈરાગ્ય થયો છે, માટે તેના આત્મિક ઉત્થાનમાં બાધક ન બનો. હવે રહ્યો તમારા બાળકોનો પ્રશ્ન, તો અમે બચ્ચાનાં ભરણ પોષણનો પ્રબંધ કરી દઈશું અને કોઈ ગૃહસ્થની છોકરી સાથે તમારી શાદી પણ કરાવી દઈશું. સાધ્વીઓએ આ વાત કાર્યરૂપમાં પરિણત કરવાની કોશિષ પણ કરી. આ દોઢ વર્ષના બાળકને એક સદ્‌ગૃહસ્થને ત્યાં રાખ્યો, પરંતુ માતાની મમતા ન મળવાથી તે બિમાર પડયો એટલે મને પાછો સોંપવામાં આવ્યો. મને પણ છોકરીઓ જોવા માટે કેટલાક કુટુંબોમાં ફેરવ્યો, પરન્તુ કોઈ પોતાની છોકરીને મારી સાથે પરણાવવા તૈયાર ન થયું. ભાઈ સાહેબ ! શું કહું ! મેં મારી પત્નીને સમજાવવા ખૂબ કોશીશ કરી, સમાજના ધુરંધર માણસોને વિનંતી કરી, પણ આ બચ્ચાંને મા પાછી ન મળી. એટલે લાચાર બની હું પાછો ફર્યો."

ઈન્દોરથી પ્રગટ થતા 'સ્વદેશ' દૈનિકમાં છપાયેલ આ કિસ્સાની વિગતો ઉપર પ્રમાણે રજુ કર્યા બાદ "સ્થાનકવાસી જૈન"ના તંત્રીશ્રીએ પોતાની તપાસમાં આ કિસ્સા અંગે જે માહિતી પોતાને મળી છે તે એક નોંધરૂપે એની સાથે પ્રગટ કરી છે. જે નીચે મુજબ છે :-

"આ દીક્ષા જેમની પાસે થઈ રહી છે તે મહાસતીજી, આચાર્ય શ્રી. નાનાલાલજી મ. સા. ના સંપ્રદાયનાં છે. દીક્ષા લેનારી બહેન બડી સાદડીની છે. પતિ માસ્તર છે. ઉંમર ૨૭ વર્ષની છે. પરસ્પર આપસ-બનાવ થવાથી દીક્ષા લેવા માંગે છે. ૩ બાળકો ૧ાા - ૩ - ૫ વર્ષનાં છે. જેમની પાસે દીક્ષા લેવા ઈચ્છે છે તેમની સાથે જ તે બાઈ છે. દીક્ષા આપનાર સતીજી શ્રમણ સંઘના જૈન દિવાકરજી મ. ના. સંપ્રદાયના છે. કમલાવતીજી નામ છે. દીક્ષા ચૈત્ર સુદ ૧ ના રોજ થનાર

હતી, પરંતુ ભારે વિરોધ થતાં (નીમચોક સ્થાનકે) દીક્ષા ન થઈ શકી. શ્રી કસ્તુરચંદજી મ. તથા અન્ય સંતોનો વિરોધ છે એમ સાંભળ્યું છે. દીક્ષાર્થી બેનનો પતિ કહે છે કે પહેલાં બાળકોને ઝેર આપો, પછી દીક્ષા લ્યો. બીજી ખબર એવી પણ સાંભળી છે કે પતિને સમજાવી લેવામાં આવ્યો છે અને સંઘનો વિરોધ પણ નથી રહ્યો. તેના પતિને પ્રવર્તકશ્રી હીરાલાલજી મ. ની આજ્ઞા લેવા એક વ્યક્તિની સાથે અમદાવાદ મોકલ્યો છે. દીક્ષા ત્રીજને દિવસે થવાની હતી, પણ દીક્ષાતિથિ પહેલાં જ મહારાજનો વિહાર થઈ ગયો તથા તે બાઈને ગુપ્ત રીતે દીક્ષા આપવામાં આવી છે એમ જાણવા મળ્યું છે."

આ કિસ્સો સ્થાનકવાસી સંઘમાં બન્યો છે. એ દૃષ્ટિએ એની હલકાઈ કરવાના હેતુથી અમે એ અહીં રજૂ કર્યો છે એમ કોઈ ન માને. આવી ઘટનાને પ્રસંગે આ ફિરકો કે તે ફિરકો, આ ગચ્છ કે તે ગચ્છ અથવા આ મુનિસમુદાય કે તે મુનિસમુદાય એવો કોઈ ભેદ કરવાનો હોય જ નહીં. અયોગ્ય દીક્ષા આપવાનો પ્રસંગ ગમે તે ફિરકામાં બને, અમારે મન એવી દીક્ષા આપનાર અને લેનાર બન્ને ઉપાલંભને પાત્ર છે, અને વૈરાગ્યની ઘેલછાના વળગાડથી લેવામાં આવતી દીક્ષાને અમે અયોગ્ય દીક્ષા લેખીએ છીએ. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં પણ કૌટુંબિક જવાબદારીની અવગણના કરીને આવી ઘેલછાને કારણે દીક્ષા લેનાર પુરુષો અને સ્ત્રીઓ મળી આવે જ છે. આવી અયોગ્ય અને જવાબદારીની ઉપેક્ષા કરતી દીક્ષાને કારણે બીજાઓ ઉપર કેવી તારાજી વરસે છે એ તો જેને એવું દુઃખ વેઠવું પડ્યું હોય એ જ જાણે! ઉપરનો કિસ્સો સમજુ માનવીની આંખ ઉઘાડી નાખે એવો કરુણ કિસ્સો છે અને તેથી જ અમે એ અહીં રજૂ કર્યો છે.

કરુણા અને અહિંસાની સાધનાનો આરંભ નજર સામેની કરુણા અને અહિંસામય વર્તન માગતી પરિસ્થિતિની સદંતર ઉપેક્ષા કરીને કરવામાં આવે એ પણ કંઈ ઓછી કમનસીબી છે! કરુણા પોતે જ આક્રંદ કરી ઊઠે એવી આ વાત છે! સંઘ આવી બેજવાબદારીને વધતી અટકાવે એ જ આ કિસ્સાઓનો બોધપાઠ છે.

બિહાર દુષ્કાળ અંગે સંઘ તરફથી એકઠો કરવામાં આવેલ ફાળો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બિહાર દુષ્કાળ અંગે શરૂ કરવામાં આવેલ ફાળામાં ભરાયેલ રકમોની યાદી તા. ૧-૫-૬૭ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી હતી. એ રકમ રૂ. ૫૩૬૧-૦૦નો ચેક બિહાર રીલીફ કમિટીને સોંપવા માટે શ્રી જયપ્રકાશ નારાયણને સુપ્રત કરવામાં આવેલ. ત્યાર બાદ પણ સંઘ તરફથી ફાળો એકઠો કરવાનું કામ ચાલુ રાખેલ છે અને તેથી દરેક ભાઈ-બહેનને પોતાથી શકય તેટલી રકમ સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. નવી આવેલી રકમોની યાદી નીચે આપવામાં આવી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

૫૩૬૧	આગળ પ્રગટ કરેલી રકમો
૫૦૦	અમર કસ્તુર મેકવાસ થની કલબ તરફથી
૨૦૧	મે. ચંપકલાલ મણિલાલ ચોકસીની કું.
૨૦૦	શ્રી પ્રવિણચન્દ્ર બાબુલાલ
૧૫૧	શ્રી ડુંગરશી ચાંપસી માલાણી,
૧૦૧	શ્રીમતી રૂખીબહેન
૧૦૧	ભણશાલી હરગોવિંદદાસ કેશરીચંદ
૧૦૧	શ્રી જી. ડી. દફતરી
૫૧	,, ફૂલચંદ જીવાભાઈ
૫૧	,, રમણિકલાલ પ્રભુદાસ શાહ
૩૧	,, શિવપ્રસાદ રાઠી
૨૫	,, લાલજી નરસી
૨૫	,, ચીમનલાલ બ્રધર્સ
૨૫	,, ખેતસી માલસી સાવલા
૧૦	,, એચ. કે. સફરી
૬૯૩૪	

બિહાર દુષ્કાળ રાહત અને મુંબઈના જૈનો

મુંબઈ ખાતે બિહાર દુષ્કાળ રાહત નિમિત્તે ઊભી કરવામાં આવેલી જૈન સમાજના આગેવાનોની એક સમિતિના મુખ્ય સંચાલકો તરફથી નીચે મુજબનું નિવેદન પ્રસિદ્ધિ અર્થે મળ્યું છે :-

મુંબઈમાં મહાવીર જયન્તી પ્રસંગે યોજાયલી જૈનોની જાહેર સભામાં બિહાર દુષ્કાળ રાહત માટે રૂા. ૧,૨૦,૦૦૦ જૈન સમાજ તરફથી ભેગા કરી આપવાની ખાત્રી, શ્રી. જયપ્રકાશ નારાયણને આપવામાં આવી હતી. તેના અનુસંધાનમાં અમને જણાવતા આનંદ થાય છે કે લગભગ રૂા. ૨,૬૦,૦૦૦નું ફંડ થયું છે, જેમાં મોટુંગા સ્થાનકવાસી સંઘ તરફથી લગભગ રૂા. ૮૫,૦૦૦: તથા મોટુંગા મૂર્તિપૂજક સંઘ તરફથી લગભગ રૂા. ૬૫,૦૦૦નો ફાળો નોંધાયો છે. સ્થાનકવાસી સમાજમાં તા. ૨૮-૪-૬૭ના રોજ દીક્ષાનો પ્રસંગ હતો. એ પ્રસંગે બૃહદ મુંબઈ સ્થાનકવાસી મહા સંઘે નિર્ણય કર્યો હતો કે, આ દીક્ષાના અવસર ઉપર જે ફાળો થાય તે બધી રકમ, ખરચ બાદ કરતાં, બિહાર રાહત માટે વાપરવી. આ ફાળો લગભગ રૂા. ૫૦,૦૦૦: થશે, તે ઉપરાંત મુંબઈના બધા ફિરકાના ભાઈઓ તરફથી સારો ફાળો મળ્યો છે.

કેટલાક ઉત્સાહી અને સેવાભાવી ભાઈઓમાં જાતે બિહાર જઈને, રાહતનું કાર્ય કરવાની ભાવના પેદા થઈ. આ ભાવના અનુસાર ભાઈ શ્રી. રતિલાલ મનજીભાઈ તથા બીજા બે ભાઈઓ, ૧૦-૧૨ દિવસ પહેલાં બિહાર પહોંચી ગયા છે. તેઓ બિહાર રાહત સમિતિ તથા મુખ્ય મંત્રી અને અન્ય અધિકારીઓને મળી, આ કાર્ય માટે પૂરો સહકાર મેળવી શકયા છે. રાહતનું આ કાર્ય બિહાર રાહત સમિતિના આશ્રયે આ ભાઈઓ કરશે. પવિત્ર ભૂમિ રાજગીર વિભાગમાં, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરી છે. ફંડની બધી રકમ અહીંથી રાહત સમિતિને મોકલવામાં આવનાર છે અને એ સમિતિ આપણાં ભાઈઓ જેઓ આ કેન્દ્રનું સંચાલન કરે છે અને દેખરેખ રાખે છે તેમને આ રકમ આપનાર છે. આ વિભાગમાં લગભગ ૩૦ રસોડાં ચલાવવા પડશે એમ લાગે છે.

બિહાર રાહત સમિતિ તરફથી ઘઉં મળશે. બીજી વસ્તુઓ ખરીદવાની રહેશે. આ રસોડાંઓ લગભગ ચાર મહિના સુધી ચલાવવા પડશે. અન્ય પ્રકારની રાહત પણ આપવાની રહેશે. કુલ ખર્ચ લગભગ રૂપિયા પાંચ લાખ આવશે એમ લાગે છે. મુંબઈથી એક જીપ ત્યાંના કાર્ય માટે મોકલાવી છે. બીજા ભાઈઓ, શ્રી ગીરધરલાલ દામોદર દફતરી સાથે, થોડા દિવસમાં રાજગીર જવાના છે. જે ભાઈઓ અથવા બહેનો આ કાર્ય માટે બિહાર જવા ખુશી હોય તેઓને શ્રી. ચીમનલાલ ચકુભાઈને મળવા વિનંતિ છે. શ્રી રતિલાલ મનજીભાઈ તરફથી ત્યાંના કાર્યના વિગતવાર અહેવાલો આવ્યા છે.

બિહાર રાહત સમિતિને અહીંથી રૂા. ૯૨,૦૦૦ મોકલી આપવામાં આવ્યા છે. જેમાંથી, સમિતિએ રૂા. ૭૫,૦૦૦: શ્રી રતિલાલ મનજીભાઈને આ કેન્દ્રના કાર્ય માટે આપ્યા છે. બીજી રકમો જેમ જેમ વસુલ થતી જાય છે તેમ તેમ અહીંથી, થોડા વખતમાં ત્યાં મોકલી આપવામાં આવશે.

બિહારના આ ભીષણ સંકટમાં યથાશક્તિ સહાય આપવાની આપણ સર્વની ફરજ છે. જૈન ભાઈઓ અને બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ છે કે આ ફંડમાં પોતાનો ફાળો સત્વર મોકલાવે.

રકમ મોકલવાનાં સ્થળો

(૧) શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ, શેર બજાર, મુંબઈ.

(૨) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, એકઝામીનર પ્રેસ બિલ્ડીંગ ૩૫, દલાલ સ્ટ્રીટ, મુંબઈ.

આ રકમોની કાચી પહોંચ તુરત આપવામાં આવશે. ત્યારબાદ બિહાર રાહત સમિતિના નામની પાકી પહોંચ મોકલાશે. આ રકમ ઈન્કમટેક્ષમાં કરમુકત છે.

બિહાર રાહતકાર્યની સંક્ષિપ્ત નોંધ

મે માસ દરમિયાન શ્રી જયપ્રકાશ નારાયણ બિહારનાં ભિન્ન ભિન્ન રાહત કેન્દ્રોની મુલાકાત લેવા નીકળેલા ત્યારે સેન્ટ્રલ રીફીલ ટ્રસ્ટ–મુંબઈ, ઉપનગર બિહાર રાહત સમિતિ–મુંબઈ તથા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ–રાજકોટ તરફથી ચાલી રહેલ રાહત-કાર્યની જે ટૂંકી નોંધ શ્રી જયપ્રકાશજીને સુપ્રત કરવામાં આવેલી તેની નકલ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી શ્રી રતિલાલ ગોંધિયા તરફથી મોકલવામાં આવી છે, જે પ્રબુદ્ધ જીવનના વાચકોની જાણ ખાતર નીચે આપવામાં આવે છે.

(૧) આ કાર્ય ઉપર જણાવેલી ત્રણ સંસ્થાઓ તરફથી ચાલી રહ્યું છે.

(૨) અહિં નીચે મુજબની પ્રવૃત્તિઓ ચાલી રહી છે:–

(ક) સાત કેન્દ્રો (ચૈનપુર, શાહપુર, કંકારી, નેવરા, સેમરા, સલ - તુઆ, નવાડી) મારફત ૮૦૪૫ બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ તથા અશકત માનવીઓને ભોજન આપવામાં આવે છે. (સાત કેન્દ્રો દ્વારા ૭૨ ગામડાંઓને સહાયતા પહોંચાડવામાં આવે છે.)

(ખ) આજ સુધીમાં ૨૦૦૦૦ કપડાં વહેંચવામાં આવ્યા છે તથા ૨૦૦૦૦ લગભગ કપડાંનો જથ્થો હાલ હાથ ઉપર છે અને વધારે કપડાં આવી રહ્યાં છે. અમે ૩૦૦૦ સાડીઓ અને ૧૦૦૦ ધોતીયાં નવાં ખરીદ્યાં છે અને વિશેષ ખરીદી રહ્યા છીએ.

(ગ) ૧૦૦ કૂવા લોકોની પાસે તૈયાર કરાવવાની યોજના કરી છે અને વીશ કૂવાની 'સર્વે' (માપણી) તરતમાં થવાની છે.

(ઘ) પુરૂષ ડૉકટરો તેમ જ સ્ત્રી ડૉકટરો મારફત ગરીબોની સેવા કરવામાં આવે છે.

(ઙ) પશુઓ માટેની ઘાસચારાની યોજના બિહાર રીલીફ સમિતિની મારફત અમે ચલાવીએ છીએ.

(૩) અમે આ રીતે કામ કરીએ છીએ:

(ક) ચૈનપુરમાં અમે રાંધીને–પકાવીને–ભોજન આપીએ છીએ અને અન્ય સ્થળોમાં સુકું ભોજન આપીએ છીએ. પ્રત્યેક કેન્દ્રમાં અમે મકાન ભાડે રાખ્યું છે અને ત્યાં અમે અનાજ વગેરેનો જથ્થો રાખીએ છીએ અને પ્રત્યેક કેન્દ્ર માટે સૂકું ભોજન વહેંચવા માટેનો દિવસ નક્કી કરવામાં આવેલ છે.

(ખ) અમે રેશનકાર્ડ ઉપરથી પરિવારની તપાસ કરીને પાંચ બાળકો સુધીના પરિવાર સુધી રજીસ્ટર કરીએ છીએ અને તેમને અમારા કાર્ડ આપીએ છીએ.

(ગ) કપડાં વહેંચવા માટે અમે ગામડાઓમાં જઈએ છીએ અને બની શકે ત્યાં સુધી આખા પરિવારને કપડાં આપીએ છીએ.

(ઘ) કુલ ૧૦ થી ૧૫ ભાઈ બહેનો કેંપમાં રહે છે અને દર દોઢ મહિનાના ગાળે બીજી ટુકડી પહેલી ટુકડીને 'રીલીવ' કરવા–ફરજમુકત કરવા–માટે આવી જાય છે.

(ઙ) અમારો વ્યવસ્થાખર્ચ પ્રત્યેક કાર્યકર્તાનો માસિક રૂા. ૪૦ થી ૪૫ સુધીનો આવે છે. જેમકે ૩ ૧/૨ મહિનાના કેંપનો ખર્ચ રૂા. ૧૬૦૦ છે, અને ૧૦૦૦૦ લોકોને એક ટંકનું ભોજન આપવાનો અને તેને લગતો બીજો બધો ખર્ચ ગણતાં એક વ્યકિત દીઠ એક દિવસનો ખર્ચ ૧૭થી ૧૮ પૈસા આવે છે.

મણિબહેન નાણાવટી
રતિભાઈ ગોંધિયા


મહર્ષિ મહેશ યોગીનું જાહેર પ્રવચન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૪-૬-૬૭ શનિવાર સાંજના છ વાગ્યે મસ્જીદબંદર રોડ ઉપર આવેલા બૅંક ઑફ બરોડાની સામે ધી ગ્રેન રાઈસ એન્ડ ઓઈલસીડ્સ મરચન્ટસ એસોસીએશનના સભાગૃહમાં ઋષિકેશમાં વસતા ધી રૂપોરીઅુઅલ રીજનરેશન મુવમેન્ટ ફાઉન્ડેશનના પ્રસ્થાપક પરમ પૂજ્ય મહર્ષિ મહેશ યોગી 'આધ્યાત્મિક અનુભૂતિ' ઉપર જાહેર પ્રવચન કરશે. અધ્યાત્મના વિષયમાં રસ ધરાવતાં ભાઈ બહેનોને સાદર નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

જાણીતા સામાજિક કાર્યકર શ્રી ગુલાબચંદ ત. શેઠનું અચાનક થએલ અવસાન

મુંબઈ અને સૌરાષ્ટ્રના જાણીતા સામાજિક કાર્યકર, બાહોશ વ્યાપારી અને ઉદ્યોગપતિ શ્રી ગુલાબચંદ તલકચંદ શેઠનું તા. ૧૩ની સાંજે મુંબઈમાં એકાએક હૃદય બંધ પડવાથી અવસાન થયું છે.



શ્રી ગુલાબચંદ તલકચંદ શેઠ

સ્વ. ગુલાબચંદભાઈ નાની વયથી જ સ્વદેશપ્રેમના રંગે રંગાયેલા હતા અને તેમણે સૌરાષ્ટ્રમાં સ્વરાજ્યની લડતમાં ઉમદા ફાળો આપ્યો હતો. સાથે રાજકોટમાં સામાજિક સુધારણાની અને અન્ય યુવક-પ્રવૃત્તિઓમાં પણ તેઓ આગળ પડતો ભાગ લેતા હતા.

ત્યાર બાદ વ્યાપારાર્થે થોડો સમય પરદેશમાં ગાળી તેમના વડીલ બંધુ સ્વ. કેશવલાલ તલકચંદની પેઢીનો વિકાસ કર્યો હતો અને મુંબઈ, અમદાવાદ, સોલાપુર, મદ્રાસ, એ.ી.પ્રાત્રા, લંડન વગેરે સ્થળે તેની શાખાઓ સ્થાપી સુતરનાં વેપારમાં પેઢીને અગ્રગણ્ય સ્થાન અપાવ્યું હતું. તદુપરાન્ત કોચીનમાં અશોક ટેકસટાઈલ મિલ તથા મોરબીમાં અરુણોદય મિલની સ્થાપના કરી ઉદ્યોગના ક્ષેત્રમાં તેમણે પ્રવેશ કર્યો હતો.

લગ્ન પછી તરતમાં જ તેમનાં પત્ની શ્રી કાન્તાબેનનું અવસાન થયા પછી તેમણે ફરી લગ્ન કર્યું નહોતું અને તેમના સ્મરણાર્થે રાજકોટમાં કાન્તા સ્ત્રીવિકાસગૃહની સ્થાપના કરી સૌરાષ્ટ્રમાં નારીસેવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી, જે સંસ્થા આજે સેંકડો વિધવા, ત્યકતા, નિરાધાર અને નિરક્ષર બહેનોને સહાયભૂત બનીને ફૂલીફાલી છે.

આ ઉપરાંત તેમણે રાજકોટમાં સ્ત્રીઓ તથા બાળકો માટેની બે હોસ્પિટલો તથા એક હાઈસ્કૂલ તેમના વડીલ બંધુઓ તથા માતુશ્રીના સ્મરણાર્થે સ્થાપી છે. આ ઉપરાંત રાજકોટ તથા મુંબઈમાં અનેક સામાજિક સંસ્થાઓમાં તેમણે આપેલા દાનનો આંકડો લાખોનો થવા જાય છે.

સ્વ. શ્રી ગુલાબચંદભાઈ 'જન્મભૂમિ' પત્રોની સંચાલક સંસ્થા સ્ટેટ્સ પીપલ પ્રા. લિ.ના ડિરેકટર હતા. મુંબઈના સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી ભોજનાલયના, ભારત જૈન મહામંડળ મુંબઈ શાખાના તથા રાજકોટ મિત્રમંડળના પ્રમુખ હતા અને સંખ્યાબંધ સામાજિક સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દા ઉપર રહીને સેવા બજાવતા હતા. જાણીતા દાર્શનિક આચાર્ય શ્રી રજનીશના તેઓ ખાસ પ્રશંશક હતા અને તેમના વિચારોના પ્રચાર અર્થે સ્થાપવામાં આવેલ "જીવન જાગૃતિ" કેન્દ્રના ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી હતા. સૌરાષ્ટ્રમાં પણ ભારત સેવક સમાજ, વીરાણી હાઈસ્કૂલ, શિશુમંગળ વગેરે અનેક સંસ્થાઓમાં અધિકારપદે રહીને સેવા બજાવતા હતા.

શ્રી ગુલાબચંદભાઈ મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય હતા અને ગયે વર્ષે તેની કારોબારી સમિતિના સભ્ય પણ હતા.

અઢળક ધનસંપત્તિ છતાં તેમનું જીવન અત્યંત સાદું હતું. લાખોનું દાન કરવા છતાં તેઓ નિરભિમાની હતા અને અનેક સંસ્થાઓમાં હોદ્દેદાર હોવા છતાં સેવક તરીકે નમ્રતાપૂર્વક સેવા બજાવતા હતા.

તેમના અવસાનથી સમાજે એક સંનિષ્ઠ કાર્યકર અને સામાજિક સંસ્થાઓએ માર્ગદર્શક ગુમાવેલ છે.

જટુભાઈ મહેતા

સુએઝની નહેર બંધ થાય અને તેલની નિકાસ અટકે તો કેવી કટોકટી ઉભી થાય?

(આરબ - ઈઝરાઈલ સંઘર્ષના ઉપલક્ષમાં કેરોથી ૨-૬-૬૭ ના રોજ ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના ખબરપત્રી ક્રી. કે. કે. શાસ્ત્રીએ મોકલેલા એક લેખમાં આરબ રાજ્યોની તેલસંપત્તિ વિષે મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. પ્રબુદ્ધ જીવનના વાચકો માટે તે ટૂંકાવીને નીચે આપવામાં આવી છે.)

ગયા વરસમાં આરબ રાજ્યોએ ૪૭.૧૫ કરોડ ટન તેલ પેદા કર્યું છે–જગતના કુલ તેલ ઉત્પાદનનો જે લગભગ ત્રીજો ભાગ છે–જેમાં સાઉદી અરેબીયાનું ઉત્પાદન ૧૧-૯૪, કુવૈતનું ૧૧-૪ ઈરાકનું ૬-૮ તથા લિબિયાનું ૩-૫ કરોડ ટન છે. (આરબ રાજ્યોની સરખામણીમાં ઈરાનનું તેલ ઉત્પાદન ૧૦.૫ કરોડ ટન છે.)

ત્યાંનાં રણપ્રદેશોમાં તેલવિસ્તારોની શોધ અવિરત ચાલુ જ રહે છે ને દર વરસે સરેરાશ ૨૫૦ તેલના નવા કૂવા ખોદાય છે. આરબ દેશોમાં તેલનું ઉત્પાદન જગતના બીજા કોઈ પણ દેશ કરતાં સસ્તુ પડે છે - અમેરિકા કરતાં લગભગ એક પીપે એક ડૉલર જેટલો ખર્ચ ઓછો આવે છે. આરબ વિસ્તારોમાં રોજનું તેલનું ઉત્પાદન આશરે એક કરોડ પીપ છે, જ્યારે અમેરિકાનું રોજનું તેલનું ઉત્પાદન ૭૮ લાખ પીપ છે.

તેલની નિકાસ કરતા દેશોમાં સૌ પ્રથમ નંબર આરબ રાજ્યોનો છે. (લગભગ ૬૨ ટકા) બીજા નંબરે કેરીબીયન દેશો તથા ત્રીજા નંબરે સમાજવાદી દેશો છે. આરબ રાજ્યોની કુલ તેલનિકાસના ૫૫ ટકા જેટલું તેલ પશ્ચિમ યુરોપમાં જાય છે, કે જે લગભગ તેમની કુલ જરૂરિયાતના ૭૫ ટકા જેટલું થવા જાય છે. ત્રીસેક ટકા જેટલું તેલ આરબ રાજ્યોમાંથી પૂર્વ એશિયાઈ દેશો ખાતે નિકાસ થાય છે.

આરબ દેશોનાં તેલમાં બ્રિટન અને અમેરિકા વધારેમાં વધારે હિત ધરાવે છે. બ્રિટન તો સંપૂર્ણપણે આરબ તેલ ઉપર જ આધાર રાખે છે, અને તેને જો તેલ મળતું અટકી જાય તો ૧૯૫૬ની સુએઝની કટોકટી કરતાં પણ વધારે મોટી કટોકટી ઊભી થઈ જાય. બીજી બાજુ અમેરિકા માટે એથી પારાવાર આર્થિક નુકસાની ખમવાનો પ્રસંગ ઊભો થાય, કારણકે અમેરિકાની ઓઈલ કંપનીઓ આરબ રાજ્યોમાં ૧૬.૬ ટકા જેટલું આર્થિક હિત ધરાવે છે. એની સરખામણીમાં બ્રિટીશ કંપનીઓ ૨૦.૨ ટકા, ફ્રેન્ચ ૧૧.૬ ટકા અને ઈટાલિયન જાપાનીઝ કંપનીઓ ૬.૪ ટકા આર્થિક હિત ધરાવે છે.

તેલ ઉત્પાદન કરનારા આરબ દેશોને પોતાને પણ એક ગંભીર ફટકો આર્થિક ક્ષેત્રે પડે એમ છે, કારણ કે તેલ ઉત્પાદન જો બંધ થઈ જાય તો પહેલાંની જેમ ફરીવાર આ દેશો વેરાન રણક્ષેત્રો બની જાય. હજી સુધી આરબ દેશો પાસે જરૂરી યાંત્રિક જાણકારી કે ઉદ્યોગના વિકાસની યોજનાઓ નથી; કે નથી તેમણે તેલનો રિઝર્વ સ્ટોક બનાવ્યો.

૧૯૬૫ ના વર્ષમાં ઑઈલ કંપનીઓએ આરબ દેશોને બધી મળીને ૧૫૮.૪ કરોડ ડૉલર જેટલી રોયલ્ટીની રકમ આપી છે, જેમાં સાઉદી અરેબીયાને ૫૭.૮ કરોડ ડૉલર અને કુવૈતને ૪૬.૧ કરોડ ડૉલર રોયલ્ટી મળી છે. સિરીયાને તેના પ્રદેશમાંથી માત્ર તેલની પાઈપ લાઈન જવા દેવા માટેની Transit Royalty આશરે ત્રણ કરોડ ડૉલર મળે છે - જે રકમ સીરિયાના સમગ્ર બજેટમાં અત્યંત મહત્ત્વનું સ્થાન પામે છે. લેબેનોનની પણ એ જ પરિસ્થિતિ છે.

ઈજિપ્ત પણ તેના તેલના ઉદ્યોગ વિકાસને અગ્રતમ સ્થાન આપી રહ્યું છે ને ૧૯૭૦ સુધીમાં તેલની નિકાસદ્વારા ૨૫ કરોડ ડૉલર જેટલું Foreign Exchange મેળવવાની ધારણા રાખી રહ્યું છે. સુએઝની નહેર દ્વારા આવ-જા કરી રહેલાં જહાજો પાસેથી ટોલ તરીકે ઈજિપ્તને અત્યારે આશરે ૨૮ કરોડ ડોલર જેટલું Foreign Exchange મળી રહ્યું છે.

આ રજુઆતના સંદર્ભમાં બીજી એક હકીકત ધ્યાનમાં લેવા જેવી છે કે, સુએઝની નહેરમાંથી પસાર થવા માટે જુદા જુદા દેશોની સ્ટીમરોને જે કરવેરો ભરવો પડે છે તેની ઈજિપ્તને ૨૮૦૦ લાખ ડોલરની આવક થાય છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે સુએઝની નહેર ખુલ્લી રહે તે અન્ય દેશોની સ્ટીમરોની અવરજવર માટે જેટલું ઉપયોગી છે તેટલી જ ઉપયોગીતા ઈજિપ્ત માટે છે. ઈજિપ્ત માટે આના જેટલી આવકનું બીજું કોઈ સાધન નથી.

સંકલન કરનાર:
સુબોધભાઈ એમ. શાહ

બે કાવ્યો

[ભારતની ઉત્તરે હિમાલય વિભાગમાં આવેલા કુલુ, મનાલી તથા ડેલહાઉસીનો પ્રવાસ પૂરો કરીને અમદાવાદ પાછા આવ્યાના બીજા દિવસે સ્ફુરેલાં નીચેનાં બે કાવ્યો જોઓ એવા જ હિમપ્રદેશમાં ફરી આવ્યા હશે તેમનાં પૂર્વ સ્મરણોને જાગૃત કરશે અને તેમના દિલને સવિશેષ સ્પર્શશે. પરમાનંદ]

મને વ્હાલા પહાડો...

મને વ્હાલા પહાડો, શિખર - શિખરે મસ્ત ભમવું,
અડી ઊંચે આભે વિસરૂં ઘટમાળા જગતની,
રમુ સ્રોતો સંગે, શિશુ બની જઈ ને સરિતમાં
ઝબોળાવી દેતી મનની સહુ ચિન્તા ધરતણી.
રચી કેડી કેડી હૃદય વસતું ટોચ ઉપરે,
તળેટીનાં કાળાં દહન શમતાં હીમ-પરશે,
ખરે પાગું કોઈ નવજીવન હિમાદ્રિ મહિ હું!
નવા આ સ્વર્ગે તો સરકી જતી પૃથ્વીની સ્મૃતિયે?

* * * *

નવા આ સ્વર્ગેથી...

નવા આ સ્વર્ગેયે સતત વસવું શક્ય પણ ક્યાં?
ભમીને પહાડોમાં ઉતરવું તળેટી મહીં લખ્યું
નસીબે? એ શીળી મધુર લહરીઓ અનિલની
ત્યજીને શેકાવું કયમ ગરમ લૂમાંહિ ગમશે?–
વિચારે મૂંઝાતી ઉતરી રહી કેરી ગિરિતણી
અને અંતે નીચે
તળેટીમાં પહોંચી, મનતણી ઘડીઓ નવ રીતે,
બનાવી વાળીને પગ ધરમહિ મૂકી રહી ત્યાં...
અનેરા કો શૈત્યે રસસભર ક્યાંથી હૃદયમાં
(અહો મારા જોયે!) અનુભવ થયો સ્વર્ગતરનો!

ગીતા પરીખ

સાભાર સ્વીકાર

સહકાર: લેખસંગ્રહ: શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ: પ્રકાશક: અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, 'દસક્રોઈ ભવન', સરદાર વલ્લભભાઈ માર્ગ, અમદાવાદ–૧ કિંમત રૂા. ૫

સામ્યવાદી ચીન: લેખક: શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક: વિશ્વમાનવ પ્રકાશન, રામજી મંદિરની પોળ, વડોદરા–૧, કિંમત રૂા. ૨

જવાહરભાઈ : ઉસકી આત્મીયતા ઔર સહૃદયતા: લેખક: રાયકૃષ્ણદાસ; પ્રકાશક: સેતુ પ્રકાશન, ઝાંસી, મધ્ય પ્રદેશ; કિંમત રૂા. ૧૧.

સંસ્કૃતિ કે ભૂત: લેખક ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી: પ્રકાશક: સાર્વભૌમ સંસ્કૃતિ પીઠ, ૧૦/૧૭, શકિતનગર, દિલ્હી-૭, કિંમત રૂા. ૫.

આલોચના કા ઉન્માદ: લેખક ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી: પ્રકાશક: ઉપર મુજબ; કિંમત રૂા. ૫.

પ્રભુદાસ ઠક્કર કૉલેજના જોડાણ અંગે ઉભો થયેલો વિવાદ

(અમદાવાદ ખાતે પ્રભુદાસ ઠક્કર કૉલેજના ગુજરાત યુનિવર્સિટી સાથેના જોડાણ અંગે ગુજરાત યુનિવર્સિટીની સેનેટ અને ગુજરાત સરકાર વચ્ચે એક તીવ્ર સંઘર્ષ ઊભો થયો છે. આ સંઘર્ષ અંગે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ઉમાશંકર જોશી તરફથી એક જાહેર નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. આ સંઘર્ષના સ્વરૂપનો પ્રબુદ્ધ જીવનના વાચકોને ખ્યાલ આવે તે માટે તે નિવેદન તા. ૬-૬-૬૭ના જન્મભૂમિમાં જે રીતે પ્રગટ થયું છે તે મુજબ નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે. શ્રી ઉમાશંકર જોશીના અભિપ્રાયને અને તેને લગતાં તેમનાં મન્તવ્યોને મારું સંપૂર્ણ સમર્થન અને અનુમોદન છે. પરમાનંદ.)

નિવેદનમાં તેમણે જણાવ્યું કે ગુજરાત યુનિવર્સિટીની સેનેટે ભારે બહુમતીએ ઠરાવ પસાર કર્યો હોવા છતાં પ્રભુદાસ ઠક્કર કોમર્સ અને સાયન્સ કૉલેજના સાયન્સ વિભાગનું જોડાણ ચાલુ રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે તેથી ઉચ્ચ શિક્ષણનું ભારે અહિત થયું છે એટલું જ નહીં, પરંતુ યુનિવર્સિટી જેવી ગૌરવશીલ સંસ્થાની સ્વાયત્તતા પર તરાપ પડી છે.

શ્રી જોશીએ તેમના નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે જોડાણની બાબતમાં અંતિમ નિર્ણય લેવાની રાજ્ય સરકારની આ કાનૂની સત્તા બ્રિટિશ રાજ્ય અમલ દરમિયાન હેતુપુરઃસર દાખલ કરવામાં આવેલી, જે પ્રણાલીના ટકી રહેલા અવશેષ રૂપ છે, અને તેનો આ કિસ્સામાં જે રીતે ઉપયોગ થયો છે તેથી નથી સધાયું ઉચ્ચ શિક્ષણનું હિત કે નથી સચવાયા લોકશાહીના તેમ જ શુદ્ધ વ્યવહારનાં આદર્શો. એક રીતે જોઈએ તો યુનિવર્સિટીનાં સત્તામંડળો કોઈ શિથિલ રીતે ચાલતી કૉલેજોને જાણ્યેઅજાણ્યે જોડાણ આપી બેસે અને તેને ચલાવવામાં રાજ્ય સરકાર આ સત્તાનો ઉપયોગ કરે તો તે કદાચ જુદી વાત થાય, પણ યુનિવર્સિટીના ધારાધોરણોનો સરિયામ ભંગ કરીને શિક્ષણના મૂલ્યોનો છડેચોક અનાદર કરનાર કૉલેજ સાથેનો સંબંધ ચાલુ રાખવાનું યુનિવર્સિટીની સેનેટને યોગ્ય લાગતું ન હોય તેવા દાખલામાં રાજ્ય સરકાર તેની વહારે ધાઈને જોડાણ આપે તો તે કૉલેજની ગેરરીતિઓને પીઠબળ આપનારું અને ઉચ્ચ શિક્ષણના નૈતિક પાયાને હચમચાવી મૂકનારું નીવડશે.

કમનસીબ ઘટના

શ્રી જોશીએ તેમના નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે આ બધા મુદ્દાઓ અને તેના દેશવ્યાપી પ્રત્યાઘાતોનો શિક્ષણપ્રધાનશ્રીને અને મુખ્ય પ્રધાનશ્રીને અનેક વાર રૂબરૂમાં મળીને ભારપૂર્વક નિર્દેશ કર્યા છતાં ય ગુજરાત રાજ્યની સરકારે આવો નિર્ણય લીધો તે ભારે કમનસીબ ઘટના છે.

પ્રશ્નની પૂર્વભૂમિકા

નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે ૧૯૬૬ના ઓકટોબરમાં મળેલી સેનેટમાં તે ટ્રસ્ટની આર્ટ્સ કૉલેજમાં વધારાના સાયન્સ વિભાગના જોડાણની બાબત તે કૉલેજમાં ચાલતી ગેરરીતીઓ અંગે થયેલા ભારે ઉહાપોહને કારણે "રિફર બેક" થયા પછી તો એ કૉલેજે અંગે કોઈ ફરિયાદ રહેવી જોઈતી ન હતી. તેમ છતાં યુનિવર્સિટીએ ઓકટોબર ૧૯૬૬ અને માર્ચ ૧૯૬૭માં કરાયેલી તપાસમાં ઘણી ક્ષતિઓ અને ગેરરીતીઓ બહાર આવી હતી. એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડીકેટે ચાલુ ઉદાર દૃષ્ટિ રાખવા પ્રયત્ન કર્યો પણ ગેરરીતીઓની ગંભીરતા ઉત્તરોત્તર પ્રગટ થતી ગઈ તેથી ૧૯૬૭ના માર્ચમાં સેનેટે ભારે વિશાળ બહુમતીથી જોડાણ અરજી નામંજૂર કરી. અહીં એ નોંધવું જોઈએ કે સેનેટની બેઠકમાં બંને તપાસ સમિતિઓના તમામ સભ્યો, એકેડેમિક કાઉન્સિલના લગભગ બધા સભ્યો અને સિન્ડિકેટના તમામ સભ્યોનો સમાવેશ થતો હતો.

કૉલેજની ક્ષતિઓ

યુનિવર્સિટીની ઉપરોક્ત તપાસના અહેવાલમાં કૉલેજના દોષો પ્રગટ થયા છે, તેમાં અધિકૃત સમયપત્રકો બતાવવાની અશકિત, અધ્યાપકોની નિમણૂંકો અંગેની ગેરરીતીઓ, પગાર અંગેની ફરિયાદો, પ્રયોગશાળા અંગેની ઉણપો વગેરે બાબતો મુખ્ય છે. સેનેટે ત્રણ દિવસની કાર્યવાહીમાંથી એક દિવસની બપોર પછીની આખી બેઠક અને બીજા દિવસની બપોર સુધીની આખી બેઠક જેટલો સમય આપ્યા બાદ અને પ્રિન્સિપલને બચાવની પૂરી તક આપ્યા પછી આ ઠરાવ કર્યો હતો.

વ્યવહારની શુદ્ધિ અને કાનૂની સત્તા

શ્રી ઉમાશંકર જોશી વધુમાં એમ પણ જણાવે છે કે રાજ્ય સરકારે પણ એક જ પ્રિન્સિપાલ નીચે ચાલતી આ કૉલેજના કોમર્સ વિષય માટે જોડાણ આપવાનું અને સાયન્સના બીજા વર્ષ માટે નવું જોડાણ આપવાનું યોગ્ય માન્યું નથી અને છતાં સાયન્સ વિષયના પ્રથમ વર્ષ માટે સરકાર આ રીતે જોડાણ આપવા તૈયાર થઈ છે ત્યારે એક જ કૉલેજના અમુક ભાગનું સંચાલન દૂષિત હોય તો બાકીનાનું સંચાલન નિર્દોષ શી રીતે હોઈ શકે એ પ્રશ્ન રાજ્ય સરકારને નડ્યો હોય એમ લાગતું નથી. વ્યવહારની શુદ્ધિ અર્થે યુનિવર્સિટી મથી રહી છે, અને એમાં સહકાર આપવો તે પોતાની ફરજ છે એમ પણ સરકારને લાગ્યું નથી. માત્ર પોતાને દરમ્યાનગીરી કરવાની કાનૂની સત્તા છે એટલું જ સરકારને યાદ રહ્યું છે.

સમગ્ર પ્રજા માટે ચિન્તાની બાબત

ઉપકુલપતિશ્રી અંતમાં જણાવે છે કે બેએક દસકા પહેલાં ગુજરાત યુનિ.મંડળ સ્થપાયું ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તે મંડળના પ્રમુખ શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠને લખ્યું હતું કે ગુજરાતને તેની પોતાની યુનિવર્સિટી હોય એવું મને હંમેશાં લાગ્યું છે, અને તેમણે એવી આશા પણ વ્યકત કરી હતી કે સરકારની એમાં કોઈ ડખલ હોય નહીં, પણ આજે સ્વતંત્રતાના વીસ વર્ષ પછી લોકશાહી સરકાર જે સહેલાઈથી યુનિ. સેનેટ જેવી સંસ્થાના ભારે બહુમતી નિર્ણયને ઠોકર મારે છે અને તે પણ ગેરરીતીઓને અટકાવવાના યુનિવર્સિટીના પ્રયત્નો નિષ્ફળ નિવડે અને ગેરરીતીઓને પોષણ-રક્ષણ મળે એવી રીતે; એ યુનિ.ની જ નહિ પણ પ્રજા સમગ્રની ભારે ચિંતાનો વિષય બની રહેવો જોઈએ.

વિષયસૂચિ

		પૃષ્ઠ
આરબ-ઈઝરાઈલ યુદ્ધ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૩૧
ગાંધીજી અને ગીતા	ડૉ. કાંતિલાલ શાહ	૩૩
હિમાલય સાથે સંકળાયેલાં થોડાંક સ્મરણો	વિમલાબહેન ઠકાર	૩૬
વૈરાગ્યની ઘેલછા		૩૬
બિહાર દુષ્કાળ રાહત અને મુંબઈના જૈનો		૩૭
બિહાર રાહતકાર્યની સંક્ષિપ્ત નોંધ		૩૮
જાણીતા સામાજિક કાર્યકર શ્રી ગુલાબચંદ શેઠનું અચાનક થયેલ અવસાન	જટુભાઈ મહેતા	૩૮
સુએઝની નહેર બંધ થાય તો?	સંકલન: સુબોધભાઈ એમ. શાહ	૩૯
બે કાવ્યો	ગીતા પરીખ	૩૯
પ્રભુદાસ ઠક્કર કૉલેજના જોડાણ અંગે ઊભો થયેલો વિવાદ	ઉમાશંકર જોષી	૪૦

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ખનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઇ ૧, ૧૯૬૭, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ મહર્ષિ મહેશ યોગીનો પરિચય ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ધી બોંબે ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના સભાગૃહમાં તા. ૨૪-૬-'૬૭ શનિવારના રોજ સાંજના છ વાગ્યે મુંબઈ ખાતે તાજેતરમાં પધારેલા મહર્ષિ મહેશ યોગીનું જાહેર પ્રવચન યોજવામાં આવ્યું હતું. સભાગૃહ જિજ્ઞાસુ શ્રોતાઓ વડે ખીચોખીચ ભરાઈ ગયું હતું. નિયત સમયે મહર્ષિજી પધાર્યા હતા. તેમનું મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સ્વાગત કરતાં અને તેમનો પરિચય આપતાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે "આજે આપણી વચ્ચે પધારેલા મહર્ષિજીનાં આપમાંના ઘણા ખરા અત્યારે પહેલી વખત જ દર્શન કરતા હશે. મારો પણ તેમની સાથે છેલ્લા ચાર પાંચ દિવસનો જ પરિચય છે. તેમનું આજે આ સ્થળે કયા સંયોગોમાં પ્રવચન ગોઠવાયું તેની થોડી માહિતી આપું તો તે અસ્થાને નહિ ગણાય. મુંબઈના જાણીતા ઑડિટર અને એકાઉન્ટન્ટ અને મારા વર્ષોજૂના મિત્ર શ્રી જયન્તીલાલ ઠક્કર થોડા દિવસ પહેલાં મારે ત્યાં આવી પહોંચ્યા અને તેઓ તેમનાં પત્ની સાથે મે માસમાં કાશ્મીર જઈ આવેલા તે વિષે વાતો કરતાં તેમણે જણાવ્યું કે તેઓ કાશ્મીરમાં હતા તે દરમિયાન શ્રીનગર પાસે આવેલા કોકરનાગ નામના નિસર્ગ રમણીય સ્થળે થોડા દિવસ રહેવા માટે તેઓ ગયેલા. તે દરમિયાન તે દિવસોમાં ત્યાં વસતા અને આજે આપણી સમક્ષ ઉપસ્થિત થયેલા મહર્ષિજી વિષે તેમને પહેલીવાર જાણ થઈ. તેમને માલુમ પડ્યું કે મહર્ષિને મળવા માટે આપણા લોકો ઉપરાંત અનેક પરદેશીઓ–યુરોપિયનો–ત્યાં આવી રહ્યા હતા. આથી આકર્ષાઈને તેઓ પણ તેમનાં દર્શને ગયાં. અને તેમના પરિચયથી તેઓ બન્ને અત્યન્ત પ્રભાવિત બન્યા. તેમને માલુમ પડ્યું કે મહર્ષિ આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી એક મહાન વિભૂતિ છે. તેમણે જણાવ્યું કે મહર્ષિજી જૂન માસની આખરમાં વિશ્વપ્રવાસે ઉપડનાર હોઈને, તે પ્રવાસના અઠવાડિયા પહેલાં મુંબઈ આવી રહ્યા છે અને તેમનો મુંબઈની પ્રજાને લાભ મળે એ હેતુથી જુદાં જુદાં સ્થળોએ અને જુદી જુદી સંસ્થાઓ તરફથી તેમનાં પ્રવચનો તથા વાર્તાલાપોની ગોઠવણો અમે કરી રહ્યા છીએ. તેના અનુસંધાનમાં મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પણ એકાદ સભા જો ગોઠવી શકાય તો સારું એવી ઈચ્છા તેમણે પ્રદર્શિત કરી. આ તેમની ઈચ્છાને માન આપીને આજની આ સભા ગોઠવવામાં આવી છે. આવી એક મહાન વિભૂતિ આપણી વચ્ચે ઉપસ્થિત થાય તેને હું અમારી સંસ્થાનું પરમ સદ્‌ભાગ્ય લેખું છું. તેમને હું અમારા સંઘ તરફથી હાર્દિક આવકાર આપું છું.

"તેઓ પોતાનું પ્રવચન શરૂ કરે તે પહેલાં તેમનો ટૂંકાણમાં પરિચય આપું તે પ્રસ્તુત લેખાશે. તેઓ મૂળ ઉત્તરકાશીના છે. બદ્રીનાથ જતાં રસ્તામાં આવતા જ્યોતિર્મઠના અધિષ્ઠાતા શંકરાચાર્ય બ્રહ્માનંદ સરસ્વતીના તેઓ શિષ્ય છે. તેમની ઉમર આશરે ૫૦ વર્ષની છે. ઋષિકેશની બાજુએ સ્વર્ગાશ્રમમાં આવેલા શંકરાચાર્યનગરમાં તેમણે ધ્યાનવિદ્યાપીઠ Acadamy of Meditation-એ નામની એક સંસ્થા સ્થાપિત કરી છે. આ કેન્દ્ર મારફત તેઓ Sprutual Regeneration Movement–આધ્યાત્મિક પુનરુત્થાન આન્દોલન–ચલાવી રહ્યા છે. ધ્યાન અંગે તેઓ એક વિશિષ્ઠ પ્રક્રિયાનો પ્રચાર કરી રહ્યા છે. આ ધ્યાનને તેઓ Transcendental Meditation–ભાવાતીત ધ્યાન–એ શબ્દોથી વર્ણવે છે. તેઓ ધ્યાનાર્થીને તેની યોગ્યતાનો ખ્યાલ કરીને અમુક એક મંત્ર આપે છે, જેના જાપ વડે મન વિચારની સુક્ષ્મ–સુક્ષ્મતર ભૂમિકામાં પ્રવેશ કરે છે, ધીમે ધીમે સુક્ષ્મતમ ભૂમિકાને વટાવે છે અને પરમ ચેતનાનો સીધી પ્રત્યક્ષ અનુભૂતિ કરે છે. આના પરિણામે માનસિક શક્તિઓનો પૂર્ણ વિકાસ થાય છે અને તેનું સમગ્ર જીવન આનંદપૂર્ણ બની જાય છે. આ ભાવાતીત ધ્યાનનો તેઓ દુનિયાભરમાં પ્રચાર કરી રહ્યા છે. આજ સુધીમાં ૧૦થી વધારે દેશોમાં અનેક ધ્યાનકેન્દ્રો ખોલવામાં આવ્યા છે. માત્ર પશ્ચિમ જર્મનીમાં આવાં ૨૫૦ ધ્યાનકેન્દ્રો ઊભાં થયાં છે. દુનિયાનો આ તેમનો આઠમો પ્રવાસ છે. અહિંથી ૨૮મી તારીખે તેઓ પશ્ચિમ જર્મની જઈ રહ્યા છે અને ત્યાં આવેલા બ્રેમેન ખાતે નવા ધ્યાનકેન્દ્રનું તેમના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. જુદા જુદા દેશોમાં ફરતાં ફરતાં સપ્ટેમ્બર માસમાં તેઓ કેનેડાના મુખ્ય શહેર મોન્ટ્રીયલ જશે અને ત્યાંનો એક વિશિષ્ટ કાર્યક્રમ પતાવીને તેઓ ભારત ખાતે પાછા ફરશે.

"તેમણે આજ સુધીમાં ઘણું લખ્યું છે અને તે એક યા બીજા આકારે પ્રસિદ્ધ થયું છે. પણ તેમના જે બે ગ્રંથોએ વિશ્વખ્યાતિ પ્રાપ્ત કરી છે તે ગ્રંથોનો જ હું અહિં ઉલ્લેખ કરીશ. આ બે ગ્રંથોના નામ છે. (૧) The Science of Being and the Art of living (૨) Commentary of Bhagvad Geeta.

"આ ઉપરાંત તેમના અંગે વિશેષમાં એ જણાવવાનું કે જેવી રીતે તેમણે ઋષિકેશમાં ધ્યાનવિદ્યાપીઠ ખોલી છે તેવી જ રીતે કાશ્મીરમાં કોઈ યોગ્ય સ્થળે તેઓ મોટા પાયા ઉપરનું એક આન્તરરાષ્ટ્રીય કેન્દ્ર ઊભું કરવાનું વિચારી રહ્યા છે. આવી એક વિશ્વવિખ્યાત વિભૂતિને અહિં આવકાર આપતાં હું અત્યન્ત આનંદ અનુભવું છું."

ત્યાર બાદ મહર્ષિજીએ ઉપર જણાવેલ ધ્યાન–વિચારને વિસ્તૃત કરીને એક કલાક સુધી પ્રેરક પ્રવચન કર્યું, જેનો સાર કદાચ આગળ ઉપર આપવામાં આવશે. તેમના પ્રવચને શ્રોતાઓમાં તીવ્ર જિજ્ઞાસા પેદા કરી અને કેટલોક સમય પ્રશ્નોત્તરી ચાલી. અન્તમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે મહર્ષિજીનો આભાર માનતાં જણાવ્યું કે "આવી એક વિશિષ્ટ કોટિની વ્યક્તિના નિકટ સાન્નિધ્યમાં આવવું એ જીવનનો લ્હાવો છે. આપણો સાધારણ ખ્યાલ એવો હોય છે કે આવા ઋષિમુનિઓ બહુ જ ગંભીર હોય છે, જ્યારે મહર્ષિજી તો આટલું બધું મુક્તહાસ્ય કરી શકે છે. આ આપણા માટે ભારે આશ્ચર્ય પેદા કરે એવો અનુભવ છે. પરમ ચેતનાનો સાક્ષાત્કાર જેને આપણે અત્યન્ત કઠણ અને દુઃસાધ્ય માનીએ છીએ તે તેઓ સાવ સાદી સીધી સરળ સુસાધ્ય બાબત હોવાનું જણાવે છે. આ સાંભળીને આપણામાં નવી આશા અને ઉત્સાહ પેદા થાય છે. તેમની અહિં ઉપસ્થિતિથી આપણે એક પ્રકારની કૃતકૃત્યતા અનુભવીએ છીએ. તેમના પ્રત્યે અમારા સંઘ તરફથી તેમજ આપ સર્વ તરફથી હું ઊંડા આભારની લાગણી પ્રદર્શિત કરું છું."

આમ જણાવીને તેમણે મહર્ષિજીનું ફૂલહારથી બહુમાન કરવામાં આવ્યું, અને સભા વિસર્જિત કરવામાં આવી.

☆ લગ્નની વયમર્યાદા કેટલી હોવી જોઈએ? ☆

હમણાં જ કેન્દ્ર સરકારના આરોગ્ય પ્રધાન શ્રી ચંદ્રશેખરે પ્રજા સમક્ષ એક વિચાર વહેતો મૂક્યો કે જો લગ્નની વયમર્યાદા ઊંચી લાવવામાં આવે તો આપણો વસ્તીવધારાનો પ્રશ્ન હલ કરી શકાય. આમાંથી લગ્નની વયમર્યાદા કેટલી (નીચામાં નીચી) હોવી જોઈએ એ પ્રશ્ન ઉદ્‌ભવ થાય છે. આ પ્રશ્નને અનેક દૃષ્ટિએ સામાજિક, શૈક્ષણિક, આર્થિક, કુટુંબનિયોજનની, કાયદાની વગેરે જુદી જુદી બાજુએથી જોઈ શકાય તેમ છે.

આજે આપણા દેશનો સળગતો સવાલ વસ્તીવધારાનો અને તેને કારણે ઊભી થતી અનાજની તંગીનો છે. માત્ર આ દૃષ્ટિએ જોતાં ભાગ્યે જ લગ્નની વયમર્યાદા ઊંચી આણવાથી સારું પરિણામ લાવી શકીએ. શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ ખંદરથી અઢારની વય જોને 'એડોલસન્સ સ્ટેરીલીટી' (કિશોરાવસ્થાનું વંધ્યત્વ) કહે છે તે પ્રકારનો સમય છે, જ્યારે અઢારથી છવ્વીસનો ગાળો એ ગર્ભાધાન માટે સૌથી વધારે અનુકૂળ છે. આથી લગ્નની વયમર્યાદા એકવીશ વર્ષ સુધી લઈ જવામાં ભાગ્યે જ વધારે બાળકો જન્મતાં અટકાવી શકાય. એકવીશથી પાંત્રીશ–ઓગણપચાસના ગાળામાં હાલની જે સરાસરી બાળકોની સંખ્યા છની છે તે તો કોઈ કૃત્રિમ ઈલાજ લેવામાં ન આવે તો જન્મે જ. વળી એકવીશ વર્ષ સુધીમાં એકાદ સુવાવડ થઈ જાય તો તે માતાના સ્વાસ્થ્ય માટે વધારે અનુકૂળ છે; તેમજ બહુ મોટી ઉમરે લગ્ન કરવામાં યુવતીને પાકટ વયે પારકા કુટુંબમાં ગોઠવાવું અનુકૂળ થતું નથી.

માનવજાતે પથ્થરયુગથી માંડી આજ સુધીમાં જે જે સાંસ્કૃતિક વિકાસ કર્યો છે તેમાં લગ્નવિધિનો પ્રયોગ માનવીની ભાવનાશીલતા અને સંસ્કારિતાની પ્રતીતિ કરાવે છે. લગ્નજીવન કૌટુંબિક અને સામાજિક જીવનમાં અત્યંત મહત્ત્વનો ફાળો આપતું હોઈ જમાને જમાને તેમાં સંયોગાનુસાર ફેરફાર થતા રહ્યા છે. વેદકાળનો સમાજ મુક્ત સમાજ હતો. ઋગ્વેદમાં સૂર્યના લગ્ન વખતના મંત્રોમાં 'સખાહ જાયા' કહેવાયું છે. તેમજ પતિપત્નીને સમ્રાજ્ઞી શ્વશુરે ભવ સામ્રાજ્ઞી અધિદેવેષ કહે છે. સ્ત્રીઓ શિક્ષણમાં, કલામાં, વૈદકમાં પુરુષની સહકાર્યકર બને છે. આ બધું સંભવિત હતું એટલે કે તે વખતે યુવાન યુવતીઓ પુખ્ત વયે લગ્ન કરતાં, ગાંધર્વ લગ્નની તેમજ ઈચ્છિત પતિ કે પત્ની મેળવવાની સવલત હતી. યોગ્ય સમજણ પ્રાપ્ત કર્યા પછી, કેટલુંક આવશ્યક શિક્ષણ મેળવ્યા પછી તે જમાનામાં ગૃહસ્થાશ્રમ શરૂ થતો. સ્મૃતિકાળમાં મનુએ એ સમાજની મુક્તિમાં વિલાસિતા અને સ્વછંદતા જોયાં, નીતિનાં ઉલ્લંઘનો જોયાં, તેથી તેણે અને બીજા સ્મૃતિકારોએ અષ્ટવર્ષા ભવેર્ત્ કૌરી, નવ વર્ષા ચ રોહિણી જેવાં સૂત્રો આપી લગ્નની વયમર્યાદા અત્યંત નીચી આણી. પરિણામે સ્ત્રીશિક્ષણ નહિવત્ બન્યું. બાળલગ્નો, ફરજિયાત વૈધવ્ય, સતી થવાનો રિવાજ વગેરે હિંદુ સમાજની કેટલીક પ્રથાઓ અસ્તિત્વમાં આવી. લગભગ ગઈ સદી સુધી આ પરિસ્થિતિ ચાલુ રહી. અંગ્રેજી રાજ્યમાં હિંદુ લૉ પણ મનુસ્મૃતિના આધારે રચાયો, તેથી બાળલગ્નો તો ચાલુ જ રહ્યાં. આપણા સામાજિક સુધારકોના પ્રયાસોથી બાળલગ્ન પ્રતિબંધક કાયદો ૧૯૨૯માં અસ્તિત્વમાં આવ્યો. તેથી ખંદર વર્ષથી નીચેની કન્યા અને અઢાર નીચેના વરના લગ્ન કરાવનાર શિક્ષાપાત્ર ઠર્યા. ૧૯૫૫નો હિન્દુમેરેજ એક્ટ પણ અમુક સંયોગોમાં છૂટાછેડાની અને એકપત્નીત્વની સગવડ આપે છે, પરંતુ લગ્નની વયમર્યાદા તો ૧૯૨૯ના કાયદાની જ એટલે માત્ર કન્યાની જ વાત કરીએ તો ખંદરની રહે છે. વળી હિન્દુ લગ્ન એ કરાર નહિ, પણ ધાર્મિક વિધિ (સેક્રેમેન્ટ) હોઈને એકવાર થયેલું લગ્ન ગેરકાયદેસર હોય તો પણ ફોક થતું નથી. આથી બાળલગ્ન પ્રતિબંધક કાયદો હોવા છતાં ઘણાં બાળલગ્નો થતાં અને થાય છે.

સામાન્ય રીતે વ્યક્તિનો શારીરિક, બૌદ્ધિક અને માનસિક વિકાસ અઢારથી થાય છે. આજે જે રીતે સંયુક્ત કુટુંબો તૂટતાં જાય છે તે રીતે જોતાં વર અને કન્યા સંસારની જવાબદારી ઉપાડી લે તે ઉમરે ન પહોંચે ત્યાં સુધી લગ્ન કરવાં હિતાવહ નથી. પહેલાં અને હાલના ગ્રામીણ સમાજમાં બાળલગ્નો થતાં ત્યારે દંપતી કરતાં વડીલો આર્થિક અને બાળકોની સંભાળનો બોજો ઉપાડતાં. વળી કેટલાક સરસ રીવાજોને લીધે પુખ્તવયે પહોંચતાં પહેલાં વર અને કન્યાને સાથે રહેવાનું ઓછું બનતું. ઉપરાંત આજે છૂટાછેડાની જે સગવડ છે તેને લીધે પુખ્તવયે પહોંચ્યાં પહેલાં (ખંદર અને અઢાર) લગ્ન કરવામાં આવે અને બન્નેને એકબીજા સાથે ન ફાવે અને છૂટાછેડા માગે તેનાં કરતાં પુખ્તવયે પહોંચીને યોગ્ય વિચારપૂર્વક વરકન્યા પરણે તો કારણ વિનાના છૂટાછેડાના પ્રસંગો ન ઉદ્‌ભવે. શિક્ષણની દૃષ્ટિએ પણ લગભગ વીસ એકવીસની વયે કન્યા સ્નાતક સુધી પહોંચી જાય છે. આ બધી દૃષ્ટિએ વિચારીએ તો કન્યાની લગ્ન વય અઢારથી એકવીસ સુધી ઊંચી આણી હોય તો યોગ્ય ગણાય. પરંતુ આ તો છે આદર્શ. વાસ્તવમાં ભારત જે અનેક ગામડાંઓનો દેશ છે, ત્યાં શિક્ષણ વીશ વર્ષ જેટલું લાંબુ ચાલતું નથી. વળી ત્યાંનો સમાજ પણ આટલી મોટી વય કન્યાની સ્વીકારવા તૈયાર ન થાય. શહેરી સમાજમાં તો જ્યાં શિક્ષણ લેવાય છે ત્યાં આપોઆપ વયમર્યાદા ઊંચી ગયેલી જ છે. છતાં જેમ એક બાજુ ગ્રામીણ સમાજનો પ્રશ્ન છે, તેમ બીજી બાજુ ફીલ્મો વગેરેની અસરથી આપણી કિશોરીઓનું માનસ જે પ્રકારનું હોય છે, તેનો વિચાર કરતાં લગ્નની વયમર્યાદા ઘણી ઊંચી લાવવાથી બીજા અનેક પ્રશ્નો ઊભા થશે એમ લાગ્યા વિના રહેતું નથી.

વળી સામાજિક સુધારામાં કાયદો માત્ર બહુ ઓછો ફાળો આપી શકે છે. બાળલગ્ન પ્રતિબંધક જેવા અનેક કાયદાઓનો છડેચોક ભંગ થતો આપણે જોઈએ છીએ, તો જે કાયદો માત્ર અભરાઈએ ચડાવવા માટે જ હોય તેને અસ્તિત્વમાં લાવવાથી કશો લાભ મેળવી શકાય નહિ. જ્યાં સુધી યોગ્ય શિક્ષણનો પ્રચાર, સમજણનો વિકાસ થાય નહિ તેમજ લગ્નની ભાવનાની ગંભીરતા, દંપતી જીવનની જવાબદારી વગેરેનો આપણા યુવાન યુવતીઓને ચોક્કસ ખ્યાલ આવે નહિ ત્યાં સુધી માત્ર કાયદો ઠોકી બેસાડવાથી ફાયદો થાય નહિ. અને માત્ર કુટુંબનિયોજનની દૃષ્ટિએ તો નહિ જ નહિ. વસ્તી વધારાનો પ્રશ્ન હલ કરવા બીજા જ ઉપાયો હાથ ધરવાં પડશે. ઓછી સંખ્યામાં બાળકો ધરાવતા દંપતીને કરમાં રાહત આપીને પણ એ માર્ગે દોરી શકાય, પરંતુ સમાજ પોતાની જાગૃતિથી સુધારો લાવે નહિ ત્યાં સુધી કોઈ કાયદો લાદવાથી સુધારો થતો નથી.

સુદૃઢ, સ્વસ્થ, અને શિક્ષિત સમાજ માટે લગ્નની વયમર્યાદા કન્યાની અઢારથી ઓછી નહિ, અને વરની એકવીસથી ઓછી નહિ, એ આદર્શ ગણાય, પરન્તુ એ આદર્શ સિદ્ધ કરવા હાલ કોઈ કાયદામાં ફેરફાર કરવાની જરૂર નથી. એકાદ સદીમાં જ શહેરી સમાજે એ દિશામાં જે પ્રગતિ કરી છે તે જોતાં શિક્ષણના પ્રચાર સાથે યોગ્ય સમયે સમગ્ર ભારતમાં એ દિશામાં પ્રગતિ થશે એવી આશા રાખવી અસ્થાને નહિ ગણાય. ત્યાં સુધી તો ' મેલ કરવત મોચીના મોચી " એ જ અત્યારે તો સ્વીકાર્ય લાગે છે.

'ગુજરાત સમાચાર'માંથી સાભાર ઉધ્ધૃત સુરિમતા મેઢ

વસ્તુને શું જાણે વ્યાકરણી?

શું જાણે વ્યાકરણી? વસ્તુને શું જાણે વ્યાકરણી?
મુખ પર્યંત ભર્યું ઘૃત તદપિ સ્વાદ ન જાણે ભરણી?
વસ્તુને શું જાણે વ્યાકરણી?
સુંદર રીતે શાક વઘાર્યું, ભોગ ન પામે ભરણી,
અંતરમાં અગ્નિ વસે પણ, આનંદ ન પામે અરણી.
વસ્તુને શું જાણે વ્યાકરણી?
નિજ નાભિમાં કસ્તૂરી પણ, હર્ષ ન પામે હરણી,
દયો કહે, ધન દાટયું ઘણું જ્યમ ધનવંત કહાવે નિર્ધની.
વસ્તુને શું જાણે વ્યાકરણી?

દયારામ

સ્વદેશીની ભાવના

(થોડા સમય પહેલાં ઑલ ઈન્ડિયા રેડીઓ ઉપરથી પ્રસારિત કરવામાં આવેલ વાર્તાલાપ તે સંસ્થાની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ને દિને આપણો દેશ સ્વતંત્ર થયો ત્યાં સુધી તે પરદેશી સરકારની ધૂંસરીમાં સપડાયેલો હતો. બ્રિટીશ હકૂમત આપણી ઉપર રાજ્ય કરતી હતી એ તો ખરું જ, પણ આપણું આર્થિક ભવિષ્ય બ્રિટીશ શાહીવાદી ને સામ્રાજ્યવાદની નાગચૂડમાં ફસાએલું હતું. આઝાદી હાંસલ કર્યા પછી આપણે પરદેશી ધૂંસરી ફગાવી દીધી છે; આપણું આર્થિક ભવિષ્ય ઘડવાનો, આર્થિક વિકાસ સાધવાનો ને દેશની આબાદીને સમૃદ્ધિને માર્ગે ધપાવવાનો આપણે નિર્ધાર કર્યો છે.

શ્રી દાદાભાઈ નવરોજજી, શ્રી. ડીગ્બી, શ્રી રોમેશચંદ્ર દત જેવા અર્થશાસ્ત્રીઓએ લખેલા આર્થિક પ્રશ્નોને લગતાં પુસ્તકો અથવા સમકાલીન દેશ–નેતાઓનાં લખાણ જોઈએ તો આની પ્રબળ પ્રતીતિ થાય છે. અપાર ગરીબી, ઘર કરી બેઠેલી બેકારી, દુર્લક્ષ થયેલી ખેતી, અવારનવાર પડતા દુકાળો ને પાંગળો ને નામનો ઔદ્યોગિક વિકાસ, નીચું જીવનધોરણ–એ આર્થિક મહારોગનાં ભયંકર ચિહ્નો હતાં, જે આજે પણ નાબૂદ થયા છે એમ ન કહી શકીએ. માનચેસ્ટર અને લિવરપુલની મિલો ચાલે તે માટે આપણા કારીગરોના કાંડા કાપવામાં આવ્યા હતા ને મિલઉદ્યોગનો વિકાસ રૂંધવામાં આવ્યો હતો. ઈંગ્લેન્ડની ઉન્નતિ થાય, ને તેને અનુસરીને જ આપણા દેશની નીતિ ઘડાય એવી એ પરિસ્થિતિ હતી. આપણું રૂ ખેતરમાં ઉગે, તે પરદેશી રેલવે મારફતે, પરદેશી પેઢીઓ મારફતે, પરદેશી સ્ટીમરોમાં ઈંગ્લાન્ડ જાય ને તેમાંથી કાપડ બને. તેવી જ રીતે તે પાછું આવી જાય તથા ભારતના બજારોમાં ને ગામડાઓમાં ખડકાય. આર્થિક, શોષણ કોને કહેવાય એ સમજાવવા આના જેવો બીજો સારો દાખલો નહીં મળે. જેમ કાપડની બાબતમાં, તેમ બીજા પાકા માલની બાબતમાં. આને પરિણામે આપણો કાચો માલ રૂ, શણ, શીંગદાણા, ચામડાં, તમાકુની આપણે નિકાસ કરતા અને પાકો માલ–કાપડ–સુતરાઉ, ઉની અને રેશમી–કાચનો સામાન, કાગળ, સિમેંટ વિ. અનેક ચીજો આયાત કરતાં, સામ્રાજ્યવાદનું આ મુખ્ય લક્ષણ. આપણી સાધન-સંપત્તિનો કાચો માલ નિકાસ થાય ને પાકો માલ–ઉત્પાદિત માલ–આયાત થાય. આપણા દેશના ભોગે પરદેશના ઉદ્યોગોને કામ મળે, મૂડીને સારું વળતર મળે, મજૂરી ને વેતન મળે અને આપણે અવિકસિત અને કંગાળ, દશામાં સબડયા કરીએ. કહેવાય છે કે 'પહેલા વાવટો, પછી વેપાર, યુનિયન જેક આપણી ભૂમિપર ફરકયો તે સાથે ભારત–ઈંગ્લેન્ડના રાજકીય સિવાય આર્થિક સંબંધો દઢ બન્યા ને ભારતની આર્થિક ને ઔદ્યોગિક નીતિનું ઘડતર વિષમ રીતે–હાનિકારક રીતે–વ્હાઈટ હોલથી થવા લાગ્યું.

આ બધી હકીકતોની જાણ ને ઊંડી સમજણ દેશનેતાઓને થઈ, ને ન્યાયમૂર્તિ રાનડે, લોકમાન્ય તિલક, સુરેન્દ્રનાથ બેનરજી, મહર્ષિ ટાગોર, પૂ. મહાત્મા ગાંધીજીએ આ પરિસ્થિતિ તરફ જનતાનું લક્ષ કેન્દ્રિત કર્યું. નૂતન વિચારધારા પ્રગટી. ૧૯૦૫માં બંગભંગ વખતે બ્રિટીશ માલનો બહિષ્કાર એમ નિષેધાત્મક વિચાર જન્મ્યો; પૂ. ગાંધીજીએ તેને નિર્ણયાત્મક અને રચનાત્મક વળાંક આપ્યો. તે બની સ્વદેશી હિલચાલ. ભારતમાં ઉદ્યોગો સ્થાપવા જોઈએ તે માટે અથાગ પ્રયાસો શરૂ થયા. લોકોમાં એક એક પૈસો ઉઘરાવી ફંડ એકઠું થયું. તેમાંથી તળેગામની પૈસા ફેકટરી બની. લોકજાગૃતિનો આ જીવતો જાગતો દાખલો છે. સ્વદેશીની ઝુંબેશને કારણે આપણા મિલ ઉદ્યોગને પૂરો ફાયદો થયો ને તે ફૂલ્યો ને ફાલ્યો.

સત્યાગ્રહના દિવસોમાં આ ગીત તો ખૂબ લોકપ્રિય બન્યું.

'ચરખા ચલા ચલા કે લેંગે સ્વરાજ્ય લેંગે"

અને

'બહત્તર કરોડ રૂપિયા પરદેશ જા રહે હૈં.'

તમને જાણીને નવાઈ લાગશે કે આ પછી આખું ચક ફર્યું છે. હવે કાપડની આયાતો આપણે કરતા નથી, પણ કાપડની નિકાસ કરીએ છીએ, ને તે દ્વારા સારું એવું વિદેશી હુંડિયામણ પ્રાપ્ત કરીએ છીએ. સ્વદેશીની ભાવના શું ન કરી શકે તે બતાવવા આ પૂરતું નથી?

પૂ. ગાંધીજીના સ્વદેશીમાં મોટા ઉદ્યોગો, નાના ઉદ્યોગો ને ગ્રામોદ્યોગોનો ખાસ સમાવેશ થતો હતો. સ્વદેશી આંદોલનની પાછળ મહાત્માજીએ તેમનો પ્રાણ પૂર્યો હતો. ચરખાને તથા ખાદીને તેમણે તેમના આર્થિક કાર્યક્રમમાં અને સ્વદેશીના રચનાત્મક કાર્યક્રમમાં મધ્યબિંદુમાં રાખ્યા હતા. તેઓ કહેતા કે 'ચરખો તો ભારતીય અર્થતંત્રનું ફેફસું છે.' આ બધા પ્રયાસોથી ગામડાની પ્રજાને ફાયદો થયો. આજે પૂ. બાપુનો નિર્વાણ દિન છે. આજે જ સ્વદેશીની ભાવના સરકારે તેમ જ પ્રજાએ યાદ કરી, તેનો હોંશ અને ખંતથી અમલ કરવા પ્રતિજ્ઞા લેવી જોઈએ. આમાં જ પૂ. ગાંધીજીનું સાચું તર્પણ છે, દેશના નવનિર્માણની સુવર્ણ ચાવી છે, દેશના મૂંઝવતા પ્રશ્નોનો અસરકારક ઉકેલ છે.

જેમ લોકમાન્ય તિલકે ગર્જના કરી હતી કે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે," તેમ તેમણે દેશને વેધક બોધ આપ્યો હતો કે "જ્યારે જ્યારે તમે સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદો છો, ત્યારે ત્યારે તમારા દેશના બાંધવોના ભૂખ્યા મોમાં રોટીનો ટુકડો મૂકો છો." ખરું પૂછો તો નવાઈની વાત તો એ છે કે માતૃપ્રેમ, કુટુંબભાવના, સ્વદેશ પ્રેમ એ તે કાંઈ સમજાવવાની કે યાદ કરવાની ચીજો છે? પોતાના દેશ માટે સ્વદેશાભિમાન હોવું જ જોઈએ, ને પોતાનાં દેશમાં બનતી વસ્તુઓનો દરેકે દરેક નાગરિકે ઉપયોગ કરવો જ જોઈએ. એ કાંઈ શીખવવાની બાબત છે? પૂ. મહાત્માજીએ તેમની લાક્ષણિક ઢબે કહ્યું હતું કે સ્વદેશી તો મારો હક છે, મારી કુદરતી જવાબદારી છે. બીજા દેશોની ચીજો ગમે તેટલી આકર્ષક હોય, પણ તે જો મારા વિકાસને અવરોધે, કે મારા દેશના હિતોની આડે આવે, તો મને ન જ ખપે, ન જ ખપે.

સ્વદેશપ્રેમ અને સ્વદેશીના કેટલાક દાખલાઓ આપણે જોઈએ. સ્વદેશી ચળવળના જુવાળ વખતે એક નાની બાળકીએ પોતાના પરદેશી બૂટ ફેંકી દીધા! એવી રીતે, એક બીજા બાંદા બાળકે પરદેશી દવાઓ લેવાનું બંધ કર્યું!! લોકોએ ઠેરઠેર વિદેશી કાપડની ને વિદેશી માલની હોળીઓ સળગાવી એ તો જગજાહેર બાબત છે. દેશના મુક્તિ સંગ્રામમાં સ્વદેશીનો ફાળો મહામૂલો છે.

ઘણાં વર્ષો પહેલાં ઈંગ્લેન્ડમાં રાજા જ્યોર્જ રાજ્ય કરતો હતો. તેણે પોતાના ખાનગી મંત્રીને સૂચના આપી કે મારા કાગળો તારે ઈંગ્લેન્ડમાં બનેલા ટાઈપરાઈટર પર જ ટાઈપ કરવા, બીજા દેશમાં બનાવેલા ટાઈપરાઈટર પર નહીં. આ પછીથી ઈંગ્લેન્ડમાં ટાઈપરાઈટર બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો.

બીજી એક વાત. કોઈ એક જાપાની, કામ પ્રસંગે બીજા દેશમાં ગયો. તેણે ત્યાં યજમાન પાસે દીવાસળીની પેટી માગી, ને પોતાના દેશમાં બનેલી પણ મોંઘી દીવાસળીની પેટી માટે જ આગ્રહ રાખ્યો. તેને પૂછવામાં આવતાં તેણે જણાવ્યું કે બીજા દેશનો માલ ગમે તેવો સારો કે સસ્તો હોય પણ મારે શું કામનો? હું મારા દેશમાં બનેલો જાપાનીઝ માલ અવશ્ય પસંદ કરીશ, કારણ કે તેથી જાપાનની મજૂરીને, મૂડીને, કારખાનાને ને સમગ્ર દેશને ફાયદો થાય છે.

સ્વદેશીની ભાવનાના દઢ આગ્રહના આવા તો કેટલાંયે ઉદાહરણો આપી શકાય. આથી ઊલટું, આપણે ત્યાં એવા કેટલાંયે કમનસીબ દાખલાઓ છે, જે તમે જોયા ને જાણ્યા હશે, કે આપણા

દેશમાં બનેલો માલ પરદેશી છે એમ વેપારીઓ કહે છે ત્યારે જ ઘરાકો રાજીખુશીથી લે છે, ને સારા દામ આપે છે. આજે વિદેશી હૂંડિયામણની તીવ્ર તંગી વરતાય છે ત્યારે પરદેશથી ધમધોકાર આવતી ચીજો માટે લોકોને જરૂર આકર્ષણ નથી એમ કોણ કહી શકે? આમ હોવાથી જ આયાત થયેલો માલ તથા દાણચોરીના માલની સારી કિંમત ઊપજે છે. પરદેશી ચીજવસ્તુઓ સામે આપણા દેશની ઉપલબ્ધ ચીજવસ્તુઓને શોષવું પડે એ આપણી શરમ લેખાવી જોઈએ.

રાજકીય આઝાદી એ તો આર્થિક આબાદી તથા ઉત્કર્ષનું ભવ્ય પ્રવેશદ્વાર છે. આપણે તેમાં પ્રવેશ કર્યા પછી આ અઢાર વર્ષમાં ઉદ્યોગોને પગભર કરવા ને વિકસાવવા માટે જરૂરી જહેમત ઉઠાવવા માંડી છે. આર્થિક આયોજનનો એ તરફ મુખ્ય ઝોક છે ને ઝડપી ને વૈવિધ્યપૂર્ણ ઔદ્યોગીકરણ એ આપણી પોતાની નીતિ છે. ૧૯૧૪–૧૯ના યુદ્ધ દરમ્યાન અને તે પછીના ગાળામાં તથા ૧૯૩૯-૪૫ના યુદ્ધ દરમિયાન ને તે પછી આપણા ઉદ્યોગો ફૂલ્યા ને ફાલ્યા. અગાઉ ફક્ત કાપડ, કાગળ, સીમેન્ટ, શણ, રંગ, રસાયણ ઉદ્યોગો હતા. તેમાં પછીથી ઘણી વિવિધતા આવી. દેશમાં પેદા થતો કાચો માલ નિકાસ થવાને બદલે ઉદ્યોગોમાં વપરાવા લાગ્યો. આજે આપણે ત્યાં માત્ર વપરાશ માટેની ચીજોનાં કારખાના નહીં, પણ યંત્રો બનાવવાના જંગી કારખાના શરૂ થયાં છે. એ બધા ઉપર ઉડતી નજર નાંખીએ તો ઓટોમોબાઈલ, લોકોમોટીવ, વિમાન, સાયકલ, પ્લાસ્ટીક, સોલવન્ટ, મશીન ટૂલ્સ, સ્પેરપાર્ટસ, મશીનરી, રેડિયો, રેયોન, જહાજ બાંધવાનો ઉદ્યોગ, ટેલિફોન, એન્જીનિયરિંગ, ડીઝલ એન્જિન, શીવવાના સંચા, પંખા, ઈલેકટ્રીક ઉદ્યોગ–એમ વિવિધ ઉદ્યોગો સ્થપાયા છે ને પગભર થયા છે. એમાંનો કેટલોક માલ તો નિકાસ પણ થાય છે. આપણા કારખાનદારોએ પરદેશના કારખાનદારોની મદદથી પરદેશના કારખાના પણ શરૂ કર્યા છે. ભીલાઈ, રૂરકેલા ને દુર્ગાપુરમાં ત્રણ જંગી પોલાદનાં કારખાનાં ઊભા કર્યા છે. ચોથી યોજનામાં ચોથું પોલાદનું એકમ સ્થપાનાર છે. અગાઉના ત્રણ એકમો માટે યાંત્રિક સંચાઓ ને મશીનરી આયાત કરવી પડી હતી. ચોથા અને પાંચમાં પોલાદના એકમ માટે થનારી આયાતોનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું જશે.

આ વધતા જતા ઔદ્યોગીકરણના ધબકારા આપણા વિદેશ વેપારમાં પડે છે. પહેલાં જે આપણે પાકો માલ આયાત કરતા ને કાચો માલ નિકાસ કરતા તેમાં ફેર પડયો છે, ને હવે પાકો માલ પણ આપણે નિકાસ કરીએ છીએ, ને ઉદ્યોગોને ખાસ જરૂરી માલ સામગ્રીની ને અર્ધ પાકા માલની આયાતો કરીએ છીએ. આ ફેરફાર સૂચક છે, લાભદાયક છે. ઔદ્યોગીકરણની સીડીનાં પગથીયાં આપણે ઝડપથી ચઢતા જઈએ છીએ તેનો આ પુરાવો છે. આ દિશામાં આપણે વધુ ઝડપી પગલાં ભરવાં જોઈએ.

કોઈ પણ દેશ દુનિયા સામે પોતાના દરવાજા બંધ કરી શકતો નથી. આગળ વધવા માટે પરદેશની આયાતોની, મદદની ને જાણકારીની જરૂર રહે જ છે. આપણને આ સર્વ મળતું રહ્યું છે, જો કે ચોથી યોજનામાં આ બાબતમાં અનિશ્ચિતતા પ્રવર્તે છે. પરિસ્થિતિ ડામાડોળ છે. કેટલાક વખતથી આપણી નિકાસો ખાસ વધતી નથી, આયાતોનું પ્રમાણ ઘટતું નથી, તેથી વેપારનું પાસું આપણી વિરુદ્ધ રહે છે. હુંડિયામણની આપણે તીવ્ર તંગી અનુભવીએ છીએ. આ તાકીદના સંજોગોમાં જૂન ૧૯૬૬માં ભારતે રૂપિયાનું અવમૂલ્યાંકન કર્યું. રૂપિયાની વિદેશમાંની કિંમતમાં ૩૭ ૧/૨ ટકાનો ઘટાડો થયો. આનો હેતુ એ છે કે આપણી નિકાસો વધુ હુંડિયામણ રળશે, ને આયાતો દેશમાં મોંઘી પડશે. આમ થતાં, સ્વદેશીની ભાવનાને જોરદાર ટેકો મળે, જે મળવો જ જોઈએ. આયાત થતા માલને દેશમાં બનવા ઉત્તેજન મળશે. અત્યારના સંજોગોમાં જે જે સાધનસામગ્રી ને માલ-સામાન દેશમાં બને છે, તેનો માલ વાપરનાર, વેપારી, કારખાનદાર, ઉદ્યોગપતિ ને સરકારે સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. વૈજ્ઞાનિકો, સંશોધકો ને ઈજનેરો આ પ્રવાહને જોરદાર ટેકો આપી શકે. આજે વડાપ્રધાન ને દેશના બીજા નેતાઓ આપણને અવારનવાર હાકલ કરે છે કે સ્વાવલંબન ને સ્વમાનને માટે આપણે સ્વદેશીને મહત્ત્વ આપવું જોઈએ, તેનું હાર્દ પણ આ જ છે. **કાન્તિલાલ બરોડિયા**

સ્વ. ગુલાબચંદ તલકચંદ શેઠને અર્પાયેલી ભાવભરી અંજલિઓ

ભારત જૈન મહામંડળ, મુંબઈ જૈન યુવક સંઘ, જીવન જાગૃતિ કેન્દ્ર, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ, જૈન એજ્યુકેશન સોસાયટી, જૈન સોશિયલ ગ્રુપ, સર્વોદય એજ્યુકેશન સોસાયટી-મોરબી, રાજકોટ મિત્રમંડળ-મુંબઈ, મોરબી દશાશ્રીમાળી મિત્રમંડળ-મુંબઈ, ખંભાત જૈન ભ્રાતૃસભા, ટંકારા કેળવણી મંડળ, શેઠ બંધુ મંડળ– આ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧મી જૂનના રોજ સી. પી. ટેંક પાસે આવેલા હીરાબાગના સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે સદ્‌ગતના અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા માટે તેમના સ્વજનો, સ્નેહીઓ અને પ્રશંસકોની જાહેર સભા મળી હતી. આ પ્રસંગે શ્રી રિષભદાસ રાંકા, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી મગનલાલ પી. દોશી, શ્રી દુર્લભજી ખેતાણી, શ્રી જીવરાજભાઈ તથા જટુભાઈ મહેતાએ સદ્‌ગતને ભાવભરી અંજલિઓ આપી હતી. ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ચિન્તનપ્રેરક પ્રવચન કર્યું હતું અને ત્યાર બાદ નીચે મુજબનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો:–

"ઉપર જણાવેલ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧મી જૂનના રોજ મુંબઈ ખાતે મળેલી જાહેર સભા તા. ૧૩મી જૂનના રોજ જાણીતા સામાજિક કાર્યકર્તા શ્રીમાન ગુલાબચંદ તલકચંદ શેઠના એકાએક નીપજેલા અવસાન બદલ ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે. તેમનું જીવન સ્વદેશપ્રેમ અને સેવાભાવનાથી રંગાયેલું હતું; સૌરાષ્ટ્રમાં સ્વરાજ્યની લડતમાં તેમણે ભાગ લીધો હતો. વ્યાપારાર્થે થોડો સમય પરદેશમાં ગાળીને પાછા ફર્યા બાદ તેમના વડિલ બંધુ સ્વ. કેશવલાલ તલકચંદની પેઢીના વ્યાપારનો તેમણે ખૂબ વિકાસ કર્યો હતો અને સમય જતાં ઉદ્યોગના ક્ષેત્રમાં પણ તેમણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. લગ્ન બાદ થોડા સમયમાં તેમના પત્નીનું અવસાન થયા બાદ તેમણે ફરીથી લગ્ન કર્યું નહોતું અને સમય જતાં તેમના સ્મરણમાં રાજકોટ ખાતે 'કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ'ની સ્થાપના કરીને મોટા પાયા ઉપરની નારી સેવાની પ્રવૃત્તિ તેમણે શરૂ કરી હતી. રાજકોટમાં તેમણે બે હોસ્પિટલો અને હાઈસ્કૂલની સ્થાપના કરી હતી, આ ઉપરાંત રાજકોટની તેમ જ મુંબઈની અનેક સામાજિક સંસ્થાઓનાં દાનથી તેમણે નવાજી હતી. તેઓ સ્ટેટ્સ પીપલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર હતા અને જીવન જાગૃતિ કેન્દ્રના ઉપપ્રમુખ હતા અને સૌરાષ્ટ્રની તેમ જ મુંબઈની અનેક સામાજિક સંસ્થાઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયેલા હતા. ધનાઢય હોવા છતાં તેમનું જીવન અત્યન્ત સાદું અને સેવાલક્ષી હતું, લાખોનું દાન કરવા છતાં તેઓ નિરભિમાની અને અત્યન્ત વિનમ્ર હતા. તેમના અવસાનથી આપણા સમાજને એક સંનિષ્ટ કાર્યકરની અને ઉદાર દિલના સજ્જનની મોટી ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને આ સભા શાશ્વત શાન્તિ ઈચ્છે છે અને તેમના કુટુંબીજનોને આ સભા હાર્દિક સહાનુભૂતિ પાઠવે છે."

આ ઉપરાંત મુંબઈ તેમ જ રાજકોટ ખાતે સદ્‌ગતના અવસાન અંગે અનેક નાની મોટી સામાજિક સંસ્થાઓ તરફથી શોક સભાઓ ભરવામાં આવી હતી જેનો અહિ વિગતવાર ઉલ્લેખ કરવાનું અવકાશના અભાવે શક્ય નથી. આ હકીકત શ્રી ગુલાબચંદભાઈએ એમની સાથે સંબંધ ધરાવતા વિશાળ સમાજમાં કેટલું ઊંડું, સ્નેહ, આદર અને સદ્‌ભાવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તે સૂચવે છે. આચાર્ય રજનીશજીએ પ્રસ્તુત ઘટનાને અનુલક્ષીને શ્રી રમણલાલ સી. શાહ ઉપર એક પત્ર લખ્યો હતો. તેનો અનુવાદ નીચે મુજબ છે :

"શ્રી ગુલાબચંદભાઈના પરિવારને મારી તરફથી કહેશો કે તેઓ દુ:ખી ન થાય, કારણ કે શ્રી ગુલાબચંદભાઈ જે શાન્તિ અને આનંદપૂર્વક વિદાય થયા છે તે બહુ ઓછા ભાગ્યશાળી લોકોને ઉપલબ્ધ થાય છે. તેઓ પોતાની આ યાત્રા માટે બધી રીતે તૈયાર હતા. અને આ તૈયારી તેમણે એવા અનુભવ દ્વારા કરી હતી કે જે અનુભવ અમૃતનો છે. એવી મનઃસ્થિતિમાં મૃત્યુ સમાપ્તિ નહિ પણ અમૃતનો અનુભવ બની જાય છે. મને ખબર છે કે તેઓ એ તત્વને જાણી શક્યા હતા કે જે જાણવા માટે જીવન છે. આમ હોવાથી દુ:ખ અને ઉદાસીપૂર્વક નહિ પણ આનંદપૂર્વક તેમને વિદાય આપવી એ આપણું કર્તવ્ય બને છે."

શું લોકશાહી કરતાં સરમુખત્યારશાહી વધારે સારી છે?

(આકાશવાણી પરથી તા૦ ૧૪-૩-૬૭ના રોજ શ્રી ગગનવિહારી મહેતાએ આપેલા વાર્તાલાપને ટુંકાવીને મુળ અંગ્રેજી લખાણ ઉપરથી અનુવાદ કરવામાં આવ્યો છે. એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પણ વિષય અને એની રજુઆત આજના સંદર્ભમાં એટલી જ પ્રસ્તુત છે–અનુવાદક)

અવારનવાર આપણે કેટલાક મિત્રોને એમ કહેતાં સાંભળીએ છીએ કે "આપણે લોકશાહીને લાયક જ નથી" અથવા તો "આપણે ત્યાં પણ એકાદ અયૂબખાન જ પાકવો જોઈએ."

આ વાતો મોટે ભાગે તો ઉપરછલ્લી જ હોય છે અને લોકશાહી શાસનપદ્ધતિની ખામીઓ અને નિષ્ફળતાઓના કારણે જન્મેલી નિરાશામાંથી જ પ્રગટેલી છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ જો આ વિષયનું અન્વેષણ કરીએ તો જણાશે કે જે લોકો સરમુખત્યારવાળી શાસનપદ્ધતિને આવકારે છે તે લોકો પોતે જ સર્વસત્તાધીશ થવાની ઈચ્છા સેવતા હોય છે. આવા લોકો પણ કોઈ પણ સરમુખત્યારના રાજ્યમાં જીવી શકયા ન હોત. બર્નાર્ડ શોએ એક વાર સ્ટાલીન અને મુસોલીની માટે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં હતાં, પણ એમને પોતાને જ જો રશિયા કે ઈટાલીમાં રહેવાનું આવ્યું હોત, અને બ્રિટનમાં રહીને સરમુખત્યારશાહીના પક્ષમાં એમણે જેટલું જાહેર રીતે કહ્યું એનો અંશ પણ જો સરમુખત્યારશાહીની વિરુદ્ધમાં કહ્યું હોત, તો થોડી જ મુદતમાં કાં તો એ જેલમાં હોત અથવા એમના ઉપર ગોળી છૂટી હોત. તાત્પર્ય એ છે કે સરમુખત્યાર આપણને જોઈએ છે ખરો, પણ એવો કે જેની આપખુદી બીજાં પર ભલે ચાલે, પણ આપણાં પર નહીં.

કેટલાક બુદ્ધિશાળી અને આદર્શવાદી માણસો લોકકલ્યાણકારી સરમુખત્યારશાહી - Benevolent dictatorship—ને આવકારે છે. પરંતુ ખરી વાત તો એ છે કે કોઈ પણ સરમુખત્યાર લાંબા ગાળા સુધી સાચા અર્થમાં લોકકલ્યાણકારી રહી શકતો જ નથી. અમાપ સત્તાવાળો માણસ પોતાનાં સ્વાર્થમાં અને પોતાની ખુરશી ટકાવી રાખવા માટે, જેને એ જાહેર હિતની વાત ગણે છે એ સત્તાનો ઉપયોગ કરવાનો લોભ જતો કરી શકતો નથી. આફ્રિકા, લેટિન અમેરિકા તથા દક્ષિણ પૂર્વ એશિયાના કેટલાક દેશોમાં સરમુખત્યારોએ પોતાના દેશનાં હિતની વિરુદ્ધમાં જઈને પણ પોતાની સત્તા ટકાવી રાખ્યાના તથા અઢળક ધન ભેગું કર્યાનાં દાખલાનો તોટો નથી. કોઈ પણ દેશમાં સરમુખત્યારે પોતાની જાતે જ ચુંટણીદ્વારા પ્રજાનો મત જાણવાની ચેષ્ટા કરી હોય એવું બન્યું નથી. બળવો અથવા ક્રાન્તિ વિના કોઈ સરમુખત્યારને કદી પ્રજા ઊથલાવી શકી નથી. આમ બનતું અટકાવવાનો એકમાત્ર ઉપાય છે: રાજ્યશાસનના પ્રત્યેક કાર્યમાં પ્રજાને સાથે રાખીને લોકોને શાસનની કળા શીખવવી તે. પ્રખ્યાત બ્રિટીશ ઈતિહાસકાર લોર્ડ એકટને સાચું જ કહ્યું છે: "Power corrupts and aboslute power corrupts absolutely."

સરમુખત્યારીમાં અનિવાર્યપણે ઉપરના થરોમાં રૂશ્વતખોરી વધે છે, જ્યારે સામાન્ય પ્રજાનું નૈતિક ધોરણ નીચું ઊતરે છે. હું ભૂલતો ન હોઉં તો ટ્રોટ્સ્કીએ એકવાર કહ્યું હતું કે પક્ષ અથવા જૂથની સરમુખત્યારીનું પરિણામ એક જ વ્યકિતના આપખૂદ વર્ચસ્વમાં આવે છે. સરમુખત્યારશાહી કેટલાક પ્રશ્નો કે ઝઘડાઓનો તાત્કાલિક ઉકેલ કદાચ લાવી શકે, પણ જડ ઘાલી ગયેલા દર્દોનું કાયમી નિરાકરણ તે કરી ન જ શકે. સંઘરાખોરી કે નફાખોરીને ડામવા માટે અથવા વધતી જતી ભાવસપાટીને રોકવા માટે, થોડાંક ગુનેહગાર વેપારીઓને જેલમાં પૂરવા કે ગોળીએ દેવાનું અમુક સંજોગોમાં કદાચ વ્યાજબી હોઈ શકે, પણ તેમ કરવાથી દેશનાં આર્થિક પ્રશ્નોનું કાયમી નિરાકરણ આવતું નથી. દર્દનો ઉપરછલ્લો ઉપચાર થાય છે, પણ દર્દ મૂળમાંથી જતું નથી. પ્રગતિનો પંથ દુર્ગમ અને નિરાશા-નિષ્ફળતાઓથી અટવાયેલો જ હોય છે.

સૌથી વધુ તો સરમુખત્યારી એટલે નૈતિક નાદારી. સરમુખત્યારી વાળા રાજ્યોમાં લોકોનું નૈતિક ધોરણ નીચું ઉતરે છે, જ્યારે લોકશાહો એ રાજ્યશાસનની પ્રથા જ માત્ર નથી, પ્રજાજીવનની એક પદ્ધતિ છે. લોકશાહી લોકોનાં માત્ર ભલા માટે જ નહીં, તેમના સંતોષ માટે પણ છે. નિર્ણયો લેવામાં અને તેને અમલી બનાવવામાં પ્રજા જ્યારે ભાગ લે છે, ત્યારે જનતાનું હિત શેમાં છે એ જાણી શકાય છે. લોકશાહી શૈક્ષણિક પ્રકારની શાસનપદ્ધતિ છે અને તેથી ખૂબ મહત્વની છે.

એકવાર જો લોકશાહીને ત્યજી દઈએ તો કયાં પરિબળો આગળ આવશે અને પરિણામે જે ગેરવ્યવસ્થા ઊભી થશે તેમાં નેતા તરીકે કોણ બહાર પડશે તે કળવું મુશ્કેલ છે. પ્રો. હેરોલ્ડ લાસ્કીએ કહ્યું છે કે જો લોકશાહીનાં પક્ષની દરખાસ્તને હરાવતાં વીસ મિનિટ લાગે તો બીજી કોઈ પણ શાસનપ્રથાની પક્ષની દરખાસ્તને તો પાંચ-જ મિનિટમાં ઉડાવી શકાય. વધારેમાં વધારે મુકત રીતે અને જવાબદારીની સભાનતાપૂર્વક લોકોએ સ્થાપિત કરેલી સરકાર સિવાય સ્વતંત્રતા અને સમાનતા જેવા આદર્શો ટકી રહેવાં શકય નથી. એ સાચું છે કે લોકશાહીમાં પ્રગતિ જરા ધીમી અને કયારેક અકળાવે એવી લાગે છે, પણ ખરેખર તેમ હોવાનું અનિવાર્ય નથી.

બીજી બાજુ બહુ જલદ ઉપચારો ઘણીવાર ઉલટી જ અસર પેદા કરે છે. બે વિશ્વયુદ્ધોએ આપણને બતાવ્યું છે કે લોકશાહી સરકારો યુદ્ધના પડકારનો મક્કમપણે સામનો કરવાનો નિરધાર કરે છે તો રાજાશાહી અથવા સરમુખત્યારશાહીને હરાવી શકે છે.

આપખૂદ સત્તા વડે ઝડપી પ્રગતિ સાધી શકાવાના દાવાનો પણ જરા ઝીણવટપૂર્વક વિચાર કરવાની જરૂર છે. તેમાંના કેટલાક સદંતર અતિશયોકિતભર્યા હોય છે અને માત્ર પ્રચારલક્ષી જ હોય છે. ચીનની લશ્કરી તાકાતનો અંદાજ જેમ આપણે ઓછો આંકી ન શકીએ તેમ એક 'મીલટરી પાવર' તરીકેની તેની મર્યાદાને પણ આપણે સમજવી જોઈએ. ચીનની આર્થિક પ્રગતિ કેવી અને કેટલી છે તેમ જ વિકસતાં જતાં બીજા દેશોની સરખામણીમાં ત્યાંની પ્રજાનું જીવનધોરણ કેવું છે તેની કોઈને સાચી ખબર નથી. પણ એક વાત તો નક્કી છે કે ચીનની કોમ્યુન પદ્ધતિ નિષ્ફળ ગઈ છે અને તેનું "ગ્રેટ લીપ ફોરવર્ડ" હકીકતમાં તો લાખો લોકોને પીછેહઠ તરફ દોરી જનારું પુરવાર થયું છે. ચીને આણુવિજ્ઞાનના ક્ષેત્રમાં સારી એવી પ્રગતિ સાધી છે તેની ના નહીં, પરંતુ આ પ્રગતિનો અંદાજ કાઢવામાં આપણે માત્ર પરિણામોનો જ વિચાર કરવો ન જોઈએ. પણ જવાહરલાલ નેહરુ ભારપૂર્વક કહેતાં હતાં તેમ માનવતત્ત્વોનો પણ વિચાર કરવો જોઈએ.

બીજા શબ્દોમાં કહીએ તો આપણે આપણી જાતને એ પ્રશ્ન પૂછવાનો છે કે જો સરમુખત્યારશાહીના નામે જે પ્રગતિ સધાઈ હોવાનું કહેવામાં આવે છે તે સાધવામાં વ્યકિત- સ્વાતંત્ર્ય, માનવતાનું ગૌરવ અને સામાજિક સંબંધોના રૂપમાં આપણે શી કિંમત ચુકવી છે? નૈતિક મૂલ્યોને બાજુએ મૂકીને શું આપણે પરિણામોને માત્ર સંખ્યાના ગણિતથી જ માપીશું? શું આપણે સાધનોની પરવા કર્યા વિના માત્ર સાધ્યનો જ વિચાર કરીશું? બીનજવાબદાર અને આપખૂદ જુથે સર્જેલાં એક વિશાળ નિષ્પ્રાણ યંત્રનાં હાથા માત્ર બનવા જો આપણે તૈયાર હોઈએ તો આ પ્રશ્નનો કોઈ ઉત્તર નથી. પણ જો આપણે દેશનું અર્થકારણ સદ્ધર બનાવવું હોય અને માનવમાત્રને ઊંચે ઉઠાવવો હોય તો સરમુખત્યારી સિવાયની બીજી પદ્ધતિઓનો વિચાર કરવો જ રહ્યો.

આખરે રાજા પ્રજા માટે છે, પ્રજા રાજા માટે નથી.

અનુવાદક: મુળ અંગ્રેજી:
શ્રી સુબોધભાઈ એમ. શાહ **શ્રી ગગનવિહારી મહેતા**

પ્રકીર્ણ નોંધ

ભારતે દાખવેલો આરબ રાજ્યો પ્રત્યે આંધળો પક્ષપાત અને ઈઝરાઈલની કરેલી અક્ષમ્ય અવગણના

આજથી લગભગ વીશ વર્ષ પહેલાં સ્થપાયેલ ઈઝરાઈલને જડમૂળથી ઉખેડી નાખવા માગતા અને ઈઝરાઈલના અપ્રતિમ પુરૂષાર્થથી પરાસ્ત બનેલા - પરાજિત થયેલા ઈજીપ્ત અને આરબ રાજ્યો પ્રત્યે સંયુકત રાષ્ટ્રસંસ્થાની પરિષદમાં પ્રમાણબહારની સહાનુભૂતિ દાખવીને ભારતના વિદેશ ખાતાના પ્રધાન શ્રી ચાગલાએ ભારતને અત્યન્ત ટીકાપાત્ર બતાવ્યું છે અને એની Non–allignmentની–બીન-જોડાણની–તટસ્થતાની–નીતિને ભારે હાસ્યાપદ બનાવી છે. આરબ રાજ્યો સાથે ભારતનો સારો સંબંધ છે એને વિશેષ મજબૂત બનાવવાની દૃષ્ટિએ તેમ જ પાકિસ્તાન તરફથી યુદ્ધસદશ પ્રતિકૂળતા ઊભી થાય તો આરબ રાજ્યોની અનુકૂળતા ભારતના લાભમાં પરિણમે એવી અપેક્ષાથી, સંભવ છે કે, આવું વલણ અખત્યાર કરવામાં આવ્યું હશે. પાકિસ્તાને ભારત ઉપર ચઢાઈ કરી ત્યારે ઈજીપ્ત કે આરબ રાજ્યો ભારતની વ્હારે આવવાને બદલે તેમનું વલણ પાકિસ્તાનતરફી રહ્યું હતું એ હકીકત છે. તો હવેની કટોકટીમાં ઈજીપ્ત અને આરબ રાજ્યોની ભારત પ્રત્યે અનુકૂળતા રહેશે અમ માનવાને કાંઈ જ કારણ નથી. એટલે ઉપર જણાવેલી અપેક્ષા વધારે પડતી છે. આમ છતાં, આ જે હોય તે, પણ ઈજીપ્ત અને આરબ રાજ્યોને વ્હાલા થવાની તાલાવેલીમાં ઈઝરાઈલની તદ્દન ઉપેક્ષા કરવામાં આવે – ઈઝરાઈલ ૨૦ વર્ષથી સ્થપાયલું એક વ્યવસ્થિત રાજ્ય છે અને આજે તે રાજ્યને અન્ય રાજ્યો જેટલો જ સહઅસ્તિત્વનો અધિકાર છે–આ પાયાની બાબતની તદ્દન ઉપેક્ષા કરવામાં આવે અને ચોતરફ દુશ્મનોથી ઘેરાયલા અને બને તેટલી બાજુએથી નાકાબંધીના કારણે ગુંગળામણ અનુભવતા ઈઝરાઈલને ટકવું હોય તો તુર્તાતુર્ત આક્રમણ શરૂ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો એવી પરિસ્થિતિમાં ઈઝરાઈલે આક્રમણ શરૂ કર્યું એ સર્વત્ર સુવિદિત હોવા છતાં ઈઝરાઈલના આક્રમણને આગળ કરીને પ્રસ્તુત યુદ્ધ સંબંધમાં ઈઝરાઈલ જ દોષિત છે–આ જ વાતનું ફરી ફરીને રટણ કરવામાં આવે – આમાં આરબ રાજ્યો પ્રત્યેના અવિવેકભર્યા પક્ષપાત સિવાય બીજું કશું દેખાતું નથી. આ પ્રકારના એકાંગી વલણના કારણે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની પ્રતિષ્ઠાને ઘણો ધક્કો પહોંચ્યો છે.

પાલધર ખાતે અપાયલી બાલદીક્ષા

પ્રબુદ્ધ જીવનના ગયા અંકમાં પોતાના પતિ અને ૧૧, ૩ અને ૫ વર્ષનાં એમ ત્રણ બાળકોને તરછોડીને ચાલી નીકળેલી એક બાઈને દીક્ષા અપાયાના કરૂણ અને દર્દભર્યા કિસ્સાની વિગતો આપવામાં આવી હતી. આ વખતે જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સના ૧૫ વર્ષ પહેલાં મદ્રાસ ખાતે મળેલા અધિવેશનમાં કોઈ પણ દીક્ષાર્થીને દીક્ષા આપવા અંગે પૂરાં ૧૮ વર્ષની મર્યાદા જાહેર કરતા ઠરાવને ઠોકરે મારીને, અને એ કોન્ફરન્સના કાર્યવાહકોની પુષ્કળ સમજાવટને અપમાનભરી રીતે અવગણીને મુંબઈ નજીક આવેલા પાલધર ખાતે ગત જૂન માસની ૧૭મી તારીખે એક સ્થાનકવાસી મુનિએ એક બાર વર્ષના છોકરાને દીક્ષા આપ્યાના દુઃખદ સમાચાર પ્રગટ કરવાનું પ્રાપ્ત થાય છે.

આ દીક્ષા આપનાર પુષ્કર મુનિ પ્રસ્તુત બાલ દીક્ષિત નવીનકુમારને મુંબઈમાં આવીને દીક્ષા આપવા માંગતા હતા, પણ મુંબઈમાં સ્થાનકવાસી સંઘોનું એક સુવ્રિલષ્ટ સંગઠન છે અને એના ઉપર સ્થાનકવાસી કોન્ફરન્સનું પૂરું પ્રભુત્વ છે. ઉપર જણાવેલ મદ્રાસ અધિવેશનનો ઠરાવ આ મુજબ છે; "દીક્ષા દેવા માટે એ આવશ્યક છે કે જેને દીક્ષા આપવામાં આવે એ દીક્ષાના અર્થ અને મર્મને સમજી શકે. સાધુ જીવન ગ્રહણ કરવું એટલું મહત્ત્વનું છે કે જે બાલ્યાવસ્થાની બાદ જ કરવું જોઈએ. બાલદીક્ષાના અનેક પ્રકારનાં અનિષ્ટો વર્તમાનમાં જોવામાં આવે છે એ જોતાં કોન્ફરન્સ પૂજ્ય મુનિવરો તેમ જ મહાસતીઓને સવિનય પ્રાર્થના કરે છે કે તેઓ દેશકાળ તેમ જ સમયની ગતિવિધિનું ધ્યાન રાખીને તે અંગે રાજકીય કાનૂન બને એ પહેલાં ૧૮ વર્ષથી ઓછી ઉમ્મરના કોઈ પણ બાળકને દીક્ષા નહિ દેવાનો નિશ્ચય કરી દેશની સામે આદર્શ ઉપસ્થિત કરે. અગર કોઈ દીક્ષાર્થી થોડી ઓછી ઉમ્મરનો હોય અને તેની સર્વદેશીય યોગ્યતા માલુમ પડે તો કોન્ફરન્સના સભાપતિને અપવાદ રૂપે એને દીક્ષા આપવાના બારામાં સંમતિ આપવાનો અધિકાર આપવામાં આવે છે."

મુંબઈની ઉપર જણાવેલ પરિસ્થિતિ અને સ્થાનકવાસી કોન્ફરન્સનો ઉપર જણાવેલ ઠરાવ ધ્યાનમાં લઈને આ પુષ્કર મુનિની મુંબઈ આવીને દીક્ષા આપવાની હિંમત ન ચાલી અને પાલધર જેવા એક ખૂણે એક બાર વર્ષના છોકરાને મૂંડી નાંખવાનું તેમણે પસંદ કર્યું. સાંભળવા પ્રમાણે પાલધરનો સ્થાનકવાસી સંઘ પણ આ પ્રકારની બાલદીક્ષા આપવાની તરફેણમાં નહોતો, પણ પુષ્કર મુનિનો આ બાબતમાં સામનો કરવાની તેઓ તૈયારી દાખવી ન શકયા. પરિણામે ઉપર જણાવેલ બાલદીક્ષાનો અનર્થ નિર્માણ થયો છે.

આ સાધુ ચોમાસા માટે મુંબઈ આવી રહ્યા છે. જો મુંબઈનો સ્થાનકવાસી સંઘ અને સ્થાનકવાસી કોન્ફરન્સ ઉપર જણાવેલ ઠરાવ માટે આગ્રહ ધરાવતા હોય તો આવા ઉદ્દંડ સાધુને મુંબઈના કોઈ પણ ઉપાશ્રયમાં રહેવા માટે સ્થાન ન મળે એની તેમણે ખુરી તકેદારી રાખવી ઘટે છે.

આ બાબતમાં શ્વે. મૂ. વિભાગમાં અરાજકતા પ્રવર્તે છે અને આવી બાલદીક્ષા વિરૂદ્ધમાં કશી પણ ઉગ્રતાના અભાવે અવારનવાર બાલદીક્ષાના બનાવો બન્યા કરે છે. પણ સ્થાનકવાસી સમાજમાં એવી પરિસ્થિતિ નથી. થોડા સમય પહેલાં ૧૮ વર્ષમાં માત્ર બે મહિના ઓછા હતા એમ છતાં પણ અમુક દીક્ષાર્થી બહેનને દીક્ષા લેવા કે આપવાની સંમતિ સ્થાનકવાસી સંઘે આપી નહોતી. મુંબઈ આવી રહેલા પુષ્કર મુનિનો ખરી રીતે સ્થાનકવાસી સંઘે અને કોન્ફરન્સે બહિષ્કાર જાહેર કરવો ઘટે છે. આવા એક નાના બાળકને આજીવન દીક્ષાના વ્રતથી બાંધી લેવો એ ખરી રીતે માનવતાનો દ્રોહ કરવા બરાબર છે. આવા માનવતાદ્રોહીઓ સમાજના કોઈ પણ સન્માન કે આદરના અનધિકારી છે.

આજે ચોતરફથી બુમો સાંભળવામાં આવે છે કે જૈનોની સાધુ સંસ્થામાં ખૂબ સડો અને શિથિલતા વ્યાપેલી છે. આના મૂળમાં બાલદીક્ષા અને અપરિપકવ વૈરાગ્યની દશામાં અપાતી દીક્ષાઓ છે. આ બન્ને બાબતમાં જૈન સમાજ સખ્તાઈ નહિ દાખવે તો આ સડો અંદરોઅંદર વધતો જ જવાનો છે અને એમ છતાં બહારની દુનિયા એ સંબંધમાં બહુ ઓછું જાણવાની છે. ગમે તેટલી અટકાયતો મૂકો પણ ઉમ્મર ઉમ્મરનું કામ કરે જ છે; દબાયલી અને દબાતી રહેતી જાતિગત ઈચ્છાઓ વધારે ને વધારે જોર કરતી બહાર આવે છે અને સીધા નહિ તો આડકતરા ઉપાયો દ્વારા પરિતૃપ્તિ શોધે છે. આનું પરિણામ માનસિક વિકૃતિઓ પેદા કરવામાં અને સાધુના વેશમાં Abnormal–અપ્રાકૃત–માનવીઓ નિર્માણ કરવામાં આવે છે. જૈન સમાજમાં પ્રચલિત દીક્ષાની પ્રથાનું મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પૂરું સંશોધન થવાની જરૂર છે અને જો સાધુસંસ્થાને સડા અને શિથિલતાથી મુકત રાખવી હોય તો વર્ષોની પૂર્વતાલીમ અને યોગ્યતાની પ્રતીતિ કરાવ્યા સિવાય કોઈ પણ દીક્ષાર્થીને દીક્ષા આપી ન જ શકાય એવો સર્વત્ર પ્રબંધ ઊભો કરવાની ખાસ જરૂર છે.

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત: ઈ. સ. ૧૯૬૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ગત વર્ષનો વૃત્તાંત રજૂ કરતાં અમે હર્ષ અનુભવીએ છીએ. ગત વર્ષની પ્રવૃત્તિ યથાવત ચાલુ રહી હતી. અલબત્ત કોઈ વિશિષ્ટ પ્રવૃત્તિ કે વિશિષ્ટ કાર્ય યા તો પ્રવાસ-પર્યટન થયા નથી- એનું થોડું દુઃખ અમને છે જ. આમ છતાં ય ૩૮ વર્ષ પૂર્વે પ્રકટેલ કાર્ય અને જ્ઞાનજ્યોત, સિંચીત થયેલી સેવા અને સંસ્કારની સુવાસ, આજે ૩૯મા વર્ષનાં પ્રવેશ સાથે ય ચાલુ છે એટલું જ નહિ, સંઘ આજે શહેરનાં એક સુંદર સંસ્કારકેન્દ્ર તરીકે સૌનું ધ્યાન ખેંચે છે.

સંઘ ઈ. સ. ૧૯૬૭ના પ્રારંભ સાથે ૩૯મા વર્ષમાં પ્રવેશી ચૂકેલ છે. આ વૃત્તાંત કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૧૮-૬-'૬૬ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે તા. ૮-૭-'૬૭ સુધીનો છે, જ્યારે વહીવટી દૃષ્ટિએ ૧લી જાન્યુઆરી ૧૯૬૬થી ૩૧ ડીસેમ્બર ૧૯૬૬ સુધીનો છે.

'પ્રબુદ્ધ જીવન'

સંઘનું ગૌરવવન્તુ મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી સામયિકોમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલ છે. લેખોની પસંદગીમાં એનાં તંત્રી મુરબ્બી શ્રી પરમાનંદભાઈ એક શિલ્પકારની દૃષ્ટિ રાખી રહ્યા છે અને ચાળી ચાળીને શ્રેષ્ટ અને સુંદર લેખોને પ્રબુદ્ધ જીવનમાં સ્થાન આપી 'પ્રબુદ્ધ જીવન'ને કલાત્મક અને જીવન્ત બનાવે છે એમ કહેવામાં જરાય અતિશયોકિત નથી. 'પ્રબુદ્ધ જીવન'માં જાહેર-ખબર ન લેવી એવો સિદ્ધાંત સંઘે શરૂઆતથી જ સ્વીકાર્યો છે અને આથી 'પ્રબુદ્ધ જીવન"નું ધોરણ ઘણું ઊંચું રહ્યું છે. એ સાથે એને આર્થિક રીતે સહન પણ કરવું પડે છે ગત વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ને રૂા. ૫૧૨૧/૩૫ની આવક થઈ છે, જ્યારે રૂા. ૮૮૮૮/૧૪નો ખર્ચ થયો છે, પરિણામે રૂા. ૩૭૬૬/૭૯ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના રૂા. ૧૫૦૦/૦૦ મળે છે તે જો ન ગણીએ તો ખોટ રૂા. ૫૨૬૬/૭૯ની ગણાય. સૌરાષ્ટ્ર ટ્રસ્ટનો એમની ભેટ માટે ખૂબ આભાર માનીએ છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘ સંચાલિત આ વાચનાલય અને પુસ્તકાલય આ વિસ્તારનાં મધ્યમવર્ગ માટે આશીર્વાદરૂપ બન્યું છે. અત્યાર સુધીમાં આ જ્ઞાન-પરબનો કેટલી મોટી સંખ્યામાં લાભ લેવાયો હશે એનો વિચાર કરીએ ત્યારે આ પ્રવૃત્તિ કેટલી મહત્ત્વની છે એનો સહેજે ખ્યાલ આવે છે. આજે તો વાચનાલય અને પુસ્તકાલયને સંઘની જગ્યા અતિ સાંકડી પડે છે. ધારીએ તેટલાં પુસ્તકોને વસાવી શકાતા નથી. નવાં પ્રકાશનો વસાવતા જૂના પુસ્તકો જેને પણ સાચવવું જરૂરી હોય છે, એને જગ્યાને અભાવે વિદાય દેવી પડે છે, એટલે વાચનાલય અને પુસ્તકાલયને આજે વિશાળ જગ્યાની ખૂબ ખૂબ જરૂરત છે. તદુપરાંત વાચનાલય અને પુસ્તકાલયને એની ખાસ કોઈ જૂદી આવક નથી. એટલે એનાં સંચાલન પાછળ પણ સારો એવો ખર્ચ થતો હોવાથી સારી એવી આર્થિક નુકસાની પણ આવે છે અને આ માટે 'નાટક'નો એકાદ ચેરીટી શૉ લઈને ઉભેલી ખોટ પૂરી કરી આ જ્ઞાનપરબ માટે સારું એવું ભંડોળ ઊભું કરવા અમે સૌ મિત્રોને સૂચન કરીએ છીએ.

આપણા આ પુસ્તકાલયનો લાભ લેનારની સંખ્યા ૩૭૫ આસ-પાસ છે, જ્યારે વાચનાલયનો લાભ લેનાર રોજના ૧૨૫થી ૧૫૦ ભાઈઓ અને બાળકો છે. અહિં કુલ્લે ૧૦૦ સામયિકો આવે છે. જેમાં ૭ દૈનિક, ૨૧ સાપ્તાહિક, ૧૨ પાક્ષીક, ૫૩ માસિક, ૨ ત્રિમા-સીક અને ૫ વાર્ષિક છે. ભાષાવાર જોઈએ તો અંગ્રેજી ૬, હિન્દી ૯ અને ગુજરાતી ૮૫ આવે છે.

ગત વર્ષ દરમિયાન પુસ્તકાલયમાં રૂા. ૯૪૦/૩૭ના નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યાં છે. પુસ્તકાલયમાં એક 'ગાંધી સાહિત્ય'નો ખાસ વિભાગ પણ ઊભો કરવામાં આવ્યો છે, જેમાં ગાંધી-સાહિત્ય અને સર્વોદય સાહિત્યનાં છેલ્લામાં છેલ્લા પ્રકાશનો મૂકવામાં આવ્યાં છે. આ વિભાગ માટે સ્વ. શ્રી રજનીકાન્ત દલીચંદના સ્મરણાર્થે એમના કુટુંબીજનો તરફથી એક લોખંડનો શો કેસ આપ-વામાં આવ્યો છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૭૬૨૬/૨૦નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૫૫૩૯/૮૩ની થઈ છે (જેમાં મ્યુનિસિપાલીટીની રૂા. ૧૦૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૨૦૮૬/૩૩ની ખોટ આવી છે. આગલા વર્ષોની રૂા. ૬૪૧૨/૩૪ની ખોટ ઊભી જ છે. તેમાં આ ખોટ ઉમેરતાં રૂા. ૮૪૯૮/૬૭ની ખોટ ઊભી રહે છે એટલે જો હવે એકાદ ચેરીટી શૉ લઈને રૂા. ૧૫૦૦૦થી ૨૦૦૦૦ ઊભા ન કરીયે તો વાચનાલય અને પુસ્તકાલયનું ઉધાર પાસું વધી જશે અને સંસ્થા માટે એ ભારણ વધારે પડતું થશે. આ તબકકે અમને એક બીજું પણ સૂચન કરવાનું મન થાય છે. સભ્યો એમને ત્યાં આવતા શુભ પ્રસંગે આ જ્ઞાનપરબને યાદ કરે અને ઉદાર રકમ નોંધાવે, તો પણ ખોટ સહેજે હળવી બને.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના પ્રાણ સમી ત્રીજી પ્રવૃત્તિ તે પર્યુષણ વ્યાખ્યાનમાળા. વર્ષોથી ચાલતી આ વ્યાખ્યાનમાળાએ આજે સારી એવી સુવાસ જૈન અને જૈનેતરોમાં ફેલાવી છે. 'પર્યુષણ'ની ઈંતેજારી વધારે કે 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'ની વધારે એમ પ્રશ્ન પૂછવાનું આજે સહેજે મન થાય છે. ધર્મ, શિક્ષણ, અને કેળવણીમાં આજે એટલાં મૂલ્ય-પરિવર્તનો થયાં છે કે આજે અંધશ્રદ્ધા અને રૂઢીચુસ્તતાએ સમાજ-માંથી મહદંશે વિદાય લીધી છે અને સ્વતંત્ર વિચારશકિતનું સર્જન થયું છે અને એથી જ આ વ્યાખ્યાનમાળા પર્યુષણ દરમિ-યાન એક અનોખું આકર્ષણ જમાવે છે અને ગમે તેટલાં મોટાં સભાગૃહો મેળવવા છતાં શ્રોતાઓને સમાવવા એ નાનાં જ પડે છે.

ગત વર્ષ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૧ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર સુધી—એમ આઠ દિવસ માટે અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વખતે આઠે ય દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રિડા કેન્દ્રના વ્યાખ્યાન હોલ જેવા વિશિષ્ટ સ્થળે યોજવામાં આવી હતી. આ વખતના વ્યાખ્યાતાઓ નીચે પ્રમાણે છે:

શ્રી ગગનવિહારી મહેતા	**શ્રી ઉછરંગરાય ન. ઢેબર**
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	**શ્રીમતી ઉષા મહેતા**
શ્રીમતી સૌદામિનીબહેન મહેતા	**શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**
શ્રીમતી મૃણાલિની દેસાઈ	શ્રી નવલભાઈ શાહ
શ્રી એચ. એમ. પટેલ	**શ્રી એચ. એન. બેનરજી**
શ્રી ગોકુળભાઈ ભટ્ટ	**શ્રી કાકાસાહેબ કાલેલકર**
શ્રીમતી હર્ષિદા પંડિત	**આચાર્ય રજનીશજી**

આમાં શ્રી એચ. એન. બેનરજીના એક જ વિષય ઉપર બે દિવસના બે વ્યાખ્યાનો રાખ્યાં હતાં. છેલ્લા દિવસે શ્રી અજિત શેઠ તથા નિરૂપમા શેઠે ભકિતગીતો ગાયા હતા.

વૈદ્યકીય રાહત

સંઘના કાર્યાલયમાં વૈદ્યકીય સારવાર માટેનાં સાધનો રાખવામાં આવેલ છે. વૈદ્યકીય રાહત અંગે જે દવાઓ તથા ઈંજે-

કશનો વિ. આપવામાં આવે છે તેમાં ગયા વર્ષે રૂ. ૧૩૦૯/૧૩ની મદદ આપવામાં આવી હતી, તેમાં આગલા વર્ષની રૂ. ૧૩૪૬/૯૭ ની ઊભેલી લેણી રકમ ઉમેરતાં રૂ. ૨૬૫૬/૧૦ની રકમ થઈ, તેમાંથી ચાલુ વર્ષે આ ખાતામાં ભેટમાં મળેલા રૂ. ૧૦૬૧/૦૦ની રકમ બાદ કરતાં વર્ષની આખરે વૈદ્યકીય રાહત ખાતે રૂ. ૧૫૯૫/૧૦ની રકમ લેણી રહે છે.

આ વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો અને સન્માનસમારંભો

(૧) **તા. ૨જી ઑગસ્ટ**ના રોજ સાંજના પાંચ વાગ્યે બીરલા માતુશ્રી સભાગારની બાજુએ, ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા 'મનોહર'માં શ્રી વિમલાબહેન ઠકારનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો.

(૨) **તા. ૨૭ ઑગસ્ટ** શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે મસ્જીદબંદર રોડ ઉપર આવેલા શ્રી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલસીડઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં શ્રી કિસનસિંહ ચાવડાનું "હિમાલયની વિભૂતિ"એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૩) **તા. ૫ મી નવેમ્બર** શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે મસ્જીદબંદર ઉપર આવેલા ધી ગ્રેઈન રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં અમદાવાદની શિક્ષણ સંસ્થા 'શ્રેયસ'ના સ્થાપક શ્રીમતી લીનાબહેન મંગળદાસનું, તેમની સંસ્થા 'શ્રેયસ'ની વિવિધ પ્રવૃત્તિઓ વિષે એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૪) **તા. ૬ ડીસેમ્બર** મંગળવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘ તરફથી, સંઘના કાર્યાલયમાં "અદ્યતન રાજકારણી પરિસ્થિતિ"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૫) **તા. ૪ ફેબ્રુઆરી-૧૯૬૭** શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા થીઓસોફી હોલમાં દેશવ્યાપી ચૂંટણીનાં સંદર્ભમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી જૈન સોશ્યલ ગ્રુપ તથા શ્રી ઝાલાવાડ સોશ્યલ ગ્રુપ-એમ ત્રણ સંસ્થાના સંયુકત ઉપક્રમે શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે "મતપ્રદાન સમસ્યા"એ વિષય ઉપર એક જાહેર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં શ્રી સી. એલ. ધીવાલા, ડૉ. આણુ દસ્તુર તથા પ્રો. ઉષાબહેન મહેતાએ ભાગ લીધો હતો.

(૬) **તા. ૪ માર્ચ-૧૯૬૭** શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે મસ્જીદબંદર રોડ ઉપર આવેલા ધી ગ્રીન રાઈસ એન્ડ ઑઈલ સીડઝ મરચન્ટસ એસોસીએસનના હોલમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા જૈન સોશિયલ ગ્રુપના સંયુકત ઉપક્રમે "ચૂંટણીના પરિણામોની સમીક્ષા"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૭) **તા. ૧૭ એપ્રિલ-૧૯૬૭** સોમવારના રોજ ધી ગ્રેન રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં શ્રી શાન્તિલાલ શાહ દિલ્હીની લોકસભામાં ચૂંટાયા અને શ્રી ભાનુશંકર યાજ્ઞિક મહારાષ્ટ્રની વિધાનસભામાં ચૂંટાયા અને મહારાષ્ટ્ર રાજ્યના પ્રધાન મંડળમાં નિમાયા, આ અંગે તે બન્ને વ્યકિતઓનું સન્માન કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું.

(૮) **તા. ૧૦ જૂન-૧૯૬૭** શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૯) **તા. ૨૪ જૂન ૧૯૬૭** શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવકસંઘના ઉપક્રમે મસ્જીદબંદર ઉપર આવેલા ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં ઋષિકેશમાં વસતા ધી સ્પીરીચ્યુઅલ રીજનરેશન મુવમેન્ટ ફાઉન્ડેશનના પ્રસ્થાપક પરમ પૂજ્ય મહર્ષિ મહેશ યોગીનું "આધ્યાત્મિક અનુભૂતિ"એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૧૦) **તા. ૧લી જુલાઈ ૧૯૬૭**ના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં દિલ્હી નિવાસી પ્રજ્ઞાચક્ષુ ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રીનું "સંસ્કૃતિ કે ભૂત" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૮ સભાઓ બોલાવવામાં આવી હતી અને એક અસાધારણ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી.

સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂ. ૮૨૭૩/૬૭નો થયો છે, આવક રૂ. ૧૫૭૭૪/૦૬ની થઈ છે અને સરવાળે રૂ. ૭૫૦૦/૩૯નો વધારો રહ્યો છે. તેમાંથી પ્રબુદ્ધ જીવનને લગતી ખોટ રૂ. ૩૭૬૬/૭૯ બાદ કરતા વર્ષની આખરે રૂ. ૩૭૩૩/૬૦નો વધારો રહ્યો છે. આપણું જનરલ ફંડ ગયા વર્ષે રૂ. ૧૫૭૭૪-૩૯ હતું, તેમાં આ વર્ષનો વધારો રૂ. ૩૭૩૩/૬૦ ઉમેરતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂ. ૧૯૫૦૭/૯૯નું રહે છે.

આપણું રીઝર્વ ફંડ રૂ. ૨૬૭૦૪/૮૯નું છે.

સંઘે ૩૮ વર્ષ પૂરાં કર્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયે ૨૭ વર્ષ પૂરાં કર્યાં છે અને પ્રબુદ્ધ જીવને ૨૮ વર્ષ પૂરાં કર્યાં છે.

સંઘની ઉપરની પ્રવૃત્તિઓ ઉપરાંત ગત વર્ષમાં આપણે બિહાર દુષ્કાળ રાહત માટે રૂ. ૬૯૬૧/૦૦ ભેગા કરી શકયા તેમજ સાંધ્યાબંધ કપડાંઓ પણ બિહાર મોકલી શકયા હતા. વળી સંઘના કાર્યાલયમાં મુંબઈની લાયન્સ કલબ તરફથી એક પેટી મૂકવામાં આવી છે. જેમાં વપરાયા વગરની પડી રહેલી દવાઓ મૂકવામાં આવે છે અને આ દવાઓ જરૂરિયાતવાળા મધ્યમ વર્ગમાં મફત વહેંચી દેવામાં આવે છે. વધતી જતી મોંઘવારીના કારણે ગત વર્ષમાં સંઘને ન છૂટકે પ્રબુદ્ધ જીવનનું લવાજમ રૂ. ૪ માંથી રૂ. ૭ કરવાનો તેમજ સભ્ય લવાજમ રૂ. ૫માંથી રૂ. ૧૦ કરવાનો નિર્ણય લેવો પડયો છે. આ નિર્ણયથી પ્રબુદ્ધ જીવનની ગ્રાહક સંખ્યા કે સંઘની સભ્ય સંખ્યા ઘટી નથી એ માટે ગ્રાહકોનો અને સભ્યોનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

અંતમાં, સંઘ ઉત્તરોત્તર વિકાસ પામે, એની પ્રવૃત્તિમાં નાવિન્ય આવે એવી અમારી ભાવના છે. સંઘને એક વિશાળ મકાન હોય એ સ્વપ્ન આજના તબકકે વધારે પડતું ગણાય પણ સંઘને એક વિશાળ હોલ હોય, ત્યાં સુંદર વાચનાલય-પુસ્તકાલય ચાલતું હોય-અભ્યાસ વર્તુલો ચાલતા હોય-સ્વચ્છ અને સુંદર વાતાવરણ હોય આ સ્વપ્ન તો જરૂર વધારેપડતું નથી જ. પણ એ કયારે સાકાર થશે ? શું સ્વપ્ન અને સિદ્ધિની વચ્ચે વર્ષોનાં વર્ષો સરી જશે ? આનો જવાબ આપ સૌ ઉપર છોડીએ છીએ.

આ વૃત્તાંત પુરો કરીએ તે પહેલાં અમે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તથા સૌરાષ્ટ્ર ટ્રસ્ટનો તેમના આર્થિક સહકાર માટે, તેમ જ મુંબઈ સમાચાર, જન્મભૂમિ અને જનશકિત વિ. દૈનિક પત્રોનો તથા જૈન સામયિકોનો તેમના સહકાર માટે આભાર માનીએ છીએ.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ.
મંત્રીઓ, મુંબઈ, જૈન યુવક સંઘ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.
વ્યાજનાં :		
સીક્યુરીટીઓનાં	૧૬૦-૦૦	
ડીબેન્ચરોનાં	૧૨૫૨-૫૦	
		૧૪૧૨-૫૦
ભેટનાં	૨૦૬૭-૦૦	
પુસ્તકોનાં લવાજમનાં	૮૩૮-૦૦	
		૨૯૦૫-૦૦
મ્યુનીસીપાલીટી ગ્રાન્ટના		૧૦૦૦-૦૦
પરચુરણ આવકનાં :		
પસ્તી વેચાણના	૧૬૨-૧૨	
પાસબુક વેચાણના	૫૩-૩૫	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જવાથી દંડના	૬-૯૦	
		૨૨૨-૩૭
		૫૫૩૯-૮૭
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૨૦૮૬-૩૩
		કુલ રૂ. ૭૬૨૬-૨૦

ખર્ચ	રૂ. પૈ.	રૂ. પૈ.
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચનાં:		
પેપર લવાજમનાં	૫૦૦-૧૨	
પગારના	૪૬૧૯-૫૨	
મકાન ભાડાનાં તથા વીજળી ખર્ચના	૫૨૯-૪૪	
પુસ્તક રીપેર્સ–બુક-બાઈન્ડીંગ ખર્ચના	૯૬-૩૭	
		૫૭૪૫-૪૫
વ્યવસ્થા ખર્ચ :		
ફરનીચર રીપેર્સ, ઈલેકટ્રીક-રીપેર્સ તથા પરચુરણ ખર્ચ	૨૬૬ ૨૦	
વીમાનાં પ્રીમીયમનાં	૪૮-૭૫	
ઓડિટરોને ઓનેરેરીયમ	૭૫-૦૦	
સ્ટેશનરી તથા છપામણી ખર્ચ	૪૨૧-૨૦	
		૮૧૧-૧૫
ઘસારાનાં:		
ફર્નીચર પર	૧૦૧-૨૦	
પુસ્તકો પર	૭૬૨-૦૦	
		૮૬૩-૨૦
પ્રોવિડન્ડ ફંડના ફાળાનાં		૨૦૬-૪૦
		૭૬૨૬-૨૦

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર માલુમ પડયો છે.

મુંબઈ. તા. ૧૨-૬-૧૯૬૭

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

* અનોખી ચળવળ *

જાપાન દેશમાં એક અનોખા પ્રકારની ચળવળ ચાલી રહી છે. એનું નામ છે 'નાનાં નાનાં ભલાઈનાં કાર્યો કરવાની ચળવળ.' બન્યું એવું કે બસને માટે લાગેલી લાંબી કતારમાંથી એક માણસ ધક્કામૂકી કરીને બસમાં ચડી જતો હતો તેને બીજા માણસે રોકયો એટલે પહેલા માણસે રોકનાર માણસને જોરથી ઠોંસો લગાવી દીધો. પેલા માણસે પોલિસમાં ફરિયાદ નોંધાવી. આ તો સર્વ સામાન્જિક વાત થઈ. બધે આવું જ બને છે. પણ જાપાન દેશમાં આવું બને તે ચાલે નહીં. જાપાન એટલે વિનય અને વિનમ્રતાને ગળથુથીમાં પીનારો પ્રદેશ. ત્યાં આવી ગુંડાગીરી થાય એ કેમ સંખાય ? વર્તમાનપત્રોએ આ વાત ઉપાડી લીધી. નાનાસરખા આ સમાચારને વર્તમાનપત્રોએ મોટા મથાળા બાંધીને ચમકાવ્યા. 'વિનય, વિવેક અને નમ્રતા માટે પ્રખ્યાત એવા આપણા આ દેશમાં આવું થાય જ કેમ ?' ગલીએ ગલીએ વર્તમાપપત્રોના ખબરપત્રીઓ ફરી વળ્યા. વાણી ને વર્તન બન્નેમાં વિનયનો અભાવ દેશભરમાં વ્યાપી ગયો હતો એવી ચોંકાવનારી ખબર એ લોકો લઈ આવ્યા. કોઈ સભ્યતાથી જવાબ આપતું નથી, કોઈ સામા માણસને મુશ્કેલીમાં મદદ કરવા તૈયાર જ નથી, રસ્તા ઉપર મવાલીઓ મશ્કરી કરે છે. દાઢીયાઓ ડોલતા હોય છે ને છતાં પણ રાહદારીઓનું રુંવાડુંય ફરકતું નથી. સરકારી ઓફિસના કર્મચારીઓએ સભ્યતા અને સરળતા તો જાણે ગીરવે મૂકી દીધી છે. આ બધામાં નિર્બળ, અશકત કે સ્ત્રી બાળકોને મદદ કરવાની વાત જ ક્યાં રહી ? કંઈક કરવું જોઈએ.

સામાને મદદરૂપ બનો

આ અવિનયને ટાળવાના પ્રયાસોમાંથી જન્મી નાનાં ભલાઈભર્યાં કાર્યો કરવાની ચળવળ. ટોકિયો વિદ્યાપીઠના અધ્યક્ષ કાયા સોજીએ આ વાતમાં ખાસ રસ લઈને એક સૂત્ર રજૂ કર્યું : " જાતે તણાઈને પણ સામા માણસને મદદરૂપ થઈ પડો." એટલું જ નહિ પણ આ સૂત્રનો અમલ કરનારાઓની એક સંસ્થા ઊભી કરી. નાનાં નાનાં ભલાઈનાં કાર્યો શોધી કાઢી એને જાહેરાત આપવી અને આ કાર્ય બદલ એક નાનો સરખો ચંદ્રક આપવો એ આ સંસ્થાનું કાર્ય હતું. ચંદ્રક ઉપર સૂર્ય અને ફૂલને પ્રતિકરૂપે આલેખવામાં આવ્યાં છે. માયાળુપણાનો સૂર્ય પ્રજાજીવનના પુષ્પને પ્રફૂલ્લિત કરશે એવો સૂચિતાર્થ એમાંથી નીકળે છે. જાપાનમાં અત્યાર સુધી આવા ત્રીસ હજાર નાના સરખા ચંદ્રકો આપવામાં આવ્યાં છે.

નવી પેઢીની શ્રદ્ધા

જાપાનમાં ચાલેલી આ ઝુંબેશ માત્ર જાપાન માટે જ નહિ ભારત માટે પણ કેટલી સુયોગ્ય છે ? કુટુંબમાં જે વિનય-વિવેકના પાઠ બાળક બચપણથી શીખતું હતું એ પાઠમાં હવે નવી પેઢીને શ્રદ્ધા નથી. જેનામાં શ્રદ્ધા છે એવા સીનેમાઓ કે શિક્ષકો આવા પાઠો શીખવતા નથી. પરિણામે જે પરિસ્થિતિ ઊભી થઈ છે એમાંથી વાતાવરણમાં ચારે બાજુ નફરી ઉદ્ધતાઈ, આછકલાઈ અને અવિવેકના પડઘા પડે છે, તે વખતે આપણે પણ આવું કંઈક કરીએ તો ?

* * *

જાપાન દેશની બીજી જાણવા જેવી આ વાત છે. ૧૨૦ ટેકસી ડ્રાયવરોના એક મંડળને ખબર પડી કે એક લૂલો વિદ્યાર્થી શાળાએ જવામાં મુશ્કેલી અનુભવે છે. આથી તેમણે નક્કી કર્યું કે રોજ એક ટેકસી ડ્રાઈવર પોતાની ટેકસીમાં તેને પહોંચાડશે અને શાળા છૂટયે તેને પાછો ઘેર લઈ આવશે.

(સંકલિત)

ધૈર્યબાળા વોરા

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧મી ડિસેમ્બર ૧૯૬૬ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું:	રૂ. પૈસા	રૂ. પૈસા
શ્રી સ્થાયી ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૫૬૧-૦૦
શ્રી પુસ્તક ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી		૫,૫૦૦-૦૦
શ્રી ફર્નિચર ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી		૨,૪૦૦-૦૦
દેવું:		
પુસ્તકો અંગે ડીપોઝીટ	૬૧૦૧-૦૦	
માસિકો અંગે ડીપોઝીટ	૨૧-૦૦	
		૬૧૨૨-૦૦
પરચુરણ દેવું:		
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ		૩,૫૫૮-૮૮
એલ. એમ. મહેતા (પ્રો.ફંડ)		૪૧૨-૮૦
	કુલ રૂ.	૪૨,૫૫૪-૬૮

મિલ્કત અને લેણું:	રૂ. પૈસા	રૂ. પૈસા
ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)		
સીક્યુરીટીઓ:		
૪ ટકાની સને ૧૯૬૭ ની સૌરાષ્ટ્ર ગવર્નમેન્ટ લોન	ફે. વેલ્યુ ૪૦૦૦-૦૦	૩૯૯૩-૭૫
પબ્લીક લી. કંપનીઓના ડિબેન્ચરો:		
૭ ટકાના રાવલગાંવ સુગર ફાર્મ લી. ના ડીબેન્ચરો	૧૦૦૦૦-૦૦	૧૦૦૦૦-૦૦
૫ ૧/૪ ટકાના ધી એસો. સ્ટાન્ડર્ડ કું.ઓફ ઈન્ડીઆ લી.ના ડીબેન્ચરો	૫૦૦૦-૦૦	૫૨૭૩-૦૦
૫ ટકાના ધી તાતા એન્જીનિયરીંગ એન્ડ લોકોમોટીવ કું. લી. ના ડીબેંચરો	૬૦૦૦-૦૦	૬૧૬૩-૫૦
	૨૫૦૦૦-૦૦	૨૧૪૩૦-૨૫
ફર્નીચર: (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૩૧૦-૯૩	
બાદ: કુલ ઘસારાનાં લખી વાળ્યા સને ૧૯૬૫ સુધીના	૧૨૮૬-૩૮	
બાદ: ચાલુ વર્ષનાં ૫ ટકા લેખે	૧૦૧-૨૦	
	૧૩૮૭-૫૮	૧૯૨૩-૩૫
પુસ્તકો: (ખરીદ કિંમતે)		
ગયા સરવૈયા મુજબ	૧૨૦૭૮-૦૩	
ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીનાં	૯૪૦-૩૭	
	૧૩૦૧૮-૪૦	
બાદ: કુલ ઘસારાનાં લખી વાળ્યાં સને ૧૯૬૫ સુધીનાં	૭૯૩૭-૯૬	
બાદ: ચાલુ વર્ષના ૧૫ ટકા લેખે	૭૬૨-૦૦	
	૮૬૯૯-૯૬	૪૩૧૮-૪૪
લેણું:		
ઈન્કમટેક્ષ રીફંડ અંગે	૬૯૯-૨૦	
સ્ટાફ પાસે	૫૦૦-૧૪	
		૧૧૯૯-૩૪
રોકડ તથા બેંક બાકી:		
ધી બેંક ઓફ ઈન્ડિયા લી.ના ચાલુ ખાતે	૧૧૭૯-૧૧	
રોકડ સિલક	૫-૫૨	
		૧૧૮૪-૬૩
શ્રી આવક જાવક ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૬૪૧૨-૩૪	
ઉમેરો: વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો	૨૦૮૬-૩૩	
		૮૪૯૮-૬૭
	કુલ રૂ.	૪૨૫૫૪-૬૮

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય - મુંબઈ નું તા. ૩૧-૧૨-૬૬ નાં દિવસનું સરવૈયું મજકુર સંસ્થાનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

મુંબઈ, તા. ૧૨મી જૂન ૧૯૬૭

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ચાલુ જુલાઈ માસની ૮મી તારીખ શનિવારે સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચેનું કામકાજ હાથ ધરવામાં આવશે:-

(૧) **ગત વર્ષના વૃતાન્તને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી.**

(૨) **નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.**

(૩) **સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.**

(૪) **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ટ્રસ્ટીઓની નિમણુંક કરવી.**

(૫) **સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટરોની નિમણુંક કરવી.**

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલ સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ:
સંઘનું કાર્યાલય,
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
સમય
તા. ૮-૭-૬૭ સાંજના ૫.

ચીમનલાલ જે. શાહ
સુબોધચન્દ્ર એમ. શાહ
મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧ ડિસેમ્બર ૧૯૬૬ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

રીઝર્વ ફંડ ખાતું:

ગયા સરવૈયા મુજબ બાકી		૨૬૭૦૪-૮૯
શ્રી સંઘ હસ્તકના ખાતાંઓ:		
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૦૩૩-૬૬	
શ્રી માવજત ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૯૬-૨૪	
ઉમેરો: માવજત ઘસારાના વસૂલ આવ્યાં	૩-૮૧	
	૪૦૦-૦૫	
બાદ: સાધનો વસાવ્યા તેના	૧૦૭-૩૫	
	૨૯૨-૭૦	૩૩૨૬-૩૬
પરચુરણ દેવું:		
ખર્ચ અંગે દેવું	૧૯૮૭-૫૧	
પ્રો. ફંડ અંગે દેવું	૬૦૪-૮૦	
		૨૫૯૨-૩૧
જનરલ ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૫૭૭૪-૩૯	
ઉમેરો: જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૭૫૦૦-૩૯	
	૨૩૨૭૪-૭૮	
બાદ: પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા.	૩૭૬૬-૭૯	
		૧૯૫૦૭-૯૯
		૫૨૧૩૧-૫૫

મિલ્કત અને દેવું

ઈનવેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે)

૭ ટકાના ધી ઈન્ડીયન હ્યુમ પાઈપ કું.લી. ના ડીબેંચર્સ	ફેસ વેલ્યુ ૫૦૦૦-૦૦	૧૨૩૬-૩૯
૫ ૧/૪ ટકાના કાલટેક્ષ ઓઈલ ઈન્ડીઆ લી. ના ડીબેંચર્સ	૫૦૦૦-૦૦	૫૩૦૬-૦૦
	૧૦૦૦૦-૦૦	૧૦૫૪૨-૩૯
ફર્નીચર અને ફીટીંગ્સ (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૮૪૫-૨૪	
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા	૪૦૭-૦૪	
		૪૩૮-૨૦
ડીપોઝીટસ:		
પોસ્ટમાં		૭૫-૦૦
લેણું (સદ્ધર)		
શ્રી. મ.મો. શા. પુસ્તકાલય અને વાંચનાલય	૩૫૫૮-૮૮	
ઈન્કમટેકસ રીફંડ અંગે	૧૮૩-૭૬	
સભ્ય લવાજમ અંગે	૩૭૦-૦૦	
ભેટ અંગે	૧-૦૦	
સ્ટાફ પાસે	૧૭૮૮-૭૭	
		૫૯૦૨-૪૧
રોકડ તથા બેંક બાકી:		
ધી બેંક ઓ. ઈ.લી.ના ચાલુ ખાતામાં	૨૮૬૧-૮૧	
ધી બેંક ઓફ ઈન્ડીયા લી. ફીકસડીપોઝીટ ખાતામાં	૨૯૫૭૩-૮૩	
રોકડ સિલક	૧૫૦-૪૦	
		૩૨૫૮૬-૦૪
પરચુરણ ખાતાંઓ:		
શ્રી વૈદ્યકિય રાહત ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૩૪૬-૯૭	
ઉમેરો: વૈદ્યકીય રાહત ખર્ચના	૧૩૦૯-૨૩	
	૨૬૫૬–૧૦	
બાદ: વર્ષ દરમિયાન ભેટનાં આવ્યાં	૧૦૬૧-૦૦	
		૧૫૯૫-૧૦
શ્રી સત્યમં શિવમં સુંદરમ પુસ્તક પ્રકાશન ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૬૭૦-૬૧	
બાદ: વેચાણના કુલ આવ્યા	૭૬૯-૭૦	
		૯૦૦-૯૧
શ્રી બોધિસત્વ પુસ્તક પ્રકાશન ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૮૮-૬૨	
બાદ: વેચાણના કુલ આવ્યા	૧૯૭-૧૨	
		૯૧-૫૦
		કુલ રૂ. ૫૨૧૩૧-૫૫

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૬૬ ના દિવસનું સરવૈયું મજકુર સંઘના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ.

મુંબઈ. તા. ૧૨-૬-૬૭

ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રીનું વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧લી જુલાઈ શનિવાર સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં દિલ્હીથી પધારેલા પ્રજ્ઞાચક્ષુ ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી M.A.Ph.D. "संस्कृति के भूत" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

કોઈ ચોર ન રહે!

પોતાની ઉચિત જરૂરિયાત કરતાં વધુ ધન ભેગું કરવું કે સંઘરી રાખવું એ ખરી રીતે જોતાં ચોરી જ છે. જો ધનસંચયના નિયમો હોય અને સંપૂર્ણ ન્યાય પ્રવર્તતો હોય તો ચોરી કરવાના પ્રસંગો ન બને અને તેથી કોઈ ચોર પણ ન રહે. **ગાંધીજી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

પ્રબુદ્ધ જીવનનો તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૬૬ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

લવાજમનાં :		
રોકડ આવ્યાં	૨૩૪૮-૩૫	
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પત્રિકા મોકલવામાં આવે છે તેના રૂા. ૨ લેખે એડજસ્ટ કર્યા	૧૦૧૦-૦૦	
		૩૩૫૮-૩૫
ભેટનાં :		
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના	૧૫૦૦-૦૦	
પરચુરણ ભેટનાં	૨૬૩-૦૦	
		૧૭૬૩-૦૦
		૫૧૨૧-૩૫
બાદ : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૩૭૬૬-૭૯
	કુલ રૂા.	૮૮૮૮-૧૪

ખર્ચ

માણસોને પગારના	૨૨૯૭-૦૦
પેપર ખર્ચના	૧૩૩૮-૮૧
છપામણી તથા સ્ટેશનરી ખર્ચના	૪૪૭૭-૬૯
પોસ્ટેજ ખર્ચના	૭૨૬-૮૪
પરચુરણ ખર્ચના	૪૭-૮૦
કુલ રૂા.	૮૮૮૮-૧૪

ઉપરના હિસાબો તપાસ્યા છે અને અમારા રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, ૧૨-૬-૬૭

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૬૬ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

ભેટનાં :		૧૨૨૯૩-૬૬
લવાજમનાં :		
સને ૧૯૬૬ના	૨૫૨૫-૦૦	
બાદ: સભ્યોને પ્ર.જીવનની પત્રિકા મફત મોકલાવી તેના એડજસ્ટ કર્યા	૧૦૧૦-૦૦	
		૧૫૧૫-૦૦
અગાઉથી આવેલા લવાજમના		૧૦-૦૦
પુસ્તક વેચાણ ઉપર કમીશન		૪૪-૪૦
વ્યાજનાં :		
ડીબેંચર પર	૬૧૨-૫૦	
બેંકના ફીક્સ ડીપોઝીટ પર	૧૨૯૮-૫૦	
		૧૯૧૧-૦૦
કુલ રૂા.		૧૫૭૭૪-૦૬

ઉપરના હિસાબો તપાસ્યા છે અને અમારા રીપોર્ટ આધિન બરાબર છે.

મુંબઈ, તા. ૧૨-૬-૬૭

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

ખર્ચ

વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ :		
પગારના માણસોને	૨૨૯૮-૦૦	
મકાન ભાડું તથા વીજળી ખર્ચ	૩૮૯-૬૨	
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ખર્ચના	૩૭૮-૦૧	
ટેલીફોન ખર્ચના	૩૧૨-૮૫	
પોસ્ટેજ ખર્ચના	૨૯૦-૧૯	
પરચુરણ ખર્ચના	૯૧૩-૩૪	
ઓડીટરને ઓનરેરીયમ	૭૫-૦૦	
પ્રોવીડન્ડ ફંડ ફાળાના	૩૦૨-૪૦	
બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર એડમીનીસ્ટ્રેશન ફંડ-ફાળાના	૪૫૫-૧૯	
ફર્નીચર પર ઘસારાનાં	૪૮-૭૦	
		૫૪૬૩-૭૦
વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ		૨૮૦૯-૯૭
વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા		૭૫૦૦-૩૯
કુલ રૂા.		૧૫૭૭૪-૦૬

ખંભાતના જાણીતા કાર્યકર શ્રી રતિલાલ બી. શાહનું દુઃખદ અવસાન

ખંભાતના વર્ષોજૂના કાર્યકર શ્રી રતિલાલ બી. શાહના તા. ૪-૬-'૬૭ના રોજ થયેલા અવસાનના સમાચાર જાણીને ઊંડા શોકની લાગણીનો અનુભવ થાય છે. તેમણે દેશની આઝાદીની લડતમાં અગ્રભાગ લીધો હતો, ખેડૂતોના વ્યાજબી હક્કો અંગે તેમણે જોરદાર લડત ઉપાડેલી અને તે કારણે તેમને ખંભાત બહાર વરસો સુધી રહેવું પડેલું. સમાજની ખોટી રૂઢિઓ અને અન્યાયી રીત રસમ સામે તેઓ સતત લડતા રહ્યા હતા.. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના તેઓ એક કાર્યકર્તા હતા. રાષ્ટ્રીય મહાસભા પ્રત્યેની તેમની ઊંડી નિષ્ઠા અને સમર્પણબુદ્ધિ હતી. તેમનું આખું જીવન સમાજના નવયુવકોને પ્રેરણાપાત્ર બન્યું હતું. તેમના અવસાનથી ખંભાતને પડેલી ખોટ વર્ષો સુધી પુરાશે નહિ. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાય એવી આપણી પ્રાર્થના હો ! **પરમાનંદ.**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઇ ૧૬, ૧૯૬૭, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

* કુલપતિની વેદના *

(ભારતીય વિદ્યાભવન તરફથી પ્રગટ થતાં 'સમર્પણ'ના દરેક અંકમાં 'કુલપતિનાં પત્રો' એ શિર્ષક નીચે માન્યવર શ્રી કનૈયાલાલ મુનશીનાં પત્રો નિયમિત રીતે પ્રગટ થાય છે. આ રીતે તા. ૯-૭-૬૭ ના 'સમર્પણ'માં પ્રગટ થયેલો કુલપતિનો પત્ર અહિં નીચે સાદર ઉદ્ધૃત કરવામાં આવે છે. થોડા સમય પહેલાં નવી દિલ્હી ખાતે કેન્દ્ર અને રાજ્યોના શિક્ષણપ્રધાનોએ પાંચ વર્ષના ગાળામાં રાષ્ટ્રની પ્રત્યેક યુનિવર્સિટીમાં શિક્ષણના માધ્યમ તરીકેનું સ્થાન પ્રાદેશિક ભાષાઓને મળશે એવો નિર્ણય લીધો છે. આ નિર્ણય રાષ્ટ્રની એકતા માટે કેટલો બધો ખતરનાક નીવડવા સંભવ છે એ અંગે અત્યન્ત વેદનાભર્યું તીવ્ર સંવેદન પ્રસ્તુત કુલપતિના પત્રમાં રજુ કરવામાં આવ્યું છે. ૮૦ વર્ષને વટાવી ચૂકેલા શ્રી મુનશી આજે પણ કેટલા જીવતા જાગતા છે એ હકીકતનું પણ આ પત્રમાં પ્રેરક દર્શન આપણને પ્રાપ્ત થાય છે. **પરમાનંદ**)

ભારતીય વિદ્યાભવન, મુંબઈ ૯ જુલાઈ, ૧૯૬૭

મારા નવયુવાન મિત્ર,

તાજેતરમાં નવી દિલ્હીમાં મળેલા કેન્દ્ર અને રાજ્યના શિક્ષણ-પ્રધાનોએ ઉત્સાહમાં આવી જઈને રાષ્ટ્રનું વિભાજન કરવાનું નક્કી કર્યું. જો તેમનું ધાર્યું થશે તો પાંચ વર્ષના ગાળામાં રાષ્ટ્રની પ્રત્યેક યુનિવર્સિટીમાં શિક્ષણના માધ્યમ તરીકેનું સ્થાન પ્રાદેશિક ભાષાને મળશે.

એમ જણાય છે કે, યુનિવર્સિટીને આ બાબતમાં પસંદગી કરવાની કોઈ તક મળશે નહિ. તેઓ આનાકાની કરશે તો સરકારી આદેશથી તેમને નમાવવામાં આવશે.

દસ વર્ષના ગાળામાં એક યુનિવર્સિટીનો સ્નાતક બીજી યુનિ-વર્સિટીના સ્નાતક માટે તદ્દન પરાયો બની જશે.

આ તરંગી અને દુરગોજિત વિચારસરણીના પુરસ્કર્તાઓ એ જાણતા નથી કે વર્તમાન ભારત રાષ્ટ્ર અંગ્રેજી માધ્યમ દ્વારા અપા-યેલા યુનિવર્સિટીના શિક્ષણની જ પેદાશ છે, આ દેશમાં વિચારણા અને સંશોધનનો મોટો ભાગ અંગ્રેજી માધ્યમ દ્વારા થઈ રહ્યો છે, અને આજે અંગ્રેજી માધ્યમવાળી યુનિવર્સિટીઓમાં જ દેશભરમાંથી વિદ્વાનો આકર્ષાઈને આવે છે અને રાષ્ટ્રની વિદ્વત્તાને એકસૂત્રે ગૂંથે છે. શિક્ષણપ્રધાનો કદાચ આ બધી હકીકતો જાણતા હશે, પણ આ ક્ષણે તેનું તેમને વિસ્મરણ થઈ ગયું છે.

આ નિર્ણય લેતી વખતે શિક્ષણપ્રધાનોની પરિષદનો આત્મા ડંખ્યો હશે, એવું તો સ્પષ્ટપણે જણાઈ આવે છે. કઈ ભાષા વિશે હંમેશની જેમ જ મતભેદો થયા હતા. મદ્રાસ, બંગાળ અને બીજાં કેટલાંક રાજ્યોએ કઈ ભાષા તરીકે અંગ્રેજીનું સૂચન કર્યું હતું, જ્યારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બીજાં કેટલાક રાજ્યોએ હિંદીને માન્ય રાખવાની ભલામણ કરી હતી. આ મુદ્દા પર કોઈ નિર્ણય લઈ શકાયો નહોતો.

વાસ્તવિક હકીકત તો એ છે કે ભાષાનો ભસ્માસુર ભારતીય એકતાના પાયાને ક્રમે ક્રમે નાશ કરી રહ્યો છે. પ્રાંતવાદીઓ તો જરૂર આથી રાજી થયા હશે.

આજે દરેકને પોતાની પ્રાંતભાષા રાષ્ટ્રીય ભાષાના સ્તર સુધી પહોંચે તો ગમે અને તેથી પ્રધાનોને જનતાનો ટેકો પણ તત્કાલ પૂરતો મળી રહે, પરંતુ આવા પ્રગતિવિરોધી વલણનાં શા પરિણામો આવશે તેની તેમને જાણ નથી.

પ્રાંતીય ભાષા કરતાં જેની માતૃભાષા જુદી છે એવા યુનિવર્સિટીના હજારો અધ્યાપકોની શી દશા થશે ?

ભારતના વિવિધ ભાગમાં થતી વિદ્યાર્થીઓની હેરફેરનું શું થશે ?

અંગ્રેજી માધ્યમવાળી શાળાઓ અને કૉલેજોના વિશાળ તંત્રનું શું ?

જેમના માતાપિતાની માતૃભાષા પ્રાંતીય ભાષા કરતાં જુદી છે એવાં બાળકોની શી સ્થિતિ થશે ? એવું કોઈ રાજ્ય છે ખરું કે જેનાં મુખ્ય શહેરોમાં બીજાં રાજ્યોના લોકો ન વસતાં હોય ?

બિનહિન્દી રાજ્યોમાં જે શિક્ષણસંસ્થાઓએ હિંદી ભાષાને માધ્યમ તરીકે સ્વીકારી હશે તેમનું શું થશે ?

જુદી જુદી યુનિવર્સિટીઓમાં તથા સરકાર અને ખાનગી સહ-કારથી સ્થપાયેલી અખિલ ભારતીય સંસ્થાઓમાં ચાલી રહેલાં સંશો-ધનનું આદાનપ્રદાન કેવી રીતે કરવામાં આવશે ?

રાજ્યના સીમાપ્રદેશમાં આવેલી અખિલ ભારતીય સંસ્થા-ઓની શી સ્થિતિ થશે ?

વાસ્તવમાં આપણે ટેક્નોલોજી અને વિજ્ઞાનક્ષેત્રે એકાદ સદી પાછળ સાયકલ-યુગમાં જીવી રહ્યા છીએ. સર્વના સંગઠન અને સહકારથી પ્રયત્ન કરીએ તો અન્ય વિકસિત દેશોની હરોળમાં આવતાં અનેક દસકા લાગશે. પરંતુ ભારતના વિવિધ ભાગોમાં જે સંશોધનકાર્ય પૂર્ણ થયેલું છે તેનો લાભ લેવાને બદલે જો કેન્દ્રના પ્રત્યેક એકમમાં દરેક ક્ષેત્રમાં નવેસરથી શરૂઆત કરવામાં આવશે તો આપણે પાછા બળદગાડાના જમાનામાં સરી પડશું.

પ્રાંતીય ભાષાને જો એકમાત્ર શિક્ષણના માધ્યમ તરીકે સ્થાપ-વામાં આવશે તો વિજ્ઞાનક્ષેત્રે નજદિકના ભવિષ્યમાં બીજા દેશોની હરોળમાં આવવાની આશાને તિલાંજલી આપવી પડશે.

આ નિર્ણયનો અમલ થશે તો રાષ્ટ્રભાષા (ગમે તો કઈ ભાષાનું નામ પણ એને આપી શકો) દ્વારા પ્રાંતવાદની સામે જેહાદ જગા-વવાના અને એમ કરીને રાષ્ટ્રીય એકતા સ્થાપવાના આંદોલનને મરણતોલ ફટકો પડશે.

એકતાની વાતો કરીને આપણે વિભાજન તરફ દોરી જાય એવું વલણ અપનાવીએ છીએ. ભારત એક રાષ્ટ્ર છે એમ આપણે વારે વારે બોલીએ છીએ અને આક્રમક પ્રાંતવાદના વિકાસને ટેકો આપીએ છીએ! અમુક પ્રદેશમાં આપણે તેની પ્રાંતભાષાને શિક્ષણના માધ્યમના સ્તર સુધી ખેંચી લાવીએ છીએ.

ભાષાવાદ નિરંકુશ બની ગયો છે. હવે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં તેનો પગપેસારો થવા માંડ્યો છે. ભવિષ્યમાં એક પ્રદેશના

અધિકારીઓ બીજા પ્રદેશમાં પોતાના કાર્યને પૂરતો ન્યાય આપી શકશે નહિ.

બંધારણ પ્રમાણે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો સંયોજિત સત્તાનાં કેન્દ્રો છે. પરંતુ રાજ્યસરકારો હવે પોતાના જ પ્રદેશના રાજ્યપાલોની માગણી કરશે. નમ્રતાથી તેઓ કહેશે કે અમારા પ્રદેશની ભાષા બોલતા રાજ્યપાલો અમારે જોઈએ છે. આમ કહી તેઓ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની સંયોજિત સત્તાને છિન્નભિન્ન કરી નાખશે.

પ્રત્યેક પ્રદેશમાં નાતજાત વચ્ચેના વિખવાદો વધતા જાય છે, કારણ કે દરેક જ્ઞાતિ સ્થાન અને સત્તા કબજે કરવા મથી રહી છે.

આ પેઢીના રાજપુરુષો પ્રાંતવાદને પવિત્ર સિદ્ધાંત તરીકે ઉછેરવામાં રહેલા ભયને જોઈ શકે એટલા શકિતમાન લાગતા નથી. આ પ્રાંતવાદનો ઉપયોગ પછી હમેશાં કેન્દ્ર સામે તથા શકય હશે ત્યાં ભાષાકીય લઘુમતિ સામે કરવામાં આવશે તેની તેઓને જાણ નથી.

ભાષાવાદ—એને પ્રાંતવાદ પણ કહી શકાય, કારણ કે કેટલાક સમયથી તે બંને એકમેકમાં મળી ગયા છે, આક્રમક આંદોલનો ઊઠાવે છે, સત્તાભૂખ્યા રાજપુરુષોમાં તથા અજ્ઞાન જનસમૂહમાં જૂથવાદી વૃત્તિને ઉશ્કેરે છે.

આપણે સૌ પ્રથમ ભારતીયો છીએ એ સર્વોચ્ચ મહત્ત્વની બાબત વિશે કોઈ એક શબ્દ પણ ઉચ્ચારતું નથી. ભાષાવાદમાંથી પ્રેરણા લઈને જન્મેલો પ્રાંતવાદ દિનપ્રતિદિન જોર પકડતો જાય છે.

જેવા પંજાબમાં પંજાબીભાષી અને હિન્દીભાષી પ્રદેશોના ભાગલા પડયા કે તરત જ ચંદીગઢ અને ભાખરાનાંગલ યોજના વિશે ઝઘડાઓ શરૂ થઈ ગયા. પંજાબીને શિખીસ્તાન સાથે સાંકળવાનું આંદોલન આરંભાઈ ચૂકયું છે.

જનમત વડે ગોવાની સમસ્યા હલ કરવામાં આવી. જે પક્ષનો જનમતમાં પરાજય થયો તેણે તરત જ જાહેર કર્યું કે આ નિરાકરણ તો અસ્થાયી છે.

ઈન્દોર-ગ્વાલિયર વચ્ચેનો ઝઘડો ઉગ્ર બનતો જાય છે. તે જ રીતે ગુજરાત-સૌરાષ્ટ્રનો પ્રશ્ન અને તેવા જ બીજા પ્રશ્નો વિશાળ રૂપ ધારણ કરી રહ્યા છે.

કોઈને આ વાત સમજાતી નથી કે આ દેશની એકતા એ કોઈ અફર નિર્માણ નથી. તેનો યોગ્ય ઉછેર કરવો જોઈએ અને દિવસે દિવસે તેને દૃઢ બનાવવી જોઈએ.

સ્વતંત્રતાની લડત લડતા અમે સોગંદ ખાધા હતા કે "જો ભારત જીવશે તો આપણે સૌ જીવીશું, જો ભારત નહિ રહે તો આપણે કોઈ નહી રહીએ!" હવેનું સૂત્ર છે: "પ્રાંતોને સમૃદ્ધ બનાવો, ભારત ભલે ન રહે!" આપણે સૌ લડયા એ સ્વતંત્રતાનું યુદ્ધ લગભગ વિસરાઈ ગયું છે, બંધારણ દ્વારા નક્કી થયેલા રાષ્ટ્રીયતાના સાધન ચાચાઓ હચમચી ઊઠયા છે.

મારા જાહેરજીવનમાં સાઠેક વર્ષો દરમિયાન કયારે ય માતૃભૂમિના ભાવિ માટે મેં આટલો કંપ અનુભવ્યો નથી.

આ સ્વયંનિર્મિત વિભાજનવાદ કયાં જઈને અટકશે? અને કોણ એને અટકાવશે?

કદાચ આપણે નવી પેઢીની રાહ જોવી પડશે. જેઓ પ્રાંતવાદથી કંટાળીને ફરી રાષ્ટ્રીય એકતાની સ્થાપના કરવા બહાર પડશે અને સોગંદ લેશે કે અમે સૌ પ્રથમ ભારતીય છીએ અને હંમેશાં ભારતીય રહીશું. કદાચ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

છતાં હજી મને આશા છે, શ્રદ્ધા છે. ૧૯૬૨માં ચીનનું આક્રમણ થયું, ૧૯૬૫માં પાકિસ્તાન આપણી ઉપર ધસી આવ્યું. આ બન્ને પ્રસંગે રાષ્ટ્રની અખંડિતતા રક્ષવા માટે જે લોખંડી નિરધાર અને હૃદયની સ્વાભાવિક એકસૂત્રતા મેં નિહાળ્યાં હતાં, તેથી મને લાગ્યું હતું કે ભારતની સર્જનાત્મક શકિતનો અને રચનાત્મક પ્રવૃત્તિ માટેની ક્ષમતાનો ઝરો હજી સુકાઈ ગયો નથી.

આપણા જુવાનોએ તેમના લોહી અને પરસેવા વડે એ સાબિત કર્યું છે કે બહારના દુશ્મનોથી દેશની એકતાનું રક્ષણ કરવા આપણે એમના ઉપર આધાર રાખી શકીએ.

પરંતુ, આપણા આંતરશત્રુઓથી કેવી રીતે બચીશું?

ઉષાકાળ પહેલાંની ઘડી વધુ અંધકારમય લાગે છે. કેટલાક રાજપુરુષોની આક્રમક મહત્ત્વાકાંક્ષાઓ સામે નવી પેઢી લડી લેશે એવી આશા એ રાખવી શું વધુ પડતું છે?

આપનો ક. મુનશી

બિહારમાં અમે શું જોયું, અનુભવ્યું!

(મુંબઈ જૈન મહિલા સમાજના મંત્રીઓ શ્રી મેનાબહેન નરોત્તમદાસ અને શ્રી લીલાવતીબહેન દેવીદાસ બિહારના દુષ્કાળની પરિસ્થિતિ નજરે નિહાળવા અને જૈન મહિલા સમાજ તરફથી એકઠો કરેલો સાડીઓનો મોટો જથ્થો અને ફંડ બન્નેની ત્યાંના દુષ્કાળગ્રસ્ત લોકોમાં વહેંચણી કરવા સંબંધમાં યોગ્ય પ્રબંધ કરવા માટે જૂન માસની ૬ તારીખે અહિંથી રવાના થયેલા. મેનાબહેનને ચાલવાની મોટી તકલીફ અને લીલાવતીબહેનની નાજુક તબિયત—આ જોઈને પ્રવાસનું આવું સાહસ ખેડતા વારવાનો મેં પ્રયત્ન કરેલો, પણ તેઓ તો કૃતનિશ્ચયી બનીને ઉપડયા અને લગભગ એક મહિનો પ્રવાસ કરીને તથા દુષ્કાળગ્રસ્ત વિભાગોમાં ઊભાં કરવામાં આવેલાં કેટલાંક રાહતકેન્દ્રોની મુલાકાત લઈને જુલાઈ માસની ૩ તારીખે તેઓ હેમખેમ પાછા ફર્યા છે અને મારી ચિન્તા અને ડરામણીને તેમણે ખોટી પાડી છે. આ માટે તે બન્ને બહેનોને અનેક ધન્યવાદ ઘટે છે.

આ પ્રવાસ દરમિયાન શ્રી મેનાબહેન તરફથી મળેલાં બે પત્રો-નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

ગઢવારોડ, ડ્રીસ્ટીકટ પલામુ, બિહાર,

સ્નેહિ ભાઈ પરમાનંદભાઈ, તા. ૨૨-૬-૬૭

અહિં આવ્યા પછી લગભગ ચૌદ દિવસે તમને કાગળ લખું છું. સૌથી પહેલી એક વાત કહી દઉં. તમે મને ઠપકો આપવા આવ્યા હતા કે "આવા શરીરે શું તમે હાલી નીકળ્યા છો! તમારે પસ્તાવું પડશે." મેં કહ્યું હતું કે મારે નહિ પસ્તાવું પડે, પણ તમારે આવી સલાહ આપવા માટે પસ્તાવું પડશે અને હું સાચી પડી છું. હજી સુધી તો પસ્તાવાનું કારણ મળ્યું નથી. ઉલટું જુદી જુદી રાહતકાર્યની પદ્ધતિ જોવા જાણવાનો આનંદ મળ્યો છે.

મુંબઈથી નીકળતાં ટ્રેનમાં સુવાનું રીઝર્વેશન ન મળ્યું અને બેસવાના રીઝર્વેશન ઉપર નીકળવાની અમે હિંમત કરી, પણ ભગવાને એમાં પણ મદદ કરી. અગિયાર વાગ્યા પછી આખી બેઠક સુવાને મળી અને બન્ને જણાએ ત્રણ ત્રણ કલાકની વારાફરતી ઊંઘ કરી. બેસવાનું તો આરામપૂર્વકનું હતું જ. રસ્તામાં ગરમી પણ બહુ લાગી નથી, કેમકે આખો દિવસ આકાશ વાદળોથી ઘેરાએલું હતું.

તા. ૮મીએ સાંજે અમે ગઢવા રોડ ઉતર્યા. ગામના એક વેપારીને ત્યાં રાત્રે સુતા. ડીવાઈન નોલેજ સોસાયટીની જીપ કોઈ કામે તે રાત્રે ત્યાં આવી હતી એટલે બીજે જ દિવસે વહેલી સવારે અમે એ સોસાયટીનું સેંટર જે અહિંથી પીસ્તાલીશ માઈલ દૂર 'કૈલાન' નામે ગામમાં છે ત્યાં જવા નીકળ્યા. થોડે સુધી પાકો રસ્તો છે અને લગભગ અઢાર માઈલ ખાડાટેકરાવાળો કાચો રસ્તો છે. 'કૈલાન' એટલે દશબાર ઝુંપડાંનું ગરીબ વસ્તીનું ગામ. કોઈ બીજી વસ્તી નથી, સરકારી ડાક બંગલો છે. ત્યાં આ સેંટર રાખ્યું છે અને આસપાસ ચારે બાજુ લગભગ આઠ દશ માઈલ સુધીના વિસ્તારમાં ફેલાયેલા અગિયારેક ગામડાંની પ્રજાને અહિંથી મફત રેશન, કપડાં અને બનેં તેટલી વૈદકીય રાહત અપાય છે. એ લોકોએ આ ગામડાંઓની સર્વે કરી વસ્તીપત્રક તૈયાર કર્યું છે અને તેમાંથી ચૂંટી ચૂંટીને વૃદ્ધ, અપંગ, નાનાં બાળકો અને તેની માતાઓને રોજનું ૨૫૦ ગ્રામના હિસાબે દર અઠવાડિયે એક વાર મફત રેશન અપાય છે. ત્યાં ચાર પાંચ માઈલના અંતરે રેશન આપવા માટેનાં જુદા જુદા છ એક કેન્દ્રો એમણે ખોલ્યાં છે અને નજીકના ગામના લોકો કૈલાન આવીને લઈ જાય છે. દરરોજ એકેક કેન્દ્રમાં રેશન આપવા જવાનું હોય છે. આમ કુલ્લે ૨૧૦૦ માણસને રેશન અપાય છે, અને હજી વધારે માણસોને અપાય તેની તજવીજ ચાલે છે. અમે ત્રણ દિવસ ત્યાં રહ્યાં. એ સમય દરમિયાન ત્યાં જે જૂના કપડાંનાં પાર્સલો

આવેલાં તે બધાં ખોલી તેમાંથી પુરુષોનાં, સ્ત્રીઓનાં, અને બાળકોનાં કપડાં જુદા પાડવામાં મદદ કરી. કોઈ કોઈ જરા ફાટેલા હોય તે સીવી આપ્યાં અને બને તેટલાં એ ત્રણ દિવસમાં વહેંચ્યાં. ત્યાંની વ્યવસ્થાનું કામ ડી. નો. સો. એ અમદાવાદની સદ્‌વિચાર પરિવાર સમિતિને સોંપ્યું છે. તેના મુખ્ય સંચાલક ભાઈ ડાહ્યાભાઈ મોદી સાદા, સરળ અને સજ્જન માણસ છે. એક પણ પૈસો નકામો વેડફાઈ ન જાય તેની ખૂબ તકેદારી રાખે છે.

અમારે જે સાડીઓ વહેંચવાની હતી તેનું પાર્સલ હજુ આવ્યું નહોતું, અને ત્યાં વધારે દિવસ બેસી રહેવું નિરર્થક હતું એટલે અમે પાછા ગઢવારોડ આવ્યા.

ગઢવારોડ એ સ્ટેશનનું નામ છે. પણ ગઢવા ગામ ત્યાંથી પાંચ કે છ માઈલના અંતરે છે અને ત્યાં બસમાં જઈ શકાય છે. પણ ગઢવારોડ સ્ટેશન પાસેથી એક નદી વહે છે, જેના બે કાંઠે બે નાનાં ગામ વસેલાં છે. એક રેહાલા અને બીજું બેલચંપા. રેહાલામાં ગુજરાત બાજુના પટેલો ધંધાર્થે જઈ વસેલા છે અને બધા સુખી છે. તેમનો વેપાર છે ત્યાંના જંગલોમાંથી બીડી વાળવાના પત્તાં મજૂરો પાસે વીણાવી જથ્થો એકઠો કરવો અને વેચવો. આ બીડી-પત્તાંનાં ગોડાઉનોનાં ગોડાઉનો ભરેલાં હોય છે અને તેના ઉપર લાખો રૂપિયાનો વેપાર થાય છે.

બીજે કાંઠે જે બેલચંપા ગામ છે ત્યાં વસ્તી લગભગ મજૂર વર્ગની, પણ ત્યાં જયંત મુનિ નામના એક સ્થાનકવાસી મુનિએ અહિં ચારેક વર્ષથી એક આશ્રમ શરૂ કર્યો છે. તેમાં ગૌશાળા છે, થોડી ખેતીવાડી છે, શાકભાજી ઉગાડે છે અને પછાત વર્ગનાં બાળકો માટે એક છાત્રાલય શરૂ કર્યું છે. ત્યાં આ બાળકોને રહેવા ખાવાની મફત સગવડ આપવામાં આવે છે અને ગામની શાળામાં ભણવા જાય છે. શરૂઆત છે એટલે હમણાં તો બાર બાળકો છે, પણ ધીમે ધીમે વધશે. આશ્રમમાં એક ગેસ્ટહાઉસ પણ છે. એટલે સાડીનું પાર્સલ ન આવે એટલા દિવસ અમે અહિં જ રહેવા નિર્ણય કર્યો છે.

મુનિશ્રીએ તો લગભગ નવેંબર માસથી રાહત કાર્ય શરૂ કરી દીધું હતું. આજે રોજનું હજારથી બારસો માણસોને એક ટંક ખવડાવાય છે અને લગભગ સાત હજાર માણસોને રેશન અપાય છે. પણ એમની રેશનની વ્યવસ્થા જુદી રીતની છે. ત્યાં સરકાર તરફથી પણ રેશન અપાય છે પણ તે પેટપૂરતું હોતું નથી. એટલે મુનિશ્રી જેઓ આપી શકે તેમ હોય તેમને પૂરા પૈસા લઈ રેશન આપે છે, જેઓ કંઈક નબળા હોય તેમને ૨૫ ટકા રાહતથી આપે છે, કેટલાક ને ૫૦ ટકા રાહતથી આપે છે અને બીજાઓને તદન મફત આપે છે. મફત આપે છે તેમને પણ કંઈક તો શ્રમ કરવો જોઈએ એમ તેમનું માનવું છે. એટલે આશ્રમમાં છેવટે એક ઠેકાણેથી ઈંટો ઉપાડીને બીજે મૂકવાનું કામ પણ તેમની પાસે કરાવે છે. તે ઉપરાંત રેશનની લૉરી આવે, કોલસાની લૉરી આવે કે બીજો કંઈ માલ સામાન આવે તે ખાલી કરાવવાનું કે અમુક જગ્યાએ મૂકવાનું એવું-કરી શકે તે પ્રમાણે-કામ તેમની પાસેથી લે છે અને બહુ સુંદર રીતે વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે.

આ ઉપરાંત દરરોજ પાંચસો ઢોરને ઘાસચારો અહિં અપાય છે. ઘાસચારો પૂરો પાડવાની વ્યવસ્થા મુંબઈની જીવદયા મંડળી તરફથી છે અને ત્યાં બધાને બરાબર વહેંચણી કરવાનું કામ મુનિશ્રીની દેખરેખ નીચે થાય છે. આ આશ્રમનું નામ છે "અહિંસા નિકેતન આશ્રમ."

અહિંની વ્યવસ્થા જોયા પછી અમારે શ્રી જૈન મહિલા સમાજ તરફથી રેશન અપાવવા માટે જે રૂ. ૨૫૦૦ આપવાના હતા તે અમે અહિં જ આપવા નક્કી કર્યું છે. સાડીઓ નં. ૧૨૦૦ અમે ડીવાઈન નોલેજ સોસાયટીને સોંપી દીધી હતી. પણ તેના વ્યવસ્થાપક શ્રી ડાહ્યાભાઈએ કહ્યું કે તમે આ આશ્રમ મારફત અહિં સાડીઓ વહેંચશો તો હરકત નથી. કેમકે આપણે તો બધે ઠેકાણે રાહત પહોંચાડવી એ જ ધ્યેય છે. એટલે સાડીઓની વહેંચણી પણ અમે અહિં જ કરવા ધારીએ છીએ.

બેલચંપાથી પચીસેક માઈલ દૂર રંકામાં શ્રી રણછોડલાલજી મહારાજ રાહત કેન્દ્ર ચલાવે છે. અમે પરમદિવસે બસમાં જઈને એ કેન્દ્ર પણ જોઈ આવ્યા છીએ. એ કેન્દ્ર બહુ મોટા પાયા ઉપર ચાલે છે. લગભગ પચીસ હજાર માણસને ખવડાવવાનું રોજનું તૈયાર થાય છે. દશ હજારને ત્યાં જ ખવડાવાય છે અને બાકીનું ટૂકોમાં ભરી આજુબાજુનાં ગામડાંઓમાં વહેંચવામાં આવે છે. ત્યાં ૨૫૦ જેટલો કાર્યકર વર્ગ છે. રસોઈ કરનારા અને બીજો મજૂર વર્ગ તો જુદો. મહારાજશ્રીને રીલીફ કમિટી તરફથી તો થોડી મદદ મળે છે, પણ બાકીનું અનાજ સીધે સીધું આપનારા તેમને મળી રહે છે. કેમકે રોજનું ૨૫૦૦૦ માણસને પૂરું પાડવું એ કંઈ સહેલી વાત નથી. આ કેન્દ્ર વિષે જન્મભૂમિ પત્રોમાં ઘણું વિસ્તારપૂર્વક વર્ણન આવી ગયું છે એટલે હું વિશેષ નથી લખતી. શ્રી રણછોડલાલજી મહારાજ પાસે અમે ગયાં, પણ તે દિવસે એમને દમનો દરદનો હુમલો થયો હતો એટલે વાતચીત થઈ શકી નહિં.

બીજું એક કેન્દ્ર શ્રી મણિબહેન નાણાવટીની દેખરેખ નીચે ચાલે છે તે અમે જોવા ગયાં. પણ માર્ગમાં એક નદી આવે છે તેમાં પાણી આવી ગયા હોવાથી અમારી જીપ નદી પાર કરી શકી નહિં, અને માત્ર બે માઈલને અંતરે હોવા છતાં અમારે ત્યાંથી પાછાં ફરવું પડ્યું.

એક સુખદ સમાચાર એ જાણવા મળ્યા છે કે આ પલામુ જિલ્લાના જે ડિસ્ટ્રીક્ટ કલેક્ટર છે કે જેમનું નામ ઠાકોરકુમાર સુરેંદ્રસિંગ છે તેઓ ઘણા સજ્જન માણસ છે અને રાહતકાર્ય માટે પૂરેપૂરી સહાનુભૂતિ ધરાવે છે. સરકારી કાર્યોમાં જે તુમારશાહી ચાલે છે તે તેમને ત્યાં નથી. રાહતના કામ માટે કોઈ પણ તેમની પાસે ગયું કે તરતોતરત તેનો નિકાલ કરી આપે છે, જેથી રાહતકેન્દ્રો ચલાવનારાઓનું કામ બહુ સરળતાથી પાર પડે છે.

મેનાબહેનનાં વંદન

રાજગ્રહી, તા. ૨૮-૬-૬૭.

સ્નેહિ ભાઈ પરમાનંદભાઈ,

તમને ગઢવા રોડથી એક કાગળ લખ્યો છે તે મળ્યો હશે. અહિં બપોરનાં ગરમી સારા પ્રમાણમાં લાગે છે, પણ અમારી બન્નેની તબિયત સારી રહી છે અને તા. ૨૩મીએ ત્યાંથી નીકળી શ્રી ગુણાયાજી તથા પાવાપુરીની યાત્રા કરી પરમદિવસે અહિં આવી પહોંચ્યા છીએ.

મુંબઈમાં મહાવીર જયંતી પ્રસંગે જૈનોના ચારે ફીરકા તરફથી રાહતકાર્ય માટે જે ફંડ એકઠું કરવામાં આવ્યું હતું તે ફંડમાંથી અહિં રસોડું ચલાવવામાં આવે છે. મુખ્ય કાર્યકર્તાઓમાં શ્રી રતિલાલ મનજી, શ્રી રવિચંદ સુખલાલ સંઘવી, શ્રી ગિરધરલાલ દફ્તરી વગેરે ભાઈઓ છે અને તેમણે ખૂબ ધગશથી કામ શરૂ કરી દીધું છે. શ્રી રતિલાલ ભાઈને થોડા દિવસ પહેલાં જીપ અકસ્માત થયેલો અને તેથી પગમાં ફ્રેક્ચર થયું છે, છતાં ખાટલામાં બેઠા બેઠા તેઓ સતત કામ કરી રહ્યા છે. એમણે આ કેન્દ્રનું નામ "મહાવીર કલ્યાણ કેન્દ્ર" રાખ્યું છે. બિહાર રાહત સમિતિ તરફથી આ કેન્દ્રને અમુક પ્રમાણમાં ઘઉં મળે છે અને બીજી બધી વસ્તુઓ તેમણે ખરીદવાની હોય છે. આ ભાઈઓ અહિં આવ્યા ત્યાર પહેલાં મદ્રાસ જૈન મહિલા સંઘની કાર્યકર બહેનો અહિં આવી પહોંચ્યાં હતાં અને એમણે અહિં રસોડું શરૂ કરી દીધું હતું. મુંબઈથી જે ભાઈઓ આવ્યા તેઓ આ કાર્યકર બહેનો સાથે જોડાઈ ગયા છે અને બન્ને તરફથી ભેગું રસોડું ચાલે છે. ૧૦૦૦ માણસોને અહિં જમાડવામાં આવે છે અને પાંચસો પાંચસો માણસની રસોઈ નજીકના બે ગામમાં પહોંચાડાય છે. તે ઉપરાંત આ કેન્દ્રે પાવાપુરી તથા અન્ય સ્થળોએ મળી સત્તર ઠેકાણે

રસોડાં શરૂ કરી દીધાં છે અને કપડાંની વહેંચણી પણ તેઓ કરે છે. મદ્રાસનાં આ બહેનો અહિં બહુ સુંદર કામ કરી રહ્યાં છે. એ સંસ્થાના મંત્રી બહેનનું નામ છે સવિતાબહેન કામદાર. તેઓ સૌ પ્રથમ અહિં આવ્યાં હતાં અને રસોડું ચાલુ કરવાની બધી સગવડ કરી તેઓ પાછાં ગયા છે અને અત્યારે શ્રી ઉષાબહેન મહેતા, શ્રી ઊર્મિગ્નાબહેન મહેતા વગેરે બહેનો રસોડાનું કામ બહુ સારી રીતે સંભાળે છે. ઠેઠ મદ્રાસથી આવા અજાણ્યા પ્રદેશમાં આવીને માત્ર બહેનોએ જ આવું મોટું રસોડું શરૂ કરવું એ સહેલી વાત નથી. તે માટે એ બહેનોને જરૂર ધન્યવાદ ઘટે છે.

રસોઈમાં તો દરેક કેન્દ્રમાં ઘઉંના ફાડા જેને અહિં દલિઆ કહે છે તેમાં એકાદ દાળ નાખી મીઠું નાખી નરમ ખીચડી જેવા રાંધી આપવામાં આવે છે. અહિંના રસોડે તેને જરા વધારે સ્વાદિષ્ટ બનાવવા માટે જુદી જુદી દાળો અને શાક પણ ભેગું નખાય છે અને મસાલામાં હળદર, મરચું, તેલનો વઘાર વગેરે કરવામાં આવે છે. ગુજરાતી ભાઈઓ ખરાને! થોડો તો સ્વાદ જોઈએ જ. મહિનામાં બે વાર મીઠાને બદલે ગોળ નાખીને રતિલાલભાઈના શબ્દોમાં કહું તો તરધારી લાપસી પીરસાય છે. કેટલેક ઠેકાણે રોટલી શાક અપાય છે.

આમ ઠેકઠેકાણે રાહતકાર્ય ચાલી રહ્યું છે. અમે તો આ જે બે ચાર કેન્દ્રો જોયાં તેનું વર્ણન કર્યું છે. બાકી તો અહિં ઠેરઠેર સંખ્યાબંધ કેન્દ્રો ચાલી રહ્યાં છે. અને પ્રભુકૃપાએ બિહારની પ્રજા ભૂખમરામાંથી ધીમેધીમે પાર ઉતરી છે એમ કહી શકાય. જે રાહતકાર્યો ચાલે છે તે હજુ બે ત્રણ મહિના ચાલુ રાખવાની આવશ્યકતા છે અને બનતા સુધી દરેક કેન્દ્રો ચાલુ રહેવાના જ છે.

અમે જે ચાર પાંચ સ્થળોએ ફર્યા ત્યાં ઘણીખરી નીચલા થરની જ વસ્તી હતી. એટલે બિહારની પ્રજા વિષે હું કશો ખ્યાલ આપી શકતી નથી. પણ જે વર્ગ અમે જોયો તે વિષે કહું તો તે કષ્ટ સહન કરવામાં જબરો છે. પગલાં ફોલ્લાં પડે એવી બળબળતી જમીન ઉપર છ છ આઠ આઠ માઈલ ઉઘાડા પગે ચાલીને તેઓ અનાજ અને સાડી લેવા આવતા હતા. ચોવીસ ચોવીસ કલાક સુધી નાનાં બાળકો સાથે વરસાદ કે તડકાની પરવા ન કરતાં ખુલ્લામાં પડી રહેલા લોકો બેલચંપામાં અમે જોયા. તેમનો ખોરાક પ્રમાણમાં સારો કહેવાય, એમ છતાં બે દિવસના કડાકા પણ સહેલાઈથી તેઓ ખેંચી શકે. પણ આ લોકોમાં અજ્ઞાન અને આળસ ખૂબ. ખાવાનું મળ્યું તો કામ કરવા ન જાય. એ બાબતમાં બેલચંપાના વેપારી ભાઈઓએ ફરિયાદ પણ કરી કે "તમે ખાવાનું આપીને આ લોકોને આળસુ બનાવો છે." પણ એ તો સૌ પોતપોતાની દૃષ્ટિએ જુઓ. આળસુપણું છે એ વાત ખરી, પણ કંઈ એક દિવસમાં એ સંસ્કાર આપણે બદલી શકવાના નથી અને તેને માટે તેમને ભૂખે મરવા ન દેવાય. બીજું એ પ્રજામાં લાચારી ખૂબ આવી ગઈ છે અને એ લાચારી દર્શાવવામાં એમને સંકોચ પણ નથી, જાણે સ્વમાન જેવી કોઈ વસ્તુ જ આપણને જોવા ન મળે.

તત્કાળ પૂરતું તો આ સંકટ દૂર થયું છે, પણ એ પ્રજામાં જાગૃતિ આણવા માટે અહિંના ઉચ્ચ વર્ણે તેમ જ અધિકારી વર્ગે કંઈક સ્થાયી યોજના કરવી જરૂરની છે. બેલચંપામાં જયંત મુનિએ જે પ્રવૃત્તિ શરૂ કરી છે તે ખૂબજ આવકારદાયક છે. પચીસ પચાસ સ્થળે જો આવી સંસ્થા સ્થપાય તો પ્રજા જરૂર ઊંચે આવે.

અમારો પ્રવાસ પૂરો થયો છે. બે ચાર દિવસમાં મુંબઈ આવી જઈશું. પણ તરતનું જોયેલું બધું બરાબર યાદ રહે, એટલે આ પત્ર દ્વારા અમે જે જોયું અને અનુભવ્યું તે લખી મોકલ્યું છે.

મેનાબહેનનાં વંદન

* સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૮-૭-૬૭ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને મળી હતી, જ્યારે નીચે મુજબનું કામકાજ થયું હતું.

(૧) સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના સને ૧૯૬૬ની સાલના ઓડિટ થયેલા હિસાબો (જે આગલા અંકમાં પ્રગટ કરવામાં આવેલ છે) સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા તેમ જ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી રજૂ કરવામાં આવેલા બંને સંસ્થાઓનાં ચાલુ વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવામાં આવ્યાં હતાં.

(૨) ત્યાર બાદ નીચે મુજબ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવી.

(૧)	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	પ્રમુખ
(૨)	,, પરમાનંદ કુંવરજી કાપડિયા	ઉપ-પ્રમુખ
(૩)	,, ચીમનલાલ જેઠાલાલ શાહ	મંત્રી
(૪)	,, સુબોધભાઈ એમ. શાહ	,,
(૫)	,, રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
(૬)	,, નીરૂબહેન એસ. શાહ	સભ્યો
(૭)	,, દામજીભાઈ વેલજી શાહ	,,
(૮)	,, જયંતીલાલ ફત્તેહચંદ શાહ	,,
(૯)	,, રમણિકલાલ મણિલાલ શાહ	,,
(૧૦)	,, રમણલાલ લાલભાઈ લાકડાવાલા	,,
(૧૧)	,, મફતલાલ ભીખાચંદ શાહ	,,
(૧૨)	,, કે. પી. શાહ	,,
(૧૩)	,, ભગવાનદાસ પોપટલાલ શાહ	,,
(૧૪)	,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ	,,
(૧૫)	,, જસુમતિબહેન મનુભાઈ કાપડિયા	,,
(૧૬)	પ્રો. રમણલાલ ચી. શાહ	,,
(૧૭)	શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ	,,
(૧૮)	,, કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા	,,
(૧૯)	,, બાબુભાઈ ગુલાબચંદ શાહ	,,
(૨૦)	,, લીલાવતીબહેન દેવીદાસ	,,

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

ત્યાર બાદ તા. ૧૨-૭-૬૭ ના રોજ મળેલી સંઘની નવી કાર્યવાહક સમિતિએ, કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલ ચાર સભ્યોની પૂરવણી કરી હતી.

(૨૧) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૨૨) ,, ખેતસી માલસી સાવલા
(૨૩) ,, ધીરજલાલ ફુલચંદ શાહ
(૨૪) ,, ચંપકલાલ ચીમનલાલ શાહ

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

આ સમિતિના ટ્રસ્ટીઓની પાંચ વર્ષની મુદત પૂરી થઈ ગઈ હોવાથી બીજા પાંચ વર્ષ ૧૯૬૭–૬૮–૬૯–૭૦–૭૧–એમ પાંચ વર્ષ માટે અગાઉ હતા તે, નીચે મુજબના પાંચે પાંચ ટ્રસ્ટીઓને ચાલુ રાખવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
(૩) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) ,, રમણિકલાલ મણિલાલ શાહ
(૫) ,, ચીમનલાલ જેઠાલાલ શાહ

આ ઉપરાંત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

(૬) શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ
(૭) ,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
(૮) ,, કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા
(૯) પ્રો. રમણલાલ ચી. શાહ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને તેમાં પાંચ ટ્રસ્ટીઓમાંના એક, શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ.
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,

જૈન અને બૌદ્ધ વિચારધારાઓની આલોચના

[ઑક્ટોબર મહિનામાં દિલ્લીમાં મળેલા અખિલ ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલનની સુવર્ણજયંતીની ઉજવણીના પ્રસંગે પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ જૈન અને બૌદ્ધ પરિષદના અધ્યક્ષ તરીકે આપેલા ભાષણનો સારભૂત અનુવાદ].

વિજ્ઞાનના પ્રકાશમાન સૂર્યનો દિનપ્રતિદિન ઝળહળતો પ્રકાશ ફેલાતાં અંધશ્રદ્ધાનાં અંધારાં ઓસરી ચૂકયાં છે. કદાગ્રહ, દુરાગ્રહ, સંકુચિતતા, પરસ્પર માત્સર્ય અને અર્થશૂન્ય ધાર્મિક કલહ એ બધું તથા ચમત્કારો ઉપર લહેરાતો ધર્મનો ઝંડો હવે વધારે વખત ટકવાનો સંભવ નથી. પોતાનાં દર્શન, વિચારના અનુભવની સાથે બીજાનાં દર્શન, વિચાર યા અનુભવની પરસ્પર તુલના કરવાનો તથા સમભાવની દૃષ્ટિને મુખ્ય રાખીને વિચારવાનો સમય પાકી ગયો છે. સામસામા છેડાવાળી રાજકારણી વિવાદગ્રસ્ત પ્રવૃત્તિઓમાં સહઅસ્તિત્વનો સિદ્ધાંત સ્વીકારી શકાય છે તો સર્વને શાંતિદાયક એવા દાર્શનિક વિચારોના ક્ષેત્રમાં તો સહઅસ્તિત્વ સહજભાવે આવી શકે છે અને એમ થવામાં કોઈ જાતના વિરોધને અવકાશ કેમ હોઈ શકે? પ્રસ્તુત જૈનદર્શન અને બૌદ્ધદર્શનના અનુસંધાનમાં જગત્, કર્મ, આત્મા, નિર્વાણ, પ્રમાણ વગેરે પ્રમેયોની ચર્ચાને મેં જાણી જોઈને ગૌણસ્થાન આપેલ છે. આ બન્ને દર્શનોનાં જે જે મુખ્ય તાત્ત્વિક વિચારો છે તેનો સમન્વયની દૃષ્ટિએ વિચાર કરવો એ માટે પ્રધાન ઉદ્દેશ છે.

આપણા રાષ્ટ્રપિતાએ પણ સમગ્ર વિશ્વના હિતને લક્ષ્યમાં રાખી અને તેમાં ય ધર્મતત્ત્વ વિશે વિવિધ વિચારસરણી ધરાવતી ભારતીય જનતાને વિશેષતઃ પોતાની સામે રાખી સૌના કલ્યાણની દૃષ્ટિએ જે અગિયાર વ્રતોની યોજના કરેલી તેમાં સમન્વયમૂલક વિચારસરણીને વિશેષ પ્રતિષ્ઠા આપેલ છે. આમ તો અહિંસાના મહાવ્રતમાં જ સમન્વયવિચાર સમાઈ જાય છે. છતાં અજ્ઞાન, સંકુચિતતા અને "મમ સત્યમ" નો આગ્રહ હોવાથી આપણે સમન્વયના વિચારને વિસરી ગયેલા અને ધર્મને નામે જ કલહમાં સપડાઈ ગયેલા. તેથી આપણને જાગૃત કરવા સારું જ પૂ. ગાંધીજીએ સર્વધર્મસમભાવવ્રતની યોજના કરી જીવનચર્યામાં વણી લેવાનો સંદેશો આપેલ છે.

એમણે તો આશ્રમની બન્ને સમયની પ્રાર્થનામાં અને બીજી પણ પ્રવૃત્તિઓ કરતી વખતે એ વ્રતની ચર્યાને પોતાની કરણીમાં વણી બતાવેલ છે, રામ, હરિ, હર, અહુરમઝદ, ગૉડ, જિન, બુદ્ધ તથા ખુદા એ બધાનું સ્મરણ યથોચિત રીતે ચાલતું કરેલ છે અને આશ્રમવાસીઓ તથા ભારતીય સમગ્ર જનતાને સર્વધર્મસમભાવની ભાવનાને અનુરૂપ વર્તવાની હાકલ કરેલ છે. એમણે તો ત્યાં સુધી કહેલ છે કે માનવમાત્રના સુખની, શાંતિની, સમાધાનની ચાવી સર્વધર્મસમભાવવ્રતને આચરવામાં જ છે.

માણસને જે ધર્મ, આચાર, કર્મકાંડ કે અનુષ્ઠાન વારસામાં મળેલ છે તથા જે તત્ત્વવિચાર ગળથૂથીમાં સાંપડેલ છે તેને બરાબર સમજી લઈ વિવેક રાખી પૂર્ણ વફાદારી સાથે આચરવામાં આવે અને પોતાથી અન્ય માણસને જે ધર્મ, આચાર, કર્મકાંડ, અનુષ્ઠાન કે તત્ત્વવિચાર વારસામાં મળેલ છે તે તરફ આદર સાથે સહિષ્ણુતાપૂર્વક વર્તવામાં આવે તથા એકબીજાના ધર્મ કે કર્મકાંડ વા તત્ત્વવિચારની તુલના કરીને સમજવા માટે પ્રયાસ કરવામાં આવે તો વિવેકી વિચારશીલ મનુષ્યને પરસ્પર વિરુદ્ધ કહેવાતા એક બીજાના ધર્મ, દર્શન, કર્મકાંડ વગેરેમાં કેટલી બધી સમાનતા છે એની ચોકખી ખબર પડે તથા એ બન્ને વચ્ચે કેવળ નિરૂપણશૈલીની ભિન્નતા છે વા કયાંય કયાંય તો કેવળ શાબ્દિક જ ભેદ છે એ પણ આપોઆપ જણાઈ આવે. વળી, એકબીજાનાં ધર્મ, દર્શન કે કર્મકાંડ વગેરેમાં અમુક અંશ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે તે પણ સમજાય તથા એકબીજાના દર્શન વગેરેની ખૂબીઓ પણ ખ્યાલમાં આવે.

મારો પોતાનો અંગત અભિપ્રાય જણાવું તો ભારતીય વા ભારતીયેતર કોઈ પણ ધર્મ, મત, દર્શન માર્ગોના પ્રચારનો હેતુ જનતાનું નિઃશ્રેયસ સાધવાનો છે. કોઈ પણ સાધન કે પ્રક્રિયા દ્વારા રાગદ્વેષો ક્ષીણ થાય, સમભાવ પેદા થાય અને પ્રત્યક્ષ જીવનમાં શાંતિ, સમાધાન, સંતોષ અનુભવાય એવો ઉદ્દેશ તમામ ધર્મમતોનો છે અને એ ઉદ્દેશ સિદ્ધ કરવા અંગે સમદર્શી જૈન વિચારની આ ઘોષણા છે –

જુઓ, સમદર્શી જૈન આચાર્યશ્રી હરિભદ્રસૂરિ કહે છે કે:

"सेयंबरो वा आसंबरो वा बुद्धो वा तह य अन्नो वा।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो।।"

ભલે મનુષ્ય જૈનમાર્ગનો અનુયાયી હોય – શ્વેતાંબરી હોય કે દિગંબરી હોય – અથવા બૌદ્ધમાર્ગનો કે બીજા પણ કોઈ ધર્મમાર્ગનો અનુયાયી હોય, પણ જ્યારે તેવા ભિન્નભિન્ન ધર્મમાર્ગનો અનુયાયી સમભાવી બને અર્થાત્ વીતરાગ – સમદર્શી બની તદનુસાર આચરણપરાયણ થાય ત્યારે જરૂર તે નિર્વાણ, નિઃશ્રેયસ મુક્તિ કે સિદ્ધિને મેળવી શકે છે તેમાં લેશમાત્ર સંદેહ નથી. આચાર્યશ્રી હરિભદ્રથી પછી થયેલા અને ગુજરાતના સાહિત્યસમ્રાટરૂપે પ્રસિદ્ધિ પામેલા આચાર્ય હેમચંદ્રે જૈનધર્મનો પ્રધાન સિદ્ધાંત અહિંસા તથા એ જ અહિંસાનો પોષક જૈનપરંપરાનો સ્યાદ્વાદ સિદ્ધાંત એ બન્નેને કેન્દ્રમાં રાખીને એવી ઉદ્‌ઘોષણા કરી છે કે:

भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

પ્રપંચરૂપ સંસારના અંકુરના મૂલબીજ રૂપ રાગદ્વેષ ક્રોધ માન માયા લોભ વગેરે દુર્ગુણો જેમનાં ક્ષિણ થઈ ગયેલ છે એટલે જેઓ વીતરાગ સમદર્શી છે તેમને સૌને નમસ્કાર – પછી તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, હર હોય કે જિન એટલે જિન અથવા બુદ્ધ હોય. તાત્પર્ય એ કે વીતરાગ સમભાવી એવો કોઈ પણ પુરુષ જૈન દૃષ્ટિએ વંદનીય જ છે.

ભગવાન મહાવીરે અનેકાંતવાદ અથવા સાપેક્ષ અનાગ્રહવાદને પોતાના પ્રવચનોમાં સ્થાપિત કરેલ છે તેમ ભગવાન બુદ્ધે પણ એ જ હકીકતને શબ્દાન્તરથી પોતાના પ્રવચનમાં વિશદ રીતે સમજાવેલ છે, જેને મધ્યમ માર્ગ વા વિભજ્યવાદનું નામ આપેલ છે.

આજથી આશરે બે હજાર વર્ષ પૂર્વે ભારતમાં સમ્રાટને સિંહાસને આવેલા પ્રિયદર્શી રાજા અશોકે પોતાના **શાસ્તા** ભગવાન બુદ્ધના મધ્યમમાર્ગને લક્ષ્યમાં રાખીને ઉદ્‌ઘોષણા કરેલ છે કે શ્રમણસંપ્રદાય અને બ્રાહ્મણસંપ્રદાય એ બન્ને નિર્વાણવાદી સંપ્રદાયો પરસ્પર હળીમળીને રહે, કોઈ કોઈની નિંદા ગર્હા ન કરે અને પ્રશંસા પણ એવી રીતે ન કરે જેથી એક બીજા સંપ્રદાયો દુભાય. આ વાત, રાજા અશોકે જ્યાં જ્યાં ભારતમાં પોતાની ધર્મલિપિઓ– ધર્માનુશાસન કોતરાવેલ છે ત્યાં ત્યાં, તે દરેક ધર્માનુશાસનમાં અવશ્ય કોતરાવેલ છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે જૈનદર્શનના મૂળ આધાર રૂપ ભગવાન મહાવીર અને બૌદ્ધ દર્શનના મૂળ આધારરૂપ ભગવાન બુદ્ધ એ બન્નેની દૃષ્ટિમાં સમન્વય વૃત્તિને અથવા સર્વધર્મસમભાવને વિશેષ પ્રતિષ્ઠા મળેલ છે.

મારો જ ધર્મવિચાર યા દર્શન અથવા અનુભવ ખરો છે અને તારો – સામાનો – વિચાર – ધર્મવિચાર દર્શન અથવા અનુભવ

ખોટો જ છે – આ જાતની વિચારધારાનું નામ કદાગ્રહ અથવા દુરાગ્રહ છે. પૂ. શ્રી વિનોબાજીએ ભૂમિપુત્રમાં પોતાનાં એક લેખમાં જણાવેલ છે કે વૈદિક સાહિત્યમાં યુદ્ધના ભાવનો સૂચક 'મમ સત્યમ્' શબ્દ વપરાયેલ છે. 'મમ સત્યમ્' એટલે મારું જ સાચું અર્થાત્ તારું – સામાનું – ખોટું જ. 'મમ સત્યમ્' શબ્દ કદાગ્રહનો સૂચક છે, એકપક્ષી છે અને સામાના વિચારને અથવા અનુભવને સમજવાની ના પાડવાનો ભાવ એમાં દેખાય છે. અને આમ છે માટે એ શબ્દ કલહવર્ધક યુદ્ધના પર્યાયરૂપ બનેલ છે. અમુક દૃષ્ટિએ વિચારીએ તો મારું પણ સાચું છે અને અમુક દૃષ્ટિએ વિચાર કરીએ તો તારું પણ સાચું છે આ જાતની વિચારધારા કદાગ્રહવગરની છે અને સમભાવ તરફનું વલણ બતાવનારી છે. જે વિચારધારા બન્ને જાતના જુદીજુદી દૃષ્ટિએ યોજાયેલા વિચારને અન્યાય ન કરે અને યથોચિત પ્રામાણ્ય આપે તે વિચારધારા કલહનું કારણ બનતી નથી.

"नानारुचिर्हि लोकः" લોક જુદી જુદી રુચિવાળો છે. એટલે ભલેને રુચિઓ જુદી જુદી હોય, પણ એ રુચિ ધરાવનાર અનેક લોકોનો ઉદ્દેશ એક હોય છે અને એ એક જ ઉદ્દેશને પાર પાડનારી પ્રક્રિયાઓ રુચિભેદે જુદી જુદી હોઈ શકે છે, એટલે ભિન્ન-ભિન્ન વિચારોને સાંભળીને ભડકવાનું નથી, પણ ધીરજ ધરી એ ભિન્નભિન્ન વિચારોનું મૂળ શોધી કાઢી તે દરેકને ન્યાય આપવાનો છે. આ અંગે દાખલો આમ આપી કાય. નીચે જમીન ઉપર લોકો ચાલી રહ્યાં છે અને એ લોકો પોતપોતાની ઊંચાઈનું માપ જાણે છે, તથા વહેતી નદીઓનો પટ તથા ઘરોની ઊંચાઈ, પહોળાઈ કે લંબાઈનાં માપો પણ ભૂતળ ઉપર ચાલતા લોકોના ધ્યાનમાં હોય છે, પણ જ્યારે વિમાન ભૂતળ ઉપરથી ઘણે ઊંચે ઊડતું હોય ત્યારે તેમાં બેઠેલા બધા લોકો નીચે નજર કરે તો તેમને એમ લાગશે કે નીચે તો નાનાં નાનાં વામનોની હાર ચાલી જાય છે. નદીઓ પાતળી ધોળી દોરી જેવી લાગે છે અને ઘર તો તદ્દન નાનાં ધોલકાં જેવાં જણાય છે. હવે આ બે દર્શનોમાં જોવા જઈએ તો બન્નેય સાચાં છે. આમાં ભૂતળ ઉપર ચાલનારનું દર્શન જ સાચું છે અથવા તો વિમાનમાં બેસીને ઊડનારનું જ દર્શન સાચ્યું છે એમ કદી પણ નહીં કહી શકાય, અને કોઈ પણ વિચારક એમ કહેશે પણ નહિ. બીજું ઉદાહરણ – એક જ પુરુષ કે સ્ત્રી છે. તે પિતા છે, માતા છે, પુત્ર છે, પુત્રી છે, બનેવી છે, સાળો છે, મામો છે, મામી છે, ફુવો છે. ફઈ છે, સાસરો છે, સાસુ છે – આવો વ્યવહાર સૌ કોઈને અનુભવસિદ્ધ છે. એટલે આમાં બોલનારનો દૃષ્ટિકોણ બરાબર સમજી લેવામાં આવે તો કોઈ પણ જાતનો વ્યવહાર જરા પણ ખોટો નહીં ઠરે. મહાવીરે કહ્યું છે કે હું સત્ પણ છું અને અસત્ પણ છું. આમ મહાવીર સદ્રૂપ પણ છે અને અસદ્રૂપ પણ છે. આ સાંભળી કોઈ જરૂર બોલી ઉઠશે કે આમ કેમ? જે સત્ છે તે અસત્ કેમ? અને અસત્ છે તે સત્ કેમ? પણ મહાવીર કહે છે કે જુઓ, મારા સ્વરૂપમાં હું સત્ છું અને મારાથી વિરુદ્ધ સ્વરૂપમાં અસત્ છું. સરળ ભાષામાં કહેવું હોય તો મહાવીર મહાવીર છે, પણ મહાવીર કાયર નથી.

આ રીતે જ બુદ્ધે કહેલ છે કે હું ક્રિયાવાદી પણ છું અને અક્રિયાવાદી પણ છું. આ સાંભળીને ભડકવાની જરૂર નથી. આ અંગે બુદ્ધે પોતે જ ખુલાસો કરેલ છે કે કુશળ કર્મ કરવાની મારી સૌને પ્રેરણા છે, માટે હું ક્રિયાવાદી છું, અને અકુશળકર્મ એટલે પાપકર્મ કરવાની મારી ચોકખી ના છે, માટે હું અક્રિયાવાદી છું. આમ પરસ્પરવિરુદ્ધ કે ભિન્ન વિચારોને જુદી જુદી દૃષ્ટિએ તપાસતાં તેમાં જે સત્ય છે તે બરાબર સમજી શકાય એમ છે.

જેવી રીતે અર્થપ્રાપ્તિ માટે વિવિધ સાધનાઓ છે, વિવિધ પ્રવૃત્તિઓ છે તે ભલે તદ્દન ભિન્ન ભિન્ન હોય વા એકબીજી સામસામા છેડાની હોય, પણ તે બધી પ્રવૃત્તિઓનો ઉદ્દેશ એક 'ધન' હોય છે અને જુદી જુદી એ પ્રવૃત્તિઓ ધનના ઉપાર્જનમાં અસાધારણ કારણ હોય છે. કોઈ એમ તો નહીં જ કહી શકે કે ધનને પેદા કરવા માટે આ એક જ સાચી પ્રક્રિયા કે સાધના છે અને એ સિવાયની બીજી પ્રક્રિયા કે સાધના ખોટી જ છે. આ હકીકતનો કોઈ પણ ઈન્કાર નહીં કરે.

એ જ રીતે ચિત્તશુદ્ધિની સાધના માટે પણ વિવિધ પ્રક્રિયાઓ હોઈ શકે છે, નિર્વાણ મેળવવા માટે કે મુકત થવા માટે વળી ભિન્ન ભિન્ન સાધના કે પ્રક્રિયાઓ હોઈ શકે છે. આ માટે જ ઉપર જણાવેલ છે કે ગમે તે રીતે સમભાવ પ્રાપ્ત કરો એટલે અવશ્ય નિર્વાણનો અનુભવ થશે, અને ગમે તે પુરુષ હોય તે જો વીતરાગી હોય તો જરૂર વંદનીય છે. આમાં સમભાવની પ્રાપ્તિ માટે કોઈ એક જ પ્રક્રિયા કે સાધનાની વાતનો નિર્દેશ નથી. તેમ વંદનીયતા માટે કોઈ એક જ વ્યકિતનો નિર્દેશ નથી પણ ગુણનો નિર્દેશ છે. આ વિચાર માટે દરેક દર્શનિક કે ધાર્મિક વિચારક બરાબર સંમત થઈ શકે એમ છે.

કોઈ પણ ધર્મમત વા દર્શન, નિર્વાણનો લાભ મેળવવા ચારૂં ક્યારે કે કદી પણ એમ તો કહેતો નથી કે તે માટે રાગદ્વેષને વધારો, કપટ, લોભ કે ક્રોધને ઉત્તેજીત કરો, વિષયવિલાસોમાં સતત મગ્ન રહો, જૂઠું બોલો કે પરિગ્રહી તથા હિંસક બનો.

આ ઉપરથી એમ તો સ્પષ્ટ જણાય છે કે નિર્વાણના લાભ માટે જે જે બાધક અને નિષેધાત્મક બાજુ છે તેમાં તમામ મત, ધર્મ કે દર્શન એકમત છે. એટલે એમાં તો વિવાદને સ્થાન નથી. હવે એક સાધ્યરૂપ નિર્વાણના લાભ માટે દરેક દર્શન મત કે ધર્મના પ્રકાશકે જુદી જુદી વિચારધારા બતાવીને તેને અનુકૂળ જુદી જુદી સાધના કે કર્મકાંડ બતાવેલાં છે, પણ રાગદ્વેષરહિત થવાની વાતમાં કોઈનો લેશમાત્ર વિવાદ નથી. જે જુદાઈ છે તે અધિકારીઓની જુદી જુદી ભૂમિકાને લક્ષમાં રાખીને અથવા દેશ વા કાળની પરિસ્થિતિ અને મનુષ્યોની શકિત તથા રુચિને લક્ષ્યમાં રાખીને માત્ર વચગાળાની પ્રક્રિયાઓ જુદી જુદી બતાવવામાં આવેલ છે તેમાં છે. એથી કોઈએ લેશમાત્ર ભડકવાનું નથી, જે પ્રક્રિયા વારસાગત મળેલ છે તેને બરાબર યથાર્થ રીતે વિવેકપૂર્વક અનુસરવાની છે, પણ એ અંગે કોઈ વિવાદ કરવાની જરૂર નથી.

અપૂર્ણ

પં. બેચરદાસ જીવરાજ દોશી

પ્રકીર્ણ નોંધ

રાજવીઓનાં સાલિયાણાં બંધ કરવા મહાસભા સમિતિનો ઠરાવ

છેલ્લી ઑલ ઈંડિયા કૉંગ્રેસ કમિટીની બેઠકદ્વારા પસાર કરવામાં આવેલા ભારતના પદચ્યુત રાજવીઓના વિશેષ અધિકારો અને સાલિયાણાં રદ કરવાના ઠરાવે ભારતના રાજકારણમાં પ્રસ્તુત ઠરાવના કાનૂનીપણા અંગે તેમ જ ઔચિત્ય અંગે એક પ્રચંડ વિવાદ ઊભો કર્યો છે. દેશી રાજ્યોના વિલીનીકરણના પાયા ઉપર એક અને અવિચ્છિન્ન ભારતની રચના ઊભી કરવામાં આવી છે અને ભિન્ન ભિન્ન રાજવીઓને અમુક વિશેષ અધિકારો અને ચોક્કસ સાલિયાણાંની બાંહેધરી ઉપર આ વિલીનીકરણ શકય બન્યું છે; અને આ બાબતનો નવા રાજ્યબંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સાલિયાણાંની આ રકમ આશરે સાડાચાર કરોડની થવા જાય છે. જે સંયોગોમાં આ બાંહેધરીઓ આપવામાં આવી છે તેનો વિચાર કરતાં તે બાંહેધરીઓનો ઈન્કાર કરવો તે ગેરકાનૂની લાગે છે અને પ્રસ્તુત બાંહેધરીઓ આ કૉંગ્રેસ સરકાર મારફત નક્કી થયેલી હોઈને તેને વળગી રહેવાને કૉંગ્રેસ પક્ષ બંધાયેલો છે અને તેની આ નૈતિક ફરજ બને છે.

તદુપરાંત પ્રસ્તુત ઠરાવના ઔચિત્ય – અનૌચિત્યનો વિચાર કરતાં આ ઠરાવ કયા સંયોગોમાં અને કેવી રીતે પસાર કરવામાં આવ્યો

છે તેની વિગતો પણ ધ્યાનમાં લીધા સિવાય ચાલે તેમ નથી. મહાસભાની છેલ્લા દિવસની બેઠક કે જ્યારે મહાસભાના કુલ ૫૦૦ સભ્યોમાંથી માત્ર ૪૩ સભ્યોની હાજરી હતી, તેમાં ૧૭ મત પ્રસ્તુત ઠરાવના પક્ષમાં, ૪ મત વિરુદ્ધમાં અને બાકીના તટસ્થ—એ પ્રકારની બહુમતીથી, મૂળ ઠરાવ રાજવીઓના વિશેષ અધિકારો રદ કરવાનો હતો તે ઉપર શ્રી મોહન ધારીઆએ રાજવીઓનાં સાલિયાણાં બંધ કરવાનો જે સુધારો મૂક્યો હતો તે સુધારા સાથે મૂળ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવને શ્રી ચવ્હાણનો ટેકો હતો, શ્રી મોરારજીભાઈનો વિરોધ હતો, શ્રી કામરાજ પ્રમુખસ્થાને હતા અને શ્રીમતી ઈન્દિરા ગાંધી એ મતપ્રદાન વખતે હાજર નહોતા. આ રીતે પ્રસ્તુત સુધારાને જે બહુમતી મળી તે કેવળ આકસ્મિક હતી. મહાસભાના સભ્યો મોટી સંખ્યામાં હાજર હોત અને આ સુધારા સાથેનો ઠરાવ રજૂ થયો હોત તો ઘણું સંભવ છે કે તે પસાર થઈ શક્યો ન હોત. આજના સંયોગોમાં આવા ઠરાવ ઉપર કશું પણ સક્રિય પગલું ભરવામાં આવે તે પહેલાં તે ઠરાવ પુનર્વિચારણા માટે કૉંગ્રેસની મહાસભા ઉપર પાછો મોકલવામાં આવે એ અત્યન્ત ઉચિત અને આવશ્યક છે.

ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રીનો પરિચય

તા. ૧-૭-૬૭ ના શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે દિલ્હીથી આવેલા પંડિત ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી એમ. એ. પી.એચ. ડી. નું સંઘના કાર્યાલયમાં 'સંસ્કૃતિનું ભૂત' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ પં. ઈન્દ્રચંદ્રનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે પુરાણો સંબંધ છે. તેમની મુંબઈ ખાતેના જૈન સ્થાનકવાસી કૉન્ફરન્સના કાર્યાલયમાં મુખ્ય સ્થાને નિયુક્ત થતાં તેઓ ૧૯૫૨ ના મે માસમાં દિલ્હીથી મુંબઈ આવીને વસ્યા હતા અને લગભગ એક વર્ષ સુધી મુંબઈમાં રહ્યા હતા એ દરમિયાન તેઓ મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય હતા. ૧૯૫૩ ના માર્ચ માસમાં અધ્યાપનકાર્ય અંગે તેમનું કાશી જવાનું બન્યું અને એ જ વર્ષના નવેમ્બર માસમાં દિલ્હી યુનિવર્સિટીમાં તેમની સંસ્કૃતના અધ્યાપક તરીકે નિમણૂંક થતાં તેઓ દિલ્હી જઈને વસ્યા. ૧૯૬૨ની સાલમાં ઝામર અને કાળા મોતિયાના ઉપદ્રવના કારણે તેમણે કમનસીબે દૃષ્ટિ ગુમાવી અને પરિણામે સંસ્કૃતના અધ્યાપકની જવાબદારીથી મુક્ત થવાની તેમને ફરજ પડી. પણ ત્યાર બાદ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આ રીતે નિવૃત થયેલા અધ્યાપકોનો ઉપયોગ કરે છે તે મુજબ તે કમિશને તેમની રીટાયર્ડ પ્રોફેસર તરીકે નિમણૂંક કરી અને ભારતીય સંસ્કૃતિના વિષય ઉપર દિલ્હી યુનિવર્સિટીમાં દર અઠવાડિયે તેમણે એક વ્યાખ્યાન આપવું એવો પ્રબંધ કર્યો. આ અધિકાર ઉપર તેઓ આજે પણ ચાલુ છે.

આ ઉપરાંત તેમનું લેખન વાંચન અને અધ્યાપન ચાલુ જ છે. આજે તેમની ૫૩ વર્ષની ઉમ્મર છે. કુટુંબપરિવાર મોટો છે. મોટી પુત્રી અધ્યાપિકા તરીકે આગ્રા કૉલેજમાં કામ કરે છે. તાજેતરમાં તેમના લેખોના બે સંગ્રહો બહાર પડ્યા છે: તેનાં નામ છે—'સંસ્કૃતિ કે ભૂત' અને 'આલોક અને ઉન્માદ.' પ્રત્યેકની કિંમત રૂા. ૫ છે. અને સાર્વભૌમ સંસ્કૃતિ પીઠ ૧૦/૧૭ શકિતનગર દિલ્હી ૭ એ ઠેકાણેથી મળી શકે તેમ છે. શાસ્ત્રીજી વિદ્વાન તો છે જ, પણ સાથે સાથે સ્વતંત્ર વિચારક છે અને આજની સંસ્કૃતિ તેમ જ ધર્મ-પરંપરા અંગે રૂઢિગ્રસ્ત સમાજને સખ્ત આઘાત પહોંચાડે તેવા તેમ જ સામાજિક તેમ જ ધાર્મિક દંભને નિષ્ઠુરપણે ખુલ્લા પાડતા વિચારો પોતાના લેખો તેમ જ પ્રવચનો દ્વારા તેમણે પ્રગટ કર્યા છે.

અહિં એ ઉમેરવું અપ્રસ્તુત નહિ લેખાય કે ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી મૂળ પંજાબમાં આવેલા હિસ્સાર જિલ્લાના અગ્રવાલ છે. તેમના પિતા જૈન સાધુઓના સારા પરિચયમાં રહેતા. આ કારણે તેમનો પણ જૈન સાધુઓ સાથે સંપર્ક વધતો રહ્યો અને તેનું પરિણામ તેમને જૈન ધર્મ તરફ વાળવા તેમ ઢાળવામાં આવ્યું હતું. તેમનો અભ્યાસ મોટા ભાગે કાશીમાં થયો હતો અને ત્યાર બાદ તેઓ દિલ્હીમાં આવીને વસ્યા હતા.

સ્વ. આર્યનાયકમજી

પાયાની કેળવણી અથવા તો નયી તાલીમના અગ્રગણ્ય પુરસ્કર્તા શ્રી આર્યનાયકમજીનું જૂન માસની ૧૪મી તારીખે સીલોનમાં આવેલા પોતાના જન્મસ્થાન વડુકોટ્ટેમાં ૭૪ વર્ષની ઉમ્મરે અવસાન થયું. આમ તો તેઓ સીલોનના હતા, પણ ૧૯૨૪ થી ભારત આવીને વસેલા અને પછી ભારત સાથે—ભારતના જીવન સાથે—તેઓ ઓતપ્રોત થઈ ગયેલા. તેમના જીવન વિષેની ભૂમિપુત્રમાં પ્રગટ થયેલી અવસાન નોંધમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ 'વિશાળ વ્યોમ નીચે એક પરિવાર' એ હતી તેમની જીવનભાવના.

ગાંધીજીની નયી તાલીમને તેમણે પોતાનું જીવનકાર્ય માન્યું હતું અને છેલ્લા શ્વાસ સુધી તેમાં જ તેઓ રચ્યાપચ્યા રહ્યા હતા. ૧૯૩૭માં ગાંધીજીએ 'પાયાની કેળવણી' ની કલ્પના દેશ સમક્ષ મૂકી ત્યારથી આર્યનાયકમજી અને તેમનાં પત્ની આશાદેવી નયી તાલીમના પૂજારી બની ગયાં હતાં. તે દિવસોમાં સ્થપાયેલ હિન્દુસ્તાની તાલીમ સંઘના અધ્યક્ષ ડૉ. ઝાકિરહુસેન હતા અને મંત્રી આર્યનાયકમજી હતા. આશાદેવી થોડાં વર્ષો ઉપર મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આ જ વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે આવ્યાં હતાં.

સમયના વહેવા સાથે વિનોબાજીનાં નેતૃત્વ હેઠળ ભૂદાન—ગ્રામદાન આન્દોલન પાંગરતું થયું ત્યારથી તેમણે તેમાં નઈ તાલીમનું જ એક ક્રાંતિકારી પરિબળ રૂપે, વ્યાપક સ્વરૂપ નિહાળ્યું હતું અને પરિણામે તે આંદોલન સાથે તેઓ આજ સુધી ઓતપ્રોત બની રહ્યા હતા. ૧૯૬૨માં ગુજરાતમાં વેડછી ખાતે ૧૪મું અખિલ ભારતીય સર્વોદય સંમેલન ભરાયું ત્યારે આર્યનાયકમજી તેના અધ્યક્ષ હતા. તેમની પહેલાં તેમનાં પત્ની આશાદેવીએ પણ આ સર્વોદય સંમેલનનું અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું. એક જ ક્ષેત્રમાં વર્ષો સુધી કામ કરનાર આવું તેજસ્વી યુગલ આજની દુનિયામાં બહુ વિરલ જોવા મળશે. આર્યનાયકમજીને વહેલાં બોલાવી લઈને વિધાતાએ આ અનુપમ જોડીને ખંડિત કરી છે. આ પ્રસંગે આશાદેવી પ્રત્યે આપણા ઊંડા દિલની સહાનુભૂતિ હો! નયી તાલીમના ક્ષેત્રે આર્યનાયકમજીની ખોટ કદી પુરાઈ શકે તેમ છે જ નહિ. છએક મહિના પહેલાં ભરાયલા ભારત જૈન મહામંડળના અધિવેશનમાં ભાગ લેવા માટે વર્ધા જવાનું બનેલું ત્યારે સેવાગ્રામની યાત્રાએ પણ અમે ગયેલા. પાછા ફરતાં રસ્તા ઉપર તેમને છેલ્લું મળવાનું અને તેમની સાથે થોડીક ક્ષણો ગાળવાનું બનેલું. આશાદેવી તેમની સાથે હતાં. એ દિવસે ચિત્તમાં અંકિત થયેલી તેમની ભવ્ય પ્રતિમા અને સૌમ્ય મુદ્રા આજે સ્મરણમાં તાજી થાય છે અને હવે એ દર્શન નહિ થાય એ વિચારે દિલ ઊંડી ગ્લાનિ અનુભવે છે. ગાંધીયુગના વિરલ અવશેષોમાંનો એક મહત્ત્વપૂર્ણ અવશેષ આજે આપણી વચ્ચેથી સદાને માટે લુપ્ત થયો છે. તેમના પવિત્ર આત્માને આપણે શાશ્વત શાન્તિ પ્રાર્થીએ!

જાપાન જઈ રહેલા કાકાસાહેબ કાલેલકરને શુભ વિદાય

જાપાનના મહાસ્થવિર ભિખ્ખુ ગુરુજી નિચિદાત્સુ ફૂજીઈના આમંત્રણને માન આપીને પૂજ્ય કાકાસાહેબ કાલેલકર સમન્વય વિચારના પ્રચારાર્થે ચાલુ જુલાઈ માસની સત્તરમી તારીખે એક માસ માટે જાપાન જઈ રહ્યા છે. તેમની સાથે તેમનાં અંગત મંત્રી શ્રી સરોજબેન નાણાવટી, શ્રી રવિન્દ્ર કેળકર તથા શ્રી શરદ પંડ્યા મદદનીશ તરીકે જઈ રહ્યા છે. આજે કાકાસાહેબની ઉમ્મર ૮૨ વર્ષની છે. આ ઉમ્મરે પણ ભારતભરમાં તો તેમનું પરિભ્રમણ ચાલુ જ હોય છે. સદ્‌ભાગ્યે તેમનું શારીરિક તેમ જ માનસિક સ્વાસ્થ્ય તેમની પ્રવાસપ્રવૃત્તિમાં સારો સાથ આપી રહેલ છે. આમ છતાં જાપાન જેટલે દૂર એક મહિના માટે જવું તે તેમના જેવી એક વ્યક્તિવિશેષ માટે સાહસ તો ગણાય જ. જે હેતુપૂર્વક કાકાસાહેબ જાપાન જઈ રહ્યા છે તેમાં તેમને પૂરી સફળતા મળે અને પોતાનું કાર્ય પતાવીને તેઓ સુખરૂપ પાછા ફરે એવી તેમને આપણી શુભેચ્છા અને પરમાત્માને પ્રાર્થના હો!

પરમાનંદ

આરબ – ઈઝરાઈલ સમસ્યાની ઐતિહાસિક ભૂમિકા અને તેના નિરાકરણ અંગે માર્ગદર્શન

[લગભગ છેલ્લાં વીશ વર્ષથી સ્થીરતાને પામેલ ઈઝરાઈલ રાજ્યને નિર્મૂળ કરવા તેની આસપાસનાં આરબ રાજ્યો આટલી બધી તીવ્ર ભાવના કેમ સેવે છે તે બાબત ઈઝરાઈલ અને આરબ રાજ્યોની ઐતિહાસિક પૂર્વભૂમિકા ન સમજનાર માટે એક ભારે આશ્ચર્યનો વિષય બને છે. તા. ૧૯ જૂન, ૧૯૬૭ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલો પ્રો. આર્નોલ્ડ જે. ટોયન્બીનો લેખ આની ઉપર સારો પ્રકાશ પાડે છે અને તેના નિરાકરણ અંગે ઉપયોગી સૂચનો કરે છે તેથી તે લેખનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**]

આરબ–ઈઝરાઈલ સંઘર્ષ અંગે સૌ પ્રથમ ઈઝરાઈલનું, પછી આરબોનું ને અંતે મારું પોતાનું દૃષ્ટિબિન્દુ–હું જે રીતે સમજ્યો છું તે રીતે–રજુ કરવા પ્રયત્ન કરીશ. એક બ્રિટીશ પ્રજાજન તરીકે મારા દેશની, આ સંઘર્ષમાં જેટલી જવાબદારી છે તે વિષે હું તીવ્ર સંવેદન અનુભવું છું.

બ્રિટને ૧૯૧૭માં બાલ્ફર ડેકલેરેશન બહાર પાડ્યું ત્યારથી ૧૯૪૮ સુધીનાં ત્રીસ વર્ષ પેલેસ્ટાઈનમાં બ્રિટનની સત્તા હતી. બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટને એકાએક પેલેસ્ટાઈનનો ત્યાગ કર્યો તેમાં આરબ ઈઝરાઈલ વચ્ચેની ત્રણ લડાઈ પૈકી પહેલી લડાઈનાં બીજ રોપાયાં.

ઈઝરાઈલી પ્રજાનો દૃષ્ટિકોણ :

ઈસ્વીસન પૂર્વેની તેરમી સદીમાં પેલેસ્ટાઈન જેણે જીતી લીધું હતું તેવી ઈઝરાઈલની બાર જાતિઓ પૈકી એક જુડાહ જાતિના અમે યહુદી લોકો વારસદાર છીએ. સાતસો વર્ષ સુધી અમે પેલેસ્ટાઈન ઉપર રાજ્ય કર્યું. ઈ. સ. પૂર્વે ૫૮૭માં નેબુચાડ્નેઝારે અમને કાઢી મૂક્યા. પરંતુ પચાસ વરસથી ઓછા સમયમાં અમે પાછા સત્તા પર આવ્યા. ઈ. સ. ૧૩૫માં રોમનોએ અમને હરાવ્યાં ત્યાં સુધીનાં ૭૭૩ વર્ષ સુધી પેલેસ્ટાઈન અમારા કબજામાં હતું.

ઈઝરાઈલ અમારું જ છે અને એ વિષેનો અમારો દાવો અમે કદી પણ જતો કર્યો નથી. બીજા ૧૮૮૩ વર્ષ પછી એટલે ઈ. સ. ૧૯૧૮માં અમે ફરીવાર અમારો કબજો જમાવ્યો ને તે પછીનાં પચાસ વર્ષમાં સખ્ત પરિશ્રમ, તાકાત અને લશ્કરી કુનેહ વડે અમે અમારું આજનું ઈઝરાઈલ રાજ્ય ઊભું કર્યું છે. અને આરબો કે જે અમને ઈઝરાઈલમાંથી હાંકી કાઢવાનો સતત પ્રયત્ન કરતાં રહ્યાં છે તેમને ત્રણ ત્રણ વાર યુદ્ધમાં અમે સજ્જડ હાર આપી છે.

જગતના બીજા લોકોની જેમ તેમ જ અમારાં બાપદાદાઓની જેમ, અમારે અમારું પોતાનું રાજ્ય જોઈએ છે. ઈ. સ. ની ચોથી સદીમાં જ્યારે આખાં રોમન સામ્રાજ્યનું ખ્રિસ્તીકરણ થયું ત્યારથી અમારે પશ્ચિમના ખ્રિસ્તી લોકો સાથે રહેવું પડ્યું છે, જેમણે અમારા પર ઘણો જુલમ ગુજાર્યો છે. એ કારણે પણ અમારે અમારું પોતાનું રાજ્ય હોવું જરૂરી છે.

યુરોપમાં જર્મનો અને પશ્ચિમી લોકોએ અમારા જીવનકાળ દરમિયાન અમારી સમગ્ર જાતિનું નિકંદન કાઢવાનો અભૂતપૂર્વ અપરાધ કર્યો છે. અમે હવે આરબોને અહીં અમારા પોતાના દેશ ઈઝરાઈલમાં એવો જ અપરાધ ફરી વાર કરવા નહીં દઈએ.

આરબોનો દૃષ્ટિકોણ :

ઈ. સ. ની સાતમી સદીમાં જ્યારથી અમે રોમનો પાસેથી પેલેસ્ટાઈન જીતી લીધું ત્યારથી પેલેસ્ટાઈન અમારું છે. ૧૯૩૮માં પેલેસ્ટાઈનની કુલ વસ્તીના ૯૦ ટકા લોકો આરબો હતાં. ૧૯૧૮થી આરબ દુનિયાના હૃદય સમા પેલેસ્ટાઈન પર એક પરદેશી લશ્કરી આક્રમક સત્તાને અમારા પર ઠોકી બેસાડવામાં આવી છે. અમારો વિરોધ હોવા છતાં માત્ર બ્રિટિશ શસ્ત્રોના જોરે આમ કરવામાં આવ્યું છે. આક્રમણખોર યહૂદી લોકો બ્રિટિશ લશ્કરના રક્ષણ નીચે રહીને પોતાની લશ્કરી તાકાત વધારતા રહ્યા અને એ રીતે આરબો કરતાં પણ યહુદીઓની લશ્કરી તાકાત વધી ગઈ. ત્યારપછી અંગ્રેજે અમને અમારાં નસીબ પર ઠોડીને ચાલી ગયા.

આજે પરિસ્થિતિ એવી છે કે નવથી દશ લાખ પેલેસ્ટાઈની આરબ લોકોનાં ઘરબાર માલમિલ્કત ખૂંચવી લેવામાં આવ્યા છે ને તેમને ભીખ પર નભતાં નિરાશ્રિત બનાવી દેવામાં આવ્યા છે. જે કોઈ પેલેસ્ટાઈની આરબ પોતાનાં ઘરબાર પાછાં મેળવવા જાય છે તેને ઈઝરાઈલી સૈનિકો ગોળીથી ખતમ કરે છે. જે પેલેસ્ટાઈની આરબોનાં ઘરબાર પરાણે લૂંટી લેવાયાં નથી તેવા આરબો પ્રત્યે ઈઝરાઈલમાં શાપિત બીજા વર્ગના નાગરિકો જેવું વર્તન કરવામાં આવે છે. ભૂમધ્યથી રાતા સમુદ્ર સુધીનો જે આરબ વિસ્તાર ઈઝરાઈલીઓએ બળજબરીથી લઈ લીધો છે તેના પરિણામે આરબ જગત બે ભાગમાં વહેંચાઈ ગયું છે.

અમે રોમનો પાસેથી પેલેસ્ટાઈન જીતી લીધું ત્યારે યહુદી લોકોને અમે જ્યુડીયામાં રહેવા દીધા, જ્યારે અમે જર્મન લોકો પાસેથી સ્પેન જીતી લીધું ત્યારે નાઝી જેવા ગોથ લોકોના અત્યાચારમાંથી યહુદીઓને અમે છોડાવ્યાં. પવિત્ર કુરાનમાં મહમદ પયગંબર સાહેબે આજ્ઞા કરી છે કે મુસ્લીમ રાજ્યોમાં યહુદી કે ખ્રિસ્તી નાગરિકોને મુસ્લીમોએ રક્ષણ આપવું જોઈએ અને આ આજ્ઞા અનુસાર અરબી મુસ્લીમોનો યહુદીઓ પ્રત્યેનો વર્તાવ–પશ્ચિમી દેશો કરતાં તો - ઘણો સારો રહ્યો છે. જર્મનોએ તો આખી યહુદી જાતિનો નાશ કરવા પ્રયત્ન કર્યો હતો અને આમ છતાં પણ આજે પશ્ચિમી પ્રજાના પાપનું પ્રાયશ્ચિત અમારે કરવાનો વારો આવ્યો છે.

ઈઝરાઈલને પશ્ચિમના દેશોનો ટેકો છે, ઈઝરાઈલ પ્રત્યે તેમની હમદર્દી છે. બીજી બાજુ પશ્ચિમના દેશોમાં યહુદીઓ પાસે પૈસાની તાકાત છે, મતાધિકાર પણ છે. ભૂતકાળમાં યહુદીઓ પ્રત્યે કરેલાં ગેરવર્તાવનો આજે જાણે પશ્ચિમી દેશો બદલો આપવા માંગે છે, પણ તે અમારા આરબ લોકોના ભોગે, પોતાના ભોગે નહીં,

અમે આરબો પ્રત્યેના આ અન્યાયને કદી પણ સહી લેવાના નથી. ગમે તેટલો સમય લાગે, અમે પણ ઈઝરાઈલમાંથી યહુદીઓને હાંકી કાઢીને જ જંપવાના છીએ.

એક પશ્ચિમવાસી અંગ્રેજ તરીકે મારો દૃષ્ટિકોણ :

૧૯૪૮સુધીમાં, તેરસો વરસ જેટલા લાંબા ગાળા માટે પેલેસ્ટાઈની આરબોએ, પેલેસ્ટાઈનમાં વસવાટ કર્યો હોવાના કારણે, ત્યાં રહેવાનો, જીવવાનો અને માલ - મિલ્કત ધરાવવાનો તેમને અધિકાર પ્રાપ્ત થયો છે. યહુદીઓને પેલેસ્ટાઈની આરબોને તેમના ઘરોમાંથી કાઢી મૂકવાનો અને તેમની માલ - મિલ્કતો લૂંટી લેવાનો કોઈ હક્ક નથી. પશ્ચિમવાસીઓએ યહુદીઓ ઉપર ગુજારેલા જુલ્મી વર્તાવના કારણે યહુદીઓને પોતાનો દેશ હોવાનો અધિકાર છે એવો તેમનો દાવો ગેરવ્યાજબી નથી; પણ તો પછી તેમને જર્મનીનો પ્રદેશ (દા. ત. રહાઈનલેન્ડ) અપાવવો જોઈતો હતો અને નહીં કે આરબ પ્રદેશ. અથવા શરૂઆતથી જ બ્રિટન અને અમેરિકાએ યહુદી નિરાશ્રિતોને પોતાના પ્રદેશોમાં આશ્રય આપવો જોઈતો હતો. યહુદીપ્રજાએ બે પ્રકારના દાવા રજૂ કર્યા છે: એક જર્મનોએ યહુદીઓ પર ગુજારેલા અમાનુષી અત્યાચારના વળતર રૂપે જે કાંઈ થઈ શકે તે–તેમનો આ દાવો સોએ સો ટકા વ્યાજબી છે. બીજો, ૧૮૮૩ વર્ષ પછી પેલેસ્ટાઈનનો કબજો ફરીવાર મેળવવાનો દાવો. પણ આ બંને દાવા ભિન્ન પ્રકારના છે. તેમનો બીજો ઐતિહાસિક દાવો સંપૂર્ણપણે વ્યાજબી નથી. અલબત્ત, યહુદીઓને પેલેસ્ટાઈનમાં જવાનો, આવવાનો તેમ જ ધાર્મિક કારણોસર જ્યુડીયામાં રહેવાનો અધિકાર હોવો જ જોઈએ. તદુપરાંત પેલેસ્ટાઈનમાં આરબો પાસેથી જમીનો ખરીદીને ત્યાં યહુદીઓને વસાવવાનો પણ અધિ-

કાર તેમને હતો. પણ આ રીતે વસાવેલા યહુદીઓની સંખ્યા આરબો કરતાં પણ વધી જાય અને અંતે લશ્કરી તાકાતથી આજે જ્યાં ઈઝરાઈલ ઊભું થયું છે તેમાંથી આરબોને મારી, લૂંટીને હાંકી કાઢવામાં આવે એ કોઈ પણ રીતે ન્યાયી ઠરતું નથી.

પરંતુ આજે યહુદી–પ્રજા અને ઈઝરાઈલ રાજ્યની હયાતી અને હસ્તી એક હકીકત બની ચૂકી છે, જે હવે મિટાવી શકાવાની નથી. જો એમ બની શકયું હોત તો આજ આરબ નિરાશ્રિતોને બદલે ઈઝરાઈલી નિરાશ્રિતોનો પ્રશ્ન ઊભો થયો હોત.

આરબ–ઈઝરાઈલ પ્રશ્નના સમાધાન વિષેની એક મુખ્ય અડચણ એ છે કે આજદિન સુધી આરબો ઈઝરાઈલી રાજ્યને–૧૯૪૮ની લશ્કરી સંધિની મર્યાદા પ્રમાણેના–એક પુરવાર થયેલી હકીકત તરીકે સ્વીકારવા તૈયાર નથી. બીજી અડચણ પેલેસ્ટાઈની આરબોની અત્યારે જે દુર્દશા છે તે અંગેની છે. આ બંને વસ્તુઓ એકબીજા સાથે સંકળાયેલી છે અને જ્યાંસુધી આ બંને પ્રશ્નોનું સમાધાન સધાશે નહીં ત્યાંસુધી આ સંઘર્ષ અટકવાનો નથી.

આરબ–ઈઝરાઈલના આ સંઘર્ષ માટેની મુખ્ય જવાબદારી ન તો આરબોની છે, ન તો યહુદીઓની છે, પણ પશ્ચિમના દેશોની છે–બ્રિટિશ, અમેરિકન અને જર્મન પ્રજાની છે.

તાજેતરના યુદ્ધ પછી હવે જે સમાધાન થવું જોઈએ તે કાયમી હોવું જોઈએ અને ને તો જ કાયમી બની શકે, જો તેને બળથી ઠોકી બેસાડેલું ન હોય. બંને પક્ષોએ આ સમાધાન પોતાના દિલથી સ્વીકારેલું હોવું જોઈએ, ઈઝરાઈલ માટે આનો અર્થ એમ થાય છે કે એણે ૧૯૪૮ની લશ્કરી સંધિ વખતે સ્વીકારાયેલા વિસ્તારથી વધારેનો દાવો કરવો ન જોઈએ (અર્થાત્ આ યુદ્ધમાં ઈઝરાઈલે જીતેલા આરબ વિસ્તારમાંથી તેણે પાછા હઠી જવું જોઈએ) અને પેલેસ્ટાઈની આરબ નિરાશ્રિતોને વળતર આપવાના અને તેમના કાયમી વસવાટના પ્રશ્નમાં તેણે સક્રિય સહકાર આપવો જોઈએ. એકએક આરબનિરાશ્રિત જેને ઈઝરાઈલની અંદર વસવાની ઈઝરાઈલ પ્રેમપૂર્વક સગવડ આપશે તે આ બંને દેશો વચ્ચેની દુશ્મનાવટને મિત્રતામાં ફેરવી નાંખવામાં મદદરૂપ બનશે.

આરબ રાજ્યોએ પણ નિરાશ્રિતોના આ પ્રશ્નને હલ કરવામાં સંપૂર્ણ સહકાર આપવો પડશે અને ઈઝરાઈલની સરહદની ચારે બાજુ વસેલા તથા સમય આવ્યે સરહદની અંદર ઘૂસણખોરી કરતા નિરાશ્રિતોનો રાજકીય ખ્યાદા તરીકે ઉપયોગ કરવાનું જતું કરવું પડશે.

એકંદર રીતે જોઈએ તો, નિરાશ્રિતોના આ પ્રશ્ન સાથે સમગ્ર માનવજાત સંકળાયેલી છે, કારણકે જો આ સંઘર્ષ ચાલુ રહે તો તેમાંથી ગમે તે સમયે રશિયા અને અમેરિકા વચ્ચે યુદ્ધ થવાની અને તેમાંથી ત્રીજું આણ્વયુદ્ધ થવાની પાકી સંભાવના રહેલી છે. આવી સ્ફોટક પરિસ્થિતિ ચાલુ રહેવા દેવાનું દુનિયાને પરવડી શકે એમ નથી.

ઈઝરાઈલને જો ખાત્રી થાય કે જેટલા આરબ નિરાશ્રિતોને તે પોતાના વિસ્તારમાં સમાવી લેશે તેમાંનાં કોઈ પણ પાંચમી કતારીયાનું કામ નહીં કરે, તો ઈઝરાઈલ જરૂર વધુમાં વધુ નિરાશ્રિતોને પોતાની સરહદોમાં સમાવી લે અને પ્રથમ વર્ગના નાગરિકો તરીકે તેમનો સ્વીકાર પણ કરે. પરંતુ આરબોએ હવે ઈઝરાઈલની હસ્તીને સંપૂર્ણપણે માન્યતા આપી છે અને હવે પછી કદીયે ઈઝરાઈલનો નાશ કરવાની ખ્વાહીશ આરબો નહીં સેવે એવી ખાત્રી ઈઝરાઈલને થવી જોઈએ એ એક સૌથી વધુ અગત્યની બાબત છે.

ઈઝરાઈલની અત્યારની સમગ્ર પ્રજા–યહુદીઓ, આરબોને આરબ નિરાશ્રિતોનું જીવન સારી રીતે ચાલી શકે એટલી સંપત્તિ ઈઝરાઈલમાં આધુનિક યંત્રવિજ્ઞાન પૂરી પાડી શકે એમ છે. સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવવાનો આપણો પ્રયોગ આજે સફળ થવાની અણી પર છે. એ દિવસો દૂર નથી કે જ્યારે આપણે મોટા મોટા રણવિસ્તારોને પણ ફળદ્રુપ ખેતરોમાં ફેરવી શકયા હોઈશું.

આમ છતાં પણ આરબ નિરાશ્રિતો ઈઝરાઈલી હકુમત હેઠળનું નાગરિકત્વ ખરા દિલથી આવકારશે કે કેમ, અથવા ઈઝરાઈલ આરબ નિરાશ્રિતોને પોતાના વિસ્તારમાં સમાવવાનું હૃદયપૂર્વક સ્વીકારશે કે કેમ, એ એક પ્રશ્ન છે.

પરિણામે અત્યારે ગાઝાપટ્ટીની ગીચ વસાહતોમાં વસતાં મોટાભાગનાં પેલેસ્ટાઈની આરબ નિરાશ્રિતોને બીજે ગમે ત્યાં વસાવવા તો પડશે જ. એમના માટે સારાં વસવાટો, જીવન જીવવાની સારી સગવડો, સારી કેળવણીની વ્યવસ્થા, અને જેમની માલમિલ્કતો ઈઝરાઈલમાં રહી હોય તેવા લોકોને નાણાંકીય વળતર આપવાની જોગવાઈઓ પણ થવી જોઈશે. આપણે આશા રાખીએ કે ત્રીજા અને સૌથી ભયંકર આણ્વ વિશ્વયુદ્ધથી બચવા માટે કદાચ આખી દુનિયા, ઉપરના કાર્ય અંગે પૂરતાં નાણાં આપવાની તૈયારી દાખવશે.

યુફ્રેટિસ નદીના ઉત્તરપૂર્વી વિસ્તારમાં સિરીયાના એક પ્રદેશમાં આ નિરાશ્રિતોના પુનર્વસવાટ માટે એક આદર્શ જગા છે–જે ઘણી ફળદ્રુપ હોવા છતાં બહુ ઓછી વસતીવાળી છે.

દુનિયાના બધા દેશો શક્તિશાળી અને શિક્ષિત પેલેસ્ટાઈની આરબો માટે પોતાનાં દ્વાર ખુલ્લાં કરીને આ સંઘર્ષ મીટાવવાના કામમાં ફાળો આપી શકે છે. આપણે આ લોકોને આપણા દેશનું નાગરિકત્વ આપીને, આપણી યુનિવર્સિટીઓમાં દાખલ કરીને, ધંધા–રોજગાર કે નોકરીઓ આપીને, કિંમતી મદદ આપી શકીએ તેમ છીએ – ખાસ કરીને વેનેઝુએલા, ઓસ્ટ્રેલીઆ, કેનેડા અને અમેરિકા જેવા દેશો કે જ્યાં હજી બહારના લોકોને વસાવવાનો અવકાશ છે, ત્યાં તેઓ સારા અને સુઘડ નાગરિકો બની શકે તેમ છે.

એકવાર આરબો પ્રમાણિકપણે ઈઝરાઈલ સાથેનું સમાધાન સ્વીકારે ત્યાર પછી ઉપર આલેખ્યા પ્રમાણેની યોજનાઓને અમલી બનાવવાની શરૂઆત ઈઝરાઈલે જ કરવી રહી. સાચેસાચ તો વિજેતા માટે વિજયની ક્ષણ એ જ ઉદાર થવાની અને દૂરંદેશીપણું દર્શાવવાની તક છે. જે પક્ષની લશ્કરી કમતાકાત ત્રીજીવાર ખુલ્લી પડી ગઈ છે, તે પક્ષ તો સ્વાભાવિક રીતે જ ચચરાટ અનુભવતો હશે.

આરબો સાથેનું કાયમી અને દિલનું સમાધાન એ ઈઝરાઈલને પોતાને માટે પણ અત્યંત મહત્ત્વનું છે, કારણ કે ગમે તેવા જ્વલંત લશ્કરી વિજયમાં પણ જાનમાલની પારાવાર પાયમાલી થયેલી હોય છે, તેથી હું ઈઝરાયલી પ્રજાને જેરુસલેમની હીબ્રુ યુનિવર્સિટીના સ્થાપક અને પ્રથમ રેકટર સ્વ. ડૉ. જુડાન લીઓ મેગ્નીસના શબ્દોની યાદ આપવા માંગું છું. ખ્યાતનામ યહુદી - અમેરિકન ડૉ. મેગ્નીસ, જેઓનું કવોરી ખાતે અવસાન થયું હતું તેઓ ઘણીવાર કહેતાં કે આરબ પ્રજાની શુભેચ્છાઓ વિના અને માત્ર લશ્કરના જોરે યહુદી લોકો કાયમને માટે ઈઝરાયલમાં વસી શકશે નહીં. આ વાત ડૉ. મેગ્નીસે જ્યારે કહી ત્યારે જેટલી સત્ય હતી તેટલી જ આજે પણ સત્ય છે.

અત્યારની ક્ષણે ઈઝરાઈલીઓ વિજયના આનંદમાં હોઈને અભિમાની કે ઉદ્ધત બન્યા હોય એ સ્વાભાવિક છે. પરંતુ આજ ક્ષણે તેમણે તેમના શાણા અને ઉદારચરિત્ત નેતા ડૉ. મેગ્નીસના શબ્દોને યાદ કરવા એ વધારે મહત્ત્વનું છે.

અનુવાદક :
સુબોધભાઈ એમ. શાહ

મૂળ અંગ્રેજી :
પ્રો. આર્નોલ્ડ જે. ટોયન્બી

ખાદી અને મિલ

મોટા અને પાયાના ઉદ્યોગોનો ઝડપી વિકાસ કરવો જોઈએ, એમ એક વર્ગ માને છે, અને ત્રણ યોજનાઓમાં એમાં ભારે પ્રગતિ થઈ છે, એમાં શંકા નથી. છતાં પણ એક પાયાનો સવાલ ઉકેલવાનો હતો તે ચાલુ જ રહ્યો છે. આ સવાલ તે રોજગારીનો છે.

યોજનાઓ દરમિયાન શરૂ કરવામાં આવેલાં નવાં કામોએ રોજગારી વધારી છે; છતાં પણ બેરોજગારીનું પ્રમાણ વધતું જ રહ્યું છે. પહેલી યોજનાને અંતે ૫૦ લાખ બેરોજગાર હતા; બીજી યોજનાને અંતે ૯૦ લાખ બેરોજગાર હતા; ત્રીજી યોજનાને અંતે ૧૩૦ લાખ બેરોજગાર હશે એવો અંદાજ છે. બેરોજગારીનું પ્રમાણ વધારવામાં આવતું હોવા છતાં, દરેક યોજનાને અંતે બેરોજગારીનું પ્રમાણ વધતું જ જાય છે.

એક વાત તો સાચી જ છે કે, મોટા પાયાના ઉદ્યોગો જે રોજગારી આપે છે, તેના કરતાં નાના પાયાના ઉદ્યોગો દ્વારા સંખ્યાની દૃષ્ટિએ વધારે રોજગારી આપી શકાય છે. વળી, ખાદી જેવા ઉદ્યોગોના વિકાસ માટે વધારે મૂડી-રોકાણની જરૂર પણ હોતી નથી. દા. ત. આઠ ત્રાકનો અંબર રેંટિયો ચલાવવા ફક્ત ૨૫૦ રૂ. જોઈએ. વળી એક જ અંબર રેંટિયા ઉપર કુટુંબની બે કે ત્રણ વ્યક્તિઓ પણ કામ કરી શકે છે. જેમ ઉદ્યોગ મોટા, તેમ મૂડી–રોકાણ વધતું જાય. કેટલાક મોટા ઉદ્યોગોમાં તો ૧ લાખ રૂ. ના મૂડી-રોકાણથી ફક્ત એક જ વ્યક્તિને રોજગારી આપી શકાય છે!

ભારત માટે મૂડી–રોકાણનો સવાલ ખૂબ કોયડાસમાન છે. જે રકમ બચાવાય તે મૂડી છે, અને તે મૂડીનું રોકાણ કરી શકાય. આપણા દેશના લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૩૭૦ છે, આમાંથી બહુ બચત કરવાનું કઠણ છે.

ભારતમાં ચાલતા બધા જ મોટા ઉદ્યોગોમાં મળીને કુલ ૪૦ લાખ લોકોને રોજગારી મળે છે, જ્યારે ૧૩૦ લાખ લોકો જે બેરોજગાર છે, અને ભવિષ્યમાં જે બેરોજગાર વ્યક્તિ વધે, તે બધાને રોજગારી આપવા માટે આજના મોટા ઉદ્યોગોના ધોરણે તો અસાધારણ વધારે મૂડીરોકાણની જરૂર પડે.

ભારતમાં (મિલ) કાપડ ઉદ્યોગ ઠેરઠેર ફેલાયો છે. એ ઉદ્યોગ ૯ લાખ માણસોને રોજગારી આપે છે. ખાદી ઉદ્યોગ ૧૮ લાખ માણસોને રોજગારી આપે છે. આ રોજગારીમાંથી મળતી આવક બહુ મામુલી છે. કેટલાક લોકોની આવક તો બે કે ચાર આના હોય છે. જેટલો સમય માણસ ફાજલ પાડી શકે, તેટલું તેમાંથી તેને મળે. કેટલાંકને તો ફક્ત મીઠું-મરચું લાવવાના કામમાં આવી શકે તેટલી રોજગારી જ તેમાંથી મળતી હોય છે. પણ સમાજમાં કેટલાંય કુટુંબો એવાં છે, કે જેમને આ નજીવી આવક પણ ઘણી રાહતકારી જણાય છે.

વ્યક્તિને દરરોજનો એક રૂપિયો રોજગારી મળે તેવું સાધન રેંટિયામાં શોધાવું જોઈએ, એવો વિચાર રાષ્ટ્રપિતાએ રજૂ કર્યો હતો. અંબર ચરખો એ એક એવું સાધન ગણી શકાય. ગુજરાતમાં જે અંબરનું કામ ચાલે છે તે દેખાડે છે કે, કેટલાક કુટુંબો ૨૦ કે ૩૦ આંટી દિવસના કાઢે છે. એક આંટીમાં ૧૪ પૈસાની મજૂરી મળે છે. આ અંબર ચરખો પૂરો સમય ચલાવવામાં આવે, તો ૧ રૂ. કરતાં વધારે દૈનિક આવક મળી શકે.

આઠ ત્રાકના અંબરને કારણે ગુજરાતમાં ખાદીનું પ્રમાણ વધતું જાય છે. ખાદીનું ઉત્પાદન મોટા પાયા પર થશે, તો તેના વેચાણનું શું થશે? ખાદી મોંઘી જ રહેવાની હોય તો તેને ખરીદશે કોણ? એવા પ્રશ્નો કેટલીક વાર ઉઠાવાય છે. એ અંગે સૂચવાય છે કે ભારતના કાપડ ઉત્પાદનમાં અમુક ક્ષેત્ર જેમકે, – નેપકીન, ચાદર, ટુવાલ, વગેરે કે જે ક્ષેત્ર ખાદી માટે નિયત કરવામાં આવે તો તે ક્ષેત્ર દ્વારા ખાદીનું પ્રમાણ વધારી શકાય.

ગુજરાતમાં ખાદીનું ઉત્પાદન ૩૦ લાખ વારનું છે, તે એક કરોડ વાર કરવાની ધારણા છે. આ યોજના પૂરી પડશે ત્યારે ૨૫ હજારને બદલે ૮૦ હજાર માણસોને રોજગારી આપી શકાશે તેવી આશા છે. આમાં કામ કરતી વ્યક્તિઓની માથાદીઠ આવક રૂ. ૨૪૦ ની છે તે રૂ. ૪૦૦ ની થાય તેવી ધારણા છે.

'ગ્રામનિર્માણ' માંથી ઉધ્ધૃત — બાબુભાઈ જસભાઈ પટેલ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા આગામી ઑગસ્ટ માસની ૩૧ મી તારીખથી સપ્ટેમ્બર માસની ૮ મી તારીખ સુધી–એમ નવ દિવસની–પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવનાર છે. નવે દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી સીફેસ ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં, સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના અધ્યાપક શ્રી ગોરીપ્રસાદ ચુનીલાલ ઝાલાના પ્રમુખપણા નીચે ભરવામાં આવશે. સમય સામાન્યતઃ સવારના ૮-૩૦ થી ૧૦-૩૦ સુધીનો રહેશે. આ વ્યાખ્યાનમાળા માટે વ્યાખ્યાતાઓની નામાવલિ નક્કી થઈ રહી છે, જે આગળઉપર સમયસર બહાર પાડવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સાભાર સ્વીકાર

જવાહરભાઈ: ઉસકી આત્મીયતા ઔર સહૃદયતા: લેખક: રાયકૃષ્ણદાસ; પ્રકાશક: સેતુ પ્રકાશન, ઝાંસી, મધ્ય પ્રદેશ; કિંમત રૂ. ૧૧.

સંસ્કૃતિ કે ભૂત: લેખક: ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી: પ્રકાશક: સાર્વભૌમ સંસ્કૃતિ પીઠ, ૧૦/૧૭, શક્તિનગર, દિલ્હી-૭, કિંમત રૂ. ૫.

આલોચના કા ઉન્માદ: લેખક ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી: પ્રકાશક: ઉપર મુજબ; કિંમત રૂ. ૫.

શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો: લેખક: શ્રી અંબુભાઈ શાહ; પ્રકાશક: શ્રી મહાવીર પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ–૧. કિંમત: રૂ. ૩.

રાત રડી પડી: લેખક: શ્રી નવલભાઈ શાહ; પ્રકાશક: ઉપર મુજબ; કિંમત રૂ. ૨-૫૦.

વિષયસૂચિ

		પૃષ્ઠ
કુલપતિની વેદના	ક. મા. મુનશી	૫૩
બિહારમાં અમે શું જોયું, અનુભવ્યું!	મેના બહેન	૫૪
સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ		૫૬
જૈન અને બૌદ્ધ વિચારધારાઓની આલોચના	પંડિત બેચરદાસ દોશી	૫૭
પ્રકીર્ણ નોંધ: રાજવીઓનાં સાલિયાણાં બંધ કરવાનો મહા સમિતિનો ઠરાવ, ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રીનો પરિચય, સ્વ. આર્યનાયકમજી, જાપાન જઈ રહેલા કાકાસાહેબ કાલેલકરને શુભ વિદાય	પરમાનંદ	૫૮
આરબ-ઈઝરાઈલ સમસ્યાની ઐતિહાસિક ભૂમિકા અને તેના નિરાકરણ અંગે માર્ગદર્શન	પ્રો. આર્નોલ્ડ ટોયન્બી	૬૦
ખાદી અને મિલ	બાબુભાઈ જસભાઈ પટેલ	૬૨

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ખનજી સ્ટ્રીટ. મુંબઈ–૩. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧, ૧૯૬૭, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

"MAN BELONGS TO MAN." : "માનવી ઉપર માનવીનો અધિકાર છે."

(૧૯૬૫ નવેમ્બરના રીડર્સ - ડાઈજેસ્ટમાંથી ઉદધૃત તથા અનુવાદિત)

પ્રગતિના ત્રણ પ્રકાર રહસ્યપૂર્ણ છે: જ્ઞાન – વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પ્રગતિ; માનવીના સામાજીકરણ (Socialisation) માં પ્રગતિ; આધ્યાત્મિકતામાં પ્રગતિ. સૌથી છેલ્લા પ્રકારની પ્રગતિ સૌથી વિશેષ મહત્ત્વની છે.

માનવી જેવો પોતાના અસ્તિત્ત્વને સ્વત:સિદ્ધ જેવું ગણતો અટકે છે અને તેમાં જેનો પાર ન પામી શકાય, એવા કોઈ ગુઢ તત્ત્વનું દર્શન કરવા માંડે છે કે તરત જ તે વિચાર–અભિમુખ બને છે. જીવનનું નૈતિક વિધાયક પ્રતિપાદન એક એવું બુદ્ધિજન્ય કૃત્ય છે કે જે વડે માનવી બીનજવાબદાર રીતે રહેતો યા વર્તતો બંધ થાય છે અને પોતાના જીવન વિષે આદરપૂર્વક વિચારતો – ચિન્તવતો – થાય છે, જેના પરિણામે, તેને તેના ખરા મૂલ્યનું ભાન થવા પામે છે અને આવી વિચારણામાંથી પ્રાપ્ત થતા અન્ય માનવીઓ સાથે ઓતપ્રોતપણાની આત્મીયતાની અનુભૂતિ એ નીતિશાસ્ત્રના વિકાસમાં પહેલું પગથિયું છે.

આદિ માનવ માટે આ ઓતપ્રોતપણું બહુ સાંકડા વર્તુલ પૂરતું મર્યાદિત હોય છે. તે ભાવના શરૂઆતમાં પોતાના લોહીના સગા-સંબંધીઓ – કુટુંબીઓ પૂરતી સીમિત હોય છે; પછી પોતાની જાતિના સભ્યો કે જેઓ તેના માટે એક વિસ્તૃત કુટુંબનું રૂપ ધારણ કરે છે તેમના પૂરતી વિશાળ બને છે. મારા ઈસ્પિતાલમાં આ પ્રકારના આદિમાનવો મારા જોવામાં આવ્યા છે. જો હું કોઈ ફરતા હરતા દર્દીને બિછાનાવશ એવા કોઈ દર્દીની નાનીસરખી સેવાનું કામ કરવા કહું તો, જો તે બિછાનાવશ દર્દી તેની પોતાની બિરાદરીનો હશે તો મારૂં સૂચવેલું કામ તે તરત જ કરી આપવાનો. જો એમ નહિ હોય તો મારી સામે ટગરટગર જોયા કરશે અને મને જવાબ આપશે કે "તે મારો કોઈ ભાઈ નથી." તેને ગમે તેટલા બદલાની લાલચ આપો કે ધમકીઓ આપો, આવા પરાયા માણસ માટે જરા પણ સેવા કરવાને તે તૈયાર નહિ જ થાય.

પણ જેવો માનવી પોતાના વિષે અને અન્ય સાથેના પોતાના સંબંધો વિષે ઊંડાણથી વિચાર કરવા માંડે છે કે તરત જ તેનામાં સમજણ ઊગે છે કે સર્વ માનવીઓ માનવી તરીકે પોતાની સરખા–સમોવડિયા છે અને પોતાના પાડોશીઓ જ છે. ધીમે ધીમે પોતાની જવાબદારીઓનું વર્તુલ વધારે ને વધારે વિસ્તૃત બનતું જતું તે અનુભવે છે અને આખરે જે માનવીઓ સાથે તેના ભાગે વ્યવહાર કરવાનું આવે છે તે સર્વ માનવીઓનો તે વર્તુલમાં સમાવેશ થાય છે.

ઈશુખ્રિસ્તના તેમ સેન્ટ પૉલના ઉપદેશોમાં તે પાયાનો નિયમ છે કે માણસ અન્ય સર્વ કોઈ માનવી પ્રત્યે ફરજથી સંકળાયેલો છે. સર્વ કોઈ માનવીઓ વિષે ભ્રાતૃભાવનો વિચાર દુનિયાના ઘણાખરા ધર્મોના તત્વદર્શનના પાયામાં રહેલો છે. આ ઉપરાંત અનાદિકાળથી, તત્વચિન્તકો માનવતાવાદને એક બુદ્ધિસંમત–તર્કસંમત–વિચાર તરીકે રજૂ કરતા રહ્યા છે.

માણસનો માણસ ઉપર અધિકાર છે. માણસ માણસ સાથે સ્વજનભાવે સંકળાયેલો છે. આપણા વ્યવહારમાં એક પ્રકારની શુષ્કતા નજરે પડે છે, કારણ કે આપણે એકમેકથી સંકોચાઈને વર્તીએ છીએ અને અંદર રહેલી ઉષ્માને પૂરતા પ્રમાણમાં વ્યક્ત કરતા આપણે અચકાઈએ છીએ. જીવન પ્રત્યેના સમાદરને લગતા નીતિ-શાસ્ત્રની એ અપેક્ષા છે કે જેવી રીતે માનવીઓ અન્ય માનવીઓ પ્રત્યે વર્તે એ મુજબ આપણ સર્વેએ પરસ્પર વર્તવું જોઈએ. જેમની પાસે પોતાના વ્યવસાય મારફત આપવા જેવું કશું હોતું નથી અને જેમની પાસે અન્યને આપી શકે તેવું પણ કશું હોય નહિ, તેમણે આખરે પોતાની નવરાશના અમુક હિસ્સો લોકહિતાર્થે આપવો જોઈએ, ભલેને તે બહુ અલ્પ અથવા વેરવિખેર હોય.

તેઓ ખરેખર ભાગ્યશાળી છે કે જેઓ એવી કોઈ શુભ પ્રવૃત્તિમાં રસ લઈ રહ્યા છે કે જે દ્વારા અન્ય માનવીઓ માટે માણસ તરીકે કાંઈક કરી છૂટવાની સ્થિતિમાં હોય છે. આથી તેમની પોતાની માનવતા વધારે સમૃદ્ધ બને છે.

તમારી આંખ ખોલો અને એવા માનવીને શોધી કાઢો કે જેને તમારા થોડા સમયની, થોડી સરખી મૈત્રીની, થોડા સરખા સહ-વાસની, થોડા સરખા કામની જરૂર હોય. આ કોઈ ઓકલદોકલ, મુંઝાયેલો, માંદો કે કઢંગો માનવી હોઈ શકે છે કે જેના માટે તમે કાંઈ કરી શકો તેમ હોય, જેનો તમારાથી કોઈ અર્થ હોય. તે કદાચ કોઈ વૃદ્ધ માનવી હોઈ શકે છે, યા તો બાળક પણ હોઈ શકે છે, અથવા એવું કોઈ સારું કાર્ય હોઈ શકે છે, કે જેને ધક્કોથી વળવા માટે ઐચ્છિક સેવકોની જરૂર હોય. યોગ્ય પાત્ર અથવા તો યોગ્ય પ્રવૃત્તિ શોધી કાઢવા પહેલાં કદાચ તમારે થોડો સમય રાહ જોવી પડે, અરે! તે માટે તમારે અનેક પ્રયત્નો પણ કરવા પડે. આ મ હોય તો પણ હિમત હારતા નહિ.

કોણ શું સાધે છે અને માનવજાતને શું આપે છે તેની આપણને કોઈ ને ખબર નથી. આ આપણાથી છુપાયેલું છે, અને એમ જ હોવું જોઈએ અને એમ છતાં એમાનું કાંઈક અલ્પ સરખું આપણા જેવાં જાણવામાં આવે છે અને તેથી આપણે નિરાશ બની બેસવું ન ઘટે.

આપણી પેઢીઓ આધ્યાત્મિક પુનરુત્થાન સિદ્ધ કરવું જોઈએ. નવજાગૃતિનાં મંડાણ માંડવા જોઈએ: એવી જાગૃતિ કે જેમાં માનવ-જાતને માલુમ પડે–પ્રત્યક્ષ ભાન થાય–કે નૈતિક પ્રક્રિયા એ જ પરમ સત્ય છે અને એ જ ઉત્કૃષ્ટ કક્ષાની ઉપયુકતતા છે. આવી જાગૃતિદ્વારા માનવજાત જરૂર મુકિતને પામશે.

અનુવાદક:
પરમાનંદ

મુળ અંગ્રેજી:
મહામના આલ્બર્ટ સ્વાઈટ્ઝર

ક્યાં અટકશે ?

સામાન્ય ચૂંટણી પછીના પાંચ મહિનામાં દેશમાં બનેલ બનાવો બતાવે છે કે રાજકીય અસ્થિરતા વધતી રહી છે અને તે ક્યાં જઈ અટકશે તે કહેવું મુશ્કેલ છે. દક્ષિણના રાજ્યોને બાદ કરીએ તો ઉત્તર તથા પૂર્વના લગભગ બધા રાજ્યોમાં, સત્તાસ્થાને બેઠેલ પક્ષોનું ભાવિ અનિશ્ચિત છે. જે નફટાઈથી પક્ષાંતર થઈ રહ્યું છે અને ધાકધમકી લાંચ, લાલચના આક્ષેપો અને પ્રયોગો થાય છે તે જોતાં લોકશાહી ભયમાં છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. ધારાસભ્યો અને આગેવાનો સત્તાલાલસામાં એટલી નીચી કક્ષાએ ઉતર્યા છે કે પ્રજાના પ્રતિનિધિઓ તરીકે તેમના પ્રત્યે કોઈ આદર રહે નહિ. આ પરિસ્થિતિમાંથી કોઈ પક્ષ મુક્ત નથી. કોંગ્રેસ અને વિરોધી પક્ષો બધા આ રોગથી ઘેરાયેલા છે. સત્તા જાળવી રાખવાના કાવાદાવામાં રચ્યા પચ્યા રહેતા આ લોકોને લોકકલ્યાણની પ્રવૃત્તિઓનો વિચાર કરવાનો અથવા રાજ્યવ્યવસ્થા સ્થિર કરવાનો અવકાશ રહેતો નથી. તેવા સંજોગોમાં, તંત્રની શિથિલતા અને કાયદો અને વ્યવસ્થાની નિર્બળતા વધે તેમાં નવાઈ નથી.

જે વિરોધી દળોનો શંભુમેળો કેટલાક રાજ્યોમાં સત્તાસ્થાને છે તેમના આંતરિક વિખવાદો ઓછા નથી. પણ કોઈ પણ ભોગે સત્તાસ્થાન ટકાવી રાખવા પરસ્પરને વળગી રહ્યા છે. બંગાળમાં ડાબેરી સામ્યવાદીઓએ બીજા પક્ષોને ઘેરી લીધા છે અને નકસલબારીમાં સામ્યવાદી રીતરસમ અજમાવવામાં આવી છે. શ્રી અજય મુકરજી અને તેમના સાથીઓ ચેતી ગયા અને સખ્ત હાથે કામ લીધું. શ્રી જ્યોતિ બસુએ કેન્દ્ર સરકારના શસ્ત્રબંધીના હુકમને પડકાર્યો, ત્યારે શ્રી અજય મુકરજીએ તેનું સમર્થન કર્યું. ઉત્તર પ્રદેશ અને બિહારમાં કોંગ્રેસે સંયુક્ત દળોને ઉથલાવવા પ્રયત્ન કરી જોયો, પણ નિષ્ફળ ગયા. પંજાબ અને હરિયાણામાં પક્ષાંતરો પછી પણ, ગુરમાનસિંગ અને રાવધીરેન્દ્રસિંગ હજુ ટકી રહ્યા છે. હિમાચલ પ્રદેશમાં ડૉ. પરમારે પોતાના વિરોધીઓને કેબિનેટમાં સમાવી હાલ તુરત ડોલતું આસન ટકાવી રાખ્યું છે. રાજસ્થાનમાં સુખડિયાએ વિરોધી દળોમાંથી કેટલાક સભ્યો ખેંચ્યા અને ઠીક બહુમતી કરી; પણ વિધાનસભા ચલાવી ન શક્યા.

પણ સૌથી આશ્ચર્યજનક ઘટના મધ્યપ્રદેશમાં બની. એક સાથે ૩૮ કોંગ્રેસના સભ્યોએ પક્ષત્યાગ કરી દ્વારકા પ્રસાદ મિશ્રાને આઘાત આપ્યો. સામાન્ય ચૂંટણી વખતે જ એમ લાગતું હતું કે મધ્યપ્રદેશમાં કોંગ્રેસ હારી જશે, પણ મિશ્રા કુશળ ખેલાડી છે અને સારી બહુમતિએ સત્તાસ્થાને આવ્યા. છતાં, લાંબો વખત ટકયું નહીં. કોંગ્રેસના આગેવાનોમાં Bossismનું--દાદાગીરીનું--તત્ત્વ પેઠું છે, તેથી સામાન્ય કોંગ્રેસજન ભારે અસંતુષ્ટ છે. ભય કે લાલચથી પક્ષ છોડી ન શકે તો પણ વફાદારી રહી નથી. શ્રી મિશ્રા આ Bossism ના ભોગ બન્યા હોય તેમ જણાય છે. આ લખાઈ રહ્યું છે ત્યારે મધ્યપ્રદેશનું નાવ ડોલી રહ્યું છે. શ્રી મિશ્રો ફરીથી ચૂંટણી કરાવવાની ધમકી આપી છે કે જેથી ધારાસભ્યને ખર્ચના ખાડામાં ઊતરવું પડે અને હારી જવાના ભયે પક્ષ છોડે નહિ, પણ દર્દ ઊંડું જણાય છે. વચગાળાની ચૂંટણી માંગવાનો મુખ્ય પ્રધાનને અધિકાર છે કે નહિ તે બંધારણીય મુદ્દાને એક બાજુ રાખીએ તો પણ, તેથી ચૂંટણીના પ્રત્યાઘાતો કોંગ્રેસ માટે પણ જોખમી બને તે દેખીતું છે અને તેથી કોંગ્રેસ મોવડીમંડળ કોઈ નિર્ણય કરી શક્યું નથી. પણ શ્રી મિશ્રા કોઈ પણ દાવ ખેલી શકે તેવા છે.

આ બધામાં કરૂણ પરિસ્થિતિ એ છે કે કોંગ્રેસ વરિષ્ઠ મંડળ દિશાશૂન્ય અને અસરહીન બન્યું છે. આંતરિક મતભેદોથી અને ચૂંટણીના આઘાતથી ગૌરવહીન બનેલ આગેવાનો ધ્યેયપૂર્વક અને શ્રદ્ધાથી કામ કરવા નિષ્ફળ બન્યા છે. કોઈ અગત્યના પ્રશ્ન ઉપર દૃઢતાથી કે હિંમતપૂર્વક નિર્ણય લઈ શકતા નથી અને પ્રવાહમાં તણાય છે. એમ લાગે કે દરેક આગેવાન પોતાનું સ્થાન સંભાળવામાં પડયા છે અને તેથી ગુટબંધી વધી છે.

રાજાઓના સાલીયાણા સંબંધે, મહાસમિતિમાં જે રીતે નિર્ણય લેવાયો તે બતાવે છે કે કોંગ્રેસમાં અરાજકતા કેટલી ફેલાઈ છે. સાલીયાણાં નાબૂદ કરવા કે નહિ તે ગંભીર પ્રશ્ન છે. તેના ઉપર ગંભીરપણે વિચાર કરી, નાબૂદીનો નિર્ણય લેવાયો હોત તો કોઈ ફરિયાદનું કારણ ન રહેત. પણ આ નિર્ણય snap vote જેવો ગણાય અને કેટલાક આગેવાનોની પ્રેરણાથી અચાનક લેવાયો હોય તેમ લાગે છે. હવે શ્રી ચવ્હાણ તેનું પૂર્ણ સમર્થન કરે છે અને સરકાર તેનો અમલ કરશે એમ કહે છે. કેબીનેટમાં આ સંબંધે તીવ્ર મતભેદ છે અને સરકારી ધોરણે શું નિર્ણય લેવાય છે તે જોવાનું રહે છે. આવી ગંભીર બાબત ઉપર પણ કેટલી અછડતી રીતે નિર્ણયો લેવાયા છે તે આ ઉપરથી દેખાય છે.

આવું જ દારૂબંધીનું છે. દારૂબંધી કૉંગ્રેસની પાયાની નીતિ છે. ગાંધીજીએ કહ્યું છે: "હિંદુસ્તાન આખું નિર્ધન થઈ જાય તે હું સાંખી શકું, પણ હજારો દારૂડિયા અહીં હોય તે મારાથી જોયું જાય એમ નથી. દારૂમાંથી મળતા મહેસૂલ ઉપર ભલે પૂળો મૂકાય, અને આપણાં બાળકો ભલે નિરક્ષર રહે; પણ મારે દારૂનાં પીઠાં રાખીને બાળકોને ભણાવવા નથી. કૉંગ્રેસ વરિષ્ઠ મંડળ અખિલ ભારતીય ધોરણે આ સંબંધી કોઈ નિર્ણય કરી શકતું નથી. ટેકચંદ કમિટીનો રિપોર્ટ આવ્યો પણ અભરાઈએ ચડાવ્યો. દરેક રાજ્ય પોતાને ફાવે તેમ કરે છે. મધ્ય પ્રદેશે દારૂબંધી રદ કરી. બીજા રાજ્યો ઢીલી કરી રહ્યાં છે અથવા રદ કરવાની તૈયારીમાં છે. ખરી હકીકત એમ છે કે કૉંગ્રેસના આગેવાનોને દારૂબંધીમાં શ્રદ્ધા નથી અને તેનો અમલ કરવા પ્રમાણિક પ્રયત્ન નથી. સ્થાપિત હિતો દારૂબંધી વિરુદ્ધનું વાતાવરણ જમાવી રહ્યાં છે. એ ખરું છે કે દારૂબંધી સફળ નથી થઈ. પણ તેની નિષ્ફળતાનાં કારણો શોધી તેને દૂર કરવા અને સફળ બનાવવા પ્રયત્ન કરવો તેને બદલે નિષ્ફળતા સ્વીકારી લઈ દારૂબંધી રદ કરવાની દિશામાં કૉંગ્રેસ જઈ રહી છે. કૉંગ્રેસમાં પણ શ્રી મોરારજીભાઈ દેસાઈ જેવા જેઓ દારૂબંધીમાં માને છે તેઓ હતાશ થયા છે અને બહુમતિ નિર્ણય સ્વીકારીવા તૈયાર થયા છે. ગાંધીજી પેઠે, એકલા લડવું પડે તો પણ લડી લેવાની કોઈની તૈયારી નથી.

એ જ પ્રમાણે કેળવણીના ક્ષેત્રે અરાજકતા પ્રવર્તે છે. શ્રી ત્રિગુણ સેને હમણાં "ઐતિહાસિક" નિર્ણય જાહેર કર્યો કે પ્રાદેશિક ભાષાઓ મારફત, પાંચ વર્ષમાં બધું શિક્ષણ આપવામાં આવશે. આ નિર્ણય એ રીતે ઐતિહાસિક છે કે તેથી દેશની એકતામાં સુરંગ ચંપાશે. ભાષાવાર પ્રાન્તરચના કર્યા પછી, ભાષાવાદ દેશ માટે કેટલો ખતરનાક નિવડયો છે તેનો અનુભવ કરીએ છીએ. પણ તેનાં દુષ્ટ પરિણામોનું માપ તો હજી હવે આવશે. આ બધું કયાં જઈને અટકશે? કંઈક પ્રયોગો અને નિર્ણયો કર્યા, ત્રિભાષી ફોર્મ્યુલા સ્વીકારી, કડી ભાષા – link language – ની ફોર્મ્યુલા કરી, અંગ્રેજીને associate language રાખવાનું કર્યું. હવે પ્રાદેશિક ભાષાઓને સર્વ કક્ષાએ શિક્ષણનું માધ્યમ બનાવવાનો–અને તે પણ પાંચ વર્ષમાં –નિર્ણય કર્યો. પબ્લીક સર્વિસ કમિશન ૧૪ ભાષાઓમાં પરીક્ષાઓ લેશે, પાર્લામેન્ટમાં ૧૪ ભાષાઓમાં ભાષણો થશે. કોર્ટોમાં કોણ જાણે શું થશે? આ ગાંડપણને ઐતિહાસિક નિર્ણય કહેવો?

વિદેશનીતિમાં પણ એ જ હાલ દેખાય છે. આરબ - ઈઝરાઈલ સંઘર્ષમાં ભારતની નીતિ દેશમાં અને પરદેશમાં વ્યાજબી રીતે ટીકાને પાત્ર થઈ છે. શ્રી. ચાગલાના ઉતાવળીયા, બિનજરૂરી અને વધારે પડતાં વિધાનો અને વકતવ્યો દેશ માટે વિના કારણ ઉપાધિ ઊભી કરે છે. સુએઝની નહેરમાં અથવા અકાબાના અખાતમાં ઈઝરાયેલને અધિકાર છે કે નહિ તેનો ચૂકાદો આપવાની જવાબદારી શ્રી. ચાગલાને માથે આવી પડી નહોતી. રશિયાએ પણ પોતાનું વલણ બદલાવ્યું, પણ આપણે આરબ રાજ્યોની મૈત્રી મેળવવાના પ્રલોભનમાં જડ નીતિ સમય પ્રમાણે અનુકૂળ બનાવી શકયા નહિ. કારણ કે સ્વતંત્ર વિચાર કરવાની શકિત જ રહી નથી. વિદેશમાં ભારતનું સ્થાન અને ગૌરવ ઘટયાં છે અને તેથી પાકિસ્તાન અને ચીનનો ભય વધ્યો છે.

આર્થિક ભીંસ અને રાજકીય અસ્થિરતાએ પ્રજાને ભારે ચિંતામાં મૂકી છે અને આ પરિસ્થિતિમાં સુધારો થવાનાં કોઈ ચિન્હ હજી દેખાતાં નથી.

તા. ૨૯-૭-૬૭ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

તા. ક. મધ્યપ્રદેશમાં કોંગ્રેસ પ્રધાનમંડળનું રાજીનામું સ્વીકારાયું છે અને સંયુકત વિધાયક દળનું પ્રધાનમંડળ રચાઈ રહ્યું છે.

ગુજરાતની એક વિભૂતિ: સ્વ. શેઠ અંબાલાલ સારાભાઈ

શ્રીમાન શેઠ અંબાલાલ સારાભાઈ લગભગ ત્રણ વર્ષની શારીરિક નાદુરસ્તી-માંદગી ભોગવીને અમદાવાદ ખાતે જુલાઈ માસની ૧૩મી તારીખે ૭૮ વર્ષની ઉમ્મરે અવસાન પામ્યા. તેમના માટે, આ ઉમ્મરે અને ઠીક ઠીક સમય સુધીની શારીરિક અવશતાના અન્તે નીપજેલું મૃત્યુ એક પ્રકારની મુક્તિ જેવું ગણાય, પણ તેમના અવસાનથી ગુજરાતના ઔદ્યોગિક તેમ જ સાંસ્કારિક ક્ષેત્રે પડેલી ખોટ ભાગ્યે જ પુરાવાની છે એમ કહી શકાય. તેઓ જન્મથી જૈન હતા, એમ છતાં તેમના મનનું વલણ અસાંપ્રદાયિક હોઈને, જૈન સમાજ સાથે તેમનો કોઈ ઉલ્લેખનીય સંપર્ક રહ્યો નહોતો. તેઓ પોતાના અજોડ વ્યક્તિત્વના કારણે ગુજરાતની અન્ય વિશેષ વ્યક્તિઓથી જુદા તરી આવતા હતા. અને તેટલી જ વિશેષતા, તેમનાં સહધર્મચારીણી શ્રીમતી સરલાદેવીએ ગુજરાતના શૈક્ષણિક તેમ જ સામાજિક ક્ષેત્રે વર્ષોભરની સેવા આપીને, પુરવાર કરી આપી છે. અંબાલાલભાઈનો સરલાદેવી સાથે ઊગતી ઉમ્મરમાં લગ્નસંબંધ યોજીને વિધાતાએ જે અનુપમ દંપતી યુગલ નિર્માણ કર્યું હતું તે આજે કમનસીબે ખંડિત થયું છે. અંબાલાલભાઈની માંદગીની શરૂઆતથી જ, પોતાની અનેક જાહેર પ્રવૃત્તિઓ સંકેલી લઈને આજ સુધી તેમની સેવામાં પોતાનો સર્વ સમય અને શક્તિનો અખંડ યોગ આપનાર સરલાદેવી સમસ્ત ગુજરાતની—ગુજરાતી પ્રજાની—સહાનુભૂતિનાં અધિકારી બને છે. તે ઉભયનો તેજસ્વી કુટુંબપરિવાર છેલ્લાં ૫૦ વર્ષથી ગુજરાતમાં જે નવાં સાંસ્કૃતિક ઉત્થાનનાં મંડાણ મંડાયાં છે તેનું અદ્‌ભુત પ્રતિનિધિત્વ રજૂ કરે છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. ટ્રૉંબેના ભાભા એટમિક રીએક્ટરના મુખ્ય સંચાલક શ્રી વિક્રમ સારાભાઈને, જ્યોતિસંઘનાં પ્રસ્થાપક શ્રી મૃદુલાબહેનને, 'શ્રેયસ્'નાં પ્રવર્તક શ્રી લીનાબહેનને કોણ નથી જાણતું? અંબાલાલભાઈથી ચાર વર્ષ મોટાં શ્રી અનસૂયાબહેનના અથાગ પુરુષાર્થ અને પરિશ્રમ દ્વારા ઉદ્‌ભવ પામેલ અને સંવર્ધિત બનેલ મજૂર મહાજનથી આજે કોણ અજાણ્યું છે?

શ્રી અંબાલાલભાઈ તથા તેમનાં કુટુંબીજનો સાથે મને વર્ષોજૂનો સંબંધ છે. એમ છતાં અંબાલાલભાઈનાં નિકટ પરિચયમાં હોવાનો દાવો હું ન જ કરી શકું. તેમના બહુલક્ષી વ્યક્તિત્વનો 'પ્રબુદ્ધ-જીવન'ના વાચકોને વિગતપૂર્વકનો પરિચય થાય એ હેતુથી, તેમના નિકટ સહવાસમાં આવવાનું અને વર્ષોથી તેમના સાન્નિધ્યમાં વસવાનું જેમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે એવા મહાનુભાવ શ્રી શંકરલાલ બૅંકરના તા. ૨૨-૭-'૬૭ના 'મજૂર સંદેશ'માં પ્રગટ થયેલા અને મજૂર મહાજન સમક્ષ તા. ૧૫-૭-'૬૭ના રજૂ કરવામાં આવેલાં સંસ્મરણો નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ**

સ્વ. અંબાલાલભાઈના જીવનનાં કેટલાંક સંસ્મરણો

અંબાલાલ સારાભાઈનાં દુઃખદ અવસાનના સમાચાર તો તમે છાપામાં વાંચ્યા જ હશે.

તેઓ તેજસ્વી અને પ્રભાવશાળી પુરુષ હતા. એમની બુદ્ધિ અત્યંત તીક્ષ્ણ અને કાર્યશીલ હતી. તેમનાં ગુણો, શક્તિઓ અને કાર્યકુશળતા બહુ ઊંચા પ્રકારનાં હતાં. પણ તે બધાં ઉપરાંત દેશને માટે, માનવજાતિ માટે, દીનદુઃખીઓ માટે તેમને અગાધ પ્રેમ હતો અને તે એમના જીવનકાર્યોમાં સ્વાભાવિક રીતે વ્યક્ત થયા કરતો હતો. જેમને તેમનો પરિચય છે તેમના દિલમાં તેમનું સ્મરણ હંમેશા તાજું જ રહેશે.

એમની સાથેનો મારો સંબંધ ઘણાં વર્ષોનો જૂનો હતો. અનસૂયાબહેન અને પૂજ્ય ગાંધીજીની સૂચનાથી અમદાવાદની મજૂર પ્રવૃત્તિમાં ભાગ લેવાનું પ્રાપ્ત થયું તે પછી તેમની વધુ ને વધુ નિકટ આવવાનું થતું ગયું. તેમના સમાગમથી મને ઘણો લાભ થયો છે. એમના જીવનમાંથી ઘણું શીખવા જેવું છે. આપણે આગળના જમાનામાં થઈ ગયેલી મહાપ્રભાવશાળી વ્યક્તિઓના જીવનનો અભ્યાસ કરીએ છીએ ને તેમાંથી બોધ મેળવીએ છીએ, પણ મોટા માણસો કાંઈ પુરાણા કાળમાં જ થતા એમ નથી. ઈશ્વરની શક્તિ અને પ્રેરણા તો હંમેશાં કામ કરતી જ હોય છે અને હરકાળમાં ને હરપ્રદેશમાં પ્રભાવશાળી વ્યક્તિઓ ઉત્પન્ન થતી રહે છે. એ શક્તિ સર્વવ્યાપક છે, એટલે કોઈ પણ પ્રદેશ એવો નહિ હોય કે જ્યાં મહાન વ્યક્તિઓ ઉત્પન્ન થતી નહિ હોય. એવી વ્યક્તિઓના જીવનમાંથી બોધ લઈ માણસ જો સતત વિકાસ સાધવા પ્રયત્ન કરતો રહે તો તે જીવનની સફળતા પ્રાપ્ત કરતો થાય.

અંબાલાલભાઈ શ્રીમંત કુટુંબમાં જન્મ્યા હતા, છતાં તેમને પણ અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું હતું. તેઓ બહુ નાના હતા ત્યારે તેમણે માતાપિતા ગુમાવ્યા હતાં. તેમના કાકાએ પ્રેમપૂર્વક ઉછેર્યા. પણ પોતાના જીવનનું ઘડતર તો તેમણે જાતે જ કર્યું. હકીકતે જીવનનું ઘડતર બીજા કોઈથી થઈ શકતું પણ નથી. બહારથી પ્રેરણા મળે, પણ ઘડતર તો માણસ પ્રયત્ન કરી પોતે જ કરે છે. એ દૃષ્ટિએ અંબાલાલભાઈનું જીવન બોધપ્રદ હતું. અંબાલાલભાઈ ૧૮–૧૯ વર્ષના થયા, ત્યારે કાકા પણ ગુજરી ગયા, અને એ ઉમરે મિલો ચલાવવાની મોટી જવાબદારી એમના ઉપર આવી પડી. તેઓ મેટ્રિક થઈ કૉલેજમાં દાખલ થયા હતા, પણ મિલોના સંચાલનની જવાબદારી આવી પડતાં કૉલેજ છોડી દીધી, પણ શિક્ષણ કંઈ કૉલેજમાં જ ઓછું મળે છે? શિક્ષણ તો જિંદગીના આરંભથી જ અંત સુધી ચાલ્યા કરે છે એમ અધ્યાપક જેક્સે કહ્યું છે. તે માટે જાગતા રહી પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

માણસ જાગૃત હોય, સતત વિચાર કરતો રહે, પોતાને ભાગે આવેલું કામ સારી રીતે કરતો રહે, તો વિકાસ તો સહેજે થતો જાય છે. કાળજીપૂર્વકનો પરિશ્રમ એ બહુ મોટી વસ્તુ છે. અંગ્રેજીમાં બહુ તેજસ્વી વ્યક્તિને 'જિનિયસ' કહેવામાં આવે છે. પણ જિનિયસ કંઈ એકાએક થઈ જવાતું નથી. તે માટે પ્રેરણા ને પરસેવો જોઈએ અને એમાં પ્રેરણા ૧ ટકો તો પરસેવો ૯૯ ટકા એમ શાણા પુરુષો કહે છે. અંબાલાલભાઈ નો સ્વભાવ જ એવો હતો કે જાગૃત, વિચારશીલ રહી સતત પ્રયત્ન કર્યા કરે. તેમના જીવનના પ્રસંગો આજે યાદ આવે છે. તેમાંનાં કેટલાંક તમને કહીશ.

તેમની સાથે ચાલીસેક વરસ પહેલાં નૈનિતાલ જવાનું થયું હતું. અમે પાછા ફરતાં ટ્રેનમાં એમની સાથે હતાં. રાતે નવેક વાગ્યાનો સુમાર હતો. તેમણે મને પૂછ્યું; "શંકરલાલ! બત્તી ચાલુ રાખું તો તમને કંઈ હરકત છે?" મેં કહ્યું: "બત્તી શા માટે રાખવી છે?" એટલે એમણે જણાવ્યું: "મારે વાંચવું છે" મેં કહ્યું: રાતે નવ વાગે શું વાંચવાનું છે?" એટલે એમણે એક દળદાર પુસ્તક મને બતાવ્યું. તે તુર્કીના મહાન પુરુષ કમાલ પાશાનું જીવનચરિત્ર હતું. મને આશ્ચર્ય થયું ને મેં પૂછ્યું કે, "શા માટે રાતે ઉજાગરો કરી વાંચો છો?" એટલે તેઓ કહેવા લાગ્યા: "તમે તો કૉલેજમાં પૂરો અભ્યાસ કર્યો. પણ મારે તો પહેલાં જ વરસે કૉલેજ છોડવી પડી હતી. એટલે આમ વાંચવાનું ન કરતો રહું તો બધાની હારમાં શી રીતે રહી શકું?" સતત કૉલેજમાં અભ્યાસ ન કરી શક્યા, પણ આમ જુદી જુદી બાબત વિષેનાં ઉત્તમ પુસ્તકો મેળવી તેનો સતત કાળજીપૂર્વક અભ્યાસ કરતા રહ્યા. એટલે કૉલેજમાં ભણ્યા નહિ, પણ બધી મહત્ત્વની બાબતનું જ્ઞાન અને સમજ તેઓ પુસ્તકો દ્વારા મેળવતા રહ્યા.

ઉદ્યોગધંધાની ઝીણીઝીણી વિગતો વિષે પણ તેઓ કાળજીપૂર્વક વિચાર કરતા અને નવા નવા પ્રયોગો ને ફેરફાર કર્યા જ કરતા. પોતે ઉપર ઉપરથી જુએ ને બીજું અધિકારીઓ કરી લે એવું નહિ.

બીજે થાય તેનાથી પોતાની વસ્તુ ચડિયાતી કેમ થાય અને તેમાં પણ સતત પ્રગતિ કેમ થતી રહે તે માટે પ્રયત્નશીલ રહેતા.

એક દિવસ એમણે મને કેલિકો મિલમાં આવવા કહ્યું. ત્યાં મારી પાસે એમણે એમની મિલના કાપડના કેટલાક નમૂના મૂકયા ને કહેવા લાગ્યા: "જુઓ તો ખરા. હું તમને આ નમૂના બતાવું છું. આપણે ત્યાં કાપડ થાય છે તે કેટલું ખામીભર્યું છે?" મેં નમૂના જોઈ કહ્યું કે, "આ કાપડ તો સરસ લાગે છે!" તે વખતે હું ખાદીનું કામ કરતો હતો અને ખાદીમાં તો સૂતર સમાન ન હોય, વણાટમાં પણ ખામી હોય, એના પ્રમાણમાં તો એ કાપડ ઘણું સારું લાગ્યું. પણ તેમણે કહ્યું કે, "પરદેશી કાપડની સાથે સરખામણી કરીએ તો આ ઘણું ઊતરતું છે. પણ પ્રયાસ કરીએ તો આથી ઘણું વધારે સારું થઈ શકે. એકલા ઉદ્યોગના સંચાલકો નહિ પણ આપણા દેશમાં કારીગર વર્ગ પણ કાળજીપૂર્વક કામ કરે તો ખામીઓ બહુ ઓછી થઈ જાય ને કાપડ સરસ ઊતરે. તે વખતે બીજી મિલોમાં નુકસાની–કાપડ વધુ ઊતરતું, પણ અંબાલાલભાઈની કાળજીને લીધે કેલિકોમાં એનું પ્રમાણ આડધાથી પણ ઓછું રહેતું.

અમદાવાદની મિલોમાં આરંભકાળમાં જાડું જ સૂતર કંતાતું. ઝીણું સૂતર બહુ વરસો પછી કંતાતું થયું. ઊંચા આંકનું સૂતર કાઢનારમાં અંબાલાલભાઈ પહેલા હતા. તે વખતે તે જોઈ કેટલાક મિલમાલિકો હસતા ને એની સફળતા વિષે શંકા કરતા. પણ તેમણે એ કામ સારી રીતે ચલાવી તેમાં પૂરી સફળતા મેળવી.

કામને આંગે જે કાંઈ સંજોગો ઊભા થાય તેને પહોંચીવળવા તેઓ હંમેશ તત્પર જ રહેતા. એક દિવસે સવારે તેમનાં દીકરી ગિરાબહેન મને મળ્યાં ને કહ્યું કે, "રાતે અમારી મિલમાં આગ લાગી હતી. ફોન આવ્યો હતો, પણ જાણ્યું કે કશું ખાસ નુકસાન થયું નથી. અમે તો ઘેરથી જ ફોન પર યોગ્ય સૂચના આપી દીધી હતી. પણ પપ્પાથી ન રહેવાયું. તેઓ રાતે બે વાગે મિલમાં ગયા. જ્યાં આગ લાગી હતી તે જગ્યાની નજદિકમાં જ સળગી ઊઠે તેવા તેલના ડબા હતા. તે તેમણે તરત જ ખસેડાવી દીધા. જો તે સવેળા ખસેડાવી ન લીધા હોત તો આગ ફેલાઈ જાત." જે જોવાનું કરવાનું હોય તે જાતે જ જોવા કરવાની આ ટેવથી મોટું નુકસાન થતું બચી ગયું. કોઈવાર કોઈ બાબત કોઈને નાની લાગે છતાં મહત્ત્વની પણ હોય. એવી બાબતો વિચારી તેઓ ઘટતું કરતાં સંકોચ કરતા નહિ. એક દિવસ વડોદરા જવાની તેઓ તૈયારી કરી રહ્યા હતા. વડોદરમાંય એમનું કેમિકલનું કારખાનું આવેલું છે. મિલઉદ્યોગ ઉપરાંત બીજા ઉદ્યોગો પણ હાથમાં લેવા જોઈએ એમ તેમને લાગતું હતું ને તેમાંથી આ કારખાનું ઊભું થયું હતું. સવારે હું ગયો ત્યારે મને કહેવા લાગ્યા "વડોદરા જાઉં છું." મેં પૂછ્યું "શા માટે?" એટલે કહેવા લાગ્યા: "જુની બાટલીઓનો નિકાલ કરવા માટે" એ કારખાનામાં અનેક કુશળ અધિકારીઓ કામ કરતા હતા, પણ આ વસ્તુ એ ઉદ્યોગની દૃષ્ટિએ એમને મહત્ત્વની લાગી ને મને એ વિષે કહ્યું, "તમને ખબર નહિ હોય, પણ આ ઉદ્યોગમાં બાટલીઓ વગેરે પેકિંગનાં સાધનોનું સ્થાન મહત્ત્વનું છે. એટલે એ પણ જોવું જોઈએ." ઉદ્યોગમાં દૃષ્ટિ ને ઉદ્યમ બન્ને જોઈએ. જાગ્રત રહીને પરિશ્રમ કરવામાં આવે તો જ સફળતા મળે.

તેમને બગીચાનો શોખ પણ ઘણો હતો. એમના બંગલાના કમ્પાઉન્ડમાં જાતજાતનાં વૃક્ષો, વેલીઓ અને છોડવા રોપ્યા કરે છે અને તેની દરકાર પણ બહુ સારી રીતે રાખવામાં આવે છે. તેમના બગીચામાં કેકટસ (થોર)ની દસબાર જાતો છે. એમનો વિચાર તો દુનિયાભરના કેકટસ લાવીને ઉગાડવાનો હતો. જેવો વનસ્પતિનો શોખ તેવો પક્ષીઓનો પણ શોખ હતો. બગીચામાં જાતજાતનાં પંખીઓ ઉછેર્યાં હતાં અને સારી રીતે રાખતા હતા. એમની ખાસિયતો ને જરૂરિયાતો તેઓ બરોબર સમજતા ને પૂરી કરતા.

ગાંધીજી જેલમાં ચાર વાગે ઊઠી રાતે દસ વાગ્યા સુધી કામ કરતા. હું પૂછતો કે, "આટલા બધા કામથી થાક નથી લાગતો?" તો કહેતા કે "જો કામમાં રસ હોય તો સમય કયાં પસાર થઈ ગયો તેની ખબર સુદ્ધાં ન પડે." એમ અંબાલાલભાઈને આ બધા કામમાં પૂરેપૂરો રસ, એટલે થાક જેવું એમને કદિ પણ લાગતું નહિ.

શાહીબાગમાં અત્યારનું તેમનું મકાન બંધાતું હતું. એક દિવસ બપોરે એક વાગે છત્રી લઈને પાંચમે મજલે સૂચના આપતા હતા. હું તેમને કોઈ કામ માટે મળવા ગયો ને એમને છત્રી લઈ ઊભેલા જોઈ પૂછ્યું, "આમ ખરે બપોરે આટલું બધું કષ્ટ શા માટે ઉઠાવો છો?" તો કહેવા લાગ્યા, "બહોળું કુટુંબ હોય તો બધાંને માટે સગવડ બરાબર થાય તે જોવું જ જોઈએ ને?" કુટુંબ માટેનો પ્રેમ તો આમ તેમના રોજ-બરોજના જીવનમાં વ્યકત થતો.

બાળકોના ઉછેર માટે તેઓ તથા સરલાબહેન ખૂબ જ કાળજી રાખતાં. એમનાં મન સમજી એમનાં સ્વાભાવિક વિકાસ માટેની સર્વે જરૂરી અનુકૂળતા માટે પ્રેમપૂર્વક પ્રબંધ કરતા, પણ બાળકો ઉપર જરાય જબરદસ્તી નહિ. ઉછેર સારો હોય તો બાળકો પણ સ્વાભાવિક રીતે જે યોગ્ય હોય તે જ કરવા પ્રેરાય. છોડ નાનો હોય ત્યાં સુધી પાણી, ખાતર, ને તડકો મળતો રહે. અને યોગ્ય દિશામાં વળે તેવી વ્યવસ્થા કરવી રહે. પછી તો ઝાડ આપ મેળે ઉછરે. મનુ મહારાજે કહ્યું છે કે '૧૬ વર્ષ પછી પુત્રને મિત્ર જેવો જ ગણવો.' એક વખત લોકજીવનમાં રવિશંકર મહારાજે એક આદર્શ વૃત્તિના ઘરડા ખેડૂત વિષે લખ્યું હતું કે તેઓ પોતાના છોકરાને સલાહ એક જ વખત આપતા હતા. મેં અંબાલાલભાઈને કહ્યું કે, "આ તમારું ચિત્ર છે." તેમણે તુરત જ જણાવ્યું "હું તો એક વખત પણ ન કહું." છોકરા મોટા થાય એટલે પોતે જ વિચારતા થાય. પછી તો પૂછે તો જ કહેવાનું હોય. આ વાત સમજવા જેવી લાગે છે.

ગાંધીજીને આશ્રમ વગેરેના કામમાં તેમણે મદદ આપી, મજૂરપ્રવૃત્તિમાં સહાય કરી તથા જાહેર જીવનમાં તેમણે તથા તેમના કુટુંબે જે ફાળો આપ્યો તે સુપ્રસિદ્ધ ને પ્રેરક છે.

સ્ત્રીઓના કામમાં પણ તેઓ ઘણો રસ લેતા. ગાંધીજીની સૂચનાથી કસ્તૂરબા ટ્રસ્ટની ગુજરાત શાખાનું સંચાલન શ્રી સરલા–દેવીબહેને પંદરેક વર્ષ પર હાથમાં લીધું તે વખતે તેઓ બધો વખત આ કામમાં આપી શકે તે હેતુથી ઘરનું રસોડું, કોઠાર વગેરેનું કામ તેમણે પોતે સંભાળી લીધું. ત્રણ વર્ષ ઉપર અંબાલાલભાઈની તબિયત બગડી, ત્યારે સરલાદેવીબહેને એ બધાં કામોમાંથી સંપૂર્ણ મુકત થઈ રાતદિવસ ખડેપગે તેમની જે સારવાર કરી તે દૃષ્ટાંતરૂપ બને એવી છે.

માણસ ઊંઘતા ઊંઘતા નહિ, પણ જાગતાં જાગતાં જીવે તેમાં જ સાર્થકતા છે. મનુષ્યમાં ઈશ્વરનો અંશ છે. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થાઓ એમ આપણે કહીએ છીએ ને તે યોગ્ય જ છે, પણ પરમાત્માનું રાજ્ય જેમ સ્વર્ગમાં છે તેમ પૃથ્વી ઉપર પણ ઊતરે તે માટે સર્વે એ સમજપૂર્વક અવિરત પ્રયત્ન કરવા રહ્યા. મનુષ્ય માત્ર એ કર્તવ્યરૂપ છે. એમાં સર્વેનું સાચું શ્રેય રહેલું છે. આનું શ્રેઠ અંબાલાલભાઈએ આપણા દેશને જીવન્ત દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

શંકરલાલ બૅંકર.

પૂરક નોંધ

તા. ૧૯-૭-૬૭ ના મજૂર સંદેશમાં મજૂર મહાજનના સંચાલક શ્રી શ્યામપ્રસાદ વસાવડાએ સ્વ. અંબાલાલભાઈને આપેલી ભાવભરી અંજલિમાં નીચેનો ભાગ પૂરક નોંધ તરીકે ઉમેરવાનું આવશ્યક લાગ્યું છે :–

"શ્રી અંબાલાલ શેઠ કુશળ ઉદ્યોગપતિ અને લક્ષ્મીનંદન હતા, એટલું જ નહિ પણ, તેમનામાં રાષ્ટ્રીયતા પણ ભારોભાર ભરેલી હતી. મહાત્મા ગાંધીજી આફ્રિકાથી હિન્દુસ્તાન આવ્યા અને અમદાવાદમાં વસ્યા ત્યારથી જ તેમના સંપર્કમાં તેઓ આવ્યા હતા. મહાત્મા ગાંધીજીની જેટલી વાતો સમજાઈ તે બધી અપનાવવા તેમણે સાચા દિલથી પ્રયત્નો કર્યા હતા. સ્વદેશી ચળવળમાં તેમણે મોટો ફાળો આપ્યો હતો. મહાત્મા ગાંધીજીના તેઓ આ રીતે અનુયાયી હતા, પરંતુ મહાત્મા ગાંધીજી અને શ્રી અંબાલાલભાઈને ન્યાય આપવા માટે એમ પણ કહેવું જોઈએ કે, તેઓ ગાંધીજીના મિત્ર પણ હતા. મિત્ર તરીકે તેઓ ગાંધીજીની સાથે અનેક પ્રશ્નોની ચર્ચાવિચારણા કરતા હતા અને યોગ્ય લાગે ત્યાં તેઓ સલાહ પણ આપતા હતા. જ્યાંથી પણ સાચી સલાહ મળે તે લેવી એ ગાંધીજીનો ગુણ હતો, અને તેથી એકબીજા વચ્ચે મિત્રતાનો સંબંધ બંધાયો હતો.


"અમદાવાદ મજૂર મહાજન સંઘની સ્થાપના શ્રી અંબાલાલભાઈનાં બહેન શ્રી અનસૂયાબહેને કરી હતી. આ કામમાં શ્રી અનસૂયાબહેનને શ્રી શંકરલાલ બૅંકર મદદ કરતા હતા અને ગાંધીજી સલાહસૂચનો આપતા હતા, એટલું જ નહિ પણ, ઘણી વાર મજૂર ચળવળની આગેવાની પણ લેતા હતા. શ્રી અંબાલાલભાઈ એટલા વિશાળ દિલના હતા કે તેમનાં બહેન મજૂર ચળવળ ચલાવે તે અંગે

તેમણે કદી વિરોધ કર્યો ન હતો. મજૂર અને માલિકો વચ્ચે મતભેદો તો વારંવાર ઊભા થતા હતા. ગાંધીજી અને શ્રી અનસૂયાબહેન એક પક્ષે હોય, શ્રી અંબાલાલભાઈ સામે પક્ષે હોય, છતાંય શ્રી અંબાલાલભાઈની વૃત્તિ એટલી શુદ્ધ રહેતી કે તેમણે કદી ગાંધીજી કે શ્રી અનસૂયાબહેન પ્રત્યે અપ્રેમ બતાવ્યો નહોતો. શ્રી અંબાલાલભાઈએ એક વખત એમ પણ કહેલું કે ગાંધીજીની આગેવાની નીચે મજૂર ચળવળ ચાલે એનો મને વિરોધ નથી, કેમકે મને ખાતરી છે કે ગાંધીજી કદી કોઈનું બૂરું નહિ ઈચ્છે. ભવિષ્યની પ્રજાને એ જાણી આશ્ચર્ય થશે કે જ્યારે અમદાવાદના મજૂરો પોતાના હિતના રક્ષણને માટે સંગઠન સાધતા હતા અને ગાંધીજી અને શ્રી અનસૂયાબહેનનાં નેતૃત્વ નીચે નાની મોટી લડતો લડતા હતા ત્યારે શેઠશ્રી અંબાલાલ સારાભાઈ મિલમાલિક મંડળના પ્રમુખ હતા. શેઠશ્રી અંબાલાલભાઈ મજૂર–માલિકની લડત વેળાએ માલિક પક્ષે આગેવાની ભર્યો ભાગ ભજવતા હતા, છતાં તેમની પ્રમાણિકતા, સરળ દૃષ્ટિ અને દિલની ઉદારતાને કારણે તેઓ ગાંધીજીની વાત સમજી શકતા હતા અને મજૂરોને થતો અન્યાય દૂર કરવામાં ગાંધીજીને મદદરૂપ થતા હતા.

"શેઠશ્રી અંબાલાલ સારાભાઈ કેવળ વ્યક્તિ નહોતા, ઉદ્યોગપતિ નહોતા, પણ તેઓ સમાજમાં એક સંસ્થારૂપ બની ગયા હતા. દેશ – પરદેશના રાજકીય નેતાઓ, સાહિત્ય અને કલાના ઉપાસકો અને વિદ્વાનો સાથે તેમને ગાઢ સંપર્ક હતો. તેમની સાથે વાત કરનારને તેમની પાસેથી કંઈ ને કંઈ જાણવાનું મળતું. તેમના ચાલ્યા જવાથી તેમના વિશાળ મિત્રસમુદાયને એક મહાન સલાહકાર મિત્રની ખોટ પડી છે."

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાના એક વ્યાખ્યાતા ફાધર સી. જી. વાલેસ

(તા. ૩૧મી ઑગસ્ટથી તા. ૮ સપ્ટેમ્બર સુધી એમ નવ દિવસ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાઈ રહેલી પર્યુષણ વ્યાખ્યાન માળા માટે નક્કી કરાયેલા વ્યાખ્યાતાઓમાં એક વ્યાખ્યાતા છે રેવરન્ડ ફાધર સી. જી. વાલેસ એસ. જે. આ ફાધર વાલેસ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના અધ્યાપક છે. તેમની ઉંમર આજે ૪૨ વર્ષની છે. તેઓ ૧૯૫૩માં ગુજરાતમાં આવ્યા અને ગુજરાતી ભાષાનું તેમણે અધ્યયન શરૂ કર્યું અને થોડા સમયમાં તેમાં તેમણે અદ્‌ભુત પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું. છેલ્લાં બે વર્ષથી 'કુમાર' માસિકમાં 'વ્યક્તિ-ઘડતર'ના મથાળા નીચે તેમની એક લેખમાળા પ્રગટ થઈ રહી હતી, જેનો છેલ્લો ૨૪મો હપ્તો જૂન માસના અંકમાં પ્રગટ થઈ ચૂક્યો છે, અને હવે જુલાઈ માસના અંકમાં 'જીવનદર્શન' એ મથાળા નીચે તેમની એક નવી લેખમાળા શરૂ થઈ ચૂકી છે. આ ફાધર વાલેસનો પરિચય, તેમના તરફથી ૧૯૬૦માં 'સદાચાર' એ શિર્ષક એક નિબંધ-ગ્રંથ પ્રગટ કરવામાં આવેલો તેના ઉલ્લેખપૂર્વક, ફાધર વાલેસના સહ-પ્રાધ્યાપક શ્રી ચીમનલાલ ત્રિવેદીએ 'કુમાર'ના એ દિવસોના એક અંકમાં પ્રગટ કરેલ, જે અહીં નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. અહીં એ જણાવવું પ્રસ્તુત લેખાશે કે આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ફાધર વાલેસનાં બે વ્યાખ્યાનો નક્કી કરવામાં આવ્યાં છે. (૧) 'ભગવાન ઈશુ,' (૨) 'ધર્મ અને વિજ્ઞાન' અને તેઓ પોતાનાં એ વ્યાખ્યાનો ગુજરાતીમાં આપવાના છે. પરમાનંદ)



ફાધર સી. જી. વાલેસ

એક બહુશ્રુત વિદ્વાન

'સદાચાર'ના લેખક રેવ. ફાધર વાલેસનો જન્મ ૩૫ વર્ષ પૂર્વે સ્પેનમાં થયો હતો. જીવનના પ્રભાતમાં જ માત્ર ૧૫મે વર્ષે ઈસુ સંઘ (સોસાયટી ઑવ જિસસ)માં જોડાઈને એમણે પાંચ વર્ષો સુધી સ્પેનમાં જ રહીને વિવિધ ભાષા તથા સાહિત્યનો અભ્યાસ કર્યો, અને એ પછી ત્રણ વર્ષ તત્ત્વજ્ઞાનના અભ્યાસ પાછળ આપ્યાં. ત્રેવીસમે વર્ષે એમણે હિંદમાં પગ મૂક્યો એવા જ ગણિતશાસ્ત્રના અભ્યાસ માટે તેઓ ખાસ મદ્રાસ ગયા, અને ત્યાં ચાર વર્ષો સુધી તેની આરાધના કરીને ઈ. સ. ૧૯૫૩માં એ વિષય સાથે એમ. એસ સી.ની ઉપાધિ તેમણે પ્રથમ વર્ગ સાથે મેળવી. એ પછી તેઓ ગુજરાતમાં આવ્યા, અને આણંદ તેમ જ વલ્લભ વિદ્યાનગરમાં રહી ગુજરાતી ભાષા શિખવાનો આરંભ કર્યો. ઓગણત્રીસ વર્ષની વયના આ ઉત્સાહી અને ખંતીલા યાજ્ઞિકે (પ્રીસ્ટ-પાદરીએ) ગુજરાતી ભાષાની બારાખડી ઘૂંટવા માંડી અને બે વર્ષના ગાળામાં તો ગુજરાતી ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું. (કેવું તે તો એમના લખાણ પરથી પ્રતીત થયું હશે.) ગુજરાતી ભાષાના મુખ્ય મુખ્ય સાહિત્યસ્વામીઓની કલાસૃષ્ટિનો એક ગુજરાતી–ભાષીના અધિકારથી એમણે પરિચય મેળવ્યો. એમાં યે કાકાસાહેબ કાલેલકરનાં લખાણોએ તો એમના નિર્મળમધુર હૃદયમાં પ્રસન્નતા રેલાવી, અને સમગ્ર રીતે એમના આત્મપ્રદેશમાં ગુજરાતી ભાષાસાહિત્ય પ્રત્યે આત્મીયતા પ્રકટી. એ પછી ૧૯૫૫માં તેઓ પૂના ગયા, ને પાંચ વર્ષ ત્યાં રહી ધર્મ શિક્ષણ મેળવતાં મેળવતાં, વિવિધ ધર્મોનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો.

આમ કુલ ઓગણીસ વર્ષોની ઉપાસનાને અંતે તેઓ હવે ૧૯૬૦ના જૂનથી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાયા છે. એ સંસ્થામાં જોડાયા પછી તેઓ શિક્ષણકાર્યમાં જ તન્મય બની ગયા છે. ગણિત અને તત્ત્વજ્ઞાનનો સુભગ સમન્વય એમનામાં પ્રત્યક્ષ જોવા મળે છે. ગયા સત્રમાં ગુજરાત યુનિવર્સિટીને ઉપક્રમે 'ગણિતના પાયા' એ વિષય પર ત્રણ એક્સ્ટેન્શન' વ્યાખ્યાનો આપીને એમણે એમના ગણિત–વિષયક અદ્યતન જ્ઞાનનો લાભ આપ્યો, અને 'સમૂળી ક્રાંતિ'ની ધર્મવિષયક વિચારણા પર જુદી જુદી સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપીને એમની ચિંતન શક્તિનો પણ પરિચય કરાવ્યો.

ગણિત એ એમનો પ્રિય વિષય છે, તો સાહિત્ય અને સંગીત પણ એમને ઓછા પ્રિય નથી. ગ્રીક સાહિત્યની લગભગ બધી જ પ્રશિષ્ટ કૃતિઓનું એમણે મૂળમાં જ પરિશીલન કર્યું છે. સ્પૅનિશ, જર્મન, ફ્રેન્ચ, ઈટાલિયન, પોર્ટુગીઝ, લેટિન, ગ્રીક, ગુજરાતી, હિંદી, અંગ્રેજી–એમ દશેક ભાષાઓનું એમનું જ્ઞાન આદર પ્રેરે એવું છે. એમના જીવનનું મુખ્ય દૃષ્ટિબિન્દુ વિદ્યાર્થીઓને સદાય નૈતિક માર્ગદર્શન આપવાનું રહ્યું છે. નિયત અભ્યાસક્રમના શિક્ષણ દ્વારા મળતી 'ડિગ્રી'ઓની એમને ઝાઝી કિંમત નથી, જેટલી વિદ્યાર્થી જીવનમાં નીતિશિક્ષણની કેળવણીની એમને લાગી છે. આ શુભ હેતુને કેન્દ્રમાં રાખીને સૌ પ્રથમ એમણે 'સદાચાર'ની પુસ્તિકા ગુજરાતી ભાષામાં પ્રકટ કરી છે. આપણે આશા રાખીએ કે એમના તરફથી આવાં સુંદર પુસ્તકો, જે ભૂમિને એમણે પોતાના કર્તવ્ય-સેવાના ક્ષેત્ર તરીકે અપનાવી છે એ ગુજરાતને, વિશેષ ને વિશેષ પ્રમાણમાં મળતા રહે!

પ્રાધ્યાપક ચિમનલાલ ત્રિવેદી

☆ જૈન અને બૌદ્ધ વિચાર ધારાઓની આલોચના ☆

(ગતાંકથી ચાલુ)

જૈન ધર્મે અહિંસાને તથા સ્યાદવાદના સિદ્ધાંતને સાધનાનું પ્રધાન અંગ માનેલ છે અને સાથે સાથે સત્સંગ, ઈન્દ્રિયનિગ્રહ સ્વાધ્યાય, જપ, તપ વગેરે વિવિધ અનુષ્ઠાનોને એ સાધનાના પોષક રૂપે નિરૂપેલાં છે. બૌદ્ધ ધર્મે તે મધ્યમ માર્ગને કેન્દ્રમાં રાખી 'દૃશ્યમાન બધું જ ક્ષણિક છે' એવી ભાવનાને કેળવવાની ભલામણ કરેલ છે. આ ભાવના કેળવવાથી રાગદ્વેષ વગેરે દૂષણો વધવાનો સંભવ નથી અને જે બીજ રૂપે તે દૂષણો રહેલાં છે તેમનો પણ નાશ જ થાય એવી પરિસ્થિતિ ઉક્ત ભાવનાને કેળવવાથી નિર્મિત થાય છે. આ સાથે અહિંસા વગેરેનું આચરણ, ઈન્દ્રિયનિગ્રહ, સત્સંગ, જપ, તપ, પ્રાર્થના વગેરે કર્મકાંડો બતાવેલાં છે. એમાં ધ્યાન અંગે વિશેષ ભાર અપાયેલ છે. આ રીતે આ બન્ને દર્શનોએ નિર્વાણમાર્ગની પ્રાપ્તિની દિશા બતાવેલ છે. હવે વિચાર કરો કે આમાં વાદવિવાદ, ખંડનમંડન કે દંતકલહને સ્થાન જ ક્યાં છે?

આપણે જાણીએ છીએ કે વર્તમાનકાળમાં વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક પંડિતોએ ભૌતિક સિદ્ધિઓ મેળવવા સારૂં અનેક પ્રયોગો કરીને અનેક જાતના જુદા જુદા નિર્ણયો તારવેલા છે. તેમાંના જે નિર્ણયોને તમામ વૈજ્ઞાનિકોએ તથા તેમની સમિતિએ સ્વીકારેલા છે તેમને સર્વ સંમત માનવામાં આવે છે અને જે નિર્ણયો વિવાદાસ્પદ હોય છે તે અંગે પ્રયોગો કરી કરીને ચકાસણી કરવામાં આવે છે. તેમાં કોઈ વૈજ્ઞાનિક એમ ધારતો નથી તેમ આગ્રહ એમ માનતો નથી કે માણે જ નિર્ણય ખરો છે અને અમુકનો નિર્ણય ખોટો જ છે, તથા કોઈ વૈજ્ઞાનિક એ માટે શાસ્ત્રાર્થ કરવાનું પણ ધારતો નથી. એ તો એમ જ સમજે છે કે પ્રયોગો કરવાથી તથા એ અંગે વધુ ચિંતન-મનન, સંશોધન કરવાથી જે હકીકત નિશ્ચિત થાય તે સર્વસામાન્ય થાય અને સર્વગ્રાહ્ય પણ થાય. આમ હોવાથી બધા જ વૈજ્ઞાનિકો પોતપોતાની શોધો અને તે બાબતના વિચારોનું પરસ્પર આદાનપ્રદાન કરતા રહે છે, પણ કોઈ સ્થળે વૈજ્ઞાનિકો વચ્ચે દંતકલહ થયો જાણ્યો, સાંભળ્યો કે જોયો નથી.

આપણા દેશમાં પણ ઘણા પ્રાચીન કાળથી ચિંતન-મનન થતું આવેલ છે. સંસારપ્રવાહમાં તણાતા પ્રાણીઓની દુઃખમય સ્થિતિ જોઈ જેમના ચિત્તમાં કરુણાનાં પૂર ઉમટ્યાં તેવા વીર પુરુષોએ આ પ્રત્યક્ષ દુઃખમય સ્થિતિને કેમ ટાળી શકાય, એ અંગેની શોધ માટે પોતાનાં ભૌતિક સુખોની આહુતિ આપી, ચિંતન-મનન નિદિધ્યાસન સાથે પોતાના જ દેહ ઉપર, મન ઉપર, વૃત્તિઓ ઉપર અને ઈંદ્રિયો ઉપર અનેક અખતરા કર્યા, ઘોર દેહદમન કર્યા, ધ્યાન કર્યા, જપ, તપ, સ્વાધ્યાય વગેરે પણ કર્યા, એ બધું કર્યા પછી એમને જે જે અનુભવો થયા અને એ દ્વારા એમને જે જાતના નિર્ણયો લાધ્યા તે સંસાર સામે રજૂ કર્યા. આ અંગે શ્રીકૃષ્ણ, કપિલ મુનિ, ગૌતમ મુનિ, કણાદમુનિ તથા વર્ધમાન મહાવીર અને સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ એ બધાએ વિવિધ સાધનાઓ દ્વારા જે જે નિર્ણયો તારવ્યા અને તેમને પોતે કરેલા પ્રયોગો દ્વારા જે જે અનુભવો થયા તે બધા જ જગત સમક્ષ મૂકયા અને તે સૌએ ઘોષણા કરી કે આ દુઃખમય પરિસ્થતિમાંથી બચવાની ઈચ્છા હોય તો અમે જે જે પ્રયોગો બતાવ્યા છે અને જે જે અનુભવો તારવ્યા છે તે પ્રયોગો તમે પણ કરો અને સ્થિર શાંત પરિસ્થિતિમાં પૂર્વગ્રહોનો ત્યાગ કરીને એ પ્રયોગોમાં નવી નવી શોધોનું ઉમેરણ કરી સાધ્ય સિદ્ધિ માટે વધારે સરળ માર્ગનું શોધન કરો અને એ દ્વારા તેમણે સંસારને વધારેમાં વધારે સરળ માર્ગની ભેટ કરી.

પ્રસ્તુતમાં શ્રીકૃષ્ણ વગેરે વીર પુરુષોની શોધો અને અનુભવો અંગે વિશેષ કહેવાનો આ પ્રસંગ નથી. આ પરિષદ જૈન અને બૌદ્ધ વિચાર પૂરતી ગોઠવાયેલ છે. એટલે તે બે દર્શનના શોધકોના વિચારોને જ ઉપર જણાવેલા છે.

હવે આપણે વિચારીએ કે આપણે આ બાબત શું કર્યું? કોઈ નવી શોધો કરી? કોઈ નવા પ્રયોગો કરી નવા નિર્ણયો કે અનુભવો તારવ્યા?

આ સવાલોના જવાબો મેળવવા ભૂતકાળના ઈતિહાસને અહીં થોડો ઉખેળવો પડે તેમ છે.

મહાવીર અને બુદ્ધ એ બન્ને ચીલા-ચાલુ પુરુષો નહોતા, પરંતુ સ્વતંત્રપણે વિચારક હતા. પરાપૂર્વથી જે ધર્મપ્રવાહ ચાલ્યો આવતો હતો તેમાં તે બન્નેએ વિશેષ પરિવર્તન આણ્યું હતું અને તેમના જમાનાની જે અનિષ્ટ રુઢિઓ હતી તેમનો તે બન્નેએ સખ્ત સામનો કરી, પ્રજાને નવી દિશાએ ચાલવાની પ્રેરણા આપવા સારું, તેમણે બન્નેએ પોતપોતાના સુવાંગ પ્રયોગો આરંભ્યા હતા. તેમાં તેઓ પાર ઉતર્યા એટલે તે પ્રયોગોને તેમણે લોકો સામે મૂકયા, અને જે રીતે તેમણે એ પ્રયોગો આચરેલા તે રીત લોકોને સમજાવી, અને તે પ્રમાણે વર્તવાની પ્રેરણા આપી. તે સમયના હજારો લાખો લોકોએ એમની સૂચનાને માન્ય કરી, એ પ્રયોગો પ્રમાણે જીવન ઘડવું શરૂ કરેલું અને તેમાં ઘણા લોકો ઠીક ઠીક સફળ થયા અને પ્રજામાં તે પ્રયોગો આદર પામ્યા.

હવે ખરી વાત તો એ છે કે તે પ્રયોગો પ્રમાણે જીવન ઘડવું અને તેમ કરીને વળી એમાં કાંઈ નવી શોધો કરો તેમાં વિશેષ ચુગમના લાવી એ પ્રયોગોને આગળ ચલાવવાના હતા, પણ તેમના જમાના પછીના જમાનામાં તેમ ન બન્યું અને પ્રજા તેમના તરફ અહોભાવની નજરે જોવા લાગી અને પોતાને આવા ઉત્તમ કોટિના પ્રેરકો મળ્યા જાણી અત્યંત પ્રભાવિત થઈ, માત્ર તે બન્નેનાં ગુણગાન પૂજા અને મહિમા કરવા લાગી અને આ રીતે લગભગ પ્રજાનો મોટો ભાગ ભક્તિના પ્રવાહમાં તણાયો અને એ બન્ને મહાપુરુષોએ જે નવા નવા અનુભવો કરી તે પ્રયોગોની શોધ ચલાવી આગળ વધારેલી અને તે રીતે પ્રજાનું જીવન ઘડવા અને તદનુસાર વર્તન કરવા પ્રયોગો બતાવેલા તે પ્રયોગો માત્ર સ્થાને સ્થાને પૂજવા લાગ્યા અને તે તે બન્ને મહાપુરુષોનો જ મહિમા, પરોપકારીપણું, અસાધારણ ત્યાગ વગેરે ગુણો ગવાવા લાગ્યા.

આમ થવું સ્વાભાવિક હતું અને આમ કરવામાં તે બન્ને મહાત્માઓની જીવનસરણીને અનુસરવાનું બળ મેળવવાનું હતું, પણ તે પ્રધાનપ્રવૃત્તિ ઢીલમાં પડી અને તે તે પુરુષોના અનુયાયી વિદ્વાન લોકોએ તે પ્રયોગોને શબ્દમાં ઉતારી તેમનાં જુદાં જુદાં શાસ્ત્રો રચ્યાં. આ પણ જરૂરી હતું, પણ ભક્તિના અસાધારણ આવેશમાં એ શાસ્ત્રોને માનનારાઓએ એ શાસ્ત્રોને માટે એવી મહોર મારી કે એ પ્રયોગોમાં હવે કાંઈ ઉમેરવા જેવું નથી તેમ તેમાં કાંઈ નવું પરિવર્તન કરવાની જરૂર નથી, પરંતુ જે છે તે તદ્દન સંપૂર્ણ છે.

આ પહેલાં જીવનશુદ્ધિના સાધક પ્રાચીનતમ પ્રયોગ કરનારાઓનાં પણ જુદા જુદાં શાસ્ત્રો રચાઈ ગયાં હતાં અને તે જુદા જુદા શાસ્ત્રકર્તાઓએ પણ પોતપોતાના શાસ્ત્રો અંગે પૂર્ણતાની મહોર મારી હતી. અને એ બાબત તેઓ પરસ્પર વાદવિવાદે પણ ચડ્યા હતા અને 'મમ સત્યમ્' એ ન્યાયે તેઓ એકબીજા વચનયુદ્ધ તરફ પણ વળ્યા હતા. સાંખ્યશાસ્ત્ર (કપિલ મુનિ) ન્યાયદર્શન (ગૌતમમુનિ) અને વૈશેષિકશાસ્ત્ર (કણાદ મુનિ) આ ત્રણે પ્રયોગાત્મક શાસ્ત્રો હતાં, તેમાં તેમના પ્રણેતાના પોતપોતાના જુદા જુદા અનુભવો હતા અને તેમણે જે રીતે સાધના કરી જીવન ઘડેલું તેનું

વિવેચન હતું. પણ તેમના જુદા જુદા અનુયાયીઓએ પ્રયોગાત્મક શાસ્ત્રો ઉપર સિદ્ધરૂપતા વા પૂર્ણરૂપતાની મ્હોર મારી એકબીજા ખંડન-મંડન તરફ વળ્યા હતા. એકબીજાના વિચારોને સમજવા, તેની પરસ્પર તુલના કરવી અને તે તે શાસ્ત્રોનો પ્રધાન ઉદ્દેશ સમજી તદનુસાર જીવન ઘડવું એ પ્રવૃત્તિ મંદ પડી ગઈ હતી અને જુદા જુદા બુદ્ધિના અખાડાઓમાં એ પંડિતો મલ્લોની પેઠે બુદ્ધિના યુદ્ધે ચડ્યા હતા. તે જ સ્થિતિ ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના અનુયાયીઓની પણ થઈ. એમણે પોતપોતાના શ્રદ્ધેય માનનીય પૂજનીય તરફ કૃતજ્ઞતાભાવ વિકસાવવા એ જ રાહે ચડવાનું મુનાસબ માન્યું, અને જો કે, જીવન ઘડવા માટે એ પ્રયોગોનું અનુસરણ પણ ચાલુ રાખ્યું, છતાં એ અનુસરણમાં મોટો ભાગ આ વાણીયુદ્ધનો જ રહ્યો અને મોટાં મોટાં મંદિરો, ભારે ભારે ઉત્સવો, અને પોતાની વૃત્તિને પોષે એવા ઠાઠમાઠો તથા કેટલે અંશે દેહદમન વગેરે ચાલુ રહ્યાં. આ રીત પછી તો એટલી બધી વધી ગઈ કે એ પ્રયોગોમાંનો મૂળ પ્રાણ નીકળી ગયા જેવું થઈ ગયું અને માત્ર કૃતજ્ઞતાસૂચક પ્રવૃત્તિઓ જ વધતી ચાલી તથા એ બધા જૂના અને નવા પ્રયોગોનાં શાસ્ત્રો એકબીજા તરફ વિરોધભાવ ધારણ કરવા સુધી પહોંચી ગયા. આ સ્થિતિ મધ્ય યુગમાં વિશેષ વિકસી અને એ માટે અનેક નવા નવા તર્કપ્રધાન ગ્રંથોનું પણ નિર્માણ થયું અને તેમાં એટલે સુધી ભક્તિભાવ વધ્યો કે અમુક શાસ્ત્ર માને તે જ આસ્તિક અને ધાર્મિક અને બીજા શાસ્ત્રને માનનાર નાસ્તિક અને અધાર્મિક વા અજ્ઞાની વા મિથ્યાદૃષ્ટિ.

એ મધ્યયુગની અસર આપણા વર્તમાનકાળમાં પૂરેપૂરી જામી ગઈ છે. જો કે હવે જાહેર રીતે તો બુદ્ધિના અખાડા કેટલેક અંશે બંધ થયા છે, પણ એકબીજાના શાસ્ત્ર તરફ નફરત ઓછી થઈ જણાતી નથી. તમે જોશો કે બ્રાહ્મણપરંપરાના અનુયાયીઓમાં ભાગ્યે જ એવા પંડિતો મળશે, જેઓ જૈન અને બૌદ્ધ વિચારોની પૂરી સમજ ધરાવતા હોય તેમ આ બાજુ જૈન અને બૌદ્ધપરંપરાના અનુયાયીઓમાંનાં ભાગ્યે જ એવા પંડિતો મળશે કે જેઓ બ્રાહ્મણપરંપરાના ગીતા અથવા ઉપનિષદ્ જેવા ગ્રંથોમાં જે વિચારો દર્શાવેલા છે તેમને બરાબર સમજે, વિચારે અને તેમનું તોલન કરે.

આ વાણીયુદ્ધનું બીજું અનિષ્ટ પરિણામ એ આવ્યું છે કે એ પ્રયોગાત્મક શાસ્ત્રને માનનારાઓમાં પણ ફાટફૂટ પડી ગઈ અને તેમાંથી જુદા જુદા પંથો – સંપ્રદાયો – સંકીર્ણ મતો ઊભા થયા. જે જે હકીકત પ્રયોગરૂપે હોય તેને અનુસરતાં તેમાં ક્રિયાભેદ વા વિચારભેદ જરૂર થાય, અને એમ બનવું એ તો પ્રયોગાત્મક પ્રવૃત્તિનો પ્રાણ છે, પણ આ જુદા જુદા પંથો અને સંપ્રદાયોમાં એમ ન થતાં પરસ્પર વિરોધ વધારે વધતો ચાલ્યો અને તે તત્ત્વવિચારમાં વા તેના અનુષ્ઠાનની ચર્ચામાં ગાળાગાળી સુધી પહોંચી ગયો.

આ રીતમાં જૈન ગ્રંથકારો પણ જરા ય પાછળ રહ્યા નથી. અહિંસાને સંપૂર્ણપણે માનનારા અને અનેકાનંતવાદના સિદ્ધાંતને પણ પૂરેપૂરું માન આપનારા પણ આ શાસ્ત્રકારો તત્ત્વવિચાર અને કર્મકાંડની ચર્ચામાં ન તો અહિંસાને જાળવી શકયા છે, ન તો અનેકાંતવાદ તરફનો પોતાનો આદર ટકાવી શકયા છે.

જેવું આ કથન જૈન શાસ્ત્રકારોને લાગુ પડે છે તેવું બૌદ્ધશાસ્ત્રકારોને પણ લાગુ પડે છે. હવે તો વિજ્ઞાનનો યુગ આવેલ છે અને ગાંધીયુગ પણ આપણે નજરો નજર જોયો છે. એટલે તે બંનેની અસર પ્રજા ઉપર છે. એટલે જ વર્તમાન યુવાન પેઢી ગડમથલમાં પડી છે. તે ધર્માવિમુખ નથી, પણ કયો પ્રયોગ કરવો તેની મુંઝવણમાં છે. આવે ટાંકણે જો ધર્મધુરંધરો મધ્યયુગ જેવી સ્થિતિને જ પ્રધાનસ્થાન આપવામાંથી નવરા નહીં થાય તો જરૂર આ પેઢીને ધર્મવિમુખ બનાવવાની જવાબદારીના ભાગીદાર બનશે એમાં શક નથી.

પ્રાચીન સમયમાં વૈદિક, જૈન અને બૌદ્ધ, ત્રણ પ્રયોગાત્મક વિચારધારાઓ આપણી સામે હતી, પણ હવે તો તેમાં બીજી બીજી પ્રયોગાત્મક વિચારધારાઓનો પણ સમાવેશ થયેલ છે. જરથોસ્તી ધર્મની પ્રાચીન પરંપરા, ખ્રિસ્તી ધર્મની પરંપરા અને ઈસ્લામી ધર્મની પરંપરા. આ વિચારધારાઓની પણ ઉપેક્ષા કરવી પોષાય તેમ નથી એ હકીકત અંગે પણ આપનું ધ્યાન ખેંચું છું.

સમગ્ર લખાણનો સાર આ છે કે જે જે શાસ્ત્ર વર્તમાનમાં પ્રચલિત છે તે બધાં જ પ્રયોગ રૂપ છે અને તે પ્રયોગને બરાબર અમલમાં મૂકવામાં આવે એટલે આંતરથી અને બહારથી બરાબર એ પ્રયોગોને જે કોઈ અનુસરશે તે જરૂર આ વિષમ કાળમાં પણ નિશ્રેયસ્ મેળવશે–જરૂર સિદ્ધ થઈ થશે.

આચાર્ય સિદ્ધસેન દિવાકરે મોટી ઘોષણા સાથે જણાવેલ છે કે:

"જેને જેને મિથ્યા દર્શનો કહેવામાં આવે છે તે બધાં જ જ્યારે ભેગાં થાય ત્યારે જૈન દર્શન બને છે, જિનવચન બને છે." વર્તમાન યુગના જૈન સંઘના જે જે સંપ્રદાયો છે તે બધા જ જ્યારે ભેગા થાય ત્યારે પૂરો જૈન ધર્મ બને છે એ વાત સમજવામાં આવશે ત્યારે જ જૈન સંઘનું અને અન્ય સંઘોનું પણ કલ્યાણ થશે એમ મારો અંગત અભિપ્રાય છે.

સમાપ્ત પંડિત બેચરદાસ જીવરાજ દોશી.

ચૈનપુર-બિહારમાં ચાલતી રાહતપ્રવૃત્તિ

(સેન્ટ્રલ રીલીફ ટ્રસ્ટ – મુંબઈ સંચાલિત બિહાર રાહત કેન્દ્ર તરફથી જાન્યુઆરી માસથી ચૈનપુર ખાતે રાહતપ્રવૃત્તિનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. તેમાં આજે ચાલી રહેલ પ્રવૃત્તિનો, એ કેન્દ્રનાં એક મુખ્ય સંચાલિકા બહેન શ્રીમતી મણિબહેન નાણાવટી તરફથી તાજેતરમાં મળેલા પત્રમાં, કેટલોક ખ્યાલ આપવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે. પરમાનંદ)

તા. ૮–૭–૬૭ ચૈનપુર, બિહાર

સ્નેહી ભાઈ પરમાનંદભાઈ,

આપ સહુ જાણો છો કે આપણી સંસ્થાઓ તરફથી તા. ૨૨-૧-૬૭ થી પલામુ જિલ્લામાં ચૈનપુર બ્લોકમાં સાત કેન્દ્રો ચાલે છે, જેમાં એક પાકી રસોઈનું અને બાકીનાં સૂકાં. એક કેન્દ્રમાં બબ્બે પંચાયત સમાઈ જાય છે. તે પ્રમાણે આજે આપણે કુલ ૯,૫૦૦ માણસોને રેશન આપીએ છીએ. હજી રેશન કાર્ડ વધારીએ તો વધી શકે તેમ છે, પરન્તુ આપણી મર્યાદા છે.

હવે અહીં વરસાદ શરૂ થયો છે. એટલે કેન્દ્ર ઉપર રેશન લેવા આવવાનું અને લાઈનમાં ઊભા રહેવાનું ચાલુ વરસાદે મુશ્કેલ પડે, જેથી અઠવાડિયાથી દરેક કેન્દ્રમાં આઠ દિવસનું રેશન એક સાથે આપી દેવાનું શરૂ કર્યું છે. ચૈનપુરમાં આપણે રસોઈ કરીને આપીએ છીએ તે પણ આવતા અઠવાડિયાથી બંધ કરીને તેમને પણ સુકું રેશન આપવાનું શરૂ કરીશું.

અનાજની બાબતમાં ઘણી મુશ્કેલીઓ છે. આજે આપણી પાસે એકવીસ દિવસનું રેશન છે. સરકાર પાસે અનાજની માગણી કરતાં તે મંજૂર તો થઈ છે, પણ હજી સરકારી ગોડાઉનમાં અનાજ ન હોવાને કારણે તે મળ્યું નથી. તે ઉપરાંત નદીમાં પાણી આવી જવાથી અનાજ લાવવા મૂકવાની પણ મુશ્કેલી છે. નદી પાર કરવા સારાં સાધનો પણ નથી અને નદી જોખમવાળી છે.

બિયારણની બાબતમાં જણાવવાનું કે હજી સરકાર પાસે પણ પૂરું બિયારણ નથી. આપણે નક્કી કર્યું હતું કે રૂ. ૧૦,૦૦૦) નું બિયારણ ચૈનપુર બ્લોકમાં શક્ય હોય તેટલા ખેડૂતોને આપીશું, પણ તે હજી ગઈ કાલે જ ડાલ્ટનગંજમાં આવી ગયું છે તેવા ખબર

મળ્યા છે. તે બિયારણ કેમ અને કેવી રીતે આપવું તેનાં ફોર્મ્સ તૈયાર કર્યાં છે તે આ સાથે મોકલું છું.

પૂજ્ય રવિશંકર દાદાને બિયારણ વિષે વાત કરી હતી. તેઓ પણ બિયારણ આપવાના છે.

અહીંની પરિસ્થિતિ જોતાં એમ લાગે છે કે અહીંનું રાહત કામ આખો ઑગસ્ટ મહિનો તો ચાલુ રાખવું પડશે.

શ્રી તુલસીદાસભાઈએ કેન્દ્ર સરકાર પાસેથી ચૈનપુર અને રંકા માટે એકસો ટનની માગણી કરી હતી તે માગણી મુજબ અમને ૧૦૦ ટન ઘઉંની પરમિટ મળી ગઈ છે. પરંતુ તે ઘઉં પટના જઈને ફૂડ મિનિસ્ટર પાસેથી મેળવી લેવાના રહે છે. ૧૦૦ ટનમાંથી ૫૦ ટન ઘઉં ચૈનપુર કેન્દ્રનાં છે. જો તે ઘઉં મળી જશે તો પછી અનાજની તકલીફ રહેશે નહિ અને આમ વધારે અનાજ લેવાના પૈસા જો આને અંગે બચી જશે તો રૂ. ૧૦,૦૦૦) નું વધુ બિયારણ ખેડૂતોને આપણે આપી શકીશું એવી આશા છે.

મધ્યમ વર્ગને અપાતી રાહતમાં આજ સુધીમાં ૪૨૫ કુટુંબોને મફત રેશન મહિનામાં એક વખત પંદર દિવસનું અપાય છે, જે હજી ચાલુ છે. ચૈનપુર બ્લોકમાં લગભગ ૪૦,૦૦૦) જેટલાં નવાં જૂનાં કપડાં વહેંચાયાં છે.

આપણા કેન્દ્રને કોઈ અજાણી પરદેશી વ્યકિતએ ૩૯૦ બોરા દૂધ મોકલ્યું છે. તે મળવાથી દરેક કેન્દ્રમાં અઠવાડિયામાં બે વખત દરેક કાર્ડ દીઠ રેશન સાથે પાશેર દૂધનો પાઉડર આપીએ છીએ.

ડૉ. જટુભાઈ દોશી આપણા તરફથી સર્વોદય ડિસ્પેન્સરીને નામે જે દવાખાનું ચલાવે છે તેમાં આજ સુધીમાં ૩,૫૦૦ દર્દીઓને મફત દવા, ઈંજેકશન વિગેરે આપ્યાં છે. આ દવાઓ મોટે ભાગે પટણા રિલીફ ઑફિસ તરફથી આવી છે અને ડૉ. જટુભાઈ દોશીના મિત્રોએ પણ સારી એવી મદદ કરી છે.

તે સિવાય ડૉ. કાશીબહેન અવસરે જેમણે દોઢ મહિનો અહીં રહીને ડિસ્પેન્સરી ચાલુ કરી હતી તેનો લાભ આજે પણ જનતા લઈ રહી છે.

મુંબઈ જીવદયા મંડળી તરફથી પશુસહાયતા કેન્દ્રનું સંચાલન આપણે કરી રહ્યાં હતાં. તેમાં ૧૦૦૦ ગાયો અને બળદો–બન્નેને– મફત ચારો આપવાનું કામ કરતાં હતાં તે જુલાઈના ૧ લી તારીખથી ચોમાસું શરૂ થઈ જવાથી બંધ કરવામાં આવ્યું છે. પશુઓને ઘાસ ઉપરાંત ખોળ અને ભૂસું પણ આપવામાં આવતું હતું. આ મદદથી ઘણાં પશુઓને જીવતદાન મળ્યું છે. પશુઓનું નીરણ કેન્દ્ર ચાલુ હતું, ત્યારે શ્રી અરવિંદભાઈ મફતલાલ તરફથી એક હવાડો બંધાવવામાં આવ્યો હતો. જ્યારે પાણી કયાંય નહોતું ત્યારે પણ આ હવાડામાંથી પશુઓને પાણી મળતું.

ડૉ. જટુભાઈ દોશીએ તેમની અને તેમના મિત્રોની મદદથી ચૈનપુરમાં સસ્તી રોટીનું એક કેન્દ્ર શરૂ કર્યું છે, જેનો લાભ સેંકડો ભાઈ - બહેનો લે છે. આ સસ્તી રોટીની યોજનામાં પાંચ પૈસાની એક રોટી એવી પાંચ રોટી ચાર આનામાં શાક સાથે આપવામાં આવે છે.

મણિબહેન નાણાવટી
મુખ્ય સંચાલિકા.

કરૂણા

સાર્વભૌમ પ્રેમ વિના પૂર્ણ નિર્ભયતા શક્ય નથી. કરૂણા પરમ નિર્ભય છે. કરૂણા એટલે દયા નહિ, દયાનો ભાવ તો દુર્બળતા સાથે જાય છે, જ્યારે કરૂણા ઘણો બહાદુર ગુણ છે. બુદ્ધ ભગવાનને કરૂણાનું જે દર્શન થયું, તે તીવ્ર તપસ્યાને અંતે નિર્ભયતા પ્રાપ્ત થયા પછી થયું. દુનિયાને વૃત્રાસુરના ભયથી મુકત કરવા પોતાનો દેહ આપવા દધિચિ ઋષિ એટલા માટે તૈયાર થયા કે તેમનું હૃદય કરૂણાથી ભર્યું હતું.

– વિનોબાજી

દેશના શિક્ષણ માધ્યમ અંગે વિશેષ વિચારણા

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'કુલપતિની વેદના' એ મથાળા નીચે, પાંચ વર્ષના ગાળામાં રાષ્ટ્રની પ્રત્યેક યુનિવર્સિટીમાં શિક્ષણના માધ્યમ તરીકેનું સ્થાન પ્રત્યેક રાજ્યની ભાષાને આપવું એવા કેન્દ્ર અને રાજ્યોના શિક્ષણ પ્રધાનોએ લીધેલા નિર્ણય સામે પ્રકોપ દાખવતો શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનો એક લેખ અથવા તો પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે. આ લેખે પ્રબુદ્ધ જીવનના અમુક વાચકોમાં ભારે પ્રતિકૂળ પ્રક્ષોભ પેદા કર્યા છે અને તે અંગે આટલા ટૂંકા ગાળામાં ત્રણ ચર્ચાપત્રો મળ્યા છે: (૧) મુંબઈથી લવણપ્રસાદ શાહ તરફથી, (૨) અમદાવાદથી ડૉ. કાન્તિલાલ શાહ તરફથી, (૩) મુંબઈ–વીલેપારલેની શ્રી ચંદુલાલ મણિલાલ નાણાવટી કન્યા વિનય મંદિરના આચાર્ય શ્રી વજુભાઈ પટેલ તરફથી. શ્રી લવણપ્રસાદ શાહે પોતાના ચર્ચાપત્રમાં જે મુદ્દાઓ અને વિચારો રજૂ કર્યા છે તે જ વિચારો અને મુદ્દાઓ વધારે વ્યવસ્થિત અને સુઘડ રીતે ડૉ. કાન્તિલાલ શાહે પોતાના ચર્ચાપત્રમાં રજૂ કર્યા છે. પ્રશ્નની બીજી બાજુ પ્રબુદ્ધ જીવનના વાચકોને જાણવા મળે તેથી ડૉ. કાન્તિલાલ શાહનો પત્ર નીચે આપવામાં આવે છે.

અહીં એ જણાવવું અપ્રસ્તુત નહિ ગણાય કે ઉચ્ચ શિક્ષણના માધ્યમ અંગે આજે આપણા દેશના વિચારકોમાં ત્રણ વિચારધારાઓ પ્રવર્તે છે: (૧) ઉચ્ચ શિક્ષણ, અંગ્રેજી હકુમત કાળથી ચાલ્યું આવે છે તે મુજબ, અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા આ દેશમાં સર્વત્ર આપાવું જોઈએ, (૨) ઉચ્ચ શિક્ષણ અંગે ચોક્કસ મુદતની અંદર જરૂરી તૈયારીઓપૂર્વક આખા દેશનું ઉચ્ચ શિક્ષણ હિંદી માધ્યમમાં પરિવર્તિત થવું જોઈએ, (૩) આ પરિવર્તન માત્ર હિંદીમાં નહિ પણ દેશના રાજ્યોની બધી ભાષાઓમાં કેન્દ્રના નિર્ણય મુજબ પાંચ વર્ષમાં સિદ્ધ થવું જોઈએ. પહેલી વિચારધારા શ્રી મુનશીની હોય એમ લાગે છે; મારું વલણ બીજી વિચારધારા તરફ છે; પ્રસ્તુત ચર્ચા - પત્રો ત્રીજી વિચારધારાના સમર્થક છે. નીચેની ચર્ચાનું હાર્દ પકડવું વધારે સુગમ બને એ આશયથી આટલી સ્પષ્ટતા કરવી જરૂરી લાગી છે.

પરમાનંદ

સામાન્ય વાચકની વેદના

મુ. પરમાનંદભાઈ,

૧૬/૭/૬૭ ના 'પ્રબુદ્ધ જીવન'માં આપે શ્રી મુનશીનો એક પત્ર ઉતાર્યો છે. પત્રનું મથાળું મૂળનું નથી, પણ આપે આપ્યું છે એવું અનુમાન કરું છું. "કુલપતિની વેદના" ના આપ પણ ભાગીદાર જણાઓ છો ને તેથી આપે "વેદના" શબ્દ પસંદ કર્યો લાગે છે. મારા નમ્ર મત મુજબ આ શ્રી મુનશીની વેદના નહિ પણ ભીતિ છે; મિથ્યા ભીતિ છે; હું તો ભ્રાન્તિ પણ કહું. મારા જેવા સામાન્ય વાચકના પક્ષે આ ધીટતા લાગે તો ક્ષમા કરશો. પણ હું શ્રી મુનશીની દલીલો એક પછી એક લઉં.

(૧) "દસ વર્ષના ગાળામાં એક યુનિવર્સિટીનો સ્નાતક બીજી યુનિવર્સિટીના સ્નાતક માટે તદ્દન પરાયો બની જશે." આ અર્ધસત્ય છે. એક **પ્રાન્તનો** સ્નાતક **બીજા પ્રાંતના** સ્નાતક માટે તદ્દન પરાયો બની જશે એમ કહ્યું હોય તો હજી કંઈક સાચું ખરું. પરંતુ શા માટે પરાયો બની જાય? બંને હિંદી નહિ શીખ્યા હોય? મારા આદર્શ પ્રમાણે તો હિંદી બધી યુનિવર્સિટીઓમાં ફરજિયાત હોવું જોઈએ. આજે તો અંગ્રેજી ફરજિયાત છે જ. જુદા જુદા પ્રાંતના સ્નાતકો અંગ્રેજીમાં વાતચીત અને વ્યવહાર કરી શકે, જો કે મને તો એ પણ શરમજનક લાગે છે કે જુદા જુદા પ્રાંતના લોકો ટ્રેનમાં મળીએ છીએ ત્યારે આપણે પરસ્પર હિંદીમાં વાત કરવાને બદલે અંગ્રેજીમાં વાત કરીએ છીએ!

પરંતુ શ્રી મુનશી એમ કહેવા માગતા હશે કે એક પ્રાંતનો વિદ્યાર્થી દા. ત. ગુજરાતી બીજા પ્રાંતની (દા. ત. બંગાળાની) યુનિવર્સિટીમાં જાય તો શું કરે? અરે ભાઈ, એને ગરજ હોય તો

તે પ્રાંતની ભાષા શીખી લે. આપણાં છોકરાં—છોકરીઓ શાન્તિ-નિકેતન જતાં હતાં ત્યારે શું કરતા હતાં? ત્યાં શું અંગ્રેજી માધ્યમ હતું? સનાતની લોકો સંસ્કૃત શિખવા વારાણસી જાય છે તે શું કરે છે? વળી એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં સ્થળાંતર કરનાર વિદ્યાર્થીઓ કેટલા હશે?

(૨) શ્રી મુનશી લખે છે "વર્તમાન ભારત રાષ્ટ્ર અંગ્રેજી માધ્યમ દ્વારા અપાયેલા યુનિવર્સિટીના શિક્ષણની જ પેદાશ છે." **આ જ તો મોટું દુ:ખ છે, મોટું નહિ મોટામાં મોટું.** શ્રી મુનશીએ "ભારત રાષ્ટ્ર" શબ્દ વાપર્યો છે તે તો ખોટો છે. ખરી વાત તો એ છે કે આ વર્ગ બહુ અલ્પસંખ્ય છે. પણ એ જ બોલકણો છે. એ જ બધાં સત્તાસ્થાન પચાવી બેઠો છે. બંધારણ ઘડવામાં અને દેશના નિયોજનમાં આ જ વર્ગનું વર્ચસ્વ હતું અને તેના માઠાં ફળ આપણે આજે ભોગવી રહ્યા છીએ. તા. ૧૬-૭-૬૭ ના ભૂમિપુત્રમાં શ્રી જયપ્રકાશ નારાયણનો લેખ જોવા જેવો છે. અમારી ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો હોય તો ગુજરાતી આવશ્યક મનાતું નથી, પણ અંગ્રેજી આવશ્યક મનાય છે. આવી વિસંગતિ કોઈને ખૂંચતી નથી, કારણ અંગ્રેજી પરસ્ત લોકોની બહુમતી છે. આને જ હું અંગ્રેજીની અંધારી કહું છું.

(૩) શ્રી મુનશી આગ્રહ કરે છે, "પ્રાંતીય ભાષા કરતાં જેની માતૃભાષા જુદી છે એવા યુનિવર્સિટીના હજારો અધ્યાપકોની શી દશા થશે?" આ તે કેવી દલીલ છે? વસ્તુત: આવા અધ્યાપકો **હજારો** નહિ પણ **કોડીબંધ** કદાચ હશે. એવા લોકો વળી પોતાને જ્યાં નોકરી કરવી હોય તે પ્રાંતની ભાષા શીખી લે. આપણી પ્રાંતીય ભાષાઓ શું એટલી બધી અઘરી છે? દલીલ ખાતર સ્વીકારીએ કે દક્ષિણની ભાષાઓ ઉત્તરમાં રહેતા ભારતીયો માટે અઘરી છે, તો પણ છેક ઉત્તરમાંથી છેક દક્ષિણમાં અધ્યાપન માટે જનારો વર્ગ કેટલો? અને જો બધી ભાષાઓ નાગરી લિપિમાં લખાવા માંડે તો કોઈ પણ પ્રાંતની ભાષા કામચલાઉ શીખવા માટે છ મહિનાથી લાંબો સમય ન લાગે. શ્રી મુનશીની કાલ્પનિક ભીતિઓનો વિચાર કરું છું ત્યારે મને સ્વ. મહારાજા સયાજીરાવ યાદ આવે છે. કેટલા દીર્ઘદર્શી એ મહાપુરુષ હશે! એમના રાજ્યમાં મરાઠીભાષી લોકો ઓછા ન હતા, છતાં એમણે વહીવટની અને કૉર્ટની ભાષા ગુજરાતી જ રાખી. વડોદરા રાજ્યના મરાઠીભાષી અમલદારો અને વકીલો શું કરતા હતા? એમણે કલ્પિત કે ખરી કાંગારોળ ન મચાવી, પણ ગુજરાતી અપનાવી લીધી.

(૪) શ્રી મુનશી પૂછે છે, "ભારતના વિવિધ ભાગમાં થતી વિદ્યાર્થીઓની હેરફેરનું શું થશે? અંગ્રેજી માધ્યમવાળી શાળાઓ અને કૉલેજોના વિશાળ તંત્રનું શું?" આનો ઉકેલ તો સ્પષ્ટ અને સરળ છે. જો મધ્યસ્થ સરકારમાં હિમત હોય તો આ બધી શાળાઓને કહી દેવું જોઈએ કે **અંગ્રેજી માધ્યમ** (ભાષા નહિ, તે યાદ રહે) ને તિલાંજલિ આપી તેને સ્થાને હિંદી દાખલ કરે. સ્થળાંતર કરતા વિદ્યાર્થીઓ આવી શાળા કૉલેજમાં ભણે. પરંતુ મધ્યસ્થ સરકારમાં અંગ્રેજીપરસ્ત અધિકારીઓ બેઠા હશે ત્યાં સુધી આવી હિમત સરકાર બતાવે એવી આશા નથી.

(૫) મારા નમ્ર મત મુજબ શ્રી મુનશી ભાષાવાદ અને પ્રાંતવાદ એક જ છે એમ માનીને ચાલે છે. પ્રાંતવાદમાં ભયસ્થાનો અનેક છે, પણ તેથી ભાષાને દોષ દેવો તે યોગ્ય નથી. અત્યારે દેશમાં જે ઝઘડા છે તેના મૂળમાં સત્તાલોભ લાગે છે. બાકી ઈન્દોર ગ્વાલિયરનો ઝઘડો કે સૌરાષ્ટ્ર—ગુજરાતનો ઝઘડો કે ભાવનગર—રાજકોટનો ઝઘડો એ કંઈ ભાષાવાદનું પરિણામ નથી. વળી શ્રી મુનશીના જેવી વિચારસરણી ધરાવનારા એમ માનતા લાગે છે કે આખા દેશમાં એક જ ભાષા અને એક જ માધ્યમ હોય (પણ આ ભાષા અને આ માધ્યમ અંગ્રેજી શા માટે? હિંદી કેમ નહિ? તેઓ તો અંગ્રેજી જ ઈષ્ટ માનતા લાગે છે.) તો દેશમાં ઝઘડા ન થાય. મને આમાં વિચારદોષ લાગે છે. અમેરિકન હબસી અને અમેરિકન ગોરો એક જ ભાષા બોલે છે અને એક જ માધ્યમમાં ભણે છે, છતાં ગોરાઓ કાળાને રંજાડે છે; હિટલરના વખતમાં જર્મન અને યહુદી બંને એક જ ભાષા બોલતા હતા ને એક જ માધ્યમમાં ભણતા હતા, છતાં યહુદીઓનો ખોરો નીકળી ગયો!

(૬) શ્રી મુનશીને બીક લાગે છે કે: "પ્રાંતીય ભાષાને જો એક માત્ર શિક્ષણના માધ્યમ તરીકે સ્થાપવામાં આવશે તો વિજ્ઞાન-ક્ષેત્રે નજદીકના ભવિષ્યમાં બીજા દેશોની હરોળમાં આવવાની આશાને તિલાંજલિ આપવી પડશે." આવું કહીને, કલ્પીને, લોકોને ડરાવનારા અંગ્રેજી માધ્યમ દ્વારા શીખેલા ખેરખાંઓ છે. કંઈ નહિ તો સોએક વર્ષથી દેશની બધી યુનિવર્સિટીઓમાં અંગ્રેજી માધ્યમ જ ચાલ્યું છે, છતાં આપણે કેમ બીજા દેશોની હરોળમાં આવી શકયા નથી? આપણે તો પાછળ ને પાછળ જ રહીએ છીએ. ખરું કારણ તો એ છે કે આપણે અજીઠું ખાઈને છીએ, પરાવલંબી છીએ, આપણી મૌલિકતા મરી ગઈ છે, આપણે અંગ્રેજીનાં ચશ્માં પહેરી જગતને જોઈએ છીએ. રશિયાએ, જર્મનીએ, જાપાને, અરે સ્વીડન અને નોર્વે જેવા નાના દેશોએ શું વિજ્ઞાનમાં પ્રગતિ નથી કરી? એ બધા અંગ્રેજી માધ્યમ દ્વારા ભણતા હતા? આખી પૃથ્વી પર એનો એક પણ સ્વતંત્ર દેશ છે ખરો જ્યાં શિક્ષણનું માધ્યમ વિદેશી ભાષા હોય? એક આપણે જ એવા દુર્ભાગી છીએ કે આપણને લાગે છે કે અંગ્રેજી માધ્યમ જશે તો આપણે મરી જઈશું, અને હાય હાય કરીએ છીએ. શ્રી મુનશીજી જેવા અનેક લોકો એ હકીકત ભૂલી જાય છે કે **અંગ્રેજી માધ્યમને** તિલાંજલિ આપવાની છે, **ભાષાને નહિ**, અંગ્રેજીને એના સાર્વભૌમ સ્થાનેથી હઠાવવાની છે. અંગ્રેજી જેટલી જ વિકસેલી અન્ય વિદેશી ભાષાઓ—જર્મન, ફ્રેન્ચ, રશિયન—હવે આપણે શીખવાની છે. એક જ વિદેશી ભાષાને બદલે ઘણી વિદેશી ભાષાઓ શીખીએ તો જ ખરો વિકાસ થાય.

(૭) આજે પણ આપણા વિદ્યાર્થીઓ જર્મન જઈ જર્મન-ભાષામાં શીખી એન્જિનિયરિંગની કે અન્ય ડિગ્રી લાવે છે; ઝેકોસ્લોવાકીઆ જઈ પીએચ્. ડી. થાય છે; ફ્રાન્સ જઈ ફ્રેન્ચમાં મહા નિબંધ લખી પીએચ્. ડી. લઈ આવે છે. અંગ્રેજી માધ્યમ નહિ હોય ત્યારે પણ છ સાત મહિનામાં ખપ પૂરતું અંગ્રેજી શીખી લઈ આપણો વિદ્યાર્થી ઈંગ્લૅન્ડ, અમેરિકા જઈ એને ઉપયોગી ડિગ્રી લઈ આવશે. તે માટે સમસ્ત વિદ્યાર્થી જગત પર વિદેશી માધ્યમ ઠોકી બેસાડવાની જરૂર નથી.

(૮) મારા નમ્ર મત મુજબ તો એક દસ વર્ષ આપણે બહારની બધી જ મદદ—અનાજની, પૈસાની, માણસોની—બંધ કરી દઈએ, કોઈ પરદેશીઓને દેશમાં પેસવા દઈએ નહિ અને આપણા **એક પણ વિદ્યાર્થીને પરદેશ મોકલીએ નહિ** તો આખા દેશની સિકલ ફરી જાય. દેશ સ્વાવલંબી બને, વિકાસ ઝડપથી વધે, અને મૌલિકતા પાંગરે. પરંતુ આવી હિમત આપણી સરકાર કે આપણા વહીવટકર્તાઓ બતાવી શકવાના નથી, કારણ આપણે લઘુતાગ્રંથિથી પીડાઈએ છીએ. શ્રી મુનશી જેવા વિચક્ષણ અને બહુશ્રુત પુરુષ એટલું કેમ નથી સમજતા કે સાચું જ્ઞાન અંતરમાંથી ઊગે છે, બહારથી આવતું નથી—શું વ્યકિતમાં કે શું પ્રજામાં. પરંતુ આપણને તો આપણામાંય વિશ્વાસ નથી ને ભગવાનમાંય વિશ્વાસ રહ્યો નથી.

(૯) અને છેલ્લે એક પાયાનો પ્રશ્ન: આપણે વિકાસ વિકાસની બૂમો મારીએ છીએ, પણ અત્યારે વિજ્ઞાને જે આંધળી દોટ મૂકી છે તે શું વિકાસ છે? તીરકામઠામાંથી બંદૂક અને તોપ, પછી બૉમ્બ અને ઍટમ બૉમ્બ—એ શું વિકાસ કે ઉત્ક્રાંતિ છે? અરે તે વિકાસ તે હિંસાનો હોય કે અહિંસાનો? માનવાતાનો હોય કે બર્બરતાનો? આપણે જેને વિકસિત દેશો કહીએ છીએ તે જ બધાં હથિયારો બનાવે, નાના નાના દેશોને વેચે, અને યુનોમાં બેઠાં બેઠાં શાંતિની ડાહી ડાહી વાતો કરે. આ વિકાસ છે? આપણને દારૂબંધી બિનજરૂરી લાગે, બ્રહ્મચર્ય અધરૂં—અશકય—અવ્યવહારુ લાગે એ શું વિકાસ છે? અંગ્રેજી માધ્યમ છોડી દેવાથી આ પ્રકારના વિકાસમાંથી આપણે પાછા પડી જઈશું—જો કે પડીશું એવો ભય મિથ્યા છે—તો પણ શી હાનિ થવાની છે?

લખાણ લંબાઈ ગયું છે તેની ક્ષમા યાચું છું.

અમદાવાદ, તા૦ ૨૬-૭-'૬૭ આપનો કાંતિલાલ

"જૈન ધર્મ : પૂર્ણ વિજ્ઞાન"

(શ્રી વસન્તલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ તરફથી આ પુસ્તક થોડા સમય પહેલાં પ્રગટ કરવામાં આવ્યું છે. તેની એક નકલ તેમના તરફથી મને મળી હતી. આ પુસ્તકનો વિષય વિજ્ઞાન સાથે ગાઢ સંબંધ રાખતો હોઈને, તેનું અવલોકન કોઈ એક જૈન વિજ્ઞાનશાસ્ત્રી કરે એવા હેતુથી તે પુસ્તક કપડવંજની પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ અને મારા મિત્ર ડૉ. નરસિંહ મૂળજી શાહ ઉપર મેં મોકલ્યું હતું. તેઓ પોતાના વ્યવસાયમાં ખૂબ રોકાયેલા હોઈને તેમણે એ પુસ્તક તેમના સાથી અધ્યાપક શ્રી વી. કે. શાહને અવલોકન માટે આપ્યું. શ્રી વી. કે. શાહે એ પુસ્તક વાંચીને લખી મોકલેલું અવલોકન હું નીચે પ્રગટ કરું છું અને આ અવલોકન લખી મોકલવા બદલ તેમનો હું આભાર માનું છું. પરમાનંદ)

લેખક જૈન ધર્મને જ પૂર્ણ વિજ્ઞાન તરીકે સાબિત કરવાના આશયથી વિકસતાં જતાં ભૌતિક વિજ્ઞાનોના સિદ્ધાંતોમાં જૈન સિદ્ધાંતોની છાંયા રહેલી છે અને વિજ્ઞાને કોઈ જ નવો સિદ્ધાંત પ્રબોધ્યો નથી તેવું પ્રતિપાદન કરે છે. તે સાબિત કરવા તેઓ કેટલાક વૈજ્ઞાનિક સંશોધનો સાથે જૈન ધર્મના સિદ્ધાંતો સરખાવે છે.

સરળ–રસિક શૈલી એ આ પુસ્તકની જમા બાજુની પ્રશંસા કર્યા બાદ પ્રશ્ન એ થાય છે કે લેખક વિજ્ઞાન અને ટેકનોલૉજી જેવા વિષયની મીમાંસા કરવાને કેટલે અંશે અધિકારી છે? તેઓએ જૈન વિજ્ઞાન જેટલું વાંચ્યું પચાવ્યું હશે તેટલું ભૌતિક વિજ્ઞાનને લગતું જ્ઞાન મેળવ્યું હશે કે કેમ તે શંકાસ્પદ છે.

જ્યારે તુલનાત્મક અભ્યાસ કરતા હોઈએ ત્યારે પૂર્વગ્રહ અને રાગદ્વેષરહિત દૃષ્ટિ હોવી એ વૈજ્ઞાનિક પદ્ધતિની પ્રથમ શરત છે. પણ અહીં તો લેખક જૈન સિદ્ધાંતોના એકાંત (જૈન દર્શન અનેકાન્તવાદી હોવા છતાં) રાગમાં પડી બૌદ્ધિક સ્તર (Rational Level) પર રહેવાને બદલે મતાગ્રહી (Dogmatic) બની જતા લાગે છે અને વધુ પડતા લાગણીપરાયણતા (Sentamentalism) તરફ ઢળતા લાગે છે.

વિજ્ઞાન પ્રત્યે પૂર્વગ્રહભર્યા અને ગેરસમજૂતી પ્રેરે તેવા કેટલાક નમૂના જોઈએ :–

(૧) "આજનું વિજ્ઞાન આવતી કાલે જૂનું થઈ જાય છે – નકામું બની રહે છે. આઈન્સ્ટાઈન આવતાં ન્યૂટનને અભરાઈએ ચઢાવી દીધો ..... આથી જ તો વિજ્ઞાન છાપાની પસ્તી છે." (પાન નં. ૪)

(૨) "આજનું વિજ્ઞાન તો અંગૂઠો ચૂસતું પોલિયોપીડિત બાળક છે (જેણે પોલિયો માટે રસી શોધી!), જ્યારે જૈન ધર્મ તો ઑલમ્પિક રેસમાં ગોલ્ડન કપ જીતનાર વિશ્વ વિજેતા એથલેટ છે." (જે 'ગોલ્ડ' કાંચનને ત્યાજ્ય માને છે!) [પાન. ૫]

(૩) "... પણ વિજ્ઞાન અને ધર્મ વચ્ચે જે સૌથી મોટું અંતર છે તે એ કે વિજ્ઞાનને કોઈ લક્ષ્ય નથી." (પ્રયોજન વિના મન્દોઽપિ ન પ્રવર્તતે) તો વૈજ્ઞાનિક તો મૂર્ખથી ય મૂર્ખ કહેવાય!" [પાન ૬]

જૈન ધર્મ પ્રત્યે અતિ અહોભાવ સૂચવતાં વિધાનો જોઈએ–

(૧) "જૈન ધર્મે કોઈ પણ વિષય આણખેડાયેલ રાખ્યો નથી." પાન ૨૮)

[યંત્રવિદ્યા, વણાટકળા, ભૂસ્તરશાસ્ત્ર અને કામશાસ્ત્ર પણ?]

(૨) "જૈન ધર્મ જ પૂર્ણ વિજ્ઞાન ઉપર ખડો થયેલ પૂર્ણ ધર્મ છે." (પાન ૨૯)

"[કેવળજ્ઞાની સિવાય આનો સાક્ષાત્કાર કરી પણ કોણ શકે?]" કેટલાંક હાસ્યાસ્પદ સાદશ્યો નોંધપાત્ર છે. (False Analogies)

૧. Mariner IV ની અવકાશગતિ અને ગૌતમ સ્વામીનું અષ્ટાપદ આરોહણ. પાન ૧૨

૨. અશ્રાવ્ય ધ્વનિ–Ultrasonic drill–ની શકિત અને માનતુંગસૂરી લોખંડની બેડીઓ સ્તોત્રગાનથી તોડે છે તે પ્રસંગ. પાન ૧૩.

૩. ઈલેકટ્રિક કોમ્પ્યુટર સાથે ભદ્રબાહુ સ્વામીની માનસિક શકિતની તુલના.

જો કે લેખક પોતે કબૂલ કરે છે કે "આ તો કેવળ સંભાવના છે. તત્ત્વ તો કેવળીગમ્ય છે" પાન ૧૫

કેટલીક અબુદ્ધિગમ્ય અને સંદિગ્ધ વાતો પણ વાંચવા મળે છે. જુઓ મત્સ્યોત્પાદનની વાત* પાન. ૪૬ પર.

સત્યના સ્પષ્ટીકરણ અને સ્થાપનામાં તર્કનો ઉપયોગ વિશેષ જોઈએ, પણ પ્રસ્તુત પુસ્તકમાં અલંકારો અને કલ્પનાઓનો ઉપયોગ લેખકે છૂટથી કર્યો છે; પરિણામે સ્પષ્ટતા થવાને બદલે સંદિગ્ધતા જોવા મળે છે. વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર લેખક ભૂલે છે. લેખક લખે છે કે "આજનું વૈજ્ઞાનિક સંશોધન "હું કોણ છું?" નો પ્રશ્ન હાથ ધરે તો તેના અગણિત પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જશે." પાન ૪૪. પણ લેખક ભૂલે છે. આ પ્રશ્ન મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો છે. બે પ્રકારના જગતનો વિવેક કેળવવો જરૂરી છે. કેન્ટ તેને Phenomenal and Noumenal તરીકે ઓળખાવે છે. વ્યાવહારિક જગત (Phenomena) ને ઓળખવા ભૌતિકશાસ્ત્રો (પ્રાકૃતિક વિજ્ઞાનો Natural Sciences)નો ઉપયોગ જ ઉપકારક નિવડશે અને આધ્યાત્મિક જગતને સમજવા ફિલસૂફીનો અભ્યાસ આવશ્યક બનશે. શાસ્ત્રો પોતપોતાની રીતે વિકસે અને મનુષ્ય પોતાની આવશ્યકતા પ્રમાણે બન્નેનો વિવેકભરી રીતે ઉપયોગ કરે તે જ શ્રેષ્ઠ સમાયોજન છે અને લેખક કહે છે તેમ 'વિજ્ઞાનને યોગ' (પાન. ૪૫) બનાવવાની કાંઈ જરૂર નથી.

વી. કે. શાહ

* "આપણામાં કોઈ ચોક્કસ વૃક્ષ (અંડ ગોળી)ની ડાળીની ઘણી કરી કોઈ ચોક્કસ વૃક્ષની ડાળી સાથે શેરડીનો રસ કાઢવાથી સંમુર્ચ્છિમ મત્સ્યની ઉત્પત્તિ થાય છે તેમ કહ્યું છે."

વિષયસૂચિ

		પૃષ્ઠ
"માનવી ઉપર માનવીનો અધિકાર છે."	આલ્બર્ટ સ્વાઈ ટ્ઝર	૬૩
ક્યાં અટકશે?	ચીમનલાલ ચકુભાઈ શાહ	૬૪
ગુજરાતની વિભૂતિ : સ્વ. શેઠ અંબાલાલ સારાભાઈ	શંકરલાલ બૅંકર	૬૫
એક બહુશ્રુત વિદ્વાન ફાધર સી. જી. વાલેસ	ચીમનલાલ ત્રિવેદી	૬૭
જૈન અને બૌદ્ધ વિચારધારાઓની આલોચના	પંડિત બેચરદાસ દોશી	૬૮
ચૈનપુર – બિહારમાં ચાલતી રાહત પ્રવૃત્તિ	મણિબહેન નાણાવટી	૬૯
દેશના શિક્ષણ માધ્યમની વિશેષ વિચારણા	ડૉ. કાન્તીલાલ શાહ	૭૦
"જૈન ધર્મ : પૂર્ણ વિજ્ઞાન"	અધ્યાપક વી. કે. શાહ	૭૨

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧૬, ૧૯૬૭, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ સંસ્કૃતિનું ભૂત ☆

(જેમનો તા. ૧૬-૭-૬૭ના 'પ્રબુદ્ધ જીવન'માં પરિચય આપવામાં આવ્યો છે તે ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રીએ તા. ૧-૭-૬૭ના રોજ મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ઉપરના વિષય ઉપર હિંદીમાં આપેલ વ્યાખ્યાનનું સંકલન તથા ગુજરાતી સંસ્કરણ નીચે આપવામાં આવે છે. તંત્રી)

મદારીના શીખવ્યા પ્રમાણે એક વાંદરી ઘાઘરી પહેરીને નાચ કરી રહી હતી. તેના ગળામાં રસ્સી બાંધેલી હતી અને ઉપર મદારીનો ડંડો તોળાઈ રહ્યો હતો. આ રીતે બંધનમાં રહેલી વાંદરીએ બીજી એક મુક્ત રીતે વિહરતી વાંદરીને જોઈ અને મનમાં સમસમી ઊઠી. પરંતુ પોતાના મનની વાત છૂપાવવાનું તે શીખી ગઈ હતી. એટલે વિચાર કરવા લાગી : "કેવી અસભ્યતા ! કપડાં પહેરવાનું પણ બિચારીને ભાન નથી. કમનસીબ છે, એને કોઈ ગુરુ પણ મળ્યો નથી. સ્વચ્છંદીપણે આમતેમ કૂદાકૂદ કરી રહી છે. કલાનું કાંઈ જ્ઞાન નથી." આ રીતે સ્વાભાવિક ઈર્ષ્યા ઉપર તિરસ્કારનું પડ તેણે ચડાવી લીધું. અસંતોષની આગ ઉપર સભ્યતા અને સંસ્કૃતિની રેત પાથરી દીધી.

વર્તમાન માનવની આ જ દશા છે. સભ્યતાના ઓઠા હેઠળ એની સ્વતંત્રતા છીનવાઈ રહી છે. શુદ્ધ ચોખ્ખી હવામાં શ્વાસ લેવાનું છોડીને કહેવાતા મહાપુરુષોના ઉચ્છવાસ પર જીવવાનું એને કહેવામાં આવે છે. ધર્મગુરુ મદારીની જેમ નાચ નચાવે છે અને ભક્તવર્ગ શરીર, મન અને બુદ્ધિ બધું એને સોંપીને એના ઈશારે નાચ કરી રહ્યો છે.

સમયની જરૂરિયાત પ્રમાણે એક તત્ત્વનો ઉદ્‌ભવ થાય છે. જરૂરિયાત સમાપ્ત થઈ જાય તો પણ તત્ત્વનું ભૂત કાયમ રહી જાય છે, જે દ્વારા આપણે આપણી અસ્મિતાને પોષીએ છીએ. આ જ તત્ત્વોના ભૂતને હું "સંસ્કૃતિનાં ભૂત" કહું છું. જેમ જેમ આ ભૂતોની સંખ્યા વધતી જાય છે તેમ તેમ માનવી દબાતો ને દબાતો જ જાય છે. એના પ્રાણ સૂકાઈ જાય છે. નર્યું હાડપિંજર રહી જાય છે.

ધર્મ, રાજનીતિ વગેરે દરેક ક્ષેત્ર આવા ભૂતોથી ભરાઈ ગયું છે. ક્યાંક રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર વગેરે ધાર્મિક નેતા તો ક્યાંક લેનિન, સ્તાલિન, ગાંધી કે નહેરુ જેવા રાષ્ટ્રીયનેતા ભૂત બનીને છવાઈ ગયા છે. સાચી રીતે જોઈએ તો, સત્તારૂઢ શાસક અથવા ધર્મગુરુ લોકોને પોતાના અનુયાયી બનાવવા ઈચ્છે છે, નહીં કે પહેલા મહાપુરુષોના. એટલા જ માટે મહાપુરુષોના જીવન કે ઉપદેશોના પોતાના ખ્યાલો તેરનો જબરદસ્તીથી લોકો પર ઠોકી બેસાડે છે, ને એમાં સહેજ પણ શંકા કરનારને પોતાનો શત્રુ સમજે છે. પોતે જ પ્રવર્તકનું છોગું પહેરી લે છે, જેથી ભક્તવર્ગ તેમની પૂજાને જ ભગવાનની પૂજા સમજે. ડગલે ને પગલે પોતે ભગવાનનું નામ લઈને પોતાની જ વાત ઠસાવવાનો પ્રયત્ન કરે છે.

એક દિવસ દિલ્હીમાં એક શેઠજી તરફથી રથયાત્રા નીકળવાની હતી. હાથી, ઘોડા, સોના-ચાંદીના રથ, સરકારી બેન્ડ, મોટરો, રેશમી કપડાં, આભૂષણો ઈત્યાદિ ઠાઠમાઠ સહિત સવારી નીકળી. લોકો પ્રશંસાથી વાહવાહ કરતા હતા. એવામાં શેઠજીની નજર મારા પર પડી. એમણે સહેજ મલકાઈને મને પૂછ્યું: "કેમ આપ ભગવાનની સવારીમાં પધારતા નથી શું?" મેં કહ્યું: "શેઠજી, આ તો સવારી ભગવાનની છે કે આપની ? ભગવાન તો આ બધો ઠાઠમાઠ છોડીને જંગલમાં ચાલી ગયા છે. તેમની પાસે તો પહેરવાનાં વસ્ત્ર પણ હતાં નહીં. આ તો બધી આપની માયા છે."

કહેવામાં તો ભગવાનની સવારી હતી. પણ વાસ્તવિક ઢંગથી જોઈએ તો આ પ્રદર્શન ભગવાનનું ન હતું. ભગવાન તો વીતરાગ હતા. ભગવાનનું પ્રદર્શન તો વીતરાગતાનું પ્રદર્શન હોવું જોઈએ. આ તો શેઠજીના અંતરમાં વસી રહેલા સંપત્તિના અભિમાનનું પ્રદર્શન હતું. પરંતુ આ પ્રદર્શન પોતાના નામથી કરવાના બદલે ભગવાનના નામથી કરવામાં શેઠજી શેઠજી પણ ગણાયા અને ભક્ત પણ ગણાયા. વાસ્તવમાં શેઠાઈ અને ભક્તિ બે પરસ્પરવિરોધી વાતો છે. વીતરાગનો ભક્ત શેઠ બની જ શકતો નથી.

'સંસ્કૃતિ' એટલે મનુષ્યના વ્યક્તિત્વનું—જેમાં શરીર, મન, વાણી, બુદ્ધિ અને આત્માનો સમાવેશ થાય છે—સંસ્કરણ કરનારું તત્ત્વ. સામાજીક વ્યક્તિત્વમાં ધન, સંપત્તિ, પ્રતિષ્ઠા વગેરે આવી જાય છે. ઘણું ખરું સમય જતાં સંસ્કારના રૂપમાં સ્વીકારાયેલું તત્ત્વ વાસ્તવિક લક્ષને છોડી દઈને પોતાની જાતે જ જીવનનું અંગ બની જાય છે. તત્ત્વનો આત્મા મરી જાય છે અને માત્ર નિર્જીવ શરીર રહી જાય છે. અને તો પણ આપણે એને જ સંસ્કૃતિનું અનિવાર્ય તત્ત્વ માનીએ છીએ. મનુષ્યનું વ્યક્તિત્વ આ તત્ત્વોના બંધનમાં જેટલું વધારે જકડાયેલું રહે છે તેટલો મનુષ્ય પોતાને વધારે સંસ્કારી સમજે છે. પરિણામે વિકાસ રૂંધાઈ જાય છે, ચેતન હણાઈ જાય છે. આ જ તત્ત્વોને હું સંસ્કૃતિનાં ભૂત કહું છું.

ભૂત શબ્દના બે અર્થ છે : (૧) તે બનાવ જે બની ચૂકયો છે અને જેની ઉપયોગિતા હવે નષ્ટ થઈ ચૂકી છે. (૨) પ્રેતાત્મા એટલે તે વ્યકિત જેનું શારીરિક અસ્તિત્વ રહ્યું નથી. જીવંત મનુષ્યોની સરખામણીમાં ભૂત વધારે ભયાનક હોય છે. માણસની ચેતના પર તે છવાયેલાં હોય છે. નિરાંતનો શ્વાસ લેવા દેતાં નથી અને અંતે તેનો પ્રાણ લઈને જ છોડે છે. એટલું જ નહિ એકનું જીવન હરી લઈને બીજાની ઉપર પકડ જમાવે છે.

વ્યકિતની જેમ સંસ્કૃતિનાં પણ ભૂત હોય છે. અને તે વ્યકિતગત ભૂતોથી વધારે ભયંકર હોય છે. સામૂહિક ચેતના તેઓ શીણ કરી નાંખે છે. તેમનાથી અંજાઈ ગયેલો સમાજ નવા પ્રકાશને પણ જૂની નજરે જુવે છે અને એને મિથ્યાત્વ, નાસ્તિકતા, કે સમાજ-દ્રોહ કહીને દૂર રાખવા ઈચ્છે છે. તેમ છતાં પણ જો પ્રકાશ રોકી શકાતો નથી તો પછી પોતાની આંખો જ બંધ કરી દે છે. અને પોતાના પરિવારને પણ આંખો બંધ રાખવાની કડક આજ્ઞા આપે છે. આંખ ખૂલી જાય તો સજા ફરમાવે છે. ધર્મ, સમાજ, રાજનીતિ, વિદ્યા વગેરે સંસ્કૃતિના દરેક ક્ષેત્ર આ પ્રમાણેની આજ્ઞાઓ તથા સજાઓથી ભરેલાં છે. એની સાથે એ પણ જાણવું જરૂરી છે કે દરેક સંસ્થાના ઈતિહાસમાં એવા ક્રાન્તિકારીઓ પેદા થયા જ છે કે જેઓ આ સંસ્કૃતિનાં ભૂતોથી ડર્યા નથી અને સામે પડીને સાહસપૂર્વક લડયાં છે.

ધર્મના ક્ષેત્રમાં આ ભૂતો વેશભૂષા, કર્મકાંડ, અનુષ્ઠાન, અંધશ્રદ્ધા વગેરેના રૂપમાં બુદ્ધિને ઘેરી રાખે છે. એક એવો વર્ગ ઊભો થઈ જાય છે કે જે પારલૌકિક તત્ત્વોના સોગંદ આપીને પણ પરંપરાને

જાળવી રાખવાનું કહે છે. શાસ્ત્રોના પાઠોના મારી મચડીને સાચા-જૂઠા અર્થ કરે છે ને જે લોકો એમની વાતને ન માને તેમને બદનામ કરે છે. દરેક ધર્મમાં પરંપરાને ન સ્વીકારનારાઓને મિથ્યાત્વી, નાસ્તિક, કાફિર, એથીસ્ટ ઈત્યાદિ શબ્દોથી નવાજવામાં આવે છે. આ ભૂતોના રક્ષણના પ્રયત્નમાં ધર્મને નામે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિ સદાચારનાં મુખ્ય તત્ત્વોની ઉપેક્ષા અને શુષ્ક કર્મકાંડ, છૂતાછૂત મિથ્યા-પ્રદર્શન, દંભ વગેરેની બોલબોલા ચાલુ થઈ જાય છે.

પંડા-પૂજારીઓનો વર્ગ તથા સાધુ-સંસ્થાનો ઈતિહાસ આ વાતનો સાક્ષી છે. બ્રાહ્મણો આત્મચિંતન છોડીને ક્ષુલ્લક ક્રિયાકાંડને મહત્ત્વ આપવા લાગ્યા. યજ્ઞમાં વેદી કેટલી મોટી હોવી જોઈએ ? વેદીની દરેક ઈંટ કેટલી લાંબી, પહોળી અને કેટલી ઊંચી જોઈએ ? મંત્રોચ્ચાર કરતી વખતે કયા અક્ષરનો જોરથી ઉચ્ચાર કરવો જોઈએ ને કયો અક્ષર ધીમા સ્વરે બોલાવો જોઈએ ? યજમાને કેવો વેશ પહેરવો જોઈએ ? એમ કહેવામાં આવ્યું કે આ બધી વાતોમાં જરીક જેટલો પણ ફેર પડયો તો યજ્ઞનું ફળ મળશે નહીં અને દેવો યજ્ઞમાં આવશે નહીં.

જૈનધર્મ સિદ્ધાંતમાં આવી વાતોને મહત્ત્વ આપતો નથી. સાધક સ્ત્રી હોય કે પુરુષ, સંસારી હોય કે સાધુ, અપેક્ષા પ્રમાણે જીવન શુદ્ધ રીતે જીવે તો તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. અનેકાંતવાદ દરેક મતોનું સમન્વય કરવા કહે છે અને એકાંતવાદને મિથ્યા ગણે છે. જૈન સાધુઓ અને વિદ્વાનો બીજા લોકોની સામે પોતાની ઉદારતા બતાવવા માટે ઉપર જણાવ્યા પ્રમાણેનું કહે છે, પણ એમના પોતાના જીવનમાં એમાંનું કેટલું આચરે છે તે એક વિચારવા જેવી વાત છે. જૈન સાધુઓ પણ બાહ્ય ક્રિયાકાંડને ઓછું મહત્ત્વ આપતા નથી. મુહપત્તી કેટલી લાંબી-પહોળી હોવી જોઈએ, એને હાથમાં રાખવી જોઈએ કે મોં પર બાંધવી જોઈએ, ઓઘાની દાંડી કેટલી લાંબી હોવી જોઈએ ઈત્યાદિ નાનામોટા પ્રશ્નોની ચર્ચા પાછળ આત્મશુદ્ધિના મૂળ પ્રશ્નની ઉપેક્ષા થઈ રહી છે.

સામાજિક ક્ષેત્રમાં આ ભૂતો રૂઢિઓના રૂપમાં ચીટકેલાં રહે છે. સમાજના સૂત્રધારો સદૈવ ભયમાં હોય છે કે જો રૂઢિઓને છોડી દેવાય તો તેમની પ્રતિષ્ઠા ધૂળમાં મળી જાય.

રાજનીતિમાં આ ભૂતોનો પ્રભાવ સમાજ કરતાં પણ વધારે ભયંકર છે. જરૂર ન હોવા છતાં પણ કેડે તલવાર બાંધીને ચાલવું, વરસાદ કે તડકો ન હોવા છતાં પણ માથા પર છત્ર લગાવેલું રાખવું, માખીઓ વગેરે ન હોવા છતાં પણ ચામર વીંઝાતો ચાલુ રાખવો, હાથી, ઘોડા, રથ વગેરેનું મિથ્યા પ્રદર્શન કરવું વગેરે રીતરિવાજો આજે પણ રાજ-રજવાડાઓમાં પ્રચલિત છે. સૌથી વધારે મોટું ભૂત રાષ્ટ્રીયતાનું છે, જેને કારણે સરહદની એક બાજુના લોકોને આપણે મિત્ર માનીએ છીએ અને બીજી બાજુના લોકોને શત્રુ. આ પ્રકારની વૃત્તિ પુરાણા કાળનો આપણામાં ઊતરી આવેલો સંસ્કાર છે કે જ્યારે માનવી નાના નાના જૂથોમાં રહેતો હતો અને અંદરોઅંદર લડાઈ-ઝઘડા કરતો હતો. આજે પણ માણસ નાતજાતની, સંપ્રદાયની તથા સીમાસરહદોની સંકુચિતતામાં બંધાયેલો છે.

વિદ્યાનું ક્ષેત્ર પણ આ ભૂતોના પ્રભાવથી અલિપ્ત રહ્યું નથી, એક બાજુ વિજ્ઞાન અનુભવોના આધારે નવી નવી શોધો કરી રહ્યું છે. બીજી બાજુ ધર્મ-સંસ્થા જૂનીપુરાણી વાતોનું રટણ કરી રહી છે. અને નવા વિચારોને, નવી શોધોને મિથ્યા કહી રહી છે. જે પ્રજાઓ પુરાણા ખ્યાલોને ત્યાગીને આગળ નીકળી ગઈ છે તે આજે વિશ્વમાં નેતૃત્વ કરી રહી છે. જ્યારે ધર્મસ્થાનોમાં બેસી રહીને પોતાની ઉત્કૃષ્ટતાની બાંગો પોકારવાવાળી, પુરાણા ખ્યાલોને વળગી રહેલી પ્રજાઓનું આજે વિશ્વમાં કોઈ સ્થાન નથી. સૂર્યોદય થતાંની સાથે કયાંક અંધકારમાં છૂપાઈ જવાવાળા પ્રાણીઓની જેવી એમની પરિસ્થિતિ છે.

અનુવાદક : મૂળ હિંદી :
નીરૂબહેન સુબોધભાઈ શાહ ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી.

☆ પ્રકીર્ણ નોંધ ☆

મહાનુભાવ સ્વ. મણિલાલ બાલાભાઈ નાણાવટી

૧૩મી ઑગસ્ટના રોજ મુંબઈ-જુહુ ખાતેના પોતાના નિવાસસ્થાને સર મણિલાલ બાલાભાઈ નાણાવટીનું ૯૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું અને એક લાંબી અને અત્યન્ત ઉજ્જ્વલ એવી જીવનકારકીર્દીનો અન્ત આવ્યો. આથી આપણા સમાજને અજવાળતા એક શુભ્રજ્યોતિ તારકનો અસ્ત થયો. પરિપક્વ ઉમ્મરે અને શારીરિક સ્વસ્થતા અવારનવાર અસ્થિર બન્યા કરતી હોય એવા સંયોગમાં નિપજતું મૃત્યુ આપણા દિલમાં આઘાત નથી પેદા કરતું. એમ છતાં પણ તે વ્યકિત હવે આપણી વચ્ચે નથી એવી અભાવાત્મક લાગણી ઊંડી ખિન્નતાનો-શૂન્યતાનો અનુભવ કરાવ્યા વિના રહેતી નથી.

ઉત્તરોત્તર ઉત્કર્ષ અને આત્મ-વિકાસને વરેલી અને ખીચોખીચ કામગીરીથી ભરેલી તેમના જીવનની લાંબી કારકીર્દીમાંથી કઈ વિગત બાજુએ રાખવી એ મૂંઝવતો વિષય છે. અને તેથી આપણે તો તેમના જીવનનાં સીમાચિહ્નોનો જ માત્ર નિર્દેશ કરીને જ સંતોષ માનીશું.

ઈ. સ. ૧૯૭૭માં તેમનો અમદાવાદ ખાતે જન્મ થયો હતો, પણ તેમનો ઉછેર તો વડોદરામાં જ થયેલો. તેમના પિતા સ્વ. બાલાભાઈ નાણાવટી વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડના અંગત ડૉકટરથી માંડીને વડોદરા રાજ્યના ચીફ મેડિકલ ઑફિસરના પદ સુધી પહોંચેલા. સર મણિલાલ નાણાવટી અથવા તો તેમની સાથેનો મારો વ્યવહાર હતો તે મુજબ જણાવું તો શ્રી મણિભાઈ ૧૯૦૪માં બી. એ. એલ. એલ. બી. થઈને વડોદરા રાજ્યના ન્યાયખાતામાં જોડાયેલા. અને ત્યારથી ઉત્તરોત્તર નવા નવા અને ઉચ્ચતર અધિકારો અને સત્તાસ્થાનો પ્રાપ્ત કરતાં કરતાં નાયબ દીવાનના પદ સુધી તેઓ પહોંચ્યા. તે દરમિયાન દેશવિદેશના તેમણે અનેક પ્રવાસો કરેલા અને રાજ્યની અનેક નાની મોટી જવાબદારીઓ સંભાળેલી. વડોદરાનરેશે તેમની કામગીરીથી પ્રસન્ન થઈને 'રાજ્ય રત્ન'નો અને આગળ જતાં 'અરુણાદિત્ય'નો તેમને ઈલકાબ આપેલો. ૧૯૩૭માં તેઓ રિઝર્વ બૅન્કના ડેપ્યુટી ગવર્નર થયા. તે પદ ઉપરથી ૧૯૪૨માં નિવૃત્ત થયા બાદ ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રિકલ્ચરલ ઈકોનોમિકસના તેઓ પ્રમુખ થયા અને તે સ્થાન ઉપર ૧૯૫૯ સુધી તેઓ રહ્યા. ત્યાર બાદ પણ કૃષિવિષય અંગે લગભગ જીવનના અન્ત સુધી તેમનું અધ્યયન સંશોધન તેમ જ લેખન ચાલુ રહ્યું.

ઈ. સ. ૧૯૬૩ની સાલમાં તા. ૨૨-૨-'૬૩ના રોજ તેમનું મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં જાહેર સન્માન કરવામાં આવ્યુ હતું અને તે સંમેલનની વિગતો તા. ૧૬-૩-૬૩ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી હતી.

બાલદીક્ષાની અટકાયતના મુદ્દા ઉપર મુંબઈ જૈન યુવક સંઘની ૧૯૨૮માં સ્થાપના કરવામાં આવી હતી અને તે દ્વારા ચલાવવામાં આવેલાં પ્રચંડ આન્દોલન દ્વારા સમયાન્તરે વડોદરામાં બાલદીક્ષા પ્રતિબંધક ધારો પસાર કરવામાં આવ્યો હતો. એ આન્દોલનમાં અને એ ધારો પસાર કરાવવામાં શ્રી મણિભાઈનો ઘણો સાથ અને સહકાર હતો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને તેના મુખપત્ર પ્રબુદ્ધ જૈન-પાછળથી પ્રબુદ્ધ જીવન-પ્રત્યે તેમનો ખૂબ જ સદ્‌ભાવ રહ્યો હતો.

ઈ. સ. ૧૯૩૭ની સાલમાં શ્રી મણિભાઈ વડોદરા છોડીને મુંબઈ બાજુએ આવીને વસ્યા હતા અને જુહુના કિનારે, બંધાવેલ પોતાના બંગલામાં રહેતા હતા. પણ તેમનાં અન્ય કુટુંબીઓ વિલેપારલેમાં રહેતાં હોવાથી વિલેપારલે સાથે તેમનો વિશેષ સંબંધ રહ્યો હતો. વીલેપારલેના જાહેર જીવનમાં આ નાણાવટી કુટુંબ વર્ષોથી અગ્ર-

સ્થાને રહ્યું છે. આ કુટુંબ તરફથી ૧૯૩૭ની સાલમાં નાણાવટી ફેમીલી ટ્રસ્ટ ઊભું કરવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટ દ્વારા સેવા, પરોપકાર અને શિક્ષણના ક્ષેત્રે આજસુધીમાં અનેક કાર્યો થયાં છે. આમ છતાં પણ તે દ્વારા ઊભી કરવામાં આવેલ બે સંસ્થાઓ (૧) ડૉકટર બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ અને (૨) શ્રી ચન્દુલાલ નાણાવટી કન્યા વિનય મંદિર આપણું સૌથી વધારે ધ્યાન ખેંચે છે.

ઉપર જણાવેલી વિગતો ઉપરથી કોઈ એમ ન માને કે શ્રી મણિભાઈનું જીવન કેવળ ભૌતિક વિષયોની વિચારણા અને તેને લગતી પ્રવૃત્તિઓને જ વરેલું હતું. કૉલેજી જીવન દરમિયાન વસાવેલાં ડો૰ મીસીસ એની બેસેન્ટનાં પુસ્તકોનું તેમણે અમુક નિમિત્ત ઊભું થતાં ૧૯૩૦ની સાલમાં મનનપૂર્વક વાંચન કર્યું હતું અને ત્યારથી તેઓ યોગ અને અધ્યાત્મ તરફ આકર્ષાયા હતા અને તેના જાણકાર સાધુ, સંન્યાસી અને યોગીઓનો તેઓ સમાગમ શોધતા રહ્યા હતા, એટલું જ નહિ પણ, એક પ્રકારની યોગ્યસાધના અને આધ્યાત્મિક ઉપાસનાનો તંતુ તેમના જીવનના અન્ત સુધી જોડાયેલો રહ્યો હતો. આમ તેમના જીવનનો સમગ્રપણે વિચાર કરીએ તો તેમાં આપણને જ્ઞાન-યોગ અને કર્મયોગની અખંડ ઉપાસના નજરે પડે છે. તેવી જ રીતે તેમના જીવનમાં બુદ્ધિમતા, શ્રમ-પરાયણતા અને સેવાનિષ્ઠાનો અપૂર્વ સંગમ-સમન્વય નજરે પડે છે.

તેમના જીવનને ધાર્મિક કહી શકાય કે નહિ? આનો જવાબ આપણે 'ધાર્મિકતા'નો શું અર્થ કરીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. જો ધાર્મિકતા એટલે ક્રિયાકાંડ, જપ, તપ, વ્રત, ઉપવાસ એવો અર્થ આપણે કરીએ તો એ પ્રકારની ધાર્મિકતા આપણને કદાચ મણિભાઈના જીવનમાં જોવા ન મળે. પણ જીવનનાં ઊંચાં મૂલ્યોનો સ્વીકાર અને તદનુસાર આચાર, કાર્યનિષ્ઠા અને કર્તવ્ય પરાયણતા, નિરપવાદ ચારિત્ર્ય અને શીલસંપન્નતા આ બાબતોને આપણે જો ધાર્મિકતા તરીકે ઓળખતા હોઈએ તો મણિભાઈ પૂરા અર્થમાં એક ધાર્મિક પુરુષ હતા એમ આપણે વિનાસંકોચે કહી શકીએ.



સ્વ. મણિભાઈ બાલાભાઈ નાણાવટી

૧૯૧૮ની સાલમાં એટલે કે મણિભાઈની ૪૧ વર્ષની ઉમ્મર હતી ત્યારે, તેમનાં સહધર્મિચારિણી ત્રણ સંતાનો મૂકીને ગુજરી ગયેલાં. આવી સ્થિતિ પ્રાપ્ત થતાં આવી ઉમ્મરે બીજી વાર લગ્ન કરવું એ એ સમયમાં તદ્દન સ્વાભાવિક લેખાતું હતું. અને એ માટે તેમનાં સ્વજનોએ તેમના ઉપર ખૂબ દબાણ પણ કરેલું. એમ છતાં બીજા લગ્નનો તેમણે કોઈ વિચાર સરખો પણ કર્યો નહોતો. આમ ધન-વૈભવથી પરિવૃત્ત અને એમ છતાં એક પ્રકારની સાદાઈ તથા સંયમથી શોભતું, પ્રસન્નતાની પ્રફુલ્લતા દાખવતું અને અનેક પ્રવૃ-ત્તિઓથી જીવનના અન્ત સુધી સભર અને સાર્થક બની રહેલું-આવું જીવન તેઓ જીવી ગયા છે. સમય જતાં વૃદ્ધાવસ્થાની અસર તેમના શરીર ઉપર ઠીક ઠીક દેખાતી હતી. એમ છતાં, તેમની બૌધિક જાગૃત્તિમાં કે વૈચારિક સામર્થ્યમાં કશો પણ ફેર પડયો નહોતો. ભૂત-કાળ વિષે સંતોષ અનુભવતું, વર્તમાન વિષે પ્રસન્નતા દાખવતું અને ભવિષ્ય વિષે શ્રદ્ધા વ્યકત કરતું તેમનું જીવન હતું. તેમની પેઢીના વૃદ્ધ પુરુષોમાં અને મણિભાઈમાં એક મોટું અન્તર જોવામાં આવતું હતું અને તે એ હતું કે જ્યારે એ વૃદ્ધ પુરુષો મોટા ભાગે નિરાશાવાદના ભોગ બનેલા, વર્તમાનને વખોડતા અને ભવિષ્યમાં બધે અંધારું દેખતા માલુમ પડતા હતા, ત્યારે મણિભાઈમાં કોઈ નિરાશાવાદને સ્થાન જ નહોતું. વર્તમાનની તેઓ પૂરી કદર કરતા હતા, જ્યારે ભવિષ્ય વિષે અનેક ચિન્તાજનક સંયોગો છતાં, તેઓ હંમેશા આશવાદી હતા; તેમને ઘન અંધકારમાં પણ આશાનાં કિરણો દેખાતાં હતાં.

મેં થોડા સમય પહેલાં શ્રી કનૈયાલાલ મુનશીને અંજલિ આપતાં 'મહામાનવ' તરીકે વર્ણવ્યા હતા. આજે આ પુરુષ માટે એ શબ્દપ્રયોગ સર્વથા ઉચિત લાગે છે. અલબત્ત, બન્નેના વ્યકિત-ત્વમાં ઘણું અન્તર છે. એકમાં સૂર્યનો ઉષ્ણ આતપ છે; અન્યમાં ચંદ્રની શીતળ રોશની હતી. એક વેગપૂર્વક વહેતો ધૂધવાટ કરતો જળપ્રવાહ છે; અન્યમાં નિરવપણે વહેતું નિર્મળ જળને વહન કરતું જળઝરણ હતું. એકમાં મહત્ત્વાકાંક્ષાને કોઈ સીમા નથી; અન્યમાં સંયોગો અને સ્થિતિપ્રાપ્ત જવાબદારીને પહોંચી વળવા પાછળ યોગ લગાડવો એ સિવાય બીજી કોઈ આકાંક્ષા નહોતી. એમ છતાં બન્નેમાં માનવવિભૂતિની પરમ સીમાના આપણને સમાનપણે સુભગ દર્શન થાય છે. સદાને માટે વિદાય થયેલા એવા આપણા મણિભાઈને અર્થાત્ સ્વર્ગસ્થ સર મણિભાઈ બાલાભાઈ નાણાવટીને આપણા અન્તરના વંદન-અભિવાદન હો! તેમનું જીવન આપણને સદા પ્રેરણાદાયી બનો! તેમનું સ્મરણ આપણા ચિત્તમાં સદા અંકિત રહો!

સ્વ. સૌ. મુદ્રિકાબહેન

૯૦ વર્ષની ઉમ્મર વટાવી ચૂકેલાં વયોવૃદ્ધ સાહિત્યકાર મુરબ્બી શ્રી હિમતલાલ ગણેશજી અંજારિયાનાં પત્ની સૌ. મુદ્રિકાબહેનનું ગયા જુલાઈ માસની ૨૫મી તારીખે ૮૦ વર્ષની ઉમ્મરે લાંબી બીમારી ભોગવ્યા બાદ અવસાન થયું અને વિધાતાએ સરજેલું એક અનુપમ સંસ્કારી યુગલ ખંડિત થયું. શ્રી અંજારિયા સાથે આજથી ૫૦ વર્ષ પહેલાં હું મુંબઈની કૉલેજમાં ભણતો હતો અને શ્રી અંજારિયા સાન્તાક્રુઝ ખાતે વીલર-લીલામાં રહેતા હતા ત્યારથી મારા પરિચયસૌભાગ્યનો પ્રારંભ થયેલો. સૌ. મુદ્રિકાબહેનને પ્રત્યક્ષ ઓળખ-વાનો યોગ ૧૯૩૦-૩૨ની સવિનય સત્યાગ્રહની લડત નાં વિલેપારલેમાં મંડાણ થયાં ત્યારે પહેલીવાર સહસૈનિક તરીકે થયેલો. ત્યારથી તેઓ એક સંસ્કારસંપન્ન સ્વ.ધર્મપરાયણ સન્નારી છે એ રીતે તેમને ઓળખતો આવ્યો છું, પણ એથી વિશેષ નજીકના પરિચયમાં આવવાનું બનેલું નહિ. આચાર્ય રામપ્રસાદ બક્ષી તેમના ભાણેજ થાય. આ ઉપરાંત વર્ષોથી વૃદ્ધ મામા-મામીની રામ-પ્રસાદભાઈ નિયમિત સંભાળ રાખતા હોઈને તેઓ તેમને અત્યન્ત નિકટથી જાણતા સ્વજન છે. પ્રબુદ્ધ જીવનના વાચકોને દિવંગત મુદ્રિકાબહેનનો કાંઈક પરિચય મળવો જોઈએ એ મતલબની માગણી કરતાં શ્રી રામપ્રસાદભાઈ તરફથી જે મળ્યું તે નીચે આપું છું; સાથે સાથે મુરબ્બી સ્નેહી શ્રી અંજારિયા પ્રત્યે પ્રસ્તુત ઘટના અંગે ઊંડા દિલની સહાનુભૂતિ પ્રગટ કરું છું. પ્રસ્તુત પત્ર નીચે મુજબ છે:

"નાનપણમાં જ માતાની હૂંફથી વંચિત થયેલાં શ્રીમતી મુદ્રિકા-બહેનનો ઉછેર એમના ફઈ આ નરસિંહરાવ દિવેટિયાને ત્યાં થયો હતો. એમનાં લગ્ન ઈ. સ. ૧૯૧૨માં થયા ત્યાર પછી પતિગૃહે આવતાં જ એમને, પ્રાર્થનાસમાજી અને અગ્રણી સુધારક નરસિંહરાવના કુટું-બની રીતોમાંથી સનાતનધર્મી અને ભોજનાદિ વ્યવહારમાં શુદ્ધ નાગરી રિવાજ પાળતાં શ્રી હિંમતલાલ અંજારિયાને ત્યાંની રીતો અપ-નાવવી પડી હતી અને એ પરિવર્તન એમણે એવી સાહજિકતાથી

સાધ્યું હતું કે પતિગૃહમાં તેમ જ નરસિંહરાવનાં કુટુંબીજનોમાં ઉભય પક્ષનો સ્નેહ તથા આદર એમના પ્રત્યે અન્યૂન રહ્યો હતો. આનું કારણ હતું એમનો અહંભાવરહિત, માયાળુ અને નિઃસ્વાર્થ સેવાપરાયણ સ્વભાવ.

"નજીકનાં કે દૂરનાં, સગાં કે પડોશી, કોઈ પણ કુટુંબમાં માંદગીનો કે સુવાવડ જેવો પ્રસંગ હોય ત્યારે મુદ્રિકાબહેન સતત હાજરી આપીને, રાતના ઉજાગરા પણ કરીને માતા જેવા પ્રેમથી સેવા કરતાં. એ સેવા-ધર્મમાં એમણે કદી પોતાનાં અને પારકાં વચ્ચે લેશ પણ ભેદભાવ રાખ્યો નહોતો.

"એમની ત્યાગભાવનાનું નિદર્શન આપતો એક વિરલ પ્રસંગ નોંધવા જેવો છે. આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં એક ગૃહસ્થ એમને ત્યાં એક અનાથાશ્રમ માટે ફાળો ભરાવવા આવ્યા હતા. મુદ્રિકાબહેને શ્રી અંજારિયાની એ સમયની આવકના પ્રમાણમાં ઘણી મોટી ગણાય એવી રકમ ભરી. અને એ ગૃહસ્થે પૂછ્યું કે મુદ્રિકાબહેન, તમારાં બાળકોનો વિચાર કર્યો છે? ત્યારે એમણે કહ્યું કે "હા, એમને માટે છેવટે આ અનાથાશ્રમ તો છે જ ને?"

એમની સેવાભાવના અને ઉદારતાનો લાભ વ્યક્તિઓને તેમ જ સંસ્થાઓને સતત મળ્યા કરતો. સાંતાક્રુઝના ગુજરાતી હિંદુ-સ્ત્રી મંડળના આદ્ય સ્થાપક સન્નારીઓમાંનાં એઓ એક હતાં અને એ સંસ્થાનાં ટ્રસ્ટી તરીકે તથા પ્રમુખ તરીકે એમણે વર્ષો સુધી એમાં અમૂલ્ય સેવા આપી હતી. મુંબઈના શ્રી વડનગરા નાગરમંડળના પ્રમુખપદે ચૂંટાનારાં પહેલાં સન્નારી એઓ હતાં અને એ પદે રહીને એમણે એ પુરુષપ્રધાન સંસ્થાને પુરુષોની પણ પ્રશંસા પામે એવું માર્ગ-દર્શન આપ્યું હતું.

"પૂજ્ય ગાંધીજીએ આદરેલા રાષ્ટ્રમુક્તિના યજ્ઞમાં મુદ્રિકાબહેન પ્રથમથી જ શામેલ થયાં હતાં અને બે વાર એમણે કારાગારનિવાસ પણ સેવ્યો હતો.

"ઉદાર ત્યાગભાવનામાં, નિસ્વાર્થ સેવાવ્રતમાં, સ્વાશ્રયમાં અને સાદાઈમાં એકબીજાની સરસાઈ કરે એવાં આ અંજારિયા પતિ-પત્નીનું પ્રસન્ન દામ્પત્ય આદર્શ ગણાતું હતું. એ દામ્પત્ય પંચાવન વર્ષના તેજસ્વી સહચાર પછી આજે મુદ્રિકાબહેનના અવસાનથી ખંડિત થયું, માતપિતાની પુત્રવત્ સેવા કરવા માટે અપરિણીત રહેવાનું વ્રત જેમણે લીધું છે એવી પુત્રી કુમારી સુરેખા માવિલેણા થયાં, સ્વ. પુત્રી વત્સલા સુશ્રુત નીલકંઠનાં ત્રણ બાળકોને તો બીજીવાર માતૃ-વિરહ વેઠવાનો આવ્યો, શ્રી અંજારિયા વૃદ્ધ ઉમરે એકલા પડયા અને સગાસંબંધીઓએ સર્વ પ્રત્યે સમાન પ્રેમવાળાં વાત્સલ્યમૂર્તિ માતા ગુમાવ્યાં, એ કારણે મુદ્રિકાબહેનની ખોટ અનેકને દુઃખદાયક બને એ સ્વાભાવિક છે. પણ ૯૦ વર્ષના વૃદ્ધાસ્થાને કારણે હવે અશકત બનેલા શ્રી હિંમતલાલ અંજારિયા જેવા પતિના જીવતાં ૮૦ વર્ષ પૂરાં કરવા આવેલા શ્રીમતી મુદ્રિકાબહેન પોતાનું સૌભાગ્ય અખંડ રાખીને નિર્વાણ પામ્યાં એ તો એ સન્નારીનું સદ્‌ભાગ્ય જ મનાય. શ્રી હિંમત-લાલ અંજારિયા આ ઘટનામાં પત્નીનું અને પોતાનું પણ સદ્‌ભાગ્ય માનીને જ્ઞાનીજનને સહજ એવી જે સ્વસ્થતાથી આ વિયોગને સહી રહ્યા છે તે સ્વસ્થતાનું પ્રત્યક્ષ દર્શન ભારે પ્રેરણાદાયી લાગે છે."

દેશના શિક્ષણમાધ્યમ અંગે વિશેષ વિચારણા

મુંબઈ: વીલેપારલે (પશ્ચિમ)માં આવેલ શ્રી ચંદુલાલ મણિલાલ નાણાવટી વિનયમંદિરના આચાર્ય શ્રી વજુભાઈ પટેલ તરફથી ઉપર જણાવેલ વિષય અંગે મળેલો પત્ર નીચે મુજબ છે:-

"મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,

"આપની જાણ માટે માધ્યમનો પ્રશ્ન જે છે તે મારી સમજ પ્રમાણેનો રજૂ કરું છું.

"અંગ્રેજી ભાષાશિક્ષણના માધ્યમ તરીકે અને વહીવટ માટે બંને રીતે આજે વર્ષોથી ચાલે છે. તેની સામે સ્વતંત્ર ભારતમાં વિરોધ હોય તે સ્વાભાવિક છે. અંગ્રેજી ભાષા શિક્ષણના અને વહી-વટના માધ્યમ ઉપરાંત આંતરભાષા તરીકે પણ ચાલુ છે તેની સામે પણ કોઈ કોઈ રાજ્યમાં વિરોધ છે.

"શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે તથા વહીવટી ક્ષેત્રે પ્રાદે-શિક કે માતૃભાષા જ હોઈ શકે. આંતરભાષા તરીકે અંગ્રેજીનું સ્થાન હિંદી લે તે એક બાબત છે અને શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રે-જીનું સ્થાન હિંદી લે તે બીજી બાબત છે. જો શિક્ષણમાં અંગ્રેજીના સ્થાને હિન્દી આવે તો કોઈ પણ ફાયદો થવાને બદલે દેખીતો ગેરફાયદો થાય. જ્ઞાન જે સરળતાથી મેળવવું જોઈએ અને એનો ઉપયોગ કરવો જોઈએ તેમાં વિક્ષેપ પડે એ દેખીતો ગેરફાયદો છે. શિક્ષણમાં હિંદી માધ્યમ દાખલ કરવાથી National Integratnon સાધી શકાય છે તે ભ્રમ છે. Nationl Integration માટે લાંબે ગાળે માતૃભાષામાં થતો અભ્યાસ ઉપયોગી થઈ પડવા સંભવ છે, પણ હિંદીમાં થતો અભ્યાસ કદી નહિ થાય. આપણે હંમેશાં ઉજળા વર્ણની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિચાર કરતા આવ્યા છીએ. અદાલતોમાં ન્યાયના ચુકાદાનું શું થાય કે વેપારમાં આપણું શું થાય વગેરે દૃષ્ટિએ વિચારીએ છીએ. પણ આજે Exposition of Knowiedge અને Explosion of Populationના આ યુગમાં સામાન્ય આમવર્ગ કેવી રીતે અભ્યાસ કરે તો તેને તેનો ફાયદો થાય અને દેશને ફાયદો થાય તે દૃષ્ટિએ વિચારવું યોગ્ય કહેવાય. શ્રી મુનશીની કલ્પનાની અંગ્રેજી Mediumની પબ્લિક સ્કૂલ કે કૉલેજ આજે રાષ્ટ્રીય અસ્મિતામાં ઘા મારવા સમાન ગણાય તેમ હું સમજું છું. **વજુભાઈ પટેલ"**

આ પ્રશ્ન અંગે વિશેષ ચર્ચા હવે પછી.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાના એક નવા વ્યાખ્યાતાનો પરિચય

આ વ્યાખ્યાતાનું નામ છે શ્રી ઉપાકાન્ત લાદીવાળા. તેઓ મુંબઈના આગેવાન નાગરિક અને અનેક ધાર્મિક લેખાતી પ્રવૃ-ત્તિઓના સંચાલક શ્રી જમના-દાસ લાદીવાળાના પુત્ર થાય. તા. ૩૦-૭-૬૭ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રગટ કરવામાં આવેલી પરિચયનોંધ ઉપરથી તેમના વિષે મને સૌથી પહેલી જાણકારી થઈ. તેઓ પોતાના પિતા સાથે વ્યાપારમાં તો જોડા-યેલા છે જ, પણ આ ઉપરાંત તેમને અનેક વિષયમાં જીવન્ત રસ છે અને સારા અભ્યાસી છે. તેઓ ભૂસ્તરશાસ્ત્રી Geologist છે અને તત્વવિદ્યામાં નિષ્ણાત છે. સ્વામી વિજ્ઞાનાનંદ નામના એક પ્રજ્ઞાસંપન્ન સન્તપુરુષના તેઓ અનુયાયી છે અને તેમની દ્વારા તેમને તત્વજ્ઞાનની દીક્ષા મળી છે.



ડૉ. ઉપાકાંત જે. લાદીવાલા
બી. એસ. સી. બાયો–ડૉ. જે. પી.

અમેરિકામાં શ્રી જેમ્સ કીડ નામના એક Copper Minner તાંબાની ખાણને લગતો વ્યવસાય કરતા—એક ગૃહસ્થ, પોતાના વીલમાં—વસિયતનામામાં—જે કોઈ આત્માનું અસ્તિત્વ પૂરવાર કરી આપે તેને પોતાની મિલકતમાંથી **બે લાખ ડૉલર**નો પુરસ્કાર આપ-વાનું જણાવીને થોડા સમય પહેલાં ગુજરી ગયા. આ અંગે મહા-નિબંધ—Theisis—લખવા માટે દુનિયાભરના આત્મવાદીઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે અને તે માટે ૯૦૦૦ વ્યક્તિઓએ પોતપોતાના નિબંધો મોકલીને એ હરીફાઈમાં ઉતરવાની માગણી કરી. ભારતમાંથી આ માટે ૩૫૦ નિબંધો મોકલવામાં આવ્યા છે જેમાંનો એક નિબંધ શ્રી ઉપાકાન્ત લાદીવાળાનો છે. આ બાબતનો નિર્ણય લેવા અંગે એરીઝોનાની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી રોબર્ટ મેયર સમક્ષ અનેક હરીફોની સુનાવણી ચાલી રહી છે. ઉપર જણાવેલ ૯૦૦૦ ઉમેદવારોમાંથી ૯૩ વ્યક્તિઓના નિબંધ વિશિષ્ટ કોટિના હોવાનું જાહેર કરવામાં આવેલ છે, જેમાં શ્રી ઉપાકાન્ત લાદીવાળાના નિબં-ધનો સમાવેશ કરવામાં આવ્યો છે અને ૯૩ વ્યક્તિઓને પોતપોતાના નિબંધ વિષે પ્રત્યક્ષ જુબાની આપવા માટે અમેરિકા બોલાવવામાં આવેલ છે. શ્રી ઉપાકાન્ત લાદીવાળા આ માટે અમેરિકાનો પ્રવાસ કરીને તેમ જ ઉપર જણાવેલ કોર્ટ સમક્ષ પોતાની જુબાની આપીને ભારત ખાતે તાજેતરમાં પાછા ફર્યા છે. ઉપાકાન્ત સંબંધી વિશેષમાં જણાવવાનું કે તેમને કેલિફોર્નિયા પેરેસાઈકોલોજી ફાઉન્ડેશનના રીસર્ચ મેમ્બર—સંશોધન સભ્ય—તરીકે સ્વીકારવામાં આવ્યા છે. તેઓ બાયોકેમિક ડૉકટર છે; કવોલીફાઈડ હોમિયોપાથ છે અને એક સારા ગાયક પણ છે. આપણે આશા રાખીએ કે આમ બહુલક્ષી પ્રજ્ઞા ધરાવતા ભાઈ ઉપાકાન્તે રજૂ કરેલા પુનર્જન્મનું પ્રતિપાદન કરતા અને આત્મતત્વનું વૈજ્ઞાનિક રીતે સમર્થન કરતા મહાનિબંધને ઉપર જણાવેલ બે લાખ ડોલરના પારિતોષિકને પાત્ર ગણવામાં આવે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સપ્ટેમ્બરની સાતમી તારીખે સવારના ૮-૩૦ વાગ્યે 'વિજ્ઞાન અને ધર્મની દૃષ્ટિએ આત્મ-તત્વ' એ વિષય ઉપર તેમનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. પરમાનંદ.

આજના વૈચારિક ધુંધળાપણાના વિદારણ અર્થે અભિનવ અભિગમ

(પ્રબુદ્ધ જીવનના પાઠકોને સુપરિચિત એવા શ્રી વિમલાબેન ઠકારની પ્રેરણાથી ગયા જુલાઈ માસની તા. ૧૪થી ૧૯ સુધી—એમ છ દિવસની એક મતદાર પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. તે શિબિરમાં થયેલી કાર્યવાહીની નોંધ વિમલાબહેને પોતે જ અંગ્રેજીમાં લખી મોકલી હતી, જેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આજે આ પ્રકારના લોકશિક્ષણની કેટલી જરૂર છે અને આજના આવેશ અને ઉન્માદભર્યા વાતાવરણમાં અને વૈચારિક ધુંધળાપણામાં જનતાને સ્વસ્થ ચિન્તન તરફ લઈ જવામાં આવી શિબિરોની કેટલી બધી ઉપયોગીતા છે તેનો નીચે આપેલી કાર્યવાહીની વિગતો વાંચીને કોઈ પણ વાચકને ખ્યાલ આવ્યા વિના રહેશે નહિ. આવી શુદ્ધ રચનાત્મક તેમ જ શિક્ષણાત્મક પ્રવૃત્તિનું નિર્માણ કરવા માટે, તેમાં પોતાની શક્તિનો ભોગ આપી રહેલ શ્રી વિમલાબહેનને આપણા સર્વના ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ.**)

માઉન્ટ આબુ, તા. ૨૦-૭-૬૭.

પ્રિય મિત્રો,

ગુજરાતમાં તાજેતરમાં મળેલી સૌથી પહેલી મતદારોની શિબિરનો કાંઈક ખ્યાલ આપવાના હેતુથી આ પત્ર હું લખી રહી છું. ૧૯૬૬ના ઓક્ટોબરમાં મતદારોના પ્રશિક્ષણ અંગે જે આન્દોલન અમે ઊભું કર્યું હતું તેના અનુસંધાનમાં આ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. અમે મતદારોના પ્રશિક્ષણ અર્થે શિબિરો યોજવાનો નિર્ણય કર્યો હતો. આ માટે મહેસાણા તાલુકો બે કારણસર પસંદ કરવામાં આવ્યો હતો.

(૧) એ તાલુકામાં મને એવા મિત્રો પ્રાપ્ત થયા હતા કે જેમણે આવી શિબિર ગોઠવવાની અને તેની આર્થિક જવાબદારી માથે લેવાની તત્પરતા દાખવી હતી. ડૉ. વસન્ત પરીખે આ મિત્રમંડળીની આગેવાની સ્વીકારી હતી. મતદારોએ નીમેલા પ્રતિનિધિ તરીકે તેઓ રાજ્ય વિધાનસભા માટેની ચૂંટણી લડ્યા હતા અને એ ચૂંટણીની હરીફાઈમાં માત્ર ગરીબ જનતાના અને વડનગર વિભાગના શિક્ષિત યુવક વર્ગના ટેકાથી તેઓ વિજયી નીવડ્યા હતા. આ શિબિરનો પ્રબંધ કરવાનું તેમણે માથે લીધું તે કારણે વડનગરને શિબિરના મથક તરીકે પસંદ કરવાનું મને પ્રોત્સાહન મળ્યું.

(૨) માઉન્ટ આબુ જે મારું સ્થાયી નિવાસસ્થાન છે ત્યાંથી મહેસાણા થોડાક કલાકમાં પહોંચાય છે, તેથી એ તાલુકામાં યોજાતી શિબિરમા ભાગ લેવાનું મારા માટે બહુ સગવડ પડતું હતું.

૧૯૬૬ના એપ્રિલ માસમાં ડૉ. પરીખ મારી સાથે માઉન્ટ આબુ બે ત્રણ દિવસ રહી ગયા. અમે યોજનાની વિગતો વિચારી લીધી. તેમણે જિલ્લાપંચાયત અને તાલુકાપંચાયતના પ્રમુખોને વિશ્વાસમાં લીધા. ડૉ. દ્વારકાદાસ જોષી જેઓ ગુજરાતના એક અગ્રગણ્ય સર્વોદય કાર્યકર છે અને જેઓ વડનગરમાં છેલ્લાં ૧૯ વર્ષથી વસે છે તેમની સાથે પણ ડૉ. પરીખે આ યોજનાની ચર્ચા કરી. એ પ્રદેશના શિક્ષકો અને રચનાત્મક કાર્યકર્તાઓનો પણ તેમણે સહકાર સાધ્યો.

પ્રસ્તુત શિબિર વડનગરમાં ભરવામાં આવી હતી. તે શિબિરમાં ૨૫ વ્યક્તિઓને દાખલ કરવામાં આવી હતી. આમાંની ૧૪ વ્યક્તિઓ ૩૦ વર્ષની નીચેની હતી; બાકીની ૩૦થી ૪૫ વર્ષની અંદરની હતી. કેવળ અનૌપચારિક ધોરણ ઉપર આવી શિબિર યોજાય અને તેમાં ભાગ લેવાનું બને તે એક રોમાંચપ્રેરક અનુભવ હતો. ૨૫ શિબિરાર્થીઓ ઉપરાંત નીચેની વ્યક્તિઓએ નિરીક્ષક તરીકે ભાગ લીધો હતો :

(૧) શ્રી અને શ્રીમતી ડૉ. દ્વારકાદાસ જોષી.

(૨) શ્રીમતી આર. પરીખ—હાઈસ્કૂલના એક શિક્ષિકા.

(૩) ડૉ. એસ. શાહ અને શ્રીમતી એસ. શાહ, એમ. એ.

(૪) શ્રી લાલુભાઈ શાહ, મુંબઈથી

(૫) શ્રી અમૃત મોદી, વડોદરાથી

(૬) શ્રી પ્રતાપ ટૉલિયા- વીસનગરની વીમેન્સ કૉલેજના પ્રિન્સિપાલ.

આ શિબિરમાં નીચે જણાવેલ વ્યક્તિઓએ પ્રવચન યા વિવેચન કર્યાં હતાં :-

(૧) હું જુલાઈ માસની ૧૪મી થી ૧૮મી સુધી શિબિરાર્થીઓ સાથે રહી હતી અને નીચેના વિષયો ઉપર મેં વર્ગો ચલાવ્યા હતા. (ક) માનવજાતની સમસ્યાઓ પ્રત્યે ભાવાત્મક સર્વાંગી અભિગમ (ખ) ભારતની લોકશાહીની અદ્યતન કાર્યવાહી (ગ) રાજ્યવહીવટના પાયાના ઘટક તરીકે ગ્રામપંચાયતોનું મહત્ત્વ.

(૨) શ્રી મનુભાઈ પંચોળીએ શિબિરમાં બે દિવસ ગાળ્યા હતા અને નિચેના વિષયો ઉપર વર્ગો ચલાવ્યા હતા. (ક) સંસદીય લોકશાહીના પાયાના સિદ્ધાન્તો અંગે પુખ્ત વયના લોકોને આપવા જોઈતા શિક્ષણનો પ્રબંધ કરવાની તાત્કાલિક આવશ્યકતા, (ખ) ગ્રામપંચાયતો દ્વારા પ્રાયોગિક શિક્ષણનો પ્રબંધ, (ગ) ભારતીય માનસરચનાનું સ્વરૂપ, તેની ત્રુટીઓ, તેની વિકૃતિઓ અને તે નાબૂદ કરવાને લગતી વ્યવહારૂ પદ્ધતિ.

(૩) ડૉ. દ્વારકાદાસ જોષી ૧૪મી જુલાઈથી ૧૮મી જુલાઈ સુધી શિબિરાર્થીઓ સાથે રહ્યા હતા અને ગ્રામદાન—ગ્રામસ્વરાજ્યનું રહસ્ય અને ગ્રામ્ય વિભાગમાં આર્થિક ક્રાન્તિની ઉત્કટ આવશ્યકતા—એ વિષય ઉપર તેમણે વિવેચન કર્યું હતું.

(૪) તાલુકાપંચાયતના પ્રમુખ શ્રી રતિભાઈ જોષીએ 'ત્રણ સ્તરના સ્થાનિક સ્વરાજ્યની વાસ્તવિક કાર્યવાહી' એ વિષય ઉપર વર્ગો લીધા હતા.

(૫) જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રિખવચંદજીએ આજની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો અને એનાં મૂળ કારણોની અને આ આંખા ખીચડામાંથી કેમ બહાર નીકળી શકાય તે પ્રશ્નની ચર્ચા કરી હતી.

આ તાલુકા અંગે નીચેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો:

(૧) હવે પછીની શિબિરનું નિર્માણ કરવા માટે એક મતદાર—પ્રશિક્ષણ—સમિતિ ઊભી કરવામાં આવી છે. આ સમિતિ સ્થાનિક પાંચ આગેવાન કાર્યકરોની બનાવવામાં આવી છે અને ડૉ. વસન્ત પરીખની 'કન્વીનર' તરીકે નિમણૂક કરવામાં આવી છે.

(૨) હું (વિમલાબહેન), મનુભાઈ પંચોળી, અને દ્વારકાદાસ જોષી એમ ત્રણ સભ્યોની સલાહકાર સમિતિ નક્કી કરવામાં આવી છે.

(૩) હવે પછીની શિબિર વીસનગરમાં ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(૪) સમય—સપ્ટેંબરનું ત્રીજું અઠવાડિયું.

(૫) વિષય—'રાજ્યોની ધારાસભાઓ.'

(૬) શ્રી શંકરરાવ દેવ અને દાદા ધર્માધિકારીને આ શિબિરના વર્ગો ચલાવવા માટે નિમંત્રણ આપવું.

આ દરમિયાન, ઓગસ્ટ માસ દરમ્યાન પાટણ ખાતે વિદ્યાર્થીઓની એક શિબિર યોજવાનું પાટણના મિત્રોએ નક્કી કર્યું છે. આ શિબિર પાટણ તાલુકાના હાઈસ્કૂલના અને કૉલેજના વિદ્યાર્થીઓને અનુલક્ષીને યોજવામાં આવશે. આ શિબિરમાં માટે દરેક હાઈસ્કૂલ તરફથી સ્ટુડન્ટ્સ યુનિયન પસંદ કરે તેવો એક પ્રતિનિધિ અને દરેક કૉલેજ તરફથી એ પ્રકારના બે પ્રતિનિધિઓ—આ શિબિરમાં ભાગ લેશે.

આ શિબિર શ્રી શ્યામસુન્દરજી પાટણના વતની શ્રી લાલુ-

ભાઈ શાહના સહકારપૂર્વક ભરશે અને તેમાં વીસનગરની વીમેન્સ કૉલેજના પ્રિન્સિપાલ, મહેસાણાના કૉલેજના પ્રિન્સિપાલ અને હું (વિમલા બહેન) એમ અમે ત્રણ જણા વર્ગો ચલાવીશું અને આ શિબિરનું હેરોલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યુટના ડીરેક્ટર શ્રી પુરુષોત્તમ માવલંકર ઘણું ખરું ઉદ્‌ઘાટન કરશે.

સૌથી પહેલી ભરાયેલી આ શિબિર બીજી ઘણી રીતે સફળ નીવડી છે. તેથી પુરવાર થયું છે કે જાગૃત અને સંવેદનશીલ નાગરિકોનો સ્વયંસ્ફુર્ત સહકાર સમાજશિક્ષણમાં બહુ અગત્યનો ભાગ ભજવી શકે છે અને મૈત્રી પણ એક ચેતનાદાયી તત્ત્વ બની શકે છે.

હું આ શિબિરમાંથી વધારે તાજી થઈને, વધારે શ્રદ્ધા પ્રાપ્ત કરીને અને સવિશેષ પ્રોત્સાહિત બનીને પાછી ફરી છું.

પ્રેમ અને સદ્‌ભાવપૂર્વક. **વિમળા**

પૂરક નોંધ : શ્રી વિમલાબહેનના માર્ગદર્શન નીચે પાટણ ખાતે ઑગસ્ટની ૧૨, ૧૩, ૧૪ના રોજ છાત્ર શિબિર થઈ ગઈ; ૨૫મી ઑગસ્ટ લગભગ જયપુરમાં નાગરિક પ્રશિક્ષણ શિબિર યોજવાની છે; સપ્ટેંબરમાં મહેસાણા જિલ્લાની નાગરિક પ્રશિક્ષણ શિબિર વીસનગર ખાતે યોજાશે. **તંત્રી**

ઑફીસે જતી પત્નીઓ વિષે–

સંવેદનશીલ હૈયાવાળાં જગતના તમામ લોકો, મારી વાત સાંભળો અને તમારી આંખમાં આસું આવી શકતાં હોય તો જેની પત્ની ઑફિસે જતી હોય એવા મારી જેવા લોકો માટે બે ચાર આંસુ ભલે વહાવો. કામે જતી પત્નીઓની મુશ્કેલી વિષે આજ સુધીમાં ઘણું ઘણું લખાયું છે. પરંતુ એવી પત્નીઓના પતિઓ વિષે એક શબ્દ પણ હજી સુધી કોઈએ ઉચ્ચાર્યો સુદ્ધાં નથી. હમણાં જ "સન્ડે સ્ટાન્ડર્ડ"માં એક લેખકે લખ્યું હતું તેમ "If the office-going wife is on the cross-roads, the man who is tied by wedlock to such working woman, is literally on the cross. એટલે કે "જો ઑફિસે જતી પત્ની જૂના યુગમાંથી નવા યુગમાં પ્રવેશ કરી રહી છે તો તેને પરણેલો પતિ તો નરી યાતનાના ચક્કરમાં ફસાઈ ચૂક્યો છે."

ચાલો મિત્રો, હું તમને મારી જ વાત કહું. સમાજે વિસારી મૂકેલા મધ્યમવર્ગનો હું એક સભ્ય છું. એક બાજુ કૂદકે ને ભૂસકે વધતા જતા ભાવો અને બીજી બાજુ ઉધાર બાજુનો આંક ઊંચે ચઢતો જાય. જમા અને ઉધારનું પાસું ક્યારે કરીને સરખું થાય જ નહિ. ઘણો વિચાર કર્યા પછી એક દિવસ મેં મારી પત્નીને જેણે લગ્ન પહેલાં વહીવટી કામ અંગેની તાલીમ લીધી હતી તેને કોઈ એકાદ નોકરી સ્વીકારી લેવા કહ્યું. આમ થાય તો જ કુટુંબના બજેટનો ખાડો પુરાય. ઘણી સમજાવટ અને મથામણને અંતે તે સંમત થઈ.

પરંતુ તેની પહેલી નોકરીથી જ મારી મુસીબતની શરૂઆત થઈ. એ ધંધાદારી કંપનીમાં ઘણાં સ્ત્રી-પુરુષો કામ કરતાં હતાં. દરરોજ સાંજે એ ઘેર આવે અને મને કહે: "તને ખબર છે ડિયર? આજે મારી ઓફિસમાં પેલી મીસ ભાવનાની આવે છે તેણે એવી સરસ કાંજીવરમની સાડી પહેરી હતી." અથવા "પેલી મીસ મહેતા બનારસી શૈલામાં એવી સુંદર દેખાતી હતી કે ન પૂછો વાત! હું પણ એવી જ એક સાડીનો ઓર્ડર ઘેર પાછાં ફરતાં આપતી આવી છું. પણ તું ચિન્તા ન કરતો, હોં કે! મારાં આવતા મહિનાના પગારમાંથી હું એનું બીલ ચૂકવી દઈશ."

વળી કોઈવાર સાંજે આવીને કહેશે: "આજે તો અમારી ઓફિસની બધી જ સ્ત્રીઓએ એક જ સરખા દાગીના પહેરવાનો નિર્ણય કર્યો છે. એટલે અમે ચૌદ કેરેટના પણ લેટેસ્ટ ફેશનના એકસરખા સોનાના બ્રેસલેટ અને નેકલેઈસ ખરીદ કરવાના છીએ."

મારી પત્નીનો કપડાં અને દાગીના વિષેનો આ શોખ છોડાવવા માટે એક દિવસ મેં એને માત્ર પુરુષો જ કામ કરતા હોય એવી કંપનીમાં કામ અપાવવા વિચાર કર્યો. પણ આ અખતરો તો મને ઊલ્ટાનો વધુ ભારે પડ્યો! એક સરસ મજાની સાંજે એણે મને ચમકાવતો પ્રશ્ન કર્યો: "તું મને પ્રેમ કરે છે, ડિયર! સાચે સાચ ચાહે છે?"

મેં કહ્યું: "હા વળી, કેવી વાત કરે છે?"

"તો પછી તું મને કોઈ વાર ચાઈનીઝ રેસ્ટોરાં કે કોઈ વાર પિકચરમાં કેમ લઈ જતો નથી? અમારી ઓફિસમાં પેલા મિ. ભટ્ટ છે ને, તે તો એમની બૅરીને રોજ સાંજે ઓફિસેથી બારોબાર ફરવા લઈ જાય છે." અથવા "પેલા મિ. વિલિયમ્સ તેમની પત્નીને રોજ સ્કુટર પર ફરવા લઈ જાય છે. આપણે પણ એક નવું સ્કુટર ખરીદીએ તો કેમ?" અથવા "પેલા મિ. મુકરજી એમનાં પત્નીને રસોઈના કામમાં કેવી મદદ કરે છે?"

ધીમે ધીમે મારા પર નવા નવા કામોનો બોજ વધતો ચાલ્યો. પહેલાં રસોડું, પછી બાળકોની સારસંભાળ, તેમને નવરાવવાં–ધોવરાવવાં, કપડાં પહેરાવવાં વગેરે. તેમાં પણ કોઈ વાર અમારો નાનો અશોક કહેશે: "પપ્પા, મમ્મી તો કોઈ વાર અમને આવા સાબુથી નવરાવતી નથી!" તો કોઈવાર એનાથી નાની સોન્યા મને શિખામણ આપશે: "ના ડૅડી, એમ નહીં, કુરતા પર ક્રોટ ના પહેરાવાય." સૌથી નાનો રાકેશ વળી એથી યે આગળ વધશે: "મારી સેંથી વચ્ચેથી નહીં પાડવાની પપ્પા."

મારી પોતાની ઓફિસમાં મારી પરિસ્થિતિ વધારે વિકટ બની હતી. મારા સાથીદારો મારી ઈર્ષ્યા કરતા થઈ ગયા હતા. "નસીબદાર છો તમે બન્ને. બેઉ જણ કમાઓ છો. આજે એક પચ્ચીશ રૂપિયા આપશે? આવતા મહિનાની પહેલી જ તારીખે પાછા આપી દઈશ." અમારા મેનેજર તો વળી કહેશે: "તમારે વળી પગારવધારો શા માટે જોઈએ? તમે તો બન્ને જણ કમાઓ છો."

પરિણામ એ આવ્યું કે મારી પત્નીએ નોકરી કરવી કે નહીં એ પ્રશ્નની મારે ફેરવિચારણા કરવી પડી. દિવસો સુધી આ પ્રશ્નના ફાયદા અને ગેરફાયદાની ગણતરી મેં કર્યા કરી. મેં જોયું કે પારકીન્સનનો સિદ્ધાંત કે જે મુજબ "આવકના પ્રમાણમાં ખર્ચ પણ વધે છે." – એ તો એક નર્યું લઘુકથન – understatement છે. મારા કિસ્સામાં તો મારી આવકનું પ્રમાણ સરવાળાના હિસાબે વધ્યું જ્યારે મારા ખર્ચનું પ્રમાણ ગુણાકારના હિસાબે વધી ગયું.

હવે મેં નિર્ણય લઈ લીધો છે.

તમે શું માનો છો? મારી પત્નીને નોકરી છોડાવી દેવાનો?

હરગીજ નહીં. મેં જ નોકરી મૂકી દેવાનો વિચાર કર્યો છે! તમે સમજ્યા? છેવટે તો મારા કરતાં મારી પત્નીની આવક બમણી હતી!

મૂળ અંગ્રેજી : પી. એસ. ગોપાલન્

અનુવાદક : **સુબોધભાઈ એમ. શાહ.**

ડૉ. પદ્મનાભ જૈનનો વાર્તાલાપ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) તા. ૨૨ મી ઑગસ્ટ મંગળવાર સાંજના છ વાગ્યે પરદેશથી લાંબા ગાળે પાછા ફરેલા વિદ્વદવર્ય ડૉ. પદ્મનાભ જૈન સાથે વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. તો સંઘના સભ્યોને આ પ્રસંગનો લાભ લેવા આગ્રહપૂર્વક વિનંતી છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

કેવા સંયોગોમાં ગર્ભપાતને કાનૂની રક્ષણ મળવું ઘટે?

આજકાલ ઉપર જણાવેલ પ્રશ્ન બે દૃષ્ટિબિન્દુથી ચર્ચવામાં આવે છે: એક તો વસ્તીવધારાની અનિવાર્ય બનતી જતી અટકાયતના સંદર્ભમાં. બીજું ગર્ભવતી સ્ત્રીના વિશિષ્ઠ સંયોગોની વિચારણાના સંદર્ભમાં.

ગર્ભપાત આખરે એક પ્રકારની ભ્રૂણહત્યામાનવ હત્યા છે જ. તેને વસ્તીવધારાના પ્રશ્ન સાથે જોડવામાં આવે તો એનો અર્થ એમ થાય કે જ્યારે પણ કોઈ સ્ત્રીની ઈચ્છા થાય ત્યારે તે ગર્ભપાત કરાવી શકે. આ બાબતમાં કાયદાએ વચ્ચે આવવું ન જોઈએ. આમાંથી સૂચિત અર્થ એ નીકળે કે જો ગર્ભપાતનું પરિણામ વસ્તીઘટાડામાં આવે અને વસ્તી ઘટાડો આવકારપાત્ર છે તો કોઈ પણ ગર્ભપાત આવકારપાત્ર લેખાવો ઘટે. ગર્ભપાત અંગે આવું ઘોરણ સ્વીકારવા જતાં નિરંકુશતા, સ્વચ્છંદ અને નૈતિક બિનજવાબદારીને જ ઉત્તેજન મળે. આ ઉપરથી એમ ફલિત થાય છે કે વસ્તી ઘટાડવા માટે કૃત્રિમ સંતતિનિયમનને લગતા બીજા જે કોઈ યોગ્ય અને સલામત ઉપાયો દેખાય તે ભલે ગ્રહણ કરવામાં આવે, પણ આ પ્રશ્નને ગર્ભપાતના પ્રશ્ન સાથે જોડવો ન ઘટે.

તો પછી ગર્ભપાતનો પ્રશ્ન માત્ર આજની સામાજિક અને નૈતિક દૃષ્ટિએ જ વિચારવો ઘટે. આ સંબંધમાં આજે કાનૂની પ્રબંધ શું છે તે આપણે સૌ પ્રથમ ધ્યાનમાં લેવો જોઈએ. ગર્ભપાત અંગે ઈન્ડિયન પીનલ કોડની ૩૧૨મી કલમ નીચે મુજબ છે :

"જે કોઈ વ્યકિત સગર્ભા સ્ત્રીને 'મિસ્કેરેજ'–કસુવાવડ કરાવશે અને આવી કસુવાવડ એ સ્ત્રીની જીંદગી બચાવવાના હેતુથી કરવામાં આવી ન હોય તો આવી કસુવાવડ કરાવનાર વ્યકિત ત્રણ વર્ષ સુધીની બેમાંથી એક પ્રકારની જેલશિક્ષા અથવા દંડ અથવા બન્ને પ્રકારની શિક્ષાને પાત્ર થશે અને જો એ સ્ત્રીના ઉદરમાંનું બાળક હાલતુંચાલતું હોય તો તેવો ગર્ભપાત કરાવનાર સાત વર્ષની જેલશિક્ષાને પાત્ર થશે તેમ જ દંડને પાત્ર પણ બનશે. ખુલાસો : જે સ્ત્રી કસુવાવડ કરાવશે તે સ્ત્રી પણ આ કાયદા અનુસાર ગુનેગાર ગણાશે."

આ કલમમાં 'મિસ્કેરેજ'- કસુવાવડ શબ્દમાં ગર્ભપાત-એબોર્શનનો સમાવેશ થાય છે, એટલું જ નહિ પણ, સ્વાભાવિક પ્રસૂતિ થવા પહેલાં શસ્ત્રક્રિયા દ્વારા કરવામાં આવતા ગર્ભસ્થાનના દૂરીકરણનો પણ સમાવેશ થાય છે. આવી ગુન્હાહિત કસુવાવડોમાં માત્ર એક જ અપવાદ સૂચિત છે અને તે ગર્ભવતી સ્ત્રીની જીંદગી બચાવવાના હેતુથી કરવામાં આવી હોય તેવી કસુવાવડ.

કસુવાવડ અથવા તો ગર્ભપાત અંગેની આ પ્રકારની કાનૂની વ્યવસ્થા ભારત સરકારની હેલ્થ અને ફેમીલી પ્લાનીંગ મીનીસ્ટ્રીને આપૂરતી અથવા તો વધારે પડતી મર્યાદિત લાગવાથી તે ખાતા તરફથી Legislation for the Legalisation of Abortion–ગર્ભપાતને ક્યા સંયોગોમાં કાયદેસર રક્ષણ મળવું જોઈએ–એ અંગેની બધી બાજુઓની પૂરી તપાસ કરી ભલામણ કરવા માટે એ વખતના મુંબઈ રાજ્યના એક પ્રધાન શ્રી શાન્તિલાલ શાહની અધ્યક્ષતા નીચે ૧૯૬૪ના સપ્ટેમ્બર માસમાં એક સમિતિ નીમવામાં આવી હતી અને તે સમિતિએ ૧૯૬૬ના જાન્યુઆરી માસમાં પોતાનો રીપોર્ટ બહાર પાડયો હતો. આ સમિતિની મુખ્ય ભલામણો નીચે મુજબ હતી :

(૧) જ્યારે ગર્ભાધાનનું ચાલુ રહેવું તે સગર્ભા સ્ત્રીની જીંદગી માટે ગંભીરપણે જોખમકારક હોય અથવા તો તેના શારીરિક તેમ જ માનસિક આરોગ્ય માટે પ્રસ્તુત બાળકનું અસ્તિત્વ, તેના જન્મ પહેલાં, જન્મ સમયે અથવા જન્મ પછી, ગંભીરપણે હાનિકર્તા નિવડવાનો સંભવ હોય;

(૨) જ્યારે બાળકને જન્માવવામાં આવે તો તે બાળક આખી જીંદગી સુધી ગંભીરપણે જકડાઈ જાય અથવા તો તેની ક્રિયાશીલતા અટવાઈ જાય એવી શારિરીક કે માનસિક ખોડખાંપણવાળું થવાની પૂરી શક્યતા હોય;

(૩) જ્યારે બળાત્કારમાંથી, ૧૬ વર્ષ નીચેની અપરિણીત કન્યા સાથેના સંભોગમાંથી, તેમ જ mentally defective woman–માનસિક વિકળતા ધરાવતી સ્ત્રી–સાથેના સંભોગમાંથી ગર્ભધારણ નિર્માણ થયું હોય.

આવો ગર્ભપાત કરાવવા અંગે આ સમિતિએ કેટલીક શરતોના અનુપાલન અંગે ખાસ આગ્રહ સૂચવ્યો છે અને તેમાં ગર્ભપાત કરાવનાર ડૉક્ટરની યોગ્યતા, ગર્ભપાત કરાવવા માગતી સ્ત્રીની સંમતિ વગેરે બાબતોનો તેમ જ તેને લગતી કાયદાની વિધિનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જેથી આ છૂટછાટનો દુરૂપયોગ થવા ન પામે અથવા તો તેનો મનસ્વી રીતે લાભ લેવામાં ન આવે.

આ ઉપરાંત ઔચ્છિક વન્ધ્યત્વ અંગે આ સમિતિએ એવી સૂચના કરી છે કે જે સ્ત્રીઓ વધારે ગર્ભધારણનો બોજો સહન કરી શકે તેમ ન હોય તેવી સ્ત્રીઓ ફરી ફરીને ગર્ભપાત કરાવવાની સ્થિતિમાં ન મૂકાય એ માટે ડૉક્ટરે એ સ્ત્રીને અથવા તેના પતિને ઔચ્છિક વન્ધ્યત્વનો માર્ગ સ્વીકારવાની સલાહ આપવી જોઈએ.

વળી આ પ્રશ્ન અને તે અંગે કરવામાં આવેલી ભલામણો બાબતમાં, એ સમિતિએ જણાવ્યું છે કે, આ રીતે ઉપસ્થિતિ થતા ગર્ભપાતને લગતા કિસ્સાઓમાંથી સાચાખોટાની તારવણી કરવાનું મુશ્કેલ હશે એ વિષે સમિતિ પૂરી સભાન છે. આમ છતાં સમિતિને લાગ્યું છે કે થોડા ખોટા અથવા અપાત્ર કિસ્સાઓની શકયતાના કારણે મોટા ભાગના ખરા અને પાત્ર કિસ્સાઓને કાનૂની રક્ષણથી વંચિત રાખવા ઉચિત નથી. એ સમિતિએ વિશેષમાં એમ પણ જણાવ્યું છે કે આ ભલામણો તેના ટીકાકારના અંગત વલણ મુજબ, કોઈને વધારેપડતી સાંકડી તો કોઈને વધારે પડતી આગળ જતી લાગશે, આમ છતાં પણ આ સમિતિનો મક્કમ અભિપ્રાય છે કે આજના વર્તમાન સંયોગોમાં આ ભલામણો વ્યવહારુ છે અને આજની વાસ્તવિકતાના સંદર્ભમાં તેનો અમલ અત્યન્ત આવશ્યક છે.

શાન્તિલાલ શાહ સમિતિની આ ભલામણો ભારત સરકાર સમક્ષ વિચારણા અને નિર્ણય માટે રજુ કરવામાં આવી છે અને સંભવ છે કે તેને લગતા કાયદાનો ખરડો થોડા સમયમાં ભારતની લોકસભામાં રજુ કરવામાં આવે. એ સમિતિના રીપોર્ટનો ટુંકો સાર, તા. ૧-૨-'૬૭ના પ્રબુદ્ધજીવનમાં આપવામાં આવ્યો હતો. આ બાબત આજના સામયિકોમાં સારા પ્રમાણમાં ચર્ચાઈ રહી છે, તેથી પ્રબુદ્ધજીવનના વાચકોની જાણકારી તાજી થાય એ ખાતર એ રીપોર્ટની ભલામણો અહીં બીજી વાર પ્રગટ કરવામાં આવી છે.

અમુક સંયોગોમાં ગર્ભપાતને કાનૂની સંમતિ આપવાનો વિચાર અને વિષય આપણા સમાજ માટે તદ્દન નવો છે. આપણા ઉછેરના સંસ્કારના સંદર્ભમાં વિચારતાં 'ગર્ભપાત' શબ્દ જ કોઈને પણ ભડકાવે તેવો છે. આમ છતાં સમયના બદલાતા જતા ચિત્રના સંદર્ભમાં આ પ્રશ્ન વધારે ને વધારે પ્રસ્તુત બનતો જાય છે અને સમયની માગનું રૂપ ધારણ કરતો જાય છે. પચ્ચાસ વર્ષ પહેલાં વિધવા વિવાહના પ્રશ્ન પર સામાજિક અને સાંપ્રદાયિક કોન્ફરન્સો અને પરિષદો ભાંગી જતી હતી. આજે વિધવાવિવાહ અત્યન્ત નિર્દોષ બાબત લાગે છે અને જો વિધુર પુરૂષ બીજી વાર પરણી શકે તો સ્ત્રી પણ

વિલંબ થતાં બીજી વાર પરણે એમાં ખોટું શું કે વાંધાપડતું શું હોય એવો પ્રશ્ન કરવામાં આવે છે. આવી જ રીતે લગ્નવિચ્છેદની બાબત પણ ધીમે ધીમે સમાજના કોઠે પડતી જાય છે અને વસતી-વધારાના કારણે અનિવાર્ય બનેલા કૃત્રિમ ઉપાયો દ્વારા સંતતિનિયમન પણ લોકસંમતિને પામતું જાય છે. આ રીતે ગર્ભપાત પણ જો સ્ત્રીની શારિરીક રક્ષા ખાતર કરવામાં આવે તો તેમાં હવે કોઈને વાંધો ઉઠાવવા જેવું લાગતું નથી અને આવાં ઓપરેશનો હવે અવારનવાર કરાતા હોવાનું સાંભળવામાં આવે છે. જો ગર્ભપાત માટે શારીરિક સ્વાસ્થ્યના મુદ્દાને યોગ્ય અને વ્યાજબી લેખવામાં આવે તો તેવા બીજા મુદ્દાઓ જે શાન્તિલાલ શાહ સમિતિની ભલામણો દ્વારા આગળ કરવામાં આવ્યા છે તેને પણ ગર્ભપાત માટે વ્યાજબી અને યોગ્ય કાનૂની અનુમતિને પાત્ર લેખવા ઘટે.

આ વિચાર સામે એક જ દલીલ કરવામાં આવે કે ઉપર જણાવેલ અપવાદયોગ્ય કિસ્સાઓમાં જો ગર્ભપાતને કાનૂની મંજુરી આપવામાં આવે તો તે ગર્ભપાત તેટલા અપવાદો પૂરતો સીમિત ન રહેતાં તેને છૂટો દોર મળવાનો અને કાયદાનો પૂરો દુરૂપયોગ થવાનો અને તેમાંથી પારવિનાના અનર્થો જન્મવાના. આ ભીતિ સાવ ખોટી છે એમ નહિ કહેવાય. એમ છતાં પણ, આવું જોખમ આ પ્રકારના કોઈ પણ સામાજિક કાનૂન અંગે રહેવાનું જ. દા. ત. લગ્નવિચ્છેદને અમુક સંયોગોમાં અનુમત કરતો કાયદો. આ કાયદાનો દુરૂપયોગ થવાનો પૂરો સંભવ છે, અમુક સંયોગોમાં તેનો દુરૂપયોગ થતો પણ હશે, એમ છતાં પણ એ કાયદાની આવશ્યકતા કે ઔચિત્ય વિશે આજે હવે આપણે શંકા કરતા નથી કે વાંધો ઉઠાવતા નથી. સમાજસુધારકોનું-હિતચિન્તકોનું કર્તવ્ય છે કે સમયની માંગ મુજબ કાનૂની પ્રબંધ નિર્માણ કરતા રહેવું અને તેના સંભવિત દુરૂપયોગ સામે સતત લાલબત્તી ધરતા રહેવું. ગર્ભપાત અંગે અપેક્ષિત કાનૂની પ્રબંધ વિષે પણ આ રીતે જ વિચારવું ઘટે. જે અપવાદો સૂચવવામાં આવ્યા છે તેમાં વધારો યા ઘટાડો થઈ શકે છે. અને તેને લગતી ચર્ચાવિચારણા ખૂબ જ જરૂરી છે, પણ કોઈ પણ સંયોગમાં ગર્ભપાતની વાત જ વિચારી ન શકાય એમ કહેવું યા વિચારવું એ વાસ્તવિકતા આડે આંખમીચામણાં કરવા બરોબર છે. આજે ગેરકાનૂની અને અણઘડ ઊંટવૈદ્યો કે દાઈઓની મારફત ગર્ભપાતની ઘટનાઓ ચોતરફ ચાલ્યા જ કરે છે. તેનું નિયમન કરવું અને જરૂરી અપવાદો માટે કાયદાનો રાજમાર્ગ ખુલ્લો કરવો કે જેથી એવા ગર્ભપાતો તે વિષયના નિષ્ણાત ડૉક્ટરોના હાથે ખુલ્લી રીતે થઈ શકે એ આ નવા વિચારાઈ રહેલા કાનૂની પ્રબંધનો આશય છે. આપણે તેના સ્વરૂપને યથાસ્વરૂપે સમજીએ અને સમાજના હિતમાં જે કાંઈ આવશ્યક લાગે તેનું સમર્થન કરીએ. **પરમાનંદ**

"વિખુટો પડેલો રાક્ષસ"

(તા. ૮મી જુલાઈના 'વીક એન્ડ રીવ્યુ'માંથી સાભાર ઉધ્ધૃત).

થોડાક દિવસો પર ચીને એનો પહેલો હાઈડ્રોજન બૉમ્બ ફોડ્યો. એવા પણ સમાચાર આવ્યા છે કે ચીને Atomic Warhead થી સજ્જ કરેલા આંતરખંડીય રોકેટ – Inter Continental Ballistic Missiles–નો પણ અખતરો કર્યો છે. આ જો સાચું હોય તો ચીને આ વિષયમાં કરેલી પ્રગતિ અંગેના વધુમાં વધુ આશાવાદી અંદાજો પણ ખોટાં ઠરશે. ત્રણથી પાંચ વર્ષની અંદર ચીન પાસે ઉપર જણાવેલા ICBM નો યે મોટો જથ્થો સ્ટોક થશે અને તે પણ અમેરિકા એની સામેના સ્વરક્ષણની સંપૂર્ણ તૈયારી કરી શકે તે પહેલાં. કોઈ પણ દેશ પર આણુ હુમલાનો ભય ઊભો થાય તો રશિયા કે અમેરિકા બેમાંથી કોઈ પણ તેના બચાવ માટે પડખે આવીને ઊભું રહે એ હવે સંભવિત લાગતું નથી. કારણકે તેમ કરવાથી એમનાં પોતાનાં શહેરો ભયમાં મુકાવાની પૂરી શક્યતા છે.

ચીનના આ રીતે સંપૂર્ણપણે અદ્યતન આણુશસ્ત્રોથી સજ્જ થવાને કારણે ચીન પ્રત્યેના આપણા સૌના વલણમાં ફેરવિચારણા કરવાનું અનિવાર્ય બન્યું છે. મોસ્કો અને વૉશિંગ્ટન આવી વિચારણા કરી રહ્યાં છે એ ચોક્કસ છે, જ્યારે નવી દિલ્હી શું વિચારી રહ્યું છે તેની ખબર પડતી નથી.

છેલ્લા બે દશકાથી રશિયા અને અમેરિકા આણુશસ્ત્રો ધરાવે છે, પણ સ્વરક્ષણ અર્થે પ્રતિકાર કરવા સિવાય તેનો ઉપયોગ એ દેશો કરે એવું જણાતું નથી, જ્યારે ચીન પાસે આણુશસ્ત્રો હોવાં એ વધારે ભયજનક છે. ખાસ કરીને એવે સમયે કે જ્યારે દુનિયાના બીજા દેશોથી ચીન લગભગ વિખુટું પડી ગયું છે. છેલ્લા ત્રણ વર્ષથી ચીનને એના આંતરરાષ્ટ્રીય વ્યવહારોમાં એક પછી એક નાલેશી વહોરવી પડી છે. તાજેતરમાં દિલ્હીમાં થયેલાં તોફાનો અને ત્યાર બાદ બર્મા, નેપાલ અને કેનિયામાં થયેલા ચિનવિરોધી દેખાવો–આ વાતની પ્રતીતિરૂપ છે. હવે પછીના એકાદ બે વર્ષમાં જો તેનું નસીબ પાધરું ના ઉતરે તો આણુશસ્ત્રોનો ઉપયોગ કરવાની ધાકધમકી દ્વારા ગુમાવેલી પ્રતિષ્ઠા પુનઃ મેળવવાનો મરણિયો પ્રયાસ ચીન કદાચ કરે એવો પાકો સંભવ છે. અમેરિકા જેવા પોતાની જવાબદારી સમજતા દેશમાં પણ કોરિયાનું યુદ્ધ જીતવા માટે અથવા વિયેટનામમાં ફ્રાન્સને મદદ કરવા માટે અન્ત્રાણુશસ્ત્રોનો ઉપયોગ કરવાનું સૂચન અમુક વર્તુળોએ ગંભીરપણે કર્યું હતું.

બીજી વાત એ છે કે રશિયાની જેમ ચીન પણ આણુશસ્ત્રોનો ઉપયોગ નહીં જ કરે એમ માની લેવું ભૂલભરેલું ગણાશે. સ્તાલિનનું રશિયા અને માઓનું ચીન બે વચ્ચે વિશિષ્ઠ પ્રકારનો તફાવત છે. રશિયા અને અમેરિકા તો એકપક્ષે રહીને એકવાર આખું યુદ્ધ લડયાં છે અને પાછળથી ઠંડા યુદ્ધ દરમ્યાન ગમે તે બન્યું હોય તો પણ તેની અસર કાંઈ છેક જ ભૂંસાઈ જતી નથી. વળી રશિયનોએ તો તેમના એક જીવનકાળ દરમ્યાન બબ્બે વાર સર્વનાશ થતો જોયો છે. એ જ પ્રજામાંથી રશિયાની ૧૯૪૫ પછીની નેતાગીરી જન્મી છે. અને કદાચ એ જ કારણે રશિયાએ નવું યુદ્ધ લડવાનો ખરેખરો ઉત્સાહ કદી દર્શાવ્યો નથી.

ચીનને આમાંની એક પણ વાત લાગુ પડતી નથી. ન તો એને કદી પશ્ચિમના દેશો સાથે સહકારમાં કામ કરવાનો પ્રસંગ સાંપડયો કે નથી તો એને ક્યારે પણ પોતાની ધરતી પર લડાઈ લડવી પડી.

તો પ્રશ્ન એ ઊભો થાય છે કે વિશ્વની શાંતિને જોખમરૂપ બનતા જતા આ વિરાટ રાક્ષસને નાથવાનું કામ આપણે કેવી રીતે કરીશું ? સૌથી પહેલું પગલું તો ચીનને જલ્દીમાં જલ્દી સંયુકત રાષ્ટ્રોમાં દાખલ કરી દેવાનું છે. કોઈ પણ રીતે ચીનને વિશ્વના બધા દેશોના અભિપ્રાયોના સંપર્કમાં મૂકવું જોઈએ. આપણે લાંબા સમય સુધી એની ઉપેક્ષા કરી છે. પરિણામે ચીનની આંતરરાષ્ટ્રીય વર્તણૂક ઉપેક્ષિત બાળક જેવી બની ગઈ છે. જગતના દેશો સાથેનો સંબંધ એને પોતાની જવાબદારીનું ભાન કરાવશે. કદાપિ એમ ના બને તો પણ જગત આજે જે સ્થિતિમાં છે તેથી વધારે ખરાબ સ્થિતિમાં તો મુકાવાનું નથી જ. ચીનને યુનોમાં દાખલ કરવું એ બાબત માત્ર એક સામાન્ય ઔપચારિકતાની બાબત મટીને હવે તો આપણા પોતાના સ્વરક્ષણના વીમા રૂપ બની ગઈ છે.

ચીન જો સુધરશે નહીં અને બધાંની સાથે શત્રુતા ભરેલા સંબંધો રાખવાનું ચાલુ રાખશે તો તેની સૌથી વધારે ને સૌથી જલ્દી અસર ભારત પર પડશે. એટલા જ માટે ચીન પ્રત્યેની આપણી નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે.

એ રીતે વિચાર કરીએ તો સારું થવાની આશા રાખવા સાથે ખરાબ થવાની પણ આપણે તૈયારી રાખવાની છે. ચીનને યુનોમાં દાખલ કરાવવા માટે અમેરિકાને તૈયાર કરવા ઉપરાંત જગતના બીજા દેશોમાં પણ આપણાં એલચીખાતાંઓદ્વારા ભારે કામગીરી બજાવવી પડશે. ચીન સાથેની આપણી સરહદો નક્કી કરવાના બારામાં નવેસર પ્રયત્નો આદરવા જોઈશે. અક્સાઈ ચીન અંગે યોગ્ય છૂટછાટો મૂકવી પડે તો પણ. વળી દુઃખ સાથે જણાવવાનું કે માનવીય અધિકારોની સુરક્ષાના સંદર્ભ સિવાય બીજી બાબતો અંગે તિબેટ વિષે પણ મૌનસેવન વધારે શ્રેયસ્કર લેખાશે.

કોઈપણ બાબતમાં નુકસાન થવાની અપેક્ષાએ તૈયાર રહેવું એ વધારે મુશ્કેલ હોય છે. ચીન જો ભારતને આણુશસ્ત્રોની ધાકધમકી આપવાનો પ્રયત્ન કરશે તો ભારતને ભારતની પ્રજા સિવાય બીજા કોઈનો સહારો નથી. પાયાનો પ્રશ્ન એ છે કે–ઈઝરાયલ અને ઈજીપ્તમાં જેમ બન્યું તેમ–આપણે જો ચીનનો સામનો એકલે હાથે કરવાનું આવી પડે તો આણુશસ્ત્રો બનાવવાથી આપણી સલામતી વધે કે ઘટે ? બીજું આર્થિક રીતે જોઈએ તો અત્યારે અને ભવિષ્યમાં આપણે આણુશકિત પેદા કરવાના વિષયમાં કેટલો ભોગ આપવા તૈયાર છીએ ? આપણા પડોશી દેશો તથા આપણને આર્થિક મદદ કરનારા દેશો પર એની કેવી અને કેટલી અસર પડશે તેનો પણ વિચાર કરવાનો છે.

આ ત્રણે પ્રશ્નોનો જવાબ જરીકે સહેલો નથી જ; તો પણ નરી વાસ્તવિકતાઓના આધાર પર એનો આખરી નિર્ણય થવો જોઈએ.

અનુવાદક:
સુબોધભાઈ એમ. શાહ

અર્ધનારીશ્વર

(૧૯૬૫ના ઑગસ્ટ માસના 'નવનીત'માંથી સાભાર ઉદ્ધૃત)

એમ કહેવાય છે કે બ્રિટનની પાર્લામેન્ટ બધું જ કરી શકે છે, સિવાય કે સ્ત્રીનો પુરુષ અને પુરુષની સ્ત્રી. પરંતુ પૃથ્વી પરની કોઈ પણ સત્તા કરતાં મહાન એવી કોઈ માનવથી ઊંચી સત્તા છે, જે આ પણ કરી શકે છે અને ઘણી વખત કરે પણ છે.

આપણે ઘણી વાર એવા સમાચાર વાંચીએ છીએ કે જાતિ-પલટો થવાને કારણે કોઈ સ્ત્રીમાં પુરુષનાં અથવા કોઈ પુરુષમાં સ્ત્રીનાં જાતીય લક્ષણોનો આવિર્ભાવ થયો. આવી ઘટના કંઈ માત્ર હાલમાં જ બને છે એવું નથી. છેક મહાભારતકાળમાં પણ આમ બનતું હતું એમ શિખંડીના નોંધાયેલા કિસ્સા પરથી જાણવા મળે છે.

હવે પ્રશ્ન એ છે કે આમ બનવાનું કારણ શું હશે. એનો જવાબ આપતાં પહેલાં આપણે ઘણી વાતોનો ખુલાસો કરવો પડશે.

આજનું જીવનવિજ્ઞાન આપણને કહે છે કે જ્યારે સ્ત્રીપુરુષનો સંયોગ થાય છે ત્યારે પુરુષત્વયુક્ત જીન્સ જો વધુ પ્રભાવી હોય અને સ્ત્રીતત્ત્વ—યુક્ત જીન્સ નિષ્પ્રભાવી હોય તો ગર્ભમાં રહેલું બાળક પુરુષ થાય અને જો એનાથી ઊલટું હોય તો બાળક સ્ત્રી થાય. પરંતુ દરેક સંતાનની અંદર બંને પ્રકારનાં જીન્સ રહેલાં તો હોય જ છે. તેમાંનાં જે પ્રભાવી હોય તે નિષ્પ્રભાવીને દબાવી દે છે, અને જેમ બળવાન મલ્લ નિર્બળને તાત્કાલિક રીતે નિષ્ક્રિય બનાવી દે છે, તેમ એ નિષ્પ્રભાવી જીન્સની બાબતમાં પણ બને છે. પણ એનો અર્થ કંઈ એમ નથી કે તેમનો વિનાશ થઈ ગયો હોય છે. આથી કેટલીક વાર સમય આવે ત્યારે તેઓ પાછાં સક્રિય અને સતેજ બની જાય છે અને પોતાનું સ્વાભાવિક કાર્ય કરવા મંડી પડે છે. તેઓ આમ સક્રિય ક્યારે અને કઈ વ્યક્તિમાં થાય છે તે હજી પૂરેપૂરું જાણવા મળ્યું નથી. પરંતુ એમ લાગે છે કે પ્રભાવી—નિષ્પ્રભાવીપણામાં પણ માત્રાભેદ હોવો જોઈએ અને જો કોઈ કિસ્સામાં એ બે વચ્ચેનો ફરક નામનો જ હોય, દાખલા તરીકે પ્રભાવી જીન્સ એકાવન ટકા બળવાળાં અને નિષ્પ્રભાવી ઓગણપચાસ ટકા બળવાળાં હોય, તો તેમની વચ્ચેનું અંતર કોઈક કારણે વિલુપ્ત થઈ જતાં અમુક ઉમરે જાતિપલટો શક્ય બનતો હોય છે.

આપણા પ્રાચીન જ્ઞાન અનુસાર એમ જણાય છે કે ભૌતિક વિશ્વમાં સર્વત્ર મૈથુની (અથવા સ્ત્રી-પુરુષના સંયોગ દ્વારા થનારી) સૃષ્ટિ છે. અને શું સજીવ કે શું નિર્જીવ,—બધી જ સૃષ્ટિ સ્ત્રીતત્ત્વ અને પુરુષતત્ત્વના મિલન દ્વારા જ શક્ય બને છે. આથી તો છેક પરાત્પર બ્રહ્મથી માંડીને સ્થૂળમાં સ્થૂળ સ્થાવર યોનિ સુધી બધું જ યુગલસ્વરૂપ છે એમ પ્રાચીનો કહેતા હતા. બ્રહ્મ અને માયા, એ જોડકું પરાત્પર અથવા વિશ્વાતીતમાં પણ તેમણે આપણને બતાવ્યું છે; તેમ જ ઈશ્વર અને શક્તિ (અથવા ઈશ્વરી)નું યુગલ વિશ્વાત્મક ભૂમિકા ઉપર અને પુરુષ અને પ્રકૃતિનું જોડકું વ્યક્તિગત ભૂમિકા ઉપર તેમણે દર્શાવ્યું છે. ઉપરાંત જગતની રચના કરનારાં જે દિવ્ય તત્ત્વો અથવા સત્ત્વો છે તેમની અંદર પણ આ સ્ત્રીપુરુષભાવ સ્પષ્ટપણે તેમણે રજૂ કર્યો છે. આ જ બધાં દેવ-દેવીઓનાં યુગલો-રૂપે આપણી સમક્ષ આવે છે, જેમાં સર્જક તત્ત્વો બ્રહ્મા અને સરસ્વતીની જોડરૂપે, પાલક સત્ત્વો વિષ્ણુ અને લક્ષ્મીની જોડરૂપે અને સંહારક સત્ત્વો શિવ અને કાલીની જોડરૂપે મુખ્ય છે. પરંતુ આ ત્રણ યુગલો તો પુરાણકાળના સાહિત્યમાં જોવા મળે છે. વેદકાળમાં પણ એવાં જ યુગલોનો, અગ્નિ અને આગ્નેયી, ઇંદ્ર અને ઇંદ્રાણી અથવા શચિ વગેરેનો ઉલ્લેખ છે.

ઉપનિષદ તો કહે જ છે કે આત્મા સૃષ્ટિ પૂર્વે એકલો જ હતો અને એ એકાકીને ગમતું નહોતું. આથી એણે બીજાની ઈચ્છા કરી, અને એણે 'જાયા' (પત્ની)ને સર્જી. બીજું એક ઉપનિષદ પણ આ જ વાત દર્શાવ્યા બાદ આગળ કહે છે: આત્માએ પોતાના સ્વરૂપના જ બે વિભાગ કર્યા. એ બે વિભાગ તે સ્ત્રી અને પુરુષ. એ બંનેએ દરેક ભૂમિકા પર પોતાની ક્રીડા આરંભી. માનવભૂમિકા પર એક પતિ બન્યો અને બીજી પત્ની બની, એમના મિથુનમાંથી મનુષ્યો જન્મ્યા. બીજી ભૂમિકાઓ પર એક વૃષભ બન્યો તો બીજી ગાય બની, એક ઘોડો બન્યો તો બીજી ઘોડી બની, એ રીતે છેક કીડી જેવાં નાનાં પ્રાણીની ભૂમિકા સુધી જોડકાં ઊભાં થયાં અને એ દરેક યુગલમાંથી મૈથુની સૃષ્ટિરૂપે પ્રાણીમાત્ર ઉત્પન્ન થયાં.

આ જ વાત ઉપનિષદો ઉપરાંત કેટલાક બ્રાહ્મણ ગ્રંથોમાં પણ એક જુદા રૂપે દર્શાવવામાં આવી છે. જેને આપણે સામાન્ય રીતે પુરુષ અને સ્ત્રી તત્ત્વરૂપે નિર્દિષ્ટ કરીએ છીએ તે જ બાબતનો આ ગ્રંથો અગ્નિ અને સોમ શબ્દો વડે ઉલ્લેખ કરે છે અને કહે છે કે આખું જગત એ બે તત્ત્વોમાંથી જ ઉત્પન્ન થયું છે, અગ્નિષોમાત્મકં જગત્। પુરુષતત્ત્વ આગ્નેય છે, સ્ત્રીતત્ત્વ સૌમ્ય છે. એ બંનેનાં મિલન દ્વારા જ આકૃતિઓનું નિર્માણ શક્ય બને છે. સજીવ અને નિર્જીવ બંને પ્રકારની આકૃતિઓની સૃષ્ટિની બાબતમાં આ જ સિદ્ધાંત રહેલો છે. માનવ અને પ્રાણીઓ તથા જીવજંતુઓ તો સ્પષ્ટપણે જ આ બે તત્ત્વોના જોડાણ દ્વારા ઉપન્ન થાય છે. પરંતુ વનસ્પતિઓની બાબતમાં પણ એમ જ બને છે. ફૂલમાં રહેલા પુંકેસરની પરાગરજ સ્ત્રીકેસર દ્વારા નીચે રહેલા ગર્ભાશયમાં જ્યારે સિંચાય છે ત્યારે બીજની ઉત્પત્તિ થાય છે. આમ આખી વનસ્પતિ-સૃષ્ટિ મિથુનજન્ય જ છે. નિર્જીવ પદાર્થો જે ભૌતિક દ્રવ્યમાંથી ઘડાય છે તેમાં પણ મૂળમાં સ્ત્રી અને પુરુષ તત્ત્વો છે જ. આજનું સાયન્સ આપણને કહે છે કે સમસ્ત જડતત્ત્વનું નિર્માણ શક્તિમાંથી થાય છે અને એ શક્તિ વિદ્યુત્‌શક્તિ છે. હવે આ વિદ્યુત્‌ શક્તિનાં બે સ્વરૂપો છે: એક પુરુષરૂપ (પૉઝિટિવ) અને બીજું સ્ત્રીરૂપ (નૅગેટિવ). જડતત્ત્વના ઘડાયેલા દરેક પદાર્થના મૂળ આરંભક દ્રવ્યરૂપ પરમાણુઓ પણ વિદ્યુતના આ બેવડા સ્વરૂપને કારણે જ પ્રોટૉન અને ઈલેક્ટ્રોન એવાં બે રૂપમાં બની જાય છે.

સ્ત્રી અને પુરુષ વચ્ચે જે પરસ્પરનું આકર્ષણ છે તે પણ માત્ર સજીવ સૃષ્ટિમાં જ નથી, પરંતુ નિર્જીવ લેખાતા પ્રોટૉન અને ઈલેક્ટ્રોન વચ્ચે પણ છે. આ આકર્ષણનું કારણ એ છે કે દરેક પ્રાણી અને પદાર્થમાં પૂર્ણતા પ્રાપ્ત કરવાની કામના સ્વાભાવિક છે; આથી કોઈની અંદર જે કંઈ ન હોય તેના પ્રત્યે એની વૃત્તિ થાય. સ્ત્રી અને પુરુષ એક જ આત્માનાં બે અડધિયાં છે, બૃહદારણ્યક ઉપનિષદ્ જેમ કહે છે તેમ 'અર્ધબૃગલ' છે અર્થાત એક જ દાણાની બે ફાડ છે. પછીના જમાનાઓમાં જેમ કહેવાનું આવ્યું છે તેમ એકબીજાના અર્ધાંગ છે, પૂરક છે. દરેક પોતે અર્ધ હોવાથી જ પોતાના બીજા અર્ધ પ્રત્યે આકર્ષાય છે અને એની સાથે પોતાના જોડાણ વડે આખું અથવા પૂર્ણ થવા ચાહે છે.

આ જ ખ્યાલ આપણા પ્રાચીન ગ્રંથોમાં 'અર્ધનારીશ્વર'ની કલ્પના દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. અર્ધનારીશ્વર શિવ અને પાર્વતીનું યુગલ સ્વરૂપ છે. ચિત્રકારો અને શિલ્પીઓ એની પ્રતિમામાં શરીરનું સમસ્ત જમણું અંગ શિવનું અને ડાબું અંગ પાર્વતીનું દર્શાવે છે. પરંતુ આ તો માત્ર કલાકારની કલ્પના છે. મૂળમાં તો આના કરતાં કંઈક જુદી જ વાત રહેલી હતી. એક જ શરીરના બે વિભાગો, જમણું અને ડાબું અંગ કંઈ પુરુષ અને સ્ત્રી નથી. પુરુષ અને સ્ત્રીતત્ત્વો તો શરીરનાં અંગેઅંગમાં, કોશેકોશમાં, આણુએ આણુમાં વ્યાપક છે. જેમ આજનું જીવનવિજ્ઞાન બતાવે છે તેમ અને પ્રાચીનકાળના રહસ્યજ્ઞો જાણતા હતા તેમ, જ્યાં પુરુષતત્ત્વ પ્રભાવી હોય ત્યાં પાછળ સ્ત્રીતત્ત્વનિષ્પ્રભાવી સ્વરૂપે રહેલું જ હોય, અને જ્યાં સ્ત્રીતત્ત્વ પ્રભાવી હોય ત્યાં પુરુષતત્વ નિષ્પ્રભાવી સ્વરૂપે એની પાછળ રહેલું જ હોય.

અર્ધનારીશ્વરની પાછળ આ જ સત્ય રહેલું છે. શિવ આમ તો સંન્યાસી છે અને ઉપભોગથી પરાઙ્‌મુખ છે. પરંતુ તે પાર્વતીને પોતાની અર્ધાંગના તરીકે સ્વીકારે છે. જગતમાં બધું જ જ્યાં યુગલ-સ્વરૂપ છે ત્યાં કોઈ પણ સત્ત્વ આ આકર્ષણમાંથી છટકી શકે એમ નથી. મૂળમાં જ જ્યાં પરમ તત્ત્વમાં બ્રહ્મ અને માયાનું યુગલ છે ત્યાં એમાંથી આવિર્ભૂત થયેલી સૃષ્ટિ એનાથી જુદા રૂપની કેવી રીતે હોય?

આજનું જીવનવિજ્ઞાન આપણને કહે છે કે આ સ્ત્રીપુરુષ-ભાવ કંઈ આખાયે જગતમાં સર્વત્ર આપણને નજરે પડતો નથી. ઍમિબા અને કેટલાક પ્રકારના બૅક્ટિરિયા જેવાં જંતુઓમાં આ બંને તત્ત્વો એક જ વ્યક્તિગત જંતુમાં એકીસાથે જોવા મળે છે અને તેથી તેઓ આ સામાન્ય નિયમના અપવાદો છે. બીજા શબ્દોમાં

કહીએ તો જીવનવિજ્ઞાનના મત અનુસાર જગતમાં મોટા ભાગનાં સત્ત્વો એકલિંગી હોવા છતાં કેટલાંક સત્ત્વો ઉભયલિંગી છે. આ દ્વિલિંગી અથવા ઉભયલિંગી સત્ત્વોને અંગ્રેજીમાં Bi-sexual કહેવામાં આવે છે. તેમને જ ગ્રીક ભાષામાં હર્મેફ્રોડાઈટ કહેવામાં આવતાં હતાં. હર્મેફ્રોડાઈટ શબ્દ હર્મીસ અને ઍફ્રોડાઈટ એવા બે શબ્દોમાંથી નિષ્પન્ન થયેલો સમાસ છે. આમાં હર્મીસ પુરુષતત્ત્વ છે અને ઍફ્રોડાઈટ (જે ગ્રીક સાહિત્યની દેવી રતિ અથવા વિનસનું જ બીજું નામ હતું તે) સ્ત્રીતત્ત્વ છે. આપણી અર્ધનારીશ્વરની કલ્પના અને ગ્રીક સાહિત્યની હર્મેફ્રોડાઈટની કલ્પના એક જ વાતનો નિર્દેશ કરે છે. કોઈ પણ એક જ વ્યક્તિગત જંતુમાં બંને લિંગોનાં લક્ષણો એકીસાથે રહ્યાં હોય અને જેનો વંશવિસ્તાર બે વ્યક્તિના મિથુન દ્વારા નહિ થતો હોય તેવા જંતુને દ્વિલિંગી અથવા હર્મેફ્રોડાઈટ કહેવામાં આવે છે. આવાં સત્ત્વો પોતાના સ્વરૂપના બે વિભાગો કરીને પોતાનો વંશ ચાલુ રાખે છે. આ પદ્ધતિને દ્વિવિભાજન પદ્ધતિ કહેવામાં આવે છે. આવાં ઍમિબા, બૅક્ટિરિયા વગેરે સત્ત્વો એટલાં સૂક્ષ્મ છે કે તેમની જીવનચર્યા જોવા અને સમજવા માટે માઈક્રોસ્કોપનો ઉપયોગ કરવો પડે છે. જીવનવિજ્ઞાન આપણને કહે છે કે જે વિકસિત જીવયોનિઓ છે તેમાં તો બે લિંગો છૂટાં પડી ગયેલાં હોય છે, પરંતુ આરંભ દશાના જીવનની ભૂમિકા પરની જીવયોનિઓમાં આવું દ્વિલિંગિત્વ જોવા મળે છે.

હવે પ્રશ્ન એ છે કે આવી દ્વિલિંગી જાતિઓ મૈથુની સૃષ્ટિની સર્વવ્યાપકતાના સિદ્ધાંતના અપવાદરૂપ છે? એ વાત તો સર્વસ્વીકૃત છે કે દ્વિલિંગી જાતિઓમાં પણ બંને લિંગોનાં શારીરિક લક્ષણો તો છે જ. માત્ર એ બંને પ્રકારનાં લક્ષણો એક જ વ્યક્તિમાં સાથે હોય છે એટલો જ તફાવત દ્વિલિંગી અને એકલિંગી જીવનયોનિઓ વચ્ચે છે. જેમ વનસ્પતિઓમાં એક જ ફૂલમાં પુંકેસર અને સ્ત્રીકેસર બંને સાથે હોય છે અને તેમની અંદર પણ સ્વયંફલીકરણની પદ્ધતિ વડે બીજરૂપ સંતાનની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે તેના જેવું જ આ છે. એનું કારણ તો એ છે કે જીવન જ્યારે આરંભદશાનું હોય છે ત્યારે એણે ગ્રહણ કરેલા સ્થૂલ શરીરમાં વિશેષીકરણ (સ્પેશિયલાઈઝેશન) ન થયું હોવાને કારણે બે લિંગોનું વિભાજન થયેલું હોતું નથી. પરંતુ એનો અર્થ કંઈ એમ નથી થતો કે ત્યાં મૈથુની સૃષ્ટિ પણ નથી. જો બંને લિંગોનાં લક્ષણો હાજર હોય તો પછી બંને લિંગો તો ત્યાં છે જ અને એ બેની વચ્ચેનો સંબંધ એક જ વ્યક્તિગત સત્ત્વમાં થતો હોય, કે બે જુદાં વ્યક્તિગત સત્ત્વો વચ્ચે થતો હોય એ તો માત્ર વિગતોનો જ તફાવત છે. મૂળ સિદ્ધાંતમાં એનાથી કશો બાધ આવતો નથી. આના જેવું જ એક બીજું પણ ઉદાહરણ છે અને તે છે ઈંદ્રિયગોલકોનું વિશેષીકરણ. વનસ્પતિ-જાતિઓમાં પ્રાણીજાતિઓનાં જેવાં વિશેષિત (સ્પેશિયલાઈઝ્ડ) ઈંદ્રિયગોલકો નથી, કેમ કે તેમનામાં ઈંદ્રિયોનું—જોવા, સાંભળવા વગેરે શક્તિઓનું વિશેષીકરણ થયું નથી, એટલે કે જેમ પ્રાણીઓ માત્ર આંખ વડે જ જુએ, કાન વડે જ સાંભળે ઈત્યાદિ તેવું વનસ્પતિઓમાં નથી. પરંતુ તેથી કંઈ એમ નથી ઠરતું કે વનસ્પતિઓમાં જોવા-સાંભળવા વગેરેની શક્તિઓ જ નથી. તેઓ પણ જુએ અને સાંભળે તો છે જ, પરંતુ તેમના આખા શરીર દ્વારા તેઓ આ કાર્યો કરે છે, કેમ કે તેમનામાં વિશેષિત ઈંદ્રિયગોલકો ન હોઈ, એ શક્તિ તેમના આખા સ્વરૂપમાં સર્વત્ર વ્યાપક છે.

આ સમીક્ષા પરથી આપણે એવા નિર્ણય પર આવી શકીએ છીએ કે આખા જગતમાં સર્વત્ર મૈથુની સૃષ્ટિ જ છે અને એનો કોઈ પણ અપવાદ હજી સુધી આપણી જાણમાં નથી. ઉપરાંત, જીવનની આરંભદશામાં અવિભાજિત લિંગોની જે પરિસ્થિતિ હતી તેનાં લક્ષણો લિંગોનું વિશેષીકરણ અને વિભાજન થયાં છતાં હજી બાકી રહી ગયાં છે, અને તેથી દરેક સ્ત્રીસત્ત્વમાં અંદર પુરુષતત્ત્વ અને દરેક પુરુષસત્ત્વમાં અંદર સ્ત્રીતત્ત્વ આપણને માલૂમ પડે છે.

આ ઊલટું તત્ત્વ કંઈ માત્ર એક સિદ્ધાંત તરીકે જ દરેકની અંદર રહેલું નથી, પણ આપણને ન જણાય એવી રીતે સક્રિય છે. એ નિષ્પ્રભાવી છે એમ આપણે કહીએ છીએ પણ એનો અર્થ એમ નથી કે એ નિષ્ક્રિય પડેલું છે. દરેક પુરુષમાં સ્ત્રીના શારીરિક તેમ જ માનસિક લક્ષણો અને દરેક સ્ત્રીમાં પુરુષનાં શારીરિક તેમ જ માનસિક લક્ષણોનું જે કંઈ થોડુંઘણું પ્રાકટ્ય આપણને જોવા મળે છે, તે આ 'નિષ્પ્રભાવી' લેખાતા તત્ત્વને જ આભારી છે. કેટલીક સ્ત્રીઓમાં પુરુષના જેવા દાઢી અને મૂછના આછા વાળ, કર્કશ ઘાંટો વગેરે અને કેટલાક પુરુષોમાં સ્ત્રીઓનાં જેવાં વૃદ્ધિ પામેલાં સ્તનો, તીણો અવાજ વગેરે જે જોવા મળે છે તે આનાં જ ઉદાહરણો છે. આ શારીરિક લક્ષણો ઉપરાંત માનસિક લક્ષણો પણ સ્ત્રીનાં પુરુષમાં અને પુરુષનાં સ્ત્રીમાં ઘણી વખત જણાય છે. આપણે જેને પુરુષમાં બાયલાપણું અને સ્ત્રીમાં 'ઍમૅઝોન'પણું (રાઠોડીપણું, હિડિંબાપણું) કહીએ છીએ તે આ માનસિક લક્ષણોના ઊલટાસૂલટાપણાનાં ઉદાહરણો છે.

આનાથી પણ એક પગલું આગળ વધીને આપણે એમ કહી શકીએ કે દરેક પુરુષ માત્ર બહાર જ પુરુષ છે, પણ અંદર તો શારિરિક* અને માનસિક બંને રૂપે સ્ત્રી જ છે, અને દરેક સ્ત્રી માત્ર બહાર જ સ્ત્રી છે, પણ અંદર શારીરિક અને માનસિક બંને રૂપે પુરુષ છે. આવું વિધાન સહેલાઈથી કોઈને ગળે ઊતરે તેવું નથી, પણ સત્ય છે.

અને 'અર્ધનારીશ્વર' આપણને આ જ સત્ય બતાવનારું એક રહસ્યમય પ્રતીક છે. સામાન્યપણે શિવ જ અર્ધનારીશ્વર તરીકે ઓળખાય છે, પણ રાધા અને કૃષ્ણનું યુગલ પણ ઘણી વખત કલાકારો વડે લગભગ શિવપાર્વતીના યુગલ જેવું જ આલેખવામાં આવે છે. વળી, પેલા ભજનમાં, રાધા જ્યારે કૃષ્ણને કહે છે કે, 'જો હું કૃષ્ણ બનું અને તું રાધા બને...' ત્યારે અજાણપણે આ જ સત્ય એ શબ્દોમાં વણાઈ ગયેલું આપણને દેખાય છે.

અને એ સત્ય પરથી બીજું સત્ય એ ફલિત થાય છે કે કોઈ પણ સત્ત્વ સંપૂર્ણપણે પુરુષ નથી અથવા સંપૂર્ણપણે સ્ત્રી પણ નથી, પરંતુ હંમેશ ન્યૂનાધિક અંશે બંનેનું મિશ્રાણ જ હોય છે. વેદ અને ઉપનિષદ્ આ વાત દર્શાવતાં આપણી સમક્ષ એકબીજાથી તદ્દન ઊલટાંસૂલટાં બે વિધાનો મૂકે છે, તેમાંનું એક છે:

* त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी

'તું સ્ત્રી છે, તું પુરુષ છે, તું કુમાર છે અને તું જ કન્યા છે.' અને બીજું છે:

नैव स्त्री न पुमानेष्य न चैवायं नपुसंकः ।
यद् यच्छरीरमायुत्ते तेन तेन स युज्यते ।।

—'એ (આત્મા) સ્ત્રી પણ નથી અને પુરુષ પણ નથી અને નપુંસક પણ નથી, એ જે જે શરીરને ગ્રહણ કરે છે તેની તેની સાથે જોડાય છે.'

અલબત્ત, એ શક્યતા તો છે જ કે જગતમાં મૈથુની સૃષ્ટિનો આરંભ થયો ત્યાર પહેલાં કદાચ કોઈ બીજા જ પ્રકારની કે પ્રકારોની સૃષ્ટિ હોય. અને આપણા પ્રાચીન પુરાણોમાં આવી સૃષ્ટિનો ઉલ્લેખ આવે છે. એવી એક પ્રકારની સૃષ્ટિને તેઓ માનસી સૃષ્ટિ કહે છે. પરંતુ એ પ્રકારની સૃષ્ટિ ખરેખર ભૌતિક દ્રવ્યમાં થયેલી સૃષ્ટિ હતી કે પછી કોઈ બીજા જ સૂક્ષ્મ દ્રવ્યમાં થયેલી સૃષ્ટિ હતી તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. કદાચ એવી માનસી સૃષ્ટિ ભૌતિક જગતમાં નિર્મિત ભૌતિક સૃષ્ટિ નહિ હોય, પણ એની પૂર્વાવસ્થા રૂપે કે મૉડેલરૂપે કોઈ સૂક્ષ્મ મનોમય જગતમાં રચાયેલી સૃષ્ટિ હોય એ પણ સંભવિત છે. વળી એ શક્યતા પણ છે જ કે ભાવિમાં મૈથુની સૃષ્ટિ બિલકુલ જ નહિ હોય અથવા તો એની સાથે સાથે બીજા કોઈ પ્રકાર કે પ્રકારોની સૃષ્ટિ પણ પ્રગટ થાય.

પરંતુ આ ભૂતકાળ અને ભાવિને બાજુએ મૂકીએ તો વર્તમાનમાં તો આપણા જગતમાં મૈથુની સૃષ્ટિ બિનહરીફ પ્રવર્તતી હોય એમ સ્પષ્ટ દેખાય છે. અને તેથી જ અર્ધનારીશ્વરનું પ્રતીક સંપૂર્ણપણે ઔચિત્યયુક્ત છે.

રજનીકાન્ત મોદી

* દા. ત. સ્ત્રીના યોનિ ભાગમાં અંદર રહેલું ક્લિટોરિસ નામનું અવયવ પુરુષની જનનેંદ્રિયનું જ અવિકસિત રૂપ છે એમ વૈજ્ઞાનિકો કહે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓને આર્થિક સિંચન આપો!

નમ્ર નિવેદન

સુજ્ઞ બંધુ/ભગિની,

બાર મહિનાના ગાળે આપણે ફરી ભેગા થઈએ છીએ એનો આપને અને અમને આનંદ થાય છે. પર્યુષણ પર્વ દરમ્યાન ચાલતી આપણી આ જ્ઞાન-યાત્રા વર્ષોથી ચાલે છે. આપમાંનાં ઘણાખરા જૂના મિત્રો છે, જ્યારે સારી સંખ્યામાં નવા મિત્રો પણ આ વ્યાખ્યાનમાળામાં રસપૂર્વક ભાગ લેતા થયા છે અને નિયમિત આવો છે. આ વ્યાખ્યાનમાળાએ એક આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને એનું કારણ વિશિષ્ટ કોટીના વક્તાઓ અને શિક્ષિત, સંસ્કારી શ્રોતાઓ. અમે અમારા આપ સૌનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

આ જ્ઞાનપર્વમાં આપણે કંઈક નવું જ સાંભળીએ છીએ અને આ આપણને સાંભળવું ગમે છે; કારણ આ આપણા હૃદયને સ્પર્શે છે. આઠ નવ દિવસમાં આપણને અનેક દિશામાંથી પ્રકાશ મળે છે જે પ્રસન્નતા લાવે છે; કંઈક અજબ અનુભૂતિ કરાવે છે: 'બસ - આજ સાંભળવું હતું.' 'બસ, આજ આજ' આમ કોઈ દિવ્ય સંવેદન આપણને સ્પર્શી જાય છે:

... જ્ઞાનયાત્રાની આ ફલશ્રુતિ છે.

... પણ, સાથે સાથે, થોડી અંગત વાતો પણ આપણે કરવી જોઈએ, અમારે આપને કહેવી જોઈએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા આડત્રીસ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા અને પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'; સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય અને વૈદ્યકીય રાહત; વિશિષ્ટ વ્યક્તિઓની સાથે મિલનો, વાર્તાલાપો અને નાના મોટા શૈક્ષણિક પ્રવાસો વિગેરે પ્રવૃત્તિ ચલાવે છે. આમાં વાચનાલય અને પુસ્તકાલયને મળતા દાનને કરવેરા - મુક્તિનું પ્રમાણપત્ર મળેલ છે. આ બધી પ્રવૃત્તિ પાછળ સારો એવો ખર્ચ આવે છે અને ઉત્તરોત્તર ખર્ચ વધતો જાય છે, પણ શ્રદ્ધા એ એક મોટી મૂડી છે. મોટી શક્તિ છે. અમે શ્રદ્ધા રાખી છે અને આપે અમને કદિય નિરાશ કર્યા નથી.

અને એ જ શ્રદ્ધા સાથે બાર મહિનાનાં ગાળે ફરી એક વાર અમે આપનાં ઉદાર અને સહૃદયી દિલનાં દ્વાર પાસે થેલી લઈને આવ્યા છીએ. જેટલું વધારે આપશો એટલું વધારે અમારા કાર્યને જોર મળશે. આટલું જ આપને અમારે કહેવું છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૩.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

તો એ પણ રદ કરીશું?

"શરાબબંધી અમલમાં હોવા છતાં લોકો તેનો છડેચોક ભંગ કરે છે, એટલે એ નીતિ નિષ્ફળ ગઈ છે. માટે શરાબબંધી રદ થવી ઘટે." એક પત્રકારે મુંબઈની પત્રકાર પરિષદમાં શ્રી રવિશંકર મહારાજ આગળ દલીલ કરી.

શ્રી રવિશંકર મહારાજ થોડી વાર એ પ્રશ્નકર્તા સામે જોઈ રહ્યા, પછી પૂછ્યું;

"મુંબઈમાં ચોરીઓ થાય છે?"

"હા."

"પોલિસખાતું છે છતાં ચોરીઓ થાય છે?"

"હા જી."

"જો ચોરીઓ રોકવા માટે પોલિસખાતું હોવા છતાં ચોરીઓ થતી હોય તો પોલિસખાતું નિષ્ફળ ગયું છે, એને પણ આપણે કાઢી નાખશું?"

શ્રી રવિશંકર મહારાજના આ પ્રશ્નનો પ્રશ્નકર્તા પાસે જવાબ ન હતો.

વિષયસૂચિ

		પૃષ્ઠ
સંસ્કૃતિનું ભૂત	ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી	૭૩
પ્રકીર્ણ નોંધ: મહાનુભાવ સ્વ. મણિભાઈ બાલાભાઈ નાણાવટી, સ્વ. સૌ. મુદ્રિકાબહેન, દેશના શિક્ષણમાધ્યમ અંગે વિશેષ વિચારણા, આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાના એક નવા વ્યાખ્યાતાનો પરિચય.	પરમાનંદ	૭૪
આજના વૈચારિક ધુંધળાપણાના વિદારણ અર્થે અભિનવ અભિગમ:	વિમળાબહેન ઠકાર	૭૭
ઑફીસે જતી પત્નીઓ વિષે.	પી. એસ. ગોપાલન	૭૮
કેવા સંયોગોમાં ગર્ભપાતને કાનૂની રક્ષણ મળવું ઘટે?	પરમાનંદ	૭૯
વિખુટો પડેલો રાક્ષસ	અનુ. સુબોધભાઈ એમ. શાહ	૮૦
અર્ઘનારીશ્વર.	રજનીકાન્ત મોદી	૮૧

સાભાર સ્વીકાર

સદાચાર: લેખક: રેવરન્ડ ફાધર સી. જી. વાલેસ, ઠે: સેન્ટ ઝેવીયર્સ કોલેજ, અમદાવાદ, ૯, કિંમત: પૈસા ૭૫.

જૈન ધર્મ અને માંસાહાર: લેખક: શ્રી રતિલાલ મફાભાઈ શાહ, માંડલ, (જિલ્લો અમદાવાદ,) કિંમત રૂા. ૨.૫૦.

સબરસ: લેખક: ડો૦ કાન્તિલાલ શાહ, પ્રાપ્તિસ્થાન: મેસર્સ એન. એમ ત્રિપાઠી, પ્રા. લિ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨-કિંમત રૂા. ૩

આર્થિક આયોજન: લેખક: શ્રી રામુ પંડિત, પ્રકાશક: પ્રાચ્ય વિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.

સહકાર: લેખક: શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ, પ્રકાશક: અમદાવાદ જિલ્લા સહકારી સંઘ, સરદાર વલ્લભભાઈ માર્ગ, અમદાવાદ, કિંમત: રૂા. ૫.

આરોગ્યમંજરી: લેખક: દેસાઈ વાલજી ગોવિંદજી: પ્રકાશક: શ્રી અશોક દેસાઈ, ૧૪ ગણેશવાડી, પૂના, ૪-કિંમત રૂા. ૧-૫૦.

મેરા ધર્મ: કેન્દ્ર ઔર પરિધિ: લેખક: આચાર્ય તુલસી; પ્રકાશક: શ્રી કમલેશ ચતુર્વેદી, આદર્શ સાહિત્ય સંઘ, ચુરુ, રાજસ્થાન, કિંમત રૂા. ૨.૨૫

તટ દો: પ્રવાહ એક: લેખક: મુનિ નથમલજી, પ્રકાશક તથા કિંમત ઉપર મુજબ.

નૈતિકતા કા ગુરુત્વાકર્ષણ: લેખક: મુનિ નથમલજી; પ્રકાશક તથા કિંમત ઉપર મુજબ.

સંઘના સભ્યોને અનુરોધ

સંઘનું નવું વર્ષ શરૂ થયાને આઠ મહિના લગભગ થવા આવ્યા એમ છતાં ઘણા સભ્યોનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ હજુ સુધી વસૂલ થયું નથી. આવા સર્વ સભ્યોને પરિપત્રથી પર્યુષણ પહેલાં ખબર આપવામાં આવશે તે પરિપત્ર ધ્યાનમાં લઈને, સંઘના કાર્યાલયમાં અથવા તો વ્યાખ્યાનસભાઓ દરમિયાન અધિકૃત વ્યક્તિને પોતપોતાનું લવાજમ પહોંચતું કરવા આગ્રહપૂર્વક અનુરોધ છે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૧૯૬૭ના ઑગસ્ટ માસની ૩૧મી તારીખ ગુરુવારથી સપ્ટેંબર માસની ૮મી તારીખ શુક્રવાર સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પ્રાધ્યાપક શ્રી ગૌરીશંકર ચુનીલાલ ગાલા શોભાવશે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી ઉપર આવેલા 'બિરલા ક્રીડા કેન્દ્ર'માં ભરવામાં આવશે. વ્યાખ્યાનસભા સવારના ૮-૩૦ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

તારીખ			વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૩૧	ઑગસ્ટ	ગુરૂવાર	કાકાસાહેબ કાલેલકર	સમન્વયયાત્રા
	,,	,,	પ્રીન્સીપાલ ચૈર્યબાળા વોરા	સત્યં, શિવં, સુન્દરમ્
૧	સપ્ટેમ્બર	શુક્રવાર	આચાર્ય રામપ્રસાદ બક્ષી	ઉપનિષદોનું હાર્દ
	,,	,,	સૌ. મૃણાલિની દેસાઇ	મહારાષ્ટ્રના સન્તોનો પ્રજાઘડતરમાં ફાળો
૨	,,	શનિવાર	પ્રાધ્યાપક દલસુખભાઇ માલવણિયા	સાર્વભૌમ સ્યાદ્વાદ-અનેકાન્તવાદ
	,,	,,	શ્રી સનત મહેતા	વિકસતા ગુજરાતનાં નવાં પરિમાણો
૩	,,	રવિવાર	આચાર્ય ઝીણાભાઇ દેસાઇ	આપણી ઉગતી પેઢી અને સમાજ
	,,	,,	શ્રી બબલભાઇ મહેતા	સર્વોદય એટલે અન્ત્યોદય
	,,	,,	સૌ. મધુબહેન ભટ્ટાચાર્ય	ભજનો
૪	,,	સોમવાર	પ્રાધ્યાપિકા ડૉ. ઉષાબહેન મહેતા	ભારતનું શિક્ષણમાધ્યમ
	,,	,,	પ્રાધ્યાપિકા તારાબહેન શાહ	ગૌતમસ્વામી
૫	,,	મંગળવાર	શ્રી રઘુભાઇ શાસ્ત્રી	ઉપવાસનું વિજ્ઞાન
	,,	,,	રેવરન્ડ ફાધર વાલેસ	ભગવાન ઇશુ
૬	,,	બુધવાર	સૌ. પુકુલ જયકર	ભારતની સાંસ્કૃતિક કટોકટી
	,,	,,	રેવરન્ડ ફાધર વાલેસ	ધર્મ અને વિજ્ઞાન
૭	,,	ગુરુવાર	શ્રી ઉષાકાન્ત લાદીવાળા	ધર્મ અને વિજ્ઞાનની દૃષ્ટિએ આત્મતત્ત્વ
	,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	ભગવાન મહાવીર
	,,	,,	શ્રી ઉષાકાન્ત લાદીવાળા	ભજનો
૮	,,	શુક્રવાર	આચાર્ય પ્રતાપરાય ટોલિયા	ભજનો
	,,	,,	આચાર્ય રજનીશજી	જીવન

વ્યાખ્યાનસભામાં સમયસર ઉપસ્થિત થવા અને સભા દરમિયાન પૂરી શાન્તિ જાળવવા સુજ્ઞ શ્રોતાઓને વિનંતી છે.

તા. ૩૧-૮-૬૭થી ૮-૯-૬૭
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ
મુંબઇ-૩

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો.

સત્યં શિવં સુંદરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦૦-૫૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો:
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રીકાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૫૦, પોસ્ટેજ ૦૦-૨૫

'પ્રબુદ્ધ જીવન'ની ફાઈલો: કિંમત રૂા. ૧૦
પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો * વાર્ષિક લવાજમ રૂા. ૭
મળવાનું ઠેકાણું:
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્ય શિવ સુન્દરમ કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ

Regd. No. MH. 117
વાર્ષિક ફ્લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૬૭, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

"જૈન ધર્મનું હાર્દ": 'Essence of Jainism'

[આજથી લગભગ બાર મહિના પહેલાં, કલકત્તામાં જૈન ભવન નામની સંસ્થા છે (ઠે: પી. ૨૫, કલાકાર સ્ટ્રીટ, કલકત્તા–૭) તેના મંત્રી શ્રી મોતીચંદ ભુરા તરફથી 'Essence of Jainism' 'જૈન ધર્મનું હાર્દ'–એ નામની અત્યંત સુરુચિપૂર્વક તૈયાર કરવામાં આવેલી અંગ્રેજી પુસ્તિકા મને મળેલી. એ મૂળ હિંદીમાં શ્રી પુરણચંદ શ્યામસુખાજીએ લખેલી છે; તેનો આ અંગ્રેજી અનુવાદ શ્રી ગણેશ લાલવાણીએ કરેલો છે. આ પુસ્તિકા વાંચીને મને ઘણો આનંદ થયો. જૈન ધર્મને સંક્ષેપમાં સમજવા માટે આ પુસ્તિકા મને બહુ જ ઉપયોગી લાગી. તેનો અનુવાદ કરી આપવા શ્રી મેનાબહેન નરોત્તમદાસને મેં વિનંતિ કરી. આ અનુવાદ માટે તેમની બે પ્રકારે યોગ્યતા હતી. એક તો તેઓ કુશળ અનુવાદક છે; બીજું જૈન ધર્મના તેઓ સારા જાણકાર છે. તેમણે બહુ ચોકસાઈથી અનુવાદ કરીને મને પહોંચાડ્યો. એક યા બીજા કારણે એ અનુવાદ મારી પાસે ઠીક સમય સુધી પડી રહ્યો. આજે જ્યારે જૈન સમાજ પર્યુષણ પર્વની ઉપાસનામાં નિમગ્ન છે અને શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલી રહી છે ત્યારે શ્રી મેનાબહેનનો ઉપર જણાવેલ અનુવાદ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતાં હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું. અનુવાદની પ્રસાદમયતા વાંચનારને આલ્હાદનો અનુભવ કરાવે તેવી છે. સ્વાધ્યાય માટે આ અનુવાદ ખૂબ ઉપયોગી બને તેવો છે. જેઓ જૈન ધર્મના જાણકાર હશે તેમને તેમની જાણકારી તાજી કરવામાં આ અનુવાદ મદદરૂપ થશે. જેઓ જૈન ધર્મની વિચારસરણીથી પરિચિત નહિ હોય તેમને આ અનુવાદ દ્વારા જૈન ધર્મનો સંક્ષેપમાં પરિચય પ્રાપ્ત થશે. જિજ્ઞાસુ માટે આ નિબંધ પાઠયપુસ્તક જેવો છે.

પરમાનંદ]

પૂર્વ ભૂમિકા

દુનિયામાં અનેક પ્રાચીન ધર્મો છે તેમ જૈનધર્મ પણ એક પ્રાચીન ધર્મ છે.

"જિન" શબ્દનો અર્થ છે "જેણે જીત્યા છે તે." રાગદ્વેષ જેવા આંતરિક ભાવોને જેણે જીત્યા તે જિન.

અને આ જિને ઉપદેશેલો જે ધર્મ તે જૈન ધર્મ. આ ધર્મ નિર્ગ્રંથ ધર્મના નામે પણ પહેલાં ઓળખાતો. ગ્રંથી એટલે ગાંઠ. જે બધી ગ્રંથીઓથી મુકત થઈ ગયા છે તેણે ઉપદેશેલો ધર્મ તે નિર્ગ્રંથ ધર્મ.

જૈનધર્મમાં જિનને માટે અર્હત, અર્હંત, અરિહંત, તીર્થંકર, વગેરે શબ્દો પણ વપરાય છે. આમાં તીર્થંકર એ શબ્દનો ખાસ વિશેષ અર્થ છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા–એમ ચાર પ્રકારના અનુયાયીઓના સમુદાયની–તીર્થ–ની સ્થાપના જેણે કરી તે તીર્થંકર.

વળી તીર્થંકર એ ધર્મના મૂળ સિદ્ધાંતોના રચયિતા અને સર્વોપરી સ્મૃતિકાર છે.

આ અવસર્પિણી કાળમાં ભારતવર્ષમાં એવા ચોવીસ તીર્થંકરોએ જન્મ લીધો છે, જેમાં ઋષભદેવ એ પ્રથમ તીર્થંકર હતા. તે માત્ર ધર્મનો ઉપદેશ આપનાર પ્રથમ તીર્થંકર નહોતા, પણ સામાજિક જીવનના પણ પ્રથમ ઘડવૈયા હતા, અને રાજા તરીકે પણ તેઓ પ્રથમ હતા. પાકશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, કૃષિવિદ્યા, કુમ્ભકારની કળા વગેરે અનેક જીવનવ્યવહારની કળા શીખવનાર તેઓ આદિ પુરુષ હતા.

ઘણા વર્ષો સુધી ગૃહસ્થ જીવન જીવ્યા પછી તેમણે સંસારત્યાગ કર્યો, તપશ્ચર્યા કરી અને ઉપદેશો આપ્યા. તેઓ પ્રથમ તીર્થંકર હોવાથી આદિનાથ કે આદિદેવ તરીકે પણ ઓળખાય છે. અને મહાવીર કે જે બુદ્ધના સમકાલીન પણ બુદ્ધથી વયમાં જરા મોટા તે છેલ્લા તીર્થંકર હતા.

ચતુર્વિધ સંઘનું સ્વરૂપ

તીર્થંકરે જે તીર્થની સ્થાપના કરી તેમાં સાધુ સર્વોત્તમ મનાય છે. તેણે ઘણું કઠણ અને પરિશ્રમયુકત જીવન જીવવાનું હોય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ–આ પાંચ મહાવ્રત કહેવાય છે. સાધુએ આ વ્રતોનું મન, વચન અને કાયાથી કડક રીતે પાલન કરવાનું હોય છે. તેણે કરુણામય અને સર્વ જીવો પ્રત્યે સમભાવપૂર્વકનું જીવન જીવવાનું છે. અહિંસાનો અર્થ કોઈ જીવનો વધ કે પ્રાણહાનિ ન કરવી એટલો જ નથી. કોઈને શારીરિક કે માનસિક કષ્ટ પહોંચાડવું તે પણ હિંસા જ છે. સાધુ આવા પ્રકારની હિંસાથી દૂર રહે, એટલું જ નહિ પણ, કોઈ જીવનો વધ થાય કે કષ્ટ પહોંચે એવું કામ કરવાનો બીજાને આદેશ આપે નહિ કે કોઈ કરે તો તેને અનુમોદે નહિ.

આ પહેલું મહાવ્રત છે અને તે પ્રાણાતિપાત–વિરમણ વ્રત પણ કહેવાય છે.

બીજું મહાવ્રત તે સત્ય વચન બોલવું. તેનું બીજું નામ મૃષા વાદ–વિરમણ વ્રત છે. સાધુએ હંમેશા સત્ય જ બોલવું જોઈએ. જો કયારેક સત્ય બોલવાથી કોઈ જીવની હિંસા થતી હોય તો તે વખતે તેણે મૌન રહેવું. ક્રોધ, લોભ, ભય અને હાસ્ય એ અસત્ય બોલવાનાં નિમિત્તો છે. તેથી સાધુએ એ બધાં વશ રાખવા. આ વ્રત પણ સાધુએ મન, વચન અને કાયા એ ત્રણે પ્રકારે પાળવું જોઈએ. સાધુ અસત્ય બોલે નહિ, અસત્ય બોલવાનું કહે નહિ અને અસત્ય બોલે તેને અનુમોદે નહિ.

ત્રીજું મહાવ્રત અચૌર્ય. તેનું બીજું નામ અદત્તાદાન–વિરમણ વ્રત છે. સાધુ શહેર કે ગામમાં કોઈ વસ્તુ તેનો માલિક તેને રજા આપે નહિ ત્યાં સુધી તેનો ઉપયોગ કરે નહિ, એટલું જ નહિ પણ,

જંગલમાં પડેલાં ફળ, ફૂલો પણ તે ગ્રહણ કરે નહિ. તે પોતે કોઈએ આપ્યા વિનાનું લે નહિ, બીજાને લેવાનું કહે નહિ, અને લેતું હોય તેને અનુમોદે નહિ. ભિક્ષા લેવા જતી વખતે પણ એટલા સાવધ રહેવાનું તેને શીખવવામાં આવે છે કે પોતાની જરૂરિયાત હોય તેનાથી જરા પણ વધારે તે લે નહિ. કેમકે જીવનની જરૂરિયાત કરતાં થોડું પણ વધારે પોતાની પાસે રાખવું તે પણ ચોરી છે.

ચોથું મહાવ્રત તે બ્રહ્મચર્ય અથવા મૈથુન-વિરમણ વ્રત. જાતીય સંબંધનો ત્યાગ. સાધુએ આ વ્રતનું સંપૂર્ણ અને કડકપણે પાલન કરવાનું હોય છે. સાધુ સ્ત્રીસંબંધ પોતે કરે નહિ, કરવાની પ્રેરણા આપે નહિ કે અનુમોદે નહિ, ગૃહસ્થાશ્રમમાં ભોગવેલા એ સંબંધને યાદ કરે નહિ, અને જાગૃતિપૂર્વક અક્ષરશ: આ વ્રતનું પાલન કરે. આ વ્રત પાળવું કઠણ છે. એટલે તેના રક્ષણ માટે સ્ત્રી બેઠી હોય તે આસન ઉપર બેસવાની સાધુને મના ફરમાવી છે, બહુ સ્વાદિષ્ટ કે માદક પદાર્થનો આહાર લેવાની ના કહી છે, જેથી વાસનાઓ ઉત્તેજિત થાય નહિ વગેરે. આ વ્રતના પાલન માટે બીજા પણ અનેક નિયમો ઘડવામાં આવ્યા છે.

પાંચમું મહાવ્રત તે અપરિગ્રહ અથવા પરિગ્રહ-વિરમણ વ્રત. દુનિયાદારીની - ભોગોપભોગની - બધી વસ્તુઓનો ત્યાગ. સાધુને ધન, ધાન્ય, મકાન, જમીન કશા ઉપર મમતા ન હોય. પોતે પોતા માટે આવી કોઈ વસ્તુ રાખે નહિ. કોઈને રાખવાનો ઉપદેશ આપે નહિ કે કોઈ રાખતું હોય તેને અનુમોદે નહિ. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ-યુકત કોઈપણ પદાર્થ ઉપર મોહ રાખે નહિ. અને એ રીતે સાધુ આ વ્રતનું અત્યન્ત કડકપણે પાલન કરે.

ઉપરનાં પાંચ મહાવ્રતો ઉપરાંત સાધુનો દશ પ્રકારનો યતિધર્મ કહ્યો છે. ૧ ક્ષમા (માફી આપવી), ૨ માર્દવ (નમ્રતા), ૩ આર્જવ (સરળતા), ૪ નિર્લોભતા (કોઈ વસ્તુ માટે આકાંક્ષા નહિ), ૫ આકિંચન (ધનરહિતતા), ૬ સત્ય (સચ્ચાઈ), ૭ સંયમ (મન અને ઈંદ્રિયો ઉપર કાબુ), ૮ તપ (કષ્ટ સહન કરવું), ૯ શૌચ (પવિત્રતા), ૧૦ બ્રહ્મચર્ય (શિયળ પાળવું). સાધુ નિરંતર શત્રુ કે મિત્ર બંને ઉપર સમભાવ રાખે. રાત્રિભોજન ન કરે. ભિક્ષા માગીને નિર્વાહ કરે. એક સ્થળેથી બીજા સ્થળે જતાં વાહનનો ઉપયોગ ન કરે. પૈસો રાખે નહિ, કોઈ આપે તો સ્વીકારે નહિ, તેની પોતાની માલિકીનાં ઘરબાર કે ચીજ જેવું કંઈ હોય નહિ.

સાધુને સતત પોતાની ઈંદ્રિયો ઉપર કાબુ રાખવાનો હોય છે. તે કાબુ સરળ બને તે માટે ત્રણ પ્રકારની ગુપ્તિ પાળવાની શાસ્ત્રમાં દર્શાવી છે. ૧ મનગુપ્તિ, મનને કાબુમાં રાખવું. મનમાં અયોગ્ય કામનાઓ જાગે તો તેને દૂર કરવી. સાધુએ શુભ વિચાર તરફ મનને વાળી લેવું. ૨ વચનગુપ્તિ. વાણીનો સંયમ. આ વચનગુપ્તિનો અર્થ સંપૂર્ણ મૌન પાળવા સુધી વિસ્તૃત છે. ૩ કાયગુપ્તિ શરીર દ્વારા થતી પ્રવૃત્તિઓ ઉપર સંયમ. આ ત્રણ ગુપ્તિઓ ઉપરાંત સાધુએ પાંચ સમિતિઓ પણ પાળવાની છે. ૧ ઈર્યા સમિતિ - ચાલવા હાલવામાં ઉપયોગ, ૨ ભાષા સમિતિ - બોલવામાં ઉપયોગ, ૩ એષણા સમિતિ - ભિક્ષા લેવામાં ઉપયોગ, ૪ આદાન ભંડ નિક્ષેપણ સમિતિ- કોઈ પણ વસ્તુ લેતાં મૂકતાં ઉપયોગ રાખવો. ૫ ઉત્સર્ગ સમિતિ- મળમૂત્ર કે અન્ય વસ્તુનો ત્યાગ કરવામાં ઉપયોગ રાખવો. જતાં આવતાં ઊઠતાં બેસતાં કોઈ જીવની હિંસા ન થાય તેનો સતત ઉપયોગ રાખવો તે ઈર્યા સમિતિ. સત્ય અને પ્રિય બોલવાનો ઉપયોગ રાખવો તે ભાષા સમિતિ. જરૂર પૂરતો નિર્દોષ આહાર લેવો તે એષણા સમિતિ. ચીજ વસ્તુ લેતાં મૂકતાં કે કોઈને આપતાં ઉપયોગ રાખવો તે આદાન નિક્ષેપણ સમિતિ. અને તજી દેવા યોગ્ય વસ્તુનો જોઈ તપાસી યોગ્ય સ્થળે ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ. ઉપયોગ રાખવો એટલે કોઈ પણ નાના મોટા જીવની વિરાધના ન થાય. હિંસા ન થાય તેની પૂરી સંભાળ રાખવી.

અશુભ વિચારોને દૂર કરી શુભ વિચારોમાં મન પરોવવા સાધુએ સતત ચિંતન કરતા રહેવું ઘટે. આ ચિંતન કરવા માટે બાર પ્રકારની ભાવનાઓ શાસ્ત્રમાં કહી છે. (૧) ધન, યૌવન, માલ મિલકત વગેરેની નશ્વરતાનો વિચાર કરવો એ પહેલી **અનિત્ય ભાવના.** આવું ચિંતન કરવાથી ઐહિક પદાર્થો પ્રત્યેનો મોહ ઓછો થઈ જાય. (૨) રોગ અને મૃત્યુ આગળ જીવ લાચાર છે એવી ભાવના ભાવવી તે **અશરણ ભાવના.** આવું વિચારવાથી જીવને કર્મબંધ થતો હોય એવી પ્રવૃત્તિઓ કરવાથી તે અટકે. (૩) માતા, પિતા, બંધુ, પરિવાર એ બધા પરિમિત કાળના સંબંધી છે. ખરી રીતે જોતાં કોઈ કોઈનું નથી. જીવે ઊભી કરેલી આ માયા છે. સંસારનો આવો જ ક્રમ છે. આવી જે વિચારણા કરવી તે **સંસાર ભાવના.** (૪) જીવ એકલો જન્મ્યો છે અને એકલો જવાનો છે. જે કંઈ મેં ભૂતકાળમાં કર્યું હશે અને હમણાં કરું છું તેનું ફળ મારે એકલાયે જ ભોગવવાનું છે-એવું વિચારવું તે **એકત્વ ભાવના.** એમ વિચારવાથી કર્મબંધનથી છૂટવાના પ્રયત્નોને બળ મળશે. (૫) દેહ અને આત્મા જુદા છે, દેહ જડ છે, આત્મા ચેતનમય છે. દેહ તે જ આત્મા અને આત્મા તે જ દેહ એમ માનવું તે અજ્ઞાન છે. આવું ચિંતન કરવું તે **અન્યત્વ ભાવના.** (૬) શરીર લોહી, માંસ વગેરે અપવિત્ર પુદ્ગલોનું બનેલું છે. શરીરમાંથી નિરંતર મળમૂત્ર વગેરે મલીન પદાર્થો વહ્યા કરે છે એવા આ શરીર ઉપર મમતા ન રાખવી એવી જે ભાવના તે **અશુચિ ભાવના.** (૭) કર્મોનો કેવી રીતે આત્મા સાથે સંબંધ થાય છે, એ કર્મો ઈંદ્રિયોના વિષયોના ભોગોપભોગ દ્વારા નિરંતર બંધાયા જ કરે છે એવી ભાવના ભાવવી તે **આસ્રવ ભાવના.** (૮) નવાં કર્મો આવતાં કેવી રીતે રોકાય તેની વિચારણા કરવી તે **સંવર ભાવના.** (૯) કર્મોના કેવાં ફળ ભોગવવા પડે છે અને પૂર્વે જે કર્મો બંધાએલા છે તેને તપ અને ધ્યાન વડે કેવી રીતે ખપાવવા તેની વિચારણા તે **નિર્જરા ભાવના.** (૧૦) આ જગત્ શું છે? નિશ્ચયદૃષ્ટિએ તે શાશ્વત છે, વ્યવહારદૃષ્ટિએ નાશવંત છે, જગતના પદાર્થોની ઉત્પત્તિ અને નાશ ચાલ્યા જ કરે છે-આવું વિચારવું તે **લોકભાવના.** (૧૧) પદાર્થને તેના સત્ સ્વરૂપે સમજવાનું જ્ઞાન પ્રાપ્ત થવું અને સદ્ આચરણ આચરવાની શકિત હોવી એ બન્ને બહુ દુર્લભ વસ્તુ છે. એ વિષે ચિંતન કરવું તે **બોધિદુર્લભ ભાવના.** (૧૨) દુ:ખભર્યા આ સંસારમાં જગતના જીવોને એક ધર્મ જ આધાર છે, તે જ એક શરણ છે એવું વિચારવું તે **ધર્મભાવના.** આ બારે ભાવનાઓને આ રીતે વિચારતાં જીવોને સત્ય સ્વરૂપનું ભાન થાય છે, તે શુભ કર્મો તરફ વળે છે, ઈંદ્રિયોને સંયમમાં રાખતાં શીખે છે અને કર્મબંધનથી મુકત થવા તરફ તેની ગતિ થાય છે.

આ ઉપરાંત ક્ષુધા, તૃષા, તાપ, ઠંડી વગેરે બાવીસ પ્રકારના પરિષહો સાધુને સહન કરવાના હોય છે.

સાધ્વીને પણ સાધુ જેવા જ આચાર - વિચાર પાળવાના હોય છે. આવા પ્રકારના સાધુઓ અને સાધ્વીઓ કે જેમણે બધા પ્રકારની તૃષ્ણા મમતા વગેરે તજ્યાં છે અને સંપૂર્ણપણે સંયમમાં રહે તે ગુરુ ગણાય છે.

જૈનધર્મ પાળતા ગૃહસ્થો શ્રાવક અને સ્ત્રીઓ શ્રાવિકા કહેવાય છે. તેમને સાધુની જેમ સર્વ પરિત્યાગ કરવાનો હોતો નથી, પણ પ્રમાણિકતાપૂર્વક આજીવિકા મેળવવાની અને પવિત્ર જીવન જીવવાની તેમની ફરજ મનાય છે. તેઓ સૌમ્યતા, ઉદારતા, નમ્રતા, પરોપકારીપણું, દયાળુપણું, માયાળુપણું, સરળતા, નિષ્પક્ષતા વગેરે ગુણોથીયુકત હોવા જોઈએ એવી અપેક્ષા રખાય છે. તેમના માટે બાર પ્રકારના વ્રત શાસ્ત્રમાં કહ્યાં છે, જે નીચે મુજબ છે :

(૧) સ્થુલ પ્રાણાતિપાત વિરમણ વ્રત. કોઈ પણ નિર્દોષ જીવને ઈરાદાપૂર્વક દુ:ખી ન કરવો કે હિંસા ન કરવી, (૨) સ્થુળ મૃષાવાદ

વિરમણ વ્રત. અસત્ય ન બોલવું. અને એવું પણ ન બોલવું કે જેથી બીજાને દુઃખ થાય. કોઈના વિશ્વાસનો ભંગ કરવો, જુઠી સાક્ષી આપવી, કોઈની સંપત્તિ પોતાની ગણાવવી, અથવા બીજાને નામે ચઢાવી દેવી વગેરે કરવાથી આ વ્રતનો ભંગ થાય. (૩) સ્થુલ અદત્તાદાન વિરમણ વ્રત. અચૌર્ય વ્રત. કોઈની વસ્તુ ન ચોરવી અથવા દાણચોરી ન કરવી. (૪) સ્થુલ મૈથુન વિરમણ વ્રત. પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે જાતીય સંબંધ ન કરવો અને પોતાની સ્ત્રી સાથેનો સંબંધ પણ મર્યાદિત પ્રમાણમાં રાખવો. (૫) પરિગ્રહ પરિમાણ વ્રત. ધન, ધાન્ય, જમીન, પશુ, નોકર વગેરેને રાખવાની મર્યાદા નક્કી કરવી. તેને ધન ધાન્ય વગેરે અમર્યાદિત પ્રમાણમાં રાખવાની છૂટ ન હોય. (૬) દિક્ પરિમાણ વ્રત. વેપારને અર્થે કે ગમે તે કારણસર પ્રવાસ કરવાનો હોય. તે માટે દરેક દિશામાં કેટલી હદ સુધી જવું તેની મર્યાદા બાંધવી. (૭) ભોગોપભોગ પરિમાણ વ્રત. ધન, ધાન્ય ચીજ, વસ્તુ, ઘર, ખેતર, પશુ, નોકર વગેરે કેટલી હદ સુધી રાખવા તેની મર્યાદા બાંધવી. અનાજ, ફળફ્ લ, સુગંધી વિલેપન વગેરે જે વસ્તુનો ઉપયોગ કર્યા પછી બીજી વાર ઉપયોગમાં નથી લઈ શકાતી તે ભોગ્ય, અને વસ્ત્ર, ઘર, વાહન વગેરે કે જેનો ફરી ફરીને ઉપયોગ થઈ શકે છે તે ઉપભોગ. (૮) અનર્થદંડ વિરમણ વ્રત. પોતાને માટે કે કુટુંબીજન માટે જેની આવશ્યકતા નથી એવા હિંસક કે અન્યને દુઃખ થાય એવા કૃત્યથી પાછા હઠવું. જેમકે કોઈને શસ્ત્રો આપવાં, ઝેર આપવું, પ્રાણીઓને લડાવવા, કોઈને પાપકૃત્યની સલાહ આપવી, મનમાં કોઈને નુકસાન પહોંચાડવાના વિચાર કરવા વગેરે બાબતોથી દૂર રહેવું તે આ વ્રતમાં આવે છે. (૯) સામાયિક વ્રત. આ વ્રતમાં ૪૮ મિનિટ સુધી એક સ્થળે સ્થિર બેસીને ચિંતન કરવું, સ્વાધ્યાય કરવો કે આધ્યાત્મિક પુસ્તક વાંચવા અને એ રીતે મનને શુભ પ્રવૃત્તિમાં એકાગ્ર કરવાનું છે. જેટલો સમય શ્રાવક સામાયિકમાં હોય તે સમયમાં તેણે અન્યને દુઃખ ઉપજે એવી પ્રવૃત્તિ મન વચન કાયા એમ ત્રણે પ્રકારે કરવાથી દૂર રહેવું જોઈએ, અને એ પ્રમાણે જગતના સર્વ જીવો તરફ તેણે સમભાવ રાખતાં શીખવાનું છે, જેથી એ વ્રત છેવટે તેને સાધુના વ્રત તરફ દોરી જાય. (૧૦) દેશાવગાસિક વ્રત. આ વ્રતમાં છઠ્ઠા અને સાતમાં વ્રતમાં જે મર્યાદાઓ બાંધી હોય તેમાં રોજેરોજની જરૂરિયાત પ્રમાણે વધારે સંક્ષેપ કરવાનો હોય છે. (૧૧) પૌષધ વ્રત. એક દિવસ માટે સાધુ જેવું જીવન અંગીકાર કરવું તે પૌષધ વ્રત. એટલે કે એક દિવસ માટે ઉપવાસ કરવો, ગૃહસ્થના બધા વ્યવહારોનો ત્યાગ કરવો અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જ મન, વચન અને કાયાને રોકાયલા રાખવાં, તે પૌષધવ્રત. કેમકે તે દ્વારા ધાર્મિક જીવનનું સવિશેષ પોષણ થાય છે. (૧૨) અતિથિસંવિભાગ વ્રત. સાધુ-સાધ્વી અને અન્ય જરૂરિયાતવાળાને અન્ન, વસ્ત્ર આપવાં, તથા પોતાની શક્તિ ગોપવ્યા વિના જે રીતે થઈ શકે તે રીતે તેમને મદદ કરવી.

આ બાર વ્રતમાંથી પહેલાં પાંચ વ્રત છે તે સાધુના જે પાંચ મહાવ્રત કહ્યા છે, તે જ છે પણ તે પ્રમાણમાં હળવા હોવાથી તે અણુવ્રત કહેવાય છે. પછીનાં ત્રણ વ્રત છે તે પહેલાં પાંચ વ્રતમાં ગુણવૃદ્ધિ કરનારા હોવાથી ગુણવ્રત કહેવાય છે. અને છેલ્લા ચાર વ્રત છે તે સાધુ થયા પહેલાં સાધુપણાની તૈયારી કે અનુભવ કરવા રૂપ હોવાથી શિક્ષાવ્રત કહેવાય છે.

આ બાર વ્રતનું પાલન કરવાથી શ્રાવક પવિત્ર જીવન જીવી શકે છે અને પૂર્ણ મુક્તિની દિશામાં તેની ગતિ થાય છે.

"અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ સર્વશ્રેષ્ઠ મંગળ છે. જે માનવીનું મન આ ધર્મમાં નિરન્તર લીન રહે છે તેને દેવતા પણ નમસ્કાર કરે છે."

જૈન ધર્મના સિદ્ધાન્તો

કર્મબંધનથી છૂટી આત્માને સંપૂર્ણપણે મુકત કરવો એ જૈન ધર્મનું ધ્યેય છે. આત્મા શું છે, કર્મ શું છે, આત્માની શું શકિત છે, કર્મથી બંધાઈને જીવ કેવી રીતે આ સંસારમાં જન્મમરણના ફેરામાં પડી જાય છે એ બધું જાણ્યા અને સમજ્યા વિના જીવ પોતાને મુકત કરી ન શકે. આ જાણવા માટે જગતનાં મૂળ તત્ત્વો, તેના એકબીજા સાથેના સંબંધો, જીવ કેવી રીતે બંધાય છે, કયે માર્ગે એ બંધનો છૂટે વગેરેની વિચારણા કરવી જરૂરી છે. આ જાણવા માટેનું જ્ઞાન મુખ્ય નવ તત્ત્વોમાં સમાઈ જાય છે. ૧ જીવતત્ત્વ (ચેતન) ૨ અજીવતત્ત્વ (જડ પદાર્થ) ૩ આસ્રવ (કર્મને આવવાના માર્ગો) ૪ બંધ (કર્મનું આત્મા સાથે બંધાવું) ૫ પુણ્ય (શુભ કર્મ) ૬ પાપ (અશુભ કર્મ) ૭ સંવર (સંયમમાં રહેવું) ૮ નિર્જરા (કર્મને ખપાવવા) ૯ મોક્ષ (મુકિત). આ નવ તત્ત્વ છે. તેમાં પણ મૂળ બે જ તત્ત્વ છે. જીવ અને અજીવ કે જેને જાણવામાં આ જગતનું બધું જ્ઞાન આવી જાય છે. બીજાં સાત તત્ત્વો કર્મબંધન કેમ થાય અને તેનાથી કેમ છૂટવું તેના નિદર્શક છે.

૧. **જીવતત્ત્વ.** જીવતત્ત્વનો મૂળ ગુણ ચેતના છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, અનંત વીર્ય, અને અનંત સુખ એ ચાર જીવના ગુણ છે. પ્રત્યેક જીવ અલગ છે અને તે અનંતા છે. જીવ બે પ્રકારના છે. મુકત અને સંસારી. જે કર્મબંધનો ઉચ્છેદ્દી જન્મ મરણથી મુકત થયા છે તે સિદ્ધાત્મા કહેવાય છે અને તે ઉપર કહેલા ચાર ગુણોથી યુકત હોય છે. જે જન્મમરણના ફેરાથી બંધાએલા છે અને મુકત દશાને નથી પામ્યા તે સંસારી જીવ. આ જીવો દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ એ ચાર ગતિમાં કર્મ પ્રમાણે જન્મ ધારણ કરે છે, આયુષ્ય પૂરું થયે મૃત્યુ પામે છે, અને ફરી નવો જન્મ ધારણ કરે છે.

ઇંદ્રિયોની પ્રાપ્તિ પ્રમાણે જીવના પાંચ વિભાગ છે. આંખ, કાન, નાક, જીભ અને સ્પર્શ—આ પાંચે ઇંદ્રિયો જેને પ્રાપ્ત થયેલી છે તે ઉચ્ચ ગણાય છે. અને જેને એક જ ઇંદ્રિય એટલે કે માત્ર સ્પર્શ ઇંદ્રિય હોય તે સૌથી નીચી કોટિના ગણાય છે. એકેન્દ્રિય જીવ હાલી ચાલી શકતા નથી, તેથી તે સ્થાવર કહેવાય છે. આ સ્થાવર જીવો પાંચ પ્રકારના છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય. માટી, જમીન, પથ્થર વગેરે, બધી જાતનું પાણી, જુદા જુદા પ્રકારનો અગ્નિ, પવન અને હરેક પ્રકારની વનસ્પતિ. આ બધા તે તે પ્રકારના જીવોથી ભરેલાં છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય જીવો હાલી ચાલી શકે છે એટલે તે ત્રસ જીવો કહેવાય છે. બે ઇંદ્રિય જીવો જેવાં કે કૃમિ—અળસિયા વગેરેને સ્પર્શ અને રસ એ બે ઇંદ્રિય છે. તેઇન્દ્રિયો જેવાં કે કીડી, માંકડ, જૂ વગેરેને સ્પર્શ, રસ, અને ધ્રાણ એ ત્રણ ઇંદ્રિયો છે. ચઉરિંદ્રિયો જેવા કે માખી, ડાંસ, મચ્છર, વીંછી વગેરેને ઉપરની ત્રણ સાથે ચક્ષુ મળીને ચાર ઇંદ્રિય છે. પંચેંદ્રિય જીવોને વધારામાં પાંચમી શ્રોત્રેન્દ્રિય છે. પશુ, પંખી, મનુષ્ય, દેવ અને નારક એ પંચેન્દ્રિય જીવો છે. જૈન સિદ્ધાંત પ્રમાણે નરક સાત પ્રકારે છે. જે અત્યંત પાપ કરે છે તે નરક ગતિમાં જાય છે અને ત્યાં તેને અકલ્પનીય દુઃખો સહન કરવાં પડે છે. જે પુણ્યના કાર્યો કરે છે તે દેવલોકમાં જાય છે અને ત્યાં તેને અમર્યાદિત સુખ ભોગવવા મળે છે. બાર દેવલોક છે અને તે ઉપરાંત અનુત્તર વિમાનના દેવો અને નીચેની કોટિના દેવો છે. એકેંન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવોને મન હોતું નથી અને તે "અમનસ્ક" કહેવાય છે. પંચેન્દ્રિય જીવોને મન છે અને તે સમનસ્ક કહેવાય છે, જો કે આ પંચેન્દ્રિય જીવોના માનસિક વિકાસમાં જીવયોનિ—મુજબ ઓછો વધતો એમ ઘણો તફાવત હોય છે.

૨. **અજીવતત્ત્વ.** જીવ તત્ત્વથી ઉલટું તે અજીવ તત્ત્વ. એટલે કે ચેતના રહિતનું તત્ત્વ. અજીવ તત્ત્વના પાંચ પ્રકાર છે. ધર્મ, અધર્મ,

આકાશ, પુદ્‌ગલ અને કાળ. આ પાંચ તત્ત્વો જીવતત્ત્વની જેમ મૂળ દ્રવ્યો છે. ધર્મ એ ગતિસહાયક છે. જો આ તત્ત્વ ન હોય તો જીવ કે અજીવનું ગમનાગમન થઈ શકે નહિ. આ ધર્મતત્ત્વ અરૂપી, વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શરહિત સકલ લોકવ્યાપી છે. જ્યાં જીવ અને અજીવ તત્ત્વનું અસ્તિત્વ છે તે લોક. આ લોકથી પર અલોક છે કે જ્યાં જીવાજીવની ગતિ નથી, પણ માત્ર અવકાશ છે.

અધર્મ એ સ્થિર થવામાં સહાયક છે. જીવ અને પુદ્‌ગલ સ્થિર થવા ઈચ્છે ત્યારે તેને અધર્મ સહાયક થાય છે. અધર્મ પણ અરૂપી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત અને લોકવ્યાપી છે.

આકાશ એટલે અવકાશ, ખાલી જગ્યા. જીવ અને અજીવને રહેવાને, ફરવા ફરવાને તે સ્થાન આપે છે. અવકાશ પણ અરૂપી, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ રહિત છે, અને તે લોક અને અલોકમાં વ્યાપ્ત છે.

પુદ્‌ગલ. અણુના સમૂહને પુદ્‌ગલ કહે છે. પરમાણુ અતિ સુક્ષ્માતિસુક્ષ્મ અણુ છે કે જેનાથી આ સૃષ્ટિ રચાઈ છે. આ પરમાણુ અનંતા છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શબ્દ એ તેના ગુણ છે. જો કે આપણી બાહ્ય ઈન્દ્રિયો વડે પરમાણુને જોઈ શકાતો નથી, પણ તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ બધું છે.

કાળ એ કેટલાકને મતે માત્ર કાલ્પનિક અથવા ઔપચારિક વસ્તુ છે. વસ્તુસ્વરૂપે કાળ જેવો કોઈ પદાર્થ નથી. જીવ અને પુદ્‌ગલની ગતિ અને પરિવર્તનથી કાળની ગણના થાય છે. સૌથી નાનામાં નાના કાળના ભાગને સમય કહે છે. અને આ સમયના સમૂહને પછી પળ, વિપળ, માસ, વરસ એવાં નામ આપવામાં આવ્યાં છે. બીજા કેટલાકને મતે કાળ જેવું કોઈ તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે અને અનંતાકાળ પરમાણુઓના સમૂહ રૂપ તે પદાર્થ રૂપે છે, અને તે જીવ અને પુદ્‌ગલમાં પરિવર્તન આણવાનો ભાગ ભજવે છે. તે પણ અરૂપી અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે.

૩. **આસ્રવતત્ત્વ.** આત્મા જે શુભ કે અશુભ કર્મબંધનોથી બંધાય છે તે કર્મોનો સતત પ્રવાહ વહેતા રહેવાના જે નિમિત્તો તે આસ્રવ. અથવા તો ઈન્દ્રિયોના વિષયો તરફ જીવનું જે ખેંચાવું તે આસ્રવ. મિથ્યાત્વ, અવિરતી, કષાય, પ્રમાદ અને યોગ એ કર્મબંધનના પાંચ કારણો છે. એ જ આસ્રવતત્ત્વ. હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પણ કર્મબંધનના કારણ હોવાથી તેને પણ આસ્રવ કહી શકાય.

૪. **બંધતત્ત્વ.** કર્મપુદ્‌ગલોનું આત્મા સાથે જોડાવું–બંધાવું– તે બંધ. કર્મ–પુદ્‌ગલ એટલે એવા પ્રકારના પરમાણુઓ કે જે મન, વચન અને કાયા દ્વારા થતી ક્રિયાથી અજ્ઞાતપણે આત્મા તરફ ખેંચાઈ આવે છે, એ ખેંચાણના પ્રતિઘાત રૂપે તે આત્મા સાથે જોડાઈ જાય છે અને જીવના જ્ઞાન સ્વરૂપ ઉપર તેનું આવરણ આવી જાય છે. જીવ પોતાના સ્વરૂપે નિર્મળ, પારદર્શી, જ્ઞાનસ્વરૂપ અને અરૂપી છે, એટલે આવું ચૈતનતત્ત્વ જડ અને રૂપી એવા કર્મ પુદ્‌ગલોથી બંધાઈ જાય એ તર્કદૃષ્ટિએ બંધબેસતું નથી. પણ અનાદિ કાળથી જીવ કર્મ પુદ્‌ગલોથી બંધાએલો છે. જૈન તત્ત્વજ્ઞાનમાં આ બંધાએલા કર્મ પુદ્‌ગલોને કાર્મણ શરીર એવું નામ આપ્યું છે. આમ અનાદિ કાળથી કાર્મણ શરીરથી બંધાયેલા જીવને અનેક પ્રકારના આવેગો આઘાત–પ્રત્યાઘાત ઉદ્‌ભવે છે, તેના લીધે નવાં કર્મ પુદ્‌ગલો સતત આવ્યા કરે છે, અને આ રીતે જીવ સુખ–દુઃખને અનુભવતો જન્મમરણના ચક્કરમાં ભમ્યા કરે છે.

જીવને ચોંટતા આ કર્મ પુદ્‌ગલોનો બંધ ચાર પ્રકારે થાય છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ, અને પ્રદેશબંધ. આ કર્મ-પુદ્‌ગલોનો બંધાવાથી જીવના મૂળ ગુણો દબાઈ જાય છે. આવા કર્મ પુદ્‌ગલોનું બંધાવું તેને પ્રકૃતિબંધ કહે છે. જીવનાં જે જે ગુણો આ કર્મોથી અવરાઈ જાય તે પ્રમાણે આ પ્રકૃતિબંધના આઠ વિભાગ છે. જેનાથી જીવનો અનંત ગુણ આવરાઈ જાય તે જ્ઞાનાવરણીય કર્મ. જેનાથી અનંત દર્શનગુણ ઢંકાઈ જાય તે દર્શનાવરણીય કર્મ. જેનાથી જીવનું આનંદમયપણું અવરાઈ જાય તે વેદનીય કર્મ. જેના લીધે જીવ મિથ્યા દૃષ્ટિમાં પ્રવર્તે તે મોહનીય કર્મ. જેનાથી એક ગતિમાંથી બીજી ગતિમાં જવાનું થાય તે આયુકર્મ. શરીરની આકૃતિ–રૂપ રંગ ગેવરેની રચના કરે અને જેથી ઉચ્ચપણું કે નીચપણું પમાય તે ગોત્રકર્મ. દાન દેવામાં, વસ્તુની પ્રાપ્તિમાં, ભોગ અને ઉપભોગમાં તેમજ શક્તિમાં અંતરાય કરે તે અંતરાયકર્મ.

કર્મવર્ગણાઓ ચોંટે તે જ વખતે તે કેટલા સમય સુધી વળગેલી રહેશે તે સમય પણ નક્કી થાય તે સ્થિતિબંધ. એ કર્મપુદ્‌ગલોનું પરિણામ અત્યંત તીવ્રતાથી ભોગવવું પડશે કે મંદતાથી તેનો નિર્ણય પણ તે જ વખતે થાય તે રસબંધ અથવા અનુભાવબંધ. જીવના પરિણામ પ્રમાણે કર્મ પરમાણુ જેટલા જથ્થે જે એ છવત્તા પ્રમાણમાં જીવ સાથે જોડાય તે પ્રદેશબંધ.

૫. **પુણ્યતત્ત્વ.** મન, વચન અને કાયાની શુભ પ્રવૃત્તિથી જે કર્મપુદ્‌ગલો ખેંચાઈ આવે–બંધાય કે જેના લીધે જીવ સુખ-પૂર્વક રહી શકે તે પુણ્યતત્ત્વ. અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, આશ્રય-સ્થાન વગેરેનું દાન કરવાથી, શુભ વિચારણા કરવાથી અને ગુરુનો આદર કરવાથી પુણ્ય બંધાય છે. તેના લીધે નિરોગી શરીર, સૌન્દર્ય, સંપત્તિ, કીર્તિ વગેરે આ સંસારમાં મળે છે.

૬. **પાપતત્ત્વ.** પુણ્યતત્ત્વથી ઉલટું તે પાપ. મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિથી જે કર્મ પુદ્‌ગલો ખેંચાઈ આવે, અને તેના લીધે જીવને દુઃખ ભોગવવું પડે તે પાપતત્ત્વ. હિંસા, ચોરી, અસત્ય, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, અને લોભ દ્વારા પાપકર્મો બંધાય છે. આવાં અશુભ કર્મોથી બંધાયેલો આત્મા મુક્ત થઈ શકતો નથી. અને તે જન્મમરણના ફેરા કરતો નવાં કર્મોને ઉપાર્જન કરતો સંસારમાં ભમ્યા કરે છે. રોગ, કુરુપ, નીચી ગતિમાં જન્મ અથવા નરકગતિ એ આ કર્મોનું પરિણામ છે. પુણ્ય અને પાપ એ એક રીતે આસ્રવતત્ત્વના જ પ્રકારો છે, તેથી કેટલાક ચિંતકો એ બેને જુદાં તત્ત્વો નથી ગણતા. આ રીતે વિચારતાં તેમના મતે નવના બદલે સાત તત્ત્વો થાય.

૭, **સંવર તત્ત્વ.** એવી પ્રક્રિયા કે જેનાથી નવા આવતા કર્મો રોકાય તે સંવર. તે આસ્રવથી ઉલટું તત્ત્વ છે. મન, વચન અને કાયાના ત્રણે યોગથી શુભ ધ્યાનમાં રહેવું, તૃષ્ણાને જીતવી, સત્ય અને પવિત્ર આચરણ કરવું, ક્ષમા, દયા રાખવી, પાપ કાર્યોથી દૂર રહેવું, સંસા-રની અનિત્યતાનો વિચાર કરવો વગેરે શુભ આચરણથી સંવર થાય છે.

૮. **નિર્જરા તત્ત્વ.** જે કર્મો બંધાયા છે તેને ખેરવી નાખવા તે નિર્જરા. બંધાયેલાં કર્મો ભોગવાઈ જાય એટલે આપોઆપ ખરી જાય છે. પણ તે ભોગવવાને યોગ્ય પરિપકવ ન થાય ત્યાં સુધીમાં પાછા નવાં કર્મો પણ બંધાતા જાય છે. એટલે કર્મોથી સર્વથા મુક્ત થવું એ જીવને માટે મુશ્કેલ કાર્ય છે. એટલે મોક્ષાર્થીએ કર્મો પરિપકવ થઈને ભોગવાય ત્યાર પહેલાં જ તેને ખેરવી નાખવાના પ્રયત્નો કરવા જોઈએ. આવા પ્રયત્નો કરવા તે નિર્જરા. તપ કરવાથી નિર્જરા થાય છે. તપ બે પ્રકારના છે: બાહ્ય અને અભ્યન્તર. છ પ્રકારના બાહ્ય તપ આ પ્રમાણે છે. (૧) અણસણ. દરેક પ્રકારના આહારનો સંપૂર્ણ ત્યાગ. (૨) અલ્પાહાર. ભૂખ હોય તેના કરતાં ઓછો આહાર લેવો. (૩) વૃત્તિસંક્ષેપ. થોડી પણ વસ્તુઓ વાપરી તૃપ્તિ અનુભવવી તે. (૪) રસત્યાગ. સ્વાદિષ્ટ વસ્તુઓ અથવા માદક પદાર્થ ખાવાનો ત્યાગ. (૫) કાયક્લેશ. શરીરથી કષ્ટ સહન કરવું. (૬) સંલીનતા. શરીરના અંગોપાંગો સંકોચીને એક ઠેકાણે સ્થિર બેસવું અને ઈન્દ્રિયોના વિષયો ભોગવવાનો પણ સંકોચ કરવો. અભ્યન્તર તપ છ પ્રકારે આ પ્રમાણે છે. (૧) પ્રાયશ્ચિત. ભૂલ થઈ હોય તેનો પશ્ચાતાપ કરી આલોયણા લેવી. (૨) વિનય. ગુરુ અને વડીલો પ્રત્યે આદરભાવ રાખવો. (૩) વૈયાવૃત્ય. માંદા અને જરૂરિયાત-વાળાની નિઃસ્વાર્થપણે સેવા કરવી. (૪) સ્વાધ્યાય. અભ્યાસ કર્યો હોય તેનું ફરીને ચિંતન કરવું. (૫) વ્યુત્સર્ગ. શરીર ઉપરની મમતા છોડવી (૬) ધ્યાન. આત્મચિંતન કરતાં એકાગ્રપણે ધ્યાનમાં બેસવું.

૯. **મોક્ષતત્ત્વ.** સર્વ કર્મોનો ક્ષય થવાથી આત્માનું સંપૂર્ણ-પણે મુક્ત થવું તે મોક્ષ. મુક્તાત્મા થવાથી જીવ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે, અનંત જ્ઞાન, અનન્ત દર્શન, અનન્ત આનંદ અને અનન્ત શક્તિ પ્રાપ્ત કરે છે અને ચૌદ રાજલોકના શિરે પહોંચે છે આરોહણ કરે છે અને શાશ્વત સ્થિતિ પ્રાપ્ત કરી પરમ સુખ અનુભવે છે. ફરીથી તેને જન્મમરણ પામવાપણું રહેતું નથી. આ જે મુક્ત દશા તે નિર્વાણ કહેવાય છે. જેમ એક ઘરમાં દીવો મૂક-વામાં આવે અને તેનો પ્રકાશ આખા ઘરમાં ફેલાય છે અને ત્યાં બીજા પાંચ પચીસ દીવા મૂકવામાં આવે તો તે દીવાઓનો પ્રકાશ પણ પહેલા મૂકેલા દીવાના પ્રકાશમાં ભળી જાય છે, તે પ્રમાણે મુક્તાત્માઓ

પણ દરેક અલગ પ્રકાશ રૂપ હોવા છતાં પરસ્પરમાં ભળી જાય છે અને તે સિદ્ધ શિલાના નામે ઓળખાતા સ્થાનમાં વાસ કરે છે.

મોક્ષનો માર્ગ

સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, અને સમ્યક્ ચારિત્ર્ય–આ ત્રણ ગુણ મોક્ષપ્રાપ્તિના પાયા છે. આ ત્રણે ગુણને તેની ઉત્કૃષ્ટ મહત્તાના કારણે શાસ્ત્રમાં તેને "ત્રિરત્ન" કહીને વર્ણવ્યા છે. સમ્યક્ દર્શન – વસ્તુને તેના મૂળ સ્વરૂપે સમજવી. અજ્ઞાનને વશ થઈને માણસ ખોટાને સાચું અને સાચાને ખોટું માને છે. જ્યારે માનવી સત્યને અસત્યથી જુદું તારવી કાઢી શકે ત્યારે કહી શકાય કે તેનું ગમન મોક્ષમાર્ગ તરફ છે. કેમકે ત્યારે શું ત્યાજ્ય છે અને શું ગ્રાહ્ય છે, શું જાણવા યોગ્ય છે અને શું આચરવા યોગ્ય છે તે તે સાચી રીતે સમજી શકે છે. તે સમ્યક્દર્શનની દશા છે.

હરેક આત્મામાં અમુક અંશે જ્ઞાન રહેલું છે તે ખરૂં, પણ જો જાણવાની સમ્યક્દૃષ્ટિ ન હોય તો તેને સમ્યક્ જ્ઞાન છે એમ કહી શકાશે નહિ. સમ્યક્ દર્શન વિનાનું તેનું જ્ઞાન અપૂર્ણ છે. આ અજ્ઞાન કે મિથ્યાજ્ઞાન છે. કારણકે સમ્યક્ દર્શન વિના જીવ વસ્તુને તેના શુદ્ધસ્વરૂપે સમજી શકતો નથી. એટલે તેનું જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન કહી શકાય નહિ.

જ્ઞાન પાંચ પ્રકારે છે : મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ. ઈંદ્રિય અને મનદ્વારા જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન. સાંભળવાથી કે વાંચનથી જે જ્ઞાન થાય, signs, symbols and words–સંજ્ઞાઓ, પ્રતીકો તથા શબ્દોદ્વારા જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન. જો કે શ્રુતજ્ઞાન પણ ઈંદ્રિયો અને મન દ્વારા જ પ્રાપ્ત થાય છે. મતિ ન હોય તો શ્રુતજ્ઞાન થાય પણ નહિ. આમ છતાં શ્રુતજ્ઞાન મતિજ્ઞાન કરતાં કંઈક વિશેષ છે. કેમકે શ્રુતને શબ્દો અને તેના અર્થો સાથે વિશિષ્ટ સંબંધ છે. જ્ઞાનીઓ અને ગુરુ દ્વારા અથવા શાસ્ત્રવાંચનથી જે જ્ઞાન પ્રાપ્ત થાય તે શ્રુતજ્ઞાન છે. અમુક સમય અને અમુક સ્થળ સુધી ઈંદ્રિય અને મનની સહાય વિના દશ્ય પદાર્થોને જાણવા તે અવધિજ્ઞાન. તે એક પ્રકારનું આત્મિકજ્ઞાન અથવા ઈંદ્રિયાતીત જ્ઞાન છે. જેને આ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે આંખ મીંચીને પણ અમુક હદ સુધીના દશ્ય પદાર્થો જોઈ શકે છે. મનઃપર્યવજ્ઞાની અમુક કાળ અને સ્થળની મર્યાદામાં રહેલા જીવોના મનના ભાવોને જાણી શકે છે. આ બે જ્ઞાન એક જાતનું અભિજ્ઞાન છે. મન અને ઈંદ્રિયની મદદ વિના અખંડપણે લોકાલોકનું, રૂપી–અરૂપી સર્વ દ્રવ્યોનું તથા સર્વ જીવાજીવનું અને તેના ભૂત, તેના ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના સર્વ પર્યાયોનું જ્ઞાન થવું તે કેવળજ્ઞાન. આ સર્વોત્કૃષ્ટ આત્મજ્ઞાન છે. કેવળ જ્ઞાન જીવનો મૂળ સ્વભાવ છે અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોનો ક્ષય થાય છે ત્યારે જીવનું આ કેવળજ્ઞાન સ્વરૂપ પ્રગટ થાય છે. આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી આયુક્ષયે એ જીવ મોક્ષગામી થવાનો છે એ નિશ્ચિત થાય છે. તીર્થંકર આ પ્રકારના સર્વ જીવાજીવના ભાવને જાણનારા જ્ઞાની છે.

તપ, ત્યાગ, સંયમ અને શીલને જીવનમાં આચરણમાં ઉતારવા તે ચારિત્ર્ય છે. સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ પછી આ ગુણોને આચરણમાં ઉતારવાનો પ્રયત્ન કરવાથી સમ્યક્ ચારિત્ર્ય પ્રાપ્ત થાય છે. પાંચ મહાવ્રત, દશ યતિધર્મ, અને સત્તર પ્રકારે સંયમ એ સાધુનો આચાર ગણાય છે અને બાર પ્રકારના વ્રત એ શ્રાવકનો આચાર ગણાય છે. એટલે ચારિત્ર્ય બે પ્રકારનું કહેવાય છે. સર્વવિરતી અને દેશવિરતી. સાધુઓનો સંપૂર્ણ ત્યાગ તે સર્વવિરતી અને શ્રાવકનો આંશિક ત્યાગ તે દેશવિરતી.

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ એ પાંચ, પાંચે ઈંદ્રિયોના વિષયોની મમતાનો ત્યાગ એ પાંચ, ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાયોનો ત્યાગ તથા મન, વચન અને કાયાના યોગને સંયમમાં રાખવા એમ સત્તર પ્રકારે સર્વવિરતી ચારિત્ર્ય છે. જે જીવાત્મા સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાનપૂર્વક સમ્યક્ ચારિત્ર્ય પાળે છે તે જીવ અવશ્ય મોક્ષગામી થાય છે.

સમ્યક્ દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય એ દરેક ઉત્તરોત્તર એકબીજાના આશ્રયી છે. સમ્યક્ દર્શન વિના સમ્યક્ જ્ઞાન સંભવી શકતું નથી. અને સમ્યક્ જ્ઞાન વિના સમ્યક્ ચારિત્ર સંભવી શકતું નથી. આ ત્રિરત્નમાંથી કોઈ એક કે બે રત્નની પ્રાપ્તિથી મોક્ષ મેળવી શકાતું નથી. કોઈ જીવ સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન પામ્યો હોય, એમ છતાં પણ, સમ્યક્ ચારિત્ર્ય આચરી તેને આચરણમાં ન મૂકે ત્યાં સુધી તે નિષ્ફળ થાય છે. જૈન ધર્મમાં આચારની પવિત્રતા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે, કેમકે વર્ણ, ગંધ, રસ, શબ્દ અને સ્પર્શ રૂપ ઈંદ્રિયોના વિષયો ઉપરથી આસક્તિ છૂટવી ખૂબ મુશ્કેલ છે. જ્યાં સુધી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોને કડકપણે જીવનમાં ન ઉતારાય ત્યાં સુધી સમ્યક્ ચારિત્ર્ય પામવું અશક્ય છે. જૈન ધર્મમાં આ સમ્યક્ ચારિત્ર્ય જીવનમાં ઉતારવું એ સાધુનું ધ્યેય માન્યું છે અને એ ધ્યેયની સિદ્ધિ માટે મુખ્ય સાધન અહિંસા છે.

આ ધ્યેયને લક્ષમાં રાખીને સાધુના બધા આચારો ઘડાયા છે. સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહપણું પામ્યા વિના અહિંસા પાળવી અશક્ય છે. એટલા માટે આ ચારને પણ મહાવ્રતમાં ગણ્યા છે. મન અને ઈંદ્રિયોને સંયમમાં ન રાખે તે અહિંસા પાળી શકે નહિ. બીજી બાજુથી જો તપ ત્યાગ વગેરે ન આચરે તો આ મન અને ઈંદ્રિયોને સંયમમાં રાખવા મુશ્કેલ બને છે. આટલા માટે અહિંસા, સંયમ અને તપને શાસ્ત્રોમાં ધર્મનું હાર્દ લેખવામાં આવેલ છે. નાનામાં નાના જીવને પણ દુઃખ ન થાય કે તેની હત્યા ન થાય તે માટે સાધુને ક્ષણેક્ષણ જાગૃત રહેવા માટે આદેશ આપવામાં આવ્યો છે. અને એ જાગૃતિ સતત ચાલુ રહે તે માટે ઉપરના પાંચ મહાવ્રત પાળવા આવશ્યક છે. સાધુને મરણાંત કષ્ટ આવે તો તે પણ તેણે દ્રઢતાપૂર્વક, સમભાવપણે અને ધૈર્યપૂર્વક સહન કરવાનું છે. એવા સમયે પણ કષ્ટ આપનાર ઉપર મનથી પણ તે ક્રોધ કરતા નથી કે સામો બદલો લેવાનું મનથી પણ વિચારતા નથી.

શ્રાવકના જે વ્રતો કહ્યા છે તેની એવી રીતે ગોઠવણી કરવામાં આવી છે, કે જેથી શ્રાવક તૃષ્ણાને જીતી શકે અને ઉત્તમ પ્રકારનું જીવન જીવી શકે. ધનપ્રાપ્તિ અર્થે કે પોતાની, કુટુંબની કે દેશની રક્ષા અર્થે કે માનવતાની રક્ષા અર્થે તેને હથિયાર ઉપાડવા પડે તો પણ તેમાં તેને સંયમ રાખવાનું શીખવાય છે, જેથી કરીને એક તરફથી કોઈ તેના ઉપર હુમલો કરે કે નુકસાન કરે તો પોતાનો બચાવ કરતાં નિર્ધ્વંસપણું ન કરે કે નિર્દયતા ન વાપરે અને બીજી બાજુથી એ બધા ઉપરનો મોહ ઓછો કરતાં શીખે, અને એ રીતે સાધુ થવા માટેની યોગ્યતા કેળવે. જે વ્રતો યોજવામાં આવ્યા છે તેનો ઊંડાણથી અભ્યાસ કરીએ તો સમજાય છે કે પરિગ્રહની અને ભોગોપભોગની અમુક મર્યાદા નક્કી કરવાથી ધનના સંગ્રહની લાલચમાંથી માણસ બચે છે. ધનનું જે પરિમાણ રાખ્યું હોય તેનાથી વધારો થાય તો તે બધું જાતભાઈઓ માટે વાપરી નાખવું એવી આજ્ઞા કરવામાં આવી છે. અને જો તે સાચો ઉપાસક હશે તો તે ખોટે માર્ગે તે ધન વાપરશે જ નહિ. આમ જીવનમાં તૃષ્ણાની મર્યાદા બાંધવાથી સમાજને ઘણો ફાયદો થાય અને બધાંનો જીવનવ્યવહાર સરળતાપૂર્વક ચલાવવામાં સહાયક બને. જો આ સિદ્ધાંતને નવેસરથી તેના પૂર્ણ અર્થમાં જીવનમાં ઉતારાય તો મૃત્યુ, વિનાશ અને રક્તપાત – બધું બંધ થાય, અને વ્યકિત સમાજ, અને રાજ્ય બધામાં શાંતિ સ્થપાય.

અનુવાદક :
શ્રી મેનાબહેન નરોત્તમદાસ

મૂળ અંગ્રેજી :
શ્રી ગણેશ લાલવાણી

પૂરવણી : સ્યાદ્‌વાદ એટલે શું?

(શ્રી વસન્તલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ રચિત 'સાપેક્ષવાદ'માંથી સાભાર ઉદધૃત)

સ્યાદ્‌વાદનો વ્યવહારૂ પ્રયોગ આપણે કરવો જ રહ્યો–જો સત્યની પ્રાપ્તિ કરવી હશે તો.

સ્યાદ્‌વાદનો અર્થ એ છે કે જ્યાં જે દૃષ્ટિકોણથી સત્યને વધુ ને વધુ નજીક અનુભવાય ત્યાં તે દૃષ્ટિકોણ અથવા તો 'નય'નો સ્વીકાર કરવો, અને સ્વીકૃતિ સમયે પણ અન્ય સર્વ દૃષ્ટિકોણોમાં પણ સત્ય વ્યાપ્ત છે તેનો અનુભવ કરવો. સત્ય મારું નથી, તમારું નથી; અહીં નથી, ત્યાં નથી; સત્ય સાપેક્ષ છે મારું સત્ય જુદું છે, તમારું સત્ય જુદું છે, અહીંનું જુદું છે, ત્યાંનું જુદું છે - આમ કોઈ ચોક્કસ સ્વરૂપ સત્યનું નથી, કારણ, બધાં જ સત્યનાં સ્વરૂપ છે. સત્યમાં ન સમાય તેવું કશું જ નથી. સત્ય સર્વને વીંટળીને રહેલું છે.

સર્વ જીવોમાં આત્મદ્રવ્યત્વ સમાન છે. સ્ત્રી - પુરુષ, જ્ઞાની–અજ્ઞાની, શ્રીમંત - ગરીબ, રોગી - નીરોગી, ઊંચ કે નીચ, કોઈ પણ જીવ લો, આત્મદ્રવ્યથી તે સમાન છે અને કર્મ - કૃતિ - વિવિધતા રૂપી પર્યાયથી ભિન્ન છે. સર્વ જીવોની અભેદતા આ દ્રવ્યાર્થિક નય નો ઉપયોગ લાવી દેશે તે સમયે પર્યાયાર્થિક નય ગૌણ કરવો જોઈએ.

આત્મદ્રવ્યની વિચારણામાં સમાનતાના અંશ શોધી સર્વ જીવો પ્રત્યે અભેદભાવ લાવનાર દ્રવ્યાર્થિક નય જોઈએ, જ્યારે દ્રવ્યની વિચારણામાં શરીર, ધન, મિલકત, મકાન, પુત્ર સર્વ અદૈવિક ભાવ–કર્મોની કૃતિઓ છે એમ માનીને ત્યાં પર્યાયાર્થિક નય - દૃષ્ટિકોણ લાવવો જોઈએ. પર્યાયો તો બદલાયા કરે છે અને દ્રવ્ય નિત્ય રહે છે. અનંત પત્નીઓ, અનંત પુત્રો, અનંત મકાનમાલિકો આવ્યાં ને ગયાં. રહ્યું સ્થિર ને શાશ્વત આ આત્મદ્રવ્ય–જે એક માત્ર જોનાર છે. ને જાણનાર છે. પર પદાર્થમાં પર્યાયાર્થિક નયનો ઉપયોગ અને 'સ્વ' પદાર્થમાં દ્રવ્યાર્થિક નયનો ઉપયોગ જરૂરી છે.

એવી જ રીતે કેટલાકો માત્ર પ્રારબ્ધની વાત કરે છે, તો કેટલાક વળી માત્ર પુરુષાર્થની. એકાંતિક દૃષ્ટિકોણ કયારેય સાચો નથી. ભૌતિક પદાર્થની બાબતોમાં પ્રારબ્ધની વાત જરૂરી છે, અને આત્મિક પદાર્થની બાબતમાં પુરુષાર્થની વાત જરૂરી છે. જો આ બે દૃષ્ટિકોણોનો યથાર્થ ઉપયોગ નહિ આવડે તો પેલા પડીકીવાળા દર્દી જેવી સ્થિતિ થશે. એક દર્દીને પેટમાં દુખાવો ઉપડયો અને આંખમાંય દર્દ હતું. વૈદ્ય બે પડીકીઓ આપી. એક આંખ માટે, જે સુરમાની હતી અને બીજી પેટ માટે, જેમાં મરી મસાલાનો ભૂકો હતો. દર્દીએ એક મોટી ભૂલ કરી. પેટની પડકી આંખમાં નાખી અને આંખની પેટમાં. પરિણામે વૈદ્યને ગાળો દેવા માંડયો. દરેક વસ્તુનો યોગ્ય ઉપયોગ યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે જરૂરી છે. સ્યાદ્‌વાદ આપણને આમ જ વસ્તુ અને તેના પ્રત્યેના દૃષ્ટિકોણની યથાર્થ ઉપયોગિતા સમજાવે છે. યથાર્થ દૃષ્ટિબિંદુની પસંદગીનું પણ ગણિત છે અને એવી પસંદગી પછી પણ બીજા અન્ય દૃષ્ટિબિંદુ પ્રત્યે જોવાનું રહે છે. આ છે સત્યનું અતૂટ અને અખૂટ બહુમાન. એક નય ના સ્વીકાર વખતે બીજા નય નો નિષેધ થાય તો તે નય નથી પણ દુર્નય છે અને સત્ય ત્યાં કુંઠિત થાય છે. સાપેક્ષવાદનાં બે સ્વરૂપો નયવાદ અને સપ્ત-ભંગીવાદ આ વસ્તુ જ ખાસ શીખવે છે.

શંકરાચાર્યે અદ્વૈતવાદનો પ્રચાર કર્યો.. રામાનુજે અદ્વૈતાદ્વૈત અને વલ્લભાચાર્યે વિશિષ્ટાદ્વૈતનો પ્રચાર કર્યો. રામાનુજ અને વલ્લભાચાર્યે દ્વૈતવાદ અને અદ્વૈતવાદ વચ્ચે સમાધાન કરવા સાપેક્ષવાદનો જ પ્રયોગ કર્યો.

ભગવાન બુદ્ધે પણ પોતે ક્રિયાવાદી છે કે અક્રિયાવાદી તે બતાવવા સાપેક્ષવાદનો જ પ્રયોગ કર્યો છે.

જયંતી શ્રાવિકાએ ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછયા તેના પ્રત્યેક જવાબમાં 'શીયં' શબ્દનો પ્રયોગ ભગવાને કર્યો, જેનો અર્થ કથં ચિત્ અથવા તો સ્યાત્ થાય છે.

જયંતીએ પૂછયું: "હે ભગવાન! એક જીવ મૃત્યુ પામી ભવાંતરે જાય છે ત્યારે તે શરીરી કે અશરીરી?" અને ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો: "તેઓ શરીરી પણ છે અને અશરીરી પણ. તેજસ્ અને કાર્મણ શરીર ભવાંતરમાં પણ સાથે જતું હોવાથી તેઓ તે બે શરીરની અપેક્ષાએ સશરીરી છે અને ઔદારિકાદિ ત્રણ શરીર ત્યાં હોતાં નથી તેથી તે શરીરની અપેક્ષાએ અશરીરી છે."

એવો જ બીજો એક પ્રશ્ન જયંતી પૂછે છે: "હે ભગવાન! જીવો જાગતા સારા કે ઊંઘતા?" અને ભગવાન ઉત્તર આપે છે કે "જીવો કેટલાક જાગતા સારા અને કેટલાક ઊંઘતા. પ્રમાદવશ અને વિષયી જીવો ઊંઘતા સારા અને જ્ઞાની અને ઉદ્યમી જીવો જાગતા સારા."

અજ્ઞાન ને જ્ઞાન વચ્ચે, મિથ્યા જ્ઞાન ને સમ્યક્ જ્ઞાન વચ્ચે આ જ એક મોટો તફાવત છે. અજ્ઞાન ને મિથ્યાત્વમાં એવમ્–નામ જ–છે, જે સંકુચિત ને જડ એકાંતિક દૃષ્ટિબિંદુ ધરાવે છે, જે વિરાટ સત્યાનુભૂતિને માત્ર નિર્જીવ ચોકઠામાં જકડી રાખવા પ્રયત્નો કરે છે; જ્યારે સમ્યક્ જ્ઞાનમાં સ્યાદ્–પણ - શબ્દપ્રયોગ છે. શાસ્ત્રના વાકયેવાકયમાં સ્યાત્ શબ્દનો અપ્રગટ પ્રયોગ છે. સત્ય આ દ્રવ્ય–ક્ષેત્રકાળભાવાદિની અપેક્ષાએ આમ છે અને પરદ્રવ્યક્ષેત્રકાળભાવાદિની અપેક્ષાએ આમ પણ છે. સત્ય અહીં છે તેથી હું એમ નથી માનતો કે સત્ય ત્યાં નથી. સત્ય અહીં પણ છે અને સત્ય ત્યાં પણ છે. માત્ર મારી મર્યાદિત મનોશકિતથી અનંત સ્થાનમાં સર્વ બાજુએ વ્યાપ્ત સત્યને એક સાથે હું સ્પષ્ટતાથી અનુભવતો નથી. પણ તેનો અર્થ એ નથી કે સત્ય મારી મુઠ્ઠીમાં સમાય તેટલું નાનું જ છે. સત્ય વિરાટ છે, પ્રચંડ છે, અનંતતાનો આવાસ છે. અમર્યાદ-ક્ષેત્રને આવરતું કોઈ બેહદ નિ:સીમ તત્ત્વ છે. આ પ્રતીતિ સાપેક્ષ-વાદનો વ્યવહારૂ પ્રયોગ અચૂક લાવી દે છે. આથી જ સ્યાદ્‌વાદનું ક્ષેત્ર અમર્યાદિત છે. સાપેક્ષવાદનું શરણ લીધા વિના સત્યનું દર્શન અને સત્યનો અનુભવ શકય નથી.

વસન્તલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ

ડૉ. પદ્મનાભ જૈનીનો વાર્તાલાપ

ઑગસ્ટ માસની ૨૨ મી તારીખ મંગળવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં ડૉ. પદ્મનાભ જૈનીનો વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત થયેલાં ભાઈ–બહેનો સમક્ષ ડૉ. પદ્મનાભ જૈનીનો પરિચય કરાવતાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે, "ડૉ. પદ્મનાભ જૈની સાથે મારો અંગત સંબંધ વર્ષોજૂનો છે અને એ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ સાથે પણ તેમનો ઘણા સમયથી સંપર્ક રહ્યો છે. કેટલાંક વર્ષ પહેલાં સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમણે એક વ્યાખ્યાન આપેલું. પ્રબુદ્ધ જીવનમાં લાંબા લાંબા ગાળે પણ તેમનાં છૂટાછવાયાં લખાણો પ્રગટ થઈ ચૂકયા છે. પાંચ વર્ષના પરદેશનિવાસ બાદ તેઓ થોડા સમય માટે આ બાજુ આવેલા ત્યારે સંઘના કાર્યાલયમાં તેમનું પ્રવચન યોજવામાં આવેલું. આમ છતાં પણ આજે ઉપસ્થિત થયેલાં ભાઈ બહેનોમાંના ઘણાં એવા છે કે જેઓ તેમના વિષે કશું જાણતા નથી અથવા જાણે છે તો બહુ ઓછું જાણે છે. તો આજે જ્યારે તેમની ઉપસ્થિતિ થઈ છે ત્યારે તેમની આજ સુધીની જીવનકારકિર્દીની મુખ્ય મુખ્ય વિગતો અહીં રજૂ કરું તો અસ્થાને નહિ લેખાય.

"તેમનો જન્મ દક્ષિણ કેનેરામાં આવેલા મુળબીદ્રીમાં વસતા દિગંબર જૈન કુટુંબમાં ૧૯૨૩ની સાલમાં થયેલો. તેમનું શરૂઆતનું શિક્ષણ કરંજામાં આવેલા જૈન ગુરૂકુલમાં થયું, કૉલેજનો અભ્યાસ તેમણે નાસિકની કૉલેજમાં કર્યો અને સંસ્કૃત તથા પ્રાકૃત લઈને તેઓ બી. ઓ. થયા. ત્યારબાદ તેઓ વિશેષ અભ્યાસ માટે અમદાવાદ આવ્યા અને પં. સુખલાલજીના માર્ગદર્શન નીચે સંસ્કૃત અને પ્રાકૃત લઈને

૧૯૪૯ની સાલમાં તેઓ એમ.એ. થયા. ત્યાર બાદ બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા માટે તેઓ સીલોન ગયા અને ત્યાં ત્રણ વર્ષ રહીને બૌદ્ધ-ધર્મ અને સાહિત્યમાં પારંગત થયા. ત્યારબાદ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં તેમણે ૧૯૫૨થી ૧૯૫૬ સુધી પાલીભાષાના અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૫૬માં તેમની લંડન યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં 'પાલી અને બુદ્ધિસ્ટ સંસ્કૃત' એ વિષયના 'રીડર'–અધ્યાપક–તરીકે નિમણૂંક થઈ અને ત્યાં તેઓ આજ સુધી કામ કરી રહ્યા હતા. વચગાળે ૧૯૬૧ની સાલમાં તેમની યુનિવર્સિટીએ બર્મા, સીયામ, ઈન્ડોચાઈના, જવા વગેરે બૌધ્ધધર્મી દેશોમાં પ્રવર્તતું બૌદ્ધધર્મનું કેવું સ્વરૂપ છે તેનો અભ્યાસ કરવા માટે તેમને ત્રણ કે ચાર મહિના માટે આ બાજુ મોકલેલા. ૧૯૫૬થી ૧૯૬૭ એમ આજ સુધી તેઓ પોતાના કુટુંબ સાથે લંડનમાં રહેતા હતા. હવે તેમની યુનિવર્સિટી ઑફ મીચીગનની આન આર્બર શાખામાં ભારતીય ભાષા અને સાહિત્યના અધ્યાપક તરીકે નિમણૂંક થઈ છે અને તે નવા કામ ઉપર જોડાવા પહેલાં મુળબીટ્રીમાં રહેતાં પોતાના વૃદ્ધ માતુશ્રીને મળવા માટે પંદર દિવસનો ગાળો કાઢીને પોતાના કુટુંબ સાથે તેઓ ભારત ખાતે આવ્યા છે. પંદર દિવસ પહેલાં અહીં થઈને મુળબીટ્રી જતાં પહેલાં તેઓ મને મળ્યા અને તે વખતે સંઘના સભ્યોને તેમનો લાભ મળે તે આશયથી તેમનો વાર્તાલાપ તેઓ મુંબઈ પાછા ફરે ત્યારે ગોઠવવાનું નક્કી કરેલું તે મુજબ આજે તેઓ આપણી સમક્ષ ઉપસ્થિત થયા છે. અને આવતી કાલે રાત્રે તેઓ અહિંથી રવાના થવાના છે. તેમને સંઘ તરફથી હું હાર્દિક આવકાર આપું છું અને તેમની નવી જવાબદારીમાં પૂરી સફળતા ઈચ્છું છું.

"આપણા અનેક યુવાનો એક યા બીજા હેતુ માટે પરદેશ જાય છે અને વસે છે, પણ ભાઈ પદ્મનાભના આ પરદેશ નિવાસની વિશેષતા છે. તેઓ ત્યાં આપણી ભારતીય સંસ્કૃતિના એક પ્રતિનિધિ તરીકે જાય છે અને પોતાના વિષયના અધ્યાપન સાથે તેમણે ત્યાંની પ્રજાને આપણી ભારતીય સંસ્કૃતિ શું છે, તેની શું વિશેષતા છે તે સમજાવવાનું છે. આ જવાબદારી ઘણી મોટી છે અને ભાઈ પદ્મનાભને જે રીતે હું જાણતો આવ્યો છું તે રીતે તેઓ આવા મહાન કાર્ય માટે સંપૂર્ણ યોગ્યતા ધરાવે છે. તેમનામાં અસાધારણ બુદ્ધિપ્રતિભા છે; અભ્યાસશીલ તેમની પ્રકૃતિ છે; અને ભારત વિષે અને ભારતીય ધર્મચિન્તન વિષે તેમનામાં ઊંડી નિષ્ઠા છે.

"આજે તેમણે શું બોલવું અને કઈ બાબત ચર્ચવી તે તેમના ઉપર હું છોડું છું. તેમના અભ્યાસ, અનુભવ અને ચિન્તનમાંથી તેઓ જે કાંઈ કહેશે તેમાં આપણ સર્વને રસ પડશે જ એવી મારી ખાત્રી છે. તો તેમને પોતાનું વક્તવ્ય શરૂ કરવા હું વિનંતિ કરું છું."

શ્રી પદ્મનાભ જૈનીએ પોતાના વક્તવ્યના પ્રારંભમાં જણાવ્યું કે "હું ૧૦-૧૧ વર્ષ સતત લંડનમાં રહ્યો; હવે અમેરિકા જઈ રહ્યો છું અને ત્યાં પણ બે પાંચ વર્ષ રહેવાનું બનશે. આ રીતે મારી માફક લાંબો સમય પરદેશ રહેનારના મનમાંથી હું જૈન છું, વૈષ્ણવ છું કે બ્રાહ્મણ છું તે બાબત ગૌણ બની જાય છે અને હું ભારતીય છું એ વિચાર પ્રધાન બની જાય છે અને ત્યાંના લોકો પણ અમને જૈન, હિંદુ કે મુસલમાન તરીકે નહિ પણ ભારતીય તરીકે - ઈન્ડીયન તરીકે જ ઓળખે છે. અને Indian way of life – ભારતીય જીવનપદ્ધતિ – વિષે ત્યાંના લોકો અમને પ્રશ્નો પૂછતા હોય છે અને અમારે જવાબ પણ આપવાના હોય છે. આનું એક પરિણામ એ આવે છે કે ભારતના ભિન્ન ભિન્ન ધર્મો અને સંપ્રદાયો વિષે અમારામાં એક પ્રકારનું તાટસ્થ્ય કેળવાય છે અને ધર્મો વિષેનું અમારું દર્શન વધારે સપ્રમાણ બને છે."

આમ જણાવ્યા બાદ ત્યાંના લોકોને જૈન ધર્મનું હાર્દ સમજાવવામાં પોતે જે એક ખાસ મુશ્કેલી અનુભવે છે તે સમજાવતાં તેમણે એ મતલબનું જણાવ્યું કે "અન્ય ધર્મોની સરખામણીમાં જૈન ધર્મ એ રીતે જુદો પડે છે કે અન્ય સર્વ ધર્મો ઈશ્વર અંગેની જે પરંપરાગત માન્યતા ધરાવે છે તેનો સ્વીકાર કરીને ચાલે છે. તેમની માન્યતા મુજબ ઈશ્વર સર્વશક્તિમાન છે, સૃષ્ટિના કર્તાહર્તા છે, કુદરતી કાનુનથી પર છે અને તે જીવ ઉપર કૃપા કરી શકે છે, grace દાખવી શકે છે અને તેની કૃપાથી જીવનો મોક્ષ થાય છે, જ્યારે જૈન ધર્મ પરંપરાગત માન્યતા મુજબના આવા ઈશ્વરનો ઈનકાર કરે છે અને આ અર્થમાં જૈન ધર્મ અનીશ્વરવાદી છે અને એમ છતાં, અન્ય આધિભૌતિક દર્શનો ઈશ્વરને નથી માનતા તેમ આત્માને પણ નથી માનતા, જ્યારે જૈન ધર્મ આત્મતત્વને સ્વીકારે છે અને તેના મોક્ષને પણ સ્વીકારે છે. તદુપરાંત આ મોક્ષપ્રાપ્તિ માટે તેણે પોતાએ જ પુરુષાર્થ કરવાનો છે, અને કોઈની પણ મદદ વિના, કૃપા વિના, grace વિના માનવી કેવળ પોતાના પુરુષાર્થ વડે મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. આવી વિચારસરણી ધરાવતો જૈન ધર્મ, જે પ્રજા–ઈશ્વરવિનાના ધર્મની કોઈ કલ્પના જ કરી શકતી નથી તેને સમજાવવો–ગળે ઉતરાવવો અમને સ્કૉલરને બહુ મુશ્કેલ પડે છે."

ભાઈ પદ્મનાભે રજૂ કરેલા આ વિચારમાં કોઈક એવું સૂચન છે કે ઈશ્વરનો અસ્વીકાર અને મોક્ષનો તદાધારિત સ્વીકાર એ વિધાનમાં જૈન ધર્મની કાંઈક ઉણપ રહેલી છે અને કાંઈક વદતો–વ્યાઘાત જેવું છે–આવી છાપ કેટલાક શ્રોતાઓના મનમાં ઊભી થઈ. તે છાપને પ્રતિધ્વનિત કરતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે એ મતલબનું જણાવ્યું કે "ઈશ્વર અંગેની પરંપરાગત કલ્પના માત્ર જૈન ધર્મને અમાન્ય છે એમ નથી, પણ બૌદ્ધધર્મ પણ એમ જ માને છે અને વેદાન્ત અને સાંખ્ય દર્શન પણ આવા ઈશ્વરને સ્વીકારતું નથી અને બુદ્ધિપૂર્વક વિચાર કરનાર કોઈને પણ આવો ઈશ્વર માન્ય બની શકે નહિ અને આવા ઈશ્વરનો અસ્વીકાર અને મોક્ષનો સ્વીકાર એ બે વચ્ચે કોઈ પણ પ્રકારનો વિરોધ વિચારવાની જરૂર છે જ નહિ."

આ રીતે પરસ્પર ચર્ચાવાર્તાની જમાવટ થઈ અને દોઢ કલાક સુધી વિચારોની સુન્દર આપ લે થઈ. સંઘના મંત્રી શ્રી સુબોધભાઈએ પદ્મનાભનો આભાર માનતાં જણાવ્યું કે "આજની સભા આગળની સભાઓ કરતાં અનોખી બની છે. આજે આપણને ભારે તાત્ત્વિક ચર્ચા સાંભળવા મળી અને હું માનું છું કે આજનું આપણું મીલન ઘણી રીતે સાર્થક થયું છે અને એ માટે આપણે આજના આપણા મહેમાન શ્રી પદ્મનાભ જૈનીના ઘણા ઋણી છીએ. શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે "હું પણ મારો આનંદ એ જ રીતે વ્યકત કરું છું. વિશેષમાં ભાઈ પદ્મનાભે જણાવેલી મુશ્કેલી હું સમજી શકું છું. કેટલાંક વર્ષ પહેલાં વીલેપારલેની ન્યુપીલ્સ ઑન સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી. જહાંગીર વકીલ સાથે જૈન ધર્મને લગતી વાત નીકળતાં મેં જણાવેલું કે આ સૃષ્ટિના કર્તાહર્તા નિયન્તા તરીકે જૈન ધર્મ કોઈ ઈશ્વરને સ્વીકારતો નથી. આ સાંભળતાં તેમણે જણાવ્યું કે ઈશ્વરની કલ્પના વિનાના કોઈ ધર્મને હું કલ્પી જ શકતો નથી અને એ રીતે અમારી ચર્ચા ત્યાંથી આગળ વધી ન શકી.

આ રીતે બૌદ્ધિક પ્રફુલ્લતાના અનુભવપૂર્વક સભા વિસર્જન થઈ હતી.

પૂરક નોંધ : ઉપર આપેલી ચર્ચાના અનુસંધાનમાં કેટલાંક વર્ષો પહેલાં, જ્યારે વિનોબાજીની સૌરાષ્ટ્રમાં ભૂદાન યાત્રા ચાલતી હતી તે દરમ્યાન, તેમની સાથે શ્રી કેદારનાથજીએ 'વિવેક અને સાધના' પુસ્તકમાં ઈશ્વરતત્વની પ્રરૂપણા કરી છે અને જેને પુનર્ભવની ઉપાધિ વળગેલી છે એવા આત્મતત્ત્વનો તેમણે અસ્વીકાર પ્રરૂપ્યો છે–તે વિષે થયેલી વાતચિત મને યાદ આવે છે. આવી માન્યતા ધરાવતા કેદારનાથજીને 'નાસ્તિક-આસ્તિક' અથવા તો 'નાસ્તિક ઈશ્વરવાદી' કહેવાય એમ વિનોબાજીએ જણાવેલું. આપણી પરંપરા મુજબના આત્મતત્ત્વને તેઓ સ્વીકારતા નથી તેથી નાસ્તિક અને ઈશ્વરને સ્વીકારે છે માટે આસ્તિક. આ રીતે જૈન માન્યતાને બે શબ્દમાં વર્ણવવી હોય તો જૈનોને 'નાસ્તિક-આસ્તિક' અથવા તો 'નાસ્તિક–આત્મવાદી' કહેવાય. ઈશ્વરને ન સ્વીકારે એટલે નાસ્તિક; અને પુનર્ભવપરાયણ આત્મતત્ત્વનો સ્વીકાર એટલે આસ્તિક.


પરમાનંદ

ન્યાયમૂર્તિ નરેન્દ્ર નથવાણી—સન્માન સંમેલન

મહારાષ્ટ્ર હાઈકોર્ટમાં છેલ્લાં ૩૦ વર્ષથી એડવોકેટ તરીકે 'પ્રેક્ટીસ' કરતા શ્રી નરેન્દ્ર પ્રાગજી નથવાણીની તાજેતરમાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે મહારાષ્ટ્ર સરકાર તરફથી નિમણૂંક કરવામાં આવી તે અંગે તેમનું સન્માન કરવાના આશયથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૬મી ઑગસ્ટ શનિવારના રોજ શ્રી શાન્તિલાલ હ. શાહના પ્રમુખપણા નીચે ધી બોંબે ગ્રેન ડીલર્સ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના સભાગૃહમાં એક સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સભામાં સંઘના સભ્યો ઘણી સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા.

શ્રી નરેન્દ્ર નથવાણીનો પરિચય

પ્રારંભમાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી નરેન્દ્ર નથવાણીને આવકાર આપતાં અને તેમનો પરિચય કરાવતાં જણાવ્યું કે "થોડા દિવસ પહેલાં મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં મહારાષ્ટ્ર હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે તરતમાં જ નિમાયેલાં ભાઈ નરેન્દ્ર નથવાણીનું સંઘ તરફથી બહુમાન કરવાનો વિચાર મેં રજૂ કર્યો અને બધા સભ્યોએ તે વિચારને સહર્ષ વધાવી લીધો તે અન્વયે આજે આપણે અહિં એકત્ર થયા છીએ. જે ભાઈ બહેનો ભાઈ નથવાણીને ન જાણતાં હોય તેમને સહજ પ્રશ્ન થાય કે તેમનું સન્માન કરવાનો સંઘે કેવા હેતુથી પ્રેરાઈને નિર્ણય કર્યો ? ભાઈ નથવાણીનો સંઘ સાથે કોઈ સીધો સંબંધ નથી; તેઓ જૈન પણ નથી; આમ તો અનેક વ્યકિતઓ ઊંચા સ્થાન ઉપર આવતી હોય છે. કોઈ વ્યકિત પ્રધાન બને છે, કોઈને કેન્દ્રની કેબીનેટમાં સ્થાન મળે છે. તો પણ તેમનું સન્માન કેમ નહિ અને નથવાણીનું કેમ ? આના જવાબમાં જણાવવાનું કે જેવી રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે કોને નિમંત્રણ આપવું અને કોને ન આપવું તે વિષે એક ચોક્કસ ધોરણ વિચારવામાં આવે છે. માત્ર કુશળ વકતૃત્વ કે ઉચ્ચ અધિકાર નહિ પણ વ્યકિતની શીલસંપન્નતા, સેવાપરાયણતા, ચિંતનપરાયણતા, જ્ઞાનસંપન્નતા-આવી અનેક બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. આવી જ રીતે સંઘ તરફના સન્માન માટે વ્યકિતને પ્રાપ્ત થયેલ માત્ર વિશિષ્ઠ અધિકાર નહિ, પણ સાથે સાથે તેની વિશિષ્ટ ગુણવત્તાનો પૂરો ખ્યાલ કરવામાં આવે છે. આજના સન્માન માટે ભાઈ નથવાણીની પસંદગી અમે આ ધોરણે કરી છે.



ન્યાયમૂર્તિ નરેન્દ્ર નથવાણી

"તેઓ હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે નિમાયા છે તેથી તેમને નામથી તો આપ સર્વ જાણો છો પણ તેમની આજસુધીની જીવન-કારકિર્દીથી આપમાંના ઘણાખરા અજાણ છો. તેથી તેમનો ટૂંકો પરિચય અત્રે આપું તે અસ્થાને નહિ ગણાય.

"ભાઈ નથવાણીના પિતાશ્રી વર્ષો પહેલાં પૂર્વ આફ્રિકામાં વસતા હોઈને, તેમનો જન્મ ૧૯૧૩ની સાલમાં યુગાન્ડામાં થયેલો. પછી તેમનું કુટુંબ દેશમાં પાછું આવ્યું અને જૂનાગઢમાં વસ્યું. તેમનું શરૂઆતનું ભણતર જૂનાગઢમાં અને પછી રાજકોટમાં થયું અને ત્યાર બાદ કૉલેજ શિક્ષણ તેમણે જૂનાગઢ અને મુંબઈમાં પ્રાપ્ત કર્યું; આમ બી.એ. થયા બાદ તેઓ કાયદાના અભ્યાસ તરફ વળ્યા અને એલ્. એલ્. બી ની છેલ્લી પરીક્ષામાં પ્રથમ નંબરે પસાર થયા અને સર મંગળદાસ નથ્થુભાઈ સ્કોલરશીપ તેમણે પ્રાપ્ત કરી; ૧૯૩૭માં તેઓ એડવોકેટ થયા. અને મુંબઈની હાઈકોર્ટમાં તેમણે વકીલાત શરૂ કરી. વર્ષો જતાં ૧૯૫૦થી તેઓ દિલ્હીની સુપ્રિમ કોર્ટની પ્રેકટીસ પણ કરી રહ્યા છે.

"કાયદાશાસ્ત્રી તરીકેના આ વ્યવસાય સાથે દેશમાં ઉગ્ર બનતા જતા આઝાદીના આન્દોલનમાં પણ તેઓ ખૂબ જ ઓતપ્રોત થતા રહ્યા હતા. ૧૯૩૨–૩૩ની સત્યાગ્રહની લડતમાં તેમણે ભાગ લીધો હતો અને જેલવાસી બન્યા હતા. ૧૯૪૨ની 'કવીટ ઈન્ડિયા'ની લડતમાં તેમણે ભૂગર્ભમાં રહીને કામ કર્યું હતું. ૧૯૪૭માં જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય જાહેર કર્યો તે સામે બળવા રૂપે જે આરઝી હકૂમત ઊભી કરવામાં આવેલી તેમાં તેમની કાયદો અને ન્યાય ખાતાના પ્રધાન તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તે દિવસોમાં તેમણે—ખાસ કરીને કુતિયાણામાં—જીવના જોખમે અદ્‌ભુત કામગીરી દાખવી હતી અને નવાબની સત્તાનો અન્ત આણવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ત્યાર બાદ દિલ્હી ખાતે ઊભી કરવામાં આવેલી કોન્સ્ટીટયુઅન્ટ એસેંબલીમાં તેઓ સોરઠ જિલ્લા તરફથી ચૂંટાયા હતા. તેમાં તેમણે બે વર્ષ કામ કર્યું હતું. પછી લોક-સભાની ઉત્તરોત્તર થયેલી બે ચૂંટણીઓમાં તેમણે સફળતા મેળવેલી અને એ રીતે તેમણે ૧૯૫૨થી ૧૯૬૨ સુધી એમ દશ વર્ષ લોક-સભાના સભ્ય તરીકે અગત્યની કામગીરી બજાવી હતી. એ દરમિ-યાન કંપનીઝ બીલને આકાર આપવામાં તેમણે ઘણો પરિશ્રમ ઉઠા-વ્યો હતો અને અનેક પ્રવર સમિતિઓમાં તેમણે કામ કર્યું હતું. હિન્દુ લગ્ન ખરડો, હિન્દુ દત્તક ખરડો, નાગરિક પદ ખરડો, પ્રિવે-ન્ટીવ ડીટેન્શન બીલ- વગેરેને લગતી સમિતિઓમાં તેમણે પોતાની શકિતનો યોગ આપ્યો હતો. શ્રી શાન્તિલાલ હ. શાહના અધ્યક્ષપણા નીચે ઊભી કરવામાં આવેલી ગર્ભપાત કાનૂન સમિતિની ભલામણો નક્કી કરવામાં પણ તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. આજે તેઓ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તથા સુરુચિ પ્રેસ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. તેમના કુટુંબનો વસવાટ કેશોદમાં છે. ત્યાં ઊભી કરવામાં આવેલી શ્રી ભગવાનજી સુન્દરજી ક્ષયનિવારણ હૉસ્પિ-ટલના તેઓ ઉપ-પ્રમુખ છે.

"આમ તેમની આજ સુધીની કારકિર્દી અનેક રીતે ઉજ્જવળ બનતી રહી છે. તેમની આ નવી નિમણૂંકથી આ ઉજ્જવલતામાં વૃદ્ધિ થશે એમાં કોઈ શક નથી.

"આ બધી તો આપણે તેમના ભૌતિક ઉત્કર્ષ અને જાહેર જીવ-નની વાતો કરી. સાથે સાથે એ જણાવવું જરૂરી છે, તેમના આન્તરિક જીવનની નિર્મળતા, તેમની અસાધારણ વિશેષતા છે. નમ્રતા, સરળતા, સુજ્ઞતા-આ તેમના વિશિષ્ટ ગુણો છે. આપણા માટે પ્રમાણિકતા પ્રયત્ન અને પુરુષાર્થ વડે પણ દુ:સાધ્ય છે. એમના માટે તે પ્રકૃતિસિદ્ધ છે. તેઓ ખોટું કરવા ધારે તો પણ ન કરી શકે એવી સહજ તેમની શીલસંપન્નતા છે. તેમની આ વિશેષતાથી પ્રેરાઈને આજે આપણે તેમનું બહુમાન કરવા પ્રેરાયા છીએ. તેમનું બહુમાન એટલે માત્ર ઊંચા પદનું નહિ, પણ તે પાછળ રહેલી અસાધારણ ગુણ-વત્તાનું છે. આવા આજના આપણા સન્માનપાત્ર ભાઈ નરેન્દ્ર નથવાણીનું હું આપ સર્વની વતી અભિનન્દન કરું છું અને તેમનો સતત ઉત્કર્ષ થતો રહે અને તે દ્વારા પ્રજાનું, જનતાનું કલ્યાણ થતું રહે એવી શુભેચ્છા વ્યકત કરું છું."

વિશેષ વિગતો હવે પછીનાં અંકમાં.

અપૂર્ણ

સર મણિલાલ નાણાવટીનું પ્રેરક નિવેદન

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં સ્વ. સર મણિલાલ બાલાભાઈ નાણાવટીનો જે પરિચય આપવામાં આવ્યો છે તેના પ્રારંભમાં, તેમનું અવસાન ભૂલથી ગયા ઑગસ્ટ માસની ૧૩મી તારીખે થયું હોવાનું જણાવ્યું છે તે સુધારીને ૩૦મી જુલાઈ વાંચવું. આવી ભૂલ કરવા માટે હું ખૂબ દિલગીર છું. તે જ પરિચય નોંધમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા૦ ૨૨-૩-૧૯૬૩ના રોજ યોજવામાં આવેલ સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના જે સન્માન સમારંભનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સન્માન સમારંભ પ્રસંગે તેમણે પોતાના સમગ્ર જીવનની આલોચના કરતું એક નિવેદન કર્યું હતું. તે નિવેદનમાં આજની પેઢીના યુવાનોને ઘણી પ્રેરક સામગ્રી મળે તેમ છે એમ સમજીને અહિં નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

આપે આજે મારા માટે આવું સન્માનસંમેલન યોજ્યું તે માટે આપના મુંબઈ જૈન યુવક સંઘનો હું આભાર માનું છું, ભાઈ પરમાનંદભાઈ ઘણા વખતથી મને કહી રહ્યા હતા કે આ રીતે મારે આપને મળવું અને મારા જીવનના અનુભવો વિષે આપની સાથે વાર્તાલાપ કરવો. અને દર વખતે હું એ બાબત ટાળતો હતો, કારણ કે, મને એમ જ લાગતું હતું કે, મારા જીવનમાં મારે કંઈ ખાસ કહેવા જેવું નથી, પણ થોડા દિવસ પહેલાં અમારે મળવાનું બન્યું અને એમણે એ જ માગણી મારી સમક્ષ મૂકી અને એ નબળાઈની ઘડીએ મારાથી હા કહેવાઈ ગઈ. એના પરિણામે આજે હું આપની સમક્ષ આ રીતે ઉપસ્થિત થયો છું.

આ તેમની માંગણી જ્યારથી મેં સ્વીકારી ત્યારથી હું મારી જાત વિષે–મારા સમગ્ર જીવન વિષે–ઊંડાણથી વિચાર કરવા લાગ્યો અને ખરેખર તેમાં એવું કાંઈ છે ખરું કે જે આપની સમક્ષ હું રજૂ કરી શકું ? આવો પ્રશ્ન મારી જાતને પૂછવા લાગ્યો. આ રીતે વિચાર કરતાં મને એમ લાગ્યું કે મારી આખી કારકિર્દિમાં મને ભાગ્યે જ નિષ્ફળતા મળી હોય–આવી એકધારી સફળ કારકિર્દી નું કોઈક વિશેષ કારણ હોવું જોઈ એ. આમ મારા આજ સુધીના જીવનનું સંશોધન કરતાં કરતાં મનમાં ધીમે ધીમે કડીઓ ગોઠવાવા લાગી અને મારા જીવનને સફળ બનાવવામાં જે વિશિષ્ટ સંયોગોએ અને નિમિત્તોએ ભાગ ભજવ્યો છે તેનું મને સ્પષ્ટ દર્શન થવા માંડ્યું.

મારા બાહ્ય જીવનમાં બનેલી અગત્યની બીનાઓ પરમાનંદભાઈએ આપની સમક્ષ મૂકી છે. તે પાછળ કયાં બળોએ કામ કર્યું છે તેની રૂપરેખા આપની સમક્ષ હું મૂકવા માગું છું. આ સંમેલન, મેં ૮૬ વર્ષ પૂરાં કર્યાં એ હકીકતને આગળ ધરીને યોજવામાં આવ્યું છે. પણ મારા પિતાશ્રી ૮૯ વર્ષની ઉંમરે ગુજરી ગયા એ જોતાં આ ઉંમર વધારે પડતી ન કહેવાય. આમ છતાં સામાન્ય લોકોની આવરદાનો વિચાર કરતાં આ ઉમ્મર અને તે સાથે શારીરિક તેમ જ માનસિક શક્તિ આટલા પ્રમાણમાં જળવાઈ રહે એ જરૂર અસામાન્ય ગણાય. આમ બનવામાં મને સૂઝે છે તે કારણો નીચે મુજબ છે:

(૧) અમે નાના હતા ત્યારે અમારા પિતાશ્રીએ અમો ત્રણ ભાઈઓ માટે ઘરમાં એક અખાડો બનાવ્યો હતો અને વડોદરાના એક સારા મલને રાખીને દરરોજ સવારના દંડ, બેઠક, મલખમ, અને કુસ્તીની કેળવણી અમને આપવામાં આવી હતી અને એ સાથે અમને સારો પૌષ્ટિક ખોરાક મળતો રહે એ બાબત તરફ પૂરું ધ્યાન આપવામાં આવતું હતું. આ કેળવણી બે ત્રણ વર્ષ ચાલી અને અમારાં શરીર અને સ્નાયુઓ સુદઢ બન્યા. તે પછી ઘર બદલવાનું બનતાં અખાડાની આ સગવડ ન રહી. એમ છતાં અમારી નિશાળમાં સીંગલ બાર, ડબલ બાર અને મલખમની કસરતો મેં ચાલુ રાખી. આગળ જતાં ક્રિકેટ અને પછી ટેનીસ શરૂ કરી. કોલેજ છોડયા બાદ પણ વરસો સુધી ટેનીસ ચાલુ રાખી. વડોદરા રાજ્યની નોકરીમાં દાખલ થવા બાદ મહારાજાએ યોજેલા કોર્સ મુજબ ત્રણ માસ માટે riding અને shooting મીલીટરી ટ્રેનીંગનો લાભ મને મળ્યો. આમ શરીરની સ્ફૂર્તિ અને તે સાથે જોડાયેલી મનની સ્ફૂર્તિ એક સરખી કાયમ રહી અને તેણે ગમે તેટલાં કઠણ કામોને પહોંચી વળવામાં મને ખૂબ યારી આપી.

(૨) મારા શરીરઘડતર સાથે મારા જીવનઘડતરમાં પણ મારા પિતાશ્રીનો ઘણો મોટો ફાળો છે. તેઓ એક ભવ્ય સંસ્કારી પુરુષ હતા. તેમનું જીવન આદર્શ કોટિનું હતું. તેમણે પણ વડોદરા રાજ્યના વૈદકીય ખાતામાં અને મહારાજાના અંગત ડાકતર તરીકે ઘણાં વર્ષો સુધી નોકરી કરી હતી. અમો ત્રણ ભાઈઓમાં મને તેમની છત્રછાયા નીચે રહેવાનો સૌથી વધારે લાભ મળ્યો હતો. ૧૯૦૪થી ૧૯૪૩ની સાલ કે જ્યારે તેમનું અવસાન થયું ત્યાં સુધી અમે બન્ને સાથે રહ્યા હતા. અમારું કુટુંબ ઘણું મોટું હતું. ભાઈબહેનોનો વિસ્તાર ચોતરફ પથરાયેલો હતો, પણ જે કોઈ કુટુંબીજન–ભાઈ, ભત્રીજો કે ભાણેજ–માંદું સાજું થાય કે જેને આરામની અગર કેળવણીની જરૂર હોય તે અમારા ઘરમાં આવીને રહેતું. આ રીતે અમારું ઘર જતાં આવતાં કુટુંબીજનો માટે ઉપચારગૃહ, આરામગૃહ કે હોસ્ટેલ જેવું જ બની રહેતું. અને સૌના ઉપર મારા પિતાશ્રીનો એકસરખો વાત્સલ્યભાવ વરસતો રહેતો. આવા પિતાના સાન્નિધ્યમાં મને સાચી જીવનદષ્ટિ અને શિસ્તબદ્ધતા મળી એમ હું માનું છું.

(૩) મારા પિતાશ્રીની રાજ્યની નોકરીના કારણે બદલી થયા કરતી, એટલે કોલેજના ભણતર દરમિયાન મારે મોટા ભાગે વડોદરા કોલેજની હોસ્ટેલમાં રહેવાનું બનતું. હું આમ સાધારણ કોટિનો વિદ્યાર્થી હતો, પણ કોલેજનાં વર્ષો દરમિયાન ગુજરાતી, અંગ્રેજી તેમ જ સંસ્કૃત સાહિત્યના શોખીન એવા કેટલાક વિદ્યાર્થીઓના નિકટ પરિચયમાં આવવાનું બન્યું અને તેમની દ્વારા મારામાં સાહિત્યની રૂચિ કેળવાઈ. અને ત્રણે ભાષાનું ઘણું સાહિત્ય વાંચવાની મને તક મળી. એ દિવસોમાં અમને વિદ્યાર્થીઓને અન્ત્યાક્ષરી અથવા તો અન્તકડી રમવાનો બહુ શોખ હતો. એમાં મોટા ભાગે ગુજરાતી, ઘણીવાર અંગ્રેજી અને કોઈ કોઈ વાર સંસ્કૃત ભાષાનાં પણ કાવ્યોનો ઉપયોગ કરવામાં આવતો. આ રીતે કેટલીયે સુન્દર અને સંસ્કારપોષક કાવ્યપંકિતઓ મોઢે થઈ જતી, એટલું જ નહિ પણ, જીવનમાં જડાઈ જતી. સમયાન્તરે ડો૦ મિસીસ બીસેન્ટના યોગવિષયક પુસ્તકોના વાંચને મને યોગ અને અધ્યાત્મ તરફ વાળવામાં અગત્યનો ભાગ ભજવ્યો. સાંસ્કૃતિક વિકાસનાં મૂળ મારામાં આ રીતે રોપાયાં.

(૩) ઈ. સ. ૧૯૦૪ માં વડોદરા રાજ્યની નોકરીમાં હું જોડાયો કે તરત જ મહારાજા સયાજીરાવે મારી ખૂબ કસોટી કરવા માંડી અને એક પછી એક જવાબદારીવાળાં કામો સોંપવા માંડયાં. He was very hard task–master. આ રીતે મને અસાધારણ તાલીમ મળવા લાગી. અધિકારની જવાબદારી તો સંભાળવાની જ હોય, પણ એ સિવાય બહારનાં પણ કામો માથા ઉપર આવવા લાગ્યાં. દાખલા તરીકે હું જૈન છું એમ સમજીને શરૂઆતમાં જ જૈનોમાં જ્ઞાતિબંધારણો કયાંથી આવ્યાં એ વિષય ઉપર નિબંધ તૈયાર કરવાનું મને ફરમાવ્યું. એ તૈયાર કરીને આવ્યો, એટલે જૈનોમાં મૂર્તિપૂજા કયાંથી આવી એ વિષયનું સંશોધન કરવાનો તેમણે હુકમ કર્યો. આમ એક પછી એક ઘણાં સંશોધનોનું કામ વર્ષો સુધી મને સોંપવામાં આવેલું. આ નિવેદનો તૈયાર કરવાનું કામ સામાન્ય ખાતાંઓના કામ ઉપરાંતનું હતું. આ બધાં કામ અને જવાબદારીઓને પહોંચી વળવામાં મેં કદી પાછી પાની ન કરી. મહારાજાને પણ મારા કામથી સંતોષ થતો રહ્યો. આ કામગીરીએ મારા ઘડતરમાં ઘણો મોટો ભાગ ભજવ્યો.

એમણે જ મને વ્યાપાર ઉદ્યોગની વિશેષ કેળવણી લેવા માટે અમેરિકા મોકલેલો. ત્યાંના બે વરસના વસવાટના કારણે મારા દૃષ્ટિબિંદુમાં અને કાર્યપદ્ધતિમાં મહત્ત્વનો ફેરફાર થયો. આ ઉપરાંત ૧૯૨૩ તથા ૧૯૨૪ એમ બે સાલ વડોદરા મહારાજાના અંગત મંત્રી તરીકે યુરોપમાં મહારાજાના હાથ નીચે કામ કરવાની મને તક મળી. એ બે વર્ષનો અનુભવ પણ મારા ઘડતરમાં બહુ ઉપકારક નિવડ્યો.

વડોદરા રાજ્યની મારી સમગ્ર કામગીરી પાછળ મનથી વિચારી રાખેલા નીચેના ચાર સિદ્ધાંતો મને દોરી રહ્યા હતા.

(ક) મારા કામ માટે– I am a daily wage–earner–હું એક રોજીંદો નોકર છું– આવી મારી ભાવના રહેતી. આનો અર્થ એ કે મને દરરોજનું વેતન મળે છે અને તેથી આજનું કામ મારે આજે સારી રીતે પૂરું કરવું જ જોઈએ– આવી નિષ્ઠાથી હું કામ કરતો અને તેથી મારા કામમાં arrears જેવું–ચઢેલા કામ જેવું–કદિ રહેતું નહિ. આજનું કામ આજે જ મારે પૂરું કરવું જોઈએ–એ સિવાય મને ચેન જ ન પડે–આવો મારો સ્વભાવ અને આવી મારી નિષ્ઠા મારા કામને અંગે રહેતી.

(ખ) મારા ભાગે જે કાંઈ કામ આવતું તે પૂરી ખંત અને ઉદ્યમથી કરતો અને તેથી હું પૂરો સંતોષ અનુભવતો. ખટપટ કરીને આગળ વધવાનો કે ઊંચા હોદ્દા પર ચઢવાનો કોઈ વખત વિચાર પણ ન આવતો.

(ગ) જે કામને અંગે જે પગાર મળે તેથી પૂરો સંતોષ અનુભવતો. મને વધારે આર્થિક વળતર મળે એવી ઝંખના કદિ પણ મારા ચિત્તને સ્પર્શી નહોતી.

(ઘ) જે વિષયનું કામ આપવામાં આવે તે વિષયનો હું પૂરો અભ્યાસ કરતો અને તેમાં પૂરી કુશળતા મેળવવા પ્રયત્ન કરતો. પરિણામે કોઈ પણ કામ routine તરીકે–જેમ ચાલે છે તેમ પૂરું કરી નાખવાનું છે એ રીતે–કદિ પણ પતાવવાની વૃત્તિ રહેતી નહિ. એમાં સુધારો કેમ થાય એ જ ભાવના મનમાં હંમેશાં રહેતી.

આ ચાર કારણોને લીધે મારા કામમાં મને સદા ઉત્સાહ અને ઉમંગ રહ્યો છે અને સંપૂર્ણ efficiency–વ્યવસ્થિતતા–રહી છે. અને દરેક કામમાં મને સફળતા મળતી રહી છે. વળી, જીવનમાં ઉત્તરોત્તર વધતી જતી જવાબદારીનાં કામો એમ જ - વણમાગ્યાં-વણશોધ્યાં - આવતાં જ રહ્યાં છે અને એક કામ પૂરું થવાની અણી ઉપર હોય ત્યાં કલ્પનામાં પણ ન હોય એ રીતે વધારે ગંભીર જવાબદારીનું બીજું કામ સામે આવીને ઊભું રહ્યું છે. દાખલા તરીકે ૧૯૩૬ના છેવટના ભાગમાં, જ્યારે હું વડોદરા રાજ્યના development minister તરીકે કામ કરતો હતો તે દરમિયાન, હિંદી સરકારે વડોદરા રાજ્યને જણાવ્યું કે તેમનો વિચાર રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર તરીકે મારી નિમણૂંક કરવાનો છે તો તે માટે મને વડોદરા રાજ્યથી છૂટો કરવામાં આવે. હિંદી સરકારના આ ઈરાદા પાછળ કોઈ પણ જાતની લાગવગ વાપરવામાં આવી નહોતી–સિવાય કે એ જગ્યા માટે કેટલાક મિત્રોએ મારું નામ સૂચવ્યું હતું અને તે માટે બીજા પણ કેટલાક ઉમેદવારો હતા, જેમાંથી હિંદી સરકારે મારી પસંદગી કરી હતી. વડોદરાના મહારાજા મને છોડવાને કોઈ પણ રીતે રાજી નહોતા, પણ સાધારણ રીતે હિંદી સરકાર દેશી રાજ્યોને જરૂર પડે ત્યારે અમલદારો પૂરા પાડતી હતી. આ ચાલુ રવૈયો હતો. આ પ્રસંગે હિંદી સરકાર દેશી રાજ્ય પાસે એક અમલદારની માગણી કરતી હતી અને રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નરની જવાબદારી લેવા માટે મને છૂટો કરવો એમાં વડોદરા રાજ્યનું ગૌરવ હતું એમ સમજીને મહારાજાએ મને ત્યાં જવાની મંજૂરી આપી.

આવી જ રીતે ડેપ્યુટી ગવર્નર માટેની પાંચ વર્ષની મુદત પૂરી થવા આવી એટલામાં જ સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ ઈકૉનોમિકસના પ્રમુખની જવાબદારી માથા ઉપર આવી અને તે કામને–તે સોસાયટીના કાર્યને–નક્કર રૂપ આપવા પાછળ ૧૮ વર્ષ મેં પરસાર કર્યા.

આવી રીતે મારું જીવન શાંત રીતે અને સ્વસ્થ ભાવે વહેતી જતી એક સરિતા જેવું એકસરખું વહી રહ્યું છે. આજે પણ ભૂતકાળ ઉપર નજર દોડાવતાં ચિત્ત સંતોષ અને પ્રસન્નતાની લાગણી અનુભવે છે. થોડા વખત ઉપર મેં આવો જ ભાવ વ્યક્ત કરતાં જણાવેલું કે, Life has flown like a song and there is no regret-જીવન સંગીતના એક લય માફક વહેતું રહ્યું છે અને તે વિષે મનમાં કોઈ ખેદ કે ખટકો નથી. હવે પછીના ભવિષ્ય માટે મેં મારા મનમાં આ એક સૂત્ર કોરી રાખ્યું છે: "What thou livest, live well, how long or short, leave it to heaven."– "તું જેટલું જીવે તે સારી રીતે જીવી જાણ, લાંબું કે ટૂંકું એ ઈશ્વર ઉપર છોડી દે."

છેવટમાં આપના મુંબઈ જૈન યુવક સંઘનો, આ રીતે આપ સર્વને પ્રત્યક્ષ મળવાનો અવસર ઊભો કરવા બદલ, ફરીથી હું આભાર માનું છું. આ સંઘ સાથે મારો સંબંધ ૧૯૩૩ - ૩૪ની સાલથી શરૂ થયો છે અને આજ સુધી કાયમ રહ્યો છે. સંઘ તરફથી બહાર પડતું 'પ્રબુદ્ધ જીવન' હું વર્ષોથી નિયમિત રીતે વાંચતો રહ્યો છું અને તેમાંના ઘણાં લખાણો મારા માટે પ્રેરણાદાયી બન્યાં છે. આ સંઘનો સદા ઉત્કર્ષ થતો રહે એવી મારી પ્રાર્થના છે.

સ્વ. શેઠ અંબાલાલ સારાભાઈ

થોડાંક સ્મરણો

મને એમનો પરિચય પ્રથમ સને ૧૯૧૫માં જી. આઈ. પી. રેલ્વેના કર્મચારીઓની હડતાલ વખતે થયો હતો. હું કર્મચારીઓ માટે ફંડના પૈસા ઉઘરાવતો હતો અને એક મિત્ર મારફત એમને સંદેશો મોકલ્યો. એની અગાઉ એઓ મને ઓળખતા ન હતા, છતાં રૂા. ૨૫૦ નો ચેક મોકલી આપ્યો.

પછી સને ૧૯૨૧ માં વિલાયતી સૂતરની પેઢીના સેલ્સમેન તરીકે મેં તેમની મુલાકાત લીધી હતી અને એમણે મને એક લાખ રતલ સૂતરનો Open order આપ્યો હતો અને જે ભાવ હું ભરું તે ભાવે લેવાનું કબૂલ કર્યું હતું. આ વખતે પણ એમને અને મને ખાસ ઓળખાણ ન હતી અને સને ૧૯૧૫ ની વાત તો એઓ વખતે ભૂલી પણ ગયા હશે.

આ બે પ્રસંગોએ એમણે મારા ઉપર સુંદર છાપ પાડી હતી.

પછી સને ૧૯૩૫માં એમની લંડનની પેઢીના મેનેજર તરીકે એમણે મને પસંદ કર્યો અને તે અંગે મારે એમની જોડે નિકટ પરિચય થયો. પહેલાં અમદાવાદમાં અને પછી કલકત્તામાં એમના હાથ નીચે મેં કામ કર્યું. એઓ બાહોશ અને પ્રમાણિક ધંધાદારી હતા એ હું ઘણાં વર્ષથી જાણતો હતો. પણ મને જેથી મુગ્ધ કર્યો તે તો એમનું સૌજન્ય અને વિવેકી આચરણ હતાં. તેના દાખલા આપું.

કલકત્તામાં એઓ રહેતા ત્યાં અમારી ઑફિસ પણ હતી. અને હું ત્યાં જતો. ત્યાં અમારા ઓરડાઓ લગભગ સો ફૂટ દૂર હતા. પણ જ્યારે જ્યારે મને બોલાવવો હોય ત્યારે ત્યારે સિપાઈ અથવા કારકુન દ્વારા મને બોલાવવાને બદલે મારા ટેબલ આગળ આવીને કહેતા: "Mr. Divanji, may I have a few moments with you?" "દીવાનજી, જરાક મારી પાસે આવશો?" અને હું એમના ઓરડામાં જતો.

શ્રી બીરલાએ કલકત્તામાં એમને પોતાની બે મોટર વાપરવા આપવાની Offer કરેલી–ઈચ્છા દર્શાવેલી, પણ એમણે બે ટેક્ષી રાતદિવસની ભાડે રાખી અને એ દરમ્યાન પોતાની બ્યુક ગાડી ઠેઠ અમદાવાદથી મંગાવી, મેં એમને પૂછ્યું, "શા માટે બીરલા–શેઠની ગાડી છે, છતાં અમદાવાદથી ગાડી મંગાવો છો?" એટલે એમણે કહ્યું: "દીવાનજી, બનતાં સુધી કોઈના ઉપકાર નીચે જવું નહીં."

એકવાર અમો ત્રણ–શેઠ, એમના અંગત ડૉકટર ને હું–એક ઠેકાણે કોઈને મળવા ગયા. ત્યાંથી ડૉકટર પાછા ના આવ્યા અને

શેઠ એકલા આવ્યા. હું ડ્રાઈવરની પાસેની આગલની સીટ ઉપર બેઠો હતો એ જોઈ મને કહે, "દીવાનજી આ શું? અંદર આવી જાઓ!"

એક વખત અમે બે જણ જતા હતા ત્યારે મોટરનો ગંભીર બની જાય એવા અકસ્માતથી અમે બચી ગયા, પણ ડ્રાઈવરને જરા પણ ધમકાવ્યો નહિ. ફક્ત બોલ્યા, "માધુ, માધુ, માધુ, માધુ."

મોટા મોટા શેઠીઆઓ અને મારા અંગ્રેજ અધિકારીઓ અને વેપારીઓ પણ અમે જ્યાં જઈએ ત્યાં એમને જોઈને ઊભા થઈ જતા એ જોઈ મને આનંદ તેમ જ આશ્ચર્ય થતું, પણ વધારે આનંદ તથા આશ્ચર્ય તો ત્યારે થતું, જ્યારે મારી જોડે તેઓ છૂટથી અંગત વાતો કરતા. એવા બે જ પ્રસંગો ટાંકીશ.

પોતાનાં સંતાનોને માટે એમણે જુદી શાળા જ કાઢી હતી. એ તો સર્વને જાણીતી વાત છે. મને જરા એમાં અતિરેક થતો લાગતો હતો, પણ હું મારો અભિપ્રાય એમને જણાવતો ન હતો. એકવાર એમણે જ વાત કાઢી. એટલે મેં કહ્યું કે "હું હોસ્ટેલમાં રહેતો અને તેથી ભિન્ન ભિન્ન પ્રકૃતિના વિદ્યાર્થી જોડે પરિચય થતાં મને ઘણો ફાયદો થયો હતો. અને આપ તો આપના બાળકોને ivory tower માંજ—આપની છત્રછાયા નીચેજ—રાખો છો, તેથી એઓનું—self—expression—આત્મઅભિવ્યક્તિ—ઠીક નહિ થાય." મને લાગે છે કે એમને મારા શબ્દની અસર થઈ હતી.

બીજો અંગત વાતનો પ્રસંગ નીચે પ્રમાણે હતો:

અમે કલકત્તા છોડ્યું ત્યારે એઓ અને શ્રી સરલાદેવી મુંબઈ ગયાં અને હું કાશી ગયો. મારી ટિકિટ સેકન્ડ—ક્લાસની હતી તેવી જ એમણે પણ સેકન્ડ—ક્લાસની જ કરાવી. એટલે મેં પૂછ્યું, "આમ કેમ?" એમણે કહ્યું: "સગવડ બન્નેમાં સરખી રહે છે પછી શા માટે વધારે ખર્ચ કરવો." અને વળી બોલ્યા: "હું અમદાવાદ અને મુંબઈ વચ્ચે ફર્સ્ટક્લાસમાં જ મુસાફરી કરું છું, પણ લોકો ધારે છે તેમ દેખાવ માટે નહિ, પણ સેકન્ડ ક્લાસમાં શેર અને રૂ બજારના સટોડીઆઓ હોય છે. તેઓ આખી રાત ગાડીમાં વાતો કર્યા કરે એટલે મને ઉંઘ ન આવે અને મારો બીજો દિવસ બગડે."

આવા પ્રભાવશાળી, વિનમ્ર, ઉચ્ચ કોટિના સાધુપુરૂષ જોડે મને જે સંપર્ક થયો તેથી હું પોતાને ધન્ય માનું છું. ખરેખર એઓ એક વિભૂતિ જ હતા.

ખાર, તા. ૩-૮-'૬૭. હેમેન્દ્ર દીવાનજી

પ...ગ...થિ...યાં

(શાન્તિ મંડળ, ભાવનગર તરફથી પ્રકાશિત)

પહેલે પગથિયે હડતાલ પાડી. વિદ્યાર્થી તરીકે આપણો ભણવાનો ધર્મ, કામદાર તરીકે ઉત્પાદન ચાલુ રાખવાની આપણી ફરજ, વેપારી તરીકે પ્રજાને ચીજવસ્તુઓ સુલભ બનાવવાની આપણી જવાબદારી. તે જવાબદારી ભૂલીને, તે ફરજ ચૂકીને, તે ધર્મ ચાતરીને આપણે હડતાલો પાડી ... એ તો માત્ર પહેલું પગથિયું હતું.

બીજે પગથિયે આપણે બીજાઓ પાસે હડતાલ પડાવી. ઘણાને ભણવું હતું. ઘણાને પોતાના કામકાજ ને વેપારધંધા ચાલુ રાખવા હતાં. પણ થોડાક લોકો એમનો અભ્યાસ ને રોજગાર રઝળાવવા માગતા હતા. એ થોડાકે દેકારો કર્યો, ધમાલ મચાવી, ધાકધમકીનું વાતાવરણ ઊભું કર્યું. એ થોડાક હતા, પણ ઘણાને એમણે ડરાવી દીધા. બળજબરીથી એમણે હડતાલો પડાવી. આપણે મૂંગા રહ્યા, જોઈ રહ્યા, માટે આપણે પણ એ હડતાલ પડાવીને? ... એ થયું બીજું પગથિયું.

ત્રીજું પગથિયું તરત આવ્યું. "અમારે નથી ભણવું, તમને પણ નહિ ભણવા દઈએ. નિશાળમાંથી બહાર નીકળો, નહિતર પથરા મારશું." પછી પ્રાથમિક શાળાને પથરા માર્યા, કન્યાશાળાને પણ પથરા માર્યા, કૉલેજોને પથરા માર્યા. "અમારે કામ નથી કરવું, તમને પણ કામ નહિ કરવા દઈએ." પછી કારખાનાંને પથરા માર્યા, દુકાનોને પથરા માર્યા, તાર—ટપાલની કચેરીને પથરા માર્યા. પથરા પડ્યા, એટલે આપણે નિશાળ—કૉલેજોમાંથી ભાગ્યા, સરસ્વતીનાં મંદિરો રેઢાં મૂકીને ભાગ્યા, આપણને રોજી આપાવતા સંચા ને યંત્રો રઝળાવીને—દીકરીઓ દૂર દૂરને ગામડેથી આવીને જે છાત્રાલયોમાં વસી છે તેને બચાવવા પણ ન રોકાયા. ભાગીને ઘર ભેગા થઈ ગયા. પણ જેમણે દુકાનો પર પથરાબાજી કરી, તે આપણે ઘેર આવીને પથરા ઉગામશે ત્યારે ક્યાં જશું? શું કરશું? એનો વિચાર કરવા આપણે થોભ્યા નહિ.

હવે જુઓ આવે છે ચોથું પગથિયું: રેઢી નિશાળો અમે બાળશું. સુમસામ બજારોમાં અમે દુકાનો ને બંકો લૂંટશું, બેધડક બનીને આગ ચાંપશું. પોલીસ થોડી છે, તે બિચારી કેટલે ઠેકાણે પહોંચવાની હતી? એમ તો અમે ય થોડા છીએ—પણ રેઢી દુકાનો લૂંટવા માટે પૂરતા છીએ. સૂના શહેરને સળગાવી મૂકવું હોય તો ય અમે પહોંચી વળીએ તેમ છીએ. હા, તમે બધા ઘણા છો. પણ તમને તો અમે કાં તો ચકરાવે ચડાવી દીધા છે, કાં તો ભગાડી મૂક્યા છે. તમે અમને ક્યાંય નડતા નથી. તમે તો અમારે માટે મજાની ઓથ બની ગયા છો. પોલીસની લાઠીઓ ઉછળે છે ત્યાં આડા ધરવા તમારા જ વિદ્યાર્થીઓ અમને ખપ લાગે છે. પોલીસની ગોળીની હડફેટે તમારા પ્રેક્ષક-ટોળામાંથી જ કોઈક આવી જઈને અમને બચાવી લે છે. કુમળાં બાળકોને અમે પથરાબાજીને રવાડે ચડાવી દીધા છે. પોલીસને એ ત્યાં પરેશાન કરશે, રોકી રાખશે, ટોળે વળીને રસ્તા બંધ કરી દેશે-ને અહીં અમે અમારું કામ લહેરથી પતાવશું. જરૂર પડશે ત્યારે પોલીસને પથરા મારીને અમે તમારા ઘરમાં સંતાઈ જશું. ઘરની પછીતેથી પણ પથરા મારશું. પછી પોલીસ ઘરમાં આવીને તમને પીટશે તો હરકત નથી—એ 'પાશવી લીલા'નાં અમે છાનિયાં લેશું. કોઈ પણ તોફાની કે નવાણિયો કુટાઈ જશે તેને અમે 'શહીદ'—બનાવશું...

આમ એક પછી એક પગથિયાં આવે છે. પાંચમે પગથિયે શું હશે, છેલ્લે પગથિયે શું થશે, તેની કપલ્ના કરવી મુશ્કેલ નથી. આ અંધારી વાવનાં એક પછી એક પગથિયાં આપણી જનતા ઊતરતી જાય છે અને ઊંડા પાતાળમાંથી ફાસીવાદના (એટલે કે રાજકીય ગુંડાગીરીનાં), સરમુખત્યારશાહીનાં, સિતમખોરીનાં પાણી ફૂટતાં આવે છે. હવે ઝાઝી વાર નથી. એ પાણી આપણને છાતી-સમાણાં તો પહોંચી પણ ગયાં છે. હવે એકાદ-બે જ પગથિયાં ઊતરીએ એટલે એ આપણે માથે ફરી વળશે.

ત્યારે પછી હડતાલ પાડી તો શું—'હડતાલ' હરફનો ઉચ્ચાર પણ નહિ કરી શકાય. બે મૂઠી ધાન માટે ખાખી લેબાસ પહેરીને આપણી સડકો પર ખોડાઈ ગયેલા અને અપમાનો ને પથરાબાજી સહન કરતા બિચારા ગામડીઆ જુવાનો ત્યારે નહિ હોય. 'દમનનો કોરડો' એ શબ્દો ત્યારે છાપાંઓનો વાણી—વિલાસ મટીને વાસ્તવિકતા બન્યો હશે. ખુદ છાપાં ત્યારે સમસ્ત પ્રજાની આંખે બાંધવાની (ઘાણીના બળદને બાંધે છે તેવી) અંધારી બન્યાં હશે. ગાંધી અને નેહરુ જેવા યુગપુરુષોની બેફામ ટીકા કરવા દેતું આજનું વાણી—સ્વાતંત્ર્ય તો કોઈ સ્વપ્ના સમું બની ગયું હશે. "ચૂંટણી" 'મતદાન' એ કોઈ માયાવી ભૂતકાળનાં સંભારણાં બની ગયાં હશે—અને પછી તો એ શબ્દોના વિકૃત અર્થો જ આપણાં મગજમાં પણ ઠાંસી દેવામાં આવ્યા હશે.

પચાસ કરોડ નર—નારીઓ ને બાળકો આજે જાણે ડૂબી રહ્યાં છે. હજી પણ સમય છે પાછા વળવાનો. (જો કે, ઘડીભર એમ પણ થાય છે કે હવે કદાચ અતિ મોડું થઈ ગયું હશે.) આંખો ઉઘાડીએ, બધા સાથે મળીને જોર કરીએ, તો ધૂધવી રહેલા ફાસીવાદમાં જળ-સમાધિ લેતા આ વિરાટ મુલકને હજીયે ઉગારી શકાય કદાચ. નહિતર, આપણે તો ડૂબશું જ અને સાથોસાથ આવનારી પેઢીઓને પણ ડૂબાડશું.'

સંઘના સભ્યોને અનુરોધ

સંઘનું નવું વર્ષ શરૂ થયાને આઠ મહિના થઈ ગયા છે, એમ છતાં ઘણા સભ્યોનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦ હજુ સુધી વસૂલ થયું નથી. આવા સર્વ સભ્યોને પરિપત્રથી પર્યુષણ પહેલાં ખબર આપવામાં આવી છે તે પરિપત્ર ધ્યાનમાં લઈને, સંઘના કાર્યાલયમાં અથવા તો વ્યાખ્યાનસભાઓ દરમિયાન અધિકૃત વ્યક્તિને પોત-પોતાનું લવાજમ પહોંચતું કરવા આગ્રહપૂર્વક અનુરોધ છે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓને આર્થિક સિંચન આપો

નમ્ર નિવેદન

સુજ્ઞ બંધુ/ભગિની,

બાર મહિનાના ગાળે આપણે ફરી ભેગા થઈએ છીએ એનો આપને અને અમને આનંદ છે. પર્યુષણ પર્વ દરમ્યાન ચાલતી આપણી આ જ્ઞાન-યાત્રા વર્ષોથી ચાલે છે. આપમાંનાં ઘણાખરા જૂના મિત્રો છો, જ્યારે સારી સંખ્યામાં નવા મિત્રો પણ આ વ્યાખ્યાનમાળામાં રસપૂર્વક ભાગ લેતા થયા છો અને નિયમિત આવો છો. આ વ્યાખ્યાનમાળાએ એક આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને એનું કારણ વિશિષ્ટ કોટીના વક્તાઓ અને શિક્ષિત, સંસ્કારી શ્રોતાઓ. અમે આપ સૌનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

આ જ્ઞાનપર્વમાં આપણે કંઈક નવું જ સાંભળીએ છીએ અને આ આપણને સાંભળવું ગમે છે - કારણ આ આપણા હૃદયને સ્પર્શે છે. આઠ નવ દિવસમાં આપણને અનેક દિશામાંથી પ્રકાશ મળે છે જે પ્રસન્નતા લાવે છે - કંઈક અજબ અનુભૂતિ કરાવે છે: 'બસ - આજ સાંભળવું હતું.' 'બસ, આજ આજ' આમ કોઈ દિવ્ય સંવેદન આપણને સ્પર્શી જાય છે:

... જ્ઞાનયાત્રાની આ ફલશ્રુતિ છે.

... પણ, સાથે સાથે, થોડી અંગત વાતો પણ આપણે કરવી જોઈએ, અમારે આપને કહેવી જોઈએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા આડત્રીસ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા અને પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'; સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય અને વૈદ્યકીય રાહત; વિશિષ્ટ વ્યક્તિઓની સાથે મિલનો, વાર્તાલાપો અને નાના મોટા શૈક્ષણિક પ્રવાસો વિગેરે પ્રવૃત્તિ ચલાવે છે. આમાં વાચનાલય અને પુસ્તકાલયને મળતા દાનને કરવેરા – મુક્તિનું પ્રમાણપત્ર મળેલ છે. આ બધી પ્રવૃત્તિ પાછળ સારો એવો ખર્ચ આવે છે અને ઉત્તરોત્તર ખર્ચ વધતો જાય છે, પણ શ્રદ્ધા એ એક મોટી મૂડી છે, મોટી શક્તિ છે. અમે શ્રદ્ધા રાખી છે અને આપે અમને કદિય નિરાશ કર્યા નથી.

અને એ જ શ્રદ્ધા સાથે બાર મહિનાનાં ગાળે ફરી એક વાર અમે આપનાં ઉદાર અને સહૃદયી દિલનાં દ્વાર પાસે થેલી લઈને આવ્યા છીએ. જેટલું વધારે આપશો એટલું વધારે અમારા કાર્યને જોર મળશે. આટલું જ આપને અમારે કહેવું છે અને આપનાં પ્રેરક જવાબની અપેક્ષા રાખીએ છીએ.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૩.

વર્ષા-વ્યાખ્યાનમાળા

ઘાટકોપર નાગરિક મંડળ તરફથી ઘાટકોપર ખાતે તા. ૩૧ ઑગસ્ટથી તા. ૭ સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે યોજાયેલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ છે:

	વક્તા	વિષય
૩૧	આચાર્ય રામપ્રસાદ બક્ષી	લોકગીતોનો આસ્વાદ
૧	શ્રી મોહનલાલ મહેતા (સોપાન)	વર્તમાન પરિસ્થિતિ.
૨	શ્રી પુરુષોત્તમ કાનજી (કાકુભાઈ)	જીવનનિષ્ઠા.
,,	પંડિત બેચરદાસ	ધાર્મિક અને સામાજિક પ્રશ્નો
૩	શ્રી કરસનદાસ માણેક	આખ્યાન
૪	આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક	ટૉલ્સટોયની જીવનદૃષ્ટિ
૫	શ્રીમતી મૃણાલિની દેસાઈ	લોકમાન્ય તિલક
૬	માનનીય ટી. એસ. ભારદે	અહિંસાકલ્પનાવિકાસ
૭	શ્રી જમુભાઈ દાણી	નવયુગની ધર્મભાવના

સ્થળ: હિંદુ સભા હૉલ, સ્ટેશન સામે, ઘાટકોપર.

સમય: રાતના ૯-૦૦ થી ૧૦-૧૫.

સભ્યો માટે યોજાયેલો મિલન-સમારંભ

તા. ૮મી સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ શ્રી ગોરીપ્રસાદ ચુ. ઝાલા તથા વ્યાખ્યાતાઓ સાથે સંઘના સભ્યોનું તા. ૯મી સપ્ટેમ્બર શનિવાર સાંજના ૬ વાગ્યે મસ્જીદ બંદર રોડ ઉપર આવેલ ધી બૉમ્બે ગ્રેન ડીલર્સ ઍન્ડ સીડઝ મરચન્ટ્સ ઍસોસીએશનના સભાગૃહમાં મિલન-સમારંભ યોજવામાં આવેલ છે. આ પ્રસંગે પર્યુષણ વ્યાખ્યાનમાળાના અવસર ઉપર પધારેલા વીસનગર ગર્લ્સ કૉલેજના આચાર્ય શ્રી પ્રતાપરાય ટોલિયા, પદો તથા ભજનો સંભળાવીને સભ્યોનું મનોરંજન કરશે. સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

માટુંગા-વ્યાખ્યાનમાળા

મુંબઈ માટુંગા ખાતે શ્રી ગુજરાતી કેળવણી મંડળ તરફથી તા. ૩૧મી ઑગસ્ટથી તા. ૭ સપ્ટેમ્બર સુધી એમ સાત દિવસ માટે શ્રી સમતાબાઈ સભાગાર (૭૬ અ, રફી અહમદ કીડવાઈ રોડ ઉપર)માં યોજાયેલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ છે:

સમય	વ્યાખ્યાતા	વિષય
૩૧ રાત્રે ૯	શ્રી કરસનદાસ માણેક	સાંસ્કૃતિક કટોકટી
૧ ,,	શ્રી મનુભાઈ શાહ	આપણી સામાજિક અને આર્થિક ક્રાન્તિ
૨ ,,	શ્રી ચીમનલાલ ચ. શાહ	લોકશાહી
૩ બપોરે ૩-૩૦	મહાસતી પ્રમોદસુધા	જીવનની કળા
૪ રાત્રે ૯	પંડિત શિવશર્મા	આરોગ્ય, ધર્મ, આનંદ
૫ ,,	ફાધર સી. જી. વાલેસ	યુવાનોનું ઘડતર
૬ ,,	શ્રી મધુરીબહેન શાહ	બાળકની કેળવણીના વિવિધ પાસા
૭ સવારે ૧૦	શ્રી ધૈર્યબાળા વોરા	જીવનમાં અભિરુચિ
૭ રાત્રે ૯	શ્રી મોહનલાલ મહેતા (સોપાન)	ધર્મ અને રાજકારણ

વિષયસૂચિ

		પૃષ્ઠ
જૈન ધર્મનું હાર્દ :	ગણેશ લાલવાણી	૮૧
પૂરવણી: સ્યાદ્વાદ એટલે શું?	વસન્તલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ	૮૯
ડૉ. પદ્મનાભ જૈનીનો વાર્તાલાપ	પરમાનંદ	૯૦
શ્રી નરેન્દ્ર નથવાણી-સન્માન સંમેલન		૯૨
સર મણિલાલ નાણાવટીનું પ્રેરક પ્રવચન		૯૩
સ્વ. શેઠ અંબાલાલ સારાભાઈ: શોકાંક સ્મરણો.	હેમેન્દ્ર દિવાનજી	૯૪
પગથિયાં		૯૧

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૭, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

પરમાર્હત તત્ત્વચિંતક સ્વ. ફત્તેહચંદ ઝવેરભાઈ

૬ઠ્ઠી સપ્ટેમ્બરના દિવસે ભાવનગર નિવાસી શ્રી. ફત્તેહચંદ ઝવેરભાઈનું ૮૨ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું.

જૈન સમાજની ધાર્મિક, સામાજિક અને શિક્ષણ ક્ષેત્રે કામ કરતી અનેક સંસ્થાઓની વર્ષો સુધી તેમણે નિષ્ઠાપૂર્વક અને નિસ્વાર્થ ભાવે અનન્ય સેવા કરી છે. સાહિત્ય અને શિક્ષણ તેમના પ્રિય વિષય હતા. શૈશવકાળમાં પણ જ્ઞાનગોષ્ટિ કરવી, ભાષણો આપવા, લેખો લખવા અને કાવ્યો રચવા એ તેમનો વ્યવસાય હતો. તેઓ જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના અસાધારણ ઊંડા અભ્યાસી અને ચિંતનકાર હતા એ હકીકત 'અધ્યાત્મક જ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ' અને 'શ્રી જૈન આત્માનંદ સભા- ભાવનગર' તરફથી પ્રકાશિત થયેલ તેમના 'સ્વાનુભવ-ચિંતન' અને 'જૈન દર્શન મીમાંસા' ગ્રંથમાં સંગ્રહિત થયેલાં લેખો અને કાવ્યો પરથી જોઈ શકાય છે. તેમણે ત્રીસ કરતાં વધુ જૈન ધર્મના ગ્રંથોની પ્રસ્તાવના, આમુખ અને પુરોવચન બહુ તલસ્પર્શી અને વિદ્વતાપૂર્ણ ભાષામાં લખેલાં છે. આ ગ્રંથો પૈકી કેટલાક ગ્રંથો સાધુ મુનિરાજો અને આચાર્ય ભગવંતોએ લખ્યાં છે તે એક નોંધપાત્ર વસ્તુ છે.

તેમનો વ્યવસાય રેશમી કાપડના વ્યાપારનો હતો. સામાન્ય રીતે બને છે તેમ તેમના ધંધામાં ઘણા તડકા–છાયા તેમણે અનુભવ્યા હતા. ગીતામાં સ્થિતપ્રજ્ઞના જે ગુણો કહેવાયા છે તેમાંના મોટા ભાગના ગુણો તેમના જીવનમાં વણાયેલા હતા. એટલે આ બધા પ્રસંગોમાં તેઓ જળકમળવત્ અલિપ્ત રહી શક્યા હતા. दुखं प्राप्य न दीनः स्यान् सुखं प्राप्य न विस्मितः દુઃખ પામીને દીન ન થવું અને સુખ પામીને વિસ્મત ન થવું. એ સૂત્રનો તેમણે જીવનમાં બહુ સફળતાપૂર્વક અમલ કર્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી ધંધામાંથી ફારગ થઈ તેઓ શાંત અને સેવાપરાયણ જીવન જીવતા હતા.

જ્ઞાન, ક્રિયા અને ભક્તિ–ત્રણેનો વિરલ સંયોગ તેમના જીવનમાં થયો હતો. અને તેથી નવી તેમજ જૂની પેઢી વચ્ચે તેમનું સ્થાન હંમેશાં એક સાંકળ સમાન રહ્યું હતું. વ્યવહાર અને નિશ્ચય બંને દૃષ્ટિનો એમણે એમના જીવનમાં સુંદર સમન્વય સાધ્યો હતો અને તેથી જૈન સમાજના રૂઢિચુસ્ત તેમજ સુધારક બંને વર્ગમાં તેઓ આદરપાત્ર હતા. ક્રિયાકાંડમાં અનન્ય શ્રદ્ધા હોવાના કારણે તેઓ નિયમિત દેવદર્શન, પૂજા, વ્યાખ્યાનશ્રવણ વગેરે ધાર્મિક અનુષ્ઠાનો ભક્તિપૂર્વક કરતા, પરન્તુ તેમ છતાં તેઓ માત્ર શુષ્ક ક્રિયાકાંડી ન હતા. અને–કાન્તદર્શનના માત્ર અભ્યાસી ન રહેતાં જીવન-વ્યવહારમાં તેમણે સફળતાપૂર્વક તેનો અમલ કર્યો હતો. શ્રદ્ધા અને રસપૂર્વક ઉપાશ્રયોમાં મુનિમહારાજોના જે રીતે તેઓ વ્યાખ્યાન સાંભળતાં તે જ રીતે ઉલ્લાસ અને આનંદપૂર્વક ડોંગરેજીની ભાગવત કથા અને સ્વામી ચિન્મયાનંદજીના ગીતા પરનાં વ્યાખ્યાનો પણ સાંભળતાં. સર્વ ધર્મો પ્રત્યે સમભાવ એ જૈન ધર્મનો મુખ્ય આદર્શ છે અને તે તેમણે જીવનમાં સિદ્ધ કર્યો હતો. તેમની વૃત્તિ હંસ જેવી હતી. હંસ જેમ દૂધ–પાણીના મિશ્રણમાંથી દૂધ જુદું તારવી પી જાય છે તેમ તેઓ પણ જ્યાંથી જે સારું લાગે ત્યાંથી તે ગ્રહણ કરી લેતા. તેમની આવી પ્રકૃતિના કારણે તેમને કદી કોઈ સાથે સંઘર્ષમાં ઉતરવું ન પડતું. આથી જ અનેક સંસ્થાઓમાં કામ કરવા છતાં તેઓ અજાતશત્રુ હતા. લોકોને તેમના પ્રત્યે જે અપૂર્વ સ્નેહ અને માનની લાગણી હતા તે તેમના આવા વિશિષ્ટ ગુણોને આભારી હતું.

શરીરની તન્દુરસ્તીનો મોટો આધાર માણસની પ્રકૃતિ પર રહે છે. તેમની સૌમ્ય પ્રકૃતિના કારણે તેઓ હંમેશાં પ્રસન્ન અને સ્વસ્થ રહેતા. ૮૦ વર્ષની ઉંમરે પણ તેમનામાં એક યુવાન જેવી સ્ફૂર્તિ અને શકિત જોવામાં આવતાં. પોણો સો વર્ષની ઉંમરે પણ સમેતશિખરજીની યાત્રા પ્રસંગે, ડોળીનો ઉપયોગ ન કરતાં તેમણે પદયાત્રા કરી હતી.

તેઓ અત્યંત આશાવાદી અને શ્રદ્ધાસંપન્ન હતાં. એટલે જીવનમાં નિરાશાનો સામનો તેમને ભાગ્યે જ કરવો પડેલો. લગભગ એક વર્ષ અગાઉ તેમને થયેલા કેન્સરના અસાધ્ય રોગની ખબર પડી ગઈ હતી, પણ તેથી જરા પણ નિરાશ ન થતાં પ્રથમની માફક જ સ્વસ્થતા અને પ્રસન્નતા જીવનના અંત સુધી તેમણે જાળવી રાખી હતી. ગયા મે માસમાં જ તેમણે સિદ્ધગિરિની યાત્રા કરી હતી. કેન્સરના વ્યાધિની વેદના અસહ્ય હોય છે, પણ જ્ઞાની માણસ માટે કર્મબંધના નિમિત્તો પણ જેમ કર્મની નિર્જરાના કારણરૂપ બની જાય છે, તેમ તેમની બાબતમાં રોગનો ઉપાધીયોગ પણ સમાધિરૂપ બની ગયો.



સ્વ. ફત્તેહચંદ ઝવેરભાઈ

गुणी च गुणरागीच, विरलः सरलो जनः ગુણી અને ગુણરાગી એવા સરળ માણસ વિરલ હોય છે. સ્વર્ગસ્થ ફત્તેહચંદભાઈ આવી કોટિની એક વિરલ વ્યકિત હતી. જીવન અને મૃત્યુ બંને દૃષ્ટિએ તેઓ તો ધન્ય બની ગયા. પરન્તુ આવા એક અત્યંત ધર્મશ્રદ્ધાળુ, સચ્ચરિત્ર અને સેવાભાવી સજ્જનની તેમના કુટુંબીજનો, મિત્રો, વિશાળ સ્નેહીવર્ગ તેમજ મુંબઈના સમગ્ર જૈન સમાજ માટે ભારે મોટી ખોટ પડી છે. ઈશ્વર એમના આત્માને ચિરશાંતિ આપો એજ અભ્યર્થના !

મનસુખલાલ તારાચંદ મહેતા

પૂરક નોંધ: મુરબ્બી ફત્તેહચંદભાઈના કુટુંબ સાથે અમારો બે પેઢીનો સંબંધ અને તેમની સાથે મારો વર્ષો જૂનો સ્નેહભર્યો

પરિચય, તેથી તેમને મારે જ અંજલિપ્રદાન કરવું જોઈએ. આમ છતાં શ્રી મનસુખલાલભાઈને સ્વ. ફત્તેહચંદભાઈ વિશે લખવા મેં એટલા માટે વિનંતી કરી કે ફત્તેહચંદભાઈ તેમના અંગત મિત્ર હતા અને અનેક ધાર્મિક તેમ જ સાહિત્યિક પ્રવૃત્તિઓમાં તેમના સાથી અને સહકાર્યકર્તા હતા. અને તેથી તેમનો આ વિષયમાં વધારે અધિકાર છે એમ મને લાગ્યું. તેમણે જે નોંધ લખી આપી છે તેમાં ફત્તેહચંદભાઈના પવિત્ર અને ધર્મપરાયણ જીવનનું આપણને અત્યંત સુભગ દર્શન થાય છે. આ નોંધ લખી આપવા માટે શ્રી મનસુખલાલભાઈનો હું હાર્દિક આભાર માનું છું. **પરમાનંદ.**

શ્રી જયભિખ્ખુ 'ષષ્ટિપૂર્તિ' સમારોહ: એક સાહિત્યિક ટ્રસ્ટનું આયોજન

શ્રી. માણેકલાલ ચુનીલાલ, શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ, શ્રી દુર્લભજી કે ખેતાણી, શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી વ્રજલાલ કપુરચંદ મહેતા, શ્રી જયન્તભાઈ માવજી શાહ તથા શ્રી. કે. લાલ (જાદુગર)ની સહીથી મળેલા એક પરિપત્રમાં એ મતલબનું જણાવવામાં આવ્યું છે કે, ૩૦૦ થી પણ વધારે સાહિત્ય કૃતિઓનું સર્જન કરનાર જાણીતા લેખક અને સાહિત્યકાર શ્રી જયભિખ્ખુએ તા. ૨૬-૬-૬૭ ના રોજ પોતાના આયુષ્યના સાઠમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેમનું આખું જીવન સાહિત્યની ઉપાસના પાછળ વ્યતીત થયું છે અને ભારત સરકારે તથા ગુજરાત સરકારે તેમની નાની મોટી કૃતિઓ લક્ષમાં લઈને આશરે ચૌદેક ઈનામો આપ્યા છે અને મુંબઈના અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે તેમને સુવર્ણ ચંદ્રક એનાયત કર્યો છે. તેમની વિપુલ સાહિત્ય સેવાઓ ધ્યાનમાં લઈને તેમના મિત્રો અને પ્રશંસકોએ તેમના આ સાઠમા વર્ષ દરમિયાન ષષ્ટિપૂર્તિ સમારોહ ઉજવવાનો, એ પ્રસંગે તેમને સારી એવી રકમની થેલી—પર્સ અર્પણ કરવાનો તથા એક સોવેનિર—સન્માન ગ્રંથ—પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે. શ્રી જયભિખ્ખુએ આ પ્રકારની થેલી દ્વારા તેમ જ સોવેનિરમાં આપાનાર જાહેરખબરો દ્વારા એકઠી થતી રકમનો અંગત ઉપયોગ માટે સ્વીકાર કરવાની અનિચ્છા દર્શાવી છે અને તેના સ્થાને એ રકમનું એક સાર્વજનિક સાહિત્યિક ટ્રસ્ટ ઊભું કરવું એવી ઈચ્છા વ્યકત કરી છે. શ્રી જયભિખ્ખુએ સતત ૪૦ વર્ષ સુધી જે પ્રકારનું સાહિત્ય નિર્માણ કર્યું છે તે પ્રકારનું સાહિત્ય નિર્માણ કરવા પાછળ આ રકમનો ઉપયોગ કરવામાં આવશે એમ જણાવીને, શ્રી જયભિખ્ખુએ ઉપર જણાવેલી ઈચ્છાનો પ્રસ્તુત મંડળના સંવાહકોએ સ્વીકાર કર્યો છે.

તદુપરાંત આ સંવાહકો ઉપરની યોજનાને ધ્યાનમાં લઈને શ્રી જયભિખ્ખુના પ્રશંસકોને તેમને આપવામાં આવનાર થેલી માટે પોતાનો યથાશકિત ફાળો અથવા તો સોવેનિર માટે જાહેરખબરો મોકલી આપવા અનુરોધ કરે છે. જાહેર ખબરના ભાવો ચાલુ આખા પાનાના સાદા કાગળ ઉપર રૂા. ૨૦૧/ અને આર્ટ પેપર ઉપર ૩૦૧/ એ મુજબ નક્કી કરવામાં આવ્યા છે. આ રકમ અને જાહેરખબરો મોકલવા માટે નીચેનાં ઠેકાણાં જણાવવામાં આવ્યા છે.

શ્રી જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સંવાહક મંડળ,

ઠેકાણું: શ્રી કાન્તિલાલ ડી. કોરા, ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ-૨૮. અથવા-શ્રી નાનુભાઈ શાસ્ત્રી, પરાગ, અશોકવાડી, પંચવટી, અમદાવાદ-૬ અમદાવાદના આ ઠેકાણે તેનું મુખ્ય કાર્યાલય રાખવામાં આવ્યું છે.

વિશેષમાં જણાવવામાં આવ્યું છે કે ષષ્ટિપૂર્તિ સમારોહ અને ટ્રસ્ટના ફાળાની જાહેરાત જુલાઈ ૧૯૬૭ થી આગામી એક વર્ષ દરમિયાન અનુકુળ સ્થળે અનુકુળ સમયે કરવામાં આવશે.

* * *

પંડિત સુખલાલજીએ આજથી ૧૪ વર્ષ પહેલાં શ્રી જયભિખ્ખુને અમુક પુરસ્કાર મળેલો તેના અનુસંધાનમાં લખેલું કે "શ્રીયુત બાલાભાઈ ઉર્ફે 'જયભિખ્ખુ' જે સ્વાધ્યાયથી અને એકનિષ્ટ વિદ્યોપાસનાથી સાહિત્યના ક્ષેત્રને લાંબા કાળથી વર્યા છે તે જોતાં એમને પુરસ્કાર વહેલો મળવો જોઈતો હતો. તેમણે પોતાની સર્જનપ્રતિભાથી અને સાહિત્યિકને શોભે એવી સરલ વૃત્તિથી સુલેખક મંડળમાં સ્થાન મેળવ્યું છે. વીસમી સદીના ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ લખનાર કોઈ પણ એમના નામ કે કામની પૂરી નોંધ ન લે તો એ ઈતિહાસ અધૂરો રહે-એવી સ્થિતિ તેમણે પ્રાપ્ત કરી છે. તેમની કેટલીક કૃતિઓ તો એવી છે કે જે બહુ લોકપ્રિય બની છે અને માનવતાસ્પર્શી હોઈને સંકુચિત વાડાને ભેદે છે."

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ કેળવણી પ્રધાન શ્રી ઈન્દુમતીબહેન તા. ૨૧-૬-૬૭ ના એક પત્રમાં જણાવે છે કે "શ્રી જયભિખ્ખુ સન્માન ગ્રંથ (સોવેનિર) પ્રસિદ્ધ થવાનો છે તે જાણી આનંદ થયો. તેમનું સન્માન તો તેમના વાંચકોના હૃદયમાં થઈ જ ગયેલું છે. તેમનાં અનેક પુસ્તકો અને પ્રાણવાન ચરિત્રલેખો અને કથાનકોએ સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું બુનિયાદી કાર્ય કર્યું છે અને અનેકોને પ્રેરણા આપ્યા જ કરી છે."

હું નથી ધારતો કે આ સમારોહને અને આ સન્માનફાળાને આથી વધારે સમર્થનની જરૂર હોય. સૌ કોઈ પોતાથી બનતો સહકાર આપે એ જ પ્રાર્થના!

મોઢા આડે મુહપત્તિબંધન શા માટે?

(પ્રબુદ્ધ જીવનના જૈનેતર વાચકોની માહિતી ખાતર જણાવવાનું કે જૈન સ્થાનકવાસી તથા તેરાપંથી સંપ્રદાયના સાધુઓ તથા સાધ્વીઓ મોઢા આડે વસ્ત્રનો એક ટુકડો બાંધે છે તેને મુહપત્તિ—મુખપટ્ટી—કહે છે. એવી જ રીતે જૈન સાધુઓ જીવજંતુની હિંસાથી બચવા માટે અમુક ચોક્કસ ઘાટની સાવરણી રાખે છે તેને ઓઘો અથવા ચરવળો કહે છે.)

થોડા દિવસ પહેલાં મરીન ડ્રાઈવ ઉપર સવારના ભાગમાં હું ફરવા નીકળેલો એવામાં સામેથી બે તેરાપંથી મુનિઓ આવતા દેખાયા. તેઓ નજીક આવ્યા, મેં પ્રણામ કર્યા. કેટલાક સમયથી શ્રી રાંકેશ મુનિ અને તેમના બે શિષ્યો મુંબઈમાં વસી રહ્યા છે અને હાલ ચાતુર્માસ દરમિયાન મરીન ડ્રાઈવની બાજુએ આવેલા આણુવ્રત હૉલમાં તેમનો નિવાસ છે એ હું જાણતો હતો. સામે આવી ઊભેલા મુનિઓમાં એક રાંકેશ મુનિ હશે એમ માનીને મેં પૂછ્યું કે "આપમાંના રાંકેશ મુનિ કોણ?" તો તેમણે જવાબ આપ્યો કે "એ તો અમારા ગુરુ આણુવ્રત હૉલમાં બીરાજે છે. અમે તો તેમના બે શિષ્યો છીએ." મેં તેમના મોઢે બાંધેલી મુહપત્તિઓ સામે આંગળી કરીને કહ્યું કે "આ મુહપત્તિના આવરણના કારણે કોણ કયા સાધુ છે તે જલ્દિથી ઓળખાતું નથી. મારી સમજણ મુજબ આ કેવળ અર્થવિનાની પરંપરા છે અને એક સંપ્રદાયના સાધુને અન્ય સંપ્રદાયના સાધુથી કારણ વિના જુદા પાડનારી છે તો આ કાઢી નાખોને કે જેથી આપની મુખાકૃતિ બરોબર પરખાય. અને સાધુ સાધુ વચ્ચેનો વેશભેદ પણ નાબુદ થાય." આ મારા કહેવાનો એ સાધુઓ બીજો શું ઉત્તર આપે, સિવાય કે "આ લાંબા કાળથી ચાલી આવતી પરંપરા એમ અમારાથી કેમ છોડાય કે તોડાય?"

ઉપરની સમસ્યા માત્ર એ બે મુનિઓને જ ઉદ્દેશીને નથી, પણ મોઢે મુહપત્તિ બાંધનારા સમગ્ર સાધુસમુદાયને ઉદ્દેશીને છે. વિશેષ કરીને તેરાપંથ સંપ્રદાયના આચાર્ય તુલસી કે જેમની દૃષ્ટિ કાન્તિલક્ષી હોવાનું મનાય છે તેમને ઉદ્દેશીને છે. હું જન્મથી શ્વે. મૂ. પૂ. સંપ્રદાયમાં ઉછર્યો છું અને એ સંપ્રદાયના સાધુઓના વિશેષ સમાગમમાં આવ્યો છું, પણ સાથે સાથે સ્થાનકવાસી સાધુઓના સમાગમથી હું સાવ વંચિત છું એમ નથી. આ મુહપત્તિનો પ્રશ્ન તેમની પાસેથી સમજવા મેં પ્રયત્ન કર્યો છે. આમ છતાં પણ તેની કોઈ ઉપયોગીતા કે અર્થમયતા મારા સમજવામાં આવી નથી. આ મુહપત્તિમાં પરંપરાએ બાંધેલા એક પ્રકારના વળગાડથી કશું પણ વિશેષ મને દેખાતું નથી. આ મુહપત્તિને મૌનનું પ્રતીક ગણીને

મુહપત્તિ બાંધનાર મુનિઓ અન્ય મુનિઓ કરતાં વધારે સમય મૌન પાળતા હોય, તો મુહપત્તિની એટલી પણ સાર્થકતા સ્વીકારી શકાય. પણ આ મુનિઓનો વાણીવ્યાપાર અન્ય મુનિઓ કરતાં જરા પણ ઓછો વિપુલ હોય એમ માલુમ પડતું નથી.

વર્ષો પહેલાં લુહાર ચાલના નાકે એક જૈન યતિ મને મળ્યા હતા. તે વખતે મારી ઉમ્મર પ્રમાણમાં નાની અને વૃત્તિ જરા ટીખળી. એટલે તેમના ઓઘા અથવા ચરવાળા સામે આંગળી કરીને "મહારાજ, આ શું છે અને શાને માટે છે?" એમ મેં પૂછ્યું. તેમણે મને એમ કહ્યાનું યાદ છે કે, "ભાઈ, આ તો અમારો ટ્રેડ-માર્ક છે." આ જવાબમાં વિનોદ તો હતો જ, પણ સાથે સાથે વાસ્તવિકતાનો સ્વીકાર પણ હતો. શું મુહપત્તિ સ્થાનકવાસી અને તેરાપંથી સાધુઓનો ટ્રેડમાર્ક જ છે? એથી વિશેષ તેનું કોઈ મહત્ત્વ નથી?

એક બહુ જાણીતા સ્થાનકવાસી મુનિએ "આ મુહપત્તિ જૈન સાધના ગણવેશના એક અંગ તરીકે છે" એમ જણાવીને તેનું મહત્ત્વ મારા ગળે ઉતારવા પ્રયત્ન કર્યો હતો. અલબત્ત, જૈન સાધુઓનો ચોક્કસ ગણવેશ હોય એમાં કશું વાંધાપડતું નથી, પણ એ ગણવેશમાં મુહપત્તિ જે બીજી અનેક રીતે અવરોધક છે તેને આટલું બધું મહત્ત્વ આપવાની જરૂર છે ખરી? શ્રી કાનજી મુનિએ મુહપત્તિ છોડી તેથી તેમની સાધનાને કશું નુકસાન થયું જાણવામાં આવ્યું નથી. આ બાબત, હું ઈચ્છું છું કે, મુહપત્તિ બાંધનારો સમગ્ર મુનિ-સમુદાય ગંભીરપણે વિચારે અને જો આ પ્રથા બીનજરૂરી લાગતી હોય અને તેનો ત્યાગ સંયમને કોઈ પણ અંશમાં બાધક ન બનતો હોય તો તે પ્રથાથી મુક્ત બનવાનો નિર્ણય કરે.

આજે આપણે જૈનોની એકતાના વિચારને વધારે ને વધારે મહત્ત્વ આપીએ છીએ. જૈન ગૃહસ્થો કરતાં પણ જૈન સાધુઓ વધારે ને વધારે! નજીક આવે એમ આપણે ઈચ્છીએ છીએ. તે એકતાના સંદર્ભમાં મને એમ લાગે છે કે મુહપત્તિ-ત્યાગ જુદા જુદા ફિરકાના સાધુઓને નજીક લાવવામાં ઘણી રીતે મદદરૂપ થાય તેમ છે. વસ્તુતઃ મુહપત્તિની વાત નાની છે, પણ તેની જડ ઘણી ઊંડી છે. મુહપત્તિ-બંધનને વરેલા સમુદાયના વિચારશીલ આગેવાનોને મારી આ સાવ સાદી, સીધી અને એમ છતાં પરમ ઉપકારક વાત ધ્યાનમાં લેવા અનુરોધ છે.

જૈન સાધુઓના જીવનના બે ઉદ્દેશ છે: એક તો આત્મસાધના, બીજો ઉદ્દેશ ધર્મપ્રચાર. આત્મસાધના માટે મુહપત્તિ હોય—ન હોય એ સરખું છે. પણ ધર્મપ્રચારમાં મુહપત્તિની પ્રથા કેટલી બાધક તેમ જ અવરોધક છે તેનો કદિ કોઈએ વિચાર કર્યો છે ખરો? વિચારો દર્શાવવા માટે અથવા તો અન્યને આપણા વિચારો પહોંચાડવા માટે માત્ર વાણી પૂરતી નથી. આ પ્રક્રિયામાં સમગ્ર મુખાકૃતિના હાવભાવ બહુ ઉપયોગી ભાગ ભજવે છે. ખુલ્લા મોઢાથી ઉપદેશ આપનારને અન્ય જનો ઉપર પોતાના ઉપદેશની અસર પાડવા માટે જે અવકાશ છે તે અવકાશ મુહપત્તિ બાંધનાર મુનિને છે જ નહિ એ સામાન્ય સમજણની વાત છે. આ રીતે વિચારતાં ધર્મપ્રચારની દૃષ્ટિએ મુહપત્તિત્યાગ ઘણો ઉપકારક બનવા સંભવ છે.

આમ અનેક દૃષ્ટિબિન્દુઓથી આ પ્રશ્ન વિચારણીય છે અને એટલે જ મુનિ સન્તબાલજીને આ બાબત કેટલાક સમયથી હું કહી રહ્યો છું, પણ તેઓ બે પગલાં ભરીને ત્રીજે પગલે અટકી ગયા છે. તો પછી શું આચાર્ય તુલસી આ પગલું ભરે એવી આશા રાખી શકાય ખરી? જે આચાર્ય ધર્મપ્રચાર અર્થે, જમાનો આટલો બધો આગળ વધ્યો છે તો પણ, ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગમાં અગ્નિકાય જીવોની વિરાધના થાય કે નહિ એ પ્રશ્નના સંશોધનમાં ગુંચવાઈ પડ્યા છે અને માઈકને હજુ સુધી મુક્ત મને આવકારી શકતા નથી તે આચાર્ય પ્રમાણમાં ઘણું નાનું એમ છતાં સદીઓ-જૂની રૂઢિના કારણે ઘણું મોટું એવું આ પગલું ભરે એ આશા વધારે પડતી ગણાય. આમ છતાં પણ આ વિચાર પ્રસ્તુત સમાજમાં વહેતો થવાની જરૂર છે. જે રૂઢી સાદી સમજની વિરુદ્ધ છે, જેના પરિત્યાગમાં નુકસાન કશું નહિ અને લાભ ઘણો રહેલો છે તે રૂઢિએ હવે વિદાય લેવી જ જોઈએ. જેમ બ્રાહ્મણોની નવી પેઢીમાં હવે ચોટલી લગભગ અદૃશ્ય થઈ ચૂકી છે તેમ, આ બાબત પણ જૈનોની નવી પેઢીએ ઉપાડી લઈને મુહપત્તિને રૂખસદ આપવી જોઈએ. જેની તરફેણમાં સમયની માંગ છે તેને સફળતા સુનિશ્ચિત છે.

સંભવ છે કે મુહપત્તિ-બંધનની સમર્થક એવી બીજી બાજુ હોય કે જેનાથી હું અજાણ હોઉં. તો આ બાબતમાં જે કોઈ નવો પ્રકાશ પાડશે તેનો હું આભારી થઈશ.

ગર્ભપાત કાયદેસર કરવા સામે લાલબત્તી

"કેવા સંયોગોમાં ગર્ભપાતને કાનૂની રક્ષણ મળવું ઘટે?" એ મથાળા નીચેનો તા. ૧૬-૮-૬૭ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ લેખ વાંચીને જેમનો ઘણાં વર્ષોથી ડાકટરી વ્યવસાય છે અને ખાસ કરીને સ્ત્રીઓના દર્દોનો જેમને સારો અનુભવ છે એવાં એક ડાકટર બહેન મારી ઉપરના પત્રમાં જણાવે છે કે, "તમારા પ્રબુદ્ધ જીવનમાં ગર્ભપાત કાયદેસર કરવો કે નહિ તે પર લખાણ છે. આ વિષયમાં એક બાબતનો કોઈ વિચાર કરતું નથી એમ મને લાગે છે. કોઈ સ્ત્રીનો ગર્ભપાત કાયદાની મર્યાદામાં રહીને કરવામાં આવે અને અધિકૃત ડૉકટરના હાથે અને પૂરી સગવડ સાથે કરાવવામાં આવે તો પણ આવો ગર્ભપાત એ સ્ત્રીની તબિયતને કેટલું નુકસાન કરે છે અને કોઈ વખત સ્ત્રી મરી પણ જાય છે—આ હકીકત કેમ કોઈ ધ્યાનનમાં લેતું નથી? કોઈ પણ ડૉકટર જેણે ગર્ભપાત કરાવનાર સ્ત્રીઓના કેસોને ટ્રીટ કર્યા હશે તેને ગર્ભપાત કેટલો જોખમભર્યો છે તેનો ખૂબ ખ્યાલ હોય છે. વળી જો ગર્ભપાતનો ઉપાય સરળ થઈ જાય તો એવી સ્ત્રીને વરસમાં ત્રણ ત્રણ વાર ગર્ભપાત કરાવવાની સંભવના ઊભી થાય. આનું પરિણામ તે સ્ત્રીના અસાધારણ શારીરિક હ્રાસમાં આવે. અલબત્ત, ગર્ભધારણ કરવાની ઉમ્મર દરમિયાન સ્ત્રી મરી જાય તો એ રીતે વસ્તીમાં જરૂર ઘટાડો થાય! વળી કોઈ પણ ગર્ભપાતને કાયદેસર કરવામાં આવે તો Sterilsationનો આખો પ્રોગ્રામ ખલાસ થઈ જવાનો. માટે ગર્ભપાતને કાયદેસર કરવો એ એક ડગલું આગળ ભરવાને બદલે પાછળ ભરવા જેવું બનવા ઘણો વધારે સંભવ છે."

આના જવાબ રૂપે જણાવવાનું કે ગર્ભપાતને કાનૂની અનુમતિ આપતાં પહેલાં, આ ડૉકટર બહેને પોતાના અનુભવના નિષ્કર્ષ રૂપે જણાવેલ કોઈ પણ સંયોગોમાં કરવામાં આવતા ગર્ભપાતથી સ્ત્રીના શરીરને થતી અસાધારણ હાનિની આપણે ઉપેક્ષા કરી ન જ શકીએ. પણ સાથે સાથે એ પણ જણાવવાનું કે ઉપર જણાવેલ લેખમાં કોઈ પણ ગર્ભપાતને કાનૂની રક્ષણ આપવાનું સૂચવવામાં આવ્યું નથી, પણ આ અંગે અસાધારણ સંયોગોનો વિગતવાર નિર્દેશ કરવામાં આવ્યો છે અને માત્ર એવાં અપવાદ-સંયોગોમાં જ કાનુની રક્ષણ મળવું જોઈએ એમ સૂચવવામાં આવ્યું છે. આમાં પણ ચાલુ સુવાવડ સુધી રાહ જોવામાં ગર્ભવતી સ્ત્રીના શરીરને જોખમ હોય એ સંયોગ બાદ કરતાં કાનૂની રક્ષણ ધરાવતા અન્ય સંયોગોમાં કોઈ પણ ગર્ભવતી સ્ત્રીએ અને તેને લાગતાવળગતા સગાસંબંધીઓએ ગર્ભપાતના ઉપાયથી બને તેટલું દૂર રહેવું એ સલાહભર્યું છે એવો નિષ્કર્ષ આપણે ઉપર જણાવેલ ડૉકટર બહેનના અભિપ્રાય ઉપરથી જરૂર તારવી શકીએ અને એ માર્ગે ચાલવાની આપણે સૌ કોઈને જરૂર આગ્રહપૂર્વક ભલામણ કરી શકીએ. **પરમાનંદ**

'જૈન ધર્મનું હાર્દ'

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૯-૬૭ના અંકમાં પ્રગટ થયેલ 'જૈન ધર્મનું હાર્દ' એ મથાળા નીચે પ્રગટ થયેલ લેખે અનેક મિત્રો તેમ જ ભાઈ બહેનોનું આકર્ષણ કર્યું છે. આવા જ એક મિત્રે તે લેખને એક નાની પુસ્તિકાના આકારમાં છપાવીને તૈયાર કરાવી આપવાની માંગણી કરી અને તે માટે જરૂરી આર્થિક સહાય આપવા ઈચ્છા દર્શાવી. તે મુજબ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. તેની કિંમત ૨૫ પૈસા રાખવામાં આવી છે—પોસ્ટેજ અલગ. જે કોઈને તે પુસ્તિકાનો ખપ હોય તેમને નીચેના ઠેકાણેથી મંગાવી લેવા વિનંતિ છે.
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, **તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'**

ન્યાયમૂર્તિ નરેન્દ્ર નથવાણી : સન્માન સંમેલન

તા. ૨૬મી ઑગસ્ટના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલા ઉપર્યુક્ત સન્માન સંમેલનના વૃત્તાન્તનો બાકીનો ભાગ નીચે આપવામાં આવે છે.

પ્રાસ્તાવિક વિવેચનો

શ્રી પરમાનંદભાઈનું આવકાર પ્રવચન પૂરું થયા બાદ સન્માન-સંમેલનના અધ્યક્ષસ્થાને બીરાજેલા સંસદ સભ્ય શ્રી. શાન્તિલાલ હ. શાહે જણાવ્યું હતું કે "દેશની આઝાદી ખાતર જેલમાં ગયેલાઓમાંથી આજ સુધીમાં અનેક પ્રધાનો તો થયા છે, પણ તેમાંના કોઈને હાઈકોર્ટના ન્યાયમૂર્તિનું સ્થાન મળ્યાનો આ પહેલો જ દાખલો છે." શ્રી નથવાણીના સૌજન્ય અને વિવેક બુદ્ધિની તેમ જ ન્યાયાધીશ માટે આવશ્યક એવી તેમની તટસ્થતાની તેમણે ખૂબ પ્રશંસા કરી અને ડ્રાફ્ટીંગ અંગેની–મુસદ્દા ઘડવા અંગેની–તેમની કુશળતાના તેમણે ખૂબ વખાણ કર્યા.

શ્રી નંદલાલ ઠક્કર સૉલિસિટરે આ પ્રસંગે જણાવ્યું કે "દેશ માટે લડત લડવાની પ્રેરણા અને સંસ્કાર નરેન્દ્રભાઈને તેમના પિતાશ્રી પાસેથી મળ્યા છે." એમના સ્વભાવગત ધૈર્ય, મૌલિકતા અને કુશળ બુદ્ધિની તેમણે પ્રશંસા કરી અને દેશની પ્રતિષ્ઠા ખાતર સ્વ. વડાપ્રધાન નેહરુને પણ એક વખત કડવું સત્ય સંભળાવ્યાની અને અપૂર્વ નિડરતા દાખવ્યાની તેમણે એક ઘટના શ્રોતાઓને વિગતવાર સંભળાવી.

જૂનાગઢની આરઝી હકુમતના તેમના સાથી શ્રી દુર્લભજી ખેતાણીએ જૂનાગઢ રાજ્ય સામેની લડતનાં કેટલાંક સંસ્મરણો સંભળાવ્યા બાદ, શ્રી નરેન્દ્રભાઈથી ન્યાયમૂર્તિની ખુરશી નહિ પણ ન્યાયમૂર્તિની ખુરશી નરેન્દ્રભાઈથી શોભી ઉઠશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો.

શ્રી કાન્તિલાલ પારેખ જેઓ સત્યાગ્રહની ૧૯૩૦–૩૨ ની લડત દરમ્યાન નાસિક જેલમાં શ્રી નરેન્દ્રભાઈના સાથી હતા તેમણે એ દિવસો યાદ કરીને જણાવ્યું કે, "એ અમારા સહવાસ દરમિયાન તેઓ એટલું બધું ઓછું બોલતા હતા કે આપણને એમ જ થાય કે, જાણે કે તેમના મોંમાં જીભ જ નથી. આજે તેમને આવું મહત્ત્વનું સ્થાન મળતાં તેમની મહત્તાને હું સવિશેષ પીછાણી શકયો છું."

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'જન્મભૂમિ' દૈનિકના જૂના મકાનમાં ભાઈ નથવાણી તેમ જ અન્ય કેટલાક મિત્રો સાથે આરઝી હકુમતની રચના કરવાનો જે મહાન નિર્ણય લેવામાં આવ્યો હતો તે નિર્ણયના દિવસોનાં અનેક સ્મરણો રજૂ કરતાં જણાવ્યું કે "શ્રી નરેન્દ્રભાઈએ એ લડતમાં એક પૂરા સૈનિકની અદાથી બંદૂક ધારણ કરીને ભાગ લીધો હતો અને તે લડતના પરિણામે જૂનાગઢના દીવાન ભૂતોને તાબે થવું પડયું હતું. ૧૯૫૨માં હું જ્યારે કેશોદ વિભાગમાં ચૂંટણી માટે ઊભો રહ્યો હતો અને મેં એમના જ ઘરમાં ત્રણ મહિના માટે ધામા નાખ્યા હતા, ત્યારે એ વિસ્તારના ઘરેઘરમાં નથવાણી કુટુંબની જે સુવાસ પ્રસરેલી હતી તેનો મને ખરો પરિચય થયો હતો. જ્યારે જૂનાગઢના નવાબ સામે હરફ ઉચ્ચારવાની કોઈ હિમ્મત ન કરે એ દિવસોમાં એમના પિતાશ્રી પ્રાગજીભાઈએ નવાબ સામે માથું ઊંચકયું હતું." ત્યાર બાદ સંસદ-સભ્ય તરીકે તેમની સાથે ગાળેલાં વર્ષોનાં અનેક સ્મરણો રજૂ કરીને તેમણે જણાવ્યું કે "નરેન્દ્રભાઈ એક રાજદ્વારી પુરુષ તરીકે દરેક વિષયમાં ઊંડા ઉતરનારા અને અભ્યાસપરાયણ એવા સંસદીય સભ્ય તરીકે પુરવાર થયા છે. હાઈકોર્ટના ચીફ જસ્ટીસે તેમની એક ન્યાયમૂર્તિ તરીકે પસંદગી કરીને પોતાની જાતને જ આપણા અભિનંદનની અધિકારી બનાવી છે. ભારતના સામાજિક, આર્થિક, રાજકીય પાસાઓને ખરા મૂલ્યમાં જીવી અનુભવી ચૂકેલા નરેન્દ્રભાઈ આ સ્થાન માટે સંપૂર્ણતયા પાત્રતા ધરાવે છે."

શ્રી નરેન્દ્ર નથવાણીનું આભાર નિવેદન

ત્યારબાદ શ્રી નરેન્દ્રભાઈ નથવાણીએ તેમનું સન્માન કરવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માનતાં નીચે મુજબ નિવેદન કર્યું હતું :

"શ્રી પરમાનંદભાઈએ આ સમારંભની વાત કરી ત્યારે તરત મેં એનો સ્વીકાર કરી લીધો. કારણ કે મુંબઈ જૈન યુવક સંઘ માત્ર જૈનોનો કે યુવાનોનો જ સંઘ નથી, પણ રાષ્ટ્રીય દૃષ્ટિવાળી એક પ્રગતિશીલ સંસ્થા છે એની મને ખબર હતી. અહીંઆ થયેલાં પ્રવચનોમાં મારા વિષે જે કહેવાયું એ બધાને લાયક છું એમ હું માનતો નથી. મારામાં આરોપાયેલા આ ગુણો મારામાં છે એમ હું માનતો નથી. એ માટે સહુની મમતા ને પક્ષપાત જ મને જવાબદાર લાગે છે.

"મારા વ્યવસાયી જીવનમાં મુરબ્બી શ્રી શાંતિભાઈ, શ્રી નંદલાલભાઈ અને શ્રી ચીમનભાઈએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જો સમય હોત તો અત્યારે એની ઘણી વાતો હું કહી શકત, પણ હું અત્યારે તો એટલું જ કહીશ કે જો એમનો ટેકો ને સહારો મને મળ્યા ન હોત તો હું આ વ્યવસાયમાં આગળ વધી શકયો ન હતો.

"હું એલએલ. બી.માં પ્રથમ વર્ગમાં પાસ તો થયો, પણ વાસ્તવિક સ્થિતિનું ભાન–હવે હું કેટલામાં છું એનું ભાન–તો મને પછી જ થયેલું. મારી લૉ કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. આંબેડકર પાસે હું ગયો. એમણે મને કહ્યું, "તમે કોઈ સૉલિસિટરને ઓળખો છો.?" હું તો આફ્રિકામાં જન્મ્યો હતો અને ત્યાં જવાના વિચારોમાં રહ્યો હતો, જો કે મારા પિતાશ્રીના અવસાનથી ત્યાં જવાનું બંધ રાખવું પડેલું. મુંબઈમાં કોઈ સૉલિસિટરને ન ઓળખું એટલે મેં જવાબ આપ્યો: "ના હું કોઈને ઓળખતો નથી." એટલે તેઓ તરત બોલી ઊઠયા: "Fools rush in where angles fear to tread." "જ્યાં ડાહ્યા માણસો ડગલું ભરતાં ડરે છે ત્યાં બેવકૂફો દોડી જાય છે." સરદારશ્રીની ભલામણથી મને મુનશીજીએ ચેમ્બરમાં રાખવા કબુલ્યું, પણ પ્રથમ મુલાકાતમાં જ એમણે મને ચેતવ્યો. "તમે ફર્સ્ટ કલ સમાં આવ્યાં એ વાત ભૂલી જજો. It does not matter how examiners have dealt with you. What matters is how solicitors deal with you."

"પણ સર્વશ્રી નંદલાલભાઈ, શાંતિભાઈ અને ચીમનભાઈએ મને થોડું કામ આપ્યું અને મારું ગાડું ચાલવા લાગ્યું. મારાં બે દિવસો જુદા જ હતા. શ્રી શાંતિભાઈની સહૃદયતાના પરિચયમાં હું કેવી રીતે આવ્યો હતો એ મને યાદ આવે છે. એમના ભાગીદાર શ્રી. જે. ટી. દેસાઈ છે, જેમની દ્વારા મેં શાંતિભાઈને કહેવરાવ્યું કે મને માસિક રૂા. ૩૦ મળે એટલું કામ એમની ઑફિસમાંથી મળે એટલું તેઓ કરી આપે. શાંતિભાઈ બે ગીની આપવા સંમત થયા. સ્વતંત્ર પક્ષના આગેવાન શ્રી મસાણીને પણ તેઓ બે ગીનીની બ્રીફો ત્યારે આપતા. મને જ્યારે પહેલી બે ગીનીની બ્રીફ મળેલી ત્યારે મેં કહ્યું "મને જલ્દી આપો." શાંતિભાઈએ કેશીયરને કહ્યું. કેશિયરે બબડતા બબડતા રૂા. ૩૦ નો ચેક આપ્યો. પણ મારે ચેક વળી કયાં ભરવો? હું મૂંઝાયો. મેં ફરી શાંતિભાઈને કહ્યું મને રોકડા આપો તો સારું. શાંતિભાઈ સમજી ગયા. કેશિયરને કહ્યું: "બરાબર છે, એમને કેશ આપો."

"શ્રી કાંતિભાઈ પારેખે મને જીભ નથી એવી અહિં વાત કરી, પણ એ વાત અહિં બેઠેલાં મારાં પત્ની અને દીકરીને સ્વીકાર્ય બને એમ મને નથી લાગતું.

"મારા રાજકીય જીવનમાં શ્રી ચીમનભાઈએ મારા પિતાશ્રીનો

ઉલ્લેખ કર્યો. મારા લોહીમાં જ રાજકારણ છે એ વાત સાચી છે. મારા પિતાશ્રીને નિશાળનું શિક્ષણ થોડું મળેલું, પણ એમનામાં ઊંડો રાષ્ટ્રવાદ પડેલો હતો. જાહેર હિમત અને હૈયાઉકલત પણ એમનામાં ખૂબ હતાં. આ સદીની શરૂઆતમાં તેઓ ઈસ્ટ આફ્રિકા કામધંધાર્થે ગયા હતા. ત્યાં તેઓ એક બંગાળી ક્રાંતિકારી સાધુના સંપર્કમાં આવ્યા અને પાકા રાષ્ટ્રવાદી હિન્દી તરીકે ત્યાં હિંદીઓના અધિકારો માટે લડયા. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ જાહેર થયું ત્યારે તેઓ હિન્દુસ્થાનમાં–જૂનાગઢ રાજ્યમાં–અમારા વતનમાં હતા. તે વખતે ઈસ્ટ આફ્રિકાની સરકારે, હિન્દી સરકાર મારફત, તેમને લડાઈના સમય સુધી ઈસ્ટ આફ્રિકામાં દાખલ થતા અટકાવ્યા હતા. એ સમયમાં ગદ્દાર પાર્ટીવાળા લાલા હરદયાલ પરદેશમાં વસતા હતા. હિન્દીઓમાં સારો પ્રચાર કરતા હતા. એવી કોઈ ચળવળમાં મારા પિતાશ્રીનો હાથ હતો એમ સરકારને ત્યારે લાગ્યું હતું.

"તેઓ પ્રજાના હક્ક માટે, હું નાનો હતો ત્યારે જૂનાગઢની હકુમત કે અમલદારી સામે, હંમેશા લડતા રહ્યા હતા. જૂનાગઢની પોલીસ પણ હંમેશા મારા પિતાશ્રીની તપાસ કરવા કેશોદમાં રોજ ઘેર આવતી. આવા વાતાવરણમાં હું ઉછર્યો છું. આ પ્રબળ સંસ્કાર મારામાં સહજ રીતે આવ્યા છે. તેથી એ મારી પોતાની સિદ્ધિ છે એમ હું કઈ રીતે માની શકું?"

"૧૯૩૨માં હું નાસિક જેલમાં હતો. મારા માટે એ દિવસો સૌથી વધુ સુખના દિવસો હતો. મને ફરી એ જીવન જીવવું ગમે. અરે, મારું કદી વજન વધ્યું નહોતું, પણ નાસિકની જેલમાં હતો ત્યારે મારું પચીસ પાઉન્ડ વજન વધેલું. ત્યારે જેલમાં સ્વામી આનંદ, પ્યારેલાલ, છોટુભાઈ પુરાણી વગેરે સાથે રહેવાનો મને મોકો મળ્યો હતો. તેઓ સારાં સારાં પુસ્તકો મારી પાસે વંચાવતા અને ચર્ચા કરતા. મેં છ મહિનામાં ત્યારે ૧૫૦ પુસ્તકો વાંચ્યાં હતાં. આવો અંગત શ્રેયનો સાધક મારો જેલવાસ હતો. તેને દેશ ખાતર અપાયલા ભોગ તરીકે કેમ વર્ણવી શકાય?

"ત્યારબાદ ૧૯૪૭માં જ્યારે રજવાડાના વિલીનીકરણનો પ્રશ્ન ઊભો થયો હતો અને ખાસ કરીને જ્યારે જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાની ઈચ્છા જાહેર કરી ત્યારે તે નવાબને પદભ્રષ્ટ કરીને ત્યાં પ્રજાનું શાસન સ્થાપવા માટે આરઝી હકુમતની રચના ઊભી કરવામાં આવી હતી અને સ્વ. સામળદાસ ગાંધીની આગેવાની નીચે જૂનાગઢ રાજ્ય ઉપર ચઢાઈ કરવામાં આવી હતી અને હું પણ તેમાં સામેલ થયો હતો. એ વખતે અમે લોકો લાકડાની તરવારે રાજ્ય જીતવા નીકળ્યા છીએ એવી કેટલાક લોકો અમારી ટીકા કરતા હતા અને અમને હસતા હતા, પણ મને કહેવા દો કે એ વખતે આપણા મધ્યમ વર્ગના અનેક ભાઈઓએ પોતાના જીવનને ખરેખર હોડમાં મૂકયું હતું, પોતાના જીવનને તેમણે સસ્તું માન્યું હતું. અમારા માટે એ વખતે જીવસટોસટનો પ્રશ્ન ઊભો થયો હતો અને ગોળી વાગે તો પીઠ ઉપર નહિ પણ છાતીમાં વાગે એવો અમારો એ વખતે આગ્રહ અને ખુમારી હતાં. દાખલા તરીકે કુતિયાણામાં જ્યારે નવાબના લશ્કરના માણસોએ અમને મૂંઝવવા માટે અમારી સામે ગોળીબાર શરૂ કર્યા હતા, તે વખતે કેટલાક શીખ સરદારો અમને પાછા ફરવાને સમજાવવા લાગ્યા હતા. પણ અમે બધા યે તેમને ઝાપટી નાખ્યા અને આગળ વધ્યા. ત્યારે અમારું શું થશે એ વિષે અમે બીલકુલ બેપરવા હતા. આમ દાળભાત ખાનારાઓનું ખમીર અમે એ દિવસોમાં દુનિયા સમક્ષ રજૂ કરી શકયા હતા.

"હવે ન્યાયને અંગે બે શબ્દો કહું:

"સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે કે વ્યકિતઓ વચ્ચે ન્યાયી ધોરણ કેવું હોવું જોઈએ એ તો સંસદ કે રાજ્યોની ધારાસભા ધારા ઘડી નક્કી કરે છે. દાખલા તરીકે ઘર માલિક અને ભાડૂતો વચ્ચે કેવા અધિકારો કે જવાબદારીઓ હોવી જોઈએ? માલિક ભાડૂત પાસે ઘર ખાલી કરાવી શકે કે કેમ? અગર ભાડૂત પેટા ભાડૂતને ઘર ભાડે આપી શકે કે કેમ? એ કાયદા ઘડવાનું કામ ધારાસભા કરે. ન્યાયાધીશને તો વ્યકિતઓ વચ્ચે કે વ્યકિત કે રાજ્યની વચ્ચે જ્યારે ઝઘડાઓ ઊભા થતા હોય ત્યારે એવા કાયદા પ્રમાણે નિર્ણય આપવાનો હોય છે. સમાજમાં અત્યારે એવી માન્યતા છે કે, આટો અને આયુષ્ય હોય તો જ ન્યાય મળે. એમાં તથ્ય હશે. પણ કોઈ પણ ઝઘડાનો ન્યાયપૂર્વક નિર્ણય થઈ શકે એનો આધાર સમાજની ન્યાયની અપેક્ષા કેટલી ઊંચી છે તેના પર પણ મુખ્યપણે રહે છે. પક્ષકારો અને સાક્ષીઓ જે સાચું કહેવા તૈયાર ન હોય, જો સારા કે સફળ વકીલ અંગે સમાજનો આદર્શ એ હોય કે, ઘોળે દિવસે ખૂન કરનારને પણ તે નિર્દોષ ઠરાવીને છોડાવી દે તો Administration of justice એટલે કે ન્યાય તોળવો મુશ્કેલ બની જાય. આમ ન્યાયાધીશ ઉપરાંત સમાજની ન્યાયપ્રિયતા પણ ન્યાયના વહીવટમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે."

ત્યાર બાદ સંઘના કોષાધ્યક્ષ શ્રી રતીલાલ ચીમનલાલ કોઠારીએ શ્રી નથવાણી અને શ્રી શાન્તિલાલ શાહનો આભાર માન્યો અને સંમેલન વિસર્જન કરવામાં આવ્યું.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા–૧

વ્યાખ્યાનમાળાના અંતિમ પ્રવચન દરમિયાન 'જીવન' ઉપર બોલતાં આચાર્ય રજનીશજીએ જણાવ્યું હતું કે: "જીવન આપણા દરવાજે દરરોજ આવે છે, દ્વાર ખખડાવે છે, પણ આપણે સાંભળી શકતા નથી, કારણ કે આપણે શરાબીની પેઠે બેહોશીની મૂર્છામાં સૂતેલા છીએ. જ્યાં સ્વર્ગનો વિચાર છે ત્યાં જ જાગૃતિ છે. આપણે શાસ્ત્રોના, શબ્દોના દીપકો સળગાવીને બેઠેલા છીએ, જેના આવરણ આડે બહાર વ્યાપી રહેલ ચંદ્ર જ્યોત્સ્ના જેવા પરમાત્માના પ્રકાશને આપણે જોઈ શકતા નથી. જીવન સાથે સંબંધ જોડવા માટે દરેક પ્રકારની મૂર્છા આપણે છોડવી જોઈએ. જો કંઈ અગાઉ કોઈએ કહ્યું હોય તેને માની લેવાનો આંધ વિશ્વાસ છોડવો જોઈએ અને સમ્યક્ જ્ઞાન મેળવવાની પ્યાસને જગાડવી જોઈએ, કારણ કે પ્યાસ વિના પુરુષાર્થ નથી અને પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી."

આમને જણાવતાં આનંદ થાય છે કે આ વખતની તા. ૩૧ ઑગસ્ટથી તા. ૮ સપ્ટેમ્બર સુધી–એમ નવ દિવસ માટે ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ અસાધારણ સફળતાપૂર્વક પાર પડયો હતો. નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું સંચાલન સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના અધ્યાપક માન્યવર શ્રી ગૌરીશંકર ચુનીલાલ ઝાલાએ અધ્યક્ષસ્થાનેથી કર્યું હતું. વ્યાખ્યાનમાળાના પ્રારંભથી જ સભાગૃહ ભરાયલું રહ્યું હતું. તેમાં પણ સપ્ટેમ્બરની ત્રીજી તારીખ રવિવારના રોજની સભામાં અને ત્યાર બાદ સપ્ટેમ્બર સાત અને આઠની સભામાં શ્રોતાઓની ભરતી ઉત્તરોત્તર વધતી રહી હતી. છેલ્લા દિવસની ભીડ તો કલ્પનામાં ન આવે એવી અસાધારણ હતી.

નવ દિવસ દરમિયાન કુલ ૧૭ વ્યાખ્યાનો થયાં હતાં. પ્રત્યેક વ્યાખ્યાતા પૂરી તૈયારી કરીને આવેલા હતા અને પોતપોતાના વિષયના કુશળ અને સંકલનાબદ્ધ નિરૂપણ વડે તેમણે શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. આ વખતના વ્યાખ્યાતાઓમાંથી આઠ વ્યાખ્યાતાઓ મુંબઈ બહારના હતા: કાકાસાહેબ કાલેલકર દિલ્હીથી, અધ્યાપક દલસુખભાઈ માલવણિયા અમદાવાદથી, શ્રી સનત મહેતા વડોદરાથી, આચાર્ય ઝીણાભાઈ દેસાઈ (સ્નેહ રશ્મિ) અમદાવાદથી, શ્રી બબલભાઈ મહેતા થામણા (ગુજરાત)થી, રેવરન્ડ ફાધર વાલેસ અમદાવાદથી, બહેન પુપુલ જયકર દિલ્હીથી અને આચાર્ય રજનીશજી જબલપુરથી આવ્યા હતા. બાકીના વ્યાખ્યાતાઓ પ્રિન્સિપાલ ધૈર્યબાળા વોરા, આચાર્ય રામપ્રસાદ બક્ષી,

સૌ. મૃણાલિની દેસાઈ, પ્રાધ્યાપિકા ઉષાબહેન મહેતા, પ્રાધ્યાપિકા તારાબહેન શાહ, શ્રી રઘુભાઈ શાસ્ત્રી, શ્રી ઉષાકાન્ત લાદીવાળા તથા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્થાનિક હતા.

અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજના અધ્યાપક રેવરન્ડ ફાધર વાલેસનાં આ વ્યાખ્યાનમાળામાં બે વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતા. તેઓ મૂળ સ્પેનના વતની છે અને કેટલાંક વર્ષોથી ગુજરાતમાં આવી વસ્યા છે. તેમણે પોતાનાં વ્યાખ્યાનો ગુજરાતીમાં કર્યા હતાં. તેમનું વ્યક્તિત્ત્વ, અદ્‌ભુત વાણીપ્રભુત્વ અને એક યુરોપવાસી ખ્રિસ્તી સાધુ ગુજરાતીમાં બોલે છે અને તે પણ અત્યન્ત શુદ્ધ અને પ્રસાદપૂર્ણ ગુજરાતીમાં એ હકીકત—આ કારણોથી તેમના વિષે શ્રોતાઓ સૌથી વધારે પ્રભાવિત બન્યા હતા.

બીજા એક વ્યાખ્યાતા બહેન પુપુલ જયકર. તેઓ એક નામી ગુજરાતી કુટુંબના સંતાન હોવા છતાં, અંગ્રેજી ભાષાના વાતાવરણમાં જ ઉછરેલા હોઈને અને આજ સુધીનું તેમનું અનેકવિધ જાહેર જીવન પણ અંગ્રેજી ભાષા સાથે મોટા ભાગે સંકળાયેલું હોઈને, તેમણે ગુજરાતીમાં બોલવાની પોતાની અશકિત જાહેર કરી, તે વિષે સભાજનોની ક્ષમા માગી અને પોતાનો વિષય અંગ્રેજી ભાષામાં રજૂ કર્યો હતો. તેમના વ્યાખ્યાનમાં વિષયની સચોટ રજુઆત અને અંગ્રેજી ભાષા ઉપરનું તેમનું અસાધારણ પ્રભુત્વ—આ બે તત્ત્વો એકદમ આગળ તરી આવતાં હતાં. તેમના જીવનનો કાર્યવિસ્તાર ઘણો મોટો છે, પણ તેઓ મોટા ભાગે પોતાના પતિ સાથે દિલ્હી રહેતા હોઈને આપણી બાજુના લોકો તેમને બહુ ઓછું જાણે છે. તેઓ ભારત સરકારના હેન્ડલુમ બોર્ડના ઓનરરી એડવાઈઝર તરીકે વર્ષોથી કામ કરી રહ્યા છે, અને હેન્ડલૂમ કાપડની મોટા પાયા ઉપર અમેરિકામાં થતી નિકાસના કારણે તેમની સેવા આપણી સરકારને પરદેશી હૂંડિયામણ રળવામાં અત્યન્ત મદદરૂપ બની છે અને એ કારણે ગયા જાન્યુઆરી માસની ૨૬મી તારીખે કરવામાં આવેલી માન—સન્માનને લગતી સરકારી જાહેરાતમાં તેમને ભારત સરકારે 'પદ્મભૂષણ'નો ઈલ્કાબ આપીને તેમની સેવાઓની કદર કરી છે. આ ઉપરાંત તેઓ નેશનલ બાલભવન અને નેશનલ ચીલ્ડ્રન્સ મ્યુઝિયમના ચેરમેન છે. કસ્તુરબા ટ્રસ્ટના સભ્ય છે. શ્રી. જે. કૃષ્ણમૂર્તિના મુંબઈ ખાતેના તેઓ યજમાન છે.

બાકીનાં વ્યાખ્યાનો કાં તો ગુજરાતીમાં અથવા હિન્દીમાં થયા હતા. આ સર્વમાં આચાર્ય રજનીશજીનું પ્રવચન સૌથી વધારે આકર્ષક નીવડ્યું હતું એમ જણાવવાની જરૂર ન જ હોય. તેમના વ્યાખ્યાનના દિવસે તેમના વ્યાખ્યાન પહેલાં અમારા નિમંત્રણને માન આપીને વીસનગરથી આવેલા ત્યાંની ગર્લ્સ કૉલેજના પ્રીન્સિપાલ શ્રી પ્રતાપરાય ટોલિયાના ભજનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે દિવસે અમો—આ પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંયોજકો—ની ભારે કસોટી થઈ હતી. વ્યાખ્યાનસભાના પ્રારંભ સમય પહેલાં જેનાથી ધ્વનિ-વર્ધક યંત્ર, પંખાઓ અને બત્તીઓ સતેજ બને છે તે નાગરિક વીજળીનો પ્રવાહ એકાએક સ્થગિત થઈ ગયો હતો. સભાગૃહ તો શ્રોતાઓથી ખીચોખીચ ભરેલું હતું, એટલું જ નહિ પણ, સભાગૃહ બહારની વિશાળ ઓસરી તેમ જ બગીચામાં પણ શ્રોતા ભાઈ બહેનોની ભારે મોટી ભીડ જામી હતી. સદ્‌ભાગ્યે સભાના પ્રારંભ સમયે વીજળી આવવી શરૂ થઈ અને સંગીતની શરૂઆત કરવામાં આવી. વળી પાછી વીજળી અટકી; કયારે શરૂ થશે એ કેમ કહી શકાય? એકઠાં થયેલા ભાઈ બહેનોને કેમ શાન્ત રાખી શકાશે એ સવાલ અમને ખૂબ જ મુંઝવી રહ્યો હતો. આમ છતાં સંગીતનો—ભજનનો—પ્રવાહ એકસરખો ચાલતો રહ્યો અને શ્રોતાઓએ જેને pin-drop silence કહે છે—ટાંકણી પડે તો પણ સંભળાય—એવી શાન્તિ અને સ્વસ્થતાનું અમને દર્શન કરાવ્યું. આ અમારા માટે એક અદ્‌ભુત અનુભવ બની રહ્યો. સદ્‌ભાગ્યે વીજળી પાછી શરૂ થઈ; ભાઈ પ્રતાપરાયના બુલંદ અવાજથી સભાગૃહ ગાજતું થયું અને પછી શરૂ થયું લગભગ સવા કલાકનું આચાર્ય રજનીશજીનું અખંડ ધારાએ વહેતું પ્રવચન. આ દરમિયાન શાન્તિ જાળવવા માટે કોઈને કહેવાપણું હતું જ નહિ. આમ નિર્વિઘ્ને અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ થઈ.

આ વ્યાખ્યાનમાળાને જેટલી વાણીસભર એટલી જ સંગીતસભર બનાવવાનો પ્રયત્ન સેવવામાં આવ્યો હતો. તા. ૩ રવિવારના રોજ કાર્યક્રમ મુજબનાં બે વ્યાખ્યાનો પૂરાં થયા બાદ સૌ. મધુબહેન ભટ્ટાચાર્ય તથા સૌ. શારદાબહેન બાબુભાઈ શાહે નાનો સરખો સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ ઉપરાંત દરેક સભાની શરૂઆત અત્યન્ત મધુર એવા પ્રાર્થના સંગીત વડે કરવામાં આવી હતી. આમાં ભાગ લેનાર ભાઈ બહેનોનાં નામ આ મુજબ છે: સૌ શારદાબહેન, શ્રી. જયાબહેન શાહ, ભાઈ બંસી, સૌ ગુણવતી બહેન તથા સૌ. મંદાકિની બહેન. સાતમી તારીખે શ્રી ઉષાકાન્ત લાદીવાળાએ સંગીતનો સભર કાર્યક્રમ આપ્યો હતો.

આમ આ વખતની વ્યાખ્યાનમાળાને ધાર્યા કરતાં પણ વધારે સંતોષ અને સફળતા આપવામાં જેમનો ફાળો છે—પ્રમુખ શ્રી. ઝાલાસાહેબ, ભિન્ન ભિન્ન વ્યાખ્યાતાઓ તથા સંગીતકુશળ ભાઈ-બહેનો — આ સર્વનો અમારે હાર્દિક આભાર માનવો રહ્યો. આશા રાખીએ કે ભવિષ્યમાં તેમના તરફથી આવો સહકાર મળતો જ રહેશે અને આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળા વધારે ને વધારે ભવ્યતા અને અર્થસભરતા ધારણ કરતી રહેશે. આ આભાર નિવેદનમાં અગણિત શ્રોતાઓનો એટલે કે ઉપસ્થિત થયેલાં જિજ્ઞાસુ ભાઈઓ તથા બહેનોનો ઉલ્લેખ કર્યા વિના ન જ ચાલે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમના અપૂર્વ સહકાર અને ઉદાર સહિષ્ણુતાના પરિણામે જે અપૂર્વ શાન્તિ અને શિસ્તનું દર્શન થાય છે તે આજના ધમાલિયા જાહેર જીવનમાં કોઈ જુદી જ ભાત પાડે છે. આ માટે તેઓ ખરેખર ધન્યવાદના અધિકારી છે.

દર વર્ષ માફક આ વર્ષે પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓના સંચાલન માટે રૂા. ૨૦,૦૦૦ ની માગણી કરવામાં આવી હતી - ટેલ નાંખવામાં આવી હતી. જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધીમાં અમને આશરે રૂા. ૧૫,૦૦૦ નાં વચનો મળ્યા છે અને હજુ જેમનો સંપર્ક સાધવાનો બાકી છે એવા-મિત્રો પ્રશંસકો દ્વારા બાકીની રકમ પૂરી થઈ જશે એવી આશા છે. આ ફાળાની વિગતો હવે પછીના અંકમાં આપવામાં આવશે. પ્રબુદ્ધ જીવનના વાચકોને અમારો લક્ષ્યાંક પૂરો કરવામાં મદદરૂપ થવા વિનંતિ છે.

આ તો આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાની સ્થૂળ વિગતો રજૂ કરવામાં આવી. આગામી અંકમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ ઝાલાસાહેબ આ વ્યાખ્યાનમાળાની તેમ જ તેમાં થયેલાં વ્યાખ્યાનોની પોતાના લખાણ દ્વારા યોગ્ય મુલવણી કરશે અને તેનું ભાવાત્મક મૂલ્યાંકન રજૂ કરશે. **મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ**

પૂરક નોંધ: ઉપરની આલોચનામાં બે બાબતનો ઉલ્લેખ કરવો રહી ગયો. પર્યુષણ વ્યાખ્યાનમાળાના બીજા દિવસથી સતત આઠ દિવસ સુધી સ્વ. શ્રી ટી. જી. શાહનાં પત્ની સેવામૂર્તિ વયોવૃદ્ધ ચંચળબહેન શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ફાળા માટે સભાના પ્રારંભથી અંત સુધી ઝોળી લઈને ઊભા રહ્યા હતા અને તે ઝોળી મારફત આશરે રૂા. ૨૩૦૦) એકઠા થયા હતા. આ માટે તેમનો કયા શબ્દોમાં આભાર માનવો એ અમને સૂઝતું નથી.

બીજી બાબત એ જણાવવાની કે વ્યતીત થયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં ૯ મી સપ્ટેમ્બર શનિવારના રોજ સાંજના ૬-૦૦ વાગ્યે ધી બૉમ્બે ગ્રેન ડીલર્સ ઍન્ડ ઑઈલ સીડ્ઝ મરચન્ટ્સ એસોસિયેશનના સભા ગૃહમાં વ્યાખ્યાનમાળાના પ્રમુખ શ્રી ગૌરીપ્રસાદ ઝાલા અને સ્થાનિક વ્યાખ્યાતાઓ સાથે સંઘના સભ્યોનું એક મિલન સમારંભ ગોઠવવામાં આવ્યું હતું અને એ પ્રસંગે શ્રી પ્રતાપરાય ટૉલિયાએ લગભગ દોઢ કલાક સુધી પદો તથા ભજનો સંભળાવીને સભાજનોનું મનોરંજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી ઝાલા સાહેબ તથા શ્રી પરમાનંદભાઈએ પ્રાસંગિક વિવેચનો કર્યા હતા; ઝાલા સાહેબનું પુષ્પહાર વડે બહુમાન કરવામાં આવ્યું. વિપુલ ઉપાહાર બાદ મિલન-સમારંભ વિસર્જન કરવામાં આવ્યો હતો. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

સ્વાતંત્ર્ય દિનનો અદ્‌ભુત મુશાયરો

(સ્વાતંત્ર્ય દિન – ૧૫મી ઑગસ્ટના 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થયેલો મુશાયરો અહિં નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આ મુશાયરામાં ભાગ લે છે આપણા મહાઅન્માત્ય શ્રીમતી ઈન્દિરા ગાંધી, અર્થસચિવ શ્રી મોરારજી દેસાઈ, ગૃહસચિવ શ્રી યશવંતરાવ ચવ્હાણ, નિવૃત્ત રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, શ્રી સદોબા પાટિલ વગેરે. આ મુશાયરાના લેખક છે 'ઠોઠ નિશાળિયો.' તંત્રી)

વ્યવસ્થાપક: આપણા દેશને આઝાદી પ્રાપ્ત થઈ એના આજે વીસ વર્ષ પૂરાં થયા એ નિમિત્તે ... હૈયે ત્યાં પેલે છેડે ઘોંઘાટ નહીં કરો ... એ નિમિત્તે આજે આપણે આ સ્થળે ભેગાં મળીને ... એય પેલા થાંભલા પાસેનાઓ ઘોંઘાટ બંધ કરો, સભાની શાન જાળવો... જગ્યા નથી મળી? જગ્યા કોઈને ક્યાં મળી છે તે તમને મળે? ... એ તો એમ જ ચાલવાનું, ઘોંઘાટ નહીં કરો ... આજે આપણે આ સ્થળે ભેગા મળીને આપણો સ્વાતંત્ર્ય દિન ઉજવવા હર્ષભેર ઉદ્યુકત થયા છીએ ... વચ્ચે બુમો નહીં પાડો ... તે પ્રસંગે અત્રે કાવ્યગાન કરવા પધારેલા કવિઓ ... (સભામાં મંચ પર ગોઠવાયેલા કવિઓ સર્વશ્રી. મોરારજીભાઈ, ચવ્હાણ, પાટિલ, જગજીવનરામ વગેરે તરફ જુએ છે, તથા કવિયિત્રીઓ...સર્વશ્રી ઈન્દિરા ગાંધી, તારકેશ્વરી વગેરે તરફ હાથ લંબાવે છે) એમની વાણી સાંભળવા આપણે ઉત્સુક છીએ ....

શ્રોતાઓમાંથી એક: છીએ! છીએ!

બીજો શ્રોતા: તમે બેસી જાઓ, કાવ્યગાન થવા દો,.

ત્રીજો શ્રોતા: તમે કવિતા ગાઓ બેચાર જણ: વી વોન્ટ લોહિયાજી, વી વોન્ટ લોહિયાજી, વી વોન્ટ ...

વ્યવસ્થાપક: ભાઈઓ, આ મુશાયરો છે, લોકસભા નથી. અહીં તો શાંતિ જાળવવાની જ હોય.

(સૌ શાંત થઈ જાય છે.)

વ્યવસ્થાપક: આ મુશાયરાનું સંચાલન ...

દિનેશસિંગ: ઈન્દિરાજીને સોંપવાનો હું ઠરાવ ...

રામસુભગસિંહ: ... મોરારજીભાઈને સોંપવું એવું મારૂં સૂચન ...

વસંતરાવ નાઈક: ચવાણ એ શ્રેષ્ઠ પુરૂષ ...

જગજીવનરામ: જો પછાત જ્ઞાતિઓનું આ સ્વાતંત્ર્ય દિને સન્માન કરવું હોય તો મારૂં સૂચન છે કે મને જ ... જો કે મને પ્રમુખ નહીં બનાવો તો મને વાંધો નથી ... કવિતા ગાવા દેજો ... આમ છતાં ય જો રાષ્ટ્રને પ્રમુખ તરીકે મારી જરૂર હોય ...

ડી.પી.મિશ્રા: હું હમણાં નવરો છું.

વ્યવસ્થાપક: પ્રમુખસ્થાન મુશાયરો સંચાલનમાં કુશળ એવા એક સાહિત્યકાર શ્રી જ્યોતીન્દ્ર દવેને ...

એક ઉત્તર પ્રદેશના નેતા: કોણ છે એ? લેખક છે? હિન્દીમાં તો એમણે કશું લખ્યું નથી, પછી લેખક કેવી રીતે હોઈ શકે?

વસંતરાય નાઈક: ગુજરાતી લેખક છે? ગુજરાતમાં લેખકો હોય છે?

મોરારજીભાઈ: (ઊભા થઈને) શ્રી જ્યોતીન્દ્ર દવે સારા માણસ છે. પણ તેઓ ગુજરાતી હોવાને કારણે એમના પ્રમુખપદને હું ટેકો નહીં આપું, કારણ હું સમગ્ર ભારતનો છું. (તાળીઓની રાહ જુવે છે. કોઈ તાળીઓ પાડતું નથી.) હું સંકુચિત દષ્ટિનો નથી. (કોક મોટેથી હસે છે, મોરારજીભાઈ આંખો કાઢે છે. પેલો ચૂપ થઈ જાય છે.) મારો આગ્રહ છે કે ગુજરાતી નહીં એવા કોઈ લેખકને પ્રમુખ બનાવો. મારે માથે પક્ષપાતનો આરોપ આવે એ હું હરગીઝ ચલાવી નહીં લઉં. એક ગુજરાતી પ્રમુખ નહીં જ થઈ શકે ...

કે. કે. શાહ: જો કે મુરબ્બી મોરારજીભાઈને પ્રમુખ બનાવો તો વાંધો નથી, કારણ કે તેઓ માત્ર ગુજરાતના નથી ...

મોરારજીભાઈ: સમગ્ર રાષ્ટ્રનો છું!

ઈન્દિરાજી: શ્રી જ્યોતીન્દ્ર દવેને પ્રમુખ બનાવવાના સૂચનને હું ટેકો આપું છું ...

(મોરારજીભાઈ ઊભા થઈ જઈને કંઈક બોલવા જાય છે)

ઈન્દિરાજી: હવે મુશાયરાનું કામકાજ શરૂ થાય છે. મુરબ્બી મોરારજીભાઈ, આપ સમગ્ર રાષ્ટ્રના છો તે જાણી અમને સૌને ઘણો આનંદ થયો. હવે આપ બેસી જશો? ઘણો જ આભાર, અને જ્યોતીન્દ્ર ભાઈ, આપ પ્રમુખસ્થાને આવી જાઓ ...

જ્યોતીન્દ્ર દવે: એ વાત ખરી છે કે જમાનાઓથી સ્ત્રીઓ પુરૂષને ઉઠબેસ કરાવતી આવી છે ...

(શ્રોતાઓમાં હાસ્ય)

જ્યોતીન્દ્ર દવે: ... એટલે ઈન્દિરાજી, તમારી આજ્ઞા ઉથાપવી અઘરી છે ... પણ મને લાગે છે કે તમે પ્રમુખસ્થાને કોઈ રાજકીય પુરૂષને ... (ઘણા બધા રાજકીય નેતાઓ ઊભા થઈ જાય છે,).

અનેક નેતાઓ: હિયર, હિયર, ધન્ય છે, ધન્ય છે ...

એક બંગાળી નેતા: આ માણસ જ્યોતીન્દ્ર દવે, ગુજરાતી હોવા છતાં બુદ્ધિશાળી લાગે છે.

બીજા રાજકીય નેતા: ભારતમાં કશાનાય પ્રમુખસ્થાને રાજકીય નેતા જ હોવો જોઈએ એ નિયમનો ભંગ કરવાનું ખરેખર આજે કોઈ કારણ નથી! આ ગુજરાતી પુરૂષ સમજદાર લાગે છે.

ત્રીજો નેતા: બરાબર છે. પ્રમુખપદે રાજકીય નેતા જ હોવા જોઈએ.

ત્રીજો નેતા: હું તૈયાર છું!

ચોથો નેતા: અમે સૌ તૈયાર છીએ.

એક પ્રેક્ષક (ક્યાંકથી આવી ચડીને) રોટેશનની સીસ્ટમ રાખો, દરેક નેતા દોઢ મિનિટ માટે પ્રમુખ થાય. બે કલાકમાં ઓંશી નેતાને ચાન્સ મળશે!

બીજા નેતાઓ: હિયર, હિયર, મંજૂર છે. પહેલો હું, પહેલો હું...

(ધક્કામુક્કી શરૂ થાય છે)

(એક વોરાજી ઊભા થાય છે)

એક વોરાજી: ઈન્દિરાજી, ભાઈઓ તથા બેનો, આ ખુરસી મારી છે...

નેતાઓ: અમારી છે, અમારી છે ...

ઉત્તર પ્રદેશના સી. બી. ગુપ્તા: હું પણ એક જમાનામાં કહેતો હતો તારી જેમ જ ભાઈ, કે ખુરશી મારી છે, પણ ખુરશી કોઈની થઈ નથી, થવાની નથી ...

વોરાજી: પણ સાલો હું જાતે ચોરબજારમાંથી ખરીદી લાવો છે પછી શું? ખુરસીઓ ભાડે ફેરવવાનો મારો ધંધો છે. ટમારા આ મુસાયરા માટે મેં ખુરસીઓ ભાડે આપી છે. મારી ઈન્દિરાજીને વિનંટિ છે કે મારી એ ખુરસી જરા એમ કે... જરા છે ટે... દેલીકેત છે... તેના પર તમારા જે કોઈ અડીમ ધડીમ નેતાને બેસાડસો તો ફસકાઈ પડશે. માટે મારી અરજ છે કે આ ભાઈ જેટી... જેટી આ ભાઈ હવે છે દૂબલા પાતલા, તેમને જ પ્રમુખ બનાવો, એમની પાસે મારી ખુરસી સલામત રહેશે.

(લોકોમાંથી પોકારો: શાબાશ વોરાજી, ઠીક ઉકેલ આણ્યો, જ્યોતીન્દ્ર દવેને પ્રમુખ બનાવો, વોરાજી ઝિન્દાબાદ).

ઈન્દિરાજી: શ્રી જ્યોતીન્દ્ર દવેને પ્રમુખસ્થાન લેવા હું વિનંતિ કરૂં છું.

જ્યોતીન્દ્ર દવે: જો કે ખુરશીમાં બેસવા હું ખુશી નથી. કારણ

કે હું જાણું છું કે આપ સૌ રાજકીય નેતાઓની સભાના પ્રમુખ થવું એ સામાન્ય માણસો માટે મૂર્ખતા છે, પણ આજ પૂરતો મારી જાતને આપ સૌના વર્ગનો જ માની લઈને આ મૂર્ખતા આચરવાનું હું સ્વીકારું છું.

(સભાજનો સમજી જઈને હસે છે).

(નેતાઓ શ્રી જ્યોતીન્દ્ર દવેના વાકયનો અર્થ સમજ્યા નથી, પણ લોકોને હસતા જોઈને હસવા માંડે છે!)

(એ જોઈને લોકો ફરીથી હસી પડે છે!)

વ્યવસ્થાપક : પ્રમુખશ્રી, ભાઈઓ અને બહેનો, હવે મુશાયરાનું કામકાજ શરૂ કરવાની હું પ્રમુખશ્રીને વિનંતિ કરું છું.....

(જ્યોતીન્દ્રભાઈ શ્રોતાઓમાંથી એક માણસને સંજ્ઞા કરીને બોલાવે છે. એક માણસ આવીને એક લાંબો કાગળ કાઢે છે. જ્યોતીન્દ્રભાઈ એના પર સહી કરે છે. પેલો માણસ ચાલ્યો જાય છે. શ્રોતાઓના મોં પર પ્રશ્નાર્થ છે. આ કોણ હતું?)

પ્રમુખશ્રી જ્યોતીન્દ્ર દવે: એ ભાઈ...વીમા એજન્ટ હતા! (હાસ્ય.)

જ્યોતીન્દ્ર : હવે કવિતાઓ રજૂ થશે. સ્વાતંત્ર્ય દિન નિમિત્તેના આ મુશાયરામાં પાદપૂર્તિ માટેની પંકિતઓ ત્રણ છે. પહેલી પંકિત છે "સ્વાતંત્ર્યદિનની આ ઉષા, બસ આટલું કહી જાય છે."

શ્રોતાઓ : દુબારા, દુબારા ...

જ્યોતીન્દ્ર: "સ્વાતંત્ર્યદિનની આ ઉષા, બસ આટલું કહી જાય છે" એ છે પહેલી પંકિત, પાદપૂર્તિ માટેની બીજી એક પંકિત છે "થયાં છે વીસ વરસ પૂરા, છતાં બધું ય બાકી છે."

"..... થયાં છે.....વીસ વરસ પૂરાં..... છતાં..... બધું ય ...બાકી છે!" અને ત્રીજી પંકિત છે ..... (વ્યવસ્થાપકને પૂછે છે) ત્રીજી પંકિત શી છે?

વ્યવસ્થાપક: ત્રીજી પંકિત તો ... મારી પાસે આવી નથી... પણ છે ખરી... પ્લાનિંગ કમિશનના અશોકભાઈ ક્યાં ગયા?

અશોક મહેતા: ત્રીજી પંકિત શું રાખવી એ અંગે પ્લાનિંગ કમિશન ઉચ્ચ કક્ષાએ ચર્ચા-વિચારણા કરી રહ્યું છે.

ઈન્દિરાજી : પણ ૧૫મી ઑગસ્ટ આવી પહોંચી ને મુશાયરો શરૂ થવા આવ્યો .....

અશોક મહેતા: એટલે શું થયું? મુશાયરો ભલે ચાલે, પંકિત પછીથી આવી પહોંચશે, પરમ દિવસ સવાર સુધીમાં આવી જવાનો પૂરો સંભવ છે. અને તે ન બને તો ૧૯૭૦ સુધીમાં અથવા તો ૧૯૭૫ સુધીમાં તો .....

જ્યોતીન્દ્ર કહે : ત્રીજી પંકિત એમ રાખો, 'ગમે તે કહું છું, ગમે તે કરું છું."

શ્રોતાઓ : ફરીથી! ફરીથી!

જ્યોતીન્દ્ર : ફરી પંકિતઓ હું રજૂ અહીં કરું છું."

ગમે તે કહું છું.
ગમે તે કરું છું.

જ્યોતીન્દ્ર : આશા રાખું છું આપ સૌને પંકિત સમજાઈ હશે.

એક નેતા: (સ્વાગત) નથી કંઈયે સમજ્યો,
એમ કહેતાં કરું છું!
ને સમજ્યા વિના,
હા એ હા હું કરું છું!

જ્યોતીન્દ્ર : હવે શ્રીમતી ઈન્દિરા ગાંધી પોતાની કવિતા રજૂ કરશે.

ઈન્દિરાજી : સ્વાતંત્ર્ય દિનના આ મુશાયરામાં મને કાવ્યગાનની તક આપવા માટે આપ સૌનો આભાર માનું છું. મેં કદિ કવિતા કરી નથી.....

લોહિયા : તમે કશું ય કર્યું નથી!

જ્યોતીન્દ્ર: લોહિયાજીની જેમ વચ્ચે ઘાંટા પાડવાનું તો કર્યું નથી જ!

(લોહિયાજી હસીને શાંત થઈ જાય છે.)

ઈન્દિરાજી: મેં કદિ કવિતા કરી નથી, પણ આપ સૌના આગ્રહથી મેં થોડી પંકિતઓ બનાવી છે...કવિતા આ પ્રમાણે છે.....

મહેનત કરો, મહેનત કરો,
મહેનત કરો, મહેનત કરો.....

દિનેશસિંગ : અહાહાહા!

ઈન્દિરાજી : મહેનત કરો, મહેનત કરો,
મહેનત કરો, મહેનત કરો,

બીજા બે ચાર નેતા: : વાહ, વાહ, વાહ, વાહ, મહેનત કરો... મહેનત કરો... શાબાશ!

ઈન્દિરાજી: થેંક્યુ. ફરીથી બોલું?
મહેનત કરો, મહેનત કરો
મહેનત કરો, મહેનત કરો,
મહેનત કરો, મહેનત કરો,
મહેનત કરો, મહેનત કરો.

(તાળીઓના ગગડાટની રાહ જોતાં અટકે છે. કોઈ તાળીઓ પાડતું નથી એટલે મુંઝાઈને પ્રમુખશ્રી સામે જુએ છે.)

જ્યોતીન્દ્ર: જાઓ બેન, મુશાયરામાં છેલ્લી કડી હોય એમાં નક્કી કરેલી જે પંકિત હોય ને તે આવવી જોઈએ. તમે લોકોને મહેનત કરવાનું કહેવા સિવાય બીજું કંઈ નક્કી કર્યું છે ખરૂ?

ઈન્દિરાજી: ના, પિતાજીએ મને કહેલું કે પ્રિયદર્શિની, લોકોને હંમેશા મહેનત કરવાનું કહેવું. એટલે હું લોકોને હંમેશા મહેનત કરવાનું કહું છું.

જ્યોતીન્દ્ર: એ બરાબર છે. પણ આગળ તો વધવું જોઈએ ને? રાજ્ય ચલાવવાની બાબતમાં આપણે જરાય આગળ ન વધીએ ને એનું એ બોલ્યાં કરીએ એ ચાલે, પણ મુશાયરામાં એવું ન ચાલે. મુશાયરો તો ગંભીર બાબત છે.

(ઈન્દિરાજી ગુંઝાય છે.)

અશોક મહેતા: (કાનમાં) ઈન્દિરાજી, તમે ફરીથી બોલવાનું શરૂ કરો. પહેલેથી કંઈ ખ્યાલ ન હોય તો પણ વાંધો નહીં, બોલવા માંડશો એટલે બોલતાં બોલતાં કંઈક સૂઝી જશે, એનું નામ જ પરસ્પેકિટવ પ્લાનિંગ! શરૂ કરી દો. ફરીથી.....

ઈન્દિરાજી: (ખોંખારીને)
મહેનત કરો, મહેનત કરો,
મહેનત કરો, મહેનત કરો,

(ફરીથી અટકે છે, ચારે બાજુ જુએ છે, મોરારજીભાઈ કંઈક કહેવા ઉત્સુક છે.)

ઈન્દિરાજીની એમના પર નજર પડે છે. પણ તરત પોતે નજર ફેરવી લે છે. મોરારજીભાઈ ઊભા થઈને કહેવા પ્રયત્ન કરે છે.

મોરારજીભાઈ: મક્કમ બનો, મક્કમ બનો,
મક્કમ બનો, મક્કમ બનો,

ઈન્દિરાજી: પ્રમુખશ્રી, એમ એક જણ કવિતા બોલતું હોય ત્યારે વચ્ચે બીજાથી બોલાય?

જ્યોતીન્દ્ર : બીજાથી ન બોલાય, પ્રમુખથી બોલાય.

ઈન્દિરાજી: (મોરારજીભાઈ સામે જોઈને સમજ્યા? ધ્યાનમાં રાખજો હવે. મોરારજીભાઈ શાંત થઈ જાય છે.)

જ્યોતીન્દ્ર : ઈન્દિરાજી આગળ ચલાવો.

ઈન્દિરાજી: (ખોંખારો ખાઈને ફરીથી)
મહેનત કરો, મહેનત કરો,

મક્કમ બની, મહેનત કરો.

હિતેન્દ્રભાઈ : કોપીરાઈટનો ભંગ, કોપી રાઈટનો ભંગ.

જ્યોતિન્દ્ર : સાહિત્યમાં શબ્દોની, અને રાજકારણમાં વિધાનસભ્યોની અપહરણની સદા છૂટ હોય છે. ઈન્દિરાજી આગળ ચલાવો... સૌ આપને સાંભળવા ઉત્સુક છે.

ઈન્દિરાજી : મહેનત કરો, મહેનત કરો,
મહેનત કરો, મહેનત કરો (અટકે છે.)

જ્યોતીન્દ્ર : સ્વાતંત્ર્ય દિનની આ ઉષા.
બસ આટલું કહી જાય છે.

ઈન્દિરાજી : હા, હા, એમ જ હું કહેવાની હતી.
સ્વાતંત્ર્ય દિનની આ ઉષા
બસ, આટલું કહી જાય છે.

જ્યોતીન્દ્ર : સ્વાતંત્ર્ય દિનની આ ઉષા (ઈન્દિરાજી તરફ આંગળી ચીંધીને)
આ ઉષા,
બસ, આટલું કહી જાય છે.
(તાળીઓ)
હવે આપણે કવિતાગાન માટે વિનંતિ કરીશું.

મોરારજીભાઈ : હવે હું મારી કવિતા રજૂ કરું છું, જે તમારે શાંતિથી સાંભળવાની છે.

(એક બાજુ બેઠેલા ગુજરાત કૉન્ગ્રેસના નેતાઓ જોસથી તાળીઓ પાડી ઊઠે છે.)

મોરારજીભાઈ : હમણાં તાળી નથી પાડવાની. હું કહું ત્યારે.
(વીલું મોં કરીને એ સૌ શાંત થઈ જાય છે.)

મોરારજીભાઈ : મુશાયરાની શાયરી, એ તો બધી છે, લ્હાયરી.
(તાળીઓ માટે અટકે છે.)

(કોઈ તાળીઓ નથી પાડતું, એટલે ગુજરાત કૉંગ્રેસના વિભાગ તરફ ફરીને સંજ્ઞા કરે છે. ત્યાંથી એકદમ તાળીઓના ગડગડાટ આવે છે.)

મોરારજીભાઈ : આદાબ અર્ઝ, આદાબ અર્ઝ.
મુશાયરાની શાયરી,
એ તો બધી છે લ્હાયરી.
બસ એક શાયર છે ત્યાંહીં
એની શાયરી ... એ શાયરી

(એક વિભાગમાંથી બૂમ સંભળાય છે મોરારજીભાઈ ઝિંદાબાદ! નાણાંપ્રધાન ઝિંદાબાદ!)

(બીજા વિભાગમાંથી બૂમ પડે છે, શબ્દો પાછા ખેંચો).

જ્યોતીન્દ્ર : ભાઈઓ, દરેક શાયરને માત્ર પોતાને જ શાયર ગણવાનો અધિકાર છે. શાયરીમાં વાસ્તવને ભૂલી કલ્પનાનો દોર છૂટો મૂકવાની હંમેશા છૂટ હોય છે!

(શ્રોતાઓમાંથી હાસ્ય)

જ્યોતીન્દ્ર : મુરબ્બી મોરારજીભાઈ, આપ આગળ વધો...

મોરારજીભાઈ : આગળ વધો એમ
આપ કહો છો!
આગળ વધું કેવી રીતે?
આ લોકશાહી રાજને
ઉદ્ધારવું કેવી રીતે?
સર્વદા હું જે કરું
તે સત્યવાણી હોય છે,
જે એટલું સમજે નહીં,
(તેને) ઉદ્ધારવા કેવી રીતે?

(નિરાશ થઈને બેસી જાય છે.)

જ્યોતીન્દ્ર : શ્રી ચવાણ હવે પોતાની કવિતા રજૂ કરશે...

ચવાણ : ધીરજ ધરો, ધીરજ ધરો,
ધીરજ ધરો, ધીરજ ધરો...

(શ્રોતાઓમાં ઘોંઘાટ, એક જણ બૂમ પાડે છે: ગૌહત્યા બંધ કરો)

જ્યોતીન્દ્ર : ભાઈઓ, માણસ કવિતા ગાય એથી કોઈ ગાયને હજુ સુધી કદિ કશું નુકશાન પહોંચ્યું નથી! એટલે ગૌરક્ષાની વાત અત્રે લાવવાની જરૂર નથી. માણસ કવિતા ગાય એથી અલબત્ત, માણસને નુકશાન પહોંચે છે એ ખરું છે. એક વાર નાનપણમાં મેં ગાય વિષે એક કવિતા લખેલી...

(હાસ્ય)

જ્યોતીન્દ્ર : મને થયું એ કવિતા હું ગાયને સંભળાવું. એક ગાય આગળ જઈને મેં કવિતા વાંચવી શરૂ કરી. પહેલાં તો ગાય શાંત રહી. પણ પછી એની આંખો ચમકી. ગાયને કવિતા ન ગમી હોય એમ લાગ્યું. એણે શિંગડાં ઉછાળ્યાં. હું કવિતા ફેંકીને ઓટલે ચઢી ગયો. પરિણામે, આજે...એ કવિતા હયાત નથી! હું છું! જો મેં કવિતા સંભળાવવાનો આગ્રહ રાખ્યો હોત તો કવિતા અમર થઈ ગઈ હોત, હું ન હોત! આમ કવિતાને કારણે ગાયોએ માણસને નુકસાન પહોંચાડવાની ઈચ્છા કરી છે; માણસે ગાયને કવિતા દ્વારા કદિ નુકસાન નથી પહોંચાડ્યું. એટલે ગોરક્ષાની વાત અત્રે લાવવાની જરૂર નથી. ચવાણ સાહેબ, તમારું કાવ્યગાન આગળ ચલાવો...

ચવાણ : ધીરજ ધરો, ધીરજ ધરો,
ધીરજ ધરો, ધીરજ ધરો,
છે સુખનો સમય આવી રહ્યો
ધીરજ ધરો, ધીરજ ધરો.

ચવાણ : (કાવ્યગાન આગળ ચલાવે છે)
મુજ કુંડળીને જોઈ છે?

શ્રોતાઓ : દુબારા દુબારા...

ચવાણ : મુજ કુંડળીને જોઈ છે?
એમાં ગુરુની ભ્રમણકક્ષાને
નિહાળી જોઈ છે?

શ્રોતાઓ : ના!

ચવાણ : આમ તો જ્યોતિષમાં હું
માનતો સહેજે નથી!

એક શ્રોતા : એમ કે?

ચવાણ : આમ તો જ્યોતિષમાં હું
માનતો સહેજે નથી.
(પણ) છાપાં મહીં આગાહીઓ,
મેં ફાંગી આંખે જોઈ છે!
(તાળીઓ)

ચવાણ : છત્રપતિની સ્વારી ચઢતાં
થોડો વિલંબ તો થાય ને?
ધીરજ ધરો, જોયા કરો,
ઠીક થાય છે, જે થાય છે!
સ્વાતંત્ર્યદિનની આ ઉષા.
બસ આટલું કહી જાય છે...

પાટિલ : (મોટેથી છીંક ખાય છે) હાક છીં.....

(સૌ ખડખડાટ હસી પડે છે. ચવાણ આગળ બોલવા જાય છે, પણ હાસ્યના વંટોળ વચ્ચે એમના શબ્દો સંભળાય એમ લાગતું નથી. એ બેસી જાય છે.)

જ્યોતીન્દ્ર : હવે શ્રી સદોબા પાટિલ પોતાની કવિતા રજૂ કરશે.

રાજકીય નિરીક્ષકો કહે છે કે સદોબાજીને પ્રધાનપદું બરાબર ન સદ્યું. કવિપદ તો સદશે જ એવી શ્રદ્ધા છે.

પાટિલ : (નાક લૂંછતાં - લૂંછતાં)

સ્વાતંત્ર્ય દિનની આ ઉષા
બસ એટલું કહી જાય છે.
શરદીમાં સપડાય સિંહો
(ફરીથી નાક લૂછે છે).
શરદીમાં સપડાય સિંહો,
શિયાળ આવી જાય છ !
વાતાવરણમાં ફેર પડવાનો
અને શરદી જશે...
ને ગર્જના કરતો ફરી જ્યાં
સિંહ ઉભો થઈ જશે.
કેશવાળીને ફૂલાવીને હુંકારે...
હાક છીં....

(છીંકોની પરંપરા ચાલે છે. પાટિલ બોલવા જાય છે ને પાછી છીંકો આવે છે !)

શ્રોતાઓમાંથી : પાટિલસા'બ, દિલ્હી દૂર હૈ.

જ્યોતીન્દ્ર : કેશવાળીને હલાવીને હુંકારે...પછી આગળ ચલાવો પાટિલ સાહેબ.

શ્રોતાઓમાંથી : હાક છીં !

(પાટિલ સાહેબ નાક લૂછતાં જ્યોતીન્દ્રને સંજ્ઞા કરે છે, કે "આગળ ચલાવો" અને પોતે બેસી જાય છે.)

જ્યોતીન્દ્ર : પાટિલ સાહેબ તો કફની ઉપાધિથી આગળ કવિતા કરી શકે એમ નથી.....

ડૉ. રાધાકૃષ્ણન : મને રજા છે?

જ્યોતીન્દ્ર : તમે રાધાકૃષ્ણનજી ?
ડાહ્યા માણસ થઈને આ કવિતાને ચાળે ?

ડૉ. રાધાકૃષ્ણન : હું એક સામાન્ય માણસ તરીકે આ મુશાયરો સાંભળવા આવ્યો છું. હું બોલવાનો નહોતો, પણ પાટિલસાહેબની છીંકો સાંભળીને થોડું સૂઝ્યું છે...બોલું ?

જ્યોતીન્દ્ર : કૃષ્ણે કયારેય કોઈનું કહ્યું માન્યું નથી, તો રાધાકૃષ્ણનને મનાઈ કર્યાનો શો અર્થ ? રાજ્યપદ અને ફિલ્સુફપદ શોભાવ્યા પછી હવે રજૂ થાય છે કવિપદ—આકાંક્ષુ ડૉ. રાધાકૃષ્ણન...

ડૉ. રાધાકૃષ્ણન : પાટિલ સાહેબને શરદીથી છીંકો ખાતાં જોઈ મને આ કવિતા સૂઝી છે.

જ્યોતીન્દ્ર : 'છીંકો ખાતી પ્રિયાને' નામનું એક કાવ્ય મારા એક મિત્રે લખેલું. છપાવ્યું, પુરસ્કારમાંથી એક બામની શીશી પણ ખરીદાય એવું નહોતું ! એટલે કવિતા લખવાની એમણે બંધ કરી. હવે એ કવિતા નથી લખતા. હવે એ વિક્સ વેપોરબના સેલ્સમેન છે ! ... ... પણ રાધાકૃષ્ણનજી, તમે તમારી કવિતા રજૂ કરો, ડૉ. રાધાકૃષ્ણન ...

ડૉ. રાધાકૃષ્ણન : પંકિતઓ છે સ્વાતંત્ર્ય દિનની આ ઉષા બસ આટલું કહી જાય છે. મારી કવિતા પણ એ અંગે જ છે.

વાત, પિત્ત ને કફ
માનવદેહમાં આવી વસ્યાં,
સપ્રમાણ જો એ ત્રણે રહ્યાં,
તો સ્ફૂર્તિ ને આનંદ છે.
પણ એક જો વધી જાય તો ?
પણ બે જો વધી જાય ને
બીજાનું બળ ઘટી જાય છે.
તો દેહનું શું થાય
તે શરદી મહીં દેખાય છે !
દઢતા, ધૃતિ ને લોકપ્રિયતા
નેતૃત્વના આ અંશ છે !
(આજે) સપ્રમાણતા એની નથી,
(તેથી) માંદગી વરતાય છે !
(પણ) આશા એ માનવ ચિત્તનું
અદ્‌ભુત રસાયણ છે ઠર્યું.
આશા અને હિંમત થકી
પ્રારબ્ધ પણ પલટાય છે.
સાથે મળી મહેનત કરો,
ધીરજ ધરો, હસતા રહો.
આ રાષ્ટ્રની શરદી તણા
કહો તો ! પછી શા ભાર છે ?
સ્વાતંત્ર્ય દિનની આ ઉષા,
બસ એટલું કહી જાય છે.....

[તાળીઓના ગડગડાટ]

(આ સમયે અચાનક ઈલેકટ્રીક વાયરીંગની કો'ક ખામીને કારણે થોડી ક્ષણ લાઈટ બંધ થઈ ગઈ. હો હો થઈ ગઈ. "લાઈટ, લાઈટ" "કવિતા, કવિતા" "ખુરશી, ખુરશી" "ભાઈઓ શાંત રહો" વગેરે પોકારો વચ્ચે થોડી ધાંધલ થઈ ગઈ...સભા વિખેરાઈ ગઈ... દસેક મિનિટ પછી લાઈટ થઈ ત્યારે આઘે કોર્ડન કરીને જ્યોતીન્દ્ર અને રાધાકૃષ્ણનને થોડા સ્વયંસેવકો સાંભાળીને બહાર લઈ જતા દેખાયા હતા. મંચ પર નેતાઓ વચ્ચે ખુરશીઓની ખેંચાખેંચી ... મારામારી ચાલુ હતી.

એક વોરો પણ બૂમ પાડી રહ્યો હતો ..... અરે મારી ખુરશી...

ઠોઠ નિશાળિયો

આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં યોજવામાં આવેલી સાધના શિબિર

જીવન જાગૃતિ કેન્દ્ર તરફથી જણાવવામાં આવ્યું છે કે આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં આગામી ઓકટોબર માસની તા. ૨૦ મી સાંજથી તા. ૨૩ મી સુધી એમ સાડાત્રણ દિવસની એક સાધના-શિબિર માથેરાન ખાતે યોજવામાં આવી છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છનાર વ્યકિતએ જીવન જાગૃતિ કેન્દ્રના કાર્યાલયમાં (૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ - ૨, ટે. નં. ૨૨૩૩૧) રૂ. ૫૫ ભરવાના રહેશે. આ સંબંધમાં વિશેષ વિગતો પણ કાર્યાલય સાથેના સંપર્ક દ્વારા મેળવી શકાશે. આને લગતું ફોર્મ ઓકટોબર માસની ૭ મી તારીખ પહેલાં કાર્યાલય ઉપર ભરીને મોકલવાનું રહેશે.

મુદ્રણ શુદ્ધિ

તા. ૧-૮-૬૭ ના પ્રબુદ્ધ જીવનમાં ૮૩મા પાસે 'સાભાર સ્વીકાર'માં આરોગ્ય 'મંજરી' ની કંડિકામાં રૂા. ૧-૫૦ને સ્થાને ૧-૨૦ વાંચવા વિનંતિ છે.

તા. ૧-૯-૬૭ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'જૈન ધર્મનું હાર્દ' એ લેખમાં પાનું ૮૫ લીટી ૧૫ ઉપર 'પરિગ્રહ' છપાયું છે તેના સ્થાને 'અપરિગ્રહ' એમ વાંચવા વિનંતિ છે.

એજ અંકમાં પાનું ૮૮ પહેલા કોલમના છેડે 'શરીરની આકૃતિ, રૂપ, રંગ, વગેરેની રચના કરે' તેના સ્થાને "જે આત્માના અશરીરી સ્વભાવનું આવરણ કરે અને મર્યાદિત શકિતઓવાળું શરીર, રૂપ, રંગ, આકૃતિ, ગુણો અને ભૌતિક ખ્યાતિનું નિર્માણ કરે તે નામકર્મ" એમ વાંચવા વિનંતિ છે.

તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૬૭, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી ઉમાશંકર જોશીઃ એક જીવન ઉપાસના

(ચાલુ થયેલા ઓકટોબર માસની તા. ૮, ૯ અને ૧૦ મીના રોજ દિલ્હી ખાતે મળનાર ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનને લક્ષમાં રાખીને તે અધિવેશનના પ્રમુખસ્થાન માટે વરાયેલા શ્રી ઉમાશંકર જોષીનો પરિચય આપતો આ લેખ શ્રી કિસનસિંહ ચાવડાએ લખી મોકલ્યો છે જે નીચે પ્રગટ કરતાં મને ખૂબ આનંદ થાય છે. **તંત્રી.**)

ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન જ્યારે છેલ્લું નડીઆદમાં મળ્યું ત્યારે ગોવર્ધનરામ શતાબ્દિનો ઉત્સવ પણ એની સાથે સાંકળી લેવામાં આવ્યો હતો. એ સંમેલનના પ્રથમ દિવસના સવારનું કામકાજ પુરું થયું અને અધિવેશન વિખરાવા માંડ્યું ત્યારે મુખ્ય દરવાજા આગળ શ્રી ઉમાશંકર જોષી એક સૂચનાપત્ર વહેંચતા હતા. એ દરવાજેથી પરિષદના સૂત્રધાર અને ચક્રવર્તી શ્રી કનૈયાલાલ મુનશી નીકળ્યા. તેમના હાથમાં પણ ઉમાશંકરે એ સૂચનાપત્ર આપ્યું. એ સૂચનાપત્રમાં ગુજરાતના પ્રસિદ્ધ વર્તમાન સાહિત્યકારોના નામની લગભગ પોણોસો સહીથી શ્રી મુનશીની સામે એક ફરિયાદ અને પડકાર હતાં. ગુજરાતી સાહિત્ય પરિષદનું બંધારણ અને માળખું જે સરમુખત્યારશાહીના ચોકઠામાં જકડાયેલું હતું તેમાંથી તેને મુકત કરીને, લોકશાહી સ્વરૂપ આપવાની એમાં જોરદાર માંગણી હતી. મુનશી પરિષદના સર્વસ્વ હતા. જે કરતા તે થતું. જે ચાહતા તે બનતું. એમના સત્તાના મુગટમાં પરિષદ એક શોભાનું પીંછું હતું. આ અવસ્થા અને વ્યવસ્થાની સામે પેલા સૂચનાપત્રમાં રોષભરી ફરિયાદ હતી અને એનું સ્વરૂપ સુધારવાની જોરદાર માગણી હતી.

મુનશીને વિરોધની આ વાત ગમી નહિ, પણ આવો વિરોધ એ અવગણી શકે એમ પણ નહોતું. એટલે એમણે એ સહીઓ કરનારામાંથી એક નાના પ્રતિનિધિમંડળને મળવાની અને ચર્ચા કરવાની તૈયારી બતાવી. ઉમાશંકર સહિત અમે સાતેક જણા શ્રી બાબુભાઈ જશભાઈ પટેલને ત્યાં મુનશીને ઉતારે બપોરે શ્રી મુનશીને મળ્યા. મુનશી બહુ સ્વસ્થ અને સુખી નહોતા. ચર્ચા નિખાલસ હતી. ક્યાંય અસ્પષ્ટતા નહોતી. એક જ વાત હતી. પરિષદને લોકશાહી સ્વરૂપ આપો. અને એ કાર્ય એમને પોતાને જ હાથેથી થાય તો સર્વથી ઉત્તમ.

મુનશી એમ સરળતાથી માને એવા કયાં હતા ? કાયદાશાસ્ત્રી, સત્તાધીશ, સંસ્કારમૂર્તિ અને રાષ્ટ્રીય નેતા. એકદમ કેમ હાર કબુલે ? પ્રતિનિધિમંડળ પોતાની માગણીમાં મક્કમ હતું. ત્યાં મુનશી લાલ આંખ કરીને તાડૂકયા : "તમે સહીઓના બળથી મને ડરાવવા આવ્યા છો? આવી સહીઓ તો હું ય ભેગી કરી શકું." ઉમાશંકરનો પુણ્યપ્રકોપ આ સાંભળીને સહજ ભાવે ભભૂકયો : "આ નામોમાંથી દસ નામો પણ એકઠાં કરી શકો તો અમે હારીને ચાલ્યા જઈએ. આ સહીઓ કરનારા વેચાતા નથી મળતા." અને એનો હાથ આપોઆપ મુનશીની આગળ મૂકેલા નાના ટેબલ પર પછડાયો. સૌ શાન્ત થઈ ગયા. મુનશી પણ થોડાક ઘવાયા જેવા થઈ ગયા. અને પછી તો વાતાવરણ બદલાયું. સમાધાનની હવા બંધાઈ. પરિષદનું નવું સ્વરૂપ ઘડવા માટે એક સમિતિ નિમવાનું નક્કી કરીને સૌ છૂટા પડયા. નડીઆદની સાહિત્ય પરિષદે એવો ઐતિહાસિક ઠરાવ કર્યો.

શ્રી ઉમાશંકર જોષી તે જ પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ હતા. એમનું એ વિભાગના પ્રમુખ તરીકેનું સ્મરણીય વ્યાખ્યાન "કવિની સાધના" સાંભળીને આંતરનૃષ્ટિ થઈ હતી. એજ ઉમાશંકર દિલ્હીમાં ઓકટોબર માસની ૮, ૯, ૧૦ ના રોજ મળનારી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના સર્વાનુમતે પ્રમુખ ચૂંટાયા છે. દિલ્હી સંમેલનના ઉમાશંકર પ્રમુખ બને એમાં ઔચિત્ય અને શોભા બંને સચવાયાં છે. આ પ્રસંગે એમને વિષે થોડું લખવું છે. અમારી મૈત્રી અને નિકટતા એટલાં છે કે એમને વિષે લખતાં સ્વાભાવિક રીતે જ સંકોચ થાય. સ્નેહનાં વહેણમાં તણાઈને કયારેક સપ્રમાણતા અને સમતુલા ન સાચવી શકવાનો ભય પણ ખરો. એમનાં વ્યકિતત્વનાં સદ્ગુણો અને શુભ લક્ષણો ઘણાં બધાં જાણીતાં ય છે. એમની સર્જકપ્રતિભા અને સર્વતોમુખી પ્રબુદ્ધિનાં સાહિત્યકાર્યોની અનન્યતા પણ અછતી નથી. એમની જીવનયાત્રાના પગલાં અસ્પષ્ટ નથી. એમની ધન્યતાના સીમાચિન્હોથી ગુજરાત અજાણ્યું નથી. એમાં એમને વિષે શું લખવું એ પણ એક મૂંઝવણ છે.

છતાં એમનું વ્યકિતત્વ જે આંતરદેવતથી રચાયેલું છે, અને જેના સંવાદી સંવેદનમાંથી એમના શિવસંકલ્પ જાગે છે તે આત્મસંપદા વિષે અને સંકલ્પોને ચરિતાર્થ કરવાનું એઓ જ્યાંથી સામર્થ્ય મેળવે છે તે નિષ્પૃહ, નિસ્વાર્થ અને નિરામય પ્રેમતીર્થ વિષે થોડું કહેવાની ઈચ્છાને અહીં મૂર્ત કરું છું. મને એ પણ ખબર નથી કે મારે જે કહેવું છે અને જે રીતે કહેવું છે, તે કહી શકીશ કે નહીં પ્રયત્ન છે. સફળ ન યે થાય. આનંદ કંઈ જવાનો નથી.

ઈ. સ. ૧૯૪૭માં જાન્યુઆરીની ૨૬મી તારીખે "સંસ્કૃતિ"નો પ્રથમ અંક પ્રગટ કરવાનો મનસુબો અમે સેવતા હતા. એ અંક વિષેની યોજના અને 'સંસ્કૃતિ'ની વ્યવસ્થા તથા તંત્ર વિષેની વિગતો અમે નક્કી કરતા હતા. ઉમાશંકર તરતમાં જ ગુજરાત વિદ્યાસભામાંથી મુકત થયા હતા. એટલે મને વિચાર આવ્યો કે 'સંસ્કૃતિ'નું આર્થિક ભારણ અને એના સંચાલનની જવાબદારી એમને માથે જેટલાં ઓછાં હોય તેટલું એમનું તંત્રી તરીકેનું સર્જનાત્મક કાર્ય વધુ સરળ બને. એટલે મેં એમને લખ્યું કે 'સંસ્કૃતિ'નું સંચાલન આપણે ભાગીદારીમાં ચલાવીએ.

એમનો અતિશય પ્રેમાળ પત્ર આવ્યો. એમાં નર્યો પ્રેમ વરસ્યો હતો. છતાં એમની નિશ્ચયાત્મક આત્મનિષ્ઠા અને આઝાદી ઝળકતાં હતાં. એમણે મારા સ્નેહનો સ્વીકાર કર્યો. ભાગીદારીની વાતનો અસ્વીકાર કર્યો. એમણે અસંદિગ્ધપણે લખ્યું કે ઉત્તરદાયિત્વમાંથી છટકવું એમાં માણસાઈ નથી. 'સંસ્કૃતિ'ની પ્રસિદ્ધિ પછી એનાં સુખદુઃખ અને સગવડઅગવડ વેઠવાની અને એમાંથી આનંદ મેળવવાની મારી તૈયારી છે. આપણે આજ રીતે હવે આગળ ચાલીએ.

હું નિર્ભય થયો. એ નિર્ભયતામાંથી પ્રસન્નતા અને ઉમાશંકર તરફના સ્નેહાદર વધ્યાં. એના જવાબમાં મેં જે પત્ર લખ્યો એમાં મારાથી ચાર વર્ણની નવી વ્યાખ્યા લખાઈ ગઈ. સંઘર્ષ એ વિકાસની

જનેતા છે. સંઘર્ષને નમી પડે તે શુદ્ર, સંઘર્ષની સાથે સમાધાન કરે તે વૈશ્ય, સંઘર્ષની સાથે યુદ્ધ કરે તે ક્ષત્રિય, પરંતુ સંઘર્ષમાંથી સંવાદિતા નીપજાવે તે બ્રાહ્મણ. ઉમાશંકરના બ્રાહ્મણત્વનો મારો એ સુખદ સાક્ષાત્કાર હતો.

એક વખત એક મિત્ર ઉમાશંકર પાસે એક વિનંતિ અને દરખાસ્ત લઈને આવ્યા. મિત્રની ઈચ્છા હતી કે ઉમાશંકરે પરદેશનો પ્રવાસ કરવો. ખર્ચ બધો મિત્ર આપે. કોઈ શરત નહીં. ઉપકારની લાગણી નહીં. એમાં કેવળ ઉમાશંકરનું વ્યક્તિત્વ વધુ સંપન્ન થાય એવો જ શુભ્ર સદ્‌ભાવ. ઉમાશંકરે સ્નેહનો સ્વીકાર કર્યો અત્યંત ગદ્‌ગદ્‌ભાવે; પરંતુ વિનંતિનો પૂર્ણ સ્વસ્થતા અને અસંદિગ્ધપણે અસ્વીકાર કર્યો. પરાક્રમ અને જીવનકમાઈની પૂરેપૂરી કિંમત ચૂકવવાનું પોતાનું ગજું ન હોય તો પારકી શકિત વડે જે કંઈ મળે તેમાં ન હોય તેજ કે ન હોય શીલ.

વડોદરા યુનિવર્સિટીના ગુજરાતીના પ્રોફેસર અને એ વિભાગના વડાની જગ્યા માટે અરજી માગવામાં આવી. મને ખબર છે ત્યાં સુધી એ સ્થાન માટે ઉમાશંકરને વિશેષ વિનંતિ કરવામાં આવી હતી. પણ બે મુરબ્બી સાહિત્યકારો પસંદગીની સમિતિમાં હોવાથી અરજી કરી શકે એમ નહોતા. એટલે ઉમાશંકરે પોતે પણ અરજી ના કરી; અને એ જગ્યા જવા દીધી. એમને એમ હતું કે આ જગ્યા માટે પેલા બે મુરબ્બીનો હક્ક હતો.

એમના જીવનમાં જે સહજ ભાવે નિસ્પૃહાના ઉછેર અને વિકાસ થયાં છે તે અનાસક્ત નિરામયતાએ એમના શીલને બાંધ્યું, એમના પ્રેમને નિર્વ્યાજ બનાવ્યો અને એમના પરાક્રમને તેજસ્વિતા આપી. સાહિત્ય અકાદમી સાથેનો એમનો ગાઢ સંબંધ કેટલો બધો નિસ્પૃહ, નિસ્વાર્થ અને તટસ્થ છે એ તો જેઓ જાણે છે તેઓ કહેશે કે નિકટના મિત્ર માટે પણ ખોટી લાગવગ ન વાપરવી એવી જીવનનિષ્ઠાને કારણે કેટલીક વાર ગેરસમજણ પણ પેદા થઈ છે. પરંતુ એમણે એની પરવા નથી કરી. સત્ય ગમે ત્યારે આપમેળે પ્રગટ થશે એવી એમની શ્રદ્ધા છે.

ગુજરાત યુનિવર્સિટીના નિયમન વિભાગના ડીનની ચૂંટણી એ સ્વાર્થી અન્યાય સામેના પડકાર રૂપે લઢવી પડી હતી, અને ઉપકુલપતિની ચૂંટણી એ આવી પડેલ આપદ્‌ધર્મ હતો એ વાત હવે છાની નથી. આ બન્ને ચૂંટણી લડતી વખતે એક પણ પ્રયત્ન ચૂક્યો નહીં, પૂરેપૂરી તાકાત સંયોજવી, સંપૂર્ણ વ્યવસ્થાશકિત વાપરવી અને છતાં જાણે કોઈ બીજા મિત્રની ચૂંટણી લડતા હોય એટલી અનાસકત નિસ્પૃહા અને તટસ્થતા જાળવીને જીતવી એ એમની જીવનવિભૂતિનું અનાસકત અને અભિરામ પ્રગટીકરણ છે.

સત્યની બાંહ્ય છોડવી નહીં, સ્વધર્મ સદા સાચવવો, શીલને છેહ ન દેવો અને નિષ્ઠાપૂર્વક જીવનદેવતાની પ્રતિષ્ઠા કાજે સદા હિંમતથી ઝૂઝવું એમાં એમનાં આત્મખમીરની પ્રતીતિ તો છે જ; પણ એક આત્મવાન બ્રાહ્મણની કૃતાર્થતા ય છે. સફળતા નિષ્ફળતા એમના જીવનનો માપદંડ કદી નથી રહ્યો.

એમણે એક દિવસ વાતવાતમાં બહુ જ ગંભીરતા અને ગૌરવપૂર્વક છતાં સહજતાથી કહ્યું હતું કે હું ભલે કાંઈ બીજું જીવનમાં ન કરી શકું; પરંતુ કોઈ માણસ એને ધિક્કારવામાં મને વિવશ અને બાધ્ય નહીં કરી શકે. અને કોઈ પણ માણસ મારે મન અસહ્ય નથી. આ બે મારે પોતાને કરવાનાં રોજનાં કામ છે. આ અનન્ય અને વિનમ્ર આત્મવિશ્વાસના ગર્ભમાં એમનું પ્રેમતીર્થ અંતર્હિત પડ્યું છે. અહીંજ એમના જીવનનું ઝરણું વહે છે. એમના આંતરદેવતની અને આત્મસંપદાની ગંગોત્રી પણ અહીં જ છે. આ દૃષ્ટિએ ઉમાશંકર પૂરી ભારતીય નીપજ છે આ ભારતીયતા- આર્યતા Indian–ness એમની ઉજ્જ્વળ સત્ત્વશીલતા છે, એટલું જ નહીં, એમની વીર્યવતી તેજસ્વીતાનું પ્રેરક બળ પણ છે.

જીવન અને જીવનદેવતાના આવા જાગ્રત ઉપાસકનું ગુજરાતમાં જન્મવું અને જીવવું એ ઘટના પોતેજ એક અપૂર્વતાનું પ્રતીક છે. એમની જીવન ઉપાસના નીરખતાં કબીરની પંકિત સાંભરે છે :

"સાધ સંગ્રામ હૈ રૈનદિન ઝૂઝના
દેહ પર્જન્ત કા કામ ભાઈ!"

કિસનસિંહ ચાવડા

ભારતનું શિક્ષણ માધ્યમ

(તાજેતરમાં પસાર થયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૉ. ઉષાબહેન મહેતાએ આ જ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. તે વખતના પોતાના વિવેચનને ત્યાર પછી બનેલી ઘટનાઓ અને દિલ્હીમાં મળેલી ઉપકુલપતિઓની પરિષદની ચર્ચા અને નિર્ણયોને સાથે સાંકળી લઈને તૈયાર કરી આપેલી નોંધ પ્રબુદ્ધ જીવનના આગળના અંકોમાં પ્રગટ કરવામાં આવેલી ચર્ચાઓના અનુસંધાનમાં નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

શિક્ષણના માધ્યમનો પ્રશ્ન સર્વ દેશોમાં અને સર્વ કાળે મહત્ત્વનો પ્રશ્ન છે, પણ આજે આપણા દેશમાં તો આ પ્રશ્ને ચકચાર જગાવી છે, અને એને કારણે શ્રી ચાગલા જેવા પ્રધાનમંડળના પીઢ અને અનુભવી પ્રધાને પ્રધાનપદનો ત્યાગ કરવાનું ઉચિત માન્યું છે.

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોય એ શિક્ષણશાસ્ત્રનો સર્વમાન્ય સિદ્ધાંત છે, પણ ઉચ્ચ શિક્ષણની કક્ષાએ માધ્યમનો પ્રશ્ન વિચાર માંગી લે છે. બાળક નાનું હોય ત્યાં સુધી માતાના દૂધ પર જીવે એ યોગ્ય લેખાય, પણ જેમ જેમ એ મોટું થતું જાય તેમ તેમ માતાનું દૂધ છોડી, ગાય કે ભેંસનું દૂધ પીવું અને તે પછી અન્નાહાર કરવો એ એને માટે ઉચિત અને ડહાપણભરેલું છે તેમ બાળક માધ્યમિક કક્ષા મૂકી વિશ્વવિદ્યાલયની કક્ષાએ આવે એટલે માતૃભાષા છોડી બીજી ભાષાને–સારાયે દેશનાં વિશ્વવિદ્યાલયો માટે સમાન એવી ભાષાને–અપનાવે એ એને માટે અને દેશને માટે ઉપકારક છે.

ઉચ્ચ કક્ષાએ શિક્ષણનાં માધ્યમની ભાષા એવી હોવી જોઈએ કે જે વિદ્યાર્થી સારી રીતે સમજી શકે, જેમાં પોતાના વિચારોને સહેલાઈથી વ્યકત કરી શકે. સાથે સાથે એ ભાષામાં વૈજ્ઞાનિક વિષયો અને એમાં થતાં અદ્યતન સંશોધનોને સારી અને સુગમ રીતે વ્યકત કરવાની ક્ષમતા પણ હોવી ઘટે. આ દૃષ્ટિએ વિચારતાં આજે ભારતની સર્વ પ્રાદેશિક ભાષાઓ સંપન્ન કે સક્ષમ નથી એમાં કોઈ શંકા નથી. સરકાર માને છે કે પાંચ કે દસ વર્ષના ગાળામાં આ ભાષાઓમાં પાઠયપુસ્તકોનો મોટા પાયા પર અનુવાદ કરાવી આ મુશ્કેલીનો સામનો થઈ શકશે. પણ અનુવાદ માટે પૂરતા પ્રમાણમાં દરેક ભાષામાં દરેક વિષયના વિદ્વાનો મળવા મુશ્કેલ છે. વળી, વિશ્વ વિજ્ઞાનને ક્ષેત્રે આજે એટલી ઝડપથી આગળ વધી રહ્યું છે કે કોઈ સારા પુસ્તકનો અનુવાદ થાય અને એ પાઠય પુસ્તક તરીકે સ્વીકારાય એટલા સમયમાં તો કદાચ એમાં પ્રતિપાદિત સિદ્ધાંતો જૂના અને અપર્યાપ્ત (outdated) થઈ જાય. પરિણામ એ આવે કે દુનિયા જ્યારે એટમ - યુગમાં જીવે છે ત્યારે આપણે પાછાં અંધકારયુગ કે બળદગાડીના યુગમાં જઈને અટવાઈ જઈએ.

કદાચ દલીલ ખાતર એમ માની પણ લઈએ કે બધી ભાષાઓને અમુક કાલાવધિમાં સરખી અને સંપૂર્ણ રીતે સંપન્ન કરવી શકય છે તોયે દેશના ઐકયની દૃષ્ટિએ પ્રાદેશિક ભાષા ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બને એ હિતાવહ નથી. શિક્ષણનાં અનેક ધ્યેયોમાંનું એક અને મહત્ત્વનું ધ્યેય દેશમાં લોકશાહીને મજબૂત બનાવવાનું અને ભાવાત્મક ઐકય વિકસાવવાનું પણ છે. કોઠારી–કમિશનના અહેવાલમાં પણ આ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ દૃષ્ટિએ વિચારતાં પ્રાદેશિક ભાષાઓને માધ્યમ તરીકે સ્વીકારવાથી દેશની એકતાને મોટો ધક્કો લાગશે. દેશના ભાગલા પાડયા એ આપણી સૌથી મોટી ભૂલ. એ પછી ભાષાવાર પ્રાન્તરચનાનો સ્વીકાર કર્યો એ બીજી ભૂલ. અને પ્રાદેશિક ભાષાને ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારીશું તો એ આપણી ત્રીજી મોટી ભૂલ હશે, એટલું જ નહિ

પણ, શ્રી ચાગલાએ કહ્યું છે તેમ એ ભૂલ સૌથી વધુ ગંભીર પુરવાર થશે; કારણ કે એ એક એવી ભૂલ છે કે જેમાં આપણને ભૂલ સમજાય તોયે તેમાંથી પાછી પાની કરવી અસંભવ બનશે. આ પગલાં દ્વારા એક પ્રદેશનો રહેવાસી પોતાના જ પાડોશી પ્રદેશમાં પરદેશી બની જશે, રાજ્ય રાજ્ય વચ્ચે શિક્ષકો તથા વિદ્યાર્થીઓનું આવાગમન અને આદાનપ્રદાન અઘરું બની જશે, વિચારોનો વિનિમય મુશ્કેલ થશે, અને આથીયે વધુ ચિંતાજનક પરિણામ તો એ આવશે કે આજના સધન બનતા જતા ઔદ્યોગીકરણને લીધે ઘણાં કુટુંબોને પરપ્રાન્તમાં વસવાટ કરવાની ફરજ પડશે અને એ પ્રાન્તમાં શિક્ષણનું માધ્યમ ત્યાંની પ્રાદેશિક ભાષા હોવાના કારણે ભાઈ-ભાઈને તો શું પણ માબાપોને પણ સંતાનોથી વિખૂટા થવું પડશે.

અંગ્રેજી નહિ–

આમ ઉચ્ચ કક્ષાએ શિક્ષણનું માધ્યમ સર્વ વિશ્વવિદ્યાલયોમાં સમાન હોય એજ ઈષ્ટ છે. પણ આ ભાષા અંગ્રેજી કે હિંદી એ માટે મતભેદ છે. આ ભાષા અંગ્રેજી ન હોઈ શકે, કારણ એ પરદેશી ભાષા છે. ભારતની જનતાનું અતિ મોટું પ્રમાણ એથી અપરિચિત છે, એ ભાષા લોકોથી વિમુખ છે. વળી દુનિયાના સ્વતંત્ર દેશોમાં આફ્રિકાના થોડા દેશોને બાદ કરતાં બીજે કયાંય પરદેશી ભાષા માધ્યમ તરીકે સ્વીકારવામાં નથી આવી. ફીલીપાઈન્સમાં અંગ્રેજી ભાષા શિક્ષણ માધ્યમ તરીકે કાયમ રહી છે ખરી, પણ ત્યાંની ભાષાપરિષદે એવો ચોક્કસ મત વ્યકત કર્યો છે કે દેશની ભાષાને સમૃદ્ધ બનાવવા પૂરેપૂરા અને તનતોડ પ્રયત્ન કરવા અને જેવી એ ભાષા તૈયાર થાય કે તરત જ અંગ્રેજીને બદલે દેશની ભાષાને જ માધ્યમ તરીકે સ્વીકારવી. વળી સ્વાતંત્ર્યસંગ્રામમાં આપણા નેતાઓએ વિવિધ મંત્ર આપ્યો હતો. 'સ્વરાજ, સ્વદેશી અને સ્વભાષાનો'. આજે સ્વરાજ આવ્યે વીસ-વીસ વર્ષનાં વ્હાણાં વીતી ગયાં તો યે આપણે સ્વભાષા અંગે કોઈ નિર્ણય લઈ નથી શકયા. સંપર્કભાષા, સખીભાષા વગેરેની ભૂલભૂલામણીમાં અટવાઈ ગયાં છીએ એ અત્યંત દુ:ખ અને શરમની વાત છે.

–પણ હિંદી.

આમ આપણે અંગ્રેજીનો માધ્યમની ભાષા તરીકે સ્વીકાર ન કરી શકીએ તો એક જ વિકલ્પ બાકી રહે છે હિંદીને ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારવાનો. હિંદી અંગે જાતજાતના વાંધાઓ તો ઉઠાવવામાં આવે જ છે. એની વિરુદ્ધની પહેલી દલીલ એ છે કે એ જોઈએ એટલી સંપન્ન ભાષા નથી, વિકસિત નથી. આ દલીલમાં બહુ તથ્ય નથી; કારણ અંગ્રેજી મીલ્ટન અને શેકસપીઅરની ભાષા છે તો હિંદી પણ સૂરદાસ, કબીરદાસ કે પ્રેમચંદ અને પ્રસાદની ભાષા છે. બીજી દલીલ એ કરવામાં આવે છે કે હિંદીએ કદાચ સાહિત્યક્ષેત્રે પ્રગતિ સાધી હશે, પણ વૈજ્ઞાનિક ક્ષેત્રે તો હજી એણે ઘણી મજલ કાપવાની છે. કદાચ આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધાંતોની અભિવ્યકિત માટે અંગ્રેજી હિંદી કરતાં વધુ ઉપયુકત માધ્યમ હશે એ સાચું, પણ હિંદીમાં આ માટેની ક્ષમતા નથી એ કહેવું યોગ્ય નથી લાગતું. હિંદીની અને સર્વ ભારતીય ભાષાઓની જનની સંસ્કૃત ખૂબ સમૃદ્ધ ભાષા છે, પ્રાચીન જમાનામાં પણ એમાં સાઠથી વધારે કળાઓ અને ત્રીસથી વધારે વિજ્ઞાનનાં પુસ્તકો લખાયાં હતાં. એટલે હિંદીને સંસ્કૃતમાંથી જરૂરી પારિભાષિક શબ્દો મળી રહેશે. અને આમ છતાં યે મુશ્કેલી પડે તો વિજ્ઞાન, તાંત્રિક શિક્ષણ આદિ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય શબ્દકોષ બનાવી એ શબ્દોને અપનાવી શકાય. આ બધું કરવું સહેલું નથી એ સાચું, પણ સર્વ વાતોમાં અને ખાસ કરીને રાષ્ટ્રીય મહત્ત્વના પ્રશ્નોમાં ઉકેલ સહેલો જ હોય એવી આશા રાખવી અસ્થાને ગણાય. કારણ અહીં ઉકેલ સહેલો છે કે અઘરો એના કરતાં એ રાષ્ટ્રની દૃષ્ટિએ હિતાવહ છે કે નહિ એ જોવું વધુ આવશ્યક છે. આ ઉપરાંત એક જ માધ્યમ હોય તો આર્થિક દૃષ્ટિએ પણ એ વધુ ફાયદાકારક નીવડવાનો જ.

સરકારે તો માધ્યમના પ્રશ્ન અંગે આખરી નિર્ણય લઈ લીધો છે. સ્નાતક કક્ષા સુધી પ્રાદેશિક ભાષાને માધ્યમ રાખવાનો અને ઉપકુલપતિઓની પરિષદે આ નિર્ણયને બહાલી પણ આપી છે. આમ જ્યારે આ પ્રશ્ન અંગે વધુ ચર્ચા કરવી નિરર્થક છે ત્યારે સરકાર અને શિક્ષણસંસ્થાઓ માટે એક સાવધાનીનો સૂર તો જરૂર કાઢવો રહ્યો. તે એ કે પ્રાદેશિક ભાષા માધ્યમ તરીકે સ્વીકારાય તો પણ ત્રિભાષા–સૂત્ર ન ભૂલાય એની તકેદારી રાખવી અત્યંત આવશ્યક છે. પ્રદેશભાષા માધ્યમ બને તો પણ દેશભાષા તરીકે હિંદી જ રહે અને રહેવી જોઈએ. એનાં શિક્ષણ માટે યોગ્ય અને ત્વરિત પગલાં લેવાવાં જોઈએ. સાથે સાથે એક વિદેશભાષા, પછી તે અંગ્રેજી હોય કે જર્મન, રશિયન હોય કે ફ્રેન્ચ, પણ વિદ્યાર્થી શીખે, એટલું જ નહિ પણ, એ ભાષાનાં પુસ્તકો સહેલાઈથી વાંચી અને સમજી શકે એ માટેની પણ વ્યવસ્થા થવી જોઈએ.

આ બાબતમાં સરકાર અને શિક્ષણસંસ્થાઓની જવાબદારી પણ કંઈ ઓછી નથી. વિશ્વવિદ્યાલયો સ્વાયત્ત સંસ્થાઓ છે. શિક્ષણને લગતી બધી બાબતોમાં–પછી તે ઉપકુલપતિની નિમણૂંક હોય કે પાઠયક્રમનું ઘડતર, શિક્ષણના ધોરણનો પ્રશ્ન હોય કે માધ્યમનો–એમને પૂરી સ્વતંત્રતા મળવી જોઈએ. સરકારે એમાં કોઈ પણ જાતનો હસ્તક્ષેપ કરી સરસ્વતીનાં મંદિરોને સત્તાનાં થાણાં બનાવવાનો વ્યર્થ પ્રયત્ન ન કરવો જોઈએ. તે જ રીતે રાજકીય પક્ષોએ પણ વિદ્યાર્થીઓને રાજરમતનાં પ્યાદાં બનાવવાનાં મોહમાંથી મુકત બનવું જોઈએ. આવાં પગલાં લેવાશે તો જ મા સરસ્વતીનું ડોલતું આસન ફરીને સ્થિર થશે. અને આપણી શિક્ષણસંસ્થાઓ સાચા અર્થમાં સંસ્કૃતિ–તીર્થો બની રહેશે. ઉપકુલપતિઓની પરિષદ્માં વિશ્વવિદ્યાલયોની સ્વાયત્તતા પર તથા દરેક વિભાગ (Faculty) ને માધ્યમ બદલવા માટે–એની અવધિ માટે–સ્વતંત્રતા આપવાની વાત પર મૂકાયેલો ભાર એ શિક્ષણમાધ્યમ નક્કી કરનાર સરકારે ખાસ ધ્યાનમાં લેવાનો રહે જ છે.

સરકાર અને શિક્ષણસંસ્થાઓના જેટલી જ કે કદાચ એથી યે વધુ જવાબદારી આ પ્રશ્ન અંગે પ્રજાએ અને વિશેષ કરી હિંદીભાષી પ્રજાએ ઉઠાવવી પડશે. પ્રથમ તો હિંદી-ભાષીઓએ વિશાળ દૃષ્ટિબિંદુ અપનાવી ભારતની બીજી ભાષાઓના તેમ જ અંગ્રેજીના પ્રચલિત શબ્દો અપનાવી હિંદી ભાષાને વધારે સમૃદ્ધ બનાવવાને તૈયાર રહેવું પડશે. તે જ રીતે રાજ્યભાષાભાષી પ્રાંતોની પ્રજા પર હિંદીનું પ્રભુત્વ જબરજસ્તીથી ઠોકી બેસાડવાનો પ્રયત્ન ન કરતાં પ્રેમ, ધીરજ અને સમજપૂર્વક હિંદી ભાષાના પ્રચાર માટેના પ્રયત્નો કરવા પડશે. અંગ્રેજી ભાષા પ્રત્યે દ્વેષની ભાવના કેળવી 'અંગ્રેજી હટાઓ' જેવાં સૂત્રો કે તામીલ ભાષાનાં ચલચિત્રોનો બહિષ્કાર કરવા જેવાં દેશને વિદીર્ણ કરતાં પગલાં ન લેવાનો નિરધાર કરવો પડશે. આ સાથે જ એમણે પોતામાં, પોતાની ભાષામાં વિશ્વાસ પણ કેળવવો રહ્યો. કારણ હિંદી કોઈની દયા પર જીવતી ભિક્ષુણી ભાષા નહિ પણ આપબળે આગળ વધતી જીવંત, ગૌરવશાલિની ભાષા છે.

આમ સર્વ ક્ષેત્રે સમજ અને સહકારનું વાતાવરણ સર્જાશે તો ડહોળાયેલા શિક્ષણના માધ્યમના પ્રશ્નનું વ્હેલું મોડું સંતોષકારક નિરાકરણ થશે, એટલું જ નહિ પણ, મા ભારતીનાં બાળકો ભિન્ન થતાં અટકી એક અવાજે ગાઈ શકશે કે 'ભારત જનની એક હૃદય હો!'

ઉષા મહેતા



☆

વેદમૂર્તિ પંડિત સાતવળેકરજી

(તેમનો પરિચય ૧૧૪ પાના ઉપર આપવામાં આવ્યો છે.)

☆

"મારા યોગના અનુભવો"

'अयं हि परमो धर्मो, यद्योगेनात्मदर्शनम्'

"યોગ વડે આત્મદર્શન કરવું એ જ પરમ ધર્મ છે."

(૧૯૬૩ના ફેબ્રુઆરી માસની ૨૨મી તારીખે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સ્વ. સર મણિલાલ બાલાભાઈ નાણાવટીનું જાહેર સન્માન કરવામાં આવેલું. તે પ્રસંગ ઉપર તેમની ઉજ્જવલ જીવન કારકીર્દી રજૂ કરવા માટે તે અંગેની વિગતો મેળવવા માટે સર મણિલાલ નાણાવટીને જૂહુ ખાતેના તેમના નિવાસસ્થાને બે ત્રણ વાર પ્રત્યક્ષ મળવાનું બનેલું. આ દરમિયાન "મારા યોગના અનુભવો" એ મથાળા નીચે તેમણે લખેલી અને ટાઈપ કરાવેલી એક લાંબી અનુભવનોંધ માત્ર મારી જાણકારી માટે– અને પ્રસિદ્ધ કરવા માટે નહિ–મને આપેલી. આ નોંધ ક્યારે લખાઈ તેનો આ નોંધ ઉપર કોઈ ઉલ્લેખ નથી. પણ આ અનુભવ–નોંધના ઉત્તરાર્ધમાં ૧૯૫૭ના જાન્યુઆરી માસની ૨૦મી તારીખે મુંબઈ ખાતે ભારતના એ વખતના મહાઅમાત્ય જવાહરલાલ નેહરુએ નવા આણ્વસંશોધન મથક 'અપ્સરા'નું ઉદ્‌ઘાટન કરેલું તેમાં પોતાની હાજરીનો જે રીતે ઉલ્લેખ આવે છે એ ઉપરથી આ નોંધ ત્યાર પછી તરતમાં લખાઈ હોવાનું અનુમાન થાય છે.

સર મણિલાલ સમર્થ અર્થશાસ્ત્રી, બાહોશ કૃષિવિદ તથા રાજ-કારભારના કુશળ વહીવટકર્તા હતા એ સર્વત્ર સુવિદિત છે, પણ તેમના જીવનની આ આધ્યાત્મિક બાજુથી ઘણા લોકો અજાણ છે. આ પ્રગટ ન કરવાનું બંધન તેમના અવસાન સાથે છૂટી જાય છે. અને ચાર પાંચ વર્ષથી જે અનુભવનોંધ મારી પાસે જળવાઈ રહી હતી તેને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતાં હું ધન્યતા અનુભવું છું. આ નોંધ છ ભાગમાં વહેંચાયેલી છે. પહેલા બે ભાગ નીચે આપવામાં આવે છે. બાકીના ચાર ભાગ હવે પછીના પ્રબુદ્ધ જીવનમાં અનુક્રમે આપવામાં આવશે. પરમાનંદ)

ભાગ પહેલો : પ્રારંભિક

વડોદરા કૉલેજમાં મિસિસ બિસન્ટે આપેલા ભાષણોની અસર.

સને ૧૮૯૬થી ૧૮૯૯ સુધી હું વડોદરા કૉલેજમાં અભ્યાસ કરતો હતો, ત્યારે લગભગ ચાર વર્ષ સુધી મિસિસ બિસેન્ટ ત્યાં દર વખતે ત્રણથી ચાર ભાષણો થીઓસૉફીના જુદા જુદા વિષયો પર આપતાં હતાં. આ ભાષણોની શ્રોતાઓ ઉપર ઘણી ઊંડી અસર થતી હતી. એક તો એમની અજબ વક્તૃત્વશક્તિ, બોલવાની સર-ળતા, ગૂઢ વિષય હોય તો પણ તે સારી રીતે સમજી શકાય એવી રીતે એનું નિરૂપણ કરવાની શક્તિ–એ કારણે એમનાં ભાષણોમાં રસ પડે એ સ્વાભાવિક છે; પણ એ ઉમ્મરે એ ભાષણોની મારા મન ઉપર ઘણી જ ઊંડી અસર થતી હતી, અને તે ઘણો વખત રહેતી હતી. એમનાં ભાષણો સાંભળતી વખતે શ્રોતાઓને એમ લાગતું કે એઓ એક ઉન્નત દશાએ પહોંચેલી વ્યક્તિ છે. એ કારણે એમના પર સાંભળનારાઓનો પૂજ્ય ભાવ પેદા થતો અને તેઓ પોતાને ધન્ય માનતા હતા.

આ ભાષણને લીધે મને એમનાં પુસ્તકો વાંચવાનું ઘણું મન થયું હતું કે જેથી, એમણે જે વિવેચનો કર્યા હતાં તે ફરી ફરી સમજાય અને એની અસર હંમેશાં ચાલુ રહે. એ કારણે મેં એમનાં પાંચ પુસ્તકો એ જ વખતે ખરીદી લીધાં હતાં: 1. Paths of a Disciple, 2. Self and Sheaths, 3. Cosmos, 4. Four Great Religions, 5. The Introduction to Yoga.

આ પુસ્તકો હજી પણ મારી પાસે છે અને એ મને ઘણા જ ઉપયોગી નીવડ્યા છે. તે જ વખતે એમનાં ઉત્તમ સ્મરણો ચાલુ રહે એ માટે એમની છબી પણ મેં લઈ રાખી હતી. કૉલેજ છોડ્યા પછી એ પુસ્તકોનો અભ્યાસ કરવાનું બન્યું ન હતું. એ માટે જે સતત પ્રેરણા જોઈએ, તે મળી ન હતી. સામાન્ય સારું વાંચન થાય, અગર તો સારાં ભાષણો કોઈ વખત સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે વિચારો આવે, પણ તે પ્રસંગ પૂરતા જ. તેની અંતરમાં અસર થતી હોય, જે બાહ્ય જીવનમાં માલુમ પડે નહિ, પણ તેની એક પ્રકારની ઝંખના તો રહેતી જ હતી.

ઑંકારસ્વામી સાથે થયેલો સમાગમ

તે પછી ૧૯૩૨ના માર્ચ માસમાં વડોદરા રાજ્યમાં હોળીની સાત દિવસની રજાઓ પડી ત્યારે મારા એક મિત્ર શ્રી. મોતીલાલ-ભાઈ મને એક-બે દિવસ અગાઉ મળવા આવ્યા અને સૂચવ્યું કે આપણે આબુ જઈએ. ત્યાં બે મહાત્માઓ બિરાજે છે એમનો લાભ આપણને મળશે. એ વાત મને ગમી અને અમે તરત ત્યાં ગયા. ત્યાં બે સાધુપુરુષોને મળવાનો લાભ થયો. એક શાંતિવિજયજી અને બીજા ઑંકારસ્વામી, જેઓ મારા મિત્રના ગુરુ હતા અને જેમની સાથે લાંબો પરિચય ધરાવતા હતા. એમની સાથે સ્થાનકવાસી સાધુ ત્રિલોકચંદ્રજી અને 'મહાસતીજી' નામનાં એક સાધ્વી યોગનો અભ્યાસ કરવા માટે રહેતાં હતાં.

ઑંકારસ્વામીનું બોલવાનું ઘણું જ ઓછું હતું, એટલે એમની પાસે ચર્ચા કરવાનું અગર વાતમાં ઉતરવાનું ઘણું મુશ્કેલ હતું, પણ શાંતિવિજયજી એક જુદા જ પ્રકારના જૈન સાધુ હતા. તેઓ એકલ-વિહારી હતા અને જૈન સાધુની ક્રિયા બહુ સારી રીતે પાળતા નહોતા. તેમને આવનાર સાથે મેળાપ કરવાનું ગમતું, એટલે તેમની પાસે ઘણાં જ સ્ત્રી-પુરુષો આવતાં અને તેમનું રહેઠાણ ભરેલું જ રહેતું. તેમનો મુખ્ય ઉપદેશ એ હતો કે "શાંતિ રાખો, શાંતિ રાખો. પ્રભુને સંભારો." એમની પાસે અમે એક બે વખત ગયા, પણ બીજી વાતચીત કરવાનો પ્રસંગ મળ્યો નહિ. એટલે એમણે જ સૂચવ્યું કે બીજે દિવસે સાંજે અમારે એમને લીંબડી-ગુફામાં મળવું અને તે મુજબ અમે ત્યાં ગયા. એઓ ઘણા ભલા-ભોળા-પ્રેમાળ-સરળ સ્વભાવના લાગ્યા. હરકોઈને મદદરૂપ થવાની એમની વૃત્તિ તીવ્ર હતી. એ કારણે અનેક પ્રકારના માણસો એમની પાસે આવતા. દુઃખીનાં દુઃખ ટાળવા એ સંત પુરુષનું કર્તવ્ય છે, પણ એમની ભલમનસાઈ-નો ખોટો લાભ લેનારા તેમની પાસે ઘણા આવતા. ખાસ કરીને અમદાવાદ અને મુંબઈના શેરબજારના વેપારીઓ ધનપ્રાપ્તિ માટે રૂખ લેવા આવતા જણાયા. લોકો માનતા કે મહારાજશ્રીમાં વચનસિદ્ધિ છે. મહારાજશ્રી એમને રૂખ પણ આપતા અને એ અન્વયે એઓ વેપાર કરતા. આ એમની પદ્ધતિ મને બિલકુલ ગમી નહિ અને અમે એમને મળ્યા, ત્યારે આ વાતનો ખુલાસો માગ્યો. એમના વિચાર પ્રમાણે એવા લોકો ખાસ ખેંચાઈને એમની પાસે આવે તો કંઈ આપવું જોઈએ એમ તેમને લાગતું હતું. એમાં આત્મોન્નતિનો અવકાશ નહોતો. માત્ર જીવનના વ્યવહારમાં રોળાવાનું જ હતું. એના પરિણામે એ લોકોને કેટલો લાભ થયો કે હાનિ થઈ એનો ખ્યાલ કોણ આપી શકે? મહારાજશ્રીને મારે એ જ કહેવાનું હતું કે, અમે બધાં સંસારમાં ડુબેલાઓને આત્મશ્રદ્ધા જગાડી ઉપર લાવવા જોઈએ. એને બદલે અહીં જે કંઈ ચાલી રહ્યું છે તેનાથી જીવનની આસક્તિ વધે છે અને અમે સંસારમાં જ ડુબેલા રહીએ એવું બને છે. મહારાજશ્રીને આ વાત માન્ય હતી, પણ માણસો માગણી કરે તો અમારે એમને કંઈક

આપવું જોઈએ એ જ એમનું ધ્યેય લાગ્યું. પરિણામ શું આવે એનો વિચાર એમને આવતો હોય એમ લાગ્યું નહિ. આ વિષય ઉપર મારે એમની સાથે સારી ચર્ચા થઈ. તેમાં એમનું વલણ સારું લાગ્યું નહિ. ત્યાર પછી જ્યારે જ્યારે હું એમને મળતો ત્યારે આવી જ માગણીવાળા માણસો એમની આસપાસ બેઠેલા જોતો. આ માણસો જ્યાં મહારાજશ્રી જાય ત્યાં એમની પાછળ જતા. એઓ મહાન યોગી તરીકેની પ્રસિદ્ધિ પામ્યા હતા એ વાત ખરી, પણ ખરા યોગનો લાભ કોઈ લેતું હતું કે કેમ એ જણાતું ન હતું. હું ત્યાં (આબુ પર) રહ્યો, ત્યારે એમને મળવાના પ્રસંગો અનેકવાર આવ્યા, પણ તેમાં આત્માની ઉન્નતિની સાધનાના પ્રસંગો જોવામાં આવ્યા નહિ. એટલે ત્યાર પછી એમની સાથે મને વધારે સમાગમમાં આવવાનું કારણ રહ્યું નહિ.

ઓંકારસ્વામી સાથે બોલવાનું બહુ જ ઓછું બનતું. સવાલો પૂછીને માહિતી મેળવવાની મારામાં આવડત નહોતી. એટલે એમની સામે બેસું અને બીજા જે કંઈ વાત કરે તે સાંભળું. માત્ર મુનિશ્રી ત્રિલોકચંદ્રજી સાથે સારો વાર્તાલાપનો પ્રસંગ મળતો. તેઓ સરલ હૃદયના પ્રેમી સાધુ લાગ્યા અને મારો એમની સાથે સારો મેળ બંધાયો, જે આગળ ઉપર મને ઘણો જ ઉપયોગી નીવડ્યો.

સાત દિવસ આબુ પર રહ્યા પછી મારે પાછા વળવાનો વખત થયો, ત્યાર પહેલાં બેએક કલાક અગાઉ હું ઓંકારસ્વામી પાસે ગયો અને જવાની રજા માગી. તે વખતે મેં જણાવ્યું કે "હું સાત દિવસ અહીં રહ્યો, પણ આપની પાસેથી મને કંઈ મળ્યું નહિ." ત્યારે તેમણે પૂછ્યું કે, "તારે શું જોઈએ છે?" મેં કહ્યું કે "મારા મનમાં એક જાતની જડતા છે. તે જેવું સ્વચ્છ અને આનંદમય જોઈએ તેવું નથી." એટલે એઓ તરત જ પોતાના આસનેથી ઊઠી બાજુના ઓરડામાં ગયા અને બારણું બંધ કર્યું. હું મારી જગ્યાએ એકલો બેસી રહ્યો હતો. એવામાં મારા માથા ઉપર જાણે કે કોઈ ફુવારો ઉડતો હોય એમ લાગ્યું અને તેમાંથી શરીરમાં એક જાતનો વીજળીનો પ્રવાહ સંચરતો હોય એમ જણાયું. આ પ્રવાહ ઘણો જ આહ્લાદકારક હતો.

પાંચ દશ મિનિટ સુધી આ પ્રમાણે ચાલ્યું. પરિણામે મારું મન અને શરીર શુદ્ધ લાગ્યું. મનમાં જે જડતા લાગતી હતી, તે તદ્દન નાબુદ થઈ ગઈ. એ પછી સ્વામીજી ખોલીમાંથી બહાર આવી પોતાના આસન ઉપર બેઠા અને મારી સામે જોઈ રહ્યા. મને સારું તો ઘણું જ લાગતું હતું, પણ તરત બોલવાની શકિત ન હતી, પણ તે વખતે એટલી તો ખાતરી થઈ ગઈ કે સ્વામીજી હવે મને મદદ કરશે.

થોડી વારે મારે પાછા જવાનો વખત થવાથી મેં સ્વામીજીને પૂછ્યું કે "હવે મારે શું કરવાનું છે?" એમણે કહ્યું કે "તમારે એક કલાક દરરોજ મેં સૂચવેલા વખતે (સવારના ૫ થી ૬ સુધી) ધ્યાનમાં બેસવું અને ઓમ્‌નું ધ્યાન કરવું, તે વખતે ઊંડો શ્વાસોચ્છવાસ લેવો. એ સિવાય હાલ બીજું કંઈ કરવાની જરૂર નથી."

એ પ્રમાણે ધ્યાનમાં બેસવાની મેં એમને ખાતરી આપી અને ત્યાંથી વિદાય થયો. એ વખતે મારા મનમાં સંતોષની લાગણી પ્રકટી રહી હતી, તે એ વિચારે કે જે ઘણાં વર્ષોની ઝંખના હતી તે હવે પાર પડશે.

આ પ્રયોગની માહિતી મેં ત્રિલોકચંદ્રજીને આપી અને તેઓ ઘણા પ્રસન્ન થયા. તેમણે મને જણાવ્યું કે "સ્વામીજીની આજ્ઞા પ્રમાણે ચાલશો તો ઘણો લાભ થશે, માટે શ્રદ્ધા રાખી ક્રિયા શરૂ કરો." એમની આ સલાહથી મને વિશેષ પ્રોત્સાહન મળ્યું અને ખરા આનંદથી પાછો ઘેર આવ્યો.

મારા મિત્ર જે મને આબુ લઈ ગયા હતા, તે આ વખતે મારી સાથે ન હતા. એમને જ્યારે મેં વાત કરી ત્યારે એમણે જણાવ્યું કે "હવે તમને સારો લાભ મળશે. સ્વામીજી બહુ બોલતા નથી, પણ સારાં અવ્યકત આંદોલનો આપે છે, એટલે હવે તમારું કામ સરશે. આપણે સાથે ગયાનો ફેરો સફળ થયો."

ભાગ બીજો : યોગના અભ્યાસની શરૂઆત

ઘેર આવ્યા પછી સ્વામીજીની આજ્ઞા પ્રમાણે સાડા ચાર વાગે ઉઠી, પરવારી, નિયમિત રીતે સવારના ૫ થી ૬ સુધી એક આસને બેસવાનું તથા ઓમ્‌ના સ્વર સાથે ઊંડો શ્વાસ લેવાનું શરૂ કર્યું. આ સમય ૧૯૩૨ના માર્ચ માસનો હતો.

એક સ્થાને એક કલાક બેસવાનું કઠણ નીવડ્યું. પગમાં દુઃખાવો લાગવા માંડ્યો, એટલે પગ ઉપર નીચે કરવા પડતા. શરીર પણ દુઃખવા લાગ્યું અને પરિણામે એક–બે વખત તાવ પણ આવ્યો, પરંતુ હું મક્કમ રીતે મારી ક્રિયાને વળગી રહ્યો અને એકાદ મહિના પછી શરીરમાં સ્વસ્થતા આવવા માંડી, પણ મન તો ભમ્યા જ કરતું. તેને ઠેકાણે લાવવાનું કામ ઘણું મુશ્કેલીભર્યું લાગ્યું. એટલે મારી પાસે મિસિસ એની બિસેન્ટનાં પુસ્તકો હતાં તે કાઢ્યાં. ખાસ કરીને 'Paths of a Disciple' અને 'Self and Sheaths' એ પુસ્તકો રાતે વાંચવાનાં શરૂ કર્યાં. એમાં મનને શાંત રાખવાના તથા એકાગ્ર કરવાના રસ્તા બતાવ્યા છે, એ રીતે પ્રયોગો શરૂ કર્યા, એટલે આ ક્રિયા શું છે તેની સમજણ પડવા માંડી અને ધ્યાનનું કામ સરળ થવા માંડ્યું. તેમાં જણાવ્યા પ્રમાણે શરીરની ઈન્દ્રિયો ઉપર સંયમ રાખવો, શરીરના વાયુમાં સ્થિરતા લાવવી, મનને સ્થિર કરવું, એની વૃત્તિઓ કામ - ક્રોધ વગેરેને શુદ્ધ કરવી અને એને બદલે સામી વૃત્તિઓને જીવનમાં ઉતારવી, જેવી કે ક્રોધને બદલે પ્રેમ, કામને બદલે નિરાસકિત વગેરે, પછી બુદ્ધિમાં સ્થિરતા લાવવી કે જે મનને સ્થિર રાખે અને આખરે ચિત્તને સત - ચિત- આનંદમાં લાવવું અને અંતર આત્માને ઓળખવા પ્રયત્ન કરવો, યોગશાસ્ત્રની પરિભાષા પ્રમાણે અન્નમયકોશ, વાયુમયકોશ, મનોમયકોશ અને બુદ્ધિથી પર થઈ સચ્ચિદાનંદ અવસ્થાએ પહોંચવું. એટલે ધ્યાનમાં બેસતાં જ એક પછી એક ભાગ ઉપર સ્થિરતા લાવવાનો સમજપૂર્વક પ્રયત્ન આદર્યો.

સવારમાં ધ્યાન અને જમ્યા પછી રાતના સમયે યોગનાં પુસ્તકોનો અભ્યાસ–આ પદ્ધતિ મને ઘણી જ ઉપયોગી નીવડી, કારણ કે મારી અંદરની સ્થિતિ શું છે અને તે સુધારવાને મારે કેવા પ્રયત્નો કરવા જોઈએ તેની આથી વિશેષ ને વિશેષ રીતે ખબર પડવા લાગી અને એ સમજ પડતાં આગળનો રસ્તો સરળ થતો લાગ્યો. તેથી એક જાતનો આનંદ અને સંતોષ અનુભવવા લાગ્યો અને ક્રિયામાં પ્રોત્સાહન મળ્યું, પણ તે દરમિયાન કેટલાક ખાસ પ્રસંગો બન્યા :

(૧) ઉપર કહ્યું તેમ શરીરમાં દુઃખાવો થવા લાગ્યો, પણ તેમાંથી સારી રીતે પાર ઉતર્યો.

(૨) મનમાં કંઈક ઉથલપાથલ થતી હોય, નવું બંધારણ થતું હોય એમ લાગ્યું અને તે સાથે મનમાં નબળાઈ જણાઈ. દાખલા તરીકે એક વખત મારે એક સભામાં પ્રમુખ તરીકે ફરજ બજાવવાની આવી, ત્યારે મારામાં બોલવાની શકિત જણાઈ નહિ. એ વખતે ખાસ વિચાર કરી બોલવાની જરૂર નહોતી, છતાં મનમાં અંધારાં જેવું દેખાયું અને મારે થોડું બોલી સભા બંધ કરવી પડી. મને લાગ્યું કે ધ્યાનક્રિયાને લીધે મગજના તંતુઓમાં નવું બંધારણ થતું હશે, એટલે એ કારણે કોઈ પણ જાતનો વિષાદ લાગ્યો નહિ, પણ વધારે સાવધાન બન્યો.

(૩) આ ક્રિયા આઠ દસ માસ ચાલી, તે પછી મનમાં એકદમ ઉદ્વેગ શરૂ થયો અને કોઈ એક માણસ મારું આખું યે જીવન જોઈ મને ઠપકો આપતો હોય એમ લાગ્યું. આ સ્થિતિ ત્રણ દિવસ સુધી ઘણા જ તીવ્ર સ્વરૂપમાં ચાલી અને મારા જીવનના દરેક નાના મોટા પ્રસંગોની યાદ આપી, જેમ માસ્તર છોકરાની પરીક્ષા લેતો હોય એમ એક પછી એક સવાલો પૂછવા લાગ્યો. એમાં મારે જવાબ આપવાનો પ્રસંગ જ ન હતો, પણ હું કેવા પ્રકારનો માણસ છું, મારામાં શી ખામીઓ છે, તેનો મને સતત ખ્યાલ આપવામાં આવ્યો. એમાંના થોડા દાખલા આપું.

મમત, અહંભાવ, બીજાને પોતાનાં કૃત્યથી શી લાગણી થાય તે જોવાની અશકિત, ખોટી મહત્તા, સમતાનો અભાવ, ખોવું, બીજાને

ઉતારી પાડવાની વૃત્તિ, સામાના મનની સ્થિતિ જાણવાની અશક્તિ, સરકાર પગાર આપે છતાં સરકારી સ્ટેશનરી ખાનગી કામ માટે વાપરવી સરકારી નોકરને ખાનગી કામે વાપરવો (નોકરીના સામાન્ય રીવાજ મુજબ)–આવાં આવાં અનેક દૂષણો મને કહી બતાવવામાં આવ્યાં અને મને પોતાને હું ઘણો દોષિત માણસ જણાયો અને મનમાં ગભરાવા લાગ્યો.

ચોથા દિવસે મન તદ્દન શાંત થયું અને એક જાતનો આહ્લાદ ઉપજ્યો કે હવે જીવન સ્વચ્છ થયું છે અને મને મારી ઉણપો જણાઈ છે, જેથી હવે પછીના જીવનમાં હું સારી રીતે રહી શકીશ. આ શાંતિ તો અજબ હતી. આવી શાંતિ મેં મારા જીવનમાં કોઈ પણ વખતે અનુભવી નહોતી.

મિસિસ બિસેન્ટના Voice of the Silenceમાં જણાવ્યું છે કે માણસની બુદ્ધિ જ્યારે સતેજ થાય છે, ત્યારે આવા અનુભવો થાય છે. (પૃ. ૪૦૯) સ્વામીજીએ શરૂઆતમાં થોડા વખત માટે મારા મનની જડતા કાઢી અંતરશુદ્ધિ અને આગળનો વ્યવહાર શુદ્ધ કરવાનો રસ્તો જણાવ્યો હતો, ત્યારે જે આનંદ અનુભવ્યો હતો તેવું જ આ પ્રસંગે પણ બન્યું. પરમેશ્વરની કૃપા કે માણસને પોતાની ઉણપોનો સાક્ષાત્કાર થાય. આ ચાર દિવસના સતત અનુભવ પછી આખા યે મહિનામાં કોઈ કોઈ વખત કંઈ રહી ગયેલો પ્રસંગ આગળ આવતો.

(૪) ત્યાર પછી જીવનમાં એક વિચિત્ર અનુભવનો પ્રસંગ જોવામાં આવ્યો. પોર્ટ ઓખાના મારા કારભારમાં મેં મારા સગાંઓને અણઘટતો લાભ આપ્યો એવો મારા ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો. આખા મારા જીવનનો વિકટમાં વિકટ પ્રસંગ આ હતો. મારી સામે રાજ્યની રાજ્ય બહારના માણસો સાથેની એક સ્વાર્થી અન્યાય વૃત્તિવાળી ટોળી ઊભી થઈ હતી. એની તપાસ લગભગ બે વરસ ચાલી અને આખરે આરોપો ખોટા ઠર્યા અને રાજ્યે મને નિર્દોષ ઠરાવ્યો.

શરૂઆતમાં મને ઘણું જ લાગ્યું હતું કે પોર્ટ ઓખા ખીલવવાનું જે કામ અન્ય કોઈ પણ માણસ કરી શકે એમ નહોતું, તેને મેં અતિશય મહેનત કરીને સારી સ્થિતિમાં આણ્યું અને તે જ કામમાં મારા પર આવા આક્ષેપો આવ્યા. ખાસ કરીને મારા વૃદ્ધ પિતાના મનની સ્થિતિ આવા પ્રસંગે કેવી હશે એના જ વિચારો મને આવ્યા કર્યા.

આ વખતે મીસીસ બીસેન્ટનું પુસ્તક Paths of a Disciple વાંચતો હતો. તેમાં જણાવ્યું છે કે "જેઓ યોગસાધનાની શરૂઆત કરે છે તેને માથે કસોટીના પ્રસંગો જરૂર આવે છે, અને તે આવે તો જ યોગસાધના સફળ થઈ એમ કહેવાય. માણસ પોતાનાં કર્મો ખપાવવા માટે જીવન ઉપર જીવન ગાળે છે, ત્યારે એ જ કર્મો યોગક્રિયાને લીધે તરત જ ખપાવવાનો પ્રસંગ આવે છે, અને તેથી આવા પ્રસંગમાં દુઃખી ન થતાં ખુશી થવાનું છે કે યોગની સફળતા મળી અને ખરો લાભ થયો." આ વાંચી મને ઘણો જ આનંદ થયો અને મનમાં જે કંઈ ગ્લાનિ હતી તે દૂર થઈ. આ પ્રકરણમાં આગળ જતાં પછી કોઈ પણ જાતની ગ્લાનિ આવી નહિ, ઉલટું મન સ્વચ્છ અને મક્કમ રહ્યું. આ પ્રકરણના અંત સુધીમાં સ્વસ્થતા અનુભવી અને લાગ્યું કે જીવનનું દેવું પૂરું થવા માંડ્યું છે. પરિણામે મહારાજા સયાજીરાવ ગાયકવાડ તરફથી સારામાં સારી પ્રશંસા મેં મેળવી અને તે પછી થોડા જ વખતમાં રાજ્યની નોકરી પૂરા માન અને પ્રતિષ્ઠાપૂર્વક પૂરી કરી.

આ પછીના વખતમાં એક બે જૂદા જ પ્રકારના અનુભવો થયા. જ્યારે જ્યારે કોઈ પણ કારણે મને ગુસ્સે થવાનો પ્રસંગ બનતો ત્યારે શરીરમાં એક પ્રકારનો ઝણઝણાટ આવતો અને લાગતું કે મેં એ વખતે ભૂલ કરી છે. પછી ભલે તે ગુસ્સો ખરા કારણે થયેલો હોય. મારે આ પ્રસંગે શાંતિ જ રાખવી જોઈતી હતી અને શાંતિથી જ કામ લેવું જોઈતું હતું. થોડાં વર્ષોમાં આવા ખાસ જાણવા લાયક ચાર પ્રસંગો બન્યા. એ પ્રસંગોમાં મારી ભૂલ ન હતી, પણ એ પ્રસંગે મારે મનની સમતા ગુમાવવી જોઈતી નહોતી. પરિણામે એ ચારે પ્રસંગોમાંથી ત્રણમાં મેં જે તે વ્યક્તિની તરત જ લેખિત માફી માગી (તે પૈકી એકમાં મારા પૌત્રની સાથેનો પ્રસંગ હતો) અને ચોથા પ્રસંગે મારા ગુસ્સાનો ભોગ બનનાર બીજે દિવસે મળ્યો, ત્યારે તરત જ એની માફી માગી. પરિણામે દરેક પ્રસંગે મારા મનમાં સારી શાંતિ આવી અને હું કૃતકૃત્ય બન્યો એમ લાગ્યું.

આ પછીના વખતમાં મને એમ લાગ્યું કે મનની સ્વસ્થતા જળવાય તે માટે માણસે થોડો વખત મૌન રાખવું અને તે વખતે ધ્યાનમાં બેસી પોતાની અંદર ચાલી રહેલા વ્યવહારને સૂક્ષ્મતાથી જોવો અને તેનો અનુભવ કરવો. આવા બે પ્રસંગોનું વર્ણન મેં આગળ કર્યું છે.

બીજું આ ધ્યાનાભ્યાસની પ્રક્રિયા સાથે સારું વાંચન રાખવું (સ્વાધ્યાય કરવો) એટલે આંતરિક સ્થિતિની સમજ પડે અને મન ઠેકાણે રહે. મનુષ્ય ગમે તેટલી ક્રિયાઓ કરે અગર વાંચન કરે, તો પણ તેના મન અને શરીરમાં વર્ષોથી ઘર કરીને બેઠેલી વૃત્તિઓ કે જેને સંસ્કાર અથવા વાસના કહેવામાં આવે છે, તે એકદમ જતી નથી. પ્રસંગ આવ્યે તે આગળ આવે છે અને મનુષ્ય સાવધ ન રહે તો ભૂલ ખાઈ જાય છે અને વર્ષોના પરિશ્રમથી જે કંઈ મેળવ્યું હોય તે ખોઈ બેસે છે. એટલે આ પ્રયોગ આદર્યા પછી સતત જાગૃતિ રાખવી આવશ્યક છે.

આ વખત દરમિયાન એક બીજો બનાવ પણ બન્યો. દરેક માણસને નાનાં-મોટાં ખરાં-ખોટાં સ્વપ્નો આવે છે અને તે તરત જ ભૂલાઈ જાય છે, પણ આ વેળા મને ભયંકર સ્વપ્નો આવવા માંડ્યાં કે જેનો મને સાધારણ જીવનમાં ખ્યાલ પણ ન હોય. વળી આ સ્વપ્નો ભૂલાઈ જવાને બદલે મને યાદ પણ રહી જતાં.

દરેક મનુષ્યમાં ગુપ્ત જીવનનો પ્રવાહ હોય છે. તે કોઈ વખત જાગૃત અવસ્થામાં બહાર આવે છે. ખરા યોગીને આ બંને અવસ્થા એક જ રૂપમાં હોય છે. તે સ્થિતિ લાવવા માટે તો મહાન પ્રયત્નો કરવાની જરૂર હોય છે. પછી મેં એ વિષયમાં થોડું વાંચન શરૂ કર્યું. એમાં ખાસ કરીને થીયોસૉફીમાં અગ્રગણ્ય ગણાતા શ્રી જિનરાજદાસનું "Dreams" નામનું પુસ્તક મને ઘણું ગમ્યું.

આ હકીકત મેં સ્વામીજીને કહી હતી અને તેમણે જણાવ્યું કે આથી ભય રાખવાનું કારણ નથી. વખત જતાં એ સ્થિતિમાં પણ શાંતિ આવશે, પરંતુ એ સ્થિતિનો લાભ મને મળી શકયો નહિ, જો કે એ સ્થિતિ લાવવાનો રસ્તો જણાયો, પણ એ તો મારા તે વખતના ગજાબહારની વાત લાગી. છતાં સ્થિતિની સમજણ પડી એટલો લાભ તો થયો જ.

યોગાભ્યાસ દરમિયાન મને એક ખાસ લાભ એ મળ્યો કે મારી ઊંઘ ઘણી ઓછી થઈ. મને દરરોજ આઠ કલાકની ઊંઘ જોઈતી અને ઓછી થાય તો બેચેની જણાતી. પણ આ ક્રિયા પ્રસંગે ચારથી પાંચ કલાકની ઊંઘ મને બસ થતી. ઓછી હોય તો પણ બેચેની લાગતી નહોતી.

આ વખતમાં મારામાં શક્તિ સારી આવી રહેતી. મારી નોકરીના પ્રસંગમાં ગમે તેવી વિટંબણા આવી હોય, છતાં ઘણી જ સારી રીતે હું કામ કરી શકતો. કામ સમજવામાં અને તેનો નિકાલ કરવામાં સારી સ્ફૂર્તિ મેં અનુભવી. શરીરમાં સમતોલપણું લાગતું હતું અને આત્મસંતોષ સારી રીતે અનુભવાતો હતો.

અપુર્ણ **સ્વ. સર મણિલાલ બાલાભાઈ નાણાવટી**

'જૈન ધર્મનું હાર્દ'

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૯-૬૭ના અંકમાં પ્રગટ થયેલ 'જૈન ધર્મનું હાર્દ'એ મથાળા નીચે પ્રગટ થયેલ લેખે અનેક મિત્રો તેમજ ભાઈ બહેનોનું આકર્ષણ કર્યું છે. આવા જ એક મિત્રે તે લેખને એક નાની પુસ્તિકાના આકારમાં છપાવીને તૈયાર કરાવી આપવાની માંગણી કરી અને તે માટે જરૂરી આર્થિક સહાય આપવા ઈચ્છા દર્શાવી. તે મુજબ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. તેની કિંમત ૨૫ પૈસા રાખવામાં આવી છે–પોસ્ટેજ અલગ. જે કોઈને તે પુસ્તિકાનો ખપ હોય તેમને નીચેના ઠેકાણેથી મંગાવી લેવા વિનંતિ છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩. **તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'**

મારી ધર્મનિષ્ઠા

અહીં પૃથ્વી ઉપર આપણી સ્થિતિ કાંઈક વિચિત્ર છે. જેની પાછળનો હેતુ આપણને જ્ઞાત નથી એવી એક નાનકડી સફર માટે આપણે દુનિયા પર આવીએ છીએ અને ઘણીવાર એ આગમન પાછળના ઉદ્દેશને સમજવાના પ્રયાસ કરીએ છીએ.

એમ છતાં દરરોજના જીવનની દૃષ્ટિએ વિચાર કરીએ ત્યારે આપણને ખબર પડે કે આપણને પૃથ્વીના આ ગ્રહ પર જીવન મળ્યું છે તે અન્યને માટે મળ્યું છે. કેવળ એ લેકો જ નહિ કે જેમના ચહેરા પરનાં સુપ્રભાતી સ્મિતો અને જીવનની સમૃદ્ધિ પર આપણા પોતાના સુખનો આધાર રહ્યો છે, પણ એવા કેટલાય અપરિચિત, અદીઠ આત્માઓ માટે કે જેમના ભાગ્ય સાથે અદૃષ્ટપણે આપણે સહાનુભૂતિના દોરથી જોડાયેલા છીએ. મને પોતાને જ દિવસમાં વારંવાર એ વસ્તુનો ખ્યાલ આવે છે કે મારું પોતાનું જ આંતરિક તેમ જ બાહ્ય જીવન, જેઓ જીવંત છે તેમ જ જેઓ અનંતની નિદ્રામાં સૂતા છે તે મારા સકળ માનવ બંધુઓના કેવા શ્રમ પર નિર્ભર રહ્યું છે! અને એટલા માટે જ, મને જે કાંઈ પ્રાપ્ત થયું છે તેનું ઋણ ચૂકવવા માટે ઘણું કામ કરવું જોઈએ. અન્ય માનવીઓના પરિશ્રમનું કેવું ભારે ઋણ મારા મસ્તક પર છે એ યાદ આવતાં મારી મનઃશાંતિ ઘણીવાર ક્ષુબ્ધ થઈ જાય છે.

મને એવું કયારે ય લાગ્યું નથી કે તાત્ત્વિક અર્થમાં માણસને કયારે ય પૂર્ણ સ્વાતંત્ર્ય હોઈ શકે. આપણે કેવળ બાહ્ય પરિબળોના દબાણને નહિ, આંતરિક આવશ્યકતાઓને પણ વંશ થઈને જ કામ કરવું પડે છે. મને યાદ છે કે હું જયારે તરુણાવસ્થામાં હતો, ત્યારે શોપનહોરની પેલી ઉકિત - 'માણસ ઈચ્છે તે કરી શકે છે, પણ તેણે શું ઈચ્છવું તે નક્કી કરી શકતો નથી' - એણે મારા મન પર એક ઊંડી છાપ મૂકી હતી. અને એટલે જ, જયારે જયારે જીવનમાં યાતનાઓએ મને ઘેર્યો છે કે અન્યની પીડાઓના સાક્ષી બનવાનું મારે ભાગે આવ્યું છે, ત્યારે આ ઉકિતની સ્મૃતિએ મને એક પ્રકારની સાંત્વના આપી છે.

આ કથનમાં જરા વિનોદ રહેલો છે, પણ તેણે હંમેશ મારી સહિષ્ણુતાને જાળવી છે. આપણી કે બીજાની જાત પ્રત્યે અતિ ગંભીરતાથી જોતાં તે આપણને અટકાવે છે.

પોતાના અસ્તિત્વનાં કારણ ને જીવનના હેતુ વિષે વિચાર કર્યા કરવો એ તટસ્થ દૃષ્ટિએ જોતાં મને એક મૂર્ખતા લાગે છે. અને એમ છતાં દરેક માનવી પોતાને માટે આદર્શોનો એક દીવો પ્રગટાવી રાખે છે જે તેની આકાંક્ષાઓ અને નિર્ણયોના માર્ગ પર પ્રકાશ વેરે છે. મારો દીવો શિવ, સત્ય અને સૌંદર્યના આદર્શથી પ્રકાશિત છે અને તેણે મારા જીવનને આનંદિવિભોર કરી મૂકયું છે. સુખ કે સગવડના અંતિમ ધ્યેય પ્રતિ જીવનયાત્રાની દિશા હોય એ વિચાર તો મારા મનને કદી સ્પર્શ્યો નથી. એવા પાયા ઉપર ઊભા થયેલાં નીતિધોરણો તો કેવળ પ્રાણીઓના સમૂહને જ સંતોષી શકે.

કલા અને વૈજ્ઞાનિક સંશોધનોમાં, જે ચિર અપ્રાપ્ય છે તેની ખોજ કરવા માટે સમાનવૃત્તિ ધરાવતા બીજા લોકો સાથે સહકારપૂર્વક કામ કરવાની ભાવના સિવાય મારું જીવન શૂન્ય બની ગયું હોત. સામાન્યતાની જે સીમાઓએ માનવીની આકાંક્ષાને આબદ્ધ કરી છે તેની પ્રત્યે મેં પ્રારંભથી જ તિરસ્કાર સેવ્યો છે. સ્વામિત્વ, સફળતા, કીર્તિ, વૈભવ–આ બધી ચીજો મારે માટે હંમેશ ક્ષુદ્ર રહી છે. સાદું ને નિરાડંબર જીવન–સહુ કોઈને માટે એ જીવન શ્રેષ્ઠ છે અને તેથી શરીર તેમ જ આત્મા બન્નેને વધુ લાભ થાય છે.

સામાજિક ન્યાય ને સામાજિક જવાબદારી - એ બન્ને પ્રત્યેની મારી જાગૃતિ તીવ્ર છે. એમ છતાં એથી તદ્દન અસંગત કહી શકાય એ રીતે, દુનિયાનાં નરનારીઓના સીધા સંપર્કમાં આવવાની ઈચ્છાનો બિલકુલ અભાવ રહ્યો છે. કોઈ મોટા સમૂહનો હું અંશ બની શકતો નથી. એટલે જ સંપૂર્ણપણે હું કયારે ય કોઈનો બની શકતો નથી. ન રાષ્ટ્ર કે રાજ્યનો, ન મારા મિત્રવર્તુલનો, ન મારા પોતાના કુટુંબી આપ્તજનોનો. આ સર્વ સાથેના મારા સંબંધોમાં હંમેશ એક પ્રકારની અસ્પષ્ટ દૂરતા રહી છે. જેમ વરસો વીતતાં જાય છે, તેમ મારી અંદર સમાઈ જવાની મારી ઈચ્છા પ્રબળ થતી જાય છે.

ભરેલા જગતમાં આવી એકલતાની છાયા કોઈક વાર દુઃસહ લાગે છે, પણ બીજા લોકોની સમજ ને સહાનુભૂતિથી હું કેટલો દૂર પડી ગયો છું એ જોઉં છું, ત્યારે એને માટે રંજ નથી થતો. અલબત્ત, આમ કરવામાં મારે કશુંક ગુમાવવું પડે છે, પણ સામે મને એનો પુરસ્કાર પણ મળી જ રહે છે. પ્રણાલિકાઓ, અન્ય માનવીઓના અભિપ્રાયો કે પૂર્વગ્રહોથી હું મુકત રહી શકું છું અને એવા ચંચળ પાયા પર મારી શાંતિની ઈમારત બાંધવાનું મને કદિ પ્રલોભન થતું નથી.

જિંદગીના આ વ્યાપક કોલાહલમાં સહુથી અગત્યની વસ્તુ રાષ્ટ્ર નથી, પણ સર્જનાત્મક ચિરંતન વ્યકિત છે–એ વ્યકિત જે પોતાના નિરાળા વ્યકિતત્વદ્વારા કંઈક ઉન્નત ઉર્ધ્વગામી સર્જે છે, જયારે સામાન્ય લોકસમૂહ વિચારોમાં મંદ અને સંવેદનામાં શિથિલ રહી જાય છે.

આ લખતાં મને યાદ આવે છે સમૂહમાનસનું વિકૃતમાં વિકૃત ફરજંદ - ઘૃણિત લશ્કરવાદ. સંગીતના તાલ પર હારબદ્ધ ગોઠવાઈને કૂચ કરવામાં જે આનંદ અનુભવે છે, તેના પ્રત્યે મને તિરસ્કાર થઈ આવે છે. એનું મગજ એને ભૂલથી મળ્યું હોવું જોઈએ–કેવળ કરોડરજજુ એને બસ થઈ પડત. આ આજ્ઞાંકિત વીરત્વ, બુદ્ધિહીન શૌર્ય, રાષ્ટ્રભકિતની આ વિનાશકારક ધૂન - કેટલી તીવ્રતાથી હું આ બધી વસ્તુઓને ધિક્કારું છું! યુદ્ધ અતિશય હલકી ઘૃણાજનક ચીજ છે. એમાં ભાગીદાર બનવા કરતાં હું મારી કાયાના ટુકડે ટુકડા થઈ જાય એ વધુ પસંદ કરું.

યુદ્ધ જેવા માનવજાતિ પરના ઘૃણિત લાંછનને વિના વિલંબે ભૂંસી નાંખવું જોઈએ. વ્યાપારી તેમ જ રાજકીય કારણોસર શિક્ષણ તેમ જ અખબારો દ્વારા રાષ્ટ્રની સામાન્ય સમજને પદ્ધતિસર વિકૃત ન કરવામાં આવી હોત તો એ લાંછન કયારનું યે ભૂંસાઈ ગયું હોત એટલું માનવા જેટલો મને હજુ માનવસ્વભાવમાં વિશ્વાસ છે.

જીવનમાં સૌથી સુંદર શું છે? આપણી અનુભૂતિઓમાં રહેલી રહસ્યમયતા. સકળ કલા અને વિજ્ઞાનનો એમાંથી જ ઉદ્‌ભવ થાય છે. આ ઊર્મિથી જેઓ અજાણ્યાં છે, રસ્તા પર કશુંક જોતાં, થોભી જઈને આશ્ચર્યમુગ્ધ હૃદયે ઊંડા આનંદમાં જેઓ ડૂબી જઈ શકતાં નથી તેઓ નિષ્પ્રાણ છે, તેમનાં નેત્રો બિડાયેલાં છે. જિંદગીના રહસ્યની આ રેખાનુભૂતિએ જ, ભયથી તે વ્યાપ્ત હોવા છતાં, ધર્મને જન્મ આપ્યો છે. જેને આપણે અત્યંત ઝાંખા સ્વરૂપમાં જ જોઈ શકીએ છીએ, જેને અભેદ્ય ને અગમ્ય માનીએ છીએ, તે ખરેખર છે જ, એટલું જ નહિ પણ, એ સર્વશ્રેષ્ઠ પ્રજ્ઞા અને અતિ તેજસ્વી સૌંદર્ય દ્વારા પોતાનો આવિર્ભાવ કરતું રહે છે - એ હકીકતનું જ્ઞાન, એવી લાગણી જ સાચી ધાર્મિકતાના કેન્દ્રમાં રહેલી છે. આ અર્થમાં અને માત્ર આ જ અર્થમાં, હું પણ મારી જાતને એ લોકોની પંકિતમાં મૂકું છું, જેઓ અનન્ય ધર્મનિષ્ઠાથી યુકત છે.

પોતાના સર્જનને જે દુઃખની સજા કે સુખની સોગાદ આપે એવા ઈશ્વરની હું કલ્પના કરી શકતો નથી. જેના હેતુઓને માનવીએ એના પોતાના ખ્યાલોથી નિશ્ચિત કર્યા છે, અને જે માનવીની ક્ષણિકતાના પ્રતીક સિવાય બીજું કશું જ નથી એવા ઈશ્વરનો કલ્પના મેં કરી નથી. મારે માટે તો એટલું જ વિચારવું બસ છે કે ચેતનમય જીવનનાં ગૂઢ રહસ્યો અનંતની સકળ લીલામાં પોતાનો પ્રસાર કરે છે. જેને આપણે અતિ સ્વપ્નરૂપે જોઈ શકીએ છીએ એ નિખિલ બ્રહ્માંડના અદ્‌ભુત આલેખનને નીરખવું અને પ્રકૃતિ દ્વારા આવિષ્કૃત થયેલા એના અલ્પતમ અંશને સમજવાનો પ્રયાસ કરવો એ મારે માટે પૂરતું છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન

(૧૬-૭-૬૭ ના 'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત)

વેદમૂર્તિ પંડિત સાતવળેકરજી

(તા. ૨૪-૯-૬૭નો જન્મભૂમિ-પ્રવાસીમાંથી સાભાર ઉધ્ધૃત)

વેદમાર્તંડ મહામહોપાધ્યાય પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરને ગઈ તા. ૧૯ મી સપ્ટેમ્બરે ૧૦૦ વર્ષ પૂરાં થયાં અને ૧૦૧ મા વર્ષમાં તેઓ પ્રવેશ્યા. એમણે એમનું આયુષ્ય વૈદિક સાહિત્યના અભ્યાસ અને સંશોધનને સમર્પણ કર્યું છે. હજુયે એમની આ વિદ્યાસાધના વણઅટકી ચાલી રહી છે એ દેશનું સદ્‌ભાગ્ય છે. ૧૦૦ વર્ષ પૂરાં થવા છતાં યે એમને એમ નથી લાગતું કે એમને માટે નિવૃત્ત થવાનો અને અનેક પ્રવૃત્તિમાંથી પોતાની જાતને ખેંચી લેવાનો સમય આવ્યો છે. હજુ તો એમને એમ લાગે છે કે પોતાના શેષજીવનમાં હજુ ઘણું બધું સંશોધન કરવાનું છે, વૈદિક સાહિત્યમાંથી અભ્યાસ કરીને ઘણું પ્રગટ કરવાનું છે. આવા પ્રતિભાશાળી કર્મશીલ વિદ્વાનને ૧૦૦ વર્ષ પૂઠાં થાય એ સામાન્ય બનાવ નથી.

પંડિત સાતવળેકરે કેવળ વેદાભ્યાસ અને સંસ્કૃત ભાષાના પ્રચારનું કામ જ કર્યું હોત તો પણ એ ક્ષેત્રોમાં તેઓ ચિરંજીવ બની રહે એટલું પ્રદાન એમણે કર્યું છે. પરંતુ રાષ્ટ્ર અને સમાજની બીજી અનેકવિધ સેવા એમણે બજાવી છે. સ્વાતંત્ર્ય મળ્યા પૂર્વેના સમયમાં વિદેશી સરકારની ખફગીનો ભોગ પણ તેઓ બન્યા હતા, એમના પર રાજદ્રોહનો આરોપ મૂકી ખટલો ચલાવવામાં આવ્યો હતો અને એમને સખત કેદની સજા પણ ફરમાવવામાં આવી હતી. અત્યારે એમનો મોટા ભાગનો સમય વેદોના અભ્યાસ અને સંસ્કૃત ભાષાને લોકપ્રિય બનાવવા અંગેની પ્રવૃત્તિઓ પાછળ જાય છે પણ તેઓ એક અચ્છા કલાકાર છે એ પણ આપણે ભૂલવું નહિ જોઈએ.

૪૦૦ ઉપર ગ્રંથ

એમના વર્ષોના અભ્યાસ અને સંશોધનના પરિપાક રૂપે એમણે લખેલા, સંપાદન કરેલા કે અનુવાદ કરેલા ગ્રંથોની સંખ્યા ચારસો ઉપર થવા જાય છે. હજુયે એમની લેખન પ્રવૃત્તિ ચાલુ છે અને એમના તરફથી વૈદિક સાહિત્ય વિશે વિશેષ ગ્રંથો મળશે એમાં શંકા નથી. એમના મનમાં નવી નવી યોજનાઓ અને વિચારો આકાર લેતા જ રહે છે અને મુશ્કેલી વેઠીને પણ તેઓ એને અમલમાં મૂકતા જ હોય છે. એમના કહેવા મુજબ ૧૨૦ વર્ષનું આયુષ્ય ભોગવવાની એમની મનોકામના છે.

૧૮૫૭ નો અગ્નિ લગભગ ઠરી ગયો હતો ત્યારે ૧૮૬૬ ની ૧૯ મી સપ્ટેમ્બરે મહારાષ્ટ્રના સાવંતવાડી જિલ્લાના કોલગાંવ નામના ગામમાં દામોદર ભટ્ટ નામના એક ગરીબ બ્રાહ્મણને ત્યાં એમનો જન્મ થયો. સાવંતવાડીમાં જ એમનું શિક્ષણ શરૂ થયું. આ સાથે એમના કુટુંબની પરંપરા અનુસાર શાસ્ત્રીય વૈદિક અધ્યયન પણ એમણે શરૂ કર્યું. આ શિક્ષણ લેતાં લેતાં રેખા અને રંગનો ઉપયોગ પણ એમણે કરવા માંડયો. પોતે સાવંતવાડીમાં જે શિક્ષણ લઈ રહ્યા હતા. એ લેવાનું ચાલુ રાખવું કે ચિત્રકલાનો અભ્યાસ કરવો એવી દ્વિધાભરી સ્થિતિમાં તેઓ મૂકાયા. પણ પ્રારંભમાં ચિત્રકલાનો વિજય થયો. તેઓ ૧૮૮૯ માં મુંબઈ આવ્યા અને જે. જે. સ્કુલ ઑફ આર્ટમાં ચિત્રકલાનું શિક્ષણ લઈ એમાં પારંગત થયાં. જે જમાનો રાજા – મહારાજાઓનો હતો. તેઓ કલાકારો અને બીજાઓને આશ્રય આપતા હતા. સાતવળેકરજીએ નિઝામ હૈદરાબાદ પસંદ કર્યું. ત્યાં એમણે પોતાની કલાથી – ખાસ કરીને એમના તૈલચિત્રોથી–સારી ખ્યાતિ મેળવી.

વેદોનો અર્થ

હૈદરાબાદમાં જ એમને આર્યસમાજ સાથે પરિચય થયો. ચિત્રકલાની સાથે એમનો સંસ્કૃતનો અભ્યાસ તો ચાલુ જ હતો. એમણે મહર્ષિ દયાનંદની રચનાઓ 'સત્યાર્થ પ્રકાશ' અને 'ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા' નું મરાઠીમાં ભાષાંતર કર્યું. એમણે મેકસમુલર અને બીજા વિદેશી વેદ ભાષ્યકારોના ગ્રંથોનો અભ્યાસ કર્યો. એમાંથી એમના મનમાં એવો પ્રશ્ન જાગ્યો કે આ ભાષ્યકારોએ પોતપોતાની સમજણ અનુસાર કરેલો વેદોનો અર્થ બરાબર છે? વૈદિક ઋચાઓનો કોઈ ભિન્ન અર્થ ઋષિઓને અભિપ્રેત નહોતો? આ પ્રશ્ન પંડિતજીના મનમાં ઉદ્‌ભવતાં એમણે એમાં ઊંડાં ઊતરવા માંડયું અને એમના અભ્યાસનું ફલક ઘણું વ્યાપક અને ઊંડું થઈ ગયું.

વૈદિક રાષ્ટ્રગીત

પંડિતજીનો હૈદરાબાદનો વસવાટ પૂરો થયો અને તેઓ હરિદ્વાર ગયા. હરિદ્વારમાં સ્વામી શ્રદ્ધાનંદજીના ગુરુકુળમાં વેદવિદ્યાના પ્રાધ્યાપક તરીકે કામ કરતા હતા. એ વખતે એમણે 'વૈદિક પ્રાર્થનાની તેજસ્વિતા' નામનો એક લેખ લખ્યો હતો અને કોલ્હાપુરમાંથી પ્રગટ થતા 'વિશ્વવૃત્ત' નામના માસિકમાં એ પ્રગટ થયો હતો. એ પછી 'વૈદિક રાષ્ટ્રગીત' ના નામે પુસ્તિકા રૂપે એ પ્રગટ થયો હતો. આ પ્રકાશનોમાં બ્રિટિશ સરકારને રાજદ્રોહની ગંધ આવી. બ્રિટિશ સરકારે આ પ્રકાશનો જપ્ત કર્યા અને લેખક, સંપાદક, મુદ્રક તેમ જ પ્રકાશક પર રાજદ્રોહનો આરોપ મૂકી એમને સાડાત્રણ વર્ષની જેલની સજા ફટકારી. લેખક ત્યારે પકડાયા નહોતા. પણ જ્યારે પકડાયા ત્યારે હાથકડી પહેરાવી એમને કોલ્હાપુર લાવવામાં આવ્યા હતા અને જેલમાં ગોંધવામાં આવ્યા હતા. સજા સામે જે કે અપીલ કરવામાં આવી હતી અને દોઢ વર્ષે બધાને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવ્યા હતા. આ રીતે પંડિતજીનું વૈદિક રાષ્ટ્રગીત સળગતા બૉમ્બ જેવું પુરવાર થયું હતું.

જેલમાંથી છૂટયા બાદ પંડિતજી પંજાબમાં ગયા. લાહોરમાં અને બીજે તેઓ કેટલાંક વર્ષ રહ્યા. આ દરમિયાન લાલા લજપતરાયના ગાઢ સંપર્કમાં આવ્યા. જલિયાનવાલા બાગના હત્યાકાંડ બાદ ત્યાં પણ પોલીસ એમના પર નજર રાખવા માંડી. પરિણામે તેઓ ત્યાંથી ઔંધ (મહારાષ્ટ્ર) ગયા અને ૧૯૪૮ સુધી ત્યાં જ રહીને એમણે વેદો, મહાભારત, ઉપનિષદો વગેરે વિશે અભ્યાસ લેખન અને ચિંતન કર્યું. ઔંધમાં એમને એમની પ્રવૃત્તિ માટે અનુકુળ વાતાવરણ મળ્યું અને તેઓ પોતાની પ્રવૃત્તિઓને સારી રીતે વિકસાવી શકયા. ઔંધમાં એમણે 'સ્વાધ્યાય મંડળ' ની સ્થાપના કરી.

પંડિત સાતવળેકરજીએ અનેક અવરોધો અને મુશ્કેલીઓ વેઠીને ચારે વેદોની સંહિતા પ્રગટ કરી અને સાડાચારસો પાનાનો આ ગ્રંથ નજીવી કિંમતે લોકો સુધી પહોંચાડયો. વેદોનું મુદ્રણ ખૂબ જ શુદ્ધ થાય એ માટે એમણે એનાં સેંકડો પ્રૂફ દેશના વૈદિક સાહિત્યના વિદ્વાનોને મોકલ્યા અને પછી જ એનું પ્રકાશન થયું. પંડિતજીએ રામાયણ અને મહાભારતના પ્રકાશનમાં પણ ખૂબ જ રસ લીધો હતો. સંપૂર્ણ સાર્થ વાલ્મીકિ રામાયણનો પ્રત્યેક કાન્ડ એમણે ચાર રૂપિયાની નજીવી કિંમતમાં ગ્રાહકોને આપ્યો હતો. મહાભારત પણ એમણે અનુવાદ સહિત પ્રગટ કર્યું છે. આ ઉપરાંત, એમણે ગીતા પર લખેલી ટીકા 'પુરુષાર્થ બોધિની' પણ ખૂબ જ પ્રશંસા પામી છે.

પંડિતજીએ સંસ્કૃત ભાષાને લોકપ્રિય બનાવવા માટે અથાક પરિશ્રમ કર્યો છે. એમણે સંસ્કૃત સ્વયં શિક્ષકના નામે ચોવીસ પુસ્તક પ્રગટ કર્યા તેમ જ સંસ્કૃતની પરીક્ષાઓ લેવાની વ્યવસ્થા પણ કરી.

અત્યારે ૨૫૦ જેટલા કેન્દ્રોમાં આ પરીક્ષાઓ લેવામાં આવે છે.

૧૯૪૮ માં ઔંધનો એમનો વસવાટ પૂરો થયો. આ વર્ષે મહાત્મા ગાંધીની હત્યા થતાં મહારાષ્ટ્રમાં જે તોફાન થયું એનાથી

પોતાના આશ્રમને બચાવવા માટે એમણે વલસાડના પારડી ગામે જઈને વસવાનું નક્કી કર્યું. પારડીમાં એક વાર જ્યાં દેવળ હતું એ મકાન એમને મળી ગયું. ત્યાં એમણે પોતાનો આશ્રમ કર્યો તેમ જ મુદ્રણાલય અને પોતાના વિશાળ પુસ્તકસંગ્રહને પણ પારડીમાં લઈ આવ્યા.

પારડીમાં વસવાટ

ગુજરાતમાં – પારડીમાં હવે એમની જ્ઞાનસાધના ચાલે છે. હજુ યે વૈદિક સાહિત્યનું સંશોધન – અભ્યાસ કરી એમાંથી નવનીત તારવવાની એમની મનીષા છે. નાના હતા ત્યારે તેઓ નબળા હતા પણ વ્યાયામ અને કસરત કરીને એમણે એમના શરીરને સુદઢ બનાવ્યું છે. વાંચવા માટે એમને આ ઉંમરે ચશ્માની જરૂર પડતી નથી. છેલ્લાં ૩૫ વર્ષ થયા તેઓ હિન્દીમાં 'વૈદિક ધર્મ' અને મરાઠીમાં 'પુરુષાર્થ' માસિક ચલાવે છે. ગુજરાતીમાં પણ એમણે થોડો વખત એક માસિક ચલાવ્યું હતું. હવે એમણે 'અમૃતલતા' નામનું સંસ્કૃત ત્રિમાસિક પણ શરૂ કર્યું છે.

આ રીતે વેદમૂર્તિ પંડિત સાતવળેકરજીએ ભારતીય સંસ્કૃતિની અભૂતપૂર્વ કહી શકાય એવી સેવા બજાવી છે અને હજુ યે એમનો આ જ્ઞાનયજ્ઞ ચાલી રહ્યો છે. એમના ૧૦૧ મા વર્ષે ઈશ્વર એમને મનવાંછિત દીર્ઘાયુષ બક્ષે અને એમની સાધના અને ઉપાસના દ્વારા દેશ અને સમાજને હજુ યે સમૃદ્ધ અને ઉન્નત બનાવે એવી પ્રાર્થના કરીએ.

'મુહપત્તીબંધન શા માટે?'

એક ચર્ચાપત્ર

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ઉપર જણાવેલ મથાળા નીચે પ્રગટ કરવામાં આવેલી નોંધને અનુલક્ષીને મારા મિત્ર પ્રાધ્યાપક કેશવલાલ હિમતલાલ જેમણે વડોદરાની યુનિવર્સિટીમાં ઈતિહાસના અધ્યાપક તરીકે વર્ષો સુધી સેવા આપીને થોડા સમયથી વડોદરામાં જ નિવૃત્તિનિવાસ સ્વીકાર્યો છે અને જેઓ જન્મે સ્થાનકવાસી જૈન છે અને ધર્મસાહિત્યના સારા અભ્યાસી છે તેમના તરફથી એક ચર્ચાપત્ર મળ્યું છે જે, તેમની ઈચ્છાને માન આપીને, નીચે પ્રગટ કરવામાં આવે છે. આ પત્રના જવાબરૂપે તેમ જ પ્રસ્તુત વિષયની વિશેષ આલોચનારૂપે મારે જે કહેવાનું છે તે હવે પછીના અંકમાં રજુ કરવામાં આવશે. -**પરમાનંદ**)

પ્રિય પરમાનંદભાઈ, ૨૩, પ્રતાપગંજ, વડોદરા-૧.
તા. ૨૦-૯-'૬૭.

આપના પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં આવેલું મુહપત્તી ઊપરનું લખાણ વાચ્યું. તે સંબંધમાં આપે ચર્ચા માંગી છે, એટલે આ લખાણ મોકલું છું. યોગ્ય લાગે તો પ્રસિદ્ધિ આપશો.

આપના જેવો જ મારો અનુભવ છે, બલ્કે તેથી વધારે ગંભીર અનુભવ છે. હું જ્યારે ઉપાશ્રયમાં જાઉં છું ત્યારે મુનિમહારાજોને વંદના કરતી વેળા ઘણીવાર મુહપત્તીથી મુખને ઢાંકીને બેઠેલા શ્વેતવસ્ત્રી શ્રાવકો અને મુનિ મહારાજો એમની વચ્ચેનો તફાવત પારખી શકતો નથી. બંને સરખા લાગે છે. બંનેને વંદના કરવામાં વાંધો તો ન હોય, પણ ફરક તો સ્પષ્ટ અનુભવમાં આવવો જોઈએ જ. મુહપત્તી તે પરખને અવરોધક બની જાય છે.

અત્યારે સ્થાનકવાસી ઉપાશ્રયમાં બધાં મુહપત્તીધારી બેઠેલાં હોય છે. પછી તેમને મૌનવ્રત હોય કે નહિ. અગાઉ એ પ્રથા નહોતી, ત્યારે તો વ્રતધારીઓ જ મુહપત્તીઓથી મોં ઢાંકતાં હતાં, બીજાઓ ખુલ્લા મોઢે બેસતાં ફરતાં હતાં. આ પ્રથા રાજસ્થાની, માળવી, પંજાબી મુનિઓએ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ચાલુ કરી છે એવું મારું માનવું છે.

પોષધ વખતે, રાત્રે, બધાં શ્રાવક-શ્રાવિકાઓ મુહપત્તી ઉતારી નાંખે છે, એમાં એમને દોષ લાગતો નથી. હું માનું છું કે રાત્રે સુતી વખતે સાધુ-સાધ્વીઓ મુહપત્તી ઊતારી નાંખી સુઈ જાય છે, હકીકત એવી છે કે મૌન હોય ત્યારે મુહપત્તીની જરૂર રહેતી નથી. તે વખતે વાયુકાય જીવોની હિંસાનો સંભવ રહેતો નથી, તે પ્રમાણે બેસતાં ઊભા રહેતાં જો મૌન જ હોય તો મુહપત્તીની જરૂર રહેતી નથી.

કોઈ કોઈ સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ તેમને વંદના કરતાં શ્રાવક-શ્રાવિકાઓ જો ખુલ્લે મોઢે હોય તો તેમને મુખ ઢાંકીને વંદના કરવા સૂચન કરતાં મેં જોયા છે. વંદના કરતાં મૌન સેવાતું હોય તો વાયુકાય જીવોની હિંસા સંભવતી નથી, એટલે તે વખતે મુખને હથેળીથી કે આંગળીઓથી કે કપડાંથી ઢાકવાની જરૂર રહેતી નથી.

સ્થાનકવાસી સમાજમાં સાધુ-સાધ્વીઓનાં મૃતદેહોના મુખને મુહપત્તીથી આવરી લેવામાં આવે છે તે તો ખરેખર વિચિત્ર, તર્કહીન–સમજ વગરનું છે. કારણ કે મૃતદેહને વાચા સંભવતી જ નથી, અને તેથી તેના તરફથી વાયુકાય જીવોની હિંસા થઈ શકે જ નહિ.

હમણાં મેં સાંભળેલું અને વાંચેલું પણ ખરું કે રાજકોટ મુકામે એક મુનિરાજના ચાતુર્માસ દરમિયાન ઉપાશ્રયમાં આવતા દરેક ઈસમને મુહપત્તી રાખવાની સૂચના કરતા આવતી, અને તે માટે કાપડના તાકાઓને ફાડી તેમાંથી મુહપત્તીઓ દોરા સહિત તૈયાર કરી આપવામાં આવતી અને તેમના મોઢા ઉપર બાંધવા માટે સૂચના કરવામાં આવતી હતી. પરિણામે ઉપાશ્રયમાં હાજરી આપતા બધાં માણસો મુહપત્તીઓથી સજ્જ થયેલાં જોવામાં આવતાં હતાં, આ વ્યવસ્થા ક્રિયાપ્રયોગનો અતિરેક જ કહી શકાય! આ પ્રથા પહેલાં નહોતી.

મારો એક બીજો અનુભવ આપને કહી શકું છું- મુહપત્તી ધારતાં મુખદ્વારા થતાં સાધુ-સાધ્વીઓનાં વ્યાખ્યાનો શ્રુતિપથમાં સ્પષ્ટ, શુદ્ધ પડી શકતાં નથી.

મેં ઘણાં મ્યુઝીઅમો-સંગ્રહસ્થાનો જોયાં છે. તેમાં દિગંબર મહાકાય પ્રતિમાઓ ઊભેલી જોઈ છે. એમના મુખ ઉપર મુહપત્તી બિલકુલ હોતી નથી. દિગંબર સાધુઓ હાથમાં પણ મુહપત્તી રાખતા નથી. શું તેઓ મિથ્યાત્વી છે?

મધ્યકાલીન હસ્તપ્રતોના ચિત્રોમાં મુનિ મહારાજો હાથમાં મુહપત્તી રાખતા દર્શાવવામાં આવે છે, એટલે મુહપત્તીનો ઉપયોગ તો ઘણા જુના કાળથી હતો જ. શબ્દપ્રયોગ પણ સૂચવે છે કે તેનો ઉપયોગ મુખને ઢાંકવા માટે અને વાયુકાય જીવની હિંસાથી દૂર રહેવા માટે થતો હતો તે સ્પષ્ટ છે. પણ દિવસની દરેક પળ માટે મુહપત્તી મુખ ઉપર રાખવાની પ્રથા તો નહોતી તે પણ સ્પષ્ટ છે.

અકબર બાદશાહ અને તેના શાહજાદાઓ, અને હીરવિજયસૂરી અને એમના શિષ્યો એમની મુલાકાતના ચિત્રમાં વિદ્વાન સૂરીજીને મુહપત્તીને હાથમાં ધારણ કરતા દર્શાવવામાં આવ્યા છે, હેમચંદ્રસૂરી અને કુમારપાળના ચિત્રમાં પણ હેમચંદ્રસૂરીએ મુહપત્તીને હાથમાં રાખેલી છે. આ પ્રથામાં ફેરફાર સ્થાનકવાસી સાધુઓએ કર્યો છે અને તેનો આગ્રહ અત્યારે દુરાગ્રહરૂપે અનુભવવામાં આવે છે.

આપ જાણો છો કે હું સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યો છું, મારો સહવાસ સ્થાનકવાસી સાધુઓ સાથે રહ્યો છે. મૂર્તિપૂજક સાધુઓ સાથેનો મારો પરિચય નિકટ છે તે પણ આપ જાણો છો.

મુહપત્તીની યોગ્યતા-અયોગ્યતા, શાસ્ત્ર વિરુદ્ધતા–નહિ વિરુદ્ધતા એ ચર્ચામાં મારે ઊતરવું નથી. પણ એટલું હું જરૂર માનું છું કે ક્રિયાવાદના અનુપાલનમાં ઔચિત્ય રહેલું જોઈએ. નગ્નત્વમાં ઔચિત્ય નથી; મલીન વસ્ત્રો ધારવામાં ઔચિત્ય નથી; શરીરને મલીન સ્વેદયુકત રાખવામાં ઔચિત્ય નથી. સ્થાનકવાસી સાધુઓ માટે મુહપત્તી માત્ર માપદંડ હોઈ શકે નહિ. બીજી અનેક રીતે તેમને જુદા તારવી શકાય તેમ છે અને એમાં કોઈ શક નથી કે કોઈ પણ એક વ્યકિતને અન્ય વ્યકિતથી જુદી તારવવા માટે તેની મુખાકૃતિનું સમગ્ર દર્શન અત્યન્ત આવશ્યક અને ઉપયોગી છે.

સ્નેહાંકિત કેશવલાલ હિ. કામદાર

પ્રકીર્ણ નોંધ

સ્વ. જે. પી. મહેતા

ગયા સપ્ટેમ્બર માસની ૧૭મી તારીખે વયોવૃદ્ધ શ્રી ઝવેરચંદ પાનાચંદ મહેતા–તેઓ વિશેષ જે. પી. મહેતાના નામથી ઓળખાતા હતા–નું ઘાટકોપર ખાતેના તેમના નિવાસસ્થાને ૮૩ વર્ષની પરિપક્વ ઉમ્મરે અવસાન થયું. તેઓ સૌરાષ્ટ્રના લીલીયા ગામના રહીશ હતા. જન્મે સ્થાનકવાસી જૈન હતા. તેમનું ભણતર ચાર ચોપડી જેટલું હતું. તેમના વ્યવસાયી જીવનનો આરંભ માસિક તેર રૂપિયાના પગારથી થયો હતો. કુટુંબની સ્થિતિ બહુ જ સાધારણ હતી, પણ તેઓ આપબળે આગળ વધ્યા હતા. આજથી ૬૦ વર્ષ પહેલાં તેઓ કલકત્તા જઈને વસ્યા હતા, અને જાણીતા ખાંડના વેપારી હાજી શકુર સાથે જોડાયા હતા અને વ્યાપારદ્વારા સારા પ્રમાણમાં ધન કમાયા હતા. બુદ્ધિની વિચક્ષણતા, પ્રમાણિકતા અને વ્યાપારી કુનેહના કારણે કલકત્તામાં એક કુશળ વ્યાપારી તરીકે તેમણે ખૂબ પ્રતિષ્ઠા મેળવી હતી. ઈન્ડોનેશિયા સુધી તેઓ પ્રવાસ પણ કરી આવ્યા હતા. સમય જતાં જાપાનમાં તેમણે પેઢી ખોલી હતી, જે સાત વર્ષ ચાલી હતી. ૧૯૪૦માં તેમના મિત્ર સ્વ. રામજી હંસરાજ કામાણીની પેઢીમાં તેઓ જોડાયા હતા અને મુંબઈ આવીને વસ્યા હતા. તે કંપની સાથે એક વિશ્વાસુ સલાહકાર તરીકે તેમનો છેવટ સુધી ગાઢ સંબંધ રહ્યો હતો. તેમને સાહિત્ય વાંચનનો ખૂબ શોખ હતો; શ્રીમદ રાજચંદ્રનાં લખાણો તરફ તેમને ખૂબ આકર્ષણ હતું; તેમનાં વિચાર વલણો જૂનવાણી નહિ પણ આગળ પડતા સુધારકનાં હતાં; પ્રબુદ્ધ જીવનના તેઓ અત્યન્ત ચાહક હતા. તેમના અવસાનથી સમાજને એક અનુભવી, બુદ્ધિમાન સલાહકાર સજ્જનની અને અંગત રીતે મને એક મુરબ્બી સ્નેહીની ખોટ પડી છે. તેમની પાછળ રહેલ તેમનાં પત્ની તથા એક પુત્ર અને એક વિધવા પુત્રી આપણી હાર્દિક સહાનુભૂતિનાં અધિકારી બને છે.

મહાનુભાવ સ્વ. ફત્તેહચંદ ઝવેરભાઈ ઉપર અંજલિવર્ષા

તા. ૨૪-૯-૬૭ના રોજ મુંબઈ ખાતે ભાટિયા મહાજન વાડીના સભાગૃહમાં ૮૨ જાહેર સંસ્થાઓના ઉપક્રમે શ્રેષ્ઠીવર્ય શ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખસ્થાને સ્વ. ફત્તેહચંદ ઝવેરભાઈના ગુણાનુવાદ નિમિત્તે એક જાહેર સભા યોજવામાં આવી હતી. આ સભામાં ફતેહચંદભાઈને અનેક વક્તાઓએ ભાવભરી અંજલિ આપી હતી અને પ્રસ્તુત ઘટનાના સંદર્ભમાં તેમના જીવનની અનેક ઉજ્જવલ બાજુઓને રજૂ કરતો વિગતવાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ હકીકત તેમણે પોતાના સમાજનો પ્રાપ્ત કરેલો અપ્રતિમ પ્રેમ અને આદર પુરવાર કરે છે. તેમનું જીવન કોઈ નાનાં મોટા પરાક્રમોથી અથવા તો સમાજમાં ક્ષોભ અને પરિવર્તન પેદા કરે એવા કોઈ પુરુષાર્થથી અંકિત નહોતું. આ રીતે તેઓ એક સામાન્ય કોટિ અને શક્તિના માનવી હતા. આમ છતાં પણ, તેમનું જીવન સૌજન્ય, સેવાભાવ, ધર્મપરાયણતા, તત્વજિજ્ઞાસા અને વિચાર તેમ જ આચારની ઉદારતા વડે અર્થસભર બન્યું હતું. આ રીતે તેમણે અસામાન્ય એવા જીવનનું આપણને આલ્હાદક અને પ્રેરક દર્શન કરાવ્યું હતું અને પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું.

સ્વ. ફત્તેહચંદભાઈના સ્મરણમાં શિષ્ઠ સાહિત્યના પ્રકાશન અર્થે તેમના મિત્રો અને પ્રશંસકો તરફથી રૂા. ૩૧,૦૦૦ નું સ્મારક ફંડ ઊભું કરવામાં આવ્યું છે.

કેટલો મોટો વહીવટ ? કેટલો ઓછો વ્યવસ્થાખર્ચ ?

કાઠિયાવાડ ખાદી મંડળ ચલાળા–જિલ્લો અમરેલી, સૌરાષ્ટ્ર–ના મંત્રી નાગરદાસ ગાંધી તા. ૨૫–૮–૬૭ના પરિપત્રદ્વારા પ્રસ્તુત સંસ્થાની કાર્યવાહીનો ખ્યાલ આપતાં જણાવે છે કે:–

"આ સંસ્થા ખૂબજ કરકસર ભર્યો પોતાનો વહીવટ ચલાવી, વ્યવસ્થા ખર્ચની રકમ બચાવી, આવી બચત પોતાના કારીગરોને બોનસરૂપે વહેંચે છે. કારણ કે સંસ્થા માને છે કે કારીગરોના હિતને ધ્યાનમાં રાખી ખાદી સંસ્થાઓ રચાઈ છે અને કારીગરો સંસ્થાની કરોડરજ્જુ છે. તો પછી શક્ય તેટલું તેમના હિતનું રક્ષણ કરવું જોઈએ.

"દર વર્ષે આવી રકમની વહેંચણી કોઈ ક્રાન્ધેય વ્યક્તિની હાજરીમાં અને તેમને હાથે કરવામાં આવે છે. ગત વર્ષે આવી રૂા. ૭૦,૦૦૦ આસપાસની રકમ ખાદી રૂપે આદરણીય મુ. શ્રી મોરારજીભાઈ દેસાઈને હસ્તે આદરણીય મુ. શ્રી. ઢેબરભાઈના પ્રમુખસ્થાને વહેંચવામાં આવી હતી.

આ વર્ષે પણ આવી આશરે રૂા. ૮૦,૦૦૦ની રકમ ખાદી રૂપે વહેંચવાની છે. પણ તે માટે કોઈ સમારંભનું આયોજન કર્યું નથી. પણ સંસ્થાની કામગીરીમાં કારીગરોનો અગ્ર હક્ક છે તે વિચારના સ્વીકારપૂર્વક આ સંસ્થા દર વર્ષે બોનસ વહેંચીને પોતાની ફરજ અદા કરે છે તેની જાણકારી આપને કરવાની રજા લઈએ છીએ.

"આ વર્ષે આ સંસ્થાએ રૂા. ૨૦,૫૬,૬૫૪ નું ઉત્પાદન, રૂા. ૧૧,૬૯,૯૭૭નું જથ્થાબંધ વેચાણ અને રૂા. ૧૫,૩૯,૭૯૧નું છૂટક તથા સરકારને વેચાણ કર્યું છે, જે માટે રૂા. ૧,૦૫,૬૫૪નું વ્યવસ્થાખર્ચ કર્યું છે. એટલે કે આશરે ૨ ૧/૨ ટકા (અઢી ટકા) વ્યવસ્થાખર્ચમાં સંસ્થાએ કામ કર્યું છે."

આ રીતે આ સંસ્થા પોતાની વર્ષભરની આટલી મોટી બચત પોતાના કારીગરોને વહેંચી આપે અને આટલા મોટા વહીવટ પાછળ આટલો ઓછો વ્યવસ્થાખર્ચ–આશરે અઢી ટકા જેટલો–કરે આ બન્ને બાબતો આપણું ખાસ ધ્યાન ખેંચે તેવી છે અને તે માટે તે સંસ્થાના સંચાલકોને અને તે સંસ્થાના આત્મારૂપ મંત્રી શ્રી નાગરદાસ દોશીને અનેક ધન્યવાદ ઘટે છે.

'સ્વાતંત્ર્યદિનનો અદ્‌ભુત મુશાયરો'

'પ્રબુદ્ધજીવન'ના ગતાંકમાં ઉપર આપેલ મથાળા નીચે પ્રગટ થયેલા લેખે અનેક વાચકોનું ધ્યાન ખેંચ્યું છે. અને તેમાં વ્યાપી રહેલા કટાક્ષથી અનેક વાચકોએ ઊંડી પ્રસન્નતા અનુભવી છે. તે કટાક્ષલેખના લેખક તરીકે 'ઠોઠ નિશાળિયો' એવું નામ આપવામાં આવ્યું હતું. આ 'ઠોઠ નિશાળિયો કોણ છે ?' એવા ચોતરફથી પૂછાઈ રહેલા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે તે 'ઠોઠ નિશાળિયો' છે ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપનનું કાર્ય કરતા પ્રો. બકુલ ત્રિપાઠી. તેઓ ગુજરાત સમાચારમાં ઉપરના તખલ્લુસથી નિયમિત રીતે આવા કટાક્ષલેખો લખતા રહે છે.

એક મહત્ત્વનું સંમાર્જન

તા. ૧-૯-૬૭ના પ્રબુદ્ધજીવનમાં 'સ્યાદવાદ એટલે શું ?' એ મથાળા નીચે પ્રગટ થયેલા લખાણમાં નીચેની લીટીઓ આવે છે:–

"શંકરાચાર્યે અદ્વૈતવાદનો પ્રચાર કર્યો; રામાનુજે અદ્વૈતાદ્વૈત અને વલ્લભાચાર્યે વિશિષ્ટાદ્વૈતનો પ્રચાર કર્યો, રામાનુજ અને વલ્લભાચાર્યે દ્વૈતવાદ અને અદ્વૈતવાદ વચ્ચે સમાધાન કરવા સાપેક્ષવાદનો જ પ્રયોગ કર્યો."

પ્રો. કેશવલાલ હિમતલાલ કામદાર પોતાના એક પત્રમાં ઉપરના વિધાનો અંગે નીચે મુજબનું સંમાર્જન સૂચવે છે;

"શંકરાચાર્યે કેવલ અદ્વૈત ચલાવ્યો; રામાનુજ આચાર્યે વિશિષ્ટ અદ્વૈતવાદ પ્રરૂપ્યો; મધ્વ-આચાર્યે દ્વૈત-અદ્વૈતવાદ ચાલુ કર્યો; વલ્લભાચાર્યે શુદ્ધ અદ્વૈતવાદ ઉપદેશ્યો. આ મતભેદોનું સમાધાન સાપેક્ષવાદનું અવલંબન લેવાથી થઈ શકે છે." પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૭, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

અન્તરિક્ષમાં દિવ્ય સ્મારક

ડેનેબ (હંસપુચ્છ) તારકનું 'ગાંધી' નામકરણ કરો!

(અમરેલીના વતની પણ હાલ જેમનો મુંબઈમાં સ્થાયી નિવાસ છે એવા શ્રી પ્રતાપરાય શિવશંકરલાલ મહેતા એક સુખ્યાત સંસ્કાર-સંપન્ન પ્રજાસેવક છે. તેમણે ગુજરાતી જનતાની ખાસ કરીને અમરેલીનાં પ્રજાજનોની--અનેકવિધ સેવાઓ કરી છે. તેમણે આખા દેશમાં અનોખી ભાત પાડે એવું બાલસંગ્રહાલય અમરેલીમાં નિર્માણ કર્યું છે અને ભારતીય બાળસંગ્રહાલય પ્રતિષ્ઠાનના તેઓ અધ્યક્ષ છે. છેલ્લાં દોઢેક વર્ષથી ભારત વર્ષની પ્રજા સમક્ષ તેમણે એવો પ્રસ્તાવ રજુ કર્યો છે કે જેવી રીતે આપણે આકાશમાં દેખાતા અને પ્રમુખ લેખાતા તારાઓમાંથી કેટલાક સાથે ધ્રુવ, અગસ્ત્ય, વસિષ્ઠ એમ એક યા બીજા ઋષિનું નામ જોડતા આવ્યા છીએ એ રીતે હંસ (Sygnus) તારામંડળના પૂચ્છ ભાગમાં આવેલા મુખ્ય તારા 'ડેનેબ' સાથે—હંસપૂછ તારક સાથે—પૂર્વકાળમાં થઈ ગયેલા ઋષિ મુનિઓની સમકક્ષાના એવા આ યુગના મહામાનવ ગાંધીજીનું નામ જોડવું એટલે કે આ 'ડેનેબ'ને આપણે 'ગાંધી' નામથી ઓળખવો. આ તેમના પ્રસ્તાવને દેશના એક યા બીજા ક્ષેત્રમાં પ્રતિષ્ઠા ધરાવતી વિશેષ વ્યક્તિઓનું દા. ત. ડૉ૦ ઝાકિર હુસેન, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ, મોરારજી દેસાઈ, ઉછરંગરાય ઢેબર, દ્વારકાપીઠના જગદગુરૂ શંકરાચાર્ય, ડોલરરાય માંકડ, રવિશંકર મ. રાવળ, મનુભાઈ પંચોળી, હિતેન્દ્ર દેસાઈ, હંસાબહેન મહેતા, વી. વી. ગીરી, જગજીવનરામ, પી. જી. શાહ, મોહનલાલ સુખડિયા, સિદ્ધરાજ ઢઢ્ઢા વગેરેના અનેકનું સમર્થન છે. આ તેમના પ્રસ્તાવનો અખિલ રાષ્ટ્રીય સ્તર ઉપર સ્વીકાર કરવામાં આવે એવી તેમની અપેક્ષા છે. પ્રસ્તુત પ્રસ્તાવને લગતું તેમનું નિવેદન ગાંધી જયન્તીના અનુસંધાનમાં નીચે પ્રગટ કરતાં મને સવિશેષ આનંદ થાય છે. આ તેમના પ્રસ્તાવને મારૂં સમર્થન છે. પરમાનંદ)

અન્તરિક્ષમાં દિવ્ય સ્મારક

"જે સત્યના (ઈશ્વરના) કારણે મૃત્યુ
પામે છે, તે તારા સ્વરૂપે ઉદય પામે છે."

ગાંધીજીની પુણ્યસ્મૃતિ આ દેશને હંમેશા ગૌરવાન્વિત કરી રહી છે. લોકોએ સ્થળે સ્થળે તેવાં સ્મારકો કર્યા છે. 'મહાત્મા ગાંધી માર્ગો' દરેક મોટું શહેર ધરાવે છે. તેમના નામે અનેક રચનાત્મક સંસ્થાઓ સ્થપાતી જાય છે. ગામો અને નગરોને તેમનું પુણ્ય નામ અપાય છે. તેમનાં વિચારો અને તત્વજ્ઞાનનું શિક્ષણ આપણા દેશમાં જ નહીં, વિશ્વની ઘણી યુનિવર્સિટીઓમાં આપવામાં આવે છે. ગામે ગામ તેમની પ્રતિમાઓ ઉભી થતી રહી છે. વિશ્વશાંતિ—ચાહકો જગતભરમાં તેમનાં સત્ય અને અહિંસાનાં માર્ગને કાર્યાન્વિત કરવા મંથન કરી રહ્યાં છે. તેમની જન્મશતાબ્દિના અવસરે તેમની ભૌતિક અને આધ્યાત્મિક સ્મૃતિ અર્થે ભવ્ય કાર્યક્રમો રચાવાનાં છે. તેમાં એક અલૌકિક સ્મારકનો વિચાર સાનુનય રજુ કરૂં છું.

આકાશ દિવ્ય

આકાશ અનેક અદ્‌ભુત જ્યોતિઓ અને દિવ્યોથી સભર અનંત વિશ્વનું સદૈવ દર્શન કરાવે છે. આપણી પ્રાચીન પ્રણાલીઓ તેમાંનાં કેટલાક તારા, ગ્રહો અને નક્ષત્રોને મુનિઓ અને સંતોના નામથી ઓળખાવેલ છે. એ પરંપરાને અનુસરીને એક આકાશી સત્વને 'ગાંધી' એવો નામ સંસ્કાર કરી પેઢી દર પેઢી અનંતકાળ સુધી તેમાંથી પ્રેરણા મેળવીએ. આ નશ્વર સ્મારક નથી. એ એક અંતરિક્ષમાં અમર, અદ્‌ભુત અને અલૌકિક શાશ્વત સ્મારક બનશે.

ભારતનું પ્રાચીન ખગોળજ્ઞાન

પંડિત જવાહરલાલ નેહરૂ કહે છે તેમ, ભારતમાં ખગોળ આકાશવૈભવ નિરખવા પુરતો શોખનો વિષય ન હતો, પણ તે પરાપૂર્વથી શાસ્ત્રીય રીતે વિકસ્યો હતો. સાત સમુદ્રની મુસાફરી કરતા પ્રવાસીઓને તે જ્ઞાન દિશા અને સમય દેખાડવા વ્યવહારિક અને ઉપકારક હતું. વેદ અને પૌરાણિક કાળમાં અને પછી પણ આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કર અને જ્યોતિર્વિજ્ઞાનીઓની પરંપરા સર્જાઈ હતી. જો કે મહારાજા જયસિંહ અને બીજા આ વિષયના વિદ્વાનોએ એ જ્ઞાનને જીવંત રાખવા અને લોકગમ્ય કરવા પ્રયત્નો કર્યા હતા ખરા. પણ પ્રતિદિન મૌલિક સંશોધન ખૂબ ઓછું થતું ચાલ્યું, અને આજનાં અવકાશયુગના જ્ઞાન અને સંશોધનમાં આપણે ખૂબ જ પાછળ રહી ગયા છીએ.

તારાનું વર્ગીકરણ

ગગનના અગણિત તેજોરાશિમાં પ્રથમ આવે એવા પહેલા વર્ગમાં ૨૦ તારાઓ, બીજામાં ૫૦, ત્રીજામાં, ૧૫૦, ચોથામાં ૫૦૦, પાંચમામાં ૧૫૦૦ અને છઠ્ઠામાં ૪૦૦૦ તારા વર્ગીકૃત કરવામાં આવ્યા છે. પ્રાચીન આર્યોએ, બેબીલોનવાસીઓએ, મીસરીઓએ, ગ્રીકોએ અને આરબોએ કરેલા વિભાગો અને નક્ષત્રો ટોલેમીએ સ્વીકાર્યા હતા. આધુનિક ખગોળજ્ઞોએ એ વિભાગની શાસ્ત્રીયતા સ્વીકારી તેને વધુ શુદ્ધ બનાવેલ છે.

પ્રસ્તાવ

એક આકાશીય તેજોમય જ્યોતિ, "ડેનેબ" નામથી ઓળખાતા તારાને ગાંધીજીનાં દિવ્ય સ્મારક રૂપે "ગાંધી"નું નામ આપવાનો પ્રસ્તાવ દેશને ચરણે સાદર કરૂં છું. તે એક શાશ્વત આકાશી પ્રતીક રહેશે. હંસ તારામંડળનો આ એક તેજસ્વી તારક છે. ડેનેબ શબ્દનો અર્થ પક્ષીની પુંછડી છે. એ હંસમંડળમાં પુંછડીની ટોચે આવેલ હોઈ તેને "ડેનેબ" (હંસપુચ્છ) કહે છે. હંસતારામંડળનો તે યોગતારો હોઈ તેને 'આલ્ફા સીગ્નસ" -"હંસ ક" એ નામથી પણ સંબોધાય છે. આ ડેનેબ એ માત્ર સામાન્ય નામ છે. તે તારામાં

એક કરતાં અનેક ગુણધર્મો છે, જેથી મહાત્માજીનાં પુણ્ય નામ સાથે જોડવાની પાત્રતા ધરાવે છે.

હંસ તારામંડળ

અવકાશનાં આ સ્વીકૃત ૮૮ વિભાગો પૈકી હંસ (સીગ્નસ) નામે ઓળખાતા તારામંડળમાં પ્રસ્તાવિત તારો આવેલો છે, આ તારામંડળ ઉતરમાં ૧૯ કલાક અને પાંચ મીનીટ તથા ૨૨ કલાક વિષુવાંશ (રાઈટ એસેન્શન), અને ૨૮' અને ૬૦' કાંતિ (ડેકલીનેશન) માં આવેલ છે. તે શ્વેત શ્યામ નિહારિકાથી રમ્ય બનેલું છે. અહીંથી આકાશગંગાના સર્પીલ બાહુ તરફ જવાય છે.

આ નિહારિકા ઉત્તર અમેરિકાનાં આકાર સાથે ખૂબ સાદૃશ્ય ધરાવતી હોઈ તેને "ઉત્તર અમેરિકન નિહારિકા" પણ કહેવાય છે. આ નિહારિકા આપણા પ્રસ્તાવિત તારા ડેનેબથી પૂર્વે ૩° છે. ડેનેબનાં તેજોરાશિથી તે વધુ ઉજ્જવળ બનેલ છે. તે નિહારિકાના અદ્યતન દૂરદર્શક યંત્રો દ્વારા લેવાયેલા ફોટામાં લંબાવેલી ડોક અને આગળ પડતી ચાંચ, વેગથી ઉડી નીચે ઉતરતા હંસની જે પ્રાચીનોએ કલ્પના કરી હતી તેની તાદૃશ્ય છાપ ઉપસી આવી છે.

કાકાસાહેબ કાલેલકર સાથે ડેનેબતારા અને હંસમંડળ સંબંધમાં પત્રવ્યવહાર થતાં તેઓશ્રી લખે છે:

"સીગ્નસ એટલે હંસ એ પારકા લોકોએ આપેલું નામ સ્વીકાર્યા પછી ડેનેબને હંસપુચ્છ કહ્યા વગર છૂટકો નહોતો. પિતૃભક્ત શ્રવણ પાસે જે તારો દેખાય છે તેને 'ગાંધી'નું નામ આપવામાં ઔચિત્ય છે જ."

જ્યોતિ: શ્રેષ્ટ

આ ડેનેબ—હંસપુચ્છ તારક—વર્ગીકરણના હિસાબે પહેલા વર્ગમાં છે. પ્રસ્તુત તારો સીગ્નસ તારામંડળનાં મુખ્ય તારા પૈકીનો એક મુખ્ય અને પ્રકાશિત તારો છે. ઉડતા હંસની પુંછડીને તે શોભાવે છે.

તારાવિશ્વમાં નરી આંખે દેખાતા અતિ ઉજ્જવલ ૨૦ તારાઓમાં તે ઉજ્જવળતમ પંક્તીનો છે. કરોડો તારાઓમાં પહેલા ત્રણ તારાઓ અગત્સ્ય (કેનોપસ), બાણરજ (રીગલ) અને હંસપુચ્છ છે. તે પૈકી તે એક છે. આમ તે જ્યોતિ: શ્રેષ્ટ (સુપર બ્રીલીઅન્ટ) છે. સાથે સાથે તે વિરાટ શ્રેટ (સુપર જયન્ટ) પણ છે.

દૂર સુદૂર

સૂર્ય પણ એક તારો જ છે. પૃથ્વીથી નવ કરોડ ત્રીસ લાખ માઈલ દૂર છે. પ્રકાશ દર સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલની ગતિ ધરાવે છે. જે મુજબ સૂર્યમાંથી પ્રકાશ પૃથ્વી ઉપર પહોંચતાં ૮.૩૩ મીનીટ થાય છે. આકાશીય સત્વોની દીર્ઘદૂરતા માપવા માઈલો નાના અને ક્ષુદ્ર બની જાય છે: તેથી તેને માટે પ્રકાશવર્ષનું માપ સ્વીકારાયેલ છે. એક પ્રકાશવર્ષમાં અવકાશી પદાર્થ ૫,૮૮૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલ દૂર હોય છે. જ્ય (આલ્ફા સેન્ટૌરી) નામનો તારો પૃથ્વીથી ૪.૩ પ્રકાશવર્ષ દૂર છે. આપણો આ હંસપુચ્છ (ગાંધી) ૬૫૦ પ્રકાશવર્ષ દૂર છે. માઈલમાં ગણીએ તો ૩૮૨૨ નાં આંકડા ઉપર બાર શૂન્ય ચડાવીએ તેટલો દૂર છે. પ્રથમ વર્ગનાં તારાઓમાં તે દૂરતમ છે. છેલ્લી શોધ મુજબ તે ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂર હોવાનું જણાયું છે.

સૂર્ય કરતાં દસ હજારગણો તેજસ્વી

સૂર્ય કેટલો તેજસ્વી છે? તેનાં કરતાં આપણા આ તારાનો તેજાંક દસહજાર ગણો છે. વર્ણપટ શ્રેણી "એ ૨" છે. તે શુભ નીલવર્ણી તારક છે.

એક આકસ્મિક મહાયોગ

આ તારકનો વિષુવાંશ (આર.એ.) ૨૦ કલાક ૪૦.૨ મીનીટ છે, અને કાંતિ (ડેકલીનેશન) ૪૫.૦૯' છે. ખગોળીય ગણનાના આધારે તેની સૂર્ય સાથેની યુતિ (કંજકશન) તા. ૨૮મી જાન્યુઆરીનાં રોજ પ્રતિવર્ષે થાય છે.

આ તારક સૂર્યની પરિભ્રમણ કક્ષાથી થોડો દૂર ઉત્તરે હોઈ, યુતિ પછીનો મોક્ષ—પુનદર્શન—આશરે બે દિવસ પછી થાય છે. તે આધારે તા. ૩૦મી જાન્યુ. (મહાત્માજીના મૃત્યુદિન) ના રોજ ફરી પ્રકટે છે. ડેનેબ તેનો આમ સાયંતારક (ઈવનીંગ સ્ટાર) તરીકે અસ્ત થાય છે, અને તે પ્રભાતતારા તરીકે ઉદય પામે છે. આવો આકસ્મિક યોગ એ કુદરતની કોઈ અકલ્પ્ય બલીહારી ન ગણી શકાય?

આ યુતિના યોગ માટે કાકાસાહેબ તા. ૧૮-૩-૬૬ નાં પત્રમાં લખે છે કે, "એમાં વળી તમારા તાજા કાગળમાં તમે ઉમેરો છો કે, સૂર્યની ડેનેબ સાથેની યુતિ પણ મહાત્માજીનાં બલિદાન દિવસ નજીક આવે છે, એટલે ડેનેબને 'ગાંધી' કહેવાની તમારી સૂચના હું આવકારું છું, એમાં મારું સમર્થન માનજો."

ઉત્તર આકાશમાં વધસ્તંભ

હંસતારામંડળને એક બીજું નામ પણ આપેલ છે. તેમાં તારાઓ આકાશમાં ઈસુનો આબેહૂબ વધસ્તંભ સર્જે છે. આ "હંસ પુચ્છ" તેના શિરે તેજથી ઝળહળે છે. ક્રોસ એ બલિદાનનું અને વિશ્વભ્રાતૃભાવનું પ્રતીક છે. ઈસુ ખ્રિસ્તે જીવનભર તેનો પ્રચાર કર્યો અને તે માટે તેણે બલિદાન આપ્યું. જગત મહાત્માજીનાં ઈસુની જેવા સત્ય ખાતર બલિદાનનાં યોગને પીછાને છે. જેરામે બ્યાજબી કહ્યું છે કે, "શહીદનું લોહી દેવળનાં પાયાનું બીજ છે." આવા ક્રોસના શિરતારકને "ગાંધી" નામ આપવું પ્રશંસાપાત્ર બનશે.

તારો ડેનેબ ધ્રુવપદ પામે છે

પૃથ્વી ફરતી ધરી હંમેશ માટે એક દિશા તાકતી નથી. ધરી ફરતા ભમરડાની પેઠે પૃથ્વી પર ડોલનચાક લે છે. એ સ્હેજ ત્રાંસી ફરે છે. તેનું ડોલન પરિભ્રમણ ૨૫૮૨૭ વર્ષે પુરૂં થાય છે. તે કાળમાં જે તારાઓ તરફ ધરીનું મધ્યબિંદુ આવે છે તે તારા ઉતરતારા બની જાય છે.

ઉત્તરનો અત્યારનો ધ્રુવતારક જો કે તેજસ્વીતામાં બીજા વર્ગનો તારો છે, પણ તેનાં માર્ગદર્શક અને અવિચળ પદ માટે સહુનાં હૃદયમાં તે અનેરૂં આકર્ષણ જમાવે છે. ધ્રુવ અવિચળ છે, પણ તેનાં સ્થાને અચળ નથી. આજે જે સ્થાને ધ્રુવ છે ત્યાં પણ તે પહેલા કાલીય (ડ્રેકો) મંડળનો ધુબન (આલ્ફા ડ્રેકોનીસ) ઉતર તારો હતો. તેના આધારે મીસરવાસીઓએ પીરામીડની સંકલના કરી હતી.

અત્યારે ઉત્તરના માર્ગદર્શક તારા તરીકે ધ્રુવમત્સ્ય મંડળનો ધ્રુવ (પોલીરીસ) વહાણવટીઓને તેમજ વાયુયાનીઓને માર્ગદર્શક બની રહ્યો છે. આની પછી ઉત્તર-તારક તરીકે વૃષપર્વા મંડળ (સીફીયસ)નાં ત્રણ તારા ગામા, બેટા, અને આલ્ફા ઈ. સ. ૪૫૦૦, ઈ. સ. ૬૦૦૦ અને ૭૫૦૦માં ધ્રુવપદને પામશે. આ પછી પૃથ્વીની ધરીની પરિક્રમાનું મધ્યબિંદુ ઈ. સ. ૧૦,૦૦૦ આસપાસમાં ડેનેબ બનશે. આ ડેનેબ (ગાંધી) તે કાળે ઉત્તર ધ્રુવપદ સંભાળશે. આની પછી ઈ. સ. ૧૩૫૦૦માં વીણામંડળનો અભિજિત (વેગા) તારો ઉત્તર-તારક બનશે, ફરી પાછો કાલીય મંડળનો ધુબન ઈ. સ. ૨૩૦૦૦માં આવશે, અને ઉત્તરનો આ ૪નો ધ્રુવ પુન: ૨૮,૦૦૦માં ધ્રુવપદે સ્થાપિત થશે. આ ધ્રુવચક્રનાં તારાઓમાં કોઈ બીજા ત્રીજા વર્ગમાં આવે છે, જ્યારે ડેનેબ અને અભિજિત પ્રથમ વર્ગનાં વધુમાં વધુ તેજોમય જ્યોતિઓ છે.

ઉપસંહાર

આમ ડેનેબ એ 'ગાંધી'નામ પામવા માટે પાત્રતા ધરાવતો સ્વીકરણીય તારો છે. આર્ય સંસ્કૃતિમાં આ રીતે પવિત્ર પુરૂષોને અંતરિક્ષમાં દિવ્યપદ આપવાની પ્રણાલિ છે. આ આપણા દેશની સંસ્કૃતિની નિજી વાત છે. તેમાં આંતરરાષ્ટ્રીય સંમતિની જરૂર નથી.

આ નામ વિધાન વિદ્વાન શ્રી રવિશંકર દાદાની સાન્નિધ્યમાં કાકાસાહેબ કાલેલકરે કરી દીધું છે. અખિલ ભારતીય સ્તર ઉપર પ્રજા તેનો સ્વીકાર અને સત્કાર કરે તે માટે આ નામકરણનો પ્રચાર કરવા વિનંતિ છે. ધ્રુવ, અગત્સ્ય કે વસિષ્ઠની પેઠે ભારતીયોના અંતરને ઉજાળનાર અંતરિક્ષમાં આ દિવ્ય સમારક છે. એ આપણા મહાત્માજી પ્રત્યેનો અમર અર્ઘ્ય છે.

પ્રતાપરાય ગિ. મહેતા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા—૨

(પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ પ્રા. ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાએ લખી આપેલી સમાલોચના)

વ્યાખ્યાનમાળાને છેલ્લે દિવસે પાસે બેઠેલા એક મિત્રને મેં કહ્યું હતું કે, શ્રી પરમાનંદભાઈ આવતીકાલથી આવતા વર્ષની વ્યાખ્યાનમાળાની યોજનાના કામમાં લાગી જશે! આ કેવળ રમૂજ ખાતર નહોતું કહ્યું, પણ વસ્તુસ્થિતિને હળવાશથી રજૂ કરી હતી. એ તો દેખીતું છે કે કોઈ પણ સંકુલ કે બહુજનસાધ્ય યોજના આપોઆપ સિદ્ધ થતી નથી. એવી મહાન કે ભવ્ય નીવડે તેવી યોજનાની કલ્પના અને મનોરથો તો અનેક વ્યક્તિનાં મનમાં ઊઠે–ઊઠતાં હોય છે; પણ તેને વાસ્તવરૂપે સિદ્ધ કરવાનું—સાચા અર્થમાં સિદ્ધ કરવાનું—કાર્ય તો વિરલ વ્યક્તિ કરી શકે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાની યોજનામાં ઉત્તરોત્તર સામર્થ્ય, વ્યાપકતા અને ઊંડાણનાં દર્શન થતાં રહે છે. તેની પાછળ શ્રી પરમાનંદભાઈની પોતાની આ વ્યાખ્યાનો વિશેની કલ્પના અને ભાવના ઉપરાંત જીવનદૃષ્ટિની સમગ્રતા પણ રહી છે. પર્યુષણપર્વ આવ્યું એટલે કે પંદરસત્તર વક્તાઓને બોલાવી વ્યાખ્યાન કરાવી નાખ્યાં એટલે પત્યું એવી એમની ભાવના નથી. ઉલ્ટું, વ્યાખ્યાનમાળાના સમગ્ર પુદ્‌ગલને —Corpus—ને અમુક ઘાટ આપવાની એમની વૃત્તિ રહેતી હોય છે: કેટલાયે વક્તાઓ આરંભમાં કબૂલ કરતા હોય છે કે મારો વિષય તો શ્રી પરમાનંદભાઈએ નિશ્ચિત કર્યો છે અને મારે તેના વિશે બોલવાનું છે! શ્રી પરમાનંદભાઈ પોતે કહે છે કે વ્યાખ્યાનમાળાની યોજના દ્વારા મને આત્મતૃપ્તિ કે આત્મપૂર્તિ—Self-fulfilment—નો અનુભવ થાય છે અને આનંદ થાય છે. પરાર્થને સ્વાર્થરૂપે જોવાની દૃષ્ટિ સાચી જીવનદૃષ્ટિ છે એમ કહી શકાય.

વ્યાખ્યાનમાળાને પ્રથમ દિવસે આરંભમાં પ્રાસ્તાવિક પ્રવચન કરતાં શ્રી પરમાનંદભાઈએ કહ્યું હતું કે આજે આપણે પ્રફુલ્લ મનથી—આનંદના વાતાવરણમાં—મળીએ છીએ; કારણ કે બબ્બે વર્ષના દુકાળના સંકટ પછી આ વર્ષે કુદરતે મહેર કરી છે: ચોમેર ઘણો સારો વરસાદ થયો છે અને આ વર્ષ સારું જશે એવી આશા આપણે રાખીએ છીએ. તે પછી મારા પ્રાસ્તાવિક વચનોમાં મેં શ્રી પરમાનંદભાઈનાં આ વચનનો ઉલ્લેખ કર્યો હતો અને ઉમેર્યું હતું: God has behaved; let us hope, now man behaves: કુદરતે - ઈશ્વરે - પોતાનું કર્તવ્ય કર્યું છે: હવે માનવ પોતાનું કર્તવ્ય કરશે એવી આપણે આશા રાખીએ. આજે ખરેખર પ્રશ્ન થાય છે કે હું, તમે અને આપણે સૌ માનવો આપણી ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરીએ છીએ ખરા? વરસાદ ન થયો હોય અને અનાજની અછત—તંગી - હોય ત્યારે તો ચીજવસ્તુના ભાવ ઊંચા હોય તે સમજાય, પણ વરસાદ સારો થયો હોય અને પુષ્કળ પાકની આશા હોય અને પાક ઉતરે ત્યારે પણ અનાજ વગેરેના ભાવો કૃત્રિમ રીતે ઊંચા જ રાખવામાં નહીં આવે એની અત્યાર સુધીના આપણા અનુભવ ઉપરથી ભાગ્યે જ ખાત્રી રાખી શકાય. સાચી અછત હોય તો ચીજવસ્તુ મળે જ નહિ - મળી શકે નહીં. માનવે સરજેલી કૃત્રિમ અછત હોય ત્યારે ઓછા ભાવે કાયદા પ્રમાણે મળવાની ચીજ મળે નહીં પણ ખુલ્લા બજાર કે કાળા બજારમાં ત્રણ ચાર ગણા વધારે ભાવે એ ચીજ જોઈએ તેટલા પ્રમાણમાં મળી શકે તેનો અર્થ શો? આજે ચોખા, ખાંડ, ગોળ વગેરે જીવનની જરૂરીઆતની વસ્તુઓમાં આવી માનવનિર્મિત અછત પ્રવર્તે છે. ઔદ્યોગિક મંદી હોય તેની સાથે ભાવ - સપાટી ઊંચી રહ્યા કરે એવી આપણી લીલાએ પાશ્ચાત્ય અર્થશાસ્ત્રીઓને પણ મુંઝવી દીધા છે! પ્રજા તરીકે આપણી દૃષ્ટિ આવી વિકૃત હશે ત્યાં સુધી જયવારાની શી આશા રાખી શકાય?

* * *

વ્યાખ્યાનમાળાનો પ્રારંભ **કાકાસાહેબ કાલેલકરના** 'સમન્વય-યાત્રા' વિષેના પ્રવચનથી થયો હતો તે ઉચિત હતું: એ પ્રવચનનો સૂર સમગ્ર વ્યાખ્યાનમાળાના રૂશાયી સૂર જેવો બની રહ્યો હતો. કાકાસાહેબે કહ્યું કે વિજ્ઞાનના વિકાસના આ સમયમાં સંકુચિત —સનાતની - મનોવૃત્તિ ચાલી શકે તેમ નથી. સનાતની મનોવૃત્તિ કાળભગવાનની સાથે નહીં પણ હંમેશાં બે ડગલાં પાછળ હોય છે. આજે ધર્મના ભેદોને કે તેને કારણે વિખવાદોને અવકાશ નથી. અણુબોમ્બના આ સમયમાં યુદ્ધ થાય તો સર્વનાશ જ થાય એવું અમેરિકા અને રશિયાની મહાસત્તાઓ સમજે છે. આજે Thesis, Antithesis and Synthesis—ક્રિયા, પ્રતિક્રિયા અને સમન્વિતક્રિયા—જેવા અત્યાર સુધી શક્ય બનેલા ક્રમને અવકાશ નથી. આજે જીવનયોગ સાધવાનો છે. જયપરાજયની વાતો કરવાની નથી. સર્વનું સહકલ્યાણ સાધવાનું છે. આજે પરંપરાગત અંધશ્રદ્ધા ત્યજીને જે સમાજ વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચારશીલ અને ક્રિયાશલ બનશે તે નેતૃત્વ પામશે. ભારતે આ વાત સમજી લેવી જોઈએ. **શ્રી ધીરુભાઈ** વોરાએ 'સત્યમ્, શિવમ્, સુન્દરમ્'—આ વિષયવાક્યનું વિવેચન કરતાં કહ્યું હતું કે સામાન્ય રીતે સર્વત્ર - પણ ભારતમાં સવિશેષ - સામાજિક બળોનું વર્ચસ્વ ઘણું હોય છે. પશ્ચિમમાં વ્યક્તિનું સ્વાતંત્ર્ય સ્વીકારાયું છે અને જીવનસરણિમાં વ્યક્ત પણ થાય છે; જ્યારે આપણે ત્યાં વ્યક્તિનું મૂલ્ય હજી ઓછું અંકાતું રહ્યું છે અને વ્યક્તિ જીવનનાં બધાં પાસાંઓમાં સમાજના પ્રાબલ્યથી રુંધાતી રહી છે. જે સમાજમાં ઊંડા વિચારનો અભાવ હોય અને બાહ્ય દેખાદેખીમાં રાચતો હોય તે સમાજનું પતન થવાનું જ. વિકાસશીલ સમાજમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચારશક્તિ હોય તેની સાથે —Value Judgments—મૂલ્યભાવના હોવી જોઈએ. આજે બુદ્ધિનો વિકાસ અવશ્ય થયો છે પણ મૂલ્યોની ઉપેક્ષા થઈ છે. પહેલા દિવસનાં આ બંને વ્યાખ્યાનો એકબીજાનાં પૂરક નીવડ્યાં હતાં.

શ્રી રામપ્રસાદ બક્ષીએ "ઉપનિષદોનું હાર્દ" વિશે પ્રવચન કર્યું હતું. ઋગ્વેદસંહિતાના સમયથી તત્ત્વદ્રષ્ટાઓને સમજાયું હતું કે વિશ્વમાં અને વિશ્વરૂપે નજરે આવતી અનેકતાનું મૂળ કોઈ એક જ તત્ત્વ છે, જેને ઉપનિષદકાળના ઋષિઓએ બ્રહ્મ, સત્ વગેરે શબ્દોથી વર્ણવ્યું છે. પરમતત્ત્વ એક છે છતાં તેને પામવાના માર્ગો અનેક છે. જગતને મિથ્યા કહેવામાં આવ્યું છે તેનો અર્થ જગત તુચ્છ —Non existent—છે એમ નહીં - એનું અસ્તિત્ત્વ બ્રહ્મના અસ્તિત્ત્વ જેવું નથી એટલું જ. સત્તા (અસ્તિત્ત્વ)ના પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક એવા ત્રણ પ્રકારો છે. પારમાર્થિક દશામાં એક અને અદ્વિતીય તત્ત્વ સ્વીકારાયું હોવા છતાં, વ્યાવહારિક દશામાં ઈશ્વરનું તત્ત્વ સ્વીકારાય છે; પુણ્ય—પાપ, નીતિ—અનીતિ, ધર્મ —અધર્મ વગેરે ભેદો પણ સ્વીકારાય છે. મોક્ષની સ્થિતિમાં બધા ભેદો ટળી જઈને કેવળ પરમ ઐક્યનો અનુભવ થાય છે. વેદાન્તમાર્ગમાં નીતિને અવકાશ નથી, મોક્ષ પણ વ્યક્તિનો હોવાથી સ્વાર્થીપણાવાળો લાગે છે, કારણકે તેમાં સમાજના ઉત્કર્ષ કે મોક્ષની ઉપેક્ષા થતી દેખાય છે એવા આક્ષેપો કેટલીક વાર કરાય છે, પણ તે પાયાવિનાના છે. ગીતામાં વર્ણવાયેલા સ્થિતપ્રજ્ઞ, ભક્ત, જ્ઞાની, ગુણાતીત કે યોગીનાં લક્ષણો જોવાથી આ વાત સમજાશે. વેદાન્તમાં જ્ઞાન ઉપર ભલે ભાર મૂકાયો હોય, પણ અન્તિમ મહત્ત્વ તો અનુભૂતિ —realization—નું છે.

પ્રાધ્યાપક **દલસુખભાઈ માલવણિયાએ** 'સાર્વભૌમ સ્યાદ્‌વાદ—અનેકાન્તવાદ'નું નિરૂપણ કર્યું હતું. આરંભમાં તેમણે જણાવ્યું હતું કે સાર્વભૌમ વિશેષણ યોજવાનો આશય એ છે કે જૈનેતર પરંપરાઓમાં પણ એક જ દૃષ્ટિને વળગી રહેવાને બદલે અનેક દૃષ્ટિ કે સ્વરૂપો સ્વીકારાયેલાં નજરે આવે છે. અનેકાન્તવાદની પણ પશ્ચાદ્‌-

ભૂમિકા હોવી જોઈએ અને હતી. ઋગ્વેદસંહિતામાં અનેક દેવો છે અને બધા દેવો એક પરમતત્ત્વનાં સ્વરૂપો છે એવું કહેવાયું છે: **एकं सद् विप्रा बहुधा वदन्ति।**, એટલું જ નહીં પણ, જે જે દેવની પ્રાર્થના કરાતી હોય તે તે દેવને અધિદેવ તરીકે માનવાની પદ્ધતિ (Henotheism) સ્વીકારાઈ છે. આ સમન્વયની દૃષ્ટિ ઉપનિષદ–સાહિત્યમાં પણ જુદા જુદા સૃષ્ટિ-વાદો (theories of creation)માં અને તેમાં અભિપ્રેત સમન્વયમાં નજરે આવે છે. શ્રી મહાવીરના સમકાલીન બુધ્ધે અનાત્મવાદનો સિદ્ધાન્ત સ્વીકાર્યો: આત્મા જેવું કોઈ સ્થાયી તત્ત્વ નથી, બધું ક્ષણિક છે અને ક્ષણિક પદાર્થોના પ્રવાહની કલ્પના સ્થાયિપણાનો ભાસ ઉત્પન્ન કરે છે. કર્મનાં ફળ આત્મા વિના બીજું કોણ ભોગવે એ પ્રશ્ન અને એવા બીજા પ્રશ્નોનું નિરાકરણ બૌદ્ધ દાર્શનિકોએ કર્યું છે. ભગવાન મહાવીરે દ્રવ્ય અને પર્યાયનો સિદ્ધાન્ત સ્વીકારીને આ પ્રશ્નનું નિરાકરણ કર્યું છે. ભગવદ્‌ગીતામાં પણ જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય દર્શાવવામાં આવ્યો છે. સાંખ્ય, ન્યાય વગેરે દર્શનોમાં પણ પુરૂષ–પ્રકૃતિની અને સામાન્ય–વિશેષની કલ્પના પણ સમન્વય ઉપર અવલંબે છે. સૌ પોતપોતાની દૃષ્ટિએ જીવનતત્ત્વોને જૂએ અને તે પ્રમાણે જીવનવિધાન આચરે. વિજ્ઞાનનાં પ્રતિપાદ્ય તત્ત્વો વિશે જેમ આપણે શ્રદ્ધા રાખીએ છીએ તેમ અધ્યાત્મનાં તત્ત્વો વિશે પણ અધ્યાત્મના ઉપદેશકોમાં આપણે શ્રદ્ધા સેવવી જોઈએ. હમણાં પશ્ચિમમાં Relativism નામની વિચારસરણી પ્રચાર પામતી જાય છે. તેને અને જૈન સાપેક્ષવાદને કશો સંબંધ નથી એવી ચેતવણી તેમણે આપી હતી.

આવું જ દાર્શનિક સિદ્ધાન્ત નિરૂપતું પ્રવચન હતું. **રે. ફાધર વાલેસનું.** ફાધર વાલેસના 'કુમાર'માં પ્રકાશિત થતા લેખો વસ્તુ, વિચાર, શૈલી અને ભાષાની દૃષ્ટિએ અત્યન્ત આકર્ષણ કરે તેવા હોય છે. તેથી તેમના વિશે શ્રોતાઓમાં વિશિષ્ટ અપેક્ષા હતી તે તેમનાં પ્રવચનોએ સર્વથા સંતોષી હતી એમ કહી શકાય. તેમનો પહેલો પ્રવચનનો વિષય હતો "ભગવાન ઈશુ." આરંભમાં અહિંસા અને સમન્વયના સિદ્ધાન્તોનું ગૌરવ દર્શાવી તેમણે ઈશુના જીવનપ્રસંગોનો સંક્ષેપમાં જ ઉલ્લેખ કર્યો હતો: પ્રધાનપણે તો ઈશુએ કરેલા ધર્મોપદેશનાં કેટલાંક મર્મોનું વિવરણ કર્યું હતું. Fatherhood of God and Brotherhood of man–ઈશ્વર પિતા છે અને માનવો તેનાં સંતાન છે એ ભાવનાનું શ્રી નગીનદાસ પરીખ અને ફા. કવેલીએ ન્યુ ટેસ્ટામેન્ટના કરેલા ગુજરાતી અનુવાદમાંથી કેટલાંક અવતરણો ટાંકીને વિવરણ કર્યું હતું. એ જ રીતે–Service of God through service of man–લોકસેવા દ્વારા ઈશ્વર-સેવાનું સૂત્ર પણ સમજાવ્યું હતું. સંતાન તરીકે ઈશ્વર પ્રત્યે માનવની ફરજો અને પરસ્પર ભાઈભાંડું તરીકેની ફરજો તરફ ધ્યાન દોર્યું હતું.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'ભગવાન મહાવીર' વિષે પ્રવચન કરતાં ભગવાન મહાવીરના જીવનપ્રસંગો અત્યન્ત જાણીતા હોવાથી તેનો થોડો ઉલ્લેખ જ કર્યો હતો: પ્રધાનપણે તેમની તપશ્ચર્યા, તપ:સિદ્ધિ, અહિંસાના સિદ્ધાન્ત વગેરેનું વિવરણ કર્યું હતું. જૈનધર્મ–Severely rational–અત્યન્ત બુદ્ધિનિષ્ઠ છે એમ સમજાવ્યું હતું. શ્રમણો અને શ્રાવકો માટેના આચાર–વિધાનમાં સંયમનું કેવું મહત્ત્વ છે તે દર્શાવ્યું હતું. આત્માને કષાયોથી મુકત કરવો જેથી કર્મ-બંધનો છૂટે અને આત્મા પોતાના સ્વરૂપને પામે એવો જૈનધર્મનો સિદ્ધાન્ત છે. જૈનધર્મ ઈશ્વર કે દિવ્ય પિતાની કલ્પનામાં માનતો નથી. શાસ્ત્રનાં વચનોથી નહીં પણ અનુભવદ્વારા આત્માનું અસ્તિત્ત્વ–પામવાનું છે. freedom of the soul–આત્મા સ્વતન્ત્ર છે એમ જૈનધર્મ માને છે. શ્રી ચીમનભાઈએ પોતાના મુદ્દાઓનું સમર્થન કેટલાંક અવતરણોદ્વારા કર્યું હતું.

શ્રી તારાબહેન શાહે "ગૌતમસ્વામી" વિષે પ્રવચન કરતાં કહ્યું હતું કે જેમ કૃષ્ણને અર્જુન, બુદ્ધને આનંદ તેમ મહાવીરને ઈન્દ્રભૂતિ ગૌતમ હતા. ઈન્દ્રભૂતિગૌતમ વેદમાં પારંગત બ્રાહ્મણ હતા. પાંચસો શિષ્યો સાથે યજ્ઞ માટે આવેલા ત્યારે મહાવીરને સત્કારવા માટે દેવો તે જ નગરમાં આવ્યા હતા તે જોઈને તે મહાવીર પાસે આવ્યા: આત્મા છે કે નહીં તેવો પ્રશ્ન કર્યો; મહાવીર સર્વજ્ઞ હતા; તેણે આત્માના અસ્તિત્ત્વનું પ્રતિપાદન કર્યું, અને ઈન્દ્રભૂતિગૌતમ પોતાના શિષ્યો સાથે મહાવીરના અનુયાયી બન્યા અને ગૌતમ પ્રથમ ગણધરપદ પામ્યા. ગૌતમસ્વામીના જીવનમાંથી અષ્ટાપદ પર્વતારોહણ, અક્ષયપાત્ર વગેરે ચમત્કારપ્રધાન પ્રસંગોનો ઉલ્લેખ કરીને તેનું બુદ્ધિગમ્ય નિરાકરણ કરવા શ્રી તારાબહેને પ્રયત્ન કર્યો હતો. ગૌતમ સ્વામીમાં અભિમાન નષ્ટ થઈ વિવેક, વિનય અને આચાર-શુદ્ધિના સદ્‌ગુણોથી જીવન ઉજ્જવલ બન્યું હતું તેનું વિવરણ કર્યું હતું.

અહીં ઐતિહાસિક હકીકતની દૃષ્ટિએ એક મુદ્દાને સ્પર્શવાનું ઉચિત લાગે છે. શ્રી ચીમનભાઈએ તેમ જ સૌ. તારાબહેને ગૌતમ સ્વામીએ 'આત્મા છે કે નહીં?' એવો પ્રશ્ન ભગવાન મહાવીરને કર્યો હતો અને મહાવીરે આત્મા છે એમ સિદ્ધ કરી આપ્યું હતું એ પ્રસંગનો ઉલ્લેખ કર્યો હતો. હવે ઈન્દ્રભૂતિ ગૌતમ સમર્થ કર્મ-કાંડી–યજ્ઞપ્રક્રિયામાં નિષ્ણાત–બ્રાહ્મણ હતા તે દેખીતું છે. અને કર્મકાંડ અથવા યજ્ઞસંસ્થા સ્વર્ગપ્રાપ્તિને ફળ તરીકે માનતી હોવાથી આત્માના અસ્તિત્ત્વમાં પહેલેથી જ માને છે. તો ઈન્દ્રભૂતિ જેવા કર્મકાંડપ્રવીણ બ્રાહ્મણને આત્મા છે કે નહીં તેવો સંશય થાય એ સંભવે નહીં. તેથી ઈન્દ્રભૂતિગૌતમ મહાવીરના અનુયાયી થયા એ હકીકતના મૂળમાં કોઈ બીજું કારણ હોવાનો સંભવ વધારે છે. અથવા તો મહાવીરે કોઈ જૂદી જ રીતે આત્માનું અસ્તિત્ત્વ સિદ્ધ કર્યું હતું અને તેથી ઈન્દ્રભૂતિ પ્રભાવિત થયા હતા એમ માનવું જોઈએ.

શ્રી મૃણાલિની દેસાઈએ 'મહારાષ્ટ્રના સન્તોનો પ્રજાઘડતરમાં ફાળો' એ વિષય ચર્ચ્યો હતો. રાજાઓનો ઈતિહાસ ઈતિહાસ નથી–પ્રજાનો ઈતિહાસ સાચો ઈતિહાસ છે એવા વિધાનથી આરંભ કરીને તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્રી પ્રજાનો ઈતિહાસ આરંભાયો તેરમી સદીમાં જ્ઞાનદેવથી, જેણે દલિતપીડિતોને ગીતાનું જ્ઞાન આપ્યું, વર્ણાશ્રમને સાચવ્યો, પણ નીચલા વર્ગની પ્રજાને સંસ્કારી. પુંડલીક, સંખુબાઈ, નામદેવ, એકનાથ વગેરે સન્તોએ મહારાષ્ટ્રની પ્રજાને સ્વકર્મનિષ્ઠ, નીતિપરાયણ, દૃઢ ભક્તિભાવવાળી અને નીડર બનાવી. રામદાસ સ્વામીએ શિવાજીના અભિમાનને દૂર કર્યું તે શિલા અને દેડકાનો પ્રસંગ વર્ણવ્યો હતો. આ જીવનપ્રણાલીનું સંતાન બાલ-ગંગાધર ટિળક, સંતોએ મહારાષ્ટ્રમાં મધુરાભક્તિનું 'મા'માં પરિ-વર્તન કર્યું હતું અને અનિષ્ટો સામે પ્રજાજીવનને રક્ષણ આપ્યું હતું.

રે. ફાધર વાલેસના બીજા વ્યાખ્યાનોનો વિષય હતો 'ધર્મ અને વિજ્ઞાન.' આ બે દૃષ્ટિ વચ્ચે પ્રાચીનકાળથી ગજગ્રાહ ચાલ્યા કરે છે અને વૈજ્ઞાનિક સત્યનું પ્રતિપાદન કરવા જતાં ગેલીલીઓ જેવાને કેટલું સહન કરવું પડ્યું હતું તેનો ઉલ્લેખ કર્યો હતો. આજે પણ વિજ્ઞાનનો વિકાસ બુદ્ધિનિષ્ઠ માર્ગે થયા કરે છે અને તેને ઈશ્વરની કે દેવોની આવશ્યકતા જણાતી નથી. પણ ધર્મને જેમ મર્યાદા છે તેમ વિજ્ઞાનને પણ મર્યાદા છે એ લક્ષમાં રાખવું જોઈએ. વિજ્ઞાન દ્વારા વસ્તુ કે વિષયોનાં સ્વરૂપો કે સંબંધો how?–કયે પ્રકારે, કઈ રીતે યોજાય છે તે સમજી શકાય, પણ why?–એ બધાં શા માટે એ સ્વરૂપનાં સંબંધોનાં છે તેનો ઉત્તર વિજ્ઞાન આપી શકે તેમ નથી. તે માટે ધર્મનો આશ્રય લેવો જોઈએ. પ્રેમથી - ભક્તિથી વિજ્ઞાનને–બુદ્ધિને–આર્દ્ર કરવામાં આવે અને વિજ્ઞાન દ્વારા પ્રેમને–ભક્તિને પરિમાર્જવામાં આવે - આ સમન્વયમાં જ જીવનવિકાસ-ની સાચી દિશા છે. વિજ્ઞાન 'આંધળો રાક્ષસ' છે. તેને ધર્મની દૃષ્ટિ મળે તો માનવનો સાચો વિકાસ સધાય.

શ્રીમતી પુપુલ જયકર 'ભારતની સાંસ્કૃતિક કટોકટી' વિષે બોલ્યાં હતાં. આજે કટંબ વિભાજન, વસ્તીવધારો, સંદેશવ્યવહાર (Commu-

nication) અને Technology—વૈજ્ઞાનિક શાસ્ત્રોના વિપુલ વિકાસથી ભારતીય જીવનમાં પણ પરિવર્તન આવ્યું છે. સંયુક્ત કુટુમ્બ અને કુટુમ્બ - વ્યવસ્થા તૂટી પડ્યાં છે, જ્ઞાતિ અને ધર્મની મર્યાદા નષ્ટ થઈ છે. વૈજ્ઞાનિક પ્રગતિને લીધે જગત નાનું બન્યું છે અને સુખના સાધનો વધ્યાં છે. ઈશ્વરની જરૂર રહી નથી. સાંસ્કૃતિક દૃષ્ટિમાં પણ પરિવર્તન આવ્યું છે. આજે એરોપ્લેન, બોમ્બર, પ્લાસ્ટિક-યંત્રો અને કારખાનાંઓ જીવનમાં વણાઈ ગયાં છે. ખજૂરાહો અને અજંતાના કલાકારોએ રંગ, રૂપ, રેખા વગેરે પોતે જીવનમાં જેવાં જીવતા હતા તેવાં આલેખ્યાં છે. આજના કલાકારે નવી જીવન-દૃષ્ટિ અને નવી સાંસ્કૃતિક દૃષ્ટિ કેળવવી પડશે. આજના માનવ સમક્ષ કોયડાઓ આ છે - તેણે Technology ના - વૈજ્ઞાનિક-વિકાસના રાજપથ તરફ વળવું કે પ્રાચીન નીતિનિયમો તરફ—સંસ્કૃતિનાં મૂલ્યો તરફ—વળવું?

શ્રી ઉષાકાન્ત લાદીવાળાએ 'ધર્મ અને વિજ્ઞાનની દૃષ્ટિએ આત્મતત્ત્વ' વિશે બોલતાં કહ્યું હતું કે પ્રાચીન ભારતમાં ઋષિ—મુનિઓએ અને તીર્થંકરોએ આત્મતત્ત્વની ખોજ કરી છે, પણ આજના વિજ્ઞાનના જમાનામાં આત્મતત્ત્વમાં કોઈને શ્રદ્ધા નથી. પણ હવે અમેરિકા જેવા અત્યન્ત સમૃદ્ધ દેશમાં પણ માણસો આત્મતત્ત્વની ખોજમાં રસ લેવા લાગ્યા છે. તેમણે વૈજ્ઞાનિક રીતે આત્મતત્ત્વનું પ્રતિપાદન કરતો નિબંધ લખ્યો છે તેમાં theoretical physics, biology, physiology, classical dynamics, thermostatics) વગેરે અનેક દૃષ્ટિએ વિચારણા કરી છે તેનો ઉલ્લેખ કર્યો હતો. માનવમન અજડ છે - ચેતન - આત્મા છે. પ્રાર્થનાદ્વારા મનની શાંતિ અને માનસિક તેમ જ શારીરિક સ્વાસ્થ્ય મેળવી શકાય છે એમ પ્રતિપાદન કર્યું હતું.

શ્રી રઘુભાઈ શાસ્ત્રીએ 'ઉપવાસનું વિજ્ઞાન' સમજાવતાં કહ્યું હતું કે અમેરિકામાં આ વિષે ઘણા પ્રયોગો અને સંશોધન થયાં છે. તેમણે ઉપવાસનું ધ્યેય, ઉપવાસ કોણ કરી શકે, ઉપવાસ કરવાના પ્રકારો વગેરેનું શાસ્ત્રીય નિરૂપણ કર્યું હતું. જૈનધર્મમાં ઉપવાસનો બહોળો પ્રચાર હોવાથી પ્રવચન માર્ગદર્શક નીવડે તેવું હતું. એટલું ઉમેરવું જોઈએ કે ઉપવાસ કે અન્ય તપના પ્રકારોનું અન્તિમ પ્રયોજન આધ્યાત્મિક છે. આજે યોગનાં આસનો વગેરેનો બહોળો પ્રચાર થાય છે તે શારીરિક સ્વાસ્થ્યના ઉદ્દેશથી જ થાય છે. પણ ઉપવાસ જેવાં વ્રત, યોગપ્રક્રિયા વગેરેનું અન્તિમ ધ્યેય ચિત્તની એકાગ્રતા અને આત્માનું સંધાન સાધવાનું છે. પણ આ આધ્યાત્મિક પાસાનું નિરૂપણ શ્રી શાસ્ત્રીના આજના વૈજ્ઞાનિક ફલકની બહારનું હતું તેથી તેમણે તેનો ઉલ્લેખ કર્યો નહોતો એમ માનવું જોઈએ.

શ્રી બબલભાઈ મહેતાના પ્રવચનનો વિષય હતો 'સર્વોદય એટલે અન્ત્યોદય.' તેમણે કહ્યું કે, સર્વોદયની કલ્પના અને પ્રેરણા ગાંધીજીએ આપણને આપી. ગાંધીજીએ ગ્રામોદ્ધારને પાયારૂપ ગણ્યો અને તેથી ખેતી, ખાદી અને શિક્ષણના વિકાસની હીમાયત કરી. બ્રિટિશશાસન દરમિયાન પ્રજાનો કેટલોક વર્ગ શિક્ષિત અને સંપન્ન બન્યો હતો, પણ પ્રજાની ગરીબી અને અજ્ઞાન તો જેવાં ને તેવાં જ રહ્યાં હતાં. ૧૯૪૭માં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ગાંધીજીની પ્રેરણા ભુલાઈ ગઈ. રાજ્યકર્તાઓએ "સર્વોદય" શબ્દનો બહિષ્કાર કર્યો અને 'સમાજવાદી સમાજ' 'Socialistic Pattern of Society' નો નવો તુક્કો ઉઠાવ્યો! The greatest good of the greatest number' પશ્ચિમે આપેલી સમાજવાદની આ વ્યાખ્યા આચારમાં વ્યક્ત થવા લાગી. આચાર્ય વિનોબાએ પ્રજાને ગાંધીજીએ ચીંધેલા માર્ગ તરફ વાળવા માટે ભૂમિદાન, ગ્રામ-દાનની યોજના કરી: સેવા અને સહકારની ભાવના ઉપર રચાયેલી સમાજવ્યવસ્થાનું વિધાન કર્યું. 'સર્વોદય' માં **સર્વ**નો ઉદય અને સર્વના ઉદયમાં સમગ્ર પ્રજાનો અન્તિમ ઉદય સમાયેલો છે.

શ્રી સનત મહેતાએ 'વિકસતા ગુજરાતનાં નવાં પરિમાણો' વિષે બોલતાં—ગુજરાતના ભૌતિક અને આર્થિક વિકાસની શક્યતાઓ અને તે માટેના આવશ્યક માનવવિકાસની—શિક્ષણવિકાસની જરૂરિયાત—ઉદાહરણો સાથે સ્પષ્ટ કરી. કચ્છમાં બૉક્સાઈટ, છોટાઉદેપુરમાં ફ્લ્યુઓરાઈટ અને અંકલેશ્વર—ખંભાતમાં તેલ—આવાં વિશાળ શક્યતાવાળા ખનિજો કુદરતે ગુજરાતને આપ્યાં છે: પણ ગુજરાતના લોકનેતાઓ આ સંબંધે વ્યાપક અને દીર્ઘદૃષ્ટિ કેળવી શક્યા નથી. હજી ચીલાચાલુ આર્ટ્સ અને સાયન્સ કૉલેજો ખુલતી જાય છે પણ પેટ્રોકેમિકલ - સંકુલ વગેરે ઉદ્યોગો માટે આવશ્યક ઈજનેરી શિક્ષણ આપવાની સંસ્થાઓ સ્થપાતી નથી. જે પ્રજા ભૌતિક વિકાસની સાથે માનવવિકાસ - સામાજવિકાસ - ન સાધે તેનો વિકાસ મર્યાદિત જ રહેવાનો. ગુજરાતના વિકાસમાં ભારતનું હિત સમાયેલું છે એ પણ ભુલવું ન જોઈએ—આ સંનિષ્ઠ યુવાન લોકસેવકની દીર્ઘ અને દૂર દૃષ્ટિ લોકનેતાઓ આપનાવે એવી આશા સેવીએ.

આચાર્ય ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) એ 'આપણી ઉગતી પેઢી અને સમાજ' વિષે પ્રવચન કર્યું હતું. તેમણે કહ્યું કે દરેક પેઢીને લાગે છે કે તેની પછીની ઉગતી પેઢીનાં બાળકો વહી ગયાં છે - શિસ્ત વિનાનાં છે. હકીકત તો એ છે કે બાળકોમાં બુદ્ધિ, કલ્પના, સર્જન-શક્તિ, ઉત્સાહ - બધા ગુણો હોય છે. પણ આપણી શિક્ષણપ્રથા અને સમાજ તેના વિકાસને અવકાશ આપતાં નથી. બાળકોની શક્તિને યોગ્ય દિશામાં વાળવી જોઈએ અને તે સહેલાઈથી વાળી પણ શકાય છે. શ્રી સ્નેહરશ્મિએ બાળકોની વ્યવસ્થાશક્તિ, કલ્પના-શક્તિ, વિવેકશક્તિ વગેરે ગુણોને વ્યક્ત કરતા અને વિકસાવતા કેટલાક પ્રસંગોના વર્ણનદ્વારા આ વાતનું સમર્થન કર્યું હતું. શ્રી. 'સ્નેહરશ્મિ' પ્રતિષ્ઠિત કેળવણીકાર છે; પોતાના અનુભવ—પ્રસંગોની મદદથી તેમણે વિષયને વિશદ રીતે રજૂ કર્યો હતો.

પ્રાધ્યાપિકા ડૉ. ઉષાબહેન મહેતા 'ભારતનું શિક્ષણમાધ્યમ'—આ અત્યંત મહત્ત્વના પણ ડહોળાઈ ગયેલા વિષય ઉપર બોલ્યાં હતાં. આરંભમાં તેમણે કહ્યું કે શિક્ષણનું ધ્યેય શું છે તે પહેલાં નક્કી થવું જોઈએ. શિક્ષણ બૌદ્ધિક વિકાસ માટે હોય કે શિક્ષિત માણસ સારો નાગરિક બને કે શિક્ષણ લઈને કમાણી કરતો થાય - આવાં ધ્યેયો સામાન્ય રીતે સેવાતાં હોય છે. તેમણે કહ્યું કે, પ્રાથમિક કેળવણી માતૃ-ભાષામાં જ હોવી જોઈએ. બાળકનું ઉરતંત્ર માતૃભાષા દ્વારા જ સ્વાભાવિક રીતે વિકાસ પામે. માધ્યમિક કેળવણીમાં પણ માતૃભાષા ચાલે. ઉચ્ચ કેળવણીનો પ્રશ્ન અને તેનું ધ્યેય જૂદાં જ છે. ઉચ્ચ કેળવણી પ્રાદેશિક ભાષામાં અપાય તો કેટલાયે વ્યવહારિક પ્રશ્નો ઊભા થાય અને ભારતવાસી પોતાના જ દેશના બીજા પ્રદેશોમાં વિદેશી બની જાય - અખંડ ભારતની મૂર્તિ ખંડિત થાય. તેથી ઉચ્ચ શિક્ષણ માટે એક જ ભાષા - 'હિન્દી' - માધ્યમ તરીકે હોવી જોઈએ. હિન્દીભાષામાં આજે પૂરતું સામર્થ્ય ન હોય એમ બને પણ સંસ્કૃતભાષાનો વિપુલ વારસો છે: તેમ જ અંગ્રેજી અને બીજી ભાષાઓના શબ્દોથી એને સમૃદ્ધ કરી શકાય. વાસ્તવિક રીતે જોતાં, હિન્દીનો સ્વીકાર આત્યારે શક્ય નથી જણાતો - દક્ષિણભારતના ઉગ્ર વિરોધને કારણે. તેથી જરૂર હોય ત્યાં સુધી હિન્દી અને અંગ્રેજી બન્ને ભાષાઓને ઉચ્ચશિક્ષણના માધ્યમ તરીકે રાખવી રહે.

વ્યાખ્યાનમાળાનું છેલ્લું પ્રવચન **આચાર્ય રજનીશજી**નું 'જીવન' વિશે હતું. ટાગોરની ગીતાંજલીના કાવ્ય - જગતની સ્મૃતિ કરાવે તેવા પ્રસંગ - વર્ણનથી તેમણે આરંભ કર્યો હતો; "દેવ" નો રથ આવે છે, પૈંડાનાં ઘરઘર અવાજ થાય છે, ઘોડાના દાબડા વાગે છે પણ મંદિરમાં પૂજારીઓ સૂતા છે—મૂર્છામાં છે. માનવ પણ સાચા જીવનને ભૂલ્યો છે, તેને—Self-frogetting—આત્મ વિસ્મૃતિ થઈ ગઈ છે. ધર્મના વાદો ગ્રંથો, વચનો, પ્રવચનો, કળાઓ - બધાં જ માનવને જીવનથી વિખૂટો પાડે છે. શ્રદ્ધા - વિશ્વાસ - પરોપજીવીપણું છે - તેમાંથી જીવનનાં દર્શન ન થાય. જીવન - ધર્મ - પામવા માટે શ્રદ્ધાના ઈન્કારપૂર્વક વૈચારિક તેજસ્વીતા - કેવળ વિચારનો સંગ્રહ નહીં પણ વિચારદ્વારા ચેતનાની જાગરૂકતા—અને સાચી જિજ્ઞા-સાથી અનામય સંશય - કુતૂહલવૃત્તિ કેળવવી જોઈએ. સાચો ધર્મ સાચું જીવન - સાચો દેવ - સર્વદેશીય જાગરૂકતા છે. શ્રી રજનીશજીની વિચારધારા અને પ્રવચનશૈલી મંત્રમુગ્ધ કરે તેવાં છે એ વાત જાણીતી છે. આ પ્રવચન પ્રમાણે સાચું જીવન (સાચો દેવ) પામવા માટે મધ્યમ કોટીનો વ્યવહારજીવન જીવતો માનવ તત્પર થાય તો બધી શ્રદ્ધા - બધા પરંપરાગત માર્ગો—ત્યજી દે તે પછી પણ કોઈક માર્ગદર્શનની જરૂર તેને રહેવાની કે કેમ તે મુદ્દાનું વિવરણ રસપ્રદ અને બોધક થાય.

ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

મોઢા આડે મુહપત્તીબંધન શા માટે?: એક સંશોધનાત્મક સમાલોચના

(અંગત પત્રના આકારમાં મળેલી આ સમાલોચનાના લેખક પંડિત બેચરદાસ જીવરાજ દોશી એક મોટા વ્યાકરણશાસ્ત્રી અને જૈન ધર્મના પ્રખર પંડિત છે. તેમણે સંપાદિત કરેલી 'મહાવીર વાણી'ને પૂજ્ય વિનોબાજીએ ઊંડી પ્રસન્નતાભર્યા ઉદ્‌ગારોપૂર્વક આવકારી છે. તેમની વિશેષતા સ્વતંત્ર ચિન્તન અને પોતાના વિચારોના નિડરતાભર્યા નિરુપણમાં રહેલી છે. વિચારોની સ્વતંત્રતા ખાતર તેમણે પોતાના સમાજ તરફથી જે સહન કર્યું છે તેવું ભાગ્યે જ અન્ય કોઈ જૈન વિચારકને સહન કરવું પડ્યું હશે. તેમનો પ્રસ્તુત લેખ મુહપત્તીબંધનના વિષયમાં મૌલિક પ્રકાશ પાડે છે. આ લખાણ મોકલીને તેમણે મારી વિચારણાને વધારે સુગ્રાહ્ય બનાવી છે. તેથી આ તેમનો લેખ પ્રગટ કરતાં હું આનંદ અને કૃતજ્ઞતાની લાગણી અનુભવું છું. **પરમાનંદ**)

૧૨/બ ભારતી નિવાસ સોસાયટી
અમદાવાદ ૬, તા. ૨૪/૮/૬૭, રવિ.

સ્નેહી શ્રી પરમાનંદભાઈ,
સપ્રેમ પ્રણામ.

સપ્ટેમ્બર મહિનાની સોળમી તારીખે અને શનિવારના પ્રબુદ્ધ જીવનમાં 'મોઢા આડે મુહપત્તીબંધન શા માટે?' એ મથાળા નીચે તમે જે નોંધ લખેલ છે તે એકલી જ પણ પ્રબુદ્ધ જીવનના નામને સાર્થક કરવાને સમર્થ છે એમ મને લાગે છે. મારા મનમાં પણ આ અને આવા બીજા અનેક વિષયો અંગે અનેક વિચારો ઘણી ઘણીવાર ઘોળાતા રહે છે, પણ જાણી જોઈને જ એ વિચારોને હું વાચા આપતો નથી. જોઉં છું કે સમાજના ધુરંધર આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુસાધ્વીઓ અમુક રીતે પ્રવાહપતિત થઈને ચાલી રહ્યા છે, તેમાં જ તેમને મોજ છે, આવી ચર્ચાઓને લીધે તેઓ થોડીવાર જરૂર ઊંચાનીચા થવાના અને ચર્ચા કરનારને એક બે શબ્દો ચોપડવાના એ સિવાય બીજું તેઓ કશું કરી શકવા સમર્થ નથી. આવો એક સમય હતો, પણ હવે તો આવી ચર્ચાને તેઓ ભાગ્યે જ જોતા હોય છે. હવે તો તેમની ચામડી વિશેષ જાડી થઈ ગઈ છે. એટલે આવી ચર્ચાની ગોળીઓ તેમને ન લાગતાં તેમની ચામડી જ એ ગોળીઓને પાછી પાડે છે. અસ્તુ, મારે મન તો આવી વિચારપ્રેરક ચર્ચાઓ ઘણી જ ઉપયોગી છે અને નવી પેઢીને વિશેષ પ્રેરક છે. મુહપત્તી શા માટે બાંધવી? ગરમ પાણી પીવાથી અહિંસા કેવી રીતે સધાય છે? પોતાનાં પેશાબ તથા ગંદા પાણી જાહેર રસ્તા ઉપર ઢોળવામાં સંયમ છે.? ચાલુ ભિક્ષાની રુઢી પૌરુષને હણનારી નથી? આ ઉપરાંત વીતરાગ ભગવાનની મૂર્તિ ઉપર ચોડવામાં આવતાં ચક્ષુઓ અને ટીલાં ટપકાં, ચડાવવામાં આવતાં મુગટ અને આભૂષણો, કરવામાં આવતાં ભાતભાતનાં શોભાશણગાર - આ બધું જિનમૂર્તિની ભાવના સાથે સુસંગત છે કે વિસંગત? વગેરે વગેરે અનેક બાબતો તમારી લખેલી ચર્ચા જોઈને મનમાં ઊભી થાય છે. પણ એ અંગે હાલ તો કશું લખવા મન તૈયાર નથી. ફક્ત મુહપત્તી અને તેનો ઈતિહાસ તથા બાંધવાનો હેતુ એ વિશેજ થોડું લખવાની વૃત્તિ અનુભવું છું.

કોઈ સંઘ નવું પ્રસ્થાન કરે ત્યારે પોતાના બાહ્ય પોષાક વિશે ચાલુ રીત કરતાં નવી જ કલ્પના કરતો હોય છે. ખરી રીતે તો આંતરવૃત્તિ વિશે વિશેષ લક્ષ્ય આપાવું જોઈએ, પણ લોકો વચ્ચે રહેવાની અને પોતાની ઓળખ આપવાની જરૂર જણાયાથી આ બાબતનું મહત્ત્વ વધી જાય છે. અમુક લોકો એવા હોય છે કે તેઓ અમુક પોષાકવાળાને જ ભિક્ષા વગેરેનું દાન આપી પુણ્ય ક્માવા તત્પર હોય છે. ભગવાન મહાવીરે તો પોતે કોઈ વેશ જ નહીં રાખેલો. તેમનો દેહ એ જ તેમનો વેશ હતો. તેઓ લોકનિરપેક્ષ હતા. એટલે તેમને એ પોસાયું, પણ તેમની પરંપરા તો લોક ઉપર જીવનારી રહી. એટલે તેમને તો વેષની ઉપેક્ષા કરવી શી રીતે પાલવે? ઉત્તરાધ્યયનસૂત્રમાં કેશી અને ગૌતમના સંવાદમાં શ્રી ગૌતમે સ્પષ્ટ જણાવેલ છે કે લિંગ – વેષની લોક-ઓળખાણ સિવાય કશી જ કિંમત નથી, પ્રધાન તો સંયમની સાધના છે, પણ પાછળની પરંપરામાં જે પ્રધાન હતું તે ગૌણ બની ગયું, અને જે ગૌણ હતું તે પ્રધાન બની ગયું. પહેલાં કહ્યું તેમ શ્રી મહાવીર પાસે ન તો રજોહરણ - પાયલુંછણ - હતું, ન પાત્ર હતું તેમ ન મુહપત્તી હતી તથા કપડું તો નામે ન હતું. ગૌતમાદિક મુનિઓ પણ અચેલક હતા. અંગસૂત્રોમાં જેમણે જેમણે દીક્ષા લીધેલ છે તેમનાં અનેક કથાનકો આપેલાં છે તેમાં રાજપુત્રો, શેઠના પુત્રો, શેઠની પુત્રીઓ, રાજપુત્રીઓ, કુંભારો વગેરેનાં પણ કથાનકો છે. તેમાં એ દીક્ષા લેનારાઓ પાસે માત્ર બે જ ઉપકરણો હોવાની નોંધ છે. એક તો રજોહરણ અને બીજું પાત્ર. તેમાં કપડાની તેમ જ મુહપત્તીની નોંધ મુદ્‌લ નથી દેખાતી. ત્યારે હવે એ પ્રશ્ન થવો સંભવિત છે કે આ મુહપત્તી આવી કેવી રીતે? ગુણરત્નસૂરિએ ષડ્‌દર્શનસમુચ્ચયની મોટી ટીકા લખેલ છે. તેમાં 'બીટા' નામે એક શબ્દ આવે છે. તેની વ્યાખ્યા આપતાં તેમણે જણાવેલ છે કે બીટા એ લાકડાની પટ્ટિકા છે, જેને સાંખ્યમતાનુયાયી મુનિઓ પોતાના મુખ પર બાંધી રાખતા. એ મુનિઓ એમ માનતા કે મુખમાંથી શ્વાસ નિકળતાં ઘણાં જીવોનો વિનાશ થઈ જાય છે, માટે મોઢા ઉપર લાકડાની પટ્ટી રાખી મેલવી જોઈએ. આ બાબતનો જે શ્લોક ગુણરત્નસૂરિએ (સમય ચંદરમો સૈકો) આપેલ છે તે આ પ્રમાણે છે.

'बीटा' इति भारते ख्याता, दारवी मखवस्त्रिका ।
दयानिमत्तंभूतानां, मुखनिश्वासरोधिका ।।

સાંખ્યદર્શનના અનુયાયી મુનિઓના વેષની હકીકત લખતાં ટીકાકારે આ શ્લોક ટાંકેલ છે. 'બીટા' શબ્દની વ્યુત્પત્તિ વિશે કોઈ સમજણ આપી નથી તેમ તે અંગે વિશેષ માહિતી પણ મળતી નથી. ટીકાકારે ભારતમાં એટલે કદાચ મહાભારતમાં આ 'બીટા' શબ્દ પ્રસિદ્ધ છે એમ જણાવેલ છે. આ શબ્દ મહાભારતમાં ક્યાં આવે છે તે અંગે કોઈ માહિતી આપેલ નથી અને એ અંગે કોઈ તપાસ પણ કરવામાં આવી નથી. પણ આ ઉપરથી એટલું તો જણાય છે કે સાંખ્યમતના સાધુઓ જીવદયાને નિમિત્તે મુખ ઉપર લાકડાની પટ્ટી બાંધી રાખતા–બાંધી રાખેલ હોય તો જ મુખ ઉપર લાકડાની પટ્ટી રહી શકે. મોઢા આડી લાકડાની પટ્ટી હોય તો જરૂર મુખમાંથી નિકળતો નિઃશ્વાસ રોકાઈ શકે. આ ગમે તેમ હો, પણ આ દેશમાં એક કાળે સાંખ્યમુનિઓનો એવો સંઘ હશે, જે પોતાના મુખ ઉપર લાકડાની પટ્ટી બાંધી રાખતો હશે. એ સંઘ કેટલો પ્રાચીન હતો એ વિશે કહેવું કઠણ છે, પણ જે સમયના ગુણરત્નસૂરિ છે તે સમયમાં એટલે વિક્રમના ચંદરમા સૈકામાં શ્રી ગુણરત્નસૂરિએ એવા સાંખ્ય મુનિઓને કદાચ જોયા પણ હોય. આ તો વાત લાકડાની પટ્ટીની થઈ, પણ જૈનસંઘમાં વસ્ત્રની મુહપત્તી ક્યારે આવી? એ વિશે વિચાર કરવા જેવું છે. ઉપર કહ્યું તેમ પ્રાચીન જૈન મુનિઓ પાસે માત્ર બે જ ઉપકરણ રજોહરણ અને પાત્ર હતાં. એ સિવાય ત્રીજું કોઈ ઉપકરણ ન હતું. મુહપત્તીનો ઈતિહાસ જુનો જણાય છે. સંભવ છે કે દેવર્ધિગણિની પહેલાં તે આવી ગઈ હોય અથવા સ્કંદિલાચાર્યના સમયની પણ તે હોઈ શકે, આ બાબત કોઈ ઉલ્લેખનું પ્રમાણ મળતું નથી, પણ મારી સમજ પ્રમાણે મુહપત્તીનો સંબંધ પુસ્તકો સાથે હોય એમ જણાય છે. જ્યારે લખેલ પુસ્તકોની સંઘમાં હયાતી થઈ ત્યારે તે સાથે મુહપત્તી પણ પ્રાદુર્ભાવ પામી. આમ તો ભગવાન મહાવીર બાદ હજાર વરસ પછી

રીતસર આગમો પુસ્તકારૂઢ થયા એટલે કે પુસ્તકાકારે લિપિમાં લખાયાં, પણ તે પહેલાં કોઈ પુસ્તક નહીં લખેલું હોય એમ કહી શકાય એવું નથી. પ્રાચીન કાળમાં જ્યારે કાગળો શોધાયા ન હતા ત્યારે પુસ્તકો તાડપત્ર પર લખાતાં અને એ તાડપત્રો લાંબી સાઈઝનાં તથા ટૂંકી સાઈઝનાં પાનાવાળાં હતાં. તેને દોરીથી બાંધવાની પદ્ધતિ હતી. પણ તે પદ્ધતિ જરા જુદી હતી. પ્રત્યેક પાનાની વચ્ચે એક કાણું—છિદ્ર—રાખવામાં આવતું અને લાંબા પાના ઉપર બે કાણાં થોડાં દૂર પણ સમાન લીટીમાં રાખવામાં આવતાં. તે સમયે પુસ્તકો ઘણાં દુર્લભ હતાં, તેથી તેની સંભાળ વિશેષ રાખવાની જરૂર હતી. વાંચતી વખતે પુસ્તકો ઉપર થુંક ન પડે તે અંગે ખાસ ચીવટ રાખવામાં આવતી. થૂંક પડવાથી પુસ્તક બગડે, તેના અક્ષરો પણ ભૂંસાઈ જાય અને વારંવાર થુંક પડવાથી પુસ્તકની આવરદા ઓછી થતાં તેનો નાશ જ થઈ જાય. તે તાડપત્રનાં પુસ્તકો વાંચતાં ભણતાં વંચાવતાં પાનું પકડવા માટે બે હાથ રોકાતાં એટલે વાંચનાર કે ભણનારનું મુખ વાંચતા ભણતાં ખુલ્લું રહે અને તેમાંથી થુંક ઉડવાનો સંભવ ખરો. આ પરિસ્થિતિમાં ઉડતું થુંક રોકવાના ઉપાય તરીકે વાંચતી વખતે મુહપત્તી મુખ ઉપર બાંધી રાખવાની જરૂર જણાઈ હોય એ બનવાજોગ છે. મુખ ઉપર મુહપત્તી બાંધવાના બે પ્રકાર છે—એક તો મુહપત્તીના બન્ને છેડાને કાન પાસે કાનની ઉપર મજબૂત રીતે ભરાવી દેવા, જેથી મુખ ઉપરથી મુહપત્તી ખસી ન જાય. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે માત્ર પુસ્તકનો ઉપયોગ કરતી વખતે જ મુહપત્તીના ઉપયોગની જરૂર હતી, પણ આખો વખત—રાત અને દિવસ—બાંધી રાખવાની કલ્પના ન હતી. કેટલાક મુનિઓને કાનની બૂટમાં છેદ હોય છે. તે છેદમાં મુહપત્તીના બન્ને છેડા ભરાવી રાખીને પણ મુખ ઉપર મુહપત્તી બરાબર ટકાવી રખાતી. વર્તમાનમાં પણ મૂર્તિપૂજક પરંપરાના કેટલાક સાધુઓ માત્ર વ્યાખ્યાન વાંચની વખતે કાનની બૂટમાં મુહપત્તીના બન્ને છેડા ભરાવીને મુખ ઉપર મુહપત્તી બાંધે છે. અહીં અમદાવાદમાં ડેલાનો ઉપાશ્રય છે. તેમાં જે સાધુઓ વ્યાખ્યાન વાંચે છે તેઓ વ્યાખ્યાન વાંચતી વખતેજ કાનની બૂટમાં મુહપત્તીના છેડા ભરાવીને વ્યાખ્યાન વાંચે છે. એ રિવાજ હજુ પણ પ્રચલિત છે. જ્યારે ખુદ તીર્થંકર ભગવાન હયાત હતા ત્યારે તેમની વાણી સાંભળી લોકો કૃતાર્થ થતા અને જ્યારે તીર્થંકર નિર્વાણ પામ્યા ત્યારે તેમની વાણીને તીર્થંકર જેટલું મહત્ત્વ અપાતું અને એ વાણીને સાચવી રાખવાનું સાધન વિશેષત: પુસ્તક છે. એ પુસ્તકની કોઈ રીતે લેશ પણ અવમાનના ન થાય એ દૃષ્ટિને મુખ્ય રીતે વ્યાખ્યાન આપવાના વખતે મુહપત્તી મુખ ઉપર બાંધવાનો રિવાજ ચાલુ થયેલ છે. આ રીતે મુહપત્તીની ઉત્પત્તિનો સંબંધ પુસ્તકોની ઉત્પત્તિ સાથે હોવાનું મને તો સયુક્તિક જણાય છે. પછી તો બોલતી વખતે કે કોઈની સાથે વાતચીત કરતી વખતે શ્રોતાના આદરની દૃષ્ટિએ—ને પાસે બેઠેલા શ્રોતા ઉપર થુંક ન પડે એ દૃષ્ટિએ—હાથમાં મુહપત્તી રાખી અને તેને મોઢા આડી ધરીને બોલવું એ વિશેષ સભ્યતાનું નિશાન છે એ રીતે મુહપત્તી હાથમાં રાખવાની પદ્ધતિ શરૂ થઈ ગઈ લાગે છે. ઘણી જુની એવી મુનિઓની મૂર્તિઓ મળે છે તથા ઘણાં જુનાં એવાં મુનિઓનાં ચિત્રો પણ મળે છે. તેમાં ક્યાંય મુખ ઉપર મુહપત્તીને બાંધેલી જોવામાં આવતી નથી. કાં તો હાથમાં રાખેલી હોય છે, કાં તો રજોહરણ સાથે મુકેલી હોય છે. આ રીતે વ્યાખ્યાન વાંચતી વખતે અને બોલતી વખતે મુહપત્તીના વપરાશની હકીકત પરિસ્થિતિવશાત્ ચાલુ થયેલ હોય એમ મને લાગે છે. પછી જ્યારે લોંકાશાહે મૂર્તિપૂજાની પદ્ધતિનો ત્યાગ કર્યો અને અમૂર્તિપૂજક પરંપરા ચલાવી, ત્યારે પણ ખુદ લોંકાશાહ મુહપત્તી બાંધતા ન હતા, જો કે તેઓ ભિક્ષા દ્વારા પોતાની સંયમયાત્રા ચલાવતા, પણ વેશમાં ખાસ ફેર નહીં રાખેલો. કદાચ નીચેનું વસ્ત્ર વચ્ચમાં છેડો પાછળ ખોસેલો ન હોય એવી રીતે મદ્રાસી લોકો માફક પહેરતા એમ માલુમ પડે છે. પણ જ્યારે તેમના અનુયાયી મુનિઓ થવા લાગ્યા ત્યારે વેશ કેવો રાખવો તે અંગે વિચારવાની જરૂર ઉભી થઈ. તે જમાનાના મુનિઓ અને સાધ્વીઓ માત્ર ધોળાં કપડાં પહેરતાં, એટલે આ મુનિઓએ પોતાનાં કપડાં ધોળાં રાખવાનું સ્વીકાર્યું, પણ, મૂર્તિપૂજક પરંપરાના મુનિઓ મુહપત્તીને હાથમાં રાખતા ત્યારે આ નવા મૂનિઓએ દોરાદ્વારા મુહપત્તીને મુખ ઉપર બાંધી. એમ બીજાં બીજાં ઉપકરણો સાથે એક મુહપત્તીનું ઉપકરણ વધુ સ્વીકારી લીધું. અને રાતદિવસ સૂતાં બેસતાં પણ મુહાપત્તીને બાંધી રાખવાનું સ્વીકારી, તે વખતના ચાલુ મુનિવેશ કરતાં પોતાની જુદાઈ જણાવવા આ પગલું ભર્યું. હવે એ પરંપરામાંથી તેરાપંથી મુનિઓની એક પરંપરા જુદી પડી, પણ તેમની મુહપત્તી વર્તમાન સ્થાનકવાસી મુનિઓ કરતાં થોડી જુદી જણાય છે. આ અંગે મને પૂરો ખ્યાલ નથી, પણ તેમને—જોતાં એમ માલૂમ પડે છે કે સ્થાનકવાસીઓ કરતાં આ નવા પંથવાળાની મુહાપત્તીની લંબાઈ પહોળાઈમાં થોડો ભેદ રાખવામાં આવેલ છે. હવે તો આ નવા તેરાપંથી મુનિઓ ચકચકિત મુહપત્તીને પણ બાંધતા દેખાય છે; તેઓએ મુહપત્તીને ચકચકિત કરવાની એક ખાસ પ્રક્રિયા શરૂ કરી છે. એથી આ નવા પંથના કેટલાક મુનિઓ પોતાના મુખ ઉપર ચકચકિત પ્લાસ્ટિક જેવી લાગતી મુહપત્તીઓને દોરા વડે બાંધે છે. મુહપત્તી મુખ ઉપર બાંધવાની પાછળનો હેતુ ઉપર જણાવેલ છે, પણ હવે તો આ બાંધનારા અને હાથમાં રાખનાર મુનિઓ એ પ્રાચીન હેતુ ઉપરાંત અહિંસાના પાલનનો પણ એક હેતુ જણાવે છે. તેઓ કહે છે કે સૂક્ષ્મ જંતુઓની હિંસા ન થાય માટે મુખ પાસે મુહપત્તી રાખવામાં આવે છે અથવા કાયમ બાંધી રાખવામાં આવે છે. કહેવામાં આવે છે કે વાતાવરણમાં ઊડતા સૂક્ષ્મજીવો મુખમાં પેસી ન જાય અને વાયુકાયના જીવોની હિંસા ન થાય એ માટે આ મુહપત્તીનો ઉપયોગ છે. પણ આ વાત ઝટ ગળે ઉતરે એવી નથી. જ્યારે આ મુનિઓ કે સાધ્વીઓ ચાલે છે ત્યારે તેમના બન્ને હાથ હાલતા જ હોય છે અને કપડાના છેડા પણ હાલતા જ હોય છે. એટલે એ વડે પણ વાયુકાયના જીવોની હિંસા થવાનો સંભવ નથી શું? જે ક્રિયાઓ અનિવાર્ય છે તેમને યતનાપૂર્વક વિવેકપૂર્વક સંયમ સાથે કરવાથી હિંસાનો સંભવ નથી અને કદાચ એવી રીતે કોઈ હિંસા થઈ જાય તો પણ તેને બંધનકર્તા હિંસા રૂપે સ્વીકારવામાં નથી આવેલી. એમ છતાં આ લોકો વાયુકાયની રક્ષાનો વિચાર કરે છે તે મને તો સમજાતો નથી. મને તો એમ જણાય છે કે માત્ર વેશનો ભેદ કરવા માટે આ પ્રવૃત્તિ શરૂ થયેલ છે પછીથી તેનો વિશેષ આગ્રહ થયો અને છેવટે ત્યાં સુધી વાત આવેલ છે કે મુહપત્તી વિના સંયમનો સંભવ નથી. એટલે કોઈ સદ્‌ગુણી ખરેખર સંયમી મુનિ મુહપત્તી છોડે કે તેને ભ્રષ્ટ અથવા અસંયમી માનવા સુધીની વાત આવી જાય છે. સ્થાનકવાસી પરંપરામાં અમુક મુનિ મુહપત્તી બાંધવાની પ્રથાનું કોઈ વિશેષ પ્રયોજન ન જોતાં હોય તો પણ તેમને સમાજના ભયથી, પોતાના નિર્વાહની દૃષ્ટિથી અને પોતાની પ્રતિષ્ઠા વગેરેના હેતુથી પણ મુહપત્તી બાંધી રાખવી જ પડે છે. આ કરુણતા નહીં તો બીજું શું કહેવાય?

મુહપત્તી અંગે બીજી પણ એક વાત સૂઝે છે: 'મુનિ' શબ્દ ઓછું બોલવાની અને વિશેષ મૌન રાખવાની પ્રવૃત્તિને સૂચવે છે. મૌન શબ્દ 'મુનિ' શબ્દ દ્વારા આવેલ છે. વિશેષ મનન ચિંતન કરવું અને ઓછામાં ઓછું બોલવું એ મુનિનું વિશેષ લક્ષણ છે. એ દૃષ્ટિએ પણ મુહપત્તીનો પ્રવેશ થવો સંભવિત લાગે છે. જેમ સાંખ્ય મુનિઓ લાકડાની પટ્ટી બાંધી રાખતા તેનો હેતુ પણ મૌનવ્રત સાચવવાનો જણાય છે અને કપડાની મુહપત્તીનો પણ એ જ હેતુ હોવો જોઈએ. પણ હવે તો એ હેતુ કોઈ પણ અંશમાં સચવાતો જણાતો નથી.

એટલે મુહપત્તી માત્ર શોભારૂપ જ દેખાય છે. બાંધનારા પણ બોલવાની પ્રવૃત્તિમાં વિશેષ અગ્રેસર માલુમ પડે છે. એટલે બાંધવાનો એ હેતુ સરતો જણાતો નથી.

સમગ્ર જૈન સંઘમાં એકતાની વાતો જોરશોરથી ચાલી રહેલ છે અને ભગવાનના નિર્વાણને પચ્ચીસસો વરસ પૂરાં થતાં એ એકતા સધાવી જોઈએ એવું પણ વાતાવરણ ઉભું થતું જણાય છે. જેઓ એકતા કરવા ખરા અંતઃકરણથી માનતા હોય અને ખરેખર આત્માર્થી હોય, જો એકતાના તેઓ ખરા હિમાયતી હોય તો તેઓ સમજી લે કે પરસ્પર બાંધછોડ કર્યા વિના એકતાનો સંભવ નથી. જ્યાં સુધી તમામ ફિરકાના મુનિઓ અને શ્રાવકો પોતપોતાના આગ્રહમાં મક્કમ છે ત્યાં સુધી કોઈ કાળે એકતાનો સંભવ નથી. એટલે એકતા સાધવી હશે તો કેટલીક કેવળ બાહ્ય પ્રવૃત્તિમાં જરૂર કાપકૂપ કરવી પડશે અને એમાં આવી મુહપત્તી બાંધવાની પ્રથા જેવી પરિસ્થિતિ અંગે ઉભી થયેલી પ્રવૃત્તિઓનો પણ વિચાર કરવો પડશે. કોઈપણ બાહ્ય આચારો અવિચળ નથી અને અવિચળ રહેવાના નથી. વિજ્ઞાનનું પ્રાબલ્ય જોતાં હવે હાજીહાજીની રીત ચાલવાની જ નથી. ભલેને કોઈ મુનિ જંબુદ્વિપની એક લાખ યોજનની લંબાઈ-પહોળાઈ સમજાવવા કોઈ મોટું સંસ્થાન સ્થાપે, વિવિધ જાતના નકશા કલ્પે વા ગમે તેવી યુક્તિઓ દ્વારા પુસ્તકો લખીને છપાવે. એક લાખ યોજનનો જંબુદ્વીપ છે એ વાત વર્તમાનમાં જે સમગ્ર પૃથ્વી છે તેની લંબાઈ - પહોળાઈ પ્રત્યક્ષ જોતાં પણ કોઈ રીતે ટકી શકવાની જ નથી, હાં, જો યોજનનો અર્થ કોઈ જુદી રીતે કલ્પવામાં આવે તો તે વાત ટકી શકે ખરી. વર્તમાનમાં એવા અનેક શોધકો છે જેઓ સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યા છે અને પૃથ્વીની લંબાઈ – પહોળાઈ પ્રત્યક્ષ રીતે બતાવી શકવા સમર્થ છે. કોઈ જૈન ગૃહસ્થ કે મુનિ પણ આ હકીકતને પ્રત્યક્ષ જરૂર કહી શકે છે, પણ પોતાની હકીકતનો મેળ ન બેસે તેમ હોય છતાં કદાગ્રહ કરીને તેને પકડી રાખવી અને સમાજમાં નાણાંનો દુરુપયોગ કરવો વા કરાવવો એ તો વિશેષ અનર્થકર છે. જે સમાજના લોકો મોટા મોટા ઉદ્યોગો ચલાવી શકે છે અને વિશેષ બુદ્ધિમાન પણ છે એ લોકો કેવા વિચારથી આવી અશક્ય પુરવાર થયેલી– પાયા વિનાની – વાતોની સાબીતી માટે પૈસા આપી શકે છે એ જ સમજાતું નથી. અસ્તુ.

પરમાત્મા સૌને સન્મતિ આપે!

તમારો
બેચરદાસ

એક ખુલાસો

તા. ૧૬-૯-૬૭ ના પ્રબુદ્ધ જીવનમાં મુહપત્તીના વિષયને લગતી જે નોંધ આપવામાં આવી છે અને તેના પ્રારંભના પારીગ્રાફમાં બે તેરાપંથી મુનિઓ સાથે થયેલી જે ચર્ચા અન્તર્ગત કરવામાં આવી છે તે ચર્ચાના અન્ત ભાગમાં જણાવ્યું છે કે "આ મારા કહેવાનો એ સાધુઓ બીજો શું જવાબ આપે, સિવાય કે આ લાંબા કાળથી ચાલી આવતી પરંપરા અમારાથી કેમ છોડાય કે તોડાય?" અહિં મારે સ્પષ્ટ કરવું જોઈએ કે એ મુનિઓએ ખરેખર આવો કોઈ શબ્દશઃ જવાબ આપ્યો નહોતો, પરંતુ પરંપરાથી બંધાયલા આવા સાધુઓ વિશે મારો જે અનુભવ છે તેને અનુરૂપ મારી કલ્પનાનો આ જવાબ હતો. આમ છતાં, આ તેમનો શબ્દશઃ જવાબ હતો એમ માની લઈને તે મુનિઓએ પરિસ્થિતિવિવશતા દાખવવાપૂર્વક મારી વિચારણાનું જાણે કે આડકતરૂં સમર્થન કર્યું છે એવી તેમના વિષે કોઈ કોઈ ઠેકાણે ગેરસમજુતી પેદા થઈ છે એમ માલૂમ પડતાં, તે દૂર કરવાના આશયથી આ ખુલાસો પ્રગટ કરવાની મને જરૂર ભાસી છે. પરમાનંદ

"મારા યોગના અનુભવો"

(ગતાંકથી ચાલુ)

ભાગ ત્રીજો: અનુભવો: શારીરિક અને માનસિક

જેમ જેમ યોગની - ધ્યાનની ક્રિયામાં હું આગળ વધતો ગયો, તેમ તેમ તેનાં પરિણામો પણ જણાવા માંડયાં. આ દોઢ–બે વર્ષના અરસામાં હું સ્વામીજીની સૂચના મુજબ દર માસે એમને મુંબઈ અગર આબુ મળતો અને મને થતા અનુભવોની હકીકત કહેતો. એ સાંભળી એઓશ્રી એટલું જ કહેતા કે "પરિણામ સારું છે. આગળ ચાલુ રાખો." એ સિવાય ભાગ્યે જ બીજું કંઈ કહેતા.

સવારના ધ્યાનમાં થોડા વખત પછી ઓમ શબ્દ નીસરી જતો અને શ્વાસમાં ઘણી વખત "કુંભક" થવા લાગતો. એ વખતે એમ જ લાગતું કે શ્વાસ ચાલતો જ નથી. યોગશાસ્ત્રમાં જણાવ્યું છે કે આ સ્થિતિ સારી ગણાય. માણસને આખા જીવનમાં અમુક શ્વાસ લેવાના હોય છે, તે લેવામાં વધારે વખત લાગે તો જીવન ઉપર સારી અસર થાય. (જીવન લાંબું થાય.)

યોગાભ્યાસની શરૂઆત કર્યા પછી છએક માસમાં મારા શરીરમાં કંઈ નવા નવા ફેરફાર થતા દેખાયા.

૧. છએક માસ પછી શરીરમાં ઝણઝણાટ દેખાવા માંડયો, અને એ ઘણું કરીને પીઠમાં – કરોડમાં જણાયો. થોડા વખત પછી લાગ્યું કે એ સળવળાટ કરોડ નીચે મૂળાધારા (Solar Plexus) માંથી નીકળી રહ્યો છે. તે કરોડની પાછળ રહેલી શુષુમ્ણા નાડી મારફતે નીકળી કરોડમાં થઈ મેરુદંડની ટોચ ઉપર આવીને અટકતો. કોઈ વખતે એ ઝણઝણાટ આખા શરીરમાં લાગતો.

૨. તે પછી થોડા દિવસ ગળાના આગલા ભાગમાં Pituitary Gland છે, ત્યાં દુઃખાવો લાગ્યો અને તે બે ત્રણ દિવસ રહીને મટી ગયો.

૩. તે પછી રાતના બાર – એક વાગતાં મારા માથામાં ટોચે મધ્ય ભાગમાં એક જાતનો ધું–ધુંનો અવાજ થવા લાગ્યો. તે વખતે હું ઊંઘમાંથી ઊઠી જતો અને પાંચ - દશ મિનિટ પછી તે અવાજ બંધ થાય ત્યારે સૂઈ જતો. શરૂઆતમાં એમ લાગ્યું કે મહાત્માજી મારા ઉપર કંઈ પ્રયોગ કરે છે, પણ પાછળથી સમજાયું કે મારામાં કુંડલિની જાગૃત થઈ છે અને તેને લીધે પીઠમાં, ગળામાં અને માથામાં બ્રહ્મરંધ્રમાં શક્તિનો પ્રચાર થાય છે.

૪. આ જ વખતમાં એટલે કે બ્રહ્મરંધ્રમાં અવાજ આવતો ત્યારે કાન પાછળ માથાના પાછલા ભાગમાં નાદ સંભળાવા માંડયા. તે વખતોવખત આવતા અને કેટલાક મહિના સુધી ચાલતા.

૫. કોઈ વખતે ધ્યાનમાંથી ઊઠયા પછી હું બહાર આવી આરામ ખુરશીમાં બેસતો ત્યારે શરીરમાંથી ભૂરા રંગની વરાળ (વાયુ) નીકળતી જોતો. તે વખતે હું મારી પૂર્ણ જાગૃત અવસ્થામાં રહેતો નહિ, પણ કંઈક ઘેન હોય એમ લાગતું. યોગનાં પુસ્તકોમાં આને યોગનિદ્રા કહેવામાં આવે છે. આ નિદ્રા ઘણી જ આહ્લાદદાયક લાગતી.

૬. એક વખત આવી રીતે "યોગનિદ્રા" ના છેવટના વખતમાં મને એમ લાગ્યું કે મારું શરીર મારાથી જુદું છે અને હું એનો દ્રષ્ટા છું. આવો પ્રસંગ તો આ સાધના દરમિયાન એક જ વખત જણાયો, પરંતુ આવા દ્રષ્ટા હોવાના વિચારો મને ઘણી વખત આવતા અને તે અનુભવવા પ્રયત્ન પણ કરતો.

આ વખતમાં મેં ડૉ. રેલેની Awakenlng of the Kundalini વાંચી, તેમ જ મિસિસ બીસેન્ટનું Voice of the Silenceનું પુસ્તક જોયું. આ અને એવાં જ બીજાં પુસ્તકોનાં વાંચનથી મને સમજાયું કે મારો બધો વિકાસ કુંડલિની શક્તિની જાગૃતિમાંથી ઉદ્‌ભવે છે.

આ બધા વખતમાં શરીરની સ્વસ્થતા બરાબર રહેતી, મન

મજબૂત રહેતું અને મારા સરકારી કામમાં હું ઘણી જ સારી પ્રવૃત્તિ કરી શકતો. મારા પર આવી પડેલી આફતના વખતમાં શરૂઆતના થોડા દિવસ પછી કોઈ પણ જાતની બીક અગર નબળાઈ આવી ન હતી અને તેથી બીજાઓને અજબ જેવું લાગતું હતું.

કુંડલિનીની જાગૃતિ મારામાં કેવી રીતે થઈ? એ એક વિચારણીય બાબત હતી. આ પ્રસંગ વગર જાણ્યે, વગર સમજ્યે, વગર ઈચ્છાયે બનેલો હતો, એટલે એમ લાગતું હતું કે તે મારી યોગસાધનાનું ફળ હતું. બીજી બાજુ જે મહાત્માએ મને યોગસાધના કરવાની પ્રેરણા કરી તેની અદશ્ય કૃપાનું તો એ ફળ નહિ હોય એવો વિચાર પણ આવતો હતો, પરંતુ એ વસ્તુ સહેલાઈથી સમજી શકાય એવી ન હતી, કારણ કે એઓ કોઈ વખત મારી સાથે આ વસ્તુનું વિવેચન કરતા નહોતા. માત્ર હું જે નિવેદન કરું તે સાંભળતા અને જે થાય તેને અનુમોદન આપતા. છેવટે હું એવા વિચાર પર આવ્યો કે આ જાગૃતિ શરીર અને મનની શાંતિ – સમતા – સ્વસ્થતાનું પરિણામ છે.

મેં જ્યારથી ધ્યાનની શરૂઆત કરી, ત્યારથી મેં સતત નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કર્યા છે. વચ્ચે શરીર અને મનની નિર્બળતા આવી, છતાં હું મારી ક્રિયા કર્યે જતો હતો. ઉનાળામાં અમારે સવારની કચેરીઓ હોય, ત્યારે સવાર તેમ જ બપોરના પણ ધ્યાનમાં બેસતો અને તે વખતે આખા શરીર અને મનની વૃત્તિઓનું સારી રીતે પૃથક્કરણ કરતો અને તેને જુદી જુદી દૃષ્ટિથી જોતો. તેમાં જે ખામીઓ દેખાય તે દૂર કરવા પ્રયત્ન કરતો. ધ્યાન માટે શરીર, વાયુ, મન અને બુદ્ધિનાં બંધારણ અને તેની વૃત્તિઓનો અભ્યાસ કરતો. એમ કરવામાં કોઈ કોઈ વખતે અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડતું, પણ આ બધા વખતમાં યોગશાસ્ત્રનો દરરોજ રાતે સારો અભ્યાસ કરતો અને જુદી જુદી પદ્ધતિઓની માહિતી લેતો, **એટલે ક્રિયા સાથે અભ્યાસથી મને ઘણી માહિતી મળતી, તેમ સરલતા પણ પ્રાપ્ત થતી. આ અનુભવ લગભગ દોઢથી બે વરસ ચાલ્યો અને તેમાં સારી સંતોષકારક સરળતા મળતી ગઈ.**

આ ક્રિયાથી કેટલાક અતીન્દ્રિય જ્ઞાનશક્તિ વગેરે મેળવે છે, પણ મારો વિચાર તેવો નહોતો. શાંતિ, સંતોષ અને સાત્ત્વિક આનંદ મળે એ જ મારી મુખ્ય નેમ હતી અને સામાન્ય ધ્યાન અંગે જે લાભ મળે તે ઉપરાંત કુંડલિની જાગૃતિ વણમાગી જ આવી હતી એમ લાગે છે. આગળ જણાવ્યું તેમ મારે ધ્યાન મૂકી દેવાનો પ્રસંગ આવ્યો, છતાં હજી પણ મેરુદંડમાંથી પ્રવાહ નીકળતો દેખાય છે અને એની ટોચ ઉપર અટકે છે, પણ તે મન શાંત અને એકાગ્ર હોય ત્યારે જ. તે થોડો વખત રહે છે.

સાહિત્યના ક્ષેત્રે મેં ઘણી જાતનું વાંચન કર્યું હતું. વિવેકાનંદનો રાજયોગ, શ્રી અરવિંદનાં લખાણો, પંચદશી, ગીતા અને થીઓસૉફીનાં ઘણાં પુસ્તકો મેં વાંચ્યાં હતાં. આ વખતે મેં ઘણાં પુસ્તકો ભેગાં કર્યાં હતાં અને તેનો વખતોવખત ઉપયોગ કરતો હતો. પાછળથી પૉલ બ્રન્ટન, વિનોબાજીનાં પુસ્તકો અને ખાસ કરીને કેદારનાથજીનું 'વિવેક અને સાધના' મને ઘણું જ ઉપયોગી લાગ્યું. આ બધાં જુદી જુદી પદ્ધતિનાં લખાણોની અસર મન અને શરીર ઉપર થતી હતી અને મનમાં ઉત્સાહ (Freshness) અને ઉમંગ રહેતો હતો.

આ વખતમાં મને મારી ક્રિયામાં ઘણી મુશ્કેલીઓ નડતી હતી. ધ્યાન હંમેશા સારું જ થાય એમ બનતું નહોતું. કોઈ કોઈ વાર સારું થાય, જ્યારે કોઈ વખતે મન બિલકુલ ચોંટે જ નહિ. આ વખતે બહારના સંયોગોની પણ અસર થતી: જેમ કે કોઈની સાથે કામ પ્રસંગે ઘણા વાદવિવાદમાં ઊતરવું પડ્યું હોય, કોઈ પ્રકારની ચિન્તા ઊભી થઈ હોય મનમાં થાક લાગ્યો હોય, કોઈ અમુક કાર્યમાં નિષ્ફળતા મળી હોય વગેરે. આમ છતાં પણ હું મક્કમ રીતે આગળ વધ્યે જ જતો હતો. તેથી જ મને અનેક વિલક્ષણ અનુભવ થયા હતા અને સફળતા પ્રાપ્ત થઈ હતી.

આ વખતમાં મેં મારી નિત્ય નોંધ (ડાયરી) રાખી હતી. તે હાલ તપાસતાં માલૂમ પડે છે કે મેં મારી સાધનામાં સતત પ્રયત્નો કર્યા હતા અને તે સાથે વિઘ્નો પણ આવ્યાં હતાં. આમ છતાં મારા આખા જીવનનો આ સારામાં સારો અનુભવ હતો.

ભાગ ચોથો : યોગસાધનાદશા

આ પ્રમાણે ક્રિયા અને તેના પરિણામે થયેલો અનુભવ લગભગ ૧૯૩૫ સુધી ચાલ્યો. પરંતુ છેવટના વખતમાં મહાત્માજી સાથેનો પ્રસંગ ઓછો થતો ગયો. ખાસ કરીને તેઓશ્રી શીરોહી દરબારના ધર્મગુરુ થઈ શીરોહી ગયા, તે પહેલાં કેટલાક પ્રસંગો એવા બન્યા કે જેથી જે સંબંધ અત્યાર સુધી હતો, તેમાં વિક્ષેપ પડવા માંડ્યો અને આખરે અમે છૂટા પડ્યા. એઓશ્રી પણ થોડા વખત પછી શીરોહીમાંથી છૂટા થયા હતા અને કોઈ એકાંત સ્થાનમાં જીવન ગાળતા હતા.

આ વખતમાં મારા શરીરમાં એક બનાવ બન્યો, જેથી મારે યોગક્રિયામાંથી નીકળી જવું પડ્યું. મારા માથાના પાછલા ભાગમાં મગજના જ્ઞાનતંતુઓમાં ખેંચાણ થવા લાગ્યું. મન કામમાંથી છૂટે એટલે મગજના પાછલા ભાગની બે નસો એકદમ ખેંચાવા માંડે. આ ખેંચાણ મારી યોગક્રિયામાંની શરૂઆતથી જ થતું હશે એમ લાગે છે, કારણ કે મનને શાંત કરવામાં આ નસોનું ખેંચાણ મુખ્ય ભાગ ભજવે છે એમ મારું માનવું થયું છે. થોડા વખત પછી આ નસોના ખેંચાણને લીધે હું જૂજ વખતમાં મનમાં શાંતિ લાવી શકતો. પછીથી મને સમજાવવામાં આવ્યું કે આ નસો ખેંચાવાથી સારું પરિણામ આવતું નથી. તે પદ્ધતિ એવા સાધુઓને માટે છે કે જેઓ હઠયોગથી યોગસાધના જલ્દી કરવા માગે છે, પોતાની શક્તિ વધારવા માગે છે અને પરિણામે કોઈ સાધન કરવું હોય છે. તેમાં પણ સારા ગુરુ ન હોય અને તેમની સતત દેખરેખ ન હોય અને ઉદ્‌ભવેલી શક્તિનું સારી રીતે નિયમન ન થાય તો ખરાબ પરિણામ આવે. ગૃહસ્થને માટે આ આગ્રહી પદ્ધતિ બિનજરૂરી છે. તેમને માટે તો વિકાસાત્મક પદ્ધતિ એટલે મનની વિશાળતા કે જેમાં કોઈ કોઈ જાતનું નસોનું ખેંચાણ આવતું ન હોય તે જ જોઈએ. મારે માટે, આ ભૂલ જણાયા પછી ઘણા વખત સુધી નસોનું ખેંચાણ ચાલુ રહ્યું અને તે તદ્દન નીકળી જતાં ઘણાં વર્ષો લાગ્યાં. સ્વામીજી સાથેનો સંબંધ છૂટ્યો અને તેવામાં જ નસોનું ખેંચાણ જણાયું, ત્યાર પછી યોગક્રિયા મારે છોડવી પડી. પણ એની અસર તો શરીર અને મન ઉપર આજ સુધી સારી રીતે રહી છે.

ક્રિયા છોડ્યા પછી વાંચન તો મેં ચાલુ રાખ્યું, પણ ક્રિયા નહિ હોવાથી તેનો પ્રત્યક્ષ મેળ રહ્યો નહિ. માત્ર તેનો ખ્યાલ રહ્યો.

મહાત્માજી સાથેનો મારો સંબંધ છૂટ્યા પછી મારે શ્રી ત્રિલોકચંદ્રજીની સાથે સારી રીતે સંબંધ જોડાયો અને તે લગભગ ત્રણ-ચાર વરસ સુધી ચાલુ રહ્યો. એઓશ્રી વડોદરામાં આવીને થોડો વખત રહ્યા હતા. તેમણે મને સલાહ આપી કે મારા ધ્યાનની પદ્ધતિ મારે થોડો વખત છોડી દેવી. આ સલાહથી મને લાભ થયો.

મને યોગનો જે અનુભવ થયો, તે શ્રી ત્રિલોકચંદ્રજીને ઘણો ગમ્યો હતો. તેમણે મને એક વખત જણાવ્યું હતું કે હું પાંચમા ગુણસ્થાને પહોંચ્યો છું. આ શું છે તેની મને સમજ ન હતી. પાછળથી હું જાણી શક્યો કે જૈન ધર્મે આત્મવિકાસની ૧૪ ભૂમિકાઓ બતાવી છે, તેમાંની આ પાંચમી ભૂમિકા છે.

મારો આ વિકાસ જોઈ એઓશ્રીએ મને એવી સૂચના કરી કે મારે હવે મારો સામાન્ય વ્યવસાય છોડી દેવો અને આત્મસાધનામાં જ જોડાવું, પરંતુ એઓશ્રીની આ સૂચના મને ગમી નહિ. હું માનું છું કે માણસે સમાજમાં રહીને ઘણું કામ કરવાનું છે, અને તે થાય તો જ પૂર્ણ વિકાસ કરવાને સાધન મળે. વળી આ સૂચના મારા

સ્વભાવને પણ બંધબેસતી નહોતી. મારા ગુરુભાઈએ આવું જીવન ગાળવા માંડતાં તેમને ચિત્તભ્રમ થયો હતો અને તેમની છેલ્લી સ્થિતિ બહુ વિષમ બની ગઈ હતી.

શ્રી ત્રિલોકચંદ્રજીને રૂબરૂ મળવાના પ્રસંગો ઓછા આવતા. પત્રવ્યવહાર સને ૧૯૩૮ સુધી ઘણો સારો ચાલ્યો. તેમની સલાહનો મને ઘણો લાભ મળ્યો. છેવટે તેમણે (ઉત્તર ગુજરાત દેહગામથી આસરે સાત માઈલ દૂર) ઉત્કંઠેશ્વરમાં એક આશ્રમ સ્થાપ્યો અને ત્યાં જિજ્ઞાસુઓને ભણવા અને આરાધના કરવાની સગવડ કરી આપી. તેઓ સને ૧૯૪૩માં કાળધર્મ પામ્યા. પછી પણ એ સંસ્થા ચાલુ છે અને એમના અનુયાયીઓ તે સારી રીતે ચલાવી રહ્યા છે. એઓશ્રી પાસે એક હજાર ઉપરાંત પુસ્તકો હતાં, તે એમણે આ સંસ્થાને આપી દીધાં હતાં.

યોગાભ્યાસ છોડયા પછીના કેટલાક અનુભવો

ઈ. સ. ૧૯૩૮:

હું ઘણાં વર્ષોથી દર વર્ષે એક માસ રજા ઉપર જતો હતો, પણ સ. ૧૯૩૭ માં રિઝર્વ બેંકમાં જોડાયા પછી રજા પર જવાનું બન્યું નહોતું. એટલે સ. ૧૯૩૮ માં મગજ ઉપર કંઈક બોજા જેવું લાગતું હતું. આથી માર્ચ માસમાં આઠ દિવસની રજા લઈને માથેરાન ગયો હતો. આ આઠે દિવસ મેં તદ્દન મૌન રાખ્યું હતું. બંગલાના માણસો સાથે કોઈ પણ જાતની વાતચીત કરી ન હતી. પરિણામે શરીર અને મનને ઘણો જ લાભ થયો હતો.

આ બધો વખત મન ઉપર કોઈ પણ જાતનો બોજો ન પડે એની મેં કાળજી રાખી હતી અને સહજ આનંદમાં હરવા ફરવામાં અગર જૂજ વાંચનમાં વખત ગાળતો હતો. પરિણામે છેવટના દિવસે શાર્લોટ તલાવની ઉપરથી નીચે ખીણમાં ઊતરતાં મેં એકદમ શ્રી કૃષ્ણને જોયા. એમની ચારે બાજુ વીજળીના દીવા જેવું ઝગઝગાટ તેજ દેખાયું. આ જોઈ હું સ્તબ્ધ થઈ ગયો અને ઊભો રહ્યો. એ દશ્ય આસ્તે આસ્તે ત્રણ ચાર મિનિટ બાદ નીકળી ગયું અને હું પણ એના પ્રકાશમાં આનંદ અનુભવતો બાજુના બાંકડા ઉપર કેટલોક વખત બેસી રહ્યો. એ દશ્ય હું હજી પણ ભૂલ્યો નથી.

સાત દિવસના મૌન અને આ પ્રકાશને પરિણામે મારી તબિયત ઘણી જ સારી થઈ અને પ્રથમના યોગના અનુભવમાં કંઈક વધારો થયો.

ઈ. સ. ૧૯૪૫:

આ સાલમાં બંગાળની દુષ્કાળ તપાસ સમિતિમાં હું સભાસદ હતો, ત્યારે નિવેદન તૈયાર કરવા માટે અમારે કમીશન કુન્નુર ગયું હતું. અમારા ત્યાં રહેવાના છેવટના દિવસો દરમિયાન હું શ્રી પૉલ બ્રંટનને* અકસ્માત મળ્યો. તે પહેલાં પરોક્ષ રીતે એમને મારી સાથે ઓળખાણ થઈ હતી. તે એવી રીતે કે હું તેમનાં પુસ્તકોનો સારો અભ્યાસી હતો. અત્યાર પહેલાં મેં એમનાં ઘણાં ખરાં પુસ્તકો વાંચ્યાં હતાં અને એમાં છેલ્લું Quest of Overself હતું કે જેમાંથી મને ઘણું જ જાણવાનું મળ્યું હતું.

મેં તેમને મારા યોગના અનુભવની વાત જણાવી. એ વખતે એવું બન્યું કે મારો યોગનો બધો અનુભવ એકદમ તાજો થયો અને અગાઉ મારા મનની જે સ્થિતિ હતી તે પાછી આવી. તેમના અનુભવ મુજબ તેમણે જણાવ્યું કે જે અનુભવ મને થયો છે, તે અત્યારે કદાચ ચાલુ દેખાય નહિ, પણ તે કદી વિસરાતો નથી. વખત જતાં તે પાછો આવશે અને તેમાં વધુ પ્રગતિ થશે. આવા પ્રસંગો ઘણા માણસોને આવે છે, આથી મારે નાસીપાસ થવાનું કારણ નથી. દરેક માણસની પ્રગતિ હંમેશાં સીધા-સરળ માર્ગે થતી નથી, પણ વાંકીચૂંકી હોય છે. માટે થયેલા અનુભવને બને ત્યાં સુધી તાજો રાખવા પ્રયત્ન કરવો.

બીજું એમણે એ પણ જણાવ્યું કે મેં મારા મનને કાબૂમાં લાવવા હઠાત્મક પદ્ધતિ – મનમાં શાંતિ લાવવા નસોને ખેંચવાની પદ્ધતિ – લીધી તે બરાબર નહોતી. એ તો સાધુ વેરાગી કે જેમને હઠયોગથી જલ્દી આગળ વધવાનું હોય તેમના માટે છે. તમારા જેવાને માટે Expansion System વિકાસ પદ્ધતિ ઉપયોગી છે, જેથી કોઈ પણ વખત ખોટું પરિણામ આવે નહિ. આ પદ્ધતિ રાજયોગમાં ખાસ જાણીતી છે. એમાંથી માણસના મનમાં વિશાળતા આવે છે અને પરિણામે વિશ્વપ્રેમ પ્રાપ્ત થાય છે. આ એમની સાથેના થોડા પરિચયથી મને ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું. તે પછીનાં પાંચ છ વર્ષ દરમિયાન તેમની સાથે મને સારો સમાગમ થયો હતો અને આજથી પાંચ છ વર્ષ પહેલાં મુંબઈમાં મારા પરોણા તરીકે તેઓ મારી સાથે દસેક દિવસ રહ્યા હતા.

ઈ. સ. ૧૯૪૫ :

આ સાલમાં International Association of Agricultural Economicsની કૉન્ફરન્સ સ્ટ્રેસા ઈટાલીમાં હતી, ત્યારે હું ત્યાં ગયો હતો. તે કૉન્ફરન્સ પૂરી થયા પછી હું સૅન્ટ મોરીટ્ઝ (Switzerland) માં ગયો અને ત્યાંની Suvrietta House નામની હૉટેલમાં એકવીસ દિવસ રહ્યો. એ વખતે સિઝન પૂરી થવા આવી હતી, એટલે ઘણા જ ઓછા માણસો હૉટેલમાં રહેતા હતા. અને તેથી ત્યાંનું વાતાવરણ તદ્દન શાંત હતું. છેલ્લા દિવસોમાં તો તે હૉટેલ બંધ કરવાની હતી અને છેલ્લો પરોણો માત્ર હું હતો. આ એકવીસ દિવસોમાં પણ મેં મૌન સેવ્યું હતું અને ડુંગરોની ઊંચી ટોચો પર સારી રીતે ફરવાનું રાખ્યું હતું. આખું વાતાવરણ શાંત અને સુંદર હતું. હવા પણ સારી ઠંડકવાળી હતી. આ વખતે મેં શ્રી પૉલ બ્રંટનનું Quest of the Overself ફરીથી બહુ જ શાંતિથી સમજીને વાંચવા માંડ્યું. પહેલાં પણ આ જ પુસ્તક ઘણી વાર વાંચ્યું હતું. આવાં પુસ્તકો એક સાથે વાંચવાનું બનતું નથી, એટલે કોઈ કોઈ વખતે અમુક ભાગ વાંચવાનો રહી જતો. તેમાંથી હૃદયને Heart ને–લગતો ભાગ આ જ વખતે મારા વાંચવામાં આવ્યો. ત્યારે જ મને સમજાયું કે મારા યોગના અભ્યાસમાં મન અને બુદ્ધિની શુદ્ધિ સાથે હૃદયનો પણ પૂરો સમાવેશ કરવો જોઈતો હતો. જો તેમ થયું હોત તો મારો અનુભવ કંઈક જુદો જ થયો હોત, કારણ કે માણસના અંતરના બંધારણમાં મન, બુદ્ધિ અને હૃદય એ ત્રણ જુદાં દેખાય છે, પણ વસ્તુતઃ તેઓ પરમ તત્ત્વના જ ભાગ છે અને તે ક્રિયામાં મન અને બુદ્ધિને હૃદયમાં એક સાથે લાવવાં જોઈએ કે જેથી આખા જીવનનું એક સ્વરૂપ દેખાય અને પરિણામે સત્–ચિત્–આનંદનો અનુભવ સારી રીતે થાય.

એ પુસ્તકનો આ ભાગ વાંચ્યા પછી મને ઘણો જ આનંદ થયો અને મારી ક્રિયામાં જે ન્યૂનતા રહેતી હતી, તેનો મને સારો ખ્યાલ આવ્યો, અને તે જ વખતે મનને હૃદયમાં લાવવા પ્રયત્ન કરતાં કેટલાક અંશે ફળીભૂત થયો, પરંતુ બુદ્ધિનો સંબંધ હૃદય સાથે કેવી રીતે કરવો એ હું સમજી શકયો નહિ. આવો ત્રિસંગમ થાય તો જ આપણને શુદ્ધ અંતર ચેતનાનો – hure consciousnessનો–અનુભવ થાય.

શ્રી પૉલ બ્રંટનનું હૃદય માટે જે મંતવ્ય છે, તે ખરું છે કે મનસ્વી? તે જાણવા માટે મેં બે – ત્રણ સારી વ્યકિતઓનો અભિપ્રાય લીધો અને તેમણે એ મંતવ્યને ટેકો આપ્યો.

આ વખતે પણ ઘણું ખરું મૌન રાખેલું, તેથી શરીર અને મનને સારો લાભ થયો. મૌન યોગસાધનાનું એક આવશ્યક અંગ છે અને તે દરેક માણસે યથાશકિત સેવવા યોગ્ય છે.

૧૯૪૬ થી ૧૯૫૪–૫૫ સુધીમાં મારા મનને ઘણો જ ઉદ્વેગ થયો હતો. જ્યાં સારું કામ કરવાનું હતું, ત્યાંથી જ આ સ્થિતિ ઉદ્-

* શ્રી પૉલ બ્રંટન જેઓ પૂજ્ય સ્વ. રમણ મહર્ષિ સાથે ઘણો સમય રહ્યા હતા અને જેમણે તેમનો પરિચય કરવાતો એક બહુ જાણીતો ગ્રંથ લખ્યો છે.

ભવી હતી. મન ઠેકાણે હતું, છતાં આખો વખત એમ લાગ્યા જ કરતું કે મારા જીવનમાં આમ કેમ બને છે. આ કારણે હું બે વખત પરદેશ ગયો હતો: સન ૧૯૪૭ માં ઈંગ્લાંડમાં અને સન ૧૯૪૯ માં ઈટલીમાં. જો કે બંને પ્રવાસનું બાહ્ય કારણ ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑફ એગ્રીકલચરલ ઈકોનોમિકસની મિટીંગોમાં હાજર રહેવાનું હતું, પણ મનની ભાવના અહીંના વાતાવરણમાંથી છૂટા થવાની હતી. આમ છતાં પણ પાછા આવ્યા પછી એની એ જ સ્થિતિ ચાલુ રહી હતી.

અહીં (હિંદમાં) પણ પૂરો સંતોષ ન થતાં બે વખત પોંડીચેરી શ્રી અરવિંદના દર્શન માટે અને એક વખત શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં ગયો હતો, પણ એનાથી મને કંઈ જ લાભ થયો ન હતો. મનની અંદરની સ્થિતિ ઘણી તીવ્ર હતી, જેથી બહારના સારાં આંદોલનો મનમાં પ્રવેશ કરતાં ન હતાં. પ્રથમ ૧૯૩૩ માં પ્રસંગ બન્યો ત્યારે મન શાંત અને દઢ હતું, જ્યારે આ વખતે ઘણું જ વિષમ અને અસ્થિર હતું. સાથે વાંચન હતું, છતાં તેનો લાભ મળતો ન હતો. માત્ર સેંન્ટ મોરીત્ઝમાં લાંબા વખતની એકાંત મળી, તેથી સારો ફાયદો થયો હતો, પણ ઘરે આવ્યા પછી પાછી એ જ સ્થિતિ શરૂ થઈ હતી. આ વખતે મને એમ સમજાવવામાં આવ્યું હતું કે મને સાત વરસની પનોતી લાગી છે અને આ તેનું પરિણામ હતું. ગ્રહો જ મને ઉશ્કેરતા હતા. મનની બેચેની એ કારણે પણ હોય, પરંતુ એની મને સમજણ નહોતી. આખો વખત એક જ વિચાર આવતો કે મારા જીવનમાં આમ કેમ બને છે.

૧૯૪૨ પછી ઘણા વખતે ધ્યાન, ક્રિયા પાછી શરૂ કરવાના વિચારો આવતા હતા અને તે કારણે હું વખતોવખત સારી નોંધ કરતો હતો, જે મારા દફતરમાં છે, પણ તે માત્ર વિચારોમાં જ રહેતી હતી. તે સાથે ક્રિયા રાખી ન હતી, પણ છેલ્લા પાંચ-છ માસથી સવારમાં ધ્યાન પાછું શરૂ કર્યું છે. મન પ્રારંભમાં થોડો વખત ભમે છે, પણ પછીથી શાંત થાય છે અને જેની મને જરૂર હોય તે વિષય ઉપર લાગે છે. પ્રથમની માફક—Vaccume—શૂન્યતા—પણ લાવી શકાય છે.

મને હવે લાગવા માંડ્યું છે કે ધ્યાન નિયમિત રીતે કરવામાં આવે તો સારો ફાયદો થાય અને પાછલું ભુલેલું આગળ ચાલે. વાંચન તો સાથે ચાલુ જ છે, પણ તે હજી પ્રથમની માફક યોજનાપૂર્વકનું નથી, જે હાથમાં આવે છે તેનું વાંચન ચાલે છે, છતાં તેમાં બે પુસ્તકો મુખ્ય છે—એક મિ. બ્રંટનનું Quest of the Overself અને મિસિસ બીસેન્ટનું Voice of the Silence.

અપૂર્ણ

સ્વ. સર મણિલાલ બાલાભાઈ નાણાવટી

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓને થયેલું અર્થસિંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૨૨૬૮-૧૦	શ્રી ચંચળબહેનની થેલીમાં આવ્યા.
૫૦૧-૦૦	શ્રી મથુરાદાસ મંગળદાસ પારેખ.
૫૦૦-૦૦	,, રામજી શામજી વીરાણી
૪૦૧-૦૦	,, રમણલાલ ચંદુલાલ
૨૫૧-૦૦	,, ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧-૦૦	,, જયંતિલાલ રતનચંદ શાહ
૨૫૧-૦૦	,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧-૦૦	,, ખીમજી માડણ ભૂજપુરીઆ
૨૫૧-૦૦	,, મધુરીબહેન અમૃતલાલ શાહ
૨૫૧-૦૦	,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧-૦૦	,, દુર્લભજી કેશવજી ખેતાણી
૨૫૦-૦૦	,, એક સદ્‌ગૃહસ્થ
૨૦૧-૦૦	,, નરેન્દ્ર શીવલાલ ગુપ્તા
૨૦૧-૦૦	,, સુબોધભાઈ એમ. શાહ
૨૦૧-૦૦	,, શાદીલાલજી જૈન
૨૦૧-૦૦	,, સ્વ. શાહ અંબાલાલ ચતુરભાઈ સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી.
૨૦૦-૦૦	,, વીશા પ્રિન્ટરી
૨૦૦-૦૦	,, ચીમનલાલ પી. શાહ
૨૦૦-૦૦	,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૫૧-૦૦	,, ફત્તેચંદ લલ્લુભાઈ શાહ
૧૫૧-૦૦	,, બાબુભાઈ ગુલાબચંદ શાહ
૧૫૧-૦૦	,, ધીરજલાલ ફૂલચંદ શાહ
૧૫૦-૦૦	,, તારાચંદ ધનજી
૧૫૧-૦૦	,, એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૧-૦૦	,, કે. પી. શાહ
૧૦૧-૦૦	શ્રી સેવન્તીલાલ ખેમચંદ
૧૦૧-૦૦	,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૧-૦૦	,, રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું.
૧૦૦-૦૦	,, કે. એમ. દિવાનજી
૧૦૧-૦૦	,, સુનિતાબહેન શેઠ
૧૦૧-૦૦	,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૧૦૧-૦૦	,, હીરાબહેન દીપચંદ સંઘવી
૧૦૧-૦૦	,, વાડીલાલ જેઠાલાલ શાહ
૧૦૧-૦૦	,, નીરૂ એન્ડ કું.
૧૦૧-૦૦	,, યુનીવર્સલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન
૧૦૧-૦૦	,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૧૦૧-૦૦	,, બિહારીભાઈ મહેતા
૧૦૧-૦૦	,, એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૧-૦૦	,, નવજીવન કાગદીની કું.
૧૦૧-૦૦	,, લખમશી નેણશી છેડા
૧૦૧-૦૦	,, મોંઘીબેન હીરાલાલ શાહ
૧૦૧-૦૦	,, ગણપતલાલ એમ. ઝવેરી
૧૦૧-૦૦	,, નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧-૦૦	,, રમણિકલાલ સી. કોઠારી
૧૦૧-૦૦	,, મુગટભાઈ સી. વોરા
૧૦૧-૦૦	,, ચંદ્રકાંત શાહ એન્ડ કું.
૧૦૧-૦૦	,, કાંતિલાલ કે. શેઠ
૧૦૧-૦૦	,, રમણલાલ હ. ઝોબી
૧૦૧-૦૦	,, પી. રતિલાલની કું.
૧૦૧-૦૦	ડૉ. ચીમનલાલ શ્રોફ
૧૦૧-૦૦	શ્રી. રીષભદાસજી રાંકા
૧૦૧-૦૦	,, જયંતિલાલ એ. શાહ
૧૦૧-૦૦	,, સોમચંદ ચુનિલાલ
૧૦૧-૦૦	,, સૌ. ઉર્મિલાબહેન જયંતિલાલ શાહ.
૧૦૧-૦૦	,, સ્વ. પાર્વતીબહેન અંબાલાલ શાહના સ્મરણાર્થે
૧૦૧-૦૦	શ્રી અરજણ તથા દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ
૧૦૧-૦૦	,, ચંચળબહેન ટી. જી. શાહ
૧૦૧-૦૦	,, શાંતાબહેન જી. લાખાણી
૧૦૦-૦૦	,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા.
૧૦૦-૦૦	,, કાન્તાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૦૦-૦૦	,, મહાસુખલાલ ભાઈચંદ
૧૦૦-૦૦	,, પોપટલાલ હીરજી
૦૦-૦૦	,, એમ. બી. વોરા
૧૦૦-૦૦	,, વૈકુંઠભાઈ છાપીયા
૧૦૦-૦૦	,, લીના જીતેંદ્ર શેઠ
૧૦૦-૦૦	,, મેટ્રો પોલીટન સ્પ્રીંગ્સ
૧૦૦-૦૦	,, ઈન્દુમતી કે. મુન્સીફ
૧૦૦-૦૦	,, નારાયણભાઈ મણીભાઈ ચેરીટી ટ્રસ્ટ
૧૦૦-૦૦	,, એક સદ્‌ગૃહસ્થ
૮૦-૦૦	,, ચુનીલાલ કે. કામદાર
૭૫-૦૦	,, ભગવાનદાસ પી. શાહ
૫૧-૦૦	,, નરેન્દ્ર નથવાણી
૫૧-૦૦	,, જયન્તિલાલ ભગવાનદાસની કું.
૫૧-૦૦	,, ચંદુલાલ સાકળચંદ શાહ
૫૧-૦૦	,, સ્વસ્તીક ઈન્ડસ્ટ્રીયલ મીલ સ્ટોર્સ
૫૧-૦૦	,, રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૧-૦૦	,, ન્યુ ઈન્ડીયા ટ્રેડીંગ કું.
૫૧-૦૦	,, ખેતસી માલસી સાવલા
૫૧-૦૦	,, ચંપકલાલ ચીમનલાલ શાહ
૫૧-૦૦	,, કેશવજી લખમશી દેઢિયા
૫૧-૦૦	,, પ્રવિણભાઈ એમ. શાહ
૫૧-૦૦	,, કાન્તિલાલ એલ. વોરા

૫૧-૦૦ શ્રી ઘેલા કુરપાળ
૫૧-૦૦ ,, પોલી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ
૫૧-૦૦ ,, અમૃતલાલ જે. પટ્ટણી
૫૧-૦૦ ,, સુરજબહેન એમ. કોઠારી
૫૧-૦૦ ,, ન્યાલચંદ જે. મહેતા
૫૧-૦૦ ,, રમણિકલાલ દલીચંદ
૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૧-૦૦ ,, સરસ્વતીબહેન ઝવેરી
૫૧-૦૦ ,, કાંતિલાલ સી. મહેતા
૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧-૦૦ ,, હીંમતલાલ એલ. વોરા
૫૧-૦૦ ,, પ્રવિણચંદ્ર હેમચંદ
૫૧-૦૦ ,, ન્યુઈરા સ્ટીલ કું.
૫૧-૦૦ ,, ચદુલાલ પીતાંબરદાસ
૫૧-૦૦ ,, નગીનભાઈ એન. દોશી
૫૧-૦૦ ,, કાંતિલાલ ચંદુલાલ મહેતા
૫૧-૦૦ ,, હરખચંદ વીસનજી
૫૧-૦૦ ,, ડૉ. જે. કે. મહેતા
૫૧-૦૦ ,, દેવકાબહેન ઝવેરચંદ
૫૦-૦૦ ,, જનરલ સપ્લેર્સ એન્ડ એન્જીનીયરીંગ
૫૦-૦૦ ,, હીરજી શીવજી
૫૦-૦૦ ,, રમેશ ચીનુભાઈ શેઠ
૪૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૪૧-૦૦ ,, મણિલાલ નાનચંદ શાહ
૩૧-૦૦ ,, હર્ષદલાલ મહેતા
૨૫-૦૦ ,, પરમાનંદ કે. કાપડિયા
૨૫-૦૦ ,, લીલાવતીબહેન દેવીદાસ
૨૫-૦૦ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫-૦૦ ,, મણિબહેન રવચંદ કાપડિયા
૨૫-૦૦ ,, મેનાબહેન નરોત્તમદાસ
૨૫-૦૦ ,, દેવચંદ રવજી ગાલા
૨૫-૦૦ ,, બાબુલાલ કે. શાહ.
૨૫-૦૦ ,, જગજીવનદાસ પી. શાહ
૨૫-૦૦ ,, મણિબહેન શાહ
૨૫-૦૦ ,, કુસુમચંદ્ર ડાહ્યાભાઈ
૨૫-૦૦ ,, સુસીલાબહેન કોઠારી
૨૫-૦૦ ,, ગીરગામ કેમિસ્ટ
૨૫-૦૦ ,, મોહનલાલ એન. જરીવાળા
૨૫-૦૦ ,, હીરાલાલ હ. ગાંધી
૨૫-૦૦ ,, ડૉ. નગીનદાસ પી. શાહ
૨૫-૦૦ ,, રમણલાલ સી. શાહ
૨૫-૦૦ ,, જમનાદાસ જે. શાહ
૨૫-૦૦ ,, જીતેન્દ્ર કાંતિલાલ શાહ
૨૫-૦૦ ,, મણિલાલ નાનચંદ
૨૫-૦૦ ,, રસિકલાલ લહેરચંદ
૨૫-૦૦ ,, મંગળજી ઝવેરચંદ મહેતા
૨૫-૦૦ ,, જયચંદ એમ. શાહ
૨૫-૦૦ ,, હંસાબહેન ધનસુખલાલ
૨૫-૦૦ ,, નેમચંદ નાથાલાલ
૨૫-૦૦ શ્રી કાંતિલાલ એન. પારેખ
૨૫-૦૦ ,, તારાચંદ જે. દોશી
૨૫-૦૦ ,, દલપતલાલ કે. પરીખ
૨૫-૦૦ ,, લવણપ્રસાદ એફ. શાહ
૨૫-૦૦ ,, વિજ્યાબહેન ડી. પરીખ
૨૫-૦૦ ,, રમણીકલાલ વાડીલાલની કું.
૨૫-૦૦ ,, ઘેલાભાઈ ટ્રસ્ટ
૨૫-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫-૦૦ ,, ટોકરશી ભૂલાભાઈ વીરા
૨૫-૦૦ ,, કેશવલાલ એમ. શાહ
૨૫-૦૦ ,, બાલકૃષ્ણ જે. ગાંધી
૨૫-૦૦ ,, કુમુદબહેન એસ. શેઠ
૨૫-૦૦ ,, માણેકલાલ સી. શાહ
૨૫-૦૦ ,, સંગીતકાર શ્રી શાંતિલાલ શાહ
૨૧-૦૦ ,, કમળા સી. શાહ
૨૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૧-૦૦ ,, છોટાલાલ નાથાલાલ
૨૧-૦૦ ,, ગુણવંતીબહેન સી. ચોકસી
૨૧-૦૦ ,, સુધાબહેન ઝવેરી
૨૧-૦૦ ,, કપિલાબહેન શાસ્ત્રી
૨૧-૦૦ ,, મોહનલાલ એમ. ગાંધી
૨૧-૦૦ ,, દીનેશચંદ્ર કેશવલાલની કું.
૨૧-૦૦ ,, અરવીંદભાઈ એન. ચોકસી
૨૦-૦૦ ,, વિદ્યાબહેન સી. દલાલ
૨૦-૦૦ ,, સ્વરૂપચંદ એન. શ્રોફ
૨૦-૦૦ ,, શાન્તાબહેન પાટડીયા
૧૫-૦૦ ,, મૂળચંદભાઈ નાનાલાલ
૧૫-૦૦ ,, રવચંદભાઈ જેસીંગભાઈ
૧૫-૦૦ ,, નરોત્તમદાસ અમરચંદ
૧૫-૦૦ ,, યશોધર એચ. મોદી
૧૫-૦૦ ,, નેમચંદભાઈ કલીકટવાળા
૧૧-૦૦ ,, જયંતીલાલ એસ. ઓઝા
૧૧-૦૦ ,, દીનકર એન. પારેખ
૧૧-૦૦ ,, કસ્તુરચંદ ડી. શાહ
૧૧-૦૦ ,, ધીરજલાલ મલુકચંદ
૧૧-૦૦ ,, નંદલાલ નાથાલાલ શાહ
૧૧-૦૦ ,, ડૉ. હસમુખ કુહાડીયા
૧૧-૦૦ ,, અમરચંદ સી. ઝવેરી
૧૧-૦૦ ,, ચીમનલાલ બ્રધર્સ
૧૧-૦૦ ,, કાંતિલાલ બરોડીયા
૧૧-૦૦ ,, ભાનુભાઈ ચત્રભુજ
૧૧-૦૦ શ્રી અનિલા મહેતા
૧૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૧-૦૦ ,, શામજી વીસનજી
૧૧-૦૦ ,, આણંદજી જી. શાહ
૧૧-૦૦ ,, સુશિલાબહેન કાપડિયા
૧૧-૦૦ ,, ચંપકલાલ એમ. લાખાણી
૧૧-૦૦ ,, સુખલાલ એમ. મહેતા
૧૧-૦૦ ,, ચીનુભાઈ એ. ઝવેરી
૧૧-૦૦ શ્રી રાજેન્દ્ર અમૃતલાલ
૧૦-૦૦ ,, કેશવલાલ એન શાહ
૧૦-૦૦ ,, વેણીબહેન કાપડિયા
૧૦-૦૦ ,, મણિબહેન ગાંધી
૧૦-૦૦ ,, તરૂણા વીપીન શાહ
૭-૦૦ ,, દીપચંદ કેશરીમલ
૪૦-૦૦ ,, પરચુરણ રકમો પાંચથી નીચે.

૧૫,૮૭૨-૧૦

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

૫૦૧-૦૦ મે. કામાણી બ્રધર્સ પ્રા. લી.
૨૫૧-૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૨૫૧-૦૦ ,, શ્રી મનુભાઈ અમૃતલાલ શેઠ
૨૫૧-૦૦ ,, કાન્તીલાલ એન. કોઠારી
૨૦૨-૦૦ ,, ધીરજલાલ એમ. અજમેરા
૧૦૧-૦૦ ,, જગજીવનદાસ એસ. અજમેરા
૧૦૧-૦૦ ,, ધીરજલાલ એલ. અજમેરા
૧૦૧-૦૦ ,, જયન્તીલાલ ખીમચંદ
૧૦૧-૦૦ ,, મે. શાહ પટેલની કું.
૧૦૧-૦૦ ,, જીન સ્ટોર્સ કું.
૫૧-૦૦ ,, રેખુટ એન્જીનિયરીંગ કું.
૫૦-૦૦ ,, રમણલાલ ચંદુલાલ
૫૦-૦૦ ,, મોહનલાલ એન. જરીવાળા
૨૫-૦૦ ,, બાલકૃષ્ણ જે. ગાંધી
૨૫-૦૦ ,, લાભશંકર જી. મહેતા
૭-૦૦ ,, પરચુરણ રકમો પાંચથી નીચેની.

૨૧૭૨-૦૦

વૈદ્યકીય રાહત

૫૧-૦૦ ધી રેખુટ એન્જીનિયરીંગ કાં.
૫૦-૦૦ ,, જનરલ સપ્લેર્સ એન્ડ એન્જીનિયરીંગ કું.
૫૦-૦૦ ,, વાડીલાલ જેઠાલાલ શાહ
૩૭-૦૦ ,, ઈશ્વરલાલ નારાણજી શાહ
૨૬-૦૦ ,, બાલકૃષ્ણ જે. ગાંધી.
૨૫-૦૦ ,, મોહનલાલ ત્રિભોવનદાસ મોદી
૨૫-૦૦ ,, મંગળજી ઝવેરચંદ મહેતા
૨૦-૦૦ ,, રમણલાલ ચંદુલાલ
૧૧-૦૦ ,, અરૂણ છોટાલાલ શાહ
૧૧-૦૦ ,, શાન્તિલાલ અ. શાહ
૧૧-૦૦ ,, વિનોદ ટ્રેડીંગ કું.
૧૧-૦૦ ,, લીલાબહેન મનુભાઈ શાહ
૧૦-૦૦ ,, વેલજી કસ્તુરચંદ
૧૦-૦૦ ,, મુળચંદ શેઠ
૧૦-૦૦ ,, નરેન્દ્ર શાહ
૧૦-૦૦ ,, વસનજી માલસી
૨૦-૦૦ ,, પરચુરણ રકમો પાંચથી નીચેની.

પ્રબુદ્ધ જીવન

૩૦-૦૦ શ્રી રમણલાલ ચંદુલાલ
૨૫-૦૦ ,, બાલકૃષ્ણ જે. ગાંધી
૨૫-૦૦ ,, અમૃતલાલ જીવરાજ દોશી
૧૧-૦૦ ,, નરોત્તમદાસ અમરચંદ
૧૦-૦૦ ,, શામજી ચનાભાઈ
૨૩-૦૦ ,, પરચુરણ રકમો પાંચથી નીચેની.

૧૨૪-૦૦

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ખનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧, ૧૯૬૭, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ પ્રકીર્ણ નોંધ ☆

નવા વર્ષના મંગળ પ્રભાતે

'પ્રબુદ્ધ જીવન'નો આ અંક જ્યારે તેના વાચકોના હાથમાં આવશે ત્યારે વિક્રમ સંવત ૨૦૨૩ની સમાપ્તિ થઈ ગઈ હશે અને વિક્રમ સંવત ૨૦૨૪નો પ્રારંભ થઈ ચુક્યો હશે. આ વર્ષસંક્રાંતિના ટાણે દેશની વર્તમાન પરિસ્થિતિનું તારણ કાઢવા અને ભાવીનું મૂલ્યાંકન કરવા સ્વાભાવિક રીતે મન પ્રેરાય છે.

ગત વર્ષ દરમિયાન સૌથી મહત્ત્વનો બનાવ અખિલ ભારતીય ધોરણે થયેલી ચૂંટણી અને તેનાં પરિણામોને લગતો છે. ચૂંટણી પહેલાં કેન્દ્રમાં તેમ જ ભારતના વિવિધ રાજ્યઘટકોમાં કૉંગ્રેસનું અબાધિત વર્ચસ્ હતું. ચૂંટણીએ કૉંગ્રેસની સાર્વભૌમ સત્તાનો અંત આણ્યો છે. કેન્દ્રસ્થ લોકસભામાં કૉંગ્રેસની બહુમતી અને તે કારણે હકુમત કાયમ રહી છે, પણ ભિન્ન ભિન્ન રાજ્યોમાં ભિન્ન ભિન્ન પ્રકારની રાજ્યરચનાઓ નિર્માણ થઈ છે અને તેથી કેન્દ્ર અને રાજ્યઘટકો વચ્ચે જે એક પ્રકારની સંવાદિતા હતી તે નષ્ટ પામી છે અને એ કારણે દેશની રાજકીય સમસ્યા અનેક રીતે વધારે જટિલ બની છે. કેન્દ્રનું પ્રભુત્વ ઘટ્યું છે અને રાજ્યો માથાભારી બનતા રહ્યા છે. આ ઉપરાંત ધારાસભ્યો અવારનવાર એક યા બીજા કારણે પક્ષાન્તર કરતા હોઈને સમગ્ર રાજકારણી પરિસ્થિતિમ મુંઝવતી અસ્થિરતા પેદા થઈ છે.

દેશભરમાં અને ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં મોટા મોટા કારખાનાની મેનેજમેન્ટની–વહીવટીતંત્રની–આસપાસ ઘેરો ઘાલવાની પદ્ધતિએ એક નવા પ્રકારની અનવસ્થા અને અસ્થિરતા પેદા કરી છે. વળી દેશમાં જ્યાં ત્યાં કોમી સંઘર્ષો પેદા થઈ રહ્યા છે અને કોમી એકતા જોખમાવા લાગી છે. નાના નાના પ્રશ્નો ઉપર પણ લોકોના તોફાનો ઊભાં થાય છે અને જાનમાલને પારાવાર નુકસાની પહોંચાડે છે. ચીજોના ભાવ–જરૂરિયાતની વસ્તુઓના ભાવ–ઊંચા ને ઊંચા ચઢતા જાય છે અને એ કારણે લોકોનો અસંતોષ વધારે ને વધારે ઉગ્ર બનતો જાય છે અને આ અસંતોષ જનતાના અનિયંત્રિત વર્તાવમાં પરિણમે છે.

આમ આપણે અશાન્તિ, અસ્થિરતા, અને તીવ્ર અસંતોષ-ભર્યા વાતાવરણમાં નૂતન વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. સદ્‌ભાગ્યે ગયા વર્ષના ચોમાસા દરમિયાન દેશભરમાં સર્વત્ર સારો વરસાદ પડ્યો છે અને આગળના બે વર્ષના દુષ્કાળની અપેક્ષાએ આ વર્ષ સારા સુકાળનું નીવડવા આશા બંધાઈ છે. પાક સારો નીપજ્યો હોવાના ચોતરફથી સમચાર આવે છે અને પરિણામે વધતા જતા ભાવોની ભીંસમાંથી લોકોને સારી રાહત મળે એવી અપેક્ષા સેવાઈ રહી છે.

દેશની એકતા અખંડિત રહે અને લોકશાહી સુરક્ષિત ટકી રહે–આ બે બાબતો આજે સૌથી વધારે અપેક્ષિત છે. આ બન્ને બાબતોને ઘાતક એવી ચોતરફ પરિસ્થિતિ સરજાઈ રહી છે. શિક્ષણ માધ્યમના પ્રશ્ને નવું વિકરાળ રૂપ ધારણ કર્યું છે નકસલબારીના પ્રકરણે નવું ભયસ્થાન પેદા કર્યું છે. અરાજકતાભર્યા આજના વિદ્યાર્થી માનસે એક નવી ચિન્તા પેદા કરી છે. આ બધું વિચારતાં આપણો ભાવી માર્ગ ભારે વિકટ અને અનેક ઝંઝાવાતોથી ભરેલો દિસે છે. જો દેશને આ સર્વ આંટીઘૂંટીમાંથી અને આધિ–વ્યાધિ અને ઉપાધિમાંથી ઉગારવો હોય, પાર કરવો હોય તો તે આપણા દરેકની પાસેથી ઉત્કટ પુરુષાર્થ અને દુરંદેશી તથા શાણપણભર્યા નેતૃત્વની અપેક્ષા રાખે છે. ઈશ્વર આપણ સર્વને સન્મતિ આપે, સર્વોદયના માર્ગે સુદૃઢપણે વિચારવાની તાકાત આપે એ જ પ્રાર્થના! એ જ અભ્યર્થના!!

મોઢા આડે મુહપત્તીબાંધન શા માટે? : ઉપસંહાર

આ વિષય ઉપર પંડિત બેચરદાસની માહિતી અને તર્કથી સમૃદ્ધ એવી સમાલોચના બાદ મારા માટે માત્ર એક બે મુદ્દાની જ ચર્ચા કરવાની બાકી રહે છે. તેમાં પહેલો મુદ્દો એ છે કે મોઢા આડે મુહપત્તી બાંધી રાખવાના સમર્થનમાં એક એવી માન્યતા વારંવાર આગળ ધરવામાં આવે છે કે બોલતી વખતે વાયુકાયના જીવોની હિંસા થાય છે, તે જીવોની મોઢા આડે મુહપત્તી બાંધવાથી રક્ષા થાય છે. આ માન્યતાના સંદર્ભમાં બે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. (૧) બોલવાથી વાયુકાયના જીવોની ખરેખર હિંસા થાય છે કે નહિ? અને (૨) બોલવાથી ખરેખર વાયુકાયના જીવોની હિંસા થતી હોય તો મોઢા આડે મુહપત્તી બાંધવાથી તે હિંસા ખરેખર અટકે છે ખરી?

મારી સમજણ મુજબ બોલવાથી વાયુકાયના જીવોની હિંસા થાય છે એ એક પ્રકારનો ભ્રમ છે. અવાજ કાઢવો એટલે ચોતરફ વહી રહેલી વાયુની લહરીઓમાં એક પ્રકારનો થડકારો પેદા કરવો. એ થડકારાથી વાયુની લહરીઓમાં વધારે જોરદાર સ્પંદન પેદા થાય છે અને એ અવાજનું વહન કરતી પવનલહરીઓ આપણા કાન સાથે અથડાય છે અને આપણને અવાજનો – શબ્દનો – અનુભવ કરાવે છે. જેમ પાણીના પ્રવાહ ઉપર કોઈ એક બાજુએથી જોરથી પવન ફૂંકવામાં આવે તો પાણીની લહરીઓ વધારે જોરથી ઉછળવા માંડે, પણ તેથી અપકાયના જીવોની કોઈ વિરાધના થતી નથી, એમ જ માનવીના અવાજ અથવા તો શબ્દથી વાયુકાયના જીવોની વિરાધના થતી નથી એમ કહી શકાય. વાયુકાયની ખરી હિંસા અગ્નિ પ્રગટાવવાથી થાય છે અને એટલે જ અગ્નિને વાયુભક્ષી કહેવામાં આવે છે. આ વિચારના સમર્થનમાં દાખલો જ જોઈતો હોય તો અન્તિમ તીર્થંકર ભગવાન મહાવીરનો આપી શકાય. તેઓ નગ્ન વિચરતા હતા. મુહપત્તી જેવું કોઈ ઉપકરણ રાખતા નહોતા. તેઓ ખુલ્લા મોઢે બોલતા હતા, ઉપદેશ આપતા હતા અને તેમને અનેક નરનારીઓ સાંભળતાં હતાં. તેમના આવા મુકત વાણીવ્યવહાર વિષે શું વિચારવું? તેમને અનુસરીને દિગંબર સાધુઓની આજ સુધી લાંબી

પરંપરા ચાલતી આવી છે. તેઓ ઉપકરણમાં માત્ર મોરપીંછની પીંજણી અને જળપાત્ર રાખે છે. મુહપત્તીને તેમના ઉપકરણમાં કોઈ સ્થાન નથી. તેઓ પણ ઉપદેશ આપતા હોય છે તો તેમના વિષે આપણે શું વિચારવું?

હવે ધારો કે ખુલ્લા મોઢે બોલવાથી વાયકાના જીવોની ખરેખર હિંસા થાય છે તો પછી બીજો પ્રશ્ન આપણી સામે એ ઊભો થાય કે મોઢા આડે મુહપત્તી બાંધવાથી આ હિંસા અટકે છે કે ઓછી થાય છે ખરી? મારી સમજણ મુજબ મુહપત્તી બાંધવાથી આ હિંસા કોઈ અંશમાં અટકતી નથી; કદાચ વધે છે. કારણ કે મોઢા આડે મુહપત્તી બાંધવામાં આવે તો પણ બોલવાથી હવામાં થડકારો પેદા થાય છે અને બોલનારનો શબ્દ વાયુકાયના જીવને હણતો હણતો સામેની વ્યકિતના કાન સુધી પહોંચે છે, બીજું મુહપત્તીની આડશ-પૂર્વક બોલનારને પોતાનો અવાજ સામેની વ્યકિતના કાન સુધી પહોંચાડવા માટે વધારે જોરથી બોલવું પડે છે અને જો સામાન્ય રીતે બોલવાથી વાયુકાયના જીવો હણાતા હોય તો વધારે જોરથી બોલનાર વધારે વાયુકાયના જીવો હણે છે એમ માનવું રહ્યું. આમ બધી રીતે વિચારતાં મોઢા આડે મુહપત્તી બાંધવાની પ્રથાને વાયુકાયના જીવની રક્ષા સાથે જોડવાનો કોઈ અર્થ નથી.

આ પ્રથા સાથે જોડાયલો એક બીજો મુદ્દો પણ વિચારી લઈએ. પૂર્વકાળમાં બોલતી વખતે સામી વ્યકિત ઉપર આપણું થુંક ન ઉડે તેમ જ આપણા શ્વાસમાં દુર્ગંધ હોય તો તે દુર્ગંધના કારણે સામી વ્યકિતના દિલમાં અણગમો પેદા ન થાય તેવા હેતુથી બોલતી વખતે મોઢા આડે ખેસ અથવા લુગડાનો કકડો રાખવાની એક પ્રકારની સભ્યતા શિષ્ટસમાજમાં પ્રચલિત હતી. સાધુઓના આચારમાં તેનું સ્થાન મુહપત્તીએ લીધું હોય અને છુટી મુહપત્તીની બોલતી વખતે ઉપેક્ષા થવાનો સંભવ, તેથી તેને ચાલુ મોઢે બાંધવાની પ્રથા પ્રચલિત બની હોય એમ અનુમાન થાય છે. પણ હવે એ સભ્યતા શિષ્ટ સમાજમાં રહી નથી અને તેથી એ સભ્યતાના અવશેષરૂપ આ મુહપત્તી બંધનને ચાલુ રાખવાનો કોઈ જરૂર નથી. આમ છતાં પણ ઉપર જણાવેલ કારણે કોઈની સાથે નજીકમાં બોલતી વખતે મોઢા આડે મુહપત્તી ધરી રાખવાની કોઈ સાધુને જરૂર લાગતી હોય તો તે ભલે એમ કરે, પણ ચોવીસે કલાક સતત મોઢા આડે મુહપત્તી બાંધી રાખવાનો કોઈ અર્થ નથી એટલી સમજણ મુહપત્તીની આ પ્રથાને સ્વીકારનાર જૈન સમાજમાં આવે એ આ આખી ચર્ચાનો આશય છે. જ્યારે આપણે કોઈ જૈન મુનિના મૃતદેહના મોઢા આડે મુહપત્તી બાંધીને તેની સ્મશાનયાત્રા કાઢીએ છીએ ત્યારે આ પ્રથાની વિચિત્રતાનો–absurdity નો–ખરો ખ્યાલ આવે છે. આ હકીકત એમ પુરવાર કરે છે કે મુહપત્તી મોઢા આડે બાંધવાનો કોઈ તાત્વિક અર્થ નથી પણ તે જૈન મુનિના ગણવેશનું એક અંગ બની ગયેલ છે; અથવા તો તેમનો એક ટ્રેડ માર્ક એટલે કે તેમના વિશિષ્ટ વ્યવસાયનું સૂચક ચિહ્ન બની ગયું છે.

આપણાં ધાર્મિક જીવનની પ્રક્રિયામાં આવી અનેક બાબતો પ્રવેશેલી છે જેને બુદ્ધિનો – તર્કનો – ઔચિત્યવિવેકનો – કોઈ પાયો નથી, જે કેવળ irrational છે, માનવીની બુદ્ધિ-મત્તાની વિરોધી છે. મુહપત્તીની પ્રથાને તો એક નમૂનારૂપે અહિં આગળ ધરવામાં આવ્યા . સમજણપૂર્વકનો ધાર્મિક વિકાસ એ જેમના જીવનનું ધ્યેય હોવું જોઈએ એવી શિષ્ટ વ્યકિતઓએ આવી બાબતોનો ઊંડાણથી વિચાર કરવો જોઈએ, ધાર્મિક આચારમાં રહેલી બુદ્ધિ તર્ક અને ઔચિત્યવિચાર સાથે અસંગત એવી બાબતો તરફ પોતાના સમાજનું ધ્યાન ખેંચવું જોઈએ, અને સમાજના ધાર્મિક જીવનમાં રહેલી અસંગત બુદ્ધિવિરોધી પ્રક્રિયાઓને દૂર કરીને તેના સત્ત્વની સતત સંશુદ્ધિ કરવા તરફ પોતાના પુરુષાર્થને કેન્દ્રિત કરવો જોઈએ.

આ ચર્ચા હવે સમાપ્ત કરવામાં આવે છે.

સ્વર્ગસ્થ શ્રી ડુંગરશી ધરમશી સંપટ

ગયા ઓકટોબર માસની ૧૨મી તારીખે જૂની પેઢીના જાણીતા સાહિત્યકાર શ્રી ડુંગરશી ધરમશી સંપટનું મુંબઈ ખાતે ૮૭ વર્ષની પરિપકવ ઉમ્મરે અઠવાડિયા દશ દિવસની માંદગી બાદ અવસાન થયું.

તેઓ ભાટિયા જ્ઞાતિના હતા; તેમનો જન્મ ૧૮૮૦ની સાલમાં કચ્છમાં આવેલા અંજારમાં થયો હતો. તેમના પિતાશ્રી મુંબઈની શેઠ અમરચંદ માધવજીની કંપનીમાં ભાગીદાર હતા. પિતાના અવસાન બાદ તેમનું સ્થાન ડુંગરશીભાઈએ લીધું હતું. આ કંપનીની મુંબઈ ઉપરાંત કલકત્તા, કરાંચી, રંગુન અને કોલંબોમાં શાખાઓ હતી. ૧૯૨૬ની સાલ સુધી તેમણે કંપનીની જુદી જુદી શાખાઓમાં તે તે સ્થળોએ વસીને કંપનીનું કામ સંભાળ્યું હતું. ત્યાર બાદ કરાંચી શાખાના તેઓ માલીક થયા અને તેને મૂળરાજ લીલાધર કંપનીનું નામ આપીને ૧૯૪૭ સુધી તેમણે કરાંચીમાં વ્યાપારવ્યવસાય કર્યો. ૧૯૪૭માં દેશના ભાગલા થતાં તેઓ ત્યાંનો વ્યાપારવ્યવસાય છોડીને સહકુટુંબ મુંબઈ આવી વસ્યા અને અશોકકુમાર મૂળરાજની કંપનીના નામથી તેમણે અને તેમનાં સંતાનોએ મુંબઈમાં વ્યાપાર શરૂ કર્યો, જે આજ સુધી ચાલે છે.

વ્યાપારવ્યવસાય ઉપરાંત તેઓ ગુજરાતી સાહિત્યના એક મોટા ઉપાસક હતા. અનેક વિષયો ઉપર ગુજરાતી સામયિકોમાં તેમનાં લખાણો પ્રગટ થતાં હતાં. અર્થશાસ્ત્ર, ઈતિહાસ અને લોકસાહિત્યના તેઓ સારા અભ્યાસી હતા. માનવીના સાહસ અને પરાક્રમને લગતી તેમણે અનેક કથાઓ પ્રગટ કરી હતી. કુલ ૪૨ પુસ્તકો તેમણે લખ્યા હતાં, જેમાં સંસ્કારલક્ષ્મી, ઘરની રાણી, જીવન સખી, કલ્યાણમયી તથા સાગરકથાઓ–આ પુસ્તકોએ સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. સૌધ મહાગુજરાત સભા તથા કરાંચીના ગુજરાતી નગર-નિવાસીઓ તરફથી તેમની ષષ્ટીપૂર્તિ ઊજવવામાં આવી હતી.

આ ઉપરાંત કરાંચીના જાહેરજીવનમાં તેઓ અગ્રણી હતા. ૧૯૩૦માં કરાંચી ખાતે ભરાયલા રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનની સ્વાગત સમિતિના સભ્ય તરીકે તેમણે ખૂબ સેવા આપી હતી. ૧૯૩૮ માં કરાંચી ખાતે શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખપણા નીચે ગુજરાત સાહિત્ય પરિષદનું સંમેલન ભરાયું હતું, તેની સ્વાગત સમિતિના પ્રમુખ હતા.

તેમનું વાંચન ગુજરાતી સાહિત્ય ઉપરાંત હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય સુધી વિસ્તરેલું હતું. ધર્મસાહિત્યમાં પણ હિંદુ ધર્મના ગ્રંથો ઉપરાંત બાઈબલ, કુરાન, અને જરથોસ્તી ગાથાઓનું પણ તેમણે પરિશીલન કર્યું હતું. મીરાં, નરસિંહ મહેતો, સુરદાસ, તુલસીદાસ આદિ ભકતકવિઓનાં ભજનોમાં તેમને ખૂબ રસ હતો અને તેમાંનાં કેટલાંક ભજનો તેમને કંઠસ્થ હતાં.

પ્રવાસના તેઓ ખૂબ શોખીન હતા. ભારતનાં મોટાં શહેરો, તીર્થો, ઉદ્યોગમથકો અને મહત્ત્વનાં સ્થાનકો તેમણે નજરે નિહાળ્યા હતાં. હિમાલયનાં જાણીતાં તીર્થસ્થાનો - બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્તરી અને જમ્નોત્તરી - ની પગે ચાલીને તેમણે યાત્રા કરી હતી, અને એ તીર્થયાત્રાનું વર્ણન 'હિમાલયના પુણ્ય પ્રદેશમાં' એ નામથી પુસ્તકાકારે તેમણે પ્રસિદ્ધ કર્યું હતું.

૧૯૪૭માં તેઓ મુંબઈ આવીને વસ્યા તે પહેલાં સાહિત્ય લેખક તરીકે તેમને હું જાણતો હતો પણ ડુંગરશીભાઈના ભાણેજ અને કેરલના પ્રમુખ સર્વોદય કાર્યકર્તા તથા મારા વર્ષોજુના મિત્ર કલી-કટવાસી શ્રી શામજી સુન્દરદાસદ્વારા તેમનો પ્રત્યક્ષ પરિચય થયો હતો. તેઓ મારાથી ઉમ્મરમાં મોટા હતા પણ અનેક વિષયમાં સમાન રસ હોઈને અમારો સંબંધ અત્યન્ત નિકટવર્તી સ્વજન જેવો હતો. મારી ઉપર તેમની અપાર મમતા હતી.

પ્રબુદ્ધ જીવન ઉપર તેમને ખૂબ સદ્‌ભાવ હતો. અમારા મુંબઈ જૈન યુવક સંઘના તેઓ કેટલાંક વર્ષોથી સભ્ય બન્યા હતા. તેમની શારીરિક ક્ષમતામાં ઘટાડો થયો તે પહેલાં સંઘદ્વારા યોજાતાં પર્યટનોમાં તેઓ અવારનવાર જોડાતા હતા. ક્લીકટમાં વસતા સર્વોદય કાર્યકર શ્રી શામજીભાઈ સુન્દરદાસ તેમના ભાણેજ થાય.

ડુંગરશીભાઈને ગાંધીજી વિષે, વિનોબાજી વિષે તેમ જ કેદારનાથજી વિષે અપૂર્વ આદર અને ભક્તિભાવ હતો. કેદારનાથજીના તો તેઓ ગાઢ સંપર્કમાં હતા. તેમને ત્યાં રવિવારે એકત્ર થતા મિત્રોના મીલનમાં તેઓ અવારનવાર જતા હતા. તેઓ નિરન્તર ખાદીધારી હતા.

મુંબઈ આવ્યા બાદ વૃદ્ધાવસ્થાના કારણે તેમની લેખનપ્રવૃત્તિમાં મંદતા આવી ગઈ હતી અને પાછળનાં વર્ષોમાં તે તદ્‌ન સ્થગિત થઈ ગઈ હતી. આમ છતાં તેમનું વાંચન ચાલુ હતું અને મિત્રો સાથેની તેમની ચર્ચાવાર્તા અનેક વિષયોને સ્પર્શતી હતી. દેશના રાજકારણમાં તેમને તીવ્ર રસ હતો. અને કૉંગ્રેસતરફી તેમનું વલણ હતું.

નિયમિત આહારવિહારદ્વારા તેમણે શરીરસ્વાસ્થ્ય સારા પ્રમાણમાં ટકાવી રાખ્યું હતું. તેઓ નિયમિત આસનો અને કસરત કરતા અને ચાલવાનો–લાંબુ ચાલવાનો–તેમને ભારે શોખ હતો. ૧૦–૧૨ માઈલ ચાલી નાંખવું તેમને મન રમતવાત હતી. જેમ જેમ ઉમર વધતી ગઈ, અને શરીરની તાકાત ઘટતી ગઈ તેમ તેમ તેમના આ શોખ ઉપર કાપ મૂકાતો ગયો. પાછળના ચાર પાંચ વર્ષ દરમિયાન તેમનું ચાલવાનું એકદમ ઓછું થઈ ગયું–બંધ થઈ ગયું. આ તેમને ખૂબ સાલતું હતું.

ઉમ્મર વધવા સાથે શરીર ક્ષીણ થઈ રહ્યું હતું; હલનચલન બંધ થવા લાગ્યું હતું. પાછળના બે ત્રણ વર્ષ દરમિયાન મોટા ભાગે ઘરમાં જ પડી રહેવા જેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. શરીર ઉપરથી નમી ગયું હતું. આ બધું છતાં તેમની પ્રસન્નતા જીવનના અન્ત સુધી એકસરખી જળવાઈ રહી હતી. જ્યારે મળો અને પૂછો કે, "ડુંગરશીભાઈ, કેમ છો?" તો એકસરખો જવાબ મળતો "હું ખૂબ આનંદમાં છું; મને કશી ફરિયાદ નથી; મન ખૂબ જ આનંદમાં રહે છે." તેમને જુઓ તો ઊંડા આત્મસંતોષને દાખવનું સ્મિત તેમના મોઢા ઉપર તરવરતું માલુમ પડતું હતું. તેઓ ગૃહસ્થ હતા, પત્ની અને પરિવારથી ઘેરાયલા હતા; આમ છતાં તેમના વિચાર, વાણી અને વર્તનમાં એક પ્રકારની વિરકિતનું દર્શન થતું હતું. અત્યન્ત પ્રેમાળ હતા અને એમ છતાં અનાસકત હતા. તેમના જીવનનાં છેલ્લાં વર્ષો દરમિયાન ખાસ કરીને દેશદાઝથી ભરેલા એવા એક સાધુ પુરુષનું દર્શન થતું હતું. મારા માટે તેઓ એક વડીલ સ્વજન સમા હતા. જ્યારે મળું અને છુટો પડું ત્યારે 'પાછા કયારે આવશો' એ જ માત્ર તેમનો પ્રશ્ન હોય. હવે આવો પ્રશ્ન પૂછનાર કોઈ વડીલ ન રહ્યા. તેમની ખોટ આ રીતે મને જીવનના અન્ત સુધી સાલ્યા કરવાની. આવા એક દીર્ઘજીવી સુચરિત, સંસ્કારપ્રેમી સજ્જનને આપણ સર્વનાં અનેક વન્દન હો! તેમનું જ્ઞાન અને કર્મના સમન્વય સમું જીવન આપણા માટે પ્રેરણાસ્રોત બની રહો!

પરમાનંદ

સામાજિક પ્રવૃત્તિઓને વાડાસીમિત ન રાખો!

(પાલીતાણા ખાતે વર્ષોથી સાર્વજનિક સેવા કરતા જૈન સેવા સમાજ તરફથી છેલ્લાં ૨૮ વર્ષથી એક દવાખાનું ચાલે છે. તે દવાખાનાની પ્રવૃત્તિને વિસ્તારવાના હેતુથી મુંબઈ ખાતે પાલીતાણાવાસીઓની બનેલી એક સહાયક સમિતિએ બે લાખ જેટલી રકમનું ભંડોળ એકઠું કર્યું હતું અને તેના અનુસંધાનમાં તા. ૮-૧૦-૬૭ રવિવારના રોજ માટુંગા બાજુ આવેલા સન્મુખાનંદ હોલમાં શેઠ માણેકલાલ ચુનીલાલના પ્રમુખપણા નીચે એક સમારંભ યોજવામાં આવ્યો હતો. એ સમારંભમાં અતિથિવિશેષ તરીકે પધારેલા શેઠ પ્રતાપ ભોગીલાલે કરેલું પ્રવચન નવી વિચારદિશાનું પોષક હોઈને તેનું જરા ટુંકાવેલું તથા સંસ્કારેલું રૂપ નીચે આપવામાં આવે છે.

અહિં જણાવતાં આનંદ થાય છે કે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહે ઉપર જણાવેલ ફાળામાં પ્રસ્તુત દવાખાના સાથે જોડવામાં આવનાર એકસરે સ્ક્રીનીંગના પ્રબંધ માટે રૂ. ૧૨૫૦૧ના દાનની જાહેરાત કરી છે. આવી ઉદારતા માટે ભાઈશ્રી બાબુભાઈને હાર્દિક ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ**)

" દરેક સામાજિક પ્રવૃત્તિ હંમેશાં 'અન્ય' માટે જ હોય છે પણ સમયના વહેણ સાથે 'અન્ય'ની વ્યાખ્યા બદલાતી જાય છે. આપણા કેવળજ્ઞાની તીર્થંકરોએ 'અન્ય' માં ફકત જૈન જ નહિ પણ સર્વ કોઈ મનુષ્યનો અને તેથી આગળ વધીને ફકત માનવજાત જ નહિ પણ પશુ, પક્ષી અને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવો સુધી સર્વ જીવોનો સમાવેશ કર્યો હતો. અસલનાં દાનોમાં આથી સર્વ જીવોનો ખ્યાલ કરવામાં આવતો. જેમ કે કીડીને કણ, કબુતરને ચણ, કુતરાને રોટલા, ગાયને ઘાસ અને ખોડાં ઢોર માટે પાંજરાપોળ– આ સર્વ જુની દાનપ્રવૃત્તિઓ આ વિશાળ ભાવનાની પ્રતીકરૂપ હતી. દેરાસર, ધર્મશાળા, પૌષધશાળા, સદાવ્રતો, વાવકૂવા અને સરોવરો–એ પણ દાનની બીજી પ્રચલિત પ્રથા જુના સમયમાં સર્વમાન્ય હતી અને આજે પણ તેનું મહત્ત્વ અમુક અંશે સ્વીકારવામાં આવે છે.

"વધતી-જતી સંપત્તિ છતાં, સમાજના જરૂરિયાતવાળા વર્ગની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે અને એટલા જ વેગથી એ વર્ગની જરૂરિયાતો પણ વધી રહી છે. ગઈ કાલ સુધી જે સગવડો સામાન્ય માનવી માટે અલભ્ય લેખાતી તેને સૌ માટે સુલભ બનાવવા આપણે તત્પર બન્યા છીએ. પચ્ચાસ વર્ષ પહેલાં કોલેજમાં પોતાનાં છોકરાઓને ભણાવવાનો કે પરદેશ મોકલીને ઉચ્ચ શિક્ષણ અપાવવાનો વિચાર સામાન્ય માનવીને ભાગ્યે જ આવતો. કેન્સર અને ક્ષયની સારવાર માટે હોસ્પીટલો ઊભાં કરવાનો ભાગ્યે જ કોઈને ખ્યાલ આવતો. આજે આવી સગવડો અનેકને મળવા માંડી છે અને તે માટે નવાં નવાં આયોજનો થઈ રહ્યાં છે.

"મારી માન્યતા મુજબ ધર્મ અથવા તો સંપ્રદાયના વાડા વચ્ચે જ બધી સામાજિક પ્રવૃત્તિઓને પુરી રાખવાથી એ પ્રવૃત્તિનાં મૂળ ઊંડા જતાં નથી અને એ પ્રવૃત્તિનો વિસ્તાર વધતો નથી, તેમ જ એવી સાંકડી રીતે વિચારવાથી સાચા ધર્મ સાથે આપણા જીવનનું અનુસંધાન થતું નથી. એથી ઉલટું જો દરેક સામાજિક પ્રવૃત્તિ 'સર્વજનહિતાય, સર્વજનસુખાય' એવા વિચાર અને ધ્યેયને વરેલી હોય તો–અને તે ગમે તે સમાજની કે ધર્મની સંસ્થા દ્વારા ચાલતી હોય તો પણ–એવા વિશાળ ધ્યેયના સ્વીકારપૂર્વક ચાલતી પ્રવૃત્તિ ધર્મવૃત્તિની પોષક અને પ્રેરક બની શકે છે.

"હાલની પેઢીમાં જુની ચીલાચાલુ દાનની દિશાઓ પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા આવી છે અને માનવોપયોગી સામાજિક પ્રવૃત્તિઓ માટે વધુ ને વધુ આકર્ષણ પેદા થતું રહ્યું છે. મને લાગે છે કે જૈન સમાજનું વલણ બહુધા આવા વિશાળ ધોરણ ઉપર ઢળી રહ્યું છે અને એ જરૂર આવકારદાયક છે. ફકત દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, પાઠશાળાઓ–એટલા માત્રથી ધર્મ સબળ નથી બનતો, પણ ધર્માનુયાયી સમાજની બીજી જરૂરિયાતોનો ખ્યાલ કરવામાં આવે તો જ સમાજમાં ધર્મ પ્રત્યેનો ભાવ વધારે દઢ થઈ શકે છે.

ગેરસમજ ન થાય એ માટે મારે એક ચોખવટ કરવી જ જોઈએ કે આવી દેરાસર વગેરેની પ્રવૃત્તિઓ નિરર્થક છે એમ કહેવાનો મારો આશય નથી. હું તો એટલું જ કહું કે ધર્માલયો પાછળ પણ ધનવ્યય વિવેકપૂર્વકનો હોવો જોઈએ, જેથી અતિરેકમાં ન પરિણમે અને જ્યારે એ માર્ગે ધનવ્યય કરવામાં આવે ત્યારે પણ આપણાં દુ:ખી, દીન, હીન માનવબંધુઓની જરૂરિયાતોની ઉપેક્ષા તો આપણે ન જ કરી શકીએ.

"આદીશ્વર ભગવાનનું પવિત્ર ધામ પાલીતાણામાં આવા ધર્માલયોના અતિરેક વચ્ચે આવી દવાખાના અને તબીબી રાહત ઊભી કરવાની-વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરીને પાલીતાણાના જૈન સેવા સમાજે ખરેખર એક સ્તુત્ય પગલું ભર્યું છે. સંગેમરમર અને આરસપહાણથી શોભતી દેવનગરીમાં આ રીતે એક મીઠી વીરડી ઊભી કરવામાં આવી છે અને પરલોકનું શ્રેય સાધવા ઈચ્છતાં પ્રજાજનોની આ લોકની જરૂરિયાતોને પહોંચીવળવાનું કાર્ય આ પ્રવૃત્તિદ્વારા થવાનું છે. આ માટે આ સેવા સમાજને અનેક ધન્યવાદ ઘટે છે."

પ્રતાપ ભોગીલાલ

સ્વ.શ્રી રામુભાઈ ઠક્કર

(શ્રી રામુભાઈ ઠક્કરનું વીલેપારલેના તેમના નિવાસસ્થાને હૃદય-રોગની લાંબા સમયની ઉપાધિના પરિણામે ગયા ઑક્ટોબર માસની આઠમી તારીખે અવસાન થયું. તેઓ મૂળ ભાવનગરના અને તેમની સાથે તથા તેમના સમસ્ત કુટુંબ સાથેનો મારો લગભગ ૫૦ વર્ષનો સંબંધ એટલે તેમના અવસાનથી એક મિત્રની ખોટ પડયાનું દુ:ખ હું અનુભવું છું. શ્રી ગગનવિહારી મહેતાનો તેમની સાથે એટલો જ જુનો સંબંધ અને મારા કરતા વધારે ગાઢ તેથી તેમને મેં રામુભાઈ વિષે કાંઈક લખવા વિનંતી કરી. તેના પરિણામે, તેમના તરફથી જે લખાણ મળ્યું તે નીચે આપવામાં આવે છે. આ લખાણ રામુભાઈના વિશિષ્ટ વ્યકિતત્વનો સપ્રમાણ અને સુરેખ ખ્યાલ આપે છે. **પરમાનંદ**)

કેટલાક મનુષ્યોના અવસાન પછી પણ એમના નામ આગળ "સદ્‌ગત" લખતાં મન ખચકાય છે. વયમાં મોટા હોવા છતાં, હૃદયરોગના હુમલા સહન કર્યા છતાં, રામુભાઈ ઠક્કર હંમેશ હસતા, આનંદી જીવના હતા. મૃત્યુ બહુ આઘે નથી એવી એમને પ્રતીતિ હતી એમ મને લાગતું, પણ વાતચીતમાં, વર્તમાનમાં કદીય ગ્લાનિ અનુભવતા તેમને મેં જોયા નહોતા.

રામુભાઈના અવસાનથી લગભગ પચાસ વર્ષની અમારી મિત્રતાની સાંકળ તૂટી ગઈ. એ ભાવનગરના હતા; એમના પિતા પરમાણંદદાસ, ઠક્કરબાપાના ભાઈ હતા. મારો બધો અભ્યાસ – શાળા અને કૉલેજનો – મુંબઈમાં, પરંતુ ભાવનગરમાં અમારું એક મિત્રમંડળ. એમાં રામુભાઈ અને એમના જ્યેષ્ઠ બંધુ કપિલભાઈ, મુનિકુમાર અને જયન્તકુમાર ભટ્ટ (મણિશંકર રતનજી ભટ્ટના પુત્રો – "કાન્ત" ના પુત્રો); જીતુભાઈ મહેતા વગેરે હતા. આમાં બીજા પણ કોઈવાર આવે અને ભળે. વધતા ઓછા પ્રમાણમાં, ભિન્ન-ભિન્ન પ્રકારની હાસ્યવૃત્તિ સૌમાં. પરંતુ એમાં રમુજોના ભંડોળમાં, નવા નવા શબ્દો યોજવામાં અને હાજર જવાબમાં રામુભાઈ શિરોમણિ. એમની બુદ્ધિ તીવ્ર, વાંચન પણ વિશાળ. પુષ્કળ વિવિધ પ્રકારના, શ્રેણીના લોકોના સંપર્કમાં આવેલા. આથી એમની સાથેનો વાર્તાલાપ રસપૂર્ણ અને કેટલીક બાબતોમાં નવું જાણવાનું પણ મળે. એમના જેટલી નૈસર્ગિક હાસ્યવૃત્તિ મેં બહુ થોડામાં જોઈ છે–આપણા દેશમાં કે પરદેશમાં. 'ભદ્રંભદ્ર' એમણે સો વાર વાંચ્યું હતું એમ કહેતા હતા પણ એમને લગભગ કંઠસ્થ હતું. અંગ્રેજી સાહિત્યથી પણ એ સુપરિચિત હતા. એમના કુટુમ્બના સંસ્કારને લીધે એ યુવાવસ્થાથી થિયોસોફીસ્ટ હતા – છેલ્લે સુધી થિયૉસોફીમાં એમને શ્રદ્ધા હતી એમ હું માનું છું – જો કે આ વિશે એમની સાથે મેં કદી ચર્ચા કરી નહોતી.

સામળદાસ કૉલેજમાં અભ્યાસ કરેલો, પણ એ વખતના અત્યંત કઠણ અને અનાવશ્યક ગણિતના વિષયને લીધે એ પહેલા વર્ષથી આગળ નહિ વધેલા. કુટુમ્બના સંજોગોને લીધે એમણે નોકરી શરૂ કરેલી. પરંતુ એમનો સ્વભાવ અતિ ચંચળ હતો, મનની સ્થિરતા નહોતા ભોગવતા અને વિવિધ ક્ષેત્રોમાં નશીબ અજમાવવામાં માનતા. આથી એમણે અનેક ક્ષેત્રો ખેડયાં અને સારા નરસા અસાધારણ અનુભવ પ્રાપ્ત કર્યા. સામળદાસ કૉલેજના લાઈબ્રેરીયન, સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીના ગોપાળરાવ દેવધરના સેક્રેટરી, મુંબઈમાં એક ચુસ્ત વૈષ્ણવ શેઠને ત્યાં તેમ જ અમદાવાદના એક ધનાઢય ઉદ્યોગપતિને ત્યાં, પત્રકાર તરીકે, સિનેમાના પ્રચારકાર્યમાં – એમ વિધવિધ જગ્યાએ કામ કર્યું. પૂર્વ આફ્રિકામાં જઈને પણ ત્યાં નોકરી કરેલી. આ વિશેના એમનાં સ્મરણની કથા કહે (અથવા એ વિશે લખે) ત્યારે હાસ્યની છોળો ઉડે.

જીવનના ઘણા તડકા – છાંયડા રામુભાઈએ જોયા. એમની કેટલીક ઉણપો અને ભૂલોને લીધે ભોગવ્યું પણ ખરું. પરંતુ ગમે તેવા વિપરીત સંજોગો છતાં અને પોતાની વિટંબણા છતાં જિંદગીના સંગ્રામમાં હાર્યા નહિ. પોતાની સહૃદયતા હું નથી ધારતો કે તેમણે કદી ગુમાવી હોય. ઢોંગ કે આડંબરના એ કટ્ટર વેરી હતા અને ગમે ત્યારે એની સામે બાથ ભીડવા તૈયાર થતા. એમજ જીવનના ઉલ્લાસનું એમનું ઝરણું કદી મંદ થાય, કદી વેગથી વહે, પણ છેલ્લે સુધી સૂકાયું નહિ. એમના મોટા ભાઈ કપિલભાઈ અને ખાસ કરીને નાનાભાઈ અનંતરાયના મરણનો એમને આઘાત લાગેલો, પરંતુ થોડા સમયમાં તેમણે સ્વસ્થતા મેળવેલી.

રામુભાઈની સ્મરણશકિત સાચે જ અસાધારણ હતી. કેવળ પોતાની યાદદાસ્તશકિત પર આધાર રાખી, કોઈ ડાયરી કે નોંધપોથીની મદદ વગર ભાવનગર વિશે એમની લેખમાળા "ભાવનગર સમાચાર" માં છેલ્લાં બેએક વર્ષથી પ્રગટ થતી હતી એ અત્યંત રસિક હતી. એ લેખોદ્વારા, ચાળીસ પચાસ વર્ષનું ભાવનગર એમણે ફરી સરજાવ્યું હતું. એ લેખોમાં ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ ઘણી ઉપયોગી માહિતી છે. પુસ્તક રૂપે એ પ્રગટ થાય એમ આશા રાખીએ.

રામુભાઈના ટૂચકાઓ, એમનાં પ્રતિકાવ્યો, એમની હાજરજવાબીનાં દૃષ્ટાંતો અહિં અસ્થાને ગણાય. મનુષ્યનો દેહ અનંતતામાં વિલુપ્ત થઈ જાય એ પછી એની કોઈ પ્રતિમા ઝાંખી ઝાંખી પણ આપણી દૃષ્ટિ સમક્ષ ખડી થાય છે. રામુભાઈનું સ્મરણ એમના ઘણા મિત્રોના મનમાં એમના જીવનના ઉમંગ અને હાસ્યનાં મોજાંદ્વારા રહેશે એમ મને લાગે છે. અડધી સદીનો સંપર્ક હવે જ્યારે સદા માટે તૂટી ગયો છે, મૃત્યુની પેલે પારથી કોઈ શબ્દ સંભળાવાનો નથી ત્યારે રામુભાઈ અત્રે જો કંઈ કહી શકયા હોત તો નરસિંહરાવના શબ્દોમાં કહેત કે:

"એકાદ અશ્રુ તુજ મેં કદી હોય લ્હોયું.
"એકાદ અશ્રુ તાણું દાન જ થાયું તો હું!"

મુંબઈ, તા. ૨૨-૧૦-૬૭ **ગગનવિહારી મહેતા**

અમેરિકા, કયા માર્ગે ? Quo Vadis, America ?

(અમેરિકામાં જેમણે વર્ષોથી વસવાટ કર્યો છે અને ભારત–અમેરિકાના સંબંધો અંગે આપણા સામયિકોમાં જેમનાં લખાણો અવારનવાર પ્રગટ થતાં રહ્યાં છે અને જેઓ હાલ દિલ્હીમાં છે તે શ્રી જે. જે. સીંગનું પ્રસ્તુત અંગ્રેજી લખાણ શ્રી વિમલાબહેન ઠકાર તરફથી થોડા દિવસ પહેલાં પ્રબુદ્ધ જીવનમાં પ્રસિદ્ધિ માટે મળેલું. તેનો શ્રી સુબોધભાઈએ કરી આપેલો અનુવાદ નીચે આપવામાં આવે છે. અમેરિકા પોતાનાં સશસ્ત્ર સૈન્યદ્વારા વિયેટનામમાં આજે શું કરી રહ્યું છે તેનો વાસ્તવિક ચિતાર આ લખાણદ્વારા આપણને મળે છે. આ વાંચીને આપણી એક જ પ્રાર્થના હોઈ શકે કે વિયેટનામમાં ચાલી રહેલો આ હત્યાકાંડ તેમ જ દુરાચારકાંડ જલ્દિથી બંધ થાય અને ત્યાં અને આસપાસના દેશોમાં સુલેહશાન્તિની સત્વર સ્થાપના થાય. **પરમાનંદ**)

મેં અમેરિકામાં તેત્રીસ વર્ષ ગાળ્યાં છે. મેં એ દેશ માટે અને વિશેષ કરીને તેના લોકો માટે પ્રેમ દાખવ્યો છે. મોટા ભાગે અમેરિકન લોકો સભ્ય અને પ્રમાણિક છે; અને કેટલીક યુરોપિયન પ્રજા જેવી કે બ્રિટિશ, ડચ, સ્પેનીશ, ફ્રેન્ચ, જર્મન, પોર્ચ્યુગીઝ—ની જેમ તેઓ સામ્રાજ્યવાદી અથવા તો સંસ્થાનવાદી માનસ ધરાવતા તો નથી જ. સાચું પૂછો તો, અમેરિકન પ્રજાનો ઘણો મોટો ભાગ પહેલા કે બીજા વિશ્વયુદ્ધમાં ઝંપલાવવા રાજી ન હતો. બીજા વિશ્વ-યુદ્ધ વખતે હું અમેરિકામાં હતો અને મને યાદ છે કે "અમેરિકા ફર્સ્ટ"ની ચળવળ એ વખતે કેટલી જોરદાર હતી. જાણીતા કર્નલ ચાર્લ્સ ઓ. લિન્ડબર્ગના નામ સાથે એ ચળવળ જોડાયલી હતી. ન્યુયોર્કના મેડિસન સ્કેવર ગાર્ડનમાં ખીચોખીચ ભરાતી સભાઓમાં હું પણ જતો. યુરોપિયન યુદ્ધમાં નહિ સંડોવાવાની એક માત્ર ખેવના ધરાવતા હજારો ઉત્સાહી લોકોનાં ટોળેટોળાં એ સભાઓમાં ઊમટી પડતાં.

એક સામ્રાજ્યવાદી સત્તા પાસેથી પોતાની આઝાદી પ્રાપ્ત કરી હોવાને કારણે, અમેરિકન લોકો સ્વભાવથી જ સામ્રાજ્યવાદ-વિરોધી રહ્યા છે. બ્રિટિશ સામ્રાજ્યવાદી શાસન પાસેથી ભારતની આઝાદીની તરફેણમાં અમેરિકન સમાજના એક મોટા વગદાર વિભાગનો ટેકો અમેરિકામાં વસતા મુઠીભર હિંદીઓ મેળવી શક્યા હતા. તેનું પાયાનું કારણ અમેરિકન પ્રજાની મોટી બહુમતીના સામ્રાજ્યવિરોધી વલણમાં રહેલું છે. ભારતના પક્ષે રહેલા ન્યાય વિષે અમેરિકન લોકોને સમજાવવું એક રીતે બહુ સરળ હતું કેમકે, એક વખત એ લોકોને પણ પોતાની મુક્તિ માટે બ્રિટિશરો સામે લડવું પડ્યું હતું એ વાતની યાદ જ તેમના માટે પૂરતી હતી. આખરે તો આપણે ભારતીય લોકો પણ પરદેશી ધુંસરી ફેંકી દઈને અમેરિકાની જેમ જ મુકત થવા માંગતા હતા. આમે એમને કહેતાં કે પેટ્રીક હેનરી જેવા અમેરિકન ક્રાન્તિવીરના "મુક્તિ યા મોત" "Give me liberty or give me death" જેવા પોકારો દ્વારા ભારતની આઝાદીના લડવૈયાઓને ખૂબ પ્રેરણા અને ઉત્સાહ મળે છે.

એક પ્રજા બીજી પ્રજા પર શાસન કરે—એ ખ્યાલ માત્ર વિષે અમેરિકન લોકોમાં કુદરતી ધૃણાની લાગણી હોવાના કારણે ભારતની મુક્તિ માટે લડતા થોડાક હિંદીઓનું કાર્ય કેટલેક અંશે સરળ બન્યું હતું અને એથી જ બ્રિટિશનું પ્રચારતંત્ર વધારે વ્યવસ્થિત અને સારાયે અમેરિકામાં પથરાયેલું હોવા છતાં પણ, અમે લોકોએ સારી એવી સફળતા પ્રાપ્ત કરી હતી.

આ ઉપરાંત, મને લાગ્યું છે કે સરેરાશ અમેરિકન એક સારો નાગરિક, સારો પિતા યા માતા અને પોતે પોતાનું સંભાળીને રહેવાની વૃત્તિવાળો સજ્જન છે. આછકલી ફેશનો, છીછરા અખબારો અને સુંવાળા ચલચિત્રો દ્વારા તેમજ ઘણા અમેરિકન પ્રવાસીઓની દમામભરી રીતભાતના કારણે અમેરિકન પ્રજા વિષે વિદેશોમાં ઘણા સમયથી ખોટા ખ્યાલો બંધાઈ ગયા છે.

એક વાત સાચી છે કે અમેરિકાના મુખ્ય શહેરોમાં કેટલાક લોકોનું જીવન મર્યાદાબહારનું હોય છે અને આ શહેરોનાં પરાંઓ તો શનિ-રવિની રજાઓની મોજમજા અને વ્યભિચાર માટે પ્રખ્યાત ગણાય છે. પણ આ શહેરોથી થોડા માઈલ દૂર જાઓ અને તમને જણાશે કે સામાન્ય અમેરિકન કુટુંબ શાંત વાતાવરણમાં રહે છે, પોતાનો નાનકડો બગીચો સંભાળે છે, પોતાનાં બાળકો સાથે રમે છે, તેમના ઉછેરમાં તેઓ પુષ્કળ રસ ધરાવે છે અને પાળેલાં પશુપંખીઓ પ્રત્યે તેઓ ખૂબ મમતા દાખવતા હોય છે.

વર્ષોથી હું જે અમેરિકાને જાણતો અને ઓળખતો હતો એ આ અમેરિકા હતું—આહ્લાદક, મૈત્રીની ઉષ્માથી ભરેલું.

અને માટે જ જે અમેરિકા આજે વિયેટનામમાં પશુતા, ક્રૂરતા અને અનીતિનાં કૃત્યોદ્વારા પોતાનો પરચો બતાવી રહ્યું છે, તે અમેરિકાએ મારામાં ઊંડો પ્રત્યાઘાત પેદા કર્યો છે.

વિયેટનામમાં અમેરિકનો આજે શું કરી રહ્યા છે ? અને તેમનો શો ઉદ્દેશ છે ? દક્ષિણ–પૂર્વ એશિયામાં અને ત્યાંથી આખા વિશ્વમાં સામ્યવાદને ફેલાતો અટકાવવા સારુ અમેરિકનો વિયેટનામમાં લડી રહ્યા છે એવી બહુ ગવાયેલી દલીલ ભાગ્યે જ આજે કોઈને ગળે ઊતરશે. એ દલીલમાં નરી મૂર્ખતા છે. એક પછી એક સામ્યવાદ તરફ ઢળતા જતા રાજ્યોને સામ્યવાદમાંથી ઉગારવાનો વધુ સરળ ઉકેલ તો પડોશના રાજ્યોને આર્થિક સહાયતા આપવામાં રહેલો છે. એમ કરવામાં, વિયેટનામની લડાઈ પાછળ અમેરિકન કર ભરનારાઓ આજે જે કિંમત ચૂકવી રહ્યા છે તેના પાંચ ટકાથી પણ ઓછી કિંમત ચૂકવવી પડી હોત.

સ્તાલિનના જમાનામાં કદાચ વિશ્વસામ્યવાદ ફેલાઈ જવાની બીક રાખવા માટે થોડું પણ કારણ હતું, પણ આજે તો જગતમાં વિશ્વ સામ્યવાદનું માળખું કેવી દશામાં છે ? બે મુખ્ય સામ્યવાદી સત્તાઓ એક બીજાની દુશ્મન બની બેઠી છે અને બેમાંથી એક તો આંતરિક કલહ અને હોંસાતોંસીથી છિન્નભિન્ન થઈ રહી છે. આજે હવે "જગતના મજદૂરો, એક થાઓ !"ના નારા લગાવનારાઓને કોણ સાંભળે છે ? દશકાઓ અગાઉ કદાચ આ બધી બૂમાબૂમનું કંઈક પણ મહત્ત્વ હતું, આજે નથી. 'શ્રમજીવીઓની ક્રાન્તિ'નાં એંધાણ આજે હવે ક્યાં કોઈ પણ જગ્યાએ જણાય છે ?

ખાસ કરીને વિયેટનામમાં સામ્યવાદનો કોઈ ભય હતો જ નહીં. એમ માનવું ભૂલભરેલું છે કે પ્રમુખ હો ચી મિન્હે ચીનને વિયેટ-નામ ગળી જવા દીધું હોત. સૌ કોઈ જાણે છે કે, એક કદાવર રાષ્ટ્ર-રાક્ષસની પડખે રહેલાં બધાં નાનાં રાજ્યોની જેમ વિયેટનામ પણ ચીનનો અવિશ્વાસ કરતું હતું, અને ખાસ કરીને 'ચીનાઓ અન્ય સર્વ કરતાં વધારે ચઢિયાતી કોટીના છે,' આવા તેમના સિદ્ધાન્ત અંગે અને અસહ્ય બની રહેલા તેમના અહંકાર—ઘમંડ—અંગે વિયેટ-નામના લોકોના દિલમાં પારાવિનાનો રોષ ભર્યો હતો. અમેરિકાએ દરમિયાનગીરી કરી ન હોત તો આજે વિયેટનામ ઓશિયાનું યુગો-સ્લાવિયા અને હો-ચી-મિન્હ એશિયાનો ટીટો બની શક્યો હોત. અને તેમ થાત તો તેમાં ખોટું શું હતું ? શું આપણે ભૂલી ગયા છીએ કે સ્તાલીનવાદને સૌ પ્રથમ ફટકો આપનાર માર્શલ ટીટો પોતે જ સામ્યવાદી હતો ? કોઈ પણ સાચા લોકશાહીના ચાહકે રાષ્ટ્રવાદી સામ્ય-વાદવાળા શાસનનો વિરોધ કરવો ન જોઈએ. લોકશાહીમાં સાચી શ્રદ્ધાનો અર્થ જ એ છે કે બીજાઓ જે રીતે વિચારવા ઈચ્છે એ

રીતે વિચારવાની તમે એને છૂટ આપો. વૉલ્ટેરે એક વાર કહ્યું છે તે મુજબ "હું તમારી વાત સાથે સહમત થતો નથી તો પણ તમારા એ વાત કહેવાના અધિકાર માટે હું મૃત્યુ સુધી લડવા તૈયાર છું." લોકશાહીનો એ જ સાચો અર્થ છે. જો બીજાઓની પોતાની રીતે વિચારવાની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે તો તે સાચી લોકશાહી નથી.

આજે જુદા જુદા પ્રકારની શાસનપદ્ધતિઓ અસ્તિત્વમાં છે.–સામ્રાજ્યવાદી, સમાજવાદી, સરમુખત્યારશાહી, સામ્યવાદી વગેરે. પણ જ્યાં સુધી આ રાજ્યો પોતપોતાની રાજ્યસરહદોની મર્યાદામાં રહીને પોતપોતાના આદર્શોનો પ્રચાર કરે અને પોતાને ફાવે તેવી સમાજ-વ્યવસ્થા કે અર્થવ્યવસ્થા નિર્માણ કરે અને બળદ્વારા વટાળપ્રવૃત્તિમાં ન પડે ત્યાં સુધી કોઈ પણ નાની કે મોટી સત્તાએ એ રાજ્યોની આંતરિક બાબતોમાં શા માટે માથું મારવું જોઈએ?

આપણે અહીં ભારતમાં પચાસ કરોડ લોકો છીએ. ધારો કે, કોઈ દિવસ આપણે સામ્યવાદી બનવાનો નિર્ણય કરીએ તો અમેરિકનો શું કરશે? શું આપણને સામ્યવાદને રસ્તે જતાં અટકાવવા પાંચ કરોડનું સૈન્ય ભારતમાં ઉતારશે? અને એમ કરવા જશે તો તેઓ શું સફળ થશે? હરગીઝ નહિ.

સામ્યવાદ કે બીજો કોઈપણ આદર્શવાદ બંદૂકના જોરે કદી પણ ખાળી શકાય નહિ. એને ખાળવો હશે તો એનાથી ઉચ્ચતર કક્ષાનો આદર્શવાદ ખડો કરવો જોઈશે; એટલું જ નહીં પણ એ આદર્શને જીવી જાણવો જોઈશે, આચારમાં ઉતારી બતાવવો જોઈશે. હું લોકશાહીનાં મૂલ્યોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખું છું, પણ મારી એ શ્રદ્ધા જ મને બીજા લોકોને સામ્યવાદ સહિત કોઈ પણ આદર્શમાં માનવાની અને આચરણમાં મૂકવાની સ્વતંત્રતા આપવા પ્રેરે છે. લોકશાહીમાં અનન્ય શ્રદ્ધા હોવાને કારણે જ હું સામ્યવાદથી ડરતો નથી. જે લોકોને પોતાની માન્યતાઓ અને આદર્શોમાં વિશ્વાસ નથી એવા લોકો જ સામ્યવાદથી ડરે છે અને માને છે કે 'એક એક સામ્યવાદી આઠ ફૂટ લાંબો છે, અને તેથી તેનાથી ચેતીને ચાલવું જરૂરી છે.'

વિયેટનામની કરુણતા એ છે કે જગતભરના લોકશાહીવાદીઓને આ લડાઈએ એક સજ્જડ આંચકો આપ્યો છે. વિયેટનામમાં અમેરિકાએ કરેલા જુલ્મી અને નગ્ન લશ્કરી તાકાતના પ્રદર્શનના કારણે લોકશાહીમાં અમેરિકાની શ્રદ્ધાની પ્રમાણિકતા વિષે સંદેહ પડવા માંડ્યો છે. લોકો એમ પૂછવા લાગ્યા છે કે શું અમેરિકા પોતાનું સામ્રાજ્ય તો વિસ્તારવા માગતું નથી ને? એમને લાગે છે કે આજે અમેરિકામાં સત્તા બીજા પ્રકારના માણસોના હાથમાં છે. શાણા અને શાંતિને ચાહનારા અમેરિકનોને સમાચાર ફેલાવવાનાં બળવાન સાધનો-દ્વારા એમ કહીને મૂર્ખ બનાવવામાં આવ્યા છે કે વિયેટનામનું યુદ્ધ સામ્યવાદ સામેનું યુદ્ધ છે, અને અમેરિકન પ્રજાની જીવનપદ્ધતિના રક્ષણના કાજે એ યુદ્ધ લડાઈ રહ્યું છે અને તેમ છતાં જગતનો મોટો ભાગ તો એમ જ માને છે કે વિયેટનામની પ્રજા પોતાના સ્વાતંત્ર્યની રક્ષા કાજે અમેરિકા સામે લડી રહી છે, જનફેસાની કરી રહી છે– ૧૭૭૬માં અમેરિકાએ જે રીતે કરી બતાવ્યું હતું બરાબર તે જ રીતે.

શું અમેરિકા લોકશાહીના નામે વિશ્વવિજેતા બનવા ચાહે છે? જો તેમ હોય, તો અમેરિકા સમજી લે કે જગતને જીતવા નીકળેલા તમામ મહત્ત્વાકાંક્ષીઓની જેમ તેણે પણ ધૂળ ફાકવી પડશે અને તે પણ આ જ સમયમાં અને બહુ જલ્દીથી.

બીજી પણ એક બાબત જે અમેરિકાએ વિયેટનામમાં કરી દેખાડી છે તે વિશ્વશાંતિ માટે ભારે જોખમરૂપ થઈ પડી છે. વિયેટનામમાં અમેરિકાએ જે પ્રકારનું વર્તન કર્યું છે તેના પરિણામે જગતમાં હિંસા અને અનીતિના વલણને છૂટો દોર મળી ગયો છે. અમેરિકનો દક્ષિણ વિયેટનામના જે લોકોને સામ્યવાદી શાસનના જોખ-મમાંથી બચાવવાનો દાવો કરી રહ્યા છે તેમનો પણ તેઓ પ્રેમ અને સન્માન પ્રાપ્ત કરી શક્યા છે ખરા? અલબત્ત, નહીં. દક્ષિણ વિયેટનામના લોકો ભલે અમેરિકાને મોઢામોઢ એમ કહેવાની હિંમત કરી શકતા ન હોય; પણ એ લોકોને અમેરિકા માટે માનની લાગણી હોઈ જ કેવી રીતે શકે, કે જ્યારે એક અમેરિકન પત્રકારે કહેલું તે પ્રમાણે "સાઈગોન તો અમેરિકાનું એક વિશાળ વ્યભિચારકેન્દ્ર બની ગયું છે.?" જ્યારે એક વિયેટનામની છોકરીને, કાં તો ડૉલરની લાલસાને ખાતર અથવા અમેરિકન લશ્કરની હાજરીને લઈને ચીજ વસ્તુઓના ભાવો આસમાને ચઢી ગયા હોવાના કારણે પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા માટે, પોતાનું શરીર અમેરિકન સૈનિકને વેચવા સિવાય બીજો કોઈ માર્ગ ન રહેતો હોય, ત્યારે એ છોકરીના અંતરમાં પોતાના શીલ અને મર્યાદાનો ભંગ કરનારા લોકો માટે નિતાંત ઘૃણા સિવાય બીજી કઈ લાગણી હોઈ શકે? અને એ છોક-રીનાં મા–બાપ, ભાઈ, બહેનની લાગણીઓનું શું? ચોક્કસ જ એ લોકોની અમેરિકન સૈનિક પ્રત્યેની તિરસ્કારની લાગણી તો પેલી છોકરી કરતાં પણ અનેકગણી વધારે તીવ્ર હોવાની જ.

મને યાદ છે કે બીજા વિશ્વયુદ્ધ વખતે ઈંગ્લાંડમાં અમેરિકન સૈનિકોનું વર્તન પ્રમાણમાં ઘણું વધારે સારું હતું, તેમ છતાં પણ મોટા ભાગના અંગ્રેજોને અમેરિકન સૈનિકોની હાજરી મુદ્દલે ગમતી ન હતી. તેઓ કહેતા કે "અમેરિકનો ખાઉધરા છે, લંપટ છે અને અહીં ખાલી આવીને પડેલા છે." "They are overfed; oversexed and are over here."

વિયેટનામમાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકોની નિર્દય હત્યાને પરિણામે હિંસાના આવેગને મળેલા છૂટા દોરની જ્યારે હું વાત કરું છું ત્યારે એ આવેગને આખી દુનિયામાં ફેલાઈ રહેલો હું જોઈ શકું છું. અને મને એમ પણ લાગે છે કે અમેરિકામાં અત્યારે જે જાતિભેદના ઝનૂની હુલ્લડો ચાલી રહ્યાં છે તેનું પણ મૂળ વિયેટ-નામમાં રહેલું છે.

આપણા ભારતમાં પણ તેની અસર થઈ છે. થોડા દિવસો પર જ્યારે બળવાખોર નાગા લોકોએ આપણા જવાનોની કતલ કરી હોવાના સમાચાર આવ્યા ત્યારે લોકસભાના એક આગેવાન અને સામાન્ય રીતે વિવેકી સભ્યે પણ કહી દીધું, "આપણે નાગા બળવા-ખોરોનો ભુક્કો બોલાવી દેવો જોઈએ, તેમનાં રહેઠાણો પર બોમ્બ-વર્ષા કરીને પણ તેમને સાફ કરી દેવા જોઈએ." આ સાંભળીને એક શ્રોતાએ પૂછ્યું, "આપણે આવું કેમ કરી શકીએ? દુનિયા આપણા વિષે કેવું ધારશે?" તેનો જવાબ મળ્યો, "દુનિયાની આપણને શી પરવા છે? શું અમેરિકનો વિશ્વમતની ગણના કરે છે? જો એ લોકો હજારો વિયેટનામીઓ પર નેપામ બોમ્બ ફેંકી શકે તો આપણે પણ શા માટે નાગા બળવાખોરોની એ જ વલે ના કરી શકીએ?"

અમેરિકા વિયેટનામમાં જે કરી રહ્યું છે તેની આ જ ફલ-શ્રુતિ છે.

કદાપિ અમેરિકનો વિયેટનામના યુદ્ધમાં લશ્કરી વિજય મેળવે તો પણ કયારેક તો તેમનાં શસ્ત્રોની ધાર બુઠી થવાની જ છે અને તે દિવસે જગતની નજરમાં તેમનું નૈતિક અધ:પતન પુરવાર થઈ ગયું હશે.

અમેરિકાના એક સાચા મિત્ર તરીકે આ તબક્કે હું કહું છું કે, "મિત્રો, તમારે સારુ મારી આંખમાં આંસુ છે, અને મારી પોતાની જાત માટે પણ હું આંસુ સારું છું, કારણ કે વીતેલાં વર્ષોમાં મેં તમારી સાથે ખૂબ પ્યાર કર્યો છે."

અનુવાદક :
સુબોધભાઈ એમ. શાહ

મૂળ અંગ્રેજી :
શ્રી જે. જે. સીંગ

–અને ભારત કયા માર્ગે?

સેનાપતિ બાપટનું નામ ભારતના આઝાદીના જંગમાં ગાજતું હતું. આ નિર્ભિક અને કર્મઠ સ્વાતંત્ર્યવીર ભારતની આઝાદી માટે પ્રાણાર્પણ કરવા જેટલું ખમીર ધરાવતા હતા. આજે પણ, આ વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય–સેનાનીમાં એવું જ ખમીર છે. પણ જે એક વખત ભારત માટે, આપણા સમગ્ર રાષ્ટ્ર અને એની આઝાદી માટે ભારેમાં ભારે કુરબાની કરવાની તમન્ના ધરાવતા હતા તે હવે મહારાષ્ટ્ર–મહિસૂર વચ્ચેના "સીમા ઝઘડા"માં મહારાષ્ટ્રના પ્રાદેશિક દાવા માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થયા છે! આ પરથી આપણા દેશની પરિસ્થિતિ અને દેશવાસીઓની મન:સ્થિતિએ એકસો એંશી

અંશનો કેવો આમૂલ પલટો લીધો છે તેનો દુઃખદ ખ્યાલ આવી રહે છે.

હજી "સીમા ઝઘડા" (!!!) અંગેનો મહાજન પંચની ભલામણોનો અહેવાલ આપણી સમક્ષ આવ્યો નથી. કોને 'ન્યાય' થયો છે અને કોને 'અન્યાય' થયો છે એની જાણ આપણને નથી. અખબારોમાં જે કંઈ ત્રૂટક ત્રૂટક સમાચારો આવ્યા છે તે પરથી આમ થશે અને તેમ થશે એમ માની લઈને પગલાં યોજવાનું કવખતનું જ ગણાય.

ભારતનું સમવાયી બંધારણ ઘડયું ત્યારે જે ઘટકો બ્રિટિશ સામ્રાજ્યવાદે ઢંગધડા વિના કે તાલમેળ વિના પોતાની વહીવટી સરળતા માટે પ્રાંતો તરીકે બનાવ્યા હતા તે ઘટકોનું આપણા અગ્રણીઓએ એમના શાણપણમાં 'રાજ્યો'ના નામાભિધાન સાથે રૂપાંતર કર્યું. આની સાથે જ આ રાજ્યોમાં કોઈ ને કોઈ આધારે સર્વોપરિ સ્થાન મેળવવા માટે કૉંગ્રેસના પ્રાદેશિક અગ્રણીઓએ અને અન્ય રાજકીય પક્ષોએ ભાષાવાર રાજ્યરચનાનાં સૂત્રો બૂલંદ કર્યા. આંધ્રમાં આ પ્રશ્ને પોટ્ટુ શ્રીરામુલુએ દેહાર્પણ કરતાં ભાષાવાદી પ્રદેશભાવના, હિંસક આંદોલનો દ્વારા ફૂંફાડા મારવા લાગી અને આને પરિણામે રાજ્યોની પુનર્રચના ભાષાવાર ધોરણે થઈ. પણ આ ધોરણ પણ સર્વત્ર એકધારું સમાન રીતે લાગુ કરવામાં ન આવ્યું અને તેથી હિંસક આંદોલન થતાં જ રહ્યાં અને ભાષાવાર રાજ્યરચના પરિપૂર્ણ થતાં એના પગલે પગલે હવે રાજ્યો રાજ્યો વચ્ચેના ઝઘડા જાતજાતના સ્વરૂપે જાગી ઉઠયા. નદીઓ અને નદી–જળના ઝગડા, સીમા અંગેના ઝઘડા...

ભારતના અગ્રણીઓએ સમવાયી બંધારણ બનાવ્યું અને રાજ્યો રચ્યાં તે તેમના અભિપ્રાયે લોકશાહીને પ્રજામાં વિસ્તારવા અને ઊંડા ઊતારવા માટે તેમ જ એમ થતાં વહીવટી સરળતા વધશે એમ ધારીને રચ્યાં હતાં. આજે વહીવટી સરળતાને બદલે સર્વત્ર વહીવટી ખર્ચના બેફામ વધારાનો, કેન્દ્રનાં તેમ જ રાજ્યોના બેવડા કરોનો, રાજ્યવાર પ્રધાનમંડળો અને રાજ્યપાલોના ભારે અને નિરર્થક ખર્ચનો ત્રિવિધ બોજો પ્રજા પર વધ્યો છે ત્યારે પ્રજાજનોની ફરિયાદ કે તકલીફોની અરજીઓ ટેબલે ટેબલે અને વિવિધ ખાતાંઓમાં ફરતી ફરતી અંતે ક્યાંક અટવાઈને ભરાઈ પડે છે અને આ સ્થિતિ વહીવટી દીર્ઘસૂત્રીપણાને તેમ જ વહીવટી ભ્રષ્ટાચારને ઉત્તેજનારી બની ગઈ છે.

મહાજન પંચની શી ભલામણો છે એ સામાન્ય જનમાંથી કોઈ જાણતું નથી. પણ અખબારોમાં આવેલા સમાચારો જો સાચા હોય તો સવાલ એ થાય છે કે રાજ્યોની પુનર્રચનાનો ભાષાધારિત સિદ્ધાંત સ્વીકારાયો હોય તો મહાજન પંચને એ આધારે કામગીરી બજાવીને ભલામણો ઘડવાનું માર્ગદર્શન અપાવું જોઈતું હતું. અને એટલે જ સીમાનો નિર્ણય કરવામાં ઘટક તરીકે ગામને ગણીને રેખાંકન સૂચવવું યોગ્ય થઈ પડે. મહાજન પંચને એવું માર્ગદર્શન અપાયું હતું કે નહિ એ પ્રશ્ન મહત્ત્વનો છે અને જો કોઈ પણ માર્ગદર્શન અપાયું હોય તો તે કેવું છે એ જાણવું પણ જરૂરી બને છે.

અને આમ થવું જોઈએ, અથવા જોઈતું હતું એમ કહેવા છતાં પ્રદેશના દાવા અંગે પ્રાણાર્પણ કરવાની હદે જવું એ ઉચિત તો નથી જ. લોકમાનસ પર એનાં પરિણામો ભારતની એકતાની ભાવાત્મક દૃષ્ટિએ વધુ ખંડિત કરવામાં જ આવે અને ઊગ્ર અને સંભવતઃ હિંસક આંદોલનોની આઘાત–પ્રત્યાઘાતની વિઘાતક પરંપરાનું જ નિર્માણ કરે.

પ્રાણાર્પણ કરવા જેવો–કાયાની કુરબાની કરવા જેવો કોઈ પ્રશ્ન હોય તો તે ભારતની એકતાનો છે. આજે ચોમેરથી એના પર જાતજાતના જીવલેણ ઘા થઈ રહ્યા છે. અને અમારી દૃઢ માન્યતા છે કે ભારત એકતંત્રી (યુનિટરી) શાસનની લોકશાહી ન બને અને રાજ્યોના સમવાયી તંત્રનું શાસન રહે ત્યાં સુધી ભારતની એકતાને ખંડિત કરનારા શતવિધ વિભિન્ન પરિબળો ઠેરઠેર જાગતાં રહેશે. ભાષાવાદનાં નીરથી સિંચાઈને અને પ્રદેશવાદના ખાતરથી ઝડપી વિકાસ સાધીને એવાં તો ફૂલશે ફાલશે કે ભારતની રાજકીય, આર્થિક અને સામાજિક એકતાનો અંતે વિધ્વંસ કરીને જ રહેશે.

આપણે ક્યાં જઈ રહ્યા છીએ? આ પ્રશ્ન હવે પ્રત્યેક રાષ્ટ્રપ્રેમીના મનમાં ગંભીર રીતે ઉઠવો જોઈએ.

('જનશક્તિ'નો તા. ૧૦-૧૦-૬૭નો અગ્રલેખ સાભાર ઉધ્ધૃત)

"મારા યોગના અનુભવો"

(ગતાંકથી ચાલુ)

ભાગ પાંચમોઃ શરીર અને મનમાં થતા ફેરફારો

કેટલાક વખતથી એવા વિચારો આવે છે કે આ શરીર અને મનનું બંધારણ આપણા જન્મના બંધારણ અને હાલના સામાજિક વાતાવરણ (Social environment) ને લીધે થયેલું છે. એ વાતાવરણની અસર દરેક માણસ ઉપર થોડા ઘણા અંશે હંમેશાં દેખાય છે. તે આપણી વિચારધારામાં, મનની ભાવનાઓમાં અને સામાન્ય વ્યવહારમાં જણાઈ આવે છે. તેને અનુસરીને આપણું જીવન ચાલ્યા કરે છે. ઘણા જ ઓછા માણસો એવા હશે કે જે આ બંધારણને ઉથલાવી અગર છોડી સતત શુદ્ધ વાતાવરણમાં રહે, તેના સ્વચ્છ મનોબળથી પોતાનું જીવન ગાળે અને બહારના વાતાવરણની અસરો તેમના ઉપર પડવા ન દે.

મારા યોગના અનુભવમાં કોઈ કોઈ વખત આંતરિક શુદ્ધ સ્થિતિ (Consciousness)નો આભાસ થતો હતો, પણ તેની વ્યવહારમાં કેવી અને કેટલી અસર થાય છે તે સમજાતું નહોતું. છતાં કેટલોક વખત એમ બનતું કે લાગણી અને ઉશ્કેરાટના પ્રસંગે હૃદય એકદમ ફૂલી જાય, એક જાતનો આનંદ ઊછળે અને કોઈ વખતે આંખમાં આંસુ પણ આવે, અને જીવન શુદ્ધ નિર્વિકારી લાગે. આવા અનુભવને લીધે હોય કે સારા વાંચનને અનુસરીને હોય, પણ છેલ્લા બે પ્રસંગોમાં શરીર અને મન બાહ્ય વસ્તુ છે એમ ભાસવા લાગ્યું હતું. છેલ્લો અને મહત્ત્વનો પ્રસંગ હમણાં જ બન્યો હતો. થોડા જ સમય ઉપર તા. ૨૦ મી જાન્યુઆરી ૧૯૫૭ ના રોજ પંડિત જવાહરલાલજીએ ઍટોમિક ઈન્સ્ટોલેશન (Atomic Installation) નો બીજો ભાગ ઉઘાડયો ત્યારે એમણે એમના ભાષણના છેવટના ભાગમાં વિજ્ઞાન અને આધ્યાત્મિકતા એ બંને આપણા જીવન માટે ખાસ જરૂરનાં છે એવો ભાર મૂકયો હતો, અને તેમાં આ Reactor ને સાયન્સનું પ્રતીક બતાવ્યું અને સામેના એલીફન્ટા ટાપુમાં જ્યાં ત્રિમૂર્તિ છે તેનું તેમણે દેશના Spiritualism ના પ્રતીક તરીકે વર્ણન કર્યું. આ વખતે એમની ભાષા એક ઉત્તમ સંત પુરુષ બોલે એવી હતી અને એની છાપ મારા પોતાના મન ઉપર ઘણી ઊંડી પડી.

ભાષણ પૂરું થયા પછી હું મારી ગાડીમાં બેઠો એટલે મારું આખું યે શરીર સરી પડયું હોય અને બાકીના હાડપિંજરનું ભૂરા રંગનું શરીર રહ્યું હોય એવી એક અત્યંત આનંદમય જીવનની ભવ્યતા અનુભવી. આ સ્થિતિ પાંચથી દશ મિનિટ સુધી રહી અને ધીમે ધીમે શરીર પોતાની અસલ સ્થિતિમાં આવ્યું, પણ એની યાદ ઘણા વખત સુધી રહી અને આજે પણ યાદ આવ્યા કરે છે.

મારી યોગની ક્રિયામાં હું સામાન્ય રીતે એમ ગણતો કે શરીર મારું નથી, મનને શુદ્ધ કરવાનું છે, બુદ્ધિમાં સારી વિવેકવૃત્તિ લાવવાની છે, હૃદયમાં વિશાળતા લાવવાની છે અને અંતરમાં જે Inner consciousness છે એ જ આપણા જીવનનું મૂળ છે અને ખરું તત્ત્વ છે અને તેનો અનુભવ કરવો એ જ માણસનું મુખ્ય કર્તવ્ય છે. વળી એમ પણ લાગતું કે માણસની એ અંતિમ શુભ ભાવના જ ખરી છે અને તે જ આગળ આવવી જોઈએ. અને ઉપર બતાવેલો પ્રસંગ એ સ્થિતિને અનુરૂપ હોય એમ લાગ્યું. મારામાં સારો ભાવાત્મક વિકાસ થતો જશે તેમ જ આવા પ્રસંગો મને પ્રાપ્ત થશે એમ લાગે છે. શ્રી પૉલ બ્રંટને એમના પુસ્તકમાં એવું જ કંઈક વર્ણન આપ્યું છે.

ભાગ છઠ્ઠોઃ યોગાનુભવમાં અંગત ભૂમિકા

મેં પ્રથમ જણાવ્યું છે તેમ મારી યોગની ક્રિયા સતત ચાલતી હતી, ત્યારે કોઈ કોઈ વખત મને દિવ્ય દર્શનો (Visions) થતાં,

પણ તેથી મનમાં ઘણા મોટા ફેરફારો થતા નહોતા. માત્ર એમ જ લાગતું હતું કે આ ક્રિયા કરવાથી કંઈક સારું ફળ આવે છે.

આધ્યાત્મિક જ્ઞાન દરેક માણસ માટે જરૂરનું છે. હજારો વર્ષથી માણસ એ જ્ઞાનને માટે તલસે છે અને ઋષિ મુનિઓ તથા તત્ત્વજ્ઞાનીઓએ અખંડ અભ્યાસ કરીને પોતાના દેશની સ્થિતિને અનુસરી અનેક સિદ્ધાંતો અગર ધોરણો ઘડી કાઢયાં છે. આ સિદ્ધાંતો માણસના જીવનવ્યવહાર માટે ઘણા ઉપયોગી નીવડયા છે. તેમાં ઘણી વખત ઘણાં ઊંડાણથી વિવેચન કરવામાં આવેલું છે અને પોતાની માન્યતા સિદ્ધ કરવા માટે અનેક તર્ક-વિતર્કો પણ કરવામાં આવ્યા છે.

સામાન્ય જનતા માટે આ ગહન વિચારો અને તેને અંગેની ક્રિયાઓ ભાગ્યે જ ઉપયોગમાં આવે છે. અને આ વિચારો અને ક્રિયાઓ રૂઢી જેવી બની બેસે છે અને તેના પરિણામે જે સતત ઉન્નતિ થવી જોઈએ તે થતી નથી.

આ કારણે દરેક માણસે પોતાની બુદ્ધિ અનુસાર આ બધા સિદ્ધાંતોનું – ધોરણોનું – સામાન્ય જ્ઞાન લીધા પછી, પોતાનાં મન–બુદ્ધિ તથા હૃદયની સ્થિતિ અનુસાર પોતાને માટે શું જરૂરનું છે એ શોધી કાઢી, તેમાંથી પોતાની ઉન્નતિનો માર્ગ ધારણ કરવો જોઈએ. દરેક માણસની ભૂમિકા જુદી જ હોય છે. કોઈ બુદ્ધિશાળી હોય છે તો કોઈ ભાવનાવાદી. તે બંનેને માટે જુદા જુદા રસ્તા લેવા પડે છે. બુદ્ધિશાળી પોતાની બુદ્ધિને અનુસરી પોતાનો કાર્યક્રમ નક્કી કરે છે, જ્યારે ભાવનાશીલ (Emotional) મનુષ્યને વૃત્તિઓ માટે સંયમ માર્ગ શોધવો પડે છે. મેં મારા પોતાને માટે આ વિષયમાં–ખાસ કરીને યોગમાં ઘણું વાંચ્યું છે, સારું અધ્યયન પણ કર્યું છે અને તે અંગે મારાં મન-બુદ્ધિ–હૃદયના બંધારણનો કંઈક અભ્યાસ પણ કર્યો છે, અને તેને અંગે જે ક્રિયાઓ કરવી જોઈએ તે પણ કરી છે. છતાં તેને અંગે જે સતત સાધના કરવી જોઈએ તે હજુ સુધી થઈ શકી નથી. સ. ૧૯૩૨થી ૧૯૩૪ સુધીમાં મેં સારો વિકાસ કર્યો હતો, પણ પછીથી જે સતત અભ્યાસ આગળ વધારવો જોઈતો હતો તે વધારી શકાયો નથી.

એક તો ગુરુ સાથેનો સંબંધ છૂટી ગયો. બીજું માથામાં જ્ઞાનતંતુઓમાં અયોગ્ય ખેંચાણ થયું તેને લીધે કેટલીક ક્રિયાઓ છોડી દેવાની ફરજ પડી. અને ત્રીજું કારણ એ કે એ બે વર્ષોમાં મેં અતિશય તીવ્રતાથી યોગનો અભ્યાસ કર્યો અને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કર્યો. પરિણામે મન અને શરીરમાં કંઈક થાક જણાવા લાગ્યો હશે, એટલે આ પ્રયાસમાં શિથિલતા આવી હશે.

આવા અનુભવો મારા સામાન્ય વ્યવહારમાં પણ મારે માટે બનેલા છે. એક કામ ઘણા ઉત્સાહથી કર્યા પછી કેટલીક વખતે મન આગળ ચાલતું નથી; પ્રથમ જે ઉત્સાહ અને ઉમંગ હોય તે રહેતો નથી અને તે કામમાંથી બીજા જ કામમાં જવાની વૃત્તિ થાય છે અને ઉત્સાહ ઓસરી જાય છે.

આવા કારણે મેં જે વેગથી શરૂઆત કરી હતી. તે ઓછો કરી આખરે છોડી દેવો પડયો હતો, પણ મારી ખાતરી છે કે જે મને મળ્યું છે તે નિષ્ફળ જવાનું નથી. હવે એમ પણ બને કે જે ઉન્નતિ થઈ હતી, તેમાંથી પાછા પડવાના પ્રસંગો જાણતાં અજાણતાં આવે, અને આગળ વધવાનો પ્રસંગ ન પણ આવે, તો પણ જે મળ્યું છે તેદૃઢતાથી સંભાળી રાખવું જોઈએ. તે માટે આ વિષયના સતત અભ્યાસ અને સારા પુરુષોના સત્સંગની ખાસ જરૂર રહે છે. તેવો પ્રસંગ મારે મુનિશ્રી ત્રિલોકચંદ્રજી સાથે લગભગ ૧૯૩૮ સુધી રહ્યો હતો, છતાં મારી પ્રવૃત્તિ બીજી દિશામાં ગઈ હતી અને નવા કામમાં શક્તિ અને ઉત્સાહ વપરાયા હતા.

મારા મનના બંધારણને કારણે મને સિદ્ધાંતોનો શોખ નથી. હું માત્ર ક્રિયાકાંડમાં માનતો નથી. મારા મનની મર્યાદા જાણીને તેમાં વિકાસ થવાની જરૂર છે એ હું માનું છું. તે માટે હું કોઈની સાથે વાદવિવાદમાં ઊતરતો નથી. મને વાદવિવાદમાં ઊતરવું ગમતું નથી. મારે માટે ખાસ મહત્ત્વનું વાંચન સતત ચાલુ રાખવું ગમે છે. અને તે માટે મેં કેટલાંક પુસ્તકો સંઘરી રાખ્યાં છે, જે વખતોવખત હું વાંચ્યા કરું છું. આ પૈકી ખાસ કરીને શ્રી કેદારનાથજીનું "વિવેક અને સાધના" મને ઘણું જ ગમે છે. એમાં સરલતા છે, વિદ્વતાનો દંભ નથી અને એ હૃદયસ્પર્શી છે.

સૂચક શબ્દો મારા પર ઘણી અસર કરે છે, જેવા કે મંગલદૃષ્ટિ, Tranquil Beningnity સદા યે સમત્વમ્. એ જ કારણે મારી જીંદગીની શરૂઆતમાં હું અમેરિકામાં હતો ત્યારે મેં ઘણા Mottocards ભેગા કર્યા હતા. હું જોઈ શકયો છું કે તેમાંથી સારા વિચારો ઉદ્‌ભવે છે અને સારી પ્રેરણાઓ મળે છે. **આજ કારણે ધ્યાનની સાથે સારા વાંચનની જરૂર મને હંમેશાં લાગી** છે. તેનાથી મન શાંત અને ઉત્સાહી રહે છે અને વિચારોમાં સ્ફૂર્તિ આવે છે. આપણા વિચારોમાં હંમેશાં શુદ્ધતા રહેવી જોઈએ. અને તેમાં સતત સુધારો થતો રહેવો જોઈએ. મન અને બુદ્ધિનું ઊંડાણ આપણે જોઈ શકતા જ નથી. માટે સતત વાંચન અને સતત ચિંતનની ખાસ જરૂર છે.

મારા સ્વભાવમાં સરલતા છે. બીજાના દોષો જોવાની વૃત્તિઓ નથી. મારી પોતાની સ્થિતિમાં મને સંતોષ છે. હું મારી મર્યાદા સારી રીતે સમજું છું. તે કારણે મને કોઈ પણ જાતનો અસંતોષ નથી, પૈસાનો લોભ નથી, લાલસા નથી, પરમેશ્વરે મને જેટલું જોઈએ તેટલું બલ્કે વધારે આપ્યા જ કર્યું છે, એટલે અસંતોષ નથી, અને તેથી બીજાને માટે અદેખાઈ નથી.

એ જ કારણે રેયન મિલ ઊભી કરવામાં મેં જે મદદ કરી તેમાં મેં મારા કોઈ પણ સ્વાર્થની આશા રાખી ન હતી. કોઈ પણ માણસ મારી સ્થિતિનો હોય તે આવી રીતે ન જ વર્તે. પોતાનું હિત રાખવા માગે જ અને મેળવે જ. આ સંસ્થા સારી રીતે જામી છે અને એમના કુટુંબને ઘણો જ લાભ થયો છે, છતાં પણ મને કોઈ પણ જાતનો પસ્તાવો અગર મનમાં વિષમતા આવી નથી. ભાઈ ભાઈને મદદ કરે એમાં બીજી વૃત્તિ કેમ આવવી જોઈએ? એ એક જ વિચાર હતો. માત્ર એ સંબંધમાં કંઈ ખોટું થાય તો તે સારું લાગતું નથી. તેમાં પણ આપણાં લાગતાવળગતા સાથેના સંબંધમાં.

મને લાંબા વિચારો કરવાની ટેવ નથી. હું માત્ર સ્વાભાવિક વૃત્તિથી અગર પ્રેરણાથી જ કામ કરું છું. એ કારણે કોઈ વખતે ઘણા વિચાર કરું છું, ત્યારે ભૂલ પણ થાય છે, અગર તર્કવિતર્કમાં પડી જાઉં છું અને તેમાંથી મન વમળમાં પડે છે. પરંતુ જ્યારે સ્વાભાવિક પ્રેરણાથી કામ કરું છું, ત્યારે ભૂલ ભાગ્યે જ થાય છે. છતાં તેમાં કોઈ વખતે બિનવ્યવહારુ પ્રસંગો આવે છે. પણ તે કારણે લાંબો વિચાર કરવાની જરૂર મને લાગતી નથી. સામાન્ય રીતે મારા પ્રથમ વિચારો સારા હોય છે. મારું મન સરલ, સાદું simple and poised છે અને તે જ કારણે મારા આખા ય જીવનમાં અનેક પ્રકારના જુદાં જુદાં કામો કરવાના પ્રસંગ આવવા છતાં, દરેકમાં મને સફળતા મળી છે. પછી તે કામ ભલે ઘણી મુશ્કેલી ભરેલું હોય. દા. ત. ફોર્ટ ઓખા ખીલવવાનું અગર તો રિઝર્વ બેન્કનું (તદ્દન નવા જ પ્રકારનું) હોય, કે તેમાં કોઈ પ્રકારની વિશિષ્ટતા હોય. મારા હૃદયનો જોઈએ તેટલો વિકાસ થયેલો નથી. એ ખામી મને પોતાને કેટલીક વખત જણાઈ છે. તે ખીલવવાનો પ્રયત્ન કરું છું. આ જ કારણે બીજાના મનની સ્થિતિ જાણવામાં ખામી આવે છે. અને તે આપણાથી સામાન્ય રીતે જોઈ શકાતી નથી. તે માટે મન અત્યંત શાંત રહેવું જોઈએ. અને તે સાથે જાગૃતિ આવવી જોઈએ. એથી મનનો સારો વિકાસ પણ થઈ શકે. જીવન નિર્મળ, નિર્દોષ, નિખાલસ અને નિર્ભય રહેવું જોઈએ. એમાં જ જીવનની સફળતા છે.

માણસના મન ઉપર અનેક પ્રકારનાં પડો આવી પડેલાં છે. અને નવા આવતાં પણ જાય છે. બીજી બાજુ જગતમાં અનેક નવા અનુભવો થતા જાય છે. તે વખતે આપણે સારી રીતે સાવધાનતા રાખવી પડે છે અને તેમાં ચૂકીએ તો ભૂલ થાય છે.

મનને હંમેશાં નિયમમાં રાખવામાં જ દરેક માણસનું હિત સમાયેલું છે. તેથી સમતા અને સુખ મળે છે.

યોગસાધનામાં મને જે કંઈ સફળતા થોડા વખતમાં મળી, તે મારા આ સ્વભાવને કારણે જ મળી એમ મને લાગે છે. એ જ કારણે મેં ઉપર પ્રમાણેનું વિવેચન કર્યું છે.

સમાપ્ત. **સ્વ. સર મણિલાલ બાલાભાઈ નાણાવટી**

આપણું શિક્ષણ માધ્યમ

આપણા શિક્ષણ માધ્યમના પ્રશ્ન ઉપર જુદી જુદી વિચારધારાઓ રજૂ કરતા લખાણો પ્રબુધ જીવનમાં આજ સુધીમાં ઠીક પ્રમાણમાં પ્રગટ થઈ ચૂક્યા છે. આખા દેશમાં આ પ્રશ્ન ખૂબ જોસભેર ચર્ચાઈ રહ્યો છે અને તેની અનેક બાજુઓ અને તેને લગતાં જુદાં જુદાં દૃષ્ટિબિન્દઓ પણ રજૂ થઈ ચૂક્યા છે. એટલે મારે આ વિષયમાં કશું ખાસ નવું કહેવા જેવું દેખાતું નથી. આમ છતાં આ પ્રશ્નને હું કઈ રીતે વિચારું છું તે ટૂંકાણમાં રજૂ કરવાના આશયથી આ નોંધ લખું છું.

મને લાગે છે કે આપણને આઝાદી મળ્યા બાદ શિક્ષણના ક્ષેત્રમાં આપણા રાજ્યઘટકોને સ્વાયત્તતા આપવામાં આવી એને લીધે જ આ ક્ષેત્રમાં આટલો મોટો વિસંવાદ પેદા થયો છે. આઝાદી પ્રાપ્ત થયા પહેલાં અંગ્રેજી હકુમત દરમિયાન શિક્ષણ અંગે સર્વસાધારણ એવી એકસરખી નીતિ પ્રવર્તતી હતી. માધ્યમિક શિક્ષણથી શિક્ષણ માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાનો ઉપયોગ થઈ થતો હતો અને કૉલેજ અને ત્યાર પછીના સમગ્ર શિક્ષણનો પ્રબંધ માત્ર અંગ્રેજી મારફત કરવામાં આવતો હતો. આના પરિણામે ઉપરના માધ્યમિક શિક્ષણમાં અને પછીના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસક્રમ લગભગ એકસરખો રહેતો, પાઠયપુસ્તકો પણ લગભગ સરખાં રહેતાં, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે કૉલેજ અને યુનિવર્સિટીની ફેરબદલી તદ્દન સરળ હતી. અને જો કે અંગ્રેજી માધ્યમની કઠણતાને લીધે શિક્ષણનો ન્યાય ઘણો ઓછો હતો, એમ છતાં ઉપરના સ્તરનો બુદ્ધિશાળી વર્ગ એકસરખા શિક્ષણના રંગે રંગાતો હતો અને તેમના ચિત્ત ઉપર રાષ્ટ્રીય ભાવનાના અને પશ્ચિમની વિચારસરણીના સંસ્કારો એકસરખા પડતા હતા. આ પરિસ્થિતિએ રાષ્ટ્રીય ભાવના પોષવામાં, રાષ્ટ્રીય અસ્મિતા પેદા કરવામાં અને દેશની ભાવાત્મક એકતા નિર્માણ કરવામાં ઘણો મહત્વનો ફાળો આપ્યો હતો.

દેશવ્યાપી શિક્ષણના આ મુજબના જે મહત્વના સંદેશા હતા તે સંદેશા જળવાઈ રહે, પરિપુષ્ટ બને એ મુદ્દાની જ આઝાદી મળ્યા બાદ પ્રજાશિક્ષણના નવનિર્માણમાં જરા પણ ઉપેક્ષા થવા ન પામે એની સંભાળ રાખવી એ આપણા સર્વની ફરજ હતી. આમ છતાં આઝાદી મળ્યા બાદ પ્રજાશિક્ષણ અંગે પ્રત્યેક રાજ્યઘટકને સ્વાયત્તતા આપાતાં આ મુદ્દાની સદન્તર ઉપેક્ષા કરવામાં આવી છે અને રાજ્યે રાજ્યે શિક્ષણ અંગે જુદી જુદી નીતિ અખત્યાર કરવામાં આવેલી માલુમ પડે છે. પરિણામે સમગ્ર રાષ્ટ્રની દૃષ્ટિએ વિચારતાં, શિક્ષણના ક્ષેત્રમાં કોઈ સંવાદિતા રહી નથી; કોઈ એકરૂપતા દેખાતી નથી; અધ્યાપકોનાં આદાનપ્રદાન અશકય બની ગયા છે, વિદ્યાર્થીઓ માટે કૉલેજની ફેરબદલી અતિ મુશ્કેલ—લગભગ અશકય જેવી થઈ ગઈ છે; કોઈ રાજ્યે પ્રાદેશિક ભાષામાં જ બધું શિક્ષણ આપવાની નીતિ સ્વીકારી છે અને તે દિશાએ એક પછી એક પગલાં ભરવા માંડયાં છે; કોઈ રાજ્યે હિંદીને શિક્ષણ માધ્યમ બનાવ્યું છે; કોઈએ અંગ્રેજીને શિક્ષણ માધ્યમ તરીકે પૂર્વવત્ત ચાલુ રાખ્યું છે. આઝાદી પછીનાં વીશ વર્ષ બાદ આજે શિક્ષણના ક્ષેત્રમાં એક પ્રકારની અનવસ્થા અને અરાજકતા પ્રવર્તી રહેલી નજરે પડે છે. આમાંથી સંવાદિતા કેમ પેદા કરવી એ આજની સૌથી વધારે વિકટ સમસ્યા છે.

આઝાદી પહેલાં આપણે બે ઘોષણાઓ જોરશોરથી ઉચ્ચારતા રહ્યા હતા. એક તો ભાષાવાર પ્રાન્તરચનાને લગતી; બીજી માતૃભાષા દ્વારા જ સર્વ શિક્ષણનું આયોજન કરવાને લગતી. પહેલી બાબત આઝાદી મળ્યા પહેલાં એટલી બધી નિર્દોષ અને સ્વાભાવિક લાગતી હતી કે એમાં વિશેષ વિચાર કરવાપણું છે જ નહિ, એ તો એમ જ થવું જોઈએ એમ આપણે માનતા અને વિચારતા હતા. આજે અનુભવથી આપણને માલુમ પડયું છે કે આઝાદી મળ્યા બાદ મોટામાં મોટી આપણે કોઈ ભૂલ કરી હોય તો તે ભાષાના ધોરણે રાજ્યોનું વિભાજન કરવાને લગતી. આ વિભાજને રાજ્ય રાજ્ય વચ્ચે—પ્રજા પ્રજા વચ્ચે—પારવિનાનું ઝેર રેડયું છે અને વૈમનસ્યના કારણો ઊભા કર્યા છે.

બીજી બાબત માતૃભાષાદ્વારા સમગ્ર શિક્ષણના પ્રબંધને લગતી હતી. શિક્ષણ તો માતૃભાષામાં જ અપાવું જોઈએ—આને માટે બીજો કોઈ વિકલ્પ ન હોઈ શકે—આમ આપણે આ વિષયમાં વિચારતા હતા.

અને તાત્ત્વિક દૃષ્ટિએ આ વિચાર તદ્દન સાચો અને કલ્યાણકર હતો. કોઈ પણ નાના કદના દેશ માટે—દાખલા તરીકે હોલેન્ડ, સ્વીટ્ઝર્લેન્ડ, સ્પેન કે બેલ્જિયમ જેવા દેશ માટે—આ જ વિચાર સાચો છે. પણ આ વિચારનો અમલ આખા ભારત ઉપર લાગુ પાડતા પહેલાં આપણે તત્કાલીન પરિસ્થિતિના સંદર્ભમાં ઘણી બાબતોનો વિચાર કરવો જરૂરી હતો. એક તો ભારત અનેક ભાષાઓ બોલતા પ્રજાઘટકોનો સમુદાય હોઈને તેને છેલ્લાં દોઢસો વર્ષથી એકસરખી શિક્ષણનીતિથી સુગ્રથિત રાખવામાં આવ્યું હતું. અને આ નીતિનો અમલ ઉચ્ચ શિક્ષણના પ્રદેશમાં એક જ ભાષાને એટલે કે અંગ્રેજી ભાષાને શિક્ષણ માધ્યમ બનાવવાથી શકય બન્યો હતો. આઝાદી બાદ શિક્ષણની બાબતમાં ભિન્ન ભિન્ન ઘટકોને સ્વાયત્ત ન બનાવતાં, હંમેશાને માટે નહિ તો અમુક વર્ષો સુધી, પૂર્વવત સ્થિતિ કાયમ રાખવી જોઈતી હતી એટલે કે પ્રજાશિક્ષણના વિષયને કેન્દ્રશાસિત રાખવું જોઈતું હતું. અને પરિસ્થિતિના પરિપાક મુજબ તેમાં ધીમે ધીમે ફેરફારો કરવા જોઈતા હતા. આનો અર્થ એ થયો કે પ્રાદેશિક ભાષાઓને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનાવવા તરફ વળવા યા ઢળવાને બદલે અંગ્રેજીને કાયમ રાખવા તરફ અથવા તો તેના સ્થાને હિંદીને સ્થાપિત કરવા તરફ આપણે ગતિમાન થવું જોઈતું હતું. આજે પણ સમગ્ર દેશની ભાવાત્મક એકતા, અધ્યાપકોનાં આદાનપ્રદાન, વિદ્યાર્થીઓને કૉલેજની ફેરબદલી કરવાની સગવડ, પાઠયપુસ્તકોની બને તેટલી સમાનતા - આવી અનેક બાબતો ધ્યાનમાં લઈને પ્રદેશ પ્રદેશની માતૃભાષાદ્વારા અપાતા ઉચ્ચ શિક્ષણના અમુક લાભો જતા કરીને પણ, એક જ શિક્ષણ માધ્યમવાળી સમગ્ર દેશવ્યાપી શિક્ષણ નીતિ-ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ પરત્વે—અંગીકાર કરવાની એટલી જ જરૂર ઊભી થઈ છે.

શિક્ષણ માધ્યમ અંગે આજે એક એવો મત પ્રવર્તે છે કે આઝાદી પહેલાં જે સ્થિતિ હતી તે જ સ્થિતિ ચાલુ રાખવી અને જ્યાં બંધ થઈ હોય ત્યાં તે સ્થિતિ ચાલુ કરવી એટલે કે માધ્યમિક શિક્ષણ સુધી તો પ્રાદેશિક ભાષાદ્વારા શિક્ષણપ્રદાન કરવા વિષે આજે કોઈ મતભેદ નથી—પણ ઉચ્ચ શિક્ષણ સર્વત્ર અંગ્રેજી ભાષાદ્વારા જ અપાવું જોઈએ. અંગ્રેજીનું સ્થાન હિંદીને આપી ન જ શકાય કારણકે અંગ્રેજી ભાષાની સરખામણીએ હિંદી બહુ જ પછાત ભાષા છે અને હિંદી ગમે તેટલી વિકસે તો પણ અંગ્રેજીને તે કોઈ પણ કાળે પહોંચી શકવાની છે જ નહિ. વળી શિક્ષણપ્રદાન અંગે અંગ્રેજી ભાષામાં જરૂરી સર્વ સાહિત્ય ઉપલબ્ધ છે, હિંદીમાં અનુવાદો તથા નવસર્જનદ્વારા તે સાહિત્ય નિર્માણ કરવું પડે તેમ છે.

અંગ્રેજી અંગે આ બધી સગવડ હોવા છતાં, શિક્ષણના ક્ષેત્રમાં અંગ્રેજીને આપણે આવું સાર્વભૌમ સ્થાન આપી ન જ શકીએ, કારણ કે આખરે અંગ્રેજી પરદેશી ભાષા છે. તે વડે આપણે કોઈ પણ સંયોગોમાં શિક્ષણને વ્યાપક બનાવી નહિ શકીએ; અંગ્રેજી કાયમ રાખતાં, અંગ્રેજી ભણેલા અને નહિ ભણેલા એમ બે વર્ગમાં પ્રજા વહેંચાયલી રહેવાની અને નાના એવા અંગ્રેજી ભણેલા વર્ગની આ દેશમાં એક vested interest—સ્થાપિત હિત જેવી સ્થિતિ—ઊભી થવાની અને પોતાને અન્યથી ચડિયાતી માનતી એવી વિકૃત મનોદશા ધરાવતી તેમની એક નાત નિર્માણ થવાની. વળી અંગ્રેજી ભાષા કોઈ પણ સંયોગમાં સમગ્ર પ્રજાજનોને સ્પર્શી શકવાની નહિ. પ્રજાની જે વિશિષ્ટ પ્રતિભા છે તેને અંગ્રેજી ભાષામાં ભાગ્યે જ અભિવ્યક્તિ મળી શકવાની. વળી જે તાકાત અને સામર્થ્ય અંગ્રેજી ભાષામાં છે તે આજે દેશની કોઈ પણ ભાષામાં નથી એ આપણે જરૂર કબૂલ કરીએ અને આપણી બધી ભાષાઓ એ ક્ષમતા સિદ્ધ કરે એ આજની પરિસ્થિતિમાં શકય નથી એ પણ આપણે કબૂલ કરીએ, એમ છતાં પણ આપણા દેશની વિવિધ ભાષાઓમાંથી દેશના ઘણા મોટા ભાગને સુલભ હોય એવી કોઈ એક ભાષા પસંદ કરીને તેનામાં અંગ્રેજી ભાષાની શકય તેટલી ક્ષમતાનો સંચાર કરવાનો આપણે સંકલ્પ કરવો જોઈએ. આ માટે આજની પરિસ્થિતિમાં હિંદી ભાષા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી એ વાસ્તવિકતા આપણે સ્વીકારવી રહી અને જો હિંદીને આવી સમર્થ ભાષા બનાવવી હોય તો તેને આપણે ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનાવવાનો આજથી નિરધાર કરવો જોઈએ. અને આ નિરધારના અમલની દિશાએ

જેટલી ત્વરા શક્ય હોય તેટલી ત્વરાપૂર્વક આપણે કદમ ઉઠાવવા જોઈએ. આ તો જ શક્ય બને કે જો ભારત સરકાર અને રાજ્ય સરકારો આ વિચારને એકમતીથી સ્વીકારે અને અમલી બનાવવા કૃતનિશ્ચયી બને.

પણ આપણી કમનસીબી કોઈ એવી છે કે આજે ભારત સરકાર અને રાજ્યસરકારોમાંથી મોટા ભાગની સરકારોનું વલણ હિંદીને આખા ભારતનું શિક્ષણ માધ્યમ બનાવવાને બદલે પ્રાદેશિક ભાષાઓને સમગ્ર શિક્ષણનું માધ્યમ બનાવવાના વિચાર તરફ ઢળી રહેલ છે. હજુ આ બાબત અંગે છેવટનો નિર્ણય લેવાયો નથી એમ છતાં એંધાણ એ દિશાના છે, વળી દક્ષિણ હિંદુસ્તાનમાં હિંદી પ્રત્યે પારવિનાની કટુતા કેળવાઈ રહી છે. જો હિંદીને આ રીતે પ્રાધાન્ય આપવામાં આવશે તો હિંદીભાષી પ્રજાને રાજ્યવહીવટમાં અગ્રસ્થાન મળશે અને તેઓ આજે તે ક્ષેત્રમાં જે વર્ચસ્ જમાવી બેઠા છે તે વર્ચસ્ તેઓ ગુમાવી બેસશે, એવો ભય તેઓ સેવી રહ્યા છે. આ રીતે અંગ્રેજી તેમના માટે નજીકની ભાષા બની બેઠી છે અને હિંદી પરાઈ ભાષા બની ગઈ છે, અને ભલે બધી પ્રાદેશિક ભાષાઓને શિક્ષણ માધ્યમ બનાવવામાં આવે તો પણ પચ્ચાસ વર્ષે પણ તે તાકાત બધી પ્રાદેશિક ભાષાઓમાં આવે કે કેમ તે એક મોટો સવાલ છે. આ રીતે દેશના લાભમાં જે વિચાર ઈષ્ટ લાગે છે તેનો સ્વીકાર આજે શક્ય નથી દેખાતો, અને જે વિચારનો સ્વીકાર આજે શક્યસદંશ ભાસે છે તેનો અમલ વ્યવહારુ બનવાની કોઈ આશા નથી. પરિણામે આ પ્રશ્ન અંગે આટલું બધું મંથન થવા છતાં શિક્ષણ માધ્યમનો પ્રશ્ન અણઉકેલ સ્થિતિમાં રહેવાનો હોય અને શિક્ષણક્ષેત્રમાં પ્રવર્તતી વિસંવાદિતા—અંધાધૂંધી—કાયમ રહેવાની હોય એવો ભય અનુભવાય છે. આ રીતે ભાષાવાર પ્રાન્તરચનાએ જે દુ:સ્થિતિ પેદા કરી છે તે દુ:સ્થિતિ આ ભાષાવાર શિક્ષણરચના-દ્વારા અનેકગણી વધવાની છે અને દેશનું ભાવિ વધારે ને વધારે જોખમાવાનું છે એવું દર્દ દિલ અનુભવી રહ્યું છે.

પૂરક નોંધ: ઉપરની ચર્ચાના અનુસંધાનમાં એક મુદ્દો રજૂ કરવો રહી ગયો છે. બ્રિટિશ હકુમતકાળથી ભારત આખો એક દેશ છે અને વ્યાપાર, ઉદ્યોગ તેમજ સરકારી અથવા બિન સરકારી નોકરીના કારણે જે કોઈ વ્યકિતને દેશના એક ખૂણેથી બીજા ખૂણે જે કોઈ શહેર યા નગરમાં જઈને વસવાની ફરજ પડે તેના સર્વ હિતો સહિસલામત અને સુરક્ષિત છે એવી પ્રતીતિના આધાર ઉપર એક પ્રાન્તમાં વસતા અનેક લોકો પરપ્રાંતમાં સ્થાનાન્તર કરતા રહ્યા છે અને વર્ષોથી સ્થિર થઈને રહ્યા છે. આખા ભારતમાં ઉચ્ચ શિક્ષણનું માધ્યમ એક હોવાથી જેમણે સ્થાનાન્તર કર્યાં છે તેમને પોતાનાં સંતાનોના શિક્ષણની કદિ ચિન્તા થતી નહોતી. આજે સમગ્ર શિક્ષણ પ્રાદેશિક ભાષામાં જ આપવાની નીતિનો સ્વીકાર થતાં સ્થાનાન્તરિત લોકોનાં સંતાનોના શિક્ષણનો પ્રશ્ન ગંભીર ચિન્તા ઉપજાવે તેવું રૂપ ધારણ કરી રહ્યો છે. મુંબઈ, કલકત્તા, દિલ્હી જેવાં મોટાં શહેરો, પચરંગી પ્રજાનાં મોટાં મથક બની બેઠાં છે. આવા શહેરો જે પ્રદેશમાં આવ્યા હોય તેની ભાષા તે શહેરોમાં વસતિ સમગ્ર પ્રજાજનો ઉપર શિક્ષણ અંગે લાદવામાં આવે તો કેવી વિષમ અવસ્થા પેદા થાય તે બાબત ગંભીરપણે વિચારવા જેવી છે. આનો ઉકેલ ઉચ્ચ શિક્ષણ માટે સમાન ભાષા – પછી તે અંગ્રેજી હો કે સમય જતાં હિંદી હો—એ સિવાય બીજી કોઈ રીતે શક્ય જ નથી.

આ ચર્ચા હવે અહીં સમેટવામાં આવે છે.

પરમાનંદ

સાધના શિબિર

આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં માથેરાનની શીતળ આબોહવામાં જીવનજાગૃતિ કેન્દ્ર તરફથી એક સાધના શિબિર ઑકટોબરની ૨૧-૨૨-૨૩ દરમ્યાન યોજવામાં આવી હતી. શિબિરાર્થીઓએ ૨૦ મીની રાત્રે માથેરાન પહોંચી જવાનું હતું. મુંબઈ ઉપરાંત પૂના, જબલપુર, ગાડરવારા, વડોદરા અને અમદાવાદ થઈને આશરે ૩૫૦ ભાઈ-બહેનો શિબિરમાં જોડાયા હતા. લગભગ ૧૨૫ શિબિરાર્થીઓની રહેવા જમવાની વ્યવસ્થા રીગલ હોટલ ખાતે કરવામાં આવી હતી, જ્યારે ૨૨૫ જેટલા ભાઈ - બહેનોને રગ્બી હોટેલમાં ઉતારવામાં આવ્યા હતા.

આચાર્યશ્રી પોતે શિબિરની શરૂઆતના બે દિવસ અગાઉ માથેરાન આવી પહોંચ્યા હતા ને તેમના ઉતારાની વ્યવસ્થા બંને હોટેલોથી એકાદ માઈલ દૂર કોઈ મિત્રના બંગલામાં કરવામાં આવી હતી. પ્રવચનના સ્થળ માટે બંને હોટલો વચ્ચેની એક સુંદર પણ ચારે બાજુ નિસર્ગથી વીંટાયેલી એકાંત જગા પસંદ કરવામાં આવી હતી. લાઉડસ્પીકરોની વ્યવસ્થા પણ સંપૂર્ણ હતી.

રોજ સવારે ૮-૩૦થી ૯-૩૦ પ્રવચન અને પ્રવચનને અંતે દસ મિનિટ સવારનું ધ્યાન, બપોરે ૪-૦૦ થી ૫-૦૦ અને રાત્રે ૮-૪૫થી ૯-૪૫ પ્રશ્નોત્તરી—એ પ્રમાણે શિબિરનો કાર્યક્રમ હતો. દસ મિનિટ રાત્રિનું ધ્યાન પણ પ્રવચનના સ્થળ ઉપર જ કરાવવામાં આવતું હતું. બધાં શિબિરાર્થીઓ એકબીજાથી જરા જરા દૂર જઈને આંખો બંધ કરીને સૂઈ જતાં, બધી બત્તીઓ બંધ કરવામાં આવતી અને ચારે બાજુ ઝાડપાન તથા પક્ષીઓના સંગીતમય અવાજોની વચ્ચે એક ગાઢ અંધકાર છવાઈ જતો, અંદર અને બહાર નિ:સીમ શાંતિ છવાઈ જતી, સન્નાટો છાઈ જતો. માઈક પરથી આચાર્યશ્રી થોડી થોડી વારે એમની મધુર વાણીમાં સુઝાવ આપ્યા કરતા હતા. "ચારે બાજુ કેવી નિ:શબ્દ શાંતિ છે, કેવું અનેરું સંગીત વાતાવરણમાં છે." એમ કહેતા હતા. સાધકે જાગરૂકપણે આ સંગીત માત્ર સાંભળવાનું હતું, બીજું કશું કરવાનું ન હતું. એ રીતે મન એકદમ શાંત થઈ જતું હતું. દસ મિનિટ પૂરી થયે ચાર - પાંચ ઊંડા શ્વાસ લઈને આંખો ખોલવાની હતી. બત્તીઓ ફરી વાર ચાલુ થતી અને બધા ચૂપચાપ શાંતિમય વાતાવરણમાં સૌ સૌને ઉતારે પહોંચી જતા. આ ધ્યાનનો પ્રયોગ સાધકોએ જ્યારે પણ સમય મળે ત્યારે એકાંતમાં જઈને કરવાનો હતો.

વીસમી ઑકટોબરની રાત્રે સાડાનવ વાગે શિબિરનું ઉદ્ઘાટન કરતાં આચાર્યશ્રીએ ત્રણ સૂત્રો આપ્યાં. એક, વર્તમાનમાં જીવો. બીજું, ત્રણ દિવસ માટે ચિત્તને તદ્દન વિશ્રામ આપો. ત્રીજું, સજાગ રહો. દરેક પ્રવચન, નાની નાની પણ સુંદર, રોચક અને બોધપ્રદ કહાનિઓથી ભરેલું હતું. કહાનિઓ વડે એમની વાત વધારે સ્પષ્ટ રીતે સમજી શકાતી હતી.

શનિવારે સવારના પ્રવચનની શરૂઆત એમણે એક સુંદર કહાનિથી કરી. એક બહુ પુરાણા નગરમાં એક જૂનું ચર્ચ હતું. મકાનની ઈંટો ખરવા લાગી હતી અને રસ્તે જનાર—આવનાર માટે ત્યાંથી પસાર થવું એ પણ ભયરૂપ બન્યું હતું. ચર્ચની કમિટીએ ઠરાવ કર્યો અને નક્કી કર્યું કે ચર્ચને તોડી નાંખવું અને નવું બનાવવું, પણ સાથે સાથે એ પણ ઠરાવ્યું કે જુના મકાનની ઈંટો નવા મકાનના ચણતરમાં કામમાં લેવી અને જ્યાં સુધી નવું મકાન તૈયાર ન થાય ત્યાં સુધી જુનું મકાન તોડી ન પાડવું. આપણા ચિત્તની દશા પણ આવી જ છે. જેને સત્યને જાણવું છે એણે જુનું મકાન તોડી જ પાડવું પડશે, એમાં જરી પણ બાંધછોડને અવકાશ નથી. આપણા મન પર જે સંસ્કારો પડેલા છે તેને હટાવવા જ પડશે અને સત્યની શોધ માટે આપણે જાતે જ પુરુષાર્થ કરવો પડશે. કોઈએ આપેલું ઉધાર જ્ઞાન આપણને કામ નહીં આવે. આપણે આળસ – પ્રમાદથી ઘેરાઈ ગયા છીએ તેમ જ પરંપરાને અનુસરવામાં આપણને એક પ્રકારની સુરક્ષા લાગે છે પરંતુ પરંપરાથી, અંધવિશ્વાસથી મુકિત એ જ સત્યની શોધનું પહેલું સોપાન છે.

એ જ દિવસે પ્રશ્નોત્તરી સમયે એક પ્રશ્નના જવાબમાં આચાર્યશ્રીએ કહ્યું કે શબ્દોથી કદી સત્ય ઉપલબ્ધ થતું નથી. સત્યની ભાષા મૌન છે. હું સન્યાસનો પક્ષપાતી છું. પણ સન્યાસીઓના પક્ષમાં જરીકે નથી. સન્યાસ ત્યાગમાં રહેલો નથી, પણ જીવનને પરિપૂર્ણ રૂપથી પામવામાં છે. આપણા દેશમાં સન્યાસના

નામે પલાયનવાદી–Escapism વૃત્તિને ઉત્તેજન મળતું રહ્યું છે.

શાસ્ત્રો અને પુસ્તકો વચ્ચેનો ફરક સમજાવતાં એમણે કહ્યું કે પુસ્તકો નિર્દોષ છે પણ જ્યારે કોઈ પુસ્તક દાવો કરે છે કે એ જ સત્ય છે ત્યારે એ શાસ્ત્ર બની જાય છે, એની પૂજા થવા લાગે છે. મારા પુસ્તકોની જે દિવસે પૂજા થવા લાગે એ દિવસે એ પુસ્તકોને પણ તમે જલાવી દેજો.

રવિવારના પ્રવચનમાં આચાર્યશ્રીએ સ્વસ્થ ચિત્તના સંબંધમાં વાત કરતાં કહ્યું કે સારી માનવજાતિ અંધકારને ઉલેચવાની કોશિષમાં પડી ગઈ છે. અંધકારને દૂર કરવા માટે માત્ર દીવો પ્રગટાવવાની જ જરૂર છે, અંધકાર આપોઆપ દૂર થઈ જશે. એ જ રીતે ક્રોધ, ઘૃણા, ઈર્ષ્યા, દ્વેષ વગેરે વૃત્તિઓને હટાવવા માટે પ્રેમ, કરુણા વગેરેનો ચિત્તમાં વિકાસ થવો જરૂરી છે. ઘૃણા, ઈર્ષ્યા વગેરે વૃત્તિઓની કોઈ સ્વતંત્ર હસ્તિ છે જ નહીં, તેમ જ તેને સીધેસીધી દૂર કરી શકાતી નથી. મનુષ્યના ચિત્તને અંધકાર ઉલેચવાની બિમારી લાંગુ પડી ગઈ છે અને તેમ કરવામાં સફળતા પ્રાપ્ત થતી નથી તો મનુષ્ય કાં તો પાગલ થઈ જાય છે, કાં તો પાખંડી થઈ જાય છે અને નહિંતર પછી પલાયનવાદી થઈ જાય છે. બિમારીને મટાડવા માટે બિમારીને ભૂલી જવી એ યોગ્ય નથી, પણ એને સમજવી જરૂરી છે. એટલા માટે સ્વસ્થ ચિત્ત હોવું જરૂરી છે. અસ્વસ્થ ચિત્તનું કારણ છે આદર્શ. આદર્શ પોતાની જાતને છેતરવાની તરકીબ છે. આદર્શોને લઈને આપણે જીવનના સાચા તથ્યને તેના અસલ રૂપમાં જોઈ શકતા નથી.

એક પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું કે મારી ભાષા કયારેક કઠોર હોય એવું લાગે છે પણ આપણે ઘેરી નિદ્રામાં પડેલા છીએ. આટલું કઠોર કહીને ચોટ પહોંચાડવા છતાં જો નિદ્રા તુટતી નથી તો મારે આથી પણ વધારે કઠોર વચન કહેવાં પડશે. કેનેથ વોકરે એક પુસ્તક લખ્યું છે અને તે પુસ્તકને અર્પણ કરતાં લખ્યું છે "To the disturber of my sleep" નિદ્રામાંથી મને જગાડનારને" પ્રેમ ચોટ આપવાથી ડરતો નથી, એટલું જરૂર જુવે છે કે એથી ફાયદો થાય છે કે ગેરફાયદો.

સોમવાર, શિબિરના કાર્યક્રમનો ત્રીજો અને આખરી દિવસ હતો. આચાર્યશ્રીએ સવારના પ્રવચનમાં કહ્યું કે મનુષ્યનું મન એક ત્રણ માળનું મકાન છે. એક માળ ઉપર દેખાય છે, જે આપણું ચેતન મન છે. બીજા બે માળ દેખાતા નથી, નીચે છુપાયેલા છે જેમાં આપણું અર્ધચેતન મન અને અચેતન મન છે. આપણામાંના મોટા ભાગના લોકો ઉપરના માળમાં જ જીવન વ્યતિત કરે છે. જેમ વૃક્ષને સમજવા માટે ડાળીપાંદડાને નહીં પણ વૃક્ષની જડને સમજવી જોઈએ તેમ જીવનની યાત્રા કરનારે પણ નીચેના માળનો પ્રવાસ કરવો જોઈએ. જીવનની જડ અચેતન મનમાં છુપાયેલી છે. આપણને સમજાવવામાં આવે છે કે ક્રોધ કરવો એ બૂરી ચીજ છે, આપણું ચેતન મન ક્રોધને દબાવવામાં જ સમજે છે કારણ કે ચેતન મને તો ક્રોધ ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. પણ અચેતન મનમાં ક્રોધ જ્યાં સુધી ભરેલો છે ત્યાં સુધી આપણા Conscious mind અને Subconscious mind વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરે છે. મનુષ્યનું વ્યકિતત્વ બે ભાગમાં વહેંચાઈ જાય છે. વાસ્તવિક રીતે મનના ત્રણે વિભાગો વચ્ચે સમન્વય–લય પેદા કરવાની જરૂર છે. દમન કરવાથી કોઈ વૃત્તિ મૂળમાંથી નષ્ટ થતી નથી અને એનું સ્વાભાવિક પરિણામ છે હિંસા. છેલ્લા ૫,૦૦૦ વર્ષોમાં મનુષ્યજાતિએ ૧૫,૦૦૦ યુદ્ધો લડ્યા છે. જ્યારે જ્યારે લડાઈ બંધ હોય છે ત્યારે લડાઈની તૈયારી તો ચાલતી જ હોય છે પણ સંઘર્ષ કદી અટકયો નથી.

તો પ્રશ્ન એ થાય છે કે આ સંઘર્ષ કેમ મટે?

ખરી વાત એ છે કે ઉપરના મનમાં જે પ્રકાશ છે તેને અર્ધચેતન અને અચેતન મનમાં લઈ જવો છે. હોશનો–awarenessનો દિવો પ્રગટાવીને ત્રણે મંજીલોમાં પ્રકાશ પહોંચાડવો છે. એક વૈજ્ઞાનિક જેમ પોતાની પ્રયોગશાળામાં બેસીને પ્રયોગ કરે છે તેમ આપણા મનમાં એક પ્રયોગશાળા બનાવવી છે. ક્રોધ આવ્યો તો એકાંતમાં બેસીને નિરીક્ષણ કરવાની જરૂર છે, ક્રોધ કેમ પેદા થયો? નિરીક્ષણ સાધના છે અને સમગ્ર ચિત્તથી નિરીક્ષણ કરવાથી દેખાઈ આવશે કે ક્રોધ અચેતન મનમાંથી આવ્યો છે. એટલે ચિત્તને બદલવું હોય તો જડોને ઉખેડવી પડશે.

આ જ નિરીક્ષણનું નામ છે ધ્યાન.

અપૂર્ણ

સુબોધભાઈ એમ. શાહ

શિવામ્બુ–ચિકિત્સાના માટે અનુરોધ
વૈજ્ઞાનિક સંશોધન

શિવામ્બુ એટલે કે સ્વમૂત્ર – ચિકિત્સાના પ્રચારને જેમણે પોતાના જીવનનાં એક ધર્મકાર્ય–મિશન તરીકે સ્વીકાર્યું છે એવા વલસાડવાસી–આંખની ધર્માદા હૉસ્પિટલના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. પરાગજી ડાહ્યાભાઈ, દેસાઈ તરફથી 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધિ આપવા માટે એક પરિપત્ર મળ્યો છે. આ પરિપત્ર ઉપર નીચેના મહાનુભવોની સહીઓ છે:

ડૉ. રાધાકૃષ્ણન, શ્રી ઈન્દિરા ગાંધી, શ્રી વિનોબા ભાવે, શ્રી રવિશંકર મહારાજ, શ્રી રાજગોપાલાચારી, પંડિત સાતવળેકરજી, મુનિ સંતબાલજી, ડૉ. પ્રાણજીવનદાસ મહેતા, શ્રી કનૈયાલાલ મા. મુનશી, કાકાસાહેબ કાલેલકર, શ્રી જયપ્રકાશ નારાયણ, ડૉ. જીવરાજ મહેતા, શ્રી હંસાબહેન મહેતા, શ્રી ઉછરંગરાય ઢેબર, શ્રી ખારેલાલજી, શ્રી ખંડુભાઈ દેસાઈ, શ્રી કલ્યાણજીભાઈ વી. મહેતા, શ્રી બાપાલાલ ગ. વૈદ્ય, શ્રી કાંતીલાલ ધીયા, તથા ડૉ. પરાગજી ડાહ્યાભાઈ દેસાઈ.

પ્રસ્તુત પરિપત્ર નીચે મુજબ છે:

આપણા દેશમાં માંદગીનું પ્રમાણ દીન પ્રતિદીન વધતું જાય છે. માંદગીની દાકતરી સારવાર પણ એટલી બધી ખર્ચાળ થઈ ગઈ છે કે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તે પોષાય એમ નથી. વળી ગ્રામ અને આદિવાસી વિસ્તારના લોકોમાં વૈદ્યકીય રાહત પહોંચાડવા માટે ડાકટરો અને વૈદ્યો પુરતા પ્રમાણમાં મળતા નથી. **આ મુશ્કેલ પ્રશ્નનો સંતોષકારક ઉકેલ લાવવા માટે આપણા જ દેશની એક બહુ જ પ્રાચીન પરંતુ ઘણી અસરકારક બિનખર્ચાળ અને બિનજોખમી ઉપચારપદ્ધતિ 'શિવામ્બુ–ચિકિત્સા' બહુ ઉપયોગી નીવડે** એમ છે. તેની સાબિતી એ ચિકિત્સાના પ્રયોગોના ગયા આઠ વરસ દરમ્યાન મળેલા અનુભવો પરથી મળી શકે. પરંતુ આ ચિકિત્સામાં લોકોને પૂરો વિશ્વાસ બેસે તે માટે **ગુજરાત રાજ્યના માજી મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજભાઈ મહેતાએ "માનવમૂત્ર" પુસ્તક (અંગ્રેજી)ની** પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ આ પ્રાચિન ચિકિત્સાનાં વૈજ્ઞાનિક સંશોધન અને ચકાસણી કરવાની ખાસ જરૂર છે.

આ ઉપચારપદ્ધતિની ખાસ ખૂબી એ છે કે જેમાં દરદીના શરીરની દાકતરી તપાસ કરવાની જરૂર પડતી નથી, તેમ જ તેની સારવાર માટે બીજી કોઈ બહારની દવાની પણ જરૂર પડતી નથી. આવી રીતે આ ઉપચાર દરદીને પોતાની બિમારીની સારવાર માટે સ્વાવલંબી બનાવે છે. ઉપરાંત દરદી પોતાની સારવારથી મળેલા અનુભવથી આ ઉપચારપદ્ધતિનો એક સારો સલાહકાર બની જાય છે, અને પોતાના સમાગમમાં આવતા બીજા દરદીઓની સારવાર માટે સફળતાપૂર્વક સલાહ અને દોરવણી આપી શકે છે.

આપણી જનતાને સમજ આપવાની ખાસ જરૂર છે કે **પેશાબ એ આપણા શરીરમાંથી નીકળતો ઝેરી મળ કે ગંદવાડ છે એવી આપણા લોકોની માન્યતા** ભૂલભરેલી છે. ખરી હકીકત એ છે કે પેશાબ આપણા લોહીમાંથી જ પેદા થાય છે અને લોહીમાં વીટામીનો, હારમોનો, ક્ષારો વિગેરે જે પૌષ્ટિક અને રોગનાશક દ્રવ્યો રહેલાં છે, તે બધાં દ્રવ્યો વધતાઓછા પ્રમાણમાં આપણા પેશાબમાં પણ હોય છે, જેથી તેના પદ્ધતિસરના ઉપયોગથી દરદીની તેના રોગનો સામનો કરવાની પ્રતિકારશકિત વધે છે અને તે રોગમુકત થાય છે.

"માનવમૂત્ર"માં ક્ષયરોગ, કેન્સર અને હૃદયરોગની બિમારી મટાડે એવાં દ્રવ્યો રહેલાં છે, તેની સાબિતી "માનવમૂત્ર" પર અમેરિકા, જાપાન વિગેરે દેશોમાં થયેલાં વૈજ્ઞાનિક સંશોધનો પરથી

મળી છે. આ સંશોધનથી સ્વમૂત્ર ચિકિત્સા પદ્ધતિને મજબુત ટેકો મળ્યો છે.

આ ઉપચાર બિમારીની શરૂઆતથી જ જેમ બને તેમ તાકીદે અને પદ્ધતિસર કરવામાં આવે તો બિમારી ટૂંક વખતમાં મટી જાય છે. હરેક પ્રકારના તાવો જેવા કે ટાઈફોઈડ, ઈનફ્લુએન્ઝા, મેલેરીયા વિગેરે આ ઉપચારથી ૪૮થી ૭૨ કલાકમાં ઊતરી જાય છે. કોલેરા વિગેરે ઝાડા ઉલ્ટીની બિમારીમાં ૧૨ કલાકમાં આરામ થાય છે. એપેન્ડીસાઈટીસ, પ્લુરસી, એન્જાઈના વિગેરે બિમારીને લીધે પેટમાં અને છાતીમાં થતો અસહ્ય દુઃખાવો થોડા કલાકમાં મટે છે. કેન્સર, ક્ષયરોગ, દમ, હૃદયરોગ, રક્તપિત્ત તેમજ આંખના મોતીઆ, ઝામર અને કાનની ચામડીની અનેક બિમારીઓ આ ઉપચારથી થોડાંક અઠવાડિયામાં સારી થાય છે.

ઉપર જણાવેલ બિમારીઓમાં પોતાની માંદગી શું છે તેનો નિર્ણય કરવા માટે થતી તેના લોહી, ઝાડે, પેશાબ, થુંક વગેરેની તપાસ પાછળ, એકસરે પાછળ, તેમ જ ઓપરેશન ઈંજેકશનો વગેરે સારવાર પાછળ થતા ભારે ખરચા વિગેરે આફતોમાંથી દરદી ઉગરી જાય છે.

આપણી પ્રાચીન ચિકિત્સાના અમૂલ્ય વારસાનાં વૈજ્ઞાનિક સંશોધનો કરવાની ખાસ જરૂર બાબત આપણા માજી પ્રેસિડન્ટ માનનીય શ્રી રાધાકૃષ્ણન્ અને વડાપ્રધાન શ્રી ઈન્દિરા ગાંધી વિગેરે સન્માનિત મહાજનોએ વારંવાર ભાર મૂકીને કરેલી હાકલને માન આપી આપણા વૈજ્ઞાનિકો, ડાકટર સાહેબો અને વૈદ્યરાજો કંઈપણ પૂર્વગ્રહ વગર, ખુલ્લું મન રાખી આ ચમત્કારીક ચિકિત્સાનાં સંશોધન અને ચકાસણી કરે તો રોગપીડિત માનવજાતની ભારે સેવા બજાવી શકાય એમ છે.

હાલમાં અમેરિકા, ઈંગ્લાંડ વિગેરે વિદેશોમાં ત્યાંના ધનપતિઓ અને સરકાર કેન્સર, ડાયાબીટીસ, હૃદયરોગ વિગેરે બિમારીનાં વૈજ્ઞાનિક સંશોધન કરવા પાછળ કરોડો રૂપિયાની રકમ દર વરસે ખરચે છે. તે રોગપીડીત માનવજાત માટે મહાન આશીર્વાદ સમાન એવી આ પ્રાચીન ચિકિત્સાના વૈજ્ઞાનિક સંશોધન કરવા આપણા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન મળે તે માટે શ્રી ટાટા, શ્રી વાડીઆ, શ્રી બિરલા વગેરે આપણા દેશના ધનપતિઓને ઉદાર રકમની ગ્રાન્ટ આપવા અમારી આગ્રહપૂર્વક વિનંતિ છે.

આપણી જનતાને વૈદ્યકીય રાહત સંતોષકારક રીતે બહુ જ સહેલાઈથી અને જ્જ ખરચે પહોંચાડી શકે એવી આ ચમત્કારિક ચિકિત્સા પદ્ધતિનાં વૈજ્ઞાનિક સંશોધન કરવાની જવાબદારી આપણી કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ઉઠાવવી જોઈએ. સરકારી તેમજ સરકાર તરફથી ગ્રાન્ટ મેળવતી સંશોધન સંસ્થાઓના તેમજ હોસ્પિટલોના સંચાલકોને આ કામને અગ્રસ્થાન આપી તેમજ તેનાં વૈજ્ઞાનિક સંશોધન અને ચકાસણી કાર્ય તાકીદે ઉપાડી લેવા આદેશ આપી, આપણી સરકારોને પોતાની ફરજ બજાવવા અમો અપીલ કરીએ છીએ.

ડો. પરાગજીભાઈ વિશેષમાં જણાવે છે કે મુંબઈ ખાતે છેલ્લા ૧૦ મહિનાથી સ્વમૂત્ર પ્રચારક ચિકિત્સા મંડળની સ્થાપના કરવામાં આવી છે. અને તેને લગતું કેન્દ્ર ૧૪, સુરજ બીલ્ડીંગ વાડી, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ ૧૩ આ ઠેકાણે ખોલવામાં આવ્યું છે અને દરેક અંગ્રેજી મહિનાના પહેલા રવિવારે તેઓ આ કેન્દ્ર ઉપર આવે છે અને અનેક પ્રકારના દર્દીઓને તેઓ મફત સલાહ આપે છે.

આ ઉપરાંત વલસાડ ખાતે ગયા જુલાઈ માસની ૨૩મી તારીખે ત્યાંની શહેર સુધરાઈએ આપેલ જગ્યામાં પદ્મભૂષણ શ્રી કલ્યાણજીભાઈ વી. મહેતાના શુભ હસ્તે 'શિવામ્બુ ચિકિત્સા કેન્દ્ર' ખોલવામાં આવ્યું હતું. આ અવસર ઉપર આપણા અર્થસચિવ શ્રી મોરારજીભાઈ અને શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના આચાર્ય શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ) તરફથી શિવામ્બુ ચિકિત્સાનું જોરદાર સમર્થન કરતા ડો. પરાગજીભાઈને સંદેશાઓ મળ્યા હતા જે નીચે મુજબ છે:

માન્યવર મોરારજીભાઈનો સંદેશો

ન્યુ દિલ્હી, તા૦ ૨૧-૭-૬૭

ભાઈ ડૉ. પરાગજી,

તમારો તા૦ ૧૭મીનો પત્ર ગઈ કાલે મળ્યો. "વલસાડ જિલ્લા શિવામ્બુ:-સ્વમૂત્ર ચિકિત્સા પ્રચારક મંડળ" તરફથી ચિકિત્સા કેન્દ્રનું ઉદ્‌ઘાટન તા૦ ૨૩મીએ વલસાડમાં થશે તે જાણી આનંદ થયો. આ ચિકિત્સાપદ્ધતિ આપણા ગામડાંઓમાં અને નાના શહેરોમાં એક યા બીજા રૂપે વર્ષોથી થોડી પ્રચલિત છે. આ પદ્ધતિથી અનેક અસાધ્ય દર્દો મટયાં છે, એટલું જ નહિ પણ આવા રોગના દર્દીઓ કાયમ માટે રોગમૂકત બન્યા છે એવા ઘણા કેસોની મને જાણ છે. આ પદ્ધતિ તદ્દન સાદી, બીનખર્ચાળ અને બીન જોખમી છે અને તેમાં ડોકટર કે વૈદ્યની રોજેરોજની સલાહની જરૂર પડતી નથી. એનો વ્યાપક પ્રચાર થાય અને લોકો શરમાયા કે ખંચકાયા વગર આ પદ્ધતિ પ્રમાણે ઉપચાર કરે અને પોતાના અનુભવો જાહેર કરે તો ઘણા લોકોને એથી રાહત, પ્રેરણા અને હિમ્મત મળશે. હિન્દ જેવા ગરીબ દેશને માટે આ ચિકિત્સાપદ્ધતિ અર્શીવાદરૂપ જ કહી શકાય.

શિવામ્બુ ચિકિત્સા કેન્દ્ર ખોલવા માટે વલસાડ શહેર સુધરાઈએ જગા આપવા ઠરાવ્યું તે બદલ હું સુધરાઈના પ્રમુખ અને સભ્યોને અભિનંદન આપું છું. તમારા કામને મારા તરફથી શુભેચ્છા મોકલ્ છું અને એની સફળતા ઈચ્છું છું.

લિ. મોરારજી દેસાઈના સ્નેહવંદન

આચાર્ય શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહ રશ્મિ)નો સંદેશો

અમદાવાદ, તા૦ ૨૧-૭-૬૭

સ્નેહી ભાઈશ્રી,

"શિવામ્બુ ચિકિત્સા કેન્દ્ર" ને સફળતા પ્રાર્થતાં ઘણો આનંદ થાય છે. મારા અંગત અનુભવ પરથી હું કહી શકું કે આ ચિકિત્સા જો વિવેકપૂર્વક કરવામાં આવે તો આશીર્વાદરૂપ થઈ પડે એમ છે. સદ્‌ભાગ્યે મુ. ડૉ. પરાગજીભાઈ જેવા આપણા એક પીઢ ચિકિત્સકને હસ્તક એનું સંચાલન રહેશે એટલે એના પરિણામો તરતજ લોકો જોઈ શકશે એવો મારો વિશ્વાસ છે. મારો અનુભવ છે કે ઈન્ફ્લુએન્ઝા જેવા તાવ, આ પ્રયોગથી ૨૪ કલાકમાં ઊતરી જાય છે. સમારંભ મુ. કલ્યાણજીભાઈ જેવા આપણા એક શીલવંત વડીલની અધ્યક્ષતામાં થાય છે તે આ પ્રવૃત્તિ માટે ખૂબ પ્રેરણાજનક નીવડશે. એને હું ખૂબ સફળતા પ્રાર્થું છું.

ઝીણાભાઈ દેસાઈના વંદન

આ વિષયને લગતું સાહિત્ય ડૉ. પરાગજીભાઈ દેસાઈ, વલસાડ-ના સરનામે લખવાથી મળી શકશે.

અભ્યર્થના

દીવડા પ્રગટાવો, દિલમાં દીવડા પ્રગટાવો;
માનવતાના દીવડા પ્રગટાવો...
ગાઢ તિમિર અન્તરમાં છાયાં,
તમસ્ તણાં જાળાં કંઈ જામ્યાં,
અજવાળાં ફેલાવો, દીવડા પ્રગટાવો. ૧

આતંક જબરજસ્તીનાં દંગલ,
રચતાં જગમાં બર્બર—જંગલ,
પ્રેમસુધા રેલાવો, દીવડા પ્રગટાવો. ૨

યુદ્ધ – ત્રાસના કઠોર સંઘર્ષ,
જગને ભૂંઝવે તોડી સંપર્ક,
શાન્તિમંત્ર જગાવો, દીવડા પ્રગટાવો. ૩
યુગની આકાંક્ષા છે શાન્તિ,

લોકશકિતથી કરવી ક્રાન્તિ,
શાન્ત ક્રાન્તિ સરજાવો, દીવડા પ્રગટાવો. ૪
બુદ્ધ – મહાવીરના છે મંત્રો,
ગાંધી – વિનોબાનાં છે તંત્રો,

રામરાજ્ય પ્રસરાવો, દીવડા પ્રગટાવો. ૫

પ્રા. હરિશ વ્યાસ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૬, ૧૯૬૭, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ઈતિહાસની અપેક્ષા: સમયની માંગ

('ભૂદાન યજ્ઞ' માંથી ઉદ્‌ધૃત)

આ દિવસો દરમિયાન કેટલાંય શહેરોની દીવાલ ઉપર લખેલું જોવામાં આવે છે; 'ઉર્દૂ અથવા મોત.' કેટલેક ઠેકાણે ઉર્દૂમાં લખેલું જોવામાં આવે છે તો કેટલેક ઠેકાણે હિન્દીમાં.

એ દિવસે રાત્રીના સમયે 'જનતા' માં મારી સાથે બેઠેલા કેટલાક મિત્રો દેશની સમસ્યાઓ અંગે જ્યારે ગરમાગરમ ચર્ચા કરવા લાગ્યા ત્યારે મોજથી સમોસા ખાતો ખાતો એક યુવક હસીને બોલ્યો; "દેશની સામે કેટલાય સવાલો છે : આ ભાષાનો સવાલ કેટલાક દિવસ પછી ઊઠાવવામાં આવ્યો હોત તો શું બગડી જવાનું હતું? આથી એમ બનવાનું કે હિન્દી પણ એક નહિ રહે. મૈથિલી, માગધી, ભોજપુરી, વ્રજભાષા—સર્વની અલગ અલગ ધજાઓ ફરકાવવામાં આવશે."

પણ ચર્ચામાં સામેલ થવાવાળા સરકારના એક અવકાશપ્રાપ્ત અધિકારીનો અભિપ્રાય તદ્દન જુદો જ હતો. તેણે કહ્યું: "હિન્દી સંબંધમાં બીજું વિચારવાનું શું છે? સરકારને સાફ સાફ કહી દેવું કે હિન્દી રાષ્ટ્રભાષા છે. આમ કહીને આ ઝગડો ખતમ કરી નાખવો જોઈએ. જેટલું વધારે સમજાવવામાં આવે તેટલો ઝઘડો વધવાનો. નાગા લોકોને સમજાવો કે ભારતમાં રહો. મુસલમાનોને સમજાવો કે આ દેશને પોતાનો માનો. મદ્રાસીઓને સમજાવો કે હિન્દીનો સ્વીકાર કરો. કોને કોને સમજાવવું? મુશ્કેલીની વાત એ છે કે હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાની તાકાત આપણા દેશનેતાઓમાં છે જ નહિ. આ શકિત કેવળ બંદૂકમાં છે." આમ કહીને તેણે લાંબો શ્વાસ લીધો અને બોલ્યો: "આજે વલ્લભભાઈ પટેલ નથી."

હું આ વાતો સાંભળતાં સાભળતાં વિચારવા લાગ્યો કે પ્રશ્ન એક છે પણ તેને જોવા સમજવાના પાસા કેટલા બધા છે? અને દરેક પાસામાં સત્ય કદાચ કોઈ ને કોઈ અંશમાં હોય જ છે."

ઉર્દૂ માટે મરવાવાળા તૈયાર છે; હિન્દી માટે મરવાવાળા તૈયાર છે; અંગ્રેજી માટે પણ મરવાવાળા મળી રહેશે; આજે એવો ભાગ્યે જ કોઈ સવાલ છે કે જેના માટે મરવાવાળા નીકળી ન આવે. પણ કેટલા નીકળશે ભારતમાં ભૂખ મટાડવા માટે મરવાવાળા યા તો ફૂટ મટાડવા માટે મરવાવાળા?

આ દૃષ્ટિથી વિચારતાં રેલમાં બેઠેલા પેલા યુવકની વાત કદાચ ઠીક હતી, જેણે ભાષાના પ્રશ્ન અંગે પોતાની ઘૃણા પ્રગટ કરી. તે સાફ શબ્દોમાં કહી ન શકયો, પણ સંભવ છે કે તેના મનમાં એ વાત પણ રહી હશે કે એવા પ્રશ્નો પણ મોજૂદ છે કે જે દેશને જોડવાવાળા હોય, તોડવાવાળા ન હોય. પણ એ પ્રશ્નોને આજે આગળ કેમ ધરવામાં આવતા નથી? અને કોઈ પણ પ્રશ્નનો તેના સાચા સંદર્ભમાં કેમ વિચાર કરવામાં આવતો નથી? દરેક પ્રશ્નની વ્યાપક ભૂમિકા છે અને દરેક ભૂમિકાનો પ્રશ્ન છે. રાષ્ટ્રને એક બનાવવો છે તો ભાષા કઈ હોવી જોઈએ? શિક્ષાને ઘર ઘર પહોંચાડવી છે, તેને વિકાસ સાથે જોડવી છે, અને અધિકમાં અધિક લોકોને ઊંચામાં ઊંચી શિક્ષા દેવી છે, તો તેનું માધ્યમ શું હોવું જોઈએ? ન્યાયને સુલભ તેમ જ નૈતિક બનાવવો છે, તો કાનૂન કેવો હોવો જોઈએ? કોર્ટ કેવી હોવી જોઈએ? ચૂકાદો કઈ ભાષામાં અપાવો જોઈએ? વગેરે વગેરે. સમગ્રતાની ભૂમિને છોડીને પ્રશ્નો અંગે વિચાર કરવાથી શું પરિણામ આવે છે? અધૂરો ઉત્તર ભલે પોતાના સ્થાને ઉચિત હોય, પણ તે આંશિક યા એકાંગી હોવાથી તે દ્વારા રાષ્ટ્રને સમાધાન મળતું નથી અને રાષ્ટ્રનું સમગ્ર જીવન આગળ વધતું નથી; એટલું જ નહિ પણ, ભ્રમ અને ક્ષોભ એટલા અધિક, વ્યાપક તથા મજબૂત બની જાય છે કે કોઈ પણ પ્રશ્નને કોઈ નવા દૃષ્ટિકોણથી જોવાવિચારવાની તૈયારી લોકોના મનમાં પેદા જ થતી નથી. મગજમાં ભાતભાતની ગાંઠો ઊભી થાય છે અને જ્યારે એ ગાંઠોને નેતાનો ઈશરો, દલનો નારો અને સંખ્યાનો સહારો મળી જાય છે કે તરત જ એ ગાંઠો સ્ફોટકતા ધારણ કરે છે.

બુદ્ધિમાં કમજોર હોય એવી વ્યકિતને હંમેશા બંદૂક જ સૂઝે છે. તેને સ્વયં કોઈ એક સમસ્યાનો બુદ્ધિપૂર્વકનો ઉકેલ મળતો નથી, તેથી દરેક પ્રશ્નનો અન્તિમ ઉત્તર તેને બંદુકમાં જ દેખાય છે, કારણ કે એ માની લેતો હોય છે કે ઉત્તર મળે યા ન મળે, બંદૂક વડે પ્રશ્નકર્તા અને તત્કાળ પ્રશ્ન પણ ખતમ થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં આશ્ચર્ય પામવા જેવું શું છે કે પેલા સરકારી અધિકારીની વાત સાંભળીને મારી પાસે બેઠેલો બીજો એક યુવક બોલી ઊઠયો કે "આપણા દેશમાં દેશદ્રોહીઓ અનેક છે અને આવા દેશદ્રોહીઓ માટે એક જ દવા છે - બન્દૂક! આ સાંભળીને મેં પૂછયું કે, 'આપ કોને દેશદ્રોહી ગણો છો? કોઈ નામ તો બતાવો!" તો તે તાડૂકીને બોલ્યો, "કેમ નહિ? ગાંધી દેશદ્રોહી છે, પાકિસ્તાનને કરોડો રૂપિયા એમણે અપાવ્યા. નહેરુ દેશદ્રોહી છે, જેમણે મહાઅમાત્ય બનવા માટે દેશના ભાગલાનો સ્વીકાર કર્યો. જયપ્રકાશ દેશદ્રોહી છે, જે ચીનના હાથમાં ભારતને વેચવાને તૈયાર થયા છે. કેટલા જણાવું? કોણ દેશદ્રોહી નથી?"

"અને વિનોબાજી?" મેં પૂછયું. "મૂડીવાદીઓના—પૂંજીપતિઓના—હાથમાં ગરીબોને સોંપવાવાળા--આથી વધારે મોટો દેશદ્રોહી બીજો કોઈ હોઈ શકે ખરો?" મેં ધારેલું કે તે યુવક કદાચ આ સંત ઉપર તો થોડી દયા કરશે.

ગઈકાલના 'હીરો' ને--દેશભકતને-- આજે દેશદ્રોહી કહેવો અને પૂરી ગરમી અને ઘૃણા સાથે--આ આજે આપણા દેશપ્રેમની કસોટી બની બેઠેલ છે. આશય એ છે કે અમને ગમે છે તે જ વાત તેણે કહેવી જોઈએ, પછી અમારી મરજી સવારે કાંઈક હોય અને સાંજે કાંઈક હોય. નિ:સંદેહ આ પરિસ્થિતિ ઘોર ચિન્તા ઉપજાવનારી છે. આમ હોવાથી આ પરિસ્થિતિ નાબૂદ કરવા માટે જરૂર છે ગંભીર ચિન્તનની. પણ આજના સમયમાં ચિન્તનનો 'mood' - મૂડ' - વૃત્તિ - કોનામાં છે? નથી આ 'મૂડ' દીવાલ પર ફાવે તેવાં સૂત્રો લખનારમાં, નથી રેલ્વેમાં બેઠેલા ચર્ચા કરવાવાળામાં. 'મૂડ' બદલવાની કોશિષ કરવી કેટલીકવાર રાષ્ટ્રની દૃષ્ટિમાં અક્ષમ્ય અપરાધ બની જાય છે. પણ ખરી રીતે આ જ સૌથી પહેલું અને મહત્ત્વનું કામ છે અને આ કામ એ જ કરી શકે તેમ છે કે જે પોતે અવિરોધી રહીને, લોકપ્રિયતાની પરવા ન કરતાં, લોકહિતની વાત કરી શકે. દેશ માટે આવા જીવવાવાળને નવા જમાનામાં જીવતા છતાં શહીદ માનવામાં આવશે.

અનુવાદક:
પરમાનંદ

☆

મૂળહિન્દી
શ્રી રામમૂર્તિ

આગમિક વફાદારી?

આમ તો ગયા અંકમાં 'પ્રકીર્ણ નોંધ'માં પ્રગટ કરેલ ઉપસંહાર સાથે આ વિષયની ચર્ચા સમાપ્ત કરવા ધારેલી, પણ મુંબઈના સ્થાનકવાસી સમાજના એક અગ્રગણ્ય સુશ્રાવક ભાઈ જયંતીલાલ કસ્તુરચંદ મશકારીઆ તરફથી, ઉપરનો ઉપસંહાર લખ્યા બાદ એક ચર્ચાપત્ર મળેલું જેની મારાથી ઉપેક્ષા થઈ ન જ શકે. તેમનો પત્ર નીચે મુજબ છે :

મુંબઈ, તા. ૪-૧૦-૬૭

"મુરબ્બી સ્નેહી પરમાનંદભાઈ,

આપના પ્રબુદ્ધ જીવનમાં મુહપત્તી વિષે જે ચર્ચા પ્રગટ થઈ રહી છે તેના અનુસંધાનમાં મારું નીચેનું લખાણ પ્રગટ કરવા વિનંતી છે.

શ્વેતાંબર આગમોમાં મુહપત્તીનું વિધાન છે. જેમણે આગમોને સાચા માનીને દીક્ષા અંગીકાર કરી હોય અને જેમને એવી શ્રદ્ધા હોય કે આગમિક વિધાનો સાચાં છે તેવા જૈન સાધુ-સાધ્વીજીઓએ મુહપત્તી ન જ છોડવી જોઈએ. મુહપત્તીનો ત્યાગ એ આગમિક વિધાનો પ્રત્યેની બેવફાદારી છે.

બીજું આગમોમાં એ પણ વાત આવે છે કે ખુલ્લા મુખે બોલાતી ભાષા સાવદ્ય છે એટલે કે પાપયુકત છે. મુનિ ખુલ્લા મોઢે બોલી શકે નહિ. શ્રાવકોને માટે પણ એવું વિધાન છે કે મુનિઓની સામે પાંચ અભિગમ સાચવે. તેમાં પહેલી જ વાત એ છે કે મુનિઓની સામે ખુલ્લા મોઢે બોલે નહિ. ઉત્તરાસન વગેરે મોઢા પાસે કપડું રાખીને બોલે.

શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના સાધુઓ માટે તો મુહપત્તી હાસ્યાસ્પદ થઈ ગઈ છે. તેઓ મોટા ભાગે ખુલ્લા મોઢે જ બોલતા હોય છે. વ્યાખ્યાન પણ ખુલ્લા મોઢે થતાં હોય છે. આ બધી તેમની ભાષા સાવદ્ય છે, પાપયુકત છે.

જો મોઢા ઉપર મુહપત્તી બાંધવામાં ન આવે તો મૂર્તિપૂજક સમાજના સાધુ જેવી દશા થઈ જવાનો પૂરેપૂરો સંભવ છે. આગમ પ્રત્યેની વફાદારી માટે અને જીવદયા માટે મુહપત્તી મોઢે બાંધવી એ જ જૈન મુનિઓ માટે પ્રશંસનીય અને હિતાવહ છે.

સ્નેહાંકિત, જયંતિલાલ કસ્તુરચંદ મશકારિયા"

ભાઈશ્રી જયન્તિલાલ મશકારીઆના આ પત્રને હું આવકારું છું. કારણ કે આ પત્રથી મારા વિચારોને વધારે સ્પષ્ટ કરવાની તક તેમણે પૂરી પાડી છે. મુહપત્તીની પ્રથા કેવા સંયોગોમાં શરૂ થઈ હશે એ વિશે પ્રબુદ્ધ જીવનના તા. ૧-૧૦-૬૭ ના અંકમાં પ્રગટ થયેલ પંડિત બેચરદાસના લેખમાં બહુ સુન્દર સંશોધનાત્મક વિવરણ કરવામાં આવ્યું છે. એ પ્રથા એટલે કે મુહપત્તી હાથમાં રાખવાની પ્રથા કંઈ કાળથી ચાલી આવે છે અને તેથી આ પ્રથાનો ઉલ્લેખ જૈન ધર્મશાસ્ત્રોમાં અથવા આગમગ્રંથમાં કોઈ સ્થળે કરવામાં આવ્યો હોય તો તે સ્વાભાવિક છે. મુહપત્તી સંબંધે પૂર્વકાળમાં જે પ્રથા હતી તે મુહપત્તી હાથમાં રાખવાને લગતી અને વ્યાખ્યાન આપવું હોય કે કોઈ સાથે વાતચીત કરવી હોય ત્યારે મોઢા આડે રાખવાને લગતી હતી. આગમગ્રંથોમાં કોઈ પણ ઠેકાણે આખો સમય મોઢા આડે મુહપત્તી બાંધી રાખવાની પ્રથા હોવાનો કોઈ ઉલ્લેખ છે જ નહિ એમ આગમના અભ્યાસી પંડિત બેચરદાસને પુછાવતાં તેઓ જણાવે છે, અને એ તદ્દન સ્વાભાવિક છે. કારણ કે એ પ્રથા તો પંદરમી સદીમાં થયેલા લોંકાશાહના વખત પછી શરૂ થઈ છે એ ઐતિહાસિક હકીકત છે. પ્રબુદ્ધ જીવનમાં ચાલી રહેલી ચર્ચા મોઢા આડે મુહપત્તી બાંધવાની પ્રથા સંબંધમાં છે. આ પ્રથાને કોઈ આગમિક વફાદારી સાથે સંબંધ હોવાનું કલ્પી શકાતું નથી.

અને આ આગમિક વફાદારી એટલે શું? કોઈ પણ આચાર રૂપે અમુક કાળે, અમુક સંયોગોમાં પ્રચલિત થયેલી પ્રથાનો અથવા પરંપરાનો તે તે કાળે લખાયલાં–રચાયલાં ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એટલા ઉપરથી એ પ્રથા અથવા પરંપરા સર્વ–કોઈને સર્વકાળ માટે બંધનકર્તા છે–આવો અર્થ શું આગમિક વફાદારીનો છે? અને જો એમ હોય તો એ જ આગમોમાં મૂર્તિપૂજાના ઉલ્લેખો આવે છે. એ જ આગમોમાં અચેલક (નગ્ન)–સાધુઓનો ઉલ્લેખ આવે છે. તો આજે એ મૂર્તિપૂજા શા માટે જે વર્ગના ભાઈ જયંતીલાલ છે તે સ્થાનકવાસી સંપ્રદાયને બંધનકર્તા નથી લાગતી? શા માટે ઉપર સૂચવેલ નગ્નત્વ શ્વેતાંબર સંપ્રદાયના સાધુઓને બંધનકર્તા બનતું નથી? આગમિક વફાદારીનો એટલો જ અર્થ હોઈ શકે કે જેઓ પોતાને અમુક આગમને અથવા ધર્મગ્રંથને માન્ય લેખતા હોય તેમણે તે આગમમાં અથવા તો ધર્મગ્રંથમાં રહેલી તાત્ત્વિક વિચારસરણીને વફાદાર રહેવું જોઈએ, પણ તે આગમ કે ધર્મગ્રંથમાં આચાર કે ક્રિયાકાંડને લગતા જે કોઈ વિધિનિષેધોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તે વિધિનિષેધોને ત્રિકાલાબાધિત લેખવા એવો કોઈ આ વફાદારીનો અર્થ છે જ નહિ. આવા અમુક કાળે નિર્માણ થયેલા વિધિનિષેધોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની કસોટીએ કસતા રહેવું જોઈએ અને તેમાં જ્યારે પણ ફેરફાર કરવાની જરૂર ભાસે ત્યારે તેવા ફેરફારો સ્વીકારતાં અચકાવું ન જોઈએ. આવા સમયાનુરૂપ ફેરફારોમાં જ ધાર્મિકતાનો વિકાસ અને બુદ્ધિપૂર્વકની આગમિક વફાદારી રહેલી છે. દા. ત. આગમ ગ્રંથોમાં પ્રભુપૂજા કરતાં રેશમી વસ્ત્રો વાપરવાનું વિધાન કરવામાં આવ્યું હોય તો આજે પણ તે વિધાનને અનુસરીને જેમાં પારાવાર હિંસા રહેલી છે તે રેશમી વસ્ત્રોનો ઉપયોગ જો કોઈ પ્રભુપૂજક કરે તો તે શું ઉચિત ગણાશે ખરું?

ભાઈ જયન્તીલાલનો બીજો મુદ્દો એ છે કે આગમોમાં એ પણ વાત આવે છે કે ખુલ્લા મોઢે બોલાતી ભાષા સાવદ્ય છે. આગમના જાણકાર મિત્રોને પૂછતાં તેઓ એમ જણાવે છે કે આગમમાં આવું કશું વિધાન તેમના જોવામાં આવ્યું નથી. જે કાંઈ વિધાન છે તે ભાષાના સાવદ્ય અને નિરવદ્ય એવા બે પ્રકારને લગતું છે અને તે બે પ્રકાર ખૂલ્લા મોઢે કે મુહપત્તી વડે ઢંકાયલા મોઢે બોલાયલી ભાષાને લાગુ પડે છે. આ વિવરણમાંથી મોઢા આડે મુહપત્તી બાંધવાની પ્રથાને કોઈ સમર્થન મળતું નથી. અને ધારો કે આ પ્રથાનું સ્પષ્ટ સમર્થન કરતો ઉલ્લેખ આગમના કોઈ પાઠમાંથી મળતો હોય તો પણ તેની પુનર્વિચારણાને કોઈ અવકાશ નથી એમ કહી ન જ શકાય.

મૂર્તિપૂજક સાધુઓ મુહપત્તીનો યોગ્ય ઉપયોગ કરવામાં પ્રમાદ સેવતા હોય અને પુરાણી સભ્યતાને અનુલક્ષીને તેનો યોગ્ય ઉપયોગ આવશ્યક લાગતો હોય તો તેને લગતા પ્રમાદનો તેમણે જરૂર ત્યાગ કરવો ઘટે, પણ તે પ્રમાદથી બચવા ખાતર ચોવીશે કલાક મોઢા આડે મુહપત્તી બાંધી રાખવાની કોઈ જરૂર મને તો દેખાતી નથી. આ તો ખાસ વાંચવા માટે જ જરૂરી એવા ચશ્મા ચોવીશે કલાક આંખ ઉપર ચઢાવી રાખવા જેવી વિવેકવિહોણી પ્રક્રિયા ગણાય.

આ ચર્ચા સમેટી લેતાં, મુહપત્તીને લગતો આ પ્રશ્ન છેલ્લા બે મહિનાથી પ્રબુદ્ધ જીવનમાં ચર્ચાઈ રહ્યો છે એમ છતાં જે પ્રથાનું સદીઓ થયાં સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયના સાધુ-સાધ્વીઓ અને શ્રાવક–શ્રાવિકાઓ અનુપાલન કરી રહ્યા છે તેમાંથી કોઈ પણ વિદ્વાન આચાર્ય કે શ્રુતધર શ્રાવક આ પ્રથાના સમર્થનમાં કશો પણ પ્રકાશ પાડી શકતા નથી એ બાબત અંગે મારું મહદ્ આશ્ચર્ય અહિં હું પ્રગટ કરું છું. શું આ ઉપરથી આપણે એમ સમજવું કે આ પ્રથાને અંગે કશો પણ ઊંડો વિચાર કર્યા સિવાય કેવળ ગતાનુગતિક રીતે જ આપણે આ પ્રથાનું વર્ષોથી અનુસરણ કરી રહ્યા છીએ?

પરમાનંદ

ધર્મ અને વિજ્ઞાન

(સપ્ટેમ્બર માસમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રોફેસર ફાધર વાલેસ, સંઘના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા, તેમણે બે વ્યાખ્યાનો આપેલાં તેમાંનું એક વ્યાખ્યાન "ધર્મ અને વિજ્ઞાન" નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

ધર્મ ને વિજ્ઞાન વચ્ચેનો ઝઘડો જૂનો છે. ધર્મને હાથે વિજ્ઞાનનું અપમાન અનેક વાર થયું છે, અને વિજ્ઞાન એનું વેર વાળવાને કદી ચૂક્યું નથી. ધર્મ પરમ સત્યનો ઈજારો લઈને બેઠો છે, જ્યારે વિજ્ઞાન હરેક વાતને બુદ્ધિની કસોટીએ ચડાવવાનો આગ્રહ રાખી તેને પડકાર આપી રહ્યું છે. ધર્મની પાસે દર્શન ને શ્રદ્ધા, અંતર્ચક્ષુ ને ભક્તિ છે, જ્યારે વિજ્ઞાનની પાસે બુદ્ધિની તીક્ષ્ણ તલવાર જ છે; અને જેમ માણસના આખા જીવન દરમિયાન તેના મન ને હૃદય વચ્ચે સતત સંગ્રામ ચાલે છે તેમ માનવજાતના આખા ઈતિહાસ દરમિયાન વિજ્ઞાનની શોધો અને ધર્મના અનુભવો વચ્ચે ક્લેશ થતો આવ્યો છે.

ઝઘડો જૂનો છે પરંતુ આપણા જમાનામાં એણે વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. વિજ્ઞાનનો હાથ તો બધે જ પહોંચી ગયો છે. એક તરફ તે બ્રહ્માંડ સર કરી રહ્યું છે ને બીજી તરફ આધુનિક સાધન – સગવડો લઈને તે ઘેર ઘેર પહોંચી ગયું છે. આપણા સૌથી તેજસ્વી યુવાનો વિજ્ઞાનના અભ્યાસ તરફ આકર્ષાય છે, અને ઘરના ને સ્કૂલ – કૉલેજના એ વાતાવરણમાં એક જાતની વૈજ્ઞાનિક મનોવૃત્તિ તેમના મનમાં પેદા થાય છે: બુદ્ધિનું પ્રાધાન્ય, ભૌતિક વિકાસનું મહત્ત્વ, જ્ઞાનનું અભિમાન અને ધર્મની અવગણના. એ યુવાન તેજસ્વી વિદ્યાર્થીઓ વિજ્ઞાનને વરેલા જ છે, માટે જો ધર્મ ને વિજ્ઞાન વચ્ચે મેળ બેસતો ન હોય તો ધર્મનો ત્યાગ કરીને તેઓ વિજ્ઞાનને વળગી રહેશે. એ છે આ પ્રશ્નનું વ્યવહારુ મહત્ત્વ અને તેની પાછળ રહેલું ભારે જોખમ.

એમાં વિજ્ઞાનને હલકું પાડીને ધર્મનો જય પોકારવાનો પ્રયત્ન કેટલાક ધર્મચિંતકો કરે છે એ વાજબી નથી, અને એથી ઊલટું પરિણામ આવવાનો સંભવ છે. આધુનિક માનવીને વિજ્ઞાનમાં અટળ શ્રદ્ધા છે કારણ કે તે રોજ તેના ચમત્કારો નજરે જુએ છે. માટે 'વિજ્ઞાન ખોટું ને ધર્મ સાચો' એ સૂત્ર સ્વીકારવા તે તૈયાર નથી.

આ જટિલ પ્રશ્નનો સાચો ઉકેલ ધર્મ ને વિજ્ઞાનની મર્યાદાઓ અને તેના પરસ્પર સંબંધો તપાસવામાં છે. વિજ્ઞાનની અદ્‌ભુત શોધો ને પ્રગતિ છતાં તેની અનેક મર્યાદાઓ છે એ સૌથી પ્રથમ સ્વીકારવું જોઈએ, અને સાચા વૈજ્ઞાનિકો એ પૂરા દિલથી સ્વીકારે છે. ત્રણ સૈકાઓ પહેલાં ન્યૂટન અને ડેકાર્તની શોધોના અનુસંધાનમાં વિજ્ઞાનની આલમમાં એવો ઉન્માદ પ્રસરી ગયો કે જાણે બ્રહ્માંડનાં સર્વ રહસ્યની ચાવી હાથ લાગતી ન હોય! ન્યૂટનના નિયમોથી કોઈ પણ ગતિશીલ પદાર્થનો પંથ ભૌમિતિક વક્રોમાં આલેખી શકાય, અને ડેકાર્તની પદ્ધતિએ એ ભૂમિતિની આકૃતિઓનો અભ્યાસ બીજગણિતનાં ચોક્કસ સમીકરણોદ્વારા થઈ શકે; માટે આખું બ્રહ્માંડ થોડાં સૂત્રોમાં બંધાયું એમ લાગ્યું. પણ એ વધુપડતો આશાવાદ લાંબો ટક્યો નહિ, અને વિજ્ઞાનની સીમાઓનું ભાન સૌથી પ્રથમ તો વૈજ્ઞાનિકોને જ થયું. જેમ ઊંચે ચડતાં વિશાળ ભૂમિખંડો દેખાય છે તેમ વિજ્ઞાનનાં શિખરો પર ચડતાં અસંખ્ય ને અસીમ વણખેડાયેલાં જ્ઞાનક્ષેત્રો નજરે પડે છે.

ગણિતની વાત લઈએ તો આધુનિક અદ્‌ભુત શોધોની સાથે સાથે એટલી બધી સમસ્યાઓ ઊભી થાય છે કે સંશોધકોના મનમાં આશ્ચર્યની સાથે નમ્રતાની લાગણી પણ રહ્યા કરે છે. અનિશ્ચિત રહેલા પ્રશ્નો, સાબિતી વિના રહેલાં પ્રમેયો, મતભેદનો ભોગ બનેલા ઉકેલો – એ રોજના અનુભવ છે. ગણિતના સંશોધન સામાયિકોમાં 'આ પ્રમેયની જવાબદારી લેખકની જ છે' એવી તંત્રીની નોંધ વાંચીને અર્થશાસ્ત્ર કે રાજકારણના વિવાદાસ્પદ પ્રશ્નો યાદ આવે છે, અને એવી ચર્ચાઓ ચાલે છે પણ ખરી. હાલ નમ્રતા કેળવવા ગણિતજ્ઞોને વિશેષ કારણ મળ્યું છે તે ગેડેલની આણધારી શોધ છે: એમણે સાબિત કરી બતાવ્યું છે કે ગણિતની કોઈ પણ શાખામાં એવાં વિદ્વાનો હોય છે કે જે સાચાં પણ નથી ને ખોટાં પણ નથી, અથવા તો ચોક્કસાઈથી કહીએ તો તે સાચાં છે એ સાબિત કરી શકાતું નથી ને તે ખોટાં છે એ પણ સાબિત કરી શકાતું નથી. અને આ પરિણામની સાબિતી પાછી આપણા યુગની એક અનન્ય ખૂબી ગણાય છે. જાણે માણસની બુદ્ધિએ હાથે કરીને પોતાની જ મર્યાદા બાંધી ન હોય!

પરંતુ બીજી તરફ ધર્મની મર્યાદાઓ પણ હોય છે. જો ધર્મ એવો દાવો કરે કે પોતાની પાસે સત્ય છે અને સત્ય શાશ્વત, સનાતન, પરિપૂર્ણ હોઈ એમાં કશું ઉમેરી શકાતું નથી ને બદલી શકાતું નથી તો એ ભૂલમાં આવી ગયો. સત્ય સનાતન છે જ, પણ એ જોનાર ને સમજનાર ને વ્યક્ત કરનાર માનવીની દૃષ્ટિ મર્યાદિત છે, માટે એમાં પણ નમ્રતા ને વિવેક માટે અવકાશ રહે છે. ગણિતશાસ્ત્રી લાઈબ્નીત્સ અને ધર્મધ્યક્ષ બોસુએ વચ્ચે પ્રખ્યાત શાસ્ત્રાર્થ દરમિયાન બોસુએની મુખ્ય દલીલ આ આરોપમાં આવી ગઈ: 'તમે બદલાઓ છો, માટે તમે સત્ય નથી.' પણ લાઈબ્નીત્સે જવાબ આટલો જ સચોટ આપ્યો: 'તમે બદલાતા નથી, માટે તમે જીવન નથી.' આપણે સત્ય જોઈએ તે જીવંત સત્ય જોઈએ, મૃત શિલાલેખ નહિ, ચેતન જ્ઞાન જોઈએ, જડ ક્રિયાકાંડ નહિ.

ધર્મમાં શું મુખ્ય ને શું ગૌણ, સત્યના ઝાડમાં ક્યાં મૂળ ને ક્યાં પાંદડાં એ કહેવું સહેલું નથી, પણ વિજ્ઞાન સાથેના સમન્વયની દૃષ્ટિએ એમ સામાન્ય રીતે કહી શકાય કે જ્ઞાનમાર્ગના સિદ્ધાંતો અચલ હોય છે જ્યારે ભક્તિના આવિર્ભાવ બદલાય છે. ભક્તિ આવશ્યક છે, શુભ છે, કલ્યાણકારી છે, પણ ભક્તિના ઊભરાની સાથે જે ઉદ્‌ગારો નીકળે, જે ભાવ પેદા થાય, જે વિધિઓ ચાલે એ બધા ઉપર વિવેકની નજર રાખવી જરૂરી છે. પ્રેમની ભાષા જુદી અને જ્ઞાનની ભાષા જુદી, માટે દરેકનું વ્યાકરણ સમજીને દરેકનો સાચો અર્થ ઘટાવીએ તો બેની વચ્ચેનું સંઘર્ષણ ઓછું થશે.

ધર્મ ને વિજ્ઞાન વચ્ચેનો સંબંધ મન ને દેહના સંબંધ જેવો છે. વિજ્ઞાન સાધનો પૂરાં પાડે છે, ને ધર્મ તેનો શો ઉપયોગ કરવો જોઈએ એ બતાવે છે. વિજ્ઞાન અણુશક્તિ નિર્માણ કરે છે, ને ધર્મ આજ્ઞા કરે છે કે તેનો ઉપયોગ વિનાશક શસ્ત્રો નહિ પણ વિદ્યુતશક્તિ પેદા કરવા માટે થાય. વિજ્ઞાન માણસના મગજ ઉપર ઊંડી અસર કરનાર નવી દવાઓ શોધે છે, ને ધર્મ ફરમાવે છે કે તે નફો ચડાવવા માટે નહિ પણ દુખાવામાં રાહત આપવા માટે વપરાય. વિજ્ઞાન રેડિયો ને ટેલિવિઝન માણસના હાથમાં મૂકે છે, ને ધર્મ આદેશ આપે છે કે તે દ્વારા સત્યનો જ પ્રચાર થાય, જૂઠ ને વેરનો નહિ. વિજ્ઞાન એ આંધળો રાક્ષસ છે; ધર્મ તેનાં દિવ્યચક્ષુ છે. વિજ્ઞાન વિના ધર્મ પાંગળો છે; ધર્મ વિના વિજ્ઞાન ઘાતક છે. પણ વિજ્ઞાન સાથે ધર્મ એ સશક્ત શરીર ને જાગૃત મનની અજબ જોડી છે.

સુવિખ્યાત અવકાશ – વૈજ્ઞાનિક ડૉ. વેર્નેર ફોન બ્રાઉને અમેરિકાની સેન્ટ લૂઈસ યુનિવર્સિટીમાં મંગળ પ્રવચન માટે આ જ વિષય પસંદ કર્યો હતો, ને પોતાના વિચારનો સાર નીચેના પ્રેરક શબ્દોમાં કાઢ્યો હતો: 'ધર્મ અને વિજ્ઞાન વચ્ચે મેળ બેસતો નથી એમ કેટલાક લોકો માને છે અને કહે પણ છે. પણ એવા મતને હું વિજ્ઞાનને નામે ને ધર્મને નામે ખોટો, જોખમભરેલો ને મૂર્ખાઈભરેલો ગણું છું. આખી દુનિયાને આપણે મુક્ત કંઠે જણાવવું જોઈએ કે વિજ્ઞાન અને ધર્મ એક જ સત્યનાં બે પાસાં છે. વિજ્ઞાનની ગાદી પર ભગવાન બિરાજશે તો જ આપણા આ વિજ્ઞાન યુગના ભય ને આશાઓ વચ્ચે માનવજાતનું ખરું કલ્યાણ સર્જાશે.'

અને બીજા એક મહાન વૈજ્ઞાનિક ને મહાન ભક્ત, ફ્રેન્ચ સંશોધક લૂઈ પસ્ટેરે સો વર્ષ પહેલાં ઉચ્ચારેલા શબ્દોમાં આ આખા પ્રશ્નનો ઈતિહાસ અને ઉકેલ સમાઈ જાય છે: 'કાચું વિજ્ઞાન માણસને નાસ્તિક બનાવે છે; જ્યારે સાચું વિજ્ઞાન માણસને ભક્ત બનાવે છે.' કાચા વિજ્ઞાન ને કાચા ધર્મની વચ્ચે વિરોધ હોઈ શકે, પણ સાચા વિજ્ઞાન ને સાચા ધર્મની વચ્ચે સમન્વય છે. ખગોળશાસ્ત્રી કેપ્લેર, ગ્રહો – તારાઓની ગતિના નિયમો શોધતા હતા ત્યારે કહેતા: 'હું ઈશ્વરના વિચારોનો પુનર્વિચાર કરું છું.' એ ભાવનાથી જો વિજ્ઞાન બ્રહ્માંડના આણુએ આણુમાં ભગવાનનો સ્પર્શ ઓળખે અને ભૌતિક શક્તિનો ઉપયોગ અધ્યાત્મના માર્ગદર્શનથી કરે તો વિજ્ઞાન યુગ વિનાશ યુગ નહિ પણ નવનિર્માણ યુગ તરીકે માનવજાતના ઈતિહાસમાં સ્થાન પામશે.

ફાધર વાલેસ

અદ્યતન રાજકીય પરિસ્થિતિ

ચોથી સામાન્ય ચૂંટણી પછી દેશમાં રાજકીય અસ્થિરતા શરૂ થઈ, તે આ નવ મહીનાના ગાળામાં વધતી રહી છે. જે રાજ્યોમાં બીન-કોંગ્રેસી સરકારની રચના થઈ, તે સંયુકત પક્ષોની સરકારો કાંઈક સારૂં કરી બતાવશે એ આશા નિષ્ફળ ગઈ છે. મદ્રાસ અને ઓરીસાને બાદ કરીએ તો, બીજાં રાજ્યો, જ્યાં બીનકોંગ્રેસી સરકારોની રચના થઈ છે ત્યાં, પક્ષાંતરો, પરસ્પરના વિખવાદો અને સત્તા મેળવવાના કાવા-દાવાને કારણે, રાજ્યવહીવટ કરતાં પોતાનાં સત્તાસ્થાનો કોઈ પણ ભોગે જાળવી રાખવાના પ્રપંચોમાં જ આ સરકારોનો સમય જાય છે.

બંગાળમાં આ પરિસ્થિતિ પરાકાષ્ટાએ પહોંચી છે. ચૌદ પક્ષોના શંભુમેળાની આ 'સરકાર'માં, ડાબેરી સામ્યવાદીઓનું વર્ચસ્વ જામ્યું છે. શ્રી અજોય મુકરજી અને ડૉ. પ્રફૂલ્લ ઘોષ અને તેમના સાથીઓ, ડાબેરી સામ્યવાદીઓની પકડમાંથી છૂટવા માટે ઉત્સુક થયા અને તેમાં કોંગ્રેસનો સાથ મેળવવાના પ્રયત્નો ગતિમાન થયા. પણ બંગાળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઉપર શ્રી અતુલ્ય ઘોષનો કાબુ છે તે દૂર ન થાય ત્યાં સુધી આ પ્રયોગ સફળ ન થાય. તેથી, કોંગ્રેસ વર્કિંગ કમિટીની સંમ-તિથી અને શ્રીમતી ઈન્દિરા ગાંધીના આશીર્વાદ સાથે, શ્રી ગુલઝારીલાલ નંદા કલકત્તા ગયા. તેમની વાટાઘાટોના પરિણામે, શ્રી ગુલઝારીલાલ નંદાએ પોતાની યોજના જાહેર કરી જેમાં પ્રદેશ સમિતિનું વિસર્જન કરી, નવી કામચલાઉ સમિતિની રચના કરી. યોજના પ્રમાણે, શ્રી અજોય મુકરજી પોતાની કેબીનેટનું તુરત રાજીનામું આપે અને પછી સામ્યવાદીઓને પડતા મૂકી, કોંગ્રેસના ટેકાથી નવી સરકારની રચના થાય. આ યોજના શ્રી નંદાએ જાહેર કરી અને તેના અમલની ઘડીઓ ગણાતી હતી. આ નાટક ત્રણ ચાર દિવસ ચાલ્યું. પણ શ્રી નંદાએ, શ્રી અતુલ્ય ઘોષ અને શ્રી કામરાજની પૂરી ગણના કરી ન હતી. શ્રી ઘોષે સખ્ત વિરોધ કર્યો અને શ્રી કામરાજે મદ્રાસમાંથી વિલંબની નીતિ આદરી. સમય વીતી ગયો અને શ્રી અજોય મુકરજીએ હવે પોતે રાજીનામું નહિ આપે એવું જાહેર કરી, પોતાના અસ્થિર માનસનો પરિચય આપ્યો. શ્રી નંદા, શ્રીમતી ઈન્દિરા ગાંધી, ડૉ. પ્રફૂલ્લ ઘોષ બધાની બાજી ઊંધી વળી ગઈ. ત્યાર પછી નાટકનો બીજો અંક શરૂ થયો. શ્રી કામરાજે બંગાળ પ્રદેશ સમિતિ કાયમ રાખી પણ પ્રાદેશિક ચૂંટણી થાય ત્યાં સુધી, કામચલાઉ સમિતિ, ડૉ. પ્રફૂલ્લ સેનના પ્રમુખ-પદે નીમી, જેમાં શ્રી અતુલ્ય ઘોષના સાથીઓને પણ સ્થાન આપ્યું. શ્રીમતી ઈન્દિરા ગાંધીનો આ પરાજય શ્રી કામરાજે ઈરાદા-પૂર્વક કર્યો કે અકસ્માત હતો તે કહેવું મુશ્કેલ છે. પણ એ બે વચ્ચેનો સંઘર્ષ આ બનાવમાં જણાઈ આવ્યો. શ્રી કામરાજનું આ પગલું માત્ર દેખાવ પુરતું હતું અને થોડા દિવસ પછી કામચલાઉ સમિતિમાંથી ડૉ. પ્રફૂલ્લ સેન અને તેમના સાથીઓએ રાજીનામું આપ્યું અને બંગાળ પ્રદેશ કોંગ્રેસમાં શ્રી અતુલ્ય ઘોષનું 'રાજ્ય' કાયમ રહ્યું. પોતે રાજી-નામું નહિ આપવાનાં કારણો અંગે શ્રી અજોય મુકરજીએ પરસ્પર-વિરોધી નિવેદનો કર્યા જેનો તેમના ડેપ્યુટી શ્રી જ્યોતિ બસુએ બરાબર જવાબ આપ્યો. શ્રી અજોય મુકરજીએ જાહેર કર્યું કે તેમની કેબી-નેટમાં એવા પક્ષો છે કે જે ચીનની મદદ લઈ દેશમાં અરાજકતા લાવી રહ્યા છે. પણ આવા પક્ષો સાથે ભાગીદારી ચાલુ રાખવામાં શ્રી અજોય મુકરજીને શરમ નથી લાગતી. ત્યાર પછી નાટકનો ત્રીજો અંક શરૂ થયો. ડૉ. પ્રફૂલ્લ ઘોષે કેબીનેટમાંથી રાજીનામું આપ્યું અને તેમના બીજા ૧૭ સાથીઓ સાથે સંયુકત મોરચામાંથી છૂટા થયા. તુરત જ તેમણે માગણી કરી કે અજોય મુકરજીની સરકારે બહુમતી ગુમાવી છે અને તેણે રાજીનામું આપવું જોઈએ અથવા તેને બરતરફ કરવી જોઈએ. કોંગ્રેસના ટેકાથી ડૉ. પ્રફૂલ્લ ઘોષ સરકારની રચના કરવા તત્પર થયા, પણ અતુલ્ય ઘોષ, પ્રફૂલ્લ ઘોષને ટેકો કેમ આપે? કામરાજ, અતુલ્ય ઘોષની સંમતિ વિના, બંગાળ પ્રદેશ કોંગ્રેસને બીજા પક્ષો સાથે મળી Coalition Government રચવા પરવાનગી કયાંથી આપે? બંગાળના ગવર્નર શું કરે? તેણે તો પૂરો બંધારણીય માર્ગ લીધો. અજોય મુકરજીને કહ્યું કે વહેલી તકે ધારાસભા બોલાવો અને બહુમતિ ધારાસભ્યોનો તમને ટેકો છે કે નહિ તેનો નિર્ણય કરો. પણ અજોય મુકરજી શેના કરે? તેણે જણાવી દીધું કે તેની કેબીનેટ અગત્યના કાર્યોમાં રોકાએલ છે અને ૧૮મી ડીસેમ્બર સુધી ધારાસભાની બેઠક બોલાવવાની તેને ફૂરસદ નથી. અજોય મુકરજી અને હુમાયુન કબીર બંગલા કોંગ્રેસના સ્થંભો, પણ બંગલા કોંગ્રેસમાં પક્ષો પડયા—હુમાયુન કબીર, ડૉ. પ્રફૂલ્લ ઘોષને ટેકો આપવા અને કોંગ્રેસના સહકારથી નવી સરકાર રચવાના મતના, પણ અજોય મુકરજી હવે પ્રફૂલ્લ ઘોષનું મોઢું કેમ જુવે? બંગલા કોંગ્રેસ, ભારતીય ક્રાંતિદળનો એક આગેવાન પક્ષ—તેના તાજેતરના સંમેલનમાં બિહારના મુખ્યપ્રધાન મહામાયાપ્રસાદે સંભળાવી દીધું કે ભારતીય ક્રાન્તિદળ કોઈ સંજોગોમાં કોંગ્રેસ સાથે મળીને કયાંય પણ સરકાર રચશે નહિ. બિચારા હુમાયુન કબીર. ગવર્નર શું કરશે? મુખ્યપ્રધાનની મરજી વિરૂદ્ધ ધારાસભાની બેઠક બોલાવી શકે? અથવા તેમના આદેશ મુજબ મુખ્યપ્રધાન બેઠક બોલાવતા નથી માટે તેની કેબીનેટને બરતરફ કરી શકે? ગવર્નર સલાહ લેવા દિલ્હી ગયા હતા તે પાછા આવી ગયા છે. મધ્યસ્થ સરકાર શું કરશે? રાષ્ટ્રપતિનું શાસન લાવશે? કોંગ્રેસ વરિષ્ઠ મંડળ—જો આવું કાંઈ રહ્યું હોય તો—શું કરશે? કામરાજ અને ઈન્દિરા ગાંધીના મતભેદો કોંગ્રેસને અસરકારક રીતે કાંઈ કરવા દેશે? બંગાળની પ્રજા શું ઈચ્છે છે? પ્રતિષ્ઠાહીન અતુલ્ય ઘોષની કોંગ્રેસ ફરી સત્તાસ્થાને આવે એવું કેઅજોય મુકરજીની સંયુકત મોરચાની સરકાર રહે અથવા રાષ્ટ્રપતિનું શાસન? રાજદ્વારી પુરૂષો સત્તાનું આ નાટક ખેલી રહ્યા છે ત્યારે પ્રજાની હાડમારી, બેહાલી અને દુર્દશાનો પાર નથી. કાયદો અને વ્યવસ્થાનું નામનિશાન રહ્યું નથી. સંખ્યાબંધ કારખાનાંઓ બંધ પડયા છે અને લાખો માણસો બેકાર થયા છે. ઊભો પાક ઘર ભેગો કરી શકાશે કે નહિ તેની પ્રજાને ચિન્તા છે. રાજ્ય સરકારમાંથી નીકળવું પડે તો ડાબેરી સામ્યવાદીઓ મોટા પાયા ઉપરના તોફાનો કરશે એવો ભય છે. દેશના ભાવિ માટે બંગાળ મોટું ભયસ્થાન છે.

હરિયાણામાં પ્રધાનપદની લ્હાણી થાય છે. કોંગ્રેસને છોડી જે કોઈ ધારાસભ્ય રાવ બિરેન્દ્રસિંહને ટકાવવા તેમની સાથે જોડાય તેને પ્રધાનપદ મળે છે. આ નાના રાજ્યમાં ૩૨ પ્રધાનો થયા. કેટલાક ધારાસભ્યો દિવસમાં ત્રણ વખત પક્ષાન્તર કરે છે. હરિયાણા કોંગ્રેસ ફરી સત્તા પર આવવા તલપાપડ થઈ રહી છે. હાથવેંતમાંથી બાજી સરી જાય છે.

ઉત્તરપ્રદેશમાં ચરણસિંહનું શાસન કેટલાક દિવસ ડોલાયમાન રહ્યું. છેવટ તેમણે નમતું મુકયું અને સત્તા જાળવી રાખી—કયાં સુધી?

મધ્ય પ્રદેશમાં શ્રી દ્વારકાપ્રસાદ મિશ્રો છેવટ કોંગ્રેસનું નેતાપદ છોડયું. તેથી, કેટલાક કોંગ્રેસી ધારાસભ્યો, જે શ્રી મિશ્રાની જોહુકમીને કારણે કોંગ્રેસ છોડી ગયા હતા તેઓ પાછા આવવાનો વિચાર કરે છે. તે કારણે ત્યાંના સંયુકત દળના સરકારની સ્થિતિ અનિશ્ચિત બની છે. વળી કાવાદાવા અને લાંચરુશ્વત ચાલશે.

બિહાર અને ઓરીસાની બીન કોંગ્રેસી સરકારોએ, કોંગ્રેસના આગેવાનોની રહી સહી પ્રતિષ્ઠા નિર્મૂળ કરવા, તપાસપંચો નીમ્યા છે અને બન્ને રાજ્યોના ભૂતપૂર્વ મુખ્યપ્રધાનો અને અન્ય પ્રધાનો સામે ગંભીર આક્ષેપોનાં તહોમતનામાં ઘડયાં છે.

કેરળમાં વિવિધ પક્ષોના રચાયેલા નાંબુદ્રીપાદ સરકારના આંત-રિક મતભેદો ઉગ્ર સ્વરૂપ લઈ રહ્યાં છે. કેરળમાં બંગાળ કરતા સામ્યવાદીઓની બહુમતિ અને વર્ચસ્વ ઘણું વધારે છે. ત્યાં પણ સામ્યવાદીઓ પોતાની રીતરસમો પૂરી રીતે અજમાવી રહ્યા છે અને તેમની નીતિ અને કાર્યપદ્ધતિ ન સ્વીકારે તેઓ સામે ધાક-ધમકી અને બીજા ઉપાયો અજમાવે છે. મલયાલમ મનોરમા જેવા

પ્રસિદ્ધ વર્તમાનપત્ર જે સામ્યવાદીઓનું કટ્ટર વિરોધી છે તેના ઉપર બે વખત હુમલાઓ થયા. બંગાળ પેઠે કેરળ દેશનું બીજું ભયસ્થાન છે. દરમ્યાનમાં, મહારાષ્ટ્ર - માયસોરના સીમા ઝઘડાઓએ ઉગ્ર સ્વરૂપ લીધું છે. મહાજનપંચની રચના થઈ ત્યારે બન્ને રાજ્યોએ સ્વીકાર્યું હતું કે પંચનો નિર્ણય બન્ને સ્વીકારશે અને તે બાંહ્યધરી ઉપર જ આ પંચ નીમાયું હતું. પંચનો અહેવાલ બહાર પડે તે પહેલાં થોડા દિવસો અગાઉ પણ શ્રી નાયક અને શ્રી નીજલિંગપ્પાએ જાહેર કર્યું હતું કે બન્ને રાજ્યો પંચનો નિર્ણય સ્વીકારશે. પણ હવે મહારાષ્ટ્રને બેલગામ ન મળ્યું એટલે નાયક સરકાર ફરી બેઠી અને સંયુકત મહારાષ્ટ્ર સમિતિએ ઉગ્ર આંદોલનની ધમકી આપી છે. મહારાષ્ટ્ર કૉંગ્રેસ અને સંયુકત મહારાષ્ટ્ર સમિતિ એકમત છે કે મહાજનપંચનો અહેવાલ અસ્વીકાર્ય છે. મહારાષ્ટ્ર કૉંગ્રેસ શાન્તિપૂર્વક રીતે વિરોધ કરવાનું કહે છે, સમિતિ ગમે તે કહે. બન્ને એક બીજાના સહકારમાં છે. માત્રાનો જ ફેર છે. પોતાને મનગમતું ન થાય ત્યાં સુધી તટસ્થ પંચોના નિર્ણય પણ ન સ્વીકારવા એ મહારાષ્ટ્રનું ધોરણ રહ્યું છે. મધ્યસ્થ સરકાર અને કૉંગ્રેસ મોવડી મંડળ કેટલું મક્કમ રહી શકે છે તે જોવાનું રહે છે.

શિક્ષણના ક્ષેત્રે અરાજકતા ચાલુ રહી છે. અને શિક્ષણના માધ્યમનો પ્રશ્ન લટકતો રહ્યો છે. હવે આવતી સાલ તેનો અંતિમ નિર્ણય લેવાશે તેમ જાહેર થયું છે. અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓના હીમાયતીઓ વચ્ચે ભાવિ પેઢીના શિક્ષણનો કચ્ચરઘાણ વળી જશે.

આવી રાજકીય અસ્થિરતા છે ત્યારે આર્થિક કટોકટી પણ ઓછી નથી. ચોમાસુ સારૂં ગયું છે તે રાહત છે પણ વધતી જતી મોંઘવારીને અટકાવી નહિ શકે તો આ રાહત બહુ કામયાબ નહિ થાય. મધ્યસ્થ સરકારની આર્થિક નીતિ ઉગ્રમતભેદનું કારણ રહી છે. દસ મુદ્દાના કાર્યક્રમ ઉપર જબલપુરમાં ભારે સંઘર્ષ થશે એમ ધારણા હતી. પણ મોવડીમંડળ આ સંઘર્ષ કુનેહથી અત્યાર પુરતું ટેલી શકેલ છે. બૅન્કોનું અને સામાન્ય વિમાનું રાષ્ટ્રીયકરણ, રાજાઓના સાલીયાણા, વિગેરે પ્રશ્નો ઉપર છેવટના નિર્ણયો મુલતવી રાખ્યા છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ જાહેર કર્યું કે દસ મુદ્દાના કાર્યક્રમને સરકાર સ્વીકારે છે પણ તેના અમલની ગતિ અને પ્રકાર સરકાર ઉપર છોડવું જોઈએ. શ્રી મોરારજી દેસાઈએ જણાવ્યું કે, વિમાનું રાષ્ટ્રીયકરણ સિદ્ધાન્ત તરીકે સ્વીકારાય છે. બૅન્કો માટે સામાજિક અંકુશો વધારવામાં આવશે અને તે સફળ નહિ થાય તો રાષ્ટ્રીયકરણ થશે. રાજાઓના સાલીયાણા માટે તેમની સાથે વાટાઘાટ કરવાનું નક્કી કર્યું, તેટલે દરજજે શ્રી ચવ્હાણને નમતું મૂકવું પડયું. ઉદ્દામ અને મધ્યમ વિચારસરણીવાળાઓને બન્નેને રાજી રાખવાનો પ્રયત્ન થયો. પરિણામે અનિશ્ચિતતા ઊભી રહી. કદાચ મક્કમ અને આખરી નિર્ણયો કૉંગ્રેસના મોવડી મંડળ માટે તેમના પોતાના આંતરિક મતભેદોને કારણે, શકય નથી. પણ તેથી પરિસ્થિતિ સુધરતી નથી. ઉદ્યોગપતિઓ Industrialist-માથે લટકતી તલવાર ઊભી રહી અને હીમ્મતપૂર્વક લાંબાગાળાની કોઈ યોજના કરવાનું કોઈને મન ન થાય તેમ રહ્યું, બૅન્કોના સામાજીક અંકુશો કેવું સ્વરૂપ લેશે અને તેથી કોઈ લાભ થશે કે નહિ તે જોવાનું રહે છે. આવા સંજોગોમાં, નાણાંપ્રધાન શ્રી. મોરારજીભાઈ દેસાઈ, આત્મવિશ્વાસથી, તેમના વિદેશોના પ્રવાસમાં તથા દેશમાં પ્રવચનોમાં ઉજજવળ ભાવિની આશાનો સંચાર કરવા ભગીરથ પ્રયત્ન કરી રહ્યાં છે. તેમના ઉપદેશની કેટલી અસર થાય છે તેનું માપ કાઢવું અઘરૂં છે.

બીજો અગત્યનો પ્રશ્ન કૉંગ્રેસના પ્રમુખપદનો છે. શ્રી કામરાજની મુદત પૂરી થાય છે. કૉંગ્રેસના બંધારણ મુજબ બે ટર્મથી વિશેષ કોઈ વ્યકિત પ્રમુખપદે ચાલુ ન રહે. શ્રી કામરાજની ચાલુ રહેવાની ઈચ્છા હોય તેમ જણાય છે, પણ કૉંગ્રેસ વર્કીંગ કમિટી સર્વાનુમતે વિનંતિ કરે તો. આવા સંજોગો જણાતા નથી. શ્રીમતી ઈન્દિરા ગાંધી અને તેમના સાથીદારો એની તરફેણમાં નથી. શ્રીમતી ગાંધી અને શ્રી કામરાજ વચ્ચે અંતર વધ્યું છે. શાસક પક્ષના પ્રમુખ અને તે જ પક્ષના વડા પ્રધાન વચ્ચે સુમેળ હોય તે ઈચ્છવાયોગ્ય છે. શ્રીમતી ઈન્દિરા ગાંધી પોતાને અનુકૂળ એવા પ્રમુખની શોધમાં હોય તે સ્વાભાવિક છે. સત્તાની ખેંચતાણ સારા પ્રમાણમાં જણાય છે. કાંઈ નહિ તો શ્રીમતી ગાંધી ઉપર અંકુશ રાખવા જમણેરી બળો પોતાના પ્રતિનિધિને આ સ્થાને લાવવા ઈચ્છા રાખે છે તેમ લાગે છે. શ્રી સદોબા પાટીલ અને શ્રી અતુલ્ય ઘોષ આ પ્રયત્નો કરી રહ્યા છે. શ્રી મોરારજીભાઈએ પોતાનો અભિપ્રાય જાહેર કર્યો નથી. પણ વડાપ્રધાનપદ માટેની બે ચૂંટણી પછી, શ્રી મોરારજીભાઈ અને શ્રી કામરાજ વધારે નજીક આવ્યા છે તેમ કહેવાય છે. બીજી બાજુ એમ કહેવાય છે કે શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાનું સ્થાન વધારે સ્થિર બનાવ્યું છે અને કાંઈક હીંમતપૂર્વક પગલાં લેવાની સ્થિતિમાં છે. આવા સ્થિર સ્થાનોને અસ્થિર થતાં બહુ વાર નથી લાગતી, પણ અત્યારે તો શ્રીમતી ગાંધી શ્રી નંદાને આ પદ માટે ટેકો આપતા હોય તેમ સંભળાય છે. તો શ્રી પાટીલ કદાચ ઉમેદવારી કરે. શ્રી પાટિલના કેટલાક બીનજવાબદાર પ્રવચનો તેમની નેતાગીરીમાં વિશ્વાસ પેદા કરે તેવા નથી. શ્રી કામરાજની શકિતની મર્યાદાઓ જણાઈ આવી છે. નહેરુના અવસાન પછી, નેતાની ચૂંટણીમાં બે વખત સફળતાપૂર્વક કામગીરી બજાવી તેથી તેમની પ્રતિષ્ઠા જામી. પણ ચોથી સામાન્ય ચૂંટણીએ બતાવ્યું કે દેશમાં તો શું પણ તેમના પોતાના રાજ્યમાં પણ તેમનો પ્રજાસંપર્ક ઘણો ઓછો છે. ભાષાની મર્યાદા તેમની મોટી છે. તેમના વિચારો પ્રજા જાણતી નથી. તેમના તરફથી કોઈ માર્ગદર્શન મળતું નથી. તેમને જ ચાલુ રાખવામાં આવે તો કૉંગ્રેસની નેતાગીરીની મોટી ખામી વધારે ઉઘાડી પડશે. પણ પ્રજામાં આદર પામે અને વિશ્વાસ મેળવે એવી પ્રભાવશાળી વ્યકિતઓ અત્યારની કૉંગ્રેસમાં શોધવી પડે તેમ છે. બીજી તરફ ભારતીય ક્રાન્તિદળ કૉંગ્રેસ છોડી ગયેલ વ્યકિતઓનો પક્ષ, સ્વરૂપ લે છે. હરિયાણા, મધ્યપ્રદેશ વિગેરે સ્થળોમાં જનસંઘ જોર કરે છે, જેમ કેરળ, બંગાળમાં સામ્યવાદીઓ જોરમાં છે. આવા રાજકીય તખ્તામાં, દેશના હિતમાં કાગ્રેસના આગેવાનો વધારે સહકારથી કામ કરી છેવટ મધ્યસ્થ સરકાર સ્થિર રાખી શકે તો દેશની સેવા કરી ગણાશે.

૧૨-૧૧-૬૭ ચીમનલાલ ચકુભાઈ શાહ

શિવામ્બુ-ચિકિત્સાના પ્રચારક ડૉ. પરાગજી દેસાઈનો પત્ર

'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં "શિવામ્બુ – ચિકિત્સાના માટે અનુરોધ : વૈજ્ઞાનિક સંશોધન" એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખ અંગે, તે લેખના લેખક ડૉ. પરાગજી દેસાઈ તરફથી નીચે મુજબનો પત્ર મળ્યો છે :

વલસાડ, તા. ૪-૧૧-૬૭

સવિનય : આપના તરફથી "પ્રબુદ્ધ જીવન" ના તા. ૧-૧૧-૬૭ના અંકની કોપી મળી તે માટે ઘણો આભારી છું. એ અંકમાં શિવામ્બુ ચિકિત્સા બાબત "પરિપત્ર" પ્રગટ કરી જનતાની ભારે સેવા બજાવી છે તે માટે આપને અનેક ધન્યવાદ ઘટે છે.

"પરિપત્ર ઉપર નીચેના મહાનુભવોની સહીઓ છે" એમ જણાવ્યું છે તેમાં ગેરસમજ થઈ છે, જે દૂર કરવાની જરૂર છે.

આ 'પરિપત્ર' અંગ્રેજી છાપામાં પ્રગટ કરવા માટે મોકલી આપવા તૈયાર કર્યો હતો. એના ઉપર દેશના સન્માનિત આગેવાન મહાનુભવોની સહીઓ હોય તો તેનો છાપાના તંત્રી સાહેબો પર સારો પ્રભાવ પડે અને તે પ્રગટ કરવામાં મુશ્કેલી આવે નહિ એ હેતુથી આવા મહાનુભવોની સહી મૂકવાની સંમતી મેળવવા માટે એક "ફૉરવર્ડીંગ લેટર" સાથે એ પરિપત્ર તેમના પર મોકલવામાં આવ્યો હતો. તેના પર નીચે જણાવેલાં મહાનુભવોએ સહી મુકવાની સંમતી આપી હતી :–

શ્રી રવિશંકર મહારાજ, મુનિશ્રી સંતબાલજી, પંડિત સાતવળેકરજી, શ્રી ઉછરંગરાય ઢેબર, શ્રી કલ્યાણજી વિ. મહેતા, અને શ્રી બાપાલાલભાઈ વૈદ્ય.

બાકીના ઉચ્ચ કક્ષાના શ્રી ડૉ. રાધાકૃષ્ણન્, શ્રી ઈન્દિરા ગાંધી, વિગેરેની સંમતી આવી નહીં, એટલે એ પરિપત્ર છાપામાં પ્રસિદ્ધિ માટે મોકલવાનો વિચાર પડતો મૂકયો અને આમજનતામાં જ એ ચકિત્સા લોકપ્રિય કરવા માટે પ્રયાસ કરવા નક્કી કર્યું. અને તદ્નુસાર વલસાડ જિલ્લા "શિવામ્બુ ચિકિત્સા પ્રચારક મંડળ" ની સ્થાપના કરવામાં આવી છે.

卐 શબપૂજા 卐

(ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રીના 'સંસ્કૃતિ કે ભૂત' એ પુસ્તકમાં સંગ્રહિત થયેલા એક લેખનો નીચે ગુજરાતી અનુવાદ આપવામાં આવે છે.–તંત્રી)

જીવન એટલે શરીર અને આત્માનો સંબંધ. જ્યાં શરીર એક સાધન છે અને આધ્યાત્મિક વિકાસસમાં સહાયતા કરે છે, તેવા વ્યકિતત્વને પ્રાણવાન અથવા સાત્વિક કહેવાય છે. બીજી બાજુ, જ્યાં શરીર સાધન મટીને સાધ્ય બને છે ત્યાં આત્માની ઉપેક્ષા થવા લાગે છે, ચેતનાને બદલે જડની–જીવનના બદલે મૃત્યુની–પૂજા થવા માંડે છે.

વ્યકિતની જેમ ધર્મ, રાજકારણ, સમાજ વગેરે બધા ક્ષેત્રોમાં પૂજાના બંને રૂપ જોવા મળે છે. જે ધર્મ એક વાત લક્ષમાં રાખીને ચાલે છે કે 'જડ' 'ચેતન'ને માટે છે અથવા કર્મકાંડ અને વેશભૂષા વગેરે વાતો આત્માના વિકાસ માટે છે તેમજ સાથે ને સાથે જ્યારે પણ એમ લાગે કે બાહ્ય ક્રિયાઓ આત્માના વિકાસમાં હરકત ઊભી કરે છે અને મિથ્યા અહંકાર તથા રાગદ્વેષ વધારે છે ત્યારે પરિસ્થિતિ પ્રમાણે ક્રિયાકાંડને જે ધર્મ બદલવા કે છોડવા તૈયાર રહે છે–એવા ધર્મની શકિત ક્ષીણ થતી નથી. બીજી બાજુ જે ધર્મ રૂઢિ કે પરંપરાના નામે કર્મકાંડને મહત્ત્વ આપે છે, તેની પ્રાણશકિત ક્ષીણ થતી જાય છે; આત્મસાધનાને બદલે અહંકારપોષણનો માર્ગ બની જાય છે, પ્રાણની જગાએ શબની પૂજાની શરૂઆત થઈ જાય છે.

કાશ્મીરમાં હઝરત મહમદના વાળના પ્રશ્ન ઉપર કૌભાંડ રચાઈ ગયું. મહમદે પરમાત્મા પર વિશ્વાસ અને વિશ્વબંધુત્વનો સંદેશો જગતને આપ્યો હતો, એણે પોતાના શરીર, વસ્ત્ર અથવા બીજી કોઈપણ જડ વસ્તુની પૂજા કરવાનું કયારેય પણ કહ્યું નહોતું. જડ વસ્તુઓની પૂજાને ઈસ્લામ ધર્મમા નાસ્તિકતા ગણી છે, પરંતુ ઈસ્લામનો ઝંડો લઈને ફરવાવાળા લોકો મહમદના વાળને માટે પડોશીના ગળા કાપવા તૈયાર થઈ ગયા. ચેતનાના બદલે શબના પૂજારી બની ગયા. મનમાં પ્રશ્ન ઊઠે છે કે એવા લોકોને સાચા અર્થમાં મુસલમાન કહેવા કે નહીં!

ખ્રિસ્તી ધર્મમાં ચારસો વર્ષ અગાઉ ફ્રાન્સિસ ઝેવિયર નામના એક સંતપુરૂષ થઈ ગયા. ગોવામાં એમની લાશ રાખવામાં આવી છે અને અમુક સમયને ગાળે એ લોકોને બતાવવામાં આવે છે. એનાં દર્શન કરવા લાખો ખ્રિસ્તીઓ ભેગા થાય છે. ઈશુ ખ્રિસ્તે દુ:ખીઓની સેવા કરવાનો અને શત્રુને પણ ગળે લગાડવાનો સંદેશ આપ્યો હતો. પરંતુ તેમના અનુયાયીયો માટે આજે સંત ફ્રાન્સિસની લાશનું જેટલું મહત્વ છે એટલું ઈશુના સંદેશાનું રહ્યું નથી.

ભગવાન બુદ્ધનો એક દાંત સાંચીના ખંડેરોમાંથી મળી આવ્યો હતો. અંગ્રેજ સરકારે એને ઈંગ્લાંડ લઈ જઈને લંડનના એક સંગ્રહાલયમાં રાખ્યો. ભારત સ્વતંત્ર થયા પછી કોઈ અણમોલ ખજાનાના રૂપમાં એ દાંત ભારત ખાતે પાછો લાવવામાં આવ્યો. એક વર્ષ સુધી ભારતમાં એને ઠેરઠેર ફેરવવામાં આવ્યો. જગાએ જગાએ એનું સ્વાગત સરઘસ કાઢવામાં આવ્યું અને સાંચીના વિહારનો જીર્ણોદ્ધાર કરાવીને ભારે સન્માનપૂર્વક એ દાંતની ત્યાં સ્થાપના કરવામાં આવી. આ દાંત એટલો મોટો છે કે કેટલાક વિદ્વાનોની એવી પણ માન્યતા છે કે તે મનુષ્યનો હોઈ જ ન શકે.

આ જ પ્રમાણે પટણાના મ્યુઝિયમમાં એક મસ્તક રાખવામાં આવ્યું છે. કહેવાય છે કે તે બુદ્ધના મુખ્ય શિષ્ય સારિપુત્રનું છે. પરંતુ પ્રાણીશાસ્ત્રીઓને એમાં પણ શંકા છે. તેમની એવી ધારણા છે કે મનુષ્યની ખોપરી આ પ્રકારની હોઈ શકે નહીં.

એ ગમે તે હોય, ભગવાન બુદ્ધનો સંદેશ હતો કે દરેક વ્યકિત પોતાની બુદ્ધિથી વિચારીને ચાલે. એમની એવી ઈચ્છા ન હતી કે લોકો એમની વાતોને સમજ્યા વિચાર્યા વિના માની લે. તો પણ તેમના અનુયાયીઓ દાંત અને ખોપરીને આવું મહત્ત્વ કેમ આપતા હશે એ વાત સમજમાં આવતી નથી.

ભારતીય સંસ્કૃતિમાં શબને બાળવાનો રિવાજ છે. એની પાછળ એવો ખ્યાલ રહેલો છે કે જે શરીરમાંથી આત્મા ચાલી ગયો અને જે શરીરનો ઉપયોગ રહ્યો નહીં તેને સુરક્ષિત રાખવું ન જોઈએ. એવું શરીર ભૂતપ્રેતનો અડ્ડો બની જાય છે.

વ્યકિતગત રીતે શબને બાળવાની પ્રાથા છે ખરી, પણ સંસ્કૃતિના વિષયમાં એવી પ્રથા નથી. જે વાતોની ઉપયોગિતા પૂરી થઈ ગઈ હોય તેવી વાતો પણ અહીં ઘૂંટયા કરવામાં આવે છે. પ્રાચીનતાના બહાને અર્થહીન વાતોને માણસના દિમાગ પર લાદવામાં આવે છે. એ રીતે સંસ્કૃતિનું શબ આપણા જીવનને ઘેરી રહ્યું છે અને નવી પ્રાણશકિતના સંચારમાં અવરોધ કરી રહ્યું છે એટલું જ નહી, આ શબોના આધારે કેટલીયે જૂની માન્યતાઓ ફાલી રહી છે અને ભૂતપ્રેતોની જેમ સામાન્ય માનવીને ડરાવી રહી છે. એમ લાગે છે કે જાણે આ શબોની પૂજા નહીં કરવાથી આ ભૂતો આપણને ખાઈ જશે; નવી વાતનો વિચાર સુદ્ધાં કરવામાં ભય લાગે છે.

ધર્મ એક દીપક સમાન છે, અગ્નિશિખા જેવો છે, જેનો પ્રકાશ ચારે બાજુ ફેલાઈ રહ્યો છે. તેલ અને વાટ પ્રતિક્ષણ પોતાની જાતની આહૂતિ આપીને એ પ્રજ્વલિત રાખે છે. માટીનું કોડિયું જેમાં તેલ અને વાટ રાખવામાં આવે છે એ માત્ર દીપકના બાહ્ય આધારરૂપ છે. આ આધાર સોનું, ચાંદી, પિત્તળ અથવા બીજી કોઈ પણ ધાતુનું હોઈ શકે છે; પરંતુ જો માટીનો દીવો પ્રગટાવનારો એવો આગ્રહ રાખે કે સોનાના પાત્રમાં પ્રગટાવેવી જ્યોત પ્રકાશ આપી શકે નહી અથવા સોનાના પાત્રમાં દીવો પ્રગટાવનારો અગ્નિશિખાની ઉપેક્ષા કરીને પોતાના સુવર્ણપાત્ર વિષે ગર્વ કરે તો બંનેને જડપૂજક કહેવા જોઈએ. બંને, પ્રકાશને છોડીને અંધકારમાં ભટકે છે, બંને, સત્યથી દૂર જઈ રહ્યા છે અને પ્રકાશને બદલે અહંકારની ઉપાસના કરી રહ્યા છે.

આત્માની સાધનામાં બાહ્ય આચારનું સ્થાન (દીપક જેમાં જલી રહ્યો છે તે) પાત્રના જેવું છે. એ જ્યોત પ્રગટાવવાનો દાવો કોઈ ભગવા વસ્ત્ર પહેરીને કરે છે, કોઈ સફેદ કપડાં પહેરીને કરે છે, કોઈ જટા વધારીને કરે છે, કોઈ માથું મુંડાવીને કરે છે તો કોઈ જાતે વાળનો લોચ કરીને કરે છે. પરંતુ જો આત્માની જ્યોત પ્રગટે નહીં તો બધું જ વ્યર્થ છે. પાત્રની ઉત્કૃષ્ટતા કે હીનતાનો માપદંડ જ્યોતિ છે. પાત્રનું પોતાનું કશું મૂલ્ય નથી. જ્યોતિ ન હોવા છતાં પણ પાત્રને મહત્વ આપવું એ જ શબપૂજા છે.

તેલ અથવા બત્તીના સ્થાને આપણે સાધનાપદ્ધતિઓને મૂકી શકીએ કે જે આત્માની મલિનતાને દૂર કરે. કોઈ ઘીનો દીવો કરે છે. તો કોઈ તેલનો, અથવા કોઈ મીણબત્તીનો ઉપયોગ કરે છે. પ્રકાશ પ્રાપ્ત થતા કોઈને પણ હેય-ત્યાજ્ય કહી શકાય નહિ. દરેક વ્યકિતને પોતાની સગવડ પ્રમાણે કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરવાની છૂટ છે. આ જ પ્રમાણે આત્માની જ્યોતિને પ્રજ્વલિત કરવા માટે કોઈ સ્વાધ્યાય કરે છે, કોઈ ધ્યાન કરે છે, કોઈ દીનદુ:ખીઓની સેવા કરે છે તો કોઈ તપસ્યાનો માર્ગ અપનાવે છે. જરૂરી એ છે કે વ્યકિત કષાય અને મોહની વાટને બાળ્યા કરે. વાટ જેટલી વધારે બળશે એટલો પ્રકાશ પણ વધારે મળશે. એથી ઉલ્ટું જેટલી વાટને બચાવ્યા કરશે તેટલી પ્રકાશની માત્રા ઓછી થતી જશે. પ્રકાશ મળવા છતાં પણ બીજાના તેલ અથવા વાટની નિન્દા કરવી એ એકાન્તવાદ છે, મિથ્યાત્વનું રૂપાંતર છે.

પરન્તુ સાધારણ રીતે એમ જોવામાં આવે છે કે આપણે અહંકારને દૂર કરવાને બદલે સિદ્ધાંતોની આડ લઈને અહંકારનું પોષણ કરીએ છીએ. ધર્માચાર્યોમાં પોતપોતાના સિદ્ધાંતોની ઉત્કૃષ્ટતા સાબિત

કરવાની હરિફાઈ ચાલી રહી છે. સિદ્ધાંતોને જીવનમાં ઊતારવાની એટલી ચિન્તા નથી હોતી જેટલી ઢોલ વગાડીને બીજાને ચૂપ કરવાની હોય છે. આ રીતે સિદ્ધાંત આત્માનું આવરણ બનીને અહંકારને પુષ્ટ કરે છે, જીવનનું પ્રેરકતત્ત્વ બનતું નથી. વાસ્તવમાં તો સિદ્ધાંત ગમે તેવો મહાન હોય, જ્યાં સુધી જીવનમાં ઊતરતો નથી ત્યાં સુધી તેનું કશું મૂલ્ય નથી. એવો સિદ્ધાંત નિષ્પ્રાણ–શબ જેવો–હોય છે.

દાખલા તરીકે, અનેકાન્તનો સિદ્ધાંત લઈ શકીએ. આ એવો સિદ્ધાંત છે કે જે ઝઘડાઓ મિટાવી શકે છે. અનેકાન્તવાદનો અર્થ એવો થાય છે કે આપણે આપણી માન્યતા અથવા દૃષ્ટિકોણ બીજા પર લાદવાને બદલે એનો દૃષ્ટિકોણ સમજવાનો પ્રયત્ન કરીએ. એનું જ નામ સમતા છે, કે જે જૈન સાધનાનું એક માત્ર લક્ષ્ય છે. પરંતુ જો કોઈ સમતાનો દાવો કરવા છતાં પણ પોતાને બીજા કરતાં ઊંચો સમજે છે, વાતે વાતે સામાને પતિત અથવા શિથિલ કહેતો હોય, તો તે સમતાને બદલે વિષમતાના માર્ગ પર ચાલવા માંડે છે. મોઢેથી સમતાનું રટણ કરવા માત્રથી સમતાના ઉપાસક બની શકાતું નથી. સમતાની ઉપાસના એ જ સામાયિક છે. એ જૈન સાધુનું જીવનવ્રત છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે શ્રમણનો અર્થ છે સમતાનો ઉપાસક. સમતાની ઉપાસના મૂકી દેનાર પોતાની જાતને શ્રમણ કહાવી શકતો નથી. આ સમતાની શબ-પૂજા છે, ચેતન-પૂજા નથી.

અનેકાન્ત સામાનો દૃષ્ટિકોણ સમજવા પર ભાર મૂકે છે. લોકશાહીના યુગમાં આ વાતને ભારે મહત્વ આપવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિને પોતાના વિચારો પ્રગટ કરવાનો પૂરો અધિકાર છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિથિ જુદી જ છે. આપણે એમ જ ઈચ્છીએ છીએ કે લોકો બીજા કોઈનું સાંભળે નહીં. ધાર્મિક જગતમાં એમ સજાવવામાં આવે છે કે વિરોધી વિચારોને સાંભળવા એ મિથ્યાત્વ છે, પાપ છે. ધર્મમાં શ્રદ્ધા રાખનારી દરેક વ્યક્તિને આ પાપથી બચાવવી જોઈએ. સાવધ રહેવા છતાં પણ જો વિરોધીની વાતો કાને પડી જાય તો તેને હૃદયમાં સ્થાન આપવું ન જોઈએ. એ વાતોના ગુણ જોવાને બદલે માત્ર દોષ જ જોવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમ્યક્ત્વની રક્ષાને નામે કરવામાં આવનારો આ પ્રયત્ન અનેકાન્તને બદલે એકાન્તવાદની ઉપાસના છે. જૈન પરિભાષામાં આને મિથ્યાત્વ કહેવાય છે.

આપણે દરરોજ સર્વમૈત્રીની બાંગ પુકારીએ છીએ, મિત્રતાનો અર્થ છે બીજાંઓ પ્રત્યે તિરસ્કારના બદલે પ્રેમની સ્થાપના. પરંતુ જો આપણે આપણા સાથીઓના દોષ પ્રગટ કરવામાં લાગીએ છીએ, તો મિત્રતાનો દાવો હાંસી છે, એક નર્યો દંભ છે. એ રીતે આપણે પોતાની જાતને ઠગીએ છીએ. જે વ્યકિત રોજ સવારે સાંજે સાચા દિલથી મિત્રતાનો દાવો કરે છે તેના મનમાં કોઈના પણ વિષે તિરસ્કારનો ભાવ પેદા થતો નથી. એ બધાંનો પ્રેમ અને આદર કરશે, દોષને ભૂલીને ગુણ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરશે. એના વગર મિત્રતાનો દાવો કેવળ શબ–પૂજા છે.

ગુજરાતી અનુવાદ: મૂળ હિંદી:
નિરૂબહેન સુબોધભાઈ શાહ **ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી**

ભૂલસુધાર

(૧) તા. ૧૬-૯-૬૭નાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'ન્યાયમૂર્તિ નરેન્દ્ર નથવાણી–સન્માન સંમેલન' એ મથાળાના લેખમાં 'ગદ્દાર પાર્ટીવાળા લાલા હરદયાળ' એમ છપાયેલ છે તેમાં 'ગદ્દાર' ને બદલે 'ગદર' વાંચવા વિનંતિ છે. ગદ્દાર એટલે દેશદ્રોહી અને ગદર એટલે ક્રાન્તિ. શબ્દોના અર્થ વિષે ગેરસમજુતીના કારણે આવી ગંભીર ભૂલ થવા પામી છે.

(૨) તા ૧-૯-૬૭ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'જન ધર્મનું હાર્દ' એ લેખ ઉપરની તંત્રી નોંધમાં એમ જણાવ્યું છે કે એ એ મૂળ હિંદીમાં લખનાર શ્રી પુરણચંદ્ર શ્યામસુખા છે અને તેનો અંગ્રેજી અનુવાદ શ્રી ગણેશ લાલવાણીએ કર્યો છે. વસ્તુત: એ મૂળ લેખ હિંદીમાં નહિ પણ બંગાળીમાં છે. આટલી ભૂલ સુધારી લેવા વિનંતિ છે. તંત્રી.

❋ અમરનાથ ❋

(૧૯૬૬ના ઑગસ્ટ માસના 'નવનીત'માંથી સાભાર ઉધ્ધૃત)

વીશ વર્ષ પહેલાંના આ પ્રવાસ પછી યાત્રા–માર્ગની પરિસ્થિતિ બદલાઈ છે, પણ એનો આનંદ હજુ પણ ઘણો કષ્ટસાધ્ય અને એટલો અનુપમ રહ્યો છે.

૨૨મી જુલાઈની સવારે પાંચ સાથીઓ પહેલગામથી અમરનાથ જવા ઉપડયા. અડધોએક માઈલ જતાં અમે ગામ બહાર નીકળી ગયા, અને દશ્યોની પરંપરા શરૂ થઈ.

પહેલગામથી ચંદનવાડી સુધીના પહેલા આઠ માઈલ સુધીનો પ્રદેશ ખૂબ ઝાડીવાળો અને સુંદર છે. ડાબા હાથ પરના પથરાળ પહાડની ધારે ધારે રસ્તો ચાલ્યો જાય છે. જમણા હાથે સાથે સાથે ઊંચી દિશામાં નાળું વહ્યું જાય છે. નાળાંની પાછળ ખીચોખીચ ચીડનાં ઊંચા વૃક્ષોથી છવાયેલો પહાડ ઊંચો ને ઊંચો વધતો જાય છે. વધતા દિવસની અને ચઢાણની ગરમીમાં રસ્તાની ઝાડી અત્યંત શીતલ ને મીઠી લાગે છે.

ચંદનવાડીથી એકાદ ફર્લાંગ પર જ પિસ્સુનો ઘાટ શરૂ થાય છે. રસ્તો પથરાળ અને ચઢાણ ખૂબ આકરું છે. ઘાટ ચડીને પંદરેક મિનિટ થાક ખાધો. અહિંથી માઈલેક આગળ વધીને ચારે તરફ નજર ફેરવતાં પહેલું લક્ષ પાછળના આકાશ તરફ ગયું. પિસ્સુના ઘાટ પાછળની ખીણ ઉપર સફેદ અને વાદળી રંગમાં સૂર્યના તેજે ભારે રંગખેલ કર્યો હતો, જમણા હાથે પહાડ પર હિમ જામી પડયો હતો, ડાબા હાથ પર ગરવા ગેરુ રંગના ઊંચા પહાડોની ટોચો વાંકી વળીને માથે ઝળુંબી રહી હતી અને સામે દૂર દૂર આછા જાંબલી, ગેરૂ, ભૂખરા અને પથ્થરિયા રંગનાં નિર્મળ પહાડ શોભી રહ્યા હતા. એના બધા રંગો આછા અને સૌમ્ય હતા અને કાયા વરવી છતાં નિર્મળી-નીરોગી હતી. આ પહાડ પર વનસ્પતિ નથી છતાં સૌન્દર્ય છે, અને ભવ્યતા છે છતાં કરાલતા નથી.

આગળ વાયુજન પહોંચતાં અમને ખબર પડી કે આ તો એ જ પહાડ, જેને ખોળે વાયુજન પરનું શેષનાગનું સુંદર લીલમરંગી સરોવર ખેલી રહ્યું છે. ડાબા હાથે ગરવો ગેરુ રંગ ચાલ્યો આવતો હતો. આ સંસારથાક્યા પ્રાણહીન સંન્યાસીનો ગેરૂ ન હતો, પણ આત્મતેજની પ્રખરતાનો તેજસ્વી ગેરૂ રંગ હતો.

અહિંના પહાડો અડવા છતાં સુંદર ને ભવ્ય છે. દીર્ઘકાળના રોગમાંથી મુકત થયેલ કૃશ છતાં નરવા દેહનું જેવું ઓજસ હોય છે તેવું ઓજસ આ પહાડોમાં છે.

બરાબર નમતી સંધ્યાએ જ શેષનાગના સરોવર પર અમારી પહેલવહેલી દૃષ્ટિ પડી. નજીક જતાં ગયાં તેમ સરોવરનું દર્શન ખુલતું ગયું અને વધુ ને વધુ સુંદર લાગતું ગયું. સરોવર ખૂબ રમણીય લાગે છે અને લીલમના આછા સ્વચ્છ રંગપ્રકાશથી ઓર શોભી રહે છે.

સૌમ્ય રંગ-વિભૂષિત પહાડને ખોળે રમતું આવું લીલું નિર્મળ સરોવર ! કેટલું મનોહર ! એને કાંઠે રહી જવાનું મન થઈ જાય છે.

ઠંડી તીવ્ર હતી. વાયુજન એના વીંઝાતા વાયુ અને ઠંડી માટે જાણીતું છે. અહિંના સુસવાટા મારતા પવનમાં તંબુઓ પણ તણાઈ જાય છે.

બહાર નજર નાખતાં ધૂમ્મસ ઘેરું હતું, પણ પાછળથી ચંદ્ર ધૂમ્મસને ઊજળું બનાવતો હતો. કોઈ કોઈ વાર ચંદ્ર ક્ષણિક દર્શન પણ દઈ જતો હતો. બાજુના પહાડ માથેના હિમ પર ચંદ્રતેજ પડતાં એનું શીતલ તેજ ખીલી ઊઠતું હતું.

વાતાવરણ શાંત, એકાંત, શીતળ અને ગાઢા સૂચનભર્યા મૌનથી ભરેલું હતું. માનવચિત્ત આ બધાં સાથે એકરૂપ થઈ જવા ખેંચાય તેવું રહસ્યગર્ભિત વાયુમંડળ જામ્યું હતું.

રાત્રે તંબૂ બરાબર બંધ કરીને સૌ સૂતાં હતાં, પણ ઠંડી તંબૂને દાદ દે તેવી ન હતી. રાત્રે જ્યારે જાગતો ત્યારે બહાર નીકળીને

આસપાસની પ્રકૃતિની સુંદરતાને જોઈ આવતો હતો. સામે જ રહેલું સરોવર, બાજુએ રહેલા પહાડ પરનો હિમ, માથે ઘૂમી રહેલાં વાદળ, અને વાદળ ઉપરથી પ્રકાશી રહેલો અને તેમાંથી પ્રગટવા મથતો શશિયર : આ બધું મધરાતની નીરવતામાં ખૂબ કવિતાભર્યું અને રહસ્યમય લાગતું હતું. વાતાવરણની ગૂઢ, બોલતી મૂકતા સાથે ચિત્ત એકલીન થઈ જતું હતું.

રાત્રે સમયે સમયે આકાશના રંગ પલટાઈ ગયેલા માલૂમ પડતા હતા.

સવારે છ વાગ્યે ઊઠયો ત્યારે, સરોવરને સામે કાંઠે પિસ્સુના ઘાટ પર ચંદ્ર આથમું આથમું થઈ રહ્યો હતો. સાવ ક્ષિતિજ પર અડધો વાદળમાં દબાયો હતો અને ઉપરનો અર્ધ પ્રકાશી રહ્યો હતો. જોતજોતામાં વાદળ વીંધતાં એનાં છેલ્લાં કિરણો ફેંકતો ચંદ્ર અદશ્ય થઈ ગયો અને પાછળ વાદળમાં રંગોળી પૂરતો ગયો.

પાછા આસમાનથી પૃથ્વી પર. રાત્રિ કાવ્યમય અને રોમાંચક હતી.

રાત્રે અમારા સામાનના ઘોડા દૂર પહાડોમાં ભાગી ગયા હતા. આ પણ કાવ્યમય બિનજવાબદારી જ ગણાય ને ? ઘોડાઓએ પણ કાવ્ય ઝીલ્યું હતું.

પંચતરણી ભણી પ્રસ્થાન કરતાં શરૂઆતથી જ દોઢ–પોણા બે માઈલ ખૂબ ચઢાણ આવે છે. ઠેઠ પિસ્સુના ઘાટની ટોચેથી જે પહાડ મારું આકર્ષણ કરી રહ્યો હતો તેને જ જમણા હાથ પર સાથે રાખીને અમારો માર્ગ ઉપર ચઢે છે. આ જ પહાડ ઘોડાની નાળના આકારે વળીને ચઢાણ દરમિયાન સન્મુખ પણ મળતો હતો.

આ સામેના ભાગની ખૂબી વળી અનોખી જ હતી. એ ઝીણી કારીગરીનો આદર્શ નમૂનો હતો. એ જોતાં જ, દક્ષિણ ભારતનાં મદુરા શૈલીનાં મંદિરોની કારીગરીનું સ્મરણ થઈ આવ્યું. આ પહાડની રેખા અને મદુરાનાં મંદિરોની રેખા વચ્ચેનું સામ્ય ખરેખર આશ્ચર્યકારક હતું.

એની બાજુએ, પહાડના વળાંક પાસે, આસપાસ વેરાયેલા હિમ વચ્ચે એક મહાકાય હિમ-શય્યા પથરાયેલી પડી હતી.

આ કારીગરીવાળો પહાડ બહુ નજીકથી એવો સુંદર નથી લાગતો, એની રેખામાં ખરબચડાપણું લાગે છે અને આવડી મોટી વસ્તુ બહુ નજીકથી જોવાથી કેટલીક રેખા પકડી શકાતી નથી. પણ જરા દૂરથી આ જ પહાડ કેટલો સુરેખ લાગે છે !

આ મહાકાય પહાડનું સર્જન એ વિરાટ પ્રકૃતિનું સર્જન હતું. વિરાટ પ્રકૃતિના રેખાંકનનો પટ પણ વિશાળ હોય છે અને એને અનુરૂપ એવે જ અંતરેથી જ્યારે એને પૂર્ણ સૌંદર્ય અને પ્રભાવમાં નિહાળો છો ત્યારે એ પહાડોમાં સૌમ્ય પ્રતિભા અને પ્રસ્થિર વિરક્તતા મૂર્તિમન્ત થયેલી ભાસે છે.

આગળના પહાડોમાં કેવળ એકાંતિક મુકત ભાવ રહેલો છે. પ્રકૃતિને છોડીને મુકતભાવે વિહરતા આત્માની પ્રતિચ્છાયા આ પહાડોમાં પડેલી છે. આ પહાડ સાવ કોરા છે, એમાં કેવળ નગ્નતાનું સૌંદર્ય રહેલું છે. આ પહાડો પર નથી કોઈ વૃક્ષ કે વનસ્પતિ, તેમાં નથી કોઈ કારીગરીનો નમૂનો કે નથી કોઈ સુરેખ ઘાટીલાપણું. આમ સાવ શણગાર વિનાના, સૃષ્ટિની સકળ સમૃદ્ધિને છોડી જતા, કેવળ ઊર્ધ્વરેખ ગતિ કરી રહેલા આ પહાડોનું લક્ષ્ય એક જ છે– ગગનના ગોખને વેધવાનું.

આ પહાડોની–પાષાણોની સૃષ્ટિ આત્માનું અચલાયમાન સ્વરૂપ ઉચ્ચારી રહી છે. બધું ઉન્નત, અડોલ, મુકતભાવી, પ્રગાઢ, આત્મસ્થિર ધ્યાનાવસ્થાના પ્રતીક સમું છે. જુઓ તો, આ બધા પ્રગાઢ ધ્યાનાવસ્થામાં ડબેલા ગિરિરાજો છે.

વધતા વરસાદે મને આ ચિન્તનમાંથી જગાડી મૂક્યો. યાત્રાળુઓ સેંકડોની સંખ્યામાં પાછા ફરતા હતા. આગળ જતાં સંખ્યા હજારોમાં ગઈ.

પંચતરણીમાં અમારી નજર અમરનાથની દિશાએથી ભાવીનું સૂચન લેવા મથતી હતી. પણ ભાવી સુગમ દીસતું નહોતું. કોઈનો દેહ ઢીલો, કોઈની હામ મોળી, કોઈનું મન ડામાડોળ, એવી દ્વિધા વચ્ચે છેવટે અમે અમરનાથ ભણી પગલાં માંડયાં.

પાછું ચઢાણ શરૂ, રસ્તો અતિશય ચીકણો, વાદળ વરસવા માંડયાં હતાં અને સાંકડે માર્ગે ઊતરતા જાત્રાળુઓ અને સામાનથી લદાયેલા ઘોડાઓ અમને ખીણ તરફ ધકેલી રહ્યા હતા. પહેલવહેલાં જોખમી રસ્તે અમે આવી પહોંચ્યાં હતાં. અને કોઈકથી 'ભયંકર' 'ભયંકર' બોલાઈ જતું હતું. એવામાં મેઘે ઘેરી ગર્જના કરી પ્રકૃતિના રૂદ્ર સ્વરૂપનો પરચો દીધો.

બધાં વિચારમગ્ન દશામાં ચાલતાં હતાં. આવી ગંભીર સ્થિતિમાં પણ મને એક વાર હસવું આવી ગયું. આમાંથી છુટકારો નહોતો– આગળ જાવ કે પાછળ જાવ. પણ મૂંઝાયેલી બુદ્ધિ સાવ સ્પષ્ટ વસ્તુ પણ પકડી શકતી નથી. અસલામત ઘોડેસવારી છોડીને ચાલતો થયો તો આલ્હાદ આવવા માંડયો. અત્યારે અનિવાર્યનો આસ્વાદ લેવાનો હતો.

નીચે ઉતરતાં અમે હિમના પથ પર આવી ચડયાં. બે પહાડોની વચ્ચે બરફથી ભરાયેલા દોઢસો-બસો ફૂટના પહોળા માર્ગ પર ચારેક ફર્લાંગ સુધી ચાલવામાં મઝા પડી. બે વાર ફરી પણ આવા હિમપટ ઓળંગીને અમે ગુફાના દ્વારે આવી ઊભાં.

ગુફાનું દ્વાર મોટું ને અસરકારક છે. ગુફામાં ઉપરથી ઝમતાં ટીપાં જામી જઈને શિવલિંગ બને છે. એના ડાબે હાથે બીજો આકાર છે તેને ગણેશ તરીકે અને જમણા હાથ પરની હિમાકૃતિને તેઓ પાર્વતી તરીકે ઓળખાવે છે.

ગુફા સામાન્ય છે, પણ તેના દ્વાર સામેનો સાવ નજીકનો ઊભો ઊપડતો પહાડ પ્રભાવશાળી છે.

વળતાં ચઢાણ ચડતાં અધવચ એક ધબાકો થયો અને કોઈએ મને દોડી આવવા બૂમ પાડી. ધબાકાની દિશામાં નજર માંડી હું અટકી ગયો. ક્ષણેકમાં તો ઘંટીના પડ જેવડો પથ્થર મારાથી ત્રણ ચાર ફૂટને જ અંતરે ધડધડ કરતો ખીણમાં અદશ્ય થઈ ગયો.

ભીંજાઈને ભારે થયેલ તંબૂ સાજે પવનમાં મહામુશ્કેલીએ તાણી શકાયો. પંચતરણીમાં કશું ખાધાપીધા વિના સૌ વહેલાં સૂઈ ગયાં. પાછલી રાતે પવન ફૂંકાયો, હિમ વરસ્યો, અંગો ઠીંગરાય એવા શૈત્યથી પડખાં વીંધાતાં હતાં.

સવારે ઘોડા પર નીકળતાં પાછળ હું એક ધવલ-કેવળ ધવલગિરિને છોડતો જતો હતો. રાતની કડકડતી ઠંડીએ અદ્‌ભૂત સૌંદર્યસર્જન કર્યું હતું. આ અમે જાણ્યું હોત તો જાગરણમાં યે આશ્વાસન રહેત. પણ તકલીફમાં મૂકાયેલાને જાત સિવાય કશાનો ખ્યાલ ક્યાં રહે છે ?

આ હિમાચ્છાદિત ગિરિને કલાકેક સુધી મેં અવારનવાર નીરખ્યા કર્યો. હું દૂર થતો જતો હતો, પણ એનું તેજ એવું જ હતું. વધુમાં વાદળમાંથી ચળાતો સૂર્યપ્રકાશ તેમાં ભળવાથી એની ધવલતાની પ્રભા અતિશય ઝળકી ઊઠી હતી. ધવલતામાં ચૈતન્યની નિષ્કલંક શ્વેતતાનું પ્રતિબિંબ પડતું હતું. એની શ્વેતતા સ્ફટિકની પારદર્શકતાના ઓજસ્વી અંબાર જેવી હતી.

પાછો મદુરાની કારીગરીવાળા પહાડ પર ચોપાસ હિમ વેરાયેલો દીઠો. હિમ રાતનો તાજો પડેલો હોવાથી ખૂબ વિશુદ્ધ અને પ્રકાશવંતો હતો. બધે શુચિતા અને પવિત્રતાનું શીતળ વાતાવરણ પ્રસરેલું હતું. આ જોતાં જ, અંતર પ્રકૃતિ દ્વારા પ્રભુની પૂજા કરી રહ્યું હતું. આ એક પ્રકારની રસસમાધિ જેવું હતું.

વાયુજન હું ઝડપથી ઊતરી આવ્યો હતો. ત્યાંના પહાડ પર પણ હિમ ખૂબ પથરાયેલો હતો. આજનો હિમ બધે જ ખૂબ સ્વચ્છ, નિર્મળ અને તેજસ્વી હતો. અહિંથી નીચે ઊતરતાં થોડોક સમય તો શેષનાગને કાંઠે કાંઠે જ જઈ શકાય તેવું હતું. પણ એને છોડી જવાનો

સમય આવતાં, મારા આ પ્રિય સરોવરને મેં એક વખત પૂર્ણ ભરેલી દૃષ્ટિથી નીરખી લીધું.

રસ્તે બધું સફેદ અને ઉજ્જવલ લાગતું, છતાં વાદળ તો આકાશના ઘુમ્મટમાં ભરાઈ જ રહ્યાં હતાં. છેલ્લા બે માઈલનો પિસ્તુનો ઘાટ ઝડપથી, પુષ્કળ માણસોને અને પહાડીઓને વટાવીને ઉતરી ગયો.

ચંદનવાડીથી ઊતરતાં બિન-જવાબદાર બાળકનો મુકત વિહાર કર્યો. હવે સમયનું કોઈ બંધન રહ્યું નહોતું.

જાત્રામાં અપંગોને જોયાં, એંસી વર્ષની ધ્રુજતી વૃદ્ધાને પગે ચાલતી જોઈ. શ્રદ્ધા અંધ હોય તો પણ શું કામ કરે છે અને બીનટેવાયેલા શરીરને આકરી વસ્તુ પણ કેવી સુગમ બની જાય છે, તે પણ દેખ્યું. ચૌદ હજાર ફૂટની ઊંચાઈએ કડકડતી ઠંડીમાં ઉઘાડા દેહે અને ઉઘાડા પગે બરફ પરથી આસાનીથી અને સ્વસ્થતાથી ચાલ્યા જતા સાધુઓને પણ જોયા. જાત્રા નિમિત્તે તરેહ તરેહના અને સર્વ શ્રેણીના માણસો ભેગા મળે છે. પણ જેની અંતરચેતના ઉઘડી હોય, પ્રકૃતિ દ્વારા પ્રભુને પેખવાનો તલસાટ જેના ચિત્તમાં જાગ્યો હોય, તે જ સૂક્ષ્મ સૃષ્ટિને સ્પર્શી શકે છે અને તેમાંથી અદ્‌ભુત દર્શન પામી શકે છે.

પ્રકૃતિ એ પ્રભુનું વાદ્ય છે, અને પ્રકૃતિની સમસ્ત લીલા ચૈતન્યના સૂરોથી ભરેલી છે એમ જે જોઈ શકે છે, તે જ સાચી રીતે પ્રકૃતિના સૌંદર્યને માણી શકે છે, અને તે દ્વારા તેની પાછળના રહસ્યને પ્રાપ્ત કરી શકે છે. **કાન્તિલાલ પરીખ**

The Teacher: પથપ્રદર્શક

(તા. ૧-૧૦-૬૭ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાંથી ઉદ્‌ધૃત અને અનુવાદિત)

સામાન્ય રીતે એમ કહેવાય છે કે પૂર્વના દેશો આધ્યાત્મિક મૂલ્યો પાછળ છે અને પશ્ચિમના દેશો પાર્થિવ મૂલ્યો પાછળ છે. પરંતુ આવા મત વિશે ઘણીવાર બને છે તેમ, ઉપરનો તફાવત ઉપરછલ્લો જ છે, નહિતર સુક્રાતથી માંડીને બધા જ પાશ્ચિમાત્ય વિચારકો આધ્યાત્મિક નહિ તો કોણ હતા? આની સાબિતિ છેલ્લાં સો વર્ષના ત્રણ મહાન વિચારકોના ઉપદેશમાંથી જ મળે છે –

જહોન રસ્કિન, કાઉન્ટ લિયો ટોલ્સ્ટોય અને મહાત્મા ગાંધી. જો રસ્કિન પશ્ચિમના છે અને મહાત્મા ગાંધી પૂર્વના, તો ટોલ્સ્ટોય પૂર્વ અને પશ્ચિમ બન્નેના છે, કારણ કે રશિયા યુરોપ અને એશિયા બન્નેનું છે. આધ્યાત્મિક મૂલ્યોને ભૌગોલિક સીમાઓ નડતી નથી. ગાંધીજીને, એક સંપૂર્ણ ભારતીય હોવા છતાં, એમના અધ્યાત્મની પ્રથમ પ્રેરણાઓ રસ્કિન અને ટોલ્સ્ટોયમાંથી મળી હતી.

રસ્કિન અને ટોલ્સ્ટોયનો સંપૂર્ણ સુમેળ આપણને ગાંધીજીમાં જોવા મળે છે. પહેલા બન્ને સંતપુરષોએ વિચાર્યું અને પ્રચાર્યું, તે ગાંધીજીએ અમલ કરી બતાવ્યું. ફકત આધ્યાત્મિક વિચાર ગાંધીજી માટે પૂરતો નહતો. ગાંધીજી એકલા પુસ્તકો વાંચીને બેસી ન રહેતા. અબલત્ત, અમુક પુસ્તકો એમણે વાંચ્યા, વિચાર્યા તેમ જ ગ્રહણ કર્યા હતા, પરંતુ એ વિચારનું તત્ત્વ વર્તનમાં ઉતારવું એ જ ગાંધીજી માટે અગત્યનું હતું. રાજનીતિ અને ધર્મ – બન્નેની બાબતોમાં, ગાંધીજી છેલ્લાં સૌકાઓમાં ન થયા હોય એવા મહાન કર્મયોગી હતાં. અને એમ છતાં ય, પોતાના કર્મજીવનની ભીતરમાં, જીવનના પ્રત્યેક પાસા વિશે તેમણે ઊંડાણમાં વિચારેલું હતું. સમગ્ર જીવનના દરેક પાસા વિશે એમણે પોતે વિચાર્યા પછી મૂલ્યો નક્કી કર્યા હતાં અને એ મૂલ્યો વિશેના વિચારો હંમેશા જાહેરમાં તેઓ વ્યકત કરતા હતા.

ટુંકાણમાં આપણે એમના વિચારોને ત્રણ ભાગમાં વહેંચી શકીએ: આર્થિક, રાજનૈતિક અને ધાર્મિક.

એમની આર્થિક માન્યતાઓમાં યંત્ર-યુગના વિરોધી તરીકે તેમની વિચારધારા રસ્કિન અને તોલ્સ્તોયની વિચારધારાને ખૂબ મળતી હતી. તેઓ ભારતનું સાચું દર્શન મુંબઈ અને દિલ્હીની મહેલાતોમાં નહિ, પરંતુ લાખો ગામડાંઓમાં કરતાં. જૂના જમાનામાં ગામડાંઓ પોતાના પગ પર નિર્ભર હતાં. શારીરિક શ્રમમાં તેઓને ખૂબ શ્રદ્ધા હતી, પરંતુ એ કારખાનાંઓની હાડમારીમાં ખર્ચાઈ જાય એ તેમને પસંદ નહોતું. એ શ્રમ ગ્રામ્યઉદ્યોગોમાં વપરાય એમાં જીવનની ક્રોય સાદગી, તેઓ જોતાં હતા.

પરંતુ એમણે આપેલા આ કાર્યક્રમમાં તેઓને ખૂબ જ ઓછી સફળતા મળી. ગામડાંઓની આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરવામાં રેંટિયાનું અને ખાદીનું મહત્ત્વ કોઈ ઓછું નથી આંકતુ, પરંતુ તેને સંપૂર્ણ મહત્ત્વ આપવું એ અત્યારની દુનિયા સાથે બંધબેસતું નથી. દેશ દેશ વચ્ચેની હરીફાઈમાં અને વિજ્ઞાનની મદદથી નાની બની ગયેલી દુનિયામાં, આપણે હળવા અને ભારે યંત્રઉદ્યોગો શરૂ કરવા જ પડે. ગાંધીજીના અત્યારે સત્તારૂઢ થયેલા ચુસ્ત અનુયાયીઓ પણ એમની આર્થિક નીતિઓને અનુસરી શકયા નથી. એકલાં વિનોબા ભાવે જ ગાંધીજીની નીતિઓનું અનુસરણ ભૂદાન પ્રવૃત્તિમાં કરી રહ્યા છે.

રાજનીતિમાં, એમનું સત્યાગ્રહ આંદોલન, દુનિયાના ઈતિહાસમાં અજોડ છે. એનાથી લોકમતનો ન રોકી શકાય એવો પ્રચંડ જુવાળ ઊઠયો. રોમાં રોલાં જેવા દુનિયાના મહાન અને ઉત્તમ આત્માઓનું એણે ધ્યાન ખેંચ્યું હતું. ભારત જેવા દેશમાં એ સફળ થઈ શકે છે એ ગાંધીજીએ પૂરવાર કરી બતાવ્યું હતું.

રાજનીતિમાં જેમ મહાન કાર્યસિદ્ધિ કરી તેમ ધાર્મિક બાબતોમાં દુનિયાના એક પથપ્રદર્શક તરીકે એમની ગણના થાય છે. એક ખ્રિસ્તિ બિશપે એમની ઈશુ સાથે સરખામણી કરી છે અને એ દેશના લોકો પણ ગાંધીજીને ક્રાઈસ્ટ સાથે સરખાવતા અચકાતા નથી. આ સરખામણી કાંઈ ખોટી નથી, કારણ કે ગાંધીજીને પોતાને "સરમન ઓન ધ માઉન્ટ" માંથી તેઓ જે તત્ત્વની ઝંખના કરતાં હતાં તેની પ્રાપ્તિ થઈ હતી. ગાંધીજીની મહાનતા કોઈ નવા સિદ્ધાંતો શોધવામાં ન હતી પરંતુ બીજા સંતોએ પ્રચારેલા સિદ્ધાંતોને કાર્યાન્વિત કરવામાં રહેલી હતી.

એમણે પ્રચારેલી સર્વ માનવીની સમાનતા અને જ્ઞાતિવાદમાં રહેલી ઉચનીચતા વચ્ચેના સંઘર્ષનો સામનો એક હિંદુ તરીકે એમને કરવો પડયો હતો. જ્ઞાતિવાદને એક આર્થિક સમાજરચના તરીકે સ્વીકારવા તેઓ તૈયાર હતા, પરંતુ નૈતિક રીતે એનો સ્વીકાર કરવા તૈયાર ન હતા અને એથી જ જ્ઞાતિવાદના લગભગ દરેક નિયમનો એમણે ભંગ કર્યો હતો.

અનુવાદક: **વિનોદ એમ. શાહ**

મૂળ અંગ્રેજી: **પ્રાધ્યાપક એ. આર. વાડિયા**

સંઘસંચાલિત પ્રવૃત્તિઓને મળેલી ભેટો

તા. ૧૬ ઑકટોબરના અંકમાં ભેટની આખી યાદી પ્રગટ કરી છે, ત્યાર બાદ નીચેની વિગતે રકમો મળી છે.

૨૫૦-૦૦ શ્રી નવલમલ કુંદનમલ ફિરોદિયા (સંઘને ભેટ)
૧૦૦-૦૦ શ્રી જીવતલાલ પ્રતાપસી (પ્રબુદ્ધ જીવન)
૨૫-૦૦ શ્રી કેશવલાલ એમ. શાહ (વાચનાલય-પુસ્તકાલય)

૩૭૫-૦૦

વિષયસૂચિ

		પૃષ્ઠ
ઈતિહાસની અપેક્ષા: સમયની માંગ	શ્રી રામમૂર્તિ	૧૪૧
આગમિક વફાદારી?	પરમાનંદ	૧૪૨
ધર્મ અને વિજ્ઞાન	ફાધર વાલેસ	૧૪૩
અદ્યતન રાજકીય પરિસ્થિતિ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૪૪
શબપૂજા	ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી	૧૪૬
અમરનાથ	કાન્તિલાલ પરીખ	૧૪૭
પથપ્રદર્શક	પ્રાધ્યાપક એ. આર. વાડીયા	૧૪૯
સાધના શિબિર	સુબોધભાઈ એમ. શાહ	૧૫૦

સાધના શિબિર

(ગતાંકથી ચાલુ)

શિબિરના અંતિમ પ્રવચનમાં આચાર્યશ્રીએ પેલી જુની ચર્ચાવાળી વાતની ફરીવાર યાદ આપતાં કહ્યું કે જે પ્રતિપળ નવું છે તે જ સત્ય છે, તે જ જીવન છે. સત્ય સદૈવ યુવાન છે. મનુષ્યના મન પર જુનાની એવી પ્રગાઢ અસર છે કે એના ચિત્તમાં નવાનો જન્મ જલ્દી થતો નથી. પણ જુના મંદિરની કોઈ પણ સામગ્રી નવા મંદિરના ચણતરમાં કામ લાગવાની નથી. માટે જુના મંદિરને તોડવાનો પુરુષાર્થ, સાહસ તો કરવું જ પડશે.

સત્યની શોધનું પહેલું સોપાન છે; સ્વયં પર વિશ્વાસ. સમૂહને અનુસરવામાં એક પ્રકારની સુરક્ષા દેખાય છે, જ્યારે અપરિચિત પગદંડી પર જંગલોમાં એકલા વિહરવામાં ભય લાગે છે, પણ સત્યનો માર્ગ એકાકી છે. કોઈ એકલદોકલ માણસો જ સત્ય પ્રાપ્ત કરી શકયા છે. બહારના જગતમાં ચારેબાજુ જે ભીડ છે અને જે ભીડના આપણે એક ભાગ રૂપે છીએ, ત્યાં તો સમાજના કાયદા પ્રમાણે વર્તવું પડે છે. પરંતુ મનુષ્યના ચિત્તની અંદર તો કોઈ જાતની 'ભીડ' નથી, ત્યાં સંપૂર્ણ સ્વતંત્રતા છે. આત્માનું ફૂલ સ્વતંત્રતામાં જ ખીલે છે. મારી વાતનો પણ, હું કહું છું માટે સ્વીકાર કરી લેશો તો એક ગુલામી છોડીને બીજી ગુલામી ચાલુ થશે - ગુલામી મૂળમાંથી મટશે નહીં. હું તો માત્ર ચંદ્ર તરફ આંગળીનિર્દેશ કરું છું. મારી આંગળી પકડી લેવાની ભૂલ ન કરશો. ચંદ્રને પામવાનો પ્રયત્ન કરજો. વિચાર તમારે પોતે જ કરવાનો છે. જ્ઞાન કદી ઉધાર અપાતું જ નથી. તથ્ય જે દિવસે તમને સમજાશે તે જ દિવસે જરૂર તમે કંઈક ને કંઈક કરશો જ. રસ્તે ચાલીને જતાં હો ને સાપ વચ્ચે પડેલો દેખાય તો શું કોઈ પૂછવા રહેશે કે શું કરું? મકાનમાં એકાએક આગ લાગે તો શું કોઈ વિચારવા રોકાશે કે હવે શું કરું?

ત્રણ દિવસના પ્રવચન અને પ્રશ્નોત્તરીના થઈને કુલ નવ વ્યાખ્યાનો દરમ્યાન આચાર્યશ્રીની વાક્‌ધારા સતત વહેતી રહી. શિબિરાર્થીઓ મંત્રમુગ્ધ બનીને પ્રસન્નચિત્તે સાંભળતાં હતાં. છેલ્લે વિખરાયાં ત્યારે જાણે જુનું મંદિર તોડવા વિષે સૌ કોઈ કૃતનિશ્ચયી થયાં હોય એમ લાગતું હતું.

આચાર્ય રજનીશના પિતાશ્રી શ્રી બાબુલાલજી જૈન તથા માતાજી સરસ્વતીદેવી પણ અવારનવાર પ્રવચનમાં બેસતા હતા. એમના માતાજીને જોઈને પૂ. કસ્તુરબાની યાદ આવતી હતી. પિતાજી તદ્દન સાદાસીધા માણસ. જોનારને કલ્પના પણ ન આવે કે આવા એક પ્રખર તત્ત્વચિંતકના તેઓ પિતા છે. મને પૂછવાનું મન થયા કરતું હતું કે આવા મહાનપુરુષને જન્મ આપવા બદલ તેમના માતાજી કેવું ગૌરવ અનુભવી રહ્યાં છે! ૨૭બી હોટલના રૂમ નં. ૧ માં જ્યારે અમે એમને મળવા ગયા ત્યારે માતાજીને તાવ આવેલો હોવાથી તેઓ સૂઈ ગયેલા હતા પરંતુ પિતાજી, તેમની બહેનો તથા તેમના મિત્ર શ્રી શ્યામબાબુએ ખૂબ આદર અને સ્નેહપૂર્વક અમને આવકાર્યા. સૌ પ્રથમ તો અમારા પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું કે તેમનો જન્મ ૧૯૩૧ ના ડીસેંબરમાં થયો છે. તેઓ જન્મે જૈન હોવા છતાં પણ તેમના આખા—કુટુંબમાં કોઈ પણ પ્રકારની રૂઢિચુસ્તતા ન હતી. પરિણામે આચાર્યશ્રીના આવા ક્રાન્તિકારી વિચારો સંબંધે એમની સાથે કોઈને કદી સંઘર્ષ કે વિરોધ થયો નથી. ગમે તેવા આર્થિક અથવા કૌટુંબિક મામલાઓમાં પણ તેમના ઘરમાં કદી કોઈને ઊંચે સાદે બોલવું પડ્યું નથી.

આચાર્યશ્રીનો મેટ્રીક સુધીનો અભ્યાસ ગાડરવારામાં થયો. મધ્યપ્રદેશમાં ગાડરવારા આશરે પચ્ચીસેક હજારની વસ્તીનું ગામ છે, અને આજે પણ તેમના પિતાજીની ગાડરવારામાં કાપડની દુકાન છે. અભ્યાસમાં તેઓ ખૂબ તેજસ્વી હતા—સદા પહેલો નંબર રાખતા. વિદ્યાર્થીઓના પ્રશ્નોમાં તેઓ હંમેશા નેતૃત્વ લેતા. સ્કુલ કોલેજની વકૃત્વ સ્પર્ધામાં તેમને અચૂક ઈનામો મળતાં. તેઓ જ્યારે નવમા ધોરણમાં હતા ત્યારે એકવાર ગાડરવારા સ્ટડી સરકલના ઉપક્રમે શ્રી જયપ્રકાશ નારાયણ ગાડરવારામાં આવેલા અને ગ્રામજીવીઓના પ્રશ્ન ઉપર કંઈ ચર્ચાસભા જેવું ગોઠવવામાં આવેલું. એટલી નાની ઉંમરે એ વિષય ઉપર એમણે જે વિચારો રજુ કર્યા એની શ્રી જયપ્રકાશ નારાયણ પર ઘણી અસર થઈ હતી. એ વખતે ઘણાને એમ લાગેલું કે આ કિશોર સામ્યવાદી થઈ જશે. ઈન્ટરના વર્ષમાં કૉલેજના તર્કશાસ્ત્રના અધ્યાપક સાથે એક વાર તર્કશાસ્ત્રના કોઈ વિષય ઉપર વિવાદ થયો જેનો છ આઠ મહિના સુધી કાંઈ ફેંસલો આવ્યો નહીં, ત્યારે અધ્યાપકે પ્રિન્સીપાલને કહ્યું કે, કાં તો આ વિદ્યાર્થી નહીં, કાં તો હું નહીં. અધ્યાપક ઘણા વરસોથી કૉલેજમાં હતા અને તેથી પ્રિન્સીપાલના કહેવાથી આચાર્યશ્રીએ પોતે જ એ કોલેજ છોડી દીધી હતી. ત્યાર બાદ તેઓ ડી. એલ. જૈન કૉલેજ જબલપુરમાં બી.એ. થયા. અને સાગર યુનિવર્સિટીમાંથી એમ. એ. પાસ થયા હતા.

શ્રી બાબુલાલજી જૈનના નાનાભાઈ શ્રી અમરતલાલ 'ચંચલ' હિંદીના ખ્યાતનામ કવિ છે અને તેમણે ભકતામર સ્તોત્ર પર હિંદીમાં ટીકા લખી છે. બીજા એક નાના ભાઈનું નામ શ્રી શેખર છે. આચાર્યશ્રીને બે બહેનો અને છ નાના ભાઈઓ છે. એમના એક બહેન ત્યાં હાજર હતા. શ્રી. શ્યામબાબુએ કહ્યું કે આટલી વયમાં માત્ર એક જ વાર જ્યારે બહેન પરણીને સાસરે જવાની હતી ત્યારે જ માત્ર આચાર્યની આંખમાં એમણે આંસુ જોયા છે. આચાર્યશ્રીના લગ્ન માટે એકવાર ઈન્દોરથી શ્રી. બાબુલાલ ડેઢીઆ એક છોકરી તેમને બતાવવા લઈ આવેલા. તે વખતે બે જણ વચ્ચે શી ખબર શી વાતો થઈ કે છોકરી લગ્નને બદલે આચાર્યશ્રીની પ્રશંસક બનીને પાછી ગઈ. તેમના લગ્ન માટે બીજા કેટલાક પ્રયાસો કરવામાં આવેલા પણ જ્યારે એમ લાગ્યું કે એમની જીવનની દિશા તદ્દન જ ભિન્ન છે ત્યારથી એ વિષે કોઈ પણ જાતનો આગ્રહ એમના પર લાદવામાં આવ્યો નથી.

અભ્યાસકાળ દરમ્યાન તેઓ પોતાનું નામ શ્રી રજનીશચંદ્ર મોહન લખતાં. એમ. એ. થયા પછી તેમણે રાયપુર કૉલેજમાં પ્રોફેસરની નોકરી સ્વીકારી હતી. તે વખતના મધ્યપ્રદેશના શિક્ષામંત્રી શ્રી. શંકરદયાળ શર્મા અને શ્રી શેઠ ગોવિન્દદાસજીનો તેમના પ્રત્યે પુષ્કળ પ્રેમ અને આદર હતો. છેલ્લે તેઓ જબલપુર કોલેજમાં દર્શનશાસ્ત્રના અધ્યાપક હતા. કોઠારી કમિશનને જ્યારે ભાષાનો પ્રશ્ન ગયા વરસમાં સોંપાયો ત્યારે મધ્યપ્રદેશના એકમાત્ર પ્રતિનિધિ તરીકે આચાર્યશ્રીએ કમિશનમાં કામ કર્યું હતું.

તેમનો વિકાસ એકધારો ને પોતાના જ ચિન્તન દ્વારા ઉત્તરોત્તર વધતો ગયો છે. વિદ્યાર્થીઓમાં તેઓ અત્યંત પ્રિય હતા. અધ્યાપક તરીકે જ વર્ગમાં તેમનો પિરીયડ હોય તેની આજુબાજુના વર્ગના વિજ્ઞાનના વિદ્યાર્થીઓ પણ આવીને તેમના વર્ગમાં બેસતા.

૨૪ મી ઓકટોબરની વહેલી પરોઢે અંધારામાં જ અમે સૌએ માથેરાનની વિદાય લીધી. જીવન જાગૃતિ કેન્દ્ર તરફથી બધા શિબિરાર્થીઓનું ટ્રેન રીઝર્વેશન આગળથી કરવામાં આવેલું હતું. આચાર્યશ્રી પણ એ જ ટ્રેનમાં અમારી સાથે હતાં. પ્રકૃતિનું સૌન્દર્ય માણતાં, ગીતો ગાતાં, અંતકડી રમતાં સૌ નેરળ પહોંચ્યા અને નેરળથી મુંબઈની ટ્રેન પર અમે સૌ છૂટા પડી ગયા.

સમાપ્ત

સુબોધભાઈ એમ. શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડિસેમ્બર ૧, ૧૯૬૭, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

હવે પછી શું?

"While most of the country's problems have grown steadly more acute, the politicians have mainly succeeded in making asses of themselves...Indeed it would be surprising if the public had not lost confidence in its politicians, for too many of them give every appearance of having lost confidence in themselves."

ઈંગ્લાંડના પ્રખ્યાત પત્ર 'Economist' ના તા. ૨૧-૧૦-૬૭ના અગ્રલેખમાં લખાયેલ ઉપરનાં વાક્યો આપણા દેશની પરિસ્થિતિને પણ કેવાં બંધબેસતાં છે?

છેલ્લાં પંદર દિવસોમાં, દેશમાં વેગપૂર્વક જે બનાવો બન્યા છે તેથી દેશનો રાજકારણી તખતો પલટાઈ રહ્યો છે. શરૂ થયેલી આ પ્રક્રિયાનું પરિણામ શું આવશે તે કહેવું મુશ્કેલ છે. પણ એમ જણાય છે કે સામાન્ય ચૂંટણી પછી, રાજ્યોમાં, કૉંગ્રેસની પીછેહઠ થઈ રહી હતી, તે હવે કૉંગ્રેસ સત્તા પર આવવા અથવા પડદા પાછળ રહી સત્તા ભોગવવાની તૈયારી કરી રહી છે. ત્રણ રાજ્યોમાં – પંજાબ, હરિયાણા અને બંગાળમાં–બીન કૉંગ્રેસી સરકારોનું પતન થયું. ત્રણે સ્થળે આ પતન જુદી જુદી રીતે થયું. પણ તેને કારણે કેટલાય બંધારણીય પ્રશ્નો ઉપસ્થિત થયા છે અને વિરોધ પક્ષોનો કૉંગ્રેસ સામેનો રોષ વધારે તીવ્ર થયો છે.

પંજાબમાં લછમનસિંગ ગીલની આગેવાની નીચે ૧૬ સભ્યો સંયુક્ત દળમાંથી છૂટા થયા, એટલે સંયુક્ત દળની બહુમતી તૂટી ગઈ. મુખ્ય પ્રધાન ગુરનામસિંગે, પુરી બંધારણીય રીતે, ધારાસભામાં બળાબળની ચકાસણી થવાની રાહ જોયા વિના, પોતાના પ્રધાનમંડળનું રાજીનામું આપી દીધું અને ધારાસભા વિસર્જન કરવાની ગવર્નરને સલાહ આપી. ગવર્નરે રાજીનામું સ્વીકાર્યું, પણ ધારાસભા વિસર્જન કરવાની સલાહ સ્વીકારી નહિ. બહુમતી ગુમાવી બેઠેલ મુખ્ય પ્રધાનને ધારાસભા વિસર્જન કરવાની સલાહ આપવાનો અધિકાર છે કે નહિ અને એવી સલાહ સ્વીકારવા ગવર્નર બંધાયેલ છે કે નહિ તે વિવાદાસ્પદ પ્રશ્ન છે. ગવર્નર પવાટેનું વર્તન એકંદરે બંધારણીય હતું અને બહુમતીના ટેકાથી સ્થિર સરકાર રચવાની શક્યતા તેમણે તપાસી જોઈ હતી. અંતે લછમનસિંગ ગીલે કૉંગ્રેસના ટેકાથી પ્રધાનમંડળ રચ્યું છે. આ ટેકો આપવામાં કૉંગ્રેસે બે શરતો કરી. ગીલ જુથના ૧૬ સભ્યોમાં, પહેલા જે કૉંગ્રેસમાં હતાં અને પક્ષાંતર કરી ગયા હતા એવા કોઈને પ્રધાનમંડળમાં ન લેવા અને પ્રધાનમંડળે કૉંગ્રેસની નીતિ વિરૂદ્ધ કોઈ પગલું ન લેવું. સંત ફતેહસિંગના અકાલી દલે આ પ્રધાનમંડળનો વિરોધ કર્યો છે. અકાલી દલમાં આથી ફાટફૂટ પડી છે. સીધી રીતે સત્તા ઉપર આવવાની કૉંગ્રેસની શકિત કે હીંમત નથી. તેથી માત્ર ૧૬ સભ્યોના આ જુથને ટેકો આપી એક માંચડો ઊભો કર્યો છે. શ્રી. ગીલને પ્રધાન થવાને લાયક એવી અનુભવી વ્યકિતઓ પણ મળી નહિ. તેના ૧૬ સભ્યોમાંથી, ત્રણ પહેલાંના કૉંગ્રેસી હતા, એટલે બાકીના ૧૩ને પ્રધાન બનાવ્યા, જેમાં બે ત્રણ તો મેટ્રિક સુધી ભણેલા પણ નથી અને વહીવટનો તેમને કોઈ અનુભવ નથી. ગુરનામ સિંગનું રાજતંત્ર એકંદર સંતોષકારક હતું. પંજાબના નવા રાજ્યમાં સ્થિરતાની જરૂર હતી. આ પલટો લાવીને કૉંગ્રેસ શું લાભ કાઢશે, પ્રજાનું શું હિત થશે અને આવું પ્રધાનમંડળ કયાં સુધી ટકશે તે જોવાનું રહે છે.

હરિયાણામાં પક્ષાંતરનું નિર્લજ્જ નાટક ભજવાઈ રહ્યું હતું તેનો અંત આવ્યો છે. ગવર્નર ચક્રવર્તીની સલાહથી રાષ્ટ્રપતિનું શાસન આવ્યું છે અને ધારાસભા વિસર્જન કરી છે. આ પરિણામ અનિવાર્ય હતું અને તેથી ધારાસભા વિસર્જન કરી તે યોગ્ય પગલું છે. રાવ બિરેન્દ્રસિંગના પ્રધાનમંડળની બરતરફીથી હરિયાણાની પ્રજા આંસુ સારે એમ નથી. આ નવા રાજ્યમાં પણ સ્થિર તંત્રની ઘણી જરૂર છે. રાષ્ટ્રપતિના શાસનથી કાંઈક સ્થિરતા આવશે એમ આશા રાખીએ. અહીં પણ સત્તા પર આવવા કૉંગ્રેસ તલપાપડ થઈ રહી હતી અને ઘણા કાવાદાવા થયા, પણ અંતે જે થયું છે તે જ યોગ્ય થયું છે. છ મહીના પછી, લાયક વ્યકિતઓની પસંદગી કરવાની હરિયાણાની પ્રજાને તક મળશે. સંભવ છે કે પ્રજા હવે વધારે જાગ્રત થાય.

પશ્ચિમ બંગાળમાં ગવર્નર ધર્મવીરે છેવટ અજય મુકરજીના પ્રધાનમંડળને બરતરફ કરી, ડૉ. પ્રફૂલ્લ ઘોષને પ્રધાનમંડળ રચવાનું આમંત્રણ આપ્યું. ગવર્નરનું આ પગલું ભારે ટીકાને પાત્ર થયું છે. ધારાસભામાં પરાજય ન થાય ત્યાં સુધી પ્રધાનમંડળને બરતરફ કરવાનો ગવર્નરને આવો અધિકાર છે? ૧૮મી ડીસેમ્બરે ધારાસભાની બેઠક બોલાવવાની હતી તો ગવર્નરે શા માટે ઉતાવળ કરી? સામે એમ પૂછી શકાય કે, અજય મુકરજીએ ગવર્નરની સૂચના મુજબ વહેલી બેઠક કેમ ન બોલાવી? પ્રધાનમંડળ બહુમતી ગુમાવી બેઠું છે એવી ગવર્નરને ખાત્રી થાય અને પ્રધાનમંડળ ઈરાદાપૂર્વક બેઠક ન બોલાવે અથવા લંબાવે તો ગવર્નર નિ:સહાયપણે જોઈ રહેવા બંધાયેલા છે? અજય મુકરજીએ આવું પગલું, શહીદ દેખાવા માટે, નોતરી લીધું છે. બંધારણના પંડિતો આ વિવાદ કર્યા કરશે. ગવર્નરે નિર્ણયાત્મક પગલું લઈ લીધું છે. મધ્યસ્થ સરકાર ગવર્નરોને પોતાના હાથા તરીકે વાપરે છે એવા આક્ષેપો થયા કરશે અને તેનો ઈન્કાર પણ થશે. બંગાળની વિસ્ફોટક પરિસ્થિતિમાં મક્કમ પગલાંની જરૂર હતી. સામ્યવાદીઓ પરદેશી સત્તાઓની મદદથી બળવો જગાવવા તૈયાર થયા છે એવા અજય મુકરજીના એકરાર પછી, બંધારણની ઝીણી આંટીઘૂંટીઓને બહુ અવકાશ રહેતો

નહોતાં. પ્રજાના જાનમાલના રક્ષણનો સવાલ હતો. આ પગલાથી લોકશાહીનું ખુન થયું છે એવું કહેવાવાળા લોકશાહીમાં જ માનતા નથી. લોકશાહી ક્યાં રહી છે?

બંગાળમાં પણ કૉંગ્રેસે લઘુમતી જૂથને ટેકો આપી પડદા પાછળ રહી, સત્તા ભોગવવાનો પ્રયોગ શરૂ કર્યો છે. બંગાળ કૉંગ્રેસમાં આ વિષે મતભેદ છે. આ લખાણ પ્રકટ થશે ત્યાં સુધીમાં ધારાસભાની બેઠક મળી ગઈ હશે, જે સામ્યવાદીઓ અને બીજા વિરોધપક્ષો બેઠક મળવા દેશે તો. બે દિવસ તોફાનો થયાં અને વ્યવસ્થિત રીતે વ્યાપક તોફાનોની તૈયારી થઈ રહી છે. બંગાળનો મામલો ઘણો ગંભીર છે અને પરિણામો વ્યાપક આવશે. એમ લાગે છે કે આખા પૂર્વ ભારતનું - આસામ, નાગાલેન્ડ, બંગાળ, અને બિહારનું – ભાવિ તોળાઈ રહ્યું છે.

બંગાળમાં ડૉ. પ્રફૂલ્લ ઘોષને પ્રધાનમંડળ રચવા દીધું તેના કરતાં ધારાસભા વિસર્જન કરી રાષ્ટ્રપતિ શાસન કર્યું હોત તો વધારે યોગ્ય થાત એમ લાગે છે. તેથી વિરોધ પક્ષોનો રોષ અને પ્રજાનો રોષ ઓછો થાત. બંગાળમાં કૉંગ્રેસ લોકપ્રિય નથી અને આડકતરી રીતે સત્તા ભોગવવાના તેના પ્રયત્નો આવકારપાત્ર નહિ બને. કદાચ અંતે તો એ જ પરિણામ આવશે. પણ આ પગલાંથી ઉત્તર પ્રદેશ, બિહાર અને અન્ય રાજ્યો, જ્યાં બીન - કૉંગ્રેસી સરકારો છે ત્યાં પણ ભય પેઠો છે અને તેથી વિરોધ પક્ષો વધારે ઉગ્ર સામના માટે તૈયાર થયા છે. પડદા પાછળ રહી, લઘુમતી જૂથ મારફત સત્તા ભોગવવાના કૉંગ્રેસના પ્રયત્નો, કૉંગ્રેસ પ્રત્યે પ્રજાનો વિશ્વાસ ઓછો કરે તેમ બનશે. કેરળમાં થાનુ પીલાઈને મુખ્ય પ્રધાન બનાવી આવો પ્રયોગ કૉંગ્રેસે કર્યો હતો, જેનાં પરિણામ સારાં આવ્યાં નહોતા.

રાજકીય અસ્થિરતા વધતી રહી છે ત્યારે દેશની સમક્ષ બીજા પ્રશ્નો પણ વધારે જટિલ થતા રહ્યા છે. આર્થિક સમસ્યાઓ વિકટ બનતી જાય છે. વડા પ્રધાન અને નાયબ વડાપ્રધાન આશાના સુરો કાઢે છે, પણ તેથી વિશ્વાસ જન્મતો નથી. વહીવટી ભાષાનો ખરડો લોકસભા સમક્ષ રજૂ થયો છે, તે પણ ભારે વિવાદ જગાડનાર છે. કૉંગ્રેસ પ્રમુખનો પ્રશ્ન આ લખાય છે ત્યાં સુધી હલ થયો નથી. શ્રીમતી ઈંદિરા ગાંધી અને શ્રી કામરાજ કોઈ નિર્ણય ઉપર આવી શકયા હોય તેમ જણાતું નથી. સત્તાની આંતરિક ખેંચતાણ વધતી જતી લાગે છે. દેશની કટોકટીના પ્રસંગે, કૉંગ્રેસના નેતાઓ સાથે મળી કામ કરવાની ભાવના કેળવી શકયા નથી. કૉંગ્રેસના આંતરિક વિરોધો– Contradictions વધારે તીવ્ર થતા જણાય છે. વર્તમાન સ્વરૂપની કૉંગ્રેસ દેશને હિતકારક છે કે હાનિકારક એ ગંભીરપણે વિચારવાનું પ્રાપ્ત થાય છે.

તા. ૨૮-૧૧-૬૭, મુંબઈ. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

માસ્તરજી ગયા!

ભારેલો અગ્નિ બુઝાઈ ગયો છે. માસ્તર તારાસિંઘે ૧૯૬૧માં આમરણ ઉપવાસ કરવાની જાહેરાત કરીને ભડકો કરવાની ધમકી આપી હતી. તે પછી તેમનો પોતાનો પ્રકાશ ઘટતો જતો હતો. હવે ૮૨ વર્ષની વયે તેમનો જીવાગ્નિ ઠરી ગયો ત્યારે તેમનો અજંપો પણ ઠરી ગયો છે.

એક શિક્ષકમાંથી શીખ કોમના સર્વોપરી નેતા થઈને છેવટે સર્વોપરીપદ ગુમાવી બેઠેલા તારાસિંઘના જીવનની એક કરૂણતા એ હતી કે તેઓ ઝીણા પણ ન થઈ શકયા અને નહેરુ પણ ન થઈ શકયા. જો તેઓ ઝીણા થયા હોત તો આપણે–અને શીખોએ પણ– તેમના માટે હાથ ઘોઈ નાખ્યા હોત. જો તેઓ શીખ કોમવાદના કૂવામાંથી બહાર આવીને સમગ્ર ભારતના એક રાષ્ટ્રવાદી નેતા થયા હોત તો તેમણે કેટલી બધી લોકપ્રિયતા મેળવી હોત? તેમણે તો શીખોના જ નેતા થવાનું પસંદ કર્યું. પરિણામ એ આવ્યું કે શીખોએ જ વિશાળ બહુમતીથી માસ્તરજીને નેતા તરીકે નાપસંદ કર્યા. જે સંત ફતેહસિંઘને માસ્તરજી પોતાના હથિયાર તરીકે વાપરવા રચનાત્મક ક્ષેત્રમાંથી રાજકારણની ગંદકીમાં લઈ આવ્યા હતા એ જ ફતેહસિંઘે તેમને પદભ્રષ્ટ કર્યા.

આમ કેમ બન્યું? તારાસિંઘ માત્ર શીખો માટે જ જીવ્યા અને કામ કર્યું. તેઓ પોતે હિંદુ હતા (જાણે શીખો હિન્દુ ન હોય!) અને હિંદુઓના મહાસાગરમાં શીખોનું વ્યકિતત્વ નિરાળુ રહે, ડૂબી ન જાય તેની જ માસ્તરજીને ચિંતા હતી. તેમને એ ભાન ન રહ્યું કે શીખો એવી કર્મવીર અને બુદ્ધિશાળી કોમ છે કે તેમને હિંદુઓ સામે રક્ષણની જરૂર નથી. તેથી ઊલટું, શીખો પોતાની ઉન્નતિ ઉપરાંત દેશની ઉન્નતિમાં પણ ફાળો આપી શકે છે.

જન્મે હિન્દુ ખત્રી જ્ઞાતિના તારાસિંઘે ૧૭ વર્ષની વયે શીખ સંપ્રદાય સ્વીકાર્યો હતો, (ફત્તેસિંઘ જન્મે મુસ્લિમ છે, તેમણે પણ શીખ ધર્મ સ્વીકાર્યો છે.) લિઆલપુરમાં તારાસિંઘે શીખ વિદ્યાર્થીઓ માટે શાળા સ્થાપી અને પોતે તેના વડા શિક્ષક બનીને પછી રાજકારણમાં તેમણે ઝંપલાવ્યું.

નહેરુ જેવા રાષ્ટ્રવાદી થવાને બદલે માસ્તરજી નહેરુ કુટુમ્બની ત્રણ પેઢી સામે લડયા હતા! મોતીલાલ નહેરુએ જ્યારે પોતાનો પ્રખ્યાત નહેરુ રિપોર્ટ ઘડયો ત્યારે હિંદુસ્તાનના ભાવિ બંધારણમાં તેમણે પંજાબમાં શીખોને ૩૦ ટકા પ્રતિધિત્વ નહોતું આપ્યું તે માટે માસ્તરજી મોતીલાલ સામે લડયા હતા. જવાહરલાલ નહેરુ માસ્તરજીને પંજાબી સુબો નહોતા આપતા, તે માટે માસ્તરજી જવાહર સામે લડયા હતા. ઈન્દિરા ગાંધી સામે તેમની ફરિયાદ એ હતી કે ઈન્દિરાએ આખરે પંજાબી સુબો આપ્યો ત્યારે, તે માસ્તરજીની માગણી પ્રમાણે ન હતું. સંત ફતેસિંઘને પંજાબી ભાષાના ધોરણે પંજાબી સુબો જોઈતો હતો અને તે તેમને મળ્યું. માસ્તરજીને શીખો માટે આત્મનિર્ણયનો અધિકાર જોઈતો હતો અને શીખોની બહુમતીવાળું શીખીસ્તાન જોઈતું હતું, આ પણ તેમને ન મળ્યું.

તેમ છતાં માસ્તર તારાસિંઘ માત્ર કોમવાદી હતા અને તેમને દેશની કંઈ પડી ન હતી એમ કહેવું એ તેમને અન્યાય કરવા જેવું છે. તેમને શીખો માટે વિશિષ્ટ સ્થાન જોઈતું હતું, પણ તેમની દેશભકિત માટે શંકા ન હતી. જ્યારે હિંદના ટુકડા થયા અને પાકિસ્તાન રચાયું ત્યારે પાકિસ્તાન ભારતના પણ ટુકડા કરવા શીખોને લલચાવતું હતું; તારાસિંઘે એવી લાલચને ઠોકર મારી. ૧૯૪૭-૪૮માં અને ફરીથી ૧૯૬૫માં પાકિસ્તાની આક્રમણનો સામનો કરવા તારાસિંઘે શીખોને હાકલ કરી હતી, અને શીખો આ બંને વિગ્રહોમાં બહાદુરીથી દેશ માટે લડયા હતા.

તારાસિંઘ નાટકી હતા. તેમના સર્વોપરી પદને કોઈ અમાન્ય રાખે કે તેમના વિચારોના શાણપણ વિશે શંકા કરે એ તેઓ સાંખી શકતા ન હતા. શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટીમાં તેમની આપખુદી– એ જ તેમને પદભ્રષ્ટ કર્યા; તેઓ ભડભડિયા હતા, મુત્સદી ન હતા. એટલે તો પંજાબના મુખ્ય પ્રધાન સ્વ. પ્રતાપસિંહ કૈરોન તેમના દરેક ચાલને નિષ્ફળ બનાવી શકયા. પુરુષાર્થી અને બુદ્ધિશાળી શીખ કોમે દેશના જીવનમાં દરેક ક્ષેત્રે નામના કાઢી છે. શાન્તિમાં અને યુદ્ધમાં તે મોખરે રહી છે, પછી તે પંજાબ હોય, દિલ્હી હોય, બંગાળ હોય, મહારાષ્ટ્ર હોય, કે દેશના વિકટ સીમાડા હોય. ૮૨ વર્ષના દીર્ઘાયુ દરમિયાન માસ્તરજી શીખોની આવી સરસ પ્રગતિ જોઈ શકયા એ ખુશનસીબી છે. માસ્તરજીની ચિરવિદાય સાથે એક ભાતિગળ કારકિર્દીનો અંત આવ્યો છે.

'જન્મભૂમિ–પ્રવાસી'માંથી સાભાર ઉધ્ધૃત **સોહમ્**

'આરોગ્ય અને વનસ્પતિ આહાર' ઉપર શ્રી ચંદુલાલ કાશીરામ દવેનું વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ડીસેંબર ૯મી તારીખ શનિવાર સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ.) શિક્ષણશાસ્ત્રી અને "સસ્તી પોષક વાનગીઓ" પુસ્તકના લેખક શ્રી ચંદુલાલ કાશીરામ દવે "આરોગ્ય અને વનસ્પતિ આહાર" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતાં ભાઈ - બહેનોને આ વ્યાખ્યાનમાં ઉપસ્થિત થવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રીમદ્ રાજચંદ્ર અને તેમનું જીવનકાર્ય


(૧૭ મી ઓક્ટોબર – શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી દિને સાંજના સાતથી સવાસાતના ગાળામાં પ્રસારિત કરવા માટે શ્રીમદ્ રાજચંદ્ર અને તેમના જીવનકાર્ય અંગે વાર્તાલાપ તૈયાર કરવા ઑલ ઈન્ડિયા આકાશવાણી – મુંબઈ કેન્દ્ર તરફથી નિમંત્રણ મળ્યું. તે માટે તૈયાર કરેલી મૂળ નોંધ જેને ત્યાર બાદ ૧૪ મિનિટની સમય-મર્યાદા મુજબ ટૂંકાવવી પડી હતી તે, અલબત્ત, ઑલ ઈન્ડિયા આકાશવાણી, મુંબઈ કેન્દ્રના સંચાલકની અનુમતિ પૂર્વક નીચે આપવામાં આવે છે. પરમાનંદ)

આજની કાર્તિકી પૂર્ણિમાનો મંગળ દિવસ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મશતાબ્દી દિન છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં આ મહા-પુરુષે આપણી આ દુનિયા ઉપર જન્મ ધારણ કરેલો. તેમણે ગાંધીજીના ધાર્મિક જીવનના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવેલો હોઈને તેમનું નામ ગાંધીજીના નામ સાથે જોડાયેલું છે અને તે રીતે તેમને રાષ્ટ્રીય નહિ પણ આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. આમ છતાં પણ તેમનું ભાષામાધ્યમ ગુજરાતી હતું અને તેમના સંબંધો અને કાર્ય સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના મોટા ભાગે જૈન સમાજ પૂરતાં સીમિત અને મર્યાદિત હતાં. આ કારણે સામાન્ય પ્રજાજનો તેમના વિષે બહુ ઓછી માહિતી ધરાવે છે.

આજના આ વિવેચનનો આશય એ મહાપુરુષના અસા-માન્ય અધ્યાત્મપરાયણ જીવનની કેટલીક માહિતી રજૂ કરવાનો અને તેમના જીવનકાર્યનો પરિચય કરાવવાનો છે.

તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલા વવાણિયા ગામમાં વિ. સં. ૧૯૨૪ ના કાર્તક શુદ ૧૫ ના રોજ – ઈ. સ. ૧૮૬૭ ના ઑક્ટોબર યા નવેમ્બરમાં – થયેલો. તેમના પિતામહનું નામ પંચાણભાઈ મહેતા હતું અને તેઓ વહાણવટાનો અને સાથે સાથે વ્યાજવટાવનો ધંધો કરતા હતા. વળી, તેઓ મોટા કૃષ્ણ-ભકત હતા. પિતાનું નામ રવજીભાઈ મહેતા હતું. તેઓ પણ વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતા. માતુશ્રી દેવબાઈ પીયરપક્ષે જૈન હતાં અને શ્રીમદ્ રાજચંદ્રના કુટુંબમાં તેઓ જૈન સંસ્કાર સારા પ્રમાણમાં લાવ્યાં હતાં. અને તેમની શ્રીમદ્ રાજચંદ્રના બાળઉછેર ઉપર ઘણી મોટી અસર પડી હતી. શ્રીમદ્ ના હુલામણાનું નામ 'લક્ષ્મીનંદન' પાડવામાં આવ્યું હતું. પણ ચાર વર્ષની ઉમ્મરે તે નામ બદલીને 'રાયચંદ' નામ રાખવામાં આવ્યું હતું. તેમના જીવન દરમિયાન, તેઓ 'રાયચંદભાઈ' ના નામથી ઓળખાતા હતા. આગળ જતાં તેમના ભકતોએ અને અનુયાયીઓએ તે નામનું 'શ્રીમદ્ રાજચંદ્ર' એ મુજબ નવસંસ્કરણ કર્યું છે.

તેમના વ્યકિતત્વની વિલક્ષણતા બાળપણથી જ વ્યકત થવા લાગી હતી. સાત વર્ષની વયે તેમના કુટુંબના નિકટ સંબંધી અમીચંદ નામના એક ગૃહસ્થનું મૃત્યુ થયું. આ ઘટનાએ તેમના ચિત્ત ઉપર અસાધારણ પ્રત્યાઘાત પેદા કર્યો, મૃત્યુ એટલે શું એ પ્રશ્નને તેમના દિલમાં મોટું મન્થન પેદા કર્યું અને આ મન્થનમાંથી તેમના જણાવવા મુજબ જન્મજન્માન્તરનું કાંઈક દર્શન તેમને પ્રાપ્ત થયું. તરતમાં આવો જ બીજો પૂર્વભવસ્મરણનો અનુભવ તેમને જૂનાગઢનો કિલ્લો જોતાં થયેલો. આટલી નાની ઉમ્મરે આવી અનુભૂતિઓ થવાના પરિણામે તેમના દિલમાં આત્માના – પુનર્જન્મ વિષે – પુનર્ભવ વિષે–ઊંડી પ્રતીતિ પેદા થવા પામી હતી.



શ્રીમદ્ રાજચંદ્ર

સાત વર્ષની ઉમ્મરે તેમને નિશાળે બેસાડવામાં આવ્યા. તેમની સ્મરણશકિત એટલી બધી તીવ્ર હતી કે એક વાર કાંઈક વાંચે કે સાંભળે તો તેમને તે યાદ રહી જતું. એક માસમાં લેખનવાંચન અને આંક તેમણે પૂરાં કર્યા. બે વર્ષમાં સાત ચોપડી જેટલો અભ્યાસ તેમણે કરી નાખ્યો. તેર વર્ષની વયે તેઓ અંગ્રેજીનો અભ્યાસ કરવા માટે રાજકોટ ગયેલા. ત્યાં કેટલો વખત રહ્યા અને કેટલું ભણ્યા તે અંગે ચોક્કસ માહિતી મળતી નથી. પણ બાવીસમા વર્ષ દરમિયાન લખેલા એક પત્ર ઉપરથી માલુમ પડે છે કે તેમણે અંગ્રેજી ભાષાના જ્ઞાનમાં કોઈ નોંધપાત્ર પ્રગતિ કરી નહોતી.

ચૌદમા વર્ષે, તેમના પિતાની વ્યાજવટાવની દુકાને તેઓ બેઠા. નાનપણથી જ વ્યવહારમાં નીતિ - ધર્મ ઉપર તેઓ ખૂબ ભાર મૂકતા આવ્યા હતા. આ સંબંધમાં તેઓ જણાવે છે કે, "પિતાની દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે; અનેક પુસ્તકો વાંચ્યાં છે; રામ ઈત્યાદિનાં ચરિત્રો ઉપર કવિતાઓ રચી છે;... છતાં કોઈને મેં ઓછો અધિકો ભાવ કહ્યો નથી, કે કોઈને મેં ઓછું અદકું તોળી દીધું નથી એ મને ચોક્કસ સાંભરે છે." આ લખાણ એ પણ સૂચવે છે કે તેમના આ વ્યાપારવ્યવસાય સાથે તેમનું વાંચન, મનન, ચિંતન, અને લેખન સતત ચાલતું જ રહ્યું હતું.

તેઓ માત્ર લેખક નહોતા; કવિ પણ હતા. નાનપણથી જ તેમને કાવ્યરચના સહજ હતી. આઠ વર્ષની ઉમ્મરે તેમણે ૫,૦૦૦ કડીઓ રચેલી કહેવાય છે અને નવ વર્ષની ઉમરે કહેવામાં આવે છે કે તેમણે રામાયણ અને મહાભારત પદ્યમાં રચ્યાં હતાં. સમય જતાં તેમણે અનેક ગ્રંથો લખ્યા અને પદ્યરચનાઓ કરી અને તે દ્વારા અનેક લોકોને તેમણે જીવનદર્શન – માર્ગદર્શન કરાવ્યું.

વિક્રમ સંવત ૧૯૪૦ (ઈ. સ. ૧૮૮૪) ના અરસામાં તેમનામાં બીજી એક અદ્‌ભુત શકિતનું આપણને દર્શન થાય છે. એ દિવસોમાં મોરબીમાં શાસ્ત્રી શંકરલાલ મહેશ્વર ભટ્ટ અષ્ટ-વધાનના પ્રયોગો કરી બતાવતા હતા. વળી એ જ સમય દરમિયાન મુંબઈમાં શ્રી ગટ્ટુલાલજી મહારાજ પણ એથી વધારે મોટી સંખ્યામાં અવધાનો કરી બતાવતા હતા. અવધાન એટલે અનેક ક્રિયાઓનું ચિત્તમાં એક સાથે અવધારણ કરવું અને તેને લગતા જવાબો તત્કાળ આપવા. એ જમાનામાં આવી ચમત્કારી શકિત-વાળા આ બે જ પુરુષોની લોકોને જાણ હતી. આ શંકરલાલ મહેશ્વરનાં અવધાનો શ્રીમદે મોરબીમાં જોયાં અને એ અવધાનોની પ્રકિયા તેમને તરત જ આત્મસાત્ થઈ ગઈ. ત્યાર બાદ શરૂઆતમાં ખાનગી મંડળોમાં અને પછી એક યા અન્ય શહેરોમાં જાહેર રીતે તેમણે અવધાનના પ્રયોગો કરી દેખાડવાનું શરૂ કર્યું. ૧૯ વર્ષની ઉમરે તેમણે મુંબઈમાં એક સાથે સો અવધાનો કરી દેખાડયાં. આ જોઈને મુંબઈમાં વસતો વિદ્વત્સમાજ તેમના ઉપર ખૂબ મુગ્ધ થયો અને તેમને સુવર્ણચંદ્રક અને 'સાક્ષાત સરસ્વતી'નું બિરૂદ આપવામાં આવ્યું. મુંબઈ હાઈકોર્ટના એ વખતના મુખ્ય ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજન્ટે આ અવધાનો જોઈને શ્રીમદ્‌ને યુરોપ જવાનો અને ત્યાંના લોકોને આ પ્રયોગો કરી બતાવવાનો અનુરોધ કર્યો.

આમ આ અવધાનોના કારણે શ્રીમદ્‌ની ખ્યાતિ અને પ્રતિષ્ઠા ખૂબ વધતી ચાલી અને તેમની માંગ વધવા લાગી. આ બધું છતાં પણ તેમને એક દિવસ એમ ભાસ્યું કે સ્મરણશકિતના એક વિશિષ્ટ

પ્રકારરૂપ આ અવધાનપ્રવૃત્તિનાં ચમત્કાર-પ્રદર્શનો આત્મોન્નત્તિને બાધક છે, આત્મોન્નત્તિ અને ચમત્કારપ્રદર્શન પરસ્પર-વિરોધી છે, અને તેવો વિચાર આવવા સાથે એવા પ્રયોગોનું જાહેર પ્રદર્શન કરવાનું તેમણે એકાએક બંધ કરી દીધું.

વિક્રમ સંવત ૧૯૪૪ માં એટલે કે ૨૦ વર્ષની ઉંમરે તેઓ ગૃહસ્થાશ્રમ ભણી વળ્યા. ગૃહસ્થાશ્રમમાં આ તેમનો પ્રવેશ કોઈ ભોગોપભોગના કામી યુવાનનો નહોતો; વૈરાગ્ય પૂરો પરિપકવ નહિ અને સાંસારિક પરંપરાનું દબાણ – આ સંયોગો તેમને ગૃહસ્થાશ્રમના સ્વીકાર તરફ ખેંચી ગયા. તેમનું ચિન્તન – મનન – રટણ તો આધ્યાત્મિક ભાવો સાથે સંકળાયેલું હતું. સં. ૧૯૪૪ ના માહ શુદ ૧૨ ના રોજ તેમનું ઝબકબાઈ સાથે લગ્ન થયું. આ ઝબકબાઈ મુંબઈના એ વખતના અગ્રગણ્ય ઝવેરી અને ગાંધીજીના મુંબઈ ખાતેના યજમાન શેઠ રેવાશંકર જગજીવનના મોટા ભાઈ શ્રી પોપટલાલનાં પુત્રી થાય.

લગ્નજીવનની શરૂઆતનાં ત્રણ વર્ષ તેમણે ખૂબ મન્થનમાં ગાળ્યાં. પોતાનું અધ્યાત્મચિન્તન તથા વૈરાગ્યભાવના અને ભોગપરાયણ ગૃહસ્થ જીવન વચ્ચે - આન્તર દશા અને બાહ્ય ઉપાધિ વચ્ચે – મેળ કેમ બેસાડવો – એ તેમના જીવનની એક મોટી સમસ્યા બની બેઠી. ત્રણ વર્ષ દરમિયાન તેમને એક પછી એક દિવ્ય અનુભૂતિઓ થવા લાગી, જેના પરિણામે તેમનું મન્થન શમી ગયું, ચિત્તનું સમાધાન થયું, સ્વીકૃત ગૃહસ્થાશ્રમમાં તેમનું ચિત્ત સ્થિર થયું, અને અધ્યાત્મપરાયણ મનોદશા અને સંસારી જીવન સાથે સુમેળ સધાયો.

વીશમા વર્ષે, તેઓ રેવાશંકર જગજીવન સાથે વ્યાપાર-વ્યવસાયમાં જોડાયા અને મુંબઈ ખાતે તેઓ સ્થાયીપણે વસતા થયા. શરૂઆતમાં કાપડ, કરિયાણું, અનાજ વગેરે મોકલવાની આડત તરીકે કામકાજ હતું. પાછળથી તેમની સાથે મોતી તથા ઝવેરાતનો વ્યાપાર પણ તેઓ કરવા લાગ્યા. પરંતુ આ સાથે તેમનું આંતરજીવન પણ વિકાસ પામતું રહ્યું હતું. વેપાર કરવા તેઓ દુકાને બેસતા ત્યારે એમની પેઢી ઉપર હિસાબી ચોપડા વગેરે તો હોય જ, પણ વધારે પ્રમાણમાં તેમની બાજુએ ધર્મગ્રંથો પડેલા જોવામાં આવતા. કામ પત્યું એટલે તેઓ ધર્મગ્રંથોના વાંચનમાં પરોવાઈ જતા અને બાજુએ પડેલી રોજનીશીમાં જે વિચારો કર્યા હોય, આવ્યા હોય તે ટપકાવતા. તેમણે પ્રમાણિકતાને – ન્યાયનીતિને – વળગી રહીને લાખોનો વ્યાપાર કર્યો અને સાથે સાથે તેમની આત્મસાધના પણ ખૂબ વધતી વિકસતી રહી.

આ વ્યવસાયકાળ દરમિયાન તેઓ અવાર નવાર મુંબઈ છોડીને ઠીક ઠીક સમય સુધી બહાર ચાલી જતા અને ચરોતર, સૌરાષ્ટ્ર, ઈડર વગેરે પ્રદેશોમાં આવેલાં એકાન્ત સ્થળોમાં – વનમાં કે પહાડમાં – રહેતા અને આત્મચિન્તનમાં નિમગ્ન બનતા. આ તેમની એકાન્તચર્યા તેમના તત્કાલીન જીવનની વિશેષતા હતી.

આમ સમય વહી રહ્યો હતો એ દરમિયાન શ્રીમદ્ રાજચન્દ્ર સાથે ગાંધીજીને પરિચય થયો. શ્રીમદ્ રાજચંદ્ર ગાંધીજીથી એક વરસ અને દશ મહિના મોટા હતા. ગાંધીજીનો વિક્રમ સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ ના રોજ જન્મ થયેલો. તેઓ ઈ. સ. ૧૮૯૧ ના જુલાઈ માસમાં (વિ. સં. ૧૯૪૭ માં) બેરિસ્ટર થઈને વિલાયતથી મુંબઈ ખાતે પાછા ફર્યા ત્યારે, રેવાશંકરભાઈના મોટા ભાઈ ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં ઉતરેલા, અને તેમણે શ્રીમદ્ રાજચંદ્ર સાથે ગાંધીજીને સૌથી પહેલી ઓળખાણ કરાવેલી. આ સંબંધમાં ગાંધીજી પોતે જ કહે છે કે "અમે પ્રથમ મળ્યા તે વેળાની મારી આધ્યાત્મિક સ્થિતિ કેવળ જિજ્ઞાસુની હતી. ઘણા પ્રશ્નો વિષે મનમાં શંકા રહેતી ... તે વેળા ધર્મ, હિંદુ ધર્મ, ગીતા વગેરે વિષે મને થોડું જ્ઞાન હતું. માતપિતા પાસેથી સહેજે પામ્યો હતો એની અહીં વાત નથી કરતો. મેં મારા પ્રયત્નથી ધર્મ વિષે બહુ જાણ્યું હોય એમ નહોતું. પણ મને ધર્મ વિષે જાણવાની ઉત્કંઠા રહેતી. તેથી રાયચંદભાઈનો સમાગમ મને ગમ્યો અને તેમનાં વચનોની અસર મારી ઉપર પડી."

વળી ગાંધીજી 'આત્મકથા' માં પણ નોંધે છે "પોતે (શ્રીમદ્) હજારોનો વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા, પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય – તેમનો પુરુષાર્થ – તો આત્મઓળખનો – હરિદર્શન – નો હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મ-પુસ્તક કે રોજનીશી તો હોય જ.

"તેમની બુદ્ધિને વિષે મને માન હતું, તેમની પ્રામાણિકતા વિષે પણ તેટલું જ માન હતું અને તેથી જાણતો હતો કે તેઓ મને ઈરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો."

એવી આધ્યાત્મિક ભીડનો એક મહત્ત્વનો પ્રસંગ, ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે આવ્યો. ગાંધીજીના કેટલાક ખ્રિસ્તી મિત્રો તેમને ખ્રિસ્તી થવા સમજાવી રહ્યા હતા હતા; તે વેળા ગાંધીજીના અંતરમાં ધર્મમંથન જાગ્યું હતું. ખ્રિસ્તી ધર્મનું અવલોકન કરતા ગાંધીજીને એ ધર્મ સંપૂર્ણ અને સર્વોપરી ન લાગ્યો. આ રીતે તેઓ જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરી શકતા નહોતા તેમ હિંદુધર્મની સંપૂર્ણતા કે સર્વોપરીપણા વિષે પણ તેઓ નિર્ણય ઉપર આવી શકતા નહોતા. આ જ રીતે તેમના મુસલમાન મિત્રો તેમને ઈસ્લામ તરફ ખેંચવાનો પ્રયત્ન કરતા હતા. આ બધાંથી તેઓ ખૂબ મૂંઝાઈ ગયા અને પોતાની આ મુંઝવણ – મુસીબત - તેમણે શ્રીમદ્ આગળ પત્રદ્વારા રજૂ કરી. શ્રીમદ્જી ગાંધીજીને ધીરજ રાખવા ને હિંદુધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. આ ઉપરાંત પંચીકરણ, મણિરત્નમાળા, યોગવશિષ્ટનું મુમુક્ષુ પ્રકરણ વગેરે હિન્દધર્મનો પરિચય આપતું કેટલુંક ધાર્મિક સાહિત્ય ગાંધીજી ઉપર મોકલ્યું. આ રીતે તે બન્ને વચ્ચે અત્યન્ત બોધક એવો પત્રવ્યવહાર ચાલુ થયો. શ્રીમદ્નો પક્ષપાત જૈન દર્શન ઉપર હતો. એમ છતાં તેમણે કદિ પણ ગાંધીજીને જૈનધર્મના સ્વીકાર તરફ વાળવા કે ઢાળવા પ્રયત્ન કર્યો નહોતો. શ્રીમદ્ રાજચંદ્ર સાથેના પત્રવ્યવહારનું પરિણામ ગાંધીજીને હિન્દુધર્મમાં સ્થિર કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ના દેહાન્ત સુધી, તેમની સાથેનો ગાંધીજીનો પરિચય ઉત્તરોત્તર વધતો રહ્યો હતો, અને તેમના વિચારોથી ગાંધીજી સતત પ્રભાવિત બનતા રહ્યા હતા.

ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રની પોતાના જીવન ઉપર પડેલી પ્રબળ અસરને નીચેના શબ્દોમાં વર્ણવી છે. "મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે." (શ્રીમદ્ રાજચંદ્ર એ દિવસોમાં 'કવિ' નામથી પણ ઓળખાતા હતા.) વળી અન્ય સ્થળે ગાંધીજી લખે છે કે "મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે–ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ટૉલ્સ્ટૉયે તેમના પુસ્તક 'The Kingdom of God is Within You' વડે અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી, રસ્કિને તેમના એક જ પુસ્તક 'Unto This Last' વડે અને રાયચંદભાઈએ તેમની સાથેના ગાઢ પરિચય વડે."

એટલું જ નહિ પણ, ગાંધીજી તો એટલે સુધી કહે છે કે "મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટૉલ્સ્ટૉય અને રસ્કિન કરતાં પણ શ્રીમદે મારા ઉપર વધારે ઊંડી અસર કરી છે."

હવે આપણે શ્રીમદ્ રાજચંદ્રની જીવનકથાના અંતિમ ભાગ તરફ વળીએ. સંવત્ ૧૯૫૫–૫૬ ની સાલમાં બહોળા વ્યાપાર

વ્યવસાય અંગેના પરિશ્રમના પરિણામે શ્રીમદ્‌ની તબિયત લથડવા લાગી. તેમનું મન પણ ધંધાવ્યવસાયથી વિમુખ બનવા લાગ્યું. તેમને લાગવા માંડ્યું કે ધંધાનો હેતુ પૂર્ણ થયો છે અને કેવળ આત્મ-સાધના તરફ હવે વળવું ઘટે છે. આ દિવસોમાં તેમના માતા-પિતા તથા પત્ની હયાત હતાં; તેમને બે પુત્રો અને બે પુત્રીઓ હતાં અને એક ભાઈ (સ્વ. મનસુખલાલ રવજીભાઈ મહેતા) અને ચાર બહેનો હતી. પૈસે ટકે કુટુંબ સુખી હતું. તેમનું દિલ સંન્યાસ લેવા તત્પર થયું હતું, પણ લથડતા જતા સ્વાસ્થ્યને કારણે એ શક્ય રહ્યું નહોતું. છેલ્લી અવસ્થાએ તેમને સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડ્યો, અને સંવત ૧૯૫૭ ના ચૈત્ર વદ પાંચમે, (ઈ. સ. ૧૯૦૧ ની સાલમાં) ૩૩ વર્ષનું ટૂંકું પણ બીજી રીતે જ્ઞાન, ધ્યાન અને અનુ-ભવ વડે અત્યંત સમૃદ્ધ એવું જીવન ભોગવીને, તેમણે રાજકોટ મુકામે દેહત્યાગ કર્યો. આમ તેમનો ક્ષરદેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો, પણ તેમનો અક્ષરદેહ આજે પણ જીવન્ત છે અને અનેકને પ્રેરણા આપી રહ્યો છે.

તેઓ અઢળક લેખનસાહિત્ય મૂકી ગયા છે, જે 'શ્રીમદ્‌ રાજચંદ્ર' નામના બૃહદગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવેલ છે. તેમનાં પત્રોનો વિપુલ સંગ્રહ પણ એ ગ્રંથમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. તેમની અનેક કૃતિઓમાં (૧) સ્ત્રીનીતિબોધ વિભાગ-૧ (૧૬ વર્ષની વય પહેલાં લખાયલાં લખાણો), (૨) પુષ્પમાળા (૧૬ વર્ષની વય દરમિયાન લખાયલી), (૩) મોક્ષમાળા (૧૬ વર્ષ અને પાંચ માસની વયે ત્રણ દિવસમાં લખાયલી), (૪) ભાવના બોધ (૧૭ વર્ષની વયે લખાયેલ, (૫) આત્મસિદ્ધિશાસ્ત્ર (૨૯ વર્ષની વયે એક જ બેઠકે લખાયેલ) મુખ્ય છે. આમાં પણ આત્મસિદ્ધિ શાસ્ત્ર તેમના આધ્યા-ત્મિક પરિપાક અને ધાર્મિક અનુભવોના નીચોડરૂપ છે. એ જ અરસામાં એટલે કે ૨૯ વર્ષની વય દરમિયાન રચાયેલ "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" પણ તેમની અનેક કાવ્યરચનાઓમાં સર્વશ્રેષ્ઠ છે. તેમાં તેમના અન્તરમાં સતત રમી રહેલ આધ્યાત્મિક ભાવના બહુ સુન્દર રીતે પ્રતિબિંબિત થઈ છે અને જૈન ધર્મની સમગ્ર વિચારસરણીનું તેમાં સુરેખ નિરૂપણ છે. ગાંધીજીએ આ ભાવ-નાકાવ્યને પોતાની આશ્રમ ભજનાવલિમાં વિશિષ્ટ સ્થાન આપ્યું છે.

શ્રીમદ્‌ રાજચંદ્રનાં લખાણો અંગે અભિપ્રાય દર્શાવતાં ગાંધી-જીએ જણાવ્યું છે કે "તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ તેમણે લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારું એક લીંટી પણ તેમણે લખી હોય એમ મેં જોયું નથી."

શ્રીમદ્‌ રાજચંદ્રનું વાંચન ધાર્મિક સાહિત્યના વિશાળ ક્ષેત્રને સ્પર્શેલું હતું. આમ છતાં પણ તેમની સમગ્ર વિચારસરણી જૈન તત્ત્વ-દર્શનના ગાઢ રંગે રંગાયલી હતી. તેમને જિનકથિત માર્ગમાં અપાર શ્રદ્ધા હતી, તેમને જૈન ધર્મનું તલસ્પર્શી જ્ઞાન હતું અને એ જ્ઞાન અનેક અનુભૂતિ અને પ્રતીતિ ઉપર આધારિત હતું. દાખલા તરીકે ૨૬મા વર્ષે લખેલા એક પત્રમાં તેમણે જણાવ્યું છે કે "પુનર્જન્મ છે, જરૂર છે, એ માટે હું અનુભવથી કહેવામાં અચલ છું." અંગત અનુભૂતિના આધાર સિવાય આટલું સચોટપણે કોઈ કહી ન જ શકે. આ મુજબ તેમના જીવનમાં પૂર્વભવ - સ્મરણની કેટલીક ઘટનાઓ નોંધાયલી છે. પોતાની જાતને તેમણે ભગવાન મહાવીરના એક શિષ્ય તરીકે ઓળખાવેલ છે અને અમુક પ્રકારના પ્રમાદના કારણે તેમને ૮૦૦ જેટલા ભવ કરવા પડ્યા છે એમ તેમણે પોતા વિષે જણાવ્યું છે. અદૃષ્ટ દર્શન અને ભાવી સૂચનની અનેક ઘટનાઓનો પણ તેમના જીવનમાં નિર્દેશ થયેલો જોવામાં આવે છે. આ ઘટનાઓનું તથ્ય આજના વૈજ્ઞાનિક અને તર્કશીલ યુગમાં સ્વીકારવું શક્ય નથી. આમ છતાં પણ, આવા વ્યક્તિવિશેષના વ્યક્તિત્વને યથાસ્વરૂપે ગ્રહણ કરવું હોય તો તેમના જીવનમાં જેનું મહત્ત્વભર્યું સ્થાન છે એવી આ ચમત્કારિક ઘટનાઓની ઉપેક્ષા કરવી તે યોગ્ય નથી.

દુનિયાના ઈતિહાસમાં મોટી મોટી ઉથલપાથલ અને ક્રાન્તિઓ નિર્માણ કરનારા પુરુષો સાથે સરખાવતાં શ્રીમદ્‌ રાજચંદ્ર અંગે એમ જરૂર કહેવું રહ્યું કે તેમણે માનવી જીવનમાં કોઈ મોટી ઉથલ-પાથલ કરી નહોતી, અથવા તો કોઈ અશાન્તિજનક સંક્ષોભ પેદા કર્યો નહોતો. તેઓ કોઈ વિષય કે વિચારના ઉદ્‌ગમ પ્રચારક નહોતા. તેમ જ તેઓ કોઈ ક્રાન્તિના સર્જક નહોતા. સાંસારિક કે ભૌતિક મહત્ત્વાકાંક્ષા તેમને કદિ સ્પર્શી નહોતી, અને આત્મપ્રસિદ્ધિ કે શક્તિના પ્રદર્શનથી પણ તેમણે દૂર રહેવાનું પસંદ કર્યું હતું. એક ખૂણે જલતી, શાન્ત, સ્વસ્થ અને ચોતરફ સૌમ્ય પ્રકાશ પાથરતી જ્યોતિશિખા જેવું તેમનું જીવન હતું. તેમની વૈચારિક અભિવ્ય-કિતનું વાહન—ગદ્યમાં કે પદ્યમાં પણ—માત્ર ગુજરાતી ભાષા હતું અને તેમનું કાર્ય પણ મર્યાદિત ક્ષેત્ર અને સમુદાય પૂરતું સીમિત હતું. આમ હોવાથી દુનિયાનો મોટો ભાગ હજુ સુધી તેમનાથી અજાણ રહ્યો છે. પણ આ પ્રસિદ્ધિના યુગમાં જેમ જેમ તેમના વિષે જાણકારી વધતી જશે, જેમ જેમ તેમનાં લખાણો અન્ય ભાષા-ઓમાં અનુવાદિત થતાં જશે, તેમ તેમ આ દુનિયા તેમને વધારે ને વધારે ઓળખતી જશે અને આ ધરતી ઉપર આવી નિર્મળ, સત્યશીલ તેમ જ સત્ત્વશીલ, આત્મખ્યાતિ ધરાવતી, એકાન્ત ઉપકારક વ્યક્તિના અસ્તિત્ત્વ વિષે આશ્ચર્ય અનુભવશે અને તેમના જીવન-માંથી અખૂટ એવી પ્રેરણા મેળવશે.

આપણા દેશમાં અનેક સાધુસંતો અને મહાત્માઓ થઈ ગયા છે. આમાં સંત જ્ઞાનેશ્વર, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ અને શ્રીમદ્‌ રાજચંદ્ર અલ્પાયુષી હોઈને એકદમ જુદા તરી આવે છે. આમ વિચારીએ છીએ ત્યારે ૩૩ વર્ષના ટૂંકા ગાળામાં જેમની જીવનલીલા સંકેલાઈ ગઈ હતી તે ભગવાન ઈશુ પણ આપણને યાદ આવે છે.

આ સન્તોની હારમાળામાં પણ શ્રીમદ્‌ રાજચંદ્રની વિભૂતિ એક બીજા કારણસર આપણું સવિશેષ ધ્યાન ખેંચે છે. આપણા સન્તો મોટા ભાગે બ્રહ્મચારી હતા અને એમ નહિ તો સંસારત્યાગી હોવાનું માલુમ પડે છે, જ્યારે શ્રીમદ્‌ રાજચંદ્રે તો ૧૪ વર્ષનો એકધારો ગૃહસ્થાશ્રમ ભોગવ્યો છે, અને લગભગ દશ-અગિયાર વર્ષ વ્યાપારવ્યવસાયમાં તેઓ ગ્રસ્ત રહ્યા છે, અને એમ છતાં તેમની આધ્યાત્મસાધના કદિ અટકી નથી, એટલું જ નહિ પણ, ઉત્કૃષ્ટ કોટિએ પહોંચી છે.* આમ સાંસારિક ઉપાધિઓ અને જવાબદારીથી વીંટળાયેલા અને એમ છતાં, સતત આત્મલક્ષી, પાપભીરુ, જાગૃત અને અનેક લોકોના માર્ગદર્શક, પથપ્રદર્શક, તત્ત્વદર્શી—આવી વ્યક્તિની જોડ સાધુસન્તોને લગતી તવારીખમાં વિરલ જોવા જાણવા મળે તેમ છે. આજે પણ તેઓ અનેકને પ્રેરણાદાયી બની રહ્યા છે, અનેકના આન્તરજીવનને અજવાળી રહ્યા છે. તેમના વિષેના ગાંધીજીના શબ્દોને ટાંકું તો, "શ્રાવક છતાં શ્રાવક અને વૈષ્ણવના વાડાની પાર જઈ, પ્રાણીમાત્ર સાથે અભેદ સાધનારા, મોક્ષને કિનારે પહોંચેલા, વણિક છતાં અને ધનપ્રાપ્તિની શક્તિ છતાં, ધનપ્રાપ્તિ માટેનાં સાહસ છોડી ઈશ્વર-પ્રાપ્તિનાં સાહસ સાધનારા આધુનિક જમાનાના એક ઉત્તમોત્તમ દિવ્ય દર્શન કરનારા એવા અદ્વિતીય પુરુષ રાયચંદભાઈ હતા." આવા રાયચંદભાઈને અથવા તો શ્રીમદ્‌ રાજચંદ્રને તેમના જન્મશતાબ્દી દિને આપણાં અનેક વન્દન હો!

પરમાનંદ

શ્રીમદ્‌ રાજચંદ્ર : એક સ્મરણોંધ

ગઈ કાર્તક શુદ પૂર્ણિમા એટલે કે ઓક્ટોબર માસની ૧૭ મી તારીખે દેશભરમાં અનેક સ્થળોએ શ્રીમદ્‌ રાજચંદ્રની જન્મશતાબ્દી ઊજવાઈ ગઈ. આ પ્રસંગે તેમના નામ અને કાર્ય સાથે જોડા-

* આ રીતે વિચારતાં સોનીનો વ્યવસાય કરતાં છતાં સતત તત્ત્વલક્ષી કવિ અખા ભગતનું સહજ સ્મરણ થાય છે.

થેલા મારા નાનપણનાં કેટલાંક સ્મરણો અહિ રજૂ કરૂં તો અસ્થાને નહિ ગણાય.

શ્રીમદ્ રાજચંદ્રનું નામ હું મારા બાળપણથી સાંભળતો આવ્યો છું. મારા પિતાશ્રીથી મોટા એક ભાઈ હતા. તેમને અમે 'લલ્લુદાદા' ના નામથી ઓળખતા. તેમને પક્ષાઘાતની અસર થયેલી. તેની સારવાર માટે તેમને મારા પિતાશ્રી મુંબઈ લઈ આવેલા, અને આજે પણ જેને "દાદી શેઠ અગિયારી લેઈન" કહે છે એ લત્તામાં તેઓ ઊતરેલા, અને એ નિમિત્તે તેમને એક બે માસ મુંબઈમાં રોકાવાનું બનેલું. શ્રીમદ્ રાજચંદ્રને એ દિવસોમાં રાયચંદભાઈ તરીકે સૌ કોઈ ઓળખતા. તે મારા પિતાશ્રીના નિવાસસ્થાનની બહુ નજીકમાં રહેતા, અને મારા પિતાશ્રી તેમની પાસે રાત્રિના સમયે લગભગ હંમેશાં જતા, અને કલાક બે કલાક ધર્મચર્ચા કરતા. તેમની સાથે મારા પિતાશ્રીને પત્રવ્યવહાર પણ થયો હતો. આ બધું મેં મારા પિતાશ્રી પાસેથી પછીનાં વર્ષો દરમિયાન જાણેલું.

મારી બાર તે વર્ષની ઉંમરે મારા પિતાશ્રી સાથે મુંબઈ અવારનવાર આવવા જવાની શરૂઆત થયેલી. મુંબઈમાં વસતા કાપડના વ્યાપારી શેઠ ત્રિભુવનદાસ ભાણજી મારા પિતાના મામા થાય. તેઓ સાન્તાક્રુઝમાં આવેલા 'વીલર વીલા' નામના પોતાના બંગલામાં રહેતા, અને એ જ બંગલામાં શ્રીમદ્ રાજચંદ્રના કૌટુંબિક સંબંધી અને ઝવેરાતના વ્યાપારના ભાગીદાર શેઠ રેવાશંકર જગજીવન પણ રહેતા. મને યાદ છે તે મુજબ હું મારા પિતાશ્રી સાથે સાંતાક્રુઝ ત્રિભુવનમામાને ત્યાં અવારનવાર જતો અને શ્રીમદ્ રાજચંદ્રના અનુરાગી એવા આ ત્રણ મહાનુભાવો વચ્ચે ચાલતી શ્રીમદ્ વિષેની અનેક ચર્ચાઓ સાંભળતો. વળી એ જ અરસામાં પરમશ્રુત પ્રભાવક મંડળ તરફથી પ્રગટ થયેલો 'શ્રીમદ્ રાજચંદ્ર' નામનો ઘણો મોટો દળદાર ગ્રંથ પહેલીવાર મારા જોવામાં આવેલો. આ ગ્રંથ મારા પિતાશ્રીએ પોતાના પુસ્તકાલય માટે વસાવેલો અને તેથી તે ગ્રંથ ઉપર અવારનવાર નજર નાંખવાનું બનતું. તેમના વિષે આથી વધારે ઊંડાણમાં ઊતરવાને હું ત્યારે પ્રેરાયેલો નહીં. આમ છતાં "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" એ કાવ્ય તરફ ત્યારથી આકર્ષાયેલો એવું કંઈક મને યાદ છે.

છઠ્ઠી અંગ્રેજીમાં હતો ત્યારે સુરત કૉંગ્રેસમાં ગયેલો. એ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્રના નાના ભાઈ મનસુખલાલ રવજીભાઈ પણ સુરત કૉંગ્રેસમાં આવેલા અને તેમની સાથે સમાગમ થયેલો. તેમના દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર વિષે પણ નવું નવું જાણવાનો સુયોગ મને પ્રાપ્ત થયા કરતો. આ રીતે શ્રીમદ્ રાજચંદ્ર વિષે મારા દિલમાં આકર્ષણ વધતું રહ્યું હતું.

મારા પિતાશ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના એક આગેવાન હતા. ધર્મશાસ્ત્રોના બહુ મોટા અભ્યાસી હતા. તે વખતના શ્વેતાંબર સંપ્રદાયના પ્રમુખ આચાર્યો અને સાધુમુનિરાજોના ગાઢ સંપર્કમાં તેઓ રહેતા. હું પણ અવારનવાર મારા પિતાશ્રી સાથે આ સાધુમુનિરાજો પાસે જતો અને તેમની વાતો સાંભળતો. મારા પિતાશ્રી શ્રીમદ્ રાજચંદ્રના પૂર્વપરિચિત હતા અને તેમના વિષે તેઓ પક્ષપાત ધરાવતા હતા. આ સાધુમુનિરાજો અવારનવાર શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણોની ખૂબ ટીકા કરતા અને તેમનાં આ કે તે વિધાનો ધર્મશાસ્ત્રોની અથવા તો આગમકથનોની કેટલાં વિરુદ્ધ છે તે તારવી તારવીને તેમની આગળ તેમ જ અન્ય વ્યક્તિઓ સમક્ષ ધરતા, અને શ્રીમદ્ રાજચંદ્ર સરવાળે મિથ્યાત્વપ્રરૂપક છે એ હદ સુધીનો અભિપ્રાય ફેલાવવા તેઓ પ્રયત્ન કરતા. મારા પિતાશ્રી ઉપર આ આચાર્યોનો તેમ જ સાધુમુનિરાજોનો પણ એ દિવસોમાં ખૂબ જ પ્રભાવ હતો, અને તેથી આ બધું તેઓ મૂંગા મોઢે સાંભળી લેતા.

એ વખતે ધર્મતત્ત્વ અંગેની મારી સમજણ ઓછી, આમ છતાં પણ, આ આચાર્ય મુનિરાજોની આવી ટીકાઓ મને ખૂંચ્યા કરતી અને તેમની દલીલો તાત્ત્વિક નહીં પણ શાબ્દિક છે એમ મને લાગ્યા કરતું.

અનુભવ અને સમજણ વધ્યા બાદ મને આખરે પ્રતીતિ થઈ કે શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણો અંગેની તેમની ટીકામાં કેવળ તેજોદ્વેષ જ કાર્ય કરી રહ્યો હતો. સંપ્રદાયના આ સાધુઓ ગૃહસ્થો કરતાં પોતાને અનેકગણા ચડિયાતા માનતા હોય છે, અને પરિણામે ગૃહસ્થ જીવનમાં રહેલી કોઈ વ્યક્તિને આવો આધ્યાત્મિક ઉત્કર્ષ અને તાત્વિક બાબતો અંગે આટલી ઊંડી સમજણ સંભવી શકે છે એ તેમની કલ્પનામાં જ આવતું હોતું નથી અને કલ્પનામાં કદાચ આવે તો પણ તેમ સ્વીકારવાને તેઓ તૈયાર હોતા નથી, અને પરિણામે આવા પુરુષોને ઉતારી પાડવામાં, તેમનાં લખાણો માંથી દૂધમાંથી પોરા કાઢવાની માફક વાંધા પડતાં વિધાનો તારવી કાઢવામાં, અને પોતાના અનુયાયીઓ સમક્ષ આગળ ધરવામાં તેઓ એક પ્રકારનો રસ દાખવતા માલુમ પડે છે. આવી તેમની મનોદશા શ્રીમદ્ રાજચંદ્ર જેવા મહાપુરુષોનાં સાચાં મૂલ્યાંકનથી તેમને સદાને માટે વંચિત રાખે છે.

આ ચર્ચાના સંદર્ભમાં બીજી પણ એ હકીકત ધ્યાનમાં લેવી ઘટે છે કે શ્રીમદ્ રાજચંદ્ર કેવળ શાસ્ત્રપંડિત નહોતા. તેમનું શાસ્ત્રજ્ઞાન અનેક આધ્યાત્મિક અનુભૂતિઓ અને પારદર્શક જીવનદર્શન ઉપર આધારિત હતું. તેઓ મૌલિક ચિંતક હતા. આવા પુરુષનાં લખાણો, બનવા જોગ છે કે આગમના – શાસ્ત્રોના – શબ્દો સાથે કદાચ સોએ સો ટકા બંધબેસતા ન હોય. આમ છતાં તેમનાં લખાણોમાં જૈન તત્ત્વનું આબેહૂબ નિરૂપણ હતું, જૈન ધર્મનો નીચોડ હતો, એમ કહેવામાં લેશ માત્ર અતિશયતા નથી. **પરમાનંદ**

* * *

(હવે પછી શ્રીમદ રાજચન્દ્રના લખાણો અને પદ્યરચનાઓમાંથી નમુના રૂપે તેમની કાંઈક અટપટી એવી ભાષાનો ખ્યાલ આપતું એક ગદ્યલખાણ અને તેમની એક સુપ્રસિદ્ધ પદ્યરચના ક્રમસર આપવામાં આવે છે. તંત્રી)

અધ્યાત્મ ષટ્પદી

(આત્મજ્ઞ પુરુષ શ્રીમદ્ રાજચંદ્રના છ પદનો પત્ર આત્મા સંબંધીનું યથાર્થ જ્ઞાન ઉત્પન્ન કરનારો હોઈ મુમુક્ષુ આત્માઓને હિતનું કારણ બને તેવો હોઈ અત્રે આપવામાં આવ્યો છે. આત્મા છે, તે નિત્ય છે, તે કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે. આત્માનો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય સમ્યગ્ જ્ઞાન, દર્શન, (શ્રદ્ધા) અને ચારિત્ર્યરૂપ ધર્મ પણ છે - એ છ પદો પ્રત્યેક આત્માને સમ્યગ્ શ્રદ્ધા (સમ્યગ્ દર્શન) ઉત્પન્ન કરવા માટે તથા આત્માનું મલીન સ્વરૂપ શું છે અને શુદ્ધ સ્વરૂપ કેવું છે અને મલીનતા (કર્મમળ) હઠાવી શુદ્ધ સ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એ આત્મિક જ્ઞાન ઉત્પન્ન કરવા માટે છ પદોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. આ છ પદોની શ્રીમદ્ રાજચંદ્રે લખેલા એક પત્રમાં સંક્ષેપમાં સમજૂતી આપી છે.)

શુદ્ધ આત્માસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્ દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

'આત્મા છે'

પ્રથમ પદ: 'આત્મા છે.' જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વ-પરપ્રકાશ એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિશે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

'આત્મા નિત્ય છે.'

બીજું પદ: 'આત્મ નિત્ય છે.': ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગોએ કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે: કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહિ.

'આત્મા કર્તા છે.'

ત્રીજું પદ: 'આત્મા કર્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ - ક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રીજિને વિવેચ્યું છે; પરમાર્થથી

સ્વભાવ-પરિણતિએ નિજ સ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

'આત્મ ભોકતા છે'

ચોથું પદ : 'આત્મા ભોકતા છે' : જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાધાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ (ક્રોધ, માન, માયા, લોભ) કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોકતા છે.

'મોક્ષપદ છે'

પાંચમું પદ : 'મોક્ષપદ છે' : જે અનુપચરિત વ્યવહારથી જીવને, કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોકતાપણું નિરૂપણ કર્યું - તે કર્મનું ટળવાપણું પણ છે; કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય, પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધ-ભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી, તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

'મોક્ષનો ઉપાય છે.'

છઠું પદ : 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં, પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળા એવાં જ્ઞાન, દર્શન (સમ્યગ્ શ્રદ્ધા), સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે, જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાની પુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપ-મુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચય રૂપ જાણવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે એમ પરમ પુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના (ઉપદેશ) પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યગ્ દર્શનને પ્રાપ્ત થાય, સમ્યગ્ દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ-પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી એકતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે એમ સ્પષ્ટ, પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ, અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઈષ્ટઅનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધા રહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવા પરમ પુરુષના વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિ કાળમાં પણ તેમ જ થશે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો. અપૂર્વ

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો. અપૂર્વ

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તો પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ

પંચ વિષયમાં રાગ – દ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ ગણ,
વિરચવું ઉદયાધીન પણ, વીતલોભ જો. અપૂર્વ

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ

બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો.
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશયશુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ

મોહ-સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો. અપૂર્વ

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જ્યાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, સટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જ્યાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્તસુસ્થિત જો:
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો. અપૂર્વ

મહામના કવિ કાન્તનો પુણ્યપરિચય

(સ્વ. કવિ મણિશંકર રત્નજી ભટ્ટ, જેઓ 'કાન્ત' ના તખલ્લુસથી કાવ્યો લખતા હતા તેમની જન્મશતાબ્દી મુંબઈ તેમ જ અન્યત્ર ગયા ઓકટોબર માસના બીજા પખવાડિયામાં ઉજવવામાં આવી હતી. તેમના ભવ્ય વ્યકિતત્વનો–કવિ તરીકેની તેમની મસ્તી તથા ખુમારીનો–'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પરિચય થાય એ હેતુથી તેમની સાથેનો મને જે થોડો પરિચય હતો તે એક ટૂંકી નોંધના આકારમાં નીચે રજુ કરવામાં આવે છે. એ ઉપરાંત 'ગ્રંથ' ના કાન્ત શતાબ્દી અંકમાંથી બે લખાણો નીચે ઉદ્‌ધૃત કરવામાં આવ્યા છે. પરમાનંદ)

સ્મરણનોંધ : ૧

સ્વ. કવિવર મણિશંકર રત્નજી ભટ્ટનો જન્મ સૌરાષ્ટ્રમાં ચાંવંડ ગામે ઈ. સ. ૧૮૬૭ ના નવેંબર માસની ૨૦મી તારીખે થયેલો અને ઈ. સ. ૧૯૨૩ના જુન માસની ૧૬મી તારીખે કાશ્મીરના પ્રવાસેથી પાછા ફરતાં રાવલપીંડીથી લાહોર આવતી મેલ ટ્રેનમાં તેમનું અવસાન થયું. તેમના આ ૫૬ વર્ષના જીવનનો ઘણોખરો ભાગ તેમણે ભાવનગરમાં જ વ્યતીત કરેલો. મારો પણ ઉછેર અને હાઈસ્કૂલ સુધીનું ભણતર ભાવનગરમાં જ થયેલું અને પછીનાં વર્ષો દરમિયાન ભાવનગર અવારનવાર આવવાનું અને ઠીક સમય ભાવનગરમાં રહેવાનું બનતું. અને એ સમયના ગાળામાં એક યા બીજા નિમિત્તે કવિ કાન્તને અવારનવાર મળવાનું અને તેમની સાથે ચર્ચા-વાર્તા કરવાનું બનતું. મારા સ્મરણ પ્રમાણે તેમણે અમુક સમય ભાવનગરની સામળદાસ કૉલેજમાં કામ કરેલું અને પછી ભાવનગર રાજ્યના શિક્ષણાધિકારી અમારી હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે થોડો સમય કામ કરેલું. હું હાઈસ્કૂલના અન્તિમ વર્ષોમાં હતો ત્યારે તેમને હાઈસ્કૂલમાં આવતા જતા મેં અનેક વાર જોયેલા અને સાંભળેલા. કૉલેજ અને પછીના અભ્યાસકાળ-દરમિયાન એક જિજ્ઞાસુ તરીકે તેમની પાસે તેમના ઘેર હું અવારનવાર જતો અને સાહિત્ય, સમાજ અને રાજકારણ–મનમાં જે વિષય આવ્યો–તેને લગતા સવાલો હું તેમને પૂછતો અને ખૂબ વત્સલ ભાવથી તેઓ જવાબ આપતા અને મારા મનનું તેઓ સમાધાન કરતા, અને મને તેમનાથી નવો પ્રકાશ મળતો.

સમય જતાં આપણા દેશમાં ગાંધીજીના નેતૃત્વ નીચે અસહકારનું આન્દોલન શરૂ થયું અને આખા દેશમાં રાષ્ટ્રીય ભાવનાનો એક ઘણો મોટો જુવાળ આવ્યો. આન્દોલનના પ્રારંભના દિવસોમાં થોડા સમયના ગાળે એમ બે વાર આખા દિવસનો ઉપવાસ કરવા દેશજનોને ગાંધીજીએ હાકલ કરેલી. એ વાતાવરણથી રંગાયલા અમો કેટલાક મિત્રોએ પણ એ દિવસોએ ઉપવાસ કરેલા અને આ બન્ને દિવસોએ અસહકારની ચળવળના સમર્થનમાં મેં મારે ત્યાં અમુક મિત્રોની સભા ગોઠવેલી. આ બન્ને સભાઓમાં મારી વિનંતિને માન આપીને નિડરતાની મૂર્તિસમા કવિ કાન્ત પધારેલા અને પ્રમુખસ્થાન સ્વીકારીને તત્કાલીન અસહકાર–આન્દોલનની તેમણે ભારે નિડર અને વિશદ સમાલોચના કરેલી. એ સભાઓનું ચિત્ર આજે પણ મારા ચિત્ત ઉપર સુઅંકિત રહેલું છે.

ભાવનગરમાં તેમનાં ભાષણો મેં પાંચ છ વાર સાંભળ્યા હશે. તેમને ભાષણ કરતાં સાંભળવા એ એક લહાવો હતો. તેમની ભાષામાં અપૂર્વ માધુર્ય હતું, અને તેમના નિરૂપણમાં અસાધારણ સચોટતા અને પ્રવાહિતા હતી. તે મધુર વાણીનો રણકાર આજે પણ જાણે કે કે કાનમાં સંભળાય છે. એક દિવસ ભાવનગરથી હું મુંબઈ જવા નીકળેલો અને તેઓ તથા કવિ ત્રિભુવન પ્રેમશંકર ભટ્ટ મારી સાથે બીજા વર્ગમાં હતા. આ ટૂંકા પ્રવાસ દરમિયાન તેમની સાથે ઘણી વાતો કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડેલું. તેમની ભવ્ય આકૃતિ, મસ્ત આંખો, મધુર વાણી આજે પણ મને એટલાં જ યાદ છે. તેમના ધર્માન્તર વિષે–હિન્દુ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મમાં અને પાછા હિન્દુ ધર્મમાં–મેં ઘણું સાંભળેલું, પણ તે વિષે તેમની સાથે કદિ વાતો થયેલી નહિ. મારી વાતો મોટા ભાગે રાજકારણ અને સાહિત્ય પૂરતી મર્યાદિત રહેલી. દેશના તત્કાલીન નવા ઉત્થાનમાં તેમને ખૂબ રસ હતો. તેઓ Moody છે, મનસ્વી પ્રકૃતિના છે એવો સાધારણ ખ્યાલ હતો. આ કારણે તેમની પાસે લોકો જતા ડરતા. પણ મને તેમના વિષે આવો કદિ અનુભવ થયો નહોતો. મારે મન તેઓ મૂર્તિમન્ત માધુર્ય હતા.

તેમની ગયા પખવાડિયા દરમિયાન મુંબઈ ખાતે જન્મશતાબ્દી ઊજવાઈ ગઈ. તા. ૨૦મી નવેમ્બરના રોજ ભારતીય વિદ્યાભવનમાં શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખપણા નીચે આ નિમિત્તે એક જાહેર સભા યોજવામાં આવી હતી અને કવિ કાન્તને અને તેમની કવિતાને અધિકૃત વ્યકિતઓ તરફથી ભવ્ય અંજલિઓ આપવામાં આવી હતી. તા. ૨૫મી ના રોજ તેમના સાહિત્ય સર્જન અંગે શ્રી ઉમાશંકર જોષીના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે એ જ સ્થળે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો અને તેમાં પણ અનેક સાક્ષરો અને સાહિત્યકારોએ ભાગ લીધો હતો. પરિચય ટ્રસ્ટ તરફથી શ્રી યશવંત દોશીના તંત્રીપણા નીચે પ્રગટ થતા ગ્રંથ માસિકનો ઓકટોબર માસનો અંક કાન્ત શતાબ્દી વિશેષાંક તરીકે પ્રગટ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે, સ્વ. કવિ સાથે મારા ચિત્તમાં સંગ્રહાયેલા થોડાંક સ્મરણો અહિ રજૂ કરવા સાથે, હું પણ તેમને મારા અન્તરની અંજલિ આપું છું.

પરમાનંદ

પૂરક નોંધ: સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટની હયાતી દરમિયાન કે એ પછી - મને ચોક્કસ યાદ નથી - ભાવનગરના જાણીતા બુકસેલર ને ત્યાં એકવાર જવાનું બનતાં તેમણે મારા હાથમાં એક ચોપડી મૂકી. તેનું નામ ગીતાંજલિ હતું. તે ભાવનગરનાં સ્વ. મહારાણી નંદકુંવરબાએ પ્રસિદ્ધ કરી હતી. તે કવિવર ટાગોરે પોતે જ પ્રસિદ્ધ કરેલ અંગ્રેજી ગીતાંજલિનું આ ગુજરાતી ભાષાન્તર હતું. તેની પ્રસ્તાવના કે ઉપોદ્‌ઘાત મણિશંકર રત્નજી ભટ્ટે લખેલો હતો તે ઉપરથી અનુવાદક અંગે તેમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન હોવા છતાં, પ્રસ્તુત અનુવાદ તેમનો જ કરેલો હોવો જોઈએ, એવું પરિપકવ અનુમાન થયું. તે ચોપડી મેં ખરીદી અને વાંચી જતાં મને ખૂબ આનંદ થયો. જાણે કે મૂળ ગુજરાતી ભાષામાં જ ગીતાંજલિ લખાયેલ હોય એવો અદ્‌ભુત અને પ્રસાદપૂર્ણ તે અનુવાદ લાગ્યો. એ દિવસોમાં ભાગ્યે જ કોઈ જાણતું હતું કે સ્વ. મણિશંકરે મૂળ અંગ્રેજી ગીતાંજલિનો ગુજરાતી ભાષામાં આવો કોઈ અનુવાદ કર્યો છે. આ અનુવાદથી હું એટલો બધો પ્રભાવિત થયેલો કે તે ચોપડીની મેં ઘણી નકલો ખરીદેલી અને મિત્રોમાં વહેંચેલી. વર્ષો બાદ સસ્તું સાહિત્યવર્ધક મંડળના સંચાલક શ્રી મનુ સુબેદારને એકવાર મળવાનું બનતાં મેં તેમને વિનંતિ કરી કે આ ચોપડી હવે બજારમાં મળતી નથી તો તે પોતાના મંડળ તરફથી ફરીથી છપાવે અને પ્રગટ કરે. તેઓ એ અનુવાદ જોઈ ગયા અને ખૂબ પ્રસન્ન થયા અને સસ્તું સાહિત્ય વર્ધક મંડળ તરફથી તેની બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી. આ રીતે એ ગીતાંજલિ આજે પણ સુલભ બની છે.

પરમાનંદ.



કવિ કાન્ત

સ્મરણોનોંધ: ૨

૧૯૦૮ કે ૧૯૦૯ ની સાલથી મણિશંકરને વખતો વખત એક પ્રકારની કવિસુલભ ખુમારીનો જુવાળ ચડતો. આમ તો પોતે મસ્ત પ્રકૃતિના માનવી હતા, તેમાં પાછા કવિ. સામાન્ય લોકો લોકસભામાં કહેતા કે મણિભાઈને ગાંડપણ લાગ્યું છે. પણ તેમની એ ખુમારીમાં ગાંડપણ તલમાત્ર નહોતું. એ ખુમારી ચડે ત્યારે તેમનું મગજ દુનિયાના સામાન્ય વ્યવહારથી ઘણે ઊંચે એવી કોઈક મસ્ત ભૂમિકામાં મહાલવા લાગતું. એ કઈ સ્થિતિ હતી તે હું પોતે સમજી શકું છું, પણ લખીને સમજાવી શકતો નથી. ઈશ્વરભકિત, દુન્યવી વસ્તુઓ પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા, માનવીના સ્વભાવની ક્ષુદ્રતા અને ક્ષુલ્લકતા પ્રત્યે તિરસ્કાર અને કોઈક મહાન સત્ય સમજાઈ ગયાનો આનંદ – આવી બધી ઊર્મિઓથી છલોછલ છલકાતી એમની એ મનોદશા રહેતી. વિશેષે કરીને માગશર–પોષ મહિનામાં ઠંડીનું જોર વધે ત્યારે મણિશંકરની આ મસ્તી, કે એ પ્રકારનો ઉન્માદ જે કહો તે, બલવાન રહેતી.

એવી એક ખુમારીની મોસમમાં પોતે ૧૯૦૮ – ૧૯૦૯ની સાલમાં તેમણે હાઈસ્કૂલમાં મેટ્રિક ક્લાસના વિદ્યાર્થીઓને વર્ગમાં ઈંગ્લિશ ભણાવવાને બદલે ગઝલ ગાતાં શીખવવા માંડયું.

"અમે ચેલા બધા પહેલા પ્રભુની પાઠશાળાના,
અમે મેલા અને ઘેલા, પ્રભુની પાઠશાળાના;
અમારામાં નથી કૈં માલ, અમે તો મૂર્ખ ને કંગાલ,
છતાંયે બાળકો છીએ પ્રભુની પાઠશાળાના."

વર્ગમાં વિદ્યાર્થીઓ આ ગઝલ સમૂહગાન રૂપે ગાતા. મણિશંકર તેમને કહેતા: "હવેથી કોઈએ આ નિશાળને આલ્ફ્રેડ હાઈસ્કૂલ તરીકે ઓળખવાની નથી, પણ 'પ્રભુની પાઠશાળા' તરીકે જ ઓળખવાની છે."

જે હેડમાસ્તર મેટ્રિક ક્લાસના વિદ્યાર્થીઓને વર્ગમાં આ ગઝલ ગાતા શીખવે તે હેડમાસ્તર બીજું કામ કરી શકે નહીં એમ સમજીને મહારાજા ભાવસિંહજીએ મણિશંકરને હેડમાસ્ટર અને કેળવણીખાતાના ઉપરી અધિકારીની જવાબદારીમાંથી મુકત કરવાનું નક્કી કર્યું, પણ આ વિદ્વાન અને સજ્જનની મહારાજા ભાવસિંહજીને પૂરેપૂરી કદર હતી. તેમના પ્રત્યે મહારાજાસાહેબને એક પ્રકારનું માન પણ હતું. મણિશંકરને એ "પાણીચું" આપવા નહોવા માગતા. ફકત એમને જવાબદારીભરેલા કામમાંથી મુકત કરવા માગતા હતા. એ મુકિત મણિશંકરને થોડા મહિનામાં (૧૯૧૦ ની સાલથી) મળી ગઈ. તેમને જે પગાર મળતો હતો તેટલો જ મળતો રહ્યો અને તેમને રાજ્યની મોતીબાગની કચેરીમાં એક એવું જવાબદારી વગરનું હળવું કામ સોંપવામાં આવ્યું કે જો એમના મનમાં મોજ આવે તો કરે અને ન કરવું હોય તો ન કરે.

અસલના જમાનાના રાજાઓ વિદ્વાનો અને કવિઓનો સત્કાર અને પુરસ્કાર કરનારા કદરદાન રાજાઓ હતા એવું ઈતિહાસમાં વાંચેલું. મહારાજા ભાવસિંહજીએ મણિશંકરનો એ રીતે સત્કાર અને પુરસ્કાર કર્યો હતો તે નજરે જોયેલી વાત.

મારા પિતા ભાવનગરમાં સનાતન ધર્મ સ્કૂલ નામની (તે અરસામાં એક નાનકડી) મિડલ સ્કૂલના હેડમાસ્ટર હતા. એટલે તેમને રાજ્યના કેળવણી ખાતાના ઉપરી અધિકારી મણિશંકર રત્નજી ભટ્ટને કવચિત મળવાનો પ્રસંગ આવતો. મારા મોટાભાઈ હાઈસ્કૂલમાં મેટ્રિક ક્લાસના વિદ્યાર્થી હતા. એટલે મણિશંકર તેમના શિક્ષક હતા. એ બન્નેની પાસેથી હું મણિશંકરને વિશે કેટલીક વાતો સાંભળું. પણ મેં મણિશંકરને તે પછી ચાર પાંચ વરસ લગી નજરે દીઠેલા નહીં.

૧૯૧૮ માં મને તેમના પુત્ર મુનિકુમારની ઓળખાણ થઈ. તે મારા સમવયસ્ક હતા અને સહાધ્યાયી પણ ખરા, પણ તે આલ્ફ્રેડ હાઈસ્કલમાં ભણતા અને હું હતો સનાતન ધર્મ સ્કુલમાં. છતાં અમે વારંવાર મળતા થયા. એ રીતે પહેલી વાર મેં મણિશંકરને તેમના ઘરમાં ૧૯૧૧ માં જોયા ત્યારે હું તેમના વ્યકિત્વથી પ્રભાવિત થઈ ગયેલો, એટલું જ નહીં, અંજાઈ ગયો હતો એમ કહું તો ચાલે.

મણિશંકર શરીરે સ્થૂલ હતા છતાં એટલા ઊંચા હતા કે એ સ્થૂલતાથી પોતે બેડોળ નહોતા લાગતા. એમના શરીરનો વર્ણ શામળો હતો, છતાં ઝગારા મારે તેવો લાગતો. તે જમાનાના રિવાજ પ્રમાણે પોતે મૂછો રાખતા અને તેનાથી તેમનો ચહેરો કંઈક કરડોયે લાગતો, પણ એ કરડાઈ ડર નહીં પણ માન અને પૂજ્યભાવ ઉપજાવે એવી હતી. મણિશંકર ભાવનગરી થયા ખરા, પણ તેમણે ભાવનગરી - ઘોઘારી પાઘડી નહોતી અપનાવી. તે માથે પોપટિયા કે તપખીરિયા રંગની આંટીવાળી પાઘડી બાંધતા. એમની એ પાઘડીની બાંધણી અત્યંત સુંદર અને કલામય હતી. ભાવનગરમાં બીજા કોઈ ગૃહસ્થને માથે એવી મનોહર બાંધણીની પાઘડી જોયાનું મને યાદ નથી.

મોટી ઉંમરના પુરુષો ધોતિયું પહેરે ત્યારે આગળના ભાગમાં છૂટી પાટલી રાખે છે. પરંતુ મણિશંકર હંમેશાં ધોતિયાનો કચ્છ મારતા. ઉપર મોંઘા કાપડનો, સરસ સિલાઈનો બંધ કોલરનો લાંબો ડગલો અને ગળામાં ખેસ. આ પોષાક વડે મણિશંકર એક Imposing Personality – પ્રભાવશાળી વ્યકિત – બની રહેતા. સેંકડો કે હજારો માણસોના ટોળામાં લોકો જોને માર્ગ આપે અને જોને જોઈને આપોઆપ નમવાનું મન થઈ જાય તેવું એમનું વ્યકિતત્વ હતું.

મહારાજા ભાવસિંહજીને કયારેક કયારેક રાજ્યના અમલદારોની સાથે નિર્દોષ, મીઠી મજાક મશ્કરી કરવાની આદત હતી. એક વાર તેમણે નીલમબાગમાં રાજ્યના મોટા મોટા અમલદારોને ખાણાની મિજલસમાં બોલાવેલા તેમાં મણિશંકર પણ હતા. ખાઈ લીધા પછી હાથ ધોઈને મહારાજા સાહેબે કેવલ વિનોદમાં મણિશંકરના ખેસથી પોતાના હાથ લૂછયા. તે જ ક્ષણે મણિશંકરે ગળામાંથી ખેસ ઉતારીને જમીન ઉપર મૂકી દીધો અને મહારાજા સાહેબને કહ્યું, "હજૂર, હું ... નથી હો!"*

મહારાજા સાહેબે ફરી કદી મણિશંકરની મશ્કરી કરી નહીં અને મણિશંકરે તે દિવસ પછી કદી ગળામાં ખેસ પહેર્યો નહીં. જીવનનાં છેલ્લાં પાંચસાત વરસોમાં તો તેમણે પાઘડી બાંધવી બંધ કરી હતી અને માથે તે જમાનામાં ખૂબ પ્રચલિત એવી કાળી ગોળ "બેંગલોર કેપ" પહેરતા.

૧૯૧૫ – ૧૬ ની સાલમાં મુનિકુમાર અમારી સનાતન ધર્મ હાઈસ્કૂલમાં ભણવા આવ્યા ત્યારથી મારી મિત્રતા તેમની સાથે વધારે ગાઢ થઈ અને ઘરોબો ખૂબ વધ્યો. લગભગ હંમેશાં સાંજે હું તેમને ઘેર જતો; આઠ દસ દહાડે એક વાર તેમને ત્યાં જમવાનું પણ હોય. રજાનો દિવસ કયારેક સવારથી સાંજ લગી એમને ત્યાં જ હું ગાળું. એ રીતે મણિશંકરના બહુ નજીકના સંસર્ગમાં આવવાનું મને સદ્‌ભાગ્ય સાંપડયું. મને એ પોતાના પુત્રો જેવો જ ગણતા થયેલા. ૧૯૧૩માં વિદ્યાર્થી પરિષદ વડે મારા કંઠના માધુર્યથી મણિશંકર પણ રાજી થયેલા. એટલે તેઓ વારંવાર મને ગીતો ગાવાનું કહેતા. એક વેળા મને આશરે ૨૫૦૦ – ૩૦૦૦ ગીતો, ગઝલો, ભજનો, કાવ્યો, છંદો, શ્લોકો ઈત્યાદિ જીભને ટેરવે હતાં. મારા

*અહીં જે ગૃહસ્થનું નામ મણિશંકર બોલેલા તે પણ રાજ્યના એક અમલદાર હતા અને મહારાજા સાહેબ વારંવાર તેમની મશ્કરીઓ કરતા અને તે અમલદાર મૂંગે મોઢે સાંખી લેતા.

મુસલમાન ધોબી પાસેથી હું એ દિવસોમાં એક ઉર્દૂ ગઝલ શીખેલો જે મણિશંકરને બહુ જ ગમતી અને મારી પાસે વારંવાર પોતે ગવડાવતા અને પોતે પણ ક્યારેક ગાવા લાગી જતા.

મહબુબે ખુદા શાહે જીન્નો બશરીયા
સૈયદના અબ્દુલ કાદર !
અલતાફ કરમકી કીજે નઝરીયા,
સૈયદના અબ્દુલ કાદર !

મણિશંકરનો દેખાવ કરડો હતો એ ખરી વાત છે. દુષ્ટો અને હરામખોરોને ડારે એવી એ કરડાઈ હતી, પણ સજ્જનો અને ભલા માણસોને તો એ કરડાઈમાંયે એક પ્રકારનું અજબ માર્દવ દેખાતું. અને એમની વાણી! ઉપમા અપાય છે કે "મધ ઝરે તેવી મીઠી વાણી.". મણિશંકરની વાણીમાં એવી મીઠાશ હતી. આવા પડછંદ વ્યકિતત્વમાંથી એટલી મીઠી વાણી શી રીતે ઝરતી હશે તે આશ્ચર્ય લાગે તેવું હતું. મણિશંકર એક મહાન વકતા હતા. બુલંદ અવાજે બોલીને હજારો શ્રોતાઓની મિજલસ ગજાવી દે એવા શોરબકોરિયા વકતા નહીં, પણ નદીનું પાણી જેમ કલકલ નિનાદ કરતું એકસરખું વહેતું રહે તેમ મૃદુ, કોમલ અને સ્પષ્ટ સ્વરે, પાંચસો શ્રોતાઓ ખુશીથી શબ્દે શબ્દ સાંભળી શકે એટલા ઊંચા ધ્વનિથી, મણિશંકર ભાષણ કરે ત્યારે, હરકોઈ સભામાં ટાંકણી પડે તોયે સંભળાય તેટલી શાંતિ છવાઈ રહે, અને કલાકો લગી જાણે કે મણિશંકર બોલ્યા કરે તોયે ધરવ ન થાય તેવી રુચિથી શ્રોતાઓ સાંભળ્યા જ કરતા. મેં ભાવનગરમાં મણિશંકરના જેવો બીજો વકતા દીઠો - સાંભળ્યો નથી, એટલું જ નહીં, પણ ગુજરાતી ભાષામાં એવું કોઈનું વકતૃત્વ આજ લગી સાંભળ્યું નથી.

૧૯૧૬ ની સાલના ઉનાળામાં એક બપોરે મણિશંકર રાણીકામાં લીંબડીવાળી સડક પરના પોતાના ઘરના ઉપલે માળે દીવાનખાનામાં બેઠા બેઠા કશુંક વાંચતા હતા. હું તે વખતે તેમના ઘરમાં જ હતો. ગરમી સખત અને મણિશંકરનું શરીર સ્થૂલ એટલે બપોરને વખતે ઘરમાં પોતે એકલું ધોતિયું પહેરીને ઉઘાડે શરીરે જ બેસતા. સાંજે છએક વાગે મહારાજા ભાવસિંહજી, મરાહાણીની સાથે પોતાની ડૉકયાર્ટ (ડૉગ કાર્ટ) ગાડીમાં બેસીને મણિશંકરને ઘેર આવ્યા. ઘણી વાર પોતે એવી રીતે આવતા. ગાડી ઊભી ને ઉપર જઈને ખિદમતગારે ખબર આપ્યા કે "મહારાજા સાહેબ નીચે આપની રાહ જુએ છે." મણિશંકરે તરત જ શરીરે પહેરવા ખમીસ મંગાવ્યું ને પહેર્યું, પણ ઉતાવળમાં તે ઊંધું પહેરાયું, તેથી કાઢીને બાંયો સવળી કરીને ફરી પહેર્યું, તેમાં જરા વાર થઈ. પછી ટોપી શોધવા લાગ્યા, તે જડતાં વળી વધારે વાર થઈ.

ભાવનગર શહેર આજેય ગંદું તો છે જ. તે વખતે વધારે ગંદું હતું. રાણીકાની લીંબડીવાળી સડક બીજા લત્તાઓ કરતાં ઓછી ગંદી હશે, છતાં ગંદી તો હતી જ. આસપાસના ખાળકૂવાઓની દુર્ગંધથી કે માખીઓના બમણાટથી – ગમે તેમ પણ – મહારાજા ને મહારાણી એટલી વારમાં અકળાઈ ગયાં અને મણિશંકર દાદર ઊતરીને નીચે આવે તે પહેલાં મહારાજા ગાડી વાળી લઈને ચાલ્યા ગયા.

"મહારાજાને માઠું લાગ્યું હશે," "આટલી વાર તેમને ખોટી થવું પડ્યું તે ઠીક ન કહેવાય," "બહુ ખોટું થયું" વગેરે વિચારો અને ઉદ્ ગારો નીકળવા લાગ્યા. મણિશંકરનાં પત્ની નર્મદાબાએ તેમને કહ્યું, "તમે આજે જ – હમણાં – નીલમબાગ જાઓ. અને મહારાજાની માફી માગો." અમને બધાને – છોકરાઓને પણ મનમાં થયું કે મહારાજા સાહેબ મણિશંકર ઉપર ગુસ્સે થયા હશે.

પણ મણિશંકર તો જરાય અસ્વસ્થ નહોતા થયા, તેમણે ટોપી અને ખમીશ ઉતારી નાખ્યાં, પાછા નિરાંતે જાજમ ઉપર તકીએ અઢેલીને બેઠા અને હસીને બોલ્યા, "માફી શા માટે માગવી? મેં કંઈ મહારાજા સાહેબનો અપરાધ તો કર્યો નથી ને! મને અગાઉથી કહેવડાવ્યા વગર પોતે આવી ચડે અને હું ચોવીસે કલાક તેમને તત્કાલ મળી શકું એવી તૈયાર સ્થિતિમાં હોઉં એવી તો એમણે આશા ન જ રાખવી જોઈએ." કશું જ દિલગીર થવા જેવું ન બન્યું હોય તેવી સ્વસ્થતાથી મણિશંકર પાછા પુસ્તક વાંચવામાં પરોવાયા.

ચાર દિવસ પછી ફરી પાછી સાંજે મણિશંકરના ઘર નીચે મહારાજા સાહેબની ગાડી આવી ને ઊભી. તેમણે કહેવરાવ્યું કે "ડગલો પહેરીને આવજો – મારી સાથે ફરવા આવવાનું છે."

સ્વ. રામુ પરમાનંદ ઠક્કર

સ્મરણોનોંધ : ૩

(ડૉ. અંબાશંકર નાગરદાસ ભટ્ટના લેખનો અમુક ભાગ)

છેલ્લે ૧૯૧૪ – ૧૫ હશે. ત્યારે આલ્ફ્રેડ હાઈસ્કૂલના સેન્ટ્રલ હૉલમાં તેમનું ભાષણ હતું. 'અગ્નિહોત્ર' ઉપર બોલવાના હતા. હૉલ ચિકાર થઈ ગયો. સમય થયો ને એમની ગાડી આવી, બાર્ટનમાંથી ચાર વેદોનાં (યજુર્વેદ, અથર્વવેદ, સામવેદ ને ઋગ્વેદ) પુસ્તકો સાથે લેતા આવેલા જે દરેકમાં નિશાનીઓ મૂકેલી. સૂર્યમાંથી છૂટા પડતા ગ્રહો રચાયા, તેમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ ત્યાંથી શરૂઆત કરી. સૂર્યમંડળ શું છે, એ બધું ચક્ર કેમ ને શેનાથી ચાલી રહ્યું છે, ગાયત્રી એ પણ સૂર્યપૂજા છે, ઋષિમુનિઓએ સૂર્યની ઉપાસના કરતાં યજ્ઞો સરજ્યા એમ કહેતા જાય ને ઋચાઓ જુદા-જુદા વેદમાંથી વાંચતા જાય. અગ્નિહોત્ર એ પણ સૂર્યોપાસના જ છે. આ ઉષ્માની ઉપાસના કેમ? સૂર્ય નહિ ને એકલો ચંદ્ર જ હોત તો એની શીતલતા શું કામની હતી? એની કંઈ જ કીંમત નહોતી. પણ આ ઉષ્માથી જગત સરજાયું ને ઉષ્માથી જ હજુ પણ ચાલી રહ્યું છે. વનસ્પતિથી કીટપતંગ અને પ્રાણીમાત્ર માટે આ ઉષ્મા એ જ પ્રાણ છે. તેનાં તેજ નહિ હોય તે દિ' પ્રલય જ હશે. માનવીના અંતરમાં એ ઉષ્મા એટલે સ્નેહને સ્થાપવા એ ઉપાસના કાયમ હો!

લગભગ ૧૯૧૪ ની સાલ હશે. ત્યારે શ્રી દક્ષિણામૂર્તિ ભવન તરફથી ભાવનગરમાં વિદ્યાર્થી–પરિષદ ભરાયેલી. શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ અધ્યક્ષપદે હતા. ને તે વખતે મુ. મણિભાઈ પણ વકતા હતા. તેમને કોઈ મોટા પ્રસંગોમાં આવતા જોવા, કે વકતા તરીકે બોલતા સાંભળવા, એ પણ જાણે આકર્ષક લહાણ હતી.

એમનું પડછંદ ભરાવદાર શરીર, એવો જ ભરાવદાર ચહેરો, અને એને પણ ઢાંકી દે એટલી ને એવી મોટી ભરાવદાર મૂછો, ગમે તેવું હસે તોપણ દંતાવલી તો ન જ દેખાય, ઉપર લાંબી ભમરો ને એ ભવ્ય કપાળ ઉપર મરોડદાર આંટીવાળો રેશમી ફેંટો, આંખો ઉપર રોલ્ડગોલ્ડનાં ચશ્માં, નીચે ગોઠણ સુધી આલ્પાકાનો કોટ, ગરદન ઉપરથી બંને બાજુ મુકાવેલ રેશમી કે કસબી કિનારનો ગોઠણ સુધી બંને બાજુ લટકંતો ખેસ, હાથમાં રૂપે મઢેલ મોટા હાથાવાળી લાકડી, ને નીચે કચ્છ મારી પહેરેલું છતાં ઘૂંટી સુધી ઢંકાતું રેશમી કિનારનું ધોતિયું અને ધીમી ધીમી મસ્ત હાથીના જેવી ઝૂલતી ચાલ– સામાન્ય કોઈ નબળો માનવી મોઢા સામે જોઈને વાત જ કરી ન શકે એવી પ્રભા ઊભી થતી. મોં ખોલી ખખડાટ કદી હસ્યા જ નથી, છતાં એમનું મધુરું સ્મિત એથીયે વધુ આકર્ષક લાગતું. અને સૌથી માર્મિક તો એ "મૂછમાં જ હસતા" એ હતું. એ વાકયનો ખરેખરો અર્થ સમજવો હોય તેણે તો એ મુદ્રા જ જોવી જોઈએ.

એમને ઘણી વખત નાનામોટા સંમેલનોમાં સાંભળ્યા છે. પણ સ્વયં પ્રેરણાથી પોતે કંઈ કહેવા સમજાવવા માટેની સભામાં બોલવાના હોય ત્યારે તો એમનું અદ્ ભુત આકર્ષણ સરજાતું. એક વખત "અગ્નિહોત્ર" ઉપરના તેમના વ્યાખ્યાનમાં એવું બનેલું.

ઘણા વિદ્વાન સાક્ષરો અને પંડિતોને સાંભળ્યા છે, પણ એમની ધીમી અને સચોટ વાણીની છટા, અને એમના કંઠનું ને શબ્દનું માધુર્ય ક્યાંય મળ્યું નથી.

૧૯૨૪ માં ભાવનગર ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન ભરાયલું. શ્રી કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી તેના પ્રમુખ હતા. ને બીજા પણ ઘણા વિદ્વાનો ને પ્રતિષ્ઠિત સાહિત્યકારો ને વકતાઓ હતા. શ્રી રમણભાઈ મહીપતરામ નીલકંઠ, શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, શ્રી બલવંતરાય ક. ઠાકોર, શ્રી કેશવ હર્ષદ ધ્રુવ, શ્રી અરદેશર ખબરદાર ને બીજા પણ ઘણા હતા. સૌએ ઘણાં વિદ્વત્તાભરેલાં વ્યાખ્યાનો આપેલાં. વકતા તરીકે શ્રી કેશવ હર્ષદ ધ્રુવે સુંદર છાપ પાડી. ઘણું જ છટાદાર, અને ગંગાનો પ્રવાહ પડતો હોય તેવું એકધારું ને અવિચ્છિન્ન એમનું વક્તવ્ય હતું. આમ છતાં એમના વક્તવ્યમાં પણ કવિ કાન્તનું માધુર્ય ન હતું. મુ. મણિભાઈનો કંઠ તેમના હૃદય જેટલો જ કોમળ હતો. એમની શબ્દોની પસંદગી, તેને ગૂંથીને મૂકવાની કળા એમના સ્વમુખે સાંભળાતી કાને પડે ત્યારે જાણે ગુજરાતી ભાષા બહુ ગૌરવવતી બની છે એમ લાગતું. એકલા ભાષાજ્ઞાન ઉપરાંત, એને રજૂ કરવાની રીત ભાષાને વધુ સમૃદ્ધ બનાવે છે.

એમની કવિતાઓમાં પણ વૃત્તોને અનુકૂળ શબ્દોની પસંદગી એ પણ એમનું એક આગવું આકર્ષણ દેખાય છે.

"વહી જતાં ઝરણાં ગ્રામને હરે,
નિરખતાં રચના નયનો ઠરે,
મધુર શબ્દ વિહંગ બધાં કરે,
રસિકનાં હૃદયો રસથી ભરે."

આ પંકિતઓમાંથી કુદરતનાં જે મનોહર દર્શન થાય છે તે આવા સરળ શબ્દોથી બીજું કોઈ હજી સુધી કરાવી શકયું નથી.

"પ્રણયની પણ તૃપ્તિ થતી નથી,
પ્રણયની અભિલાષ જતી નથી,
સમયનું લવ ભાન રહે નહિ,
અવધિ, અંકુશ સ્નેહ સહે નહિ."

અહીં પણ માત્ર બે જ પંકિતમાં માનવીજીવનની ગૂઢતા, ગંભીરતા તરફ સરળતાથી અંગુલિનિર્દેષ થયેલો છે તેવી રીતે કયારે ય ફરી થયેલો જાણ્યો નથી.

આ તો એમને એક કુદરતી બક્ષિસ જ હતી એમ માનવું રહ્યું.

શ્રી રવીન્દ્રનાથ ટાગોર અને શ્રીમતી સરોજિની નાયડુનું જેવું અંગ્રેજીમાં વકતૃત્વ હતું, એવું જ મુ. મણિભાઈનું ગુજરાતી ભાષાનું વકતૃત્વ હતું, જે સાંભળતાં, જાણે કાનમાં રૂપેરી ઘંટડીના સૂર ગુંજે.

ડૉ. અંબાશંકર નાગરદાસ ભટ્ટ

પાણી અને પારા જેટલો ભેદ

કાન્ત આપણા એક માત્ર કલાકાર કવિ છે. કેવળ કવિ અને કલાકાર કવિમાં પાણી અને પારામાં હોય એટલો ભેદ છે. પાણી અને પારો બન્ને પ્રવાહી પણ પાણી કરતાં પારામાં ઘનતા વિશેષ. આપણા કોઈપણ અર્વાચીન કવિની કવિતા કરતાં કાન્તની કવિતામાં ઘનતા વિશેષ છે. કાન્તની કાવ્યસૃષ્ટિ અલબત્ત સીમિત છે, પણ સુગ્રથિત છે. એમની કવિતામાં એક તીવ્ર અનુભવ છે અને એ અનુભવને એમણે એની અખિલાઈમાં, એની સમગ્રતામાં વ્યકત કર્યો છે અને એથી જ એમ કહી શકાય કે એમણે અખિલાઈના, સમગ્રતાના અનુભવને વ્યકત કર્યો છે. એમની કાવ્યસૃષ્ટિના, રસવિશ્વના કેન્દ્રમાં એક દર્શન છે. અને એ દર્શન છે નિયતિની કરુણાના અભાવે જીવનના અંતર્ગત કારુણ્યનું. એમાં ગહનતા (sense of mystery) છે, 'ગહન' એ કાન્તનો પ્રિય શબ્દ છે - ગાંભીર્ય (high seriousness) છે, તીવ્રતા (intensity of emotions) છે, કલાનો સંયમ (artistic discipline) છે. એમની કાવ્યશૈલીમાં પરલક્ષિતા (objectivity) અને નાટયાત્મકતા (dramatic element) છે, વસ્તુને અનુકૂળ સ્વરૂપ અને ઉચિત ભાષા છે, પાત્રો અને પ્રસંગોને અનુરૂપ પ્રતીકો છે. એમની કવિતાનાં આ પ્રધાન તત્ત્વો પરથી એની ઘનતાનો આંક કાઢી શકાય છે. અને આ તત્ત્વોને કારણે જ કાન્ત આપણા એક માત્ર કલાકાર કવિ છે.

નિરંજન ભગત

જ્યોતિષીઓને પડકાર

તામીલનાડમાં આવેલ મદુરા ખાતે વર્ષોથી વસતા અને તૈયાર કપડાં બનાવવાનો મોટા પાયા ઉપર વ્યવસાય ચલાવતા મારા મિત્ર શ્રી ગગુભાઈ પુનશી સાંગોયે આજના જ્યોતિષીઓને એટલે કે ફલજ્યોતિષીઓનો વ્યવસાય કરતા જોષીઓને પડકાર કરતો એક પરિપત્ર મારી ઉપર મોકલ્યો છે. તેમની સાથે શ્રી ખીમજીભાઈ માડણ ભુજપુરીયા દ્વારા મને પ્રથમ પરિચય થયેલો અને થોડાંક વર્ષો પહેલાં અમે માથેરાનમાં થોડો સમય સાથે રહેલા. ગયા ઉનાળામાં પણ મહાબળેશ્વર ખાતે શ્રી ખીમજીભાઈ અને તેમની સાથે દશ બાર દિવસ ગાળવાનું બનેલું. તેમની સાથે ચાલતી અનેક વિષયોને લગતી ચર્ચાઓમાં આ જ્યોતિષનો વિષય પણ હોય જ. જ્યોતિષ એટલે ફલજ્યોતિષ અંગે મારું વલણ ઉદાસીનતાનું-તટસ્થતાનું-છે, અને તેમાં પડવાથી લાભને બદલે નુકસાન વધારે થાય છે એમ સમજીને તેથી હું દૂર રહ્યો છું. તે ખોટી આશાઓ ઊભી કરે છે અને પુરૂષાર્થની વૃત્તિને હણે છે એમ પણ હું માનું છું. બીજી બાજુએ મારા મિત્ર ગગુભાઈ તો આ ફલજ્યોતિષ કેવળ તૂત જ છે એવી કટ્ટર માન્યતા ધરાવે છે અને તેથી તેમણે આ જ્યોતિષીઓને અને રેખાશાસ્ત્રીઓને ચેલેન્જ ફેંકેલ છે. જેમની ઈચ્છા થાય તેઓ તેમની સાથે નીચેના સરનામે પત્રવ્યવહાર કરી શકે છે:

Shree Gagubhai Punshi Sangoy, C/o. Truthful Company, 251, West Masi Street, Madurai-1, Tamilnad.

પરમાનંદ

જ્યોતિષીઓને પડકાર

કોઈ પણ જ્યોતિષી કે હસ્તરેખા-શાસ્ત્રી કોઈ પણ મનુષ્યમાં ભૂતકાળ કે ભવિષ્યકાળ સંબંધે ચોક્કસ રીતે કંઈ પણ કહી શકે એમ હું માનતો નથી. એ લોકો જે કંઈ કહે છે તે ચલાઉ પૂર્વકની ધંધાકીય રીતે કહેતા હોય છે. આમાં લોકોને છેતરવા સિવાય બીજું કશું જ દેખાતું નથી.

કેટલાક એમ કહે છે કે જ્યોતિષીઓ અને હસ્તરેખાશાસ્ત્રીઓ ભવિષ્યકાળ સંબંધે ચોક્કસ કહી શકે નહીં, પણ ભૂતકાળ સંબંધી ચોક્કસ રીતે કહી શકે છે.

પરંતુ માનવીના ભૂતકાળ સંબંધી પણ કોઈ કંઈ ચોક્કસ રીતે કહી શકે એમ હું માની શકતો નથી. જ્યોતિષીઓ અને હસ્તરેખાશાસ્ત્રીઓ માણસોને પુરૂષાર્થ કરવા પ્રેરવાને બદલે તેમને આળસુ બનાવી રહ્યા છે અને એ રીતે તેઓ દેશને ભારે નુકસાન કરી રહ્યા છે એવો મારો અભિપ્રાય છે.

આમ છતાં જો કોઈ પણ જ્યોતિષી કે હસ્તરેખા-શાસ્ત્રી પોતે બીજાઓના જીવન સંબંધીની ખરી હકીકતો કહી શકે છે એમ મને સાબીત કરી આપે તો મારા વિચારો ફેરવવાને હું તૈયાર છું.

મનુષ્યના ભૂતકાળ સંબંધીની સાચી હકીકતો કહી શકે એવા કોઈ પણ જ્યોતિષી કે હસ્તરેખાશાસ્ત્રીને આપ ઓળખતા હો તો તેમને મારી પાસે મોકલવા હું આપને વિનંતિ કરું છું.

હું મારા ટેબલ ઉપર રૂ. ૧૦૦૦ (એક હજાર) મૂકીશ. મારા કોઈ પણ બે કામદારોને બોલાવીશ. તેમના જન્માક્ષરો હાજર કરીશ અને તેમના જીવનનાં ભૂતકાળના દશ સાદા સવાલો પૂછીશ. મારા સવાલો એવા હશે કે જેના બે જવાબ હોઈ શકે નહીં. દા. ત. આ માણસની મા મરી ગઈ છે કે જીવતી છે વગેરે.

જે કોઈ જ્યોતિષી કે હસ્તરેખાશાસ્ત્રી મારા દશ સવાલોના સાચા જવાબ આપશે તે ટેબલ પર રાખેલ રૂ. ૧૦૦૦ તરત જ લઈ જઈ શકે છે. જ્યોતિષીઓને, હસ્તરેખાશાસ્ત્રીઓને તેમ જ જ્યોતિષમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા મિત્રોને મારો આ પડકાર છે.

વહાલા વાંચક, મારા આ લખાણથી તમારી લાગણી દુભાણી હોય તો તેને માટે હું તમારી ક્ષમા માગું છું.

ગગુભાઈ પુનશી સાંગોઈ

તા. ક.: આ પડકાર તા. ૩૧-૧૨-૬૮ સુધી અમલમાં રહેશે.

* નિરંતર જાગરૂકતા *

આજે પક્ષનિષ્ઠા, સંપ્રદાયનિષ્ઠા, વિશિષ્ટસમુદાયનિષ્ઠા, ક્ષેત્રનિષ્ઠા વગેરે એટલી ઉત્કટ બની ગઈ છે કે વ્યાપક નાગરિકતાની ભાવના ક્ષીણ થતી જાય છે. આનું પરિણામ એ આવ્યું છે કે સાધારણ નાગરિકના ચિત્તમાં અનાસ્થા પેદા થઈ છે. એ કેવળ નિષ્ક્રિય જ નથી બન્યો, નિષ્ક્રિયતાની સાથોસાથ એના ચિત્તમાં ઉપેક્ષાભાવ પણ જન્મ્યો છે. આ ઉપેક્ષાભાવ પણ કયારેક મોકળા મન અને અનાગ્રહમાં ખપાવાય છે. બૌદ્ધિક અનિશ્ચય એ કાંઈ અનાગ્રહ નથી. એ તો અસ્પષ્ટ ધૂંધળા દર્શનમાંથી જન્મ્યો હોય છે. સૌની વાત સાંભળવાની તૈયારી એ તો ઋજુતાનું લક્ષણ છે અને એ બુદ્ધિનિષ્ઠા કહેવાય. પણ આજે તો સામાન્ય નાગરિકના મનમાં અનિષ્ઠા છે. એને કોઈ પણ ચીજની કોઈ સ્પષ્ટતા નથી, કોઈ વાતનો એને વિશ્વાસ નથી. કોઈ વસ્તુ વિશે કશી લગન નહીં, નિર્ણય કરવાની ઈચ્છા જ નહીં, પ્રવૃત્તિ જ નહીં. સહિષ્ણુતાનો અર્થ સાર્વત્રિક ઉપેક્ષાભાવ ન હોઈ શકે.

સામાન્ય નાગરિકના મનમાં જ્યાં આવી શંકાશીલતા, અવિશ્વાસ ને ઉપેક્ષાભાવ હોય અને કેવળ રોટલાની, કપડાંની, મકાનની, વ્યવસાયની, ઉપભોગની વસ્તુની વાતમાં જ એને રસ પડતો હોય ત્યાં લોકતંત્રનો વિકાસ ન થઈ શકે. સાધારણ માણસની આ ગફલત, એનો આ અવિશ્વાસ, સૌ પ્રથમ વિદાય થવો જોઈએ. એનામાં જાગરૂકતા આવવી જોઈએ. નિરંતર જાગરૂકતા એ સ્વતંત્રતાનું મૂલ્ય છે. જે નાગરિક નિરંતર જાગરૂક, સાવધાન, સચેત નથી રહેતો તે સ્વતંત્ર નથી રહી શકતો.

નાગરિકને આમ જાગરૂક કરવો એ લોકશાહીનું પહેલું કામ હોવું જોઈએ. કોઈ પક્ષ એ કામ ન કરી શકે, કેમકે પક્ષ અને ઉમેદવાર મતની યાચના કરે છે. એને લોકોનો મત પોતાને અનુકૂળ બનાવવાની ફિકર હોય છે. એમની પ્રવૃત્તિથી મતસ્વાતંત્ર્ય નિર્માણ ન થઈ શકે. મત પોતાની તરફ વાળવા સારું પછી ગમે તે સાધનોનો ઉપયોગ પણ થાય. આ લોકશિક્ષણનું કામ તેઓ જ કરી શકશે, જેમણે મતયાચના ને મતસંગ્રહ સારું પોતાનું સંગઠન કે સંસ્થા ન બનાવી હોય. તેઓ દેવદૂત કે પવિત્ર પુરુષ છે એવું નથી, પરંતુ એમણે જે મર્યાદા સ્વીકારી છે તેની લોકશિક્ષણ સારું અત્યંત આવશ્યકતા છે.

દાદા ધર્માધિકારી

પં. સુખલાલજીને થનારૂં પદવીપ્રદાન

ડીસેમ્બર માસની ૧૫મી તારીખે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીને તથા કાકાસાહેબ કાલેલકરને સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી તરફથી 'પી. એચ. ડી.' નું – ડૉકટરેઈટનું – પદવીપ્રદાન કરવામાં આવશે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
હવે પછી શું ?	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૫૧
માસ્તરજી ગયા !	સોહમ્	૧૫૨
શ્રીમદ્ રાજચંદ્ર અને તેમનું જીવનકાર્ય	પરમાનંદ	૧૫૩
શ્રીમદ્ રાજચંદ્ર : એક સ્મરણનોંધ	પરમાનંદ	૧૫૫
અધ્યાત્મ ષટ્ પદી	શ્રીમદ્ રાજચંદ્ર	૧૫૬
અપૂર્વ અવસર એવો કયારે આવશે ?	શ્રીમદ્ રાજચંદ્ર	૧૫૭
મહામના કવિ કાન્તનો પુણ્ય પરિચય સ્મરણ નોંધ – ૧	પરમાનંદ	૧૫૮
મહામના કવિ કાન્તનો પુણ્ય પરિચય સ્મરણ નોંધ – ૨	સ્વ. રામુ પરમાનંદ ઠક્કર	૧૬૦
મહામના કવિ કાન્તનો પુણ્ય પરિચય સ્મરણ નોંધ – ૩	ડૉ. અંબાશંકર નાગરદાસ ભટ્ટ	૧૬૦
જ્યોતિષીઓને પડકાર	ગણુભાઈ પુનશી સાંગોઈ	૧૬૧
નિરંતર જાગરૂકતા	દાદા ધર્માધિકારી	૧૬૨
" હું કયાંથી આવ્યો માડી ?"	આ. ગીતાબહેન પરીખ	૧૬૨

'હું આવ્યો કયાંથી માડી ?'

બાળક : હું આવ્યો કયાંથી માડી ?
હરતાં ફરતાં કયાંથી મુજને
તેં તો લીધો ઉપાડી ? –હું આવ્યો

મા : છૂપાયો'તો અંતરતલ તું
બની મનોરથ મારો
ઢીંગલે રમતી ત્યારે મેં
તારો લહ્યો ઈશારો;
મમ જીવનનાં સહુ સ્પંદનમાં
ધબકી તારી નાડી .....

બાળક : હું આવ્યો ત્યાંથી, માડી ?

મા : સુવાસ થઈ મઘમઘતો તું મુજ
ખૂલતાં દલ શા મનમાં,
ઉષાકિરણ શી કોમલતા તવ
વિકસી મમ યૌવનમાં;
સ્વર્ગ થકી ઝરતો તરતો તું
ઉતર્યો મારી વાડી .....

બાળક : તેં ત્યાંથી લીધો ઉપાડી ?

મા : રકતતણા કરમાં રત્નોની
ઝળહળ જ્યોત જગાડી.....

બાળક : હું આવ્યો કેવો, માડી ?!

અનુવાદક : બહેન ગીતા પરીખ

મૂળ બંગાળી : રવીન્દ્રનાથ ટાગોર

મુંબઈ ખાતે વિશ્વ શાકાહાર પરિષદનું ૧૯ મું અધિવેશન

ડીસેંબર તા. ૨ થી તા. ૬ સુધીનો કાર્યક્રમ

તા. ૨ શનિવાર સાંજના ૫ થી ૭: સ્વામી ચિન્મયાનંદના હાથે ઉદ્‌ઘાટન. સ્થળ—ક્રિકેટ કલબ ઓફ ઈન્ડિયા રીસેપ્શન ગ્રાઉન્ડ.

તા. ૩ રવિવાર સવારના ૯-૩૦ થી ૧૧-૩૦ હેલ્થ ન્યુટ્રીશન સેશન, સ્થળ: ઈન્ડીયન મરચંટસ ચેંબર હૉલ; બપોરના ૩ વાગ્યે પૌષ્ટિક ખોરાક અને રાંધણકળાનું પ્રદર્શન, સ્થળ: શ્રીનિકેતન ગાર્ડન; સાંજના ૫ થી ૭, જાહેર આધ્યાત્મિક પરિસંવાદ. સ્થળ: ચોપાટી.

તા. ૪ સોમવાર સવારના ૯-૩૦ થી ૧૧ બીઝનેસ સેશન, સ્થળ: ઈન્ડિયન મરચન્ટ્સ ચેંબર હોલ; બપોરના ૩ થી ૫ મેડીકલ સેશન. સ્થળ: તાતા ઑડીટોરીયમ, બપોરના ૩-૦૦ લેડીઝ સેશન, સ્થળ : હિન્દી વિદ્યાભવન.

તા. ૫ મંગળવાર રાત્રીના ૮ વાગ્યે કલ્ચરલ પ્રોગ્રામ, સ્થળ : ભુલાભાઈ દેસાઈ ઑડીટોરિયમ.

તા. ૬ બુધવાર સાંજના ૬: યુથસેશન, સ્થળ: કોન્વોકેશન હૉલ, રાત્રીના ૮-૩૦ 'ભારતનાં લોકનૃત્યો' સ્થળ: ભૂલાભાઈ દેસાઈ ઑડિટોરિયમ.

નિરામિષ – આહારમાં રસ ધરાવતાં ભાઈબહેનોને આ પરિષદના સમગ્ર કાર્યક્રમમાં બને તેટલો ભાગ લેવા વિનંતિ છે.

મુદ્રણશુદ્ધિ

પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં 'ધર્મ અને વિજ્ઞાન' એ મથાળાના લેખમાં પાનું ૧૪૩, કોલમ ૧ ના છેવટના ભાગમાં 'વિદ્વાનો' છપાયેલ છે તેના સ્થાને 'વિધાનો' વાંચવું. તંત્રી

'સુંદર, સર્વોત્તમ !'

અમેરિકામાં કુમારી કાર્નેલિયાએ બર્નાર્ડ શૉનું 'કોડિડા' નાટક ભજવ્યું. શૉએ એને અભિનંદનનો તાર મોકલ્યો: 'સુંદર, સર્વોત્તમ !'

કુમારી કાર્નેલિયાએ નમ્ર ઉત્તર પાઠવ્યો: 'એટલી પ્રશંસાને યોગ્ય નથી !'

શૉએ લખ્યું: 'મેં તમારા માટે નહિ, નાટક માટે લખ્યું હતું !' કાર્નેલિયાએ શૉ સળગી ઊઠે એવો વ્યંગ કર્યો: 'મેં પણ.'

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. કોટ. મુંબઈ

Regd No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૯ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડિસેમ્બર ૧૬, ૧૯૬૭, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

ખ્રિસ્તી ધર્મગુરુ બનવા માટે આવશ્યક તાલીમ

દરેક ધર્મ સાથે એક યા બીજા પ્રકારની ધર્મગુરુઓની સંસ્થા સંકળાયેલી હોય છે. જૈનોમાં પણ સૈકાઓ જૂની સાધુસંસ્થા વિદ્યમાન છે. આજે સંસારનો ત્યાગ કરવા ઈચ્છતી કોઈ પણ વ્યકિતને જૈન ધર્મના એક યા બીજા સંપ્રદાય અનુસાર અમુક વિધિ-વિધાન યા ક્રિયાકાંડપૂર્વક દીક્ષા આપવામાં આવે છે અને એ દીક્ષા-ગ્રહણ સાથે તેને લગતા ગુણવેશના ધોરણપૂર્વક તે તે સંપ્રદાયના અનુયાયીઓ માટે તે વ્યકિત ધર્મગુરુનું સ્થાન પ્રાપ્ત કરે છે. જૈન ધર્મ બે મોટા વિભાગમાં વહેંચાયેલો છે: (૧) દિગંબર, (૨) શ્વેતાંબર. દિગંબર સંપ્રદાયના મૂનિઓ – સાધુઓ – નગ્ન વિચરે છે. તેમની માન્યતા મુજબ સ્ત્રી દીક્ષાની અધિકારી નથી તેથી તેમનામાં કોઈ સાધ્વી સંસ્થા નથી અને મુનિ થવા માટે નગ્નત્વનો સ્વીકાર અતિ કઠણ હોઈને દિગંબર સાધુઓ બહુ વિરલ જોવામાં આવે છે. શ્વેતાંબર સમુદાય મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક અને અમૂર્તિપૂજકમાં સ્થાનકવાસી અને તેમાંથી ૨૦૦ વર્ષ પહેલાં ફૂટેલો ફણગો તેરાપંથી. - આ રીતે કુલ ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે. આ મૂર્તિપૂજક વિભાગમાં પુરુષો તેમ જ સ્ત્રીઓ - ઉભયને દીક્ષા આપવામાં આવે છે. અમૂર્તિપૂજક વિભાગના સાધુ સાધ્વીઓ મોઢે મુહપત્તી બાંધે છે. શ્વે. મૂ. વિભાગના સાધુ સાધ્વીઓ મુહપત્તી હાથમાં રાખે છે અને બોલતી વખતે મોઢા આડે ધરે છે.

જૈનોની સાધુસંસ્થાનું આ ટુકું વિવરણ થયું. આ સાધુ-સંસ્થાનું વૈચિત્ર્ય એ છે કે ધર્મગુરુ થવા ઈચ્છનાર વ્યકિત માટે વિહિત એવું તાલીમનું ધોરણ છે જ નહિ. જેના દિલમાં વૈરાગ્યનો ઉદય થયો – તે પછી સ્ત્રી હોય કે પુરુષ, તેની ઉમ્મર મોટી હોય કે નાની, તે ભણેલ હોય કે અભણ–જે કોઈ સંસાર છોડીને સાધુસંસ્થામાં જોડાવા ઈચ્છા દર્શાવે તેને સાધારણ રીતે બેચાર મહિના ચકાસી જોઈને અને ઘણી વખત આટલી રાહ જોયા સિવાય પણ દીક્ષિત બનાવવામાં આવે છે. આ માટે ઉમ્મરની પણ કોઈ મર્યાદા વિચારવામાં આવતી નથી. દશ બાર વર્ષનાં બાળકોને તેમ જ બાલિકાઓને પણ અવારનવાર દીક્ષા આપવામાં આવે છે. આ પાછળ બે માન્યતા ઘર કરી રહેલ હોય છે. જેના દિલમાં જ્યારે પણ વૈરાગ્યનો વિચાર આવ્યો અને સંસારત્યાગની ભાવના જાગી કે તરત જ તેને દીક્ષિત બનાવવામાં તેના આત્માનું કલ્યાણ રહેલું છે. બીજું જેમ સાધુ-ઓની સંખ્યા વધારે તેમ તે ધર્મનો પ્રભાવ વધારે લેખાય છે. ગુરુઓ પણ શિષ્યોની સંખ્યા વધારવાના લોભી હોય છે. આર્થિક અને સામાજિક મુંઝવણો પણ અનેક અપરિપક્વ વ્યકિતઓને કહેવાતા ત્યાગી જીવન તરફ ઘસડી જાય છે. પરિણામ એ આવે છે કે સાધ્વી-ઓમાં તો ભાગ્યે જ કોઈ સાધ્વીઓ તેજસ્વી દેખાય છે અને સાધુ-ઓના ટોળામાં પણ ગણ્યાગાંઠ્યા સાધુઓ પ્રભાવશાળી માલુમ પડે છે. જૈન સાધુસંસ્થાની મુખ્ય ત્રૂટી એ છે કે તેમને ધર્મગુરુ બનવા માટે યોગ્યતાનું કોઈ ધોરણ વિહિત નથી અને તેમને દીક્ષિત બનવા માટે અમુક સમયની તાલીમની કોઈ વ્યવસ્થા નથી.

આ સંદર્ભમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજ (અમદાવાદ) માં ગણિતના અધ્યાપક તરીકે કામ કરતા ફાધર વાલેસને અમદાવાદ ખાતે નવેમ્બર માસના પહેલા અઠવાડિયા દરમિયાન મળવાનું બનતાં તેમની સંસ્થામાં કોઈ પણ વ્યકિતને ધર્મગુરુ બનવું હોય તો તે માટે શું ધોરણ અને તાલીમનો ક્રમ છે તે અંગે તેમની સાથે ચર્ચા થઈ અને તેમણે જે સંસ્થાના – ઈશુ સંઘના – તેઓ સભ્ય છે તે સંસ્થાની રચના અને બંધારણનો મને કેટલોક ખ્યાલ આપ્યો. એ ઉપરથી આ વિષય અંગે વિગતવાર લખી મોકલવા મેં તેમને વિનંતિ કરી. જેના જવાબરૂપે તેમના તરફથી મને જે લખાણ મળ્યું તે નીચે મુજબ છે:

ઈસુ સંઘ (જેસૂઈટ ઓર્ડર) ના ઉમેદવારોની તાલીમ

– "સંઘમાં દાખલ થવા કાયદા મુજબ ઓછામાં ઓછી ઉંમર ૧૫ વર્ષની જોઈએ; વ્યવહારમાં ૧૭ – ૧૮ ની હોય છે.

– ભારતમાં મેટ્રિક પછી કે પ્રિ – યુનિવર્સિટી પછી જોડાવાનો રિવાજ છે. કેટલાક ડિગ્રી પછી આવે છે પણ ખરા.

– નાની ઉંમરે જે છોકરાઓએ સંઘમાં જોડાવાની ઈચ્છા દર્શાવી હોય એમની હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન ખાસ સંભાળ લેવામાં આવે છે (નૈતિક માર્ગદર્શન, પ્રાર્થના વગેરે દ્વારા).

– દાખલ થતાં પહેલાં દરેક ઉમેદવારની તપાસ મુલાકાતો અને મનોવૈજ્ઞાનિક ટેસ્ટદ્વારા વિસ્તારથી કરવામાં આવે છે. એમાં કુટુંબની ભૂમિકા, ઉમેદવારનો સ્વભાવ ને ચારિત્ર્ય, અને જોડાવાનો સંકલ્પ કયારથી ને કયા કારણથી ને કેવો દૃઢ છે એની તપાસ થાય. સંઘમાં જોડાવા માટે મા–બાપની પરવાનગી લેવાની હોય છે.

– દાખલ થતાં બીજા એવા ઉમેદવારોની સાથે એક ખાસ સંસ્થામાં જઈને તે ત્યાં પૂરાં બે વર્ષ સુધી રહીને આધ્યાત્મિક તાલીમ લે છે: પ્રાર્થના, તપ, મૌન, ધ્યાન, ધર્મબોધ, સંઘની જીવનસંહિતાની સમજૂતિ, સામૂહિક જીવન, અને અંગ્રેજી ને લૅટિન ભાષાનો થોડો અભ્યાસ. એ બે વર્ષ ઉભય પક્ષે (ઉમેદવાર અને સંઘ) સંતોષકારક રીતે પૂરાં થતાં, ઉમેદવાર 'પ્રથમ વ્રત' લે છે (તે પહેલાં કેટલાક પાછા જાય છે પણ ખરા) અને સંઘનો ખરો સભ્ય બને છે. વ્રત તો બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને આજ્ઞાપાલન છે, અને 'પ્રથમ' નો અર્થ એ કે હજી જો તાલીમ દરમિયાન અસંતોષ થાય તો પરવાનગી લઈને માન સાથે સંસારમાં પાછા જઈ શકાય (ને એવું બને છે પણ ખરું).

– ત્યાર પછી બીજી સંસ્થામાં જઈને બીજાં બે વર્ષ માટે યુવાન સાધુઓ સાહિત્ય, અંગ્રેજી, લૅટિન, પ્રાદેશિક ભાષા, લખ-

વાની કલા, અને જાહેરમાં બોલવાની તાલીમ લે છે. (રોજ અમુક પ્રાર્થના, ધ્યાન વગેરે કરવાની ફરજ તો જીવન સુધી ચાલુ જ રહે છે).

– બીજાં બે વર્ષ સુધી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ.

– ત્યાર પછી (કે કોઈ વખત તે પહેલાં પણ) કૉલેજની ડિગ્રી લેવાની હોય છે. શકિત ને ઓક પ્રમાણે વિજ્ઞાન કે વિનયન, સ્નાતક કે ઉપસ્નાતક સુધી.

– તાલીમનો સૌથી અગત્યનો ગાળો તે પછીનાં ચાર વર્ષો છે. એમાં બાઈબલનો, નીતિશાસ્ત્રનો, દુનિયાના ધર્મોનો વિગતવાર અભ્યાસ થાય છે. એ અભ્યાસને અંતે દીક્ષા અપાય છે અને ધાર્મિક વિધિઓ કરવા – કરાવવા અધિકાર મળે છે.

અભ્યાસનો ગાળો પૂરો થતાં હજી એક વર્ષ માટે કેવળ આધ્યાત્મિક સાધનામાં ગાળવાનું હોય છે.

– છેલ્લે કામ ઉપર આવવાની યોગ્યતા મળે છે, અને કામનો અનુભવ એક વર્ષ સુધી લઈને 'આંતિમ વ્રત,' એટલે કે પેલાં શરૂઆતનાં ત્રણ વ્રત પણ હવે કાયમ માટે લેવામાં આવે છે.

– ખાસ સંજોગોમાં વ્યકિતની જરૂરિયાત ને લાયકાત જોઈને આ તાલીમ જરા ટૂંકાવી – લંબાવી શકાય."

ઉપર મુજબની વિગતોનું તારણ કાઢીને ચોક્કસાઈ ખાતર મેં તેમને પુછાવ્યું કે "આપની આ વિગતો મુજબ ધર્મગુરુ થવાની ઈચ્છા ધરાવતો કોઈ પણ ઉમેદવાર એસ. એસ. સી. જેટલી તો યોગ્યતા ધરાવતો હોવો જ જોઈએ એટલે આશરે ૧૬ વર્ષ અને પછી તાલીમનાં લગભગ બીજા બાર વર્ષ – આ રીતે કોઈ પણ ઉમેદવાર ૨૮ વર્ષ પહેલાં ધર્મગુરુ થઈ ન શકે–આ મારી ગણતરી બરોબર છે?" તેના જવાબમાં તેઓ જણાવે છે કે "આપની ગણતરી બરાબર છે. ૨૮ વર્ષ પહેલાં અમારે ત્યાં ધર્મગુરુ ન થવાય, અને વ્યવહારમાં એ ઉમ્મર ૩૦ થી વધારે હોય છે."

ત્યાર બાદ હિન્દુ સમાજમાં– ખાસ કરીને જૈન સમાજમાં– કોઈ પણ વ્યકિત મોટી ઉમ્મરે વૈરાગ્યપ્રભાવિત થતાં સંન્યાસ ગ્રહણ કરી શકે છે તે મુજબ ખ્રિસ્તી ધર્મ સંપ્રદાયમાં મોટી ઉમ્મરની વ્યકિત ધર્મગુરુ થઈ શકે છે કે નહિ અને જો થઈ શકતો હોય તો તેના માટે તાલીમ વગેરે અંગે કોઈ પ્રબંધ છે કે નહિ એ સંબંધમાં તેમને પૂછતાં તેઓ જણાવે છે કે:

"પુખ્ત વયે દીક્ષા લેવા માગનારાઓ અમારે ત્યાં પણ છે. એમને અમે Late Vocations કહીએ છીએ, એમને અભ્યાસ અને દુનિયાનો અનુભવ તો હોય જ છે, તેથી તેમના માટે તાલીમનો સમય ટૂંકાવવામાં આવે છે, અને એ પણ દરેકના સંયોગો અને તૈયારી જોઈને. તો પણ શરૂઆતની આધ્યાત્મિક તાલીમ એક બે વર્ષ સુધીની તેને લેવાની હોય જ છે અને અન્તનો ધર્મનો અભ્યાસ બેથી ચાર વર્ષની અંદર તેણે કરવાનો રહે જ છે.

"બીજી એક વ્યવસ્થા અમારે ત્યાં છે એનો ઉલ્લેખ કરું. જેમને અભ્યાસ કરવાની વૃત્તિ કે શકિત ન હોય, પણ સંસાર છોડવાની ઈચ્છા હોય તેઓ ધર્મગુરુઓ તો ન બની શકે, એટલે કે ઉપદેશ કરવાનો અને ધર્મક્રિયાઓ ચલાવવાનો અધિકાર તેમને મળતો નથી, તો પણ સંઘના વ્રતો લઈને તેઓ સંઘના ખરા સભ્યો બની શકે છે અને આવી વ્યકિતઓ સંઘની સંસ્થાઓમાં ભૌતિક વ્યવસ્થા (સફાઈ વગેરે ...)નું કામ કરે છે, એમાં યુવાનો પણ આવે છે અને મોટી ઉમ્મરવાળા પણ આવે છે. એમની તાલીમ ટૂંકી અને સરળ હોય છે.

"આ રીતે સંઘમાં જોડાયલા ઓછા અભ્યાસવાળા લોકો Brothers કહેવાય છે; જ્યારે પૂરી તાલીમવાળા Fathers અને Priests કહેવાય છે. જીવનવ્યવહાર અને રહેણીકરણીમાં Brothers અને Fathers વચ્ચે કોઈ ફેર નથી. સાથે રહે, જીવે, જમે, પણ કામ જુદું. Brothers ઘરનું કામ કરે છે, કૉલેજમાં ઑફિસનું કામ પણ કરે છે, જ્યારે Fathers તો ધર્મનું કામ (ઉપદેશ આપવો, વિધિઓ કરાવવી વગેરે) અને બુદ્ધિનું કામ (ભણાવવાનું, લખવાનું વગેરે) કરે છે. અમારે ત્યાં એ Brothers એક છાપખાનું (આણંદ પ્રેસ) પણ ચલાવે છે. ખેતીનું કામ પણ કરે છે."

આ પ્રમાણે સંન્યાસી થવા માટે યોગ્યતાનું ઘોરણ રામકૃષ્ણ મીશનમાં જોડાવા ઈચ્છનાર અને તે મિશન દ્વારા સંન્યાસી બનવા ઈચ્છનાર માટે નિયત કરવામાં આવ્યું છે. અન્ય ધર્મસંસ્થાઓમાં ધર્મગુરુ બનવા માટે આવી વ્યવસ્થિત યોજના હોવાનું મારી જાણમાં નથી.

જે આવ્યું તેને દીક્ષિત બનાવવાની ધગશ સેવતા જૈન ધર્માચાર્યોને તેમ જ જૈન સમાજના આગેવાનોને ઉપર જણાવેલી બાબત ગંભીરપણે વિચારવા અને તદનુસાર ધર્મગુરુની તાલીમ આપતી ખ્રિસ્તી શિક્ષણસંસ્થા જેવી શિક્ષણસંસ્થાનું આયોજન વિચારવા અને એ દ્વારા જેણે યોગ્યતા પ્રાપ્ત કરી હોય તેને જ દીક્ષિત બનાવી શકાય અને એવી યોગ્યતા પ્રાપ્ત કરી ન હોય તેને દીક્ષા આપી ન જ શકાય–આવું સાધુસંસ્થાનું કોઈ વ્યવસ્થિત નિર્માણ કરવા પ્રાર્થના છે.

પરમાનંદ

પૂરક નોંધ: ૧. ઈસુ સંઘમાં જોડાવા ઈચ્છતી ઉમેદવાર બહેનોના સંબંધમાં શું પ્રબંધ છે એ વિષે પૂછતા ફાધર વાલેસ જણાવે છે કે:–

"અમારે ત્યાં સાધ્વીઓના સંઘ અલગ હોય છે. વળી સ્ત્રીઓને ઉપદેશ કરવાનો ને ધર્મક્રિયાઓ ચલાવવાનો અધિકાર નથી, માટે તાલીમ આટલી લાંબી પણ નથી. તો પણ ઉમરની મર્યાદા, અને પેલાં "પ્રથમ" અને "અંતિમ" વ્રતોની વ્યવસ્થાને સમયનો ગાળો સાધુઓની જેમ જ છે. જે સંઘોના સાધ્વીઓ સ્કૂલો–કૉલેજો ચલાવે છે એની તાલીમ લાંબી હોય છે; અને એ જ રીતે નર્સિંગ કે બીજું કામ કરવું હોય તો તેની યોગ્ય તૈયારી કરે. પણ વિગતો તો જુદા જુદા સંઘોમાં જુદી જુદી હોય છે. ધર્મનો અભ્યાસ અને આધ્યાત્મિક સાધના તો બધાને માટે છે જ.

પૂરક નોંધ: ૨. આ બાબતની ભાઈ રિષભદાસ રાંકા સાથે ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે "આ દિશાએ તેરાપંથના પ્રમુખ આચાર્ય તુલસીએ એક નવું પ્રસ્થાન કર્યું છે જે ખાસ ધ્યાનમાં લેવા જેવું છે. જો કે તેઓ એટલે કે આચાર્ય તુલસી બાલ દીક્ષાની કોઈ સરકારી કાનૂનદ્વારા અટકાયત થાય તેની વિરુદ્ધ છે, આમ છતાં પણ તેમને હવે સ્પષ્ટપણે માલુમ પડ્યું છે કે નવી પેઢી બાલદીક્ષાનો વિરોધ કરે છે, જનમાનસ પણ એથી વિરુદ્ધ છે અને તેથી આ લોકવિરોધની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. આમ છતાં તેમનું એમ પણ માનવું છે કે જે શિક્ષા અને સંસ્કાર બચપણમાં મળે છે તે અતિદૃઢ નિવડે છે. આમ હોવાથી જે કોઈ નાની ઉમ્મરની વ્યકિતમાં સંસારત્યાગની ઈચ્છા નિર્માણ થઈ હોય તેને પ્રથમ શિક્ષા આપીને યોગ્ય બનાવવાનો પ્રયત્ન કરવો અને પછી દીક્ષા આપવી એ વિશેષ લાભદાયક છે અને તેથી તેમણે દીક્ષા લેવાના નાની વયના ઉમેદવારને શિક્ષા આપવા માટે એક પારમાર્થિક સંસ્થાનું કેટલાક સમયથી નિર્માણ કર્યું છે. જુની પરંપરાવાળાઓ આનો ઠીક ઠીક વિરોધ કરે છે, એમ છતાં પણ આચાર્ય તુલસી આ બાબતને મક્કમપણે વળગી રહ્યા છે અને અનુભવથી તેની ઉપયોગીતા બહુ સારા પ્રમાણમાં તેમને પ્રતીત થઈ ચૂકી છે. તેમના જણાવવા પ્રમાણે આ સંસ્થામાં દીક્ષાર્થી માટે ૪–૫ વર્ષની તાલીમનો પ્રબંધ કરવામાં આવ્યો છે અને તે તાલીમમાંથી પસાર થયા બાદ જ તે ઉમેદવારને હવે દીક્ષા આપવામાં આવે છે. આ રીતે પહેલાની બાલદીક્ષા તેરાપંથમાં હવે લગભગ નાબૂદ થઈ છે એમ કહી શકાય.

આ પારમાર્થિક સંસ્થાનો કેવો પ્રબંધ છે અને કેવા પ્રકારની તેમાં તાલીમ આપવામાં આવે છે અને આ રીતે બાલદીક્ષા ખરેખર તેમનામાં બંધ થઈ છે તેની મને કોઈ ખબર નથી. મારા માટે આ તદ્દન નવા સમાચાર છે. આમ છતાં પણ ખ્રિસ્તી ધર્મગુરુ થવાના ઉમેદવારને અપાતી તાલીમના ખ્યાલપૂર્વક આ પારમાર્થિક સંસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હોય તો તે સાચી દિશાનું એક પગલું છે એમ વિચારીને તે સંસ્થાને આજના જૈનોએ આવકારવી જોઈએ અને તે ઘોરણ ઉપર પોતપોતાના સંપ્રદાયને અનુરૂપ શિક્ષણ આપે, તાલીમ આપે તેવી નવી સંસ્થાઓનું નિર્માણ કરવું જોઈએ.

પરમાનંદ

૧૯મી વિશ્વ શાકાહાર પરિષદ, મુંબઈ

ઈ૦ સ૦ ૧૯૫૭ની સાલમાં ભારત ખાતે પહેલી વાર ભિન્ન ભિન્ન સ્થળોએ આ પરિષદનાં અધિવેશનો યોજાયાં હતાં, દશ વર્ષ બાદ નવેમ્બર-ડિસેમ્બર માસ દરમિયાન આ પરિષદનાં યોજાયેલાં અધિવેશનોમાં ભાગ લેવા માટે ૨૨ જુદા જુદા દેશોમાંથી ૧૨૫ શાકાહારી પ્રતિનિધિઓ પધાર્યા હતા. દિલ્હીમાં આ પરિષદનું ઉદ્‌ઘાટન ભારતના અર્થસચિવ માન્યવર શ્રી મોરારજી દેસાઈએ કર્યું હતું. કલકત્તાના કાર્યક્રમો ત્યાંનાં રાજકારણી તોફાનોના કારણે રદ કરવા પડયા હતા. મદ્રાસમાં નાના પાયે સંમેલનો યોજાયાં હતાં અને છેવટે કેટલાક મુખ્ય સભારંભો મુંબઈ ખાતે ભરવામાં આવ્યા હતા. આ નિવેદનમાં મુંબઈ ખાતે ભરાયલા સમારંભોનો ટૂંકાણમાં ખ્યાલ આપવાનો આશય છે.

મુંબઈમાં સ્વામી ચિન્મયાનંદજીના હસ્તે તા. ૨ જી ડિસેમ્બરે પરિષદનું ઉદ્‌ઘાટન થયા બાદ તા. ૩ સવારના Jewish-જ્યુઈશ - વેજીટેરીઅન-સોસાયટીના સૂત્રધાર ઈંગ્લાંડના શ્રી પીકના પ્રમુખપદે વૈજ્ઞાનિક પરિસંવાદ યોજાયો હતો. અમેરિકાના પ્રોફેસર સ્કૉટ નીઅરીંગે એમાં 'કીચન ગાર્ડન'ની પ્રવૃત્તિને વિકસાવવા અપીલ કરી હતી; મુંબઈના નિસર્ગોપચારક ડૉ. ભમગરાએ પોતાનો પ્રોટીન વિષેનો નિબંધ રજૂ કર્યો હતો જેમાં રજુ કરવામાં આવેલી 'હાઈપ્રોટીન' ખોરાકની વિરુદ્ધ વૈજ્ઞાનિક મતની વાત ઘણાને આશ્ચર્યકારક લાગી હતી, પરંતુ હાફકીન ઈન્સ્ટીટયુટના આહારશાસ્ત્રી ડૉ. વસંત જાંઈએ ડૉ. ભગમરાના અભિપ્રાયને પોતાનો અનુભવ વર્ણવી ટેકો આપ્યો હતો. તા. ૩ બપોરે આંતરરાષ્ટ્રીય શાકાહારી સંઘના પ્રમુખ માર્કવીસ સેંટ ઈનોસન્ટે શ્રીનિકેતન ગાર્ડન્સમાં શાકાહારી પ્રદર્શન ખુલ્લું મૂકયું હતું; આ પ્રદર્શનમાં શ્રી ભારતાનંદ (મૂળ શ્રી મોરીસ ફ્રીડમેન) તરફથી છડયા વિનાના ચોખાના આટાની વાનગીઓ, ડૉ. ખીમજી નરમના 'હેલ્થ કુકર,' ઈઝરાઈલના ડૉ. એલેક્ષ હેરીએ તલમાંથી બનાવેલી વાનગી, તેમ જ 'પ્રેરણા' વગેરે સંસ્થાએ રજુ કરેલાં સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન ઉપરાંત બીજું ઘણુંય જોવા, જાણવા અને માણવા જેવું હતું. શ્રીમતી લીલાબેન બી. કે. શાહ, શ્રી મનુભાઈ ચાવડા, કુ. નલિનીબેન મોરારજી, શ્રીમતી ઈન્દીરાબેન પીતી વગેરેએ આ કાર્યક્રમ તેમ જ મંગળવાર બપોરનો બહેનો માટેનો કાર્યક્રમ સફળ બનાવવા અથાગ પરિશ્રમ લીધો હતો. પ્રદર્શનના ઉદ્‌ઘાટન પછી સાંજે ૫-૧૫ વાગ્યે ચોપાટીના કિનારે એક વિરાટ સભા યોજવામાં આવી હતી, જ્યાં મુનિશ્રી ચિત્રભાનુ મહારાજે અહિંસા અને શાકાહાર વિષે જૈન ધર્મનો દૃષ્ટિકોણ સમજાવ્યો હતો અને તે ઉપરાંત સભાપતિ મહારાષ્ટ્ર વિધાનસભાના પ્રમુખ શ્રી ભારદેજીએ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તેમ જ પરદેશથી આવેલા સભ્યોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. તે જ રીતે ૯-૪૦ વાગે મુંબઈ રેડીઓ પરથી શ્રીમતી રૂકમણી દેવી અરન્ડેલે (જેઓ ભારતીય શાકાહારી કૉંગ્રેસનાં પ્રમુખ છે.) ઈઝરાયલના ડૉ. ઓટો રોબીનસને (જેઓ આંતરરાષ્ટ્રિય શાકાહારી સંઘના એક ઉપપ્રમુખ છે.) અને ડૉ. ભમગરાએ વાર્તાલાપ રજૂ કર્યો હતો.

તા. ૪ સોમવારે બપોરે ડાકટરો માટેની એક ખાસ સભા ટાટા ઓડીટોરીયમમાં યોજાઈ હતી, જેમાં નેચરોપેથ ડૉ. એલેક્ષ જેરીએ શાકાહાર સાથે નિસર્ગોપચારના આંદોલન પર ભાર મૂકયો હતો, જ્યારે જર્મનીના હોમીઓપેથ ડૉ. શ્રીમતી બેગ્વી હમે પોતાના અનુભવો રજુ કરી હોમીઓપેથીક દવા સાથે શાકાહારની અગત્યતા સમજાવી હતી. ડૉ. જાઈએ નિર્જીવ ઈંડાંનો ચર્ચાસ્પદ સવાલ ઉપાડી લઈ શાકાહારીઓને એની બિનઅગત્યતા અને નુકસાનની શકયતા સમજાવી, એનાથી પરહેજ રહેવા સૂચવ્યું હતું. અમદાવાદના શ્રી ચંદુલાલ કાશીરામ દવેએ નિસર્ગોપચારના આહાર સિદ્ધાંતો, કાચા ખોરાકનું આહારમાં સ્થાન વગેરે બાબતો રજુ કરી હતી; જ્યારે પ્રમુખસ્થાનેથી આયુર્વેદાચાર્ય પંડિત શિવશર્માએ મનનો શરીર પર અને શરીરનો વિચારો અને ઉર્મિઓ પર કેટલો પ્રભાવ છે તે વિષે પોતાનો અને અન્ય ડૉકટરોનો અનુભવ દષ્ટાંતો સાથે રજુ કર્યો હતો.

તા. ૬ બુધવારે કૉંગ્રેસનો અંતિમ કાર્યક્રમ યુનિ. કોન્વોકેશન હોલમાં યોજવામાં આવ્યો હતો, જ્યાં દીલ્હીના નિસર્ગોપચારક શ્રી સ્વામીનાથન, અમેરિકાના પ્રોફેસર નિઅરીંગ, ઈંગ્લાંડના શ્રી ગન-કીંગ, વલસાડના શ્રી દીનકરરાય દેસાઈ વગેરેએ વસ્તીવધારાનો નૈસર્ગિક ઈલાજ, જમીનમાં રસાયણિક ખાતર નાખવાથી થતું નુકસાન, ફળો અને અનાજ પર છાંટવામાં આવતાં રસાયણોથી આપણા લીવર તેમજ જ્ઞાનતંતુઓ પર પહોંચતી અસર વગેરે બાબતોની છણાવટ કરી હતી. યુવાનો માટેના સંમેલનમાં સ્વામી ચિન્મયાનંદના પવાઈ ખાતેના આશ્રમના શ્રી પાર્થસારથીએ વેદાંતના આધારે માનવી માટે શાકાહાર સિવાય બીજા કોઈ પ્રકારનો આહાર યોગ્ય નથી એવું મંતવ્ય રજુ કર્યું હતું. આ સભાનું સંચાલન અમેરીકન વેગન સોસાયટીના સ્થાપક શ્રી દીનશાએ કર્યું હતું.

આ બધી સભાઓમાં જૈનોની હાજરી જૂજ હતી, જ્યારે જૈનોએ જાણવા જેવું ઘણું હતું. દા. ત. (૧) અહિંસાની વિશાળ વ્યાખ્યામાં શરીર પર થતા અત્યાચારનો સમાવેશ પણ થાય છે અને એવા અત્યાચારો અને હિંસા શાકાહારી જૈનો પણ (યોગ્ય જ્ઞાનના અભાવે) કરે છે. (૨) માત્ર શાકાહારી થવાથી યા રહેવાથી કોઈ વિશેષ લાભ નથી; જ્યાં સુધી ખોરાકમાં ફળફળાદિ, કાચાં શાકભાજીને મહત્ત્વનું સ્થાન ન મળે ત્યાં સુધી શાહાકારી વ્યકિત પૂરી તન્દુરસ્તી પ્રાપ્ત કરી ન શકે એ સંભવિત છે. (૩) પ્રાણીઓ પર વાઢકાપના કે બીજી રીતે ક્રૂર પ્રકારના અખતરાઓ કરી શોધાયેલી દવાઓ (જેમાં વિશેષ એલોપેથીક દવાઓનો સમાવેશ થાય છે) નો ઉપયોગ પશ્ચિમના શાકાહારીઓ સામાન્ય રીતે કરતા નથી, વિશેષે નેચરકયોર અને કંઈક અંશે વનસ્પતિ દવાઓ અને હોમીઓપેથીક દવાઓનો ઉપયોગ કરે છે. આપણે ત્યાંના જૈનો - અને આ બાબત અતિ દુ:ખદ છે - જૈનો પાયો હિંસા પર રચાયો છે એવી એલોપેથીક પદ્ધતિને વિશેષ ટેકો આપે છે. અને નિસર્ગોપચાર જેવી-૧૦૦ ટકા શાકાહાર અને અહિંસાને વરેલી - વૈજ્ઞાનિક ચિકિત્સા પદ્ધતિની અવહેલના કરે છે.

ડૉ. એમ. એમ. ભમગરા.

સમાચાર

કેનેડા જઈ રહેલા પં. દલસુખભાઈ માલવણિયા

જૈન આગમો અને સમગ્ર ભારતીય દર્શનોનાં મર્મજ્ઞ, વિદ્વાન અને અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના મુખ્ય સંચાલક (ડીરેકટર) પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાને કેનેડાની ટોરોન્ટો યુનિવર્સિટીમાં ભારતીય દર્શનોનું અધ્યાપન કરાવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક (વિઝીટીંગ પ્રોફેસર) તરીકે કેનેડા જવાનું આમંત્રણ છ-સાત મહિના પહેલાં મળ્યું હતું, અને તેઓએ આ આમંત્રણનો સ્વીકાર પણ કર્યો હતો, હવે ટોરોન્ટો યુનિવર્સિટી તરફથી આ માટે બનતી ત્વરાએ કેનેડા પહોંચવાની વિનંતી થતાં શ્રી દલસુખભાઈએ બીજી જાન્યુઆરીના રોજ આ વિદ્યાયાત્રા માટે પ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો છે, અને અત્યારે એ અંગેની તૈયારી કરી રહ્યા છે. તેમનો વિગતવાર પરિચય કરવાતો એક લેખ પં. બેચરદાસ જીવરાજ દોશીએ લખી મોકલ્યો છે જે 'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તેમની વિદાય પ્રસંગે સંઘ તરફથી એક સન્માનસંમેલન પણ યોજવામાં આવનાર છે.

પં. સુખલાલજીને તથા કાકાસાહેબ કાલેલકરને થનારું પદવીપ્રદાન

ચાલું માસની ૧૫મી તારીખે ઉપર જણાવેલ બન્ને મહાનુભાવોને સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી 'પી. એચ. ડી.' નહિ, પણ ડૉકટર ઓફ લિટરેચર-ડી. લિટ-નું પદવીપ્રદાન કરવામાં આવનાર છે.

પરિવાર-નિયોજન : બે મોરચાનું યુદ્ધ

(તા. ૨૩-૬-૬૭ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાંથી સાભાર ઉધ્ધૃત તથા અનુવાદિત)

તંદુરસ્તી અને પરિવાર નિયોજનના પ્રશ્નની મુખ્યત્વે બે બાજુ છે: એક તો દેશમાં બાળકો અને માતાઓનું તથા સમગ્રપણે સામાન્ય જનતાનું મૃત્યુપ્રમાણ ઘટાડવું અને બીજું જન્મપ્રમાણ ઘટાડવું.

આપણે ત્યાં દર વરસે એક હજાર પ્રસૂતિએ ૯૦ બાળકો જન્મ્યા પછી મરી જાય છે. બીજા સુધરેલા દેશોમાં આ પ્રકારનું બાળમરણનું પ્રમાણ ૨૦ અને ૨૫ની વચ્ચે છે. આપણે ત્યાં એક હજાર પ્રસૂતિએ દર વરસે ૮ માતાઓ મરી જાય છે, જ્યારે બીજા સમાજોમાં પ્રસૂતિ દરમ્યાન માતાનું મૃત્યુપ્રમાણ ૨ છે. આપણું સરેરાશ મૃત્યુપ્રમાણ દર વરસે દર હજારે ૧૬ થી ૧૭ નું છે, જ્યારે બીજા પ્રગતિશીલ સમાજોમાં આ મૃત્યુપ્રમાણ ૧૦થી પણ ઓછું છે.

આપણે ત્યાં તાજેતરનાં વરસોના માંદગી અંગેના ખાત્રીપૂર્વકના આંકડા ઉપલબ્ધ નથી. પરંતુ જે કાંઈ હકીકતો આપણી પાસે છે તે ઉપરથી જણાય છે કે બિમારીનું પ્રમાણ પણ આપણે ત્યાં ઘણું વધારે છે. એથી સૌથી પ્રથમ તો મટી શકે એવા ચેપી રોગો આપણે ત્યાં આજે પણ મૃત્યુ અને માંદગીનું પ્રમાણ વધારવામાં અગ્રસ્થાને છે. પ્લેગનો રોગ મોટા પ્રમાણમાં થાય છે. શીતળાનો રોગ જે ઘણા દેશોમાં તદ્દન નિર્મૂળ કરવામાં આવ્યો છે તે હજી આપણે ત્યાં મોટા પ્રમાણમાં પ્રાણહાનિનું નિમિત્ત બને છે. જે વયમાં શીતળાનો રોગ થવાનો વધારે સંભવ છે, એ વયનાં નાનાં બાળકોને આપણે શીતળાની રસી મૂકવા જેવું પ્રાથમિક રક્ષણ પણ પૂરતા પ્રમાણમાં આપી શકતા નથી. કોલેરાના તો ૧૯૬૧થી ૧૯૬૫ના ગાળામાં દુનિયાના સમગ્ર કેસોમાંથી ૩/૪ કેસો આપણે ત્યાં બન્યા છે અને કોલેરાને કારણે થયેલાં કુલ મૃત્યુઓમાંથી ૨/૫ મૃત્યુ પણ આપણે ત્યાં થયાં છે. સદ્‌ભાગ્યે મેલેરિયા તો આપણે ત્યાં પ્રમાણમાં કાબુમાં લાવી શકયા છીએ અને નજીકના ભવિષ્યમાં મેલેરિયા તદ્દન નાબૂદ કરી શકીશું એવી આશા છે.

બીજે નંબરે આપણે ત્યાં ક્ષય, કોઢ અને ચામડીના દરદોના પ્રશ્નો છે. સ્વચ્છતા અને જાહેર આરોગ્યના વિષયમાં આપણે ઘણા પાછળ છીએ અને સામાન્ય માણસોની સ્વચ્છતાની ટેવોમાં સુધારાને ઘણો અવકાશ છે. આપણા ગામડાંઓને આપણે જંતુરહિત સ્વચ્છ પાણી પણ પહોંચાડી શકયા નથી. ૨૪૬૧ કસબાઓ (TOWNS) પૈકી માત્ર ૭૫૦ પાસે જ કંઈક પાણીના પુરવઠાની રીતસરની વ્યવસ્થા છે. સારું પાણી મળવાના અભાવના કારણે આપણા દેશમાં રોગનું પ્રમાણ ઘણું વધારે છે.

રોગોના નિદાન અને ઉપચારની વધારે સારી સગવડો, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, મળે તો આ વિષયમાં આપણે જરૂર પ્રગતિ સાધી શકીએ. માંદગી અને મૃત્યુના પ્રમાણમાં ધરખમ ઘટાડો થવો જરૂરી અને ઈચ્છવાયોગ્ય છે, આર્થિક રીતે જોઈએ તો પણ. કારણકે જો મૃત્યુપ્રમાણ ઊંચું હોય તો તેનો અર્થ એમ થાય છે કે જાહેર આરોગ્ય પાછળ આપણે ત્યાં જે નાણાં ખરચાય છે તેનું પૂરતું વળતર આપણને ઉત્પાદનના રૂપમાં મળતું નથી. સાથે સાથે જો મૃત્યુપ્રમાણ ઘટે તો તેની તાત્કાલિક અસર વસ્તીવધારાનું પ્રમાણ ઊંચે લઈ જવામાં થશે એટલે દેખીતી રીતે જ, મૃત્યુપ્રમાણને અસરકારક રીતે કાબુમાં રાખવું હોય તો તેની સાથે ને સાથે જન્મપ્રમાણ ઘટાડવાના પ્રયત્નો પણ કરવા જ જોઈશે.

ભારતની કુલ વસ્તી આજે સાડીએકાવન કરોડ છે અને રોજના ૫૦ હજારથી વધુ બાળકો જન્મે છે. પરિણામે દર વરસે આપણી વસ્તીમાં લગભગ સવા કરોડ માણસોનો વધારો થઈ રહ્યો છે. એમ કહેવાય કે દર વરસે એક આખું ઑસ્ટ્રેલિયા આપણામાં ઉમેરાઈ જાય છે.

વસ્તીના વધારાનું પ્રમાણ વધતું જ રહ્યું છે. ૧૯૦૧થી ૧૯૨૧ના ગાળામાં આપણે ત્યાં એક કરોડ ઓગણત્રીસ લાખનો વધારો થયો; ૧૯૨૧ થી ૧૯૪૧ દરમ્યાન છ કરોડ તોંતેર લાખનો વધારો થયો; ૧૯૪૧ થી ૧૯૬૧ દરમ્યાન બાર કરોડ ચાર લાખનો વધારો થયો; ૧૯૬૭ થી ૧૯૯૭ના ત્રીસ વરસ દરમ્યાન આપણી વસ્તી કદાચ એકસો કરોડ (અથવા એક અબજ) ની થઈ જશે એમ લાગે છે. આપણા વસ્તીપત્રકનું પૃથક્કરણ, અને નમૂનારૂપ સમીક્ષણો પરથી જણાય છે કે દર વરસે આપણી વસ્તીમાં અઢી ટકાનો વધારો થઈ રહ્યો છે.

દર વરસે ભારતમાં બે કરોડ બાળકો જન્મે છે, જ્યારે દર વરસે ૭૫ થી ૮૦ લાખ માણસો આપણે ત્યાં મરે છે. આપણે ત્યાં જન્મ પ્રમાણ દર હજારે ૪૦ થી ૪૨ નું છે, જ્યારે મૃત્યુ પ્રમાણ દર હજારે ૧૬ થી ૧૭ નું છે.

મૃત્યુપ્રમાણ

આપણી વસ્તીમાં ઝડપી વધારો થવાનું મુખ્ય કારણ વધુ પડતું જન્મપ્રમાણ નથી, પરંતુ રોગ અને મોતની સામેનો આપણો વિકસતો જતો વિજય છે. ચેપી રોગોને અંકુશમાં આણવાના તથા જાહેર આરોગ્યને સુધારવાના આપણા પ્રયત્નોને સાંપડેલી સફળતા આંશતઃ હોવા છતાં પણ મૃત્યુનું પ્રમાણ ૧૯૧૧માં દર એક હજારે ૨૩નું હતું તે ઘટાડીને આજે આપણે દર એક હજારે ૧૬ થી ૧૭ પર લાવી શકયા છીએ. જન્મસમયે જીવનની ધારણા Expectation of Life નો આંક જે ૧૯૫૧માં ૩૨.૧ વર્ષનો હતો તે ૧૯૬૬માં ૫૦ વર્ષનો થયો છે.

કેટલાક એમ માને છે કે આપણું સરેરાશ મૃત્યુપ્રમાણ ઘટવાનું કારણ આધુનિક દવાઓ અને રસીઓ - Vaccines—ની શોધ છે. ભારત માટે આ વાત સાચી નથી. યુરોપ અને અમેરિકા માટે પણ આ વાત સાચી ઠરતી નથી, કારણકે ત્યાં તો આ પ્રકારની અદ્યતન ઔષધીઓ શોધાઈ તે પહેલાથી જ મૃત્યુપ્રમાણ ઘટ્યું હતું. આજે આપણા દેશમાં ગામડાંઓની દર ૫૦૦૦૦ની વસ્તી માટે એક જ Qualified - ડીગ્રીધારી - ડાકતર ઉપલબ્ધ છે, અને સમગ્ર દેશનો એન્ટીબાયોટીક દવાનો પુરવઠો એટલો બધો ઓછો છે કે દર વરસે વ્યકિતદીઠ માત્ર બે જ સલ્ફાની ટીકડી મળવી શકય છે, (જ્યારે સામાન્ય મરડાની સારવાર માટે પણ ઓછામાં ઓછી સલ્ફાની ૨૦ થી ૨૨ ટીકડી જરૂરી ગણાય છે—અને આપણે ત્યાં મરડાના દર્દીને વરસમાં બે ત્રણ વાર પણ મરડો થવાના કેસો બને છે). આ રીતે જોઈએ તો આધુનિક ઔષધિઓ હજી ઘેરે ઘેર પહોંચી નથી અને એના કારણે મરણપ્રમાણ ઓછું થયું છે એમ કહી શકાય નહીં.

યુરોપ અને અમેરિકામાં મૃત્યુપ્રમાણ ઘટવાનું કારણ સારું શિક્ષણ અને સારી જીવવાની સગવડો હતું. આપણા દેશમાં રાજકીય સ્થિરતા, નહેરો અને સિંચાઈનો વિકાસ અને વાહનવ્યવહારની વધુ સારી સગવડોને પરિણામે ખોરાકનો વધુ પુરવઠો અને એની કાર્યક્ષમ વહેંચણીને લઈને મૃત્યુપ્રમાણ ઘટ્યું છે. તે ઉપરાંત જાહેર આરોગ્યના ક્ષેત્રમાં આપણો એક માત્ર સફળ પ્રયત્ન તે મેલેરિયાની લગભગ નાબુદી છે. મેલેરિયા પરના વિજયના કારણે આપણે દર વરસે દશ લાખ માણસોને મૃત્યુના પંજામાંથી છોડાવી શકયા છીએ અને બીજા દશ કરોડ જેટલા માણસોને માંદગી અને પીડામાંથી બચાવી શકયા છીએ. મેલેરિયા સામેની ઝુંબેશ શરૂ કરી તે વરસની સરખામણી કરીએ તો ૧૯૬૬માં મેલેરિયાના કેસોમાં ૯૯.૮ ટકાનો ઘટાડો થયો છે અને પરિણામે

મેલેરિયાને કારણે આપણને થતી આર્થિક નુકસાનીમાં પણ ૯૯.૮ ટકાનો બચાવ થયો છે એટલું જ નહીં, વધુ ઉત્પાદન અને ઉત્પાદક શકિતના રૂપમાં આપણને ઘણો મોટો આર્થિક લાભ પણ થયો છે. અનાજમાં ઘઉં, ચોખા જુવાર, બાજરી અને રોકડિયા પાકમાં શેરડી, તમાકુ, કપાસ, શણ, ચાહ તથા કોલસાના ઉત્પાદનમાં જે કુલ વધારો થયો છે તેના ૧૯૪૯-૫૩ નાં ગાળાની સામે ૧૯૬૧-૬૫ ના ગાળાના સરેરાશ આંકડા તપાસીએ તો કુલ ૧૦૪.૫ કરોડ રૂપિયાનો વધારો થયો છે. તેના દશ ટકા જેટલો ફાળો પણ જો મેલેરિયા નાબુદીના કારણે મૂકીએ તો તેનાથી ૧૦.૪૫ કરોડ રૂપિયા જેટલો આર્થિક લાભ થયો છે એમ ગણી શકાય.

Sterilisation : વંધ્યીકરણ

આજે આપણા દેશમાં દશ કરોડથી વધુ પરણેલાં સ્ત્રી – પુરુષો છે, જેમાંથી આશરે નવ કરોડ જેટલાં દંપતિઓ ૧૫ થી ૪૫ વરસની વયના પ્રજોત્પત્તિ કરી શકે એવા વિભાગમાં છે. આ નવ કરોડ પૈકી ૪.૨ કરોડ (૪૬.૮ ટકા) દંપતિઓને ચાર અથવા ચારથી વધુ બાળકો છે, ૧.૪ કરોડ (૧૫.૫ ટકા) ને ત્રણ બાળકો છે; એટલે કે, ૫.૬ કરોડ દંપતિઓને ત્રણથી વધુ બાળકો છે. રાષ્ટ્રના હિતની દષ્ટિએ એક કુટુંબમાં ત્રણથી વધુ બાળકો ન જ હોવા જોઈએ એમ સ્વીકારીએ તો આ ૫.૬ કરોડ દંપતિઓ જેઓ હજી Reproductive વર્ગમાં – સંતતિ નિર્માણની શકયતા ધરાવતા વર્ગમાં–છે તેમને વધુ બાળકો થવાં ન જોઈએ. એનો ઉપાય સ્પષ્ટ છે. પતિ અથવા પત્નીએ–ખાસ કરીને પતિએ–વંધ્યીકરણ કરાવી લેવું જોઈએ. સંતતિ-નિયમનની બીજી પ્રચલિત પદ્ધતિઓ, જેમાં ક્યારેક પણ નિષ્ફળતા મળવાની ભીતિ રહેલી છે, તે આ વર્ગના દંપત્તિઓ માટે સ્વીકાર્ય બની શકે નહીં.

બાકી રહેલાં ૩.૪ કરોડ દંપત્તિઓને એક અથવા બે બાળકો છે. આ દંપતિઓ માટે Intra Uterus Contraceptive Device (I. U. C. D. – ગર્ભનિરોધ આંકડી) જરૂરી છે. એનો અર્થ એમ છે કે ૩.૪ કરોડ યુવાન માતાઓને આપણે આઈ. યુ. સી. ડી. નો ઉપયોગ કરવા તૈયાર કરવી જોઈએ અને એ રીતે બીજા બે કે ત્રણ વર્ષ સુધી તેમને બીજું યા ત્રીજું બાળક ન અવતરે એ જાતનો પ્રબંધ કરવો જોઈએ. આપણે એ ભૂલવું ન જોઈએ કે આપણે ત્યાં લગ્ન અને કુટુંબનિર્માણનું પ્રમાણ ઘણું મોટું હોઈને આ વિભાગના દંપત્તિઓની સંખ્યા વરસો વરસ વધતી જાય છે.

ઉપર જણાવેલ ૫.૬ કરોડ પિતાઓ પૈકી અડધી સંખ્યાનું પણ વંધ્યીકરણ કરવું અને ૩.૪ કરોડ માતાઓ પૈકી અડધી સંખ્યાને પણ આઈ. યુ. સી. ડી. વાપરવા સમજાવવી–આ સમસ્યાનો નાણાંકીય તથા વહીવટી ઉકેલ બહુ વિકટ છે.

આપણી હાલ જે ડેમોગ્રાફિક સમસ્યા છે એટલે કે પુરુષો કરતાં સ્ત્રીઓની વસતિનું પ્રમાણ ઘણું વધારે છે તે આપણી સામાજિક તથા આર્થિક રચનામાં સામાન્ય સ્ત્રીસમુદાયની જે પછાત સ્થિતિ છે તેને આભારી છે. નાની વયનાં લગ્નો, સ્ત્રીઓ માટે અનિવાર્ય લેખાતી લગ્નસંબંધની આવશ્યકતા, વન્ધ્યત્વ અંગે લોકોના દિલમાં અનાદાર–અમંગળ ભાવ, પુત્રપ્રાપ્તિની તીવ્ર કામના, વિધવા પુનર્વિવાહ અંગે હજુ પણ સામાજિક પ્રતિકૂળતા, કુંવારી સ્ત્રીઓ માટે આર્થિક સ્વાતંત્ર્યનો અભાવ, સ્ત્રીઓ સંબંધમાં ઉચ્ચ કેળવણી, વ્યવસાયાત્મક તાલીમ અને સ્વતંત્ર કારકીર્દિ માટે બહુ ઓછી સગવડ અને અવકાશ, વિધવા, ત્યકતા અને લગ્નવિચ્છેદ પામેલી સ્ત્રીઓની કરુણાજનક પરિસ્થિતિ–આ પ્રકારની સામાજિક પરંપરા અને ધર્મની મહોર પામેલા કુરિવાજો અને રૂઢિઓની આપણે ત્યાં કન્યાના લગ્નની વય, કુટુંબનું કદ, જાતીય અનુબંધ, સ્ત્રીઓની ઉલ્લાસવિહોણી–સોગીયા જેવી પ્રકૃતિ, આયુષ્યની મર્યાદા અને મૃત્યુપ્રમાણ ઉપર સીધી અને ઘણી મોટી અસર પડે છે.

વસતિવધારાની સમશ્યાને આપણે જો મૂળમાંથી હલ કરવી હોય તો સામાજિક, રાજકીય, આર્થિક અને કાયદાની રીતે સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા હોવી અનિવાર્ય છે. સ્ત્રી પોતે જ નક્કી કરે કે તે કોને અને ક્યારે પરણશે, ક્યારે અને કેટલા બાળકોની તે માતા બનવાનું અને ઉછેરવાનું પસંદ કરશે, અથવા તે માત્ર ઘર સાચવવાનું કામ કરશે કે માત્ર નોકરીધંધો કરશે કે પછી બંને કામ કરવાનું પસંદ કરશે. જો આમ બનશે તો આપણા લગભગ બધાં જ બાળકો wanted children–અપેક્ષાપૂર્વકના બાળકો–હશે ને થોડાં જ બાળકો નિયોજન વગરના અકસ્માતરૂપ હશે.

નાની વયનાં લગ્નો એ માત્ર સ્ત્રીઓ માટે શારીરિક કરુતાણ જ નહીં, પણ સમાજને માટે પણ ભારે શાપરૂપ છે, પુખ્ત વયની પ્રાપ્તિ–Puberty–અને ગર્ભધારણ કરી શકવાની શારીરિક તૈયારી એટલું જ માત્ર, કોઈ પણ એક સ્ત્રીને પત્ની અને માતા બનવા માટે જે શારીરિક અને માનસિક પાકટતા–Physical and emotional maturity ની જરૂર છે તે માટે પૂરતું નથી. શિક્ષણ અને શાળાની પૂરતી સગવડોના અભાવે–ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં–અને સમાજના મહેણાંટોણાંથી બચવા માટે માબાપો પોતાની દીકરીઓને વહેલામાં વહેલી તકે પરણાવી દે છે–કેમ જાણે કુંવારી દીકરી એક મોટો બોજ ન હોય!

૧૯૨૯ના શારદા ઍકટથી આપણે ૧૮ વર્ષથી નાની વયના છોકરાંઓ અને ૧૪ વર્ષથી નાની વયની છોકરીઓને પરણાવવા એ સજા કરી શકાય એવો ગુન્હો જાહેર કર્યો છે; જો કે એક વાર લગ્ન થઈ ગયું હોય તો પછી તેવા લગ્નને ફોક ગણવાનું તેમાં અન્તર્ગત કરવામાં આવ્યું નથી. ત્યારપછી હિન્દુ કોડ બીલ (૧૯૪૮) અને તેના એક ભાગ રૂપે હિન્દુ મેરેજ ઍકટ (૧૯૫૫) વખતે પણ આ જ પરિસ્થિતિ કાયમ રહી છે–માત્ર કન્યાની ઓછામાં ઓછી લગ્ન માટેની વય ૧૪ ના બદલે ૧૫ વર્ષની કરવામાં આવી છે.

ઉપરની લગ્નવ્યવસ્થા માટે એ જમાનામાં જે કોઈ વ્યાજબી કારણો હશે તે ખરાં; પણ આજે તો પરિસ્થિતિમાં પાયાનો ફેર પડી ગયો છે અને જ્યારે એક જૂના રિવાજની આપણા અર્થકારણ અને વસતીના પ્રશ્ન ઉપરની માઠી અસરો સ્પષ્ટપણે જણાઈ આવી છે ત્યારે એ રૂઢિને આપણે ચાલુ રહેવા દેવી જોઈએ નહિ, આપણા દેશમાં ભવિષ્યમાં થનારાં તમામ લગ્નો જો એક યા બે વર્ષ માટે મુલતવી રાખવામાં આવે તો જન્મપ્રમાણ ચોક્કસપણે ઓછું થશે. છોકરીઓ માટેની લગ્નની કાયદેસરની વયમર્યાદા પણ ૧૫ થી વધારીને ૨૦ વર્ષની કરવાનું ઈચ્છવાયોગ્ય છે. પુખ્તવયની દરેક પરણેલી સ્ત્રી ઓછામાં ઓછા એક બાળકને આવતું રોકે–આવું ધ્યેય આપણાં પ્રજાજનો સ્વીકારે તે ખરેખર ઈચ્છાયોગ્ય છે.

આજે ઉત્તરપ્રદેશમાં સાડીતેરથી માંડીને કેરળમાં એકવીસ વર્ષની સરેરાશ વયના ગાળામાં આપણા દેશમાં છોકરીઓ પરણે છે. કેટલાક સર્વેક્ષણો પરથી એમ જણાય છે કે શહેરી વિસ્તારોમાં અને શિક્ષિત કુટુંબોમાં છોકરીઓ વીસ વર્ષની થયા પછી જ પરણે છે.

આપણે આપણી સમગ્ર પ્રજાના આરોગ્યનું ધોરણ ઊંચું લાવવું છે. જન્મપ્રમાણનો દર જે આજે ૪૦ થી ૪૨ નો છે તેને પણ આપણે ઘટાડીને હવે પછીના દશ વરસમાં, દર વરસે દર હજારે ૨૦ અથવા ૨૫ સુધી લઈ જવો છે; કે જેથી મુશીબતે મળેલા આર્થિક લાભો વસતિવધારાને કારણે ચવાઈ ન જાય. મતલબ કે પ્રત્યેક નાગરિકે એમ સમજવું જોઈએ કે પોતાનું ખાનગીમાં ખાનગી પ્રજોત્પત્તિનું કાર્ય પણ આપણા જાહેર જીવન, કૌટુંબિક જીવન અને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય જીવન પર આર્થિક, સામાજિક અને રાજકીય પ્રકારના પ્રચંડ પ્રત્યાઘાતો પાડે છે. આમ હોવાથી આ પ્રજોત્પત્તિનું કાર્ય એક મોટી જવાબદારીભરેલા કાર્ય તરીકે લેખાવું ઘટે છે અને જેનાં પરિણામો ઉપર કુટુંબના સુખ અને સ્વાસ્થ્ય ખાતર તેમ જ દેશની આર્થિક આબાદી અને સમાજની સર્વત્તોમુખી અભિવૃદ્ધિ માટે અંકુશો મૂકવાની અનિવાર્ય આવશ્યકતા ઊભી થઈ છે.

અનુવાદક :
સુબોધભાઈ એમ. શાહ

મૂળ અંગ્રેજી ::
ડૉ. એસ. ચંદ્રશેખર

☆ બાળમંદિરનો વિચાર કેમ આવ્યો? ☆

આ વખતે દિવાળીના દિવસો ભાવનગરમાં પસાર કર્યા. તે દરમિયાન ત્યાં 'આનંદ વાટિકા ભગિની મંડળ' નામની તખ્તેશ્વર ફ્લૅટમાં કામ કરતી સ્ત્રી સંસ્થાના કાર્યાલયમાં જવાનું અને તે સંસ્થાનો પરિચય સાધવાનું બન્યું. આ સંસ્થા ૨૦ વર્ષ જૂની છે અને તેનું સંચાલન બહેનો જ કરે છે. નાના પાયા ઉપર શરૂ કરવામાં આવેલી આ સંસ્થાએ ઉત્તરોત્તર સારો વિકાસ સાધ્યો છે અને ભાવનગરના એ લત્તામાં વસતા સ્ત્રી સમાજની અનેકવિધ સેવા કરે છે.

આ ભગિની મંડળના શ્રી નર્મદાબહેન રાવળ પ્રમુખ છે અને શ્રી ચંદુબહેન ભટ્ટ, શ્રી કૃષ્ણાબહેન નગરશેઠ અને શ્રી હરબાળાબહેન મંત્રીઓ છે. નર્મદાબહેન રાવળ તે આપણા ગુજરાતના કળાગુરુ રવિશંકર રાવળના બહેન થાય. તેમણે બાળશિક્ષણની - મૉન્ટેસરી શિક્ષણ પદ્ધતિની સ્વ. ગિજુભાઈ બધેકા પાસે તાલીમ લીધેલી અને ત્યાર બાદ તેમની નીચે દક્ષિણામૂર્તિ બાળમંદિરમાં કેટલોક સમય તેમણે કામ કરેલું. ત્યાર પછી પણ તેમનો બાલ શિક્ષણ સાથે એક યા બીજા પ્રકારે આજ સુધી સતત સંબંધ રહ્યો છે.

આ આનંદવાટિકા ભગિની મંડળ વિશાળ જગ્યામાં ઊભા કરવામાં આવેલાં પોતાનાં જ ચાર મકાનો ધરાવે છે અને તેમાં પોતાની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ ચલાવે છે. તેની મુખ્ય પ્રવૃત્તિઓ, છે (૧) બાલમંદિર, (૨) ઉદ્યોગગૃહ, (૩) કુટુંબ નિયોજન કેન્દ્ર, (૪) માતૃસંરક્ષણ કેન્દ્ર અને (૫) સાર્વજનિક દવાખાનું.

આ સંસ્થાની સમગ્ર પ્રવૃત્તિઓના નિર્માણ અને સંચાલનમાં શ્રી નર્મદાબહેન રાવળનો અગ્રભાગ રહેલો છે. આમાં પણ આ સંસ્થામાં બાલમંદિરની પ્રવૃત્તિ હાથ ધરવાનું કેવી રીતે બન્યું તેને લગતી રસપ્રદ વિગતો શ્રી નર્મદાબહેને પોતે જ લખી મોકલી છે જે નીચે આપવામાં આવી છે. આ ચર્ચામાં 'બાફઈ' એટલે નર્મદાબહેન સમજવાના છે. કુટુંબના વડિલ સમા રવિશંકર રાવળ, તેમનાં આ બહેનને અન્ય કુટુંબીઓ માફક આસપાસ વસતા લોકો પણ 'બાફઈ' ના નામથી ઓળખે છે, સંબોધે છે. શ્રી નર્મદાબહેને પોતાનો અનુભવ આ રીતે રજુ કર્યો છે.

"મારે ત્યાં ઓરડીમાં એક વિધવા બાઈ અને તેનો એક નાનો છોકરો ચાર વર્ષની ઉમ્મરનો પગી તરીકે રહેતો હતો.

બાઈ મારે ત્યાં રસોડામાં વાસણ માંજે અને છોકરો પાસે બેસે અને આજુબાજુ જુએ. જોતાં જોતાં, બે છાશ કરવાના સંચા ખીલીએ લટકતા તેની નજરે પડ્યા.

છોકરો - હેં બા, આ બાફઈના ઘરમાં બે સંચા છે. આપણે ત્યાં એકે નથી તો એક લઈ લે ને!

બા – રોયા એ કાંઈ આપણા નથી, તે લેવાતા હશે?

છોકરો – પણ બાફઈને બે છે તે એક આપણે લઈ જઈએ.

દૂધવાળો દૂધ આપવા આવે ત્યારે છોકરો નાની ટબુડી લઈને દોડે. દૂધવાળો વારાવાળાને દૂધ આપી ચાલ્યો જાય, છોકરો ઉતરી ગયેલે મોંએ ઘરમાં જઈને તેની મા પાસે દૂધ માટે કજીઓ કરે.

મને થયું આ તો બરાબર નથી. બાળકના મનમાં પૈસાવાળા ને ગરીબનો ભેદ નથી. મેં દૂધવાળાને તેની ટબૂડીમાં દૂધ આપવાની ગોઠવણ કરી.

કંપાઉંડનાં બાળકો રોજ બાળમંદિર જાય. છોકરો કહે મારે પણ બાલમંદિર જવું છે, બા મને મોકલને.

બા કહે: પણ ત્યાં તો પૈસા આપે તે જઈ શકે, આપણી પાસે પૈસા કયાં છે કે હું તને મોકલું?

છોકરો – આ બાફઈ કાલે કબાટમાં પૈસા મૂકતા હતા તે લઈ લે ને?

બા – એ પૈસા આપણા નથી.

છોકરો – પણ, બાફઈ પાસે આટલા બધા પૈસા છે તે આપણને ન આપે?

હું આ સંવાદ સાંભળતી હતી. સાંભળ્યા પછી મને વિચાર કરતી કરી નાખી.

દરેક બંગલે એક પગી–કુટુંબ રહેતું હોય છે, તેનો બાળકો પણ હોય છે. બંગલાવાળાનાં બાળકો બધું પામે અને આ છોકરાં જોયા કરે એવું બધે બનતું જ હોય છે. બંગલાવાળાના છોકરા મીઠાઈ ખાય અને આ છોકરા ટગર ટગર જોયા કરે એ અન્યાય જ છે ને?

અમે બહેનો આનંદવાટિકા મંડળમાં સ્ત્રીઓને લગતી પ્રવૃત્તિ-કરતા હતા. મને થયું કે પહેલામાં પહેલું અગત્યનું કામ કરવું હોય તો આવાં બાળકોને સુખી કરવા જોઈએ અને તેને માટે એક બાલ-મંદિર શરૂ કરવું જોઈએ. અમારા લતામાં બે બાલમંદિરો ચાલે છે પણ તેમાં મોટી ફી આપી શકે તે જ જઈ શકે. આવા બાળકોનું શું? આપણે તદ્દન ફી વગરનું બાલમંદિર વહેલામાં વહેલી તકે શરૂ કરવું જોઈએ. અને અમે ખૂબ મહેનત કરી એક અદ્યતન બાલમંદિર શરૂ કર્યું અને તેમાં આવા છોકરાઓની ભરતી કરી. આ બાળકો પણ આપણા સમાજમાં જ જીવવાના છે. તેને માટે જેટલું થાય તેટલું ઓછું. આજે આ બાલમંદિરનો ૬૦-૬૫ આવા પગીના છોકરાઓ લાભ લે છે અને તેમની બુદ્ધિ–શક્તિ બીજાં પૈસાદારના બાળકો કરતાં જરાય ઓછી લાગતી નથી.

અમને ફેળવણી ખાતાની ગ્રાંટ ૫૦ ટકા મળતી હતી, પણ દિલ-ગીરી સાથે કહેવું પડે છે કે, એ ગ્રાંટ ઓછી થઈ ગઈ. બાકીનું ફંડ-ફાળા કરીને મેળવવું પડે છે. પણ આપણી દૃષ્ટિ એટલી ટૂંકી છે કે આપણી બહેનો કથા વાર્તામાં, સાધુસંતોને સંતુષ્ટ કરે છે, પણ અમને આપવામાં તેમનો હાથ પાછો ફરે છે. સાધુ સંન્યાસીઓ પુષ્કળ પૈસા મેળવે છે અને બહાર જઈ આશ્રમો સ્થાપે છે અને તેના નિભાવ માટે બહેનો છૂટે હાથે આપે છે."

આ બાળમંદિર ઊભું કરવા માટે ભાવનગરનિવાસી શ્રી. મહા-શંકર ત્રિવેદી (જેમનો તાજેતરમાં સ્વર્ગવાસ થયો છે) અને તેમનાં પત્ની શ્રી મુકતાબહેન ત્રિવેદીએ રૂા. ૩૫૦૧/- નું પ્રસ્તુત સંસ્થાને દાન આપ્યું છે અને આજે તેમાં ૬૦-૬૫ ગરીબ નોકરિયાત માબાપનાં બાળકો ભણે છે અને તેમને બહુ ઓછા લવાજમે ભણા-વવામાં આવે છે.

આ બાળમંદિરના નિર્માણની વિગતો વાંચતાં મુંબઈ શહેરમાં આજથી બાર વર્ષ પહેલાં ડુંગરશી રોડ ઉપર વસતા એક સંસ્કારી કુટુંબની બહેનો (સ્વ. વિનાયક નંદશંકર મહેતાની પુત્રીઓ) તરફથી શરૂ કરવામાં આવેલ 'બાલ આનંદ' ની સંસ્થાનું સ્મરણ થાય છે. તેમની સામે પણ મોટર ડ્રાઈવરો, ધાટીઓ, ચોકીદારો વગેરેનાં બાળકોનો પ્રશ્ન આવ્યો. વાલકેશ્વર લતામાં વસતા ધનવાન કુટુંબનાં આ બાળકો તો શહેરના મોટા પાયા ઉપર ચાલતાં અને મોટી ફીના ઘોરણવાળાં બાલમંદિરોમાં જાય, પણ ઉપર જણાવેલ મામુલી કમાણી અને નાના પગારની નોકરી કરતાં બાળકોને કોણ જુએ? કોણ સાંભળે? તેમને કોણ ભણાવે? આ કરુણાપ્રેરિત વૃત્તિમાંથી એ "બાલ - આનંદ" નામની શિક્ષણ સંસ્થાનો જન્મ થયો હતો. આજે એ સંસ્થામાં નીચેના સ્તરનાં આશરે ૯૦ બાળકો ભણે છે, જે મોટી ઉમ્મરના થતાં મ્યુનિસિપાલિટીની કે બીજી કોઈ શિક્ષણ સંસ્થાઓમાં જોડાઈને ભણતરમાં આગળ વધે છે.

આવી શુભ અને કલ્યાણભાવનાથી ચલાવવામાં આવતી શિક્ષણ-સંસ્થાઓ સમાજના પૂરા સહકારની અધિકારી છે; આવી સંસ્થાઓ નિર્માણ કરતી બહેનોને અનેક ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

ભૂલ–સુધાર

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'હું આવ્યો ક્યાંથી માડી?' એ મથાળા નીચે પ્રગટ થયેલ કાવ્યાનુવાદની છેલ્લી કડીમાં "રકતતણા કરમાં રત્નોની, ઝળહળ જ્યોત જગાડી" એમ છપાયું છે, તેના બદલે નીચે પ્રમાણે સુધારીને વાંચવું. "રંકતણા કરમાં રત્નોની ઝળહળ જ્યોત જગાડી."

સામ્યવાદી પક્ષનું વધતું જતું પ્રભુત્વ કેવું મોટું ભયસ્થાન છે?

(પશ્ચિમ બંગાળ સરકારનાં મુખ્યમંત્રી શ્રી અજય મુખરજી ગયા ઑક્ટોબરની બીજી તારીખે રાજીનામું આપવાના હતા અને પશ્ચિમ બંગાળની વિધાનસભાના કૉંગ્રેસી સભ્યોના ટેકા દ્વારા નવી સરકાર રચવાનો મનસુબો સેવતા હતા અને એ રાજીનામું આપતી વખતે તેમના સાથી સામ્યવાદી પ્રધાનોની કાર્યવાહીથી પોતે કેવા ત્રાસી ગયા હતા તેનું નિરૂપણ એક નિવેદન દ્વારા તેઓ કરવાના હતા. આ નિવેદન મૂળ બંગાળીમાં હતું અને તે તેમણે માજી કૉંગ્રેસી મુખ્ય પ્રધાન શ્રી પી. સી. સેનને સુપ્રત કર્યું હતું અને તેનો કૉંગ્રેસ સમિતિના વર્તમાન પ્રમુખ શ્રી પ્રતાપચંદ્ર ચંદરે અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું હતું. પણ પછી બન્યું એમ કે એ દિવસોમાં નંદાજીએ જાહેરાત કરેલી પ્રાન્તિક કૉંગ્રેસની એડ્‌હોક સમિતિને કૉંગ્રેસ પ્રમુખ કામરાજે અતુલ્લ ઘોષને બંગાળા કૉંગ્રેસનાં સત્તાસ્થાન પરથી ઉપદભ્રષ્ટ થતા બચાવવા ખાતર નામંજુર કરી અને પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિની નિમણુંકને ઢીલમાં નાંખીને પરિસ્થિને પલટી નાંખી અને અજય મુકરજીએ રાજીનામું આપવાનો વિચાર બદલી નાંખ્યો અને પરિણામે એ નિવેદન પ્રગટ થતું રહી ગયું. ત્યાર બાદ પશ્ચિમ બંગાળમાં જે રાજકીય કટોકટી સર્જાઈ તેની વિગતો સૌ કોઈ જાણે છે. પાછળથી શ્રી અજય મુખરજીએ કરવા ધારેલ એ નિવેદન ડિસેમ્બર માસની ચોથી તારીખે આજની પશ્ચિમ બંગાળ સરકાર તરફથી પ્રગટ કરવામાં આવેલ છે અને તેનો 'જનશકિત'માં પ્રગટ થયેલ ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તે દિવસોના છાપાંઓમાં પ્રગટ થયેલ નિવેદન અનેક ભાઈ–બહેનોએ વાંચેલ હશે, દૈનિક પત્રોમાં પ્રગટ થયેલાં આવાં નિવેદનો હાથ ઉપરથી સરકી જાય છે, જ્યારે સામ્યવાદી પક્ષનુ વધતું જતું પ્રભુત્વ આપણા દેશ માટે કેટલા મોટા ભયસ્થાન રૂપ છે તેનો ખ્યાલ આપતું અતિ મહત્ત્વભર્યું આ નિવેદન પાક્ષિક કે માસિક પત્રોમાં પ્રગટ થતાં વધારે જળવાઈ રહે છે અને સહજ–સુલભ બને છે એમ સમજીને એ નિવેદન અહીં પ્રગટ કરવું ઉચિત અને આવશ્યક ધાર્યું છે. તંત્રી.)

ફૉરવર્ડ બ્લોક, પ્રજાસમાજવાદી, સંયુકત સમાજવાદી અને લોકસેવક સંઘના ઘણાખરા નેતાઓ અને મોટા ભાગના કાર્યકરો લાંબા સમય સુધી કૉંગ્રેસમાં હતા, પણ સમય જતાં જુદાં જુદાં કારણસર તેમણે કૉંગ્રેસ છોડી બંગલા કૉંગ્રેસના નેતાઓ અને એના બહુમતી સભ્યો આજથી ત્રણ વર્ષ પહેલાં તો કૉંગ્રેસમાં જ હતા, પણ પશ્ચિમ બંગાળના અગ્રણી કૉંગ્રેસી નેતાઓની લાંચિયા, આપખૂદીભર્યા અને અસામાજિક વર્તણુંકથી ત્રાસી આખરે તેમણે કૉંગ્રેસમાંથી રાજીનામાં આપ્યાં. ગુરખા લીગ પક્ષ પણ કૉંગ્રેસની વિરુદ્ધમાં છે.

આ તમામ પક્ષો, ડાબેરી અને જમણેરી સામ્યવાદીઓ, રીપબ્લીકન સોશ્યાલીસ્ટ પક્ષ, સોશ્યાલીસ્ટ યુનિટી સેન્ટર, વર્કસ પાર્ટી, બોલ્ઝેવીક પક્ષ, માર્કસ્વાદી ફૉરવર્ડ બ્લોક અને બીજા કેટલાકોએ છેલ્લી ચૂંટણી વેળા જોડાણ કર્યું, પણ તેમને નિષ્ફળતા મળતાં તેઓ આપસઆપસમાં ઝગડ્યા.

પણ જ્યારે ચૂંટણીનું પરિણામ બહાર પડ્યું ત્યારે જણાયું કે પશ્ચિમ બંગાળના ડાબેરી પક્ષોએ જોડાઈ સરકાર સ્થાપવી જોઈએ એવો પ્રજાએ મતદાન વડે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. આ ચુકાદાને શિરોમાન્ય લેખી ૧૪ પક્ષોએ ભેગા મળી સંયુકત મોરચા સરકાર રચી. આ પક્ષોમાં કેટલાક પક્ષોની રાજદ્વારી નીતિરીતિ અને વિચારસરણી ગાઢ રીતે મળતી આવતી હતી, જ્યારે કેટલાક પક્ષો એનાથી તદ્દન વિરુદ્ધની વિચારસરણી ધરાવતા હતા. પણ આ પક્ષો ભેગા મળી, પાંચ વર્ષ સુધી ૧૮ મુદ્દાની ભૂમિકાને વફાદાર રહી પ્રજાની સેવા કરશે એવી આશાએ સંયુકત મોરચાની રચના થઈ.

આમ છતાં છ સાત માસમાં જ જણાયું કે એ તમામ આશાઓ ઠગારી છે. આ શંભૂ મેળો એક સાથે કામ કરી શકે એમ નથી એ સ્પષ્ટ થઈ ચૂકયું.

આ માટે ડાબેરી સામ્યવાદી પક્ષ અને એમના ગોઠિયા – પક્ષો જ જવાબદાર અને દોષપાત્ર છે. આ પક્ષોના પ્રચારમાંથી અને પ્રવૃત્તિઓમાંથી એવો ધ્વનિ ઊઠતો હતો કે તેમને સંસદીય લોકશાહીમાં શ્રદ્ધા નથી. તેમનો મુખ્ય હેતુ તો પ્રધાનપદ અને વિધાનસભ્ય તરીકેનું પદ મેળવી એમના પક્ષને વધુ બળવાન બનાવવાનો હતો. આ એમની લાલસા એટલી હદ સુધી પહોંચી હતી કે બીજા પક્ષના કાર્યકરો અને ટેકેદારો પર હુમલો કરતા કે ગરીબોનાં ઘર બાળતાં એમના કાર્યકરોને રોકવા જેટલી પણ માણસાઈ તેમણે બતાવી નહિ.

સંસદીય લોકશાહીનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે કોઈ પણ નિર્ણયની સમગ્ર જવાબદારી આખી કેબીનેટની રહે છે. કેબીનેટનો કોઈ પ્રધાન એ નિર્ણય સાથે નાસંમત હોય તો પણ એ નિર્ણય માટે એ પણ એટલો જ જવાબદાર છે. પણ કેબીનેટે સર્વાનુમતે લીધેલા નિર્ણયોની જવાબદારીમાંથી છટકી જવામાં ડાબેરી સામ્યવાદીઓ જરાય ખંચકાટ કે શરમ અનુભવતા નહોતા. આ નિર્ણયોથી પ્રજાને અસંતોષ થતો જણાય તો તેઓ, ડાબેરી સામ્યવાદી પ્રધાનોએ ટેકો આપ્યો હોય તો તેની પણ પરવા કર્યા વિના, જવાબદારીમાંથી છટકી જવા પ્રયાસ કરતાં.

દાખલા તરીકે અન્નનીતિ. એ અંગેની નીતિનો કેબીનેટે સર્વાનુમતે નિર્ણય લીધેલો, પણ સભાઓ, સરઘસો અને વિરોધી લખાણો દ્વારા ડાબેરી સામ્યવાદી પક્ષના સામાન્ય કાર્યકરથી માંડીને પક્ષની રાજ્ય સમિતિના મહામંત્રી સુધીના તમામ અન્નપરિસ્થિતિના દોષનો આખો ટોપલો અન્નપ્રધાન ડૉ. ઘોષને તથા મુખ્ય પ્રધાન શ્રી અજયમુખરજીને માથે ઓઢાડવાનો નિંદ્ય પ્રયાસ કરી રહ્યા હતા અને એમ કરી પ્રજાની ચાહના મેળવવા તેમના મિત્ર હોવાનો ઢોંગ આચરતા હતા. આ બધી જ હીલચાલ યોજનાપૂર્વક અને ખૂબ વિચારણાપૂર્વક ચાલતી હતી. રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં ભય અને ત્રાસનું સામ્રાજ્ય ફેલાવવા ગણસમિતિઓને નામે હસ્તક્ષેપ કરવામાં, હુમલાઓ કરવામાં કે ધાડ પાડવામાં આવતી. આ પક્ષોની તમામ સમાજદ્રોહી પ્રવૃત્તિઓ વિના રોકટોક ચાલી શકે એ માટે પોલીસને નિષ્ક્રિય બનાવવાની અને વહીવટીતંત્રને ખોરવી નાખવાની યોજનાઓનું ચોકસાઈપૂર્વક આયોજન કરાતું.

બળના અને ધાકધમકીના ઉપયોગ દ્વારા તેમ જ ઘેરાવ અને એવી બીજી ઘાતકી પ્રવૃત્તિઓ દ્વારા આ પક્ષોએ પશ્ચિમ બંગાળના ઔદ્યોગિક ક્ષેત્ર માટે ભયંકર આપત્તિ સર્જી હતી. સરકાર કારખાનાઓના વિકાસ દ્વારા વધુ રોજગારી તકો ઊભી કરવા માંગતી હતી, પણ આ પક્ષોની વિદ્રોહી પ્રવૃત્તિઓને કારણે ૬૦ થી ૭૦ હજાર કામદારો બેરોજગાર બને એવી ધાસ્તી ઊભી થઈ હતી. ઘણા ઉદ્યોગો પડતીને આરે આવી ઉભા હતા અને નાના અને મધ્યમ ઉદ્યોગો તો મરણતોલ હાલતમાં આવી પડ્યા. આમાં મધ્યમ વર્ગના બંગાળી વ્યાપારીઓએ તો ઘરેણાંગાંઠાં ગીરવી મૂકી કે વેચીસાટીને ઉભા કરેલા ઉદ્યોગો હતા. તેમના ઉદ્યોગો તો સર્વનાશને પંથે છે.

કેટલાક ડાબેરીઓએ તો એટલે સુધીની જાહેરાત કરેલી કે લણણીની મોસમમાં અમે જ ડાંગરની ઉજાણી કરી આપસઆપસમાં વહેંચી લઈશું.

બીજાની મિલકત પડાવી લેવાની જાહેરાત કરતાં તેમને કોઈ શેહ કે શરમ નડી નહોતી. તેમને આ માટે કોઈ શરમ પણ ન લાગી. ઉલટું, લુટફાટમાં તેઓ ગૌરવ માનતા હતા. આ લુંટફાટ એક રાજદ્વારી બાબત છે એમ તેઓ માનતા.

પણ આથીય વધુ ગંભીર પરિસ્થિતિ અને આપત્તિ આણવાના પેંતરા ચાલી રહ્યા છે. ડાબેરીઓ પેકીંગ – પરસ્ત છે. તેઓ ચીનની મદદ વડે લોહિયાળ ક્રાંતિ સર્જવા માંગે છે. લોહિયાળ બળવા માટે ઝડપી તૈયારી ચાલી રહી છે. અને જો ચીનની મદદથી લોહિયાળ બળવો થશે તો આવતા ૧૦ કે ૨૦ વર્ષ સુધી આસામ, મણિપુર, ત્રિપુરા અને બિહાર અને ઓરિસ્સાના કેટલાક વિસ્તારો વિદેશી સત્તાઓના છેલ્લામાં છેલ્લા આધુનિક શસ્ત્રોનું સમરાંગણ બની જશે. હજારો ઘરો, રહેકાણો, શાળાઓ, મંદિરો, અને મસ્જિદો, દેવળો અને પ્રાર્થનાસ્થાનકો બળીને ભસ્મ થઈ જશે. લાખો સ્ત્રી, પુરુષો અને બાળકો મોતના મુખમાં ધકેલાઈ જશે. આખા દેશ પર શોકની કાળી કાલીમા છવાઈ જશે. હજારો સ્ત્રીઓનાં અપહરણ થશે. તેમના પર બળાત્કાર ગુજારાશે. ખેતી, ઉદ્યોગ અને વ્યાપાર સર્વનાશના મુખમાં હોમાઈ જશે. બેકારી અને બેરોજગારીની કોઈ સીમા નહિ હોય. અન્ન અછતની આ વિસ્તારોમાં ભયંકર ભૂખમરો ફેલાશે. રોગચાળો માજા મૂકશે. આવી કલ્પના કરતાં કોઈ પણ કંપી ઉઠે. આ રાષ્ટ્રદ્રોહી મહાકાંડ આપણી આઝાદીને અને સંભવતઃ આખા દેશને ભયમાં મૂકી દેશે.

દરેક દેશ પોતાના દેશમાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવા હંમેશ તત્પર હોય છે. પણ પશ્ચિમ બંગાળમાં ડાબેરીઓએ એવી સ્થિતિ સર્જી છે કે જેને પરિણામે પશ્ચિમ બંગાળમાં આવેલ વિદેશી પ્રવાસીઓની સંખ્યા ઝડપભેર ઘટતી જઈ રહી છે.

ખુદ ડાબેરી સામ્યવાદી પક્ષમાં જ અંતિમવાદી ડાબેરીઓ ફૂલ્યાફાલ્યા છે. જે ચીને ભારત પર હિચકારું અને નગ્ન આક્રમણ કર્યું હતું, જેમણે કેટલાય ભારતીય જુવાનોના પ્રાણ લીધા હતા અને જેમણે આપણી પેકીંગની એલચી કચેરી પર હુમલો કર્યો હતો તેવા દગાબાજોના ગુણગાન ગાતા આ ડાબેરીઓ થાકતા નથી.

પશ્ચિમ બંગાળનાં પરિસ્થિતિ એટલી અંતિમ કક્ષાએ પહોંચી છે કે બંગાળી કિશોર કિશોરીઓ પણ ચીની ભાષામાં સૂત્રોચ્ચાર કરતાં ફરે છે કે માઓત્સે તુંગ લાલ સલામ ! લાલ ચીન લાલ સલામ !

ડાબેરીઓ અને અંતિમવાદી ડાબેરી સામ્યવાદીઓ બંન્ને ચીન અને પાકિસ્તાનને આમંત્રી રાજ્યમાં અરાજકતાનો વડવાનળ ફેલાવવા પ્રયાસ કરી રહ્યા છે. પણ સમય પાકયો છે કે નહિ એટલા પુરતો તેમની વચ્ચે મંતવ્યભેદ છે. ડાબેરીઓ માને છે કે હજુ તેમને થોડો સમય રાહ જોવી પડશે, સશસ્ત્ર બળવા માટેની તૈયારીઓ તેમણે ચાલુ રાખવી પડશે, જ્યારે અંતિમવાદીઓ માની રહ્યા છે કે સશસ્ત્ર બળવાના વિસ્ફોટની ઘડી આવી પહોંચી છે. ડાબેરી પક્ષમાં છથી સાત હજાર કે તેથી ય વધુ અંતિમવાદીઓ છે. એમાંના ભાગ્યે જ થોડાને પક્ષ - વિરોધી પ્રવૃત્તિઓ માટે પક્ષમાંથી હાંકી કાઢયા છે.

ડાબેરી સામ્યવાદીઓ કેબીનેટમાં રહી, તેમના મળતિયા પક્ષો સાથે મળી આખા દેશને સર્વનાશની ઉંડી ગર્તામાં ધકેલી દે તે માટે હવે તેમને એક પણ દિવસની તક ન મળવી જોઈએ. આ બધી પરિસ્થિતિ જાણી હું ભારે હૈયે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપું છું.

મારા રાજીનામાંથી આખી સંયુકત મોરચા સરકારનું પતન થશે. અડધી સદીની મારી દેશભકિત મને એમ કરવા પ્રેરી રહી છે.

પશ્ચિમ બંગાળના એક એક દેશભકત નર અને નારીને, યુવક અને યુવતીને, આ સંજોગમાં મારા પગલાને મંજૂર રાખવાની હું આવી નમ્ર અરજ કરું છું. બીજી મારી તેમને નમ્ર અપીલ એ છે કે કોઈ પણ પક્ષો કે સમાજદ્રોહી તત્ત્વો જો અરાજકતા અને અંધાધુંધી ફેલાવવા પ્રયાસ કરે કે ભાંગફોડિયા પ્રવૃત્તિ આચરે તો દેશભકતોએ તેમના પડકારને ઝીલી લઈ તેમની પૂરી શકિતથી તેમનો સામનો કરે.

પ્રકીર્ણ નોંધ

મુંબઈનો એ ધરતીકંપ : એક ચિરસ્મરણીય અનુભવ

૧૧મી ડિસેમ્બરની વહેલી સવારે સાડા ચાર લગભગ વાગ્યા જે ખાટલા ઉપર હું સૂતો હતો તે ખાટલો હલવા લાગ્યો અને હું ચમકીને બેઠો થયો. બાજુના ઓરડામાં સૂતેલી મારી પત્ની જાગીને મારી પાસે આવી. અને આ ધરતીકંપ તો નથીને એમ પૂછવા લાગી. અમે વાત કરીએ છીએ એટલામાં તો બારણાં અને કબાટો ખખડવા લાગ્યાં. મકાન આખુ હલી રહ્યું હોય એવો ભાસ થયો. ધરતી ધણધણી ઊઠી. ખખડાટ અને ધણધણાટ એકદમ વધવા લાગ્યો અને સમસ્ત જીવન અત્યારે જોખમમાં છે એવી પ્રતીતિ થઈ. હવે શું કરવું તેની મુંઝવણ અમને અકળાવવા લાગી. આમ લગભગ પોણી મિનિટથી એક મિનિટ ચાલ્યું અને પ્રકંપ જોતજોતામાં થંભી ગયો. આમ છતાં બીજી ક્ષણે શું થશે એ કહેવાય નહિ. એટલે જલ્દિથી ઘરની બહાર નીકળી જવું જોઈએ, નીચે ઉતરી જવું જોઈએ એવો વિચાર આવ્યો. આ માટે બત્તી કરવા ગયો પણ બત્તી થઈ નહિ. અનુમાન કર્યું કે વીજળીનો પ્રવાહ સ્થગિત થઈ ગયો હશે. બાજુના–ઉપર નીચેના– એમ બધા લોકો જાગી ગયા હતા અને નીચે ઉતરવા લાગ્યા હતા. અમે પણ કાંઈક હાંફળા ફાંફળા - કાંઈક ગભરાતાં - નીચે ઉતરી રસ્તા ઉપર આવીને ઊભાં. પછી થોડા સમય સુધી કશું જ બન્યું નહિ, એટલે હવે જોખમ નથી એમ સમજીને ઉપર આવ્યા, ઘરમાં દાખલ થયા અને મીણબત્તી હાથવગી કરીને પેટાવી. હજુ રાત બાકી હતી એટલે થોડો સમય આરામ કર્યો.

ધરતીકંપના આજ સુધીમાં બહુ જ વિરલ - એક કે બે - અનુભવ થયા હતા. ઘણાં વર્ષો પહેલાં આવી જ રીતે રાત્રીના વખતે મુંબઈમાં ધરતીકંપનો આંચકો આવ્યો હતો અને વાસણોના ખડખડાટ સાંભળ્યા હતા. ચાર પાંચ મહિના પહેલાં મુંબઈમાં બપોરના પાટ ઉપર સૂતો હતો અને પાટ કાંઈક હલી એવો અનુભવ થયો હતો અને એ ધરતીકંપ હતો એમ પાછળથી માલુમ પડયું હતું. પણ આ વખતના ધરતીકંપનો જે અનુભવ થયો તેવો પહેલાં કદી થયો જ નહોતો. ભલે પૂરી એક મિનિટ પણ કંપ ન ચાલ્યો, પણ એ મિનિટ મૃત્યુ અને વિનાશની ઝાંખી કરાવી ગઈ. એકાદ મિનિટ વધારે આ કંપ ચાલે તો જે જ્યાં હોય ત્યાં જમીનદોસ્ત જ થઈ જાય એમાં કોઈ શક જ નહોતો. કુદરતના બધાં તત્ત્વો સામે માનવીએ કોઈ ને કોઈ રક્ષણ શોધ્યું છે. બહુ ટાઢ પડે તો ગરમ કપડાં પહેરે, ગરમીમાં એરકન્ડીશન કોઈને પણ રાહત આપી શકે. ગમે તેટલો વરસાદ પડતો હોય, પાકા મકાનમાં બેઠેલો માણસ પૂરી સુરક્ષિતતા અનુભવે છે. પણ આ ધરતીકંપથી બચવાનો કોઈ માર્ગ જ છે નહિ. ધરતીકંપ આગળ ગરીબ તવંગર, નાનાં મોટાં, માંદા સાજા–સૌ એક સાથે જ તોળાય છે. માનવીનું બધું અભિમાન ઓસરી જાય છે અને કુદરતના આ પ્રચંડ પ્રકોપ આગળ માનવી દીન–હીન બની જાય છે. આવા અનુભવમાંથી આપણે એક જ પાઠ તારવવાનો રહે છે - નમ્રતાનો, વિનમ્રતાનો.

આ ધરતીકંપે કોયના આગળ અને તેની આસપાસનાં ગામડાંઓમાં ખૂબ વિનાશ સરજયો છે. જાન તેમ જ માલની ખૂબ પ્રમાણમાં નુકસાની થઈ છે. પણ આ સાથે એમ વિચાર આવે છે કે કોયના મુંબઈથી આશરે ૧૫૦ માઈલ દૂર છે. જે પ્રચંડ ભૂકંપે ત્યાંની ધરતીને ધ્રૂજાવી તે જ પ્રચંડ પ્રકંપ જો તે જ માત્રામાં મુંબઈને સ્પર્શ્યો હોત તો કેટલો મોટો ઉલ્કાપાત થાત ? અને કેટલી મોટી જાનખુવારી થાત ? આ ભયંકર વિનાશમાંથી મુંબઈ બચી ગયું, અમે બચી ગયાં. તેમનું પારાવાર કમનસીબ; મુંબઈમાં રહેતાં અમારું એટલું ખુશનસીબ ! વિધિનું આ કેવું વૈચિત્ર્ય ?

જીવન તો આમ વહી જાય છે. દિવસો, મહિનાઓ, વર્ષો ચાલ્યા જાય છે. સમય અખંડપણે વહેતો જાય છે અને આજની વાત આવતી કાલે ભૂલાઈ જાય છે. પણ આ ધરતીકંપની ક્ષણો—નાની હોવા છતાં પણ કેટલી મોટી?—કંઈ કાળ સુધી નહિ ભૂલાય. એ ક્ષણોનું સ્મરણ આપણને નમ્ર બનાવે, નિરભિમાની બનાવે, પરમ સત્તાને સંપૂર્ણ આધીન બનાવે એ જ આપણી સતત પ્રાર્થના હો!

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો આગામી સુવર્ણ મહોત્સવ

એક યા બીજા કારણસર મુલતવી રહ્યા કરતા શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવના ઉદ્યાપનના દિવસો હવે નિશ્ચિત થઈ ચૂકયા છે અને આગામી જાન્યુઆરી માસની તા. ૨૬, ૨૭, ૨૮ એમ ત્રણ દિવસો નક્કી કરવામાં આવ્યા છે. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય જૈન શ્વે. મૂ. સંપ્રદાયની અગ્રગણ્ય અને સુપ્રતિષ્ઠિત સંસ્થા છે અને અડધી સદીના ગાળામાં તેણે સંખ્યાબંધ જૈન વિદ્યાર્થીઓને જીવનમાં સ્થિર અને સમૃદ્ધ કર્યા છે. આ કોઈ નાનીસુની સેવા નથી. આ ઉપરાંત તેની પ્રકાશનપ્રવૃત્તિ પણ ખૂબ યશસ્વી છે. આવી જેની લાંબી અને ઉજ્જવલ કારકીર્દિ છે તેનો સુવર્ણ મહોત્સવ સંસ્થાની પ્રતિષ્ઠા અને પ્રતિભાને અનુરૂપ યોજાવો ઘટે છે. આવા મહોત્સવે અનુપમ એવા જ્ઞાનસત્રનું રૂપ ધારણ કરવું ઘટે. આવા મહોત્સવ ઉપર ભારતખ્યાત કોઈ મહામાનવને પ્રમુખસ્થાન માટે અથવા અતિથિવિશેષ થવા માટે નિમંત્રી શકાય; આ પ્રસંગે મુંબઈ તેમ જ મુંબઈ બહારથી નિમંત્રણ આપીને વિચારકો અને વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજી શકાય; ધાર્મિક શિક્ષણના જટિલ પ્રશ્ન ઉપર ધર્મચિન્તકોના પરિસંવાદ યોજી શકાય; મુંબઈના જૈન સમાજના છાત્રાલયોના સંચાલકોનું તેમ જ વિદ્યાર્થીઓનું મિલન યોજી શકાય; વિદ્યાર્થીઓના પ્રશ્નોની ચર્ચાવિચારણા પણ થઈ શકે; વિદ્વત્પરિષદ પણ ભરી શકાય. ધર્માચાર્યોનાં વ્યાખ્યાનો પણ ગોઠવી શકાય. આવા મહત્વના પ્રસંગે આવું જે અને જેટલું થઈ શકે તે કરવા યોગ્ય છે. આ સુવર્ણમહોત્સવ ત્રણ દિવસનો માત્ર મનોરંજન-મેળો ન બનતાં જ્ઞાનવિતરણ અને વિચારવિનિયમનું ચિરસ્મરણીય સંસ્કારપર્વ બની રહે એવી પ્રસ્તુત સંસ્થાના કુશળ કાર્યવાહકો પાસેથી સૌ કોઈ આશા રાખે છે. સુવર્ણ મહોત્સવનો કાર્યક્રમ હજુ વિચારાઈ રહ્યો છે. તો તેમને ઉપરનાં સૂચનો ધ્યાનમાં લેવા વિનંતિ છે.

વેજીટેરિયન—નૉનવેજીટેરિયન શબ્દોનું વિશ્લેષણ

મુંબઈમાં તાજેતરમાં ભરાયેલી વિશ્વ શાકાહાર પરિષદના અનુસંધાનમાં ખાદ્ય વસ્તુઓનું એક પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. એ પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતાં જાણીતા અર્થશાસ્ત્રી શ્રી. સી. એન. વકીલે વેજીટેરિયન - નોનવેજીટેરિયન શબ્દો અંગે વિવેચન કરતાં જણાવ્યું હતું કે "આપણામાં મનમાં રહેલો જે ખ્યાલ સૂચવવા માટે આ શબ્દો વપરાય છે તે ખ્યાલ આ શબ્દોમાં યોગ્ય રીતે સૂચિત થતો નથી. દા. ત. વેજીટેરિયન અથવા શાકાહારી શબ્દનો અર્થ એમ સૂચવે છે કે જે વેજીટેરિયન હોય તે માત્ર શાકભાજી જ ખાય છે, જ્યારે ખરી રીતે શાકભાજી ઉપરાંત તે અનાજ, કઠોળ લે છે અને દૂધ પણ લેતો હોય છે. બીજી બાજુએ નોન—વેજીટેરિયન—બિનશાકાહારી શબ્દ એમ સૂચવે છે કે આ લોકો શાકભાજી કે અનાજ કઠોળ ખાતા જ નથી, જ્યારે તેમનાં ચાલુ ખોરાકમાં માંસ ઉપરાંત શાકભાજી અને અનાજ કઠોળનો સારા પ્રમાણમાં સમાવેશ થતો હોય છે. આવી ગેરસમજુતી પેદા થવા ન પામે અને આ બન્ને શબ્દો સાથે જોડાયેલા આપણા ખ્યાલોને યથાસ્વરૂપે વ્યકત કરે એવા શબ્દો યોજવા જોઈએ" આ તેમની સૂચના તદ્‌ન વ્યાજબી અને સમયસરની છે. હું તેમને નૉન—વેજીટેરિયન અને વેજીટેરિયન—બિનશાકાહારી અને શાકાહારી—શબ્દોના સ્થાને મીટ - ઈટીંગ અને અને નોન — મીટ - ઈટીંગ એટલે કે માંસાહારી અને નિરામિષાહારી એવા બે શબ્દો સૂચવું છું. આ શબ્દો ઉપર સૂચવેલી ગુંચવણ દૂર કરશે અને આપણા મનનો ભાવ વધારે સારી રીતે વ્યકત કરશે.

'આરોગ્ય અને વનસ્પતી આહાર' ઉપર અપાયેલું વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૯ ડીસેમ્બર શનિવારના રોજ સાંજના સમયે સંઘના કાર્યાલયમાં જાણીતા કેળવણીકાર શ્રી ચંદુલાલ કાશીરામ દવેએ 'આરોગ્ય અને વનસ્પતિ આહાર' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તેમના તરફથી 'સસ્તી પોષક વાનગીઓ' એ મથાળાનું થોડા સમય પહેલાં એક પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. તેનું અવલોકન કરતાં તા. ૧-૬-૬૭ના પ્રબુદ્ધ જીવનમાં શ્રી ચંદુલાલભાઈનો વિગતવાર પરિચય આપવામાં આવ્યો છે. તેઓ કેળવણીના ક્ષેત્રમાંથી ૬૬ વર્ષની ઉમ્મરે નિવૃત્ત થયા. ત્યાર બાદ અમદાવાદ આવીને વસ્યા અને આહારશાસ્ત્રના અભ્યાસ તરફ વળ્યા અને એક વિદ્યાર્થીની માફક તેના અભ્યાસ અને સંશોધન પાછળ લગભગ તેમણે દશ વર્ષ ગાળ્યા અને મુંબઈ, આણંદ વગેરે સ્થળોએ આવેલી સંસ્થાઓમાં ઓછોવધતો સમય ગાળીને ખાદ્ય પદાર્થના પોષણવિજ્ઞાનના તેઓ વિશારદ બન્યા. આજે તેમની ઉમર ૭૬ વર્ષ ઉપરની છે એમ છતાં આ વિષય અંગે તેઓ એક મીશનરીની નિષ્ઠાથી કાર્ય કરી રહ્યા છે. તાજેતરમાં મુંબઈમાં ભરાયેલી વિશ્વ શાકાહાર પરિષદમાં ભાગ લેવા માટે તેમનું મુંબઈ ખાતે આવવાનું થતાં ઉપર જણાવ્યા મુજબ તેમના વ્યાખ્યાનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. તેમણે પ્રસ્તુત વિષય લગભગ બે કલાક સુધી વિવેચન કર્યું અને પોતાના વિષયની કશળ રજુઆત વડે તેમજ પાર વિનાની ઉપયોગી માહિતી આપીને શ્રોતાસમુદાયને તેમણે અત્યન્ત પ્રભાવિત કર્યો હતો. તેમના વિવેચનનો ટૂંક સાર આગળ ઉપર પ્રબુદ્ધ જીવનમાં આપવામાં આવશે.

પરમાનંદ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ

(પ્રસ્તુત સંસ્થાના મંત્રીઓ તરફથી નીચેનો પરિપત્ર પ્રસિદ્ધિ માટે મળ્યો છે.)

વિ૦ સં૦ ૧૯૭૧માં પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી અને કેળવણીપ્રેમી ભાઈઓ અને બહેનોના સહકારથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ. વિ૦ સં૦ ૨૦૨૧ માં એની સમાજ—ઉત્કર્ષની કામગીરીને પચાસ વર્ષ પૂરાં થયા. સાથે સાથે અત્યારના યુગની જરૂરિયાત મુજબ એના કાર્યક્ષેત્રનો વધુ વિસ્તાર કરવાનો સમય પણ પાકી ગયો. સમયને ઓળખીને પ્રવૃત્તિનો વિકાસ કરવો એ સંસ્થા અને સમાજનું કર્તવ્ય છે; એ કર્તવ્ય પૂરું કરવા માટે વધુ શકિતશાળી બનવા આર્થિક સદ્ધરતા એ એક મુખ્ય માર્ગ છે. સંસ્થાના સુવર્ણ મહોત્સવની ઉજવણીનો અવસર હર્ષભર વધાવી, એકવીસ લાખનો સુવર્ણ મહોત્સવ નિધિ એકત્ર કરવાની શ્રી મહાવીર જૈન વિદ્યાલયે ટહેલ નાંખી છે. સમાજે એનો ઉદારતાથી ઉત્તર આપી તેર લાખ ઉપરનાં વચનો મેળવી આપ્યાં છે. સુવર્ણ મહોત્સવ જાન્યુઆરીની તા. ૨૬, ૨૭ અને ૨૮ના રોજ ઊજવવાનો હોઈ, એકવીસ લાખનો નિધિ એકત્ર કરવા સમય બહુ ઓછો છે. સાચી હૂંફ-સમા શિક્ષણપ્રેમી શ્રીમાનો, ભાવનાશીલ વ્યકિતઓ અને પૂર્વ-વિદ્યાર્થીઓ સર્વત્ર પ્રયત્નશીલ બનેલ છે. આ સુવર્ણ મહોત્સવને શાનદાર રીતે સફળ બનાવીને વિદ્યાલયને વધુ કાર્યક્ષમ બનાવવાની અને તેના કાર્યક્ષેત્રનો વધુ વિસ્તાર કરવાની જરૂર છે.

સુવર્ણ મહોત્સવની ઊજવણી પ્રસંગે સાહિત્ય અને કળા-સામગ્રીથી ભરપૂર એવો નવી ભાત પાડતો દળદાર ગ્રંથ પ્રગટ થશે. આ ગ્રંથ માટે ભારત અને પરદેશના પ્રથમ કોટિના વિદ્વાનોના સહુ કોઈને ઉપયોગી થાય તેવા લેખો મળેલ છે. જુદા જુદા જૈન ભંડારોની પ્રાચીન હસ્તલિખિતની રંગીન ચિત્ર સામગ્રી કલા અને ઈતિહાસના જિજ્ઞાસુઓને પ્રથમ વાર જોવા મળશે.

તે ઉપરાંત શ્રી મહાવીર જૈન વિદ્યાલયે થોડાં વર્ષો ઉપર મૂળ આગમો સંશોધિત કરી પ્રગટ કરવાની યોજના સ્વીકારી તેનો પ્રથમ ગ્રંથ નંદીસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર પણ આ પ્રસંગે જાહેરમાં મૂકાશે.

મંત્રીઓ, મહાવીર જૈન વિદ્યાલય

સેનાપતિ બાપટ

('જન્મભૂમિ–પ્રવાસી'માંથી સાભાર ઉદ્ધૃત)

બાપટ શિષ્યવૃત્તિ મેળવીને ઈજનેરી ભણવા ઈંગ્લેંડ ગયા હતા અને ત્યાં હિંદમાં બ્રિટિશ રાજને વખોડી કાઢતું ભાષણ કરીને શસ્ત્રોદ્વારા માતૃભૂમિને સ્વતંત્ર કરવાની ઝંખનાના પ્રતીકરૂપે ટેબલ પર ભરેલી રિવોલ્વર મૂકી! પરિણામે તેમણે શિષ્યવૃત્તિ ગુમાવી. ઈજનેરી સાથે તેઓ બોંબ બનાવવાનું શીખવા લાગ્યા. તેમની ઈચ્છા બ્રિટિશ પાર્લામેન્ટમાં બોંબ ફેંકવાની હતી. જો એ ઈચ્છાનો અમલ થયો હોત તો બાપટ દેશમાં જીવતા પાછા આવ્યા ન હોત. ભગતસિંહે હિંદની વડી ધારાસભામાં હિંસા કર્યા વિના બોંબ ફોડયો હતો, જેથી બધાની આંખો ખૂલે. પરિણામે ભગતસિંહની આંખો ફાંસીના માંચડા પર બીડાઈ ગઈ.

ભારત આવીને બાપટ માનિકતોલા બોંબ કેસમાં સંડોવાયા અને ગાયબ થઈ ગયા. બ્રિટિશ સરકાર તેમને શોધતી હતી ત્યારે આ એમ. એ. થયેલા દેશભકત મેટ્રિકની પરીક્ષામાં બેસીને પહેલે નંબરે પાસ થયા હતા.

જેઓ એમ માનતા હતા કે થોડીક ગોળીઓ છોડવાથી અને થોડાક બોંબના ધડાકા કરવાથી આ દેશમાં હિંસક ક્રાન્તિ થઈ શકશે અને બ્રિટિશ સરકાર એ ધડાકામાં ઊડી જશે તેમના દેશપ્રેમ અને સાહસને ધન્યવાદ ઘટે છે, પરંતુ તેઓ તરંગી માણસો હતા. વ્યવહારુ માર્ગ ગાંધીજીએ બતાવ્યો ત્યારે સેનાપતિ બાપટ તેમના સૈનિક બની ગયા.

બોંબ અને બંદૂક કરતાં સત્યાગ્રહ વધુ બળવાન શસ્ત્ર છે એમ બાપટને તરત અનુભવ થયો. તેમણે પૂના જિલ્લામાં ખેડૂતોના સત્યાગ્રહની આગેવાની લીધી અને ત્યારથી તેમને સેનાપતિપદનું બિરુદ મળ્યું.

સેનાપતિ બાપટ માત્ર દેશભકત ન હતા. તેઓ એક પ્રખર વિદ્વાન અને આર્યસંસ્કૃતિના ઝંડાધારી હતા. તેમણે ઉપનિષદો પર કાવ્યમાં ભાષ્ય લખેલ છે. તેઓ પોતાના માર્ગ અને ધ્યેયમાં એટલી બધી શ્રદ્ધા ધરાવતા હતા કે પછી એ માર્ગે જવામાં અને એ ધ્યેય સિદ્ધ કરવા જતાં ગમે તે દુઃખ ભોગવવા પડે, મોતનો ભય હોય તો પણ, તેઓ કદી ડગ્યા નથી. એ માર્ગ અને ધ્યેય હંમેશાં સાચા જ ન હતાં. બે માસ પહેલાં જ તેમણે મરાઠીભાષી પ્રદેશના ટુકડા, મહિસુર પાસેથી મેળવવા માટે આત્મવિસર્જનની ધમકી આપી હતી. જે મહાપુરુષ સમગ્ર દેશની મુકિત માટે લડયા અને કેટલાંય વર્ષો સુધી જેલની યાતનાઓ ભોગવી તેઓ થોડો પ્રદેશ આ રાજ્યમાં કે તે રાજ્યમાં રહે તેવી નાની વાતમાં આત્મવિસર્જનની ચેતવણી આપે અને તેના પરિણામે દેશની એકતાને જે ગંભીર જખ્મો થાય તેના વિશે અભાન રહે એ વિચિત્ર લાગે છે. તેમ છતાં સેનાપતિ બાપટની દેશભિકત અને શુભનિષ્ઠા વિશે તેમના ટીકાકારો પણ શંકા નહિ કરે. તેઓ આજીવન અન્યાય અને શોષણ સામે લડતા રહ્યા હતા, અને ન્યાય માટે લડવા સેનાપતિને કંઈ ને કંઈ કારણ મળી રહેતું હતું. દેશને સ્વાતંત્ર્ય મળ્યા પછી તેઓ પોર્ટુગીઝો સામે ગોવાના સ્વાતંત્ર્ય માટે લડયા.

એક વખત તેમણે આંતરશુદ્ધિ અને બાહ્યશુદ્ધિ માટે પણ ઝુંબેશ ઉપાડી હતી. આ એક સૌથી મહત્ત્વનું ધ્યેય હોવા છતાં આજના આગેવાનોમાંથી કોઈ એ લડત માટે તૈયાર નથી! પરિણામે મનની અને આપણી આસપાસની ગંદકી વધતી જ જાય છે.

સેનાપતિ બાપટ માટે જીવનમાં બે કરુણાઓ અવિસ્મરણીય બની ગઈ. એક તેમની પુત્રીનું અવસાન અને બીજું સાને ગુરુજીનું નિધન. એમની ઈચ્છા હતી કે તેમની પુત્રીની સાડી પોતાના શબ સાથે બળે અને પોતાનું શબ સાને ગુરુજીને થયેલ અગ્નિસંસ્કારના સ્થળે પંચભૂતમાં ભળે. તેમની આ બંને ઈચ્છા પૂર્ણ કરવામાં આવી છે અને આજીવન અજંપો ભોગવનાર આ મહાન લડવૈયાને ૮૮ વર્ષની ઉંમરે મુંબઈ ખાતે તા. ૨૮મી નવેંબરના રોજ મૃત્યુદ્વારા અનન્ત શાન્તિ પ્રાપ્ત થઈ છે.

'સોહમ્'

પ્રો. કેશવલાલ એચ. કામદાર અમૃતજયંતી મહોત્સવ : વિજ્ઞપ્તિપત્ર

(આ અંગે વડોદરા ખાતે નિમાયલી પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સમિતિ તરફથી મળેલ વિજ્ઞપ્તિપત્ર મારા હાર્દિક અનુમોદન સાથે નીચે પ્રગટ કરું છું. પ્રાધ્યાપક કેશવલાલ કામદાર મારા જુના મિત્ર થાય. ગયા એપ્રિલ માસ દરમ્યાન મહાવીર જયન્તીના કારણે વડોદરા જવાનું બનતા તેમને મળ્યો હતો અને તેમની સાથે જ્ઞાનચર્ચામાં કેટલોક સમય ગાળ્યો હતો. આવા વયોવૃદ્ધ વિદ્વાનનું આ રીતે સન્માન થાય એ બધી રીતે યોગ્ય છે. –પરમાનંદ)

ગુજરાત ઈતિહાસ પરિષદનું ત્રીજું અધિવેશન માર્ચ ૧૯૬૬ માં વડોદરા મુકામે પ્રો. કેશવલાલ હિં. કામદારના પ્રમુખસ્થાને યોજાયું ત્યારે કેટલાક શુભેચ્છકો અને પ્રશંસકોએ પ્રો. કામદાર પંચોતેર વર્ષ પૂરાં કરી છોંતેરમાં વર્ષમાં પ્રવેશતા હોઈ તેમનો અમૃત – જયંતી ઉત્સવ ઊજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને એ અંગે કેટલાક ઉત્સાહી મિત્રોની પ્રાથમિક સમિતિ બનાવવામાં આવી હતી. એ પ્રાથમિક સમિતિની પ્રથમ સભાએ ત્રણ સમિતિઓ (૧) વ્યવસ્થાપક સમિતિ (૨) ભંડોળ સમિતિ અને (૩) ગ્રંથ પ્રકાશન સમિતિ નીમી હતી.

ભારતીય ઈતિહાસના મર્મજ્ઞ, નિષ્ણાત સંશોધક અને પીઢ અધ્યાપક તરીકે પ્રો. કામદારની ખ્યાતિ કેવળ ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં પ્રસરેલી છે. ઈતિહાસના અધ્યાપક તરીકે એમણે વર્ષો સુધી ગુજરાતને પોતાની સેવાઓ આપેલી છે. એમની લેખનપ્રવૃત્તિ ઈ૦ સ૦ ૧૯૧૩ થી શરૂ થઈ હતી, જે આજે પણ ચાલુ છે. વિવિધ અભ્યાસલેખો, અવલોકનો, રેડિયો વાર્તાલાપો, વ્યાખ્યાનો, સમાલોચનાઓ તથા ગ્રંથો દ્વારા તેમણે ભારતીય ઈતિહાસ, રાજકારણ અને અર્થકારણ તથા સાહિત્યના ક્ષેત્રમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે. તેમના 'સ્વાધ્યાય' ગ્રંથમાં રજુ કરેલ 'સરસ્વતીચંદ્રનું કાજકારણ' એ લેખ તો આજે પણ તેમની તે વિશેની ઊંડી સૂઝ – સમજની સાખ પૂરે છે.

પ્રો. કામદાર અનેક નામાંકિત વિદ્યાસંસ્થાઓ સાથે સંકળાયેલા છે – જેમાં ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત ઈતિહાસ પરિષદ, પ્રેમાનંદ સાહિત્ય સભા, ઈન્ડિયન હિસ્ટ્રી કૉંગ્રેસ, ઑલ ઈન્ડિયા ઑરિએન્ટલ કૉન્ફરન્સ, સ્થાનકવાસી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, સયાજી હાઈસ્કૂલ વગેરેને ગણાવી શકાય.

આવા એક વિદ્યાપુરુષની સેવાઓની કદર કરવા માટે તેમનો અમૃત – જયંતી મહોત્સવ ઊજવવાનું વ્યવસ્થાપક સમિતિએ નક્કી કર્યું છે. આ પ્રસંગે તેમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર, તેમના ઉત્તમ લેખોનો સાર તથા તેમને લગતા અન્ય વિદ્વાનોનાં સંસ્મરણોનો સમાવેશ કરતો સ્મૃતિગ્રંથ બહાર પાડવાનું વિચારાયું છે. વળી તેમની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે માટે ભંડોળ એકત્ર કરવા વિચારાયું છે. આ ભંડોળમાં આપ ઉદાર હાથે મદદ કરીને ગુજરાતના વિદ્યાપુરુષનું બહુમાન કરવામાં સહાયભૂત થશો એવી વિનંતી. ભંડોળની રકમ ચેક, રોકડ અથવા મનીઑર્ડરથી વ્યવસ્થાપક સમિતિના આવાહકને નીચેના સરનામે મોકલવા વિનંતી.

શ્રી રણછોડભાઈ પી. પટેલ, આવાહક, વ્યવસ્થાપક સમિતિ, આચાર્ય, સયાજી હાઈસ્કૂલ, ઘડિયાળી પોળ, વડોદરા - ૧.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ